# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૪

No - 057306
60 . 43 . 09

(પાક્ષિક)




: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

# પૂ.આગમોદ્ધારક તથા તેઓશ્રીની આ

વિદ્વત્ કુલ મંડન શ્રુતસ્થવિર



શ્રી ઝવેરસાગરજી મ.સા.

પ્રથમ ગચ્છાધિપતિ



પૂ.આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ. સા.





આગમોદ્ધારક પૂ. આ.



શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા.

શાસન સુભટ



પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. સા.

વિદ્વાન્



શ્રી મહોદયસ

# ામવાણીને સુરક્ષીત રાખનારા પૂજ્યો





પ્રૌઢ પ્રતાપી



પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ



પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મહારાજ

મુનિ



જીમ.સા.

જંબૂદ્વીપ પ્રણેતા



પૂ. પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.

પૂ. આ. ભગવંત



શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૪

(પાક્ષિક)




: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

## -: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી**
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
ટે. નં. : ૨૩૦૭ - ૪૨૦૨૨

**આગમોદ્ધારક પ્રતિષ્ઠાન**
C/o સેવંતિભાઈ શાંતિલાલ શાહ
છાણી (વડોદરા) પીન : ૩૯૦૭૪૦
ટે. નં. : ૭૭૧૯૯૪

**અશોકભાઈ સૂરજમલ શાહ**
ન્યુ ગુજરાત ટ્રેડીંગ કું.
બહુઆની પોળ, રાયપુરચકલા, અમદાવાદ-૧.
ટે. નં. : (ઓ.) ૨૧૪૭૧૭૨

**આગમોદ્ધારક સંસ્થા**
આગમ મંદિર રોડ,
ગોપીપુરા,
સૂરત, પીન : ૩૯૫૦૦૧

**ગોડીજી જૈન દેરાસર**
૧૨ - પાયધુની, વિજયવલ્લભ ચોક,
મુંબઇ - ૪૦૦૦૦૨

**ઋષભદેવ કેશરીમલ જૈન શ્વે. પેઢી**
બજાજ ખાના,
રતલામ (મ.પ્ર.)
પીન : ૪૫૭૦૦૧

**ઋષભદેવ છગનીરામ પેઢી**
શ્રીપાલ માર્ગ, ખારાકૂવા, ઉજ્જૈન (મ.પ્ર.)
પીન : ૪૫૬૦૦૬
ટે. નં. : ૫૫૩૩૫૬

**સંવત :- ૨૦૫૮**
**આગમોદ્ધારકશ્રીનો**
**દીક્ષા-દિવસ**
**માઘ સુદ - ૫, રવિવાર**
**તા. ૧૭/૨/૨૦૦૨**

મુદ્રક :- "કનક ગ્રાફીક્સ" : નેમ-પ્રભા પ્રીન્ટર્સ, ગોપીપુરા, સુરત. ફોન - ૭૪૧૯૩૪૯

**નોંધ :- આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને માલીકી કરવી.**

# जैनशासन के ज्योतिर्धर

वर्तमान समय के आचार्य भगवतन्तों की परंपरा में जैनागम के प्रकांड विद्वानों में से श्री सागरानन्दसूरीश्वरजी महाराज अपना विशिष्ट स्थान रखते हैं। उनके स्वयं का जीवन एक चलती फिरती विश्वविद्यालय जैसा था। उनके कार्य से, उनके व्यवहार से और उनकी वाणी से लोगों को एक प्रकार की हृदयग्राही प्रेरणा मिलती थी। पूज्य सागरजी महाराज अपूर्व बौद्धिक प्रतिमा से सम्पन्न एक महान आचार्य प्रवर थे। उन्होंने आगमिक ज्ञान की परंपरा का पुनरोद्धार करके श्रुत परंपरा की उत्कृष्ट भक्ति का उदाहरण प्रस्तुत किया है। एक ऐसे समय में जब की आगम की पाण्डु लिपि बद्ध हस्तप्रत मिलना अतिदुष्कर कार्य था। उसे प्राप्त करने में बड़ी कठिनाई होती थी। जिनके हाथों में ज्ञान भण्डारों की व्यवस्था होती थी वे लोग बड़े मानसिक संकीर्णता से ग्रस्त थे। आगम के संशोधन कार्य में ऐसे कई विघ्न आते रहते थे फिर भी उन्होंने अपना प्रयास नहीं छोड़ा और इस कार्य को अपने जीवन के अन्तिम समय तक चालु रखा।

जगत को उन्होंने ज्ञान का प्रकाश दिया। तत्त्वज्ञान से भरपुर उनके आगमिक प्रवचन अपने आपमें एक प्रकाश पुंज थे। प्रवचन श्रवण करनेवाले या प्रवचनों का संकलन जो सिद्धचक्र के माध्यम से प्रकाशन होता रहा उसके पठन मनन करनेवाले सहज के अन्दर तात्त्विक विषयों के जानकार और जैनदर्शन के मौलिक सिद्धान्तों के परिचित हो जाते थे। सिद्धचक्र मासिक पत्रिका जैन समाज में सम्यग्ज्ञान की प्रचार करनेवाली थी। लोगों को सागरजी म. के तात्त्विक प्रवचनों का खूब आकर्षण रहता था। उनेक प्रवचन में ही ऐसी शक्ति थी कि श्रवण करनेवाला स्वयं एक पंड़ित हो जाता था। आपने आगमिक वाचनाओं का प्रवाह जो वर्षों से मंद पड़ा था, उसे अपनी विशिष्ट बौद्धिक प्रतिभा से उजागर किया था। लाखों श्लोक प्रमाण आगम साहित्य को वाचनाओं के माध्यम से भव्य जीवों को सुलभ कराया था।

आगमोदय समिति, श्री देवचन्द लालभाई जैन पुस्तकोद्धार फण्ड और ऋषभदेव केशरीमल पेढी रतलाम, जैसी आगम प्रकाशन समितियों का गठन करके जैनागमों का संशोधन पूर्वक सफल प्रकाशन करवाया है। वर्तमान समय में आपके द्वारा-संशोधित संपादित आगम साहित्य समाज और विद्वानों के लिए आशीर्वाद रुप सिद्ध हुआ है। एक ओर उन्होंने आगम साहित्य का प्रकाशन करके तो दूसरी ओर आगम मन्दिरों की प्रेरणा करके अपनी दीर्घ दर्शिता का परिचय दिया है। सुरत और पालिताणा के भव्य आगम मन्दिर उनके अमर कृतित्व है।

जैन शासन पर जब-जब किसी भी प्रकार का प्रहार चाहे राज्य की तरफ से या सुधारकों की तरफ से या अन्य किसी पक्ष से पिड़ीत होकर किसीने भी किया हो उसका प्रमाणोपेत सुन्दर प्रतिकार साधुता के अनुरुप पूज्य सागरजी महाराजने किया साधु संस्था उपर कोई आक्षेप-प्रत्यारोप

हो या संघ में विसंवाद का प्रसंग हो आपने हमेशा जैन शासन की सुरक्षा के लिए अपना दायित्व निभाया है। तीर्थों के प्रश्न में भी अपने साहस का और अपूर्व बौद्धिक शक्ति का उन्होंने परिचय दिया. उस समय के अंग्रेज जजों ने भी उनकी बौद्धिक प्रतिमा की अनुमोदना की थी। बालदीक्षा आदि के प्रश्नों में भी अपने साहस का और नैतिक बल का अनुपम उदाहरण प्रस्तुत करके समाज को मार्गदर्शन दिया।

जैनशासक के प्रति जबरदस्त अनुराग उनके अन्दर रहा हुआ था। उनके स्वयं का जीवन ही एक ग्रन्थ जैसा था। उनके कार्य करने की शैली, सिद्धान्त निष्ठ जीवन और वाक्चार्तुयता ऐसे बहुत कुछ विशिष्ट गुण उनके जीवन से प्राप्त किये जा सकते हैं। चाहे कैसा भी प्रश्न हो उसका समाधान बिना विलम्ब के लोगों को मिल जाया करता था। लोग अपनी प्यास लेकर उनके पास आते थे वे उनकी वाणी से तृप्त होकर जाते थे। शासन के अनेक विध कार्यों में आपका अमूल्य योगदान जैन संघ भूल नहीं सकता।

सिद्धचक्र मासिक के संकलन एवं संपादन-प्रकासन आदि कार्य के लिये विद्वान् स्पष्ट वक्ता सौजन्य मूर्ति आचार्यश्री अशोकसागर सूरीश्वरजी म.सा. धन्यवाद के अभिनंदन के पात्र हैं। उनके श्रम की मैं अनुमोदना करता हूं।

मुझे विश्वास है, इस सिद्धचक्र अंक के द्वारा लोग बहुत कुछ पा सकेंगे। उनका उपदेश लोग रंजन न होकर आगमिक रहस्यों का उद्घाटन करनेवाला होता था। शैली उनकी दार्शनिक थी। ऐसे प्रतिभा सम्पन्न महान आचार्य का शब्द शरीर (सिद्धचक्र अंक) का प्रकाशन लोगों के आत्मोत्थान का कारण बने यही मेरी शुभ अभिलाषा और मंगल कामना.

*आचार्य पद्मसागर सूरि*

18-11-2001

❋ ❋ ❋

# સંપાદકની કલમે

રળીયામણી શરદપૂર્ણિમાનાં સૌમ્ય દિવસે બુહુશ્રુત આગમોધ્ધારકરુપ હિમાલય પરથી આગમવાણી રુપ ગંગાનું અવતરણ સિદ્ધચક્ર પાક્ષિક રૂપે વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ આજથી ૬૮ વર્ષ પૂર્વે થયું જેના સતત ૨૮ વર્ષ સુધી જિનશાસન રૂપી વિશ્વપર ધસમસતા પવિત્ર પ્રવાહથી અનેક સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની આગમ જિજ્ઞાસા રુપી તૃષાથી ત્રસ્ત આત્માઓને તૃપ્તિનું કારણ બન્યું એટલું જ નહી આ આગમગંગાનો પ્રવાહ અનેક નાની નાની નદીઓ રૂપી ગ્રંથો અને પુસ્તકોમાં આજે પણ વહી રહ્યો છે.

ગંગાનો પ્રવાહ તો એકજ દિશામાં વહી રહ્યો છે. ત્યારે આ પૂ. આગમોધ્ધારકશ્રીની આગમ વાણીનો પ્રવાહ ચારે બાજુ વહ્યો છે જૈન શાસનનો આજે વિદ્યામાન દરેક સમુદાય ગચ્છ સંપ્રદાય વર્ગમાં એવો એકેય વર્ગ શોધ્યો નહી મળે કે જેઓએ આ .પૂ. આગમોધ્ધારકશ્રીની વાણીસમ ગંગાનો આસ્વાદ ન માન્યો હોય.

પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીનું સાહિત્ય જેટલું પ્રગટ થયુ તેટલું હજી અપ્રગટ પેન્સીલોથી લખાયેલ સાહિત્ય પ્રગટ થવાની રાહ જોઈ રહ્યું છે.

પૂ. સાગરજી મ.ના વચનો ટંકશાળી ગણાય છે. તેઓશ્રી શું બોલ્યા ? તેઓશ્રીએ શું લખ્યું ? તેમનાં વચનો અડીખમ પથ્થર પરની લકીર જેવા સૌ ગણે છે.

અમદાવાદ જૈન નગરમાં મારા સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં ભોજકકુલઅવતંસ પંડિત શ્રી અમૃતભાઈ વારંવાર આવતા મઝેની જ્ઞાનગોષ્ઠી થતી તેમાં તેઓએ એક અનોખો પ્રસંગ કહ્યો જેને તેજ વખતે મે નોટમાં લીપીબધ્ધ કરેલ. વાત એમ હતી કે તેરાપંથી સંપ્રદાય શ્રીભગવતીજી સૂત્રનું પ્રકાશન કરી રહી હતી તેમાં એક <u>ન</u> એવા સ્થાને ગોઠવાઈ ગયેલ કે કેમેય કરી અર્થ બેસે નહિ. આ <u>ન</u> બિનજરૂરી લાગતો હતો. મુનિઓ બેઠા, પંડિતો બેઠા, ચર્ચાઓ ચાલી પણ સાગરજીમહારાજે આ <u>ન</u> છાપ્યો છે માટે જરૂર કોઈ રહસ્યાર્થ હશે. જો કે તે <u>ન</u> એ પ્રેસમીસ્ટીક હતી. છતાંય સાગરજીનો <u>ન</u> કાઢતાં ધ્રુજારી છૂટતી. આવું તો તેઓશ્રીનું આગમ વિષયક આગવું પ્રભુત્વ હતું. આગમ પ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પૂણ્યવિજજી મ.સા.ના પણ પૂ. સાગરજી મ. પ્રત્યેની નિષ્ઠાનાં અનેક આવા પ્રસંગો પંડિતજી પાસેથી જાણવા મળ્યા બીજા પણ કેટલાય પ્રસંગો છે જેમાં પૂજ્ય મ.ની બહુશ્રુતતા આજે પણ ઝળકી રહી છે.

સં. ૨૦૫૪ નાં જંબૂદ્વીપનાં ચાતુર્માસ દરમ્યાન એક દિવસ પૂ.આ.શ્રી. નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાસે બેઠો હતો. સિધ્ધચક્ર માસિક આગમવાણીનાં અણમોલ ખજાનાં જેવું અત્યારે જીર્ણશીર્ણ હાલતમાં છે. આનું પુન : પ્રકાશન ખૂબજ જરુરી છે. નહી તો આ આગમોનાં રહસ્યાર્થો જણાવનારો

આ ખજાનો નષ્ટ પ્રાયઃ થઈ જશે. આ અંગે થોડુંક પ્રારંભિક કાર્ય વિનેય મુનિ સૌમ્યચંદ્ર સાગરે તથા મુનિ વિવેકચંદ્ર સાગરે પૂજ્યશ્રીની નિશ્રામાં બેસી શરુ કર્યુ પણ સમયના અભાવે આગળ ન વધ્યું. સાબરમતીમાં મુનિ પૂર્ણચંદ્રસાગર મ. સાથે પણ આ અંગે વિચારણા થયેલ.

આ સાલ સં. ૨૦૫૬નું આગમતીર્થ સમા સૂરત શહેર જ્યાં પૂ. આગમોધ્ધારકશ્રીએ અગ્યાર ચાર્તુમાસ કરી સુરતના પ્રત્યેકપરમાણુને આગમમય બનાવી દીધેલ જયાં પવિત્ર આગમમંદિર જૈનાનંદ પુસ્તક ભંડાર, શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી જૈન તત્વબોધ પાઠશાળા, શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધારક ફંડ આદિ વિશાળ જ્ઞાન પરબો જ્ઞાન તૃષાતુરોને પરમ તૃપ્તિનું કારણ બની છે જેનો પ્રભાવ આજે પણ વાડીનાં ઉપાશ્રયમાં પ્રવચનકારો શ્રોતાઓની સૂઝ બૂજ દ્વારા અનુભવી રહ્યા છે. આ સુરત શહેરનાં કૈલાસનગર શ્રી સંઘના ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

પાલીતાણા જંબૂદ્વીપ ચાતુર્માસની એ અધૂરી ભાવના આપોઆપ સ્ફૂરી આથી અંતરમાં એક પ્રકારના માત્ર અનુભવી શકાય પણ લખી ન શકાય તેવા નાદનું પ્રગટીકરણ થયું અને પૂજયપાદ પરમ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી સિદ્ધચક્ર માસિકના તમામ અંકોનાં પુનર્મુદ્રણનાં સંકલ્પનો સાક્ષાત્કાર થયો સહવર્તીમુનિઓ સાથે વિચારણ થઈ. પરિણામે 'દેવાવિ તં નમંસન્તિ' મુજબ ચારેબાજુથી તમામ અનુકૂળતાઓ અલ્પ પ્રયત્ને સહજતાથી મળવા લાગી કાર્યકળા કુશળ મુનિ સૌમ્યચંદ્રસાગરે "નેમ-પ્રભા" પ્રિન્ટર્સવાળા શ્રી કનકભાઈ તથા જંબૂદ્વીપ પ્રીન્ટ વીઝનવાળા શ્રી કાંતિભાઈને બોલાવી કોમ્પ્યુટર - કાગળો વિ.ની સફળ કાર્યવાહી આરંભી લીધી.

સાગર સમુદાયના રાગી શ્રુતભક્ત અને વફાદાર એવા શ્રાવકોની એક કમિટી બનાવી. દેવગુરુની પરમકૃપા અને પૂજયપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ. શ્રી નરેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સાહેબના આશીર્વાદપત્રો પણ આવી ગયા. અને કાર્યનો પ્રારંભ થયો ચારેબાજુથી આર્થીક સહયોગ ન ધારેલો સહજ પ્રયત્ને આપોઆપ મળવા લાગ્યો. અને આ કાર્યનાં શ્રી ગણેશ થયા જેમાં સૌપ્રથમ વાડીનો ઊપાશ્રય, કૈલાસનગર જૈન શ્રીસંઘ, નાનપરા જૈન શ્રીસંઘ, અઠવા લાઈન્સ જૈન શ્રી સંઘ તથા શ્રી ઓંકાર સૂરિ આરાધના ભવને ઉલ્લાસથી કાર્યનાં પ્રારંભે મહત્વનો સહયોગ આપ્યો.

પ્રથમ તો ઝેરોક્ષ ફોટા કોપીનો વિચાર કરેલ જેમાં પ્રૂફ જોવાની મહેનત નહી પણ તેમાં પીળા અને ઝાંખા પડી ગયેલા પાનાની અસર પણ આવે વળી તે લેટર પ્રેસમાં છાપેલાં અક્ષરો આજના સમયને જોતાં અનુરુપ નહીં લાગવાથી બધું જ કોમ્પ્યુટરાઇઝ્ડ કરવાનું વિચાર્યું. મંગળ મુહુર્તે પ્રારંભાયેલું આ કાર્ય એટલા વેગથી ચાલ્યું કે આનુ પ્રૂફ કેમ જોવું ? રોજના ૩૦૦ થી ૩૫૦ પાનાં તૈયાર થવા લાગ્યા, શરુમાં પ્રૂફ જોનારાઓએ પણ ઢગલાબંધ ભૂલો એમનીએમ રાખી છેવટે પ્રૂફ જોનારાઓ બદલ્યા. અમોએ જ આ કાર્ય છેલ્લા પ્રૂફનું હાથમાં લીધું ચાતુર્માસની અનેક કાર્યવ્યસ્તતા છતાં સંતોષકારક કાર્ય થવા લાગ્યું જોકે મારા પૂ. ગુરુદેવશ્રી મઝાકમાં કયારેક કહેતા કે "ઈત્થિયા પુત્થિયા કભી ન

શુધ્ધિયા" નાં ન્યાય મુજબ વધુને વધુ સમય આપવા છતાં, પ્રૂફરીડરો બદલવા છતાં ક્ષતિઓ તો આવી જ છે જે વાંચકો ક્ષમ્ય ગણશે. એક વાર તો એક ફર્મો છપાયા બાદ છેલ્લા ૧૦ પાનામાં ઘણી ભૂલો હતી. આ ફર્મો અમારા ચેકીંગમાં રહી ગયેલ જેથી છપાઈ ગયેલાં એ તમામ પાના કેન્સલ કરી તે ફર્મો પુનઃછાપ્યો છતાં એક મહામૂલો આગમનો ખજાનો નષ્ટભ્રષ્ટ થતાં બચ્યો એક સૂચન એ પણ આવ્યું કે પૂ. આગમોદ્ધારકશ્રીની ભાષા જ્યાં ક્લીષ્ટ છે તથા ગામઠી કહેવતો છે ત્યાં આજની ભાષામાં સરળ બનાવવી. પણ તેમ કરતાં દેશનાકારશ્રીનો ભાવ જ બદલાઈ જવાનાં ભયે તે સાહસ ન કર્યુ અને જેમ હતું તેમ જ રાખી છપાવ્યું જો કે એક બે વાર શાંતિથી થોડું વાંચન ચાલુ રખાય તો આપોઆપ ગેડ બેસતી જાય અને આગમીક રહસ્યોની મઝા મનાતી જાય. "શુભે યથાશક્તિ યતનીયમ્‌ના ન્યાયનો પરમ આનંદ આજે અમારા આત્મામાં લહેરાઈ રહ્યો છે.

પ્રુફને જોવાનાં બહાને મને પણ નવા નવા કેટલાય મુદ્દા, નવીન તર્કો, નવાશાસ્ત્ર પાઠો, નવા દ્રષ્ટાંતો, નવીનવી કહેવતો વિ. પ્રાપ્ત થઈ જે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિનું શુદ્ધિનું કારણ બન્યું. સૂરત નિવાસી વિદ્ધન્નિકર વિખ્યાત પંડીતવર્ય ધીરુભાઈ અચાનક અમેરિકાથી આસોવદ-૭ નાં આવ્યા અને પ્રસ્તાવનાનું કાર્ય તેઓને સોપતાં ઓર આનંદ આવ્યો તેઓ શ્રી એ લખેલ પ્રસ્તાવના ગંભીર રહસ્યોને આપોઆપ પ્રગટ કરે તેવી છે.

પ્રવચન પ્રભાવક સુમધુર પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિજી મ. સાહેબે પ્રસ્તાવના લખવા દ્વારા પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રી પ્રતિ પોતાની શ્રદ્ધાસંપન્નતા વ્યક્તકરી આ પ્રસ્તાવનાનું ગૌરવ વધાર્યુ છે.

અમે આ સિધ્ધચક્રનાં અંકોનાં ટાઈટલ પણ જેવા રંગનાં હતાં તેવાજ રાખ્યા છે.

મારા આ કાર્યમાં મુનિ સૌમ્યચંદ્રસાગર તથા મુનિ વિવેકચંદ્રસાગર અનેક કાર્યવ્યસ્તતા હોવા છતાં સારા સહભાગી બન્યા છે.

લગભગ દરેક આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારકશ્રીની વિષયવાર જીવનપ્રભાની જ્યોત મૂકવામાં આવી છે.

તથા પ્રથમથીજ તંત્રી તરીકે સેવા આપનાર ઝવેરી પાનાચંદ રુપચંદ (સૂરત) તથા ચીમનલાલ સવાઈચંદ સંઘવી (સૂરત)ની અનુમોદના કરીયે છીયે.

અન્તે ભગવતી શ્રુતદેવી શાસનદેવતા અને પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાને વિનંતી કે આ કાર્ય ઝડપી સંપૂર્ણ બને અને જિજ્ઞાસુઓ આગમનાં રહસ્યોને પામી. જીવનમાં ઉતારી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

**અભયગુરુપાદપદ્મસેવી**

**સૂરત.** **અશોકસાગરસૂરિ**



# અમારો અહોભાવ પ્યારાગુરુજી પ્રતિ....

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નીર્મળ થાઉં રે...
હે મારા પ્યારા, ગુરુદેવ, તમારા ગુણોનું વર્ણન
કયા સ્વરુપે કરું !
સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન સમ્યગ્ ચારિત્રનાં
તમારા ગુણગણને જોતાં, જાણે હું તમારા આ ગુણોને ગાયા જ કરું,
બસ તમારી ગુણગંગામાં નાહ્યા જ કરું.

જ્યારે

પૂ. આચાર્યશ્રી અશોકસાગરસૂરિજી મ. સાહેબે અમોને સૂરત બોલાવી સિધ્ધચક્ર માસિકનાં જીર્ણશીર્ણ અંકોને બતાવવા સાથે હૃદયને હલબલાવી મૂકે તેવી રીતે આ સિદ્ધચક્ર માસિકનાં પુનર્મુદ્રણ માટે પ્રેરણા કરી અને તુર્ત જ અમો એ આ કાર્ય વધાવી લીધું પરંતુ તેમા સાચી મહેનત તો પૂ. આચાર્યશ્રી એ તથા તેઓશ્રીનાં વિનેય મુનિશ્રી સૌમ્યચંદ્ર સાગરજી મ.સાહેબે જ કરી છે.

અમોતો માત્ર

ગુણીજન ગુણ ગાવતાંગુણ આવે નિજ અંગ આ ઉક્તિ મુજબ કંઈ

તમારા ઢગલાબંધ ગુણોમાંથી તેના લેશ ને પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવીએ એ મંગળ કામના સાથે.

## -: સિદ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિનાં સભ્યો :-

- ❖ શ્રી પ્રફુલ્લભાઈ શાંતીચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી રાજુભાઈ કલ્યાણચંદ ઝવેરી, સુરત.
- ❖ શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ચોકસી, મુંબઈ
- ❖ શ્રી ચંદ્રસેન અભેચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી પ્રફુલ્લ અમીચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંતભાઈ સાકરચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી શાંતીચંદ રવિચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંત અમરચંદ ઝવેરી, મુબઈ
- ❖ શ્રી અશોકભાઈ પાનાચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી હેમચંદભાઈ મોતીચંદ ઝવેરી, મુંબઈ

## તથા જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી, ટ્રસ્ટી ગણ

૧. શ્રી શાંતીચંદ છગનભાઈ ઝવેરી, સુરત.
૨. શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઈ.
૩. શ્રી વસંતભાઈ ઉત્તમચંદ વૈદ્ય, ઉંઝા.
૪. શ્રી અશોકભાઈ સુરજમલ શાહ, અમદાવાદ.
૫. શ્રી વિનુભાઈ જગજીવનદાસ સંઘવી, ભાવનગર.



## તીર્થોધ્ધારક અને તીર્થરક્ષક

આગમોધ્ધારકશ્રીએ પૂજયતમ આગમોની સેવા અને શ્રુતનાં વારસાનું સંરક્ષણ અને સંવર્ધન કર્યુ વળી પરમ પૂજનીય તીર્થોની સેવા સંરક્ષણ અને ઊધ્ધાર માટે ક્યારેક પ્રાણોની પણ પરવાહ કર્યા વિના પોતાની પ્રતિભાનો અજોડ ચમત્કાર પણ સર્જયો છે.

૧૯૬૪નાં સમેતશીખરજી ઊપર બંધાતા અંગ્રેજોનાં બંગલા માટે જે મુંબઈમાં જેહાદ જગાવી તેનાં પરિણામે દિલ્હીથી સી.આઈ.ડી. ઓ પ્રવચનમાં ગોઠવાઈ જતાં અને અંગ્રેજ સરકારને રિપોર્ટ મોકલાતી જેમાં એક સી.આઈ.ડી પૂજ્યશ્રીનાં હિતસ્વી બની ખાનગીમાં ચેતવણી આપી કે આપ એક સપ્તાહ પ્રવચનમાં આ વિષય ન લો નહી તો અંગ્રેજ સરકાર પગલાં ભરવા તૈયાર છે પણ પૂજયશ્રીએ તેને કહ્યું ભાઈ અમારા પવિત્ર તીર્થો અમારા પ્રાણોથી પણ પ્યારા છે તે માટે જે કંઈ કરવુ પડે બોલવું પડે તે નિર્ભયતાથી અમારે કરવું જ પડશે.

૧૯૬૫નાં અંતરીક્ષજીનાં કેસમાં પણ દિગંબરભાઈઓએ કરેલ કેસનાં જવાબમાં અંગ્રેજ જજની પાસે જે તર્ક પૂર્ણ દલીલ કરી તે નિર્ભયતા જોઈ અંગ્રેજ જજે સાગરજી મ. ની નિર્ભયતાને બિરદાવવા સાથે ભક્ત બની ગયેલ.

સં. ૧૯૭૯માં ભોપાવર-મક્ષીજી-માંડવગઢ (મ.પ્ર.) તીર્થનાં માટે ઘણું સહન કરી જિર્ણોધ્ધાર કરાવ્યા જેથી સ્ટેટ સાથે સમાધાનની ઉપલબ્ધિ થઈ,

૧૯૮૩માં શ્રી કેશરીયાજી કેસમાં નિડરતા પૂર્વક નૂતન ધજા દંડ ચઢાવી શ્વેતામ્બરોની ધજા ફરકાવી તે દ્રશ્ય ઐતિહાસીક બની ગયેલ જેમાં એટલો ઘસારો હતો કે દિગંબરભાઈઓનાં તોફાનમાં ત્રણ-ચારભાઈઓ કચડી મરી ગયેલ. તે પ્રસંગે પોતાનું નિડરતા પૂર્વકનું વક્તવ્ય તથા કર્તવ્ય આજે પણ લોકો યાદ કરે છે.

સં. ૧૯૮૫માં શત્રુંજય તીર્થ રક્ષાર્થે લાખોનું ફંડ કરાવ્યું. શીવલિંગ અન્યત્ર ખસેડાયું.....

શ્રી ચારૂપ તીર્થના જિનાલયની હદમાં રહેલ

પાલીતાણાનાં દરબારોને વોઈસરોયદ્વારા નક્કી થયેલ રખોપાનાં ૬૦,૦૦૦/- બાર મહિને લેવાનું નક્કી કરતાં પૂ. સાગરજી મ. જે ૧૧/લાખ રૂા. ભેગા કરાવેલ તેના વ્યાજમાંથી પૈસા આપવાનું નક્કી કર્યુ પછી હિન્દુસ્તાન પ્રજાસત્તાક થતાં દેશી રાજયોનું વિલીનીકરણ થયું બાદ શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ. સરકાર પાસે ૬૦,૦૦૦/- માફ કરાવ્યા અને તે રકમ દ્વારા જયતલાટીથી રામપોલ અને ઘેટીની પાયગા સુધી ઘડેલાં પાષાણ નાં પગથીયા થયા.

## અમારું આયોજન....     તમારો સહકાર....

# આ સિદ્ધચક્ર પાક્ષિકમાં લાભ લેવાનાં પ્રકારો.....

### મુખ્યસ્તંભ

૧,૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં મુખ્ય સ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પૂરા પેજ સાથે તમારું અભિનંદન કરશું.

### આધારસ્તંભ

૫૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં આધારસ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે અર્ધા પેજમાં આભાર પ્રદર્શિત કરશું.

### શ્રુતસ્નેહી

૨૫,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શ્રુતસ્નેહી બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પા. પેજમાં સહયોગી તરીકેનો લાભ મળશે.

### શુભેચ્છક

૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શુભેચ્છક બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો નામ આપનાર દાતા તરીકે આ સમ્યગ્જ્ઞાનની પરબમાં પ્રગટ કરશું.

રૂપિયા ૪૦૦૦ હજાર
ભરનાર સભ્યને સિધ્ધચક્ર માસિકનાં
તમામ અંકોના અઢાર દળદાર ગ્રંથોનો
એક સેટ આપવામાં આવશે.

## અમારું આયોજન... તમારો સહકાર

### મુખ્ય સ્તંભ

* **શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર,** પાલીતાણા.
* **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર** ગોપીપુરા, સુરત.
* **શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર** શ્રી નાનપુરા જૈન શ્રી સંઘ, દિવાળીબાગ, સુરત.

  પ્રેરક : પૂ. મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.,
* **શ્રી આદિનાથ જૈન દેરાસર** કૈલાસનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ, મજુરાગેટ, સુરત. પ્રેરક સાધ્વીશ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.,
* **શ્રી આદિનાથ જૈન દેરાસર** અઠવાલાઈન્સ જૈન શ્રીસંઘ, સુરત. શેઠ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.
* **શ્રી સંભવનાથ જૈન દેરાસર** શ્રી સંભવનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રીસંઘ, વિજયવાડા, પ્રેરક : સાધ્વીશ્રી સુરક્ષાશ્રીજી મ.સા.,
* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર** શ્રી વિજયદેવસૂરી સંઘ તથા ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાયધુની, મુંબઈ.
* **શ્રી ધર્મનાથ દાદા જૈન દેરાસર** શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂ. સંઘ, ગોરેગાંવ, મુંબઈ. પ્રેરક : મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.,
* **શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર** શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, ચોપાટી, મુંબઈ. પ્રેરક : મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા,
* **શ્રી અનંતનાથ જૈન દેરાસર** શેઠશ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી ઉપાશ્રય ટ્રસ્ટ, સુરત.

## આધાર સ્તંભ

* **શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન,** ગોપીપુરા, સુરત.
* **શ્રી જૈન શ્વેતામ્બર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી** પ્રેષક : સચિવ દીપચંદજી જૈન ઉન્હેલ (રાજ.)
* **શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર** બાઈ ફુલકોરબાઈ ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ, પ્રવિણચંદ્ર રૂપચંદ ઝવેરી માળીફળીઆ, ગોપીપુરા, સુરત.
* **શ્રી શીતલનાથ જૈન દેરાસર** શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત. પ્રેરક : પૂ. મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા.,
* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર** પૂ.પાદ આગમોદ્ધારક શ્રી દ્વારા સ્થાપિત ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી બજાજખાના, રતલામ (મ.પ્ર.)
* **શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર** ઊંઝા, જૈન મહાજન પેઢી, ઊંઝા. પ્રેરક : મુનિશ્રી લબ્ધચંદ્રસાગરજી મ.સા.,
* **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર** શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ. સંઘ અમદાવાદ.
* **શ્રી આદીશ્વર ભગવાન ઝઘડીયા જૈન તીર્થ** શ્રી ઋષભદેવજી મહારાજ જૈન પેઢી ઝઘડીયા, ભરૂચ.

## શ્રુત સ્નેહી

* **શ્રી અજીતનાથ જિનાલય - શ્રી વાવજૈન શ્વે.મૂ.પૂ. સંઘ** વાવ (બ.કા.) પ્રેરક : સાધ્વીશ્રી પૂણ્યયશાશ્રીજી મ.સા.,
* **શ્રી નમિનાથ જૈન દેરાસર, ખાનપુર જૈન શ્રીસંઘ,** અમદાવાદ.
* **શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી (ઘર દેરાસર) સુરત નિવાસી** હા. પાર્લા (વે.) મુંબઈ.
* **શ્રી સુપાર્શ્વનાથ સ્વામી જૈન દેરાસર,** છાપરીયા શેરી, મોટા ઉપાશ્રય, સુરત.
* **શ્રી આદીશ્વર જૈન દેરાસર** જૈન શ્વે.મૂ.પૂ. તપા. શ્રીસંઘ શેઠ ડોસાભાઈ અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર.
* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ,** પાલડી, અમદાવાદ.
* **શેઠ શ્રી હઠીસિંહ કેશરસિંહ જૈન દેરાસર,** શ્રુત નિધિ ટ્રસ્ટ શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર, અમદાવાદ.
* **શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય,** શ્રી કારેલીબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, કારેલીબાગ, વડોદરા.

# શુભેચ્છક

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. તપ. જૈનદેરાસર, વોરાબજાર, ભાવનગર**
* **શ્રી મણીનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક :- પૂ.આ.શ્રી નિરંજનસાગરસૂરિ મ.
* **શ્રી આકોલા જૈન શ્રીસંઘ** પ્રેરક :- પ.પૂ. આ. શ્રી નરદેવસાગર સૂરિ. મ. સા.
* **એક સદ્ગૃહસ્થ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી સદ્ગુણાશ્રીજી મ. સા. નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી સુલસાશ્રીજી મ. સા. પાટણ
* **શ્રી અભયસાગર જૈન ઉપાશ્રય, કીર્તિ સોસાયટી, સાબરમતી, અમદાવાદ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી જયવંતાશ્રીજી મ. સા.
* **બુહારી શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ.** પ્રેરક:- પૂ. સા.શ્રી અમીતાશ્રીજી મ.સા.
* **શ્રી પોરબંદર શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ ટ્રસ્ટ** પ્રેરક :- પૂ.સા.શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રીજી વિદિતરત્નાશ્રીજી મ.સા.
* **શ્રી સરેલાવાડી જૈન શ્રી સંઘ, ઘોડદોડ રોડ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ. સા.
* **શ્રી નાગેશ્વર જૈન શ્રીસંઘ** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી દમિતાશ્રીજી મ. સા.
* **પૂ. શ્રી ફલ્ગુશ્રીજી મ.સા. ના શિષ્યા શ્રી અમિતગુણાશ્રીજી મ. ની ૧૦૦ ઓળીની સમાપ્તિ નિમિત્તે પારણા મહોત્સવ સમિતિ** પ્રેરક:- પૂજ્યશ્રી ના શિષ્યા પ્રશિષ્યા પરિવાર
* **સુંદરલાલ સેવંતિલાલ શાહ (ચાણસ્માવાળા) સુરત**
* **લલીતાબેન નાથાલાલ શાહના સ્મરણાર્થે સ્વ. નાનચંદભાઈ છગનલાલ શાહ (રાંદેરવાળા તરફથી)** પ્રેરક:- પ.પૂ.સાધ્વીજીશ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રશાંતગુણાશ્રીજી મ.ના. શિષ્યા મૂ.સા. વિદિતપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રીતિવર્ષાશ્રીજી મ. સા. તથા પૂ. સા. શ્રીપૂર્ણભદ્રાશ્રીજી મ.

* **નાનુબ્હેન બંગલાના આરાધક બ્હેનો તરફથી** પ્રેરક:- પ.પૂ.સા. શ્રી રેવતીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી શમગુણાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ. સા.
* **શ્રી ગુણનિધિ શ્વે.મૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક:- પૂ. આ. શ્રી જિતેન્દ્રસાગરસૂરિજી મ. સા. તથા પૂ. મુનિ શ્રી પૂણ્યપાળસાગરજી મ.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.શ્રી રેવતીશ્રીમ.ના શિષ્યા પૂ.સા.શ્રી સમગુણાશ્રીજી મ. ના શિષ્યા પૂ.સા.શ્રી વિજેતાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. દિવ્યનંદિતાશ્રીના એકાંતર ૫૦૦ આયંબિલ અને પૂ.સા.શ્રી રાજનંદિતાશ્રીજીના શ્રેણીતપ નિમિત્તે
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.પ્રશમધરાશ્રીજી મ. તથા પૂ.સા. શીલંધરાશ્રીજી મ.ની પ્રેરણાથી પૂ.સા.શ્રી કીર્તિધરાશ્રીનાં શિષ્યા પૂ.સા. વૃષ્ટિધરાશ્રી સા. કૃતિધરાશ્રીની દીક્ષા નિમિત્તે.
* **ચાણસ્મા જૈન મહાજન શ્રીસંઘ, ચાણસ્મા.**
* **દ. વી. પૌષધશાળા નાનપરા, અઠવાગેટ, સૂરત.**
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ. રંજનશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. પ્રિયંકરાશ્રી મ.ની સ્મૃતિમાં પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.
* **સગરામપુરા જૈન શ્રી સંઘ**
* **રુપચંદ ફકીરચંદ ઝવેરી પરિવાર સુરત.**
* **અઠવાલાઈન્સ જૈન સંઘની બ્હેનો તરફથી** પ્રેરક:- પૂ.સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજીની પ્રેરણાથી
* **શ્રી વડોદરા શહેર જૈન સંઘ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, વડોદરા.**
* **લલીતા, વનિતા, હીરા આરાધના ભવન સાબરમતી.** પ્રેરક:- પૂ. સાધ્વીશ્રી નિત્યાનંદાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વી કલ્પજ્ઞાશ્રીજી
* **વડાચૌટા સંવેગી જૈન ઊપાશ્ર. સૂરત.**

* **શ્રી કોટન ગ્રીન શ્વે. મૂર્તિ પૂજન જૈન સંઘ.** પ્રેરક:- પૂ. મલય-ચારુ શીશુ દિવ્યપૂર્ણાશ્રીજી મ. ની
* **છાણી જૈન શ્વે. શ્રી સંઘ - છાણી**
* **ભટાર રોડ જૈન શ્વે. શ્રી સંઘ સુરત.**
* **એક સદ્ગૃહસ્થ હ : શકુબેન રતલામવાલા** પ્રેરક:- પૂ.સાધ્વીજી શ્રી શીલરેખાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજીશ્રી વિશ્વવિદાશ્રીજી મ.ની
* **લુણાવાડા જૈન શ્વે શ્રી સંઘ** પ્રેરક:- પૂ.સાધ્વીજીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી અમિતગુણાશ્રીજી મ.
* **શ્રી ગુલાબચંદજી તારાચંદજી કોચર, નાગપુર**
* **શ્રી સુધારા ખાતાની પેઢી, મહેસાણા.**
* **શ્રી વિદ્યાવિહાર બાલીભુવન જૈન ધર્મશાળા, પાલીતાણા.**
* **શ્રી વિશા શ્રીમાલી તપાગચ્છ જ્ઞાતિ, જૈન પાઠશાળા, જામનગર**
* **શ્રી વર્ધમાન ભક્તિ શ્વે. મૂ. પૂ. ઈરાની વાડી, જૈનસંઘ, કાંદીવલી (વે.)**
* **શ્રી બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-જય ચેરીટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.**
* **શ્રી લીલચંદભાઈ રંગજીભાઈ શાહ પરિવાર, દીલોદવાળા હાલ, પાલડી, અમદાવાદ.**
* **શ્રી શાન્તાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ - શાન્તાક્રુઝ (મુંબઈ)**
* **શ્રી આદીનાથ શ્વે. મૂ. જૈન સંઘ, કાનજીવાડી, શાંતાદેવી રોડ, નવસારી.**
* **શ્રી વલસાડ જૈન શ્વે. મહાવીર સ્વામી ભગવાન પેઢી (વલસાડ)**
* **શ્રી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રય - સુરત.** પ્રેરક:- સાધ્વી શ્રી મનકશ્રીજી મ.
* **ત્રિકમનગર જૈન શ્રીસંઘ, સુરત.**

* **શ્રી મહાવીર શ્વેતામ્બર મૂ.પૂ. જૈન સંઘ** વિજયનગર નારણપુરા, અમદાવાદ.
* **શેઠ શ્રી પાનાચંદ ખેમચંદ ગાંધી (વેજલપુરવાળા)** હાલ વડોદરા.
* **શ્રી ઝવેરી પાર્ક આદિશ્વર ટ્રસ્ટ,** નવાવાડજ
* **શ્રી શાંતીનગર જૈન શ્રીસંઘ,** સ્ટેશનરોડ, ઊંઝા
* **શ્રી શ્વેતામ્બર મૂ.પૂ. જૈન સંઘ,** આણંદ
* **શ્રી પારી મીઠાલાલ કલ્યાણચંદ ધર્મફંડ પેઢી** માણેક સ્મૃતિ કાપડબજાર, કપડવંજ
* **પૂ.સા. શ્રી યશોભદ્રાશ્રીજી મ. (છાણીવાળા)** આનંદનગર સોસાયટી, બી-૧, યશવર્ધન ફલેટ, પાલડી, અમદાવાદ.
* **પૂ. સ્વ. શ્રી અભ્યુદયાશ્રીજી મ. (છાણીવાળા)** ૨/સી. ઈશાવાસ્યમ ફલેટ વાસણા, ધરણીધર પાછળ, અમદાવાદ.
* **સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ.સા. પૂ. સા. શુભાધ્યાશ્રી મ.પ્રેરણાથી એક સદ્‌ગૃહસ્થ** પાલડી, અમદાવાદ.
* **સા. શ્રી મહાયશાશ્રીજી મ. આરાધના ભવન,** આગમ એપાર્ટ. ગોપીપુરા, સુરત.
* **પૂ.આ.ભ. વિજય ભક્તિસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન ગચ્છાધિપતિ પ.પૂ. આ. દેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાવર્તિની સાધ્વીજી શ્રી સૂર્યપ્રભાશ્રીજી, સાધ્વીજીશ્રી દિવ્યપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી** શ્રી ધર્મ વિદ્યાવિહાર ઉપાશ્રયની આરાધક બહેનો તરફથી જ્ઞાનખાતામાંથી
* **પૂ. સાધ્વીશ્રી મનોહર - ઈન્દુશ્રીજીનાં શિષ્યા સાધ્વીશ્રી શશીપ્રભાશ્રીજીનાં પ્રેરણાથી રાજગઢ જૈન સંઘ હ. કૈલાસચંદજી જૈન**
* **જૈન સોસાયટી જૈન સંઘ** પાલડી, અમદાવાદ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | નૂતન વર્ષાભિનંદન (જુદા જુદા છંદોમાં સિદ્ધચક્ર સ્તુતિ) | ૧ |
| ૨ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | તીર્થંકરની પરોપકારિતા વરબોધિથી કે અનાદિથી ? | ૩ |
| ૩ | શ્રી સિદ્ધચક્ર અને નૂતન પ્રવેશ | ૬ |
| ૪ | શ્રી સિદ્ધચક્ર | ૧૦ |
| ૫ | આગમોદ્ધારકની અમોઘદેશના | ૧૫ |
| ૬ | સાગર સમાધાન | |
| → | પંચ નિર્ગ્રન્થી પ્રકરણમાં ઓછામાં ઓછા આઠ વર્ષ પછી દીક્ષા લેવાય એ મળ્યુ છે ? | ૨૧ |
| → | મહાવીર પ્રભુજન્મવાંચન વખતે નાળીયેર વધેરાય છે તે યોગ્ય છે ? | ૨૧ |
| → | વ્યાખ્યાન, પ્રતિક્રમણ, પૌષધાદિમાં ચોપડી, કયસણા વગેરેની પ્રભાના યોગ્ય છે ? | ૨૨ |
| → | શ્રુતદેવતા અને સરસ્વતી એક છે કે જુદા ? | ૧૧ |
| → | પર્યુષણમાં કલ્પધર અને સંવચ્છરીને દિવસે પૌષધ કરવો ઉચિત છે ? | ૨૨ |
| ૭ | સમાલોચના | ૨૨ |
| ૮ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપ ત્રીજો ભેદ | ૨૩ |
| → | શ્રી નંદીવર્ધનની માંગણી કેમ કબૂલ થઈ ? | ૨૬ |
| → | નંદિવર્ધનની મુદતનો તત્વમાર્ગ | ૨૮ |
| ૯ | દીવાળી અને જૈનો | ૩૦ |
| ૧૦ | પરમ પવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો | ૩૬ |
| ૧૧ | દીવાળી મહાત્મ્ય યાને આઠ સ્વપ્નોનો સ્ફોટ | ૩૯ |
| ૧૨ | સમાલોચના | ૪૮ |
| ૧૩ | પરોપકાર | |
| ૧૪ | આગમ રહસ્ય દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | ૫૦ |
| → | બે વર્ષ રહેવામાં અવધિનો ઉપયોગ | ૫૦ |
| → | માત્ર માતા પિતાના અંગે જ અભિગ્રહ કેમ ? | ૫૨ |
| ૧૫ | દીવાળી મહાત્મ્ય યાને આઠ સ્વપ્નોનો સ્ફોટ | ૫૫ |
| ૧૬ | ઉપધાનની તપસ્યા | ૬૪ |
| ૧૭ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | લોકાંતિકદેવોના આસન ચલવાનું કારણ | ૭૪ |
| → | ગણધરપદને પમાનાર જીવોની સ્થિતિ | ૭૬ |
| → | જગત તારણની લોકાન્તિક ભાવના | ૭૮ |
| ૧૮ | દીવાળી મહાત્મ્ય યાને આઠ સ્વપ્નોનો સ્ફોટ | ૮૦ |

# અનુક્રમણિકા


૧૯ ઉપધાનની તપસ્યા ૮૪
૨૦ સમાલોચના ૯૧
૨૧ સાગર સમાધાન
→ બીજ, પાંચમ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ તે સત્ય છે ? ૯૪
→ શાસ્ત્ર અને લોકોક્તિથી એકમ આદિ તિથિએ સૂર્યોદય છતાં બીજ આદિપણે પ્રમાણિક કેમ થાય ? ૯૪
→ લૌકિક રીતિએ દીવાળી કરવામાં નિર્વાણ કલ્યાણક તિથિ અને સ્વાતિ નક્ષત્ર ન આવે તો કેમ ? ૯૫
૨૨ પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો ૯૬
૨૩ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ દાનગ્રહણથી તત્ત્વદર્શિતા ૯૮
→ મતભેદ ક્યાં સંભવે છે ? ૧૦૨
→ પોતાના સમક્તિનો નિશ્ચય ક્યારે થાય ૧૦૫
→ પંચલક્ષણથી પરીક્ષા ૧૦૭
→ શાસ્ત્રરૂપી ડાંગ ૧૧૦
૨૪ સમાલોચના ૧૧૩
૨૫ ઉપધાનની તપસ્યા ૧૧૫
૨૬ કલ્યાણ સાધનના ઉપાયો
૨૭ શ્રી રામવિજયજીની આહ્‌વાનનો સ્વીકાર
૨૮ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ મહાદાન છતાં સંખ્યાનુ નિયમિતપણું ૧૨૧
→ સંવચ્છરી દાન માટે લવાતુ માલીકી વિનાનું ધન ૧૨૫
૨૯ આગમોદ્ધારકની અમોઘ દેશના – દર્શનાચાર અને તેના અતિચાર ૧૨૬
૩૦ ઉપધાનની તપસ્યા ૧૩૬
૩૧ સાગર સમાધાન ૧૪૨
→ ભગવાન મહાવીર પ્રભુએ ગર્ભાવસ્થામાં અવધિજ્ઞાનનો ઉપયોગ મુકેલ ?
૩૨ સાગર સમાધાન
→ ભગવાન મહાવીર પ્રભુએ ગર્ભાવસ્થામાં અવધિજ્ઞાનનો ઉપયોગ મુકેલ ?
૩૩ સાધુ ધર્મ
૩૪ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ – ઋષભદત્તને ઘરે વૃષ્ટિ કેમ નહિ ૧૪૬
૩૫ પરમ પવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો ૧૫૦

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૩૬ | ઉપધાનની તપસ્યા | ૧૫૪ |
| ૩૭ | આગમોદ્ધારકની અમોઘ દેશના – ક્રિયાની આવશ્યકતા | ૧૬૦ |
| ૩૮ | સદ્ધર્મના સાધન | |
| ૩૯ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | યુગલિયાઓની આહાર સ્થિતિ | ૧૭૦ |
| ૪૦ | આવશ્યક સૂત્રના કર્તા ગણધર મહારાજ કે સ્થવીર મહારાજ ? આવશ્યક સૂત્રનો પલટો થયો છે ? | ૧૭૪ |
| ૪૧ | આગમોદ્ધારકની અમોઘ દેશના – ક્રિયાની આવશ્યકતા | ૧૭૭ |
| ૪૨ | સમાલોચના | ૧૮૬ |
| ૪૩ | સાગર સમાધાન | |
| → | ઉપકાર કરવાનું શેનાથી થાય ? | ૧૮૭ |
| → | દ્રવ્ય ઉપકાર કેવો હોય ? અનાદિ હોય ? અનંત હોય ? | ૧૮૭ |
| → | લલિત વિસ્તરા વૃત્તિમાં હરિભદ્રસૂરિ મ. જિનેશ્વર ભગવંતને અનાદિથી પરોપકારી કેમ કહે છે. | ૧૮૮ |
| → | શું જિનેશ્વરો અનાદિથી પરોપકારી સ્થિતિના નથી ? | ૧૮૮ |
| → | જિનેશ્વરોના સમ્યક્ત્વને વરબોધિજ કહેવાય ? અન્યને નહિ ? | ૧૮૯ |
| → | જિનેશ્વરોના પ્રથમ સમ્યક્ત્વને વરબોધિ કેમ ન કહેવાય? | ૧૯૦ |
| → | તથા ભવ્યત્વની જેમ પરોપકારીપણાને અનાદિ માનવામાં શો બાધ ? | ૧૯૧ |
| → | કારણરૂપે તીર્થંકરોને પરોપકારિતા માનવી એ શાસ્ત્રાનુકુલ છે ? | ૧૯૧ |
| → | યોગ્યતારૂપે સર્વ તીર્થંકરોને પરોપકારિતા સરખી માનવામાં બાધ નથી ? | ૧૯૧ |
| ૪૪ | ચર્ચાના ઉત્પાદકો અને ઉમેદવારોને | |
| ૪૫ | સુખી કોણ ? | |
| ૪૬ | અહિંસાની મહત્તા | |
| ૪૭ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | વિવાહધર્મના નિરૂપક ભગવાન ઋષભદેવજી કેમ ? | ૧૯૪ |
| → | જિનેશ્વરોના આરાધકપણાને જણાવનાર સૂત્ર | ૧૯૭ |
| ૪૮ | આવશ્યક સૂત્ર અને તેની નિર્યુક્તિ | ૧૯૯ |
| ૪૯ | સાગર સમાધાન | |
| → | જૈન રામાયણાનુસાર વાલીમુનિજીએ રાવણને કરેલી શીક્ષા ક્રોધરહિત હતી ? | ૨૦૭ |
| ૫૦ | આગમોદ્ધારકની અમોઘ દેશના – ક્રિયાની આવશ્યકતા | ૨૧૪ |
| ૫૧ | વાચકોને – પ્રવચનના સંપાદકને | |

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૫૨ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | લક્ષ્મીની આવક કે લક્ષ્મીનો ઉપયોગ | ૨૧૮ |
| ૫૩ | સાગર સમાધાન | |
| → | મહાપુરૂષ વાલીજીએ રાવણને કરેલ શીક્ષામાં વિતરાગતા હતી ? | ૨૨૨ |
| ૫૪ | આગમોધ્ધારકની અમોઘ દેશના – વૈરાગ્યની વહેંચણ | ૨૩૩ |
| ૫૫ | યૌવન અવસ્થાનું અંધેર | |
| ૫૬ | પ્રવચનના સંપાદકને | |
| ૫૭ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | રૂપરસાદિ ઉપર અવસર્પિણીનો પ્રભાવ | ૨૪૨ |
| → | યુગલિયાઓને અધિપતિની માંગણી કેમ કરવી પડી | ૨૪૪ |
| ૫૮ | સાગર સમાધાન | |
| → | ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીજી દ્વારા ખેડુતને દીક્ષા અપાવી હતી ? | ૨૪૬ |
| → | પ્રભુએ શાલિક દીક્ષા લઈ તોડનાર છે એવુ જાણ્યા છતાં દીક્ષા કેમ આપી ? | ૨૪૬ |
| → | દીક્ષા છોડી દેનાર શલિકને દીક્ષા અપાવવા ગૌતમ સ્વામીજીને કેમ મોકલ્યા ? | ૨૪૬ |
| ૫૯ | આગમોધ્ધારકની અમોઘ દેશના વૈરાગ્યની વહેંચણ | |
| ૬૦ | પ્રવચનના સંપાદકને | |
| ૬૧ | સમાલોચના | |
| ૬૨ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | રાજાની પ્રજા કે પ્રજાનો રાજા | ૨૬૬ |
| → | અવધિજ્ઞાનમાં લબ્ધિ અને ઉપયોગનો ભેદ | ૨૬૯ |
| ૬૩ | સાગર સમાધાન – આવશ્યકજીના પાઠનો પ્રવચનકારે કરેલો ખોટો અર્થ | ૨૭૧ |
| ૬૪ | પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો | ૨૭૩ |
| ૬૫ | આવશ્યક સૂત્ર અને તેની નિર્યુક્તિ | ૨૮૪ |
| ૬૬ | સત્પુરૂષોના ચરિત્ર શ્રવણ કરવાનો મહિમા | |
| ૬૭ | શ્રીકૃષ્ણની કૌશામ્બીની ભાવના | |
| ૬૮ | આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ | |
| → | તીર્થંકર ભગવાનને રાજ્યઋદ્ધિ હોવી જ જોઈએ | ૨૯૦ |
| → | ભીખમપંથીઓનો ભયંકર ભોગ | ૨૯૫ |
| ૬૯ | સાગર સમાધાન – સ્વાભાવિક આર્યક્ષેત્રો | ૩૦૫ |
| ૭૦ | આગમોધ્ધારકની અમોઘ દેશના – ભાવરૂપી મહામેળો | ૩૦૫ |
| ૭૧ | સમાલોચના | |

# અનુક્રમણિકા


૭૨ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ રાજાનું સ્થાન તે રાજધાની ૩૧૪
→ ભગવાને કરેલા એક રાજ્યના સો રાજ્યો ૩૧૬
૭૩ સાગર સમાધાન – સ્વાભાવિક આર્યક્ષેત્રો ૩૧૯
૭૪ આવશ્યક સૂત્ર અને તેની નિર્યુક્તિ ૩૨૪
૭૫ આગમોધ્ધારકની અમોઘદેશના – ભવરૂપી મહામેળો ૩૨૯
૭૬ ઉપધાનની તપસ્યા ૩૩૬
૭૭ જયન્તી ઉજવનારાઓને
૭૮ પ્રવચનના સંપાદકને
૭૯ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ કાયિક દમનની જરૂર અને તેને અંગે રાજાપણું ૩૩૮
→ હાથીના સંગ્રહની જરૂર શી ? ૩૪૦
૮૦ સમાલોચના ૩૪૦
૮૧ પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો ૩૪૩
૮૨ આવશ્યક સૂત્ર અને તેની મહત્તા ૩૪૫
૮૩ સાગર સમાધાન ૩૫૫
→ ગિરનારજી સિદ્ધાચલજી ટુંક હોવા છતાં નેમનાથ પ્રભુ સિદ્ધાચલ પર આવ્યા નથી એમ કહેવાય. ૩૫૯
→ અષ્ટ મંગકામાં મત્સ્ય મુગલ કેમ ૩૫૯
→ તીર્થંકર પ્રભુની જેમ ભાવિ અનગારનારની કાંઈ સ્વપ્ન દેખે ? તેનુ પ્રમાણ ? ૩૫૯
→ તીર્થંકર સિવાય ભાવિ પ્રભાવકાદિમાં વિશિષ્ટતા નથી ? ૩૬૦
→ કર્મવેદનના કાલ કેટલા પ્રકારના ? શાથી ? ૩૬૦
→ બીજા ત્રીજા સંઘયણવાળો ઉપશમશ્રેણીમાં કાલ કરી અનુત્તરમાં જાય ? ૩૬૦
→ સ્વયંભૂરમણનીની વેદીકાથી સંખ્યાત યોજન સુધી લોક છે ? ૩૬૦
→ સૌધર્માદિ ઈન્દ્રો જિનેશ્વર પ્રભુનો જન્મ કયા કયા કારણથી જાણે ? ૩૬૦
→ આદિનાથ પ્રભુ પાણી કયુ પીતા હતા ? ૩૬૦
→ લલીતાંગ દેવની સ્વયં પ્રભાદેવી હતી તે જ નિર્નામિકા થઈ ફેર સ્વયં પ્રભા થઈ ? ૩૬૦
→ શ્રેયાંસકુમાર જાતિ સ્મરણથી પોતાના ભવ જાણે પ્રભુ આદિનાથ પ્રભુના ભવ શી રીતે થઈ ? ૩૬૦
૮૪ સાધકોને માટે વર્તમાન શાસનની અદ્વિતીયતા
૮૫ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ સંગ્રહમાં હાથીની જરૂર અને તેનું સ્થાન ૩૬૨

# અનુક્રમણિકા


૮૬ **આગમોધ્ધારકની અમોઘ દેશના – જૈનદર્શનરૂપી દુરબીન** ૩૬૬
૮૭ **સાગર સમાધાન**
→ પ્રતિક્રમણમાં કરેમિ ભંતે, ચત્તારિમંગલ આદિ સૂત્રો કેમ બોલાય ૩૭૭
→ શ્રાવકને મિથ્યાત્વની અપેક્ષાએ કેવા પચ્ચકખાણ હોય ? કેવી રીતે ? ૩૭૭
→ શૂલ આદિ રોગનો નાશ અને સંસારના દુઃખોનો નાશનો વિચાર આર્તધ્યાન કહેવાય ? ૩૭૮
→ બાવીશ પ્રભુના શાસનમાં ચાર મહાવ્રતોનો ઉચ્ચાર ક્યારે થતો હતો ? ૩૭૮
→ પુનમે જ પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ થવા જોઈએ ? ૩૭૮
→ બાવીશ પ્રભુના સાધુ દેવરૂપી રાઈય પ્રતિક્રમણ ક્યારે કરતા ? ૩૭૯
→ બાવીશ પ્રભુના સાધુ પ્રતિક્રમણ ગુરૂ સમક્ષ જ કરે ? ૩૭૯
→ ચોરીથી સંરક્ષણના વિચારને રૌદ્રધ્યાન કહેવાય ? દેવદ્રવ્યનું રક્ષણ રૌદ્ર ધ્યાન છે ? ૩૭૯
→ ક્ષાયો સમ્યક્ત્વવાળો રીતે બે ઈન્દ્રિયાદિમાં જાય તો તેને કયુ સમ્યક્ત્વ હોય ? ૩૭૯
→ ક્ષાયો અને વેદક સમ્યક્ત્વ બે જુદા કેમ કહેવાય ? ૩૭૯
→ ક્ષાયો. અને વેદકને ઔદયિક કેમ ન કહેવાય ? ૩૮૦
૮૮ **પરમપવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો** ૩૮૧
૮૯ **શાસનમાં દાનનું સ્થાન**
૯૦ **પ્રપંચી અને અન્ય ધનનાં ભિક્ષુક સાધુઓ કેવા ? અને તેની ગતિ કઈ ?**
૯૧ **આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ**
→ આદ્યપ્રભુ ઋષભદેવજીની પરોપકારિતા ૩૮૬
→ સૃષ્ટિ એટલે શું ? અને તેનું સર્જન કેમ શક્ય ? ૩૮૮
→ આર્યોમાં જાતિ ભેદ કેમ ? ૩૯૩
૯૨ **સમાલોચના**
૯૩ **આગમોધ્ધારકની અમોઘ દેશના – જૈનદર્શનરૂપી દર્શન** ૩૯૭
૯૪ **સાગર સમાધાન**
→ ગણધર મહારાજા અંગ પ્રવિષ્ટ રચના કયા અનુક્રમે કરે ? ૪૦૨
→ કૃષ્ણમહારાજે દીક્ષા લેવાને ન રોકવાનો નિયમ લીધેલ ? તે અવિરતિ કેમ ગણાય ? ૪૦૩
→ પર્યુષણામાં જે કલ્પસૂત્ર વંચાય છે તેની રચના કોણે કરી ? ૪૦૪
→ આચારાંગાદિમાં જે અનંતાગમાદિ જણાવેલ છે તે આખા રચના કે એક રચના ? ૪૦૪
→ એક શબ્દના અનંતા અર્થો અને એક શ્લોકના અનંતાઅર્થો કેવીરીતે ઘટાવવા ? ૪૦૪
→ દિગંબરો કહે શ્વેતાબંર શ્રાવકોને આગમને હાથ લગાવવાનો હક્ક નથી તે યોગ્ય છે. ૪૦૪
→ સૂયગડાંગ સૂત્રમાં પ્રવર્જિત થયેલ સગા રૂદનાદિથી ભમાવે તેમાં તત્વ શું ? ૪૦૫
→ બળાત્કારથી દીક્ષા જોડાવે તેને શાસન નાયકની હત્યા જેટલુ મહામોહનીય લાગે ? ૪૦૫
→ સગાસંબંધને કારણે કોઈને દીક્ષા લે તારો કે તો મહામોહનીય કર્મનો બંધ થાય ? ૪૦૫

# અનુક્રમણિકા


૯૫ પરમ પવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો ૪૦૭
૯૬ શાસનમાં દાનનું સ્થાન
૯૭ પ્રવચનના સંપાદકને
૯૮ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ નીતિની જરૂરીઆત અને જાતિ ભેદ ૪૧૦
૯૯ પરમ પવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો ૪૧૪
૧૦૦ આગમોધ્ધારકની અમોઘદેશના ૪૧૭
૧૦૧ અજ્ઞાનનું સ્વરૂપ અને તેની બંધ કારણતા ૪૨૫
૧૦૨ સમાલોચના ૪૩૧
૧૦૩ શાસનમાં સુપાત્રદાનનું સ્થાન
૧૦૪ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ જાતિભેદનો શાસ્ત્રીય ક્રમ ૪૩૪
→ ક્ષત્રિય વર્ણ આદિમાં કેમ ? ૪૩૭
૧૦૫ સ્વસ્તિકાદિમાં આકારની અપેક્ષાએ જ મંગલતા છે ? ૪૩૯
૧૦૬ જૈનપિતા વારસો શાનો આપે ? ૪૪૩
૧૦૭ સમાલોચના ૪૫૦
૧૦૮ પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો ૪૫૨
૧૦૯ મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિમાં મુખ્ય અને ગૌણની વ્યવસ્થા ૪૬૮
૧૧૦ પ્રવચનના સંપાદકને
૧૧૧ સ્પષ્ટીકરણ
૧૧૨ વર્તમાનમાં જૈનશાસનની શ્રેષ્ઠતા
૧૧૩ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ શૈક્ષણીયને પ્રાયશ્ચિત સુધારે કે શિક્ષા સુધારે ૪૭૪૪
૧૧૪ રત્નત્રયીની આરાધનાના ભેદો ૪૮૧
૧૧૫ આગમોધ્ધારકની અમોઘ દેશના – ક્રિયાએ કર્મ પરિણામે બંધ એ વાક્યનો મર્મ ૪૯૦
૧૧૬ પૂજ્ય પાંચ આચાર્ય મહારાજાઓને વિજ્ઞપ્તિ
૧૧૭ પ્રવચનના સંપાદકને
૧૧૮ સિધ્ધાચલજીના યાત્રિકે અને રખોપુ
૧૧૯ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ પ્રથમ ઉત્પન્ન થયેલ ક્ષત્રિય જાતિની જરૂર ૪૯૮

# અનુક્રમણિકા


૧૨૦ આગમોદ્ધારકની અમોઘ દેશના
→ ક્રિયાએ કર્મ પરિણામે બંધ એ વાક્યનો મર્મ ૫૦૫
૧૨૧ આદ્ય ઉપદેશ તીર્થંકર ભગવાન જ કેમ ? ૫૧૫
૧૨૨ પરમેશ્વરને પાડ
૧૨૩ સિદ્ધાચલજીના યાત્રાળુઓ અને શેઠ આણંદજી-કલ્યાણજી
૧૨૪ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ ૫૨૨
૧૨૫ આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાન જ કેમ ? ૫૨૬
૧૨૬ સમાલોચના ૫૩૨
૧૨૭ સાગર સમાધાન
→ ભગવાન ઋષભદેવજીને સાચી વાત જાણીને હર્ષ આવ્યો તેમાં અભિમાન કેમ ? ૫૩૪
→ ત્રેસઠ શલાકાપણાના અંગે કુલની ઉત્તમતા જણાવવી એ શું અભિમાન કહેવાય ? ૫૩૪
→ મરિચિનું અભિમાન ગણાય તો ત્રિશલાદેવીનું કેમ નહિ ? ૫૩૪
→ પહેલા અને છેલ્લા તીર્થંકર સિવાયના શાસનમાં છેદોપસ્થાપનીય ચારિત્ર હોય ? ૫૩૫
→ કેશીકુમારને સામાન્ય જ્ઞાનીઓ અને ગૌતમ સ્વામીને વિશિષ્ટ જ્ઞાની કેમ ગણ્યા ? ૫૩૫
→ કેશીકુમારે શંકા પુછી તે મતભેદની હતી કે જિજ્ઞાસાની ? ૫૩૫
→ કેશીકુમારે પાંચ મહાવ્રતોનો ધર્મ પ્રભુ મહાવીર પાસે લીધો કે ગૌતમ સ્વામી પાસે ? ૫૩૫
→ દિગંબરોની મૂર્તિયો નગ્ન હોય કે ચિન્હવાળી હોય. ૫૩૫
૧૨૮ આગમોદ્ધારકની અમોઘ દેશના – ગૌતમસ્વામીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ? ૫૩૬
૧૨૯ શનિવારની સંવચ્છરીવાળાઓ સમજશે ?
૧૩૦ સંવચ્છરી અને જૈનો
૧૩૪ આગમ રહસ્ય – દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ
→ બ્રાહ્મણ અને શુદ્રની ઉત્પત્તિ ૫૪૬
૧૩૫ આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાન જ કેમ ? ૫૪૯
૧૩૬ આગમોદ્ધારકની અમોઘ દેશના – ગૌતમસ્વામીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ? ૫૫૩
૧૩૭ સિદ્ધચક્રનું બાલ્યાવસ્થામાંથી ધીમેધીમે આગળ વધવું ૫૬૧
૧૩૮ અમોઘ દેશના – કર્મરાજાનો લશ્કરી ૫૬૧
૧૩૯ મહારાજશ્રી કલ્યાણવિજયજીને વિનંતિ ૫૬૬
૧૪૦ વ્યાખ્યાન એટલે શું ? વ્યાખ્યાન કોણ કરે ?




તરફથી

ચતુર્થ વર્ષ અંક ૧ } ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) { ૧૨-૧૦-૧૯૩૫

# શ્રીસિદ્ધચક્ર

(પાક્ષિક)

ઉદ્દેશ :-

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રીઆચામામ્લવર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે.

-: લવાજમ :-

વાર્ષિક રૂા. ૨-૦-૦ છુટક રૂા. ૦-૧-૬

## श्रीसिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥१॥

## ગુર્જરપદ્યાનુવાદ

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા ।
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રી સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

---

મુદ્રક :- શા. ફકીરચંદ મગનલાલ બદામી

મુદ્રણાલય :- ધી "જૈન વિજયાનંદ" પ્રિન્ટીંગ પ્રેસ, કણપીઠ બજાર - સુરત.

તંત્રી અને પ્રકાશક :- શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, ધનજી સ્ટ્રીટ, ૨૫,૨૭, મુંબઇ, નં.૩




ચતુર્થ વર્ષ
અંક ૧

મુંબઇ, તા. ૧૨-૧૦-૧૯૩૫ શનિવાર

વીર સંવત્ ૨૪૬૧
વિક્રમ ,, ૧૯૯૧

# નૂતન-વર્ષાભિનન્દન

**સવૈયા એકત્રીસા-**

નૂતનસંવત્સરના અંકે ધરિયે અભિનન્દન શ્રીકાર,
વિજયવંત ને જયવંતા એ 'સિદ્ધચક્ર'નો જય જયકાર,
સુખ-સંપદ્ ઉત્તમપદ પામ્યા 'યંત્ર' થકી મયણા-શ્રીપાલ,
તિમ ભવિજન એ 'યંત્ર' સેવનથી વરશે સિદ્ધિવધૂવરમાળ. ૧

**વસંતતિલકા -**

આ સ્વર્ણનો સુદિન આજ ઉગ્યો સવારે,
ને કલ્પવેલ ફળી આંગણ આજ મ્હારે,
એ કામકુંભ મળીયો મુજ ગેહ મ્હાલે.
શ્રી 'સિદ્ધચક્ર' સ્મરતાં ભવતાપ ટાળે. ૨

**અનુષ્ટુપ્-**

વર્ષ ત્રયી વટાવીને ચતુર્થ વર્ષ પ્રવેશ,
કરતાં શ્રી 'સિદ્ધચક્ર'ની સેવ કરો સુવિશેષ. ૩

અનુષ્ટુપ -

હર્ષ ભર્યું હેયું બન્યું દુઃખ ગયાં સવિદેશ દૂર,
'સિદ્ધચક્ર'ના સેવકો આશિષ દો ભરપૂર, ૪

હરિગીત-

ક્યું અર્પણ ભૂતકાલે અનેકાન્તમતામૃતં,
નિશ્યન્દ એ 'આનન્દસાગરસૂરિશેખર' ભાષિતં,
'સિદ્ધચક્ર' સુપત્રમાંહી કુમત બોધનિરોધકં,
ભાગ્યે મલ્યું એ 'સિદ્ધચક્ર' સેવજો ભવિસાદરં. ૫

શાર્દૂલ વિ૦-

જ્હેની જોડ જડે નહિં જગતમાં જે યોગક્ષેમં કરૂં,
જ્હેના સુન્દર યોગથીજ સુલસા સાધે પદં જે ખરૂં.
આવા પંચમકાળમાં પણ અહો ! જે પાપ પ્હાડે સ્વરૂ,
તે 'શ્રીવીરજિનેન્દ્રશાસનવર' સ્નેહે નમું આદરૂં. ૬

શાર્દૂલ વિ૦-

સંખ્યાતીત સુયોગ આગમ કહ્યા મુક્તિ તણા સાધકા,
તેમાંહી અરિહંત સિદ્ધ ભગવન્ આચાર્ય ને વાચકા,
સાધુ-દર્શન-બોધ-સંયમ-તપો છે શાંતિને દાયકા,
યોગાગ્રેસર 'સિદ્ધચક્ર' પ્રણમું પ્રારંભ શં દાયકા. ૭



# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### નિક્ષેપ-દ્રવ્ય-નોઆગમ-વ્યતિરિક્ત પૂજા અનુપકૃત પરહિતરતતા

નંદીના નિરૂપણને અંગે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપાનું વિવેચન કરતાં નામ અને સ્થાપનાનિક્ષેપાનું સ્વરૂપ તથા નામનંદી અને સ્થાપનાનંદીનું સ્વરૂપ આગળ જોઈ ગયા, અને દ્રવ્યનંદીના સ્વરૂપને અંગે દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ જણાવતાં આગમથકી દ્રવ્યનિક્ષેપો અને નોઆગમથકી જ્ઞશરીર અને ભવ્ય શરીર રૂપી દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ જણાવ્યું, અને તેના ત્રીજા જ્ઞશરીર, ભવ્યશરીરથી, વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્યભેદને જણાવતાં ત્રિલોક નાથ તીર્થંકર ભગવાનની સ્નાત્રાદિકે કરાતી પૂજા દ્રવ્યશબ્દનો કારણ અર્થ લઈને વ્યતિરિક્ત દ્રવ્યપૂજા જણાવી, પણ તે વ્યતિરિક્ત દ્રવ્યપૂજા ત્યારે જ ગણાય કે જ્યારે ભગવાન્ જિનેશ્વરોનું અનુપકૃત પરહિતરતપણું વિગેરે ગુણો લક્ષ્યમાં લઈને પૂજા કરવામાં આવે.

### તીર્થંકરની પરોપકારિતા વરબોધિથી કે અનાદિથી ?

તે પૂજા કરતી વખતે લક્ષ્યમાં લેવા લાયક ગુણોમાં પહેલો ગુણ જે અનુપકૃત પરહિતરતપણાનો એટલે બીજાના ઉપકાર તળે દબાયા સિવાય બીજાને ઉપકાર કરવામાંજ લીન રહેવા રૂપ છે તે ગુણના પ્રસંગને અંગે સર્વ તીર્થંકર મહારાજા જો કે વરબોધિથી પ્રારંભીને હંમેશાં પરોપકારમાં તત્પર હોય છે, છતાં વર્તમાન શાસનના અધિપતિ ભગવાન્ મહાવીર મહારાજા વરબોધિ કે સામાન્ય સમ્યક્ત્વથી પહેલાં પણ પરોપકારમાં કેવા લીન હતા એ જણાવવાને અંગે નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પહેલાં પણ સાર્થથી વિખૂટા થઈને જંગલદ્વારાએ આવેલા સુવિહિત મહાપુરુષોને દીધેલા દાન વિગેરેનો અધિકાર આગળ જણાવી ગયા.

### વાક્યોના જત્થાને વૃત્તાન્તોનો જત્થો કહેવાય કે?

જો કે વૃત્તાંત અધિકાર વિગેરે વસ્તુઓને નહિ સમજનારાઓએ વાક્યોને અધિકાર તરીકે ગણી કે વૃત્તાંત તરીકે ગણીને બીજા વૃત્તાંતો શ્રીનયસારના સંબંધમાં શાસ્ત્રોમાં છે એમ કહેવા સાહસ કર્યું છે, પણ તે સાહસ કરનાર અધિકાર કે વૃત્તાંતની વસ્તુસ્થિતિ સમજશે તો તેને આપોઆપ માલમ પડશે કે આખા નયસારના ભવને અંગે મુનિદાનનું વૃત્તાંત મલે છે તેવું તેમના જીવનનું બીજું વૃત્તાંત મળતું નથી એ વસ્તુ સાચી રીતેજ છે.

### ભગવાન્ મહાવીરની ઉપકારપરંપરા

નયસારના વૃત્તાંત પછી અનુક્રમે ભગવાન્ મહાવીર મહારાજાના છેલ્લા ભવને અંગે જે પરોપકારની હકીકત શરૂ કરી છે, તેમાં ગર્ભમાં સ્થિર રહેવું, પ્રવ્રજ્યા નહિ લેવાનો અભિગ્રહ કરવો, મેરૂપર્વતને ચલાવવો, બાલક્રીડામાં વૃક્ષે વિંટાએલા સર્પને દૂર ફેંકવો, પૈશાચિક રૂપ ધારણ કરનાર દેવતાને વજ્રમુષ્ટિથી મારવો અને યાવત્ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ અપ્રતિપતિત અને નિર્મળ જ્ઞાનની સાથે જાતિસ્મરણ જ્ઞાન હોવા છતાં સર્વ કુટુંબથી અજ્ઞાત જ્ઞાનીપણે રહેવું અને

લેખશાળાનયનનો સમારંભ નિષેધવો નહિ એટલું જ નહિ પણ તે સમારંભ થવા દેવો ઉચિત ગણ્યો એ સર્વમાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાની પરોપકારદૃષ્ટિની મુખ્યતાએ વિચારણા કરી.

## યશોદાસાથેનાલગ્નમાંપરોપકારિતાનીઝાંખી

હવે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાનો મહારાજા સમરવીરની પુત્રી યશોદા સાથે થએલો જે વિવાહસંબંધ છે તેમાં પણ પરોપકારની દૃષ્ટિની મુખ્યતાએ વિચાર કરવાનો છે. હકીકત એવી છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા જ્યારે બાલ્યદશા ઉલ્લંઘન કરીને યૌવનદશાને પ્રાપ્ત થયા ત્યારે મહારાજા સિદ્ધાર્થને ભગવાન્ મહાવીર મહારાજનો વિવાહ કરવા માટે વિચાર થયો, પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું લક્ષ્ય વિષયોથી વિમુખ હોઈને મહારાજા સિદ્ધાર્થને ભગવાન્ મહાવીર મહારાજને વિવાહ કરવા માટે કહેવું એ ઘણું જ આકરૂં લાગ્યું, અને તેથી મહારાજા સિદ્ધાર્થે પોતાનો તે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાના વિવાહ સંબંધીનો વિચાર ત્રિશલામાતાને જણાવ્યો. મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતા બંને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના વિવાહનો વિચાર કરે છે, છતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની વિરક્ત અને નિર્વિકાર દશા દેખીને વિવાહ કરવા સંબંધી એકદમ મહાવીર ભગવાન્ આગળ વાત કરવાનું સાહસ કરતા નથી, પણ શ્રમણ ભગવાન્ મહાવીરનું ચિત્ત વિવાહ તરફ વાળવા માટે તેમના ગોઠીઆઓને જણાવે છે અને તેથી ભગવાન્ મહાવીરના ગોઠીઆઓ ભગવાન્ મહાવીરને પરણવાનો આગ્રહ કરે છે, છતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ તે ગોઠીઆઓની આગળ સંસારથી વિરક્તપણાની વાતો કરે છે, અને પોતાનો અભિપ્રાય ચોકસ દીક્ષા લેવાનો છે એમ ફરમાવે છે, અને તે વખતે એમ પણ સ્પષ્ટ શબ્દોમાં સૂચવી દે છે કે માતપિતાના જીવતાં સુધી હું દીક્ષા નહિ લેવાનો હોઈને અપરિણીત અવસ્થામાં પણ રહું તો તે કોઈપણ પ્રકારે અનુચિત નથી. આ વાર્તાલાપના ઈસારાથી માતાત્રિશલાને એમ લાગ્યું કે ભગવાન્ મહાવીર મિત્રોના કહેવાથી પરિણયનનું વિધાન કબુલ કરે તેમ નથી, અને તેથીજ માતાત્રિશલા તે ગોઠીઆઓની હાજરીમાં જ પધાર્યા. મહારાજા સિદ્ધાર્થની પ્રેરણાથી ગોઠીઆઓની હાજરીમાં માતાત્રિશલાને આવતાં દેખીને ભગવાન્ મહાવીર મહારાજ સિંહાસનથી ઉભા થયા. સાત આઠ ડગલાં સામા ગયા અને માતાજીને નમન કર્યું. પછી માતાજીને યોગ્ય આસન પર બેસાડી વિનયપૂર્વક ભગવાન્ મહાવીરે પ્રશ્ન કર્યો કે-આપને પધારવાનું પ્રયોજન ફરમાવો. આ ભગવાન્ મહાવીરના પ્રશ્નના ઉત્તરમાં વિનીત પુત્ર માતાપિતાના કથન પ્રમાણે જ કરવાવાળો હોય અને તેથી તમે પણ જરૂર મારા કહ્યા પ્રમાણે કરશો એમ ઉપોદ્‌ઘાત તરીકે સૂચવી પરિણયનવિધાન કરવાને માટે માતાત્રિશલાએ કહ્યું. માતાના વિનયને લીધે ભગવાન્ મહાવીર વગર મને પણ તે પરિણયનનેવિધાન કબુલ કરવું પડ્યું. ભગવાન્ મહાવીરને પરિણયન વિધાન કરવાનું સર્વથા મન નહિ છતાં ફકત મહારાજા સિદ્ધાર્થ અને માતાત્રિશલાના સંતોષને માટે તે કરવું પડ્યું. એ માતાપિતાના સંતાપને નિવારણરૂપ ઉપકાર ગણીએ તો તે કાંઈ ખોટું નથી.

## કાકતાલીયન્યાયે યશોદાનું પરિણયન માટે સ્વયમાગમન

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા અત્યાર સુધી વૈરાગ્યવાસિત અને નિર્વિકાર હોવાથી મહારાજા સિદ્ધાર્થ પાસે અનેક રાજા, મહારાજા તરફથી આવેલા માગામાંથી કોઈ પણ માગણી સિદ્ધાર્થ મહારાજા કબુલ કરી શકતા ન હતા પણ હવે માતાત્રિશલા દ્વારાએ ભગવાન્ મહાવીર મહારાજાએ પરિણયનનું વિધાન કબુલ કર્યું છે એમ જાણવા ભગવાન્ મહાવીર મહારાજને લાયકની

કન્યાની વિચારણા ચાલી, પણ તેવા વખતમાં જ મહારાજા સમરવીરનો સેનાપતિ યશોદાકુંવરીને લઈનેજ મહારાજા સમરવીરના હુકમથી ત્યાં મહાવીર મહારાજ સાથે નિમિત્તિયાના કહેવાથી પરણાવવા આવ્યો હતો તેના સમાચાર દૂત લઈને આવ્યો.

## યશોદા નામનું ગુણનિષ્પન્નપણું

તે કન્યાનું નામ જે યશોદા સ્થાપવામાં આવ્યું હતું તે નામ માત્ર કલ્પનાને અનુસારે યાદૃચ્છિક નહોતું, પણ ગુણનિષ્પન્ન હતું, કારણ કે જે દિવસે તે યશોદાકુંવરીનો જન્મ થયો છે તેજ દિવસે તેજ મહારાજા સમરવીરને ન જીતી શકાય એવા પ્રબળ બળ અને છળને ધારણ કરનારા રાજાની સાથે યુદ્ધ થયું છે, તેમાં સમરવીરની જીત થઈ છે અને યશ મળ્યો છે, અને તે અસંભવિત એવા યશના કારણ તરીકે તે કુંવરીનો જન્મ ગણીને આ જન્મેલી કુંવરી યશ દેનારી છે તેથી તેનું નામ યશોદા એવું સ્થાપવું તે વ્યાજબી છે એમ નક્કી કરી તે કુંવરીનું યશોદા નામ સ્થાપવામાં આવેલું છે.

## ગુણનિષ્પન્નનામોવાળાનો આશ્ચર્યકારક સંબંધ

જેમ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ સિદ્ધાર્થ મહારાજના કુળમાં આવ્યા ત્યારથી તે સમગ્ર સિદ્ધાર્થ મહારાજનું કુલ રાજય, રાષ્ટ્ર વિગેરેથી વધ્યું, તેવી રીતે યશોદાના જન્મના પ્રતાપે સમરવીર મહારાજાને જશ મળ્યો, અને તેથી જેમ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું નામ મહારાજા સિદ્ધાર્થ અને માતાત્રિશલાએ સર્વ સ્વજનાદિકની સમક્ષ રાજય અને રાષ્ટ્રઆદિની વૃદ્ધિને ધ્યાનમાં રાખી વર્ધમાન એવું સ્થાપ્યું હતું, તેવીજ રીતે આ કુંવરીનું નામ પણ તેના પિતા સમરવીરે યુદ્ધમાં જશ મળવા નિમિત્તે જશોદા સ્થાપેલું હતું. અર્થાત્ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે જો કે માતાપિતા અને મિત્રોના સંતાપને ટાળવારૂપ ઉપકારને માટે પરિણયનવિધાન કબુલ કરેલું હતું, છતાં કોઈક તેવીજ ભવિતવ્યતાએ તેવા સારા કુલવાળી અને તેવા સારા ભાગ્યવાળી કન્યાનો સંયોગ પણ તત્કાળ થઈ ગયો.

## પરોપકારને અંગે સાવદ્ય અનવદ્યપણાની આવશ્યકતા કેટલી ?

જો કે નિરવદ્ય અને સાવદ્યના વિચારની દૃષ્ટિએ આ પરિણયનવિધાનનું કબુલ કરવું ઉપકાર તરીકે ન ગણી શકીએ પણ ભાવઉપકારની દૃષ્ટિએજ તે સાવદ્ય નિરવદ્યપણાનો વિચાર હોય છે, પણ દ્રવ્ય ઉપકારની દૃષ્ટિની વખતે સાવદ્ય કે નિરવદ્યપણાનો વિચાર હોતો નથી, અને તેથી તેવી રીતે માતાપિતા અને મિત્રોના સંતાપને ટાળવા માટે કરેલું પરિણયનવિધાન સાવદ્ય છતાં પણ ઉપકારને માટે થયું ગણાય તો તેમાં અંધ શ્રદ્ધાએ ભાગ ભજવ્યો છે એમ કહી શકાય નહિ, કેમકે જે મનુષ્ય જે અવસ્થામાં જે વખતે હોય છે તે મનુષ્ય તે વખતે તે અવસ્થાને લાયકના જે ઉપકારો કરે તે ઉપકારો ઉપકારદૃષ્ટિ સિવાય બની શકે નહિ, માટે ભગવાન્ મહાવીર મહારાજે સર્વસાવદ્યનો ત્યાગ નથી કર્યો ત્યાં સુધી આ પરિણયનનું વિધાન પણ ઉપર જણાવ્યા પ્રમાણે પરોપકારને માટે થયું છે એમ ગણવું ઉચિત જ છે.

## અભિગ્રહની પૂર્ણતા પછી ઉપકારને અંગે જ બે વર્ષ રહેવું

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના અભિગ્રહની પૂર્ણતા મહારાજા સિદ્ધાર્થ અને માતાત્રિશલાના કાળધર્મથી થએલી હતી, છતાં પણ જે તેઓ બે વર્ષ અધિક રહેલા છે તે પણ, મહારાજ નંદિવર્ધનના ઉપકારને માટેજ છે. એ રહેવું ઉપકારને માટે કેવી રીતે ગણી શકીએ તે આગળ વિચારીએ:

(અનુસંધાન માટે જુઓ પેજ ૩૨)

# શ્રી સિદ્ધચક્ર અને નૂતન-વર્ષ-પ્રવેશ

**આ** સિદ્ધચક્રપાક્ષિકને પ્રગટ થતાં ત્રણ વર્ષ પૂરાં થએલાં છે. હવે આ પત્ર ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત ત્રણ વર્ષમાં આ પત્રદ્વારાએ ગ્રાહકોએ સિદ્ધાંતિક પદાર્થોનું વિવિધરૂપે વિવેચન થયેલું સારી રીતે મેળવ્યું છે. આ ચોથા વર્ષમાં પણ તેવી જ રીતે સિદ્ધાંતિક પદાર્થોનું વિવેચન મુખ્યતાએ લેવામાં આવશે.

## જૈનકોમમાં ચાલતાં ઇતરપત્રો કરતાં આ પત્રની વિશિષ્ટતા

આ પત્રમાં સિદ્ધાંતિક પદાર્થોનું મુખ્યતાએ વિવેચન તેથીજ થઈ શક્યું છે અને થઈ શકવાનો સંભવ છે કે આ પત્ર વર્તમાન સમાચાર ચાહે તો ખુદ પત્રના લેખકના હો, તંત્રીના હો, સહાયકના હો પણ તેને સ્થાન આપતું નથી. વ્યક્તિગત પ્રવેશોત્સવ કે અષ્ટાહ્નિક ઓચ્છવઆદિના લાંબા લાંબા વિવેચનોથી કે તેને કરાવનારાઓની સાચી કે જુઠી પ્રશંસાથી આ પત્ર દૂર રહે છે અને રહેશે. જો કે આ ઉપરથી બીજા પત્રોમાં આવતા વર્તમાન સમાચાર વિગેરેને અયોગ્ય ગણે છે એમ નહિ, પણ એટલું તો સ્થાન સ્થાન પર સહેજે બને છે કે જે પક્ષનું કે જે વ્યકિતનું જે પત્ર વાજિંત્ર બને છે, તે પત્ર તે પક્ષ કે તે વ્યક્તિના અલ્પ સમાચારને પણ મોટા રૂપે ચિતરે છે, અને અન્ય વ્યક્તિ કે અન્ય પક્ષના સારા શાસનને શોભાવનારા સમાચારને લેતા નથી, તેમ જ કદાચિત કોઈ તેવા સંજોગને લીધે તેવા સમાચાર લેવાની ફરજ પડે છે, તો તેમાંથી મુખ્ય તત્ત્વને કાઢી નાખવામાં આવે છે, અને સર્વથા મામૂલી બનાવી દેવામાં આવે છે, તેમજ તે પત્રને ચલાવનારની કક્ષામાં રહેલા ગૃહસ્થની સામાન્ય ક્રિયાને પણ મોટુંરૂપ આપવામાં આવે છે, તે પોતાના કે પોતાના પક્ષકારના કાર્યોમાં કોઈ દિવસ વિધિ કે અવિધિનો ખ્યાલ સરખો કરાતો નથી એટલું જ નહિ પણ તેમાં થએલી પરિપૂર્ણ અવિધિ હોય તો પણ તેની નિંદા નહિ કરતાં માત્ર વિધિના અંશને આગળ કરી તેની અનુમોદના કરવામાં કોલમના કોલમ ભરવામાં આવે છે, અને જ્યારે પોતાના પક્ષનો ન હોય કે પોતાથી વિરૂદ્ધ હોય તો તેવાના ઉત્તમ કાર્યને પણ ઉતારી પાડવા કે વગોવવા માટે વિધિ અવિધિના નામો આગળ કરવામાં આવે છે, તેથી માર્ગના અભિલાષી જીવોને વસ્તુનું સત્ય સ્વરૂપ અને થએલા સત્કાર્યની અનુમોદના કરવાનો યથાસ્થિત પ્રસંગ તે તે પત્રના વાંચનદ્વારા થઈ શકતો નથી તે વાત પત્રોના વાચકોની ધ્યાન બહાર નથી.

## શાસ્ત્રોદ્ધારા યોગ્યકાર્યોનું સામાન્યરૂપે સ્વરૂપ જણાવનારી પદ્ધતિ

જો કે આ પત્ર વ્યકિતના કાર્યને કે વ્યકિતને ઉદ્દેશીને કંઈ લખતું નથી, પણ જે જે કાર્યો જે જે વખતે થતાં હોય છે તેને અંગે શાસ્ત્રસંબંધી વાક્યોના ઉપર આધાર રાખી તે તે કાર્યોની વિધિ વિગેરે જણાવવાને તૈયાર રહે છે, અને તેથીજ આ ત્રીજા

વર્ષના અંકોનો મોટો ભાગ સંઘનો વિધિ અને તપ ઉદ્યાપનના વિવેચનને અંગે રોકાયો હતો. જો કે કેટલાક વાચકોને તે સંઘ અને ઉદ્યાપનનું વિવેચન અત્યંત લાંબું લાગ્યું હશે, પણ જે વસ્તુ જે પ્રસંગે કહેવામાં આવે તે વસ્તુ બની શકતી સંપૂર્ણ હકીકત સાથે કહેવામાં આવે તો તે તે ક્રિયા કરનારાઓને વર્તમાનમાં અને ભવિષ્યમાં સારી રીતે માર્ગદર્શક થઈ પડે તથા વર્તમાન અને ભવિષ્યમાં તે તે ક્રિયાનું તત્ત્વ પણ તે ક્રિયા કરનારાના બરોબર ખ્યાલમાં રહે અને વારંવાર તે તે વિવેચનોને માટે પત્રમાં જગા ન રોકવી પડે, અને પિષ્ટપેષણ ન કરવું પડે, માટે સામાન્ય વિસ્તારથી સંઘ અને તપ ઉદ્યાપન સંબંધી આ પત્રે લેખો લખી સંઘસેવા બજાવવાનો ઉદ્યમ કરેલો છે.

## આરાધ્ય પર્વોની મહત્તા અને આરાધનાની રીતિનો સદ્‌ભાવ

વળી આ પત્રની પદ્ધતિ આરાધવા લાયક તહેવારોની આરાધના કરવાનું વાચકોને સરળ પડે માટે દીવાળી, જ્ઞાનપંચમી વિગેરે પર્વોની વખત તે તે પર્વોની આરાધનાને માટે વાચકોને સાવચેત કરવા માટે અને આરાધનાની ઉપયોગિતા તથા ફળ વિગેરે જણાવી દરેક વખતે ઉદ્યમ કરવામાં આવેલો છે.

## પત્રની વિવિધતાનાં કારણો

જો કે આ પત્રમાં મુખ્યતાએ સિદ્ધાંતના પદાર્થોનુંજ હેતુ અને યુક્તિથી સમર્થન કરવામાં આવે છે અને કોઈક વખતે કથાનો ભાગ કદાચ લેવામાં આવે છે, તોપણ તે કથાના એક એક અંશને તાત્ત્વિક દૃષ્ટિએ સમજાવીને કહેવામાં આવે છે તેથી તે કથા પણ વાચકોને સામાન્ય રીતે કથાનો રસ નથી આપતી, અને તેથી કથાની પ્રીતિ ધરાવનારા જેઓ મોટે ભાગે હોય છે, તેઓ આ પત્રના વાચનમાં રસ ઓછો લેતા હોય તે સ્વાભાવિક જ છે.

## કથાના પ્રેમીઓની માગણીને પહોંચી વળવાનો અભાવ છતાં ધ્યેયની સફલતા

જો કે આ પત્રમાં વિવિધતા લાવવા માટે આગમરહસ્ય, વ્યાખ્યાન, સાગર સમાધાન, સમાલોચના વિગેરે રાખવામાં આવેલાં છે, પણ તે સર્વ તત્ત્વના જિજ્ઞાસુઓનેજ વધારે ઉપયોગી થઈ શકે, પણ માત્ર કથા ઉપર પ્રીતિ ધરાવનારા કે સામાન્ય દૃષ્ટિથીજ માત્ર પદાર્થને જોઈ જનારા લોકોને આ પત્રથી સંતોષ ન થાય એ સ્વાભાવિક છે, છતાં થોડી સંખ્યાવાળા પણ તત્ત્વની ગવેષણા કરનારાઓને આ પત્ર સારી રીતે સંતોષ આપે છે, અને પ્રતિ અંકે તત્ત્વગવેષકોની માગણીઓ સર્વ અંકોને માટે થાય છે, અને તેવી માગણીને આ પત્રના વહીવટદારો પહોંચી શકતા નથી અને દીલગીરી સાથે નકારજ જણાવવો પડે છે, તેથી આ પત્રને પોતાના ધ્યેયમાં સફળતા મળી છે અને સાર્થકતા થાય એમ માનવાનું સબળ કારણ છે.

## સમાલોચનાના સંક્ષેપપણાની ફરીયાદ છતાં તેમ રાખવાનાં કારણો.

જો કે તત્ત્વજિજ્ઞાસુઓ તરફથી પણ સમાલચોનાને માટે એવી ફરિયાદ થાય છે કે સમાલોચનાનું પ્રકરણ કાંઈક વિસ્તારથી અને જે મુદ્દા ઉપર સમાલોચના કરવામાં આવી હોય તે મુદ્દાને અને તેની અસત્યતાને સ્પષ્ટપણે સમજાવી તેના ઉત્તર તરીકે અપાતો લેખ જો વિસ્તારવાળો હોય તો તે યોગ્ય ગણાય, છતાં આ પત્રનો મુદ્દો વધારે તેવી ચર્ચામાં ઉતરી પરસ્પર રસાકસીમાં વધીને વાચકના વખતનો અને પત્રની કોલમોનો દુરૂપયોગ કરવાનો નથી તેથી આ પત્ર માત્ર તે અસત્ય મુદ્દાના લેખકો જ સારી રીતે સમજી શકે અને પોતાના મુદ્દાને સુધારી લે તેવી ધારણાથી સમાલોચના લખવામાં આવે છે.

### સંક્ષિપ્ત સમાલોચનાથી સુધારો ન થાય તો પત્રની પદ્ધતિ ન બગાડતાં લેવાતા અન્ય ઉપાયો

અને તેવી ધારણાથી સમાલોચના લખવા છતાં પણ કદાચ અસત્ય મુદ્દાવાળો લેખક પોતાના અસત્ય મુદ્દાને પકડી રાખવા માગે છે તો જેમ અમદાવાદમાં વિદ્યાશાળાએ રૂબરૂ મળવાને માટે ચિટ્ઠી લખી ખુલાસો કરવા તૈયાર થવાનું કર્યું. જો કે તે ચિટ્ઠી તેઓએ પોતાના માણસોને મોકલી અહીંથી માણસ લઈ જઈને પાછી આપીને ચર્ચાનો વિષય ન રાખતાં જે સમાલોચના આવે તે સ્વીકારી લીધી અને તેથી તે ચર્ચાનો અંત આવ્યો, પણ આ પત્રે તેવી રસાકસીમાં ઉતરીને પત્રના કોલમો બગાડ્યા નથી.

### સામાન્ય રીતે સમાલોચનાની વ્યાપકતા

ઈતર કોઈપણ દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક કે માસિક પત્રમાં આવતા લેખોમાં કોઈ પણ શાસ્ત્રની વિરૂદ્ધ લખાણ હોય છે તેની યથાસ્થિત વગર સંકોચે સમાલોચના કરે છે, તેથી આ પત્રના વાચકોને ઈતર પત્રના વાચનથી ઉન્માર્ગે જવાનો કે અસત્ય પદાર્થની શ્રદ્ધા થવાનો વખત આવતો નથી.

### ટીકાકારો ઝેરવેર વધારીને ટોચે પહોંચે છે છતાં મુદ્દા છોડવાથી તેઓને મળતી નિષ્ફલતા

જો કે કેટલાક ટીકાકારો વાસ્તવિક મુદ્દાઓને નથી તો કબુલ કરતા ને નથી તો પોતાના મુદ્દાનું સમર્થન કરતા, પણ અયોગ્ય રીતિએ અસભ્ય ભાષાનો વરસાદ પોતાના પેપરોમાં વરસાવે છે. છતાં આ પત્ર તો માત્ર પોતાની સમાલોચનાની રીતિએ મુદ્દાનોજ સવાલ શાસ્ત્રદ્વારાએ જણાવી વધારે લખવું યોગ્ય ધારતું નથી. જો કે કેટલાક સ્વયંવાવદૂકોને પોતાના પેપરમાં આવતી શાસ્ત્રની નિરપેક્ષ વાતોના ખંડનથી ઝેર ચઢે છે અને પોતાની અસભ્ય ભાષાને લીધે પોતાના વાજિંત્રની કિંમત ઘટતી દેખી, આ પત્ર અને આ પત્રના ગ્રાહકો ઉપર ઈર્ષ્યાનો અગ્નિ વરસાવે છે, પણ તટસ્થ અને તત્ત્વજિજ્ઞાસુ વાચકો આ પત્રમાં આવતા તત્ત્વવિવેચનને અને સમાલોચનાના મુદ્દાને સારી પેઠે સમજી શકતા હોવાથી તેવા વાવદૂકોને અને તેમના પત્રોને નિરૂપાયે નિષ્ફળતામાં જ પ્રવેશ કરવો પડે છે.

### તત્ત્વજિજ્ઞાસુઓના સંતોષથી સમાલોચનાની સંક્ષિપ્તતા છતાં સફલતા

તત્ત્વજિજ્ઞાસુઓ તરફથી ટૂંકા પણ સમાલોચનના મુદ્દાઓને ઘણી જ સારી રીતે આદર મળે છે એ વાત તેવા સુજ્ઞોના આવેલા અનેક પત્રોથી પૂરવાર થાય છે, પણ આ પત્ર કોઈપણ પ્રકારના વ્યક્તિ કે પક્ષના પ્રતિબંધવાળું ન હોવાથી માત્ર તત્ત્વજિજ્ઞાસુ અને તત્ત્વરસિકોના હાથમાં જ જઈને જે કિંમત મેળવે છે તેજ આ પત્રની શોભાને માટે બસ છે.

### પત્રની પદ્ધતિ બગાડવા મંથન કરનારા ઇર્ષ્યાલુ છતાં પદ્ધતિની અચલતા

જો કે કેટલાક ઈર્ષ્યાગ્નિથી બળનારા પત્રકારો આ પત્રની નીતિને બગાડવા માટે સેંકડોની સંખ્યામાં પ્રશ્નો મોકલી પ્રયત્ન કરે છે, પણ આ પત્ર તેવી વખતે પોતાની નીતિને ન બગાડતાં પોતાના ધ્યેયને સારી રીતે વળગી રહે છે, પણ ઈર્ષ્યાગ્નિથી જગવેલી હોળીમાં આ પત્ર પોતાનું બળિદાન કરતું નથી.

### પત્રના મુખપૃષ્ટ ઉપર આવતા બ્લોકોમાં પત્રની સાધ્યતા

આ પત્ર ગઈ વખતે શ્રીશ્રીપાળ મહારાજના સમુદ્રમાં પડતાં મગરમચ્છને લીધે દરિયામાંથી પાર ઉતરવાના બ્લોકવાળું હતું, પણ આ વખતે તે બ્લોક

ફેરવી તેને સ્થાને ચક્રેશ્વરી પહાડ ઉપરના મંદિરના કમાડો બંધ કરેલાં, તેનું ઉદ્‌ઘાટન અન્ય કોઈથી નહિ થએલું પણ નવપદના ધ્યાનમાં હંમેશાં તલાલીન તથા ચાહે જેવા પ્રસંગે પણ નવપદની ઓળીને કરનારા મહારાજા શ્રીપાળની દૃષ્ટિથી તે મંદિરના કમાડનું ઉદ્‌ઘાટન થાય છે એ વિગેરે દૃશ્યનો બ્લોક આ અંકથી આપવામાં આવ્યો છે. પ્રથમ વર્ષે નવપદજીનો બ્લોક આપવામાં આવ્યો હતો, પછી સમુદ્રતરણનો બ્લોક આપ્યો અને હવે જે મંદિરઉદ્‌ઘાટનનો બ્લોક આપવામાં આવે છે તેનું કારણ એજ છે કે આ પત્ર શ્રીસિદ્ધચક્ર એવું નામ ધરાવે છે, અને શ્રીસિદ્ધચક્રમાં આવતા નવે પદોની યેન કેન પ્રકારેણ આરાધના, ઉન્નતિ અને ભક્તિમાં રસ લેવાનું ધ્યેય ધરાવે છે, માટેજ શ્રીપાળ મહારાજા સંબંધી બ્લોક આપ્યો છે અને આપે છે. આશા રાખીએ છીએ કે નવપદના ભક્તો આ શ્રીસિદ્ધચક્ર પાક્ષિકને વાંચી નવપદની આરાધના, ઉન્નતિ અને ભક્તિમાં તત્પર થશે.

■■■


✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻

# જાહેર ખબર

## નવીન બહાર પડેલા ગ્રંથો

| | |
|---|---|
| ૧. તત્ત્વતરંગિણી | ૦-૮-૦ |
| ૨. લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૩. સિદ્ધપ્રભા બૃહદ્‌વ્યાકરણ | ૨-૮-૦ |
| ૪. આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| આચારાંગ પ્રથમ લેજર કાગળ | ૫-૦-૦ |

## નવા છપાતા ગ્રંથો

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્
કોટ્યાચાર્યકૃત ટીકા વિભૂષિતં
૫. ભવભાવના
(મલધારી હેમચંદ્ર પ્રણીત સટીક)
૬. આચારંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)

## શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત

✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻✻

# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

| | |
|---|---|
| ૧. આગમોદ્ધારક | ૧-૮-૦ |
| ૨. સિદ્ધચક્રમાહાત્મ્ય | ૧-૦-૦ |
| ૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ | ૫-૦-૦ |

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચાર સમિતિ.

C/o. ૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩

# શ્રી સિદ્ધચક્ર

આ શ્રીસિદ્ધચક્ર નામનું પેપર જૈનસમાજની યથાશક્તિ અનુપમ સેવા બજાવતાં ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે.

**શ્રીનવપદમય સિદ્ધચક્રનું નામ કેમ ? સમષ્ટિમાં દેવત્વ**

આ પત્રનું સિદ્ધચક્ર નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે જગતમાં કોઈ પણ આરાધવા અને આદરવા લાયક પદાર્થ શ્રી સિદ્ધચક્રમાં આવતાં નવપદોથી બહાર નથી. જગતનો કોઈપણ આસ્તિકમત લઈએ તો તે પોતાના મતની અપેક્ષાએ આદ્યપ્રવર્તકને દેવ તરીકે, સંચાલકને ગુરુ તરીકે અને ખુદ્દ મતના ધ્યેયને ધર્મ તરીકે માનનારોજ હોય છે. મતના આદ્યપ્રવર્તક વગર મતની ઉત્પત્તિ હોયજ નહિ, અને તેથી અન્ય મતો પણ તે તે પ્રવર્તકોના નામેજ શરૂ થએલા છે, જેમકે બુદ્ધમતને ચલાવનાર અને જેઓએ બુદ્ધને દેવતા માન્યો છે તેઓને બૌદ્ધ તરીકે ગણવામાં આવે છે, અને ઉલ્લૂક ગોત્રવાળા કણાદે પ્રરૂપેલા મતને કાણાદ અગર વૈશેષિક કહેવામાં આવે છે. અક્ષપાદે કહેલા મતને અક્ષપાદમત કહેવામાં આવે છે, અર્થાત્ ઈતરમતો તેમના માનેલા દેવની વ્યક્તિને અનુસારે કે તે મતને પ્રરૂપનારના નામને અનુસારે જગતમાં ચાલે છે અને તે તે મતવાળા પણ તે તે વ્યક્તિ અને પ્રરૂપકના નામેજ તે મતને જણાવે છે, તેવી રીતે શ્રીજિનેશ્વર ભગવાનના જૈન કે અર્હચ્છાસનમાં એમ નથી, કેમકે જિનેશ્વર મહારાજના શાસનમાં કોઈપણ જિન કે અર્હત્ નામની વ્યક્તિ થએલી નથી, કેમકે જૈનશાસનમાં મનાએલા વર્તમાન અવસર્પિણીના થએલા ચોવીસ તીર્થંકરોમાં તેમજ ભૂત અને ભવિષ્યની ઉત્સર્પિણીમાં થએલા અને થવાવાળા ચોવીસ તીર્થંકરોમાં તો શું પણ મહાવિદેહ કે ઐરવતમાં પણ જિન કે અર્હત્ નામની વ્યક્તિ શાસનને પ્રવર્તક થએલી ગણવામાં આવી નથી. અર્થાત્ જિનને દેવતા માનવાથી જૈન કહેવાય તે અને અર્હત્‌ને દેવતા માનવાથી આર્હત્ ગણાય તે કોઈ પણ વ્યક્તિને દેવતા તરીકે માનવાથી નહિ, પણ તે રાગદ્વેષને જિતવારૂપ ક્રિયાવાળા જે કોઈ હોય તે બધાની સમષ્ટિ કે અશોક આદિ આઠ પ્રાતિહાર્યોએ જેઓની ઈંદ્રાદિક દેવોએ પૂજા કરી હોય તેવાઓની સમષ્ટિરૂપ જિન કે અર્હત્ ગુણવાળાને દેવ માનવાથી જૈનમતવાળાઓ પોતાને જૈન કે આર્હત્ કહેવડાવે છે. અર્થાત્ આ જૈનમત ક્રાઈસ્ટના કહેવાથી ક્રિશ્ચિયન કહેવાય કે બુધ્ધના કહેવાથી બૌધ્ધ કહેવાય તેવી રીતે કોઈપણ વ્યક્તિની સાથે સીધો સંબંધ રાખતો નથી,

**પાંચે પરમેષ્ઠિપદો વ્યક્તિરૂપ નથી પણ સમષ્ટિરૂપે છે**

તેમાં પણ શ્રીસિદ્ધચક્રમાં આવતાં નવે પદોમાં જે અરિહંત વિગેરે પાંચે પદો ગુણીને કહેનારા છે તે કોઈ પણ વ્યક્તિને અંગે નહિ, પણ તે તે પદસ્થોના સમષ્ટિરૂપ જ છે.

## ભગવાન્ અરિહંતોના બાર ગુણો

જો કે અરિહંત ભગવાનોને માનવામાં તે અશોક આદિથી દેવાતાઓએ કરાતી પૂજા રાગદ્વેષરૂપી મોહનીય અને જ્ઞાનાવરણીયાદિ બીજાં પણ ઘાતિકર્મોનો સર્વથા બંધ, ઉદય, ઉદીરણા કે સત્તાથી સર્વથા નાશ થયા પછીજ થાય છે, અને તેથીજ અરિહંત ભગવાનના અશોકાદિ આઠ પ્રાતિહાર્ય થવાને લીધે અશોકાદિ આઠ ગુણો ગણ્યા છતાં અપાયાપગમ એટલે ઘાતિકર્મોનો નાશ એ અતિશય અને તે ઘાતિકર્મોના નાશથી થએલા કેવળજ્ઞાનને લીધે જ્ઞાનાતિશય, વળી કેવળજ્ઞાનથી સર્વ પદાર્થો સ્વયં જાણીને તે પદાર્થોનું યથાસ્થિત નિરૂપણ કરવારૂપ વચનાતિશય અને છેલ્લો એટલે બારમો ગુણ ભગવાન્ જિનેશ્વરો દેશના દે તે વખતે દેવેન્દ્રોએ કરાતી પૂજાને લીધે પૂજાતિશય.

## શ્રીસિદ્ધચક્રના નવ પદોમાં પ્રથમપદે નમો જિણાણં ન રાખતાં નમો અરિહંતાણં કેમ ?

એવી રીતે અર્હતપણાને અંગે જણાવેલા બાર ગુણોમાં રાગદ્વેષને જિતવાથી જિનપણું આવી જાય છે પણ આ સિદ્ધચક્રના નવપદોમાં જિનના સમષ્ટિરૂપે પણ નમો જિણાણં એવું પદ રાખ્યું નથી, કેમકે જૈનમતની અંદર શ્રદ્ધા ધરાવનારા વર્ગને જે જિનેશ્વર મહારાજની માન્યતા રાખવાની છે તે કેવળ અર્હતપણાને અંગેજ રાખવાની છે. ઉપર જણાવી ગયા છીએ કે જ્યાં અર્હતપણું છે ત્યાં નિયમિત જિનપણું રહેલુંજ છે પણ જ્યાં જ્યાં જિનપણું છે ત્યાં ત્યાં અર્હતપણું નથી એ ચોક્કસ છે, કેમકે અગીઆરમે ઉપશાંત મોહનીય ગુણઠાણે રાગ કે દ્વેષ બંનેમાંથી એકનો ઉદય નથી, તેમજ બારમા ક્ષીણમોહનીય ગુણઠાણે પણ બંધ, ઉદય, ઉદીરણા કે સત્તામાંથી કોઈપણ પ્રકારનો રાગ કે દ્વેષ નથી, પણ સર્વથા રાગદ્વેષનો બારમે ગુણઠાણે ક્ષય થયેલોજ હોય છે.

## જિન અને અરિહંતના ગુણોનો પ્રકર્ષાપ્રકર્ષ

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અગીઆરમા ગુણઠાણા કરતાં બારમા ગુણઠાણાવાળો અને બારમા ગુણઠાણાવાળા કરતાં પણ તેરમા ગુણઠાણાવાળો જિન ક્રમશઃ અસંખ્યાતગુણી નિર્જરાવાળો છે, તો સામાન્ય જિનપણાને અંગે ઘણીજ ઓછી નિર્મળતા ગણાય અને અરિહંતપણામાં તો જિન કરતાં પણ અસંખ્યાતગુણી નિર્મળતા હોવા સાથે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તીર્થંકરનામકર્મરૂપ પુણ્યના પ્રાગ્ભારનો ઉદય હોય છે, તેથી તે અસંખ્યાતગુણી નિર્મળતાને અને તેવા પુણ્યના પ્રાગ્ભારને જણાવવાવાળો અર્હતશબ્દ લઈને શ્રીસિદ્ધચક્રના નવપદોમાં પહેલું નમો અરિહંતાણં પદ થાપવામાં આવેલું છે.

## ગુણીને નમસ્કાર કરવાથી તેમાં રહેલ અવગુણનું અનુમોદન નથી

જો કે જિનશબ્દને લઈને જૈન એવું પણ નામ શાસ્ત્રમાં સ્થાને સ્થાને છે અને તેથી નમો જિણાણં એ પદ કહેવામાં કોઈપણ જાતની તેમની અંદર રહેલા ઘાતિ કર્મોની અનુમોદના નથી, કેમકે જે જે ગુણને ધારણ કરવાવાળી જે જે વ્યક્તિ હોય તે તે વ્યક્તિને તે તે ગુણદ્વારાએ નમસ્કાર કરનારો મનુષ્ય ગુણની આરાધનાને જ પામે છે, તેવી રીતે નમો જિણાણં એવી રીતનું પહેલું પદ લેવામાં આવે તો તેમાં પણ આરાધના કરનારાઓને તો ઉત્તમ લાભજ છે.

## જિનપદથી જેવી કુદેવપણાની વ્યાવૃત્તિ છે તેવી સુદેવત્વની અનુવૃત્તિ નથી

પણ બારીક દૃષ્ટિથી અવલોકન કરીએ તો માલમ પડશે કે નમો અરિહંતાણંમાં જણાવેલું અર્હત્પદ મુખ્યતાએ સર્વ અરિહંતરૂપ દેવોની અનુવૃત્તિવાળું છે, ત્યારે નમો જિણાણં એમ પહેલું

પદ કહીએ તો તેમાં આવતું જિનપદ મુખ્યતાએ કુદેવપણાની વ્યાવૃત્તિને જણાવનારૂં છે અર્થાત્ અરિહંત મહારાજારૂપ સુદેવ કે બુદ્ધાદિ રૂપ કુદેવ એ બંનેમાંથી એક્કે પણ આપણા પ્રત્યક્ષમાં નથી તેમ જ એક્કે પણ આપણા વેરી કે સંબંધી નથી, પણ અન્ય મતોએ માનેલા બુદ્ધાદિ દેવોમાં તેમના આગમોદ્વારાએ, ચરિત્રદ્વારાએ કે મૂર્તિદ્વારાએ રાગદ્વેષ યુકતપણું સ્પષ્ટપણે માલમ પડે છે તેથી તેઓ દેવ તરીકે માનવા લાયક નથી, પણ કુદેવના ચિહ્ન તરીકે ગણવામાં આવેલા રાગદ્વેષોને ભગવાન્ જિનેશ્વર મહારાજાઓએ સર્વથા ક્ષય કરેલા હોય તેમના આગમો, વર્તનો અને મૂર્તિઓ તેમના વીતરાગપણાની સાક્ષી પૂરે છે. માટે તેમનામાં કોઈપણ અંશે કુદેવત્વ નથી.

## જિનપદની માફક કેવલીઓનું પદ પણ અરિહંતપણાથી ભિન્ન

અર્થાત્ જિનપણાને અંગે સુદેવત્વની વ્યાપ્તિ નથી, પણ કુદેવત્વના અભાવની વ્યાપ્તિ છે, તેથી જેટલા રાગદ્વેષને જિતવાવાળા તે બધા અરિહંતપદમાં આવતા નથી, પણ જેટલા અરિહંતો છે તેજ અરિહંતપદમાં આવે છે. અગ્નિનો અભાવ જેમ ઉષ્ણતાના અભાવને સાબીત કરે, પણ તેથી કાંઈ શીતપણાની સિદ્ધિ થાય નહિ, કેમકે શીતપણાની સિદ્ધિ માટે તો જલ વિગેરે સાધનો જુદાંજ લેવાં પડે, તેવી રીતે અહીં રાગદ્વેષને જિતવારૂપ જિનપણાથી માત્ર કુદેવપણાનો અભાવ નિશ્ચિત થાય, પણ દેવપણાની સાબિતી માટે તો અશોકવૃક્ષાદિ બાર ગુણોનો સદ્ભાવજ જરૂરી છે અને તેથીજ અગીઆરમા, બારમા ગુણઠાણાવાળાને તો શું પણ તેરમે ગુણઠાણે જઈને સયોગિ કેવલી બનેલા કેવળજ્ઞાનીઓને પણ સાધુ જેવા પદમાંજ રાખેલા છે, અને તેથી ચાર શરણોના અંગીકારના પ્રસંગમાં ચઉશરણ પયન્ના કરનાર મહર્ષિએ ત્રીજા સાધુશરણમાંજ કેવલીઓને સ્પષ્ટ અક્ષરોથી જણાવ્યા છે. તથા ભગવાન્ હરિભદ્રસૂરિજી તથા મલયગિરિજી મહારાજે પણ સાધુપદથી ભિન્નતા જણાવતાં અરિહંત અને કેવલિઓને જુદા ગણાવેલ છે. આ ઉપરની હકીકત સમજવાવાળો મનુષ્ય શ્રીસિદ્ધચક્રમાં પ્રથમ પદ તરીકે નમો જિણાણં કે નમો કેવલિણં એવાં પદો નહિ રાખતાં નમો અરિહંતાણં પદ કેમ રાખ્યું છે તેનું તત્વ બરોબર સમજી શકશે.

## ભગવાન્ અરિહંતરૂપ સાકાર દેવોને માનવાની જરૂર

વળી એ પણ હકીકત લક્ષ્યમાં લેવા જેવીજ છે કે જેઓ પોતાના મતમાં કેવલ નિરંજન નિરાકાર જ્યોતિ, સ્વરુપને જ દેવ તરીકે માનવા નિર્ભર રહે છે તેઓને પોતાના મતનાં શાસ્ત્રો અસર્વજ્ઞકથિત કે કલ્પિત માનવાં પડે, અર્થાત્ તેમના શાસ્ત્રો તેમના દેવોએ કહેલાં નથી એમ ચોક્ખું કબુલ કરવુ પડે, કેમકે નિરંજન નિરાકારને કર્મનો લેપ હોય નહિ અને કર્મના લેપ વગર શરીરધારિપણું હોય નહિ, શરીરધારિપણા સિવાય મુખસહિપણું હોય નહિ અને મુખસહિતપણા સિવાય વકતાપણું હોય નહિ, તો નિરંજન, નિરાકારને શાસ્ત્ર નિરુપણ કરવાનું હોયજ ક્યાંથી ?

## ભગવાન્ અરિહંત મહારાજને શ્રી સિદ્ધમહારાજ કરતાં પ્રથમ થાપવાની જરૂર

માટે શ્રીસિદ્ધચક્રમાં પહેલા પદમાં શરીરને ધારણ કરનારા સર્વજ્ઞ ભગવાન્ અરિહંતને થાપી તેને અંગેજ નમો અરિહંતાણં પદ રાખ્યું અને તે પદદ્વારાએ સર્વ ક્ષેત્ર અને સર્વ કાલના અરિહંત ભગવાનોને નમસ્કાર કર્યો. જો કે અરિહંત ભગવાનો કથંચિત્ સાધકદશામાં છે અને બીજા નમો સિદ્ધાણં પદથી જે સિધ્ધોને નમસ્કાર કરવામાં આવે છે તેઓ સંપૂર્ણ સિદ્ધ દશામાં છે અને ભગવાન્ અરિહંતો પણ વ્રત ગ્રહણ કરતી વખત સિદ્ધ ભગવાનોને


श्री सिद्धचक्राय नमोनमः
શ્રી સિદ્ધચક્ર
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય
પ્રચારક સમિતિ
તરફથી તંત્રી :- પોનાચંદ રૂપચંદ

નમસ્કાર કરે છે અને તેથી સિદ્ધ ભગવાન્ અરિહંત ભગવાનને પણ નમસ્કાર કરવા યોગ્ય છે એમ ધારી પહેલાં નમો સિધ્ધાણં પદ થાપવાની જરૂર જણાય તે સ્વાભાવિક છે, પણ એ ધ્યાન રાખવાની જરૂર છે કે નિરંજન નિરાકાર સિધ્ધ ભગવાનને જણાવનાર કે તેમને ઓળખાવનાર જો કોઈપણ જગતમાં હોય તો તે ફક્ત ભગવાન્ અરિહંતો જ છે, માટે પહેલા પદમાં નમો અરિહંતાણં કહીને અર્હત્પદની આરાધના મુખ્ય રાખી છે.

## શ્રી સિદ્ધ ભગવાન્‌ને ઓળખાવનાર હોવાથી તે પહેલાં લેવાય તો ક્ષેત્રાંતર, કાલાંતરે આચાર્યાદિ કેમ પહેલા નહિ ?

કદાચ એમ કહેવામાં આવે કે જેમ અરિહંત ભગવાને સિદ્ધને ઓળખાવ્યા તેથી અરિહંતપદ સિદ્ધપદ કરતાં પહેલું રાખ્યું, તેવી રીતે વર્તમાનમાં કોઈ ગીતાર્થ સાધુ અરિહંત ભગવાન્, સિદ્ધ ભગવાન્, આચાર્ય ભગવાન્ કે ઉપાધ્યાય ભગવાન્‌ને ઓળખાવે તો તે ઓળખનારે શું નમો લોએ સવ્વસાહૂણં પદ પહેલું કહેવું ? એવી રીતે ઉપાધ્યાય ભગવાન્ કે આચાર્ય ભગવાનથી અરિહંતાદિનું સ્વરૂપ ઓળખાય તો શું આચાર્ય કે ઉપાધ્યાયપદ પહેલાં થાપવું ? આવું કહેનારે સમજવું જોઈએ કે જે જે કાળે જે જે સિદ્ધ ભગવંતો સિદ્ધિપદને પામ્યા છે તે સર્વ મુખ્યતાએ અરિહંત ભગવાનોના ઉપદેશને લીધેજ છે અને તેથી સિદ્ધ ભગવાનના પદ કરતાં અરિહંત મહારાજનું પદ પ્રથમ આવે તેમાં આશ્ચર્યજ નથી, અર્થાત્ એકલા તે પદનું સ્વરૂપ જણાવવાને અંગે જ સિદ્ધપદ કરતાં અરિહંતપદ પહેલું મેલવામાં આવેલું છે એમ નથી, પણ સિદ્ધપદની ઉત્પત્તિ જ અરિહંત મહારાજાના ઉપદેશથી જ થાય છે, માટે તે અરિહંતપદ સિદ્ધપદ કરતાં પહેલું મેલવામાં આવે છે, પણ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ એ ત્રણ પદોથી અરિહંતપદની ઉત્પત્તિ નથી, કિન્તુ અરિહંતપદની ઉત્પત્તિથીજ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુપદની ઉત્પત્તિ થાય છે, માટે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ સર્વને અત્યંત આરાધ્યતમ એવા અરિહંત સિદ્ધભગવાનો કરતાં પહેલા કોઈ પણ પ્રકારે કોઈ પણ દિવસ મેલી શકાય નહિ. વળી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ અરિહંત ભગવાનોના વચનોથીજ માન્ય ગણાય છે, તથા અરિહંત ભગવાનના વચનોના અનુવાદથીજ અરિહંત ભગવાનને ઓળખાવે છે, જ્યારે અરિહંત ભગવાન્ સિદ્ધ ભગવાનોને સ્વયં કેવળજ્ઞાનથી જાણી, પોતાના સ્વોપજ્ઞ વચનથીજ સિદ્ધ ભગવાનોને ઓળખાવે છે. વળી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે જ ગણાય કે જેઓ અરિહંત ભગવાને નિરૂપણ કરેલા આચાર્ય, ઉપાધ્યાય કે સાધુપણાના આચારમાં હોય, અર્થાત્ આચાર્યાદિ પરમેષ્ઠીઓની જડ જો કહીએ તો તે અરિહંત ભગવાનોજ છે, માટે તે આચાર્યાદિકને અગ્રપદમાં લાવી શકાય જ નહિ.

## નવપદોમાં ત્રણ તત્ત્વો

વળી અરિહંત ભગવાન્ અને સિદ્ધમહારાજાઓ કૈવલ્યાદિ ગુણોએ સરખા હોવાથી તેમનોજ પ્રથમ પશ્ચાત્પણાનો વિચાર કરાય પણ આચાર્યાદિક તો અસમગુણવાલા છે માટે તેઓની વચ્ચે પૂર્વાપરપણાનો વિચારજ ન થાય. અરિહંતાદિ પાંચે ગુણિપદો કે જેમાં પહેલાં બે પદો દેવ તરીકે છે, અને બીજાં ત્રણ પદો ક્રમસર ન્યુન ન્યૂન ગુણવાળા હોઈ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ તરીકે રહેલા છે. સામાન્ય રીતે દરેક આસ્તિક મતવાળાઓ પોતપોતાના મતમાં નેતા, અધ્યાપક અને વર્તનારને માને છે, તેવી રીતે જૈનમતવાળાઓ જૈનધર્મને અંગે નેતાને આચાર્ય તરીકે, અધ્યાપકને ઉપાધ્યાય તરીકે અને સંપૂર્ણ ધર્મમાં વર્તનારને સાધુ તરીકે માની ત્રણે પદ

ગુરુતત્ત્વમાં માને તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી.

**ગુણીઓનાં પદો છતાં ગુણોના પદોની જરૂર**

અન્ય મતવાળાઓ જ્યારે પોતપોતાના મુખ્ય ઉદ્દેશો જેવા કે બૌદ્ધનો નૈરાત્મ્યવાદ, વૈશેષિકનું સાધર્મ વૈધર્મ્યજ્ઞાન, નૈયાયિકનું એકવીસ તત્ત્વોનું જ્ઞાન, સાંખ્યોનું પચીસ તત્વોનું જ્ઞાન, મુસલમાનમાં આકીન, ક્રિશ્ચિયનમાં પ્રાર્થના, વૈષ્ણવમાં ભક્તિ, પ્રેમ, શૈવોમાં શૌચ, સ્માર્તોમાં યજ્ઞાદિ વિગેરે ધર્મો મનાએલા છે, તેવી રીતે જૈનમતમાં એવો કોઈપણ એકાંગી ધર્મ મનાએલો નથી, પણ જૈનધર્મમાં તો આકીન (નિશ્ચળ શ્રદ્ધા), સમ્યક્ તત્ત્વજ્ઞાન (જીવાદિ તત્ત્વોનું હેય, જ્ઞેય, ઉપાદેયના વિભાગપૂર્વકનું આત્માની જવાબદારીવાળું જ્ઞાન), સમ્યક્ચારિત્ર (મન, વચન, કાયાથી હિંસા, જુઠ, ચોરી, સ્ત્રીગમન ને પરિગ્રહનું કરવા, કરાવવા કે અનુમોદવાથી વિરમવા પૂર્વક આત્મસ્વરૂપમાં રમણતા), અને પૂર્વકાળમાં બાંધેલા કર્મોને તોડવા માટે પ્રબળ સાધનરૂપ સમ્યક્ તપ એ ચારેને એકત્ર તરીકે ધર્મરૂપે માનવામાં આવેલા છે અને તેથી પાંચ પરમેષ્ઠીરૂપ ગુણીના પદો પછી તે ચાર ગુણ દેખાડનારાં પદોને શ્રીસિદ્ધચક્રમાં સ્થપાય તે સર્વથા યોગ્યજ છે. આવી રીતે દેવ, ગુરુ અને ધર્મ ત્રણે તત્ત્વ શ્રીસિદ્ધચક્રમાં હોવાથી અને તે ત્રણ સિવાય કોઈપણ અન્ય વસ્તુ શ્રોતવ્ય, મંતવ્ય, નિદિધ્યાસિતવ્ય ન હોવાથી શ્રીસિદ્ધચક્રનું સર્વવ્યાપકપણું છે એમ સ્પષ્ટ થાય છે અને તેથીજ આ પત્રનું નામ શ્રીસિદ્ધચક્ર રાખવામાં આવ્યું છે.

---

## ગ્રાહકોને-સૂચના.

આ અંકથી શ્રી સિદ્ધચક્ર પાક્ષિક નુતન વર્ષમાં પ્રવેશે છે. નુતન વર્ષની ભેટમાં અમે ગ્રાહકોને શ્રી નવપદમહાત્મ્ય નામનું અતિ મનનીય વાખ્યાણોથી ભરેલું પુસ્તક આપવા ઈચ્છીએ છીએ તો ગ્રાહકોએ નવા વર્ષનું તેમજ ગત વર્ષનું જેમનું લવાજમ બાકી હોય તે ભરી આ પુસ્તક લઈ જવા વિનંતી છે.

બહારગામના ગ્રાહકો (સુરત તથા મહેસાણા સિવાયના) ને ભેટનું પુસ્તક વી. પી. થી રવાના કરીશું જે સ્વીકારવા વિનંતિ છે. જેઓનું ગત વર્ષનું લવાજમ બાકી છે તેનું સાથેજ બે વર્ષનું વી. પી. કરીશું.

જેઓ નવા વર્ષમાં ગ્રાહક તરીકે રહેવા ઈચ્છતા નહિ હોય તેમને તુરત લખી જણાવવું જેથી ધાર્મીક સંસ્થાને વી. પી. ખરચના નુકસાનમાં ઉતરવું ન પડે. તેમ જ નવા વર્ષમાં ગ્રાહક નહિ રહેનારે પ્રથમ ચઢેલું લવાજમ તુરત મોકલી આપવું નહિ તો તેમને અંક વી. પી. કરીશું.

આશા છે કે ફકત બે રૂપીઆ જેવા ટુંક લવાજમમાં એક રૂપીઆની કીંતમનું પુસ્તક ભેટ આપવા સાથે પ્રચાર કરતા આ પત્રનો વધુ ને વધુ પ્રચાર કરશે તેમ જ **નવા વર્ષની ભેટ** તરીકે દરેક ગ્રાહક **નવા બે ગ્રાહકના મુબારક નામો જરૂર મોકલી આપશે.** એજ આશા.

લી.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

૨૫, ૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩




आर्त्तध्यानाख्यमेकं स्यान्मोहगर्भं तथापरम् ।
सज्ज्ञानसंगतं चेति, वैराग्यं त्रिविधं स्मृतम् ॥१॥

**જગતની એબ જોવાય છે, પણ પોતાની એબ જોવાતી નથી.**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે અષ્ટકજીમાં આગળ સૂચવી ગયા કે દરેક જીવે પોતામાં ચૈતન્ય હોય તો પોતાનું સ્વરૂપ વિચારવાની જરૂર છે. જગતમાં કહે છે કે પોતાનું ન વિચારશે તો પારકું કોણ વિચારશે ? સાચો પોતાની પહેલાં બુઝાવે. આપણે પોતાના આત્માને ન જોઈએ, પોતાને પોતે ન ઓળખીએ તો બીજાને શી રીતે ઓળખીશું ? જગતમાં આંખ કિંમતી ગણાય છે, તેના ઉપરજ આધાર છે, એ રત્ન છે છતાં આંખમાં એબ છે તે હજી લક્ષ્યમાં આવી નથી. આંખની એબ કઈ ? આખા જગતને દેખે પણ પોતે પોતાને ન દેખે એ આંખની એબ છે. આંખમાં કણીયો પડ્યો હોય, ડાઘ પડ્યો હોય તો બીજાને દેખાડવી પડે છે. જિંદગીનું જરૂરી સાધન આંખ જેને રત્ન કહો છો, પણ એમાં એબ છે તે આંખને પોતાને દેખાતી નથી, તેવી રીતે આ આત્મામાં પણ એવી એબ છે કે પોતે પોતાને દેખે નહિ. જન્મથી મરણ સુધી બાયડી, છોકરાં, આબરૂ, ધન વિગેરે તમામની ચિંતા કરી, પણ પોતાની ચિંતા કરવાનો આ જીવને વખત મળતો નથી. પોતાનું સુધારવાની કંઈ પણ વાત હોય ત્યાં કહી દે છે કે 'વખત નથી.' ત્યારે બીજા કામો ફુરસદ વગર થાય છે ? બાયડી, છોકરાં વગર ફુરસદે સંભાળાય છે ? ફુરસદ પોતાનું વિચારવામાં મળતી નથી. આંખની કારીગીરી બીજા પદાર્થો દેખાડવામાં કામ લાગે છે, તેવી રીતે આ જીવ પારકી પંચાતમાં આખી જિંદગી ગુમાવે છે, પણ પોતાને માટે ઘડી ફુરસદ કાઢતો નથી. પોતાનું સ્વરૂપ શું, તે કેમ પ્રગટ થાય, તેના સાધનો ક્યા તે બાબતનો વિચાર સરખો કરતો નથી. કદાચ વિચાર કરવા બેસે તો ત્યાં એ દુનિયાની પલોજણ તો ખરીજ. પેલા સામાયિક કરનારા શેઠનું ચિત્ત ઢેડવાડે ગયું હતું તેથી

કોઈએ પૂછ્યું હતું કે શેઠ ક્યાં ગયા છે ? ત્યારે વિશિષ્ટ જ્ઞાન ધરાવનાર વહુએ કહ્યું હતું કે ઢેડવાડે ગયા છે ? વિચાર કરવાનું ચિંતવાતું નથી, ચિંતવાય છે તો અમલ કરવો મુશ્કેલ છે. આ દશામાં આત્મસ્વરૂપ કોણ પ્રગટ કરી દે ? કોઈ માણસ બેંકમાં જતો હોય તો એના ચેક ભેગો તમારો પણ પટાવતો આવે પણ આત્મસ્વરૂપ તમારૂં બીજો કોઈ પ્રગટ કરી શકે તેમ નથી. બીજાની શક્તિ છે છતાં પ્રગટ ન કરે એમ નહિ પણ જગતમાં તેવા પ્રકારની શક્તિ નથી. ચાહે તો કેવળી હોય, ચાહે તો ગણધર હોય કે તીર્થંકર હોય, કોઈથી તે થાય નહિ. આત્માથી પોતાથીજ થાય તેમ છે. ક્ષપકશ્રેણિ વખતે કેવળી અનંતકર્મોને અંતર્મુહૂર્તમાં બાળીને ભસ્મ કરે છે પણ એક જીવનું તેઓ કલ્યાણ કરી શકતા નથી. એકે તીર્થંકર કેવળીએ બીજા જીવોના કર્મો લઈને ક્ષય કર્યા નહિ. ધર્મનું પ્રયોજન કર્મક્ષયાર્થે છે. કર્મોની નિર્જરા કરવી એજ સાધ્ય રાખવાનું છે. એ સિવાય ધ્યેય કે સાધ્ય કે મુદ્દો રાખો તો સ્વરૂપથી ચૂકો છો.

**શંકાઃ**-તીર્થંકરની સેવામાં કર્મક્ષયનો મુદ્દો રાખવાનું કહો છો, તેમજ તીર્થંકર બીજાના કર્મક્ષય કરતા નથી એમ કહો છો, એ બે વાત કેમ બને?

એકેયે દીવાએ આંધળાને દેખતો કર્યો નથી તો દેખતો કોના જોરે દેખે છે ? દીવો આંધળાને દેખતો ન કરે છતાં દેખતાને આલંબન છે. તેવી રીતે એકે તીર્થંકરે એક પણ જીવના કર્મનો ક્ષય કર્યો નથી, છતાં તેમના આલંબને ઘણા તરી ગયા. અંધારી ગુફામાં દેખતામાં અને આંધળામાં ફરક નથી પણ દીવો થાય ત્યાં દેખતા એ દેખતા અને આંધળા એ આંધળાઃ દેખતો (લાયક) તીર્થંકરનું વચન સાંભળીને પોતાનું સ્વરૂપ દેખી શકે છે અને આંધળો (અયોગ્ય) વચનો સાંભળવા છતાં લાભ મેળવી શકતો નથી. જેઓ જિનેશ્વરના વચનનો ઉપયોગ કરનારા નથી તેઓને જિનેશ્વર થયા હોય કે ન થયા હોય તે બધું સરખુંજ છે. આંધળાને તો દીવો નકામો છે એ વાત ખરી છે પણ દેખતાને પણ દીવો ન હોય તે અથડાવાનુંજ છે, દીવો દેખતાને ઉપકારી છે તેવી રીતે આ જીવ ભવિ હોય છતાં પણ જિનેશ્વર મહારાજનાં વચનરૂપી દીવાના આધારેજ પોતાનું સ્વરૂપ જાણી શકે છે. આંખવાળો દેખતો હોવા છતાં અજવાળાની ખામીને લીધે મોતીમાં અને મગમાં ફરક જાણી શકતો નથી. જિનેશ્વર મહારાજ જન્મ્યા ન હોત, તીર્થ પ્રવર્તાવ્યું ન હોત તો ભવિને પણ લાભ થાત નહિ. હીરા અને કાંકરાનો, આશ્રવ અને સંવરનો વિવેક કોણે બતાવ્યો ?

## દેખતાને પણ અજવાળાનું આલંબન જરૂર જોઈએ.

આ આત્મા ગણે તેવો લાયક હોય, ચાહે તેવો ઉત્તમ હોય, સારી ભવિતવ્યતાવાળો હોય પણ તીર્થંકર મહારાજના વચનરૂપી અજવાળું ન મળે તો એને માટે સંવર તથા આશ્રવ, મોક્ષ તથા ભવનાં કારણ એવો કાંઈ ભેદ છે નહિ. એ વિભાગ એણે તીર્થંકરના વચનથી પાડ્યો. અજવાળું છે, હીરો કાંકરા જોડે પડ્યા છે, પણ આંખ ન ખોલે તો ? અજવાલું પડદાવાળું હોય તો શું થાય ? તેવી રીતે આપણા આત્મામાં શક્તિ તો બે ઘડીમાં મોક્ષ લેવા જેટલી છે, અત્યારે મિથ્યાત્વી હોય અને કાચી બે ઘડીમાં કેવળ પામી મોક્ષે જાય છે. શક્તિ ઓછી નથી, પણ આંખની આડે એક દોરાવા પાંપણ આવવાથી માઈલો સુધી દેખવાની શક્તિ દૂર થાય છે તેવી જ રીતે આ આત્મામાં કૈવલ્યસ્વરૂપ પ્રાપ્તિની શક્તિ છે પણ પાંપણની જેમ કર્મપુદ્‌ગલો આડા આવી જાય તો એ એને લઈને નિરર્થક થાય છે, કર્મ પુદ્‌ગલોને લઈને અનુત્સાહપણું આવી જાય છે. ઉત્સાહવાળો હોવા છતાં જિનવચનરૂપી અજવાળું ન હોય તો શું થાય ? અન્ય મતમાં પાપનો ડર નથી એમ નથી પણ મોક્ષની ઇચ્છા નથી. આંખે

પ્રયત્ન કરે પણ અજવાળું ન હોય તો હીરા કાંકરાનો વિવેક શી રીતે થાય ? એવી રીતે જિનેશ્વર મહારાજનાં વચનરુપી અજવાળું ન મળે ત્યાં સુધી મોક્ષનાં કારણો તથા ભવનાં કારણોના વિવેકને સમજી શકાય નહિ.

## ચિત્રસારથિએ પ્રદેશી રાજાને કેવી રીતે સુધાર્યો ? ભાવનાની સ્થિરતા કેવી જોઈએ?

પ્રદેશી રાજા કેવો હતો ? હંમેશાં એના હાથ લોહીથી ખરડાયેલા રહેતા હતા. દેશદેશાંતરમાં પણ એની જાહેરાત એવી થએલી કે એ રાજા પરમ હિંસક, નાસ્તિક તથા અધર્મી છે. ચિત્રસારથિ નામના પ્રધાન પોતાને જે કેશી મહારાજા તરફથી ધર્મ પ્રાપ્ત થયો છે તેમને ત્યાં (પોતાના એટલે પ્રદેશીના રાજ્યમાં) આવવાની વિનંતિ કરે છે. કેશી મહારાજ જણાવે છેઃ 'જો આગેવાન સુધરેલો હોય તો પાછળના નહિ સુધરેલા પણ સુધરે, આગેવાન સુધરેલો ન હોય તો સુધારેલાને પણ બગાડી મૂકે છે.' ચિત્રસારથિ- 'રાજાના ભાગ્ય હશે તો પામશે, એ નહિ પામે તો એનું ભાગ્ય પણ બીજાઓ તો આપના ધર્મોપદેશથી સુધરશે.' આજકાલ ભાવિકો એવા કે વિનંતિ કરી આવે અને આવીને કહી દે કે-'અમે વિનંતિ કરી આવ્યા, મંજુર થઈ ગઈ.' જો મંજુર ન થઈ હોય તો ટોપલો મહારાજના માથે ઓઢાડે. અર્થાત્ ધર્મદૃષ્ટિ જાગૃત થઈ નથી. જીરણશેઠની વાતો રોજ કરીએ છીએ પણ એમનું ધૈર્ય જોયું ? જીરણ શેઠ ચાર ચાર મહીનાથી વિનંતિ કરી આવે છે છતાં મનઃપર્યવજ્ઞાની (એ વખતે ચાર જ્ઞાન છે) મહાવીર મહારાજ પારણું ક્યાં કરે છે? અનાડી અભિનવ શેઠને ત્યાં પારણું કરે છે ને ! એ અભિનવે આદરસત્કાર નથી કર્યો, સન્માન નથી કર્યું, ભિખારીને આપે તે રીતે દાસીના હાથે દાન દેવરાવ્યું છેઃ વિચારો કે આ ઠેકાણે તમે શું બોલો ? 'ચાર-ચાર મહીનાથી ધક્કા ખાઈ મરી ગયા, રોજ રોજ જઈને બેઠા તોયે ધ્યાનમાં છે ?' આવું બોલોને ! તમે સાધુની સાથે ચાર ઘેર ફરો પછી સાધુને ગોચરી આવી જવાથી (પૂરી આવી રહેવાથી) તમારે ઘેર આવવાની ના કહે તો શી પરિણતિ થાય છે એ વિચારો ! ચાર મહીના તમે પાછળ ફરો અને સાધુ વિરોધીને ત્યાં વહોરવા જાય તો ? જીરણશેઠ તો અંતઃકરણની ભાવનાવાળો, કાયમ પારણાની સામગ્રી તૈયાર રાખનારો, પારણાને દિવસે આડંબર કરનારો એ છતાં ભગવાન્ અભિનવને ત્યાં પારણું કરે છતાં જીરણશેઠના હૃદયમાં કઈ ભાવના હતી ? જરા કલ્પનાથી તો વિચારો ! આ વાત અસીલની માફક જોખમદારી પકડો, વકીલની માફક બિનજોખમદારીથી નહિ પકડો અસીલ ચાહે હારે કે જીતે પણ વકીલને તો ફી લઈ લેવાની, કેસના અંગે એને કશું જોખમ નથી. જીરણશેઠની વકીલાતમાં ન જતા જીરણશેઠ જે ભાવનામાં ટક્યા તે ભાવનામાં આવું થાય તો તમે ટકો ? એ ભાવિક અને મહાધૈર્યશીલ શેઠે તો બારમા દેવલોકનું ફલ ઉપાર્જન કર્યું. તમારે તો ચડતાં ચાર ઘડી, ઉતરતાં મિનિટ, ન મહારાજ પાસે જવું, ન સામાયિક કરવું, તમારી એક ઘડીની વિનંતિ નિષ્ફળ જતાં તમારી એ દશા થાય જ્યારે જીરણશેઠની ચચ્ચાર મહિનાની વિનંતિ નિષ્ફળ ગઈ હશે એમને શું થવું જોઈએ ? છતાં કેટલું ધૈર્ય ? અનિભવ શેઠે પણ લાભ ન મેળવ્યો. કુતરાએ ખીર ખાધી. ધર્મની શ્રદ્ધા વગરનાને ત્યાં સાધુ જાય ત્યારે તમારૂં અંતઃકરણ કઈ દશામાં જાય ? હજી સુધી માનના થાંભલામાં રહી ગાય ચરી રહી છે. આપણે ધર્મ જિંદગી પર્યંત કરીએ છીએ પણ આપણા માનમાં ઉણપ આવવા દેતા નથી.

ચિત્રસારથિ (સારથિ એ શાખા હતી) પ્રધાને

ભરસભા વચ્ચે કરેલી વિનંતિ આપણે જોઈ, કેશી મહારાજે જે જવાબ આપ્યો તે આપણે જોયો, છેવટે 'જોઈ લેવાશે' એમ કહ્યું : વિચારો કે પ્રધાનને મનમાં શું થવું જોઈએ ? પણ કાંઈ થતું નથી. પ્રધાન સુરભિપુર આવે છે અને બાગના રખેવાળને સૂચના આપી રાખે છે કે મુનિરાજો આવે ત્યારે એમને અવગ્રહ આપવો તથા ખબર આપવી. ફરતા ફરતા કેશી મહારાજ પણ આવે છે, ઉદ્યાનપાળક એમને ઉતારો આપે છે અને ચિત્રસારથિને ખબર આપે છે. મહારાજ પાસે ચિત્રસારથિ સાંજે, રાત્રે કે બીજે દિવસે પણ આવતો નથી. આખું નગર આવે છે પણ ચિત્રસારથિ આવતો નથી. (જો કે એ તો હેતુપૂર્વકજ નથી આવતો.) આ ઠેકાણે સાધુ પોતાની સ્થિતિ ભૂલે તો શું બોલે ? 'મોટા ઉપાડે વિનંતિ કરવા આવનારનો તો પત્તોયે નથી' એમ બકી દેને ! વારૂ ! બીજાએ આવવું એ પોતાના માટે છે કે સાધુ માટે ? શાસ્ત્રકાર માન સન્માનને પરિગ્રહ કહે છે, તો સાધુ એવી આશા શા માટે રાખે ? 'અમે આમ, અમે તેમ, આમ કરૂં, તેમ કરૂં' એમ વાલભ્યક નામનો મત કહે છે. દીવાને સળગાવવો પડે, મોટો નાનો કરવાથી પ્રયોજન નથી, કાર્યનું પ્રયોજન છે, તેવી રીતે બીજાના આત્માના ઉદ્ધાર વખતે, 'મારે માટે, મારૂં આમ' એ શું ? જે કોઈ શ્રોતા આવે તેને માર્ગ બતાવવો એજ પોતાનું કામ છે. શ્મશાનમાં રાજા અને રંક બેય સરખા છે, તેવી રીતે ધર્મસ્થળે સારા, નઠારા, શ્રીમંત, ગરીબ બધા સરખા છે, ધર્મ સંભળાવવા ને તે દ્વારા પમાડવા માટે બધાની લાયકાત છે. जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ ધર્મનું જે સ્વરૂપ ચક્રવર્તીને કહેવાય તેજ ગરીબને પણ કહેવાય, ભીખારીને પણ કહેવાય. એ વાક્ય સ્વરૂપને બદલે રીતિમાં લઈ જવામાં આવે તો ? શાસ્ત્ર અને શસ્ત્રમાં ફરક માત્ર 'આ' કારનો છે. 'આ' કાર સહિત શાસ્ત્ર, 'આ' કાર રહિત શસ્ત્ર. 'આ' કાર ધ્યાનમાં ન રાખવામાં આવે તો એજ શાસ્ત્ર તે શસ્ત્ર બને. ધર્મ જેવો ચક્રવર્તીને કહેવો તેવો દરિદ્રીને કહેવો આ વાક્ય ધર્મના સ્વરૂપના મુદ્દાનું છે, સ્વરૂપ દર્શક એ વાક્ય છે. ઉદાયિ રાજાને પૌષધ કરાવવા શિષ્યો સહિત આચાર્ય જાય છે, પણ એથી બધા પોતાને ઘેર પૌષધ કરાવવા આચાર્યને કે સાધુને બોલાવે તો ? સ્વરૂપનું વાક્ય રીતિમાં ઉતારાય નહિ. સ્વરૂપ ન સમજવાથી વાંધો આવે છે. કેશી મહારાજ તો જેઓ આવે છે તેને ધર્મ સંભળાવે છે. વચલા કાળમાં હતું કે ફલાણાભાઈ ન આવ્યા હોય તો વ્યાખ્યાન શરૂ ન થાય. ચિત્રસારથિના બાગમાં કેશી મહારાજા પધાર્યા છે પણ ચિત્રસારથિનો પત્તો નથી. ચિત્રસારથિ પ્રદેશી રાજાને કહે છેઃ 'સોદાગર જે ચાર ઘોડા આપી ગયો છે તે લેવા છે કે નહિ એનો જવાબ લેવા તે આવશે માટે તે ઘોડાની તપાસ કરી લ્યો.' પ્રદેશી રાજાને એ વાત નવાઈ જેવી નહોતી. એ તો તૈયાર ! ઘોડા ખેલાવતાં જ્યારે થાક્યો ત્યારે રાજાને એજ બગીચામાં પ્રધાન લાવે છે.

## ગુરુ મહારાજના ઉપદેશની અસરથી બે ઘડીમાં પરમ નાસ્તિક કેવો આસ્તિક થયો?

રાજા પણ આસાયેશ માટે ત્યાં આવે છે. ભાવતું હતું અને વૈદ્યે કહ્યું ! કેશી મહારાજા વ્યાખ્યાન વાંચી રહ્યા છે. તે વખતે લોકો કુતૂહળી ન હોતા. રાજા બગીચામાં આવે છે, તો પણ કોઈ ઉભું થતું નથી. છેટેથી કેશી મહારાજને ધર્મોપદેશ આપતા જોઈ પ્રદેશી રાજા કહે છે, પેલો બરાડા કેમ પાડે છે ? ચિત્રસારથિ-બરા-બર છે ! પધારો સાહેબ ! આપ જાતેજ ખુલાસો કરો ચાલો સાથે આવું. બન્ને સાથે આવે છે, ત્યાં ચિત્રસારથિ વંદના પણ નથી કરતો. સાધુ મગજના ફરેલા હોય તો અહિં શું થાય? વંદના કરનારો વંદના પોતાના માટે કરે છે કે સાધુ માટે? જો પોતાના માટે હોય તો ગરજ હશે તો કરશે,

એમાં સાધુએ વિકલ્પો કરવાની જરૂર શી ? વંદના વ્યક્તિને થાય તો ઉચિત કે ગુણને થાય તો ઉચિત? ગુણ પોતામાં નથી એવું માનનાર જગતમાં કોઈ નથી. મારામાં ઉચિત ગુણો નથી એવું કહેનાર જગતમાં કોઈ નથી. પોતાને વંદન કર્યું કે ન કર્યું તે સાધુને તપાસવાનું હોતું નથી. ચિત્રસારથિ સ્તબ્ધ ઉભો છે, પ્રદેશી રાજા સાંભળે છે. પ્રદેશી રાજાના તમામ પ્રશ્નોના ઉત્તર કેશી મહારાજા બરાબર દે છે. પ્રદેશી રાજાને હવે કેશી મહારાજ વંદનીય ભાસે છે. રાજા બે ઘડીમાં ફેરવાઈ ગયો. લોહીથી હાથ ખરડાયેલા રાખનારો કેશી મહારાજા ઉપદેશથી ધર્મમૂર્તિ બન્યો. જે ધર્મ પામે એને ભોગ ઉપર કંટાળો આવે છે. પ્રદેશી રાજા ભોગથી એવો કંટાળ્યો કે એને સંસાર નીરસ લાગ્યો અને તે એવો કે જેથી ભોગમાં જ માત્ર રક્ત એવી રાણી સૂર્યકાંતાને એને મારી નાખવાનો વિચાર થયો. સૂર્યકાંતાના વિષયસુખના ભોગવટામાં વિઘ્ન પડ્યું ત્યારે એને એ વિચાર થયો બાયડીનો કલ્પાંત થાય તો ધર્મ ન કરવો એવું કહેનારા આ વાત ધ્યાનમાં રાખે. સૂર્યકાંતા રોઈ હશે, ઝુરી હશે, રોતાં, ઝુરતાં કેટલું કંટાળી હશે ત્યારે ઝેર દીધું હશે ! રાણીના રોવાને જુએ તો પ્રદેશી રાજા દેશવિરતિ પણ પાળી શકે નહિ. રાણીનું રોવું, ઝુરવું શું પ્રદેશી રાજાના ધ્યાન બહાર હતું ? રાણી રાજાને ઝેર દે છે, પ્રદેશી રાજાને શરીરમાં ઝેર વ્યાપે છે, રાજાને માલુમ પડે છે કે આ ઝેર રાણીએ દીધું પણ 'નખ્ખોદ જજો તે કેશી મહારાજનું કે જેના યોગે રાણીએ મને ઝેર દીધું' આવો વિચાર એક રૂંઆડે પણ આવ્યો નહિ એવો વિચાર તો નિર્ભાગીને આવેઃ ભાગ્યશાળી તો વિચારે કે સગાંસંબંધી સ્વાર્થના છે, એટલે સ્વાર્થ સર્યો ત્યાં સુધી ઠીક પછી રાણીએ ઝેર દીધું. પોતાને મારવાનું કારણ રાણીને વિધવાપણું નથી પાળવું એ છે એમ પ્રદેશી રાજા જાણે છે. નાસ્તિક સ્ત્રી ધણીને મારવા માગે તેનું પરિણામ શું હોવું જોઈએ ? રબારીમાં કહેવાય છે કે 'લે છાલી ને હું ચાલી'. સૂર્યકાંતાને માત્ર છાલી કાઢવાની ફીકર છે એ વાત રાજાના ધ્યાનમાં આવી. દેશવિરતિધર્મના પાલનમાં આટલી અડચણ આવે તો તેનાથી ઉત્તમોત્તમ (સર્વવિરતિ) ધર્મને અંગે પૂછવુંજ શું? ઝેર ઉતારનાર રત્ન જે તીજોરીમાં છે તેની શોધ થવા લાગી તેથી રાણીએ જાણ્યું કે આ તો બચી જશે એટલે 'અરરર ! શું થયું' ? એમ બોલતી, રડતી, વાળ છૂટા મૂકીને એ ત્યાં આવી, રોતી રોતી રાજાના દેહ ઉપર પડી અને વાળ ફેલાવીને અંગુઠાના નખથી રાજાનું ગળું દાબી દીધું. વિષયભોગની તૃષ્ણા જગતને કેવું વિહ્વલ કરે છે ? રાજાને ધર્મામૃત મળ્યું છે તેથી વિચારે છે કે-મારા અંગે ભલે એ વેર બંધે પણ હું વેર બાધું નહિ.' પોતાને ઝેર દઈને તથા છેવટે નખ દઈને મારનાર ઉપર પ્રદેશી રાજા કરૂણા વરસાવે છે. જેના હાથ લોહીથી ખરડાયેલાજ રહેતા હતા એવો પ્રદેશી રાજા ભોગનો ત્યાગ કરવાથી રાણી એને ઝેર દે છે છતાં આવી સમતામાં રહ્યો છે. આ પ્રભાવ શ્રીજિનેશ્વર દેવના વચનનો છે.

**શ્રીજિનેશ્વર દેવના વચનનો પ્રભાવ અનન્ય છે, અનુપમ છે.**

અંધારામાં હીરા અને કાંકરામાં ફરક જણાતો નથી. આ જ ભવિ જીવ, આ જ જગતમાં ભમનારો જીવ તેવો વિવેક જિનેશ્વરના વચન માત્રથીજ થાય છે, શ્રીજિનેશ્વર દેવ બીજા જીવના કર્મોનો ક્ષયોપશમ પોતે કરી દેતા નથી, છતાં ઉપકારી છે, કેમકે એમનાં વચનો કર્મક્ષયનાં સાધનભૂત છે. એ વચનોનું

આલંબન ન હોય તો આપણે કલ્યાણ કરી શકતા નથી. અજવાળું છતાં પણ દેખનારાઓએ પ્રયત્ન કરવો જોઈએ. અજવાળાતરીકે શ્રીજિનેશ્વર દેવનું વચન છે. 'હું કોણ ? મારી અવસ્થા કઈ ?' એ કોઈ દિવસ આપણે વિચાર્યું ? એ વિચારવાની આ જીવને ફુરસદ નથી, ફુરસદ માત્ર રોડાં રમાડવાની છે ! માત્ર આત્માના અવલોકનની ફુરસદ નથી ! માટેજ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા બુદ્ધિ સુધારવાનું કહે છે. આત્માના સ્વરૂપને જાણો છો, માનો છો, ધ્યેય રાખો છો છતાં કાર્ય આવે ત્યારે ફુરસદ મળતી નથી ! એનું કારણ જીવ દુનિયાદારી તરફ રંગાએલો છે. આત્માને જોવો હોય, બંધનથી છોડાવવો હોય તો આ રંગ ધોઈ નાખો. એનું જ નામ વૈરાગ્ય છે. રોડાં, કુકાની રમતને મૂકી દો. એ છોડવાનું તમને જ્ઞાનદૃષ્ટિએ જણાવવામાં આવે છે. ત્રણ પ્રકારે છોડી શકાય છે માટે વૈરાગ્યના ત્રણ પ્રકાર છે.

## વૈરાગ્યના ત્રણ પ્રકારઃ આર્ત્તધ્યાન વૈરાગ્યનું સ્વરૂપ

વૈરાગ્યના ત્રણ પ્રકાર છે. (૧) આર્ત્તધ્યાન વૈરાગ્ય (૨) મોહગર્ભિત વૈરાગ્ય (૩) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. ભાઈ પ્રત્યે રાગ થોડો હોતો નથી પણ ભાગલાગની વાત આવે ત્યાં ભાઈ કોનો ? ત્યાં વૈરાગ્ય આવ્યો એ શાનો ? પૈસાની પૂજાનો ! બાયડી ઉપર રાગ છતાં એ ઘરમાંથી કાંક ઉઠાવી જાય ત્યારે 'મુઈ રાંડ' કહી દો છો ને ! તો તે વૈરાગ્ય છે ? લક્ષ્મીની લાલચમાં લોભાયા ! આનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય, આર્ત્તધ્યાન વૈરાગ્યઃ એ વૈરાગ્યવાળાનું લક્ષ્ય આરંભ, પરિગ્રહ, વિષય, કષાયમાં હોય છે. તમે આર્ત્તધ્યાન (દુઃખગર્ભિત) વૈરાગ્યનું સર્ટિફિકેટ કોને દો છો ? ચિત્રામણનું સર્ટિફિકેટ આંધળો દે એની કિંમત શું? આંધળો ડ્રોઈંગ માસ્તર હોઈ ન શકે. વૈરાગ્યનાં લક્ષણ જાણ્યા વગરનો મનુષ્ય વૈરાગ્યને અંગે સર્ટિફિકેટ આપી દે તો કેવો ગણાય ? ભાગીદારીને અંગે વાંધો પડવાથી રાગ ખસે એટલે વૈરાગ્ય થાય એ વૈરાગ્ય કેવો ? આર્ત્તધ્યાન વૈરાગ્ય એટલે એક પદાર્થ પરથી રાગ ખસી બીજામાં રાગ થાય તે. ચિત્ત ઉઠ્યું તેજ વિરાગ. ધણીના વિયોગથી રાગવાળી વસ્તુ છોડી દીધી તે કેવો વૈરાગ્ય ? આત્મા બુઝે તે વખતે આર્ત્તધ્યાન હોતું નથી. ઈષ્ટના વિયોગથી અનિષ્ટના સંયોગથી આત્મઘાત કરવા પણ કોઈ તૈયાર થાય છે. આર્ત્તધ્યાન વૈરાગ્ય ડગલે ને પગલે હોય છે. દુઃખ ગર્ભિત કિંવા આર્ત્તધ્યાન વૈરાગ્ય, ઈષ્ટના વિયોગ કે અનિષ્ટના સંયોગથી થતા દુઃખથી રાગરહિતપણું થાય તેને કહેવામાં આવે છે. આ વૈરાગ્ય શું કાર્ય કરે છે ? અન્ય ધર્મોની અપેક્ષાએ વિચારીએ તો ધણી પાછળ ખાવાપીવાનો ત્યાગ કરાવે છે. એ જ દૃષ્ટાંતને અંગે શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે-'વોસિરે વોસિરે' કરી રાજીનામું આપનારને, રાજીનામું આપ્યા પછી મરનારને એમાં કશું લેવાદેવા નથી. પાછળના કલેશ *કરે તે કલેશાદિ પ્રવૃત્તિની સાથે તેને કશું લાગતું વળગતું* નથી. પાછળનાઓ જેટલા આંસુ સારે (કાઢે) તેટલી વિષ્ઠા મરનારને વળગે છે એમ અન્ય મતો માને છે. આર્ત્તધ્યાન તિર્યંચ ગતિમાં લઈ જાય છે. શોક કરનારની પોક તિર્યંચગતિ અપાવે છે. હવે આર્ત્તધ્યાન વૈરાગ્ય શાથી થાય ? એક જ કારણથી, તમે તે વસ્તુમાં મુંઝાયા છો. વસ્તુ પેલાના શોકે છૂટી છે. વસ્તુને અસાર માની વસ્તુ છોડી નથી જ્યાં ધાર્યું ન થાય ત્યાં માત્ર તે ખાતર જે ત્યાગ કરો છો ત્યાં જ્ઞાનબુદ્ધિ નથી માટે હરિભદ્રસૂરિજી મહારાજ જણાવે છે કે પોતે પોતાને ખાસ ઓળખવાની જરૂર છે.

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોદ્ધારક -
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

**પ્રશ્ન ૭૭૧-પંચનિર્ગ્રન્થી** પ્રકરણ ગાંધી મફતલાલ ઝવેરચંદ તરફથી બહાર પડેલ છે, તેમાં પ્રસ્તાવનામાં 'આ નિર્ગ્રંથ ઓછામાં ઓછા ગર્ભ અને જન્મથી આઠ વર્ષ પૂર્ણ થયા પછી દીક્ષા લેનારા હોય છે' એમ જે લખ્યું છે તેનું શું સમજવું ?

સમાધાન-પ્રથમ તો આખા તે ગ્રન્થમાં કે તેના અનુવાદમાં ગર્ભ કે જન્મથી અષ્ટમ કે અષ્ટની વાતજ નથી. વળી અમદાવાદમાં સુશ્રાવક મફતલાલને આ લેખનો ખુલાસો પૂછવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે આ વાક્યો મેં પ્રસ્તાવનામાં લખેલ નથી, પણ વિદ્યાશાલામાં રહેલ સાધુએ મારા ના કહ્યા છતાં દાખલ કરેલ છે ને મારે નામે બહાર પડ્યું તે ખોટું થયું છે. વસ્તુતાએ પ્રવચનસારોદ્ધાર વિગેરેમાં પણ સ્પષ્ટ શબ્દોથી જન્મથી પૂર્ણ અષ્ટ અને ગર્ભથી અષ્ટમ એટલે આઠની શરૂઆતનો લેખ છતાં એક વાત અજ્ઞાન દશાથી બોલવી અને પછી બીજી બાજુથી કોઈ સાચી વાત જણાવે તો પણ માનવી નહિ એવી જેઓની પરાપૂર્વની રીતિ જળવાએલી રહેલી હોય ત્યાં શું કહેવું ? અષ્ટમ શબ્દનો આઠ પૂર્ણ એવો અર્થ તો તેઓજ કરે કે જેઓ શાસ્ત્ર, યુક્તિ કે સાહિત્યની સ્થિતિથી દૂર હોય.

**પ્રશ્ન ૭૭૨-શ્રીમહાવીર મહારાજાના જન્મને** સાંભળતી વખતે નાળીયર વધેરાય છે તે નાળીયર એકેંદ્રિયજીવ હોવાથી અનુચિત કેમ નહિ ?

સમાધાન-સંસારી લોકો હર્ષની વખત નાળીયરની શેષ વહેંચે છે, તેવી આ જન્મોત્સવના આનંદને અંગે નાળીયરની શેષો વહેંચે તે સ્વાભાવિક છે. તે નાળીયર એકેંદ્રિય છે માટે ન વધેરવું એમ કહી એકેંદ્રિયની દયાનું કથન કરે તે તેનેજ શોભે કે જે અગ્નિકાયની એકેંદ્રિયતા સમજી દીવો ન સળગાવે, માટી, મીઠાની વિરાધના ન કરે, શાક વિગેરે વનસ્પતિની વિરાધના છોડે, એવો એકેંદ્રિય વિરાધના વર્જવાવાળો નાળીયરની શેષ ન વહેંચે તે સ્વાભાવિકજ છે બાકી અન્ય એકેંદ્રિયને માટે ચિંતા ન કરનારો નાળીયરની વાત કરે તે તો ફક્ત ભક્તિનાં ચેડાં જ છે. શાસ્ત્રકારો પણ એકેંદ્રિયના આરંભથી દૂર રહેનારા વિમલબુદ્ધિને દ્રવ્યસ્તવ કરવાની જરૂરીઆત અને ઉચિતતા નથી એમ સ્પષ્ટપણે જણાવે છે.

પ્રશ્ન ૭૭૩-વ્યાખ્યાન, પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાન વિગેરેમાં જે પ્રભાવના કરાય તેમાં ચોપડીઓ, કટાસણાં વિગેરેની પ્રભાવના કરવી તેમાં વધારે લાભ ખરો કે નહિ ?

**સમાધાન**-બાલજીવોને ધર્મશ્રવણાદિ તરફ આકર્ષવા માટે અને બીજાઓને પણ તે તે કાર્યોમાં પ્રમાદ થતો હોય તે ટાળીને પણ તે તે કાર્ય કરવા તૈયાર થાય માટે પ્રભાવના દે, માટે તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી પ્રભાવના કરવી વ્યાજબી છે. બાકી કેટલાકો પુસ્તકો વિગેરે પોતે છપાવ્યાં હોય અને તેની પ્રભાવનામાંજ વધારે લાભ બતાવે અને તેવી રીતે પ્રભાવનાદ્વારા પુસ્તકો વહેંચાવી ઘણી આવૃત્તિઓનો આડંબર ધરાવવા માગતા હોય તે યોગ્ય લાગતું નથી.

પ્રશ્ન ૭૭૪-શ્રુતદેવતા અને સરસ્વતીદેવી એક છે કે જુદાં ? અને તેમની મૂર્તિઓ પ્રાચીન છે કે ?

સમાધાન-શ્રુતદેવતા અને સરસ્વતી એકરૂપે ગણાય, કારણ કે ગ્રંથકારો બેમાંથી એકની સ્તુતિ કરે છે. સરસ્વતીની મૂર્તિઓ બારમી સદીઓનાં તાડપત્રોનાં જે પુસ્તકો અમદાવાદના સાહિત્યપ્રદર્શનમાં આવ્યાં હતાં તેમાં ઘણે સ્થાને હતી.

પ્રશ્ન ૭૭૫-પર્યુષણમાં કલ્પધર અને સંવચ્છરીને દિવસે પૌષધ કરવો ઠીક છે કે શાસનની શોભા અને જ્ઞાનદ્રવ્ય તથા દેવદ્રવ્યાદિની વૃદ્ધિ માટે માત્ર ચારે પ્રકારે આહારપૌષધજ કરવો ઠીક છે.

સમાધાન-તે તે પર્વોમાં ચાર પ્રકારનો પૌષધ કરનાર પ્રથમથી પોતાની શક્તિ પ્રમાણે જ્ઞાનદ્રવ્યાદિની વૃદ્ધિ માટે સવડ કરી લે. કદાચ ન કરી હોય તો પાછળ કરે, પણ તે નામે સંપૂર્ણ પૌષધ છાંડવો તે વ્યાજબી નથી. વળી ખરચથી બચાવવા માટેજ પૌષધ લેવાય તો તે વિરાધના જ ગણાય.

# પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ.

ગત ત્રણ વર્ષ દરમ્યાન લગભગ દરેક સ્થળે પૂજ્ય મુની મહારાજાઓને તથા લાયબ્રેરીઓને તેમજ સંસ્થાઓને તત્વપ્રેમીઓની સહાયથી અંકો ભેટ મોકલવામાં આવતા હતા આ ચતુર્થ વર્ષમાં કોઈના તરફથી ભેટ મોકલવા પ્રબંધ હજી સુધી થયો નથી માટે શ્રી નવપદ મહાત્મ્ય નામના દળદાર ભેટના પુસ્તકનું જ્યાં (ફ્રી) ભેટ તરીકે જાય છે ત્યાં ગ્રાહક તરીકે વી. પી. થી રવાના કરીશું. આશા છે કે વી. પી. જરૂર સ્વીકારશો.

લી૦ તંત્રી

# સમાલોચના

૧ રાગ કરનાર ગુણ અને ગુણી બંને ઉપર રાગ કરે તો પણ તે પ્રશસ્તરાગ કહેવાય પણ દ્વેષ કરનાર તો ફક્ત દોષ ઉપરજ દ્વેષ કરે તોજ પ્રશસ્તદ્વેષ ગણાય પણ દોષવાલા ઉપર દ્વેષ કરાય તો તે દ્વેષ પ્રશસ્ત નથી એટલું જ નહિ પણ મૈત્રી, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાના ભંગરૂપ છે એ વાત પ્રવચનકારને નથી સમજાઈ, તો સમજે કે જેથી પ્રશસ્તદ્વેષને નામે દોષવાલા ઉપર દ્વેષ કરવામાં ધર્મ મનાવી, મોજ ઉડાવવી છોડે.

૨ સર્વાનુભૂતિઆદિના નાશક ગોશાલાને શિક્ષિત નહિ કરનાર વીતરાગ ભગવાન્ કે સમર્થ બીજા મહાપુરુષોને આશાતના કરનારની કોટિમાં નવપ્રચનકાર મૂકે તેમાં શું કહેવું ?

૩ અંગત રાગદ્વેષ અને શુભ પદાર્થની લાગણીને અંગે રાગદ્વેષને ન સમજે તે પ્રવચનકારને વીતરાગપણામાં લબ્ધિનું ફોરવવું માનવું પડે.

૪ અરિહંત મહારાજને અંગે કરાતો રાગ જે નિર્જરાનું સાધન છે, છતાં પણ સ્વરૂપે તો તેને શ્રીમલયગિરિજી બંધનું કારણ જણાવે છે.

૫ આરોપિત શાસનપ્રેમવાળાની વાત સાચામાં લગાડનારો કઈ દશા સેવતો હશે ?

(વ્યાખ્યાન)

૧ શ્રીમાન્ વલ્લભવિજયજીના જયંતી વખતના શબ્દો છાપા પ્રમાણે હોય તો સુધારવા યોગ્ય છે.

૨ સ્વપ્નોની ઉપજ સંમેલનના 'પ્રભુનિમિત્ત.' વાળા ઠરાવમાં આવી ગઈ એમ માનનારા તે બોલીનો જુદો સવાલ ચર્ચે. નાપાસ થઈને ઉડી જાય અને પાછળથી હઠ પકડી સંમેલન તોડાય અને ફેર તે ચર્ચાય, છતાં ઉડી જાય એ બધું કેમ ભૂલે છે ? (પંજાબમાં સુધારવાની વાત કબુલાતરૂપ નથી એવું ચોકખું થયા છતાં યદ્વા તદ્વા લખે તેને શું કહેવું ?

(વીરશાસન)

૧. **अत्थं भासेइ अरण सूत्त गुथंति गणहरा निउणा** એવી રીતે આપેલ પાઠ જો સમયધર્મને આભારી ન હોય તો મૂલપાઠ **अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा निउणं ( निउणा )** આવી રીતે છે, અને ગણધર મહારાજે '**अध्यमत्ताहभासा नियय**' આવા સ્પષ્ટ ભાષ્યવચનથી અર્ધમાગધીમાં સૂત્રો રચ્યાં છે. અને તીર્થંકરોની ભાષા અર્ધમાગધી છે એમ સૂત્રસિદ્ધ છેજ, તેથી સર્વજ્ઞભાષા અને સૂત્રભાષા જુદી કહેનારા જુઠા કેમ નહિ ?

૨ ટીકા કે ભાષાંતર મૂલભાષાના સૂત્રોને સ્થાને હોતા નથી.

૩ મોક્ષ પામેલ શ્રીજિનેશ્વરના દેહને જો પટશાટકાદિ હોય અને તેમાં વીતરાગતાનો બાધ નથી તો પ્રતિમાને અંગે બાધ ક્યાંથી લવાય ? એક પ્રતિમામાં પાંચે કલ્યાણકોની ભાષ્યવચનથી ભાવના સિદ્ધ છે. આભૂષણાદિકથી પૂજેલી પ્રતિમા આગળ સૂર્યાભદેવતાએ વીતરાગ ભાવનાવાળું નમુત્થુણં કહેલું છે. વિધિએ પણ તેમ થાય છે.

૪ દેવદ્રવ્ય બાબતમાં પહેલેથી ખુલ્લું કરેલુંજ છે કે શાસ્ત્રાનુસારીઓ જિનેશ્વર ભગવાનને ગર્ભથીજ દેવપણે માને છે. ગોત્રિયો વગેરે તેમ ન માને તે સ્વાભાવિક છે.

૫ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે માલાદિકની બોલી છે, એ વાત શાસ્ત્ર સિદ્ધ છેઃ અને કલેશનિવારણ માટે બોલી નથી, છતાં તેમ કહેનાર કલ્પિત કથન કરનાર છે.

(સમય ધર્મ) તા. ૨૨-૯-૩૫

૧ અતિ તીવ્રકર્મના વિગમને હેતુ તરીકે ન લેતાં વ્યવચ્છેદક તરીકે લીધેલું ચોક્ખું છે, પણ હવે સમજાયું છતાં સમજાવનારને દુષ્ટ દાનતવાળા ગણનાર કઈ ગતિનો જીવ હશે ?

૨ મોક્ષના અદ્વેષને ભવિષ્યના વિષયથી વિરાગરૂપ ગણનારો મનુષ્ય શબ્દાર્થ અને શબ્દજ્ઞાન ઉભયથી રહિત હોય તે સ્વાભાવિક છે.

૩ પૌદ્ગલિક ફળની અપેક્ષાથી ધર્મ કરનારો દુર્ગતિજ પામે એમ કહેનારે અભવ્યો અને મિથ્યાત્વીઓની ધર્મ કરતાં ધારેલી દેવત્વાકાંક્ષાના વાક્યો જોવાં ને થએલ દેવત્વ જોવું.

૪ ત્રિદંડીવાળો શ્રાવક, નિયાણું કરી રાજા થનાર ચંડપિંગલ પાણીની લાલચે જ નોકાર ગણી દેવ થનાર ચૌર વિગેરે નમસ્કાર ફલનાં દૃષ્ટાંતો જોવાથી પૌદ્ગલિક ફળની ઇચ્છાથી ધર્મ દુર્ગતિજ દે છે એ કહેનારની સ્થિતિ સમજાશે. અવંતીસુંકુમાલે નલિનીગુલ્મવિમાનની ઇચ્છાએજ સાધુપણું લીધું ને જ્ઞાની આચાર્યે આપ્યું, ને તેમને તે વિમાન મળ્યું. એકપણ પૌદ્ગલિક ઇચ્છાવાળો ધર્મ કરતાં ધર્મના ફળ તરીકે દુર્ગતિ ગયો નથી. જો કે ત્રિવિધ ત્રિવિધ ત્યાગવાળાએ મોક્ષઉદેશથી જ ધર્મ કહેવાનો છે, ને મુમુક્ષુઓએ તે બુદ્ધિએજ કરવાનો છે.

૫ માલીકોને કણબીઓ હોય છે, તેમ સામાન્ય અનુચરો હોય અને કોઈ બરોબરીઓ સાથે ન હોય તો તે લાકડાં છેદે તેમાં અયોગ્ય શું ? વર્તમાનમાં કૈઝરની વૃત્તિ જોવી.

(એક સાપ્તાહિક)

સુધારોઃ- શ્રીસિદ્ધચક્ર, તૃતીય વર્ષ અંક ૨૩ પા. ૫૪૮ પ્રથમ કોલમ લાઈન ૧૬ 'અમૂર્ત પદાર્થોને' બદલે 'અદૃશ્ય પદાર્થો' વાંચવું.

■■■

# વાચકોને

હમારો વાંચક વર્ગ નૂતનવર્ષની મુબારકબાદીમાં શું ભેટ મોકલશે ?

ઓછામાં ઓછા બે નવા ગ્રાહકના મુબારક નામો જરૂર મોકલાવશે.

લી૦ તંત્રી.

# પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

## પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પવરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૪-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

## પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

## છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

## કમિશન

૧૦૦ ............................૧૨॥ ટકા.
૫૦ ..........................૭॥ ટકા.
૭૫ ...........................૧૦ ટકા.
૨૫ ........................૫ ટકા.

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)

વંચાવો **તમે** વંચાવો

## વાંચ્યું કે ?

અત્યાર સુધી કદાપિ પ્રગટ ન થયેલ, તેમજ અન્યત્ર પણ અનુપલબ્ધ એવા અનુપમ 'આગમરહસ્ય'નું સુંદર અને સ્પષ્ટ જ્ઞાન આપનાર કયું પત્ર ?

જિનેશ્વર ભગવાનની સ્યાદાંકિત ગિરાને યુક્તિ, પ્રયુક્તિ સહિત સચોટ રીતે હૃદયમાં ઉતારનાર વ્યાખ્યાનોનો સંગ્રહ કરતું કયું પત્ર ?

અનેક શાસ્ત્રીય પ્રશ્નોનું વિદ્વત્તાપૂર્વક, હેતુ, યુક્તિપૂર્ણ સ્પષ્ટ અને સચોટ રીતે સમાધાન આપતું કયું પત્ર ?

જિનેશ્વર ભગવાનની અમૂલ્ય વાણીરૂપી સુધા સીંચી વાચકોના હૃદયરૂપી આરામને નવપલ્લવિત રાખનાર કયું પત્ર ?

અનેક પત્રોમાં શાસ્ત્રવિરૂદ્ધ, ધર્મનો ઘાત કરનાર, તેમજ ગેરસમજથી પ્રગટ થયેલ લેખોના સચોટ, નિડરપણે, શાસ્ત્રની શૈલીપૂર્વક રદીયા આપી સત્ય સમાલોચના કરતું કયું પત્ર?

અનેકશઃ દરેક પર્વના નહિ શ્રવણ કરેલ, એવા મહિમાને જણાવનાર, તેમજ પ્રાસંગિક વિવિધ વિષયોને દર્શાવતું, તેમજ, અનેક તીર્થ મહિમાને વર્ણવતું કયું પત્ર ?

ત્રણ ત્રણ વરસથી જનતામાં બહોળા પ્રચારને પામેલું, તત્ત્વપ્રેમીઓથી એકે અવાજે વખણાયલું જૈન સમાજનું અજોડ, અનોખું કયું પત્ર ?

**જાણો છો ? તેજ**

# 'શ્રી સિદ્ધચક્ર'

દરેક પખવાડિએ ઉપર મુજબનું સુંદર બ્યાન રજુ કરતું, દર વરસે ૬૫૦ પાના ઉપરાંત પણ વિશદ, સુંદર સાહિત્ય પીરસનાર અને આ વર્ષે નવે પદોને સુંદર રીતે, સ્પષ્ટ શૈલીથી સમજાવતું 'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય' નામનું સુંદર પુસ્તક ભેટ આપતું, છતાં વાર્ષિક લાવજમ માત્ર રૂા. ૨-૦-૦ આવા ઉત્તમ સાહિત્યના ગ્રાહક ન બન્યા હોય તો આજેજ બનો ! રખે ચૂકતા !

લખો

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

C/o. ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭

મુંબાઇ નં. ૩

ચતુર્થ વર્ષ અંક ૨

Registered No. B.30




આસો વદ ૦))

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૭-૧૦-૧૯૩

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

### કમિશન

૧૦૦ ..........................૧૨॥ ટકા. ૫૦ ........................૭॥ ટકા.
૭૫ ..........................૧૦ ટકા. ૨૫ ........................૫ ટકા.

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)




(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ | છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाळ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા સિદ્ધ શાશ્વત સૂરિ **જિનમત ભાનુ** વાચક પાઠકા ।
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥

"આગમોદ્ધારક."

ચતુર્થ વર્ષ } મુંબઈ તા. ૨૭-૧૦-૧૯૩૫ રવિવાર { વીર સંવત્ ૨૪૬૧
અંક ૨ } { વિક્રમ ,, ૧૯૯૧

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**નન્દીની અસાધારણોપયોગિતા. નોઆગમ વ્યતિરિક્ત ભેદમાં જિનેશ્વરની પરોપકારિતા વિચારવાનું કારણ**

નંદી કે જે સકલ આગમોની વ્યાખ્યામાં મૂળ વ્યાખ્યેય તરીકે નિયમિત છે. કોઈપણ સૂત્રની વ્યાખ્યા સંક્ષેપથી કે વિસ્તારથી નંદીની વ્યાખ્યા કર્યા સિવાય કરી શકાયજ નહિ એ વાત શાસ્ત્ર જાણનારાઓની જાણબહાર નથી. અને તેથી નંદીની

ઉપયોગિતા હદ બહારની છે એમ કહીએ તો તે ખોટું નથી અને તેથી દરેક વ્યાખ્યા એટલે અનુયોગ કરનારે તે નંદીના સ્વરૂપને જાણવાને માટે જેટલા પ્રયત્નો કરાય તે વ્યાજબીજ છે એમ ગણી નંદીના નિરૂપણમાં ત્યાંના નિક્ષેપા જણાવતાં દ્રવ્યનિક્ષેપામાં આગમ અને નોઆગમના ભેદોમાં જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્‌વ્યતિરિક્ત એવા નોઆગમના ત્રણ ભેદોમાં વ્યતિરિક્ત ભેદનો વિચાર કરતાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ જિનેશ્વરોની સ્નાત્ર, વિલેપનઆદિકે પૂજા કરતાં, જો તેમના અનુપકૃતપરહિતરત (કોઈના ઉપકાર તળે દબાયા સિવાય જગતમાત્રના હિતને માટે તત્પર રહેવું) વિગેરે ગુણો જો વિચારવામાં આવે તોજ તે પૂજાને કારણ અર્થવાળા દ્રવ્યશબ્દની અપેક્ષાએ વ્યતિરિક્ત દ્રવ્યપૂજા કહી શકાય, તેથી દરેક તે પૂજા કરનાર ભવ્યઆત્માએ તીર્થંકર મહારાજના તે ગુણો વિચારવાજ જોઈએ. તે પ્રસંગને અંગે વર્તમાન શાસનના વિધાતા ભગવાન્ વીર વર્ધમાનસ્વામીજીનું નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પહેલાંનું પરોપકારિપણું વિચારતાં અનુક્રમે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના ભવમાં દીક્ષાના પ્રસંગ સુધીના પ્રસંગોને અંગે પરોપકારિપણું વિચારવામાં આવ્યું છે. જો કે તેમાં ઘણું કથન તો શાસ્ત્રમાં કહેલાં વચનોને સાક્ષાત્ અનુસરીનેજ છે અને કેટલુંક કથન શાસ્ત્રના સામાન્ય વચનને અનુસરીને કલ્પનાથી કરવામાં આવેલું છે. સ્વાભાવિક રીતિએ કલ્પનાથી કરવામાં આવતાં લખાણો કેટલાક તે વિષયને નહિ પહોંચેલા કે નહિ માનતા હોય તેવાઓને અથવા જેઓ કોઈક તેવા પ્રકારના એકવચનના અભિનિવેશમાં કે દ્વેષપાશમાં બંધાએલાને અસંબદ્ધ, અસત્ય કે અતિશયોક્તિવાળા લાગે, પણ તેમાં તેઓની બુદ્ધિની તુચ્છતા સિવાય બીજો ઉત્તર વાચકવર્ગ મેળવી શકે નહિ. આગળ પણ એવી રીતની કલ્પનાઓમાં એવાઓને માટે એજ ઉત્તર સમજવા વાચકોને ભલામણ કરીએ તો ખોટું નથી.

### શ્રીનન્દિવર્ધનની માગણી કેમ કબુલ થઈ ?

ભગવાન્ મહાવીર મહારાજા દીક્ષા લેવાને માટે જે વખતે સંકલ્પ કરે છે, તે વખત પહેલાં એક વર્ષ પૂર્વે મહારાજા નંદિવર્ધનના દુઃખનિવારણને માટે અને પોતાનો દીક્ષાકાળ અવધિજ્ઞાનથી બે વર્ષ પછી થવાનો દેખીને બે વર્ષ ઘરમાં રહેવાની માગણી કબુલ કરેલી છે. આવી રીતે બે વર્ષ ઘરમાં રહેવું જો કે મહારાજા નંદિવર્ધનના આગ્રહને લીધે કબુલ કર્યું છે, પણ તે કબુલ કરવું કેટલું દુઃખિત મને (અરૂચિપૂર્વક) હશે તે તેમની કબુલાતની વખતે કરેલી શરતોના વચનથી સમજી શકાય તેમ છે.

### માગણી વખતે શ્રીનન્દિવર્ધન

નંદિવર્ધન ! મેં ગર્ભઅવસ્થામાં કરેલી જે પ્રતિજ્ઞા હતી કે માતાપિતાના જીવન પર્યંત હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ નહિ તે મારી પ્રતિજ્ઞા પૂરી થએલી છે માટે હવે મારે તે દીક્ષાનો પ્રયત્ન કરવો તેજ ઉચિત છે. આ વચન સાંભળીને નંદિવર્ધનજી વજ્રાઘાતથી મૂર્ચ્છિત થાય તેમ મૂર્ચ્છિત થાય છે. કોઈપણ પ્રકારે ચેતના આવતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનો વિયોગ થવાનો વિચારતાં હૃદય કકળી ઉઠે છે, છાતી ફાટી જાય છે, નેત્રથી આંસુની ધારા વહે છે, પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાને સદાને માટે ગૃહસ્થપણામાં ધારી રાખવા ગંગાપ્રવાહને હાથથી રોકવા જેવું અશક્ય અને અસંભવિત લાગ્યું અને તેથી अशुभस्य कालहरणं એમ ધારી ભગવાન્ મહાવીર મહારાજને વધારે નહિ તો થોડી મુદત પણ રોકવાનો વિચાર કર્યો.

### મહાવીર ભગવાને બે વર્ષ રોકવામાં નિમિત્ત

તે રોકવાનાં કારણો વિચારતાં મહારાજા

સિદ્ધાર્થ અને ત્રિશલામાતાના મરણકાળને આગળ ધરવાનું સુગમ પડ્યું, અને તેથી મહારાજા નંદિવર્ધને રાજ્યાભિષેકની ક્રિયા કરવા માટે પોતે અને સમગ્ર પ્રજાએ શ્રમણ ભગવાન્ મહારાજને કરવાનો ઘણો આગ્રહ ક્યો છતાં શ્રમણ ભગવાન્ મહાવીરે તે રાજ્યાભિષેકની ક્રિયા મંજુર કરી નહિ, અને નિરૂપાયે સમસ્ત પ્રજાએ રાજ્યાભિષેકની ક્રિયા મહારાજા નંદિવર્ધનની કરી હતી તે વાતને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની દીક્ષાઅભિલાષાના પૂર્વરૂપ તરીકે સ્પષ્ટપણે સમજી તે માતાપિતાના વિયોગના શોકને આગળ કરી ભગવાન્ મહાવીરની દયા ચાહવા વિનંતિ કરી કે માતાપિતાના વિયોગને લીધે મારૂં હૃદય ઘવાએલું છે, તો તે અમારા ઘવાએલા હૃદય ઉપર તમારા જેવા સર્વગુણસંપન્નપુરુષના વિયોગરૂપી ક્ષારનું સિંચન થાય તે અમોને અસહ્ય વેદના કરનારૂં થઈ પડે તે સ્વાભાવિકજ છે, અને તેવી રીતનો બનાવ તમારા જેવા સર્વગુણસંપન્ન તરફથી કોઈપણ દિવસ થવો જોઈએ નહિ.

## કુટુંબની કાકલુદી અન્ય મહાત્મા કેમ ન ગણે?

આવી રીતની નંદિવર્ધન મહારાજાની કાકલુદીભરી વિનંતિ અને શેષ કુટુંબનો કકળાટ દેખીને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને વિચારમાં ઉતરવાની જરૂર પડી. કદાચ અન્ય સાધુ મહાત્મા વૈરાગ્ય દશામાં આવેલા હોય અને તેઓ કુટુંબનો ત્યાગ કરે તે વખત કુટુંબની કાકલુદીનું ધ્યાન કદાચ વૈરાગ્ય ધર્મની મુખ્યતા ગણી લૌકિક ધર્મની ગૌણતા ગણવાથી તે કાકલુદી તરફ ધ્યાન ન આપે પણ જગતના હિતને માટેજ જેનો અવતાર છે, અને જેઓ જગતને દ્રવ્યદુઃખ અને ભાવદુઃખ બંને પ્રકારના દુઃખોથી રહિત કરવાને માટે મથવાવાળા છે તેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ કુટુંબની કાકલુદી ઉપર ધ્યાન આપે તે અનાવશ્યક તો નહિજ ગણાય, અને તેથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે મહારાજા નંદિવર્ધનની વિનંતિ ઉપર અને કુટુંબની કાકલુદી ઉપર જરૂરી ધ્યાન આપ્યું.

## ભગવાન મહાવીરની ગર્ભથી જ દીક્ષાની ધ્યેયતા

પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનો આત્મા મોક્ષપ્રાપ્તિના અવ્યાહત સાધન તરીકે પ્રવ્રજ્યાનેજ ગણતો હતો, અને તે ગણતરી તેમની આ વખતે જ હતી એમ નહિ, પણ ગર્ભમાં હતા ત્યારે પણ માતાપિતાના સ્નેહના પ્રકર્ષના પ્રસંગે પણ પ્રવ્રજ્યાની પ્રતિપત્તિ કરવાનું ધ્યેયજ તેમના હૃદયમાં રમી રહ્યું હતું, અને તેથી જ કહી શકીએ કે દુનિયાદારીની અવનવી વસ્તુના કે અવનવા પ્રસંગના વિષયમાં અભિગ્રહ નહિ કરતાં પ્રવ્રજ્યાના વિષયમાંજ અભિગ્રહ ગ્રહણ ક્યો, તેમાં પણ પ્રવ્રજ્યાના ગ્રહણને મુખ્ય તરીકે રાખી માતાપિતાના જીવન સુધી મારે સાધુપણું નહિ લેવું એવો અભિગ્રહ ક્યો, અર્થાત્ એ ઉપરથી પણ સાધુપણાની પ્રાપ્તિનું ધ્યેય ભગવાન્ મહાવીર મહારાજને ગર્ભથી જ હતું એમ ચોકખું જણાઈ આવે છે.

## ગૃહાવસ્થાનની મુદતનો પ્રશ્નજ શ્રી વીરની વૈરાગ્યદશા સૂચક છે.

અત્યારે મહારાજા નંદિવર્ધનની વિનંતિ અને કુટુંબની કાકલુદીને લીધે પણ શ્રમણપણાના ધ્યેયને મુખ્ય રાખી જેમ શાસ્ત્રોમાં વિધિથી પ્રાપ્ત થયા પછીજ નિષેધથી પ્રતિષેધ કરવાનો હોય છે, તેવી રીતે અહીં પણ સાધુપણાની પ્રાપ્તિને વિધિરૂપ ગણી તેના પ્રતિબંધને નિયમિત કરવા માટે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે પ્રશ્ન ક્યો કે તમારા માતાપિતાવિયોગનો શોક અર્થાત્ તે વિયોગનો ઘા કેટલી મુદતે રૂઝાશે કે જેથી મારે સાધુતાની પ્રતિપત્તિમાં પ્રતિબંધ નાખવાનું તમો જણાવો છો.

## માત્ર માતપિતાની હયાતિ સુધીનો અભિગ્રહ કેમ?

આ સ્થળે એક વાત એ વિચારવાની છે કે

મહારાજા નંદિવર્ધનને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનો વિયોગ થાય તેનું દુઃખ અસહ્ય છે અને તે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા જાણે પણ છે, પણ તે દુઃખને અંગે કંઈ પણ સાધુતાની પ્રતિપત્તિમાં રોકાણ નહિ કરવાનું ભગવાન્ મહાવીરે ઉચિતજ ધારેલું હશે, કેમકે એમ ન હોત તો માતાપિતાની હયાતિમાં સાધુપણું નહિ લેવાના અભિગ્રહની માફક નંદિવર્ધન જીવે ત્યાં સુધી અગર યશોદા નામની જે તેમની સ્ત્રી છે તે જીવે ત્યાં સુધી કે સુપાર્શ્વ નામનો જે તેમનો કાકો છે તે જીવે ત્યાં સુધી સાધુપણું નહિ લેવાનો અભિગ્રહ કરવાનો પ્રસંગ આવત આ ઉપરથી કહેવું પડશે કે ભાઈ, સ્ત્રી, પુત્રી કે કાકા, આદિના અસહ્ય દુઃખને અંગે પણ ભગવાન્ મહાવીર મહારાજે સાધુપણાની પ્રાપ્તિ રોકવી ઉચિત ધારી નથી.

## માતપિતાના સ્નેહથી અધિક કંઈ કારણ દીક્ષારોધમાં છે ?

માતાપિતાના સ્નેહના પ્રકર્ષને અંગે પણ જે સાધુપણાની પ્રાપ્તિ રોકવી ઉચિત ધારી છે. તેમાં પણ શીલાંકાચાર્ય મહારાજ તો સ્પષ્ટપણે એજ કારણ જણાવે છે કે મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતા એ બંને પુરુષાદાનીય ભગવાન્ શ્રીપાર્શ્વનાથજીના શ્રાવક, શ્રાવિકા હતાં છતાં પણ જો ભગવાન્ મહાવીર મહારાજ તે માતપિતાની હયાતિમાં જો દીક્ષા ગ્રહણ કરી તેમનો ત્યાગ કરે તો જરૂર મરણ પામે એવું અવધિજ્ઞાનથી જોયું, એટલુંજ નહિ પણ તે વિયોગથી થતું મરણ નિયમિત મહા આર્ત્ત રૌદ્ર ધ્યાનને આપનારૂં અને નિશ્ચિતપણે તિર્યંચની ગતિમાં ઉપજાવનારૂં થાય એમ અવધિજ્ઞાનથી જાણ્યું, અર્થાત્ ટૂંકા શબ્દોમાં કહીએ તો ભગવાન્ મહાવીર મહારાજની દીક્ષા તેમના માતપિતાની અધોગતિ કરવા સાથે મુખ્યત્વે સર્વદાને માટે ધર્મથી દૂર કરનારી થાય એવું અવધિજ્ઞાનથી જાણીનેજ તેમની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરેલો છે, પણ એવું કાંઈ પણ મહારાજા નંદિવર્ધન વિગેરેને માટે અસહ્ય વિયોગનું દુઃખ જણાયા છતાં પણ ભાવિ અનર્થ થવાનું નહિ જણાયું તેથી તેમને માટે કોઈપણ પ્રકારનો પ્રવ્રજ્યાનો પ્રતિબંધ ઉચિત ગણ્યો નહિ અને તેથીજ માત્ર વિયોગના દુઃખનેજ રૂઝવવાનો પ્રયત્ન કર્યો.

## નંદિવર્ધનની મુદતનો તત્ત્વમાર્ગ

સ્વાભાવિક રીતે વિયોગના દુઃખને જ રૂઝવવાનો વખત માગેલો હોવાથી જગતની સ્થિતિથી બમણો કાળ નંદિવર્ધનજીએ જણાવ્યો, અર્થાત્ માતાપિતાના વિયોગનો થએલો શોક બે વર્ષે વ્યતીત થશે એમ જણાવ્યું. આવી રીતે મહારાજા નંદિવર્ધને બે વર્ષ માતાપિતાના વિયોગના દુઃખને શમાવવા માટે રહેવાનું જણાવ્યા છતાં તેટલી મુદત તે માટે જરૂરી છે કે કેમ અને તેટલું રહેવું કે કેમ ? તે બધું ભગવાન્ મહાવીર મહારાજની મરજી ઉપર હતું.

## ભગવાન્ મહાવીર મહારાજે માગણી કબુલ કરવા પ્હેલાં મ્હેલેલો અવધિનો ઉપયોગ

તેથીજ તે મહારાજા નંદિવર્ધનની મુદત કબુલ કરવા પહેલાં ભગવાન્ મહાવીર મહારાજે પોતાની દીક્ષાનો વખત જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો. અપ્રતિપાતી, નિર્મળ અને કેઈ રાજલોક સુધી જેનાથી દેખી શકાય એવા અવધિજ્ઞાનને ધારણ કરવાવાળા ભગવાન્ મહાવીર મહારાજને અવધિજ્ઞાનથી માલમ પડ્યું કે મારી દીક્ષાનો વખત બે વર્ષ પછી છે. જ્યારે અવધિજ્ઞાનથી આવી રીતે બે વર્ષની વાત માલમ પડી ત્યારે મહારાજા નંદિવર્ધનની વિનંતિ અને કુટુંબની કાકલુદીને બે વર્ષના અવસ્થાનમાં નિમિત્તરૂપે દાખલ કરી.

## બે વર્ષની મુદતના સ્વીકારની શરતો

પણ ભગવાન્ મહાવીર મહારાજે તે બે વર્ષ માટે જે શરતો કરાવી છે તે શરતોનો વિચાર સામાન્ય જનની દૃષ્ટિએ નહિ પણ રાજકુમારપણાની સ્થિતિને

અંગે વિચારીએ તો ખરેખર તે સત્ત્વનું કઠિનપણું વિયોગના દુઃખો કરતાં પણ અત્યંત તીવ્ર ગણાય.

૧ બે વર્ષ દરમિયાન અર્થાત્ ચોવીસ મહિના જેવા લાંબા કાળ સુધીમાં હું એકે વખત સ્નાન કરીશ નહિ.

૨ ચોવીસ મહિના જેવી લાંબી મુદત હું ગૃહસ્થપણામાં રહું તોપણ સંપૂર્ણપણે બ્રહ્મચર્યને પાળીશ. (મહાવીર મહારાજની હયાતિ અને હાજરીમાં એક જ ભવનમાં ભગવાન્ મહાવીર મહરાજા બ્રહ્મચર્ય પાળે તેમાં યશોદાની શી સ્થિતિ થાય અને તે નંદિવર્ધનથી કેમ સાંખી જાય?)

૩ બે વર્ષ દરમિયાન કોઈપણ દિવસ કે કોઈપણ વખત મારે માટે કાંઈપણ રસોઈ કરવી નહિ. (રાજકુમાર જેવી અવસ્થામાં સાધુની માફક અન્યને માટેજ કરેલું લેવાનો નિયમ કરવો અને તે પ્રમાણેજ વર્તવું એ સ્નેહાધીન કુટુંબીઓને દેખવું કેવું ભારે પડે એ સહેજે પણ કલ્પી શકાય તેવું છે.)

૪ જેમ સાધુ મહાત્માઓ કે ઉત્કૃષ્ટ શ્રાવકો સચિત્ત જલનો આરંભ વર્જવા માટે પીવાને માટેનું પાણીપણ ફાસુજ રાખે છે તેવી રીતે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા આખા કુટુંબની રીતિ કરતાં વિચિત્ર રીતિએ પોતાને માટે નહિ કરેલા એવા અને કેવળ ફાસુ પાણીના નિયમ ઉપર નિર્ભર રહે છે. (આ વસ્તુ દેખતાં મહારાજા નંદિવર્ધન અને આખા કુટુંબને હૃદયમાં શું થાય તે કલ્પનાની બહાર નથી.)

## અભિગ્રહ અને બે વર્ષની મુદતના સ્વીકારથી લેવો જોઈતો ધડો

આવી ભગવાન્ મહાવીર મહારાજે માગેલી શરતો મહારાજા નંદિવર્ધન અને તેમના કુટુંબીજનોએ કબુલ કરી. (આ હકીકતનો ખરો વિચાર ભગવાન્ મહાવીર મહારાજે માતાપિતાને અંગે દીક્ષા નહિ લેવાના કરેલા અભિગ્રહને આગળ કરનાર યુવકોએ કરવાનો છે, કેમકે દીક્ષાના અભિલાષીઓ આવી રીતે કુટુંબમાં વર્તે તોપણ કુટુંબીઓએ સગવડ કરી આપવી જોઈએ, પણ યુવકોના વિચાર પ્રમાણે તો દીક્ષા લેનારો જો પરણેલો હોય તો છતા ધણીએ વૈધવ્ય માનવામાં આવ્યું છે ત્યારે તે યુવકોના વિચાર પ્રમાણે આ તો ખરેખર પથારીમાં પોઢેલા ધણીએજ વૈધવ્ય ગણાશે, પણ એવા ઉદ્ધત યુવકોના વિચાર જડવાદના જોરેજ જામેલા હોઈ તે વખતે તેનું નામનિશાન પણ નહોતું અને તેથી તેની આજકાલના યુવકો જેવી અસર મહારાજા નંદિવર્ધન વિગેરેને નહોતી અને તેથીજ તે શરત કબુલ થએલી.)

(દીક્ષાર્થીઓએ પણ એ ઉપરથી વિચાર કરવાની જરૂર છે કે મહારાજ નંદિવર્ધન જેવા શોકમાં ડૂબેલા અને સ્નેહને ધરનારાની લાગણી ઉપર કેવળ ધ્યાન નહિ રાખતાં કદાચ ઘેર રહેવું પડે તો ભગવાન્ મહાવીર મહારાજની શરતોને અમલમાં મૂકે કે જેથી કુટુંબીઓનો ચાહે તેવો સ્નેહ હોય તો તે પીગળ્યા સિવાય રહે નહિ, અને દીક્ષાર્થીઓને પોતાના પરિણામની દૃઢતાની કસોટિ કરવાનો અનાયાસે પ્રસંગ મળે.)

મહારાજા નંદિવર્ધન વિગેરે જો કે ભગવાન્ મહાવીર મહારાજની શરતોને પ્રતિદિન અને પ્રતિપળ દાહ કરનારી અને દુઃખ કરનારી ગણે પણ તેઓનો સ્નેહ યુવકોની હોળીમાં હોમાતા આજકાલના સ્વાર્થાંધ સ્નેહીઓ જેવો ન હતો, પણ તેમનો સ્નેહ બીજા બાહ્ય સ્વાર્થ વગરનો હોઈ કેવળ ગૃહસ્થાવસ્થા પૂરતોજ હતો, અને તેથી કોઈ પણ ભોગે ભગવાન્ મહાવીર મહારાજનું મુખચંદ્ર દેખવું પરમ ઈષ્ટ ગણેલું હોઈ તેવી દુનિયાદારીના સુખની અપેક્ષાએ ભયંકર શરતો મહારાજા નંદિવર્ધને તથા કુટુંબીઓએ કબુલ કરી, અને એવી રીતે ભગવાનના બે વર્ષનું ગૃહસ્થાવસ્થાન ભગવાન્ મહાવીરે દયાબુદ્ધિથી આપ્યું એમ કબુલ કર્યું, એ અપેક્ષાએ ભગવાન્ મહાવીર મહારાજે નંદિવર્ધન ઉપર લૌકિક હિત કરી ઉપકાર કર્યો તેમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૦)

# દીવાળી (દીપાલિકા) અને જૈનો

**વર્ષની સમાપ્તિ કે શરૂઆતને દીવાળી સાથે સંબંધ છે કે ?**

વર્તમાનકાળમાં સર્વ હિન્દુવર્ગ દીવાળીના તહેવારને પ્રસિદ્ધ રીતે અને આડંબરપૂર્વક માને છે, જો કે તેમાં કેટલાક દેશવાળાઓની ધારણા નિર્વિઘ્ન વર્ષસમાપ્તિ થઈ તેને અંગે થતા મહોત્સવ તરફ હોય છે, અને તેવીજ રીતે અન્ય પણ પારસી વિગેરે કોમો હિન્દુના અનુકરણથી હિંદુની દીવાળીને દિવસે કંઈક મહોત્સવ ઉજવે છે, પણ વાસ્તવિક રીતે તો પોતાના વર્ષમાં સમાપ્તિ થતાં દીવાળી ઉજવે છે, અને તેને અંગે પતેતીનો ઓચ્છવ કરે છે. મુસ્લિમો અને ક્રિશ્ચિયનો પણ પોતાના જુના વર્ષની સમાપ્તિ અને નવા વર્ષની શરૂઆતમાં ઓચ્છવ કરે છે, પણ તે પારસી વિગેરેમાં વર્ષ સમાપ્તિ અને શરૂઆત બધે એક સરખી મનાતી હોવાથી સર્વત્ર તે તે કોમ એક સરખી દીવાળી ઉજવે છે. જ્યારે હિંદુઓની જુદા જુદા દેશે, જુદી જુદી તિથિએ વર્ષની સમાપ્તિ અને શરૂઆત ગણવામાં આવે છે. કોઈક દેશમાં કાર્તિક સૂદિથી વર્ષની શરૂઆત હોય છે, જ્યારે કોઈકમાં ચૈત્ર સૂદિ એકમથી અને કોઈકમાં શ્રાવણ સૂદિ એકમથી હોય છે.

**પ્રાચીન કાલના રાજા અને જૈનોને વર્ષની શરૂઆત અને સમાપ્તિ ક્યારે ?**

પ્રાચીનકાળ અને જૈનશાસ્ત્રની રીતિ પ્રમાણે માત્ર કુદરતની રીતિને અનુસરીને આષાઢ સૂદિ પૂર્ણિમાને દિવસે વર્ષની સમાપ્તિ અને શ્રાવણ વદિ એકમને દિવસે વર્ષની શરૂઆત માનતા હતા અને એ પ્રમાણે વર્ષની સમાપ્તિ અને શરૂઆત માનવાનું કૌટિલિય રાજનીતિ પ્રવર્તાવનારાં નીતિશાસ્ત્રો વિગેરે કહે છે. વર્ષાઋતુની શરૂઆત શ્રાવણ વદિ એકમે થતી હોવાથી વર્ષનો આરંભ તે વખતે થાય તે ઘણોજ સંભવિત છે, અને આષાઢ સૂદિ પૂર્ણિમાએ વર્ષની સમાપ્તિ આપોઆપ ગણાઈ જાય. ટૂંકમાં વર્ષની સમાપ્તિ કે શરૂઆતને અંગે કરાતી દીવાળી અનિયમિત અને ઘણીજ પાછળથી પ્રવર્તેલી ગણાય કેમકે વર્તમાનમાં ચાલતી સંવત્સરોની સંખ્યા ૧૯૯૨ કરતાં કોઈની અધિકતાવાળી નથી, પણ દીવાળીનું પર્વ તેનાથી ઘણુંજ જુનું છે. અર્થાત્ એમ કહીએ તો ચાલે કે દીવાળીપર્વની પ્રવૃત્તિ ૨૪૬૨ વર્ષ પહેલાંની છે.

***દીવાળી પર્વની શરૂઆતનો ભગવાન્ વીરના મોક્ષ સાથે સંબંધ***

આ દીવાળીપર્વની પ્રવૃત્તિને માટે યુગપ્રધાન ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ રચેલા શ્રીકલ્પસૂત્રમાં गए से भावुज्जोए दव्वुज्जोयं करिस्सामो એ વાક્યથી આજથી સાડી બાવીસો વર્ષો પૂર્વે જાહેર કરે છે, એટલે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા ચરમ તીર્થંકર હતા અને તેઓનું નિર્વાણ થવાથી ભગવાન્ મહાવીરે કરેલો કેવળજ્ઞાનદ્વારા જગતનો ઉદ્યોત બંધ થયો અને તેથી કાશી અને કોશલ દેશના અઢાર ગણરાજાઓએ એકમતથી દ્રવ્યઉદ્યોત એટલે દીવાઓ કરવાની પ્રવૃત્તિ તે અમાવાસ્યાએ શરૂ કરી. દીવાળીના શબ્દાર્થને વિચારતાં દીવાઓની આલિ (આવલિ) શ્રેણિ જે દિવસે મુખ્યતાએ કરવામાં આવે

તે દિવસના તહેવારને દીવાળી કહેવામાં આવે એ સ્વાભાવિક છે. ધ્યાન રાખવાની જરૂર છે કે આ તહેવારને જણાવનારો દીવાળીશબ્દ જન્માષ્ટમી આદિની માફક જન્મ કે વિજયઆદિને સૂચવનારો નથી, તેમ રામનવમીઆદિની માફક શ્રીરામચંદ્રજી કે કોઈ તેવા ઐતિહાસિક પુરુષની યાદીને સૂચવનારો નથી પણ માત્ર તે દીવા કરવાની પ્રવૃત્તિને જ સૂચવનારો છે.

## મોક્ષ માટે નિર્વાણશબ્દની શ્રેષ્ઠતા ને તેથી દીવાળી

હવે વિચારવાનું એજ રહે છે કે દીવા કરવાની પ્રવૃત્તિમાત્રને સૂચવનારો આ તહેવાર ઉપર જણાવ્યા પ્રમાણે નિર્વાણને અંગે પ્રવર્તેલો છે કે નહિ? જૈન વિગેરે અનેક મતોના શાસ્ત્રોથી મોક્ષ પામનારા પુરુષને નિર્વાણ પામ્યો એમ સ્પષ્ટપણે કહેવામાં આવે છે, તેમાં પણ જૈનોએ સમ્યગ્દર્શનાદિ માર્ગને જ **निव्वाणमग्गं** એમ કહી નિર્વાણનો માર્ગ જણાવ્યો છે અને દરેક તીર્થંકરના મોક્ષ વખતે **परिनिव्वुडे** એમ કહી સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને સર્વ દુઃખને અંત કરવાની દશા કરતાં છેલ્લામાં છેલ્લી દશા નિર્વાણની જણાવેલી છે, અને નિર્વાણ શબ્દ જેવી રીતે પરમ પદની પ્રાપ્તિ વખત થતી નિર્વાણદશાને લાગુ પડે છે, તેવી રીતે તેજ નિર્વાણશબ્દ અગ્નિના એટલે દીવાના ઓલાવવાને પણ લાગુ પડે છે, અને સ્વાભાવિક રીતે જગતમાં એક દીપકના ઓલાવાથી બીજો દીપક કરવો પડે તે સ્વાભાવિક છે, તેમજ મહાન્ દીપકના ઓલાવાથી ઘણા દીપકો કરવાની ફરજ પડે કે કરવા પડે તેમાં કંઈ નવું સમજાવવાનું નથી. અર્થાત્ કેવળજ્ઞાનરૂપી ભાવઉદ્યોતવાળા ભગવાન્ મહાવીર મહારાજારૂપી જબરદસ્ત ભાવદીપકના નિર્વાણને અંગે સર્વત્ર દ્રવ્યદીપથી ઉદ્યોત કરવાની પ્રવૃત્તિ થાય તે ઘણીજ સુસંગત ગણાય અને એ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણને અંગે જ દીપાલિકાપર્વની પ્રવૃત્તિ કાશી અને કોશલ દેશ કે જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના કેવળજ્ઞાનરૂપી દીપકનો લાભ અસ્ખલિતપણે મળી રહ્યો હતો અને જે સ્થાન તે વખતને અંગે જૈનધર્મના કેન્દ્ર તરીકે હતું ત્યાં આ દ્રવ્ય દીવાઓની પ્રવૃત્તિ શરૂ થઈ.

## અન્ય તીર્થંકરોના મોક્ષ વખત પણ દેવોની દીવાળી

જો કે મનુષ્યોએ કરેલી દીવાળીની પ્રવૃત્તિ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણને અંગે આસો વદિ અમાવાસ્યા અને સ્વાતિ નક્ષત્રને અંગે છે. બાકી દેવતાઓએ કરેલી દીવાળીની પ્રવૃત્તિ તો દરેક તીર્થંકરના નિર્વાણને અંગે પણ સ્પષ્ટપણે શ્રીવીરવિજયજી જણાવે છે કેઃ 'દીવાળી કરતા દેવ' (પાર્શ્વનાથજી ભગવાનની પંચકલ્યાણકની પૂજા). દરેક તીર્થંકરનો નિર્વાણમહોત્સવ કરવા સર્વ ઈન્દ્રો દેવતાઓ સાથે આવે છે એ વાત તો સૂત્ર સિદ્ધજ છે, અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના નિર્વાણસમયે લોકના સ્વભાવેજ સર્વ લોકમાં અંધારૂં થાય છે એ સૂત્રસિદ્ધ જ છે, ભગવાન્ શ્રી મહાવીરની નિર્વાણની દીવાળીને અને કાર્તિક પૂનમે દેવદીવાળી પણ રૂઢ છે. સંભવ છે કે અહિંનો દીવાળીનો ઉત્સવ ચાલ્યો હોય ને તે પંદર દિવસ લંબાતાં અન્ત્યનો દિવસ દેવતાના મહોત્સવવાળો હોય અને તેવી વખતે લોકો દીવાની આવલિ એટલે શ્રેણિને પ્રગટાવે તેમાં કાંઈ નવાઈ જેવું નથી, પણ તે છતાં વિશેષ વિચિત્રતા તો એ છે કે ભગવાન્ મહાવીર મહારાજનું નિર્વાણ અમાવાસ્યા જેવા સામાન્ય રીતે સર્વત્ર અંધકાર છવાવી નાખવામાં ઉત્કૃષ્ટા એવા દિવસે થએલું છે અને તેમાં પણ અમાવાસ્યાની રાત્રિએ થએલું હોવાથી લોકોને દીવાની શ્રેણિ કરવાનું વધારે મન થાય તે સ્વાભાવિક જ છે.

**ભગવાન્ મહાવીરની નિર્વાણ અવસ્થાની વિશિષ્ટતા**

વળી એ પણ ધ્યાન ખેંચનારી બીના છે કે કોઈપણ તીર્થંકરે અંત સમયમાં નહિ કરેલી એવી સોળ પહોર સુધી લાગલાગટ ધર્મદેશના શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે નિર્વાણ વખતે આપેલી છે, અને તે દેશનામાં પણ પંચાવન અધ્યયનો પાપફળને જણાવનારાં, પંચાવન અધ્યયનો પુણ્યફળને જણાવનારાં, છત્રીસ વગર પૂછેલા છતાં ઉત્તરરૂપ અધ્યયનો એકંદરે ૧૪૬ અધ્યયનો નિરૂપણ કરી, ૧૪૭મા આ ચોવિસીમાં પ્રથમ સિદ્ધ તરીકે પંકાએલી માતા મરૂદેવાના અધિકારવાળા અધ્યયનને નિરૂપણ કરતાં નિર્વાણપદને પામ્યા, તેથી એવી અપૂર્વ વસ્તુઓ લાગલાગટની સાંભળવાની મળે, તેવા અપૂર્વ અવસરનો લાભ લેવા નવ મલ્લકી જાતિના અને મ્લેચ્છકી જાતિના અઢારે પણ ગણરાજાઓ હાજર થએલા છે.

**અઢાર ગણરાજાઓ જ ત્યાં કેમ ? કોણિકની સ્થિતિ ને મધ્યમાપાપા નામ કેમ ?**

આ જગો પર એક વાત ધ્યાનમાં રાખવાની છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું નિર્વાણ મધ્યમાપાપા નગરીમાં થએલું છે. આ પાપાનગરીને મધ્યમા વિશેષણ કલ્પસૂત્રકાર ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીને એટલા જ માટે લગાડવું પડ્યું કે ભંગી દેશની રાજધાનીનું નામ પાપા છે, અને તે ભંગી દેશની પાપાને કોઈ મહાવીર મહારાજની નિર્વાણની ભૂમિ ન સમજી લે પણ આ પાપાનગરી મગધદેશમાં મધ્યમા નગરીની પાસે આવેલી અપાપા સમજવી. જોકે આ પાપાની સાથે રાજગૃહી નગરીનો ઘણોજ નિકટનો સંબંધ છે, પણ ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીના વખતમાં રાજગૃહીનું વર્ચસ્વ ઘણુંજ લુપ્તપ્રાય થઈ ગએલું હોવું જોઈએ.

**ચંપાનગરીમાં મગધની રાજધાની કેમ ?**

કેમકે ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણની લગભગમાંજ રાજગૃહીનું પરાવર્તન થઈ સર્વવર્ચસ્વ ચંપાપુરીમાં કોણિક લઈ ગએલા હતા, અને તેથીજ કોણિકના સામૈયાને અંગે શ્રીઉવવાઈઉપાંગમાં ચંપાનગરીનુંજ અદ્વિતીય વર્ણન કરવામાં આવેલું છે.

**શ્રીશ્રેણિકના મૃત્યુનો કાલ**

સાથે એ પણ સમજવું જરૂરી છે કે મહારાજા શ્રેણિકનું મૃત્યુ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ કરતાં સોળ વર્ષ કરતાં પણ ઘણી પહેલી મુદતે થયું છે, કારણ કે સોળ વર્ષે દીક્ષા લેનાર ભગવાન્ જંબૂસ્વામીજી બ્રહ્મદેવ લોકથી ચ્યવીને ગર્ભમાં પણ આવ્યા ન હતા તે વખતે અને ચ્યવવાની નજીકમાં રાજગૃહીનગરીમાં સમોવસરેલા ભગવાન્ મહાવીર મહારાજને વંદન કરવાને તે જંબૂસ્વામીજીનો જીવ વિદ્યુતમાલિ દેવતારૂપે આવેલો હતો અને તે વખત મહારાજા શ્રેણિક રાજ્યારૂઢ હતા, અને તે જંબૂસ્વામીજી થોડીજ મુદતમાં ચ્યવવાના છે અને ચરમ કેવળી થશે એ વાત શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે શ્રીમુખે મહારાજા શ્રેણિકને જણાવી હતી, અને આ જ વિદ્યુતમાલિ ઘણાજ ટૂંકા કાલમાં ચ્યવીને જંબૂસ્વામી થયા અને તેમને સોળ વર્ષની ઉંમરે સુધર્મસ્વામીજીએ દીક્ષા આપી, અને તે જંબૂસ્વામીજી અને સુધર્મસ્વામીજીના સ્પષ્ટ પ્રશ્નોત્તરરૂપે ચાલતા જ્ઞાતાસૂત્ર વિગેરે શાસ્ત્રો ચંપાનગરીના નામથી અંકિત થયાં.

**ભગવાન્ મહાવીરની હયાતિમાં જ કોણિકની નૃપતા**

ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ પહેલાં સોળ વર્ષે ગોશાલાનો ઉપદ્રવ થયો અને તે ઉપદ્રવ વખતમાં કોણિક રાજગાદી ઉપર આવીજ ગએલો હતો, કેમકે તે ગોશાલો જે મહાશિલાકંટક સંગ્રામને ચરમ પદાર્થોની ગણતરીમાં ગણાવે છે, તે મહાશિલાકંટક સંગ્રામ લડનાર કોણિકજ હતો, એટલે સ્પષ્ટપણે માલમ પડે છે કે ભગવાન્ મહાવીર

મહારાજાના નિર્વાણથી પહેલાં લગભગ સત્તરમાં વર્ષમાં શ્રેણિકનું મૃત્યુ, કોણિકનો રાજ્યારોહ, ગોશાલાનો ઉપદ્રવ, મહાશિલાકંટકનું બનવું અને જંબૂસ્વામીજીનું દેવલોકથી ચ્યવવું એ બધું બનેલું છે, અને તેથી તેની નજદીકનાજ કાળમાં ચંપામાં કોણિકનું રાજવર્ચસ્વ થયું હોય તો અસંભવિત નથી, અને તેથી પાપાની પાસેની મધ્યમાનગરી વધારે જાહોજલાલીવાળી હોય, અને તેથી તેને અંગે પાપા નગરીની વિશેષતા કરતાં રાજગૃહીની વિશેષતા ન કરી હોય પણ મધ્યમાની કરી હોય.

### અંગની રાજધાનીપણું ચંપાનું ક્યારે ગયું ?

જો કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ પહેલાં એકત્રીસ વર્ષે ચંપાનગરીનું સામ્રાજ્ય મહારાજા શતાનિક કે જેઓ વત્સદેશ અને કૌશમ્બીના માલિક હતા, તેઓએ નદીના લશ્કર દ્વારાએ ચંપાનું રાજ્ય કબજે કર્યું હતું, પણ તેજ શતાનિક ઉપર ચૌદ મુકુટબદ્ધરાજાની સાથે માલવાધિપતિ ચંડપ્રદ્યોતને હલ્લો કર્યો અને કૌશંબીના રાજ્યને અસ્તવ્યસ્ત કરી નાખ્યું, તે વખતે કોણિકે પાર્શ્નિગ્રાહ કરીને ચંપાનગરીનું રાજ્ય પડાવી લીધું હોય તો તેમાં કાંઈ નવાઈ જેવું લાગતું નથી, અને તેથી પડાવી લીધેલી ચંપામાંજ કોણિકે રાજધાની કરી હોય તો તે ઘણું સંભવિત છે, અને તેથી રાજગૃહીનું તે વખતે વર્ચસ્વ ઓછું થયું હોય તો ના કહી શકાય નહિ.

### કલ્પસૂત્રના પ્રણયનકાલે પાટલિપુત્રનું વર્ચસ્વ

જો કે કલ્પસૂત્રના રચનાકાલે તો જેમ રાજગૃહીમાં વર્ચસ્વ નહોતું તેમ ચંપાનગરીમાં પણ વર્ચસ્વ રહ્યું નહોતું, કેમકે મહારાજા શ્રેણિકના કાળધર્મથી ઉદ્વેગ પામેલા કોણિકે જેમ રાજગૃહી છોડી, તેવીજ રીતે કોણિકના મરણથી ઉદ્વેગ પામેલા તેના પુત્ર ઉદાયીએ ચંપાની રાજધાની છોડી દઈને, પાટલિપુત્ર નામનું નવું શહેર વસાવીને ત્યાં રાજધાની કરી, અને તે પાટલિપુત્રની રાજધાની થયાને એક સેંકડો લગભગ નીકળી ગયા પછી જ ભદ્રબાહુસ્વામીનો વખત આવે છે, અને તેથી તે વખતે રાજગૃહીનું વર્ચસ્વ સર્વથા નષ્ટ જેવું થઈ ગયું હોય અને મધ્યમાનું વર્ચસ્વ કોઈપણ વ્યાપારાદિક કારણને અંગે હોય અને તેથી તે મધ્યમાની નિકટતાનો સંબંધ લઈ મધ્યમાપાપા કહી ઓળખાવવી પડી હોય તો તે અસંગત નથી.

### અઢાર ગણરાજાઓનું વર્ચસ્વ તે વખત કેટલું?

જો કે અઢારે ગણરાજાઓ જે કાશી, કોશલના માલિકો, અને ચેડા મહારાજાના સામંતો હતા તેઓનું ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણ વખતે તેવું વર્ચસ્વ નહિ હોવા છતાં મહાવર્ચસ્વવાળા તો હતાજ, કેમકે કોણિક રાજાને ચેડા મહારાજ ઉપર દ્વેષ હતો અને તેથી તેનીજ નગરી ઉજ્જડ કરી અને તેના કુટુંબનો ક્ષય કરવાનો ભારે પ્રયત્ન કર્યો. ટુંકમાં કહીએ તો વિદેહ દેશની રાજધાની તરીકે પંકાએલી વિશાલાનો સર્વથા નાશ કર્યો અને ચેડા મહારાજાના વંશનો પણ નાશ કર્યો.

### કોણિકે નગરી અને વંશના નાશની હાકેલી બડાઈ ને તેનો બદલો

જો કે કોણિકે તે વિશાલા અને ચેડા મહારાજાના વંશનો નાશ કરવામાં પોતાની બડાઈ ઈતિહાસમાં દાખલ કરી, પણ તે કોણિકે હાકેલી મગધની બડાઈને લીધેજ કલિંગમાં ગએલા ચેટક મહારાજના સંતાનોએ તે વેર વાળ્યું અને ઈતિહાસમાં જાહેર કરેલા કોણિકના શબ્દોને ધોઈ નાખવા આખા મગધ ઉપર આક્રમણ કર્યું, અને તેથી ખારવેલ કે જે હાથીગુફાના લેખોને લખનાર છે, તેને પોતાના લેખમાં પોતાના લશ્કરના હાથીઓને જીતની સાથે ગંગામાં પાણી પાયાની અર્થાત્ આખા મગધને હરાવી દીધાની તવારીખ શિલાલેખમાં કોતરાવે છે,

અને કોણિકે ચેડા મહારાજાના વંશના નિકંદનને માટે ઈતિહાસમાં વાપરેલા શબ્દોને ધોવા માટેજ તે ખારવેલ મહારાજા પોતાના વિશેષણમાં **चेतकवस्सवध्धणेन** એમ કહી કોણિકે લખેલા ચેટકવંશના નિકંદનનો જવાબ ચેટકવંશને વધારનારા અને મગધને જીતનારા એવા વિશેષણો લગાડી આપે છે. આવી રીતે વિશાલા અને ચેડાનો ધ્વંસ થયા છતાં પણ કાશીકોશલના નવ મલ્લકી અને નવ મ્લેચ્છકી એવા અઢાર ગણરાજાઓ કે જેઓ ચેડા મહારાજાનું અમોઘ બાણ ખાલી જતાં વિશાલાથી ચાલ્યા ગએલા હોવા જોઈએ, તેમના રાજ્યને કે વંશને કોણિકની આજ્ઞા માનવા સિવાય બીજું કાંઈ નુકસાન સહન કરવું પડેલું જણાતું નથી, અને તેથી ભગવાનના નિર્વાણ વખતે અઢારે તે ગણરાજાઓ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની અંતિમ સોળ પહોરની એકસો સુડતાળીસ અધ્યયનની દેશના સાંભળવા આવ્યા હોય તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી.

## નિર્વાણ વખતે કોણિકની હાજરી નહિ છતાં તેનું જૈનાગ્રહીપણું

જો કે તે વખત મહારાજા તરીકેની ગણતરી તે સ્થળમાં કોણિકની હતી, છતાં તે કોણિક રાજ્ય લોભમાં આગળ ને આગળ વધતો ગએલો હોવાથી તેટલે દૂર અને તેટલી ફુરસદ લઈને રહી શકે તે અસંભવિત છે અને તેથીજ તે વખત કોણિકની હાજરી ન હોય તે સ્વાભાવિક છે. જો કે કોણિક ભગવાન્ મહાવીર મહારાજના જીવન પર્યંત ભકત રહ્યો છે એટલુંજ નહિ પણ ભગવાન્ સુધર્મસ્વામીજી કે જેઓ ભગવાન્ મહાવીર મહારાજના પાંચમા છતાં પણ મુખ્ય ગણધર છે, તેમની સેવા ચંપા નગરીમાં પણ તે કોણિક કરતો હતો એ હકીકત શાસ્ત્રમાં સાફ સાફ શબ્દથી જણાવાએલી છે. ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણને અંગે દીવાળીનો તહેવાર અઢાર ગણરાજાઓએ કેમ પ્રગટ કર્યો એ ઉપરની હકીકતથી સવિસ્તર સમજાયું હશે, હવે તે દીવાલીનો તહેવાર અઢાર ગણરાજાની મહત્તાને લીધે અને કોણિકની સહાનુભૂતિને લીધે જગતવ્યાપક બને તેમાં કાંઈ આશ્ચર્યજ નથી, અને તેથી વર્તમાન દીવાલી તહેવારની મૂળ ઉત્પત્તિ જૈનધર્મની માન્યતાવાળી પ્રજાને અંગેજ થયેલી છે, પણ સંવત્સરઆદિની સમાપ્તિ કે શરૂઆતને અંગે થએલી નથી એમ ચોકખી રીતે સમજી શકાશે.

## દીવાળીના પર્વે વિરતિવાળાનું કર્ત્તવ્ય

એ દીવાળીના તહેવારમાં વિરતિરહિત શ્રાવકોએ દીવાદિક કરીને ભગવાનના નિર્વાણનો મહિમા જણાવાય, પણ ખરી રીતે તો વિરતિ કરી શકે તેવા મહાપુરુષોએ તો સોળે પહોરના ચારે પ્રકારના પૌષધ કરીનેજ આ પર્વ આરાધવાની જરૂર છે. જિનેશ્વર મહારાજના શાસનમાં ધર્મની આરાધનાનો મુખ્ય પાયોજ ત્યાગ ઉપર છે, અને તેથી ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણકલ્યાણકની આરાધના ત્યાગદ્વારાએ એટલે ચતુર્વિધ પૌષધયુક્ત છટ્ઠ કરવાદ્વારાએજ કરવી વ્યાજબી છે. જો કે અન્ય તીર્થંકરોના એકલા નિર્વાણકલ્યાણકને અંગે એકલું તે નિર્વાણકલ્યાણક હોવાને લીધે માત્ર એકાસણું જ કરવાનું હોય છે, પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા વર્તમાન શાસનના સ્થાપક અને માલિક હોવાને લીધે, તેમના નિર્વાણની આરાધનામાં ચતુર્વિધ પૌષધયુકત છટ્ઠ તપસ્યાની જરૂર છે.

## લોક કરે તે પ્રમાણે દીવાળી કરવાનું કારણ

જોકે ભગવાન્ મહાવીર મહારાજાનું નિર્વાણ કાર્તિક વદિ અમાવાસ્યા એટલે ગુજરાતની અપેક્ષાએ

આસો વદિ અમાવાસ્યાએ થએલું છે, અને તેથી અન્ય કલ્યાણકોના દિવસોની તિથિઓની માફક તે અમાવાસ્યાની તિથિજ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણકલ્યાણકની તિથિ તરીકે આરાધવી ઉચિત ગણાય, છતાં ઉપર જણાવેલા વૃત્તાંત પ્રમાણે રાજાના સમૂહે તે દીપક કરવારૂપ દીવાળીનું પર્વ જગતવ્યાપક કરી દીધેલું હોવાથી તેને અંગે દીવાળીનું પર્વ અમાવાસ્યાની તિથિ ઉપર નિર્ભર નહિ રાખતાં લોકસમૂહ જે દિવસે દીવાળી કરે તે દિવસેજ શાસ્ત્રકારોએ જૈનોને દીવાળી કરવાનું ફરમાન कार्य लोकानुगैः એમ કહી કર્યું છે. આ વાત ધ્યાનમાં નહિ રાખતાં જેઓ અમાવાસ્યા કે સ્વાતિનક્ષત્રનેજ પકડે અને તેને અંગેજ દીવાળી કરવાનું કહે કે મનાવે તે શાસ્ત્રકારોના ફરમાન મુજબ વર્તવાવાળા નથી એમ સ્પષ્ટ થાય છે. શાસ્ત્રને અનુસરનારાઓએ તો દીવાળીનો મહિમા જાળવવા માટે દાખવેલી શાસ્ત્રકારોએ જે ઉંચી દૃષ્ટિ છે તેને ધ્યાનમાં રાખી લોકરૂઢિએ જે દીવાળી થાય તેજ પ્રમાણે દીવાળી ગણી, સોળ પહોરના પૌષધયુક્ત છઠ્ઠની તપસ્યા કરી દીવાળીપર્વની આરાધના કરવી જોઈએ.


## જાહેર ખબર

### નવીન બહાર પડેલા ગ્રંથો

| | |
|---|---|
| ૧. તત્ત્વતરંગિણી | ૦-૮-૦ |
| ૨. લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૩. સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ | ૨-૮-૦ |
| ૪. આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| આચારાંગ પ્રથમ લેજર કાગળ | ૫-૦-૦ |

### નવા છપાતા ગ્રંથો

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્ કોટ્યાચાર્યકૃત ટીકા વિભૂષિતં
૫. ભવભાવના (મલધારી હેમચંદ્ર પ્રણીત સટીક)
૬. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત**

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(અનુસંધાન તૃતીય વર્ષ પાના ૫૮૦ થી ચાલુ)

**અધિકમાસવાળું અભિવર્ધિત જાણવાની રીત.**

દરેક પાંચ વર્ષના યુગમાં ત્રીજો અને પાંચમો એ બે અભિવર્ધિત હોય છે. અભિવર્ધિત વર્ષ એટલે તેર ચંદ્રમાસનું વર્ષ અર્થાત્ દરેક યુગમાં બાર ચંદ્રમાસવાળા ત્રણ વર્ષ હોય, અને તેર ચંદ્રમાસવાળા વર્ષ કે જેને આપણે અભિવર્ધિત વર્ષ કહીએ છીએ, તેવાં અભિવર્ધિત વર્ષો ત્રીજો અને પાંચમો એમ મળીને બે હોય છે. અર્થાત્ અભિવર્ધિત વર્ષ છે કે ચંદ્રવર્ષ છે તે જાણવા માટે થએલી આરાના વર્ષની સંખ્યાને પાંચે ભાગતાં જો શૂન્ય આવે તો તે વર્ષે આષાઢ મહિનો અધિક છે એમ સમજાય અને જો તે પાંચ ભાગતાં ત્રણ વધે તો પોષ મહિનો અધિક છે એમ સમજાય.

**પુસ્તકારોહણનું વર્ષ અભિવર્ધિત હતું કે ચંદ્રવર્ષ ?**

યાદ રાખવું કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું નિર્વાણ જે કાર્તિક વદિ અમાવાસ્યાએ થયું તે છેલ્લા યુગનું બીજું ચંદ્રવર્ષ હતું, અને તેથી તે વર્ષના આષાઢ મહિના સુધીના વખતમાં એટલે સાડી આઠ મહિના સુધીમાં કોઈ પણ મહિનો વધવાનો નહતો, પણ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ પછીના બીજા વર્ષમાં પોષ મહિનો વધ્યો અને તે અભિવર્ધિત કહેવાય, એ હિસાબે પુસ્તકની જે વાચના ભગવાનના મોક્ષ પામ્યા પછી ૯૮૦ વર્ષે થઈ, એટલે તેમાંથી એ યુગના હિસાબે સામાન્ય ત્રણ વર્ષ તો ઓછાં કરવાંજ જોઈએ, અને એ હિસાબે પાંચમા આરાના ૯૭૭ વર્ષ થયા પછી સિદ્ધાંતનું પુસ્તકારૂઢપણું થયું ગણાય, પણ પુસ્તકારૂઢપણાનો મહિનો નિયમિત ન હોવાથી સાડીઆઠ માસનો હિસાબ કે જે ત્રણ વર્ષ ઉપર યુગની સમાપ્તિ વખતમાં ગણાતો હતો તે વખત ગયો છે કે કેમ ? તે ચોકસ કહી શકાય નહિ. શાસ્ત્રકારો તો સામાન્ય રીતે ૯૮૦ મું વર્ષ જાય છે એમ જણાવે છે, પણ તે ૯૮૦ મા વર્ષનો કલ્પસૂત્ર લખવાની વખતે કે સૂત્રો ઉદ્ધરવાની વખતે શરૂઆતનો હતો, મધ્યનો હતો કે અંતનો હતો તે કાંઈ કહી શકાય નહિ, પણ સામાન્ય રીતે ભગવાનના નિર્વાણની વખતે બીજું ચંદ્રવર્ષ હોવાને લીધે તે કલ્પસૂત્ર લખવાની વખતે પણ બીજુ ચંદ્રવર્ષ હોય તે વધારે સંભવિત છે.

**દૈવસિક અને રાત્રિક એ બે પ્રતિક્રમણો સૂર્યના ઉદય અસ્તની અપેક્ષાએ છે.**

જૈનજનતાને એ વાત તો બરોબર માલમ છે કે જૈનો પ્રતિદિનની ક્રિયા સૂર્ય ઉદયની અપેક્ષાએ કરતા હોવાથી તેમના રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણો સૂર્યના ઉદય અને અસ્તમયની અપેક્ષા

રાખે છે, અને તેથીજ શાસ્ત્રકારો પણ સ્પષ્ટ અક્ષરમાં જણાવે છે કે સૂર્યના ઉદય પહેલાં અગીઆર ઉપકરણની પડિલેહણા થઈ શકે, તેવી રીતે રાઈપડિકમણું કરવું અને સૂર્યનું પ્રતિબિંબ અડધું ડૂબે તે વખતે ચોથું આવશ્યક જે શ્રમણ પ્રતિક્રમણ સૂત્ર તે કથન કરાય તેવી રીતે દૈવસિક પ્રતિક્રમણ શરૂ કરવું. આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશ કે દૈવસિક કે રાત્રિક પ્રતિક્રમણનો ટાઈમ ચંદ્રદિન, નક્ષત્રદિન, કર્મદિન કે અભિવર્ધિત દિનની અપેક્ષાએ નથી, પણ માત્ર સૂર્યદિનની અપેક્ષાએજ છે, અને તેથી જ શાસ્ત્રકારો **अंतो अहो निसस्स य** એમ કહી દિવસના અંતજ દૈવસિક અને રાત્રિના અંતે રાઈપડિકમણું કરવાનું સ્પષ્ટ સૂચવે છે. એટલે એમ કહી શકીએ કે સૂર્યના ઉદયની પહેલાં રાત્રિક પ્રતિક્રમણ અને સૂર્યને આથમતાં દૈવસિક પ્રતિક્રમણ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે નોકારસી, પોરસી, સાઢપોરસી, પરિમૂઢ, અવઢ, આંબેલ, નીવી; એકાસણાં એ બધી તિથિને અંગે કરવામાં આવતી તપસ્યા સૂર્યના ઉદયની સાથે સંબંધ રાખે છે, અને તે દરેકમાં ઉગ્ગએ સૂરે કે સૂરે ઉગ્ગએ એમ કહેવામાં આવે છે. અર્થાત્ પ્રતિક્રમણ તરીકે રૂઢ એવા છ આવશ્યકમાં છટ્ઠું આવશ્યક જે પચ્ચકખાણ તરીકે છે તે રાઈપ્રતિક્રમણમાં સૂર્યના ઉદયની સાથે અને દૈવસિક પ્રતિક્રમણમાં **दिवस चरिमम्** એવું પચ્ચકખાણ હોવાથી દિવસના અંતની સાથે સંબંધ રાખે છે, અને એજ કારણથી સ્પષ્ટ થશે કે દૈવસિક આદિ પ્રતિક્રમણો કેવળ સૂર્યદિનની સાથે સંબંધ રાખે છે. ચંદ્ર, નક્ષત્ર, કર્મ કે અભિવર્ધિત દિનની શરૂઆતની અપેક્ષાએ નથી તો રાત્રિક પ્રતિક્રમણ થતું કે નથી તો દૈવસિક પ્રતિક્રમણ થતું. આવી સ્થિતિ હોવાથીજ એટલે છટ્ઠા આવશ્યકનો સંબંધ સૂર્યની સાથે હોવાથી અને પચ્ચકખાણનું મૂળ સ્થાન નવકારસી વિગેરે હોવાથી સૂર્યોદયે તિથિ હોય તે તિથિજ માનવામાં આવે છે, કારણ કે પચ્ચકખાણની શરૂઆત તેમાંજ છે, અને તેથી પચ્ચકખાણની શરૂઆતમાં સૂર્ય ઉદયને ધરાવનારી તિથિ અલ્પ પણ હોય છે, અને બાકીની બીજી તિથિ તે અહોરાત્રમાં ઘણી ઘડીઓ ભોગવવાવાળી હોય, તોપણ સૂર્યોદયની વખતે જે તિથિ હોય તેજ પ્રામાણિક ગણવામાં આવે છે, અને તેને આધારેજ તપસ્યા કરવામાં આવે છે.

## પકખી ચોમાસી વગેરેના પચ્ચકખાણો પણ *સૂર્યોદયવાળા પચ્ચક્ખાણવાળા હોવાથી* તેની તિથિઓ પણ સૂર્યોદયવાળીજ જોઈએ.

એ પણ જોડે ધ્યાન રાખવું કે આઠમ, ચૌદશ, જ્ઞાનપંચમી, ચોમાસી કે સંવચ્છરીને અંગે કરવામાં આવતી ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ વિગેરે તપસ્યા તે તે તિથિના સૂર્યોદયની સાથેજ શરૂ થવાવાળી હોય છે, માટે તે તિથિની તે તે તપસ્યાની શરૂઆત તે તે તિથિવાળા સૂર્યોદયે થાય તે સ્વાભાવિક જ છે. એમ નહિ કહેવું કે તીર્થની શરૂઆતનું પહેલું પડિકમણું દૈવસિક હોય છે, અને ધર્મ પામવાવાળો વર્ગ પણ ઘણા ભાગે પહેલું પડિકમણું દૈવસિકજ કરનારા હોય છે માટે દૈવસિક પ્રતિક્રમણ વખતે એટલે કે સૂર્ય આથમતી વખતે જે તિથિ હોય તે તિથિ કેમ ન માનવી ? વળી યુગ વિગેરે સર્વ કાળના ભેદોની શરૂઆત પણ સંધ્યાકાળેજ હોય છે, માટે પણ તે આથમવાની વખતની તિથિ માનવી તે કેમ યોગ્ય ન ગણાય ? આના સમાધાનમાં સમજવાનું કે તીર્થની પ્રવૃત્તિ, ધાર્મિકની પહેલી પ્રવૃત્તિ અને વર્ષ, મહિના વિગેરેની શરૂઆત જો કે સંધ્યાકાળથી થાય છે પણ તિથિની તપસ્યાની શરૂઆત કે જે તપસ્યા તે તે તિથિએ નિયમિતપણે કરવાનું શાસ્ત્રકારોએ ફરમાન કરેલું છે, તે તે તપસ્યાની શરૂઆત જ્યારે સૂર્યના ઉદયની સાથે સંબંધવાળી રહે, તેમ જ તે તે તિથિએ

કરવાના ચૈત્ય પરિપાટિ, સર્વ સાધુવંદન, વિગેરે કાર્યો જ્યારે તે તિથિએ કરવાના છે તો પછી તે તપસ્યાની શરૂઆતવાળી સૂર્યઉદયે કરીને સંયુક્ત એવી તિથિ માનવી તે વ્યાજબી ગણાશે.

**પકખી ચૌમાસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણોનું તિથિ ને માસથી પ્રતિબદ્ધપણું.**

આવી રીતે જો કે રાઈ અને દેવસિ પડિકમણાને સૂર્યના ઉદય અને અસ્તની સાથે સંબંધ હોવાથી સૂર્યદિનની અપેક્ષાએજ તેમાં વધારો થાય છે, પણ પાક્ષિક પ્રતિક્રમણ પક્ષને અંતે હોવાથી તે કેવળ પંદર તિથિઓના હિસાબનેજ અનુસરે છે, તે પાક્ષિક પ્રતિક્રમણમાં સૂર્ય, ચંદ્ર, ઋતુ, કર્મ કે અભિવર્ધિત એકે પક્ષનો હિસાબ રહેતો નથી.

**પકખી પુનમની માનવી એ શાસ્ત્રસંમત નથી.**

શ્રીસૂત્રકૃતાંગ સૂત્રની ટીકામાં આચાર્ય મહારાજ શીલાંકાચાર્યજી ફક્ત ચોમાસીની ત્રણ પૂર્ણિમાજ ગણાવે છે. એ ઉપરથી નક્કી થાય છે કે પૂર્ણિમા કે અમાવાસ્યા એ પાક્ષિકના દિવસો નથી. જો પાક્ષિકના દિવસો હોત તો શ્રીશીલાંકાચાર્યજી બધી પૂર્ણિમાઓને પર્વ તરીકે લઈ પાક્ષિક અને ચૌમાસિક દિવસ તરીકે ગણાવત અને ઉદ્દિષ્ટા શબ્દથી મહાકલ્યાણકની તિથિઓ ન લેતાં બીજી જગો પર લેવામાં આવી છે તેમ અમાવાસ્યા લેત અને તેને પાક્ષિક દિવસ તરીકે જાહેર કરત, પણ શ્રીશીલાંકાચાર્ય મહારાજે તો ત્રણ ચોમાસીની પૂર્ણિમા લીધી અને ઉદ્દિષ્ટા શબ્દથી કલ્યાણક તિથિ કહી, તેથી પૂર્ણિમા કે અમાવાસ્યાએ પાક્ષિકનો દિવસ માનવાનો રહેતો નથી. વળી પૂર્ણિમા અને અમાવાસ્યાએ પાક્ષિકનો દિવસ માનવાથી તે દિવસે ઉપવાસ હોય અને આઠમ, ચૌદશ તિથિની અપેક્ષાએ તેને પહેલે દિવસે ચૌદશે પણ ઉપવાસ હોય તેથી પાક્ષિકનો તપ એક ઉપવાસરૂપ ન રહે પણ છટ્ઠ રૂપ થઈ જાય, અને છટ્ઠ રૂપ તપસ્યા તો શાસ્ત્રકારોએ ચોમાસીને અંગેજ કહેલી છે. અર્થાત્ ચોમાસીને અંગે છટ્ઠ કહેવાથી જ પકખીને અંગે ચૌદશેજ ઉપવાસ કરવો વ્યાજબી છે.

**પકખી આદિ માટે તિથિની સંખ્યાનો હિસાબ નામ સાથે**

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે બારે મહિનામાં ઘણા જ ઓછા પખવાડા બરાબર પંદર દિનના હોય છે, કેમકે કેઈ પખવાડા તેર દિનના, કેઈ પખવાડા ચૌદ દિનના, કેઈ પખવાડા સોળ દિવસના અને કેઈ પખવાડા સત્તર દિનના હોય છે, છતાં તેમાં કંઈ નિયમિત પંદર દિવસે પકખી પડિકમણાં થતાં નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૯૬)


## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

૧. આગમોદ્ધારક ૧-૮-૦
૨. સિદ્ધચક્રમાહાત્મ્ય ૧-૦-૦
૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ ૫-૦-૦

*શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.*

C/o.૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩




## દીવાળી માહાત્મ્ય યાને આઠ સ્વપ્નોનો સ્ફોટ

विवेकवन्तो भूत्वापि हस्तितुल्या अतः परं। वत्स्यन्ति श्रावका लुब्धाः क्षणिकर्ध्धिं सुखे गृहे ॥१॥

***હજારો વર્ષ પૂર્વે કથાએલું સ્વપ્નફળ આજે અક્ષરે અક્ષર સાચું પડે છે.***

**દુષ્માકાળનો દુષ્ટ પ્રભાવ આજના પામર પ્રાણીઓમાં પેઠેલી પ્રાણહારક**

**અને પ્રતિભાવિનાશક ચંચળતા સુક્ષેત્ર આપેલું દાન ઉત્તમ છે**

**પાખંડી પૂજાશે અને ગીતાર્થો વિસારાશે એ તો આ કલિકાળનો પ્રભાવ છે**

**અને છતાંએ અન્ય દર્શનોને મુકાબલે જૈનમત સિંહ સમાન છે અને રહેશે.**

શાસ્ત્રકાર મહારાજા કલિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના કલ્યાણને માટે ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર નામનો અદ્વિતીય ગ્રંથ રચતા થકા તીર્થંકરદેવ શ્રીમહાવીર ભગવાનના જીવનચરિત્રના લગભગ છેલ્લા ભાગમાં ચરિત્ર જણાવતા જણાવે છે કે ભગવાન મહાવીરદેવનું નિર્વાણ જે સમયે સમજવામાં આવ્યું હતું તે સમયે જનતામાં હાહાકાર વર્તાયો ન હતો કે રડારોળ મચી જવા પામી ન હતી. વિચાર કરજો કે 'મહાવીર' એટલે નામના જ મહાવીર નહિ, પરંતુ અપૂર્વ આત્મબળવાળા ખરેખરા મહાવીર તે ભગવાન મહાવીર ! જેમનો શબ્દ ઝીલી લેવાને લાખો લોકોની તૈયારી હતી જેમની દયાવર્ષાથી સંસારસાગરના પશુપક્ષીઓને અભયતા મળી હતી, પરંતુ તે છતાં જે સમયે તેમના નિર્વાણનો પ્રસંગ આવે છે ત્યારે લોકોચતુર્વિધસંઘ પૌષધ કરે છે, ઉપવાસ કરે છે અને ભગવાન શ્રીમહાવીરદેવની અમૃત વરસતી દેશના શ્રવણ કરે છે. જૈનધર્મનું બીજા ધર્મોની અપેક્ષાએ જે મહત્વ- જે વિશેષતા છે તે આજ છે. બીજા સઘળા ધર્મોમાં મરણ એને મહાશોકનું કારણ માનેલું છે. જૈનેતર આર્યોના પૂજ્ય પુરુષોના મૃત્યુને માટે તેમના સાહિત્યમા જુઓ તો

જોઈએ તેટલાં શોકના વચનો મળી આવે છે. ખ્રિસ્તિપેગંબરના મરણ માટે ખ્રિસ્તિઓએ પણ આનંદ નથી માન્યો, મુસલમાનોના પેગંબરનું મોત એને પણ મુસલમાનો આનંદનો અવસર માનતા નથી, ત્યારે જૈનદર્શન આરાધનાવાળું મૃત્યુ એને પરમાનંદ ગણે છે.

## મૃત્યુ એ આનંદ કેમ ?

મૃત્યુ એને પરમાનંદ ગણવાનું કારણ શું ? અને બીજાઓ એ પ્રસંગે શોક કરે છે એનું કારણ શું ? આ પ્રશ્ન તમારા હૃદયમાં વિચારી જુઓ એટલે તમોને માલમ પડી આવશે કે અન્ય દર્શનોમાં અને જૈનદર્શનમાં શો તફાવત છે. બીજાં શાસ્ત્રો એમ માને છે ભવસંબંધ સારો છે માટે ત્યાં જ્યારે જ્યારે તેમના માન્યપુરુષોના ભવસંબંધનો ત્યાગ થાય છે ત્યારે ત્યારે રડારોળ ફરી વળે છે. જૈનશાસને ભવસંબંધ સારો માન્યોજ નથી. ભવસંબંધને તજવા યોગ્યજ માન્યો છે માટે જૈનશાસનના માન્યપુરુષો જ્યારે જ્યારે સંસારત્યાગ કરે છે ત્યારે ત્યારે આનંદ જ માનવામાં આવે છે. ભગવાન તીર્થંકરને આલંબન તરીકે સ્વીકારીએ છીએ તે પણ એટલાજ કારણથી સ્વીકારીએ છીએ કે એથી આત્માનું હિત થાય છે. જૈનશાસને જણાવેલું એવું ગમે તે પ્રકારનું આલંબન લો પરંતુ તે સઘળાનો હેતુ આત્મિક કલ્યાણને અર્થે જ છે. બીજા કોઈપણ કારણસર કોઈપણ પ્રકારનું આલંબન યોગ્ય માનવામાં આવ્યું જ નથી. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે પ્રકારનો સંઘ એક એજ મુદ્દા ઉપર તદ્રૂપ છે. આત્માનું સાધન પ્રાપ્ત કરવું એજ સઘળાનું ધ્યેય છે. જો એ ધ્યેય ચૂકી ગયા તો ધ્યેય ચૂકનારને સંઘમાં ઉભા રહેવાનો કશોય અધિકાર જ નથી ! શાસનની આ તદ્રુપતા જોવી હોય તો હસ્તિપાળ (પુણપાળ) રાજાને આવેલા સ્વપ્નની શાસ્ત્રકારોએ જણાવેલી સંપૂર્ણ સત્ય ઘટના આપણે જોવી જ પડશે.

## શાસન સાથે પુણ્યપાળ રાજાની અભેદતા

શ્રેયાંસકુમારનો ઈતિહાસ તમરા સ્મૃતિપટ ઉપર જરા જાગૃત કરજો. શ્રેયાંસકુમારને અંગે સુબુદ્ધિ નગરશેઠને તથા એક રાજાને સ્વપ્નાં આવ્યા હતાં પરંતુ એ સ્વપ્નાંનો માત્ર શ્રેયાંસકુમાર સાથે સંબંધ જોડાયો હતો. તેનો સંબંધ શાસન સાથે જોડવામાં આવ્યો ન હતો. આ વસ્તુ તદ્દન સ્વાભાવિક લાગે છે, કારણ કે બીજી વ્યક્તિને જે સ્વપ્નાં આવ્યાં હતાં તે સ્વપ્નાં શ્રેયાંસકુમારને અંગે આવ્યાં હોવાથી તેનો સંબંધ શ્રેયાંસકુમાર સાથે જોડવામાં આવ્યો હતો. જ્યારે વજ્રસ્વામી, ભદ્રગુપ્તસ્વામી, પુણ્યપાળ રાજાને અંગે જે સ્વપ્નાં આવ્યાં છે, એના પરથી શાસ્ત્રકારોએ તેના ફળાદેશ આખા શાસનને લાગુ પાડી દીધા છે. વિચાર કરજો કે સ્વપ્ન રાજાને આવ્યું, સ્વપ્નાનો વિષય *પુણ્યપાળનો હતો, છતાં તેનો ફળાદેશનો સંબંધ* શાસન સાથે જ શા માટે જોડાયો છે. આમ થવાનું કારણ એક જ છે કે પુણ્યપાળ અને શાસન બંને એક જ છે. શાસન અને પુણ્યપાળ એ બંને ભિન્ન હોઈ શકતા નથી. સૂર્ય અને સૂર્યનો પ્રકાશ જેમ ભિન્ન હોઈ શકે નહિ તેજ પ્રમાણે પુણ્યપાળ અને શાસન પણ જુદા હોઈ શકે જ નહિ. જે શાસનની સ્થિતિ છે તેજ સ્થિતિ પુણ્યપાળની છે અને પુણ્યપાળની જે સ્થિતિ છે તેજ સ્થિતિ શાસનની છે એટલા જ માટે શાસનાધીશ વજ્રસ્વામી, ભદ્રગુપ્તસ્વામી જે શાસનના માલિક છે તેમને જે સ્વપ્નાં આવ્યાં છે તેના ફળાદેશ શાસનને લાગુ પાડ્યા છે. શાસનાધીશ, શાસન અને ચતુર્વિધસંઘ કેવા એકતાર છે, એકબીજામાં પણ તદ્રૂપ છે એ સઘળું આ ઉદાહરણ ઉપરથી જણાઈ આવે છે. હવે તમે વિચાર કરો કે આપણે 'શાસન શાસન' બોલીએ છીએ પરંતુ શાસન એ શું છે ? શાસન એ કાંઈ દૃષ્યમાન વસ્તુ નથી એનો પૂરેપૂરો ખ્યાલ રાખજો !

## શાસન મારૂં અને હું શાસનનો

શાસન એ તો એક અવ્યક્ત-નહિ દેખાય એવી વસ્તુ છે. શાસનનું જે સ્વરૂપ વ્યક્ત છે તે શ્રીમાન્ આચાર્ય ભગવાનો દ્વારા જ છે ! અન્ય રીતે નહિ ! તેજ પ્રમાણે પુણ્યપાળની પણ એવી જ સ્થિતિ હોવી જોઈએ, કે જે પુણ્યપાળના સ્વપ્નાં છે તેજ શાસનના સ્વપ્નાં પણ છે. ભગવાન શ્રીભદ્રગુપ્તનું જીવન સર્વસ્વ શું હતું તે પહેલાં સમજી લેવું જોઈએ. ઘર, રાજ્ય, રિદ્ધિ, સિદ્ધિ, એમાંનું કાંઈપણ એમનાં અંતરમાં વસેલું ન હતું. એમના અંતરમાં એટલું જ વસેલું હતું કે શાસન મારૂં છે અને હું શાસનનો છું. એટલા જ માટે તેમને આવેલા સ્વપ્નનો ફલાદેશ શાસનને લાગુ પાડવામાં આવ્યો છે. ત્યારે હવે વિચારો કે એ રીતે આજના જૈનોના સ્વપ્નાં પણ શા માટે શાસનને લાગુ પાડી શકાતા નથી. કારણ એ છે કે આજે આપણે શાસન સાથે તેટલી એકતાનતા સાધી શક્યા નથી. એનો અર્થ એવો નથી કે આજે દેવગુરુની આરાધના નથી જ થતી, આજે પણ દેવ, ગુરુ અને ધર્મની આરાધના તો થાય છેજ પરંતુ એ સઘળું ફુરસદના કામ તરીકે થાય છે ! અહીં તમારી દશા પેલા હઠીલા કણબી જેવી છે. એક કણબી હતો. તેણે પોતાના ખેતરની હદ નક્કી કરતાં પાડોશીનું પણ અરધું ખેતર પોતાનામાં સમાવી દીધું અને ત્યાં ખીંટી મારી દીધી !! પાડોશીએ જાણ્યું કે આ બલા સહેલાઈથી ટળી શકે એમ નથી એટલે પાડોશી મહાજન પાસે ગયો, મહાજનને ફરિયાદ આપી અને પોતાને ન્યાય વિનંતિ કરવા લાગ્યો.

## મહાજન માબાપ છે, પણ ખીંટી તો ન ખસે!

મહાજને પેલા કણબીને બોલાવ્યો અને પહેલાં તો ગામરીત પ્રમાણે ઠપકો આપ્યો કે "ભલા માણસ, ગામના વતની થઈને આવી રીતે આડાઈ કરીને પાડોશીઓને જ હેરાન કરે છે ! પેલા કણબીએ તો જવાબ આપી દીધો કે "મહાજન માબાપ છે પણ મારી ખીંટી ન ખસે" આજના જગતની સ્થિતિ એવી છે કે પારકાના ખેતરમાં મારેલી ખીંટી ખસેડવી નથી! અને મહાજનને માથે રાખવું છે ! પૌદ્ગલિક શિક્ષણ-પૌદગલિક દૃષ્ટિ-પૌદ્ગલિક હેતુ આ બધું કાયમ રાખવું છે અને ધર્મને માથે રાખવો છે. એનું નામ આપણી અને શાસનની તન્મયતા જ નથી અને તેથી જ તમારાં સ્વપ્નાંનો સંબંધ શાસન સાથે જોડી શકાતો નથી. શ્રીમાન ભદ્રગુપ્તની શાસન સાથેની તન્મયતા અદ્દભુત હતી. શાસન અને શ્રીમાન ભદ્રગુપ્ત જુદા હતા જ નહિ. એથી પુણ્યપાળ અને રાજાને જે સ્વપ્નાં આવ્યા છે તેનો ફળાદેશ મહાવીરચરિત્રમાં જણાવ્યો છે. હવે એમને કયાં કયાં સ્વપ્નાં આવ્યાં છે હતાં, ફળાદેશ કેવા પ્રકારનો હતો, તે ફળાદેશ ભગવાન સ્વયં જણાવે છે તે તરફ નજર કરીએ :-

પહેલું સ્વપ્ન હાથીનું આવ્યું હતું અને તે એવા પ્રકારનું હતું કે હાથીને જ્યાં ત્રણે ઋતુની મજા છે એવી નવી શાળામાં લઈ જાય છે. પરંતુ હાથી એવી નવી શાળામાં જતા નથી અને જે જાય છે તે પણ પાછા નીકળી જુનીમાં પાછા આવે છે. આ હાથીના સ્વપ્નનો ફળાદેશ અહીં શ્રાવકોને લાગુ પાડવામાં આવ્યો છે અને તમે સમજી શકશો કે એ સંબંધ કેવળ વ્યાજબી અને વાસ્તવિક પણ છે.

## સાધુની આવશ્યક્તા શું ?

હાથી મહાબુદ્ધિશાળી હોય છે તેમ શ્રાવકસંઘ પણ મહાબુદ્ધિશાળી હોય છે. હાથી બુદ્ધિશાળી હોવા છતાં તેને દોરવાને મહાવ્રતની આવશ્યક્તા રહે છે તેજ પ્રમાણે શ્રાવકો પણ મહાબુદ્ધિવાન હોવા છતાં તેમને ધર્મમાર્ગે દોરવાને માટે મહાવત સમાન એટલે જેમ મહાવત હાથીને માર્ગમાં રાખે છે તેજ પ્રમાણે

શ્રાવકોને માર્ગમાં રાખનાર મહાવ્રતધારી સાધુઓની જરૂર છે. હાથીને નવી હસ્તિશાળામાં દાખલ કરે છે પરંતુ તેઓ જતા નથી અને જે જાય છે તે નીકળી જાય છે, એનો સંબંધ અહીં ગૃહવાસ અને સાધુપણા સાથે છે. હાથીઓ જુની શાળામાંથી નીકળતા નથી, તેનો સંબંધ શ્રાવકો સાથે એ રીતે સંયોજાએલો છે કે શ્રાવકો પણ ધન, સમ્પતિ, પરીવાર ઈત્યાદિના લોભથી જુના શાળારૂપી ઘરમાંથી બહાર નીકળતા નથી અર્થાત્ ચારિત્ર ગ્રહણ કરતા નથી. માણસો સત્તા, સમૃદ્ધિ ઉપર મોહ રાખી મૂકે છે અને એ ઘર ઉપરનો મોહ લોકોથી છોડાતો નથી. પ્રાચીન કાળની સ્થિતિનો વિચાર કરો. પ્રાચીન કાળમાં દેવતાઓ મનુષ્યો પર પ્રસન્ન થતા. અનેક ઉપભોગનીય વસ્તુઓ શ્રાવકોને આપતા હતા. હજારો દેવતાઓ ચક્રવર્તીની સેવામાં હાજર રહેતા હતા. આ અસલની પ્રાચીનકાળની અપૂર્વ રિદ્ધિ હતી.

## રિદ્ધિ માત્ર ક્ષણિક છે.

પરંતુ એ રિદ્ધિ પણ સદાસર્વદા ટકવાવાળી તો નહોતીજ ! રિદ્ધિઓ સઘળીજ ક્ષણિક છે, તે પાર્થિવ છે અને નાશ પામવાના સ્વભાવવાળી છે. આજની દશા તો એનાથીએ વધારે બુરી છે ! સોનું એ પૌદ્ગલિક દષ્ટિએ મહામૂલ્યવતી વસ્તુ છે પરંતુ આજે તો તે પણ પડ્યું પડ્યું ધૂળ ખાય છે ! સોનાનો ભાવ પણ સટ્ટો રમનારાઓના હાથમાં છે ! અને ખેલ કેવો છે તે જુઓ કે, આ દેવાળીયાઓ ભાવની ચઢઉતર કરે જાય અને ભાવ પાડે, તે ભાવે શરાફો અને વેપારીઓને વેપાર કરવો પડે છે, ચાંદીનો ભાવ ૧૦૭ રૂપીયા પણ થયો હતો અને ત્યાંથી ઘટીને ૯૩ થયો ! હતો આ બધા દૃષ્ટાંતો ઉપરથી તમે આજની સમૃદ્ધિ કેવા પ્રકારની છે તે સારી રીતે જાણી શકશો. ક્ષણિક રિદ્ધિ એજ એનું લક્ષ્ય છે, તેમનો કારભાર પણ તેવો જ જુલમી હોય તેમાં કાંઈ આશ્ચર્ય જ નથી. તેઓ પૈસા ઘટશે તો પ્રજા પર કર નાખશે. યુદ્ધો થશે અને દ્રવ્યહાનિ થાય તો પણ પરિણામ એજ રીતનું ! ક્ષણિક રિદ્ધિસિદ્ધિનો મોહ આમ ખોટો છે તે છતાં સ્વપ્નમાં દર્શાવાએલા હાથીઓ જેમ જુની હસ્તિશાળામાંથી બહાર નીકળતા નથી તેજ રીતે બુદ્ધિમાન છતાં શ્રાવકો રિદ્ધિસિદ્ધિના ખોટા મોહને વળગી રહી તેઓ જુના શાળારૂપ ગૃહનો ત્યાગ કરીને ચારિત્ર ગ્રહણ કરતા નથી.

## દુ:ષમકાળનો દુષ્ટ પ્રભાવ

હાથીઓ જુની હસ્તિશાળામાંથી બહાર નીકળતા નથી એનો ફળાદેશ આપણે જોઈ લીધો છે. હવે હાથીઓ નવી શાળામાં પ્રવેશે છે તે પણ બહાર નીકળી જાય છે એનો ફળાદેશ જોઈએ. નવી શાળા તે સાધુપણું છે. પ્રાચીન કાળમાં સત્ય અને જ્ઞાનપૂર્વક ત્યાગ લેનારા હતા અને તેજ રીતે ત્યાગની ભાવના આરંભવામાં ન હોય છતાં, આફતને અંગે સંસારનો ત્યાગ કરી દઈને ચારિત્ર લેનારા પણ નીકળતા હતા. દારિદ્રય આવતું પત્નીપુત્રો ગુજરી જતા, સંકટ આવી પડતું હતું એટલે દુ:ખીને એવી ભાવના થતી કે "અહા ! આ સંસાર અસાર છે! હવે તેનો ત્યાગ કરીને ચારિત્ર લેવું એજ હિતાવહ છે." શત્રુનું સૈન્ય ચઢી આવતું હતું એટલે એવી ચિંતા રાજાઓને અને તેમના સૈનિકોને પણ થતી હતી કે લડાઈમાં હાર્યા કે જીત્યા, જીવ્યા કે મરણ પામ્યા તેના કરતાં આ સંસારમાં જ છોડી દઈએ તો કેવું સારૂં ! આવા પ્રસંગે પણ ચારિત્ર ગ્રહણ થતું જ હતું. આ પ્રાચીન કાળની વાત કરી છે. પરંતુ આ તો દુ:ષમકાળ છે. દુ:ષમકાળનો પ્રભાવ જ એવો છે કે તેણે માણસોને દુષ્ટ બનાવી દીધા છે. પત્ની મરી જાય છે તો આ સંસાર પર તેથી ત્યાગ આવતો નથી પરંતુ તુરત જ તેજ ક્ષણે એક પત્ની ચિતા ઉપર બળતી હોય ત્યાં જ બીજી સાથે સગપણ થાય છે!

આ કાળમાં તો માથે ભય આવી પડે છે તોએ સંસાર છોડાતો નથી પરંતુ તે બહુ જ વહાલો લાગે છે. કોઈ ચારિત્ર ગ્રહણ કરે છે તો બીજા જોઈએ તેટલા હાથીની પાછળ ભસતા કુતરા મળી આવે છે, જેઓ એમ બોલતા હોય કે : 'હવે સાધુ થયા ! દુનિયાનું શું ભલું કરવાના હતા કપાળ ! આજના સાધુઓ તો ભારરૂપ છે !' અને આટલું છતાં હાથીઓ નવી શાળામાં પ્રવેશે છે પરંતુ પાછા નીકળી જાય છે, એનો ફળાદેશ એ છે કે શ્રાવકો નવા શાળારૂપી ચારિત્રમંદિરમાં પ્રવેશ કરે છે પરંતુ દુષ્ટ સંસર્ગથી પાછા ત્યાંથી ચાલી જાય છે. વીરલાજ નવી શાળામાં રહી આનંદ ભોગવે છે.

### વીરપુરુષોની હસ્તિ તો ખરીજ.

હાથીઓ જુની શાળામાંથી બહાર નીકળતા ન હતા અને નવી શાળામાં પેસીને બહાર નીકળી જતા હતા એનો ફળાદેશ આપણે જોઈ લીધો છે. હવે કેટલાક હાથીઓ નવી શાળામાં રહ્યા છે એવું જે સ્વપ્નામાં દેખાયું છે તેનો ફળાદેશ તપાસીએ. એનો ફળાદેશ એ છે કે જેમ થોડા હાથીઓ શાળામાં રહ્યા છે તેમ દુઃષમાકાળ હોવા છતાં પણ એવા વીરપુરુષો પાકશે કે જેઓ શ્રીમતી ભાગવતી દીક્ષા દેવીને અંગીકારશે અને તેની સાથે જ આખો જન્મ પુરો થતાં સુધી ચારિત્રધારી તરીકે રહેશે અર્થાત્ આટલા આટલા હુમલાઓ થાય છે. દીક્ષા છોડનારાઓને માટે પૈસા, નોકરી, ધંધો, સ્ત્રી, ગૃહસ્થાશ્રમ બધું દીક્ષાદ્રોહીઓએ તૈયાર રાખ્યું છે છતાં આવા દુષ્ટમાં દુષ્ટ કાળમાં પણ આપણે જોઈએ છીએ કે સેકંડો વીરપુરુષો એવા નીકળે છે કે જેઓ શ્રીમતી દીક્ષા અંગીકારે છે એટલું જ નહિ પણ તે આજન્મ પાળીને પોતાને અને જૈનશાસનને શોભાયમાન બનાવી રહ્યાં છે.

### પારકું દેખાય છે, પોતાનું નહિ ! !

સ્વપ્નમાં વાંદરો દેખાય છે તેનો ફળાદેશ શું છે તે સમજો. એનો ફળાદેશ એ છે કે માણસો, વાંદરો જેમ ચંચળ છે તેવા ચંચળ પરિણામવાળા થવા પામશે. હવે આજની જનતા સામે જુઓ. કોઈનું દુઃખ જોઈને "અરેરે ! બિચારો મરી જાય છે !" એમ કરતાંએ લોકોને વાર લાગતી નથી અને બીજી બાજુએ તેજ માણસ પાંચસો રોકડા આપી સાતસો આપ્યા છે એમ લખાવી લઈ વ્યાજ સાથે હજારનો દાવો માંડે છે ! અને હુકમનામું થાય કે બીજે જ દહાડે જપ્તીઓ કરીને દેણદારને હેરાન-વેરાન પણ કરી મુકે છે ! જનતા બીજાની નિંદા કરવામાં આજે તો પ્રવીણ બની ગઈ છે. "અરે ફલાણો ! તદ્દન દેશદ્રોહી. ચુંટણીમાં ફલાણાને મત આપી દીધો. હળહળતો દેશદ્રોહ કર્યો ?" એવા વચનો ઉચ્ચારી પારકાની નિંદા કરવામાં જગત તૈયાર છે. આ રીતે નિંદા કરીને નિંદાખોર સામાને સમાજમાં હલકો પાડી શકે છે. બીજી બાજુએ પોતાનો ભાઈબંધ કે મિત્ર હોય તો તેની ખોટી પ્રશંસા કરતાં પણ વાર લાગતા નથી. "ઓહ ! ફલાણાલાલ ! પહેલા નંબરના દેશભક્ત ! ગાંધીજીના તો જાણે ગુલામ! દેશની હાકલ થઈ કે લડવાને તૈયાર !" આમ બોલીને પોતાના મિત્રોને વખાણનારા પણ છે. વખોડીને બીજા આત્માને પ્રશંસાપાત્ર બનાવો છો પરંતુ એ સઘળામાં તમે શું કર્યું છે. તમારા પોતાના આત્માનું સ્થાન ક્યાં રાખ્યું છે. તમે તમારૂં કેટલું સુધાર્યું છે. એનો તો કોઈ વિચાર જ કરતું નથી! "ફલાણો માણસ મારે માટે આમ બોલતો હતો. એ મારા પ્રત્યે રાગદ્વેષ રાખે છે અને ફલાણો આમ કરતો હતો." એવું પીંજણ તમે જ્યારે જુઓ ત્યારે સમાજમાં ચાલ્યા જ કરે છે.

## ચંચળતા કેવી રીતે ટળે ?

હવે આ પરિસ્થિતિનો બચાવ શું છે તે જુઓ. આ બધો ચંચળવૃત્તિનો પ્રભાવ છે પરંતુ એ ચંચળવૃત્તિ સ્થિર કેવી રીતે થાય તેની કોઈપણ શોધ કરવાની તસ્દી લેતું નથી. ધૈર્ય હોય, ધીરતાથી બીજાનું કથન સાંભળવાની વૃત્તિ હોય, સાધુઓનો સદુપદેશ શાંતિથી સંભાળવા જેટલી ધીરજ હોય તો તેનું પરિણામ એવું આવી શકે કે જેથી ચંચળતાનો અંત આવે છે ! પરંતુ પહેલી વાત તો એ છે કે આજે કોઈને ઉપદેશ સાંભળવાનો જ અવકાશ નથી. જો કોઈને સાંભળવાનો અવકાશ હોય તો તે સાંભળેલું ત્યાંને ત્યાં જ મૂકી જાય છે. જીવનમાં ઉતારતાજ નથી એટલે એવાઓના ઉપદેશશ્રવણનું કાંઈ મૂલ્ય નિષ્પન્ન થતું નથી. ધૈર્યવાન હોય તો તે પોતાની સ્તુતિ અથવા નિંદા પણ ચંચળ પરિણામે સાંભળે છે અથવા તેમ ન થાય તો નિંદા કે પ્રશંસા એકપણ સાંભળતા જ નથી અને સાંભળવાનો સમય આવીને જ પહોંચે છે, અનાયાસે ઉત્પન્ન થાય છે તો પોતાની સ્તુતિ કિંવા નિંદા સાંભળતી વખતે ધૈર્ય રાખે છે. આજના જનસમુદાયનું માનસ આથી ઉલટું જ ઉપર દર્શાવ્યું તે પ્રમાણેનું ચંચળ છે, અને ચંચળતા એકલા શ્રાવક શ્રાવિકોમાં જ હશે એમ ન માનશો. એજ ચંચળતાથી આચાર્યાદિ પણ ઘેરાએલા હશે. દુઃષમાકાળ ચાલતો હોવાથી સંઘયણની ખામી હોવાની જ અને તેથી શાસનના માલિક આચાર્ય ભગવાનો પણ તે વ્રતમાં પ્રમાદવાળા થવાના જ થવાના ! સ્વપ્નમાં વાંદરો દેખાયો તેનો આ રીતે ફળાદેશ છે. જેમ વાંદરો ચંચળ છે તેજ પ્રમાણે જનતા પણ ચંચળ પ્રકૃતિવાળી-ચંચળ પ્રભાવશાળી થશે અને તેમના જીવનમાં પણ ચંચળતાની જ છાપ જણાશે. આજે પ્રત્યક્ષ રીતે આપણા આ પરિણામ જોઈ રહ્યા છીએ એટલે આ સ્વપ્નનો ફળાદેશ અક્ષરે અક્ષર કેવો સત્ય છે તેની આપણી ખાતરી થાય છે !

## પ્રવૃત્તિ અને પદ્ધતિ

સ્વપ્નમાં બીજું એ દૃષ્ય જણાય છે કે વાંદરાઓ કે જે ચંચળવૃત્તિના છે તેઓ બીજાઓને અડપલાં કરે છે એનો ફળાદેશ એ છે કે કહેવતા જૈનઆચાર્યો પણ બીજા ધર્મમાં રહેલાઓને વિપર્યાસ-વિપરીત કરી નાંખશે ! જૈનશાસનમાં શાસ્ત્રોથી નહિ કહેવાએલાં એવાં સમકિતોનો સ્વીકાર થએલો છે. તેઓ ચોથમલનું સમકિત, છોગમલનું સમકિત એવું કહે છે. એજ પ્રમાણે આ પતિતપાવન જૈનશાસનમાં પણ એવા આચાર્યાદિક થશે કે જેઓ બીજા દર્શનોમાં રહેલા ભવ્યાભવ્યજીવોના વિપર્યાસ કરી નાખશે. શાસ્ત્રે આ એક સામાન્ય લક્ષણ વર્ણવ્યું છે પરંતુ તે તમોને જણાવતાં, તેની સાથે જ બીજી એક મહત્વની વાત તમોને સ્મરણમાં રખાવવાની જરૂર છે. બધા જ આચાર્યાદિકો એવા થશે અથવા એવા છે એમ માની લેવાનું નથી જ. કોઈ કોઈ એવા પણ થશે કે જેઓ ધર્મમાં અને ધર્મના કાર્યોમાં જ દૃઢ ઉદ્યોગવાળા હશે અને અપ્રમાદપણે શાસનસેવા એજ તેમનું ધ્યેય પણ હશે, છતાં ઉપરનું જે લક્ષણ કહ્યું છે તે સામાન્યપણે સમજવાનું છે. શાસ્ત્રકારોએ તો 'જિનપન્નત્તં તત્તં' એવું સ્પષ્ટ રીતે કહ્યું છે. શાસ્ત્રકારોએ ચોથમલસમકિત એમ કહ્યું જ નથી, છતાં સ્થાનકવાસીસંપ્રદાય ચોથમલસમકિત સ્વીકારે છે ! શાસ્ત્રોના શબ્દે શબ્દને વફાદાર રહેવાનો જૈનસાધુનો ધર્મ છે. જૈનશાસનો રક્ષણહાર તે જૈનસાધુ છે. આટલું છતાં જૈનસાધુ થઈને શાસ્ત્રે ન કહેલા શાસ્ત્રના અર્થો કરવા, એ તો મહાભયાનક પાપ છે, એટલું જ નહિ પણ ચારિત્ર અંગીકારતી વખતે શાસનને વફાદાર રહેવાની પ્રતિજ્ઞાનો પણ

તેથી લોપ થાય છે ! પણ તેઓ તેનીએ દરકાર રાખતા નથી. એ મહાખેદજનક છે. આ સ્થિતિમાં રાખતા નથી. આ સ્થિતિમાં કોઈ સુધારનારા અથવા કોઈ શિખામણ દેવાવાળા પણ સાંપડશે નહિ. આ સઘળો સ્વપ્રમાં દેખાએલી વાંદરાની ચંચળતાનો ફળાદેશ છે.

## વ્યવહારમાં કબુલ પણ ધર્મમાં કબુલ છે ?

વળી વાંદરાની ચંચળતા ઉપરાંત તેની અડપલાં કરવાની વૃત્તિનો ફળાદેશ એ છે કે એવીજ ચંચળતા માણસો પણ ધારણ કરશે. કેટલાક જીવો અનાદિના સંસ્કારને લીધે - કર્મસંયોગોને લીધે ધર્મકાર્ય પરત્વે પ્રમાદવાળા હોય છે. આવા પ્રમાદવાળાને જેમનામાં ધર્મના સંસ્કારો જાગૃત હોય છે તેઓ શિખામણ આપે છે, કે ભાઈ ! ગમે તેટલું થાય પણ જગત તો અસાર છે. સંસાર આજે છે પણ કાલે નથી. ધન, પુત્ર, કલત્ર સાગરની ભરતી જેવા છે કે મળે છે ને ચાલ્યા જાય છે ! પ્રાપ્ત થાય છે અને નષ્ટ પણ થાય છે માટે સઘળું છોડીને ધર્મવૃત્તિમાં દૃઢ થાઓ તો ઠીક !" આવી શિખામણ કાંઈ એકલી ધર્મકાર્યોમાં જ દેવાય છે એવું નથીજ, પરંતુ વ્યવહારમાં પણ એમજ થાય છે. એક સ્થળે મૃત્યું થયું હોય પાડોશની બાઈ જઈને જ્યાં મૃત્યુ થયું હોય તેમને શિખાણ આપશે. આશ્વાસનના બે શબ્દો કહેશે અને ધીરજ આપશે. વળી ધીરજ આપનારીને ત્યાંજ મરણ થશે તો વળી પેલી બાઈ આવીને એને શિખામણ આપશે ! બંને બાઈઓ સારી રીતે જાણે છે કે આવી રીતે આશ્વાસન આપવામાં કશી જ નવીનતા નથી. માત્ર એક સામાન્ય વસ્તુ છે છતાં પરસ્પર બંને એકબીજાની શિખામણને સાંભળી રહે છે ત્યારે ધર્મમાં પરાઙમુખ થયેલાને કોઈ શિખામણ દેવા જાય કે, "અલ્યા ! આઠ દહાડમાં એક દહાડો તો સામાયિક કર!" તો પેલો પ્રમાદી સામો ગાળો દેતા આવશે ! "બેસ! બેસ ! હવે તું મોટો ભગત થઈ ગયો છે તે જોયો! પારકા છોકરાને જતિ બનાવવા આવે છે !" હવે ખ્યાલ કરો કે ધર્મમાં દૃઢ રહેવાની શિખામણ પણ ન સાંભળી શકનારો પ્રમાદી વધારે બુદ્ધિશીલ છે કે પેલી દુઃખી બાયડીઓ કે જે પરસ્પરનું આશ્વાસન સાંભળી લે છે તે સ્ત્રીઓ વધારે બુદ્ધિશાળી છે ? શહેરનો મનુષ્ય શીખેલો, ભણેલો જ્ઞાનવાળો હોય, અને તે ગામડામાં જઈને અભણ ગામડીઆઓને શહેરની સમૃદ્ધિની કિંવા વૈજ્ઞાનિક ચમત્કારોની વાત કરશે તો તે વાતનું હાર્દ જાણવાનું તો બાજુએ રહ્યું, પરંતુ ઉલટા ગામડીઆઓ પેલા શહેરીને જ હસવા મંડી જાય છે, એજ રીતે અપ્રમાદી પ્રમાદીને શિક્ષા આપવા જશે તો પ્રમાદી અપ્રમાદીની જ હાસ્યતા કરવા નીકળશે !

## આપણું એટલું સોનું અને પારકું એટલું પિત્તળ

શ્રીમાન ભદ્રગુપ્તસ્વામી સ્વપ્નું આવ્યું હતું ત્યારની સંઘની સ્થિતિ પ્રવચન જેવી હતી તે પલટાઈ જવાનો તેથી ફળાદેશ જણાવવામાં આવ્યો છે. પહેલાં શાસનમાં સઘળાની સ્થિતિ પરમ પવિત્ર પ્રવચન જેવી જ હતી. દરેકના અંતરમાં ભાવના એજ હતી કે "શાસન મારૂં છે અને હું શાસનનો છું. શાસનની ઉન્નતિ કરવી એ મારો ધર્મ છે, મારી ફરજ છે." તે સ્થિતિ હવેથી પલટાશે, એ સ્થિતિ ગૌણતાને ધારણ કરશે, અને વ્યક્તિ પોતે પોતાને મહત્તા આપી પોતાની સ્થિતિને આગળ કરશે. અત્યાર સુધી મહત્તા શાસનની હતી અને પોતે તેના એક સોગટા જેવો હતો. હવે મહત્તા પોતાની આગળ કરશે અને શાસનને એક સોગટા માફક રાખશે. "શાસન ! શાસન ! શાસનસેવા" એવા શબ્દોચ્ચાર મોઢેથી કાઢશે ખરા પણ મહત્વ તો પોતાને જ આપશે ! "મારે લીધે આમ થયું. મારે લીધે ફલાણાને જીર્ણોદ્ધાર થયો ! મારે લીધે શાસનસેવાના ક્ષેત્રમાં આટલા રૂપીઆનો ફાયદો થયો !" વાત શાસનની

કરે છે પણ બધું થયું. તે કોને લીધે ? તો કહેશે કે મારે લીધે !" પોતે આવે તે સમયે જો હજારો ગામડાંઓમાંથી માણસો ભેગા થઈને આવે, લાખો રૂપીયાનો ખર્ચ થાય, અને પોતાનું સામૈયું થાય તો કહેશે કે : "અહો ! શાસનની કેટલી બધી ઉન્નતિ થાય છે. ખરેખર શ્રાવકોને ધન્યવાદ ઘટે છે કે તેઓ શાસનસેવાના કાર્યમાં આવા ઉદ્યમવંતા છે." પરંતુ પંદર દિવસ પછી એવો જ બીજો બનાવ બને તો કહેશે કે "અરે ! આ પૈસાનો કેટલો ધુમાડો!!" એમ કલ્પી લો કે એક ગામમાં નગરશેઠને ત્યાં લગ્ન છે. ગામડામાંથી સેંકડો અને હજારો માણસો આવ્યા છે. એવામાં મુનિ કીર્તિસાગર કે મુનિ હેમસાગર એવા નામના જૈનસાધુ આવી ચઢે અને પેલા લગ્નનિમિત્તે ભેગા થએલા માણસો મહારાજાનું ભવ્ય સ્વાગત કરે તો કહેશે કે "અહોહો કેવા મૂર્ખા જૈનો ! આમ સામૈયામાં આટલો બધો ખરચ કરી નંખાય ? એના કરતાં આટલી રકમ સમાજસેવમાં અથવા કેળવણીમાં આફી હોત તો હજારો વિદ્યાર્થીઓનું કલ્યામ થઈ જાતને ! હવે આ સ્થિતિ વિચારો : પોતાને અંગે ખાસ સામૈયું થયું અને હજારોનો ખર્ચ્ર થયો તે છતાં એ સ્થિતિ ચાલતી નથી ! ત્યારે તો એમ કહેવામાં આવે છે કે : "કેવો આ ભાવિક જૈનોનો ગુરુપરત્વે અફાર પ્રેમ !" "અને બીજાને અંગે અન્યનિમિત્ત હોવાથી ભવ્ય સામૈયું થાય છે અને પૈસાનો પણ ખર્ચ ન થયો હોય તો પણ કહેશે કે "જૈનો તો જાણે તેરમા સૈકામાં જ જીવે છે ! છે એ લોકોને પૈસાની કિંમત ! મહાનુભાવો ! આ આપણું એટલું સોનું અને પારકું એટલું પિત્તળ ! આ સડેલી મનોદશાનો જરા વિચાર સરખો પણ કરશો તો તમારા હૈયાં કંપવા લાગશે !!! બીજાને અંગે ખર્ચ ન થયો હોય તો પણ કહેવું છે કે હજારોનું પાણી થઈ ગયું છે અને પોતાને અંગે ખરેખર ખર્ચાર્યા હોય તો પણ એવું કહી દેવાને જીભ તૈયાર જ છે કે : "કેવી શાસનોન્નતિ થઈ!" અફસોસ ! બીજાને અંગે પાણી અને ધુમાડો શબ્દો વપરાય છે અને પોતાને અંગે ખર્ચ થયો હોય તો કહે શાસનસેવા થાય છે !

**શાસનને પડદા તરીકે જ રાખે છે.**

આવી મનોવૃત્તિવાળાઓનું માનસ તમે સ્પષ્ટ રીતે સમજી શકશો કે તેઓ માત્ર શાસનને પડદા તરીકે જ વાપરે છે. મદારી જેમ જનતાને ભૂલાવમાં નાંખવા માટે પદડો વાપરે છે પરંતુ અંદર પડદામાં જાતજાતની નવીનતા, કૃત્રિમતા અને વિચિત્રતાને રચીમૂકીને જ્યારે પદડો ખોલે છે ત્યારે સમાજને ચક્તિ બનાવી દે છે તેજ પ્રમાણે શાસનને માત્ર પડદા તરીકે વાપરવું છે પરંતુ મહત્વ પોતાને આપી શાસનને નામે પોતાની કાંઈ કાંઈ વાતો, વિરોધો વગેરે રજુ કરવું છે !! પોતાની ભૂલ પોતે ભૂલી જાય છે અને બીજાની ભૂલ શોધી શોધી તે આગળ કરવામાં આવે છે. પોતાની ભૂલ પર્વત જેટલી હોય તો પણ તે દેખાતી નથી પરંતુ બીજાની ભૂલ રાઈ જેટલી હોય તો પણ તે પર્વત જેટલી લાંબી કરીને દેખાડવામાં આવે છે. આટલું છતાં મદારીની માફક એ બધી લીલાની આગળ પડદો રાખેલો હોય છે શાસનનો ! શાસનના પડદાની નીચે જ આ રીતે સ્વાર્થ સધાય છે. આ સઘલું શા માટે થાય છે તેનો હવે જરા વિચાર કરી લેજો સઘળાનું કારણ એજ છે કે પહલાં શાસનની સેવાનું ધ્યેય હતું શાસનની ઉન્નતિનું જ ધ્યેય હતું પછી એ કાર્ય ગમે તેને હાથે થાઓ પણ શાસનની ઉન્નતિ થવી જ જોઈએ એ વાત હતી. હવે એ ધ્યેય જ પલટાયું છે શાસનની ઉન્નતિની વાત જ નથી રહી અને પોતાની જ વાતને આગળ ધરવામાં આવે છે. આ ભૂલનું જ આજની સ્થિતિ એ પરિણામ છે. આ રીતે શાસનની સેવા થાય છે એવો કોઈને ખ્યાલ સરખો પણ હોય તો તે ખ્યાલ સદંતર ખોટો હોઈ તે ખ્યાલ જ તમે કાઢી

નાંખજો ! આ રીતે તો સાફ સાફ આત્માની અને શાસનની અવજ્ઞાજ થાય છે ! વાંદરો તેની ચપળતા અને તેનું અડપલાપણું એ બધાનો ફળાદેશ એ દર્શાવાયા છે કે આજથી શાસની અવજ્ઞાનું કાર્યજ ચાલવા માંડશે !

**સુક્ષેત્રનો મહિમા.**

હવે સ્વપ્નમાં જે ક્ષીર વૃક્ષ દેખાયું છે અને તેની આસપાસ ચારે બાજુએ કાંટા દેખાય છે તેનો ફળાદેશ જુઓ. ક્ષીરવૃક્ષનો ફળાદેશ એ છે કે ક્ષીરવૃક્ષ સમાન સુક્ષેત્ર છે. આ સુક્ષેત્રોને વિષે જે દાન દેવાય છે તે દેવાએલું દાન એ મોક્ષને અંગે છે. ત્યારે હવે કોઈ એવો પ્રશ્ન કરશે કે એ સાત ક્ષેત્રોને વિષે દેવાએલું દાન તેજ જો મોક્ષને અંગે હોય તો શું દયાથી દાન દેવાય છે તે દાન મિથ્યા છે ! શ્રાવકને દાન દેવાયું હોય - દયાથી શ્રાવકને દાન દેવાયું હોય તો શું તે પણ સઘળું મિથ્યાગણી, માની લેવાનું છે? નહિજ ! દયાથી દાન આપવાની પણ મનાઈતો છેજ નહિ. દયાથી પણ ધન દેવાનું કાર્ય કરણીય છે પરંતુ દયાથી દાન દેવું અને સાત ક્ષેત્રોને વિષેદાન દેવું એના ફળમાં ભારે ફેર છે. સાત ક્ષેત્રોમાં જે દાન દેવાય છે તે દાનમાં દયા પ્રધાનપણે છે. સાત ક્ષેત્રોમાં અપાએલું દાન મોક્ષને માર્ગે લઈ જાય છે જ્યારે દયાથી દેવાએલું દાન લાગણીઓને દબાવીને દઈ શકે છે એટલા જ માટે કલિકાળ સર્વજ્ઞ, ગુર્જરરત્નશિરોમણી ભગવાન હેમચંદ્રાચાર્યજી મહારાજા સાહેબ ફરમાવે છે કે :- **इत्थंव्रत स्थितो भक्त्या सप्तक्षेत्र्यांधनंवपन्, दयचातिदीनेषु महाश्रावक मुच्यते** 'અર્થાત સાત ક્ષેત્રોમાં જે દાન દેવાય છે. તે દાન મોક્ષમાર્ગનું સંધાન કરે છે. અને ગરીબો માટે જે દાન દેવાય છે તે દાન લાગણીઓને દબાવે છે. લાગણીઓને વશ રાખે છે. આજ કાલ આ બાબતમાં પણ ઉલટી જ મનોદશા પ્રવર્તેલી હોય એવું જણાયા સિવાય રહેતું જ નથી. આજે ભક્તિને પાછળ કરવામાં આવે છે અને દયાને આગળ કરવામાં આવે છે. ઉત્સવો, મહોત્સવો ઈત્યાદિ થાય છે ત્યારે વિરોધીઓ તરફથી વારંવાર આ પ્રહારો થતા આપણે સાંભળીએ છીએ કે શ્રાવકોને જે વખતે રોટલાને અંગે પણ સાંસા છે તેવા વખતમાં ઓચ્છવો શોભતા નથી આવા શબ્દો કેમ ઉચ્ચારાય છે તેનો વિચાર કરજો. આવા શબ્દો ઉચ્ચારાવનું કારણ એટલું જ છે કે દેવપુજા વગેરે ભક્તિક્ષેત્રો અને તેના મર્મોને આપણે પામી શક્યા નથી. જો એ મર્મોને આપણે પામી શક્યા હોત તો આપણા મુખમાંથી આવા શબ્દોનો ઉચ્ચાર સરખો પણ નીકળી શકત નહિ. દયાથી દાન આપવાની અગત્યતાને કોઈ અસ્વીકારતું નથી. દયાથી દાનનું કાર્ય પણ કરણીય છે એમ તો બધા જ માને છે પરંતુ ભક્તિ ક્ષેત્રના ભોગે દયાથી દાન કરણીય છે એવું શાસ્ત્રકારોએ કદીપણ માન્યું જ નથી ! અને એવું તેઓ માની શકે એમપણ નથી જ ! શાસ્ત્રકારો તો સ્પષ્ટ રીતિએ એમ જણાવી જ દે છે કે સુક્ષેત્રે એટલે સાત ક્ષેત્રોમાં જે દાન દેવાય છે તે દાન મોક્ષને દેવાવાળું છે. ત્યારે હવે દયાનો શો પ્રભાવ છે તે વાત વિચારી જોઈએ. દયા નિષ્ફળ નથી, દયાથી જે દાન થાય છે તે દાન ભવાંતરમાં રિદ્ધિસિદ્ધિ આપનારૂં છે એટલે ભવાંતરોમાં જ એ દયાનો છેડો આવી જાય છે. ત્યારે ભક્તિની સ્થિતિ એવી છે કે તે મોક્ષની પ્રાપ્તિ થાય છે ત્યાં સુધી ટકી શકે છે. દયાના ભાવથી જે દાન થાય છે તેના પ્રભાવે બીજા ભવમાં રિદ્ધિસિદ્ધિ મળે છે પરંતુ તે રિદ્ધિસિદ્ધિ ભોગવાઈ જાય છે એટલે દયાનો પ્રભાવ ખલાસ થાય છે ત્યારે બીજી બાજુએ એ મોક્ષ એ ભક્તિક્ષેત્રને વિષે છે, હવે ભક્તિ કેવી હોઈ શકે છે તેનો જરા ખ્યાલ કરજો. એક સાધારણ પણ રમુજી ઉદાહરણ લો.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૫)

# સમાલોચના

૧ અજ્ઞાનતાથીકાર્યરૂપે પરોપકારવ્યસનિપણાની વાત અનાદિની જણાવી તે જગો પર કારણરૂપે તેમ જણાવીને બચનાર શ્રી તીર્થંકર મહારાજનું તીર્થંકરપણું અનાદિ જ રૂપે માનશે કે ?

૨ ભગવાન તીર્થંકરોને વરબોધિ પહેલાં આખા ભવચક્રમાં પરોપકારની સામગ્રી નહોતી મળી એમ કહેનારે તેવો પાઠ કેમ નથી આપ્યો ?

૩ તથાભવ્યત્વ અને ભવ્યત્વપરિપાકનો ભેદ ન સમજે તે યથાર્થપણું કેમ સમજે ?

૪ યથાર્થ તત્ત્વાર્થની શ્રદ્ધાના કારણભૂત આત્મપરિણામને સમ્યગ્દર્શન ન કહેતાં કે તેને વ્યવહાર કરી શકાંકાંક્ષાના નિવારણ માટે કહેવાએલ ને તેથી યત્ તત્‌ના વિપર્યાસવાળું શંકાના અભાવને સૂચવનાર तमेव सच्चं એ વાક્યના પરિણામને સમ્યક્ત્વ માનનાર મનઆદિયુક્ત શ્રીતીર્થંકર, કેવલિ અને સિદ્ધમાં જિનોક્તપણાથી સત્યની માન્યતા કેમ લાવશે ?

૫ દેવગુરુબહુમાનને રોકનાર મિથ્યાત્વાદિ છે કે નહિ ? અને તેનો શું ક્ષયોપશમ તીર્થંકરમાં અનાદિ છે ?

૬ પરાર્થ વ્યસનિપણાની કાર્યરૂપતા ને જગદુદ્ધારની ભાવનાનો ભેદ કેમ ન સમજાય ?

૭ પરાર્થવ્યસનિપણું જો અનાદિથી માન્યું ને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ આદ્યભવે થઈ તો તે આદ્યભવમાં જ તીર્થંકરકર્મનો બંધ કેમ નહિ ? જિનનામકર્મની નિકાચના પાછલા ત્રીજા ભવે કેમ ?

૮ શ્રીહરિભદ્રસૂરિજી બોધિ અને તે પણ વરબોધિથી પરાર્થોદ્યત કહે છે, પણ અનાદિથી નથી કહેતા એમ ખરૂં કે ? (કાર્યરૂપની વાત જાણી જોઈને છોડે ને કારણરૂપની તેને કેવો ગણવો ?)

૯ આર્યદેશની મર્યાદા દેખાડનાર સૂત્રની વ્યાખ્યાને ન સમજવાથી સૌરાષ્ટ્ર, માલવા અને મારવાડ આદિ દેશોને અનાર્યો જાહેર કર્યા તે ભૂલને જાણ્યા છતાં ન કબુલવી ને જયંતીપ્રસંગે તેના ખોટાપણાને જાહેર કરનારને ઈર્ષ્યાખોર કે તેજોદ્વેષી ચીતરવાળાઓ અભિનિવેશથી કેમ બચતા હશે ?

૧૦ કૌશાંબીનગરીથી દક્ષિણના બધા દેશો ભગવાન મહાવીર વખતે અનાર્ય હતા એવું જો પ્રવચનમુદ્રક, તેના ગુરુ કે તેના દાદાગુરુને પણ થાપવું હોય તો **પ્રતિવાદી તરીકે આ સમાલોચકની ચેલેંજ છે.** (ખોટાને સાચા અને સાચાને દ્વેષીઆદિ ઠરાવવા તે માર્ગજ્ઞોને અસહ્ય જ હોય.) (આ ચેલેંજના સ્વીકાર સાથે પરસ્પર બીજા મતભેદો જે નવીન છે તેની પણ ચેલેંજ સ્વીકારવી ઠીક છે.

૧૧ ઓળીમાં કાલગ્રહણ સૂઝે અને તેથી આચાર્યાદિ પદવીઓ દેવાય એમ આગમના અભ્યાસથી દૂર રહેલા રહસ્યવેદી ધારે એમ કહેનારને ધન્ય છે. (ઓળીમાં પદવીની કાલગ્રહણનો પાઠ કેમ નથી અપાયો ?)

૧૨ કાર્યરૂપે પરોપકારિપણું શ્રીવીર મહારાજને સમ્યક્ત્વ પહેલાં થયું એ માન્યું તેનો ધન્યવાદ. (કારણરૂપની વાત તો મીયાં પડ્યા ને ટાંગ ઉંચી.)

૧૩ વગર યોગે આધાકર્મિ ખાય પ્રાયશ્ચિત ન લે અને યોગમાં આધાકર્મનું પ્રાયશ્ચિત લેવાય છતાં આધાકર્મ અને અભ્યાસકર્મને ખોટે બહાને યોગને ન માને અને આચાર્ય બને તેને સાચા

ન કહેવા માટે પાઠ અભ્યાસ વગરના રહસ્યવેદી પાસેથી ન બહાર આવે એ સ્વાભાવિક છે.

૧૪ યોગ ખસેડનારના સંતાનો શાસનના છેડા સુધી રહેશે એમ કહેવાનું સાહસ મૃષાવાદવિરમણ અને શાસ્ત્રથી સાપેક્ષ તો નજ કરે.

૧૫ શ્રમણ ભગવાન મહાવીરે કેવલિપણામાં ઉજ્જયિનીમાં વિહાર કર્યો હતો, છતાં તે વખત માળવાને અનાર્ય કહે તે જુઠુંજ છે અને તેનું જાણીને મંડન કરે તેનું શું કહેવું ?

૧૬ માલવાધિપતિ ચંડપ્રદ્યોત ઉજ્જયિનીમાંજ ધર્મ સાંભળી શ્રમણ મહાવીરના શ્રાવક થયા છે એ સત્યને માનનારો કોસંબીનગરીથી દક્ષિણના બધા દેશો શ્રીમહાવીર વખતે અનાર્ય હતા એમ કેમ કહી શકે ? (વીરચરિયં પત્ર ૨૯૧) (સાપ્તાહિક)

૧ વચન અને ધર્મક્ષમા વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન તથા શાસ્ત્ર અને સામર્થ્યયોગને નહિ સમજનારો કે નહિ માનનારોજ આત્મા આજ્ઞા કે આગમથીજ ધર્મ છે એમ કહે. સ્થવિરકલ્પાદિ વિશેષધર્મને અંગે આજ્ઞાએજ ધર્મ કહેવાય, પણ સામાન્ય ધર્મની વ્યાખ્યામાં તે જોડનારો તે વસ્તુ નથી સમજતો એમ કહેવાય.

અનુકરણીયતાનો નિષેધ કરનાર પોતાના અભિનિવેશને પોષવાજ અન્ય આજ્ઞા અને અનુકરણીયતાને માનનારાને આજ્ઞાલોપી કહી બકવાદ કરે.

સ્વમાટે વસ્તુ મેળવવવી એવી એક સાવદ્યથી નહિ નિવર્તેલા જીવની કલ્પનાને ઉત્સૂત્ર ભાષણનું રૂપ આપનાર પિતાની લક્ષ્મી યુવાનને ન ભોગવવી જોઈએ માટે લક્ષ્મી ઉપાર્જનના કથનને કેમ ગણશે ? અભિપ્રાયના અનુવાદ અને પ્રરૂપણાનો ભેદ ન સમજે, કલ્પનાની જડ ન સમજે તે કેવો મનુષ્ય ?

જ્યાં મનુષ્યની કે ગાડાં ગાડીની આવક ન હોય ને તેની આવક હોય તે બે જંગલોનો ભેદ ન સમજે તે કેવો ? (જંગલના કિનારેનું પણ જંગલ એવા ચોકખા શબ્દો ન સૂઝે તેની દૃષ્ટિ કેવી ?)

૫ એકજ પ્રઘટ્ટકમાં आकालमे તેની સાથે **देवगुरुबहुमानिनः** એવું છતાં એક વિશેષણને અનાદિ ગણે અને એકને ન ગણે તેની વ્યાખ્યા યથાર્થ કોણ ગણે ?

(સાપ્તાહિક)

૧ શ્રીતીર્થંકરદેવો કેવલજ્ઞાન પામ્યા પછી તો આરાધ્ય છે પણ આરાધક નથી એમ કથંચિત્ તે વખત થએલ કૃતકૃત્યપણાને લીધે કહી શકાય, પણ આખો છેલ્લો ભવ આરાધક નથી એમ કહેનારે વીતરાગનો જન્મ માનવો કે સરાગને આરાધકકોટિ ન હોય તેમ માનવું.

૨ કર્મશત્રુનિર્ઘાતન માટે કહેલ ચારિત્રાદિ અનુકરણીય નહિ એમ કહેવું એ લીલાવાદ નહિ?

૩ અવિરતિસમ્યગ્દૃષ્ટિપણામાં શ્રેણિકાદિની માફક તીર્થંકરનામગોત્ર બાંધે તો શું અવિરતિસમ્યગ્દૃષ્ટિપણાનું અનુકરણીયપણું ? ને બીજે ભવ ચારિત્રાદિ થાય એ માત્ર આરાધ્યકોટિ ગણી અનુકરણીય નહિ ?

૪ આરાધ્યનું અનુકરણ સર્વથા નજ હોય એ એક પ્રવચનાભાસનો અધમાધમ અધ્યવસાય છે.

૫ સંપૂર્ણ અનુકરણ ન થાય એમ કહેનારનો આત્મા અનુકરણીયતા અને અનુકરણતાનો સર્વથા નિષેધ કર્યો છે તે ખોટું થયું છે એમ હવે જાણ્યા છતાં ખોટાને ખટાશથી પાશિત કરવાનો પ્રયત્ન કરે તે તેની અકથનીય દશાજ સૂચવે છે.

૬ અનુકરણનો સર્વાંશે નિષેધ માની પ્હેલા ભવે કર્યું તે કરવાનું એમ બોલનારો 'હું બોબડો છું' એ કહેવતથી કેમ દૂર ખસશે ?

૭ વચન અને જ્ઞાપકથી વસ્તુસિદ્ધિ માનનારો વચન સિવાય ન હોય એમ અક્કલ હોય તો ન કહે (સાપ્તાહિક)

૧ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે (ઉછામણીપૂર્વક) ઈન્દ્રમાલાદિક લેવાં, ઉછામણીપૂર્વક આરતિ ઉતારવી વગેરે ઉપદેશો સાધુઓના હોય છેજ. દેવદ્રવ્ય કે તેની આવકના નાશનો પ્રસંગ ટાળવા જિનકલ્પી સરખાએ પણ પ્રયત્ન કરવાનો છે.

(સમય૦)

# પરોપકાર

''परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्द्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां विधत्ते, आत्मम्भरितां मोचयति. चेतोवैमल्यं वितनुते, प्रभुत्वभाविर्भावयति, ततोऽसौ प्रादुर्भूत वीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेष्वप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति, न पुनस्ततः प्रतिपततीति''

ભાવાર્થ :- સારી રીતે કરાતો પરોપકાર ધીરતા વધારે છે, દીનતા દૂર કરે છે, ઉદારચિત્તપણું કરે છે, સ્વાર્થિપણું છોડાવે છે, ચિત્તની નિર્મલતા કરે છે, સમર્થપણું પેદા કરે છે. પરોપકારથી ઉત્પન્ન થયો છે વીર્યોલ્લાસ જેને અને નાશ પામ્યા છે અજ્ઞાન અને મોહ જેના એવો પરોપકાર કરવામાં તત્પર રહેનાર પુરુષ જન્માન્તરમાં પણ અનુક્રમે અધિક અધિક ઉંચા સન્માર્ગને પામે છે અને વળી તે સન્માર્ગથી પડતો નથી.''

''સિદ્ધર્ષિ ગણી''

આ પાક્ષિક ધી ''જૈન વિજયાનંદ'' પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

ચતુર્થ વર્ષ અંક ૩

Registered No. B.3047




કાર્તિક પૂર્ણિમા

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૧૦-૧૧-૧૯૩૫

# સમાલોચના

૧. અસંખ્યગુણ નિર્જરા, નંદિષેણની દીક્ષા, ગુરુ તત્ત્વવિનિશ્ચય અને ઉંટડીનું દૂધ વિગેરેના પાઠો અને અર્થો ખોટા અને ઉલટા આપ્યા ને તે ખોટા સમજાયા છતાં નથી સુધર્યા એ ચોક્ખું છે તો વચનની શાહુકારી શું કાર્ય કરશે ? (હજુ સાચા માનતા હો કે હોય તો સૌરાષ્ટ્રવાળા આહ્વાન સાથે અગર તે સિવાય ખુશીથી આ આહવાન સ્વીકારવું. વ્યાજબી રીતે મધ્યસ્થ, મુદત ને મુકામ પણ જાહેર કરવાં.)

(જૈનપ્રવચન)

૧. મૂર્ખ મિત્રો કે તેના આડતીઆઓ પોતાની તેવી વર્તણુંક સમજે એ મુશ્કેલ છે. દાનાને જ પોતાની અને પારકી દાનાઈ સૂઝે.

૨. સંમેલનને નામે જુઠી વાતો લખવી તે સકલ ભારતવર્ષીય મુનિ કે જે વાસ્તવિક તીર્થરૂપ છે તેને કલંક દેવા સમાન છે.

૩. દુશ્મન દાનો જાણ્યા પછી તેને શરણે ન જાય ને મિત્રને મૂર્ખતાથી મૂર્ખ કહે તેના જેવા મૂર્ખ જગતમાં જવલ્લેજ હશે.

(વીરશાસન)

૧. 'જે મુક્તિને માટેજ થાય એ વિદ્યા' એ અવિદ્યાના વ્યવચ્છેદને ન સમજાયાથી પ્રશ્નોત્તર છે.

૨. આચારપ્રકલ્પના જાણનારને શાસ્ત્રો ગીતાર્થ કહે છે.

૩. પૂજાવાળા અર્હધાતુથી અરિહંત, અરહન્ત અને અરુહંત શબ્દો થાય છે એમ જે ન જાણે તેજ અરિહંતપણું સામાન્ય કેવલીમાં છે એમ કહે.

૪. શાસ્ત્રોમાં ચૌર તરીકે જાહેર થએલા માલવોના સ્થાનને અનાર્ય ગણેલો ન સમજે તેજ ઉજ્જયિનીવાળા માલવાને અનાર્યશબ્દથી ભેળવે.

(જૈનધર્મપ્રકાશ)

૧. 'કેવલજ્ઞાની પણ લોકોને જે બોધ દે છે તે શ્રુતજ્ઞાનને અવલંબનેજ દે છે.' આવું લખાણ તેજ કરી શકે કે જે કેવલીને શ્રુતજ્ઞાન માને અને પહેલાંના શ્રુતજ્ઞાનને આલંબવાવાળા કેવલીઓ કેવલિપણામાં હોય છે એમ અને ક્ષાયિક ક્ષાયિકોપશમિક જ્ઞાનની મિશ્રતા માનતા હોય.

૨. ભવ્યોએ દેવાદિ માટે ભક્તિથી કરેલા દ્રવ્યને દેવાદિ દ્રવ્ય કહેવાના સ્થાને સડેલ સમયધર્મીઓ સ્થાપનના હેતુઓ ન સમજતાં કલ્પના કરે.

૩. જ્ઞાનની અને સાધારણની આપેક્ષિક અધિકતા દ્રવ્યની વ્યવસ્થા કરવા માટે ઉપયોગી નથી એ વાત **एकत्रैव स्थानके देवरिक्यं** એ ઉપદેશસપ્તતિ અને સેનપ્રશ્નના કથનનો શ્રદ્ધાલુ સહેજે સમજે તેમ છે.

૪. ઉજમણાનો સ્વીકાર કરીને ચાલનારને ચંદરવાદિનો નિષેધ પૂછાય તે સ્વાભાવિકજ છે. **चन्द्रोदयाद्युपकरण** શબ્દો શ્રાદ્ધવિધિમાં છે કે ?

૫. જો ગોત્રિઓની શાસ્ત્રાનુસારીઓની માફક તીર્થંકરબુદ્ધિજ હોય તો પછી શ્રમણોપાસક ધર્મમાં વર્તતા શ્રીસિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલા રાણીને શ્રીમહાવીર મહારાજા ગૃહિપણામાં નમનાદિ કરે કે નહિ ?

૬. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે ઐન્દ્રી કે એવી બીજી માલા લેવી એમ શાસ્ત્રપાઠ છે કે ?

(સમયધર્મ)




(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमासाः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા ।
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥

"આગમોદ્ધારક."

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૩ | મુંબઇ તા. ૧૦-૧૧-૧૯૩૫ રવિવાર<br>કાર્તિક પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**મહારાજા નન્દિવર્ધનની વિનંતિ**

ભગવાન્ મહાવીર મહારાજે ગૃહસ્થપણામાં બે વર્ષ રહેવાની કરેલી કબુલાત કેવી ગૃહસ્થપણાની અરૂચિપૂર્વકતાની હતી, તે સમજનારને સહેજે લાગ્યા વગર નહિ રહે કે ભગવાન્ મહાવીર મહારાજે બે વર્ષ સુધી ઘરમાં રહેવાની નંદિવર્ધનની વિનંતિ કબુલ કરી તે ફક્ત નંદિવર્ધનજીને દયા કરવાની ખાતરજ. જો કે કુટુંબ ઉપરનો રાગ કે તેની

દયા એ કેવળ કર્મબંધ કરાવનારી અને દુર્ગતિનું કારણ છે, અને એ વાત ભગવાન્ મહાવીર મહારાજાએ શ્રીનંદિવર્ધનને ઘેર રહેવાની કરેલી વિનંતિ વખતે સ્પષ્ટરૂપે જણાવેલી છે, છતાં શ્રીનંદિવર્ધનજીને તેવો સ્વપરનો બોધ ન હોય અને હોવા છતાં કદાચ મોહનો ઉછાળો હોય અને તેથી મોહમાં ઘેરાઈને ભગવાન્ મહાવીર મહારાજને સંસારમાં રાખવા માંગે, પણ તેટલા માત્રથી ભગવાન્ મહાવીર મહારાજને સંસારમાં રહેવું ઉચિત ન લાગે તે ખરેખર સત્ય છે, અને તેથીજ મહારાજા નંદિવર્ધનની બે વર્ષ ઘરમાં રહેવાની વિનંતિના સ્વીકાર કરતાં પહેલાં પોતાના અવધિજ્ઞાનના ઉપયોગથી પોતાની દીક્ષાનો કાળ તપાસ્યો અને તે દીક્ષાનો કાળ તપાસતાં જ્યારે અવધિજ્ઞાનથી એમ માલમ પડ્યું કે મારી દીક્ષા થવાને હજી બે વર્ષની વાર છે.

### બે વર્ષનું ગૃહસ્થાવસ્થામાં રહેવામાં સોપક્રમ મોહ કારણ કે ?

ધ્યાનમાં રાખવું કે ભગવાન્ મહાવીર મહારાજનું આ બે વર્ષ ઘરમાં રહેવું તે પૂર્વે અઠ્ઠાવીસ વર્ષ ઘરમાં રહ્યા તેની માફક મોહનીય કર્મના ઉદયથીજ છે, છતાં તે મોહનીય કર્મ ટીકાકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે નિરૂપક્રમ એટલે જલદી નાશ ન કરી શકાય એવું હતું એમ નહિ, પણ તે સોપક્રમ એટલે ઉદ્યમથી જલદી નાશ કરી શકાય તેવું હતું, છતાં ભગવાન્ મહાવીર મહારાજે તે નંદિવર્ધનની વિનંતિ અને કુટુંબની કાકલુદી ઉપર દૃષ્ટિ રાખી અને તેથીજ તે નાશ કરી શકાય એવા પણ તે મોહનીય કર્મના નાશને માટે ઉદ્યમ કર્યો નહિ, અને અવધિજ્ઞાનથી કે બીજા કોઈ પણ તેવા અતિશયવાળા જ્ઞાનથી જેમ પદાર્થ બનવાની ભવિતવ્યતા જણાય છે, તેવીજ રીતે તેના કારણોનું જ્ઞાન પણ તે અતિશય જ્ઞાનથી થાયજ છે, અને તેથી દીક્ષાનો કાળ જાણવાની માફક મોહનીયની સોપક્રમતા, તેના ક્ષય માટે કરાતા ઉદ્યમનો અભાવ અને તેના કારણ તરીકે કુટુંબ ઉપરની દયાદૃષ્ટિ પણ પોતે અવધિજ્ઞાનથી જાણી લીધેલી છે.

### બે વર્ષ રહેવામાં અવધિનો ઉપયોગ-

ચૂર્ણિકાર વિગેરે મહાપુરુષોએ નંદિવર્ધનજીની વિનંતિ અને કુટુંબની કાકલુદીની વખતે પણ ભગવાન્ મહાવીર મહારાજની બે વર્ષ પછીજ દીક્ષા થવાની છે એમ જાણીનેજ બે વર્ષ ઘરમાં રહેવાની વિનંતિનો સ્વીકાર ર્ક્યો એ વસ્તુ જણાવી ભવ્ય જીવોને સ્પષ્ટ કરી દીધું કે ભગવાન્ મહાવીર મહારાજને જે શ્રીનંદિવર્ધનજીઆદિને લીધે રોકાણ થયું તે તેમના સ્વતંત્રજ વર્તાવ જ્ઞાનબળથી થએલો ગણાય અને તેથી તે વર્તાવનો દાખલો કે અનુકરણ બીજા કોઈ જેવા તેવાઓએ કે જ્ઞાનશૂન્યોએ કરાય કે લેવાય નહિ, કેમકે એમ જો ન હોત તો ચૂર્ણિકાર મહારાજા વિગેરે દીક્ષાના કાળનો ઉપયોગ દેવાનું અને તેમાં બે વર્ષની વાર હોવાનું અવધિજ્ઞાનથી જણાયું એમ કહેતજ નહિ.

### ગર્ભાવસ્થાના અભિગ્રહ અને આ કબુલાતના કારણોનો ભેદ

વળી એ પણ ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન્ મહાવીર મહારાજની ઉંમર આ વખતે અઠ્ઠાવીસ વર્ષની થએલી છે, અને તેથી ગર્ભઅવસ્થામાં અભિગ્રહ કરતી વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ ન મેલ્યો, તેમ આ વખતે બને નહિ તે સ્વાભાવિક છે. ગર્ભઅવસ્થા એ માત્ર દીક્ષાના મનોરથની અવસ્થા ગણાય અને આ અઠ્ઠાવીસ વર્ષની ઉંમરની સ્થિતિ દીક્ષાના કાર્યને કરનારી ગણાય અને તેથી આ વખતે દીક્ષાનો કાળ અવધિજ્ઞાનથી જોવો પડે તે સ્વાભાવિક છે.

**વિજ્ઞપ્તિ કબુલવાની યથાર્થતા -**

સાથે એ પણ સમજવાનું કે અહીં નંદિવર્ધનજીની વિજ્ઞપ્તિ પછી પોતાની દીક્ષાના કાળનો ઉપયોગ મેલ્યો છે, અને તેમાં બે વર્ષ જે દીક્ષાનો વિલંબ જણાવ્યો છે અને તેથીજ નંદિવર્ધનજીની પહેલેની થએલી વિનંતિનો સ્વીકાર થયો, એટલે ખોટો ઉપકાર ગણાવ્યો એમ કહી શકાય નહિ, પણ ગર્ભઅવસ્થાની વખતે જે અભિગ્રહ કર્યો તે તેવા કારણસર અને તેવી રીતનો ન હોવાથી પોતેજ કર્યો છે.

**તે અભિગ્રહ ઉપરથી જ્ઞાપન**

અને તે ગર્ભ અવસ્થાનો કરેલો અભિગ્રહ તો એમ સ્પષ્ટ કરે છે કે દીક્ષાર્થીને યોગ્ય ઉંમરે માબાપની રજાની જરૂરીઆત હોયજ નહિ, કેમકે જો માબાપની રજાની યોગ્ય ઉંમરે પણ જરૂરીઆત જ હોય તો સહેજે સમજી શકાય તેમ છે કે મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતા ભગવાન્ મહાવીર મહારાજને દીક્ષા લેવાની રજા સ્નેહાધીનપણાને લીધે આપતજ નહિ, અને તેથી મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતાની હયાતિકાળમાં ભગવાન્ મહાવીર મહારાજની દીક્ષા થવાની જ નહોતી, તો પછી માતપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો કરેલો અભિગ્રહ અસ્થાનેજ ગણાત. જગતમાં જેમ પુત્રીને વારસો આપવા વીલ કરવું પડે અને તેથી જગતનો રિવાજ સાબીત થાય કે પુત્રીનો રીતસર વારસાઈ હક નથી, તેવી રીતે અહીં પણ ભગવાન્ મહાવીર મહારાજે માતપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો કરેલો અભિગ્રહ બુદ્ધિમાનોને સ્પષ્ટપણે જણાવી દે છે કે યોગ્ય અવસ્થાએ માતપિતાની રજાની દીક્ષામાં જરૂરજ હોય એમ નથી.

**ગર્ભાવસ્થાના અભિગ્રહ પ્હેલાં દીક્ષાકાલને જાણવા નહિ કરેલો ઉપયોગ**

વળી કોઈપણ ગ્રંથકાર કે ટીકાકાર ગર્ભ અવસ્થાની વખતે અભિગ્રહ કરવા પહેલાં અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો હતો અને પોતાના માતપિતાના કાળધર્મ પછીજ દીક્ષા થવાનું જાણ્યું હતું અને તેવું જાણ્યા પછીજ માતપિતાની હયાતિ સુધી દીક્ષા ન લઉં એવો અભિગ્રહ કર્યો છે એમ કહેલું જ નથી. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નંદિવર્ધનજીની વિનંતિના સ્વીકાર વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો છે, પણ ગર્ભઅવસ્થાના અભિગ્રહ વખતે અવધિજ્ઞાનના ઉપયોગથી જાણવાનો પ્રયત્ન કર્યો નથી. આ બધી હકીકત બારિકીથી જોનારને સ્પષ્ટ માલમ પડશે કે દીક્ષાર્થીને રોકવાનું કે રોકાવાનું ભગવાન્ મહાવીર મહારાજના દૃષ્ટાંતથી કહેવું કે કરવું તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી.

**ભગવાન્ હરિભદ્રસૂરિજીના અષ્ટકનું સમર્થન-**

જો કે ભગવાન્ હરિભદ્રસૂરિજી માતપિતાની સેવાને પરમ મંગલ ગણી દીક્ષાર્થીને પરમ પૂજ્ય એવા માતપિતાના ઉદ્વેગને ટાળવાને માટે જણાવે છે પણ તેજ હરિભદ્રસૂરિજી પંચવસ્તુ વિગેરેમાં દીક્ષાર્થીના કુટુંબના આક્રંદ, શોક વિગેરેનો સદ્ભાવ જણાવી તે થાય તોપણ દીક્ષાનું ગ્રાહ્યપણું જણાવે છે અને પંચસૂત્રની ટીકામાં જંગલમાં માંદા માબાપોને ઔષધ માટે છોડવાં પડે તેની માફક નહિ સમજતાં માબાપોને છોડી દેવાં તેજ માબાપનો અત્યાગ છે, પણ નહિ સમજતાં માબાપોને લીધે સંસારમાં રહેવું તે માબાપોને રખડતાં કરવાનુંજ છે એમ જણાવે છે, તેથી અષ્ટકજી વિગેરેનો વિષય તેવા પુરુષ વિશેષ કે જેઓ અચિંત્યપુણ્યપ્રાગ્ભારવાળા હોય, જગતના દ્રવ્ય દુઃખને પણ દૂર કરવામાંજ જેના મહિમાનો અંશ સમાયો હોય, તેવા પુરુષને અંગેજ તેવું અનુકરણ ઉચિત ગણ્યું હોય તો તે વધારે સંભવિત છે. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભગવાન્ હરિભદ્રસૂરિજીએ તીર્થંકરોના ગર્ભથી ઉચિતપણાના વર્તનને પ્રસંગેજ જણાવેલું છે. એમ કહી શકીએ કે જો એ વર્તન સર્વને અનુકરણ કરીને ચલાવવાનું હોત

તો વૈરાગ્યના પ્રસંગમાં, મહાવ્રતોના પ્રસંગોમાં કે ભિક્ષા વિગેરેના પ્રસંગની સાથે આ ભગવાન્ મહાવીર મહારાજનો પ્રસંગ લઈ લેત અર્થાત્ જેમ ભગવાન્ મહાવીર મહારાજના તીવ્ર પરિણામને લઈને અવિરતિને આપેલા દેવદૂષ્યનું સમર્થન તેવા પ્રકારની દયાને અંગે કર્યું છે, અને તેનું અનુકરણ માત્ર તેવાજ પુરુષોને માટેજ યોગ્ય હોય તેવી રીતે દીક્ષાને રોકી તે પણ માતપિતાની સેવા એ પણ દીક્ષાના મંગળ તરીકે તેવાજ પુરુષોએ ગણવાની છે. આવી રીતની વ્યવસ્થા કરીએ તો ભગવાન્ હરિભદ્રસૂરિજીના ગ્રંથોનો અરસપરસ બાધ રહે નહિ.

## માત્ર માતપિતાના અંગે જ અભિગ્રહ કેમ ?

વળી એ પણ સમજવાની જરૂર છે કે ભગવાન્ મહાવીર મહારાજે મહારાજા નંદિવર્ધન કે સુદર્શના બ્હેન કે સુપાર્શ્વ કાકાને અંગે તેઓ જીવે ત્યાં સુધી ઘરમાં રહેવું એવો અભિગ્રહ ન કર્યો પણ માત્ર માતાપિતા જીવે ત્યાં સુધીજ ઘરમાં રહેવું એવો અભિગ્રહ જે કર્યો તેજ કહી આપે છે કે માત્ર માતાપિતા સિવાયના કૌટુંબિક જનોને માટે કોઈએ કોઈ દિવસ પણ યત્કિંચિત્ માત્ર પણ દીક્ષાથી દૂર રહેવું જરૂરી નથી.

## યુવકોને જરૂરી ચેતવણી

વર્તમાનના દીક્ષાથી પ્રતિકૂળ રહેલા યુવકોએ પત્નીની રજાને જે મોટું રૂપ અને પદ આપ્યું છે તેઓએ અહીં વિચારવું જોઈએ કે ભગવાન્ મહાવીર મહારાજના આખા પ્રસંગમાં યશોદાની મરજી કે કલ્પાંત થયાનો ઉલ્લેખ સરખો નથી, અને તેના કલ્પાંતને કે મરજીને હિસાબમાં ગણ્યાનું નામનિશાન પણ નથી. ટીકાકારો પણ આ અભિગ્રહથી યત્કિંચિત્ માતાપિતાની ભક્તિનું અનુકરણ કરવા જણાવે છે, પણ કોઈપણ જગો પર સ્ત્રી, પુત્રાદિકના પ્રેમનું વિધાન કે તેનું અનુકરણ કરવાનું જણાવતા નથી, અને તેથી સ્પષ્ટ થશે કે યુવકોનું સ્ત્રીની રજાનું, તેની વિદ્યમાનતાનું કે તેના કલેશનું દીક્ષા રોકવા માટે લેવાતું આલંબન માત્ર કલિયુગની વિશેષ કલિયુગતાનેજ સૂચવે છે, કેમકે સામાન્ય કહેવત છે કે **कलौ मनुष्याः संभूताः स्त्रीदेवाः कामकिंकराः ।** અર્થાત્ કલિયુગમાં સ્ત્રીને દેવ તરીકે માનનારા અને કામના ચાકર એવા મનુષ્યો થાય છે એટલે આ યુવકો સ્ત્રીસેવક અને વિષયવમળમાં ડૂબેલા હોઈ સ્ત્રીના આલંબનને દીક્ષા રોકવામાં આગળ ધરે તેમાં નવાઈ નથી.

## બાલદીક્ષા એ તો યુવકોનું બ્હાનુંજ છે.

આજકાલના યુવકો દીક્ષાનો વિરોધ કરતી વખત સામાન્ય બાલદીક્ષાને રોકવા, રોકાવવા પ્રયત્ન કરે છે અને કરાવે છે, પણ એ તો કેવળ દુનિયાને ભડકાવવાને માટે યુવકો બ્હાનુંજ લે છે કેમકે કોઈપણ સગીર ઉંમરના બાળકને તેના પાલકની રજા સિવાય દેશી કે અંગ્રેજી કાયદો દીક્ષા થવા દેતો નથી અને થવા દે તેમ પણ નથી, એટલે બાલદીક્ષા રોકવામાં યોગ્ય રીતિએ તો યુવકો એક અંશે પણ સંમત થઈ શકતા નથી, પણ યુવકોના ટોળેટોળાં મળીને શાસ્ત્રથી કે કાયદાથી દાદ ન મળી શકે તેવા સ્ત્રીના બહાનાથી દીક્ષા રોકવા માટે ઉદ્દામ પ્રયત્નો મુદ્દામ રીતિએ કરે છે, પણ તે યુવકોને આ યુગના ઈતિહાસે ચોકખા રૂપે જણાવી દીધું છે કે તેમના તેવા તે પ્રયત્નો માત્ર દીક્ષાર્થીને કે તેના સહાયકો કે અનુમોદકોને કોઈક કોઈક જગો પર કથંચિત્ અંશે હેરાનગતિ કરનારા થયા છે પણ બાળકની કે પરણેલા એવા પુરુષની દીક્ષા રોકવાને માટે કોઈપણ રીતે તેઓ સંમત થઈ શક્યા નથી. જોકે દીક્ષાર્થીઓને કુટુંબીઓ તરફથી તેમજ યુવકો તરફથી જે પીડાઓ અને અનર્થો દીક્ષા રોકવાને માટે કરવામાં આવ્યા છે, તે અતિશયોક્તિથી નહિ પણ સ્વભાવિક રીતિએ આલેખવામાં આવે તો તેનું ઓછામાં ઓછું પચાસ ફર્માનું પુસ્તક થઈ જાય. આ વાત જણાવવાની એટલા માટે જરૂર છે કે આરંભ, પરિગ્રહ, વિષય અને કષાયમાં રક્ત રહેલા અને તેમાંથી વિરક્ત

રહેલા અને તેમાંથી વિરક્ત થવાને મથતા એવા મહાપુરુષોને વૈરાગ્યમાં અંતરાય કરી, તે આરંભાદિકમાં રક્ત કરી વૈરાગ્યમાર્ગથી પાડવા માંગતા મનુષ્યોની પાપવાસનાની ત્રૂટિ તરફ લક્ષ્ય આપી, દીક્ષાવિરોધી અને તત્ત્વથી શાસનવિરોધી લોકો દ્રવ્યના ઝરા વહેવડાવે છે, તેઓને વસ્તુસ્થિતિનો વિચાર કરવાને માટે અવકાશ મળે.

### દીક્ષાર્થીની દયાની અક્ષયતા

આ સ્થળે આ વાત પણ સ્પષ્ટ કહી દેવાની જરૂર છે કે દીક્ષાર્થી મહાપુરુષ પોતાના વૈરાગ્યમાર્ગની સિદ્ધિ થાય કે ન થાય તેમાં પણ સંસારીસંબંધીઓને અંશે પણ હેરાન કરતો નથી, અને હેરાન કરવાની લેશે પણ ઈચ્છા ધરાવતો નથી, પણ મોહમદિરામાં મસ્ત બનેલા કુટુંબીઓ તો પોતાની પાપમય વાસનાને પ્રવર્તી રાખવા કે પોષવા માટે તે વૈરાગી મહાત્મા ઉપર સિતમ વર્ષાવવામાં કંઈપણ કમી રાખતા નથી, અને તેથી જ તે લોકોએ ખુલ્લી કહેવત રાખી છે કે, જમન્ને દેવાય પણ જતિને ન દેવાય, આ બાબતનો વધારે ઈતિહાસ આલેખવાનું આ સ્થાન નથી અને ચાલુ દશકામાં બંને બાજુનો ઈતિહાસ સારી રીતે આલખાયો છે. જો કે દીક્ષાર્થીઓની વીતકનો ઈતિહાસ લખાયો નથી, છતાં ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો દીક્ષાને અંગે ઘણા સારી રીતે લગભગ બધા સારા પેપરોમાં ચર્ચાઈ ગએલા છે, માટે તેનો ઉલ્લેખ માત્ર કરવો જ બસ છે. ટૂંકમાં, શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના દૃષ્ટાંતથી શ્રમણદીક્ષાને રોકવાવાળો વર્ગ કોઈ પ્રકારે ફાવ્યો નથી અને ફાવી શકે તેમ પણ નથી.

### ગૃહાવસ્થાનમાં કરેલી શરતોની ભીષણતા

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે આગળ જણાવેલી જે શરતો છે તે રાજકુટુંબમાં રહેતાં થકાં પાળવી તે કેટલી મુશ્કેલ છે, તે સહેજે સમજી શકાય તેમ છે. રાજકુટુંબમાં વસવું અને સ્નાન અને ઉપલક્ષણથી કેશનો સંસ્કાર સુદ્ધાં ન કરવો એ રાજકુટુંબને કેટલું શરમાવનારૂં થાય. આ વાત તો જાહેર જ છે કે સામાન્ય રીતે દરેક મનુષ્ય સ્નાન વગર રહી શકતો નથી, એટલું જ નહિ પણ કેટલીક મુદતથી સ્નાન નહિ કરવાવાળી વ્યક્તિ જો પાસે બેઠી હોય તોપણ તેની તેને દુગંછા થાય છે, તો પછી જાહેર રીતે સ્નાન નહિ કરવાની પ્રતિજ્ઞા કરી, વર્ષો સુધી રાજપર્ષદમાં પ્રવેશ રખાય તો તે પર્ષદને કેટલું બધું અકારૂં લાગે. વળી ભગવાન્ મહાવીર મહારાજે જે અઠ્ઠાવીસ વર્ષની ઉંમર પછી અખંડ બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે, તેમાં નંદિવર્ધન આદિની કે તેમની સ્ત્રીઆદિની કોઈ પણ પ્રકારે સંમતિ લીધી હોય એમ શાસ્ત્રકારો કહેતા જ નથી. આજકાલના તો કેટલાક વિષયમસ્ત યુવાનો એટલે સુધી આગળ વધ્યા છે કે તેમની ઈચ્છા પ્રમાણે તો સ્ત્રી અને માતાપિતા તો શું પણ ગામના આખા સંઘની રજા મેળવે તો જ ચોથું વ્રત પણ લઈ શકે. આ તેમનું ઉન્માર્ગે વધવું કેવી વિષયાન્ધતા અને અધર્મરસિકતા સૂચવે છે તે પાપભીરૂઓને સહેજે સમજાય તેમ છે. જો કે ધર્મપ્રેમીઓ શાસ્ત્રાનુસારે માન્યતા ધરાવનાર હોઈ તેવા વિષયવિચારના વમળમાં વહી રહેલાના વિચારો વ્યર્થ જ જાય છે, પણ વર્તનમાં કે વ્યવહારમાં મેલી શકાતા જ નથી. શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે સ્નાન કરવું નહિ, બ્રહ્મચર્ય પાળવું એ બે નિયમોની સાથે ત્રીજો એ પણ નિયમ રાખ્યો છે કે જેમ વર્તમાનમાં ગૃહસ્થપણામાં રહેલા શ્રાવકો અચિત્ત પદાર્થનો આહાર કરવા સાથે જલ પણ અચિત્ત જ વાપરે છે, તેવી રીતે ભગવાને પણ તે અઠ્ઠાવીસ વર્ષની ઉંમર પછી સચિત્ત જલ બંધ કરીને અચિત્ત જલ જ વાપરવાનું નિયમન કર્યું. સામાન્ય રીતે અચિત્ત જલ વાપરવામાં એટલી બધી અધિકતા ન માલમ પડે, પણ રાજકુટુંબ અને રાજપર્ષદ તરફ વિચાર કરીએ તો સચિત્તનો સર્વથા ત્યાગ અને અચિત્ત જલના પાનનો નિયમ કેટલી બધી મુશ્કેલી ભરેલો છે તે સમજી શકાય. એ ત્રણ નિયમોની સાથે અધિક

કહીએ તો ચાલે એવો ચોથો નિયમ એવો કર્યો કે મારે નિમિત્તે કોઈએ કાંઈપણ રસોઈ કરવી નહિ, અર્થાત્ જે આધાકર્મી કે ઔદ્દેશિક આહારપાણી છોડવાં, અન્ય તિથિઓએ સાધુને છોડવાં અસંભવિત છે અને જૈનશાસન કે જે નવકોટિથી શુદ્ધ એવા આહારને લેવા ફરમાવે છે, તેવા જૈનશાસનને માનનારા અને ગામે ગામ વિચરનારા એવા શ્રમણ નિર્ગ્રંથોથી નિરપવાદ તરીકે પાલી શકાતો નથી, તેવો નિયમ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા રાજકુટુંબમાં અને રાજપર્ષદમાં વસતા છતાં વર્ષો સુધી પાળે એ કેટલું બધું આકરૂં ગણાય? પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરીએ તો શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે એવા નિયમો કર્યા કે જે નિયમો સાથેનું વર્તન દેખીને કુટુંબીઓનો તેમની ઉપરનો મોહ ગળી જાય એટલુંજ નહિ, પણ તે કુટુંબીઓજ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને દીક્ષા લેવાની પ્રેરણા કરે.

### સ્નેહાધીનોનો બળાત્કાર

સામાન્ય રીતિએ દુનિયામાં પણ બને છે કે કોઈ પણ બાઈ કે ભાઈ જો કેટલી જગો પર મોહાધીન કુટુંબીઓ દીક્ષાર્થીઓ ઉપર બળાત્કાર કરે છે, જો તે દીક્ષાર્થીએ સામાયિક કરવા માંડ્યું હોય, તો તેની થાપના ઉઠાવી લે, તેનો ચરવળો મુહપત્તિ ખેંચી લે. પુસ્તક ફાડી તોડી નાખે, કરેલી તપસ્યાનો ભંગ કરાવવાને માટે તેનું ઉકાળ્યું પાણી ઢોળી નાખે, તે જ ઠામમાં કાચું પાણી ભરી દે, બળાત્કારે તેના મોઢામાં ચોકખી રીતે કાચા પાણી રેડે, રાત્રિની વખતે પણ તેને પરાણે ખવડાવવા પીવડાવવા માગે, આવા ધર્મને ભ્રષ્ટ કરવામાં ભઠિયારા જેવા બનેલા કુટુંબીઓ ન હોય અને કંઈક સત્વ ધરાવનાર દીક્ષાર્થીઓને રજા લેવાના રસ્તા કોઈક અંશે જો તે દીક્ષાર્થી બાઈ કે ભાઈ સ્વાધીનતા ભોગવતા હોય અને જ્યારે જ્યારે કુટુંબમાં દીવાળી, દેવદીવાળી વિગેરે ખાનપાનની સગવડના નામે પ્રસિદ્ધ થએલા તહેવારો કે વિવાહ વિગેરે વરાઓ પોતાને ઘેર હોય, અને જો તે વખતે તેઓ ઉપવાસ વિગેરે કરી લે છે અને તે ફકત દીક્ષાની ઉમેદવારીનેજ અંગે એમ જાહેર કરે છે, તો તે દીક્ષાર્થી ભાઈ કે બાઈનું વર્તન સ્નેહની સાંકળમાંજ સપડાએલા કુટુંબીઓને ઘણુંજ અસહ્ય થઈ પડે છે, અને પરિણામે તે દીક્ષાર્થીને જોઈતી બધી સગવડો તે સ્નેહાધીન કુટુંબીઓને કરી દેવીજ પડે છે. આ વસ્તુને ખ્યાલમાં રાખીએ તો શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની ઉપર જણાવેલી ચારે પ્રતિજ્ઞાઓ સ્નેહાધીન કુટુંબીઓના સ્નેહને કેવી સળગાવી દેનારી થાય તે સહેજે સમજી શકાય તેમ છે, અને સાથે એ પણ આપણે સમજી શકીએ તેમ છે કે આવી રીતે દુષ્કર પ્રતિજ્ઞાઓ કરીને ગૃહસ્થાવાસમાં રહેવાવાળા ભગવાન્ મહાવીર મહારાજની પ્રવ્રજ્યાની પરિણતિની કોટિ કેટલી બધી પરાકાષ્ઠાએ પહોંચેલી હોવી જોઈએ એવી તીવ્ર પ્રવ્રજ્યાની પરિણતિ છતાં મહારાજા નંદિવર્ધનના આગ્રહથી અને કુટુંબની કાકલુદીથી જે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે ગૃહસ્થાવસ્થામાં બે વર્ષ રહેવું કબુલ કર્યું તે કેવળ મહારાજા નંદિવર્ધન અને કુટુંબના દ્રવ્ય ઉપકારને માટે જ કર્યું એમ કહેવામાં કોઈ પણ પ્રકારે અતિશયોક્તિ નથી.

### સંવચ્છરીદાનની ભૂમિકા

આવી રીતે પ્રતિજ્ઞાપૂર્વક ગૃહસ્થાવસ્થામાં રહેતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને બાર મહિના જેટલો લાંબો ટાઈમ પસાર થઈ ગયો અને દીક્ષા ગ્રહણ કરવાની મુદતમાં ફકત બાર મહિનાજ રહ્યા, તે વખત ક્યા દેવતા કેમ આવ્યા, શું કહ્યું, અને તેથી ભગવાને શું કર્યું એ વિગેરે હકીકત આપણે આગળ વિચારીશું અને તે આખું કર્તવ્ય પરોપકારને માટેજ કેમ કર્યું છે તે પણ જોઈશું.

(અનુસંધાન માટે જુઓ પેજ-૭૩)




## દીવાળી મહાત્મય યાને આઠ સ્વપ્નનો સ્ફોટ

**(ગતાંકથી ચાલુ)**

સાધર્મિક વાત્સલ્ય એટલે ધર્મીભાઈની જૈનધર્મજ પાળનારાની ભક્તિ કરવી-કોઈપણ જૈનધર્મ પાળનારી વ્યક્તિને અન્ન આપવું એ સાધર્મિકની ભક્તિ છે. હવે કોઈ શ્રાવક એવી દલીલ કરે કે, મારી પત્ની પણ શ્રાવીકા છે અને હું તેને પાળું છું એટલે સાધર્મિકની ભક્તિ થઈ ગઈ. હવે મારે બીજી ભક્તિની શી આવશ્યકતા છે ? મહાનુભાવો ! હવે વિચાર કરો કે આ દલીલ કેટલી યોગ્ય છે ?

### સાધર્મિક ભક્તિ એટલે શું ?

જેઓ આવું વચન બોલે છે તેઓ સ્વામિવાત્સલ્ય એટલે શું તેની કશી કિંમત જ સમજતા નથી. પરંતુ અલબત્ત જૈનધર્મીની સેવા કરવી એટલે જ સ્વામિવાત્સલ્ય હોય તો પછી સ્ત્રી અને પુત્રોને પોષવા એ સ્વામિવાત્સલ્ય શા માટે ન ગણી શકાય એવું પૂછનારાને પણ સંતોષકારક ખુલાસો તો આપવો જ રહ્યો. સ્વામિવાત્સલ્ય તો તેને કહી શકાય કે પોતાનો સ્વાર્થ ન હોય એ રીતે નિઃસ્વાર્થપણે અને મોક્ષમાર્ગની બુદ્ધિથી સાધર્મિકની જે કાંઈ સેવા થાય છે તેજ સ્વામિવાત્સલ્ય છે અન્ય રીતે જૈનોને પોષવા તે સ્વામિવાત્સલ્ય નથીજ ! શેઠ જૈન નોકર રાખી તેને બાર રૂપીઆનો પગાર આપી સવાર સાંજ દાળ, ભાત, શાક આપતો હોય તો શેઠ સ્વામિવાત્સલ્ય કરે છે એમ નહિ જ કહી શકાય. વ્રતધારીઓમાં તીવ્રતા મંદતા ભલે હોય, પરંતુ વ્રતધારીઓએ તો માત્ર એટલું જ જોવાનું છે કે જેની તે સેવા કરે છે તે પોતાને જૈન કહેવડાવતો હોય એટલે બસ છે. જેને ગણધર ભગવાનોને વંદના કરવી હોય તે ગણધરભગવાનોને પણ વંદના કરી શકે છે. જે આત્માને જે બાજુએ ધર્મસેવા કરવાનો ઉલ્લાસ થાય તેને તે માર્ગે ધર્મસેવા કરવાની છૂટ છે. શાસન આવી છૂટ આપે છે, પરંતુ જગતમાં દેવદ્રવ્યને ભોગે જેને પોતાની પેટપૂજા કરવી છે તેઓ તો સાધર્મિકવાત્સલ્ય ઉપર પણ પિકેટિંગ કરવા તૈયાર થાય છે! પૈસો ખરચનારને પોતાનો છે, તેને એ પૈસો પોતાની ઈચ્છાના પ્રમાણે ધર્મમાર્ગે વાળવો છે, પરંતુ તે છતાં ત્રીજા માણસને એમાં દખલગીરી કરવી છે અને તે પાછો દખલગીરી કરવાનો પોતાનો હક જણાવે છે. આવા શઠાનંદોને મારૂં એટલું જ કહેવું છે કે

"મહાનુભાવો ! તમે જરા ધર્મમાં રહી તો બતાવો! ધર્મ એ શી ચીજ છે તે જરા સમજો તો ખરા ! પણ એ પિકેટિંગની પાઘડી પહેરી ફરનારા કોણ છે તેનો તમે કદી ખ્યાલ કર્યો છે. આ ભાઈઓ આપણી જ બેદરકારીને પરિણામે સંસ્કારહિન થએલા નામધારી જૈનો છે કે જેમને શીખવીને, વિદ્યા આપીને તમે જ તૈયાર કર્યા છે ! વિદ્યાલયો પાછળ છેલ્લાં ચાળીસ વર્ષ સુધી સતત પરિશ્રમ કરનારો કોણ હતા? એ સંસ્થાને ધનથી પોષનારા કોણ હતા ? ત્યાં ભણનારાઓ માટે બોર્ડિંગો બંધાવી દેનારા કોણ હતા ? તમે તમારા છોકરાને માટે પૈસા ખરચ્યા ન હતા ! તેમને કપડાંલત્તાનું ઠેકાણું ન હતું, પરંતુ તે છતાં પણ તમે તમારી ફરજ વિચારીને, તમારો ધર્મ સમજીને એ સંસ્થાઓને હજારો રૂપીઆ આપ્યા હતા, પરંતુ એ સઘળી સંસ્થાઓનું આજ ચાળીસ વર્ષે સરવૈયું તપાસશો તો જણાઈ આવશે કે તમારા જ પૈસાથી તમારાં એ વિદ્યાલયો શાસનની સામા પડયાં છે. ચાળીસ વર્ષનો સતત પરિશ્રમ અને પૈસો સંઘનો વપરાયો હતો, સંઘના દાનનો પ્રવાહ એ રસ્તા પાછળ વહ્યો હતો છતાં આજે એ દશા આવી છે કે એ સંસ્થાઓ શાંતિના કિરણો આપવાને બદલે ........... આપે છે !! દીક્ષાની આખી હિલચાલનો પ્રશ્ન આ સંસ્થાઓ સાથે જોડી દો અને પછી ફળનો વિચાર કરો. આ વિદ્યાલયોના પરિપાકરૂપ જેઓ નીવડ્યા હતા તેમણે જ વડોદરા રાજ્યને એમ સ્પષ્ટ લખી દીધું હતું કે દીક્ષા બંધ કરવાના સંબંધમાં અમે કાંઈ કરી શકતા નથી અમે અશકત છીએ માટે તમે વચ્ચે પડો અને દીક્ષા બંધ કરાવો !! શાસનસેવકોએ એવા ઉન્માદીઓને કહ્યું કે ભાઈઓ ! તમે મોઢે સ્વરજા અને સ્વતંત્રતાની તો વાતો કરો છો તો પછી જૈનધર્મની જે રહીસહી સ્વતંત્રતા છે તેને પણ રાજ્યને વચ્ચે નાખીને શા માટે લુંટાવો છો ? તેના કરતાં તો આપણી વચ્ચે ધર્મના સિદ્ધાંતોની વિચારણાપૂર્વકની સમાધાની માટે વધારે અવકાશ છે !" તો કહે, "ના ! અમારે ધર્મનું એક બિંદુ પણ ન જોઈએ" અમારે તો રાજ્યને વચ્ચે નાખી જ કાર્ય કરવું છે." સાધુઓને છ મહિનાની જેલ થાય એ વાતને પણ તેમણે જ અપનાવી લીધી હતી! આ છે જૈનો એ આપેલા ભોગનું ફળ !!!

## દેવદ્રોહીઓનો પડછાયો પણ નકામો છે.

હવે દયાથી દાન અથવા સુક્ષેત્રે દાન આપવાનું હોય તેમાં પણ આવી સંસ્થાઓને દાન આપી શકાય કે કેમ તે વિચારજો ! આવી સંસ્થાને પોષવી એનો અર્થ અનુભવે તો એજ જણાવી દીધો છે કે શાસનના શત્રુઓ જ પેદા કરવા. આટલું જાણ્યા પછી કયો બુદ્ધિમાન માણસ હશે કે આવી સંસ્થાઓને દાન આપવાને પ્રેરાશે વારૂં ? યાદ રાખજો કે ઓછી ક્રિયા કરવાવાળા હોય, ક્રિયા ન કરનારા હોય, તેવા આ શાસનને પાલવે છે પરંતુ શાસનની વિરૂદ્ધ બોલનારા, શાસનની જ જડ ખોદનારા તેવા આ શાસનને પાલવે એવું નથી ! મનુષ્ય પોતે પોતાના પૈસાનો સ્વામી છે. તેમાંથી કોઈને સાધુને વહોરાવવાના કાર્યમાં દ્રવ્યવ્યય કરવાનો ઉલ્લાસ થાય છે, તો કોઈને સાધર્મિક-વાત્સલ્યમાં દ્રવ્યવ્યય કરવાથી આનંદ-ઉલ્લાસ થાય છે ! છતાં આવી રીતે ધર્મમાર્ગે પૈસા ખર્ચનારને પણ હેરાન કરનારા પેલી સંસ્થાઓએ જન્માવ્યા છે, તો હવે વિચાર કરો કે એમણે ધર્મને માટે કમર બાંધીને લડનારી કેટલી ઉન્નતિ કહીએ છીએ તેવા કાર્યો તમે ન કર્યા તો ભલે ન કર્યા, પણ તમારી જ દૃષ્ટિએ તમે જૈનસમાજનું શું ભલું કર્યું છે તે તો બતાવો ! જવાબ કાંઈ જ નથી. આવી સંસ્થાઓને પૈસા આપવા એ નથી દયાવાળું દાન અથવા નથી તો સુપાત્ર દાન.

## દાનનું સારામાં સારૂં ક્ષેત્ર

દાનનું સારામા સારૂં ક્ષેત્ર તે પંચમહાવ્રતધારી સાધુઓ છે અને મધ્યમપાત્ર તે શાસનમાં શ્રદ્ધા રાખનારા શ્રાવકો છે. શ્રાવકોની અપેક્ષાએ સાધુઓ અનંતગણા પાત્ર છે. અને તેજ રીતે સાધુની અપેક્ષાએ જિનેશ્વરો અનંતગુણા પાત્ર છે. છતાં યાદ રાખવાની જરૂર એ છે કે કોઈકવાર સાધર્મિકની ભક્તિ કરનારો હોય તે તીર્થંકરની ભક્તિ કરવા કરતાં પણ વધારે મેળવી જવામાં ફતેહમંદ થાય છે. તરવાની બુદ્ધિથી જેનું પોષણ થાય છે એવા ક્ષેત્રમાં જે પૈસા આવે છે તે પૈસા પગ લઈને જ આવે છે. લક્ષ્મી તો ચંચળ છે એ કોઈ દિવસ સ્થિર રહી નથી અને રહેવાની પણ નથી જ ! જે માણસને જેવો શોખ હોય છે તેવા ક્ષેત્રમાં તે પોતાને મળેલા પૈસા ખર્ચે છે. જેને ધર્મ ઉપર રૂચિ હશે તે પોતાને મળેલા પૈસા તેવે જ માર્ગે વાપરશે. પૈસો એનું નામજ સમજી લ્યો કે ખરચવાની વસ્તુ. એટલા જ માટે શાસ્ત્રકારો કહે છે કે તે દાતાર છે કે જે સારા ક્ષેત્રમાં દ્રવ્ય વાવે છે. જેઓ પારકા ખેતરનું અનાજ લાવીને વાવે છે તે વાવનારા આત્માના ગુણથી શૂન્ય છે એમજ સમજી લેવાનું છે. ગુણવાળાને જ હંમેશા સહાય કરવાની છે અને તેને પણ ગુણને અંગે જ સહાય કરવાની છે. અન્ય કોઈપણ રીતિએ ગુણવાળાને સુદ્ધા સહાય કરવાની નથી ! મોક્ષે જવું એવી જ ઈચ્છાથી સારા ક્ષેત્રમાં જેઓ દાન કરે છે તેઓ શાસનના ધુરંધર પૂજારીઓ છે એમ માની લેજો. એવા જે શાસનના પૂજારીઓ હોય છે તેમની નિઃસ્વાર્થવૃત્તિએ, મોક્ષની ભાવનાથી, સેવા કરવી એ કૃત્ય કરણીય છે, પણ શાસનનો વિરોધી હોય તેને તો બારણામાં પણ ઉભો રાખવાનો નથી જ ! જમાલિ રાજપુત્ર હતા. જૈનશાસનને વિષે પરમ શ્રદ્ધાવાન અને ધર્મનિષ્ઠ હતા. ૫૦૦ રાજાપુત્રો સહિત ભગવાન પાસે દીક્ષા લીધી હતી. જમાલિ રાજપુત્ર હતા પરંતુ જ્યાં તેમનો શાસનવિરોધ ખુલ્લો થયો છે કે તરત જ તેમને શાસન ત્યાગી દે છે. આ ઉપરથી જૈનશાસનમાં વફાદારીનું કેવુ મહત્વ છે તે જાણી શકાશે. ચાહે રાજપુત્ર હોય, ચાહે ગમે તે હોય પણ જે સમયે ત્યાંથી શાસનવિરોધી સૂર નીકળે છે કે બધા સંબંધો ખલાસ થાય છે ! આ ઉપરથી માલમ પડે છે કે દયાથી યા ક્ષેત્ર પરત્વે પણ જે દાન આપવાનું છે તે સઘળું એવાઓને જ આપવું જોઈએ કે જેઓ શાસનમાં અનુરક્ત હોય !

આ પ્રકારે યોગ્ય રીતે દાન દેવાવાળા શાસનના પૂજારી અને ધર્મમાં અનુરક્ત એવા શ્રાવકો હશે તે છતાં તેઓ તુચ્છ બુદ્ધિવાળા હોવાથી સિંહ સમાન ધૈર્યશીલ એવા મહર્ષિઓ પણ તેમને કુતરા જેવા ભાસમાન થશે. મહર્ષિઓ પોતે જો કે અપાર સત્ત્વવાલા છે, તેઓ શાસનની શોભારૂપ છે અને સત્યના શણગાર જેવા છે, તે છતાં પણ તુચ્છ બુદ્ધિવાળા શ્રાવકોને કુતરા માફક સત્વ વગરના સિંહ સરખા પરાક્રમવાળા મહર્ષિઓ ભાસશે. જ્યાં સારા સાધુઓ વિહાર કરી શકે પંચમહાવ્રતો પાળનારા સાધુ મહારાજો જ્યાં વિહાર કરી શકે તેવા સારા ક્ષેત્રોને નામધારી સાધુઓ રોકી શકે. સારા ક્ષેત્રો સાધુ લિંગધારી છતાં વર્તને અસાધુ જેવા હશે તે લઈ લેશે. આ સઘળું ક્ષીરવૃક્ષ સ્વપ્નામાં દેખાયું હતું તેનો ફળાદેશ છે.

## કાક સ્વપ્નનું ફળ

સ્વપ્નમાં કાગડાઓ દેખાય છે તેનો ફળાદેશ એ છે કે કાગડો પાણીથી ભરેલું સુંદર જળવાળું તળાવ હોય, અંદર મનોહર કમળ ફૂલો હોય અને શીતલ સમીરથી જળ ડોલી રહેલું હોય છતાં તેવા મધુર જળનો ત્યાગ કરે છે અને ગંધાતા પાણીથી

ભરેલું હોય તેમાં ચાંચ મારે છે તેજ પ્રમાણે ધર્મના અર્થી ધર્મને જ અર્થરૂપ જાણનારા મુનિઓ પણ સ્વભાવે હઠિલાઈ ધારણ કરશે અને એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં ભટકવામાં આનંદ પામશે. પરોપકારની દૃષ્ટિ દૂર કરશે અને પેટસેવા એનેજ પરોપકાર માનતા થશે ? પોતાના ગચ્છમાં તેઓ સંતોષ ન પામતાં સઘળે ભટકવામાં જ પોતાના જીવનનો આનંદ માનશે. હવે ગચ્છના આચાર્યો પાસે તેઓ જશે તે આચાર્યો કેવા હશે તે વિષે કહેવામાં આવે છે.

એ આચાર્યોનો ધંધો ઠગવાનો હશે અનેતેમની વૃત્તિઓ પણ એવી જ ક્ષુદ્ર હશે કે કોઈનું પડે અને મને તે જડે ! આવા આચાર્યો પારકાની વંચનામાં નિરંતર તત્પર રહેશે અને તેઓના જાંજવાના જળ જેવા પોતે વંચવામાં તત્પર હશે જાંજવાનું જળ માત્ર દેખવા પુરતુ જ હોય છે તે કશા પણ કામમાં આતું જ નથી તેજ પ્રમાણે એ આચાર્યો પણ માત્ર દેખવા જેટલા કામના હશે. તેમના દ્વારા પણ બીજો કોઈ અર્થ સરવા પામે એવા તેઓ હશે નહિ, તે છતાં જડ આશયવાળા પોતના ગચ્છથી કંટાળેલા મુનિઓ એવા આચાર્યોની પાછળ પાછળ ભમતા ફરશે અને આચાર્યો પણ જે "કોઈનું પડે અને અમને જડે !" એવી વૃત્તિવાળા હશે તેઓ તેનો સંગ્રહ પણ કરતા થશે.

આવા કઠણ અને વિપરીત કાળમાં પણ કેટલાક ઉપદેશકો એવા હશે કે જેઓ એવો ઉપદેશ આપવવાળા પણ હશે, કે "મહાનુભાવ ! એક નારીજાત કે જે જ્ઞાન ઈત્યાદિમાં તદ્દન નીચે પગથીએ છે તે પણ પોતાના સ્વીકારેલા ધણીને જીંદગી સુધી છોડતી નથી તો પછી તમે પુરુષ જાત અને તે પણ ત્યાગી થઈને ગચ્છ છોડી દો છો એ વ્યાજબી નથી!" આવો ઉપદેશ આપવાવાળા સજ્જનો હોવા છતાં દુષ્ટો તેમનો તિરસ્કાર કરશે અને તેમને અત્યંત પીડા આપશે. સ્વપ્નમાં જે કાગડા દેખાયા હતા તેનો આ ફળાદેશ છે. અર્થાત્ નિર્મળ જળથી ભરપુર સુગંધી કમળોથી શોભાયમાન વાવડીના જળને છોડીને કાગડો ગંધાતા ખાબોચીયામાં ચાંચ મારવા જાય તેમ પોતાના નિર્મળ જ્ઞાન દર્શન ચારિત્ર સંપન્ન સમુદાયને છોડીને શિથિલ સમુદાયમાં જાય છે.

**જૈનમતની મહત્તા.**

સ્વપ્નમાં સિંહ દેખાયો છે તેનું સ્વપ્નફળ કહેવામાં આવે છે. સ્વપ્નસૃષ્ટિમાં સિંહ દેખાયો તેનો ફળાદેશ જૈનમત સાથે કેવા પ્રકારે છે તે જુઓ જૈનમત - શ્રીજિનેશ્વર ભગવાનોનો મત એને સિંહનું શબ કહ્યું છે, શ્રીજિનેશ્વરના મતને સિંહ કહ્યો છે એનો અર્થ એ છે કે બીજા મતો બધા શિયાળ, વૃષભ જેવા છે. અને શ્રીજિનેશ્વર ભગવાનનો મત એ સર્વસ્વ હોવાથી તેને સિહના જેવો કહ્યો છે. પંરતુ આગળ ચાલતાં શ્રી જિનેશ્વર ભગવાનના મતને સિંહનું શબ કહ્યું છે. આ રીતે શ્રીજિનેશ્વરનો મત તેને શબ કહ્યું છે તેનું કારણ હવે તપાસીએ. જૈનશાસન પ્રાણવંતુ છે. તેનું કારણ જાતિસ્મરણ અવધિ અને મનઃપર્યવજ્ઞાન છે. એ જૈનશાસનમાં છે તે છે. એ જ્ઞાન નષ્ટ થએલું હશે તેથી જૈનશાસનને સિંહનું શબ કહેવામાં આવ્યું છે. આ રીતે સિંહનુ શબ જંગલમાં પડેલું છે એનો અર્થ એ છે કે આ ભરતક્ષેત્ર જંગલ જેવું બની જશે. ભરતક્ષેત્ર જંગલ જેવું બની જશે એટલે ભરતક્ષેત્રને વિષે ધર્મને જાણનારો કોઈ વીર પુરુષ રહેશે નહિ. આવો ધર્મનિષ્ઠ પુરુષ કોઈ રહેશે નહિ એથી આ ભરતક્ષેત્ર અરણ્યના જેવું થશે. અરણ્યમાં માણસ મળવો જેમ દુર્લભ છે તેજ પ્રમાણે આ ભરતક્ષેત્રમાં પણ ધર્મ જાણવાવાળા પુરુષો મળવા મુશ્કેલ થશે. આજે તમે શાસનની સ્થિતિ જુઓ તો ખરેખર કાંઈ પણ સંશય

વિના બરાબર એજ પ્રમાણેની છે. શ્રોતાઓ કથાભાગમાં રસબોળ થઈ જાય છે, પરંતુ જ્યાં તત્વવિભાગ આવે છે કે તે તરફ થોડાજ ખેંચાવા પામે છે. કથા કહેવાની હોય ત્યારે અહીં માણસો ટોળે મળીને ભેગા થશે પરંતુ જો નિગોદનું સ્વરૂપ અહીં વર્ણવવામાં આવતું હશે તો જરૂર અહીંથી નાસભાગ થઈ રહેશે !

ભરતક્ષેત્રને જંગલ કહ્યું છે તેનો અર્થ એ છે કે જંગલમાં મનુષ્ય જેમ અશક્ય છે તેજ પ્રમાણે આ ભરતક્ષેત્રમાં પણ ધર્મને જાણવાવાળો એવો મનુષ્ય અશક્ય બની જશે. આ રીતે ભરતક્ષેત્ર શૂન્ય થઈ જશે એટલા જ માટે ભરતક્ષેત્રને જંગલ કહ્યું છે અનેજે જંગલમાં સિંહનું મડદું પડેલું હોય છે તેજ પ્રમાણે ભરતક્ષેત્ર રૂપી જંગલમાં વિશેષજ્ઞાની આત્માઓ વિનાનું જૈનશાસન શબરૂપે પડેલું હશે. હવે આગલ એમ કહેવામાં આવે છે કે અરણ્યમાં સિંહનું શબ પડેલું છે પરંતુ બીજા પશુઓ એ શબને જોઈ શકતા નથી, પરંતુ એ શબમાં જ ઉત્પન્ન થએલા કીડાઓ એ શબને ખાઈ જશે અને તેની ખરાબી કરશે. એનો ફળાદેશ એ છે કે જૈનશાસન એ સિંહ સમાન છે અને બીજા શાસનો એ અન્ય પશુઓ સમાન છે. બીજા પશુઓ જેમ સત્વહીન હોવાથી સિંહના શબને નીહાળી શકતા નથી તેજ પ્રમાણે અન્યમતો પણ પશુઓ જેવા બળહીન હોવાથી તેઓ જૈનમત રૂપ સિંહના શબને જોઈ પણ શકવાના નથી! બીજાં દર્શનો તરફ દૃષ્ટિપાત કરશો તો ખરેખર તેમની એવી જ દશા દેખાય છે. બીજા શાસનોના ગુરુઓ જોશો તો ભોગી અને બાયડી છોકરાંવાળા, તેમના દેવો જોશો તો તે પણ પરણેલા અને છૈયાં છોકરાંવાળા ! એક ધર્મના ઈશ્વરને ચાર સ્ત્રીઓ હતી, તો કોઈના ઈશ્વર ભીલડીને જોઈને તેને જ પરણવા તૈયાર થઈ ગયો હતો, તો કોઈનો ધર્મ ચાર બાયડી પરણવાની રજા આપે છે અને સ્વર્ગમાં પણ દારૂતાડી અને બૈરીઓ જ આપે છે ! આવા બધા મતો એ નિર્બળ બળહીન પશુઓ છે, અર્થાત્ કે આવા પશુઓ જૈનધર્મરૂપી સિંહના શબને તો પોતાની સત્વહીનતાને લીધે જોઈ પણ શકવાના નથી જ, પરંતુ જૈનમતરૂપી સિંહના શરીરમાં અંદર પાકેલા જીવડાઓ એટલે જૈનલિંગધારીઓ અને ભેખધારીઓ શાસનની ખરાબી કરી નાંખશે. ભેખધારીઓ શુદ્ધ બુદ્ધિવાળા હશે છતાં પણ પહેલાનો સારો પ્રભાવ પડેલો હોવાથી અન્ય મતવાળાઓ તેમની સામે પણ જોવાના નથી ?

હવે આગળ ચાલતાં સ્વપ્નમાં કમળનું વન દેખાય છે પરંતુ તેમાં કમળ દેખાતું નથી એનો ફળાદેશ જોઈએ. એનો ફળાદેશ એ છે કે ઉંચા કુળમાં જન્મવા છતાં પણ જીવો ધર્મથી શૂન્ય થવાના છે. બાપ ધર્મનિષ્ઠ હશે તો છોકરાં ધર્મમાં શૂન્ય જેવા પાકશે. દેવતાઓના બાળકો ધગધગતા અંગારા જેવા પાકશે અને તેઓ પોતાના પિતાના જેવા ધર્મનિષ્ઠ થશે નહિ. પેઢી ઉતાર ધર્મ પ્રાયે નહિ રહે. લાલચોળ દેવતાના છોકરા કાળા કોયલા થશે.

## સુસંગતિ છોડવાનું દુષ્પરિણામ

કેટલીક વખત ભવ્ય આત્માઓ સારા કુળમાં જન્મશે તે છતાં પણ તેમને સારી સોબત, સારો ઉપદેશ શ્રવણ કરવાની તીવ્રતા અને સારા સંસ્કારો પડેલા ન હોવાથી તેઓ પણ અધર્મને માર્ગે પ્રેરાશે. પહેલાં સ્થિતિ એ હતી કે ભવ્ય આત્માઓ તીર્થને માટે પોતે છે એમ માનતા હતા. તીર્થની સેવામાં જીવ આપવો હોય તો તે પણ કબુલ. પોતાના મરણથી જો તીર્થની રક્ષા થતી હોય તો સર્વસ્વના ભોગે પણ તીર્થરક્ષાની તમન્ના હતી. એ સ્થિતિ હવે રહેવાની નથી-રહી નથી. લાલભાઈ શિખરજી પરથી સરી પડયા ને પગ ભાંગ્યો પણ પાછળ સંસર્ગ નથી તો કહે : "જોયુ, આ શિખરજી ઉપર જવાનું ફળ,

ટાંટીયો ભાંગી બેઠા !" આવી સ્થિતિ સમાજની થઈ છે. આ સ્થિતિ શા કારણથી થઈ છે. તે વિચારીએ છીએ ત્યારે સ્પષ્ટ માલમ પડી આવે છે કે આપણા જ પાપે આ દશા આવવા પામી છે. આજે તો સારા ધર્મી કુળનાને પણ જ્યાં જિનમંદિરો પણ હોય કે ન હોય છતાં એવા જંગલો કે પર્વતો પર બંગલા બાંધીને ત્યાં રહેવાની ટેવ પડી છે. ગામમાં ઘર હોય તો છેવટે કાંઈ નહિ તો પણ શરમને ખાતર સુદ્ધાં વ્યાખ્યાન શ્રવણ કરવા આવવું જ પડે અને વ્યાખ્યાનમાં અવાય અને ત્યાં પચાસ વાત સાંભળવાની મળે, તો તેમાંથી એક વાત તો અવશ્ય યાદ રહી જાય છે, પણ આજે તો એ સ્થિતિના દર્શન થવા પણ દુર્લભ છે. બંગલાઓ અરણ્યમાં કિંવા પર્વતોના શૃંગો ઉપર હોય છે. હવે તેજ બંગલાઓમાંથી એક બંગલામાં જૈન રહેતો હોય અને બીજી બાજુએ ખ્રિસ્તિનો બંગલો હોય ! આવી સ્થિતિમાં સારા કુળમાં જન્મ્યા છતાં, શ્રાવકકુળ પણ મળવા છતાં, સારા સંસ્કાર નહિ જ પડવાના અને પછી પરિણામ વિપરિત અવશ્ય આવવાનું જ ! ધાર્મિક જગતનો જે સંસ્કાર હોય, ગામનું ધર્મી વાતાવરણ જે હોય તેની છાપ બહાર બંગલાવાસીઓ ઉપર પડવાની નથી તેઓ તો દહેરે જવાની વૃત્તિવાળા થવા કરતાં કલબમાં જવાની જ પ્રબલ વૃત્તિવાળા થશે અને પરિણામે શાસનને અપાર હાનિ થવા પામશે. હવે જેઓ ધર્મિષ્ઠ હશે તેઓ ગામ છોડીને ચાલ્યા જશે એટલે પછી પાછળ રહેવાની દશા ઉકરડામાં ઉગેલ કમળફુલ જેવી કહી છે. ગામમાં રહેલો ધર્મમાં તત્પર હશે છતાં સંગતિદોષથી તેઓ ઉકરડાના કમળ કરતાં વધારે મહત્ત્વ મેળવી શકવાના નથી.

**ઉકરડામાં ઉગેલાં પદ્મ ફૂલ !**

ખરાબ સ્થાને ઉગેલું કમળ સ્વપ્નમાં દેખાય છે તેનો ફળાદેશ એ છે કે દેશમાં-ક્ષેત્રને વિષે કેટલાક અધર્મી આત્માઓ પણ અવશ્ય થવાનાજ. પરંતુ દેશ સારો ન હોવાથી તેમની કિંમત થવાની નથી. જેમ ઉકરડામાં ઉગેલા કમળની કશી કિંમત થવાની નથી તેજ પ્રમાણે ધર્મીઓ હોવા છતાં તેઓ હલકા કુળમાં જન્મેલા હોવાથી તેમની પણ કશી કિંમત થવા પામવાની નથી. સ્વપ્નમાં ઉકરડો દેખાયો છે તેનું ફળ તે ખરાબ કુળ, અને સ્વપ્નમાં ઉકરડામાં કમળ ઉગેલા દેખાય છે તેનું ફળ તે ઉકરડારૂપી ખરાબ કુળમાં પાકેલા કમળરૂપ ધર્મી જીવો એમ સમજવાનું છે. હવે જેમ ઉકરડાના કમળો મૂલ્યવિહીન છે. તેજ પ્રમાણે ઉકરડારૂપી ખરાબ કુળમાં જન્મેલા પદ્મફૂલરૂપી માણસોની પણ તેઓ ઉકરડાના કમળરૂપ ખરાબ કુળમાં જન્મેલા હોવાથી કશી પણ કિંમત નથી એવું જ અહીં કહેવાનો આશય છે. કમળફૂલ સારૂં છે, તે લેવા યોગ્ય છે એમાં સંશય નથી, પરંતુ જો તે ખરાબ ક્ષેત્રમાં ઉગેલું હોય, તો તેનું કશું મૂલ્ય થવા પામતું નથી. તેજ રીતે ખરાબ કુળમાં જન્મેલા આત્માની પણ કિંમત થવા પામવાની નથી.

હવે સ્વપ્નમાં દેખાએલા સાતમા દૃષ્યનો ફળાદેશ શાસ્ત્રકાર મહર્ષિ વિસ્તારપૂર્વક કહે છે. તેઓશ્રી જણાવે છે કે :-

સ્વપ્નમાં એવું દેખાય છે કે એક કૃષિકાર (ખેડુત) બુદ્ધિશૂન્ય હોઈ તે સડી ગએલા ધાન્યને સુખી જ સમજીને ઉખર એટલે - અપાત્રભૂમિમાં વાવતો જાય છે. જેમ ઉખરમાં સડી ગએલું ધાન્ય વાવવાથી તેમાંથી કાંઈ જ નિપજવાનો સંભવ જ નથી તેજ પ્રમાણે અહીં પણ એવી દશા થશે કે જૈનો કોઈપણ જાતની ફળની કલ્પના કર્યા વિના, પાત્રાપાત્ર જોયા વિના દાન કરતા જશે ! અસલ

એ દશા હતી કે ભક્તિ એજ દાન આપવામાં પ્રધાનપદે સ્થાપિત થઈ રહેતી હતી. નવકારવાળીમાં મોતીની માળા ફેરવનારો પોતેજ એવું વિચારનારો થતો હતો કે જો મને નવકારવાળી મોતીની જોઈએ છે તો શા માટે ગુરુને પણ મારે તેવીજ નવકારવાળી ન વહોરાવવી જોઈએ ? આ મધ્યકાળની ભાવના હતી. આ કાળ હવે પલટાયો છે. આજે એવી દશા છે કે સુપાત્રે દાન કરવાનું તો બાજુઓ રહે છે પણ ગમે ત્યાં - ગમે તેવા ક્ષેત્રોમાં દીનને નામે લક્ષ્મીનો વ્યય થાય છે ! ખેડુત જેમ સડી ગએલું બીજ ઉખરમાં વાવે છે તે પ્રમાણે શ્રાવકો ધર્માધર્મથી કરેલે કૃત્યોથી મેળવેલો પૈસો કુપાત્રભૂમિરૂપ અપાત્ર ક્ષેત્રમાં દાનમાં વાપરતા જશે. બુદ્ધિહીન ખેડુત જેમ ઉખરમાં સડી ગએલું ધાન્ય બીજ સમજીને વાવે છે અને તે વાવેલુ નિષ્ફળ જાય છે તે રીતે શ્રાવકોએ પણ અપાત્ર વાવતાં ધાન્યનો એકાદ દાણો સારા ક્ષેત્રને વિષે પડી જાય છે અને તેમાંથી રોપો ફુટે છે તેજ પ્રમાણે ધાન્યના દાણારૂપ કોઈ સુદ્રવ્ય સારા ક્ષેત્રને વિષે પડી જશે અર્થાત્ અપાત્રે દાન આપવાવાલા શ્રાવકો સુપાત્રે પણ દાન આપશે એવો એનો ફળાદેશ છે.

## શિથિલાચારીઓ સત્કાર પામશે

સ્વપ્નમાં આગળ એવું દ્રશ્ય નિહાળવામાં આવે છે કે સારા અને સુશોભિત દેખાતા કુંભો-ઘડાઓ ખુણામાં મૂકી રાખવામાં આવ્યા છે. આ ઘડાઓમાં સુંદર છે. સ્વચ્છ અને શીતળ પાણી ભરેલું છે, તેનો કશો વપરાશ થતો નથી જ્યારે પેલા ભાંગ્યા તૂટ્યા ઘડાઓ વ્યવહારમાં વપરાય છે ! આ દૃષ્યનો ફળાદેશ એવો વર્ણવવામાં આવ્યો છે કે મનોહર ચારિત્ર અને અખૂટ પવિત્રતાથી યુક્ત એવા પરમર્ષિઓ હશેજ, પરંતુ તેઓ સારા ઘડાનું પરિણામ પામશે. અર્થાત્ સારા અને સ્વચ્છ જળવાળા ઘડાઓ જેમ ખૂણામાં મૂકી રાખવામાં આવ્યા છે અને જેમ તેનો કોઈ ભાવ પણ નથી પુછતું તેજ રીતે સુચારિત્રવાળા સાધુઓનો કોઈ ભાવ પણ પૂછશે નહિ. મતલબ કે જનતા તેવા સુભાગી આત્માઓની કશી જ કદર કરવાની નથી. ત્યારે બીજી બાજુએ જેમ ભાંગેલા ઘડો વ્યવહારમાં વપરાય છે તે રીતે જેમનું ચારિત્ર કલંકરહિત નથી એવા અર્થાત્ શિથિલાચારી સાધુઓ જ જ્યાં ત્યાં માન મેળવતા થશે. શિથિલાચારી સાધુઓ એ ભાંગેલા ઘડાનો ફળાદેશ છે એમ અહીં ગ્રહણ કરવાનું છે. જેમ ભાંગેલા ઘડાઓ સ્થળે સ્થળે વ્યવહારમાં વપરાતા દેખાયા છે તેવીજ રીતે શિથિલાચારી સાધુઓ પણ સ્થળે સ્થળે સંચાર કરતા દેખાવા પામશે. લોકો પણ તેમનો મોટો આડંબર કરશે. ક્ષમાદિગુણવાન્ મહર્ષિઓનો કોઈ ભાવ પણ નહીં પુછે.

## ઝઘડાખોર કોણ ગણી શકાય ?

હવે શિથિલાચારી સાધુલિંગધારીઓ કેવા કાર્યોમાં પ્રવૃત્તિ કરશે તેનો ફળાદેશ જણાવવામાં આવ્યો છે. શિથિલાચારીઓ સ્વાર્થવૃત્તિ, અજ્ઞાનતા, પ્રમાદિપણું એ સઘળાને પોષનારા થશે અને તેઓ વારંવાર મહર્ષિઓ સાથે કલહ કરશે. આ સ્થિતિમાં લોકો પ્રમાદીસાધુ અને મહર્ષિઓ ઉભયને ઝઘડાખોર કહી દેશે અને તેમની નિંદા આદરશે. તમે જગતના વ્યવહારમાં જુઓ તો પણ સઘળે આવીજ દશા તમારી નજરે આવવા પામે છે. રસ્તામાં એક સોનીની દુકાન છે. તેની પાસે બીજો માણસ ઉઘરાણી જાય છે. સોની પૈસા આપવાના વારંવાર ખોટા વાયદાઓ કરે છે. ત્યારે કંટાળીને પેલો ઉઘરાણીવાળો ગમે તેવા અપશબ્દો બોલવા લાગે છે અને પરિણામ એ આવે છે કે બંને માણસો લડી પડે છે. આ બે લડે છે તેમાં દોષ કોનો છે? લડાઈનું મૂળ શું છે ? તે કોઈ જોતું જ નથી. તેમના કલહમાં હેતુ શો છે તેની પણ કોઈ તપાસ કરતું

જ નથી પરંતુ રસ્તે જનારા લોકો તો શીઘ્ર એમ કહી દે છે કે "જુઓ લડી પડ્યા. બંને ટંટાખોરો છે અને વારંવાર લડે છે !" એજ સ્થિતિ અહીં પણ ઉત્પન્ન થવા પામી છે. તેમનાં દૂષણો શોધશે અને તેમને વગોવશે. દૂરથી તમાશો જોનારાઓ આ ઝઘડાનું મૂળ શું છે, તેમાં દોષ શો છે ? કોણ ગુન્હેગાર છે ? શાને અંગે વાગ્યુદ્ધ થાય છે ? તે કાંઈ જોશે નહિ પરંતુ એવો અભિપ્રાય તરતજ ઉચ્ચારી દેશે કે : "આ તો બંને લડાઈખોરો અને ઝઘડો કરનારા જ છે."

## ગીતાર્થો કેવી રીતે વર્તશે

હવે જ્યારે શાસનક્ષેત્રમાં આવી ખોટી લડાલડી વ્યાપેલી હશે તે વખતે ગીતાર્થ સાધુઓ તો શું કરશે તે જણાવવામાં આવ્યું છે. ગીતાર્થ સાધુઓ આવી દશા જોઈને વિચારમાં પડી જશે કે હવે શું કરવું જોઈએ. ગીતાર્થો આવા સંયોગોમાં એવું વર્તન રાખશે કે તેઓ પણ બીજા અવલોકનારાને ભેખધારી જેવા લાગશે અને હૃદયમાં જૈનશાસન પરત્વે અપૂર્વ પ્રેમ અને જૈનાચાર પરત્વે અખંડ પ્રીતિ હોવા છતાં તેઓ પણ સમાનતાએ વર્તન કરતા થશે. ગીતાર્થો આવી રીતે વર્તનારા થશે એ વાત ખરી, પરંતુ તે છતાં તેઓ હૃદયને ઠેકાણે રાખશે. અર્થાત્ સત્યમાર્ગને તેઓ વિસ્મરી દેશે નહિ. આ વસ્તુ નીચેના ઉદાહરણ પરથી વધારે સારી રીતે સમજવામાં આવશે. એક નગરમાં એક ડાહ્યો રાજા હતો, પરંતુ તેની પ્રજા સઘળી ગાંડીતુર બનેલી હતી. સઘળા લોકો ગાંડાના જેવા વિવિધ ચાળા કરતા હતા. રાજાને આ બધું જોઈને મનમાં ને મનમાં ક્ષોભ થવા લાગ્યો ! છેવટે બધાજ લોકો ગાંડાતુર જેવા બનેલા હતા અને બધા જ ગમે તેવા ચાળા કરતા હતા એટલે રાજા ડાહ્યો હતો તે પણ ગાંડાના જેવા જ ચાળા કરનારો બની ગયો ! જેમ રાજા ડાહ્યો છતાં ગાંડાના જેવા ચાળા કરવા લાગ્યો તેજ રીતે પરમ ગીતાર્થો પણ હૃદયને ઠેકાણે રાખીને બીજાઓની માફક જ વર્તન કરવાવાળા થશે પરંતુ તેમનામાં અને બીજાઓમાં ફેરફાર એટલો હશે કે તેઓ સત્યને જાણવાવાળા અને જૈનમાર્ગને પીછાણવાળા જ હશે.

"જેમ કુવૃષ્ટિથી નગરલોકને ઘેલા દેખી રાજાને મંત્રી સહિત ઘેલા હોઈ બેઠા પણ મનમાંહે તાજા રે"

"પૃથ્વીપુરી નામક કોઈ એક શહેરમાં પુર્ણ નામનો રાજા હતો અને સુબુદ્ધિ નામનો તેનો પ્રધાન હતો. પ્રધાન બુદ્ધિમાન હોય છે. પરંતુ તે છતાં તે રાજાને આધીન છે અને જાતે પરાધીન છે. આજે તમે જોશો તો આપણા આ પરમપવિત્ર ભરતક્ષેત્રની-આર્યોની આ સુંદર ભૂમિની-હિંદુસ્તાનની પણ એવી જ દુર્દશા છે. હિંદુસ્તાનમાં સમૃદ્ધિ અપાર છે પરંતુ તે છતાં તે પરાધીન છે જ્યારે સંસારના અન્ય રાજ્યો-અન્ય દેશો રિદ્ધિવાળા તેમજ બુદ્ધિશાળી હોવાથી તેઓ સ્વતંત્ર છે. એક સમયે એવું બને છે કે પૂર્ણ નામક રાજા દરબાર ભરીને બેઠા છે. દરબાર પુર બહારમાં ખીલી રહ્યો છે. રાજકાજની વાતો થાય છે અને અનેક પ્રકારના ઉહાપોહ થઈ રહ્યા છે, એવા સંયોગોમાં ત્યાં લોકદેવ જ્યોતિષી આવે છે. રાજા જ્યોતિષીને પૂછે છે કે : ભાઈ ! "ભવિષ્યમાં શું થશે તે કહી આપ."

## જૈન જ્યોતિષની અપૂર્વ સત્યતા

જ્યોતિષી જણાવે છે કે એક માસ પછી વરસાદ આવવાનો છે એ વરસાદ બહુ પ્રચંડ છે અને એનું જળ જે કોઈ પી જશે તે લોકો ગાંડા ઉન્માદવાળા બની જવાના છે. જ્યોતિષવિદ્યાનું જ્ઞાન કેટલું ચોકકસ છે તે જુઓ ! પ્રાચીન કાળમાં આપણા દેશમાં જ્યોતિષ શાસ્ત્ર સંપૂર્ણ રીતે ખીલ્યું હતું. ભવિષ્યો એટલાં બધા ચોક્કસપણે દર્શાવતા હતા કે જેમાં એક સેકંડનો પણ ફેર પડતો ન હતો.

(અનુસંધાન માટે જુઓ પેજ-૮૦)

# પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ

ગત ત્રણ વર્ષ દરમ્યાન લગભગ દરેક સ્થળે પૂજ્ય મુનિ મહારાજાઓને તથા લાયબ્રેરીઓને તેમજ સંસ્થાઓને તત્વપ્રેમીઓની સહાયથી અંકો ભેટ મોકલવામાં આવતા હતા આ ચતુર્થ વર્ષમાં કોઈના તરફથી ભેટ મોકલવાનો પ્રબંધ હજી સુધી થયો નથી માટે **શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય** નામના દળદાર ભેટના પુસ્તકનું જયાં (ફ્રી) ભેટ તરીકે જાય છે ત્યાં ગ્રાહક તરીકે વી. પી. થી રવાના કરીશું, તો તે વી. પી. જરૂર સ્વીકારશો.

લી. તંત્રી

# અમારા માનવંતા ગ્રાહકોને

આ ચાલુ અંકથી વી. પી. કરવાં શરૂ કર્યાં છે, અને સાથે **'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય'** નામનું ભેટનું પુસ્તક પણ મોકલવામાં આવે છે.

જે ગ્રાહકોને આ અંક વી. પી. થી ન મોકલ્યો હોય તેમને આવતો અંક જરૂર વી. પી. થી રવાના કરવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની નીચેની ઓફિસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે. જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકો (મહેસાણા અને સુરત સિવાય) ને ભેટના પુસ્તક સાથે અંક વી. પી. કરવામાં આવશે, તે સ્વીકારવા વિનંતિ છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઈચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે એથી પણ વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો લખી મોકલવાં, કારણ કે ગ્રાહક પૂરતી જ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનીઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂ. ૨-૦-૦ તથા ભેટના પુસ્તકના પોસ્ટ ચાર્જના રૂ. ૦-૩-૩ મળી રૂ. ૨-૩-૩ નું મનીઓર્ડર કરવું.

લી.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ નં ૩

# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

| | |
|---|---|
| ૧. આગમોદ્ધારક | ૧-૮-૦ |
| ૨. સિદ્ધચક્રમાહાત્મ્ય | ૧-૦-૦ |
| ૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ | ૫-૦-૦ |

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

C/o.૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩

# ઉપધાનની તપસ્યા

### ઉપધાનની પ્રસિદ્ધિવાળાં સ્થાનો અને તેનાં કારણો.

વર્તમાન કાળમાં શ્રાવકસંઘ જે ઉપધાન વહન કરે છે, તે ઉપધાનની ક્રિયાથી પૂર્વ દેશ, દક્ષિણ દેશ, પંજાબ, રજપુતાના, મારવાડ, માળવા વિગેરે જૈનની મોટી વસતિવાળા સ્થાનોમાં ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે, અને તેમાં પણ ગુજરાતપ્રાંત છે કે જે ગુજરાત વર્તમાનકાળમાં જૈનધર્મના કેન્દ્ર તરીકે દેવ, ગુરુ, ધર્મની આરાધનામાં તીર્થોની ઉત્પત્તિ, ઉદ્ધાર અને રક્ષામાં ઘણો જ આગેવાની ભર્યો ભાગ ભજવે છે, અને એમ કહીએ તો ખોટું નથી કે જેની સહાય અને સલાહથી જ અન્ય સર્વ દેશોના તીર્થોની રક્ષા અને ઉદ્ધાર વિગેરે પ્રવર્તે છે, અને તે ગુજરાતના કેન્દ્રપણાને લીધે જ વર્તમાન મુનિ મહારાજાનો લગભગ પંદર આની જેટલો ભાગ ગુજરાતમાં જ વિચરે છે, અને જે એક આની ભાગ ગુજરાતપ્રાંતની બહાર વિચરે છે, તે પણ અવારનવાર ગુજરાતની ભૂમિને તો પાવન કરે જ છે, અને અન્ય દેશમાં ગયા છતાં પણ ગુજરાત પ્રાંતની મદદથી જ દરેક ધર્મના કાર્યો, તીર્થના ઉદ્ધારો, રક્ષા અને સંસ્થાઓ સુદ્ધાં ચલાવે છે. એવા મુનિના અને દેવ વિગેરે સંસારસમુદ્રથી તરવાના સાધનને સારી સંખ્યામાં ધરાવનાર ગુજરાત પ્રાંતમાં શ્રાવકોની નાની સંખ્યા ધરાવનાર ગામ પણ ઉપધાનની ક્રિયાથી અજાણ્યું હોતું નથી. તેવા નાના સ્થાનોમાં પણ ઉપધાનને વહન કરનારા અને જેણે ઉપધાન વહન કર્યા હોય તેવા ઘણા મહાનુભાવો હોય છે. આનું કારણ એક જ છે કે ગુજરાત પ્રાંતમાં પંદર આની સાધુઓનો વિહાર હોવાથી દરેક વર્ષે જુદા જુદા ગામે અવારનવાર ઉપધાનવહનની ક્રિયા હોય જ છે, અને તેમાં પણ કેટલીક વખત તો એક એક સ્થાને બબ્બે ચચ્ચાર જગો પર ઉપધાન હોય છે, અને તેમાં પણ ઉપધાન વહન કરનારાની સંખ્યા કેટલીક વખત તો એક એક સ્થાને ૫૦૦-૬૦૦ જેટલી હોય છે, તેથી ગુજરાતનો આખો ભાગ ઉપધાનની ક્રિયાનો જાણકાર અને ભોમિયો હોય તેમાં નવાઈ નથી.

### ઉપધાનવહનનો કાળ.

પૂર્વે જણાવેલી ઉપધાનો અમુક ટાઈમે કરવાં એવો શાસ્ત્રકારોએ નિયમ કરેલો નથી, અને શ્રીહીરસૂરિજી મહારાજે તથા શ્રી વિજયસેન સૂરીશ્વરજીએ આપેલા ઉત્તરો પરથી બનેલા 'હીરપ્રશ્ન' અને 'સેનપ્રશ્ન' નામના ગ્રંથો જોનારને સ્પષ્ટપણે માલમ પડે એમ છે કે આષાઢ, શ્રાવણ વિગેરે મહિનામાં પણ ઉપધાનો વહન થતા હતાં. વર્તમાનમાં જે આસો સુદિ દશમથી ઉપધાનવહનની ક્રિયા શરૂ કરવાની પ્રવૃત્તિ છે, તેનું મુખ્ય કારણ એ જણાય છે કે ઉપધાનમાં મુખ્ય ભાગ પંચમંગલમહાશ્રુતસ્કંધથી જ શરૂ કરનારાઓનો હોય છે, અને તે પંચમંગલ મહાશ્રુતસ્કંધના ઉપધાનની શરૂઆત નંદી માંડ્યા સિવાય થતી નથી, તે નંદીનું માંડવું 'હીરપ્રશ્ન' ના મુદ્દા પ્રમાણે મુખ્યતાએ આસો સુદિ દશમ અને તે પછીની તિથિઓએ જ હોય છે. જોકે તેજ 'હીરપ્રશ્ન' માં વડીદીક્ષાને માટે વિજયાદશમી પહેલાં પણ વિધિ કરવાનો ઉલ્લેખ સ્પષ્ટ શબ્દોમાં પણ સામાન્ય રીતે

વિજયાદશમીથી જ નંદી માંડવાનો રિવાજ હોઈ આસો સુદિ દશમથી ઉપધાનની શરૂઆત થાય છે. જો કે શક્રસ્તવ અધ્યયન વિગેરેના ઉપધાનમાં નંદી માંડવી જ જોઈએ એવો નિયમ નથી, પણ તે શક્રસ્તવ અધ્યયન વિગેરેના ઉપધાન પંચમંગલ મહાશ્રુતસ્કંધના ઉપધાનોની સાથે જ હોય છે, અને તેથી તે શક્રસ્તવ અધ્યયન આદિના ઉપધાન પણ વર્તમાનમાં વિજયાદશમીથીજ શરૂ થાય છે.

**ઉપધાનવહનના સમયની અનુકૂળતા.**

ઉપર જણાવ્યા પ્રમાણે ઉપધાનવહનની કોઈ નિયમિત મુદત નથી, છતાં ઘણે ભાગે જે વિજયાદશમી પછીનો ટાઈમ ઉપધાનને અંગે ઉપયોગી ગણાયો છે, તેનું કારણ એ છે કે પ્રથમ તો એ વખત ગુલાબી ઋતુ છે, કેમકે નથી તો તે અરસામાં તેવું વરસાદનું જોર અને નથી તો તેવી ટાઢ પડતી. જો કે ઉત્તરાના તાપ સખત ગણવામાં આવે છે. અને તે તાપની સખ્તાઈને માટે એટલે સુધી વ્યવહારમાં કહેવામાં આવ્યું છે કે "ઉત્તરાના તાપને લીધે ભાગિઆઓ ભાગ મેલી ભાગી જાય" અર્થાત્ જેઠ, આષાઢમાં ખેતી કરતાં જેઓએ ભાગમાં ખેતી કરી હોય તેઓને આ આસો માસમાં રક્ષણ કરવા ભાગીદાર તરીકે ખેતરમાં ઉભું રહેવું પડે છે, તો તે ભાગીદાર તાપની સખ્તાઈને લીધે ભાગ છોડી દઈને પણ ઘેર ચાલ્યો જાય, પણ આવી તાપની સખ્તાઈ ચિત્રાના તાપ કરતાં જુદા જ પ્રકારની હોય છે. ચિત્રાનો તાપ જંગલમાં લાગે છે એટલું જ નહિ પણ મોટા મહેલ અને મકાનમાં બેઠેલાને પણ સતાવે છે, પણ આ ઉત્તરાનો તાપ માત્ર ખેતરમાં રહેવાવાળાને જ સતાવે છે, પણ મકાનમાં રહેવાવાળાને ઉત્તરાના તાપની સતામણી હોતી નથી, અને ઉપધાનની ક્રિયા વહનકરનારાઓને મકાનની સગવડ તો ઉપધાન વહન કરાવનારાઓ પહેલેથી જ કરે છે, અને તે પણ ઉપધાનવાળાને રહેવાનાં મકાનો એવાં સારાં હોય છે કે જેમાં તે ઉત્તરાના તાપની પીડાનો ભય લેશ પણ હોતો નથી. બીજું કારણ એ છે કે આષાઢથી ભાદરવા સુધીનો વખત વરસાદની મુખ્યતાવાળો ગણાય, અને તેમાં જો ઉપધાનની ક્રિયા રાખવામાં આવે તો ઉપધાનના પૌષધ કરનારાઓને ડગલે પગલે અપકાય અને વનસ્પતિ વિગેરેની વિરાધનાનો પ્રસંગ આવે, આના પરિણામે તેઓને આલોયણ પ્રાયશ્ચિત્ત તરીકે ઘણી મોટી કરવી પડે. શિયાળા, ઉનાળામાં તો ટાઢની પીડાને લીધે પૌષધમાં અધિક ઉપકરણ રાખ્યા છતાં પણ નિરાબાધપણું ન રહે, અને તે રાખેલા વધારે ઉપકરણની સાંજ સવાર પડિલેહણ કરતાં ઘણો વખત પણ જાય, તથા જે ક્રિયા આ વખતે પૂરી કરવી મુશ્કેલ પડે છે. અને કેટલીક વખત અધુરી રહી જાય છે તે ક્રિયા પૂરી કરવી મુશ્કેલ પડે, માટે શિયાળાની ઋતુ ઉપધાનવહનની અનુકૂળતાવાળી ન ગણાય તે સ્વાભાવિક છે; તેવી જ રીતે ઉનાળાના વખતમા પણ ઉપધાનવહનની અનુકૂળતા ગણી શકાય નહિ. શાસ્ત્રકારો ઉનાળાના એક ઉપવાસને ચોમાસાના ત્રણ ઉપવાસની જગો પર પ્રાયશ્ચિત્ત અને ચારિત્રના અધિકારમાં મેલે છે, તે ઉપરથી તેમ જ અનુભવ ઉપરથી ઉનાળામાં તપસ્યાનું આકરાપણું સહેજે સમજી શકાય તેમ છે, અને તેવા આકરાપણામાં બાલ અને વૃદ્ધો કે જેઓ ઉપધાનવહન કરવાના અધિકારીઓ છે, તેઓ ઉપધાનવહનની ક્રિયામાં દાખલ થઈ શકે નહિ. ઉપધાનમાં વચમાં એકાંતરે ઉપવાસ હોય છે, તેની તપસ્યા સખત થાય એટલું જ નહિ પણ પારણાના એકાસણાના દહાડે પરિમુઢ (સ્ટાન્ડર્ડ ટાઈમ ૧૨-૩૯) સુધી જે અન્ન વિના જ નહિ પણ પાણી વિના રહેવું તે કેટલું બધું મુશ્કેલ થઈ પડે એ શાસ્ત્રમાં

કહેલા ખુદ મુનિમહારાજાઓ માટે પોરસીઆદિમાં ચોવિહારને માટે જે અનિયમ છે તેને સમજનારા સારી પેઠે સમજી શકે તેમ છે. જો કે આસો મહિનાની માફકજ ફાગણ મહિનામાં મિશ્રઋતુ ગણાય, પણ તે મિશ્રઋતુ માત્ર પખવાડિયા જેટલી જ રહે, પણ આસોકાર્તિકની માફક લાંબી મુદત સુધી મિશ્રિઋતુ રહી શકતી નથી. એ બધી અપેક્ષા વિચારતાં આ વિજયાદશમીથી થતો ઉપધાનનો આરંભ જ યોગ્ય ગણાય તે સ્વાભાવિક છે. ત્રીજું કારણ એ પણ છે કે શિયાળા અને ઉનાળામાં મુનિ મહારાજાઓની તેવી નિયમિત સ્થિરતા હોય નહિ, અને ઉપધાનની ક્રિયા સેંકડો વર્ષના રિવાજ પ્રમાણે નામસ્તવ અને શક્રસ્તવના ઉદ્દેશ સિવાય માત્ર સમુદ્દેશ અને અનુજ્ઞા કરીને ચલાવાય તોપણ પચાસથી પંચાવન દિવસ થાય છે, તો તેટલો બધો લાંબો ટાઈમ નિયમિતપણે તેવા ઉપધાનક્રિયાને વહન કરાવનારા મુનિમહારાજાનું નિમિયત અવસ્થાન શિયાળા ઉનાળામાં અસંભવિત જ છે. આ કારણથી વર્તમાનની વિજયાદશમીથી ઉપધાનની શરૂઆત થવાની પ્રથા ઘણી સહેતુક જણાય છે.

### ઉપધાન વહન કરાવે કોણ ?

જો કે ઉપધાનો પંચપરમેષ્ઠીનમસ્કાર મહામંત્રઆદિના પાઠની પૂર્વભૂમિકારૂપ હોય છે અને દરેક ઉપધાનમાં પ્રથમ તે તે શ્રુતસ્કંધ કે અધ્યયનનો ઉદ્દેશ એટલે ભણવાની આજ્ઞા દેનારો એટલે આદેશ કરનારો વિધિ હોય છે, વાસ્તવિક રીતે તે વિધિ થયા પછી જ પંચનમસ્કાર શ્રુતસ્કંધ આદિના અધ્યયન એટલે ભણવાનો અધિકાર વિધિસર પ્રાપ્ત થાય છે. આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે પંચપરમેષ્ઠીનમસ્કાર શ્રુતસ્કંધ કે કોઈપણ શાસ્ત્ર પ્રથમ પુસ્તક નિરપક્ષપણે ગુરુમુખે જ ભણવાના અને સાંભળવાના હતા અને તેથી જ તેનું નામ શ્રુતજ્ઞાન એટલે સાંભળવારૂપ જ્ઞાન એમ થાપવામાં આવેલું છે. અર્થાત્ ગુરુમહારાજ પાસેથી સાંભળવા સિવાય જે પોતાની મેળે પુસ્તક વિગેરેથી ઉદ્દેશાદિક વિધિ કર્યા સિવાય ભણવામાં આવે તે શાસ્ત્રની આજ્ઞાનો સ્પષ્ટ રૂપે લોપ જ છે એમ કોણ નહિ કબુલ કરે ? આ જ કારણથી મુખ્યતાએ શાસ્ત્રકારો દરેક સૂત્રના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગના વિધિઓ જણાવે છે, અને તે ઉદ્દેશાદિકની વિધિ એટલી બધી જરૂરી ગણાય છે કે તે ઉદ્દેશાદિક વિધિ સિવાય જો કોઈને કોઈપણ રીતિએ સૂત્રાદિકનું જ્ઞાન થઈ ગયું હોય તોપણ તેનું તે થએલું જ્ઞાન શાસ્ત્રકારોએ ખુલ્લા શબ્દોમાં કર્ણચોરી તરીકે ગણેલું છે, અને તેવી કર્ણચોરીથી જ્ઞાન લેવાવાળા પાસેથી બીજા શાસનપ્રેમી માર્ગાનુસારી ધર્મપ્રેમી મનુષ્યોને તે સૂત્રાદિકનું જ્ઞાન લેવાનો એટલે કે તે કર્ણચોરીવાળા સૂત્રોને સાંભળવા સુદ્ધાંનો નિષેધ કરવામાં આવ્યો છે. આ વાત એટલી બધી મજબૂત છે કે તેને માટે આગમવિહારીને પણ અપવાદ મળ્યો નહિ, અને તેથી અનેક અભ્યાસી સાધુઓની વિજ્ઞપ્તિ છતાં આચાર્ય મહારાજ સિંહગિરિજીએ વજ્રસ્વામીને વાચનાચાર્ય તરીકે આપ્યા નહિ. આવી રીતે જયારે ઉદ્દેશાદિકનો દરેક સૂત્રને માટે મજબૂત સામાન્ય વિધિ હોય તો પછી તે વિધિને નહિ ગણકારતા, અને નહિ માનતા અર્થાત્ ઉપધાનવહનની ક્રિયાનું દુર્લક્ષ્ય કરીને કે અનાદર કરીને જેઓ પંચનમસ્કારઆદિ સૂત્રનો છતી શક્તિએ તપસ્યા કર્યા વિના અભ્યાસ કરે અગર અભ્યાસ કર્યા પછી પણ ઉદ્દેશાદિકનો વિધિ કરે નહિ કે માને નહિ તેવાઓને શ્રીમહાનિશીથના સ્પષ્ટ પાઠ પ્રમાણે અનંતસંસારભ્રમણ કરવાનું થાય તેમાં આશ્ચર્ય જ શું ?

### પંચમંગલની ચૂલિકા.

આ વિધિમાં એક વાત જાહેર અને તે સમજવા જેવી છે કે પંચપરમેષ્ઠીનમસ્કારનું સૂત્ર

તે કેવળ સૂત્રરૂપ નથી, પણ ચૂલિકાવાળા શ્રુતસ્કંધરૂપ છે, અને તેથીજ एसो पंचनमुक्कारो એ વાક્યથી પંચનમસ્કાર શ્રુતસ્કંધનોજ મહિમા સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યો છે. જો કે કેટલોક અજ્ઞાનવર્ગ एसो पंचनमुक्कारो० - નો અર્થ એ અરિહંતઆદિક પાંચના નમસ્કારો એમ કરે છે, પણ તેઓનું અજ્ઞાન एसो, नमुक्कारो, पणासणा ની જગો પર વાપરેલા એકવચનથી ખુલ્લો થઈ જાય છે, કેમકે જો પાંચ નમસ્કારો કહેવા હોત તો एए, नमुक्कारा, पणासणा એમ બહુવચન કહેવું પડત, પણ ખરી રીતે આ ચૂલિકા પંચ નમસ્કારના ફળની નથી, પણ नमो अरिहंताणं વિગેરે પાંચ અધ્યયનો મળીને થએલો જે પંચનમસ્કાર શ્રુતસ્કંધ તેના મહિમાને જણાવવાવાળી છે. (જેઓ કેવળ नमो अरिहंताणं રૂપ પાંચ અધ્યયનો અને તેના શ્રુતસ્કંધનેજ માને છે, અને एसो पंचनमुक्कारो० વિગેરે મહિમાદર્શક સૂત્રને નથી માનતા અથવા સંસારસાગરથી તરવારૂપી ફળને જણાવનાર ઉદ્દેશના સૂત્રને નથી માનતા, તેઓ ભૂલ કરે છે કે લોગ્ગસ્સમાં પણ लोगस्स उज्जोअगरे० અને एवं मये अभिथुआ વિગેરે ગાથાઓ માને છે. જો તીર્થંકરોની સ્તુતિના ફળ વિગેરેને દેખાડનારી લોગ્ગસ્સની ગાથા માનવામાં અડચણ નથી તો પછી નમસ્કારના સૂત્રનું ફળ દેખાડનાર સૂત્ર માનવામાં શી અડચણ છે ? અને નમસ્કારમંત્રમાં જો નમસ્કારમાત્રથી ચરિતાર્થપણું ગણવામાં આવે તો લોગસ્સના સૂત્રમાં उसभमजिअं च वंदे० વિગેરે ત્રણ ગાથાથી માત્ર નામસ્તવનું ચરિતાર્થપણું કેમ ન ગણવું ? એવી રીતે पुक्खरवरदीवड्ढे વિગેરેમાં પણ जाइजरा વિગેરે ફળદર્શક ગાથાઓ શા માટે બોલવી ? અર્થાત્ एसो पंचनमुक्कारो०નું સૂત્ર ઉડાવી દેવામાં અજ્ઞાન કે કદાગ્રહ સિવાય બીજાનું જોર દેખાતું નથી. વળી શ્રીમહાનિશીથમાં पढमं हवइ मंगलं એવો ચૂલિકાના છેલ્લા પાદનો પાઠ હોવાથી हवइની જગો પર होइ એમ કહેનારા પણ કલ્પનાના પાઠવાળાજ છે. વળી જેઓ શ્રીભગવતીજીની આદિમાં માત્ર પાંચ પદજ છે માટે પાંચ પદજ કહીએ છીએ એમ કહે છે તેમને તો સ્પષ્ટ સમજવું જોઈએ ત્યાં તો नमो बंभीए लिवीएनो પાઠ છે તે કેમ છોડ્યો ? ને ખંડિત સૂત્ર લેવું તે સમ્યગ્દૃષ્ટિને શોભે નહિ, તેમજ આવશ્યકનિર્યુક્તિમાં જેમ દરેક અધ્યયનની શરૂઆતમાં અને અંતમાં નિક્ષેપ અને સૂત્રસ્પર્શક નિર્યુક્તિ કહે છે તેમ એ પાંચે પદો (અધ્યયનો)ની શરૂઆત અને સમાપ્તિ છે અને તેથી પંચમંગલ મહાશ્રુતસ્કંધ ગણાય છે. જો કે આ પંચમંગલ શ્રુતસ્કંધ પ્રતિક્રમણ સૂત્રનો એક ભાગ છે છતાં સામાયિક સૂત્ર એક અંગ છતાં જુદું અધ્યયન ગણાય છે તેમ આ પંચમંગલ જુદો અને મહાશ્રુતસ્કંધ છે એ વાત વિશેષાવશ્યકને જાણનારાઓ સારી પેઠે સમજી શકે તેમ છે.

## મહાનિશીથના યોગવાળાજ ઉપધાન કરાવે એમ કેમ ?

ઉપર પ્રમાણે પંચનમસ્કાર મહામંગલ જો શ્રુતસ્કંધ રૂપ છે તો તે વિગેરેનો ઉદ્દેશ નંદીપૂર્વક થવો જોઈએ તે સ્વાભાવિકજ છે. જૈનશાસનમાં કોઈપણ શાસ્ત્રના શ્રુતસ્કંધનો ઉદ્દેશ નંદી વગર થતોજ નથી, તો પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્દેશ નંદી વગર થાય એમ કહી શકાય કે માની શકાયજ નહિ, અને જો શ્રુતસ્કંધના ઉદ્દેશને માટે નંદી કરવી જ જોઈએ, એવા શાસ્ત્રકારના ઉપદેશને માનીએ તો સાથે એ પણ માનવુંજ જોઈએ કે નંદી-અનુયોગના યોગ કર્યા સિવાયના સાધુને નંદી કરવાનો અધિકાર નથી, અને નંદી-અનુયોગના યોગ કરવાનો મુખ્યતાએ અધિકાર મહાનિશીથ સૂત્રના યોગ કે જે આગાઢ અને લાગલાગટ દોઢ મહિનાથી અધિક આયંબિલવાળા છે, તેને વહન કરીને પછી જેને નંદી અને અનુયોગના યોગો વહન કર્યા હોય તેનેજ આ

પંચ નમસ્કાર મહાશ્રુતસ્કંધ આદિના ઉદ્દેશાદિ વિધિરૂપ ઉપધાન વહન કરાવવાનો અધિકાર હોઈ શકે. એ સિવાય જેઓ વિગતિને દેનારી વિકૃતિના વહનમાં વહેતા રહીને યોગ વિગેરે વહન કરે નહિ અને પંચમંગલમહાશ્રુતસ્કંધના ઉદ્દેશાદિ રૂપ ઉપધાનવહનની ક્રિયા કરાવે તે કરનાર અને કરાવનાર કેટલી વિરાધના કરતા હશે અને કેવા ડૂબતા હશે તેનો નિર્ણય કરવાનું કામ જ્ઞાની મહારાજનું છે.

**ઉપધાન અને તેનું તપ.**

જો કે વર્તમાનકાળમાં વહેવાતા ઉપધાનમાં સર્વઉપધાનને અંગે માત્ર અર્હતચૈત્યસ્તવ અને શ્રુતસ્તવ, સિદ્ધસ્તવને છોડીને એકાંતરે ઉપવાસ અને પારણે એકાસણાંથી (નીવી) વહેવામાં આવે છે, અને તેથી પંચમંગલમહાશ્રુતસ્કંધના સાડાબાર, પ્રતિક્રમણના સાડાબાર અને શક્રસ્તવના સાડીઓગણીસ તથા નામસ્તવના સાડીપંદર ઉપવાસો થાય છે, તેમાં એકાસણાના પરિમુઢ્ઢ જો કે તે એકાસણાં કાચી વિગઈના ત્યાગવાળાં હોઈ, તેની અપેક્ષાએ નીવી જેવાં હોય છે, તો પણ તે ચાર એકાસણે ઉપવાસ ગણવામાં આવે છે, અને તે કાચી વિગઈના ત્યાગનો હિસાબ ધ્યાનમાં રાખી બાર પરિમુઢ્ઢ ઉપવાસનો હિસાબ જે શાસ્ત્રકારોએ કહ્યો છે તે ન ગણતાં આઠ પરિમુઢ્ઢે ઉપવાસ ગણવામાં આવે છે, અને તપસ્યામાં જો ન્યૂનતા રહે છે તો નીવીની જગો પર આયંબિલ કરાવવામાં કે દિવસ વધારે કરાવવામાં આવે છે, પણ અર્હત્ચૈત્યસ્તવ અને શ્રુતસ્તવ, સિદ્ધસ્તવના ઉપધાનો તો જેમ શાસ્ત્રોમાં કહ્યું છે તેમ એક ઉપવાસ ને ત્રણ આયંબિલે તથા એક ઉપવાસ પાંચ આયંબિલ અને પછી અંતમાં એક ઉપવાસ કરીને મૂળ વિધિથી જ કરવામાં આવે છે. આવી રીતે કરવામાં આવતી તપસ્યા જો કે વર્તમાનકાળમાં તો તે વહેનારાને ઘણીજ કઠણ પડે છે, પણ શાસ્ત્રકારોએ કહેલી મૂળવિધિની તપસ્યાની અપેક્ષાએ ઘણી સુગમતાવાળી છે એમ કહી શકાય. જો કે વર્તમાનકાળના શ્રદ્ધાહીન અને ઉદ્ધત યુવકો વર્તમાનમાં કરાતા ઉપધાનના ઉપવાસ તેને પારણા થતા પરિમુઢ્ઢ સુધી ચોવિહારવાળાં થતાં એકાસણાં તેમજ ઉપવાસના પારણે આયંબિલો અને આયંબિલો પારણે ઉપવાસો કરાય છે તેની તરફ ધ્યાન નહિ આપતાં વ્રતધારી અને સાધર્મિક તપસ્યાવાળા ઉપધાનવાળાઓને અંગે ધર્મપ્રેમી અને ઉદાર સદ્ગૃહસ્થોએ જે એકાસણાંને માટે સગવડ કરાય છે તે ખમી શકતા નથી, અને પોતાના જેવાજ અધિપતિવાળા છાપાંની કટારોમાં ઉપધાન અને તેના વહેનારાની ભારોભાર નિંદા કરવા દોરાઈ જાય છે, અને તે એકાસણામાં ઉદાર અને ધર્મપ્રેમીઓ તરફથી કરાતી ભક્તિને આગળ કરી ઉપધાનની નિંદા કરવા તત્પર થાય છે, પણ તેઓએ અને બીજાઓએ ધ્યાન રાખવું જોઈએ કે ઉપધાન વહનકરનારાઓ તપસ્યા, પૌષધ, કાયોત્સર્ગ, પ્રણિપાત અને જપમાળા વિગેરેથી પોતાના આત્માને સારા સંસ્કારિત કરે તેઓ તરફ ધર્મપ્રેમી સદ્ગૃહસ્થો પ્રેમ દાખવી ભક્તિ કરવાને ઉજમાળ થાય તેમાં આશ્ચર્યજ નથી. આ વાત તો સિદ્ધજ છે કે ઉપધાન વહન વખતે એકાસણાંની કે આયંબિલની ટોળીઓ નોંધાવવા માટે પડાપડી થાય છે, અને ઘણા મહાનુભાવોને તે ટોળી કરવાનો લાભ નહિ મળવાથી નાસીપાસ થવું પડે છે, અને અંતમાં ઉપધાન વહન કરનારાઓને લહાણી આપી કે મહોત્સવ કરીને પોતાનો ઉત્સાહ પૂરો પાડવો પડે છે. શ્રદ્ધાહીન યુવકો જો પોતાની ધર્મથી દૂર રહેવાવાળી અને બીજા જીવોને પણ ધર્મથી દૂર કરવાવાળી સંસ્થાઓના પોષણને માટે કોઈ સ્થાનોએ અને

પાલીતાણા જેવા તીર્થસ્થાનમાં ધર્મશાળા ધર્મશાળાઓ ભાડુતી અને ભાગીદાર આડતીઆઓ દ્વારાએ પૈસા ઉઘરાવવાનું જે કરે છે અને જેમ વસંતઋતુમાં જવાસો સુકાય, તેવી રીતે ધર્મપ્રેમીઓથી કરાતાં ઉપધાન, ઉજમણા, પ્રતિષ્ઠા, સાધર્મિક વાત્સલ્ય, સામૈયાં વિગેરે મહોત્સવો ઉલ્લાસપૂર્વક થતા દેખીને પોતાના કાળજાની ઝાળ તેવા દરેક પ્રસંગે છાપાં કાળાં કરીને લોકોને ધૂમ્રરૂપે નજરે ચઢે છે, તે અને ઉપર જણાવ્યા પ્રમાણે થતી ઉપધાનની ભક્તિ અને તેવી જ ઉજમણાઆદિ મહોત્સવોની ક્રિયાનો ઉત્સાહ જોઈ બે નો ફરક તપાસવાની ઘણીજ જરૂર છે. યુવકોએ ધ્યાન રાખવું જોઈએ કે ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો પોતાને અભિરૂચિત ધર્મક્ષેત્રમાં સદ્‌દ્રવ્યનો વ્યય કરનારા છે, જ્યારે તમે તો પોતાના અભિરૂચિત ક્ષેત્રના ઉત્પાદન અને પોષણને માટે ધર્મક્ષેત્રરૂપી કલ્પવૃક્ષને કાપવાના કુહાડાનું કાર્ય કરીનેજ કૃતાર્થપણું માનો છો. આ ઉપધાનવહનની ક્રિયા જ્યાં જ્યાં થાય છે, ત્યાં ત્યાં દરેક ધર્મિષ્ઠને પોતાના ઉલ્લાસથી તે ધર્મ કરનારાઓની શ્રદ્ધા, પવિત્રતા, વ્રત, નિયમ, ક્રિયાકાંડ, જપ, તપ વિગેરે ધર્મ અને મોક્ષમાર્ગના અનુષ્ઠાન દેખીને ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થોને આપોઆપ ઉદારતાથી ભક્તિ કરવાની ભાવના થાય છે, જ્યારે સંસ્થાના સંચાલકો અને તેના આશ્રિતોને પોતાના અને પોતાના ખાતાના નિભાવને માટે એકાંતમાં, જાહેરસભાઓથી અને પેપરોથી યાચના કરી, યાચકોની કોટિમાં જવું પડે છે, અને તેવું કરતાં પણ પોતાનું ધારેલું પોષણ મળતું નથી ત્યારે 'ભૂખી કુતરી બચુડીઆં ખાય' તેની માફક ધર્મપ્રેમીઓએ કરાતા અને શાસ્ત્રકારોએ કહેલા અનુષ્ઠાનોમાં ખર્ચાતું દ્રવ્ય દેખી અંતરમાં આગ ઉઠવાનો વખત આવે છે, અને તેવા ધર્મ અને શાસનના દ્રોહી પેપરો એ દ્વારા એ વરાળો કાઢવી પડે છે. ઉપર જણાવેલી બેએ વસ્તુ જો હૃદયને સમજુપણાના હૃદયની હરોળમાં રાખી વિચારવામાં આવે તો માર્ગ ભૂલેલાને સન્માર્ગ પ્રાપ્ત થવાનો સરળ ઉપાય છે. તત્ત્વમાં એટલું જ કહેવાનું કે ઉપધાનમાં તપ, જપ અને ક્રિયાની એટલી બધી કઠિનતા છે કે ખાવાની લાલચે કોઈપણ મનુષ્ય સ્વપ્ને પણ તે ક્રિયા કરવાને તૈયાર થઈ શકે તેમ નથી.

### ઉપધાનનો સૂત્રોક્ત તપ ને વર્તમાન પદ્ધતિ.

જોકે ઉપર ઉપધાનને અંગે કરવા જણાવેલી તપસ્યા પહેલાની તપસ્યા કરતાં સુગમ છે, કેમકે શ્રીમહાનિશીથ સૂત્રમાં કહેલા મૂળ હિસાબ પ્રમાણે પંચમંગલ મહાશ્રુતસ્કંધના આરાધનમાં ચિત્તની પવિત્રતા વિગેરેની સાથે પાંચ ઉપવાસ કરીને પારણે આયંબિલ કરતાં 'નમો અરિહંતાણં' એ અધ્યયન ભણવાનું છે. એવી રીતે 'નમો સિદ્ધાણં' વિગેરે બીજા ચારે અધ્યયનો ચારે દહાડા આયંબિલ કરીને ભણવાનાં છે, અને 'એસો પંચનમુક્કારો' વિગેરે ચુલિકા છટ્ઠું, સાતમું અને આઠમું આયંબિલ કરી ભણવાની છે અને તે પછી છેવટે અઠ્ઠમ કરે ત્યારે તે પંચમંગલની (સમુદ્દેશ) અનુજ્ઞા થાય છે. આવી રીતે પ્રથમ પંચમંગલ મહાશ્રુતસ્કંધની અંદર ૫ + ૩ = ૮ ઉપવાસ અને ૫ + ૩ = ૮ આયંબિલ એટલે એકંદરે બાર ઉપવાસ થાય છે તે સ્થાને વર્તમાનમાં સાડીબારઉપવાસ રાખેલા છે. પહેલા બારઉપવાસની વખતે આઠદિવસ વાચના થતી હતી, જ્યારે વર્તમાનમાં પાંચઉપવાસે પહેલી વાચના અને સાડીસાતઉપવાસે બીજી વાચના થાય છે. એવી જ રીતે ગુણથકી પ્રતિક્રમણશ્રુતસ્કંધ કે જે આદાનપદથી ઈરિયાવહી સૂત્ર કહેવાય છે, તેને અંગે પણ પંચમંગલની માફક શાસ્ત્રોક્ત બાર ઉપવાસ અને વર્તમાન રીતિથી સાડીબારઉપવાસ કરી આરાધાય છે અને વર્તમાનમાં બે વાચનાએ તેનું અધ્યયન કરાવાય છે. ત્રીજા શક્રસ્તવ નામના ઉપધાનને અંગે શ્રીમહાનિશીથસૂત્રના મૂળ હિસાબે એક અઠ્ઠમ અને

બત્રીસ આયંબિલથી અને પાંચમા નામસ્તવ (ચતુર્વિંશતિસ્તવ)ની આરાધના એક છઠ્ઠ, એક ઉપવાસ અને પચીસ આયંબિલથી થતી હતી, એટલે ત્રીજા ઉપધાનમાં ઓગણીસ ઉપવાસ અને પાંચમા ઉપધાનમાં સાડીપંદર ઉપવાસ થતા હતા, તે પ્રમાણે વર્તમાનમાં પણ પાંત્રીસ દિવસ શક્રસ્તવના ઉપધાનમાં હોવાથી ચોવીસને છ આના ઉપવાસ થાય છે અને નામસ્તવમાં સવાઓગણીસ ઉપવાસ થાય છે, એટલે શાસ્ત્રોમાં કહેલી તપસ્યા કરતાં કોઈપણ પહેલું, બીજું, ત્રીજું અને પાંચમું ઉપધાન જેવી રીતિથી વહેવડાવાય છે તેમાં તપસ્યા ઘટતી નથી પણ વધેજ છે, અને ચોથું અર્હત્ ચૈત્યસ્વત નામનું અને છઠ્ઠું શ્રુતસ્તવ સિદ્ધસ્તવ નામનું ઉપધાન તો મૂળવિધિ એટલે એકઉપવાસ ને ત્રણ આયંબિલ તથા એકઉપવાસ પાંચ આયંબિલને એક ઉપવાસે શાસ્ત્રકારોએ કહેલું છે તેજ પ્રમાણે કરવામાં આવે છે.

## તપની વિધિના પરિવર્તનનો ખુલાસો

આ સ્થાને એ શંકા જરૂર થાય કે પહેલા, બીજા, ત્રીજા અને પાંચમા ઉપધાનમાં તપસ્યાનો ક્રમ શાસ્ત્રકારોએ કહેલો તે કેમ ફેરવ્યો ? તેના ઉત્તરમાં સમજવાનું કે શ્રીમહાનિશીથસૂત્રમાં પૂર્વે જણાવ્યા પ્રમાણે મૂળવિધિ જણાવ્યા છતાં અસમર્થને માટે તેજ ઉપધાનનો તપ પૂરો કરવાને માટે ૪૫ નોકારસી કરવાથી, ૨૪ પોરસી કરવાથી, ૧૨ પરિમુઠ્ઠ કરવાથી, ૧૦ અવઢ કરવાથી, છ નીવી (માત્ર છવિગયના ત્યાગ રૂપ) કરવાથી અને ચાર એકાસણાં કરવાથી એક ઉપવાસ ગણવો એમ સ્પષ્ટ શબ્દોમાં કહેલું છે, એટલુંજ નહિ પણ પંચનમસ્કારમહાશ્રુતસ્કંધના ઉપધાનની તપસ્યાના હિસાબને અંગે તો એટલા સુધી જણાવે છે કે વચમાં ન કરે અને આંતરેઆંતરે કરે તો પણ તે આંતરેઆંતરે કરાતી નોકારસી વિગેરેને પણ હિસાબમાં લઈ તપસ્યાનો હિસાબ થતાં તેના ઉપધાન થએલાં ગણવામાં આવે છે એમ કહ્યું છે. એવી રીતે શાસ્ત્રોક્ત બીજી રીતિને સમજનારો મનુષ્ય ચાલુ તપસ્યાની રીતિને કોઈપણ પ્રકારે અયોગ્ય કહી શકે નહિ.

## ઉપધાન અને પૌષધ.

શ્રી મહાનિશીથસૂત્રમાં ઉપધાનના સામાન્ય અધિકારમાં સાક્ષાત્ પૌષધ કરવાનું વિધાન કરનારા અક્ષરો નથી, અને તેથી પૂજ્યપાદ શ્રીકુલમંડનસૂરિજી વિચારામૃતસંગ્રહમાં અને શ્રીરત્નશેખરસૂરિજી-મહારાજ શ્રી આચારપ્રદીપમાં ઉપધાનવહન કરતાં કરાતા પૌષધને યોગવિધિની માફક આચારથી કરવાનું કહે છે, પણ ફક્ત સાક્ષાત્ શબ્દો ઉપધાનમાં પૌષધ કરવાને અંગે ન હોવાને લીધેજ છે, નહિતર સૂચના તરીકે લઈએ તો પંચમંગલમહાશ્રુતસ્કંધજ આરંભ, પરિગ્રહ ત્યાગ સિવાય કે તે ત્યાગપૂર્વક દેવાનું વિધાન છે, પણ બાકીના કોઈ પણ સૂત્ર આરંભ પરિગ્રહના ત્યાગ સિવાય દેવાય નહિ એમ ચોકખા શબ્દો હોવાથી પંચમંગલમહાશ્રુતસ્કંધ સિવાયના સૂત્રો માટે તો આરંભ, પરિગ્રહના ત્યાગની આવશ્યકતા માનેલીજ છે, તેથી પ્રતિક્રમણશ્રુતસ્કંધ વિગેરેને માટે આરંભ, પરિગ્રહ ત્યાગની સૂચના માનવી એ સર્વથા યોગ્યજ છે. વળી પંચમંગલમહાશ્રુતસ્કંધમાં પણ સામાયિક કરેલું હોય અગર ન કરેલું હોય તેવાને પણ આપવું એવું વિકલ્પવાળું વ્યાખ્યાન હોવાથી એમ કલ્પના કરી શકાય કે મૂળવિધિથી વહેનારને સામાયિક (પૌષધ) હોવા જોઈએ, અને ઈતર નોકારસીઆદિ વિધિથી તપની સંખ્યા પૂરી કરનારને ઘણીજ લાંબી મુદત હોવાથી અર્થાત્ નોકારસીથી કરે તેને ૫૪૦ દહાડા સુધી લાગલાગટ કરે તો પણ મર્યાદા પહોંચતી હોવાથી તેવા તપ કરનારાઓને અને પોરસી વિગેરે કરનારાઓને પણ લાંબી મુદત હોવાથી તેની સાથે પૌષધનું નિયમિતપણું ન કર્યું હોય તે સ્વાભાવિક

છે. વળી પૂર્વે જણાવેલી નોકારસી વિગેરે તપસ્યાનો હિસાબ ભગવાન મહાનિશીથકારે કેવળ પંચમંગલમહાશ્રુતસ્કંધને અંગે રાખેલો હોવાથી બીજા ઉપધાનમાં તેવો બીજીરીતનો હિસાબ ન માનીએ અને તેથી તેમાં પૌષધનું નિયમિતપણું માનીએ તો વર્તમાન રીતિ પ્રમાણે પૌષધગ્રહણની સાથેજ થતી ઉપધાનની વિધિ સૂત્રના અક્ષરની સૂચનાને અનુકૂળજ એમ ગણવું જોઈએ.

**ઉપધાનવહનની સાથે પૌષધનું સર્વગચ્છનું સંમતપણું.**

વળી એ પણ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે પ્રાચીન અને આધુનિક જુદા જુદા ગચ્છવાળા જુદા જુદા ગ્રંથકર્તાઓ પોતપોતાની સામાચારીના ગ્રંથોમાં ઉપધાનની વિધિ જણાવતાં પૌષધ ગ્રહણ કરવાની હકીકત પણ સાથેજ જણાવે છે. એ ઉપરથી પણ એમ તો કહીજ શકાય કે સૂત્રોમાં સાક્ષાત્ ઉપધાનવિધિમાં પૌષધ ગ્રહણનું વિધાન ન પણ હોય તોપણ તે સર્વગચ્છ સંમત થએલું હોઈ આચરણારૂપ થાય અને તેથી તે આચરણાથી વિરૂદ્ધ વર્તવું તે સૂત્રકારમહારાજાના વચનથી વિરૂદ્ધ વર્તવા જેવું અધમાધમ ગણાય.

**પંચમંગલ તે મહાશ્રુતસ્કંધ કેમ ?**

આવશ્યક, દશવૈકાલિક વગેરેના અધ્યયનના સમુદાયને યાવત્ શ્રીઆચારાંગ જેવા અંગપ્રવિષ્ટના અધ્યયનના સમુદાયને શ્રુતસ્કંધ કહેવાય છે, ત્યારે આ પંચમંગલને મહાશ્રુતસ્કંધ કેમ ગણવો ? આ શંકાના સમાધાનમાં જાણવાનું કે શ્રીદશવૈકાલિક વગેરે સૂત્રોના અધ્યયનનો સમુદાય માત્ર સ્વસ્વસ્થાનેજ પઠન કરવા યોગ્ય અને વ્યાખ્યા કરવા યોગ્ય હોય છે, જ્યારે આ પંચમંગલશ્રુતસ્કંધ દરેક સૂત્ર અને અધ્યયનની આદિમાં પઠનીય અને વ્યાખ્યેય છે. ભાષ્યકાર મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જેણે પંચનમસ્કારમહાશ્રુતસ્કંધનું ઉચ્ચારણ કર્યું હોય તેવાનેજ સામાયિકાધ્યયનઆદિસૂત્ર વંચાવવું. ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી મહારાજ સામાયિકની નિર્યુક્તિ કરતાં પહેલાંજ પંચમંગલમહાશ્રુતસ્કંધની નિર્યુક્તિ કરે છે. એ બધું સમજનારાઓ શ્રી પંચમંગલમહાશ્રુતને સર્વ સૂત્રો શ્રુતસ્કંધો અને અધ્યયન વગેરેમાં વ્યાપક માને તે યોગ્યજ છે, અને તેથી બીજા બધા શ્રુતસ્કંધો કરતાં આ પંચમંગલની વિશિષ્ટતા હોવાથી મહાશ્રુતસ્કંધ તરીકે ગણાય તેમાં આશ્ચર્ય શું ? અને આ જ કારણથી એટલે સર્વઅધ્યયનો વિગેરેની અંતર્ગત હોવાથી પંચમંગલમહાશ્રુતસ્કંધનો શ્રીનન્દીસૂત્ર વગેરે સૂત્રોની નોંધવાળાં આગમો પૃથક્ સૂત્રપણે કે શ્રુતસ્કંધપણે નોંધ લેતા નથી, અને આ જ કારણથી આ પંચમંગલને મહાશ્રુતસ્કંધ તરીકે ગણી તેની સાથેનાજ શ્રી પ્રતિક્રમણ (ઈર્યાવહિયા) અધ્યયન સમુદાયને સામાન્ય શ્રુતસ્કંધ તરીકેજ ગણ્યો.

**પ્રતિક્રમણ એ શ્રુતસ્કંધ કેમ ? અને શક્રસ્તવઆદિ એ અધ્યયનનો કેમ ?**

જો કે ઈરિયાવહિયા (પ્રતિક્રમણસૂત્ર) એ આવશ્યક શ્રી શ્રુતસ્કંધના ચોથા પ્રતિક્રમણઅધ્યયનનો એક વિભાગ છે પણ તે ગમનાગમન નદી ઉતાર આદિ કાર્યોને અંગે પ્રતિક્રમણ નામના બીજા પ્રાયશ્ચિત્ત ભેદને અંગે અત્યંત સ્થાને સ્થાને ઉપયોગી હોવાથી તેને સામાયિક જુદું અધ્યયન ગણાવ્યું છે તેમ આ શ્રુતસ્કંધ ગણાવ્યો છે. બાકીના બધા અધ્યયનનો તરીકે ગણ્યા છે. ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી દીક્ષાના અધિકારમાં પ્રતિક્રમણનો પાઠ આપવામાં દીક્ષાર્થીને માટે **અકૃતોપધાનસ્યાપિ** અર્થાત્ ઉપધાન ન કર્યું હોય તો પણ દીક્ષાર્થીને પ્રતિક્રમણસૂત્ર વગેરે આપી શકાય છે, એમ કહેવાથી સ્પષ્ટ કહે છે કે પ્રતિક્રમણનું ઉપધાન પૃથક્પણે હોવું જોઈએ, અને પંચમંગલમહાશ્રુતસ્કંધ અને પ્રતિક્રમણશ્રુતસ્કંધનાં જો જુદાં જુદાં ઉપધાનો ન

પ્રાચીન સાબીત થાય તો પછી શેષ શક્રસ્તવાદિનાં ઉપધાનો પૃથક્ અને પ્રાચીન સાબીત થાય તે સ્વાભાવિકજ છે.

**ઉપધાન અને માળારોપણ.**

ભગવાન્ મહાનિશીથ સૂત્રકાર મહારાજ સમગ્ર ઉપધાનવહનની ક્રિયા થયા પછી માળારોપણનું વિધાન જણાવે છે, અને દરેક ગચ્છવાળાઓ પણ પોતપોતાની સામાચારીમાં ઉપધાનવહનની ક્રિયા પૂર્ણ થતાં માળારોપણ કરવાની જરૂરીયાત સાક્ષાત્ શબ્દોથી સ્વીકારે છે, પણ તે સૂત્રોક્ત ક્રિયા અને વર્તમાન સામાચારી અને પદ્ધતિની ક્રિયામાં એટલો ફરક જરૂર પડે છે કે ભગવાન્ સૂત્રકારના કથન મુજબ પંચમંગલમહાશ્રુતસ્કંધ વિગેરે છએ ઉપધાનની ક્રિયા સંપૂર્ણ થયા પછીજ માળારોપણ કરવાનું જણાવે છે, જ્યારે વર્તમાન સામાચારી અને પદ્ધતિથી પંચમંગલમહાશ્રુતસ્કંધ, પ્રતિક્રમણશ્રુતસ્કંધ, અર્હત્ ચૈત્યસ્તવઅધ્યયન તથા શ્રુતસ્તવસિદ્ધસ્તવના ઉપધાનો થવા માત્રથી માળારોપણ કરવાની સ્થિતિ જણાવે છે, પણ ક્રિયા ઉપર ધ્યાન રાખનાર સત્પુરુષો એટલું સ્પષ્ટપણે સમજી શકે છે કે વર્તમાન સામાચારી અને પદ્ધતિમાં પણ માળારોપણની ક્રિયા કરવા પહેલાં પંચમંગલમહાશ્રુતસ્કંધાદિ ચાર પહેલાં ઉપધાનોની માફક શક્રસ્તવઅધ્યયન અને નામસ્તવઅધ્યયનના સમુદ્દેશ અને અનુજ્ઞાનો વિધિ કરાવવામાંજ આવે છે. અર્થાત્ પંચમંગલઆદિ છએ સૂત્રોના સમુદ્દેશ અને અનુજ્ઞા સાથેજ થાય છે, અને તે પણ માળારોપણની ક્રિયા પહેલાંજ થાય છે. માત્ર ફરક એટલુજ કહી શકાય કે શક્રસ્તવ અને નામસ્તવના ઉદ્દેશ વિધિ કર્યા સિવાય તેના સમુદ્દેશ અને અનુજ્ઞાનો વિધિ કરવો પડે છે. અને આવી રીતે પંચમંગલમહાશ્રુતસ્કંધાદિ છએના સમુદ્દેશ અને અનુજ્ઞાનો વિધિ અને તેની સાથે માલારોપણની ક્રિયા હોવાથી તે વિધિનો દિવસ ઉપધાન વહન કરનારાઓને માટે અનન્ય લાભ દેનારો હોઈ અસાધારણ અનન્ય ઉત્સવનું કારણ થાય તેમાં આશ્ચર્ય નથી. જગતની સામાન્ય નીતિએ ગણાતા સીમંત, વિવાહ વિગેરે સાંસારિક કાર્યો કરવાનો તો મનુષ્યને ઘણી વખત પ્રસંગ મળે છે, પણ આવી રીતે છએ સૂત્રના સંપૂર્ણ લાભ અને સ્થિતિની દશાનો દિવસ મનુષ્ય જિંદગીમાં ફક્ત એકજ વખત હોય છે, અને તેથી તે ધર્મપ્રેમી તથા ઉત્સાહી એવો ભવ્ય જીવ પોતાના તે પવિત્ર દિવસને ઉજવવામાં શ્રી જિનેશ્વર મહારાજની ભક્તિ, શુદ્ધ સાધુઓની સેવા અને સાધર્મિકોના સત્કાર વિગેરેમાં તન, મન, ધનથી સર્વથા તૈયાર થાય તે સર્વ પ્રકારે યોગ્યજ છે, મહાનિશીથસૂત્રકાર ભગવાન પણ તેટલાજ માટે માલારોપણના વિધાનમાં ભવ્યોને કરવા લાયક કરણીનો ઉલ્લેખ સ્પષ્ટ શબ્દોમાં કરે છે. તે શ્રીમહાનિશીથસૂત્રમાં જણાવે છે કે સમગ્ર ઉપધાનવહનની ક્રિયા થયા પછી તે ઉપધાનને વહનકરનારે સારા તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ અને ચંદ્રનું બળ હોય તે દિવસે પોતાની શક્તિ ઓળવ્યા સિવાય એટલે જેટલી શક્તિ હોય તેટલી શક્તિથી બધી રીતિએ જગદ્ગુરુ શ્રીજિનેશ્વર મહારાજના પૂજોપચાર વિવિધ પ્રકારે કરવા, સાધુમહારાજ કે જેઓ ગુરુવર્ગ છે તેઓને પ્રતિલાભવા અને ગુરુમહારાજની સાથે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા અને તમામ બંધુ વર્ગની સાથે પ્રથમ ચૈત્યવંદન (દેવવંદન) કરવું પછી ગુણવાન સાધુઓને તેમજ સાધર્મિક બંધુઓને વંદન, પ્રણામ, આદરસત્કાર, સન્માન કરવા પૂર્વક અત્યંત કિંમતી, કોમળ અને સ્વચ્છ વસ્ત્ર આદિ દેઈને જીવનભરમાં નહિ કરેલો એવો સત્કાર, સન્માન ભાવ કરવો. યાવત્ ગુરુ મહારાજે તે બધું થયા પછી ધર્મનો સારી રીતે ઉપદેશ કરવો. આવી રીતના ભગવાન્ મહાનિશીથસૂત્રકારના સ્પષ્ટ શબ્દોને જોનારો અને જાણનારો મનુષ્ય જો શ્રદ્ધાયુક્ત અને આસન્ન સિદ્ધિવાળો હોય તો માલારોપણને દિવસે થતા ઓચ્છવ, મહોચ્છવ, દાન, સાધર્મિક ભક્તિ

અને શાસ્ત્રવિહિત વરઘોડા વિગેરેના કાર્યોને અત્યંત ઉચિતજ ગણે તે સ્વાભાવિક છે.

**માલારોપણ.**

મૂળવિધિએ પંચમંગલમહાશ્રુતસ્કંધાદિ છએ શ્રુતના ઉપધાન વહન થયા પછી માલારોપણ હોય છે, અને વર્તમાનમાં પંચમંગલમહાશ્રુતસ્કંધ, પ્રતિક્રમણશ્રુતસ્કંધ અને અર્હત્‌ચૈત્યસ્તવ એ ત્રણ ઉપધાન સંપૂર્ણ થયા પછી કદાચિત શ્રુતસ્તવસિદ્ધસ્તવના ઉદ્દેશ (પ્રારંભ)ને દિવસે અને સામાન્ય રીતે તે છકીઆ નામનું ઉપધાન પૂરૂં થયા પછી સર્વઉપધાનની પૂર્ણાહુતિના ચિહ્ન તરીકે માલાનું આરોપણ કરવામાં આવે છે, અને તે માલા આરોપણ કરવા પહેલાં તે ઉપધાન વહન કરનારો અત્યંત ધર્મની શ્રદ્ધાવાળો અને મોક્ષમાં અત્યંત નિશ્ચિત બુદ્ધિવાળો હોવાથી યાવજ્જીવનને માટે ત્રણ કાળ જિનેશ્વર મહારાજના ચૈત્યોના વંદનનો નિયમિત અભિગ્રહ ગ્રહણ કરે, અને ગુરુમહારાજ તેવો અભિગ્રહ કરાવે એમ શ્રીમહાનિશીથસૂત્રકાર સ્પષ્ટ શબ્દોમાં લખે છે. ત્રિકાલ ચૈત્યવંદનના અભિગ્રહનો નિયમ એવી રીતે હોયછે કે પ્રભાતે જ્યાં સુધી ચૈત્યવંદન કરવામાં આવ્યું ન હોય ત્યાં સુધી તે ભાવિકશ્રાવકે પાણી સુદ્ધાં પણ મોઢામાં નાખવું નહિ, અને મધ્યાહ્નકાળે જ્યાં સુધી ચૈત્યોનું વંદન ન થયું હોય ત્યાં સુધી ભોજન કરવું નહિ, અને ત્રીજી વખતનું ચૈત્યવંદન સાયંકાલની સંધ્યાનો ઉલ્લંઘન ન થાય તેની પહેલાં કરી લેવું જોઈએ. જો કે વર્તમાનમાં આ રીતિએ નિયમિત અભિગ્રહ લેવાનો કે આપવાનો પ્રચાર જવલ્લેજ દેખાય છે પણ આવી રીતનો અભિગ્રહ આપવાનો અને લેવાનો પ્રચાર હોવો તે અત્યંત જરૂરી છે. ઉપધાન જેવી જબરદસ્ત તપ, જપ અને ક્રિયાને કરનારો મનુષ્ય ઉપધાનમાંથી નીકળ્યા પછી ત્રિકાલ ચૈત્યવંદન કરવાનો પણ સંસ્કાર ન રાખે તે ખરેખર તે તપ, જપની ક્રિયાને શોભા દેનારો ગણાય નહિ, માટે અન્ય કોઈ પણ અભિગ્રહ દેવાતા હોય તોપણ શાસ્ત્રકારે જણાવેલા આ અભિગ્રહની પ્રથમ નંબરે જરૂર છે. માલા આરોપણ કરવાનું કામ મુખ્યતાએ ગુરુમહારાજનું છે, કેમકે માળા એ ઉપધાનની સમુદ્દેશ, અનુજ્ઞાની ક્રિયાનું ચિહ્ન છે, અને તે ક્રિયા કરાવનાર ગુરુમહારાજજ હોય છે, માટે તે માલાનું આરોપણ ગુરુમહારાજ કરે એ સ્વાભાવિક છે, અને તેથી જ મહાનિશીથ સૂત્રમાં **सहत्थेण उभयखंधेसुमारोवयमाणेनगुरुणा** અર્થાત્ જેને પંચમંગલમહાશ્રુતસ્કંધ આદિના સમુદ્દેશ અને અનુજ્ઞા કરવામાં આવ્યાં છે, તે મનુષ્યના બેએ ખભે ગુરુમહારાજે માલા સ્વહસ્તે આરોપણ કરવી એમ સ્પષ્ટ લેખ છે, પણ વર્તમાનમાં સેંકડો વર્ષોથી અત્યંત હૃદયમાં હિત ધરાવનાર સાંસારિક વ્યક્તિ તરીકે ભાઈ બહેનને અને બહેન ભાઈને પહેરાવે છે, પણ તે માલા વર્તમાનમાં પણ ગુરુમહારાજ મંત્રીને આપે છે ત્યારેજ તે માલા પહેરાવે છે. આગળ કહી ગયા છીએ કે આવી માલાનું પહેરવું જિંદગીમાં એક જ વખત હોય છે,અને તેથી તે માલાને અંગે ઉપધાન વહેનારાઓને ઉત્સાહ હોય છે અને તેવો ઉત્સાહ હોવાથીજ માલા પહેરવાના પહેલે દિવસે માલાનો વરઘોડો ઘણીજ ધામધુમથી ચઢાવવામાં આવે છે, અને તે માલાઓ સોના, રૂપાના કે તેવા ઉત્તમ થાળોમાં પધરાવી અત્યંત કિંમતિ રૂમાલોથી અલંકૃત કરવામાં આવે છે, અને તે માલાના થાળની સાથે અનેક થાળાઓ પકવાન્ન, મિઠાઈ, મેવો વિગેરેથી ભરીને વરઘોડામાં સાથેજ રાખે છે. જેવી રીતે આ નૈવેદ્ય ફળફળાદિ રાખે છે, તેવી જ રીતે મંદિરની પૂજાના ઉપકરણો અને જ્ઞાનના ઉપકરણો પણ વૈભવ અને ઉદારતા ગુણવાલા ભાવિકો સાથે રાખવામાં ચૂકતા નથી, આવી રીતે ધર્મનો ઉદ્યોત અને જૈનશાસનની પ્રભાવના કરવા માટે માળાઓનો વરઘોડો કાઢી સાંજે તે માળાઓ ગુરુમહારાજની આગળ પાટ ઉપર પધરાવે છે, અને તે વખતે સાંજે પણ અધિવાસના તરીકે ગુરુ મહારાજા તે દરેક માળાઓને મંત્રથી પવિત્ર થએલા વાસક્ષેપથી અલંકૃત કરે છે, અને તે જ માલાઓ બીજે દિવસે નંદીની વિધિ કરવા પૂર્વક

ગુરુમહારાજા મંત્રીને પહેરાવનારને આપે છે અને પછી તે પહેરાવનાર અત્યંત હિતૈષી હોઈને ઘણા જ ઉલ્લાસ અને ભાવથી પોતપોતાના સંબંધી એવા ઉપધાન વહનકરનારને પ્રભુજીની સમક્ષ પહેરાવે છે. આ બધી ક્રિયાનું એટલે માલારોપણનું વિધાન શ્રીમહાનિશીથસૂત્રમાં ચોક્ખા શબ્દોમાં કહેલું હોવાથી કોઈપણ શ્રદ્ધાળુ મનુષ્ય તેને માત્ર રૂઢિ તરીકે ગણી શકેજ નહિ.

## માલાનું દ્રવ્ય

ઉપધાનને અંગે ઉપર જણાવેલી પહેરાવવામાં આવતી માળા એ આજકાલની નહિ પણ સેંકડો વર્ષોથી ઘણીજ કિંમતી થાય છે એમ શ્રી વિયજસેનસૂરિજીમહારાજે શ્રીસેનપ્રશ્નમાં માલાના સ્વર્ણ રજતાદિ દ્રવ્યની દેવદ્રવ્ય તરીકે ગણતરી કરીને ચોક્ખા શબ્દથી જણાવેલી છે. આ ઉપરથી આ માલાના પરિધાનને અંગે જે બોલી બોલાય છે અને તેની જે ઉપજ આવે છે તે સર્વ ઠેકાણે દેવદ્રવ્યમાં જાય છે અને તે દેવદ્રવ્યમાંજ જવી યોગ્ય છે. કોઈક તેવા અજાણ કે શ્રદ્ધાની ન્યૂનતાવાળા મનુષ્યે કદાચ આગ્રહને ખાતર કોઈક જગો પર તે માલાની બોલીના દ્રવ્યની વ્યવસ્થા જ્ઞાનખાતાને અંગે કરી, તેમાં પણ તે સ્થાનના અને અન્યસ્થાનના સંઘોએ તથા શાસ્ત્રાનુસારી મુનિમહારાજાઓએ તે કાર્યને અનુચિતજ જાહેર કરેલું છે અને પરંપરાથી સર્વગચ્છવાળા માલાની બોલીના દ્રવ્યને પણ દેવદ્રવ્ય તરીકેજ ગણે છે. આચાર્ય મહારાજ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી શ્રી શ્રાદ્ધવિધિગ્રંથમાં દેવદ્રવ્યવૃદ્ધિના અધિકારમાં ઐન્દ્રી અથવા બીજી પણ માલા દેવદ્રવ્યની વૃદ્ધિને માટે લેવી એમ ચોક્ખા શબ્દો જણાવે છે. તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે ઉપધાનની માલા પણ દેવદ્રવ્યની વૃદ્ધિને માટે ઉત્સર્પણા એટલે ઉછામણી (ચઢાવો-બોલી) કરવાપૂર્વક લેવી જોઈએ, અને તે ઉછામણીનું દ્રવ્ય દેવદ્રવ્યમાંજ જવું જોઈએ. આ ઉપરથી જે લોકો માત્ર કલ્પિતપણે કહે છે કે ઉછામણી એટલે બોલી તે માત્ર કલેશનિવારણને માટે છે, અને શાસ્ત્રોમાં બોલી બોલવાનું કે બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતે લઈ જવાનું વિધાન છે જ નહિ. તેઓએ ઉપર જણાવ્યા પ્રમાણે શ્રાદ્ધવિધિનો માલાસંબંધી તથા ઉત્સર્પણા એટલે ઉછામણીપૂર્વક આરતિ ઉતારી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો લેખ જોવા પરિશ્રમ ઉઠાવવો. કલેશનિવારણ માટે બોલી છે એવું કહેનારે એકજ કુટુંબના અને તે વળી એક જ ઘરના મનુષ્યો પરસ્પર ઉછામણી યાને બોલીમાં વધારો કરે છે તે વાત તથા બોલીની બાબતે જરા પણ આંખમાં કલેશની જરા એવી લાલાશ નહિ આવતાં કેવળ ઉત્સાહનો જ રંગ હોય છે, અને વળી એટલી બધી જૈનસંઘની સ્થિતિ અણસમજભરેલી નથી કે જેથી બોલી સિવાય તેને કલેશ નિવારી શકે નહિ. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે ઉછામણી કરવાનો પાઠ અને બનાવ એકલો સોળમા સૈકાનો છે એમ નહિ, પણ એનાથી પણ ત્રણ સેંકા પહેલાં પેથડશાએ શ્રીગિરનારજી ઉપર છપ્પનધડી સોનાની બોલી કરી ઐન્દ્રીમાલા પહેરેલી છે, અને તે બધું સોનું દેવદ્રવ્ય તરીકેજ ગણાયું છે એ વાત પેથડશાના ચરિત્રને જાણનારાઓથી અજાણી નથી. ખુદ્દકુમારપાળમહારાજની બાબતે પણ શ્રીશત્રુંજય ઉપર દેવદ્રવ્યની વૃદ્ધિ માટે બોલી થએલી છે અને તેનું દ્રવ્ય દેવદ્રવ્ય તરીકેજ ગણાએલું છે, તથા દેવભંડારમાંજ ભગવાનના દાગીનામાં અપાયેલું છે એ વાત પણ કુમારપાળ મહારાજના ચરિત્રને જાણનારાઓથી અજાણી નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ ૮૪)

---

મહેસાણાના ગ્રાહકોને :-

મહેસાણાના ગ્રાહકોએ લવાજમ દોશી વ્રજલાલ ફૂલચંદને આપવું. તંત્રી

---

આ પત્રિકા શ્રી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ નંબર ૪ પ્રસિદ્ધ કર્યું.

ચતુર્થ વર્ષ અંક ૪

Registered No. B.3047




કાર્તિક વદિ ૦))

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૬-૧૧-૧૯૩૫

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦ ૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)


મહેસાણાના ગ્રાહકોને :-
મહેસાણાના ગ્રાહકોએ લવાજમ દોશી વ્રજલાલ ફૂલચંદને આપવું. તંત્રી


આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.





(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોપવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા ।
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥

"આગમોદ્ધારક."


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૪ | મુંબઇ તા. ૨૬-૧૧-૧૯૩૫ મંગળવાર<br>કાર્તિક વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |


# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

નંદીના સંબંધને અંગે ત્રીજા દ્રવ્યભેદના બીજા નોઆગમભેદમાં ત્રીજા વ્યતિરિક્ત નામના ભેદને વિચારતાં દ્રવ્યપૂજામાં જિનેશ્વર ભગવાનના પરહિતરતપણાનેવિચારતાંઆસન્નઉપકારીભગવાન્ મહાવીર મહારાજના નયસારના ભવથી પ્રારંભીને પરહિતરતપણાના ગુણને જોવાં મહારાજા નંદિવર્ધન

અને અન્ય કુટુંબના હિતને માટે ભગવાન્ મહાવીર મહારાજાનું ગૃહસ્થપણામાં રહેવું થયું હતું તે જોઈ ગયા.

**લોકાંતિક દેવોના આસનો ચાલવાનું કારણ**

પૂર્વે જણાવ્યા પ્રમાણે રાજકુમારની અવસ્થાને અંગે અત્યંત ભીષ્મ ગણાય તેવી ભીષ્મપ્રતિજ્ઞા લઈને તે પાળવાપૂર્વક શ્રમણ ભગવાન્ મહાવીર ગૃહસ્થ અવસ્થામાં કેઈ મહિનાઓ સુધી રહ્યા, તેવામાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે પહેલાના મનુષ્યભવમાં અન્ય જીવોના હિતને માટેજ જે તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું, તેના પ્રભાવેજ લોકાંતિક દેવોના આસન ચલાયમાન થયાં.

**મિથ્યાદૃષ્ટિ જીવને સ્વાભાવિક દુઃખવૈરાગ્ય**

સામાન્ય રીતે સમ્યક્ત્વ પામ્યા પછી તે સમ્યક્ત્વવાળો દરેક જીવ સંસારની ચારે ગતિને ભયંકર ગણનારો હોય છે. નારકી અને તિર્યંચની ગતિથી તો દરેક જીવ મિથ્યાત્વી હોય કે સમ્યક્ત્વવાળો હોય તો પણ ભય પામેજ છે, અને તેનાથી દૂર રહેવા તો હંમેશાં તે ઈચ્છા કરે જ છે, પરંતુ મનુષ્યગતિ અને દેવગતિથી પણ ભય પામે એવો વર્ગ તો કેવળ સમ્યગ્દૃષ્ટિનોજ હોય છે. એટલે સામાન્ય રીતે અનાદિકાળથી જેમ આ જીવનો સ્વભાવ દુઃખથી ભય પામવાનો છે, તેમ સામાન્ય રીતે દુઃખના સ્થાનો એવા જે દુર્ગતિના આવાસો તેનાથી ભય પામવાનો હોય છે, પણ જેવી રીતે જીવ દુઃખ અને તેના સ્થાનભૂત દુર્ગતિઓથી ડરે છે, તેવી રીતે તે દુઃખ અને દુર્ગતિના કારણભૂત કર્મોથી તે સામાન્ય રીતે ડરતો નથી. જો આ જીવ જેવો દુઃખ અને દુર્ગતિથી ડરે છે એવો તેના કારણભૂત કર્મોને જાણી, માનીને તેનાથી ડરતો હોય તો આ જીવને આટલા પુદ્ગલપરાવર્તો સુધી રખડવું પડ્યું હોત નહિ, અર્થાત્ કહેવું જોઈએ કે કાર્યથી જેટલો ભય તીવ્ર લાગે, તેટલો તેનાં કારણો સમજીને તે કારણોથી લાગવો જોઈએ, નહિતર તો કાંટાથી મનુષ્ય ડરે અને જાણે કે અજાણે બાવળીઆનું પોષણ કરે તેના જેવોજ થાય, અને અનાદિકાળથી આ જીવને તેમ બન્યું છે અને મિથ્યાદૃષ્ટિ જીવોને તેમ બને છે, અને તેજ કારણથી દુઃખથી કે દુઃખના બાહ્ય કારણોથી હંમેશાં ડગલે ને પગલે વૈરાગ્ય સ્વાભાવિક રીતે આવે છે, પણ તેવા વૈરાગ્યો આત્માને કોઈ પણ જાતનો ગુણ ન કરતાં તેવાં ભયંકર દુઃખોના પરિણામનેજ લાવનારા લૌકિક રીતિએ ગણાતા સુખો તરફ લલચાવનારા અને દોરવનારા થાય છે, અને તેથીજ તેવા દુઃખના કારણોમાં વૈરાગ્યવાળાને શાસ્ત્રકારો આર્ત્તધ્યાનમાં મગ્ન થએલા ગણે છે.

**સમ્યગ્દૃષ્ટિ જીવોને બાહ્ય સુખથી વૈરાગ્ય**

પણ સમ્યગ્દૃષ્ટિ જીવો જેવી રીતે પૌદ્ગલિક અનિષ્ટ સંયોગોને લીધે ભરેલા દુઃખમય દુર્ગતિના સ્થાનોથી વિરક્તપણું ધરાવે, તેવીજ રીતે પૌદ્ગલિક ઈષ્ટ સંયોગોના સ્થાનભૂત મનુષ્યગતિ અને દેવગતિરૂપ સદ્ગતિઓથી પણ વિરક્તપણું ધરાવતોજ હોય, અને તેથીજ શાસ્ત્રકારો સમ્યક્ત્વના લક્ષણને અંગે નિર્વેદ નામનું લક્ષણ જણાવતાં ચારે ગતિથી સમ્યગ્દૃષ્ટિને ઉદ્વેગ હોવો જોઈએ એમ જણાવે છે.

**સંવેગાદિ ચિહ્નો સમ્યક્ત્વ સાથે નિયમિત કે નહિ ?**

જો કે આ નિર્વેદ, સંવેગ વિગેરે લક્ષણ એટલે લિંગો છે અને સમ્યક્ત્વ એ લિંગી એટલે સાધ્ય છે, અને તેથી જેમ ધૂમાડારૂપ લિંગ ન હોય તો પણ અગ્નિરૂપી લિંગી એટલે સાધ્ય હોઈ શકે છે, તેમ નિર્વેદ, સંવેગઆદિ પણ સમ્યક્ત્વના લિંગો હોવાથી તે નિર્વેદ, સંવેગઆદિ ન હોયતો પણ સમ્યક્ત્વ હોઈ શકે અગર નિર્વેદ, સંવેગ માત્રના અભાવ માત્રથી સમ્યક્ત્વનો અભાવ ન કહી શકાય, પણ તે માત્ર સમ્યક્ત્વ થયા પછી જેમ કૃષ્ણઆદિક અશુભ લેશ્યાઓનો ઉદય નિરનુબંધ એટલે પરંપરા

વધારવા વગરનો હોય છે, તેમ નિર્વેદ, સંવેગઆદિનો અભાવ કથંચિત્ નિરનુબંધપણે સમ્યક્ત્વવાળામાં હોય, તો પણ મુખ્યતાએ તો એમ કહી શકીએ કે સંજ્ઞી અને શ્રોતા એવા સમ્યગ્દૃષ્ટિઓને સંવેગ, નિર્વેદઆદિક લિંગોની આવશ્યકતા છે.

### કોઈપણ ગતિ મેળવવાની અભિલાષાનો અભાવ

છતાં તેની આવશ્યકતાને અંગે બે મત માનીએ તો પણ જેમ અગ્નિ હોય ત્યાં ધૂમાડાનો નિયમ નથી એ વાત ખરી, પણ ધૂમાભાવની માફક જલીયત્વ તો અગ્નિની સાથે હોયજ નહિ, તેવી રીતે અહીં દેવ કે મનુષ્યગતિની તેના સુખની અપેક્ષાએ અભિલાષા સમ્યગ્દૃષ્ટિને સાધ્યપણાવાળી હોયજ નહિ.

### ઉત્પન્ન થતા અને ઉત્પન્ન થયેલ સમ્યક્ત્વને અંગે લિંગની સહચારિતાનો વિચાર

અર્થાત્ જ્યાં સુધી પરમપદની અભિલાષારૂપ સંવેગ અને ચારે ગતિથી ઉદ્વિગ્નતારૂપ નિર્વેદ થયા વિના તો સમ્યક્ત્વનો ઉત્પાદ માનવો અસંભવિત છે, જેમ ઉત્પન્ન થએલો અગ્નિ ધૂમાડા વિના રહી શકે છે, પણ ઉત્પન્ન થતો અગ્નિ ધૂમાડા વગર હોતોજ નથી, તેવી રીતે ઉત્પન્ન થએલા સમ્યક્ત્વો નિર્વેદઆદિ લિંગ વગરના હોય, તો પણ ઉત્પન્ન થતા સમ્યક્ત્વમાં નિર્વેદઆદિ લિંગોનો નિયમિત ભાવ હોય એજ યુક્તિસંગત લાગે છે. આ હિસાબે સમ્યગ્દૃષ્ટિ જીવનું સાધ્ય મોક્ષ સિવાય બીજું હોયજ નહિ એ શાસ્ત્રોક્તિ નિશ્ચિતપણે સમજવા જેવી છે.

### સાધ્ય અને પ્રાપ્ય પદાર્થને અંગે

જો કે સમ્યગ્દૃષ્ટિને અર્થ અને કામ પુરુષાર્થો તથા દેવગતિ અને મનુષ્યગતિ રૂપ સંસાર પ્રાપ્ય જરૂર હોઈ શકે છે, પણ તે સાધ્ય તરીકે તો હોઈ શકેજ નહિ, અને તેથીજ અભવ્ય અને મિથ્યાદૃષ્ટિના અનંતી વખત ઉત્કૃષ્ટ ચારિત્રો પણ મોક્ષપ્રાપ્તિની અપેક્ષાએ નિરર્થક ગયાં.

### મોક્ષ સિવાયને સાધ્ય તરીકે ન માનનાર સમકીતિ

આ વસ્તુ ધ્યાનમાં રાખનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે સમ્યગ્દૃષ્ટિ માત્રની અવસ્થાને પામેલો જ્યારે સામાન્ય રીતે ચારે ગતિને પરમાર્થથી છોડવા લાયક ગણે, તો પછી અનાદિ તથાભવ્યતાને લીધે ઉચ્ચતર અદ્વિતીય યોગ્યતાને ધારણ કરનારા એવા ભગવાન્ તીર્થંકર મહારાજના સમ્યગ્દર્શન ધારણ કરવાવાળા જીવો મોક્ષ સિવાય અને કોઈ પણ પદાર્થની આકાંક્ષાવાળા ન હોય અને તેથી પૌદ્ગલિક દુઃખના સ્થાનરૂપ નરકગતિ અને તિર્યંચગતિરૂપી દુર્ગતિથી જેવી રીતે પોતાના આત્માને બચાવવા માગે, તેવીજ રીતે મનુષ્યગતિ અને દેવગતિને પણ કર્મરાજાના પાંજરા તરીકે ગણી તેનાથી હંમેશાં દૂર રહેવા માગે તેમાં આશ્ચર્ય શું?

### કેવલ પોતાના આત્માને બચાવનાર મૂક કેવલીજ થાય.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે કેટલાક વાસ્તવિક સમ્યગ્દર્શનને પામેલા જીવો જેટલો વીર્યઉલ્લાસ પોતાના આત્માને ચાર ગતિથી બચાવવા તે ચારે ગતિના ભ્રમણના કારણભૂત આરંભ, પરિગ્રહ, વિષય અને કષાયને હેયપણે ધારવામાં અને છાંડવામાં વિચારવાળા અને ઉદ્યમવાળા થાય છે, પણ પોતે જે સંસારનું વૃક્ષ રોપીને પુત્રપુત્રીઆદિકરૂપ જે વેલાઓ વધારેલા છે, તેને આરંભ, પરિગ્રહ, વિષય, કષાયનો ત્યાગ કરાવવા માટે કે તે ચારેનો ત્યાગ કરવો તેજ હિતકર છે એવું સમજાવવા માટે ઉલ્લાસવાળા થઈ શકતા નથી, તેવા જીવો પોતાના સમ્યક્ત્વના પ્રભાવે જો કે બીજા ભવે મોક્ષ પણ પામી શકે, તો પણ તે મોક્ષ પામવાના ભવમાં પણ બીજાનો ઉદ્ધાર નહિ

કરનારા એટલે મૂકકવલી અથવા અંતકૃતકવલી થઈનેજ મોક્ષ સાધે છે.

## ગણધરપદને પામનારા જીવોની સ્થિતિ

પણ તેવા મૂક કેવલીના જીવો કરતાં કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો ઘણી શુદ્ધ પરિણતિવાળા હોય છે અને તેથી તેઓ એવા વિચારવાળા હોય છે કે ચંદનાદિ સુગંધી વસ્તુઓ જો પોતાની પાસે આવેલાને પણ સુગંધ અર્પણ ન કરે, તો ખરેખર તેમના ચંદનાદિપણાને લાંછન લાગે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારથી વિરક્ત બનેલો હોય, તે અન્ય જીવોને તો શું પણ પોતાના સંબંધમાં આવનારા માતપિતા, સ્ત્રી, પુત્ર, પુત્રી, ભગિની, વેપારી. આડતિયા, નોકર, ચાકર, મિત્ર, કુટુંબી વિગેરેને જો આરંભ, પરિગ્રહ અને વિષયકષાયના હેયપણાને સમજાવે નહિ કે તેનો ત્યાગ કરાવે નહિ તો ખરેખર તે ઉચ્ચ સમ્યગ્દૃષ્ટિપણાના સમ્યગ્દર્શનને તે શોભતુંજ નથી, માટે મારે આખા જગતને ઉદ્ધરવાનું ન બને તોપણ મારા ઉપર જણાવેલા સમસ્ત સંબંધીઓનો તો ઉદ્ધાર કરવોજ જોઈએ. આવી ભાવનાથી તે મહાપુરુષો ઘણાજ દોરાએલા હોય છે અને આજ ભાવનાનું તત્ત્વ હૃદયમાં ઉતારીશું ત્યારે કૃષ્ણ મહારાજ વિગેરેએ પોતાના કુટુંબ અને સંબંધી મનુષ્યોને આરંભ, પરિગ્રહ અને વિષય, કષાયના ત્યાગ તરફ કેમ દોર્યા, શ્રીઆર્યરક્ષિતસૂરિજી વિગેરેએ પોતાના આખા કુટુંબોને પ્રવ્રજ્યાને માર્ગે કેમ જોડ્યા એ સર્વનું તત્ત્વ મગજમાં ઉતારી શકાશે. આવા સંબંધી તારવાવાળા જીવો ગણધરનામકર્મને બાંધી શકે છે અને તે ગણધરનામકર્મનો ઉદય જે ભવમાં થાય છે, તે ભવમાં તે મહાપુરુષો એટલા બધા ઉત્તમ હોય છે કે માત્ર જિનેશ્વર મહારાજના મુખારવિંદથી પોતે कि तत्त्वम् એમ ત્રણ વખત પ્રદક્ષિણા કરીને ત્રણે વખત પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा, એવા માત્ર ત્રણ પદોથી એટલો બધો ક્ષયોપશમ પ્રાપ્ત કરી લે છે કે જે ક્ષયોપશમથી તે સર્વ ગણધરો ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની થાય છે અને ચૌદ પૂર્વ તથા બાર અંગની રચના કરે છે અને એવી રીતે કરેલી રચનાજ શાસનની પ્રવૃત્તિ સુધી સંખ્યાતા કે અસંખ્યાતા પ્રાણીઓને સંસારસમુદ્રથી તારનારી બને છે, છતાં પણ આ જીવો જો કે પૂર્વે જણાવેલા મૂક કેવલીની અપેક્ષાએ ચઢિયાતા હોઈને ઉત્તમ હોવા છતાં આગળ જણાવીશું તેવા ઉત્તમોત્તમ જીવોની અપેક્ષાએ તો ઉતરતી પંક્તિના હોઈ મધ્યમ પંક્તિમાંજ ગણાય.

## સ્વ, સંબંધી અને અન્યને તારવાની ભાવનાવાળા તીર્થંકરો

પણ આવા ગણધરાદિ ભગવાનના જીવો કરતાં પણ જે જીવો પહેલા ભવમાં પોતાના આત્માને, પોતાના સંબંધવાળા આત્માને અને યાવત્ જગતના સર્વ આત્માઓને આરંભ, પરિગ્રહ અને વિષય, કષાયથી દૂર રહેવાપણું સમજાવનારા અથવા દૂર રાખવાની ભાવનાવાળા જીવોજ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે. જો કે સામાન્ય રીતે શાસ્ત્રકારો વીસસ્થાનકની આરાધનાથી જિનનામકર્મનો બંધ થવાનો જણાવે છે, પણ તેજ વીસસ્થાનકની આરાધના મોક્ષપદને દેવાવાળી છતાં તીર્થંકરનામકર્મને બંધાવનારી તો ત્યારેજ થાય કે પૂર્વે જણાવ્યા પ્રમાણે સ્વ, સંબંધી, અને જગતના સર્વ જીવોના ઉદ્ધારની ભાવનાવાળો તે વીસસ્થાનકને આરાધવાવાળો આત્મા થયો હોય (માત્ર અન્યને તારવાની વાતો કરે, પોતાને તારવાની ભાવના ન રહે, અથવા કુટુંબને તારવા તૈયાર ન થાય પણ ઉલટા વિઘ્ન કરનાર થાય તેઓને કઈ કોટીમાં ગણવા તે જ્ઞાની જાણે.)

## જિનેશ્વરોને વીસસ્થાનકની આરાધના જરૂરી કે જગત્તારણની ભાવના

જો કે તીર્થંકરનામકર્મની નિકાચના તીર્થંકરપણાના ભવથી પાછલા ત્રીજે ભવેજ હોય

છે, તોપણ સ્વ, સંબંધી, અને જગદુદ્ધારની ભાવના કે જે તીર્થંકર પણાનો મૂળ હેતુ છે, તે અનેક ભવોની આરાધનામાં હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી, અને તેજ અપેક્ષાએ ભગવાન્ ભાષ્યકાર મહારાજ भावितभावो भवेष्वनेकेषु એમ કહી ભગવાન્ મહાવીર મહાવીરના જીવને અનેક ભવમાં ઉત્તમ ભાવનાવાળા હતા એમ સ્પષ્ટપણે જણાવે છે. આવી રીતે અનેક ભવોથી સ્વ અને સંબંધી તથા જગતના લોકોના ઉદ્ધારની ભાવનાની પ્રકૃષ્ટતાવાળો જીવ કેટલો બધો ભાગ્યશાળી હોય અને તેનું પુણ્યપરિમાણ પંડિતોના અને પરમાર્થ જ્ઞાનીઓના પણ વચનથી પર હોય તે સમજવું મુશ્કેલ નથી.

## શાસનશબ્દના અર્થનો ખુલાસો

કેટલાક 'સવિ જીવ કરૂં શાસનરસી એસી ભાવદયા મન ઉલ્લસી, એ વાક્યની ઉદ્‌ઘોષણા કરતા અને શાસનપ્રેમીઓનું નામ ધરાવતા લોકો શાસનશબ્દથી માત્ર સંતોષ પામે છે તેઓએ સમજવું જોઈએ કે ત્યાગમયપણાને લીધે નિર્ગ્રંથ પ્રવચન એજ શાસન છે અને આનન્દાદિક શ્રાવકોનાં વૃત્તાંતો જોશે કે પ્રથમજ તેઓને सद्दहामिणं भंते ! निग्गंथ पावयणं पत्तियामि० रोएमि० એ પ્રતિજ્ઞાનો અંતઃકરણપૂર્વક જાહેર કરવી પડે છે અને પછી તેઓ इणमेव निग्गंथे पावयणे अट्ठे १ परमट्ठे २ અને सेसे अणट्ठे ३ એ વિચારવાળા સદાને માટે થાય છે અને તે નિર્ગ્રંથ પ્રવચનને અંગીકાર કરવાની અશક્તિ તેઓ धण्णा णं जे इमे राईसर. વગેરે અન્ય નિર્ગ્રંથ પ્રવચનને આદરનારાઓનું બહુમાન જાહેર કરવાપૂર્વક જણાવી પોતાની શક્તિ મુજબ વ્રતાદિકને ગ્રહણ કરે છે અને પોતાના આશ્રિતોને પણ તત્કાલ તેઓ અંગીકાર કરાવે છે. અર્થાત્ શાસનશબ્દથી કેવલ ધારેલ વાતો ન લેતાં નિર્ગ્રંથતાની રૂચિ કરવી અને આખા જગતને તે નિર્ગ્રંથતાની રૂચિ તથા આચરવા પ્રયત્નશીલ થવું અને કરવા તે અર્થ લેવો.

## લોકાંતિક દેવોની મહત્તા

આ સર્વ હકીકત એટલાજ માટે જણાવી છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ચ્યવનાદિક કલ્યાણકના મહોત્સવને પ્રસંગે તીર્થંકર ભગવાનોની અભિલાષા સિવાય માત્ર તેમના પુણ્ય પ્રતાપે ઇંદ્રાદિકના આસનો કેમ ડોલે છે તેની શંકા થાય નહિ અને જો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ચ્યવનાદિ વખતે જ્યારે ઇંદ્રોના આસનો ડોલે તો પછી પરોપકારને માટે અપાતા સંવચ્છરીદાનની પહેલાં લોકાંતિક દેવતાઓ કે જેઓ બહુધા અનંતર ભવેજ મોક્ષે જનારા છે અને જેઓનો પરંપરાગત રિવાજજ એવો છે કે ત્રિલોકનાથ તીર્થંકરોને ત્રિલોકહિતકારી એવા તીર્થને પ્રવર્તાવવા માટે જરૂર વિનંતિ કરવી. એવાઓના આસનો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પુણ્ય પ્રતાપે ડોલે તેમાં આશ્ચર્યજ શું ? આવા લોકાંતિકોના આસનો ડોલાવવામાં જેનો પુણ્ય પ્રતાપ જાજવલ્યમાન હોય તેવા મહાપુરુષોના આત્માઓ કેવા પરહિતમાં રક્ત હશે તે સમજવું શ્રદ્ધાળુઓને માટે તો ઘણું સહેલું છે.

## લોકાન્તિક દેવોની મહત્તાને અંગે ભગવાન્ ઉમાસ્વાતિ

જો કે લોકાંતિક નામના દેવતાઓ કોઈ પણ દેવલોકના ઇંદ્રપદે નથી, તેમજ ઇંદ્ર જેવી સ્થિતિ, રિદ્ધિ અને સમૃદ્ધિવાળા જે સામાનિકો એટલે ઇંદ્રની સમાન રિદ્ધિવાળા ગણાય છે તેવી સ્થિતિમાં પણ તેઓ નથી, તોપણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જગજ્જીવના ઉદ્ધારને માટે તીર્થ પ્રવર્તાવે તેની અત્યંત લાગણીવાળા હોઈ જૈનશાસનમાં વિશેષતઃ જુદા ઉલ્લેખનું સ્થાન પામેલા છે, અને તેથીજ તેઓ માત્રપાંચમા દેવલોકમાં રહેવાવાળા છતાં તેમનું

વર્ણન ભાષ્યકાર ઉમાસ્વાતિવાચકજી મહારાજે ब्रह्मलोकालया लोकान्तिकाः એ સૂત્ર અને सारस्वतादित्यवह्न्यरूणगर्दतोय तुषिताव्याबाध-मरूतः એમ ભિન્નપણે જણાવી નિર્દેશ કર્યો છે. તત્ત્વાર્થમાં આખો ચોથો અધ્યાય જો કે દેવતાઓનો અને તેના પેટાભેદોનો છે, તોપણ અંતર્ગતભેદને જો કોઈને માટે પણ સ્થાન મળ્યું હોય તો તે માત્ર આ લોકાંતિકોને જ છે.

## તત્ત્વાર્થ ભાષ્યના વિચિત્ર પ્રયોગનો ખુલાસો

વળી તેજ ઉમાસ્વાતિવાચકજી લોકાંતિક દેવતાઓને કેટલા બધા અગ્રપદમાં મેલે છે તે એટલા ઉપરથી સમજાશે કે તેઓજ આ જ તત્ત્વાર્થનું ભાષ્ય કરતાં सेन्द्रैर्लोकान्तिकैर्देवैः એવો વિચિત્ર પ્રયોગ વાપરે છે. આ પ્રયોગને વિચિત્ર એટલા જ માટે કહેવામાં આવે છે કે सह શબ્દના યોગે ગૌણ નામથી તૃતીયા થાય અને इन्द्र તથા लोकान्तिक એ બેમાં ઇન્દ્રો સમગ્ર દેવલોકના માલિક અને લોકાંતિકના પણ માલિક હોઈને મુખ્ય છે, અને લોકાંતિક દેવતાઓ ઈંદ્રની આજ્ઞાને આધીન હોઈ, ઈંદ્ર કરતાં તે ગૌણજ હોય અને તેથી सलोकान्तिकरिन्द्रैः એવો પ્રયોગ બનવો જોઈએ, છતાં લોકાન્તિક દેવતાઓને જે મુખ્ય બનાવવામાં આવ્યા છે, તે મુખ્યતાએ ત્રિલોકનાથ તીર્થંકરોના શાસનપ્રવૃત્તિના કાર્યને આગળ કરનારા હોવાને લીધેજ હોવું જોઈએ.

## જગત સમક્ષ જિનેશ્વરોની આદ્યસ્તુતિ કરનાર લોકાંતિકો

જો કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની આરાધના ઈંદ્ર મહારાજાઓ ચ્યવન દિવસથી કરે છે, પણ તે બધી આરાધનાઓ માત્ર સ્વજાતીય સાક્ષીવાળી હોય છે. નિયમિત રીતે જગતની સાક્ષીથી ભગવાન્ તીર્થંકરોની જો કોઈને પણ લાગલાગટ અભિનંદન અને સ્તુતિ કરવાનો પ્રસંગ મળતો હોય તો તે આ લોકાંતિકોનેજ મળે છે.

## લોકાંતિકની વ્યુત્પત્તિને અંગે

આ દેવતાઓને લોકાંતિક એટલા માટે કહેવામાં આવે છે કે તેઓ સંસારલોકના છેડા ઉપર રહેલા ગણાય છે, અથવા બ્રહ્મલોકરૂપી લોકના સમીપ ભાગમાં રહેલા હોવાથી લોકાંતિક ગણાય છે. (તિર્ચ્છાલોકમાંથી શરૂ થતો જે તમસ્કાય તેનો છેડો પણ તે લોકાંતિકોના વિમાન આગળજ આવે છે.)

## લોકાંતિક દેવોનું નિયમનવાળું સમ્યક્ત્વ

કોઈપણ પ્રકારે તે સારસ્વત વિગેરે દેવતાઓ લોકાંતિક કહેવાય છે, અને તે સર્વ લોકાંતિક દેવતાઓ સર્વ સમ્યગ્દૃષ્ટિ હોય છે અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના જન્માદિકને વખતે અત્યંત આનંદ પામનારા હોઈ અત્યંત નિર્મળ ભાવવાળા હોય છે. તેઓનો તે કલ્યાણક સંબંધી આનંદ એકલો પોતાના કલ્પને લીધે હોય એમ નહિ, પણ જિનેશ્વર મહારાજના ધર્મના બહુમાનને લીધે હોય છે.

## જગત્ તારણની લોકાન્તિક ભાવના

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો ઘણા ભવોથી જગતના જીવોની ઉદ્ધારની ભાવનાવાળા હોય છે, પરન્તુ આ લોકાંતિક દેવતાઓ પણ સંસારના દુઃખથી પીડાએલા પ્રાણીઓની અનુકંપાની અત્યંત લાગણીવાળા હોવાથીજ જિનેશ્વર ભગવાનના જન્માદિક કલ્યાણકોની વખત અત્યંત આનંદ પામે છે, પરંતુ ભગવાન્ તીર્થંકરો જ્યારે જગતના ઉદ્ધારની નીસરણીરૂપ પ્રવ્રજ્યા લેવાનો સંકલ્પ કરે છે, ત્યારે તો તે લોકાંતિક દેવતાઓના મનમાં હર્ષનો પાર રહેતો નથી, તેથી તે વખત ભગવાનની સ્તુતિ કરે છે અને સાક્ષાત્ તીર્થંકરોની પૂજામાં તત્પર થઈ જાય છે. આવી રીતે ધર્મની અત્યંત લાગણી ધરાવનાર નિયમિત સમ્યગ્દર્શન ધારણ કરનાર લોકાંતિક દેવતાઓની દીક્ષા ગ્રહણ કરવા પૂર્વક તીર્થ પ્રવર્તાવવાની વિનંતિ થાય છે.

**જગત્તારણ તીર્થ પ્રવર્તાવવામાં લોકાન્તિકોની લાગણી માટે શ્રીભદ્રબાહુસ્વામી**

એ વિનંતિ માટે ભગવાન ભદ્રબાહુસ્વામીજી પણ સ્પષ્ટ શબ્દોમાં શ્રીકલ્પસૂત્રમાં આવી રીતે લખે છે : जय जय नंदा, जय जय भद्दा, भद्दं ते जय जय खत्तियवरवसहा, बुज्झाहिं भगवं लोगनाह, सयलजगर्जीवहियं पवत्तेहि धम्मतिथ्थं हियसुहनिस्सेयसकरं सव्वलोए सव्वजीवाणं भविस्सइतिकटुं जयजयसद्दं पउंजंति । હે ભગવાન ! જયવંતા વર્તો, હે ભગવાન ! સમૃદ્ધિવાળા થાઓ, હે ભગવાન ! કલ્યાણવાળા થાઓ (હે સમૃદ્ધિવાળા ભગવાન જયવંતા વર્તો, હે કલ્યાણવાળા ભગવાન જયવંતા વર્તો) તમારૂં કલ્યાણ થાઓ, હે ભગવાન લોકનાથ ! તમે ચારિત્ર અંગીકાર કરો અને સકલ જગતના જીવોને હિત કરનાર એવા ધર્મતીર્થને પ્રવર્તાવો, કેમકે સકલ જગતમાં સર્વ જીવોને તમારૂં પ્રવર્તાવેલું ધર્મતીર્થ જ હિત, સુખ અને મોક્ષને કરનારૂં થશે એમ કહી જય જય શબ્દનો ઉદ્દઘોષ કરે છે. આવી રીતે લોકાંતિકોએ કરાતી સ્તુતિ અને પ્રેરણા થયા પછી ભગવાન સંવચ્છરીદાન પ્રવર્તાવે છે.

**લોકાંતિક વિનંતિ અને દાનનું પૂર્વાપરપણું છે ?**

જો કેટલીક જગો પર સંવચ્છરીદાન પછી પણ લોકાંતિકની આ હકીકત થઈ એમ જણાવામાં આવે છે, અને તેથી કેટલાક આચાર્યો લોકાંતિકોનું સંવચ્છરી દાન પછી આવવું કે પહેલાં આવવું થાય છે એમ વૈકલ્પિક રીતે નિર્ણય આપે છે. જો તે જગો પર લોકાંતિકોનું સંવચ્છરીદાનના અને દીક્ષાના આરંભમાં એમ બંને વખત આવવું મનાય તો કંઈ અડચણ જેવું લાગતું નથી. આચાર્યોએ આપેલું સમાધાન માત્ર વર્ણનના દ્વારોને અંગે જ ઉપયોગ હોય તો કાંઈ અડચણ જેવું નથી.

ભગવાન ભદ્રબાહુસ્વામીજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ભગવાન મહાવીર મહારાજાને જો કે પહેલેથી દીક્ષાના સમયને જાણી શકે તેવું જ્ઞાન હતું. પણ આ લોકાંતિકની વિનંતી થયા પછી પોતાના દીક્ષાના કાળને જાણવાને માટે અવધિજ્ઞાનો ઉપયોગ મેલ્યો અને તે ઉપયોગથી દીક્ષાકાળ નજીક જણાયો અને સંવચ્છરીદાન પ્રવર્તાવ્યું. આ બધી હકીકત જણાવવાનું કારણ એટલું જ કે ત્રિલોકનાથ તીર્થંકરની પરોપકારનિરતપણાની પરાકાષ્ટાને અંગે એટલું બધું માહાત્મ્ય છે કે જેને અંગે ઉપર જણાવેલી લોકાંતિક દેવતાઓ સંબંધી હકીકત બનવા પામી છે.

હવે ભગવાન તીર્થંકરો સંવચ્છરીદાનથી કેવી રીતે પરોપકારનિરત સિદ્ધ થાય છે તે જણાવીશું.

(અનુસંધાન માટે જુઓ પેજ-૯૭)


## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

૧. આગમોદ્ધારક ૧-૮-૦

૨. સિદ્ધચક્રમાહાત્મ્ય ૧-૦-૦

૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ ૫-૦-૦

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચાર સમિતિ.

C/o.૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩




## દીવાળી માહાત્મ્ય યાને આઠ સ્વપ્નનો સ્ફોટ

(ગતાંકથી ચાલુ)

શ્રીપાળ મહારાજાના ચરિત્રમાં જોશો તો ત્યાં પણ જ્યોતિષ શાસ્ત્રની એવીજ મહત્તા તમારી દૃષ્ટિએ પડશે. શ્રીપાળમહારાજાને ઝાડ નીચે ફલાણે સ્થળે અમુક માણસજ મળશે એવું ભવિષ્ય જણાવવામાં આવ્યું છે ભદ્રગુપ્તસ્વામીના સંબંધમાં એક સ્થળે ભવિષ્ય દર્શાવતાં ૫૨ (બાવન) પળો નહિ પરંતુ ૫૧½ પળવાળો મત્સ્ય જણાવવામાં આવ્યો છે. જ્યાં અરધી પળનો પણ હિસાબ રાખવામાં આવ્યો છે ત્યાં જ્યોતિષ વિદ્યાનો કેવો ચમત્કાર હશે અને તે કેવી ખીલેલી હશે તેની સહજ કલ્પના થવા પામે છે હવે આજે આપણી સ્થિતિ એ છે કે આપણી પાસે સાચું જ્યોતિષ રહ્યું નથી. જો સંપૂર્ણ જ્યોતિષદ્વારા ભવિષ્ય જાણીને જ કાર્યો કરવા પ્રવૃત્તિ લઈએ તો પછી ધર્મનું કાર્ય રહેવા પામતું નથી એટલા જ માટે જુઠું જ્યોતિષ જાણીને તે આપણે વ્યવહારમાં લેવાનું રાખ્યું છે. પ્રાચીન કાળમાં એવું હતું કે અધિક માસ તરીકે પોષ અને અષાઢ બેજ મહીનાઓ વધતા હતા પાંચ વડે ભાગવાથી જો ત્રણ વધતા હતા તો પોષ માસ વધેલો છે. એમ માનવામાં આવતું હતું. પ્રાચીન સમયનો ઈતિહાસ સાક્ષી પુરે છે કે તે કાળે રાજ્યનો નિયમ પણ તેવા પ્રકારનો હતો અને જૈનશાસનની માન્યતા પણ એજ પ્રકારની હતી. જૈનશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો પોષ અને આષાઢ એ બેજ મહીનોને વધારાના મહિના તરીકે માનવા પડે છે અને તેમ ન માનીએ તો જ્યોતિષ ખોટું ઠરે છે ! હવે વ્યવહારમાં જુઓ. વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે દરેક ત્રીજે વરસે કોઈ બીજા જ મહીનાઓ વધેલા જોવામાં આવે છે. જૈનટીપણું આજે અસ્તિત્વમાં નથી તેથી જ અન્ય દર્શનીઓના પંચાંગો આપણે આજે વ્યવહારમાં લઈએ છીએ અને તે દ્વારા વ્યવહાર ચાલે છે અહીં લૌકિક ટીપનાનો જરાક ઈતિહાસ જોઈ લો. આશરે છસો સાતસો વર્ષ પહેલાં જૈન શાસનમાં ખરતર ગચ્છનો ભેદ ન હતો. ખરતર

ગચ્છનો ભેદ આશરે છસો-સાતસો વર્ષથી પડયો છે અને ત્યારથી જ આ લૌકિક ટીપણાો જૈનોએ વ્યવહારમાં વાપરવા માંડ્યા છે વ્યવહાર માટે જૈનટીપણા પ્રમાણે બે શ્રાવણ કે ભાદરવા ન હોત તો તકરાર ન થાત. ખરતર ગચ્છનો ભેદ પડયો ત્યારથી લૌકિક ટીપણું છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજી મહારાજ જ્યોતિષ શાસ્ત્રને પૂર્ણપણે જાણતા હતા. ઈતિહાસ શિખનારાઓને યાદ હશે કે પરમાર્હત કુમારપાળ જે ગુજરાતનો મહાન્ જૈન રાજા હતો તેને ગાદી મળવાના અને બીજા ભવિષ્યો આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિજીએ જ જાણ્યા હતા અને તે સઘળા પૂર્ણરૂપે સાચા પડયા હતા, છતાં ભગવાન હેમચંદ્રમહારાજે જગતની દુરૂપયોગ કરનારી સ્થિતિને પારખી લઈને જ્યોતિષ વિદ્યાનો પ્રચાર કર્યો ન હતો.

## પ્રધાને સૂચવેલો સુમાર્ગ

હવે જરા પેલી આગલીવાતનું તમોને સ્મરણ કરાવવાનું છે. પૂર્ણ રાજાના દરબારમાં જ્યોતિષીએ કહ્યું હતું કે એક માસ પછી ભયંકર વરસાદ થશે અને તેનું પાણી જેમના પીવામાં આવશે તેઓ ગાંડા બની જશે. એજ જ્યોતિષીએ આગળ ચાલતાં જણાવ્યું હતું કે કેટલાક કાળ પછી વળી પર્જન્યની સારી વૃષ્ટિ થશે અને તે જળ લોકો પી જશે એટલે તરત જ ગાંડા બનેલા લોકો પાછા પૂર્વવત ડાહ્યા બની જશે. જ્યોતિષીનું આવું ભવિષ્ય પેલા રાજા અને તેનો પ્રધાન બંનેએ સાંભળી લીધું. પ્રધાન મહા બુદ્ધિશાળી હતો. રાજા કરતાં પ્રધાન વધારે બુદ્ધિશીલ હોય છે એ તો સામાન્ય વાત છે. વારંવાર આપણે રાજ્યવ્યવહારમાં એજ ઘટના જોઈ છે કે રાજાની અનેક ભૂલો થતી હોય તો પણ તે ભૂલો સુદ્ધાં વજીરો સુધારી લે છે. એજ પ્રમાણે આ ડાહ્યા પ્રધાને રાજાને કહ્યું કે તમે લોકોને એવી આજ્ઞા કરી દો કે એક મહિના પછી જે પર્જન્ય વૃષ્ટિ થાય છે તેનું જળ કોઈએ પીવાનું નથી. એ જળ પીધાથી ઉન્માદ થશે માટે લોકોએ હાલના સારા જળનો એકદમ મોટા પ્રમાણમાં સંગ્રહ કરી લેવાનો છે. રાજાની આજ્ઞા લોકોએ તરત જ માની લીધી, અને તેમણે યથાકાળે જે વરસાદ વરસે તે વરસાદનું જળ પીવું ન પડે તે માટે સારૂં જળ પાત્રોમાં ભરી લીધું અને કુવૃષ્ટિનો છાંટો પણ પીવાના કાર્યમાં લીધો નહિ.

## જૈનરાજનીતિની અજબ મહત્તા

જે જળથી ગાંડા થવાનું એવું ભવિષ્ય જણાવવામાં આવ્યું હતું તે જળ પીવું ન પડે એટલા માટે લોકોએ સંગ્રહી લીધું હતું પરંતુ આગળ જતાં એવું થયું કે સંગ્રહેલું પાણી ખુટી ગયું. રાજા અને પ્રધાને સારા પાણીનો સંગ્રહ પુષ્કળ કરી રાખેલો હતો એટલે તેમને પાણીની તાણ ભાસે એમ ન હતું પરંતુ બીજા સામંતો, સરદારો એમણે વીસ, પચ્ચીસ દહાડાના જેટલો પાણીનો સંગ્રહ કરી રાખ્યો હતો અને સામાન્ય પ્રજાએ તો દશ બાર દિવસનું જળ સંગ્રહી રાખેલુ પાણી ખુટતું ગયું તેમ તેમ તેઓ નવું પાણી પીતા ગયા ! પરિણામ એ આવ્યું કે પહેલાં પ્રજા ગાંડી થઈ, પછી સામંતો ગાંડા થયા અને છેવટે તેઓ બધા ગાંડાઘેલા ચાળા કરવા લાગ્યા, નાચવા લાગ્યા અને તોફાન મચાવવા લાગી ગયા ! આખા રાજની દશા જુઓ તો અત્યંત કરૂણ બનેલી છે! પ્રજા ગાંડી છે ! સરદારો, સેનાપતિઓ ગાંડાતુર બનેલા છે ! બધા નાચકુદ કરે છે, ગમે તેવા ચાળા ચસકા કરે છે અને નગરની દશા શોકપાત્ર બની રહી છે. હવે દશા એવી આવી પહોંચે છે કે સુકા સાથે લીલું બળી જવાનો પણ પ્રસંગ આવી લાગ્યો છે. બધા લોકો ગાંડા થયા છે. પુરેપૂરું મૂર્ખારાજ પ્રવર્તે છે, માત્ર રાજા અને પ્રધાન બેજ ડાહ્યા છે!

દરબારીઓ નાચે છે, કુદે છે, ગાયનો ગાય છે અને ઉન્માદવાળાઓના જેવા તોફાનો પણ કરે છે અને તે છતાં પોતાને ડાહ્યા માને છે અને રાજા તથા પ્રધાન એવો ઉન્માદ નથી દર્શાવતા તેમને ગાંડા માને છે! હવે આ ગાંડપણનો ઉન્માદ જેને વરેલો છે એવું મૂર્ખમંડળ પોતાને ડાહ્યાઓનો સંઘ માની લે છે અને ઠાવકા થઈને વિચાર કરે છે, આપણે ડાહ્યા, આપણું રાજતંત્ર ડાહ્યું અને ત્યાં આવો ગાંડો રાજા અને ગાંડો વઝીર તે શા કામના છે ? એટલા માટે આ ગાંડા રાજા વઝીરને દૂર કરી આપણે ડાહ્યો રાજા અને વઝીર આપણા જેવા જ ડાહ્યા હોય એવા રાજા અને વઝીરને તેમને સ્થાને સ્થાપવાની જરૂર છે." મૂર્ખમંડળના આવા વિચારના રાજના પ્રધાનને ખબર પડી. પ્રધાન બીચારો ઉતાવળો ઉતાવળો રાજા પાસે ગયો, અને રાજને કહે છે કે : "મહારાજા ! આ તો ગજબ થયો છે, ચોર કોટવાલને દંડતો હોય તેમ લાગે છે. બધાઓ જે પોતાને ડાહ્યા સમજે છે અને તમને અને મને બેને મૂર્ખાઓ માની આપણને ગાદીએથી ઉઠાડી મૂકીવાની યોજના ઘડે છે. પ્રધાનના આ વચનો સાંભળીને રાજા ગભરાયો. રાજનીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, ગુન્હો ભલે ગમે તેવો ભયંકર હોય પરંતુ એક જ જાતનો ગુન્હો કરનારા સો મનુષ્યો એકી સાથે નીકળી આવે તો તેમને દંડ ન કરવો અને હજાર ગુન્હેગારો હોય તો તેમને દેહાંતની શિક્ષા ન કરેલી પરંતુ આટલી મોટી સંખ્યામાં માણસોએ જો ગુન્હાઓ કર્યા છે તો ગુન્હો શા માટે થયો છે તેનું કારણ શોધી કાઢીને તે કારણનું જ નિવારણ કરી નાખવું એ રાજનીતિ છે ! જ્યાં સો કે હજાર માણસોનો ગુન્હા સાથે સંબંધ હોય ત્યાં શિક્ષા ન કરવાનો આદેશ છે ત્યારે અહીં તો આખું ગામ ગાંડાતુર બની ગએલું છે અને રાજદ્રોહનો વિચાર કરે છે તો તેને શિક્ષા શી રીતે કરી શકાય, એવા વિચારે રાજા અત્યંત શોકમાં પડે છે. રાજાને એવો વિચાર થાય છે કે જો પોતે આખા શહેરને શિક્ષા કરવા જાય છે તો સંભવ છે કે કદાચ પોતાનો પણ વધ થઈ જાય અને જો તેમ નથી કરતો તો એ વાત પણ તેટલી જ સંભવિત છે કે જનતા પોતાને રાજગાદી ઉપરથી હાંકી કાઢવા પણ તત્પર થએલી છે ! હવે ઉપાય શો કરવો ?

### બહાનું ક્યાં ચાલી શકે ?

રાજા પ્રજાજનોને દંડ અથવા સજા આપવા જાય છે તો સંભવિત છે કે રાજાનો પોતાનો જ વધ થવાનો પ્રસંગ આવે છે. રાજાની આત્મરક્ષાનો પ્રસંગ હવે રહેવા પામ્યો નથી. "જેમ ચાલે છે તેમ ચાલવા દો" એવું કહીને સ્થિર રહેવાનો પણ આ પ્રસંગ નથી. રાજાનું રાજત્વ આ પ્રસંગે નિર્ભય નથી. આત્મરક્ષાની ખરેખરી મુશ્કેલીનો આ પ્રસંગ છે. જે સ્થળે વૃંદ જ રાજા હોય એટલે ટોળામાંથી પસંદ કરાએલો રાજા હોય,, ત્યાં આગળ લોકોની પંસદગીનો જે રાજા હોય તેજ રાજા ગણાય છે. લોકો જેને રાજા નથી માનતા તેને તેઓ ધક્કો મારીને ઉઠાડી મૂકી શકે છે. જ્યાં આવી સ્થિતિ હોય, પ્રાણ જોખમમાં હોય, જીવતા રહી શકાવાનો સંભવ જ ન હોય ત્યાં કુવૃષ્ટિનું દૃષ્ટાંત દેવું એ ઉચિત છે. વ્યવહારની સ્થિતિમાં આવા સંયોગોમાં જોઈએ તો રાજા એ રાજા નથી, પરંતુ જનસમુદાયનું ટોળું એજ રાજા છે. જીવન પર આવી પડેલી આપત્તિના આ પ્રસંગનું બહાનું કરીને રાજા અને મંત્રી કૃત્રિમ ઉન્માદ ધારણ કરે છે. પરિસ્થિતિને બહના તરીકે ક્યાં આગળ ધરવામાં આવી છે તેનો શાંત ચિત્તે વિચાર કરજો. જ્યાં પોતાની નબળાઈ હોય ત્યાં પરિસ્થિતિનું બહાનું આગળ કરે દહાડો વળતો નથી એ પ્રસંગે પરિસ્થિતિનું બહાનું આગળ કરીએ તો

તે જરાય ઉચિત નથી. જ્યાં પોતાની નબળાઈ ન હોય, સામાનો જ પૂર્ણ રીતે દોષ હોય અને જ્યાં આત્મ નાશ થવાનો જ પ્રસંગ હોય, તેવેજ પ્રસંગે પરિસ્થિતિનું બહાનું આગળ કરી શકાય છે. આ પ્રસંગે મંત્રી, રાજાને ઉપાય બતાવે છે કે :-

**હેતુ માત્ર આત્મકલ્યાણ અને શાસનોદ્ધારનો જ છે.**

પ્રસંગ વિકટ છે, માટે જો આ પરિસ્થિતિમાં બચી જવું હોય તો તેનો એકજ માર્ગ છે કે આપણે પણ ગાંડાની માફક કૃત્રિમ ઉન્માદવશ બની જવું અને ગાંડાના ખોટેખોટા ચાળા કરી ગાંડામાં જ ખપી જવું ! એજ વસ્તુ હાલ સમયોચિત છે. રાજા અને મંત્રી કૃત્રિમ ઉન્માદધારી બની ગયા. તેઓ પણ નાચવા કુદવા અને ધમાધમી કરવા મંડી પડયા ! આ રીતિએ કૃત્રિમ ગાંડપણ ધારણ કરીને પણ રાજાએ પોતાની સંપત્તિની સુરક્ષા કરી લીધી હતી. પછી સારો વરસાદ થયો અને જનતાએ જ્યારે તે વરસાદનું જળ પીવાના કામમાં લીધું ત્યારે તેનો ઉન્માદ શાંત થયો, અને દેશનો વ્યવહાર પાછો પૂર્વવત્ ચાલવા લાગ્યો. આ દૃષ્ટાંત પરથી આપણે વિચારવાનું શું છે તે જોઈએ. આપણે કુવૃષ્ટિનું બહાનું કાઢીએ છીએ પરંતુ રાજાએ જેમ ઉન્માદ ધારણ કરી પોતાની સંપત્તિની રક્ષા કરી હતી તેવી શાસનની રક્ષા આપણે કરતા નથી. ગાંડાના જુથને જોઈ પરિસ્થિતિ વિચારી રાજા અને વજીર જેમ ગાંડા બની ગયા હતા તેજ રીતે ગીતાર્થ આચાર્યો પણ વેષધારીઓ જેવા જ થઈ રહેશે પણ જેમ સુસ્થિતિ આવતાં રાજા અને વજીર ડાહ્યા બની ગયા હતા તે રીતિએ ગીતાર્થો પણ શાસનોન્નતિનો સમય ક્યારે આવે છે એવી ઈચ્છાથી જ તેવા બની રહેશે અને એમ બની રહેવામાં તેમનો હેતુ આત્મકલ્યાણ એ શાસનોદ્ધારનો જ હશે. રાજા અને વજીર કૃત્રિમ ગાંડપણ ધારણ કરે છે અને કૃત્રિમ ગાંડપણનો ઢોંગ કરે છે, પરંતુ તે સઘળું કરવામાં તેમનો હેતુ તો પોતાના રાજત્વના અને પોતાની સંપત્તિની રક્ષા કરવાનો જ છે, તેજ રીતિએ આચાર્યો, વેષધારીઓથી સમાન થઈ રહેશે તેમાં પણ તેમનો હેતુ તો આત્મરક્ષા કરવાનો છે. આવી રીતે ભગવાન મહાવીરસ્વામીએ આપેલી દેશનામાં પૂર્ણપાળ રાજાને આવેલા આઠ સ્વપ્નાનું ફળ આ રીતે શાસનના ભવિષ્ય તરીકે શાસ્ત્રકાર મહારાજાઓએ જણાવેલું છે.

# ઉપધાનની તપસ્યા

(ગતાંકથી ચાલુ)

આ ઉપરથી બીજી એક વાત એ પણ સમજવાની છે કે શ્રીસિદ્ધાચલજી ઉપર બોલીનું જે દ્રવ્ય થતું હતું તે સંપૂર્ણ તીર્થરાજના ભંડારમાં જ જતું હતું. અને તેથી વર્તમાનમાં એની બોલીનું કે બીજું જે કાંઈપણ દેવદ્રવ્ય આવે છે તેમાંથી કોઈને કંઈ પણ આપનારો મનુષ્ય ચોકખો દેવદ્રવ્યનો નાશ કરનારો જ ગણાય. એ પણ યાદ રાખવાની જરૂર છે કે શ્રીસંઘ પચીસમા તીર્થંકર તરીકે ગણાય છે પણ તેને દેવદ્રવ્યની માલિકી મળેલી હોય નહિ. શ્રીસંઘને તો માત્ર દેવદ્રવ્યની યોગ્ય વ્યવસ્થા કરવાનો જ હક્ક છે, અને તેથી જ યોગ્ય વ્યવસ્થા નહિ કરનારો આખો સંઘ પણ અમુક ગામમાં દૂષિત થયો એવો શ્રાદ્ધવિધિશાસ્ત્રનો ચોકખો લેખ છે, માટે દેવદ્રવ્યવૃદ્ધિઓની બોલીઓમાં કલ્પનાના સામ્રાજ્યને સર્જવાવાળાઓ દેવદ્રવ્યના કેવી રીતે ભક્ષક બને છે તે સમજવું મુશ્કેલ નથી. જે ચૈત્યની અંદર શ્રાવકે ઘરના સર્વ વ્યાપાર છોડીને નિસીહિ કહીને પેસવાનું છે તે મંદિરમાં શ્રાવકો પોતાને માટે કેમ દ્રવ્ય મેળવી શકે ? તેમજ વળી ભગવાનને ઉદ્દેશીને થયેલી બોલીઓથી દેવદ્રવ્ય સિવાય બીજું કોઈપણ ક્ષેત્ર પોષાય કે તેને પોષવા માટે તે દ્રવ્ય લઈ જવાય તે દુનિયાદારીની દૃષ્ટિએ પણ ધાડ પાડવા જેવું જ ગણાય. આ બોલીનો રિવાજ ઘણો પ્રાચીન યાવત્ દિગંબરના ભિન્ન પડવા પહેલાનો હોવો જોઈએ, કેમકે જો એમ ન હોત તો પેથડશાની વખત એ ઐન્દ્રીમાલાની બોલીમાં વૃદ્ધિ કરનારાને તીર્થ સોંપવું એવો ચુકાદો દિગંબરોએ પણ જે અંગીકાર કર્યો છે તે કરત નહિ. ભગવાન હરિભદ્રસૂરિજીએ સંબોધ પ્રકરણની અંદર દેવદ્રવ્યના ચરિત અને નિર્માલ્ય વિભાગની સાથે કલ્પિત નામનો જે દેવદ્રવ્યનો વિભાગ જણાવ્યો છે, તે પણ ખરેખર બોલીની જ બોલબાલા છે. આ ઉપધાનની માળા પણ ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાની રૂબરૂમાં અને ગુરુમહારાજની મારફત પહેરાવતી હોવાથી તેનું દ્રવ્ય દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જ હોય એમ દાર્શનિક પુરાવાને માનનારો પણ જરૂર કહી શકે. જો કે સાધારણ દ્રવ્યની વૃદ્ધિ કે રક્ષા ઓછી જરૂરઆતવાળી છે એમ કહી શકાય નહિ અને તેમ છે પણ નહિ, પણ દેવદ્રવ્યની આવકને તોડીને સાધારણખાતામાં લઈ જવું તે તો કોઈપણ ભવભીરૂને યોગ્ય લાગે જ નહિ. મુખ્યત્વે તો સાધારણ ખાતાનું દ્રવ્ય ઋદ્ધિમાનોએ સ્વતંત્રપણે એકઠું કરેલું હોવું જોઈએ એવો શાસ્ત્રીય સ્પષ્ટ લેખ છે, છતાં કલેશ મટાડવા માટે બોલી છે અને તેથી શ્રીસંઘ તે બોલીનું દ્રવ્ય જે ક્ષેત્રમાં લઈ જવા માગે ત્યાં લઈ જઈ શકાય એવા સડેલા સમયધર્મના ગપગોળાને ગણકારવા શાસનપ્રેમીઓ તૈયાર થયા નથી, થતા નથી, અને થશે પણ નહિ. શાસનપ્રેમીઓનું હંમેશાં સદ્‌ભાગ્ય જાગતું છે કે જેથી તેઓ સળેલા સમયધર્માના ગપગોળાને આધીન થતા નથી પણ ત્રિકાલાબાધિત પરમાત્માના શાસનના સર્જાએલા શાસ્ત્રોને જ સ્વીકારે છે.

**ઉપધાનવહનનું શાસ્ત્ર અને પરંપરા સંમતપણું, જ્ઞાનાચારમાં જ્ઞાનશબ્દથી શ્રુતજ્ઞાન**

જૈનશાસ્ત્રને સમજનારી જનતા એટલું તો સારી રીતે જાણે છે કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં જણાવેલા પંચાચારોમાં અગ્રપદે જ્ઞાનાચારજ છે. જો કે જ્ઞાનનો આચાર તે જ્ઞાનાચાર એવી રીતે વ્યાખ્યા અને કલ્પનાથી નિરપેક્ષ રહેવાવાળા વ્યાખ્યાકારોની અપેક્ષાએ તો આ જ્ઞાનાચાર પાંચે પ્રકારનું છે. જે જ્ઞાન તેના આચારરૂપ હોવો જોઈએ, અને તેવું માનવાની ધૃષ્ટતા કરીએ તો મતિ, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનને લેવામાં પણ કાલાકાલની દરકાર રાખવી જોઈએ, અર્થાત્ અકાલે મતિ વિગેરેના પણ ઉપયોગો અને પ્રયોગો ન હોવા જોઈએ, તથા તેના પણ વિનય, બહુમાન, ઉપધાન અને અનિહ્નવ આચારો હોવા જોઈએ, છતાં વ્યંજન અર્થ અને તદુભયનો અનપલાપ એટલે નહિ ઓળવવું તો સ્વપ્રકાશક એવા મતિજ્ઞાનાદિકને અંગે લાગુ થઈ શકેજ નહિ, અને તેથી સ્પષ્ટ રીતે એમ માનવું જોઈએ કે આ કાલ, વિનય, બહુમાન વિગેરે આઠ પ્રકારનો આચાર ફક્ત શ્રુતજ્ઞાનને ઉદ્દેશીનેજ છે, અને તેથીજ સૂત્રોની નંદીસૂત્ર અને સમવાયાંગમાં જણાવેલી નોંધમાં તથા દરેક સૂત્રને અંતે તે તે સૂત્રોના ઉદ્દેશાદિકના કાલો જણાવેલા છે, અને અનુયોગદ્વાર વિગેરે શાસ્ત્રોમાં સૂત્રાદિના ઉદ્દેશ, સમુદ્દેશ કરવાને દિવસે આયંબિલઆદિ તપસ્યા કરવાનું પણ સ્પષ્ટપણે વિધાનજ છે.

**પઠન અને શ્રવણ બંનેને માટે યોગની જરૂર**

નિશીથભાષ્યની ચૂર્ણિમાં આ જ્ઞાનાચારનું વર્ણન કરતાં તો સૂત્રોના એકલા પઠનને માટેજ નહિ, પણ તે સૂત્રોના શ્રવણને માટે પણ યોગ-ઉપધાનની જરૂર જણાવેલી છે. દશવૈકાલિક સૂત્રના નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે પણ **काले विनये.** એ ગાથા જણાવી સર્વશ્રુતજ્ઞાનને માટે ઉપધાન એટલે યોગની જરૂરીઆત જણાવેલી છે.

**અભ્યાસ થઇ ગયા છતાં યોગઉપધાનની જરૂર.**

એ સર્વ હકીકત વિચારતાં જિનેશ્વર મહારાજના શાસનમાં સૂત્ર તરીકે પ્રસિદ્ધિ પામેલું કોઈ પણ શાસ્ત્ર વગર યોગ-ઉપધાને ભણી કે સાંભળી શકાયજ નહિ અને તેથીજ ચૂર્ણિકાર મહારાજા વિગેરે વગર ઉપધાને એટલે યોગે સૂત્રોને ભણનાર, વાંચનાર તથા સાંભળનારને અનાચારવાળો ગણી પ્રતિદિન પ્રાયશ્ચિત્તનો ભાગી થાય એમ જણાવે છે, અને આ વાત શ્રીવજ્રસ્વામી સરખા પદાનુસારી જેઓ ઘોડિયામાંજ અગીઆર અંગનો અભ્યાસ માત્ર સાધ્વીના મુખથીજ સાંભળીને કરી શક્યા હતા, તેમને પણ ઉદ્દેશાદિક વિધિથી તે સૂત્ર નહિ લીધેલું હોવાથી આચાર્ય મહારાજે વાચનાચાર્યપણામાં એટલે બીજાઓને વાચના દેવામાં અનધિકારી જણાવ્યા, એ વાત જાણનારા સુજ્ઞો સહેજે સમજી શકે તેમ છે. આ શ્રીવજ્રસ્વામીની હકીકતથી જે કોઈ પણ વર્તમાનકાળમાં અભ્યાસ થયા પછી યોગની શી જરૂર છે એમ ધારતા હોય, તેઓએ યોગ વહેવાને માટે ધડો લેવાની જરૂર છે. જેઓ યોગ વહેવા પ્હેલાં અભ્યાસનો નિયમ આગલ ધરે અને અભ્યાસ કરી શાસ્ત્રના પારગામિપણામાં ખપવા લાગ્યા ત્યારે યોગ કરવામાં ઉણપ સમજ્યા છતાં જેઓ યોગ ન કરે તેઓની શી ગતિ થાય તે તો જ્ઞાની જાણે. જો કે ભગવાનના વજ્રસ્વામીજીને પછી થી ઉત્સારકલ્પ કરીને વિધાન કરાવવામાં આવ્યું હતું, પણ વર્તમાનકાળમાં તે ઉત્સારકલ્પનું વિધાન કરવાની શાસ્ત્રકારોની મનાઈ છે એ ચોકખુંજ છે.

**યોગની સાથેજ અભ્યાસનો નિયમ ખરો કે?**

વળી કેટલાક યોગની શ્રદ્ધા નહિ હોવાથી કહે કે યોગમાં કરવાં પડતાં આયંબિલો અને ક્રિયાના

અનુષ્ઠાનોના ડરથી કહો, ચાહે તે કારણથી હો, પણ જેઓ એવી પ્રરૂપણા કરે છે કે સૂત્ર અધ્યયન થાય ત્યાં સુધીજ અખંડપણે આયંબિલ કરીને જોગ કરવા જ જોઈએ. આ તેઓનું કથન પોતે સૂત્રોના તેવી રીતે સૂત્ર ન આવડે ત્યાં સુધી આયંબિલ કરવા માગે છે અગર કરે છે તે માટે નથી, કારણ કે તેઓએ તે રીતે વડીદીક્ષાના કે તે સિવાયના જોગો કર્યા કરાવ્યા નથી, એટલુંજ નહિ પણ સૂત્ર ભણ્યા પછી પણ તે તે યોગો કર્યા નથી, પણ માત્ર જે બીજા સાધુઓ યોગવહન કરે છે, તેની નિંદા કરવી અને પોતે યોગ વગરજ વાંચે અને પદવીઓ લે અને વડી દીક્ષા આપે તો પણ શાસ્ત્રાનુસારી ઠરવું એજ તેમનો મુદ્દો સ્પષ્ટપણે તરી આવે છે, પણ તેઓએ એટલો પણ વિચાર નથી કર્યો કે ઉદ્દેશ વિધિ થયા સિવાય જે સૂત્રોનું વાચન કરે અને તેમ કરવું માને તે જિનેશ્વરની આજ્ઞાથી સાપેક્ષ નથી.

### અનુયોગની પહેલાંજ ઉદ્દેશાદિ.

વળી અર્થ કે જેને અનુયોગ કહેવામાં આવે છે, તેના તો કોઈ યોગ નિયમિત છેજ નહી, અને તે અનુયોગ એટલે અર્થ ભગવાન્ હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા થયા પછીજ હોય, અર્થાત્ કોઈપણ સૂત્રની વ્યાખ્યા તેના ઉદ્દેશાદિ વિધિ થયા સિવાય થઈ શકેજ નહિ. આ હકીકત વિચારનારો શ્રદ્ધાળુ મનુષ્ય સહેજે માનશે કે યોગવહન કર્યા સિવાય શાસ્ત્રવાચનનું કરવું કે માનવું એ શાસ્ત્રાનુસારીઓને શોભતું નથી, માટે ખરી રીતે તો તેમની રીતિ પ્રમાણે યોગ ન થઈ શકે તો શાસ્ત્રનું વાચનજ બંધ કરવું જોઈતું હતું. જો કે આ લખાણનો એ અર્થ તો નથીજ કે સૂત્રોના અજ્ઞાન અને અગીતાર્થોને પોતાના ભણ્યાગુણ્યાના નિરપેક્ષપણાને પોષવાનું હોય.

### અધ્યયનસુધીબધા યોગકરવા એશુંસત્યછે?

પણ સૂત્રના અધ્યયન સુધી આયંબિલ આદિકના જોગજ ચાલુ રાખવા જોઈએ એવું પ્રરૂપનારા તો અસંભવિત અને શાસ્ત્રવિરૂદ્ધજ પ્રરૂપણા કરે છે એ વાત ચોકખી છે, કેમકે અંગવિજ્જાપયન્ના જેવા દશ દશ હજાર શ્લોકના પ્રમાણવાળા શાસ્ત્રોના યોગ એક એક દિવસના પણ શાસ્ત્રકારો કહે છે, વળી નંદીઅનુયોગ સિવાયના બધા પયન્ના જે એક એક દિવસ કરાય છે. તે શું એક એક દિવસમાં મોઢે થઈ શકે તેવા ગણાય ખરા ? તેવી રીતે ઉપાંગો અંગની સાથે વહે તો એકજ દિવસના જોગવાળા અને જુદા વહે તો માત્ર ત્રણ દિવસના જોગવાળા શાસ્ત્રકારોએ જણાવ્યા છે. તો તે તે ઉપાંગના હજારો શ્લોકો એક કે ત્રણ દિવસથી અભ્યાસ કરી શકાય એવા છે એમ શું માની શકાય? અર્થાત્ માની શકાય નહિ, અને સંભવે પણ નહિ,

### યોગના નિયમિત દિવસોથીજ અભ્યાસનું અનિયમિતપણું

વળી વિશેષે તેઓએ એ પણ નહિ વિચાર્યું કે જો સૂત્રોના યોગો અભ્યાસને અંગેજ હોય તો સૂત્રોના યોગના નિયમિત દિવસો હોયજ નહિ, કેમકે બુદ્ધિનું સર્વને અંગે સરખાપણું હોય તેમ જગત માની શકે તેમ નથી, તો શાસ્ત્રકારે મનાવેલું પણ કેમ હોય ? કેમકે જો એમ હોત તો ત્રણ વર્ષથી અધિક પર્યાયવાળા વર્તમાનમાં સર્વ મુનિઓ ગીતાર્થનીજ કોટિમાં આવત, અને પૂર્વકાળમાં વીસ વર્ષથી અધિક પર્યાયવાળા સર્વ મુનિઓ દૃષ્ટિવાદના પારગામી થાત પણ એવું નથી તો વર્તમાનકાળમાં થતું અને પૂર્વ કાળમાં થએલું પણ નથી, કારણ કે બુદ્ધિની વિચિત્રતા સર્વકાળમાં છે, તે છતાં સૂત્રકારોએ સર્વકાળને માટે અમુક અમુક સૂત્રના અમુક અમુક દિવસ જોગ માટે નિયત કર્યા છે તો તે સ્પષ્ટ જણાવે

છે કે અભ્યાસ સુધી યોગ ચાલુ રાખવાજ જોઈએ એવો નિયમ નથી. વળી આચારદિનકર આદિ શાસ્ત્રોની અપેક્ષાએ તો યોગવહનની ક્રિયા કરવાના દહાડામાં નવીન અભ્યાસનો સ્પષ્ટપણે નિષેધ છે, તો પછી યોગની સાથે અભ્યાસની વાત કરનારાઓ કેવી રીતે શાસ્ત્રાનુસારી સત્ય કથનવાળા ઠરે ? વહેલા યોગના સૂત્રાભ્યાસ પછી નવા યોગ હોય એવો તો શાસ્ત્રીય નિયમ સમજી શકાય તેમ છે પણ યોગ સાથે અભ્યાસ ન ઠરે.

### અશકટપિતાના શ્રીઉત્તરાધ્યયનના દાખલામાં બદદાનત

તે યોગની શ્રદ્ધા અને કર્ત્તવ્ય વગરના મનુષ્યો જેમ કોઈ મનુષ્ય સંખ્યાની ગણતરી કરતાં આદિભાગના અંકો નિષ્ફળ ગણી કે ઓળવીને અંત ભાગના અંકોનેજ બોલે કે જણાવે, તેવી રીતે તેઓ પણ જાણી જોઈને યોગનો અપલાપ કરવા અને બીજા યોગ કરનારાઓને નિંદવા માટેજ અશકટપિતાના શ્રીઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનની અનુજ્ઞા નહિ કરવાના યોગને આગળ કરે છે, અને તે ઉત્તરાધ્યયનમાં તે અસંસ્કૃત નામના ચોથા અધ્યયનની અનુજ્ઞા ન થાય ત્યાં સુધી આયંબિલના યોગ કરવાની વાતને આગળ કરે છે, પણ તેઓ તે અનુજ્ઞાના વખત સુધી આયંબિલ કરવાના વૃત્તાંતને જોવા પહેલાં તે અશકટપિતાના ગુરુએ શાસ્ત્રની રીતિને અનુસરીને અશકટ પિતાને કહેલું વાક્ય પોતાની યોગની અશ્રદ્ધા કે નહિ કરવાની મરજીને લીધે જોતા કે બોલતા નથી, કેમકે તે અશકટપિતાને જ્યારે અસંસ્કૃત નામના ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનનો ઉદ્દેશ કરવામાં આવ્યો ત્યારે તે પહેલે દિવસે તો અશકટપિતા ચોથું અધ્યયન ભણી શક્યા નહિ, પણ બીજે દિવસે પણ જ્યારે તે ચોથું અધ્યયન ન ભણી શક્યા, ત્યારે ગુરુમહારાજે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે બે આયંબિલ આ ચોથા અધ્યયનની અનુજ્ઞા કરી દઈએ અર્થાત્ તે ચોથું અધ્યયન નહિ આવડ્યા છતાં પણ બે આયંબિલે તેની અનુજ્ઞા કરવાનો રિવાજ હતો, અને તે વાત ગુરુમહારાજે સ્પષ્ટ શબ્દોમાં જણાવી હતી.

### અસંસ્કૃત અધ્યયનના યોગમાં વર્તમાન સામાચારી પણ એજ છે.

વર્તમાન કાળમાં પણ યોગને વહનકરનારા તથા વિધિને જાણનારા સાધુઓ સ્પષ્ટપણે જાણે છે અને માને પણ છે કે ઉત્તરાધ્યયનના ચોથા અસંસ્કૃતઅધ્યયનના પહેલા ઉદ્દેશના દિવસે જો યોગવાહક સાધુ તે ચોથું અધ્યયન મુખપાઠ કરી શકે છે તો તેને તેજ દિવસે અનુજ્ઞા કરવામાં આવે છે, અને બે આયંબિલ કરવાં પડતાં નથી. પણ જો તે યોગવાહક સાધુ તે ઉદ્દેશને દિવસે ચોથાઅધ્યયનને તૈયાર આપી શકતો નથી, તો બીજે દિવસે તે ચોથુઅધ્યયન ન કરી શકે તોપણ બીજું આયંબિલ કરાવી અનુજ્ઞા કરવામાં આવે છે, અર્થાત્ આ ચોથા અધ્યયનને અંગે જે વિધિ વર્તમાનકાળમાં છે તેજ વિધિ પૂર્વકાલે હતો અને જે પૂર્વકાળે વિધિ હતો, તેજ વર્તમાનકાલે પણ છે. આ બધી હકીકત યોગની શ્રદ્ધાની ખામીને લીધે કે નહિ કરવાની દાનતને લીધે ધ્યાનમાં નહિ રાખતાં કે તેની પ્રરૂપણા નહિ કરતાં ન આવડે ત્યાં સુધી આયંબિલના જ યોગ છે એ ગુરુએ જણાવેલી આપેક્ષિક હકીકતને મૂળવિધાન તરીકેજ જાહેર કરે તે પોતાના આત્મામાં કર્મના કેવાં ઝેરી બી વાવતો હશે તે વિચારવાનું સુજ્ઞોનેજ સોંપીએ,

### સમુદ્દેશ અનુજ્ઞાની આકસંધિ માફક અસંસ્કૃતમાં પણ છે.

વળી એ વાત પણ પ્રસિદ્ધ છે કે જેમ દરેક સૂત્રના સમુદ્દેશ અને અનુજ્ઞાના દિવસોની આકસંધિ હોય છે એટલે સમુદ્દેશ થયા પછી અનુજ્ઞાની ક્રિયા

ન થાય ત્યાં સુધી આયંબિલોની વૃદ્ધિજ હોય છે, તેવી રીતે ઉત્તરાધ્યયનના આ ચોથા અધ્યયનને અંગે પણ ઉદ્દેશ, સમુદ્દેશ થયા પછી તે બે દિવસોની આકસંધિ હોવાથી જ્યાં સુધી અનુજ્ઞાની ક્રિયા ન થાય ત્યાં સુધી આયંબિલની વૃદ્ધિ થાય, તે વર્તમાનકાળની સામાચારી પ્રમાણે પણ યોગ્યજ છે. અને તે ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનને અંગે ગુરુ મહારાજે બીજા આયંબિલે અનુજ્ઞા કરવાનું કહ્યા છતાં તે અનુજ્ઞાની ક્રિયા મંજુર ન કરે તો અભ્યાસ થયા પછી અનુજ્ઞાની ક્રિયા કરવાની ઈચ્છા જાહેર થતાં વચમાં સર્વકાળ આયંબિલ કરવાનું ગુરુમહારાજ કહે તે વર્તમાનકાળની વિધિથી પણ પ્રતિકૂળ નથીજ. વળી તે અશકટ પિતાના આયંબિલનું આલંબન લેનારાઓએ શ્રદ્ધાની ખામીના કે નહિ કરવાના દોષે એટલું પણ વિચાર્યું નથી કે જો નહિ આવડવાને લીધે જોગજ કરવાના હોત તો એકાંતરે આંબેલ હોત. ઉત્તરાધ્યયન સૂત્રને અંગે એકલા આયંબિલોથી જોગ કરવાનું નથી તો કોઈ શાસ્ત્રકારે કહેલું, તેમ કોઈ ગચ્છની સામાચારીમાં પણ તેમ નથી, પણ આ બધી હકીકત યોગની અશ્રદ્ધા કે અરૂચિના પડલવાળાને ન સૂઝે તે સ્વાભાવિક છે.

## યોગ વિના અધ્યયન ન હોવાથી ઉપધાનની જરૂર

સૂત્રનું અધ્યયન યોગ વગર ન થાય એ હકીકત ઉપરના બધા વર્ણનથી સાબીત થાય છે, અને તેથીજ ભગવાન્ હરિભદ્રસૂરિજી દીક્ષા લેવાને તૈયાર થએલા ભાવિકને સામાયિક અને પ્રતિક્રમણ વિગેર સૂત્રો **अकृतोपधानस्यापि** એમ કહી માત્ર સામાયિક કે પ્રતિક્રમણ જેવાં સૂત્રો પણ વગર ઉપધાનવાળાને ભણાવવાં તે કારણિક છે એમ સ્પષ્ટ સૂચિત કરે છે, તો પછી બીજાં સૂત્રો યોગ, ઉપધાન વગર ભણવાનું શાસ્ત્રકારને સંમત ન હોય તે તો ચોકખુંજ છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે નિરારંભ અને નિષ્પરિગ્રહ મહાત્માઓને જ્યારે ઉપધાન એટલે યોગ વગર સૂત્રનું અધ્યયન ન હોય તો પછી આરંભ અને પરિગ્રહમાં રાચેલામાચેલા એવા ગૃહસ્થોને વગર ઉપધાને સૂત્રનું અધ્યયન કરવાનો સંભવ કે વિધિવાદ ગણાયજ કેમ?

## પ્રાચીનકાલ અને વર્તમાનકાલમાં ફરક કેમ?

જો કે પૂર્વકાળમાં પ્રાયે ઐચ્છિક પણ ધર્મનું ગ્રહણ કરવાપણું હોવાથી નવકાર વિગેરે આરાધના અને આત્મકલ્યાણના મૂળભૂત સૂત્રોના અભ્યાસને માટે પણ શ્રીમહાનિશીથસૂત્રમાં મૂળવિધિપણે જણાવેલી તપસ્યા જરૂરી હતી અને હોયજ, છતાં તે ઐચ્છિકપણે ગ્રહણ કરાતા ધર્મની વખતે પણ જ્યારે નમસ્કારઆદિના અધ્યયનને માટે અટ્ઠમ કે આયંબિલ આદિ તપસ્યાનું નિયમિતપણું નહિ કરતાં માત્ર તપસ્યાની સંખ્યાનેજ પ્રધાનપદ આપવાનું બાલાદિકની અપેક્ષાએ ઉચિત ધાર્યું છે, તો પછી જ્યારે કુલાચારે આખાં કુલોને કુલો જૈનધર્મમાં આબાલવૃદ્ધ પરંપરાથી દાખલ થયાં હોય, તેવા વખતમાં શ્રીગુણરત્નસૂરિજી અને શ્રીકુલમંડનસૂરિજી કરતાં પહેલાંના કાળથી ભવિષ્યમાં ઉપધાન વહેવાના કર્ત્તવ્યને માનનારાઓને ઉપધાન ક્યાં વગર પણ નમસ્કારઆદિ ભણવાની આજ્ઞા આચાર્યોની પરંપરાથી અપાય તે શ્રીપંચવસ્તુના વચનને અનુસારે અનુચિત ગણાય નહિ, પણ જેમ શ્રાવકને માટે વગર ઉપધાને પણ નવકાર આદિ ભણવા, ભણાવવાની આજ્ઞા સેંકડો વર્ષોથી આચરાએલી છે, તેવી રીતે કોઈપણ શાસ્ત્રકારે કે આચાર્યે યોગ વહન ક્યાં વગર ઉત્તરાધ્યયન આદિ સૂત્રના અધ્યયનની કે આચારાંગના યોગ ક્યાં સિવાય પ્રકલ્પધર થઈ ગીતાર્થ બની આચાર્ય થવાની આજ્ઞા આચરાએલી નથી.

### ઉપધાન નહિ કરનારને અનંત સંસાર ક્યારે થાય ?

અર્થાત્ શ્રાવકોમાં વગર ઉપધાને પણ નમસ્કાર વિગેરે સૂત્રોના અધ્યયનની આજ્ઞા છતાં જો તેના ઉપધાનની શ્રદ્ધા ન રાખે કે શરીરની શકિત હોય છતાં ઉપધાન ન વહે, તો તેને અનંત સંસારી કે વિરાધક કહેવામાં આવે છે, આરંભ પરિગ્રહથી વિરકત થયેલા મહાત્માઓ કે જેને માટે વગર જોગે સૂત્રાધ્યયનની આજ્ઞા કે આચરણા છેજ નહિ, તેવાઓ જો યોગની શ્રદ્ધા ન રાખે કે છતી શકિતએ યોગ ન કરે એટલુંજ નહિ, પણ શાસ્ત્રથી વિરૂદ્ધ અને જુઠું બોલીને યોગવહનની ક્રિયાને ઓળવે તેની શી દશા થાય તે જાણવાનું જ્ઞાની મહારાજનેજ ભળાવવું યોગ્ય છે. આ બધી હકીકત વિચારતાં સાધુઓને યોગવહન કરવાની માફક શ્રાવકોને ઉપધાન વહન કરવાની પ્રાથમિક જરૂર અને શાસ્ત્રોકતપણું છે એમ સહેજે સમજી શકાશે.

### ઉપધાનની તપસ્યાના ક્રમમાં નિયમિત ફેરફાર

શ્રીમહાનિશીથસૂત્રમાં પંચમંગલ મહાશ્રુતસ્કંધ વિગેરે કેટલાક ઉપધાનોમાં અંતમાં અટ્ટમ કરવાનો નિયમ હતો, અને પંચનમસ્કાર વિગેરેમાં ઉદ્દેશને માટે પાંચ ઉપવાસ લાગલાગટ, કરવાના હોય છે, પણ સંઘયણ અને ધારણાદિકની ખામીને અંગે તેજ મહાનિશીથમાં કહેલા બીજા અશકતોને માટે કહેલા વિધાનને અનુસારે સુબોધાસામાચારી અને આચારમય સામાચારી બનવાના પછીના અરસામાં પાંચ ઉપવાસોની પ્રવૃત્તિ બંધ થઈ, તેને સ્થાને દશ આયંબિલો કરવામાં આવ્યાં અને બધા તેવા હિસાબથી કરેલા આયંબિલોમાં એક આયંબિલ વધારી સોળ, સોળ, બત્રીસ અને ચોવીશ આયંબિલો કરી તે આયંબિલોની કર્ત્તવ્યતા પાંચ ઉપવાસ અને અટ્ટમ પછી હતી તે પણ પલટાઈ, પણ એક વાત જોડે ધ્યાનમાં રાખવાની છે કે તે સુબોધાસામાચારી અને આચારમય સામાચારી બનાવવાના અરસામાં મહાનિશીથના મૂળ વિધિનેજ આલેખવામાં આવેલો હોવાથી તે મૂળ વિધિ પ્રમાણેજ ઉપધાનોનું વહન થતું હોવાનો સંભવ છે.

### ઉપધાનના તપમાં એકાસણાને સ્થાન

અર્થાત્ તે વખત સુધી ઉપધાનમાં એકાસણાં અને એકાંતરે ઉપવાસને સ્થાન મળેલું નથી, પણ આચાર્ય મહારાજ હીરસૂરિજી અને વિજયસેનસૂરિજીની પહેલાં ઉપધાનનો નિયમ ચોથા અને છઠ્ઠામાં તો મૂળ પ્રમાણે રહ્યો પણ બાકીના ઉપધાનોમાં પારણું એટલે એકાસણાની નીવીની પ્રવૃત્તિ થઈ હોય એમ સ્પષ્ટ જણાય છે અને તેથીજ સેનપ્રશ્નમાં ઉપધાનમાંથી નીકળવાને પહેલે દિવસે તપ એટલે ઉપવાસ કે આયંબિલ કરેલું હોવુંજ જોઈએ એવો નિયમ નહિ પણ નીવી-એકાસણાં કે જે પારણું ગણાય છે તેને બીજે દહાડે પણ ઉપધાનમાંથી નીકળી શકાય એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે, અને તે એકાસણાની પ્રવૃત્તિને અંગેજ સુકવણી તો વપરાતીજ હશે પણ લીલાં શાકો વાપરવાની શંકા થવાનો વખત આવ્યો, અને વિજયસેનસૂરિજી મહારાજે પૌષધ અને ઉપધાનના એકાસણામાં લીલાં શાકો ન વપરાય એમ જણાવી નિષેધ કર્યો. આ બે કારણો સાથે ત્રીજું એ પણ કારણ છે કે ઉપધાનમાં લેવાતી વાચના જેમ તપને દિવસે હોય, તેવીજ રીતે પારણાંને દિવસે પણ વાચના લઈ શકાય એમ જણાવ્યું. આ વિગેરે હકીકત વિચારતાં ઉપધાનમાં એકાસણું (નીવી) કરવાનો રિવાજ શ્રી હીરસૂરિજી કરતાં પહેલાંનો હોવો જોઈએ એમ નક્કી થાય છે.

### ઉપધાનમાં કરાતાં એકાસણાનું શાસ્ત્રથી અનુત્તીર્ણપણું

જો કે સંઘયણ અને ધૈર્યતા વિગેરેની હાનિ

દેખી ઉપધાનમાં એકાસણાની પ્રવૃત્તિ પ્રાચીન કાળથી થએલી છે, પણ ઉપધાન વહેનારાઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ ઉપધાનમાં દાખલ કરવામાં આવેલાં એકાસણાં શ્રી મહાનિશીથમાં કહેલી ઉપધાનની બીજી વિધિની અપેક્ષાએ શાસ્ત્રવિધિથી બહાર નથી, પણ તે સંઘયણ અને ધારણા વિગેરેની ખામીને અંગે હોવાથી તે એકાસણાનો ઉપયોગ રસગૃદ્ધિના રૂપમાં ન કરતાં માત્ર શરીરની શક્તિ ટકાવવાના રૂપમાંજ કરવો જોઈએ, એટલે વાસ્તવિક રૂપે ભક્તિ કરનારાઓ દરેક વસ્તુની સગવડ રાખે, પણ તેનો ઉપયોગ કરનારાઓએ માત્ર શક્તિ ટકાવવાને માટેજ તેનો ઉપયોગ કરવો જોઈએ.

### ઉપધાનમાં અવ્યાપાર પૌષધની નિયમિતતા

જે મનુષ્યો ઉપધાનને વહન કરતાં આ પારણા તરીકે યોજાએલી એકાસણાની યોજના મંજુર કરે છે તેઓને આખા ઉપધાનનાં હંમેશાં પૌષધ કરવાનો અને બે હજાર નવકાર ગણવાનો વિધિ જરૂર અંગીકાર કરવો જોઈએ, કારણ કે સુબોધાસામાચારી અને આચારમય સામાચારી કે જેમાં એકાસણું કરવાનો સર્વથા ઉલ્લેખ નથી, તેમાં પણ હંમેશાં અવ્યાપાર પૌષધ અને હજાર નવકાર ગણવાનો નિયમ સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવેલો છે.

### ઉપધાનમાં દેવાતી વાચનાઓ

પહેલા પંચમંગલ મહાશ્રુતસ્કંધમાં પાંચ અધ્યયનો અને એક ચૂલા છે, તેમાં બે બે પદવાળા ત્રણ આલાવા અને સાત સાત અક્ષરના પહેલા, ત્રીજા અને ચોથા પદો છે અને બે પદ અને ત્રણ પદવાળા અને બે આલાવાવાળા પાંચ અને નવ અક્ષરના નમો સિદ્ધ અને સાધુપદના મળી પાંચ અધ્યયનો છે. સોળ, આઠ અને નવ અક્ષરના ત્રણે ઉદ્દેશા અને નવપદ, ત્રણ આલાવા અને તેત્રીસ અક્ષર પ્રમાણવાળી ચૂલા છે. એકંદર પહેલા ઉપધાનમાં પાંચ અધ્યયનોના પાંચ આલાવા અને ચૂલાના ત્રણ આલાવારૂપ ઉદ્દેશા છે. અને અડસઠ અક્ષરનો એ પંચમંગલમહાશ્રુતસ્કંધ છે. જો કે મહાનિશીથસૂત્રમાં એક એક નમસ્કારે એક એક અધ્યયન ગણવામાં આવ્યું છે અને પાંચ ઉપવાસ પછીના પાંચે દિવસોમાં આયંબિલ કરી પાંચે અધ્યયનની જુદી જુદી વાચના અને છઠ્ઠા અને સાતમા પદની છઠ્ઠા આયંબિલે અને આઠમા પદની સાતમે આયંબિલે અને નવમા પદની આઠમે આયંબિલે વાચના જણાવવામાં આવેલી છે, પણ સુબોધાસામાચારીની વખતે તે વાચનાનો ક્રમ ફેરવી પાંચ ઉપવાસ જે પૂર્વસેવાને અંગે કરવામાં આવતા હતા તેને બીજે દિવસે પાંચે પદોની એકી સાથે પહેલી વાચના પ્રવર્તતી હતી, અને આઠ આયંબિલ અને અટ્ઠમ પછી ચૂલિકાની બીજી વાચના પ્રવર્તતી હતી. અને વર્તમાનમાં તે જ ક્રમ ચાલે છે.

### અનુજ્ઞા વિધિનું પરિવર્તન

શ્રીમહાનિશીથ પ્રમાણે તો અનુજ્ઞાનો વિધિ અટ્ઠમને અંતેજ તેને તે ઉપધાનમાં જ કરવામાં આવતો હતો. જો કે મહાનિશીથમાં ઉપધાન પૂર્ણ થયે માલારોપણનું વિધાન જણાવેલું છે પણ તે માલારોપણને દિવસે સમુદ્દેશ અને અનુજ્ઞાનો વિધિ જણાવેલો નથી પણ સર્વ ઉપધાન (ચાર વહેલાં ઉપધાનો ને બે ત્રીજું અને પાંચમું નહિ વહન કરેલાં ઉપધાન) ના સમુદ્દેશ અને અનુજ્ઞાનો વિધિ વર્તમાનમાં માલારોપણને દિવસે કરવામાં આવે છે અર્થાત્ મહાનિશીથમાં દરેક સૂત્રની અનુજ્ઞા દરેક ઉપધાનમાં કરવાનું વિધાન છતાં વર્તમાનમાં સર્વ ઉપધાનોના સમુદ્દેશ અને અનુજ્ઞા માલાને દિવસેજ કરવામાં આવે છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૧૫)

◆◆◆

# સમાલોચના

૧. આવેલા પ્રશ્નો શ્રીસિદ્ધચક્રમાં આવેલા સમાધાનોવાળા હતા.

૨. તમોએ સમાધાન કેમ કરી ન દીધું ?

૩. પ્રશ્નકારનું નામ જણાયું હોય તો તે કરનારની સ્થિતિ માલમ પડે ને તેને લાયક ઉત્તર દેવાય. ચાર ચાર માસ સુધી ગૃહસ્થને રૂબરૂ મળવામાં અનિવાર્ય સંજોગ રહે એ કેમ બને?

૪. લાંબા પ્રશ્નોના પાઠ ને ગુજરાતી તરજુમા સાથે ઉત્તર દેતાં એકેક પ્રશ્નનો ઉત્તર પણ એક વખતના અંકમાં કદાચજ આવે ને તેથી પત્રની સ્થિતિ યોગ્ય ન રહે માટે રૂબરૂ ઠીક છે.

૫. માત્ર થોડા પ્રશ્નો સિવાયના બધા પ્રશ્નો સિદ્ધચક્રનું પિષ્ટપેષણવાળા અને અન્ય ધારણાવાળાજ છે.

(ખેડા)

૧. પરીક્ષા માટે અંક કહાડનાર જો સુરતથી થયેલા પ્રશ્નોત્તરોના કાગળો તથા પાછળના પ્રશ્નો લખી તે બધાના ઉત્તરો ક્રમસર બરોબર લખશે તો તેના ઉત્તરો જોઈતા શાસ્ત્રપાઠો સહિત આપી શકાશે.

૨. જેમ શાસ્ત્રોમાં જગો જગો પર શાસ્ત્રોમાં કહેલી વાતોને શાસ્ત્રના નામે જણાવાય છે તેમ આ પેપરમાં જણાવાય છે છતાં તે પ્રવચન કહાડનારને પાઠો નથી જોવા અને શ્રાવકાદિના ઓઠામાં ઘુસી જવું પડે તે યોગ્ય નથી. તે જો જુએ તો સમાધાન આપે. જણાવેલ હકીકત તે તે સૂત્રોમાં ન હોય તો ભલે તેમ કહે. (સાપ્તાહિક)

૧. સોરઠને અનાર્ય કહેલ હોવાથી પંન્યાસ રત્નવિજયજી રૂબરૂ મળવાના હતા ત્યારે વહેલો વિહાર થઈ ગયો એનો પુરાવો શું જાહેર કરવો પડશે ?

૨. અમદાવાદમાં મહારાજ આત્મારામજીએ (સૂત્રમાં નિર્યુક્તિમાં કે ટીકામાં નગરી શબ્દ નહિ છતાં માત્ર કલ્પનાથી ખડો કરી) કૌશાંબી નગરીથી દક્ષિણના બધા દેશો અનાર્ય કહ્યા હતા એ વાત એટલી બધી જાહેર છે કે એને નાકબૂલ કરવી તે સૂર્યની હયાતિ નાકબૂલ કરવા જેવું છે. આર્યાનાર્ય દેશદર્પણ વિગેરે ચોપડીઓ પણ તેમાંજ પરસ્પર છપાએલી છે. (સોરઠ જે શ્રી સિદ્ધગિરિજીવાળો છે. તે પણ અનાર્ય કહ્યો હતો.)

૩. મુદ્રક શબ્દની જે પેપરના માલિકની વ્યક્તિ માટે પ્રવૃત્તિ છે તે પણ પ્રેરકપણાને અંગે છે એ વાત એના પ્રેરકને પણ કેમ ન સમજાઈ ? છતાં જો મુદ્રકથી પ્રેસવાલો ભાર લેવા માગે કે તેને માથે નંખાય તો ગુરુ અને દાદાગુરુમાં મુદ્રક પોતપોતાની મેળે આવશે ગૃહસ્થ માટે ગુરુ અને દાદાગુરુ શબ્દ લાગુ કરનારને શું કહેવું ?

૪. સોરઠ વગેરેને અનાર્ય કહેનાર કે માનનારના પુરાવા આવ્યા પછી જ તેના ખોટાપણાના કે બીજા પુરાવા આપવાના હોય અને તે આપનારો પ્રતિવાદી જ હોય એ સહેજે સમજાય તેવી વાત છે.

(પ્રતિવાદી-પ્રત્યારંભક)

૫. ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધારમાં ત્રિસ્તુતિક અને

ચતુર્થ સ્તુતિ નિર્ણય ભાગ બીજામાં ખુદ મહારાજ આત્મારામજી સોરઠ કે જેમાં શ્રી સિદ્ધગિરિરાજ છે તેને અનાર્ય કહ્યાની ને તેના સ્વીકારની વાત જાણનારો પ્રવચન મુદ્રકને માટે શું કહે ? (સૂત્રવિરુદ્ધ પ્રરૂપણા કરી તીર્થ શિરોમણિવાલા આખા આર્યદેશને અનાર્ય ઠરાવે તેને શ્રમણસંઘ બહારપણું યોગ્યજ હોય તેમાં કોણ ના કહે ?)

૬. પ્રવચનમુદ્રકાદિએ નવા વિષયને ઉભા કરવા કરતાં કરેલી ચેલેંજ સ્વીકારી દરેક પક્ષ તરફથી બે બે અને તે ચારની પસંદગીનો એક શિરપંચ નીમી નિર્ણય કરાવવા તૈયાર થવું તેજ સીધો રસ્તો છે.

(સાપ્તાહિક)

૧. તમારા બસેં ઉપરના પ્રશ્નોમાંથી દશના ઉત્તરો સ્વીકાર કરવા આપ્યા હતા તેનો તમારી તરફથી સ્વીકાર નથી અને પાઠ અને તરજુમાનો આગ્રહ છે તો આજથી બે માસની અંદર તમો જણાવો તે તારીખે સભા સમક્ષ તમારા બધા પ્રશ્નો ચર્ચાય માટે તમે પાલીતાણા કે નજીકમાં બે માસમાં હાજર થઈ શકો તે તારીખ જણાવવી. તમારા કેટલાક પ્રશ્નો સિવાય બધાની ચર્ચા શ્રી સિદ્ધચક્રમાં આવી ગઈ છે, માટે વાચકોને તેનું પિષ્ટપેષણ કરાવવું વ્યાજબી નથી.

(નામ વગરના પત્ર ઉપર ધ્યાન દેવાયજ નહિ તે સ્વાભાવિક છતાં તુષ્યતુ દુર્જન ન્યાયે આટલું લખ્યું છે.) (નામ વગરનો જિજ્ઞાસુ)

૧. પૌદ્ગલિક ઈચ્છાએ ધર્મ કરનારો પણ સદ્ગતિજ મેળવે છે અને ભવાંતરે નિરિચ્છક ભાવમાં પણ આવે છે. (શ્રી અવંતીસુકુમાલ વગેરે)

૨. ત્યાગમાર્ગે લાવવા પ્રલોભનો આપ્યાનો દાખલો આવશ્યકમાં સુંદરીનંદ અને પ્રસિદ્ધ એવા સંપ્રતિ રાજા.

૩. બેસતે વર્ષે નવસ્મરણ વિગેરે નિર્વિઘ્નતા માટે સંભળાવાય છે. વેયાવચ્ચનો કાઉસ્સગ્ગ પણ તેમજ છે. ધર્મનું ફળ ઐહિક અને પારત્રિક બંને અપાય નિવારવા સાથે કલ્યાણ દેવાનું છે.

૪. ધર્મને તારનાર ન માનતાં માત્ર દેવલોકાદિને માટેજ ધર્મ છે એમ ધારી એની પ્રવૃત્તિ કરે તો તે પરંપરા ન કરે તેથી સંમૂર્ચ્છિમ ક્રિયા કહી શકાય.

૫. યોગવહનાદિ ક્રિયા વિના આચારાંગ ન ભણાય ને તે વિના થયેલ આચાર્ય આચાર્ય તરીકે ગણાય નહિ, તો પછી તે બીજાને આચાર્યપદ આપી શકેજ કેમ ?

૬. સંવચ્છરીદાન માટે દેવતાઓએ લવાયલું દ્રવ્ય જિનેશ્વરની પૂજા ભક્તિ કરવા માટે લવાયેલ નથી પણ દાન માટેજ લવાયેલ છે, ને તેથી તે દેવદ્રવ્ય ગણાતું નથી.

૭. દેવદ્રવ્યની વૃદ્ધિ, રક્ષા આદિ માટે તો સ્થવિરકલ્પિનો ઉપદેશ હોયજ છે, પણ ભક્ષણના નિવારણ માટે તો જિનકલ્પિને પણ ઉપદેશ દેવો જરૂરી છે.

૮. ધર્મશ્રાવણમાં તો ઉપસ્થિત અનુપસ્થિત વગેરે બધા અધિકારી છે. વાચનપાઠનાદિમાં અર્થિપણું હોય તે વગેરે તથા વ્રતધર્મમાં વોસરાવવાની વસ્તુને જાણી વોસરાવવા તૈયાર થયો હોય ને અધિકારી છે, ને તે કથાપ્રીતિઆદિથી જાણવો.

૯. વાલી મુનિએ રાવણને કરેલ શિક્ષા ન છુટકે હોય તો પણ પ્રતિક્રમણીય તો ખરીજ (તીર્થંકરની પૂજા માટે કરાતા સ્નાનનો પણ અસંયમ તો ગણ્યો છે.)

૧૦. ભગવાન્ તીર્થંકરો ચોથે ગુણઠાણેથી યથાસંભવ (૫-૧૧ સિવાય) સર્વ ગુણઠાણે હોય. (ફલસિદ્ધિની અપેક્ષાએ માત્ર તેરમે)

૧૧. જમાલિની દીક્ષામાં ટીકાકારો ભાવિભાવ અને ગુણવિશેષને કારણ ગણાવે છે.

૧૨. કારણ તરીકેની ઉત્તમતા અનાદિ નિગોદમાં પણ માની શકાય. (તથા ભવ્યત્વની માફક) પણ જાણીને ભૂલ સુધારવાને ઠેકાણે કાર્યરૂપને સ્થાને કારણરૂપતાને ગોઠવનાર તો કુટિલજ ગણાય.

(મુંબઈ)

૧. શ્રી જિનેશ્વર ભગવાનનો ઉપદેશ તો માર્ગે ન લાવી શકાય તેવા નિંદક કે નાશક બધાને માટે ઉપેક્ષા એટલે માધ્યસ્થ ભાવનાને અંગેજ હોય, પણ સરાગદશાવાળો મનુષ્ય દેવાદિના બહુમાનથી તેમ ન રહી શકે અને તેથી શ્રી હરિકેશી મુનિ અને ભગવાન મહાવીરના વૈયાવચ્ચ કરનાર દેવ અને ઈંદ્ર મહારાજે કરેલી શિક્ષા સંભવિત છે. તત્ત્વમાં અવગુણી કે નાશક પ્રત્યે દ્વેષભાવ નિર્જરાનું કારણ તો નજ માને. નિર્જરાના કારણ તરીકેનો પ્રશસ્તદ્વેષ તો મિથ્યાત્વાદિ અવગુણ પ્રત્યેનોજ ગણાય.

૨. વીતરાગ ભગવાનના વાક્યોના વિચારમાં પ્રશસ્ત લાગણીથી પણ ઉશ્કેરાયાને લીધે કહેવાયેલાં વાક્યો ન ગોઠવવાં. ધ્યાન રાખવું કે તેજોલેશ્યા મ્હેલનાર ગોશાલાને અંગે તેનાથી અનંતગુણ શક્તિ ધરાવનાર શ્રમણ અને સ્થવિરોને ક્ષાંતિથી સહન કરવાનોજ બોધ વીતરાગે આપ્યો હતો. બે ઉત્તમ મુનિઓને બાળી નાખનાર અને ભગવાનની ઉપર તેજોલેશ્યા મૂકનાર ગોશાલા સાથે નિરૂત્તર કરવાની ચર્ચા કરવાની છૂટ આપી હતી. અર્થાત્ એકલા લોકોને ઉશ્કેરીને દંડાદંડિ આદિ કરાવવા અને શાસ્ત્રીય પ્રશ્નોત્તરોના પ્રસંગથી દૂર રહેવું અને ચુપ રહેવું કે ભકતો પાસે લખાણ કરાવી બચવું એ એક સુજ્ઞ સાધુને યોગ્ય નજ કહેવાય.

(આ ઉપરથી ઈંદ્રની ઘોષણા ને લુહાર વખતે કરેલ કૃત્યનો પણ ખુલાસો થાય છે.)

૩. સમવસરણમાં અધિક ઋદ્ધિમંત દેવ આવે ત્યારે પ્રથમ આવેલા દેવના નમન કરે છે એ વાત ધ્યાનમાં રાખી, ગુરુનું અભ્યુત્થાન ચૈત્યમાં કરે તો આશાતના ગણાવાય નહિ.

૪. ઉત્સૂત્રપ્રરૂપકોની બનાવેલી તેની હાજરીવાળી કે તે વિનાની પૂજામાં કે કોઈ તેના હસ્તકની પ્રતિષ્ઠામાં જવું તે ગચ્છ નિશ્રિત ચૈત્યોમાં આચાર્યાદિકને સપરિવારને ન ઉતરવામાં જણાવેલ કારણો તપાસતાં ઠીક લાગતું નથી, પણ નિર્ણય બહુ બારીકીથી અને સર્વથા મધ્યસ્થદ્રષ્ટિથી કરવાની જરૂર છે. પક્ષદ્વેષને સૂત્રદ્વેષ ગણાય ત્યાં ધર્મનું નામ પણ નથી.

(ખેડા શ્રમણોપાસક)

## નામ વગરના જિજ્ઞાસુ

શ્રી સિદ્ધચક્રના વાચન ઉપરથી જો તમારી શંકાઓ છે તો કયા પેજના કયા લખાણથી કઈ કઈ શંકા છે એમ જણાવો અને જો તેનું સમાધાન શ્રી સિદ્ધચક્રમાં નહિ આવેલું હોય તો પેપરની નીતિ જાળવી જુદા વધારાથી યોગ્ય પાઠો અને કઠણ શબ્દોના અર્થ સાથે સમાધાન આપવા અમે આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજીને વિનંતિ કરીશું.

(તંત્રી)




**પ્રશ્ન ૭૭૬** સામાન્યરીતે જૈનજનતામાં કહેવાય છે કે બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે જે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે?

**સમાધાન**-જ્યોતિષ્કરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશઆદિ શાસ્ત્રોને જાણનારો મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈનશાસ્ત્ર પ્રમાણે બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ, કેમકે તેમાં અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ બીજ, પાંચમ વિગેરે ગણાવી છે. વળી જો પર્વતિથિનો ક્ષય ન થતો હોય તો **क्षये पूर्वातिथिः कार्या** એવો શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ, માટે જૈનજ્યોતિષના હિસાબ પ્રમાણે પર્વતિથિનો ક્ષયજ ન હોય એમ કહેવાય નહિ, પણ આરાધના કરવા માટે નિયત થએલ બીજઆદિ તિથિઓનો ક્ષય હોય તો આરાધના કરનારાઓએ તે તે આરાધવા લાયક બીજ આદિનો ભોગવટો પોતાના પહેલાની એકમ આદિ તિથિમાં થતો હોવાથી એકમ આદિ તિથિને દિવસે બીજઆદિ પર્વતિથિનું આરાધનાકાર્ય કરાય માટે આરાધનાની અપેક્ષાએ પર્વતિથિનો ક્ષય ન હોય એમ કહેવું વ્યાજબી ગણી શકાય, ને તેથીજ આરાધનાની અપેક્ષાએ ભીંતિયાં પંચાંગો છપાવનારા મૂલ ટિપણામાં પર્વતિથિનો ક્ષય હોય તો તેને સ્થાને પૂર્વની તિથિનો ક્ષય કરી પર્વની તિથિઓને અખંડિત રાખે છે.

**પ્રશ્ન ૭૭૭**-જે તિથિમાં સૂર્યનો ઉદય થાય તે તિથિને પ્રમાણ કરવી એમ જે શાસ્ત્ર અને લોકોકિત બંનેથી સંમત છે તેનું એકમઆદિ તિથિએ સૂર્યોદય છતાં તેને બીજ આદિપણે માનવાથી પ્રમાણિકપણું કેમ રહેશે?

**સમાધાન**-જે તિથિમાં સૂર્યોદય થાય તે તિથિ પ્રમાણ ગણવી એ શાસ્ત્રવચન ને લોકોકિત તિથિના અલ્પબહુ ભોગવટા માટે તેમજ પ્રથમ તિથિમાં તે પર્વની તિથિના પ્રવેશની આરાધ્યતા નહિ ગણવા માટે છે, અર્થાત્ બીજ આદિને દિવસે સૂર્યોદય પછી બીજ ઘડી બે ઘડી હોય અને પછી અઠ્ઠાવન ઓગણસાઠ ઘડી ત્રીજ વગેરે હોય છતાં બીજની તિથિ વિગેરેમાં સૂર્યોદય થયો માટે તે આખી તિથિ બીજ આદિ તરીકે ગણાય. વળી એકમ વગેરેની તિથિ એ એકમ વગેરેની તિથિ માત્ર ઘડી બે ઘડી હોય અને બીજ વગેરે અઠ્ઠાવન ઓગણસાઠ ઘડી હોય તો પણ તેને એકમ તરીકેજ ગણાય, આટલા માટેજ જે તિથિમાં સૂર્યોદય થાય તેજ તિથિ વ્રત, પચ્ચકખાણ વગેરેમાં પ્રમાણભૂત ગણાય એમ

જણાવેલ છે, પણ સૂર્યોદય વાળી તિથિજ પ્રમાણ ગણવી આ નિયમ તિથિની હાનિ કે વૃદ્ધિને અંગે લાગુ પાડી શકાયજ નહિ, કારણ કે પર્વતિથિનો ક્ષયજ ત્યારે હોય તેમાં સૂર્યોદય હોયજ નહિ માટે ક્ષયને સ્થાને સૂર્યોદયવાળી તિથિ લેવી એમ કોઈપણ બુદ્ધિમાન્ કહી શકે નહિ. પર્વના ક્ષયની વખતે તો માત્ર તે પર્વતિથિનો ભોગવટોજ લેવાય ને તેથીજ **क्षये पूर्वातिथिः कार्या** એમ કહેવાય છે. વળી પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે તો તે બંને તિથિઓમાં સૂર્યોદય હોય છે અને બે સૂર્યોદયને ફરસવાવાળીજ તિથિને વધેલી તિથિ ગણાય છે, તો તેવી વધેલી તિથિમાં સૂર્યોદયવાળી તિથિનો નિયમ રહી શકે નહિ, પણ જેમ દરેક તિથિઓમાં તિથિઓના ભોગવટાની ઘડીનો હિસાબ નહિ લેતાં સૂર્યોદયનો હિસાબ લઈ તત્ત્વથી પૂર્ણતાવાળીજ તિથિને આરાધ્ય ગણી તેવી રીતે વધેલી તિથિમાં પણ પૂર્ણતાવાળી તિથિ બીજી જ હોય માટે સૂર્યોદયના નિયમને ધ્યાનમાં રાખી બીજી તિથિજ વૃદ્ધિમાં આરાધ્ય ગણાય તે સ્વાભાવિકજ છે.

**પ્રશ્ન ૭૭૮**-લોકરીતિએ દીવાળી કરવી એવી કહેવતને અનુસરીને દીવાળી કરતાં લૌકિક દીવાળીને દિવસે અમાવાસ્યા અને સ્વાતિનક્ષત્ર ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણકલ્યાણકની તિથિ અને નક્ષત્ર છે તે બેમાંથી એક પણ ન આવે તેનું કેમ ?

**સમાધાન**-ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની આરાધના માત્ર તે તે અંગેજ છે, અને તે પ્રમાણે શ્રી પંચાશક વિગેરેમાં ચોકખો લેખ છે. કોઈ પણ ભગવાનનું કોઈ પણ કલ્યાણક નક્ષત્રની અપેક્ષાએ આરાધવાનું હોતુંજ નથી અને અમાવાસ્યા તિથિના નિયમને બાધ કરવા માટેજ <u>लोकानुगैः</u> આ શ્રીદીવાળીનું પર્વ લોક કરે તેમ કરવા જણાવેલું છે.

---

# અમારા માનવંતા ગ્રાહકોને

આ ચાલુ અંકથી વી. પી. કરવાં શરૂ કર્યાં છે, અને સાથે **'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય'** નામનું ભેટનું પુસ્તક પણ મોકલવામાં આવે છે.

જે ગ્રાહકોને આ અંક વી. પી. થી ન મોકલ્યો હોય તેમને આવતો અંક જરૂર વી. પી. થી રવાના કરવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની નીચેની ઓફિસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે. જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકો (મહેસાણા અને સુરત સિવાય) ને ભેટના પુસ્તક સાથે અંક વી. પી. કરવામાં આવશે, તે સ્વીકારવા વિનંતિ છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઈચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે એથી પણ વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો લખી મોકલવાં, કારણ કે ગ્રાહક પૂરતીજ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનીઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂ. ૨-૦-૦ તથા ભેટના પુસ્તકના પોસ્ટ ચાર્જના રૂ. ૦-૪-૦ મળી રૂ. ૨-૪-૦ નું મનીઓર્ડર કરવું.

લી.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ નં ૩

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(અનુસંધાન પાના ૩૮ થી ચાલુ)

### શ્રી અભયદેવસૂરિજીના વચનનો ખુલાસો

સામાન્ય રીતે ચૌદ કે પંદર દિવસનું પખવાડિઉં ગણાય અને તેથીજ અભયદેવસૂરિજી મહારાજે પંચાશકની વૃત્તિમાં चतुर्दश्याम् पंचदश्याम् वा એમ કહી ચૌદમી કે પંદરમી તિથિ મધ્યમ ભાવે જણાવેલી છે. જો ત્યાં પંચદશી શબ્દ પૂર્ણિમાને અંગે હોય પણ પંદરમી તિથિને અંગે ન હોય તો પંચદશી શબ્દથી પૂર્ણિમાની પકખી લીધી, પણ અમાવાસ્યાની પુનમી આને મતે માનેલી પકખીઓ તો ઉડીજ ગઈ. કદાચ એમ કહેવું હોય તો વાજબી ઠરે કે સામાન્ય રીતિએ ટીકાકારો દરેક જગો પર વ્યાખ્યા કરતાં વ્યાખ્યાની વખતે મૂળસૂત્રની અસલ હકીકતનેજ જણાવે છે.

### આચરણાને આધારે સૂત્રવ્યાખ્યા કે મૂલાચારને આધારે

જેમ નિશીથચૂર્ણિકાર મહારાજ પોતે યુગપ્રધાન કાલકાચાર્ય મહારાજની પ્રવર્તાવેલી ચોથરૂપી અપર્વમાં પર્યુષણ કરતા હતા ને પાંચમરૂપી પર્વમાં નહોતા કરતા છતાં સૂત્રની વ્યાખ્યા કરતી વખતે પાંચમ, દશમ અને પૂર્ણિમા અમાવાસ્યારૂપ પર્વમાંજ પર્યુપણ કરવાની વ્યાખ્યા કરી અને બાકીની ચોવીસ તિથિઓનો પર્યુપણ કરવા માટે નિષેધ કર્યો, તેવી રીતે અહીં પણ અભયદેવસૂરિ મહારાજે શ્રી યુગપ્રધાન કાલકાચાર્યની પહેલા જે આષાઢ, કાર્તિક અને ફાલ્ગુન સૂદિની પૂર્ણિમાએ ચોમાસી થતી હતી તે અપેક્ષાએ પંચદશીશબ્દ કહ્યો હોય અને બાકીના પાક્ષિકોની અપેક્ષાએ ચર્તુદશી શબ્દ વાપર્યો હોય તો તે અનુચિત કહેવાય નહિ, કેમકે જો ત્યાં એકલો ચતુર્દશીશબ્દ વાપરે કે એકલો પંચદશીશબ્દ વાપરે તો કાં તો ચોમાસીની સાથેની પાક્ષિકની આલોયણા ઊડી જાય અગર કાં તો ચોમાસીની આલોયણા ઊડી જાય.

### પક્ષમાં તિથિનાં નામોનોજ આધાર તે ચૌમાસીમાં માસ અને પક્ષના નામોનોજ આધાર

ધ્યાન રાખવું કે ચોમાસીને દહાડે પણ ચાર માસની સમાપ્તિની માફક આઠ પક્ષની પણ સમાપ્તિ કહેવામાં આવે છે, અને તેથી ચાર મહિનાની માફકજ એક ચોમાસીથી બીજી ચોમાસીની અંદર આઠ જ પખવાડા થયા છે એમ માનવું જોઈએ, અને એ અપેક્ષાએ ચોમાસીનો છેલ્લો દિવસ તે તેની પકખીનો પણ છેલ્લો દિવસ માનવો તે કોઈપણ પ્રકારે ગેરવ્યાજબી નથી. વળી શાસ્ત્રોમાં પોરિસીની છાયાને અંગે ચૌદ દિવસનોજ હિસાબ કરીને પખવાડીયું લેવાય છે, કેમકે છાયામાં સાત દિવસે જ્યારે એક આંગળજ વધારાય છે, ત્યારે બે આંગળ વધારવામાં પખવાડીઉ કાઢવાનું કહેવાય છે. જો ચૌદ

દિવસનું પખવાડિયું ન લેવું હોય તો અને પંદર દિવસનું પખવાડિયું લેવું હોય તો પખવાડિએ કાંઈક અધિક બે આંગળ છાયા વધવાનું અને ઘટવાનું કહેવું જોઈએ. પણ શાસ્ત્રકારોએ તો સાત દિવસે આંગળ વધવાની માફક પખવાડિયે બે આંગળજ વધવાના કહ્યા તેથી ચૌદ દિવસને પણ પક્ષ તરીકે માની લીધા અને તે અપેક્ષાએ ચતુર્દશ્યામ્ અને પંચદશ્યામ્, બે પાઠ અભયદેવસૂરિજી મહારાજના કહેલા જોડી શકાય. અર્થાત્ પાક્ષિક પ્રતિક્રમણ કરવાને અંગે નથી તો સૂર્ય કે ચંદ્ર વિગેરેના ૧૫ દિનનો નિયમ અને નથી તો કોઈ વારનો નિયમ, એટલે ખરી રીતે પકખીને અંગે જો કોઈપણ નિયમ હોય તો તે માત્ર ચતુર્દશીની સંધ્યાકાળ એટલોજ માત્ર નિયમ છે.

## પન્નરસણ્હં વગેરે પાઠની સમજણ

ધ્યાન રાખવું કે પકખીમાં એકમ વિગેરે તિથિઓ વધી અગર ઘટી એટલે તૂટી અગર બેવડી થઈ પણ તે તમામ તિથિઓ પંદરને અંગેજ છે, એટલે એમ કહેવું જોઈએ કે પાક્ષિકને અંગે માત્ર તિથિઓનો ભોગવટો ગણવામાં આવેલો છે. માનો કે ત્રીજ વિગેરેની તિથિ તૂટી હોય, તો પણ તેનો ભોગવટો જતો જ નથી. ભોગવટા તરીકે તો એક પક્ષથી બીજા પક્ષની વચ્ચે પંદર તિથિઓ આવીજ જાય, અર્થાત્ જે તિથિનો ક્ષય થાય છે તેનો અર્થ તિથિ ભોગવટામાંથી ઉડી જતી નથી, પણ માત્ર તે તિથિ સૂર્ય ઉદયને ફરસે નહિ, તેથીજ તેનો ક્ષય થયો ગણાય છે.

## ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ

અને આજ કારણથી બીજ, પાંચમ વિગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે તે તે પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે, કેમ કે તે તે પર્વતિથિનો ભોગવટો તે તે આગલી સૂર્ય ઉદયવાળી તિથિની પહેલાં પહેલાં થઈ ગએલો હોય છે અને સૂર્યોદયવાળી તે તે પર્વતિથિ ન મળે તો તેની આગલી તિથિની પહેલી તિથિએ તે તે પર્વતિથિનો ભોગવટો હોવાથી તે તે પર્વતિથિની આરાધના થાય છે, કેમકે જેમાં જે હોય તેમાં તેનો સમાવેશ કરવો એ રીતિસર છે, પણ ત્રીજ, છઠ, નોમ વિગેરે સૂર્યોદયવાળી તિથિઓમાં બીજ, પાંચમ કે આઠમ માનવા જવું તે કેવળ જૂઠ અને કલ્પનામાત્રજ છે. જો કે આરાધનાને માટે તે તે પર્વતિથિ સૂર્યોદયવાળી ન મળે અગર ક્ષયની જગા પર બે તિથિ આરાધવા લાયક હોય તો અતીત અને વગર ભોગવટાવાળી તિથિ લેવા કરતાં ચાલુ ભોગવટાવાળી તિથિ લેવી એજ સરળ અને બુદ્ધિમાનોને લાયકનો રસ્તો છે. એવી રીતે વૃદ્ધિમાં પણ માત્ર તિથિનો ભોગવટો વધી, તે તે તિથિઓ બે સૂર્યોદયને ફરસવાવાળી થાય છે, પણ પખવાડિયામાં કોઈ પણ સોળમી તિથિ આવતી નથી.

## વૃદ્ધિમાં ઉત્તરતિથિ કરવાનું કારણ

પૂર્વસૂર્યોદયવાળી તિથિ કરતાં પરસૂર્યોદયવાળી તિથિ બલવતી ગણાવવાથીજ આગલી તિથિએ અનુષ્ઠાન થાય છે, સંપૂર્ણતા પણ તિથિની ઉત્તર દિવસેજ છે. લાંબી મુદત વ્રત પાળનારો કંડરીક અંતે ખસવાથી દુર્ગતિ ગયો ને પુંડરીક છેવટે આરાધવાથી આરાધક થયા.

માટે પંદર તિથિઓને અંગે તેનું ઉલ્લંઘન થએલું હોવાથી ચતુર્દશીની સંધ્યાએજ પાક્ષિક પ્રતિક્રમણ કરવું યોગ્ય છે, અને તેજ તિથિના ભોગવટા અને તિથિની સંજ્ઞાની અપેક્ષાએ તેર, ચૌદ, સોળ કે સત્તર દિવસો અને રાત્રિઓ પખવાડામાં ગયા હોય, તો પણ पनरसण्हं दिवसाणं, पनरसण्हं राईणं એમ કહેવુંજ વ્યાજબી છે. જેઓ તેર કે ચૌદ દિવસ થએલા હોવાથી પાક્ષિક પ્રતિક્રમણની વખત तेरसण्हं કે चौद्दसण्हं કહેવા માગે,

(જુઓ ટાઈટલ પાના ચોથા પર)

(ટાઈટલ પાના ત્રીજાથી ચાલુ)

તેઓને પંદર દિવસ ઉલ્લંઘન થયા સિવાય પાક્ષિક પ્રતિક્રમણ કરવા તૈયાર થવું તે માત્ર પોતાનીજ કલ્પનાને ઘોડે ચડવાનું કહેવાય, અને તેથી सोलसण्हं કે सत्तरसण्हं એમ કહેવા તૈયાર થવું તેઓને પંદર દિવસ થયા તે વખતે પકખી પ્રતિક્રમણ ન કરવું અને મર્યાદામાં આગળ વધવું તે શાસ્ત્રની મર્યાદાના તો અંશરૂપ નહિ ગણાય પણ માત્ર સ્વમતિ મર્યાદાનોજ મેલ ગણાશે. પણ આ બધી અડચણ તિથિનો ભોગવટો અને તિથિ સંજ્ઞાની અપેક્ષા રાખનારાને કોઈ પણ પ્રકારે નડશે નહિ. આ બધું કહેવાનો ભાવાર્થ એટલોજ કે પાક્ષિકની તિથિ જે ચતુર્દશી છે તેની મર્યાદામાં સૂર્યોદય ઓછા થાય કે વધારે થાય તેનો હિસાબ ગણાય નહિ પણ માત્ર તિથિનો ભોગવટો અને ગએલી તિથિઓની સંજ્ઞાઓજ ગણાય.

## ચઉદશ ને પાક્ષિક ને ભાદરવા સુદ ૪ ને સાંવત્સરિક કેમ ?

જગતના વ્યવહારમાં પણ પંદર તિથિઓમાંથી કોઈપણ તિથિથી શરૂઆત કરીએ તો બીજા પખવાડાની તે તિથિ આવતાં પખવાડો થયો એમ કહેવાયજ છે. એટલે પક્ષના અંતે પાક્ષિક પડિક્કમણું થાય એવા શાસ્ત્રના વાક્યને કોઈપણ જાતની અડચણ આવતી નથી, કેમકે એમ ને તે દિવસની મર્યાદાથી પાક્ષિક ન ગણવામાં આવે અને પૂર્ણિમા અને અમાવાસ્યાએ પક્ષ આ ચાર માસનો છેડો ગણી, પાક્ષિક અને ચોમાસિકનો છેડો ગણી, પકખી અને ચોમાસું પડિક્કમણું કરવાનો આગ્રહ કરવામાં આવે, તો જેઓ પક્ષને અંતે પાક્ષિક અને ચાર માસને અંતે ચોમાસી પડિક્કમણું કહેવાય, તેવીજ રીતે સંવત્સર એટલે વર્ષને અંતે જે પડિક્કમણું કરાય તેને વાર્ષિક કે સાંવત્સરિક પ્રતિક્રમણ શાસ્ત્રકારો કહે છે, તો પછી જૈનશાસ્ત્રના સામાન્ય હિસાબે વર્ષનો છેડો આષાઢ સુદિ પૂર્ણિમાને દિવસેજ હોય છે, તેથી સંવત્સરી પડિક્કમણું પણ આષાઢ સુદિ પૂર્ણિમાને દિવસેજ કરવામાં આવવું જોઈએ. અને તેમ તો પૂર્ણિમા અને અમાવાસ્યાનું પકખી પડિક્કમણું માનવાવાળા તો કરતા નથી. અને કરી પણ શકે નહિ, કારણ કે જો તેમ કરવા જાય તો ચોમાસી અને સંવચ્છરી બેના છેડા સાથે આવવાથી એકજ આષાઢ સુદિ પૂર્ણિમાને દિવસે સંવચ્છરી પડિક્કમણું કરવું પડે, તેની સાથે ચોમાસી, પકખી અને દેવસિ પડિક્કમણાં પણ કરવાં પડે, એટલે ન તો ચોવીસ પકખી પડિક્કમણાં જુદાં રહે, ન તો ત્રણ ચોમાસી પડિક્કમણાં જુદાં રહે. પડિક્કમણાંની સંખ્યાની વાત ગૌણ કરીએ તો પણ અષાઢ સુદિ પૂર્ણિમાને દિવસે વર્ષનો અંત આવવાથી સંવચ્છરી પડિક્કમણું પકખી અને ચોમાસીના અંતે પકખી અને ચોમાસી પડિક્કમણાંને હિસાબે કરવુંજ પડે. પણ તે કોઈને પણ ઈષ્ટ નથી, કિન્તુ ભાદરવા મહિનામાંજ સંવચ્છરી પડિક્કમણું કરવું સર્વને ઈષ્ટ છે, અને તેથી વગર ઈચ્છાએ પણ સર્વને કબુલ કરવું પડે કે ભાદરવાથી ભાદરવે એક વર્ષ થાય, અને તે વખતે કરાતું પડિક્કમણું તે સંવચ્છરી કહેવાય. જો આવી રીતે સંવચ્છરીને માટે સૂર્યાદિક ચારના અંગે ઋતુ વર્ષ લેવાતું નથી, તો પછી પાક્ષિક અને ચતુર્માસીને અંગે જ્યોતિષના ચારવાળો પક્ષ અને ચાતુર્માસ લેવાનો આગ્રહ કરવો બુદ્ધિશાળીપણાને શોભતું નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૫૧)

ચતુર્થ વર્ષ અંક ૫

Registered No. B.3047




માગશર સુદ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૧૦-૧૨-૧૯૩૫

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

## જૈનાનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સુરત. (ગુજરાત)


---

મહેસાણાના ગ્રાહકોને :-

મહેસાણાના ગ્રાહકોએ લવાજમ દોશી વ્રજલાલ ફૂલચંદને આપવું. તંત્રી

---


આ પાક્ષિક શ્રી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,<br>
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।<br>
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-<br>
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા ।<br>
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥

"આગમોદ્ધારક."

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૫ | મુંબઇ તા. ૧૦-૧૨-૧૯૩૫ રવિવાર<br>માગશર સુદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**સંવચ્છરીદાનથી ભવ્યત્વની છાપ**

દરેક ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પોતાની દીક્ષાના કાળથી પહેલાં સંવચ્છરીદાન પ્રવર્તાવે છે, તે સંવચ્છરીદાનનો એવો વિચિત્ર પ્રભાવ છે કે તે દાનને લેવાની બુદ્ધિ કે તે દાનનું મળવું અભવ્યોને હોય જ નહિ.

**ભવ્યત્વનું જ્ઞાન કેવલીઓનેજ**

અર્થાત્ એમ કહીએ તો ચાલે કે તે સંવચ્છરીદાન જો કે સુવર્ણાદિરૂપ દ્રવ્યના દાન સ્વરૂપે

છે, તો પણ તત્ત્વથી ભવ્યજીવોમાં અનાદિકાળથી રહેલ ભવ્યપણું કે અભવ્યપણું એ જીવ અને અજીવપણાની માફક પરસ્પરરૂપે નહિ પલટવાવાળા જીવના અનાદિ કાળના પારિણામિક ભાવો છે, અને તે જીવના સ્વભાવરૂપ હોવાથી સાક્ષાત્ સ્વરૂપે જીવને જાણવા દેખવાવાળા કેવળજ્ઞાની મહારાજજ જાણી શકે, અને આ જ કારણથી શાસ્ત્રકારો ભવ્યત્વ અને અભવ્યત્વ સ્વભાવને આજ્ઞાગ્રાહ્ય એટલે કેવળ જ્ઞાની મહારાજાના વચનથીજ જાણવા લાયક છે એમ જણાવે છે. અર્થાત્ મનઃપર્યવ સુધીના ચાર જ્ઞાનોમાંથી કોઈપણ જ્ઞાનથી જીવમાં રહેલું ભવ્યપણું જાણી શકાય તેમ નથી. તેવા ભવ્યપણાનો નિશ્ચય ભગવાન્ તીર્થંકર મહારાજના સંવચ્છરીદાનથી થાય છે.

## ભવ્યની નિશ્ચિતતાથી પરોપકારિતા

અર્થાત્ જે જે ભાગ્યશાળીઓ ભગવાન્ જિનેશ્વર મહારાજના હાથથી સંવચ્છરીદાન લે છે, તે સર્વ જીવો ભવ્યજ હોય એવો નિર્ણય થાય છે, એટલે કેવળજ્ઞાની ભગવાનને પૂછવાથી જે નિર્ણય થઈ શકે તે નિર્ણય જિનેશ્વર ભગવાનો સંવચ્છરીદાનને આપીને કરી દે છે, તો એ દાનદ્વારાએ ભવ્યપણાની છાપ કરાતી હોવાથી પરોપકારનિરતપણું કંઈ ઓછું કહેવાય નહિ.

## દાનગ્રહણથી તત્ત્વદર્શિતા

જો કે સામાન્ય રીતે દાન લેનારના ભવ્યપણાનોજ નિર્ણય થાય છે એમ કહેવાય છે, પણ તે ભવ્યપણું તો ઘણા પુદ્‌ગલપરાવર્તો પછી પણ જેઓને મોક્ષ મળવાનો હોય તેઓને પણ ભવ્યપણાવાળા કહી શકાય, પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના દાનનો વિચિત્ર પ્રભાવ એ પણ છે કે તે દાન લેનારા જીવો તે દાનને પ્રભાવે તત્ત્વદૃષ્ટિવાળા થાય છે. અર્થાત્ ધર્મપ્રધાન ચર્યાવાળા મહાપુરુષોના ઉપદેશામૃતથી પણ જે કાર્ય તેના પાન કરનારાઓમાં વ્યાપકપણે થઈ શકતું નથી, અર્થાત્ ઉપદેશક એવા મહાપુરુષના વચનામૃતથી સર્વ શ્રોતાઓ તત્ત્વદૃષ્ટિવાળા થઈ શકતા નથી, અને તેથી ભાષ્યકાર શ્રીમાન્ ઉમાસ્વાતિવાચકજી મહારાજ સ્પષ્ટ રીતે ફરમાવે છે કે- **न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात्** અર્થાત્ સર્વે શ્રોતાઓને હિતકારી ઉપદેશ સાંભળવાથી પણ એકાંતથી ધર્મ થાય તેવો નિયમ નથી, પણ ત્રિલોકનાથ તીર્થંકરના દાનને લેવાથી સર્વ એ દાન લેનારાઓ તત્ત્વદૃષ્ટિવાળા થાય એ જેવો તેવો ઉપકાર નથી. જેવી રીતે ભવ્યપણાની છાપ દાનથી થાય છે, તેવીજ રીતે દાન એ જાણે હૃદયનું અંજનજ હોય નહિ, તેવી રીતે અજ્ઞાનપટલોને દૂર કરીને તે દાન લેનારાઓને તત્ત્વદૃષ્ટિવાળા બનાવે છે, તેવી દાન લેનારાઓને તત્ત્વદૃષ્ટિવાળા બનાવનાર એવું દાન જે ત્રિલોકનાથ તીર્થંકરો અર્પણ કરે છે, તે મહાપુરુષોના ઉપદેશ કરતાં પણ મોટા ઉપકારવાળું થાય છે, અને તેથી તીર્થંકરોનું દાન તેમના પરહિતરતપણાની પુરેપુરી વિજયપતાકા છે.

## સંવચ્છરીનું દાન ગ્રહણ કરવાથી ધર્મ વિષે ઉદ્યમ

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તત્ત્વોને તત્ત્વો તરીકે ઓળખવાનું કાર્ય ઘણુંજ દુષ્કર છે, અને તેથીજ શાસ્ત્રકારો કહે છે કે सुच्चाते जियलोए जिणवयणं जे नरा न याणंति। અર્થાત્ તત્ત્વમય એવાં જિનેશ્વર ભગવાનોના વચનોને જેઓ જાણતા નથી, તેઓ ખરેખર દયાને પાત્ર હોઈ અફસોસ કરવાને લાયક છે. અર્થાત્ તત્ત્વદૃષ્ટિ થવી તે પણ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને થવી મુશ્કેલ છે, છતાં તેવા કોઈ તથાભવ્યત્વના પરિપાકને લીધે કદાચિત્ તત્ત્વદૃષ્ટિ કે જે ચોથાગુણઠાણાની શરૂઆતથીજ થાય છે તે કદાચિત્ થઈ પણ જાય તોપણ ત્યાગધર્મમાં અને સંયમધર્મમાં ઉદ્યમવાળા થવાનો વખત આવવો એ જીવને માટે ઘણુંજ મુશ્કેલ છે.

## તત્ત્વદૃષ્ટિ કરતાં ધર્મોદ્યમની મુશ્કેલી

શાસ્ત્ર સાંભળવાવાળા શ્રદ્ધાળુઓને માલમ હશે કે ભવચક્રમાં જીવને તત્ત્વદૃષ્ટિ (સમ્યક્ત્વ) અસંખ્યાતી વખત થઈ જાય છે, પણ વિરતિ કે જે ખુદ્ ધર્મરૂપ છે તેની પ્રાપ્તિ ભવચક્રમાં અસંખ્યાતી વખત હોતીજ નથી. તેવી ધર્મમાં ઉદ્યમ કરવાની દશા જીવોમાં જાગ્રત કરી દે તેવું ત્રિલોકનાથ તીર્થંકરોનું સંવચ્છરીદાન છે, અર્થાત્ તે દાનને લેવાવાળા નિશ્ચિતપણે ભવ્ય હોય છે, અને તે દાન મળવાથી જ તે દાન લેવાવાળાઓ તત્ત્વદૃષ્ટિવાળા અને ધર્મમાં ઉદ્યમ કરવાવાળા થાય છે. આ ત્રણ ગુણોવાળું દાન ભગવાન્ જિનેશ્વર મહારાજ કરે છે, તેથી તેઓનું પરહિતરતપણું વર્ણવી ન શકાય તેવું છે એમ માનવામાં કોઈપણ જાતની શંકાને અવકાશ નથી.

## ત્રિલોકનાથ તીર્થંકરોનું સંવચ્છરીદાન તે મહાદાન

આવાજ અપૂર્વ ગુણોને અંગે ભગવાન્ જિનેશ્વરોના દાનને મહાદાન કહેવામાં આવે છે. અર્થાત્ સર્વ તીર્થંકરો કંઈ ચક્રવર્તી હોતા નથી કે ચક્રવર્તીના કુળમાંજ અવતરવાવાળા હોતા નથી, અને તેથી તેઓને ચક્રવર્તીના નવ નિધાનનો જોગ ન હોય તથા તે જોગ ન હોવાને લીધેજ અગણિત ધન તેઓ પાસે ન પણ હોય અને તે અગણિત ધન ન હોવાને લીધે અગણિત દ્રવ્યનું દાન ન પણ કરી શકે, તોપણ ઉપર જણાવેલા ત્રણ અપૂર્વ ગુણોને કરનારૂં આ દાન હોવાથી ખરી રીતે આ જ મહાદાન કહેવાય તેમાં ભક્તિ કે અતિશયોક્તિ છેજ નહિ.

## માગનારની ઇચ્છા પ્રમાણે સંપૂર્ણદાન

એક બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ તીર્થંકર મહારાજા પરહિતરતપણાવાળા હોઈને પરોપકારને માટેજ દાન આપે છે, અને તે દાન માગનારે મોઢે માગ્યું હોય તેટલું સંપૂર્ણપણે આપવામાં આવે છે. અર્થાત્ જેને જે જોઈએ તે માગો એવી દેશ અને ગ્રામમાં ઉદ્‌ઘોષણા કરીને સર્વ જનતાને ખબર આપવામાં આવે છે, અને એવી રીતે ખબર જે આપવામાં આવે છે, તે ગ્રામ અને નગરના ત્રિકોણ સ્થાનો, ચતુષ્કોણ સ્થાનો, સંઘોડાના આકારવાળા સ્થાનો, રાજમાર્ગો અને દેવમદિરોમાં દેવતાઓદ્વારાએ અને મનુષ્યો દ્વારાએ ઉદ્‌ઘોષણા કરવાથી જેઓ તે દાન લેવા આવે તે બધાને તે આપવામાં આવે છે, અર્થાત્ વર્તમાનમાં જેમ જાહેરખબરદ્વારાએ કે અન્ય કોઈ રીતિએ જાહેરાત કરીને પોતાના માલનો ઉઠાવ કરાય છે, તેવી રીતે ગ્રામ અને નગરના સર્વસ્થાનોમાં માગનારની ઇચ્છા પ્રમાણે દેવાની જાહેરાત કરીને આવેલા સર્વ જીવોને તેઓ માગે તે પ્રમાણે દેવામાં આવે છે.

## દાન મળ્યાથી તૃષ્ણાનો નાશ

આવી રીતે માગનારને તૃપ્ત કરવાવાળું ભગવાન્ જિનેશ્વરોનું દાન હોવાથી ભગવાન્ જિનેશ્વરોનું દાન તૃષ્ણાવેલડીનો વધ કરનાર થાય અને તેથી મહાદાન કહેવાય એમાં કાંઈપણ આશ્ચર્ય નથી. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે મરજી પ્રમાણે માગવાનું કહ્યા છતાં પણ તે માગનારનું વચન અને મન નિયમિત રીતેજ પ્રવર્તે છે, કોઈપણ માગનાર પોતાની ઇચ્છા કે વચનને પ્રવર્તાવતો નથી એવી રીતે મોં માગ્યું દેવાનું કહ્યા છતાં પણ નિયમિત મર્યાદાસર જે માગવાનું થાય છે, અને તેનાથી માગનારને નિઃસીમ દ્રવ્ય મળ્યું હોય અને તેનાથી જે સંતોષ થાય તેવો સંતોષ આ દાનથી થતો હોવાને લીધે આ દાન તૃષ્ણાવિચ્છેદક હોઈ પરોપકાર કરનારૂં હોય તેમાં આશ્ચર્યજ નથી.

## લાભથીલોભવધેએવાકુદરતીનિયમનોનાશ

જગતનો સામાન્ય નિયમ એ છે કે સો મળવાના થાય ત્યારે સહસ્રની ઇચ્છા, સહસ્ર મળે

ત્યારે લાખની ઈચ્છા અને લાખ મળે ત્યારે ક્રોડની ઈચ્છા, ક્રોડ મળે ત્યારે રાજાપણાની ઈચ્છા, રાજાપણું મળે ત્યારે દેવપણાની ઈચ્છા અને દેવપણું મળે ત્યારે ઇંદ્રપણાની ઇચ્છા થાય છે અને તેથી ઈચ્છાને આકાશ સરખી અનંત પરમાણવાળી કહેવામાં આવે છે, આ વાત બે માસ સોનું આશીર્વાદથી મેળવવા માટે નીકળેલા છતાં ક્રોડો સોનૈયા મળવાનું થયા છતાં જેને વિકલ્પની શાંતિ થઈ નહોતી, તેવા કપિલનું વૃત્તાંત જેઓ જાણતા અને માનતા હશે તેઓની સમજમાં સહેજે આવી જાય તેમ છે, અને શાસ્ત્રકારો પણ નિયમ તરીકે એજ જણાવે છે કે जहा लाहो तहा लोहो અર્થાત્ મનુષ્યને જેમ જેમ નવા લાભો મળે છે તેમ તેમ નવો લોભ ઉત્પન્ન થાય છે. આવી રીતે જગતના જીવોનો પ્રચાર અને શાસ્ત્રવચન છતાં પણ ભગવાન્ જિનેશ્વરોના દાનમાં તેથી ઉલટુંજ હોય છે. અર્થાત્ જિનેશ્વર ભગવાનના દાનમાં લાભ વધવાથી લોભનું વધવું થતું નથી પણ તે મેળવનારાઓ મનોરથ પૂર્ણ થયા માની તૃષ્ણાના ભયંકર ભાવનો ભૂકો કરી નાખનારા હોય છે, અને તેથી જિનેશ્વર ભગવાનનું દાન એ પરહિતરતપણાને અંગે હોઈ મહાદાન કહેવાય છે.

## સંવચ્છરી દાનને લેનારા માત્ર પુરુષોજ

વળી એ પણ બીના ધ્યાનમાં રાખવાની છે કે સમગ્ર દેશ અને શહેરમાં મોં માગ્યું લેવાની ઉદ્દ્ઘોષણા કર્યા છતાં પણ કહેવાય છે કે માત્ર પુરુષોજ તે દાનને લેવા આવે, અને તેથી જ શ્રીપર્યુષણાકલ્પના જુના સંવચ્છરીદાનના ચિત્રોમાં માત્ર દાન લેનાર તરીકે પુરુષોનોજ પરિચય કરાવવામાં આવેલો છે. કોઈપણ સંવચ્છરીદાનના ચિત્રમાં સ્ત્રીઓને દાન લેતી ચિતરવામાં આવેલી નથી. સામાન્ય રીતે જો કે એમ કહી શકાય કે સ્ત્રીઓનું સ્થાન અને અવસ્થાન માત્ર ઘરમાંજ હોય, બહુલતાએ બહાર હોયજ નહિ, પણ નજીકમાં રહેવાવાળી અને તેવી બહાર ફરવાવાળી સ્ત્રીઓ દાન લેવા આવી શકે, અને ઉદ્ઘોષણામાં પણ સ્ત્રીઓનો નિષેધ કરવામાં આવેલો નથી, તોપણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દાનનો એટલો બધો અતિશય છે કે તેવી સમગ્ર દેશ અને શહેરમાં ઉદ્ઘોષણા છતાં માત્ર પુરુષોજ દાન લેવા આવે છે, અને આ વાત પ્રશ્નોત્તરકારે બહુલતાના હિસાબે કબુલ કરેલી છે. શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના ચરિત્રમાં પણ સાંભળીએ છીએ કે ભગવાનના મિત્ર બ્રાહ્મણનેજ તેની સ્ત્રીએ પ્રેરણા કરીને મોકલ્યો, પણ તે સ્ત્રીએ સંવચ્છરી દાન લેવામાં કોઈપણ પ્રકારનો પ્રયત્ન કર્યો નહોતો, અને વસ્તુતાએ બ્રાહ્મણને પણ પોતાની સ્ત્રીએ સંવચ્છરીદાનનો લાભ નહિ લીધેલો અને તેથી દરિદ્ર દશા તેમની તેમ સ્થિરવાસ કરી રહેલી, તેથીજ પોતાના ભર્તારને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા શ્રમણદશામાં દાખલ થયા છતાં પણ તેમની પાસે માગવા મોકલ્યો. આ પુરુષોજ દાન ગ્રહણ કરવા આવે એ વાતને જો નિયમ તરીકે લઈએ તો ભગવાન્ જિનેશ્વરોના દાનનો અપૂર્વ મહિમા અને મહાદાનપણાની સિદ્ધિ સહેજે સમજાઈ જાય, અને પુરુષોને કરાતા દાનને અંગે પુરુષોની અપેક્ષાએ પરોપકારિપણું ઘણીજ ઉંચી દશામાં દાખલ થયેલું ગણાય.

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૧૯)




# દર્શનાચાર અને તેના અતિચાર

**આપણને સાધર્મિકોની જરૂર અનિવાર્ય છે. આત્મા પોતે ધર્મક્રિયા આદરતો રહીને સાધર્મિકોથી દૂર રહે એ ઈષ્ટ નથી. સમ્યક્ત્વની પરીક્ષાના સાધનો શાસનમાં વિદ્યમાન છે. સમકિતધારીને સમજવાનો રાજમાર્ગ કયો ? આપણે પોતે સમ્યક્ત્વી છીએ કે મિથ્યાત્વી ? આચારગાથા અને અતિચારગાથાનો અર્થ શો ? ક્રિયા અને ભાવ બંને હોવાં જરૂરી છે. એકલો ભાવ નકામો છે. સમકીતિ સાથે સહકાર સાધો, અને અન્ય ધર્મીઓને ધર્મમાં જોડો.''**

### અધિકાર ક્યારે મળે ?

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપતાં પ્રથમ એ વાત સારી રીતે સમજાવી ગયા છે કે જે કોઈ વસ્તુ તમારી પોતાની માલિકીની હોય તે છતાં તે વસ્તુ ક્યા પરિણામોને નિપજાવે છે એ તમે ન જાણતા હો તો તેની વ્યવસ્થા કરવાની તમારામાં તાકાત ન હોય અને એ વસ્તુનો સદુપયોગ, દુરૂપયોગ અને અનુપયોગ ક્યા પરિણામોને નિપજાવે છે એ તમે ન જાણતા હો, તો એ વસ્તુનો સ્વતંત્રપણે વ્યવહાર કરવાની સત્તા તમોને મળી શકતી નથી. આ નીતિનિયમ એકલો જૈનશાસ્ત્રોએજ સ્વીકાર્યો છે એમ નથી, પરંતુ તે નિયમ આખા જગતે, રાજ્યે અને ધર્મોએ પણ માન્ય રાખ્યો છે. કોઈ ગૃહસ્થ પચાસ લાખ રૂપીઆની મિલ્કત મૂકીને મરી જાય અને તેનો એકનો એક વારસ સગીર હોય તો કોર્ટ એ મિલ્કતના વહિવટને અંગે સગીરને લાયક ગણતી નથી માટે નાજરની નિમણુંક કરે છે પણ એ પચાસ લાખની મિલ્કત સ્વતંત્રપણે વાપરવા માટે માલીક છતાં સગીરને આપી દેવામાં આવતી નથીજ !

**શાસ્ત્રકાર મહારાજાઓ શું કહે છે ?**

અલબત્ત એ સઘળી મિલ્કતનો માલિક પેલો સગીર છે, સિવાય બીજા કોઈની એ વસ્તુ ઉપર માલિકી નથી પરંતુ એ સગીર અર્થના સદુપયોગ, દુરૂપયોગ અને અનુપયોગના પરિણામોને જાણતો ન હોવાથી રાજ્યે તેને મિલ્કતના વહિવટનો સ્વતંત્ર હક આપીજ દીધો નથી. એજ સ્થિતિ સમાજ જગતની પણ છે. ચાર વર્ષની છોકરી પોતેજ પોતાની ઈચ્છાથી આંધળા લુલા લંગડાને પરણવા તૈયાર થઈ જાય તો તેને સ્વતંત્રપણે એ આંધળા લુલા લંગડા સાથે પરણવા દેવામાં આવતી નથી પરંતુ રાજ્ય અને સમાજ બંને એ સગીરબાળાના હિતની ખાતર તેને એવા લગ્નમાં જોડાવા દેતાં અટકાવે છે. આપણે એ વાત કબુલ રાખીએ છીએ કે એ સગીરબાળાના શરીર પરની માલિકી તે સગીરબાળાનીજ છે છતાં સ્વતંત્ર વ્યવહારમાં તેની અશક્તિ હોવાથી સમાજ તેને સ્વતંત્રપણે કાર્ય કરવાનો અધિકાર આપતી નથી. રાજ્યે અને સમાજે જે નીતિનિયમ સ્વીકાર્યો છે તેવોજ નીતિનિયમ ધર્મશાસ્ત્રકારોએ પણ સ્વીકારેલોજ છે.

**આત્માથી ધર્મ ભિન્ન નથી.**

ધર્મ એ આત્માથી પારકી વસ્તુ નથી. ધર્મ એ આત્માથી પરાઈ વસ્તુ ન હોવાનું કારણ એ છે કે ધર્મનો વિહાર આત્માથી સ્વતંત્ર નથી. આત્માથી ધર્મ ભિન્ન નથી અથવા ધર્મથી આત્મા ભિન્ન નથી. ધર્મ અને આત્માની આ અભિન્નતાને લીધેજ ધર્મને આત્માની માલિકીની ચીજ માનવામાં આવેલ છે. વળી એ પણ યાદ રાખવાનું છે કે ધર્મ એ પૌદગલિક ચીજ પણ નથીજ અને પૌદગલિક ચીજ ન હોવાને લીધે પણ તે આત્માથી ભિન્ન નથી. આ જગતમાં પૌદગલિક વસ્તુ મેળવવામાં તકરાર હોય એ સંભવે છે. પૌદગલિક વસ્તુઓ આવવા અને જવાના સ્વભાવવાળી હોવાથી તેની પ્રાપ્તિ અને વ્યયમાં તકરાર સંભવિત છે પરંતુ આત્મા અને ધર્મ અપૌદગલિક વસ્તુઓ હોવાથી આત્માની ધર્મપ્રાપ્તિની પ્રવૃત્તિ તેમાંય તકરાર હોવાનો સંભવ નથી. આ જગતમાં કદી સાચા ખોટાની તકરાર ચાલી શકતી નથી. આ જગતમાં એવો વિવાદ કદી પણ ઉપસ્થિત થયો નથી, થતો નથી યા થવાનો નથી કે સોનું કયું અને ચાંદી કઈ ?

**દ્રવ્યવસ્તુઓને માટે મતભેદ નથી.**

જેમ સોનું કોને કહેવું અને ચાંદી કોને કહેવી એ સંબંધમાં આ જગતમાં તકરાર ચાલતી નથી અથવા તેમાં વિવાદ સંભવતો નથી, તેજ પ્રમાણે કડવું, મીઠું, સુગંધ, દુર્ગંધ, સૌંદર્ય, કુરૂપતા વગેરે કોને કહેવા તેને માટેય વિવાદ કે ચર્ચાને સ્થાન હોતુંજ નથી. સોનું ચાંદી કોને કહેવા, સૌંદર્ય, કુરૂપતા કોને કહેવી, ખારૂં ખાટું કોને કહેવું, કડવું મીઠું કોને કહેવું તેના નિર્ણયો આપવાને માટે કોઈ સુપ્રિમ કોર્ટ કે લોકાઉન્સિલ નીમતું નથી કારણ કે એ વસ્તુઓ પરત્વે ચર્ચા કે વિવાદને સ્થાનજ નથી. જગતમાં પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવવાને અંગે વિવાદ હોય છે પરંતુ એ વસ્તુઓના સાચા ખોટાપણાને વિષે વિવાદ હોતો નથી, પૌદ્‌ગલિક વસ્તુઓના સારા ખોટપણાને વિષે વિવાદ ન હોવાનું કારણ એ છે કે તેનું સારાસારપણું ઈન્દ્રિયોને અગમ્ય નથી પરંતુ તે ઈન્દ્રયોદ્વારા પારખી શકાય એવું છે, અને ઈન્દ્રયોદ્વારા પૌદ્‌ગલિક વસ્તુઓની જણાએલી સત્યાસત્યતા જગતમાં સર્વ કોઈને માન્ય રહેલીજ છે.

**મતભેદ ક્યાં સંભવે છે ?**

ઠંડા, ગરમ, મીઠા, કડવા, ખારા, ખાટા, તીખા, મોળા, ઈત્યાદિ ગુણોનો નિર્ણય ઈન્દ્રિયોને અગમ્ય ન હોવાથી અને એ ઈન્દ્રિયો બધાનેજ મળેલી હોવાથી આ સઘળી વસ્તુઓની ચર્ચા અથવા તો તેના

નિર્ણયને અવકાશ નથી. વળી જગતના સઘળા મનુષ્યોની ઈન્દ્રિયો પણ એક રૂપ હોવાથી બધી ઈન્દ્રિયો જે નિર્ણય આપે છે તે પણ એક રૂપજ હોય છે. આ સઘળા પદાર્થો ખારૂં ખાટું ઈત્યાદિ પૌદગલિક પદાર્થો છે અને તે પૌદગલિક પદાર્થો હોવાથીજ તેના નિર્ણયની ચર્ચા અનાવશ્યક છે, ત્યારે હવે વિચાર કરો કે કેવા પદાર્થોની ચર્ચા આવશ્યક બને છે અથવા કેવા વિષયોના નિર્ણયોમાં મતભેદ સંભવે છે ? હંમેશાં તેવા પદાર્થોનો નિર્ણય કરવાનું મુશ્કેલ બને છે કે જે પદાર્થોનો નિર્ણય કરવાનું કોઈ સાધન આપણી પાસે હોતું નથી. જગતના સ્થૂલ પદાર્થોનો નિર્ણય સરળતાથી થઈ શકે છે કારણ કે એવા પદાર્થોના નિર્ણયના સાધનો આપણી પાસે જોઈએ તેટલા પુરતા પ્રમાણમાં હોય છે.

## નરી અધમતા.

જગતના સઘળા સ્થૂલ પદાર્થોના નિર્ણય કરવાના સાધનો દરેકને મળ્યા છે. આવા સાધનો દરેકની પાસે હોવાથી દરેક વ્યક્તિ જગતના પદાર્થોના નિર્ણયો કરીજ શકે છે પરંતુ મનુષ્યનું સારાનરસાપણું નક્કી કરવાના સાધનો આપણી પાસે નથી તેથીજ મનુષ્યની પરીક્ષા કરવામાં આ જગતમાં ભલભલા ગોથાં ખાય છે અને ઘણા તો માણસની પરીક્ષા કરવામાં કોઠી ધોઈનેજ કાદવ કાઢે છે ! આ જગતમાં એવા તો ઘણા ઉદાહરણો બનેલા છે કે જેમાં વીસ વીસ વર્ષના પ્રામાણિક ભાગીદારો અને વફાદાર અને વિશ્વાસુ મુનિમો હજારોનો ગોટાળો કરીને સેંકડો રૂપીઆ જમી ગયા હોય છે! શેઠને ત્યાં નોકર રહેલો શોફર વરસોના વરસો સુધી શેઠની વફાદારીથી નોકરી કરીને તેજ પરોપકારી શેઠની એકની એક છોકરીને ઉઠાવીને નાસી ગયાના બનાવો બને છે. અને જ્યારે આવા બનાવો બને છે ત્યારે આપણે અચાનક બોલી ઉઠીએ છીએ કે, "એ એવો નીકળશે એવું તો અમે સ્વપ્ને પણ ધારતા નહતા.

## માનવ પરીક્ષા કરવી એ મુશ્કેલ છે.

હવે વિચાર કરો કે જે તમે સ્વપ્ને પણ ધારતા ન હતા તે તમોને સગી આંખે જોવું પડે છે એનું કારણ શું ? તમે સોનું ધારીને એક ચાંદીનો કટકો ખીસામાં મૂકો અને એ કટકો **ચાંદીમાંથી સોનું** થાય અર્થાત્ કે ચાંદીનો કટકો સોનાનો બની જાય એવું કદી બનતું નથી. અથવા તો તમે સોનું ધારીને એ કટકો ખીસામાં મૂકો, અને તેજ કટકો પાછળથી ચાંદી નીકળે એવું પણ કદી બનતું નથી. કારણ એ છે કે તેની પરીક્ષા કરવાના પુરતા સાધનો આપણી પાસે છે અને એ સાધનોને આધારેજ આપણે જડ જવાહીરની પણ પરીક્ષા કરી શકીએ છીએ, પરંતુ એ સોના ચાંદી પારખી શકનારા પથરાઓ પણ માણસની પરીક્ષા કરવાને માટે નકામા નિવડે છે ! જગતના જડ પદાર્થોમાં સામાને છેતરવાની-સામાને ઠગવાની શક્તિ કે વૃત્તિ રહેલાં નથી. સોનું, ચાંદી, રૂપું, તાંબુ એ સઘળા પદાર્થો પોતાનું સ્વરૂપ છુપાવી દે અને બીજું જ સ્વરૂબ બતાવે એમ કદી બન્યું નથી !

## જગતને ઠગવાનો પ્રપંચ !

ચાંદી મૂળરૂપે ચાંદીજ હોય પરંતુ કોઈ ચાંદીને જોવા આવે તે જોનારાને તે ચાંદી સોના રૂપે જણાય એવી રીતની ચાંદી પાસે સ્વરૂપ બદલવાની શક્તિ કે વિદ્યાકળા નથી અથવા પોતાનું સ્વરૂપ બદલીને બીજાને છેતરૂં એવી ચાંદીની ઈચ્છા શક્તિ થવી પણ સંભવિત નથી. હવે માણસની વાત પર આવો માણસ એ વાત સારી રીતે સમજી ગયો છે કે આ જગતમાં જો કાંઈપણ કિંમત હોય તો તે કિંમત હાડકા ચામડાથી ભરેલા મનુષ્યના દેહની નથી પરંતુ એ દેહમાં રહેલા સદ્‌ગુણોનીજ કિંમત છે. સદ્‌ગુણોની કિંમત માણસ જાણે છે પરંતુ તે છતાં તેનાથી સદ્‌ગુણો મેળવાતા નથી અને દુર્ગુણોને દુર કરાતા નથી એટલે તે પોતાના દુર્ગુણોને ઢાંકી દે છે અને

જાણે પોતે સદ્‌ગુણી હોય તેવું બતાવવાનો ડોળ કરે છે. આ જ કારણથી તે પોતાનું દુર્ગુણી સ્વરૂપ છુપાવે છે અને સદ્‌ગુણોનો ઓપ ચઢાવી પોતાનું સ્વરૂપ બદલી દુનિયાને છેતરવા ફરે છે એથીજ મનુષ્યને આપણે તેના સાચા સ્વરૂપમાં કદાપિ પણ ઓળખી શકતાજ નથી.

## સામાન્યજીવો અંતરંગ જોઈ શકતા નથી.

સદ્‌ગુણનો ડોળ કરનારો દુર્ગુણી હોય તેને તો પારખનારાઓજ પારખી શકે છે. બધામાંજ એવી શક્તિ રહેલી નથી કે બધા જ માણસો એવા દુર્ગુણીને પારખી શકે ! એકાદ સુંદર મંદિર હોય પોતાની અપૂર્વ કારીગરી અને સુંદર જાહોજલાલીથી તે ઝળહળી રહ્યું હોય, લોકોનું ચિત્ત તેણે હરી લીધેલું હોય એવા સુંદર મંદિર ઉપર કળશ મૂકીએ અને કળશ ઉપર સોનાનો રસ ચઢાવીએ તો લોકો એવા રસ ચઢાવેલા-ઓપ ચઢાવેલા કળશને શુદ્ધ સોનાનો કળશ છે એમજ કહી દે છે ! કળશ પર તમે ઓપ ચઢાવ્યો હોય તો પણ આખી દુનિયા તો તમારા એ બહારના ઓપનેજ જુએ છે, તે કાંઈ અંદરના પદાર્થોને જોતી નથી. તે અંદરનો સાચો પદાર્થ તો ત્યારેજ જુએ જાણે છે કે જ્યારે તેના પર ચઢાવેલો પેલો ઓપ ઘસાય છે અથવા ઝાંખો પડે છે ! ઓપ ઘસાયા સિવાય અથવા તો તે ઝાંખો પડ્યા સિવાયસંસારના પ્રાણીઓ વસ્તુના અંતરંગને જોઈ શકતા નથી, માત્ર તે તો બાહ્યરંગનેજ જુએ છે અને તે જોઈને રાજી થાય છે !

## એ સેતાનોને કોણ પારખી શકે ?

કોઈ બદમાસ પોતાનું દુર્ગણી સ્વરૂપ છુપાવે છે અને સદ્‌ગુણી તરીકે જગતમાં ઘુસી જાય છે પરંતુ તેનું એ સદ્‌ગુણીનું ઢોંગ જગત પારખી શકતું નથી. જગત તો ત્યારેજ તેના સાચા સ્વરૂપને પારખી શકે છે કે જ્યારે પેલા દંભીને હાથે સમાજમાં દુષ્કર્મો ઘડે છે. સદ્‌ગુણનો સ્વાંગ ધારણ કરીને સમાજમાં ભરાએલા કાળા મેઢાંઓ જ્યારે અપકૃત્યો આદરે છે ત્યારે તેમણે ધારણ કરેલા સ્વાંગરૂપ ઓપ ઘસાઈ જાય છે અને ત્યારેજ તેને માણસો ઓળખી શકે છે આ તો સજ્જનના વેશમાં છુપાએલો સેતાન છે! એજ પ્રમાણે પિત્તળના કળશ ઉપરનું ગીલીટ ઘસાઈ જાય છે ત્યારેજ લોકો પણ જાણી શકે છે કે આ તો પિત્તળનો કળશ છે ! કળશ સોનાનો છે કે પિત્તળનો છે તે પારખતાં સાધારણ જન સમાજને વાર લાગે છે પરંતુ ચોકસી કે પારેખ તો જે ઘડીએ ઓપ ચઢાવેલી વસ્તુને દેખે છે તેજ પળે પારખી કાઢે છે કે આ ઓપ ચઢાવેલી વસ્તુ છે તે અભંગ સોનાની અથવા તો શુદ્ધ ધાતુની વસ્તુજ નથી.

## જ્ઞાનીને સર્વ સુલભ છે.

જેમ પારેખ કે ચોકસી વસ્તુ પર ચઢાવેલા ઓપને દૃષ્ટિ પડે છે તેજ ક્ષણે પારખી જાય છે, તેજ પ્રમાણે જ્ઞાની મહારાજાઓ પણ મનુષ્યે ધારણ કરેલા સજ્જનતાના ઓપને જાણી શકે છે અને તેઓ એવા સેતાનના સાચા સ્વરૂપને ઓળખી શકે છે ! જગતની દૃષ્ટિથી જોનારાઓ ઓપને ઓપ તરીકે સમજી શકતા નથી. તેઓ તો ઓપનેજ સાચું સ્વરૂપ માની લેવાને પ્રેરાય છે, અને સોનાથી રસેલા તાંબા કે પિત્તળના કળશનેજ સોનાના તરીકે માની લે છે ! આ પ્રમાણે પિત્તળ કે તાંબાની ચીજ ઉપર સોનાનો રસ દીધેલો હોય અને તેને સામાન્ય માણસો ન પારખી શકે તો એને આપણે માણસોની ભૂલ તરીકે જાણતા નથી કારણ કે આપણે જાણીએ છીએ કે એકજ દૃષ્ટિએ વસ્તુ ઉપર ઓપ ચઢેલો છે કે નહિ તે પારખવાની તેમની શક્તિ નથી પરંતુ ઓપ ચઢાવેલી કંઠી જો પારેખના હાથમાં આપીએ અને પારેખ પણ તેને ન પારખી શકે તો પછી એવા માણસને ચોકસી કે પારેખ કહેવાને માટે કોણ તૈયાર થશે ?

ઓપને ઓપ તરીકે ન પારખી શકનારાને કોઈપણ સજ્જન ચોકસી તરીકે માનવાને તૈયાર થવાનોજ નથી ! જે માણસ ઓપને ઓપ તરીકે ન ઓળખી શકે તેને આપણે પારેખ માનતા નથી, પરંતુ ઓપનેજ જે મૂળ વસ્તુ ધારી લે છે તેવાને આપણે મૂર્ખોજ કહીએ છીએ. પારેખ ઓપ ચઢાવેલી વસ્તુના મૂળરૂપને જો પારખી શકતો નથી અને એ ઓપનેજ જો તે સાચી વસ્તુ ધારી લે છે તો લોકો તેને મૂર્ખોજ કહે છે. હવે એજ ઉદાહરણ અહીં આપણે ધર્મમાં ઉતારવાનું છે. આપણે ધર્મી છીએ, ધર્મી હોવાનો અને ધર્મ પાળતા હોવાનો દાવો કરીએ છીએ ત્યારે આપણે એ દાવો કેટલે અંશે ખરો છે એ તપાસી જોવાની જરૂર છે. ધર્મના ક્ષેત્રમાં તમે કેઈ લિંગીને સાધુ માનો છો અને કેઈ મિથ્યાત્વીને સાધર્મિક માન્યા છે. હવે સાધર્મિકનો અર્થ શું થાયછે તેનો વિચાર કરો. સાધર્મિક એટલે સમાનધર્મવાળા. હવે તમે મિથ્યાત્વીને તમારા સમાનધર્મવાળા માનો છો તો પછી તમારો પોતાનો ધર્મ પણ કેવો છે તેનો તમે વિચાર ર્ક્યો છે ?

## આપણે આપણું સંભાળો

જેના આત્મામાં સમ્યક્ત્વ ન હોય તેવાને આપણે સમ્યકત્વી માની લીધા, ખોટા રત્નોને પણ આપણે સાચા રત્ન તરીકે માની લીધા છે તો પછી ખોટાનેજ સાચું માનનારા આપણે ખોટા કહેવાઈએ ખરા કે નહિ વારૂ ? એ હિસાબે તો આપણે પણ મિથ્યાત્વીજ ઠરીએ કે બીજું કાંઈ ? કેટલાક શંકાકારો અહીં આવી શંકા કરે છે. હવે આપણે એ શંકામાં તથ્ય કેટલે અંશે રહેલું છે તે જોઈએ. આ વિચારસરણીજ જો આપણે સાચી માની લઈએ અને તેજ પ્રમાણે ચાલીએ તો તો તેનો અર્થ એ થાય છે કે આપણે આપણાજ આત્માનું કરીને ઘરમાં બેસી રહેવાનું છે. આપણે ન તો પારકી પીડામાં પડવાનું છે ન તો કોઈ અધર્મને પંથે જતો હોય તેવાને આપણે સુપંથે વાળવાનો છે, અથવા ન તો આપણે બીજા કોઈના સમાગમમાં આવવાનું છે. માત્ર આપણે પોતે આપણા આત્માથી ધર્મ જાણવાનો છે અને એ ધર્મ જાણીને તેનું આચરણ કરીને પોતાનું આત્મકલ્યાણ સાધવાનું છે. આપણે બીજા કોઈને સાધર્મિક અથવા તો મિથ્યાત્વી કહેવાનોજ નથી.

## પોતાના સમકિતનો નિશ્ચય ક્યારે થાય ?

જે શંકાકારો અહીં આ પ્રમાણેની દલીલ કરે છે તેમની દલીલમાં શું તત્ત્વ રહેલું છે તે જોઈએ. સૌથી પહેલી વાત તો એ છે કે માણસ પોતે પોતાનેજ બરાબર ઓળખી શકતો નથી. આત્માના સમ્યક્ત્વના લક્ષણો સ્વયં વિચારવાથી પોતાના આત્મામાં સમ્યકત્ત્વ થયું છે કે નહિ તે આપોઆપ સમજાઈ જશે.

આત્મા પોતાના સમકિતનો પોતે નિશ્ચય કરી શકતો નથી. જો કોઈ આત્મા પોતાનાજ સમ્યકત્ત્વનો પોતે જ નિશ્ચય કરવા તૈયાર થાય તો તેને તરતજ એ વસ્તુ ખ્યાલમાં આવે છે કે એ નિર્ણય કરવો એ કાંઈ સરળ કાર્ય નથી પરંતુ તે એક ખરેખરૂં કઠણ અને મહામુશ્કેલ કાર્ય છે.

## અંકુર વિના બીજ ન ઓળખાય.

જેના કાર્યો સમકિતના હોય, જેની વાણીમાં સમકિતના દર્શન થતાં હોય, જેના વિચારમાં પણ સમ્યક્ત્વનાજ દર્શન થતાં હોય અને જેનું આચરણ પણ સમ્યકત્ત્વથી રંગાએલુંજ હોય તેવા આત્માને પણ એવો નિશ્ચયજ કરવો કે ખરેખર હું સમ્યક્ત્વ પામેલોજ છું એ વાત મહાદુષ્કર છે. જમીનમાં તમે જે વાવ્યું છે તે વસ્તુ શું છે તેની અન્યને ખબર પડતી નથી. એ ખબર ત્યારેજ પડે છે કે જ્યારે એના અંકુરો ફૂટે છે. વળી અંકુર નિકળ્યો તે ઉપરથી પણ આ ફલાણીજ ચીજ છે એમ આપણે નિશ્ચયપણે

કહી શકતા નથી, કારણ કે અંકુરોમાં પણ ઘણી રીતે સમાનતા હોય છે અને તેથી જ્યાં સુધી એ અંકુર કોઈપણ પ્રકારનું સ્પષ્ટ રૂપ જાહેર ન કરે ત્યાં સુધી અંકુરા ઉપરથી પણ શું વાવ્યું છે તે જાણવું મુશ્કેલ થઈ પડે છે. એજ પ્રમાણે "આ કાર્ય થયું તે સમકિતનું કાર્ય થયું કે નહિ" એવી શંકા કરવાપણું જેને રહેલું છે તેવાને પોતાના સમકિતનો નિર્ણય થવો, એ નિર્ણય કરવો પણ મુશ્કેલ છે. આ મુશ્કેલી એ કાંઈ નાની સુની મુશ્કેલી નથી.

## સૂર્યાભદેવતા અને પ્રભુ મહાવીર

સૂર્યાભદેવતા પોતાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે કે નથી થઈ તે જાણવા માટે એક વાર ભગવાન્ શ્રીમહાવીરસ્વામી પાસે આવ્યા હતા અને તેમણે પ્રભુ મહાવીરને પ્રશ્ન કર્યો હતો કે ભગવાન્ ! હું સમ્યક્ત્વધારી છું કે મિત્યાત્વી છું ? સૂર્યાભદેવતાએ ભગવાન્ શ્રીમહાવીરદેવને પૂછેલા આ પ્રશ્ન ઉપરથી સમ્યક્ત્વની પરીક્ષા કરવી એ કેટલું દુષ્કર છે તે વાત તમે જાણી શકશો.

"સૂર્યાભદેવે અવધિજ્ઞાનથી પ્રભુ શ્રીમહાવીર મહારાજને જોયા હતા અને તે ભગવાન્ શ્રીમહાવીરદેવ પાસે આવ્યો હતો. સૂર્યાભદેવતા પાસે સમ્યક્ત્વ ને મિથ્યાત્વનો નિર્ણય કરવાનું સાધન હતું છતાં સૂર્યાભદેવે સમ્યક્ત્વના નિર્ણય માટે તીર્થંકર ભગવાન્ પાસે જિજ્ઞાસા રાખી હતી. જ્યાં સમ્યક્ત્વના અને ભવ્યપણાના કાર્યો દેખાયા હતા તે છતાં તેના કારણોનો નિર્ણય કરવાની દેવતાને પણ મુશ્કેલી પડી હતી તો આપણો આત્મા તો પોતાના અથવા બીજાના સમ્યક્ત્વનો વિચારજ ક્યાંથી કરી શકવાનો હતો ?

## મિથ્યાત્વીને સમકીતિ માનો તે ?

આત્મા પોતે પોતાના સમ્યક્ત્વનો વિચાર નહિ કરી શકે તો પછી અહીં એ વિચાર કરવાનો છે કે બીજાનો આત્મા સમકીતિ છે એવું કહેવાનો કોઈ પણ આત્માને હક છે કે નહિ ? ગુણીને ન માનતાં જો આપણે અવગુણીનેજ ગુણીના સ્થાન પર માની લઈએ તો તેથી અવશ્ય નુકસાન જ થાય છે. તીર્થંકરોને આપણે ન માનીએ અને તેને સ્થાને કોઈ મિથ્યાત્વીનેજ ભગવાન્ માની બેસીએ અને તેના દર્શન કરવાનેજ દોડાદોડી કર્યા જઈએ તો તેથી પણ હાનિ જ થાય છે. ગૌતમસ્વામી કે જેઓ ગણધર ભગવાન્ હતા તેમને ન માનીએ અને તેમને સ્થાને ગૌતમ નામના ગમે તે માણસ આગળ જ હાથ જોડીને ઉભા રહીએ તો તેનું પરિણામ પણ એજ આવે કે અંતે મિથ્યાત્વના મહાકૂપમાં ગબડવાનુંજ થાય ! અનેક સમકીતિ હોય તે સઘળાને સમકીતિ તરીકે ન માનીએ અને બીજા સમકીતિ હોય તેમને મિથ્યાત્વી માની લઈએ તો તેથી પારાવાર હાનિજ થાય ! આ બધી ગરબડમાં આત્માની સાચી ફરજ તો એ છે કે તેણે બીજી ત્રીજી ગરબડ છોડી દઈને પોતે પોતાનું જ સંભાળવું જોઈએ.

## "નિરાંતે ઓરડામાં ગોંધાઈ રહો."

આત્માએ લાંબી ભાંજગડોમાં ન ઉતરતાં નિરાંતે ઓરડામાં ગોંધાઈ રહીને પોતાનાજ આત્મકલ્યાણની માત્ર ફીકર રાખવી જોઈએ, આવી દલીલ ઘણા શંકાકારો કરે છે. આવી શંકા કરનારાઓએ સમજવાની જરૂર છે કે કોઈ પારેખની પાસે કસોટી હોય તે પારેખ તે કસોટી ઉપર કોઈ ધાતુ લઈને તેનો લીટો કરે અને તે લીટો તેને સોનાના જેવો દેખાય અને દૈવયોગે તે ધાતુ સોનાને મળતીજ આવતી હોય તો આવા પ્રસંગમાં પારેખની ફરજ છે કે અમુક વસ્તુને સોનું તરીકે જાહેર કરતાં તેણે તે વસ્તુને સોનું તપાસવાના સાધન ઉપર તપાસી જોવાની જરૂર છે. પારેખ તે ધાતુની એ રીતે પરીક્ષા

કરે અને છતાં દૈવયોગે છેતરાય તેમાં તેનો પોતાનો દોષ નથીજ. એ જ રીતે પોતાનો આત્મા સમ્યક્ત્વધારી છે કે નહિ તે નક્કી કરવાને માટે પણ શાસ્ત્રકાર મહારાજાઓએ કસોટી નિર્માણ કરી છે અને એ કસોટી આપણે વાપરવાની છે.

## પંચલક્ષણથી પરીક્ષા

પોતાનો આત્મા સમ્યક્ત્વ પામેલો છે કે નહિ તે તપાસવાને માટે શાસ્ત્રકારોએ પાંચ ચિહ્નો જણાવ્યાં છે "શમ, સંવેદ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા." એ પાંચ લક્ષણોથી પરીક્ષાદ્વારા પોતાનો આત્મા સમ્યક્ત્વધારી છે કે નહિ તે જાણી શકાય છે, આત્મા પોતે આસ્તિક છે કે નાસ્તિક છે તે માટે તેને પરીક્ષા અપાવવા સારૂં કોઈ યુનિવર્સિટિ પાસે જવું પડતું નથી. આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મો કરે છે, કર્મોના પરિણામો પણ આત્માજ ભોગવે છે, મોક્ષ છે, મોક્ષના ઉપાય છે, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ મોક્ષપ્રાપ્તિના માર્ગો છે. જે આત્મા આ પ્રકારની માન્યતા રાખે છે તે આત્મા પોતે પોતાને આસ્તિક માને છે. જેમ આત્મા પોતે પોતાની આસ્તિકતા નાસ્તિકતા નક્કી કરી શકે છે તેજ પ્રમાણે આત્મા પોતે પોતાની મેળે જ પોતે સમકીતિ છે કે મિથ્યાત્વી છે તે પણ નક્કી કરી શકે છે.

## સર્વોત્કૃષ્ટ સ્થાન કયું ?

જે આત્મા એમ વિચારે છે કે આ જગતના તમામ જીવો શાશ્વત સુખી નથી. દ્રવ્યભાવથી જેમ હું મને પોતાને કર્મોથી રહિત કરવા માગું છું તે જ પ્રમાણે તમામ જીવોને કર્મથી રહિત કરવાનો મારો ધર્મ છે અને તે કાર્ય હું કરવા માગું છું." તે આત્માએ સમ્યક્ત્વની એક શરત પુરી કરી છે. આત્માની બીજી માન્યતા એ હોવી જોઈએ કે જગતમાં અનેક સ્થાનો છે પરંતુ તેમાંથી એક પણ સ્થાન એવું નથી કે જે મારા આત્માને માટે શાંતિદાતા હોય ! વૈમાનિક, ગ્રૈવેયક, સર્વાર્થસિદ્ધ એ સઘળા સ્થાનોને આ જગત ભલે સારૂં ગણે પરંતુ આત્માની અપેક્ષાએ તો પરમાર્થ દૃષ્ટિએ આ બધામાંથી એક પણ સ્થાન ઉપયોગી નથી કે જે સ્થાનમાં આત્મા અખંડ શાંતિથી અને અનંત આનંદમાં રહી શકે. મારા આત્માની અપેક્ષાએ તો અખિલ સંસારમાં માત્ર એકજ સ્થાન એવું છે કે જ્યાં આત્મા શાંતિથી અને આનંદથી રહી શકે. એવું સ્થાન તે ચૌદરાજલોકમાં માત્ર સિદ્ધસ્થાન છે. તે સિવાય બીજું સ્થાન શાશ્વત શાંતિ આપનારૂં નથી.

## મોક્ષની વ્યાખ્યા

આત્માએ બીજી વાત એ માન્ય રાખવી જોઈએ કે મોક્ષ એ અક્ષય નિરાંતનું સુખનું અને આનંદનું સ્થાન છે એ વાત તો ખરી છે પરંતુ એ આનંદનું સ્થાન પણ કાંઈ વરસાદની માફક નીચે ટપકી પડવાનું નથી. જો મોક્ષ એ સનાતન શાંતિનું સ્થાન છે તો તે માટે મારે ઉદ્યમ કરવો એ પણ કર્તવ્ય છે. આકાશના ચંદ્રને બાળકો હંમેશાં જોયા કરે છે અને તેઓ એ ચંદ્રને લેવાની પણ ભારે આકાંક્ષા રાખે છે પણ તમે કદી એવું જોયું છે કે કોઈ બાળકની પ્રચંડ આકાંક્ષા માત્રથી ચંદ્ર જમીન પર ઉતરી આવ્યો ! અને એ ચંદ્રને લઈને બાળક રમ્યો ! કદી નહિ ! એજ પ્રમાણે આત્મા મોઢેથી મોક્ષ મોક્ષ ઝંખ્યા કરે તો તેથી તેને મોક્ષ મળવાનો નથી પરંતુ તે માટે આત્માએ ઉદ્યમ કરવોજ જોઈએ.

## દોષ રહી જાય તો જવાબદાર કોણ ?

શમાદિક પાંચ લક્ષણોથી તપાસીને આપણે પોતે પોતાને સમ્યક્ત્વધારી છીએ કે મિથ્યાત્વી છીએ

તે જાહેર કરી શકીએ છીએ, પરંતુ આ રીતે આપણે કરેલી પરીક્ષામાં પણ જો દોષ રહી જાય તો પછી ત્યાં ભાગ્યાધીનતાજ માન્ય રાખવાની છે. સોનાને કસોટી પર ઘસી જોવાથી સોનાની પરીક્ષા થાય છે. હવે સોના જેવીજ કોઈ ધાતુ તમારા હાથમાં આવી જાય અને તમે એ ધાતુને સોનાની કસોટી પર ઘસી જુઓ, તમોને તેનો લીસોટો સોના જેવોજ જણાય અને તમે છેતરાઓ તેમાં તમારો દોષ નથી, એજ પ્રમાણે આ પાંચ ચિહ્નો સમ્યક્ત્વને પારખવાના છે. એ પાંચ ચિહ્નોદ્વારા તમે તમારા આત્માને પારખો અને તમે સમ્યક્ત્વી છો એમ માનો પછી તેમાંએ મિથ્યાત્વીપણું આવી જાય તો એવા પ્રસંગોને દૈવને આધીનજ સોંપી દેવા પડે એ સિવાય ત્યાં બીજો કાંઈ ઉપાયજ નથી ! તમે જે પાંચ ચિહ્નોદ્વારા તમારો પોતાનો આત્મા આસ્તિક છે કે નહિ તે પારખો છો તેજ પ્રમાણે એજ પાંચ ચિહ્નોદ્વારા તમારાથી બીજાનો આત્મા સમ્યક્ત્વધારી છે કે નહિ તે પારખી શકાતું નથી ! કારણ કે એ જાતની તાકાત તમારા આત્મામાં રહેલી નથી.

## આસ્તિકતાના છ પ્રકાર

બીજો માણસ છ પ્રકારે આસ્તિક છે કે નહિ, તે ચારે ગતિથી કંટાળ્યો છે કે નહિ, તે મોક્ષનેજ ચાહે છે કે નહિ અને તે મોક્ષનેજ માગે છે કે બીજું કાંઈ માગે છે તેની તમોને ખબર પડી શકતી નથી. બીજાનો આત્મા સમ્યક્ત્વધારી છે કે નહિ તે જાણવાની શક્તિ તમારા આત્મામાં રહેલી નથી, એ શક્તિ જો કોઈનામાં પણ રહેલી હોય તો તે કેવળ કેવલિ ભગવાનોમાંજ રહેલી છે અથવા તો અતીન્દ્રિયજ્ઞાનીમાંજ તેવી શક્તિ રહેલી છે અર્થાત્ બીજાના આત્મામાં સમ્યક્ત્વ છે કે મિથ્યાત્વ છે એ કહેવાની તમારી તાકાત નથી. આ વસ્તુ સર્વથા સાચી છે છતાં અહીં એક વાત યાદ રાખવાની છે. ધારો કે એક માણસ જંગલમાં પડેલો છે. તે જંગલમાં એકલો પડેલો છે અને એકલો પડવાથી તે ગભરાય છે. આ માણસ જાણે છે કે મનુષ્યના સહવાસ વિના તેનું પોતાનું જીવન ટકવાનું નથી. આવી રીતની સમજણથી તે માસણ "મનુષ્ય" હોવા છતાં અરણ્યમાં ગભરાય છે, તેજ પ્રમાણે અહીં પણ એકલો સમ્યક્ત્વધારી તે પણ જંગલના એકલા પડેલા માણસ જેવોજ ગભરાટ અનુભવે છે.

## પહેલીજ વાર ક્ષાયિક સમ્યક્ત્વ નથી

કોઈ પણ આત્માને પહેલવહેલીજ ક્ષાયિક સમ્યક્ત્તવની પ્રાપ્તિ થતી નથી. સૌથી પહેલાં તો ક્ષાયોપમિશક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને પછી તેમાંથી ક્ષાયિક સમ્યક્ત્વ સંભવે છે. હવે વિચાર કરો કે ક્ષયોપશમથી થએલું સમ્યક્ત્વ તે કયું અને કેવું હોય ? અહીં એક ઉદાહરણ લો. ધારો કે એક મોટું પ્રચંડ તળાવ છે. આ તળાવમાં હાથ હાથની લાંબી લીલી સેવાળ બાઝી ગએલી છે. આ સેવાળનું જુથ એટલું બધું ઘન છે કે તેમાંથી થઈને સૂર્યનો પ્રકાશ પણ અંદર પ્રવેશ કરી શકતો નથી. એવામાં સખ્ત પવન આવે છે અને સખ્ત પવન આવવાથી સેવાળમાં ફાટ પડી જાય છે ! સેવાળમાં ફાટ પડી જવાથી સૂર્યચંદ્રનો પ્રકાશ એ ફાટદ્વારા અંદર પ્રવેશે છે અને તે પ્રકાશ પાણી સુધી પહોંચે છે પરંતુ સૂર્યચંદ્રના આ પ્રકાશનો અંદર પ્રવેશ થાય તેના ઉપર આધાર રાખી કોઈ સિદ્ધાંત બાંધી શકાતો નથી, કારણ કે પવનના ઝપાટાથી સેવાળમાં ફાટ પડે અને એ ફાટદ્વારા સૂર્યનો પ્રકાશ અંદર પ્રવેશ કરે. એ ફાટનો ભરોસો ન રખાય. પવન આવે તો ફાટ ફેર પુરાઈ જાય.

## એને ભરોસે ન ભૂલતા !

પવન અનુકૂળ છે ત્યાં સુધી એ ફાટ પડશે

અને એ જ પવન જ્યાં ફરી બેઠો કે એ ફાટ બંધ થઈ જશે, અને એ ફાટ બંધ થઈ જતાંજ પાણી પર પથરાતો સૂર્યપ્રકાશ બંધ થઈ જશે. એજ પ્રમાણેની સ્થિતિ તમારે ક્ષયોપશમના સમ્યક્ત્વની પણ સમજવાની છે. ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ એ પરિણામની ફાટ છે. શેવાળમાં જેમ ભાગ્યયોગે પવન આવી જાય છે અને ફાટ પડે છે તેજ પ્રમાણે આપણા જીવને ક્ષયોપશમભાવનાથી મળેલું સમ્યક્ત્વ એ પવનના ઝપાટાથી સેવાળમાં પડેલી ફાટ જેવું છે. હવે ખ્યાલ કરજો કે એ સેવાળમાં પડેલી ફાટમાંથી તે કેટલું અજવાળું અંદર પ્રવેશ કરી શકવાનું હતું ? કોઈપણ પ્રકારે પવન આવતો બંધ થયો, અથવા તો પ્રતિકૂળ દિશાએથી પવન આવવા લાગ્યો કે તેજ ક્ષણે એ ફાટ બંબ પડવાનીજ અને અંદર જતા પ્રકાશનો પણ અવરોધ થવાનોજ થવાનો ! અહીં જે સ્થિતિ આ તળાવના પાણીની છે તેજ પ્રમાણે આત્માની સ્થિતિ પણ તમારે સમજવાની છે.

## અંદર પ્રકાશ ક્યારે ઉતરે ?

આપણો આત્મા એ દર્શનમોહનીય કર્મોથી છવાએલો છે. તળાવના પ્રત્યેક ભાગો જેમ લીલથી છવાએલા છે, તેજ પ્રમાણે આત્માનો એક એક પ્રદેશ અનંત દર્શનમોહનીયથી છવાએલો છે. આત્મા આમ ભયંકર રીતે કર્મથી છવાએલો છે. આ દશામાં દુઃખ અથવા સંકટનો વા વાય છે અને એ વાને લીધેજ આત્માને જિનવાણી ચિંતામણિના તેજ સ્પર્શે છે. દુઃખરુપી કાળીદેવીની ફુંકથી પ્રવેશેલું આ જિનવાણી ચિંતામણિનું તેજ તે કેટલો સમય ટકી રહેવાનું હતું વારૂ ! તમે જાણો છો કે તલાવ પર લીલ શેવાલ છવાએલી હોય તો પહેલાં તો તેમાં ભાગ્યેજ ફાટ પડે છે, અને એવી ફાટ પડે છે ત્યારે જ સૂર્યના તેજ અંદર પ્રવેશ છે. હવે જો એ પવન અનુકૂળ હોય તોજ એ ફાટ કાયમ રહે છે, અને એ ફાટ કાયમ રહે છે તોજ અંદર પ્રકાશ ઉતરે છે, તો પછી એ પવન ચાલુજ રહેશે અને એ ફાટ કાયમજ રહેશે એનો ભરોસો શો માની શકાય ? કોઈપણ સમજું માણસ તો એ પવન પર વિશ્વાસ નજ રાખી શકે.

## લાકડીનો ઉપયોગ ક્યારે ?

ક્ષાયોપશમિક ભાવના પરિણામવાળું સમ્યક્ત્વ આવા પ્રકારનું હોવાથીજ એ સમ્યક્ત્વની રક્ષા માટે શાસ્ત્રકારોએ આપણા હાથમાં ડાંગરૂપી શાસ્ત્રો આપી રાખ્યાં છે. દરવાજા બહાર ભૈયાને બેસાડ્યો હોય તો તેના હાથમાં કુતરા હાંકવાને માટે લાકડી આપવામાં આવે છે. ભૈયાજી કાંઈ પળે પળે આ લાકડીનો ઉપયોગ નથીજ કરતા પરંતુ છતાં લાકડીવાળા ભૈયાજીને જોઈને કુતરા અંદર આવતા અટકે છે અને તે બારણેજ થોભી જાય છે ! કુતરાની ટેવનું તમે અવલોકન કરશો તો તમોને માલમ પડી આવશે કે દરવાજામાં પ્રવેશવા માટે કુતરાને કાંઈ તેડવા જવા પડતા નથી પરંતુ કુતરાનો તો સ્વભાવજ એવો છે કે તે દરવાજો ખુલ્લો જુએ એટલે તેમાં પેસવાજ માંડે છે, એટલેજ એ કુતરાના હુમલામાંથી બચવાને માટે ડાંગ આવશ્યક છે. એ જ ડાંગનું કામ અહીં શાસ્ત્રો આપે છે. દર્શનમોહનીયરૂપી એક ભયંકર કુતરો છે. તે કુતરો તમારામાં ન પેસી જાય તેની યોજના પરોમપકારી શાસ્ત્રકાર મહારાજાઓએ શાસ્ત્રો રૂપી પ્રતિકારથી કરીજ રાખી છે.

## જૈનાગમો એ તો વજદંડ છે.

જેમ શ્વાનરાજને નિમંત્રણની જરૂરજ નથી. તે મહાશય પણ ખુલ્લું દેખે ત્યાં પેસીજ જાય છે, તેજ પ્રમાણે દર્શનમોહનીય પણ તમારા આત્મા ઉપર ચઢી બેસવાને માટે તૈયારજ છે અને જ્યાં જરાક તક મળી કે તે તરતજ તમારા આત્મામાં ઘુસીજ જાય છે, એટલા માટેજ શાસ્ત્રકાર ભગવાનોએ આપણને શાસ્ત્રરૂપી ડાંગ આપી રાખેલી છે, અને વળી શાસ્ત્રરૂપી આ ડાંગ પણ એવી પ્રબળ છે કે તે બીજા કશા પણ સાધનોથી ભાંગવી કે નિર્બળ થવી એ અશક્ય છે. શાસ્ત્રરૂપી ડાંગ એ વજદંડ

છે અને તે જગતના ગમે તેવા પ્રચંડ મિથ્યાત્વોનો સામનો કરવાને માટે પણ શક્યજ છે. કુતરો આપણી સામે ધસી આવે છે તો તેને હાંકી કાઢવાને માટે આપણે સૌ ડાંગ ઉંચી કરીએ છીએ અને જ્યાં ડાંગ ઉંચી થાય છે કે તે કુતરા એ ડાંગનો ફટકો પડ્યા પહેલાંજ નાસી જાય છે એજ પ્રમાણે મિથ્યાત્વરૂપી શંકાઓ પણ જ્યાં જૈનશાસનના આગમો રૂપી શાસ્ત્રોને ઉંચા કરીએ છીએ કે ત્યાં ભાગીજ જાય છે. ભગવાન્ શ્રીજિનેશ્વરદેવોએ પદાર્થો, તેના સ્વરૂપો, તેના ફળો વગેરે સઘળાની પ્રરૂપણા કરી છે પરંતુ એ શાસ્ત્રાદેશમાં કુમતિના યોગથી જ્યાં શંકા ઉભી થાય છે કે ત્યાં તરતજ જિનશાસ્ત્રોરૂપી ડાંગ ઉભી કરવાની છે.

## શાસ્ત્રરૂપી ડાંગ

જેમ ડાંગનો ફટકો મારવાની પણ જરૂર નથી પડતી અને માત્ર ડાંગ જોઈનેજ અથવા તો તેને ઉંચી કરેલી જોઈનેજ કુતરાઓ ભાગી છૂટે છે તેજ પ્રમાણે ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજના આગમોનું પણ નામ સાંભળતાંજ શંકા રૂપી કુતરાઓ ભાગીજ છૂટે છે ! "तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं" એ શ્રીજિનશાસનનું વચન સુપ્રસિદ્ધ છે. મારા ધારવામાં ફલાણું આવે છે. હું એમ ધારૂં છું મારો અભિપ્રાય આવો છે. આવું બોલતાં આજે આપણે ઘણાને સાંભળીએ છીએ પણ વિચાર તો કરો કે સંસારની મોહમાયામાં રચીપચી રહેલો, વાસના અને વિષયોનો દાસ એવો તું તે કોણ ? અને તારી તે શક્તિ શી કે ગહનતત્વજ્ઞાનના વિષયમાં પણ તું તારો અભિપ્રાય આપી શકે ? દાકતર એમ કહે કે મારો અભિપ્રાય છે કે કાયદામાં ફલાણા ગુન્હા માટે ફલાણી શિક્ષા છે તે ખોટી છે અથવા વકીલ એમ કહે છે કે મારો અભિપ્રાય છે કે ન્યુમોનિયાના દરદીને આમલીનું પાણી બનાવીને તેજ પાવું જોઈએ !" તો આવા દાકતરો અને વકીલો એને આપણે મૂર્ખાજ કહીશું.

એજ સ્થિતિ પ્રમાણે અહીં પણ ચાલવાનું છે. અહીં ધર્મક્ષેત્રમાં પણ વિચાર કરવાનો છે કે હું કોણ? મારો અભિપ્રાય ગમે તેવો હોય, મારા વિચારો ગમે તેવા હોય પરંતુ તે સઘળા મિથ્યા છે અને ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજાએ કહેલું તેજ સત્ય છે, તેજ શુદ્ધ છે, તેજ વિકાર વિનાનું છે અને તેમાં શંકા લાવવી પણ અર્થહીન છે. તમારી આવી પાકી માન્યતા થવી એ દર્શનમોહનીયરૂપ ભયાનક કુતરાનો પ્રવેશ તમારા આત્મામાં ના થવા દેવા બરાબર છે. દર્શનમોહનીય રૂપી કુતરો જ્યાં તમારામાં પ્રવેશવાનો વિચાર કરે અને જ્યાં તમારો આત્મા શંકાથી ડોલવા લાગે, એવો તમોને સંભવ જણાવા લાગે કે ત્યાં તમારે શાસ્ત્રરૂપી ડાંગ ઉંચી કરવાની છે. જ્યાં એ ડાંગ ઉંચી થાય છે કે ત્યાં દર્શનમોહનીય રુપી કુતરો ભાગી છૂટે છે, અને આત્મા શંકા રહિત બને છે. તમે જાગૃત હો અર્થાત્ તમારો આત્મા જાગૃતિમાં હોય ત્યાં સુધી તમારામાં પ્રવેશતા દર્શનમોહનીયરૂપી શ્વાનરાજને ખાળવાનો શાસ્ત્રો એ સર્વોત્તમ માર્ગ છે, પરંતુ હજી અહીં તમારે બીજી એક વાત વિચારવાની છે.

## ત્યાં સુધી વ્યૂહ અધુરો છે.

તમે તમારા બંગલામાં કોઈ ચોર ન ભરાઈ જાય તે માટે બારણે ભૈયાને બેસાડો છો. એ ભૈયો હાથમાં ડાંગ પણ રાખે છે અને જ્યાં તમારી વાડી બંગલામાં કુતરાઓ ભરાવા આવે છે કે ત્યાં પેલા ભૈયાજી ડાંગ ઉંચી કરે છે અને ડાંગ ઉંચી થતાંજ શ્વાનરાજ પોતાના લશ્કર સાથે ભાગી છૂટે છે, પરંતુ કર્મસંયોગે તમારો દ્વારપાળ ઉંઘી ગયો હોય તો પેલા કુતરાઓ અંદર ધસીજ આવે છે અને તેથીજ એ કુતરાઓને અટકાવવા માટે જ તમે રાખેલો દ્વારપાળ તમોને નકામો થઈ પડે છે. આ સ્થિતિમાં એ સુઈ ગએલા પહેરેગીરને જગાડવાની, તેને ઉઠાડવાની કોઈપણ વ્યવસ્થા હોવાની જરૂર છેજ ! જેમ તમારી વાડીમાં કુતરા ન પેસી જાય તે માટે તમે રાખેલા

પહેરેગીરને જગાડવાની વ્યવસ્થા રાખવી આવશ્યક છે, તેજ પ્રમાણે તમારા આત્મામાં પ્રવેશતા દર્શનમોહનીયરૂપ કુતરાને માટે પણ તમારે કાંઈ વ્યવસ્થા કરવાની જરૂર છે અને જ્યાં સુધી એવી વ્યવસ્થા તમે ન કરો ત્યાં સુધી તમારો વ્યૂહ અધુરો છે.

## ભૂલો થાય તો સુધારવા માટે શું ?

તમારો આત્મા જાગૃત હોય ત્યાં સુધી તો દર્શનમોહનીયરૂપ કુતરાઓ અથવા તો તેના પરિવારરૂપ શંકાઓ જ્યાં તમારામાં પ્રવેશવા આવે છે કે ત્યાં તમારો આત્મા શાસનમાન્ય આગમો રૂપી ડાંગ ઉંચી કરે છે અને તેથી દર્શનમોહનીયરૂપ કુતરાઓ ભાગી છૂટે છે પરંતુ જ્યારે તમારો આત્મા નિદ્રામાં પડેલો હોય ત્યારે તેને જગાડવાને થાટે શી વ્યવસ્થા કરી છે ? કર્મનો ઉદય એ આત્માની નિદ્રા છે. જ્યારે કર્મનો ઉદય થાય છે ત્યારે આત્મા ઉંઘી ગએલોજ સમજવાનો છે. કારણ કે કર્મોદયથી ઘેરાએલો આત્મા પોતે કોણ છે, પોતે ક્યાંથી આવ્યો છે, આ મહાભયાનક ભવચક્રમાં તે ક્યારથી જોડાયેલો છે અને તેનું (કાર્ય) કર્ત્તવ્ય શું છે વગેરે કાંઈ પણ પ્રશ્નો વિચારતોજ નથી તે ભયંકર નિદ્રામાં પડી રહીને અર્થાત્ કર્મરાજાની બંસીના સૂર ઉપર મુગ્ધ થઈને એ વાંસળી જેમ વાગે છે તેમ નાચવા માંડે છે. પોતાના સ્વરૂપની, પોતાના કર્તવ્યની અને પોતાના હિતાહિતની ચિંતા તે ખોઈને બેઠો છે. હવે વિચાર કરો કે આવા સંયોગોમાં તેને જાગૃત કરવો શી રીતે ?

## આત્મા અને કર્મોદય

આત્માના સંબંધમાં કર્મનો ઉદય થાય છે ત્યારે આત્મા મોહરૂપ નિદ્રામાં પડેલો હોય છે પરંતુ તે છતાં પણ એટલું તો યાદ રાખવાનુંજ છે કે આપણો પહેરેગીર, તેની ડાંગ, તેની બેઠક એમાંથી કાંઈ પણ આપણે ગુમાવી દીધું નથી. પહેરેગીર તેના સ્થાન પરજ સ્થિત છે અને સ્થિર છે. તેની બેઠક પણ બરાબર છે ત્યાં જ છે અને તેના હાથમાં શાસ્ત્રો રૂપી ડાંગ પણ તૈયારજ છે. માત્ર પહેરેગીર ઉંઘી ગયો છે તેને જગાડવો શી રીતે એટલોજ પ્રશ્ન અત્યારે આપણી પાસે ઉપલબ્ધ છે. એ ઉંઘી ગએલા પહેરેગીરને જગાડવા માટેજ બીજા સમ્યક્ત્વવાળા આત્માની જરૂર છે. બીજાં તમારા સગાં હો, સંબંધી હો કે મિત્ર હો પરંતુ તે સમ્યક્ત્વ પામ્યા હશે અને તે તમારૂં આત્મકલ્યાણ ચહાય અને તમે તેનું આત્મકલ્યાણ ચાહો એવો ગાઢ સંબંધ તમારામાં થએલો હશે તોજ તે તમારા મિત્રો આવે વખતે તમારૂં હિત ઈચ્છશે અને તમારા ઉંઘી ગએલા આત્માને તેઓ જાગૃત કરવાનું કાર્ય બજાવશે.

## બચાવનું અભેદ સાધન

તમે પાપમાં પડતા હો, તમે મિથ્યાત્વમાં ઉતરી જતા હો, તમે ભક્ષ્યાભક્ષ્યના વિવેકનો ત્યાગ કરવા તૈયાર થઈ ગએલા હસો ત્યાં એ તમારો સમકીતિ મિત્ર તમોને જાગૃત કરશે. તમારા આત્માને તે જગાડશે અને તમોને પાપમાં પડતો બચાવીજ લેશે ! બીજા સમકીતિની કેટલી જરૂર છે તે હવે આ ઉપરથી તમે બરાબર સમજી શકશો. તમે તમારી વાડીને બારણે જબરદસ્ત શરીરનો પહાડી પહેલવાન બેસાડો, તેના હાથમાં લોખંડની ડાંગ આપો અને તેને બરાબર ખવાડી પીવાડીને મસ્ત રાખો તો પણ જો તે ઉંઘી ગયો તો તેની ડાંગ તેના હાથમાંજ રહી જશે અને કુતરાઓ અંદર પ્રવેશ કરી આવશે, તેજ પ્રમાણે તમારા આત્માને જાગૃત કરનારા બીજા સમકીતિની તમે વ્યવસ્થા નહિ રાખશો તો તેનું ફળ પણ એજ આવશે કે જૈનશાસન માન્ય આગમો તમારા હાથના હાથમાંજ રહી જશે અને દર્શનમોહનીય રૂપી કુતરાઓનો પણ તમારામાં ઝપાટાબંધ પ્રવેશ થઈ જશે ! અર્થાત્ તમે મિથ્યાત્વમાં ઉતરીજ જશો ! !

**સાધર્મિકોની સાચી ફરજ**

વ્યવહારમાં પણ તમે આજ જાતની વ્યવસ્થા જુઓ છો કે બીજું કાંઈ ? ના. સરકાર શહેરમાં બંદોબસ્ત જાળવવાને માટે સ્થળે સ્થળે સરકારી થાણાં રાખે છે, થાણાંઓમાં પુરતી પોલિસ રાખે છે, પરંતુ તે છતાં થાણા તપાસવાને માટે જમાદારોને ફરવાનું પણ રાખેજ છે ! જમાદારો ફરે છે, તેમને બેવડું કામ કરવાનું છે, ચોરો પણ પકડવાના છે અને સિપાઈઓ જાગૃત રહીને તેમને સોંપવામાં આવેલું કામ બરાબર કરે છે કે નહિ તે પણ સંભાળે છે. પરંતુ ખરી રીતે જોઈએ તો જમાદારની વધારે તપાસ પોલિસો ઉપરજ છે. સિપાઈઓની તપાસ રાખતાં ચોર હાથમાં આવી જાય તો જમાદાર કાંઈ તેને છોડી મૂકતો નથીજ પરંતુ જમાદારને ચોર પકડવાનું કોઈકજ વેળાએ બને છે જ્યારે તેને પોતાનાજ સિપાઈઓ ઉપર દેખરેખ રાખવાનું તો હંમેશને માટેજ હોય છે. જમાદારની તપાસનું મુખ્ય તત્ત્વ એ છે કે સિપાઈઓ ઉંઘે છે કે પોતાનું કાર્ય કરે છે તે તપાસવું. જમાદારને સૌથી પહેલાં રક્ષણ માટે રાખેલા સિપાઈઓને જ જોવા પડે છે, તેજ પ્રમાણે અહીં તમારા સાધર્મિક ભાઈઓએ પણ સૌથી પહેલાં તમારા ઉપરજ રોન ફરવાની છે !

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૨૪

---

# અમારા માનવંતા ગ્રાહકોને

હવે વી. પી. કરવાં શરૂ ર્ક્યાં છે, અને સાથે **‘શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય’** નામનું ભેટનું પુસ્તક પણ મોકલવામાં આવે છે.

જે ગ્રાહકોને આ અંક વી. પી. થી ન મોકલ્યો હોય તેમને આવતો અંક જરૂર વી. પી. થી રવાના કરવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની નીચેની ઓફિસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે. જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકો (મહેસાણા અને સુરત સિવાય) ને ભેટના પુસ્તક સાથે અંક વી. પી. કરવામાં આવશે, તે સ્વીકારવા વિનંતિ છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઈચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે એથી પણ વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો લખી મોકલવાં, કારણ કે ગ્રાહક પૂરતીજ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનિઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂા. ૨-૦-૦ તથા ભેટના પુસ્તકના પોસ્ટ ચાર્જના રૂ. ૦-૪-૦ મળી રૂ. ૨-૪-૦ નું મનિઓર્ડર કરવું.

લી.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ નં ૩

# સમાલોચના

આવ૦ ચૂર્ણિ પૃષ્ઠ ૧૨૮ अवरविदेहे तत्थ एगंमि गामे गामस्स चिंतओ एगं महं अडविं अणुपविट्ठो+तेण अडवी पंथेण+तं देसं गता

આવ૦ મલ૦ વૃત્તિ પત્ર ૧૫૨ अवरविदेहे एगंमि गामे बलाहिओ+महाडविं पविट्ठो+तेण अडविपंथेण+तं देसं गता

આવ૦ ભાષ્યં अवरविदेहे गामस्स चिंतगो

આવા સ્પષ્ટ પાઠો હોવાથી નયસાર ગામના રાજાજ હતા, પણ તલાટી કે તેવા ન હતા અને ભયંકર જંગલના નાકાના જંગલમાં સાધુને નથી દેખ્યા એમ કહેનાર કેવો હસે તે વાચકો સમજશે.

(સામાહિક)

૧ અમોઘ શબ્દનો અર્થ વ્યર્થ નહિ એવો જેમ થાય છે તેમ સફળ પણ થાય છે.

(બુદ્ધિ૦)

૧ સંમેલન કઈ દાનતથી ભરવા તૈયાર થયા હતા તે વાત સંમેલનની વખતેજ અને ખાનગી મસલતોથી ખુલ્લી પડી ગઈ હતી, અને સંમેલનને નામે સ્વપ્રાની બાબત પ્રમુખ પાસે ઉચરાવવાથી પણ ખુલ્લી થઈ હતી અને વળી હમણાં સંમેલનમાં રામચંદ્ર પંડિત અને આત્માનંદ સભાએ કરેલ ધર્મબિંદુ ભાષાંતરની વડી દીક્ષા માટે છ માસની પરીક્ષા હોવાથી કલ્પના પહેલાંની છે એમ થયેલી વાત તથા ત્યાં જાહેર થએલ નિશીથ વિગેરેના પાઠનું ધ્યાન રાખ્યા વિના અને સંમેલને પણ સામાન્ય ઠરાવેલી પરીક્ષાનો સવાલ ઉભો કરનાર સંમેલનમાં પોતાના પાસા ઉંધા પડ્યાની જાહેરાત કરે છે એમજ કહેવાય.

૨ શ્રીનિશીથભાષ્ય, યતિજીતકલ્પ અને પંચવસ્તુ પછી બનેલ તથા આચારમાં મ્હેલાતી સુબોધા તથા આચારમય સામાચારીમાં નાની દીક્ષાની છ માસ કે કોઈપણ મુદતવાળી પરીક્ષા હોય તો જણાવવી જરૂરી છે, તથા પંચવસ્તુને માટે કરાયેલા પ્રશ્નોત્તરોનાં સમાધાનો દીધા સિવાય પિષ્ટપેષણ કરવું શુદ્ધ લેખકને શોભે નહિ.

૩ ધર્મસંગ્રહમાં 'દેયા' શબ્દ કૌંસમાં કરેલ હોવાથી સ્વકલ્પના સિદ્ધજ છે, છતાં પ્રવચનકારને अस्य શબ્દ અને આગલ આવતો तस्य શબ્દ કેમ સંગત કરવા તે ન સૂઝે તેમાં નવાઈ નથી.

૪ જો પ્રવચનકારને અહીં યોગ્યતાના અર્થવાળો દેયા શબ્દ નડ્યો તો પછી એનાથી પહેલાં दीक्ष्य શબ્દ છે તે ન નડ્યો એ આશ્ચર્ય છે. દેયાપદનો અર્થ દેવા લાયક એમ છતાં વર્તમાન ક્રિયાપદ જેવો ગણનારે વિચાર કરવો.

૫ આવાં વિષયાંતરો કરવાથી આર્યાનાર્ય આદિની ચેલેંજો ઉડાવી નહિ શકો.

૬ દીક્ષા લેનારની નપુંસકાદિ ન હોય એવી તપાસ કરવાનો કોઈએ નિષેધ કર્યો નથી ને કરતું નથી, પણ પ્રવચનકારને છ મહીનાની મુખ્યતાએ પરીક્ષા માટેની રોકાણનો આગ્રહ છે. ઉપમિતિ. કે સમરાઈચ્ચમાં મર્યાદા છેજ નહિ, માટે તે ભમાવનાર છે.

(સામાહિક)

૧ અગીતાર્થ દીક્ષા કે એવું શાસ્ત્રવિધાન કોઈ કહેતુંજ નથી, એ તો પ્રવચનકારની કલ્પનાજ છે.

૨ દીક્ષા દીધા પછી સાધ્વાચાર કહેવો એવું વિધાન પ્રવચનકારની કલ્પનામાંજ હશે.

૩ જે પાઠો મુખ્યતાએ છ માસ દીક્ષાર્થીને રોકવા માટે સંમેલનમાં પ્રવચનકારે આપ્યા હતા અને જે ઉપરથી સિદ્ધિ થઈ નહોતી તેજ પાઠો પ્રવચનમાં આપી પિષ્ટપેષણ કર્યું છે.

૪ સાધુ આચારના અભ્યુપગમ-અંગીકારનું નામ પરીક્ષા ચૂર્ણિકાર કહે છે ને તે પાઠ પ્રવચનકાર જાણે છે, છતાં તેને ન અડતાં એકાંત છ માસનાજ ઉત્સર્ગમાં જવાય તે શું આશ્ચર્ય નહિ ?

૫ કદાચ નાની દીક્ષા માટે પણ છ માસની પરીક્ષા શાસ્ત્રીય હોય તો સમાલોચકને માનવાનો વાંધો શો ? કેમકે પ્રવચનકાર પોતેજ અપવાદથી નાની મોટી મુદત તો માનેજ છે, અર્થાત્ પ્રવચનકારના મતે પણ પરીક્ષાનો નિયમિત સમય તો છેજ નહિ. અનિયમિતનો વ્યર્થ શાસ્ત્રાર્થજ કહેવાય.

૬ આ જ પંચવસ્તુઆદિના પાઠોથી તેમના સ્હામાવાળાઓએ હીલચાલની શરૂઆતથી દીક્ષાનો આંતરો રાખવાની વારંવાર સૂચના આપી હતી, તે તેમના હિસાબે વ્યાજબી હતી તો પછી આટલી બધી વખત અને આટલો બધો કલેશ હાનાના વૈરનોજ સમજવો કે? (વડોદરામાં શાસનના ભોગે સમુદાય જલવાયો અને આ વખતે શ્રીસંઘનો ભોગ વ્યક્તિ માટે લેવાયો એમજ કે ?)

(સાપ્તાહિક)

૧ કૌશાંબી નગરીથી દક્ષિણના માળવાદિ (સોરઠ જેમાં શ્રીસિદ્ધગિરિ છે તે) ને મહારાજ શ્રીઆત્મારામજીએ ભગવાન્ શ્રી મહાવીર મહારાજ વખતે અનાર્ય તરીકે જાહેર કર્યા હતા એમ ખરૂં ? જો તે વાત જુઠી હોય તો તેનો પ્રવચનમાં સ્પષ્ટ ઇન્કાર થવો જોઈતો હતો એ જો તે વાત સાચી હોય તો અંક ૨-૩ માં આપેલા ચેલેંજનો સ્વીકાર તમે (પ્રવચનમુદ્રકે) કે તમારા ગુરુ કે દાદાગુરુએ કેમ નથી કર્યો ? (તમોએ રદીયા આપવાની કરેલી જાહેરાત યાદ કરવી.)

(સાપ્તાહિક)

૧ કહેવતોને સર્વથા સત્ય માની વગર સમજે લખાય, પણ માથે આવે ત્યારે ચોરની મોરપીછાંનું ચિહ્ન સાક્ષી પૂરે તેમ થાય.

(વીરશાસન)

૧ દિગંબરભાઈઓ જ્યાં પણ શ્વેતાંબરોની સાથે સહકાર માગતા હોય ત્યાં શ્વેતાંબરોએ પોતે કલેશપ્રિય નથી તેથી ખાનગી સહકાર આપવો ઉચિત છે પણ બેમાંથી કોઈની પણ ભાવિ પ્રજાના વિચારોની સરલતા બાબત ખાત્રી રહે નહિ માટે મંદિર કે ઉપાશ્રયના સ્થાનકે મિલ્કત બાબતમાં સહાકરઆપવો કે લેવો નહિ, અને એમ કરવાથી બંનેના સમુદાયો અને સંતાનો અડચણમાં નહિ આવે.

(હુબલી)

૧ પ્રવચનનું નામ આહ્વાનનો રદ ગયેલો લેખ આવવાથી લખાય.

૨ અસંખ્યનિર્જરા આદિના લેખો ઘણા પ્રવચનના અંકોમાં છે તે જોવા.

૩ બહાર પડતા અંક સુધીના લેખો જોવાયજ છે. તમોએ તે પછીનો અંક જોયો ને બતાવ્યો હશે.

(જૈનપ્રવચન કાર્યાલય)

૧ સંમેલનની નાસીપાસીને લીધે અમારા આચાર્યને અમુક ગાળો ખવડાવી એમ નવા આચાર્ય વિગેરે બાઈઓ આગળ અવળી બૂમો પાડે તેમાં સમાલોચકનો ઉપાય નથી.

(પાટણ સમાચાર)

# ઉપધાનની તપસ્યા

(ગતાંકથી ચાલુ)

**ઉપધાનની વાચનાનો પ્રાચીન અર્વાચિન ક્રમ**

ઉપધાનની વાચનાવિધિમાં શ્રીમહાનિશીથસૂત્ર પ્રમાણે પાંચ ઉપવાસ થયા પછી પાંચે દિવસ આંબેલ કરીને પાંચે અધ્યયનોની જુદી જુદી વાચના થતી હતી, અને છઠ્ઠે દિવસે આંબેલથી બે પાદરૂપએક સંપદાની અને સાતમે, આઠમે દિવસે એક એક પદની વાચના દઈ ચૂલિકાની વાચના પૂરી કરવામાં આવતી હતી અને છેવટે પંચમંગલમહાશ્રુતસ્કંધની અનુજ્ઞાનો અટ્ઠમ કરવામાં આવતો હતો, જ્યારે વર્તમાનમાં સુબોધાસામાચારીની વખતે પાંચ ઉપવાસો થયા પછી પાંચે પદોની એક સાથે વાચના દેવામાં આવતી હતી, તેને અનુસારે પાંચે પદોની એકી સાથે વાચના દેવાય છે, અને બાકીના સાત (સાડી સાત) ઉપવાસનું પ્રમાણ થયા પછી બીજી ચૂલિકાની વાચના દેવાય છે, પણ સુબોધાસામાચારી વખતે આઠ આંબેલ અને ત્રણ ઉપવાસ પછી તે વાચના થતી હતી. પહેલાંના પાંચ પદો પાંચ અધ્યયનરૂપ છે તેથી તે પંચમંગલને શ્રુતસ્કંધ કહેવામાં આવે છે, અને વિશેષાવશ્યકભાષ્યકારના કહેવા પ્રમાણે સર્વ સૂત્રોની શરૂઆતમાં એનું પઠન કરવાનું નિયમિત હોવાથી તેને પંચમંગલમહાશ્રુતસ્કંધ કહેવાય છે. આ પહેલા ઉપધાનમાં કહ્યું તેમ બીજા ઈરિયાપથિકી (પ્રતિક્રમણ)નું સૂત્ર તે પણ શ્રુતસ્કંધ તરીકે ગણાય છે, તેમાં આઠ અધ્યયનો છે, તેમાં છેલ્લા ત્રણ અધ્યયનોની ચૂલિકા ગણાય છે. એ પાઠ અધ્યયનોમાં ઈચ્છામિ૦ ૧, ગમ૦ ૨, પાણ૦ ૩, ઓસા૦ ૪, જે મે૦ ૫, એ પાંચ અધ્યયનોની પહેલી વાચના સુબોધાસામાચારીના વખત સુધી પાંચ ઉપવાસ પછી અને વર્તમાનમાં પાંચ ઉપવાસનું પરિમાણ થયા પછી એકી સાથે આપવામાં આવે છે, અને એગિંદિ૦ ૬, અભિ૦ ૭, તસ્સ૦ ૮ એ ત્રણ પદોની ચૂલિકા ગણાય છે, અને તેની વાચના તપની પૂર્ણતામાં સુબોધામાચારીમાં જણાવ્યા પ્રમાણે વર્તમાનમાં પણ દેવાય છે. ત્રીજા ભાવાર્હત્ શક્રસ્તવ (નમુત્થુણં)ના ઉપધાનમાં અટ્ઠમ કે તેનું તપ પૂરું થયા પછી ક્રમે બે, ત્રણ ને ચાર પદવાળી ત્રણ સંપદાની પહેલી વાચના અને સોળ આંબેલ ગયા પછી પાંચ પાંચ પદવાળી ત્રણ સંપદાઓની બીજી વાચના અને છેવટે સોળ આંબેલો થતાં બે, ચાર ને ત્રણપદવાળી ત્રણ સંપદાની ત્રીજી વાચના થાય અને છેલ્લી ગાથાની પણ વાચના ત્રીજી વાચના ભેળીજ થાય. સ્થાપનાર્હત્સ્તવ (અરિહંત ચેઈયાણં) ના ઉપધાનમાં એક ઉપવાસ ને ત્રણ આંબેલને અંતે અરિહંત ૧ સદ્ધાએ ૨ અન્નત્થ ૩ એ ત્રણ અધ્યયયોની એક વાચના નામાર્હત્સ્તવ (લોગસ્સ)ના ઉપધાનમાં અટ્ઠમ પછી પહેલા શ્લોકની પહેલી વાચના, પછી બાર આંબેલ થયા પછી ત્રણ ગાથાની બીજી વાચના અને છેવટે તેર આંબેલ ગયા પછી ત્રણ ગાથા કે જેને સુબોધાસામાચારીકાર પ્રણિધાનગાથા તરીકે જણાવે

છે. (જેવી રીતે બે જાવંત અને જાવંતિ તથા જયવીયરાયને પ્રણિધાનત્રિક તરીકે વર્તમાનમાં ગણવામાં આવે છે અથવા ચૈત્યના વંદનના અધિકારમાં સિદ્ધાણં૦ વિગેરેની ત્રણ ગાથા પ્રણિધાન તરીકે ગણવામાં આવે છે, તેવીજ રીતે સુબોધાસામાચારીકાર શ્રીચંદ્રઆચાર્ય એવં મયે વિગેરેની ત્રણ ગાથાને પ્રણિધાન ગાથા કહે છે, તેની છેલ્લી વાચના કરવાનું કહે છે અને તેજ ત્રણ ગાથાની છેલ્લી વાચના થાય છે. છટ્ઠા ઉપધાનને વર્તમાનમાં શ્રુતસ્તવ સિદ્ધસ્તવનું ઉપધાન કહેવામાં આવે છે.

### છટ્ઠા ઉપધાન એકલા શ્રુતસ્તવના કે શ્રુતસ્તવ સિદ્ધસ્તવના ગણવા

પણ શ્રીમહાનિશીથસૂત્રમાં નાણત્થય (શ્રુતસ્તવ)નું ઉપધાન ગણાવવામાં આવ્યું છે. (ચોથી થોઈને નહિ માનવાવાળાઓ તરફથી વેયાવચ્ચગરાણંના સૂત્રને ઉઠાવવા માટે તે સૂત્રની નવીનતા જણાવવાનો પ્રયાસ થાય છે, અને તેના સાધન તરીકે વેયાવચ્ચગરાણંના ઉપધાન નથી એમ કહેવામાં આવે છે, પણ તેઓએ વિચારવું જોઈએ કે શ્રીમહાનિશીથમાં તો સિદ્ધાણં૦ સૂત્રના ઉપધાન નથી, તો શું તે ત્રણ થોયવાળા સિદ્ધાણં૦ ના સૂત્રને નવું બનાવેલું ગણશે અને નાકબુલ કરશે ?)

### શ્રુતસ્તવની વાચનાની ભિન્નતા

શ્રીસુબોધાસામાચારીકારના અરસામાં પણ છટ્ઠા ઉપધાનને શ્રુતસ્તવના ઉપધાન તરીકે કહેવામાં આવતાં હતાં અને તેથી તેમાં એક ઉપવાસ, પાંચ આંબેલ અને છટ્ઠની તપસ્યા થયા પછી બે ગાથા અને બે કાવ્યોની એક વાચના દેવાય, અને તેમાં પહેલી બે ગાથા અને એક કાવ્યની જે વાચના તેને ત્રણ અધ્યયનો ગણાય છે. અને ચોથા કાવ્યમાં પહેલા બે પાદોએ કરીને ચોથું અધ્યયન અને છેલ્લ બે પાદોએ કરીને પાંચમું અધ્યયન ગણવામાં આવતુ હતું, અને સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ ગાથાની વાચન વગર ઉપધાને દેવામાં આવતી હતી અને ઉજ્જિંત૦ તથા ચત્તારિ૦ ની વાચના દેવામાં આવતી ન હતી પણ વર્તમાનમાં પહેલા બે ઉપવાસ થતાં શ્રુતસ્તવનં અને તપની પૂર્ણતામાં વેયાવચ્ચગરાણં સૂત્રની સાથે સિદ્ધાણં બુદ્ધાણંની વાચના દેવામાં આવે છે. આ ઉપધાનોમાં અનુક્રમે આઠ, આઠ, બત્રીસ, ત્રણ પચીસ અને પાંચ આંબેલો અનુક્રમે ગણવામાં આવેલાં છે, તે પ્રમાણે તે તે સૂત્રોના અધ્યયન પણ તે આઠ આઠ વિગેરેની સંખ્યામાં જાણવાનાં છે.

### ઉપવાસના હિસાબમાં ફેરફાર-

ઉપધાનના તપમાં જુદા જુદા વખતે તપની પૂર્તિ માટે જુદી જુદી સંખ્યાથી પુરિમુઢ એકાસણા આંબેલના ઉપવાસની ગણતરી કરવાની આચરણા થએલી જણાય છે. વર્તમાનમાં ઉપપાસનાં પુરિમુઢ નથી ગણતાં અને બે આંબેલે ચાર એકાસણે અને આઠ પુરિમુઢે ઉપવાસ ગણવામાં આવે છે.

### ઉપધાનને વહેવાનો વખત સૂત્રાધ્યયનમાં વિઘ્નરૂપ કેમ નહિ ?

જે માણસ શ્રુતજ્ઞાનની આરાધના માટે આ શ્રુતોપચારરૂપી ઉપધાન કરવા માંડે છે, તેજ વખતથી તે મનુષ્યે તે નવકાર વિગેરેનો અર્થ સાધી લીધો એવું જિનવચન છે એવું શ્રીમાનદેવસૂરિ ઉપધાનપ્રકરણમાં જણાવે છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે પ્રાચીન રીતિ પ્રમાણે ૪૫ નોકારસીએ એક ઉપવાસ અને તેવા સાડા બાર ઉપવાસે પહેલા નમસ્કારસૂત્રનું ઉપધાન થાય, તોપણ તેને તે તપ પુરૂં થયા પહેલાં તે નમસ્કારસૂત્ર ભણાવવામાં આવતું નહતું, અને તે મુદત દરમ્યાન

તે ઉપધાન કરનારો જો કાળ પણ કરી જાય, તો પણ તેને યથાસ્થિત રીતે આરાધક ગણવામાં આવતો હતો. આવી રીતનું ઉપધાનપ્રકરણકારનું સ્પષ્ટ વચન હોવાથી જેઓ સૂત્રાધ્યયનની સાથેજ યોગ કરવા જોઈએ, કે સૂત્રના અધ્યયન સુધી યોગ કરવા જોઈએ કે અધ્યયન નહિ કરનારે યોગ નહિ કરવા જોઈએ એવું કહેનારાઓ માર્ગથી કેટલા બધા ખસે છે તે સહેજે સમજી શકાય તેમ છે.

**ઉપધાન વિના નવકાર ગણનાર ભક્તિવાળો હોય તો પણ તે રહિત છે.**

ઉપધાનપ્રકરણકાર તો લખે છે કે-જે મનુષ્યે ઉપધાન ક્યાં હોય તે મનુષ્ય ભવાંતરની અંદર સુખે સમાધે જૈનધર્મની પ્રાપ્તિ મેળવી શકે છે, એટલુંજ નહિ પણ એ ઉપધાન કરવાના વિચારવાળો મનુષ્ય પણ આરાધક ગણેલો છે, અને જે ઉપધાન કર્યા સિવાય દેવ, ગુરુની અત્યંત ભક્તિ કરવાવાળો હોય તો પણ જો નમસ્કારઆદિ ગ્રહણ કરે, તોપણ તેને નમસ્કારરહિત ગણવો એમ પ્રકરણકાર જણાવે છે.

**સૂત્રનું અધ્યયન થઈ ગયું હોય તો પણ ઉપધાન યોગ વહે તો સુલભબોધિ થાય.**

વળી પ્રકરણકાર એમ પણ જણાવે છે કે જેને પંચમંગલ વિગેરે સૂત્ર સાંભળીને આવડી પણ ગયાં હોય, તો પણ તે જો સૂત્રોક્ત વિધિ પ્રમાણે ઉપધાન પાછળથી પણ કરે તોજ તે જીવ સુલભબોધિ કહી શકાય.

**ઉપધાન સિવાય નમસ્કારાદિનું અધ્યયન કર્ણચોરીથી કેમ ?**

શ્રીમહાનિશીથસૂત્રમાં પણ ચોકખા શબ્દથી એજ વાત જણાવે છે કે શ્રુતની આરાધના માટે માયારહિતપણે શક્તિ મુજબ જ્યારથી તપ શરૂ કરે, ત્યારથીજ તે મનુષ્યે સૂત્ર અને અર્થ બંને ગ્રહણ કરેલાંજ છે એમ સમજવું, કારણ કે તે પંચનમસ્કાર (વિગેરે)ના સૂત્ર અર્થ અને ઉભય અવિધિએ ગ્રહણ નહિ કરવાં, પરંતુ એવી રીતે ગ્રહણ કરવાં કે જેથી ભવાંતરમાં પણ તે સૂત્રના સૂત્ર, અર્થ, તદુભયનો નાશ થાય નહિ. આવા વિચારમાત્રથી પણ તે તપસ્યા કરનાર આરાધક થાય છે. શ્રીમહાનિશીથસૂત્રમાં ગૌતમસ્વામીદ્વારાએ શંકા જણાવવામાં આવી છે કે હે ભગવાન્ ! શ્રુતજ્ઞાનાવરણીયના તેવા ક્ષયોપશમને લીધે બીજાઓ સૂત્ર ભણતા હોય તે માત્ર સાંભળીને જો પોતાને પંચમંગલમહાશ્રુતસ્કંધ વિગેરે સૂત્રો આવડી જાય. (આ ઉપરથી સિદ્ધ થાય છે કે વગર ઉપધાનવાળાને ગુરુએ સૂત્રોની વાચના તો દેવાયજ નહિ, કેમકે જો વગર ઉપધાને વાચના પણ દેવાતી હોત તો શ્રીમહાનિશીથસૂત્ર અને ઉપધાનપ્રકરણમાં વગર ઉપધાને નવકાર વિગેરે આવડવામાં એકલું કર્ણાહેટક એટલે કાનથી ચોરી કરવા રૂપ એકજ કારણ જણાવત નહિ, અર્થાત્ તીર્થંકર ભગવાન્ અને ગણધરો તથા તેમના ખુદ શિષ્યો સિવાય શાસનના સર્વ જીવો અર્થથકી પરંપરાગમવાળા અને સૂત્રથકી પણ પરંપરાગમવાળાજ હોય છે, અને શાસ્ત્રોમાં આત્મા અનંતર અને પરંપરા એ ત્રણ પ્રકારના આગમો સિવાય ચોથો કોઈપણ કર્ણાહેટક આગમ કે પુસ્તક આગમ એવો કોઈપણ ભેદ જણાવવામાં આવેલા નથી, અને પરંપરાગમ કે જે શાસનમાં સર્વ કાલે ચાલુ છે, તે ગુરુના દીધા સિવાયનો હોયજ નહિ અને ગુરુમહારાજ ઉપર તો જિનેશ્વર મહારાજે ફરજ નાખેલી છે કે યોગ ઉપધાન ન કર્યા હોય તેવાને સૂત્રાધ્યયન કરાવવુંજ નહિ. આ કારણથીજ શ્રીમહાનિશીથસૂત્રમાં અને ઉપધાનપ્રકરણમાં ઉપધાન સિવાય નમસ્કારાદિ સૂત્રોનું આવડવું કર્ણાહેટકથી જણાવ્યું છે.

**કર્ણચોરીથી અધ્યયનવાળાને પણ ઉપધાનની જરૂર**

આવી રીતે કર્ણાહેટકથી પણ જેને પંચનમસ્કાર વિગેરે સૂત્રો આવડ્યાં હોય તેને પણ શું તપ અને ઉપધાન કરવાં જોઈએ ? આવા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ ફરમાવે છે કે-હે ગૌતમ ! કર્ણાહેટકથી નમસ્કારાદિ સૂત્ર ભણ્યો હોય તો પણ તેણે તે તે સૂત્રના તપ ઉપધાન કરવાંજ જોઈએ.

**ઉપચાર રૂપ ઉપધાન હોવા છતાં પછી શા માટે ?**

આ જગો પર કેટલાકો એમ ધારે છે કે સૂત્રઅધ્યયનને માટે ઉપધાનરૂપી ઉપચાર પૂર્વસેવા તરીકે છે તે જો સૂત્રનું કોઈપણ પ્રકારે અધ્યયન થઈ જાય તો પછી તે ઉપચારની શી જરૂર છે ? રસોઈને માટે સળગાવાતો ચૂલો તૈયાર રસોઈ મળ્યા પછી કોઈ પણ સળગાવતો નથી, તેવી રીતે સૂત્રાધ્યયનની સિદ્ધિ થયા પછી ઉપધાનરૂપી પૂર્વસેવાની જરૂર ન હોય તે સ્વાભાવિક છે. આવું કહેનારાઓએ ધ્યાન રાખવું જોઈએ કે તેઓ ચોરી ઉપર શિરજોરી કરવાની રીતિજ અખત્યાર કરે છે. ખાતે મંડાયા પછી નામું લેવાય તેવો વ્યવહાર છતાં કદાચ પહેલા લીધા તો તેથી પછી ખાતે મંડાવવા નહિ એ કંઈ પ્રમાણિકતાનો વ્યવહાર કહેવાય નહિ. એવા દૃષ્ટાંત પ્રતિદૃષ્ટાંતોમાં ન ઉતરીએ પણ સૂત્રકાર મહારાજનો હુકમ જો શિર ચઢાવીએ તો તેમાં ચોકખું જણાવે છે કે વગર યોગે ઉપધાને સૂત્રાધ્યયન થઈ પણ ગયું હોય તો પણ તેને તે તે સૂત્રના યોગ ઉપધાન કરવાંજ જોઈએ એમ ચોકખું સૂત્રકાર મહારાજા ફરમાવે છે, તો પછી જેઓ સૂત્રની આરાધના માટે કરાતા યોગ ઉપાધાનને નિંદે છે, અને પોતે અવિધિએ સૂત્રાજ્ઞા વિરૂદ્ધપણે અધ્યયન કર્યા પછી પણ યોગ ઉપધાનને કરવા માગતા નથી, અને કરતા નથી તેઓની કઈ દશા ગણવી તે જ્ઞાની મહારાજજ જાણી શકે.

**સૂત્રાધ્યયન થઈ ગયા પછી પણ ઉપધાન કરવાની જરૂર અને તેનું ફલ**

ભગવાન્ ગૌતમસ્વામીજી પણ શ્રીમહાનિશીથસૂત્રમાં પણ એજ મુદ્દાથી એટલે કે કોઈપણ રીતિએ સૂત્રાધ્યયન થઈ ગયા પછી સૂત્રને પ્રાપ્ત કરવા માટેજ કરાતા ઉપધાન શું ફળ આપે એને અંગે શંકા કરે છે. તે શંકાના સમાધાનમાં ભગવાન્ શ્રીમુખે જણાવે છે કે પૂર્વસેવા નિમિત્તે કરાતા ઉપધાન પણ કર્ણાહેટકપણે કે બીજી કોઈપણ રીતિએ જેને સૂત્રાધ્યયન થઈ ગયું હોય તેને પણ ભવાંતરે જૈનધર્મની પ્રાપ્તિ સુલભ થાય તેને માટે કરવાંજ જોઈએ.

**યોગ ઉપધાનને ઉઠાવવા માટે શ્રીસર્વદેવ સૂરિજીનો દાખલો લેનારની દશા**

આ ઉપરથી જેઓ યોગ ઉપધાનવાળાની મીઠી મશ્કરી કરવા યોગ ઉપધાન માનવાં નથી, તેમ કરવાં નથી અને બોલવું છે કે સૂત્રાધ્યયન વગરના યોગને હું માનું છું તે મારી ન્યૂનતા છે. અને યોગ ઉપધાન વગર સૂત્રાધ્યયનમાં શ્રીસર્વદેવસૂરિજી કે જેઓ પ્રથમ અવસ્થામાં ચૈત્યવાસી હોઈ ભગવાનના માર્ગથી અત્યંત દૂર હતા તેમની તે અવસ્થાનો દાખલો લઈ પોતે યોગથી છટકી જવા માગે છે, પણ શુદ્ધમાર્ગ સ્વીકાર્યા પછી તેજ સર્વદેવસૂરિજીએ યોગ ઉપધાનનો કરેલો અંગીકાર જેઓને દાખલા તરીકે લેવો નથી, તેવા યોગની શ્રદ્ધા અને ક્રિયાથી હીન અને પોતાના ખોટા બચાવ માટે બીજા યોગ કરનારાઓની મીઠી મશ્કરી કરનારા ભવાંતરમાં શું ફળ મેળવશે તે સૂત્ર ભણેલાએ પણ ભવાંતરમાં સુખે જૈનધર્મની પ્રાપ્તિ માટે ઉપધાન કરવાંજ જોઈએ એ વાત શાસ્ત્રકારના સ્પષ્ટ વચનથી સહેજે સમજી શકાશે.

## સૂત્રાધ્યયન પહેલાં કે પછી પણ યોગ ન વહેનારનું જ્ઞાન કુશીલિયાપણું

શ્રીમહાનિશીથસૂત્રકાર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જે મનુષ્ય એ યોગ ઉપધાનને અધ્યયન પહેલાં કે પછી ન કરે તો તેને જ્ઞાનકુશીલ (એટલે કુશીલિયા નામના કુગુરુ) તરીકે જાણવો એમ કહે છે.

## શ્રી દેવ ગુરુ અને જ્ઞાની પૂજા દરેક વાચના વખતે છેવટે માલારોપણ વખતે

સુબોધાસામાચારી બની તે વખતે ઉપધાનમાં મુખ્યતાએ અવ્યાપાર પૌષધજ થતો હતો અને તેથી દરેક ઉપધાનમાં દરેક વાચના વખતે તેઓ વાચનાની પહેલાં પૂજા કરવાનું વિધાન જણાવે છે પણ વર્તમાનમાં ચારે પ્રકારના પૌષધો ઉપધાનમાં નિયમિત થતા હોવાથી શ્રીદેવ, ગુરુ અને જ્ઞાન એ સર્વનું પૂજન ઉપધાનના પૌષધો પારતાં અને માલારોપણના દિવસે વિસ્તારથી કરવામાં આવે છે. અર્થાત્ પૂર્વકાળમાં જે દેવ, ગુરુ અને જ્ઞાનનું પૂજન દરેક વાચના વખતે અને માળા વખતે કરાતું હતું તે વર્તમાનમાં માત્ર ઉપધાનના પારણા અને માલાને દિવસેજ કરાય છે. આ ઉપરથી જેઓ ઉપધાનની શ્રદ્ધા વિનાના હોઈને શ્રીદેવ, ગુરુ પૂજનના નામે ઉપધાનની કલ્પિતતા કે નિંદ્યતા પોકારતા હોય તેઓએ સાચી વસ્તુસ્થિતિ સમજવાની જરૂર છે.

## શ્રમણ ભવગંતોને વ્યવસ્થામાં હાથ ન નાખવો જોઈએ

જો કે એટલું તો ચોક્કસ છે કે શાસ્ત્રકાર મહારાજાઓ કોઈ દિવસ પણ શ્રમણનિગ્રંથોને તે પૂજાના દ્રવ્યના અધિપતિપણામાં જોડે નહિ અને તેઓએ જોડાવું જોઈએ પણ નહિ, અને જે શ્રમણ નિર્ગ્રંથો તેવે પ્રસંગે ઉપદેશ માત્ર કે ખુદ તેઓનો ધર્મ છે તેમાં ન રહેતાં વહીવટમાં ઉતરી જાય છે, તેઓજ ઉપધાનની નિંદા કરાવનારા અને અરૂચિ કરાવનારા થાય છે.

## શ્રી શ્રમણાદિ ચતુર્વિધ સંઘ માત્ર દેવદ્રવ્યની વ્યવસ્થા કરનાર છે પણ માલીક નથી.

જો કે શ્રાવકસમુદાયને દેવદ્રવ્ય વિગેરે તમામ દ્રવ્યની વ્યવસ્થા કરવાનો હક છે, પણ તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે તેઓ દેવદ્રવ્ય વિગેરે સર્વ સારા ક્ષેત્રના દ્રવ્ય સંબંધી વ્યવસ્થા કરવામાં માત્ર ટ્રસ્ટી તરીકે વહીવટદારજ છે, અને શાસ્ત્રકારોએ કહેલા વચનો પ્રમાણેજ તેની વ્યવસ્થા કરવાનો હક છે. જેઓ એમ જણાવે છે કે શ્રીદેવાદિ સંબંધી દ્રવ્યના શ્રીસંઘ માલિક છે અને તેથી શ્રીસંઘ જે વ્યવસ્થા કરવા ધારે તે કરી શકે એવું કહેનારાઓએ શ્રાદ્ધવિધિના પરિધાપનિકા માટે જણાવેલા આખા ગામના દૂષિતપણાનું દૃષ્ટાંત વિચારવું જોઈએ.

## સમુદાયથી પણ શાસ્ત્રાનુસારે દેવદ્રવ્યની આવક ન પલટાય

વળી એ પણ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે ચૈત્યવાસીપણાની વખતે તે તે સ્થાનનો આખો સંઘ દેવદ્રવ્યાદિની ગેરવ્યવસ્થા કરવામાં વિધાયક અને સંમત હતો, છતાં શાસ્ત્રકારોએ અને આચાર્યોએ તે માર્ગને ભવભ્રમણના હેતુ તરીકે જણાવેલ છે. વળી શ્રીવીતરાગ પરમાત્મા આદિની ભક્તિ વિગેરેના કાર્ય માટે અપાતું દ્રવ્ય શ્રીસંઘથી તે તે રસ્તેજ ખર્ચી શકાય, પણ આપનારના અભિપ્રાયથી વિરૂદ્ધપણે ખર્ચીને આપનારનો વિશ્વાસઘાત અને શાસ્ત્રાજ્ઞાનો લોપ કરવાથી ભવભ્રમણ કરવા સિવાય બીજું ફળ નીપજેજ નહિ.

## શાસ્ત્ર-પ્રવચનને અનુસરનારાઓજ જિનેશ્વરોને નમનીય

જો કે શ્રીશ્રમણસંઘ ત્રિલોકનાથ તીર્થંકરોને પણ નમસ્કાર કરવા યોગ્ય છે, પણ તે શ્રમણસંઘનું નમનીયપણું સાક્ષાત્ નથી, પરંતુ પ્રવચનદ્વારાએજ

તેનું નમનીયપણું છે, અને તેથી પ્રવચનથી નિરપેક્ષ રહેવાવાળો જે કોઈ સમુદાય હોય તેને વાસ્તવિક રીતિએ શ્રીસંઘ કહી શકાયજ નહિ, અને તેથીજ શાસ્ત્રકારો ઠામ ઠામ **आणाजुत्तो संघो** એટલે આજ્ઞારૂપ પ્રવચનથી સાપેક્ષ વર્તવાવાળો તેજ સંઘ કહેવાય વિગેરે વચનો કહી શ્રી સંઘને શાસ્ત્ર એટલે પ્રવચનથી સાપેક્ષ રહેવાનું ફરમાન કહે છે, અને એજ કારણથી ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરે શાસ્ત્રવચનથી નિરપેક્ષ રહેનારા સમુદાયને ભયંકર સર્પ હાડકાંનો સમુદાય વિગેરે અધમ ઉપનામોથી ઓળખાવે છે.

### દેવદ્રવ્ય કે તેની આવકને કોઈ ફેરવી ન શકે

આ બધી હકીકત વિચારતાં દેવદ્રવ્યાદિની ગેરવ્યવસ્થા કરવાનો, ભક્ષણ કરવાનો કે નાશ થતો હોય તો પણ બેદરકારી રાખવાનો કોઈ પણ એક વ્યક્તિ કે સમુદાયનો હક નથી એમ સહેજે સમજી શકાશે. જેમ નિયમિત રીતે દેવદ્રવ્યઆદિપણે થએલી રકમના ભક્ષણ, ઉપેક્ષણ આદિમાં અનંત સંસારનું ભ્રમણ શાસ્ત્રકારો જણાવે છે તેવીજ રીતે દેવદ્રવ્યની આવક કે જેને શાસ્ત્રકારો આ દાન શબ્દથી જણાવે છે તેનો રોધ કરવો કે નાશ કરવો કે તેને ઉથલાવી અન્ય ઉતરતા ખાતામાં લઈ જવી તે પણ ભવાંતરમાં બુદ્ધિહીનપણું કરનારી છે, અને તીવ્ર પાપનો બંધ કરાવનારી હોઈ સંસારકાંતારમાં રઝળાવનારી છે.

### શ્રી મહાનિશીથના યોગવાળાજ ઉપધાન વ્હેવડાવે એમ કેમ ?

અહીં વિચારવાની જરૂર છે કે શ્રુત આરાધના માટે કરેલી તપસ્યાના ઉદ્યાપન તરીકે માલારોપણની ક્રિયા થાય છે, અને તે પણ ઓછામાં ઓછા મહાનિશીથના યોગ જે મહાપુરુષે વહ્યા હોય તેઓનાજ હાથે તે માલારોપણની ક્રિયા થાય છે. આચાર્ય મહારાજ વિજયસેનસૂરિજીએ ફરમાવેલા ઉત્તરોરૂપ શ્રીસેનપ્રશ્નમાં એટલા સુધી સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે સાધુના યોગપ્રવેશાદિમાં કેવળ નંદીજીના યોગ વહન કરનારો સાધુ પણ નંદીનું દેવવંદન કરાવી શકે, પણ ઉપધાનવહનની નંદીનું દેવવંદન તો તે એકલા નંદીના યોગ વહન કરનાર સાધુનું કરાવેલું કલ્પતું નથી, પણ મહાનિશીથ (નંદી અનુયોગયુકત) ના યોગ વહન કરનાર સાધુઓએજ ઉપધાનની નંદીમાં કરાતા દેવવંદન કરાવી શકાય.

### માલાની ઉછામણીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં કેમ જાય ?

અર્થાત્ એવા યોગવાળા સાધુઓને હાથેજ માલારોપણની ક્રિયા થાય છે, અને વળી તે માલારોપણની ક્રિયા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પ્રતિમાની સન્મુખજ થાય છે, તેથી તે માલારોપણની ક્રિયાને અંગે બોલાતી બોલીનું દ્રવ્ય ત્યાં હાજર રહેલા ક્ષેત્રભૂત ત્રિલોકનાથ તીર્થંકરની પૂજામાં એટલે ક્ષેત્રભૂત દેવદ્રવ્યમાંજ જઈ શકે. ભગવાન જિનેશ્વરની રૂબરૂમાં બોલીથી ઉપજાવાતું દ્રવ્ય કોઈપણ પ્રકારે દેવદ્રવ્ય સિવાય જ્ઞાનદ્રવ્ય કે ગુરુદ્રવ્ય તરીકે થાપી શકાયજ નહિ, તો પછી તે બોલીના દ્રવ્યને સાધારણ ખાતામાં લઈ જવાની વાત તો શાસ્ત્રને અનુસરનારો અને જિનેશ્વરની ભક્તિને માનનારો મનુષ્ય બોલે કે માને કેમ ?

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૩૪)

# શાશ્વત સુખના અર્થીને
# કલ્યાણસાધનના ઉપાયો

'सेवेयव्वा सिद्धंतजाणगा भत्तिनिब्भरमणेहिं ।
सोयव्वं नियमेणं तेसिं वयणं च आयहियं ॥१॥
दाणं च जहासत्तिं देयं परपीडमो न कायव्वो ।
कायव्वोऽसंकप्पो भावेयव्वं भवसरूवं ॥२॥
मन्ना माणेयव्वा परहवियव्वा न केइ जियलोए
लोगोऽणुवत्तियव्वो न निंदियव्वा य केइत्ति ॥३॥
गुणरागो कायव्वो णो कायव्वा कुसीलसंसग्गी ।
वज्जेयव्वा कोहादयो य सययं पमादो य ॥४॥'

ભાવાર્થ :- "પરમ હર્ષથી (ભક્તિ) ભરપૂરવાળા મન વડે પરમપુરુષપ્રણીત આગમના રહસ્યને જાણનાર પુરુષો (ગુરુઓ)ને સેવવા ને તેઓનું વચન આત્મહિત કરનારૂં છે માટે અવશ્ય સાંભળવું.

યથાશક્તિ જ્ઞાનદાન, અભયદાન ને ધર્મોપગ્રહદાન દેવું, મન, વચન અને કાયાથી પરને પીડા ન કરવી, અસંકલ્પ (વિષયની નિવૃત્તિ) કરવો, ભવનું સ્વરૂપ વિચારવું.

લૌકિક અને લોકોત્તર માન્યપુરુષો પૂજવા (લૌકિક તે માતાપિતાદિ અને લોકોત્તર તે ધર્મગુરુ આદિ) જીવલોકમાં (જગતમાં) કોઈનો તિરસ્કાર ન કરવો. વિશિષ્ટ લોકના આચારને અનુસરવું. (અર્થાત્ લોક વિરૂદ્ધ તજવું) કોઈની નિંદા ન કરવી. ઉદારતા, દાક્ષિણ્યતા આદિ ગુણોનું બહુમાન કરવું. અસદ્આચારવાળાનો સંસર્ગ (આલાપ, સંલાપ) ન કરવો. ક્રોધ, માન, માયા, લોભ, વર્જવા, તથા હંમેશા નિદ્રા, સંશય અજ્ઞાન, મિથ્યાજ્ઞાન આદિ આઠ પ્રકારનો પ્રમાદ ટાળવો".

"उपदेशपदे"

**आचार्यहरिभद्रसूरयः**

# શ્રીમાન્ રામવિજયજીના આહ્‌વાનનો સ્વીકાર

તા. ૧-૧૨-૧૯૩૫ના 'જૈનપ્રવચન'માં તમોએ કરેલ આહ્‌વાનનો સ્વીકાર કરવા સાથે જણાવવાનું કે મારો પક્ષ શ્રીતીર્થંકર ભગવાનની કાર્યરૂપે પરોપકારવાળી પ્રવૃત્તિ સામાન્ય સમ્યકત્વથી અને મુખ્યતાએ વરબોધિલાભ પછી હોય છે અને લલિતવિસ્તરાના आकालमेते० વાળા પાઠમાં देवगुरूबहुमानिनः વિગેરે વિશેષણોથી તે વસ્તુ માનું છું, પણ તમો ભગવાન્ મહાવીર મહારાજના નયસારના ભવની માફક કાર્યરૂપે અનાદિકાલથી પરોપકારવ્યસની તીર્થંકરો હોયજ એમ માનો છો. આ પક્ષપ્રતિપક્ષમાં ફેર ન હોય તેમ કબુલાત જાહેર થશે તો બે માસની મુદત અમદાવાદના નામ વગરના જિજ્ઞાસુ પ્રશ્નકારને આપેલ હોવાથી ફાગણ ચૈત્રના બે માસમાં શ્રીસિદ્ધાચલજીથી વીરમગામ સુધીના કોઈપણ સારા ક્ષેત્રમાં મધ્યસ્થ પાંચ વિદ્વાનોની સમક્ષ તમારો પક્ષ તમો સાબીત ન કરી શકો તો તમારે તમારી માન્યતા ફેરવવાનું જાહેર કરવું અને તેજ શરતે હું પણ આથી જાહેર કરૂં છું.

તા. ક :- આર્યાનાર્ય વિગેરે બાબતમાં અહીંથી અત્યાર અગાઉ કરવામાં આવેલી ચેલેંજોનો તમારી તરફથી આવોજ સ્વીકાર સાથે જવાબ આવવો વ્યાજબી હતો,

પાલીતાણા,
તા. ૧૦-૧૨-૩૫

લિ.
**આનંદસાગર**

ચતુર્થ વર્ષ અંક ૬
Registered No. B.3047




માગશર વદિ અમાવસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૫-૧૨-૧૯૩૫

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અર્હિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)


---

મહેસાણાના ગ્રાહકોને :-

મહેસાણાના ગ્રાહકોએ લવાજમ દોશી વ્રજલાલ ફૂલચંદને આપવું. તંત્રી

---


આ પાક્ષિક પી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

ઉદ્દેશ

*વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦* છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા ।
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥

"આગમોદ્ધારક."

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૬ | મુંબઈ તા. ૨૫-૧૨-૧૯૩૫ બુધવાર<br>માગસર વદિ અમાવસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**મહાદાન છતાં સંખ્યાનું નિયમિતપણું**

જિનેશ્વર મહારાજના પરહિતપણાને અંગે નો આગમ દ્રવ્યનંદીના વ્યતિરિક્ત ભેદના પ્રસંગમાં ભગવાન્ જિનેશ્વરોની સ્નાનાદિ પદાર્થોથી દ્રવ્યપૂજા કરતાં વિચારવાના ગુણોમાં સંવચ્છરીદાનનો ગુણ વિચારતાં તે પરોપકારને માટે દેવાતું સંવચ્છરીદાન

માં માંગ્યું દેવાય છતાં સંખ્યાવાળું કેમ છે એ વિચારવું અપ્રાસંગિક નથી. જિનેશ્વર ભગવાન્ જ્યારે સંવચ્છરીદાન પ્રવર્તાવે છે ત્યારે પ્રતિ દિન સવારે પ્રાતરાશ એટલે પ્રભાતકાલનો ભોજનવખત એટલે સૂર્યોદયથી એક પહોર સુધીના વખતમાં એક ક્રોડ ને આઠ લાખ સોનૈયા જેટલું દાન કરવામાં આવે છે, અને તેવી રીતે એક વર્ષે એટલે ત્રણસો સાઠ દહાડા સુધી તેવી રીતે અવિહતપણે દાનની ધારા પ્રવર્તે છે. આ સંવચ્છરીદાનને અંગે ગણેલું વર્ષ, તે નક્ષત્ર વર્ષ, ચંદ્રવર્ષ, સૂર્યવર્ષ કે અભિવર્ધિત વર્ષ નથી, પણ માત્ર ઋતુવર્ષ એટલે કર્મવર્ષજ છે, અને તેથીજ શાસ્ત્રકારો આખા સંવચ્છરીદાનની સંખ્યા જણાવતાં ૩ અબજ ૮૮ ક્રોડ ૮૦ લાખની જણાવે છે. આવી રીતે નિયમિત સંખ્યામાં દાન દેવું. નિયમિત મુદ્દત સુધી દાન દેવું અને મનુષ્યના માંગ્યા પ્રમાણે દાન દેવું, એ બે વસ્તુ વિચારકને વિરોધવાળી લાગશે, પણ તેજ દાનનો મોટો અતિશય છે કે માગનારાઓની ઈચ્છા તેટલાજ પ્રમાણમાં થાય અને તેટલા પ્રમાણથીજ તીર્થંકરોને દાન દેવાનું બને. જગતમાં પણ પુણ્યશાળી મહાત્માઓની સ્થિતિ દેખીએ છીએ કે તેના દાન દેવાના પરિણામની સ્થિતિએજ માગનારાઓની ઈચ્છા થાય છે.

**ભગવાનના દાનમાં દેવતાઓનો પ્રભાવ**

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જિનેશ્વર મહારાજના સંવચ્છરીદાનરૂપી મહાદાનમાં દેવતાઓની કાર્યવાહી પૂરેપૂરી હોય છે, અને તેથી દેવતાઈ પ્રભાવ પણ એવી અસર કરનારો હોય કે જેથી માગનારને મર્યાદા ચૂકવાનું ન થાય. આ બધું કહેવાનું કારણ એજ કે ઈચ્છા પ્રમાણે દાન આપવાનું અને તેની સાથે નિયમિત સંખ્યામાં દાન આપવાનું કેમ સંગત થાય ? કેમકે એકજ મનુષ્ય એકી વખતે કદાચ કરોડોના સોનૈયા કેમ માગી ન લે એવી શંકાને અવકાશ નથી.

**ભગવાન તીર્થંકરોનું દાન અધિકરણ કેમ નહિ ?**

વળી તીર્થંકર મહારાજાઓએ દેવાતું દાન હિરણ્યરજતાદિ દ્રવ્યરૂપ હોઈને કેટલા અજ્ઞ જીવો અધિકરણ એટલે પાપકારણરૂપ માને છે, અને સૂત્રના ઐદંપર્યાર્થને નહિ સમજતાં **जेउ दाणं पसंसंति०** એ વિગેરે ગાથાને આગળ કરે છે, પણ તે સંબંધમાં ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરેએ અષ્ટકજી વિગેરે ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે એ ઉપર જણાવેલી સૂગડાંસૂત્રની ગાથા અવસ્થાવિશેષને માટે છે, પણ ભગવાન્ જિનેશ્વરોનું દાન શુભ ઉદય કરનારૂં છે, મમત્વભાવને નાશ કરનારૂં છે, તથા દાન એ ધર્મનું અંગ છે, એ સ્પષ્ટ કરવા માટે જ ભગવાન્ જિનેશ્વરો સંવચ્છરીદાન આપે છે. અર્થાત્ ભગવાન્ જિનેશ્વરોનું સંવચ્છરીદાન જોકે રજતસુવર્ણાદિ દ્રવ્યરૂપ છે, તોપણ તેથી અંશે પણ પાપરૂપ નથી, પણ તેનાથી તો શુભના ઉદય વિગેરે જ ફળો થાય છે.

**સંવચ્છરીદાનનું દાન દુશ્મનોએ કહેવાતું વિપરિણામ**

કેટલાક દાન અને દયાના દુશ્મનો ભગવાન્ મહાવીર મહારાજના મૂળસૂત્રમાં નિરૂપણ કરેલા દાનને નિષેધી શકતા નથી, પણ તે દાનને પાપરૂપ માની, ભગવાન મહાવીર મહારાજને થએલા ઉપસર્ગોનું કારણ તે તેમને દીધેલા સંવચ્છરીદાનથી થએલા પાપને ફળરૂપ પોકારે છે પણ તેઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે સંવચ્છરીદાન તો ભગવાન્ મહાવીર મહારાજના સંવચ્છરીદાનની માફક સર્વ તીર્થંકરોએ દીધેલું છે, અને સર્વ તીર્થંકરોને તેવા ઘોર ઉપસર્ગો થયેલા નથી, એટલે જો સંવચ્છરીદાન શુભના ઉદયને કરનારૂં ન હોત, મમતાને છેદનારૂં ન હોત, અને ધર્મના અંગરૂપ ન હોત, પણ અંશે જો પાપના કારણભૂત હોત અને તેનાથી ઉપસર્ગો જો થતા હોત તો સર્વ તીર્થંકરોને સંવચ્છરીદાન હોવાથી ઘોર ઉપસર્ગ થાત, પણ સર્વ તીર્થંકરોને સંવચ્છરીદાન દેવાનું તો

બન્યું છે, પણ ઘોર ઉપસર્ગો સર્વ તીર્થંકરોને થયા નથી, માટે તેદાન અને દયાના દુશ્મનોનું કથન માત્ર બકવાદરૂપ જ છે. વળી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને જે જે ઘોર ઉપસર્ગો થએલા છે, તેમાં શાસ્ત્રકારોએ તેમાં ભગવાન્ મહાવીર મહારાજાના પૂર્વભવોના કર્ત્તવ્યોની જવાબદારી ચોકખા શબ્દોમાં જણાવેલી છે. કોઈપણ શાસ્ત્રકારે કોઈ પણ સ્થાને આ દાન દયાના દુશ્મનોની માફક તે ઘોર ઉપસર્ગના કારણ તરીકે તે સંવચ્છરીદાનને જણાવેલું જ નથી, છતાં કર્મના પ્રપંચના કુટિલ કાવત્રાખોર દાન અને દયાના દુશ્મનો શાને આધારે આવો બકવાદ કરે છે ? સત્ય રીતિએ વિચારતાં આ ભિખમપંથીઓને જુઠી કલ્પના અને જુઠા બકવાદો કરી ગપ્પાં હાંકવાની ટેવ જ પડેલી છે.

**સંવચ્છરીદાન માટે અઢળક ધનને લાવનારા**

આ સંવચ્છરીદાનમાં જે અઢળક ધનનો વ્યય કરવામાં આવે છે, તે અઢળક ધન તીર્થંકર મહારાજના રાજ્યભંડારમાં હોતું નથી, પણ તે અઢળક ધન ઈંદ્ર મહારાજના ભંડારી જે વૈશ્રમણ નામના દેવ છે, તેમની આજ્ઞાને આધીન રહેનારા તિર્યગ્ જૃંભક નામના દેવતાઓ તે અઢળક ધનને લાવી ભંડારમાં દાખલ કરે છે.

**ત્રિલોકનાથના સંવચ્છરીદાનમાં પણ ન્યાયનું સ્થાન**

આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ જિનેશ્વરના શાસનની ધુસરીને ધારણ કરનારા આચાર્ય ભગવાનો દેવ, ગુરુ, કે ધર્મ એકે માટે પણ અન્યાય થાય તે ઉચિત ગણનારા નથી.

**મંદિર અને મૂર્તિ કરાવનારને પણ ન્યાયની અગત્યતા**

અને તેથી જ ભગવાન્ જિનેશ્વરોની મૂર્તિ અને મંદિર કરાવનારા અધિકારીઓને અંગે સ્પષ્ટપણે જણાવ્યું કે તેઓએ પ્રથમ નંબરે પોતાના દ્રવ્યની શુદ્ધિ કરવી, અર્થાત્ કોઈનું કંઈપણ અન્યાયથી લીધું હોય કે આવ્યું હોય તો તે તેને પાછું આપવું.

**આરંભીના આરંભ કરતાં પણ ન્યાયની અધિક કિમ્મત**

અર્થાત્ ન્યાયની કિંમત એટલી બધી મોટી ગણી કે આરંભ, પરિગ્રહ, વિષય, કષાયમાં માચેલો કે મહારંભ અને મહાપરિગ્રહના કાદવમાં ખુંચાએલો મનુષ્ય તે અધિકારીએ અન્યાયથી લઈને પાછા આપેલા દ્રવ્યથી તે આરંભાદિક કે મહારંભાદિકનું પોષણ કરે અને તેનાથી જે પાપ થાય તેનું કારણ તે દ્રવ્ય પાછું આપનારો બને, તોપણ તે ક્ષંતવ્ય તરીકે ગણી અધિકારીઓને અન્યાયનું જ દ્રવ્ય શાસ્ત્રકારોએ પાછું આપી દેવાનું ફરમાન કર્યું.

**અન્યાયવાળાની મલિનતાનો સીક્કો**

વાંચકોએ ધ્યાનમાં રાખવું કે અન્યાય કરનારો પોતાના આત્માને ન્યાયમાં સ્થાપ્યા સિવાય જે કાંઈ કરે તેમાં તે પોતાના પાપને કોઈપણ પ્રકારે ધોતો નથી, અને આરંભ અને મહારંભાદિકમાં રાચેલો તો મનુષ્ય પાપમય આત્મા છે તેથી તે અન્યાયવાળું દ્રવ્ય પાછું ન આવે તેટલા માત્રથી તે પાપબંધથી બચી જતો નથી, માટે જ શાસ્ત્રકારોએ શ્રી જિનેશ્વર ભગવાનના મંદિર અને મૂર્તિ કરાવનારને અન્યાયથી આવેલું દ્રવ્ય પાછું આપી પોતાના દ્રવ્યની શુદ્ધિ કરવાનું શાસ્ત્રકારોએ ફરમાન કરેલું છે.

**અન્યાયથી આવેલ પાછું આપવું એજ પ્રથમ ઔદાર્ય**

(ધર્મના પ્રેમી સજ્જનોએ ધર્મમાર્ગમાં દ્રવ્ય ખર્ચવું એજ કર્ત્તવ્ય તરીકે છે, એવી અક્કલ ન ધરાવતાં ધર્મમાર્ગે ખર્ચાતા દ્રવ્યના લાભ કરતાં પણ અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપી દેવું એ ધર્મનો પહેલો પાયો છે એમ સમજવાની જરૂર છે. ધર્મમાર્ગમાં ખર્ચવું એજ ઔદાર્ય છે, અને તેથી જ ધર્મ થાય છે એવી ઓઘવૃત્તિ રાખવા કરતાં અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપી શેષ પોતાના ન્યાયવાળા શુદ્ધ દ્રવ્યને ખર્ચવાથી જ લાભ થાય છે એ વાત ખરેખર સમજવા જેવી છે.

## વ્યાપારના અન્યાયને ન રોકવામાં આવતો પ્રસંગ

જો વણિકવૃત્તિએ આવેલા અન્યાય દ્રવ્યને ધર્મમાર્ગે ખર્ચીને પણ જો મોટો લાભ માનવામાં આવે તો પછી વિશ્વાસઘાત, ધાડ, ચોરી કે તેવાં બીજાં અપકૃત્યો કરીને જેઓ દ્રવ્ય મેળવે અને તે દ્રવ્ય તેઓ ધર્મમાર્ગે ખર્ચે તો તેને પણ ઉદાર, ધર્મિષ્ઠ અને ભાગ્યશાળી માનવો પડે, પરંતુ કોઈપણ શાસ્ત્રકાર તેવી રીતે ચોરીઆદિ અન્યાયથી દ્રવ્ય મેળવી ધર્મમાર્ગે ખર્ચનારને પણ ઉદાર કે ધર્મિષ્ઠ તરીકે ગણતા નથી.

## અન્યાયની સંભાવનાને પણ સુધારવાની જરૂર

જૈનશાસ્ત્રકારોએ આવી રીતે અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપવાનું ફરમાન કરીને જ માત્ર ન્યાયપ્રિયતા દર્શાવી છે એમ નહિ, પણ તેઓ ન્યાયપ્રિયતામાં એટલા બધા આગળ વધે છે કે જિનેશ્વર ભગવાનના મંદિર અને મૂર્તિને બનાવવા તૈયાર થએલા મનુષ્યે અન્ય કોઈના પણ અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપી, પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાના દ્રવ્યની શુદ્ધિ કર્યા છતાં પણ તે જિનમંદિર અને મૂર્તિ કરાવવાની ઈચ્છાવાળાએ પૂર્વોક્ત પ્રમાણે દ્રવ્યની શુદ્ધિ કર્યા છતાં પણ શ્રી સંઘને એકત્ર કરવો, અને તેમાં જાહેર કરવું કે 'મારી બુદ્ધિ પ્રમાણે મને જે જે અન્યાયનું દ્રવ્ય લાગ્યું, તે તે બધું મેં તે અસલ માલિકોને આપી દીધું છે, અને મારા દ્રવ્યની મેં શુદ્ધિ કરી છે, છતાં પણ મારી જાણ બહાર જો કોઈનું પણ અન્યાયથી આવેલું દ્રવ્ય મારા દ્રવ્યમાં રહી ગયું હોય અને તે ખર્ચાય, તો તેનું ફળ તે અસલ દ્રવ્યના માલિકને છે, પણ તે અન્યાયથી આવેલા મારી જાણ બહાર રહે એવા પણ દ્રવ્યનું ફળ લેવાનો મારે કોઈપણ પ્રકારે અધિકાર નથી.

## શ્રી સંઘને એકત્ર કરવાની ફલિતાર્થતા

આ ઉપરથી સંઘને ધર્મકાર્યોની પહેલાં કેમ એકત્ર કરવો પડતો હતો, તેનું પ્રયોજન સમજાશે. (વર્તમાનકાળમાં સંઘસમુદાયનું એકત્રપણું થાય, છતાં પણ તેમાં દ્રવ્યશુદ્ધિ કે આત્મશુદ્ધિના વિચાર કે વર્તનને સ્થાન જ ન હોય તો તે ખરેખર જિનેશ્વર ભગવાનના માર્ગને અનુસરનારા શ્રી સંઘને વિચારવા જેવું છે. જમણમાં પીરસાતી ચીજોની જાતો અને નંખાતા ઘીના તોલોનો નિર્ણય કરવા તરફ શ્રી સંઘ દોરાય તે કરતાં ઉપર જણાવેલા શુદ્ધ વિચારો અને વર્તનો તરફ દોરાય તો તે માર્ગપ્રેમીઓને અત્યંત ઈચ્છવાયોગ્ય છે.)

## ભગવાન્ જિનેશ્વરોને પૂજનમાં અલ્પપાપ અને અલ્પઆયુષ કેમ ?

આ વાતને સૂક્ષ્મદષ્ટિથી વિચારશું તો શાસ્ત્રકારે જે ભગવાન્ જિનેશ્વરની પૂજા અને દાનાદિકને અંગે કરાતી અનાવશ્યક હિંસા અને બોલાતાં જુઠોને જરૂર ભોગવવાં પડે એવા પણ અલ્પ પાપનું કારણ જણાવે છે તેનો ચોકખો ખુલાસો થઈ જશે, અને તેવી અનાવશ્યક હિંસા અને જૂઠથી ભલે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની પૂજા વિગેરે કરવામાં આવેલાં હોત તોપણ તેનાથી ભલે મનુષ્યાદિકના પણ આયુષ્ય અલ્પ જ બંધાય એ સૂત્ર પણ સહેજે સમજાશે. અર્થાત્ સુખી અને સમૃદ્ધિસંપન્ન જિંદગી મળ્યા છતાં પણ તે અન્યાયથી આવેલા દ્રવ્યનો ધર્મમાર્ગે વ્યય કરનારો મનુષ્ય ચિરાયુષ થઈ શકે જ નહિ.

## યોગ્યતાવાળી લાંબી જિંદગીનું કારણ

માટે સારી જિંદગી અને સમૃદ્ધિ સાથેનું ચિરાયુષ મળવાનું કોઈપણ દાનમાર્ગમાં કારણ હોય, તો પૂર્વે જણાવ્યા પ્રમાણે શોધેલું દ્રવ્ય ધર્મમાર્ગે ખર્ચાય તેજ છે.

## સુપાત્રદાનમાં પણ ન્યાયની અગ્રેસરતા

જેવી રીતે જિનેશ્વર મહારાજના મંદિર અને મૂર્તિને અંગે જૈનશાસ્ત્રકારે ન્યાયપ્રિયતા રાખવાનું ફરમાન કર્યું છે, તેવી જ રીતે સુપાત્ર દાન કે જે જૈનધર્મનો મૂળ પાયો છે, તેને અંગે પણ શાસ્ત્રકારોએ તેટલી જ ન્યાયપ્રિયતા દર્શાવી છે, અને તેથી જ

અતિથિસંવિભાગવ્રતના નિરૂપણની અંદર દાનમાં દેવાતી આહારાદિક વસ્તુને અંગે પણ **नायागयाणं** એવું વિશેષણ મેલી સુપાત્ર દાને દેવાતી ચીજોને પણ ન્યાયના કિલ્લામાં જ રહે તો તે સારી મનાએલી છે, અર્થાત્ અન્યાયથી આવેલી આહારાદિક વસ્તુ પણ ન્યાયના વાડામાં જ હોવી જોઈએ એમ સ્પષ્ટ જણાવે છે, અને આજ વસ્તુ સમજાશે ત્યારે અન્યાયથી લવાયેલા માત્ર દેવતા જાગતો રાખવા માટે છાણાના ભૂકાથી બનેલી રસોઈથી સોનાના દાગીનાના દાબડાની ચોરીની સ્થિતિવાળું દૃષ્ટાંત બરોબર સમજી શકાશે.

**સંવચ્છરીદાનમાટે લવાતું માલીકી વિનાનું ધન**

આવી રીતે દેવ અને ગુરુને માટે કરાતા વ્યયને અંગે પણ જે શાસ્ત્રકારો ન્યાયપ્રિયતાના ચિલાને ચૂકે નહિ તે શાસ્ત્રકારો જિનેશ્વર મહારાજના સંવચ્છરીદાનને અંગે પણ ન્યાયના ચિલાને ન ચૂકે તે સ્વાભાવિક છે, અને તેથી જ સાંવત્સરિક દાનને અંગે લવાતું દ્રવ્ય પણ ન્યાયના ચિલાથી વિરૂદ્ધ નથી, અને તે વાત જણાવવા માટે જ દક્ષિણના અર્ધલોકના સ્વતંત્ર માલિક ઈંદ્રમહારાજની આજ્ઞાને આધીન રહેવાવાળો તેમનો ભંડારી પોતાને આધીન રહેલા દેશોના નવા નવા સ્થાનોમાંથી જે દ્રવ્ય તિર્યગ્ જૃંભકદેવોદ્વારાએ ભગવાન્ જિનેશ્વરોના દાનને માટે મંગાવે છે, તે દ્રવ્ય એવું હોય છે કે જેના માલિકો અલ્પ થયા હોય એટલું જ નહિ પણ સર્વથા અભાવ પામેલા હોય, કેવળ માલિકોની એ દશા હોય એમ નહિ, પણ તે માલિકના વંશજો કે જેઓ દ્રવ્યોના નિધાનો ઉપર નવું દ્રવ્ય નાખીને નિધાનોની વૃદ્ધિ કરનારા હોય તેઓનું પણ કેવળ અલ્પપણું નહિ પણ સર્વથા અભાવ થએલો હોય, તેવું જ દ્રવ્ય ભગવાન્ જિનેશ્વરોના સંવચ્છરીદાનને માટે રાજ્યભંડારમાં એકઠું કરવામાં આવે છે. એ એકઠું કરવામાં આવતું દ્રવ્ય કેવળ માલિકો અને વંશજોના અભાવવાળું હોય એટલું જ નહિ પણ તેના વંશો, તેના ઘરો વિગેરે પણ અલ્પ થયેલા અને સર્વથા નાશ પામેલા હોય, તેવું સર્વથા સ્વામિત્વપણાથી રહિત એવું જ દ્રવ્ય સંવચ્છરીદાન માટે રાજ્યભંડારોમાં લાવવામાં આવે છે. સ્વામી, સિંચનાર અને વંશનું અલ્પપણું કે અભાવ જ થએલો હોય તેવું દાટેલું દ્રવ્ય પણ કોઈ માલિકીવાળા સ્થાનમાં રહેલું હોય તો તે અજાણ એવો પણ માલિક તે ધનનો સ્વામી ગણાય, એમ ગણીને તે દેવતાઓ ભગવાન્ જિનેશ્વરોના સંવચ્છરીદાનને માટે જે દ્રવ્ય લાવે છે તે સ્મશાન, શૂન્યગૃહ વિગેરે તેમજ ત્રિક, ચતુષ્ક વિગેરે જે સ્થાનો કે જેની ઉપર કોઈપણ વ્યક્તિનું સ્વામિત્વ હોય નહિ કે હોવાનો સંભવ ન હોય, તેવા સ્થાનકોથી પૂર્વે જણાવેલી રીતિ પ્રમાણેનું દ્રવ્ય તિર્યગ્ જૃંભકો ભગવાન્ જિનેશ્વરોના સંવચ્છરીદાનને માટે રાજ્યભંડારોમાં દાખલ કરે છે.

**પરોપકારી અને શુભોદયવાળા દાનમાં પણ ન્યાયની ઉત્તમ કોટી**

આ ઉપર જણાવેલી શાસ્ત્રોક્તિ વિચારનારો વિચક્ષણ વિપુલ વિચારશ્રેણીના સોપાન ઉપર આરૂઢ થશે તો સ્પષ્ટ માલમ પડશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો સાંવત્સરિક દાનદ્વારાએ પરોપકાર કરતાં છતાં પણ કેટલા બધા અન્યાય અને અપકારથી દૂર રહે છે, અને આ બધી હકીકત વિચારનારો મનુષ્ય જિનેશ્વર મહારાજના શાસનમાં ન્યાયનો ધ્વજ ન નમાવી શકાય તેવો અદ્વિતીય છે એમ માનવા તરફ જરૂર દોરાશે.

**ભગવાન્ જિનેશ્વરોના રાજ્યકાલ અને રાજ્યાર્પણકાલમાં પણ પરોપકારિતા**

જેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકરો સાંવત્સરિકદાન દેવાદ્વારાએ પરોપકાર કે પરાર્થવ્યસનીપણું આદરે છે, તેવી જ રીતે રાજપણામાં રહેલા જિનેશ્વરો રાજ્ય અવસ્થામાં અને સર્વસાવદ્યનો ત્યાગ કરતી વખતે રાજ્ય જે પોતાના પુત્રાદિકોને આપે છે, તેમાં પણ તેઓનું પરોપકારપણું અને પરાર્થવ્યસનીપણું અબાધિતપણે રહેલું છે અને તે કેવી રીતે છે એનો વિચાર કરવો તે અસ્થાને ગણાશે નહિ, માટે તે સંબંધી વિચાર કરીશું.

(અનસંધાન માટે જુઓ પેજ-૧૪૭)




# દર્શનાચાર અને તેના અતિચાર

(ગતાંકથી ચાલુ)

**છતાંએ ચોકીની જરૂર છે.**

સિપાઈઓ ઉપર જો ચોકી કરનારો ન હોય તો નાગી તલવાર લઈને સિપાઈને ચૌટામાં રોન ફરવાની ફરજ પાડો તો પણ રાતના એ સિપાઈ ઉંઘી જાય અને ચોરો તેની જ તલવાર લઈને છપાંચ ગણી જાય તે તો જુદા જ ! એ જ પ્રમાણે આપણા આત્મા પાસે

સમ્યક્ત્વની જબ્બર ડાંગછે એ ભલે રહી, પરંતુ એ ડાંગ ધારણ કરેલા આપણા આત્મા ઉપર પણ સાધર્મિકની પ્રેરણારૂપી ચોકી હશે તો જ આપણામાં જાગૃતિ રહેશે નહિ તો આપણે પણ ઢીલા ઢબ જ બની જઈશું ! બીજી રીતે વિચાર કરતાં પણ એ વાત માલમ પડી આવે છે કે તમારે જે વસ્તુ લણવી છે તે જ વસ્તુ તમારે વાવવાની પણ જરૂર છે. તમે વાવ્યા વિના લણવાની ઇચ્છા રાખશો અથવા તો બાવળ વાવીને તેમાંથી ડાંગરચોખા લણવાને તૈયાર થશો તો તમારો શુકવાર નહિ વળે, એટલું જ નહિ પરંતુ આખી દુનિયા તમોને ગધેડાના પિતરાઈઓ કહીને હસવાને જ ટોળે મળશે!

**બાવળની બાવળઃ આવળની આવળ**

એ જ વ્યવહારની દૃષ્ટિ તમારે અહીં ધર્મમાં પણ ઉતારવાની છે. તમે બાવળ વાવશો તો બાવળ મેળવશો અને આવળ વાવશો તો આવળ મેળવશો! તમારે આંબા જોઈતા હશે તો તે માત્ર બાગમાં જઈને બેસી રહેવાથી મળવાના નથી જ પરંતુ તે માટે કેરીનો ગોટલો તમારે વાવવો જ પડશે ! તમે જો કેરીનો ગોટલો વાવ્યો હશે તો જ એ ગોટલામાંથી અંકુર ફૂટશે. એ અંકુરમાંથી આંબાનું સુંદર ઘટાદાર ઝાડ થશે અને એ વૃક્ષદ્વારા તમે સુંદર આંબાઓ પણ જરૂર મેળવી શકશો. એ જ પ્રમાણે જો તમારે સમ્યક્ત્વ જોઈતું હોય તો તમારે બીજાઓમાં સમ્યક્ત્વ વાવવાની પણ તેટલી જ જરૂર છે. બીજામાં સમ્યક્ત્વ વાવવું પડશે એટલું જ નહિ પરંતુ સમ્યક્ત્વ પામેલાઓના સન્માન પણ તમારે કરવા જ પડશે અને ત્યારે જ તમારી ફતેહ પણ ઝળકવાની

છે ! જો તમે સાધર્મિકોની ભક્તિ નહિ કરો સમકીતિના સન્માન નહિ કરો તો ખાતરીથી માનજો કે તમોને સમ્યક્ત્વની પ્રાપ્તિ આ સંસારમાં કદાપિ પણ નહિ થાય, તે નહિ જ થાય !

**સમ્યક્ત્વની પ્રાપ્તિ જ અશક્ય છે.**

સમ્યક્ત્વના સન્માન વિના અને સાધર્મિકોની ભક્તિ વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ જ થવાની નથી છતાં કદાપિ તમારી ભવિતવ્યતાને યોગે તમોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જશે તો પણ સાધર્મિકોની ભક્તિ વિના અને સમ્યક્ત્વના સન્માન વિના તમોને થએલું સમ્યક્ત્વ ટકવાનું નથી, વધવાનું નથી કે તમે તમારા ધારેલા ધ્યેય ઉપર પહોંચી શકવાના નથી. તમોને થએલું સમ્યક્ત્વ વધારવા, તે ટકાવવા અને તેનો પુરેપુરો લાભ ઉઠાવવા તમારે સાધર્મિકોની ભક્તિ કરવાની જરૂર છે અર્થાત્ તમારા સમ્યક્ત્વને ટકાવવા માટે પણ તમોને બીજા સમકીતિની જરૂર તો સેંકડોવાર પડવાની જ છે એ નિશ્ચય છે. દર્શન અને આચાર એ બંનેમાં ચાર ચાર ભેદ છે તે તમારે વિચારવાની જરૂર છે. દર્શનના ચાર ભેદ છે તેવા જ આચારના પણ ચાર ભેદ છે, એમાં ચાર ભેદ પોતાના છે-પોતાને માટે છે અને ચાર ભેદ પારકાને માટે છે. શંકારહિતપણું, કાંક્ષારહિતપણું, ફળના સંદેહથી રહિતપણું, અમૂઢ દૃષ્ટિ અર્થાત્ આપણી દૃષ્ટિનું અપરિવર્તનશીલપણું એ ચાર ભેદો છે તે આપણા પોતાને માટે છે એમ સમજવાનું છે.

**આચારગાથા કે અતિચારગાથા ?**

હવે જે અન્યના આત્માના ચાર ભેદો કહ્યા છે તે ચાર ભેદો ક્યા છે તે જોઈએ. ઉપરના ચાર આચાર પોતાને માટે છે પરંતુ આગળના ચાર આચારમાં પોતાને કાંઈ લેવાદેવા જ નથી. વિષય તરીકે અથવા ફળરૂપે તમારો એ ચાર ભેદો સાથેનો જે સંબંધ છે તે જુદી વાત છે. એ સંબંધ અહીં આ ચર્ચા વખતે ધ્યાનમાં લેવાનો નથી. અતિચારની આઠ ગાથા જાણનારાઓ પણ આઠ નવકાર ગણી લે છે. એ ગાથાની ઉપયોગિતા કેટલી છે તે તો સઘળા જ જાણે છે એ ગાથાદ્વારા અતિચાર આલોવીને નિર્મળ થવાનું છે પરંતુ આપણામાંના ઘણા એ વસ્તુનો ખ્યાલ જ રાખતા નથી ! આપણે ધર્મમાં ઘણા દૃઢ હોવાનો પ્રયત્ન કરીએ છીએ પરંતુ ઘણીવાર ઘણા માણસોની એ દૃઢતા પરીક્ષા થતાં દારૂડીયાના જેવી સિદ્ધ થાય છે ! દારૂડીયો ગમે એટલી ધમાલ કરે, ગમે એવું બળ બતાવે, ગમે એવા બહાદુરીના શસ્ત્રો અને વસ્ત્રો સજે, પરંતુ જો તેને કોઈ માણસ એક ધક્કો સરખો પણ લગાવી દે, તો તે જ ક્ષણે એ દારૂડીયો પોતાની સાનભાન ગુમાવીને નીચે તૂટી પડે છે ?

**ભ્રષ્ટ થતાં વાર નથી લાગતી.**

આપણે પણ ધર્માચારમાં ભારે ઉમંગ બતાવીએ છીએ. ધર્મની ક્રિયામાં પુષ્કળ આનંદ જણાવીએ છીએ, પણ છતાં ઘણીવાર એક જ ધક્કો લાગતાં આપણે ગબડી પડીએ છીએ ! અર્થાત્ મિથ્યાત્વનો કિંવા કદાગૃહીપણાનો એક જ આઘાત થતાં આપણે આપણા વિચારમાંથી ભ્રષ્ટ થઈ જઈએ છીએ. ઉપરોક્ત આઠ ગાથાઓનો અહીં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ગાથાઓ અતિચાર ગાથા તરીકે પ્રસિદ્ધ છે, ત્યારે હવે આ જે કેટલાક અર્ધદગ્ધો એવું કહેવાને નીકળ્યા છે કે એ અતિચારગાથા નથી, એ તો આચારગાથાઓ જ છે આચારગાથાને આપણે અતિચારગાથા કહીએ છીએ તે કાંઈ પાંચપચાસ વરસથી કહેતા નથી પરંતુ ત્રણસો વર્ષથી એ ગાથાઓ અતિચારગાથા તરીકે શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. ત્રણસો વર્ષથી એ ગાથાઓ અતિચારગાથા

કહેવાય છે તે કહેનારાઓએ પણ ભૂલ કરી અને આજે એ ભૂલ સુધારનારા સુધારકો નીકળી પડ્યા!

## ''અતિચારની ગંધ પણ નથી !''

સેનસૂરિજી પણ એક સ્થળે સ્પષ્ટ રીતે એમ કહે છે કે આઠ અતિચારની ગાથા ન આવડે તેણે આઠ નવકાર ચિંતવી લેવાય છે. આ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે આ આઠ ગાથાઓ એ કેઈ વરસોથી અતિચારની ગાથાઓ જ કહેવાય છે. હવે આજના સુધારકો એ સંબંધમાં શું કહે છે તે જુઓ તેઓ કહે છે કે આ ગાથાઓને અતિચારની ગાથાઓ ત્રણ સો વર્ષથી કહેતા આવ્યા છે છતાં તમારી એ આઠે આઠ ગાથાઓમાં અતિચારનું તો નામ સરખું પણ નથી. અરે, તેમાં તો અતિચારની ગંધ સરખી પણ નથી, છતાં તમે અને તમારા પૂર્વાચાર્યોએ એ ગાથાઓને અતિચારની ગાથા કહી છે એમાં નિ:સંશય આંધળે બહેરૂં જ કુટાયા કર્યું છે. હવે આજના સુધારકોની આ વિચારસરણી કેવી જુઠી છે તે તપાસો. સૌથી પહેલો પ્રશ્ન તો તમારે એ વિચારવાનો છે કે પ્રતિક્રમણ કરતી વેળાએ તમે જે ગાથા વિચારો છે તે ગાથા અતિચાર માટે વિચારો છો કે આચાર માટે વિચારો છે તે તપાસી જુઓ. ચોથું આવશ્યક પ્રતિક્રમણ નામનું છે ને તેમાં લાગેલા જ્ઞાનાચારાદિના દોષો આલોવવાના હોય છે ને તેમાં આલોવવા અતિચારોમાં દિવસ કે રાત્રે લાગેલા વિશેષ અને વ્યક્ત અતિચારોને ગુરુ સમક્ષ પ્રાયશ્ચિત્ત લેવા માટે ચિંતવવા જોઈએ અને તે અતિચારો ચિંતવવા માટે જ આ કાઉસ્સગ્ગ ને આ ગાથાઓ છે. વળી જ્ઞાનાચારની ગાથામાં વ્યંજન અર્થ અને તદુભયનું ઉલ્લંઘન નો ખુદ અતિચારરૂપે જ છે.

## સત્ય શોધી કાઢવા યત્ન કરો.

પક્ષપાતરહિત થઈને જે કોઈ આ વસ્તુનો જવાબ શોધશે તેને સત્ય ક્યાં છે અને અસત્ય ક્યાં છે એ વાત બહુ જ સહેલાઈથી જણાઈ આવશે. તમે આ આઠ ગાથા વિચારો છો તેનું કારણ એ છે કે તમારો જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ તમે ન કર્યો હોય તેની ખામી જોવાને અર્થે જ તમે આ ગાથા વિચારો છો એથી જ શાસ્ત્રકારોએ પણ તમારા અતિચારમાં પણ એની એ જ ગાથા મૂકી છે ! ત્યાં આચાર તરીકે આચાર જોવાના નથી, પરંતુ અતિચારના મુદ્દાથી ત્યાં આચાર જોવાના છે. અતિચાર સ્મરણને માટે ગણાતી ગાથા તે અતિચારગાથા છે. જે દુષણો આપણા આત્માને લાગ્યાં હોય તે દુષણોનો ત્યાગ કરવાને અર્થે જ આ ગાથાઓનું સ્મરણ કરવાનું છે. બીજી વાત એ ખ્યાલમાં રાખવાની છે કે અહીં સુકૃત અનુમોદનનો પણ વિષય નથી. અહીં દુષ્કૃતનિંદન અને પ્રાયશ્ચિત્તનો જ વિષય છે. પાપના નિંદન, ગર્હણ માટે અને પ્રાયશ્ચિત્ત માટે જ આ ગાથાઓનું સ્મરણ કરવામાં આવતું હોવાથી શાસ્ત્રકાર મહારાજાઓએ તેને અતિચારગાથા કહી છે તે સર્વથા વ્યાજબીજ ઠરે છે.

## મિથ્યામોહના સેવકો

પહેલાં આચાર માલમ પડવા જોઈએ. આચાર માલમ પડે છે ત્યારે આચાર તમારી બુદ્ધિને ગમ્ય બને છે. આચાર સમજાય છે ત્યારે જ તેના દ્વારા અતિચાર સમજાય છે અને અતિચાર સમજાય છે ત્યારે જ અનાચાર માલમ પડે છે. અર્થાત્ આચારથી અતિચાર અને અતિચારથી અનાચાર સમજવામાં આવે છે. આજ કારણથી પહેલાંના અને અત્યારના ધર્મધુરંધરો, શાસ્ત્રકાર મહારાજાઓ, શાસ્ત્રવેત્તાઓ અને તેમને પુનિત પગલે પગલે ચાલનારાઓ આ ગાથાઓને અતિચારગાથા કહી ગયા છે અને તેથી જ વર્તમાનના પણ બધા ધર્મશ્રદ્ધાળુઓ એને અતિચારની ગાથા તરીકે જ સ્વીકારે છે પરંતુ જેને જ્ઞાનરૂપ આંખની પુરતી શક્તિ મળી નથી એવા આંખે અપંગ, વિવેક અને શ્રદ્ધારૂપી

ચક્ષુથી હીન છે અને બુદ્ધિહીન તેવાઓને આ વસ્તુનો ખ્યાલ આવવાનો સંભવ જ નથી. તેઓ પૂર્વ પરંપરાથી આ ગાથાઓના સંબંધમાં વપરાતા શબ્દો જોઈ શકતા જ નથી અને તેઓ મિથ્યામોહને વશ થઈને જ આ ચોકખી અતિચારની ગાથાને આચારની ગાથા તરીકે ઠોકી મારે છે !

## આચાર કે અતિચાર ?

જેઓ અતિચારની આ ગાથાઓને આચારગાથા કહીને ઓળખાવે છે તેઓ માત્ર શબ્દ જ ધ્યાનમાં લેનારા છે પરંતુ તેઓ વસ્તુના સ્વરૂપને ધ્યાનમાં લેનારા નથી. અતિચારની ગાથાઓના હાર્દને જો તેમણે તપાસ્યું હોત તો તેમણે કદી આ અતિચારગાથાઓને આચારગાથા કહેવાની મિથ્યા મૂર્ખાઈ ન જ કરી હોત, પરંતુ જેઓ શ્રદ્ધા અને શાસ્ત્રચક્ષુહીન અને આંધળા છતાં વિવેક ચક્ષુહીન બને છે તેવાઓને હાથે શાસ્ત્રો અને શાસ્ત્રાર્થો માં આવા ગરબડ ગોટાળા થવાની જ આશા રાખી શકાય, બીજી આશા એવાઓની પાસે રાખી શકાતી જ નથી. ચક્ષુ વિનાના જ્યારે સુધારકો બને અને વસ્તુના સ્વરૂપને વિચાર્યા વિના ગરબડ સરબડ કરવા માંડે ત્યારે તેનું આવું જ પરિણામ આવે છે. ખરી વાત એ જ છે કે ઉપરોક્ત આઠ ગાથાઓ આચારની ગાથા હોઈ તે અતિચારગાથા છે એ પૂર્વાચાર્યોએ કરેલી વ્યાખ્યા જ વ્યાજબી હોઈ આજના ધર્મશ્રદ્ધાળુ વર્ગને તો એ ગાથાઓને અતિચારગાથાઓ કહેવી એ જ વસ્તુ માન્ય છે.

## આને આચાર કહેશો કે અતિચાર ?

હવે મૂળ વાત ઉપર આવીએ અને જે પ્રશ્નની વિચારણા આપણે અધૂરી મૂકી આવ્યા છીએ તે પ્રશ્નની વિચારણા આગળ ચલાવીએ. દર્શનાચારના આઠમાંથી ચાર વસ્તુ દરેક વ્યક્તિને પોતાને માટે છે અને બાકીના ચાર પારકાને માટે છે એ વસ્તુ અહીં સમજી લેવાની ખાસ જરૂર છે. ધર્મના કાર્યોની, ધર્મ કરનારાઓની અને શુદ્ધ દેવાદિકને માનનારોઓની પ્રસંશા કરવી તેને કોઈપણ સંયોગોમાં તમે આચારપ્રસંશા કહી શકવાના નથી. આ પ્રમાણેની પ્રસંશા કરીએ તે તો અતિચાર જ થાય છે.

## પાંચમો આચાર કેવી રીતે પાળી શકાય ?

બીજા જીવોના સમકિતો તમે ન દેખો, તેના પરિચયમાં તમે ન આવો, તેની પ્રશંસા પણ ન કરો અને તમે તમારા ઓરડામાં જ ભરાઈ રહીને તમારૂં લાગ્યું તમે ભોગવો એ દૃષ્ટિએ તમારા આત્માનું જ તમે ક્ર્યા કરો તો પછી વિચાર કરો કે તમો પાંચમો આચાર કેવી રીતે પાળી શકો ? તમે ઓરડાના ખુણામાં જ બેસી રહો અને તમારી ધર્મક્રિયાઓ ક્ર્યા કરો તો પહેલાં ચાર આચારો તો તમે પાળી શકશો, પરંતુ પાંચમો આચાર તમે ઘરને ઓરડે બેઠા બેઠા પાળી શકવાના નથી. અહીં બાપ દેખાડ અથવા શ્રાદ્ધ કરાવ તેવી નીતિને અનુસરવાનુ છે કાંતો સમકીતિની પ્રસંસા કરવા માટે તમારે ઓરડાનો પરિત્યાગ કરીને ઓરડામાંથી બહાર આવવાનું છે અથવા તો સમકીતિની પ્રશંસા કરવા તમે ઓરડામાંથી બહાર ન આવો તો તમોને શાસ્ત્રકાર મહારાજાઓ અનાચારનો ટાઈટલ આપે છે તે તમારે હસ્તે મુખડે માન્ય રાખી લેવાનો છે. કોઈપણ વિચારશીલ માણસ તો એવો નહિ નીકળે કે જે આ રીતે ઘરના ઓરડામાં બેસીને અનાચારનો ટાઈટલ સ્વીકારી લેશે.

## આચારઃ અતિચારઃ અનાચાર

શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજાઓ ફરમાવે છે કે જો ગુણના ધારક એવા ગુણીની પ્રશંસા ન થાય તો તે અવશ્ય અનાચાર છે અને આચારની વિરાધના તે પણ અનાચાર છે, પરંતુ હવે ઘરમાં જ બેસી રહેવાની દલીલ કરવાથી પોતાના આત્માને થતો

ફાયદો પણ રોકાય છે, તે તરફ ખાસ ધ્યાન આપવું ઘટિત છે. જેઓ એવી દલીલ કરે છે કે, "આપણે બીજા સમ્યક્ત્વવાળો ન હોય અને તેને જ સમ્યક્ત્વી ઠોકી બેસાડીએ તો તો ઉલટા પાપમાં પડીએ છીએ અને મિથ્યાત્વમાં જઈએ છીએ તેના કરતાં સારો રસ્તો એ છે કે સમ્યક્ત્વીની પ્રશંસા બાજુએ રાખી આપણે આપણા જ આત્માની ઉન્નતિ સાધવાની છે એમ માનીને તેટલા જ પુરતી ક્રિયાઓ કરતા રહેવું એ સારૂં છે.". એવી દલીલ કરનારાઓએ વિચારવાની જરૂર છે કે એથી પોતાના જ આત્માને થતા ફાયદા પર પડદો પડે છે. તમારામાંના જ જેઓ સમ્યક્ત્વ પ્રત્યે સંદેહવાળા બનેલા છે, જેઓ અજ્ઞાન, કર્મનો ઉદય ઈત્યાદિથી મિથ્યાત્વમાં જવાને તૈયાર થયા છે, અજ્ઞાનતાથી જેઓ સમ્યક્ત્વનું સ્વરૂપ ઓળખવામાં ભૂલ કરે છે તેવા તમારા મિત્રોને માટે તમારી કાંઈ ફરજ છે ખરી કે નહિ?

## વ્યવહારમાં શું ફરજો છે ?

વ્યવહારમાં પણ તમે જુઓ છો કે બે પાડોશીની એક બીજાને અંગે ફરજો રહેલી છે. તમારા પાડોશીના ઘરને આગ લાગી હોય અને તે જો ઉંઘી ગયો હોય તો તમે તેને બૂમ બરાડા કરી જગાડો છો, તે જ પ્રમાણે તમે ઉંઘી ગએલા હો તો તમારો પાડોશી તમોને પણ આપત્તિવેલાએ તમારી સહાયે આવી તમોને જગાડે છે. એ જ પ્રમાણે જે બીજાઓ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થતા હોય તેમને માર્ગમાં સ્થિર કરવાની તમારી ફરજ છે, કે જ્યારે કદાચ તમે ભૂલ કરતા હો તો તમારો સાધર્મિક ભાઈ તમોને પણ તેની ફરજ બજાવીને કુમાર્ગેથી ઉગારી શકે. તમે બીજાને મદદ ના કરો તો બીજાઓ તમોને પણ મદદ ન કરે અર્થાત્ બીજાઓને તમારે સમ્યક્ત્વમાં સ્થિર ન કરવા એ પોતે જ પોતાના સમ્યક્ત્વ ઉપર કુહાડો મારવા બરાબર છે. જે સાધર્મિકોની ભક્તિ કરવાની તથા બીજા સમકીતિઓની પ્રશંસા કરવાની ના પાડે છે અને ઓરડામાં ઘુસી રહેવામાં જ ધર્મ માને છે તેઓ આ રીતે પોતાના જ સમ્યક્ત્વ ઉપર કાળો પડદો નાખી પોતેપોતાને હાથે જ પોતાનું ભાગ્ય ઢાંકી દે છે !

## ફરજ શું છે તે વિચારો.

"સબ સબકી સમાલો મૈં મેરી ફોડતા હું" ની નીતિને જ વ્યવહારમાં અને ધર્મક્ષેત્રમાં ઉતારવાની વાતો કરનારાઓએ વિચારવાની જરૂર છે કે તમે બીજાના સ્થિરીકરણના ભાગી ન થાઓ તો ખાતરીથી માનજો કે તમે પોતે તમારે જ હાથે તમારી દશા બગાડો છો. આપણે આપણું જ કરો બીજાની આપણને શું પંચાત એવું બોલનારાએ વિચારી જોવાની આવશ્યકતા છે કે પાછલા જે ચાર આચાર પરમપ્રતાપી જૈનશાસનના પુનિત એવા આગમગ્રંથોમાં પ્રરૂપેલા છે એ વ્યક્તિને પોતાને અંગે છે કે પારકાને અંગે છે ? પ્રશંસાનો આચાર છે એની કોઈ ના પાડતું જ નથી, પરંતુ પ્રશંસાના આચાર કરતાં પણ સમકીતિઓનું સ્થિરીકરણ કરવાની ફરજનું મહત્વ આગળ વધી જાય છે ! આપણે ઉંઘી જઈએ તો આપણને જગાડવાની આપણા સાધર્મિકોની ફરજ છે, તે જ પ્રમાણે બીજા સાધર્મિકોની અને સમકીતિઓ નિદ્રાધીન થાય તો તેમને જાગૃત કરવાની આપણી પણ ફરજ છે. તમે સાધર્મિક તરીકે સાથે રહ્યા છો એટલે એક બીજા પરત્વેની ફરજ પાળવાના કાર્યથી તમે બંધાએલા છો.

## તમે એવે પ્રસંગે શું કરો છો ?

ધારો કે તમો પાંચ પંદર માણસો સાથે મળીને પ્રવાસ કરો છો એ પ્રસંગે તમારી સાથેના બીજા આસામી હોય અને તે કદાચ અશકતતા કે બેદરકારીને અંગે ઉંઘી જાય તો તેથી કાંઈ તમે

તમારી નજર આગળ તમારી ખુલ્લી આંખોએ તેનો માલ ચોરોને હાથે લૂંટાવા દેતા નથી અથવા કોઈ તેનો માલ લૂંટી જાય તો "ભલેને લૂંટ થાય, એ ઉંઘ્યો કેમ ? ભોગવશે હવે એના પાપનું ફળ એવું કહીને તમે તાળી ટીપવા પણ મંડી જઈ શકતા નથી. તમારો સાથીદાર ઉંઘી ગયો એ એની ભૂલ તો ખરી જ પરંતુ જોડેવાળાની સાથીદારીની એ ફરજ છે કે તેણે પોતાના સાથીદારોને પણ સાવચેત કરવા જ જોઈએ. જે સાથીદાર પોતાનું એ કાર્ય નથી બજાવતો તે વિશ્વાસઘાતી છે. જે વ્યક્તિ પોતે નિદ્રાધીન થાય છે તે તો મૂર્ખ છે જ, પરંતુ તેની સાથેનો જાગતો પણ જો મુંગો જ રહે, કાંઈ બોલે જ નહિ અને આંખો મીચીને લૂંટ થવા જ દે તો તે પહેલા માણસના કરતાં સોગણો મૂર્ખો છે ! હવે છાતીએ હાથ રાખીને તમારા અંતરના પ્રતિધ્વનિ રૂપે કહો કે કોણ પોતાને માથે આવે મૂર્ખાઈનો બીલ્લો ચોઢવા તૈયાર છે ?

એક પણ ડાહ્યો માણસ તો આવી રીતની મૂર્ખાઈનો ઈજારો લેવાનું પસંદ ન જ કરે. સમકીતિ આત્માઓ આ ભયંકર ભવસાગરમાં પડેલા છે. તેઓ સાથીદાર તરીકે ભવપ્રવાસ કરે છે એવામાં મિથ્યાત્વરૂપી ચોર ધસી આવે છે અને તે પ્રચંડ બળવાળો રાક્ષસી ચોર તમારા રત્નરૂપ સમ્યક્ત્વને ચોરી જવા માટે હલ્લો લાવે છે ! આવા સેતાનના રાક્ષસી હલ્લાઓ થાય તે વખતે તમારો કોઈ સાથીદાર ગાફેલ હોય તેને તમે ગાફેલ રહેવા જ દો અને તમો શત્રુના હલ્લાઓ આવે છે એ જાણવા છતાં તમારા સાથીદારને ન ચેતાવો તો તમે સાથીદાર નથી, પરંતુ વિશ્વાસઘાતી છો અને તેથી તમે બેવડા ગુન્હેગાર છો. એથી જ બીજાના સમ્યક્ત્વને સ્થિર કરવામાં પણ મોટામાં મોટું જ ધર્મનું કૃત્ય રહેલું છે એમ શાસ્ત્રકાર મહારાજાઓ માને, મનાવે છે. અહીં બીજા સાધર્મિકોમાં સમકિત છે કે નહિ અથવા તો તેઓ મિથ્યાત્વી છે કે કેમ તેનો વિચાર કરવાનો જ નથી. અહીં તો દરેકે પોતાની ફરજ શું છે તે વિચારીને દરેકે પોતાની ફરજ જ બજાવવાની છે.

## ભોજન નહિ, વાત્સલ્ય જ જરૂરી છે.

. હવે "ઉપબૃહણ અને થિરીકરણ" એ બે આચારનો વિચાર કર્યો. હવે વચ્છલ શબ્દનો અર્થ વિચારીએ. અહીં કેવી રીતે કરી શકાય છે તે વિચારો. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અહીં શાસ્ત્રકારોએ ભોજન શબ્દ નથી મૂકયો પરંતુ વાત્સલ્ય શબ્દ મૂકેલો છે. વાત્સલ્ય એટલે વત્સલપણું રાખવું તે. દરેક માતા પોતાના બાળક ઉપર વત્સલતા રાખે છે, તે જ પ્રમાણે દરેક સાધર્મિકભાઈએ પણ દરેક સહધર્મા ઉપર વત્સપણું રાખવાનું છે. વાત્સલ્ય શબ્દ અહીં યોજ્યો છે તે ખાસ પ્રયોજનથી યોજ્યો છે. વાત્સલ્ય શબ્દની યોજના અમસ્થી જ નથી થઈ. માતા પોતાના બાળક ઉપર જે પ્રેમ રાખે છે તે વત્સલતા છે. જગતમાં પતિ પત્ની, ભાઈબ્હેન દરેક એક બીજા પર પ્રેમ રાખે છે પરંતુ એ દરેકનો પ્રેમ બદલો લેવાની દાનતવાળો છે, ત્યારે માતાનો બાળક ઉપરનો પ્રેમ એ માતાની વત્સલતા છે, તેમાં બદલો લેવાની ભાવના સરખી પણ નથી. બાળક મોટો થઈને માતાના ઉપકારોનો બદલો વાળી આપે છે એ જુદી વાત છે, પરંતુ માતા જ્યારે પોતાના બે મહિનાના બાળકને ધવડાવે છે ત્યારે તેનામાં બદલો લેવાની વૃત્તિ નથી હોતી, પરંતુ માત્ર હૃદયનો ઉમળકો જ હોય છે.

## વાત્સલ્યનો અર્થ વિચારો.

જે પ્રમાણે બાળક ઉપર માતાને વાત્સલ્ય હોય છે તે જ પ્રમાણેનું બદલો લેવાની દાનત વિનાનું સાધર્મિકભાઈ ઉપર હેત રાખવું તેનું જ નામ સ્વામિવાત્સલ્ય છે. અર્થાત્ સ્વામિવાત્સલ્યમાં હૃદયનો અંદરનો ઉમળકો એકલો જ હોય અને તેને

સ્વામિવાત્સલ્ય તારીયાની માતાની મિલ્કત જેવું બને છે. એક બાઈ હતી. બાઈની પાસે પચ્ચીસહજાર રૂપીઆની કિંમતની મિલ્કત હતી. એ બાઈને એક છોકરો હતો. છોકરાનું નામ હતું તારીયો. એક દિવસે તારીયો બહાર રમવા ગયો. રમતાં રમતાં તારીયો એક બટન ગળી ગયો. બટન જઈને ગળામાં બેઠું. તારીયાથી તો હવે ન બોલાય કે ન ચલાય! તારીયો રડતો રડતો ઘેરે આવ્યો. ઘેર આવીને માને કહેવા લાગ્યો કે "મા, મા, હું તો બટન ગળી ગયો !" તારીયાને દુઃખી થતોજોઈ પાડોશીઓ દોડી આવ્યા અને તેની માને કહેવા લાગ્યા કે "બ્હેન ! દાક્તરને બોલાવો અને દવા કરાવો નહિ તો છોકરો મરી જશે. તારીયાની માએ જવાબ આપ્યો કે તમારે એ કહેવાની જરૂર નથી મારો છોકરો શું મારા કરતાં તમોને વધારે વહાલો છે કે ?આ બધીમાલમિલ્કત આ બધા પૈસા જે છે તે એનું જ છે ને ! બાઈ મોઢેથી બોલ્યા કરે કે "જે છે તે એનું જ છે ને ! જે છે તે એનું જ છે ને !" પણ ખીસામાંથી પૈસા કાઢીને આપે નહિ કે દાક્તરને બોલાવે નહિ. પરિણામ એ આવ્યું કે બાળકનો ગળાનો ભાગ સુજી આવ્યો અને તારીયો મરી ગયો !

## એકલો ભાવ નકામો છે.

આ ઉપરથી એ વાત સમજવાની છે કે એકલો અંતરનો ભાવ હોય અને એ ભાવને અનુસરતું પોતાની શક્તિ પ્રમાણેનું કાર્ય ન થાય તે પણ નકામું છે અને એકલું કાર્ય થાય પરંતુ હૃદયમાં ભાવનો છાંટો પણ ન હોય તો તે પણ નકામું છે. હૃદયમાં માતા પોતાના સંતાનો પર રાખે છે તેવી વત્સલતા તો હોવી જ જોઈએ પરંતુ તે વત્સલતાની સાથે જ શક્યતા પ્રમાણેનું કાર્ય પણ થવું જ જોઈએ. વાત્સલ્ય એટલે માત્ર મોઢાની મિઠાશ જ બસ નથી પરંતુ હૃદયથી અંદરનો ઉમળકો હોવો જોઈએ અને તે સાથે દરેકને હાથે તેની શક્યતા પ્રમાણેનું કાર્ય પણ થવાની જરૂર છે. તમે આ રીતે આવી દૃષ્ટિ રાખીને જો સમ્યક્ત્વવાળાને જ જોવાને તૈયાર ન થાઓ તો પછી તમે મિથ્યાત્વીને ધર્મમાં જોડવા તૈયાર થવાના જ ક્યાં હતા ? મિથ્યાત્વીને જોઈને તેના કાર્યો ઉપર દ્વેષ ક્લેશ અપ્રીતિ થાય છે તેટલી નિર્જરા છે, પરંતુ અજ્ઞાની, મિથ્યાત્વી એના ઉપરનો દ્વેષ અને અપ્રીતિ તે સઘળું નિર્જરાના અનુસંધાનવાળું નથી. આથી જ સમકીતિની સાથે સહકાર રાખવાની જરૂર સિદ્ધ થાય છે. જો સમકીતિની સાથે સહકાર રાખવાનું ન હોય તો ત્રણ આચાર ઉડી જાય છે.

## શાસ્ત્રકારોએ એને જરૂરી માન્યું છે.

હવે મિથ્યાત્વીની સમકિતવાળાએ તપાસ રાખવી કે નહિ તે પ્રશ્ન વિચારો. કેટલાક લોકો કહે છે કે મિથ્યાત્વીની તપાસ રાખવા જવું તે કાદવમાં પથરા મારવા બરાબર છે. કાદવમાં પથરા મારનારો કોઈ પણ રીતે કાદવથી બચી શકતો નથી, કારણ કે કાદવના છાંટા પથરા મારનારાને જ પહેલાં ઉડે છે, તે જ પ્રમાણે મિથ્યાત્વીની તપાસ રાખવા જશો તો એ મિથ્યાત્વના છાંટા પથરા મારનારાને જ પહેલાં ઉડે છે, તે જ પ્રમાણે મિથ્યાત્વીની તપાસ રાખવા જશો તો એ મિથ્યાત્વના છાંટા પહેલાં તો આપણને પોતાને જ ઉડશે ! આવો તર્ક કરનારાઓએ પણ એક વાત વિચારવાની જરૂર છે કે મિથ્યાત્વનું જ્ઞાન કરાવવું શાસ્ત્રકારોએ જરૂરી માન્યું છે તે એટલા માટે જરૂરી માન્યું નથી કે આપણે મિથ્યાત્વનું જ્ઞાન મેળવી મિથ્યાત્વી, અજ્ઞાની, અને અવિરતિવાળા ઉપર દ્વેષ રાખવો, તેનું ભુંડું કરવું તેને ગાળો ભાંડવી કે તેની હાનિ કરવી એ માટે નહિ પરંતુ આપણે મિથ્યાત્વીઓને પણ જાણવા જોઈએ એ શાસ્ત્રકારો એટલા માટે જરૂરી માને છે કે જેથી તેમને જાણનારાઓમાં એવી વૃત્તિ ઉત્પન્ન થાય કે આ બિચારા ધર્મનું અનુમોદન કરી આ ભવે ભલે ધર્મની પ્રાપ્તિ ના કરી શકે પરંતુ ધર્મની અનુમોદના કરતા

રહે તો આવતે ભવે તો જરૂર તેઓ ધર્મ પામે ! એવું વિચારી તેમને પણ ધર્મનું અનુમોદન કરતા બનાવવા એ જ મિથ્યાત્વીઓને જાણવામાં હેતુરૂપે છે.

### અંદરનો હેતુ વિચારો.

મિથ્યાત્વીઓને જાણવામાં હેતુ શો છે એ વાત વિચારશો તો માલમ પડશે કે મિથ્યાત્વીઓમાં ધર્મની પ્રભાવના કરવી કે જેથી તેઓ પણ ધર્મની અનુમોદના કરતા થાય એ જ તેમાં હેતુ રહેલો છે. મિત્યાત્વીઓમાં ધર્મની પ્રભાવના થવાથી તેઓ અવશ્ય ધર્મની અનુમોદના કરતા બને છે અને એક ભવમાં તેઓ ધર્મની અનુમોદના કરતા બને તો ભવાંતરે પણ તેઓ ધર્મને પામી શકે છે અને સમકીતિ થઈ શકે છે. આ જ કારણથી અષ્ટાચારમાંનો આઠમો આચાર તે પ્રભાવના છે, અને એ પ્રભાવનાથી જ શાસનની ઉન્નતિ માનવામાં આવી છે પ્રભાવનાનું એ પરિણામ છે કે તેથી મિથ્યાત્વી પણ ધર્મની અનુમોદના કરી ધર્મ પાળી શકે છે અને ભવાંતરે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. જેઓ એમ કહે છે કે મિથ્યાત્વીની પરીક્ષા કરવાની આપણને આવશ્યક જ નથી તેવાઓને શાસ્ત્રકાર મહારાજાઓનો સીધો જ એ પ્રશ્ન છે કે તો પછી શાસનપ્રભાવના જે અત્યંત યશવતી છે તે કોને માટે છે ?

### આઠે આચાર જરૂરી છે.

મહાનુભાવો ! આ ઉપરથી ખાતરી થશે કે મહિમાવંતા જૈનશાસનને ધર્માચારના જે આઠ આચાર કહ્યા છે તે ખુદ્ ધર્મની ઉન્નતિને માટે આવશ્યક હોઈ તેમાંના ચાર આચાર પોતાને માટે જરૂરી છે ત્યારે ચાર આચાર બીજાને અંગે છે. હવે અહીં બીજો એ પ્રશ્ન થશે કે બીજાના આત્માની ધર્મપ્રિય સજ્જનોએ આટલી બધી દરકાર રાખવાની છે તો પછી બીજા આત્માઓમાં સમ્યક્ત્વ છે કે નહિ તેની પરીક્ષા કેવી રીતે થઈ શકે છે. અહીં એક સાધારણ ઉદાહરણ તપાસો. તમે કોઈ માણસને સુતરનો અથવા તો ગુણપાટનો કોથળો આપશો અને કહેશો કે, "ભાઈ ! ગામને પાદરે આવેલા તળાવે જઈને એક કોથળામાં તળાવની સમીપની ચોકખી હવા ભરી લાવ !" તો એ માણસથી તમારૂં કામ બનવાનું જ નથી અને હવા ભરી લાવવાનું સોંપવામાં તમારી ગણતરી પણ ગાંડામાં જ થવા પામશે. પરંતુ તમે રબરનો કોથળો આપશો તો તેમાં હવા ભરી લાવવાને માટે તેને વાંધો આવવાનો નથી. અર્થાત્ તમે તમારા સેવકને જે જાતની આજ્ઞા કરો તે આજ્ઞા શક્ય બને એવા સાધનો પણ તમારે તમારા સેવકને પુરા પાડવા એ તમારી ફરજ છે.

### પરીક્ષાના સાધનો તપાસો.

એ જ પ્રમાણે અહીં ધર્મને અંગેપણ પરીક્ષા રાખી છે, તો પછી એ પરીક્ષાના સાધનો રાખેલા હોવા જ જોઈએ. એ સાધનો ક્યા તે તપાસો. સમ્યક્ત્વની પરીક્ષા માટે દર્શનાચારના ચાર આચારો પોતાને માટે છે અને ચાર આચારો બીજા આત્માઓને અંગે તેમની પરીક્ષા માટે છે, અને એ પરીક્ષાનું સાધન પણ શાસ્ત્રકાર મહારાજાઓએ રાખેલું જ છે. જેમ લુગડાંનો કોથળો આપીને તેમાં હવા ભરાવી લાવવાનું કાર્ય ચાકરને સોંપવામાં તેનો સમય નાહક બગાડવા જેવું છે, તે જ પ્રમાણે અહીં પણ આચાર ક્યારે ટકી શકે એનો વિચાર ન કરીએ તો બધું જ નકામું છે. બીજાના સમ્યક્ત્વની પરીક્ષા કરો ત્યારે જ આચાર ટકી શકે એમ છે તો હવે બીજાના સમ્યક્ત્વની પરીક્ષાના સાધનો શાસ્ત્રો પુરા પાડ્યા છે કે નહિ તે તપાસો. આપણા આત્માને અને બીજાના આત્માને થએલા સમ્યક્ત્વની પરીક્ષાના સાધનો શાસ્ત્રકાર મહારાજાઓએ આપી જ રાખ્યા છે. સમ્યગ્દર્શનના લક્ષણ અને સમકિતદષ્ટિના લક્ષણ સ્વપરને અંગે જ છે અને તે દ્વારા આપણાથી આપણા આત્માના તથા અન્યના આત્માના સમ્યક્ત્વની પરીક્ષા થઈ શકે છે.

### આત્મા ત્યાં કેટલે અંશે રાગ રાખે છે ?

પહેલી તો એ વાત જોવાની છે કે શ્રીજિનેશ્વર ભગવાનોની વાણીમાં, કાર્યોમાં અને ગુરુની વાણીમાં તથા ગુરુના કાર્યોમાં આત્મા કેટલો રાગી છે ? આ વસ્તુમાં જો તમે પાસ થયા તો સમજી લેવું કે તમારામાં જો કદાચ સમ્યક્ત્વ ન હોય તો પણ તમે સમ્યક્ત્વની આશાતના કરનારા તો નથી જ. 'દેવગુરુની સેવા, શાસ્ત્ર સાંભળવાને અંગે રહેલી અપૂર્વ તીવ્રતા, અરે દેવ અને ગુરુનું વૈયાવચ્ચ કરવું એ ત્રણ હોય તેને સમકીતિ માનવાનો છે. જે એ ત્રણની પરીક્ષામાં નાપાસ થાય છે તે સમકીતિની પરીક્ષામાં નાપાસ થએલો જ માનવાનો છે, એથી જ સમ્યક્ત્વને અંગે શાસ્ત્રકારોએ એકંદર આઠ ચિહ્નો આવશ્યક માન્યા છે. એમાંના પાંચ ચિહ્નો દરેકને પોતાને માટે છે અને ત્રણ ચિહ્નો બીજાને અંગે છે. જે આત્મામાં આ લક્ષણો છે તેને કાંઈપણ શંકા વિના સાધર્મિક ભાઈ માનજો, એનું સન્માન કરજો, તેનું બહુમાન કરજો. કદાચ જ્ઞાની મહારાજની દૃષ્ટિએ તેના સમ્યક્ત્વમાં પોલ માલમ પડે, તો પણ યાદ રાખજો કે તેને સમકીતિ માનીને તેની ભક્તિ કરવામાં તમે કદી સમકિતપણું ચૂકતા નથી, તમારો પંથ તો દૃઢ જ રહે છે.

### એ પરીક્ષા દુષ્કર છે-સરળ નથી.

બીજા મનુષ્યના આત્માને અંગે સમ્યક્ત્વ રહેલું છે કે નહિ તેની પરીક્ષા કરવાનું સાધન સર્વમાન્ય નથી ! સોનું, હીરા, તાંબુ વગેરે પારખવાને માટે આ જગતમાં એકસરખું સમાન સાધન છે તે પ્રમાણે અહીં સમકીતી અથવા મિથ્યાત્વીને તપાસવાને માટે સ્વતંત્રપણે કશું સાધન રહેલું નથી. મનુષ્યની પરીક્ષા આપણે વરસોના વરસો જાય તો પણ કરી શકતા નથી. જો આપણે મનુષ્યની જ પરીક્ષા કરી શકતા નથી તો પછી તે મનુષ્યમાં રહેલા સમ્યક્ત્વની પરીક્ષા આપણાથી ન થાય તેમાં આશ્ચર્ય પણ શું વારૂં ? ધર્મ એ પોતે જ અરૂપી વસ્તુ. છે તે અતીન્દ્રિય છે અને અગમ્ય છે તો પછી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે જે આત્માનો અરૂપી ધર્મ છે એ ધર્મ અતીન્દ્રિય અને અરૂપી હોય તેમાં કાંઈ નવાઈ નથી. આત્માનો આ ધર્મ અરૂપી છે તેથી જ ઉપરોક્ત ધર્મની પરીક્ષા કરવી એ કાર્ય બહુ જ અતિશય મુશ્કેલ થઈ પડ્યું છે.

### પહેલાં તપાસ કે પહેલાં પૈસા ?

ધર્મની પરીક્ષા કરવાનું કાર્ય કેટલું મુશ્કેલ છે તેનો ખ્યાલ હવે સૌ કોઈને સારીરીતે આવ્યો હશે. ધર્મ અરૂપી હોવાથી અને તેનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ હોવાથી જ તેની લૌકિક લોકોત્તર દૃષ્ટિએ પરીક્ષા કરવી એ તો ખરેખર જ હિમાલય પગે ઓળંગી જવા કરતાં પણ દસગણું વિકટ કાર્ય છે એમ કહી એ તો તે કાંઈ જ ખોટું નથી. આટલે સુધી જેણે ધ્યાનપૂર્વક વિચારણા ચલાવી હશે તે હવે ધર્મનું મૂલ્ય કેટલું ગંભીર છે તે વાત પણ સહજ સમજી શકશે. તમે વસ્તુ લેવાને બજારમાં જાઓ છો તો પહેલાં જ વસ્તુનું મૂલ્ય ચૂકવી આપીને પછી વસ્તુની પરીક્ષા કરવા બેસતા નથી. તમે વસ્તુની પરીક્ષા પહેલી કરો છો અને વસ્તુની પહેલી પરીક્ષા કર્યા પછી જ તે પરીક્ષામાં વસ્તુ કેટલે દરજ્જે ઉત્તીર્ણ થઈ છે તે આધારે તેને તેનું મૂલ્ય ઠેરવો છો. એ જ પ્રમાણે ધર્મની પણ પહેલાં પરીક્ષા કરવાની છે. એ પરીક્ષા થઈ રહ્યા પછી જ ધર્મનું મૂલ્ય ઠેરવી શકાય છે. હવે જ્યારે ધર્મની પરીક્ષા કરવી એ જ કાર્ય આટલું બધું મુશ્કેલ છે તો પછી ધર્મનું સ્વરૂપ ઠરાવીને તેનું મૂલ્ય આંકવામાં પારાવાર મુશ્કેલી હોય તેમાં નવાઈ શી ?

### ખાસ મુદ્દો વિચારો.

ધર્મની કિંમત કરવાનો તથા તેની પરીક્ષા કરવાનો જો કોઈપણ માર્ગ હોય તો તે પુણ્ય અને નિર્જરા વગેરે છે. પુણ્ય લક્ષણ દ્વારાએ તથા નિર્જરા લક્ષણ દ્વારાએ લૌકિક અને લોકોત્તર દૃષ્ટિએ ધર્મની કિંમત થઈ શકે છે. ધર્મની પરીક્ષા કરવાના અથવા

તો તેનું મૂલ્ય ઠરાવવાના બીજા કોઇ રસ્તાજ નથી. હવે અહીં બીજો એક ખાસ મુદ્દો વિચારવાનો છે. તમે જુઓ છો કે વિજ્ઞાનની ઘણી શોધો પશ્ચિમના પંડિતોએ કરી છે પરંતુ એ શોધો વ્યવહારમાં ઉપયોગમાંજ ન આવી શકતી હોય તો તે શોધોનું કાંઇપણ મૂલ્ય થતું જ નથી. વીજળીની શોધ થઈ, એંજિનના મૂળભૂત સિદ્ધાંતો જયોર્જ સ્ટીવન્સને શોધી કાઢયા તે સમયે તેની ખરી કિંમત લોકોને સમજાઇ નહોતી પરંતુ એ શોધો જયારે વ્યવહારમાં મુકાઈ ત્યારે જ લોકો એ શોધની કિંમતને સમજી શકયા હતા. એ જ પ્રમાણે ધર્મની પરીક્ષા કરો, તેનું મૂલ્ય ઠરાવો અને એ ધર્માચરણથી અમુક વસ્તુ પ્રાપ્ત થાય છે એ વાત નકકી પણ કરો તેથી કાંઇ આપણો દહાડો વળવાનો નથી. આ સઘળું કર્યા પછી મુખ્ય વાત તો એ છે કે તમારે તમારી જાતને એ પ્રશ્ન પૂછવાનો છે કે આપણે કયાં છીએ ? આપણે કેટલું મેળવી શકીએ અર્થાત્ આપણે કેટલું મેળવવું જોઈએ એ વાત પહેલાં વિચારો અને પછી હજી સુધીમાં આપણે કેટલું મેળવ્યું છે તે વિચારો. પછી એ બંનેની બાદબાકી કરશો એટલે તરતજ ખ્યાલ આવશે કે આપણે આટલું ઓછું મેળવ્યું છે. આપણી ઉણપ સમજાય છે ત્યાં તે ઉણપ ભરી કાઢવાનો પ્રયત્ન કરવો એમાંજ માનવતા છે.

તમે આ વસ્તુ સમજશો, અને ધર્માચરણમાં આગળ વધશો ત્યારેજ કર્મબંધ ટાળી જગતની અશાંતિથી મુકત થશો અને સાચી શાંતિરૂપ મોક્ષને મેળવી શકશો. (સંપૂર્ણ)

# અમારા માનવંતા ગ્રાહકોને

હવે વી. પી. કરવાં શરૂ કર્યા છે, અને સાથે **'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય'** નામનું ભેટનું પુસ્તક પણ મોકલવામાં આવે છે.

જે ગ્રાહકોને આ અંક વી. પી. થી ન મોકલ્યો હોય તેમને આવતો અંક જરૂર વી. પી. થી રવાના કરવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની નીચેની ઓફિસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે. જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકો (મહેસાણા અને સુરત સિવાય) ને ભેટના પુસ્ત સાથે અંક વી. પી. કરવામાં આવશે, તે સ્વીકારવા વિનંતિ છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે એથી પણ વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો લખી મોકલવાં, કારણ કે ગ્રાહક પૂરતી જ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનિઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂા. ૨-૦-૦ તથા ભેટના પુસ્તકના પોસ્ટ ચાર્જના રૂ. ૦-૪-૦ મળી રૂ. ૨-૪-૦ નું મનિઓર્ડર કરવું.

લી.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ નં ૩

# ઉપધાનની તપસ્યા

(ગતાંકથી ચાલુ)

## શ્રી જિનમંદિરમાં નિસીહી કરાય છે તેના ખ્યાલથી જરૂર

એ પણ ધ્યાન રાખવાની જરૂર છે કે જિનેશ્વર ભગવાનના મંદિરમાં જિનમંદિર કે તેની પૂજાના કાર્ય સિવાય અન્ય કોઈપણ કાર્યમાં મન, વચન કે કાયા પરોવાય તો તેને શાસ્ત્રકારો નિસીહીનો ભંગ અને આશાતનારૂપ ગણે છે, તો પછી ભગવાન્ જિનેશ્વરોની સમક્ષ આરોપણ કરાતી માલાનું દ્રવ્ય શ્રીજિનેશ્વર ભગવાનના કે તેમની મૂર્તિના ક્ષેત્ર સિવાય બીજા ક્ષેત્રમાં જઈ શકેજ કેમ ? આચાર્ય મહારાજ શ્રીવિજયસેનસૂરિજી તો બોલીના દ્રવ્યનું તો શું પણ ખુદ્ માલાનાજ સ્વર્ણ, રજતાદિ સર્વ દ્રવ્ય દેવદ્રવ્ય છે એમ જણાવતાં સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે માલા સંબંધી સ્વર્ણ, રજત વિગેરે બધું દ્રવ્ય દેવદ્રવ્યજ છે.

## શ્રી સેનસૂરિજી માલાને દેવદ્રવ્ય ન કહેતાં માલા સંબંધીને દેવદ્રવ્ય કેમ કહે છે ?

અહીં ધ્યાન રાખવાની જરૂર છે કે શ્રીસેનસૂરિજી મહારાજ એકલી માલાનેજ દેવદ્રવ્ય તરીકે ગણાવતા નથી, પણ માલાને અંગે જે જે દ્રવ્ય તે બધાને દેવદ્રવ્ય જણાવવા માટે માલા સંબંધી જે દ્રવ્ય તે બધું દેવદ્રવ્ય કહેવાય એમ કહે છે. વળી માલા સંબંધીમાં પણ એકલું રેશમ નહિ કહેતાં સોનું અને રૂપું વિગેરે હોય તો તેને પણ ચોકખી રીતે દેવદ્રવ્યજ જણાવે છે. આ બધું વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે માલા સંબંધી બોલીના કે કોઈપણ દ્રવ્યને જ્ઞાનખાતામાં કે સાધારણ ખાતામાં લઈ જનારો મનુષ્ય સ્પષ્ટપણે શાસ્ત્રઆજ્ઞાને આચાર્યના આદેશને લોપનારોજ છે.

## પ્રાચીન રીતિને અનુસારે માલાજ દેવદ્રવ્યની છે તો પછી માલાનું દ્રવચકેમ દેવદ્રવ્ય નહિ?

વળી આ જગો પર એ વાત ઉપર પણ ધ્યાન દેવાનું છે કે વર્તમાન કાળમાં ઉપધાન વહન કરનારો પોતે રેશમ, બાદલું કે કસબની માલા કરાવે છે અને ગુરુ તેને મંત્રથી અધિવાસિત કરી પહેરાવવા આપે છે, પણ આ રિવાજ આચાર્ય મહારાજ વિજયસેનસૂરિજી કરતાં પહેલા કાળથી પ્રવર્તેલો છતાં અસલ શાસ્ત્રીય રિવાજ તો શ્રીજિનેશ્વર ભગવાનની પૂજામાં ધારણ કરાએલી માલાઓમાંથી ઉપધાન વહન કરનારને માલા આરોપણ કરવાનો વિધિ હતો, અને એ મૂલવિધિ જો ધ્યાનમાં રાખવામાં આવે તો વર્તમાન કાળમાં તે માલાને સ્થાને આરોપણ કરાતી માલાનું મૂલ દ્રવ્ય કે બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય સિવાય બીજા કોઈપણ ખાતામાં જઈ શકે નહિ એ સહેજે સમજી શકાય તેવી હકીકત છે.

## શ્રીસંઘને નામ માત્રથી માનનારાઓ જો ફેરફાર કરે તો તે અયોગ્યજ

વળી જેઓ શાસ્ત્રકારોએ ઠામઠામ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે બોલી કરવાનું કહેલું છતાં તે શાસ્ત્રોના

વચનોની શ્રદ્ધા અને દરકાર નહિ રાખીને માત્ર પોતાની કલ્પનાથીજ લોકોને ભરમાવવા માટે એમ જણાવે છે કે બોલીથી દ્રવ્ય ઉત્પન્ન કરવું તે શાસ્ત્રીય રિવાજ નથી, પણ માત્ર શ્રીસંઘે પરસ્પર કલેશ નિવારવા માટે એક કલ્પી કાઢેલી પ્રથા છે.

**બોલી દેવદ્રવ્યની વૃદ્ધિ માટે છે, પણ કલેશ નિવારવા માટે નથી.**

પણ આ કલ્પના કરનારાઓએ શ્રીસંઘનું કેવું હળ હળતું અપમાન કર્યું છે તે વિચારવા માટે શ્રી સંઘે દીર્ઘદૃષ્ટિ વાપરવાની જરૂર છે. શું શ્રીસંઘમાં એટલું પણ શાણપણ નથી કે તેઓ મોટા નાનાનો વિવેક ન રાખી શકે ? શું હંમેશા પૂજા,પ્રતિક્રમણ વિગેરે ધર્મક્રિયાઓમાં બોલી કર્યા વગર પણ વ્યવસ્થા નથી રાખી શકતા કે નથી રાખતા ? શ્રી સંઘ જો કલેશ નિવારવા ધારે તો જેમ સેંકડો પ્રસંગો વગર બોલીએ પણ ક્રમસર કરી શકે છે, તેમ જેમાં બોલી બોલાય છે તે પ્રસંગો પણ વગર બોલીએ અને વગર કલેશે કરી શકે તેમ છે. છતાં સંઘની તે શકિત અને વિચક્ષણતાને ન માને અને ન ગણકારે તેજ મનુષ્ય એમ બોલી શકે કે બોલીનો રિવાજ શ્રી સંઘે કલેશ નિવારવા માટે કરેલો છે.

**કલેશ નિવારવા માટે બોલી હોય તોપણ તે દેવદ્રવ્યજ થવું જોઇએ.**

કલ્પનાની ખાતર માની પણ લઈએ કે શ્રીસંઘેકલેશના નિવારણ માટે બોલીની રીતિ શરૂ કરી હોત, તોપણ તે બોલીનું દ્રવ્ય શ્રીસંઘની એક એક વ્યકિત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન તરફજ અસાધારણ ભકિતભાવ ધરાવનારી હોય અને તેથી સર્વ સંમતિએ તે જિનેશ્વર ભગવાનની સમક્ષ બોલાતી બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાંજ લઈ જવાનું નિશ્ચિત કર્યું હોય, તો પણ તે દ્રવ્ય હવે જિનેશ્વર ભગવાનના દ્રવ્ય તરીકે ન ગણવાનું અને જ્ઞાન કે સાધારણ ખાતાના દ્રવ્ય તરીકે ગણવાનું જે કરવું તે દેવદ્રવ્યની આવકને તોડનારૂં ગણાવા સાથે પૂર્વ મહાપુરુષોના વચન અને તેના નિયમને ઉથલાવનારૂં હોઈ શ્રી જિનેશ્વર દેવ, તેમના શાસ્ત્રો અને શ્રીસંઘની ઘોર આશાતના કરનારૂં જ થાય. અર્થાત્ કોઈપણ પ્રકારે માળાનું કે તેની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય સિવાય બીજામાં જઈ શકેજ નહિ એવી માન્યતા જે પરાપૂર્વથી શ્રી શ્રમણસંઘમાં ચાલી આવેલી છે, તે દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રના બહુમાનવાળા તથા શ્રીસંઘની આજ્ઞાને કબુલ કરનારા ભાવિકોને તો માનવા યોગ્યજ છે.

**ઉપધાન વહેનારાઓને નકરો દેવાની જરૂર**

સામાન્ય રીતે કોઈપણ વ્રત કે નિયમમાં સમવસરણના આકારવાળી નંદી માંડીને ક્રિયા કરાવવામાં આવે છે, ત્યારે ઓછામાં ઓછો સવા રૂપીઓ તો નકરા તરીકે દેવદ્રવ્યમાં આપવાનોજ હોય છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને મંદિરમાંથી લાવીને ક્રિયાકરવાને સ્થાને બિરાજમાન કરવા અને તેવી વખતેપણ વ્રતાદિક ઉચરનારાઓએ એક સવા રૂપીઆ જેવી નજીવી ચીજ પણ જિનેશ્વર ભગવાનની ભકિતમાં ન સમર્પણ કરવી એ સામાન્ય દૃષ્ટિએ પણ કેટલું બદું બેહુદુ ગણાય, અને જો એકેક નંદીએ એવી રીતે સવા રૂપીઓ ગણીએ તો માળાને અંગે વહેવાતા ઉપધાનમાં પાંચ વખત નંદીની ક્રિયા દરેક ઉપધાન વહન કરનારને કરવી પડતી હોવાથી સવા છ રૂપીઆ તો દરેક ઉપધાન વહેનારે દેવદ્રવ્ય તરીકે આપવાજ વ્યાજબી છે. વળી જ્યારે ઉપધાન વહન કરે ત્યારે મહિનો દોઢ દોઢ મહિના સુધી જે મકાન, ઉપકરણ વિગેરેનો ઉપભોગ કરવામાં આવે તેના અખંડિતપણાને સાચવી રાખવા માટે ઓછામાં ઓછી તેટલી રકમ આપે તેમાં કાંઈ નવાઈ નથી, એમ ધારીને કે અન્ય કોઈ પણ કારણથી ઉપધાન વિગેરેના જે જે નકરા શ્રી સંઘે ઠરાવી પ્રવર્તાવેલા છે તે પ્રમાણે દરેક ઉપધાન વહન કરનારે વર્તવુંજ જોઈએ. ઉપધાન વહન કરનારે સમજવું જોઈએ કે

ગૃહસ્થપણાના લગ્નાદિકના પ્રસંગો આશ્રવને પોષનારા છતાં પણ વારંવાર આવવાના છે અને આવે છે પણ પરમપદને દેનારા શ્રુતજ્ઞાનને આરાધવવાળો આ ઉપધાનનો પ્રસંગ જિંદગીમાં એકજ વખત આવે છે, માટે આ અપૂર્વ અને જિંદગીમાં એકજ વખત આવનારા પ્રસંગને અંગે કોઈપણ જાતનો સંકોચ ન રાખવો જોઈએ અને બની શકતી ભક્તિ અને ઉદારતા જરૂર દાખવવી જ જોઈએ.

### વહીવટદારોએ સમજવાની જરૂર

ઉપધાન વહન કરનારને માટે આ ઉચિત હકીકત કહેવાયા પછી એ પણ કહેવું અસ્થાને નથી કે ઉપધાન વહન કરનારાઓએ કે દેવદ્રવ્યની વ્યવસ્થા કરનારાઓએ ઉપધાન વહન કરનારાની સ્થિતિ કે શક્તિ તરફ ધ્યાન ન રાખવું અને ઉપધાન વહન કરનારા પાસેથી નકરો વસુલ કરવાનો સોટોજ બજાવવો એ કોઈ પણ પ્રકારે ઉચિત નથી. કેટલાક સર્વથા સામાન્ય સ્થિતિવાળા ભાવિકો નકરા આદિના ભયથીજ ઉપધાનને વહન કરતાં અચકે એવું વર્તન શ્રદ્ધા અને ક્રિયાની પ્રધાનતાવાલા જૈનશાસનમાં શોભતું નથી એ વાત પણ પુરેપુરી ખ્યાલમાં રાખવા જેવી છે.

ઉપધાનની જરૂરીઆત વિગેરે જણાવ્યા પછી ઉપધાન વહેનારાઓને માટે ક્રિયાને અંગે સૂચના કરવી તે અસ્થાને છે એમ નહિ કહેવાય.

### વર્તમાન આચરણા

વર્તમાનમાં ઘણા ભાગે ઉપધાન વહેનારાઓ પ્રતિક્રમણ, પ્રતિલેખન અને દેવવંદન વિગેરેની ક્રિયા શીખેલા હોય છે, તે તેમનું શીખવું આચાર્યોએ આચરેલી આચરણાને અંગે નિર્દોષ છે એમ કથંચિત કહી શકાય.

### અધ્યયન થયા પછી પણ ઉપધાન ન કરનારની દશા

પણ ધ્યાન રાખવું કે તે નિર્દોષતા શક્તિ અને સંયોગના સદ્‌ભાવની પ્રાપ્તિ સુધીજ છે. તે શક્તિ અને સામગ્રીનો સદ્‌ભાવ પ્રાપ્ત થતાં છતાં પણ જેઓ ઉપધાન વહન કરતા નથી, તેઓની ભવિષ્યદશા કેવી અશુભ થાય તે જાણવા માટે આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરિજીએ આચારપ્રદીપમાં જણાવેલ ઋષભદત્તનો અધિકાર ધ્યાનમાં લેવો, કેમકે તે ઋષભદત્તે એવોજ વિચાર કર્યો હતો કે અસ્ખલિતપણે બધાં સૂત્રો તો તૈયાર થયેલાં છે, તો હવે નકામી દુષ્કર તપસ્યા કરવાદિ કલેશ કરવાથી શું ફળ મળવાનું છે ? ઋષભદત્તના આવા વિચારને લીધેજ તેને બીજા ભવમાં દેવદત્તપણાની અવસ્થામાં શાં શાં ફળો ભોગવવા પડ્યાં અને અંતે ઉપધાન વહન કરવાપૂર્વક સૂત્રપાઠ કરીને દેવદત્ત કેવી રીતે મોક્ષ પામ્યો એ બધો અધિકાર આચારપ્રદીપમાં પત્ર ૨૦-૨૧થી જોવો.

### આચરણની પ્રાચીનતા

વર્તમાનમાં તો શક્તિ અને સંયોગના અભાવે ઉપધાનવગરનમસ્કારઆદિસૂત્રોભણવાનીઆચરણા યતિજીતકલ્પસૂત્રના ટીકાકાર કરતાં પહેલાંની છે.

### સૂત્રોની સંપદા વગેરેની માહિતી

એ ઉપધાન વહન કરવાની પહેલાં ભણાયલાં સૂત્રો ઉપધાન કરવાના સંજોગની વખતે ઉપધાન પ્રવેશ કરતાં પહેલાં અસ્ખલિતપણે તૈયાર કરવાં જોઈએ. તે દરેક સૂત્રોની સંપદા, પદ, આલાવા અને વર્ણની સંખ્યા બરોબર ધ્યાનમાં લેવી જોઈએ, અને ઉપધાન વહન કરતી વખતે પ્રતિક્રમણ, પ્રતિલેખન, દેવવંદન વિગેરે ક્રિયા સંપદા વિગેરેના વિધાન મુજબ ઘણી સ્વચ્છપણે થવી જોઈએ કે જેથી તે તે ક્રિયા કરતાં પોતાના આત્માને અપૂર્વ ઉલ્લાસ થાય અને બીજા ક્રિયા કરનારાઓ તથા સાંભળનારાઓ તે ક્રિયાના શુદ્ધપણાને અંગે આત્માના અપૂર્વ ભાવોલ્લાસને કરનારા અને અનુમોદન કરનારા બને.

## અર્થના ઉપયોગની સ્વાભાવિકતા

દરેક દેશવાળાને જેમ પોતાની ભાષામાં વપરાતા શબ્દો ઉચ્ચારણ કરતાં તેના અર્થો આપોઆપ આવી જાય છે, પણ તેના અર્થોનો વિચાર કરવો પડતો નથી, કારણ કે તે ઘણીજ વખત વિચારમાં લેવાઈ ગએલા હોય છે, તેવી રીતે પંચનમસ્કારાદિ સૂત્રોના પણ અર્થોનો એટલો બધો પરિચય કરી લેવો જોઈએ કે જેથી તે તે સૂત્રો અને તે તે પદો ઉચ્ચારણ કરવાની સાથે જ તેના અર્થોના યથાસ્થિત રીતિએ ખ્યાલ આવી જાય.

## અર્થ વિનાના સૂત્રો તે સુપ્ત-સુતેલ

જો કે સૂત્ર ઉચ્ચારણનો મુખ્ય લાભ તેના અર્થનો ખ્યાલ આવવા દ્વારાએ જ છે અને તેથીજ શાસ્ત્રકારો અર્થ વગરના સૂત્રને સુતેલું જ (સુત્ત-સુત્ત) ગણે છે, અને આ વાત ધ્યાનમાં લેવાથી દરેક સૂત્રના અર્થ જાણવાની આવશ્યકતા માલમ પડ્યા વિના રહેશે નહિ. જો કે અર્થ જાણ્યા વિનાનું પણ સૂત્રાધ્યયન મંત્રાક્ષરોની માફક ફલ દેવાવાળું તો છેજ, પણ આત્માના શુભ અધ્યવસાયો જેમ જેમ થાય તેમ તેમ નિર્જરા વધારે થાય અને તે શુભ અધ્યવસાયોનું થવું શુભ વિચારને આધીન છે, અને શુભ વિચારોની ઉત્પત્તિ એકલા સૂત્ર અધ્યયનથી થાય તેના કરતાં અર્થના વિચાર સાથેના સૂત્રાધ્યયનથી ઘણીજ વધારે થાય તે સ્વાભાવિક છે.

## અધ્યયન અને ઉચ્ચારણ વખતે અર્થનો ખ્યાલ

જો કે કેટલાક મહાશયો અર્થઅધ્યયનના સદ્‌ભાવથી માત્ર પોતાનું ચરિતાર્થપણું ગણે છે, પણ ધ્યાન રાખવું જોઈએ કે અર્થ જાણનારા મનુષ્યોએ તે અર્થોનું અધ્યયન શુભ ભાવને માટે કરેલું છે અને તેથી જે જે વખતે તે તે સૂત્રોનો ઉચ્ચાર કરવામાં આવે તે તે વખત તે તે સૂત્રોના અર્થનો ખ્યાલ બરાબર રહેવો જોઈએ.

## સૂત્ર અને અર્થના જ્ઞાન કરતાં ઉપયોગની આવશ્યકતા

જો કે કેટલાક મનુષ્યોને માત્ર સૂત્રનું અધ્યયન હોય છે, પણ અર્થનું અધ્યયન હોતું નથી, છતાં બારીક દૃષ્ટિથી વિચાર કરીશું તો સૂત્રઅધ્યયન કરનારામાંથી જેટલા ટકા અર્થઅધ્યયન કરનારા હોય છે, તેના હિસાબમાં અર્થના અધ્યયન કરનારા મનુષ્યોની સંખ્યાના હિસાબે તે તે સૂત્રના ઉચ્ચારણ વખતે તે તે સૂત્રોના અર્થનો ઉપયોગ રાખનારાની સંખ્યા ઘણાજ ઓછા ટકાના પ્રમાણમાં આવશે. અર્થાત્ ક્રિયાની અભિરૂચિ નહિ ધરાવનારા લોકો અર્થ અધ્યયનને નામે કેવળ સૂત્રપાઠની અરૂચિ ઉત્પન્ન કરે છે તે જો કે કોઈ પણ પ્રકારે વ્યાજબી નથી, પણ સૂત્રઅધ્યયન કરનારે તેનું યથાયોગ્ય ફળ મેળવવા માટે તે તે સૂત્રોના અર્થોનું અધ્યયન અને તે તે ક્રિયાની વખતે ઉચ્ચારણ કરાતા તે તે સૂત્રોના અર્થોનો ખ્યાલ રાખવાની ઘણીજ જરૂર છે.

## સૂત્ર, વર્ણ, અર્થની ક્રિયા વખતે દૃષ્ટિ રાખવાની જરૂર

અને આજ માટે આચાર્ય ભગવંતો સૂત્ર, વર્ણ અને અર્થ એ ત્રણેના ઉપયોગની દરેક સૂત્રે આલંબનના ઉપયોગની સાથે જરૂર જણાવે છે. અર્થાત્ જેમ સૂત્રઅધ્યયન માત્રથી આત્માર્થી જીવોનું ચરિતાર્થપણું થતું નથી, તેમજ ક્રિયા વખતે ઉચ્ચારણ કરાતા સૂત્રોના અર્થમાં ઉપયોગ ન રાખવામાં આવે તો અર્થાધ્યયન ભલે દુઃખથી કર્યું હોય, તોપણ તેનું ચરિતાર્થપણું બરોબર થતું નથી. જ્યારે દરેક ક્રિયા કરતી વખતે ઉપધાન ન હોય તો પણ આ વાત ધ્યાનમાં રાખવાની છે, તો પછી ઉપધાનની ક્રિયા કરતી વખતે ઉપધાન વહેનારાઓએ સૂત્રના અધ્યયન અને અર્થના જાણપણાની સાથે દરેક વખતે તે તે સૂત્રોના અર્થનો ઉપયોગ રાખવો તે અતિ આવશ્યક છે.

## સૂત્ર અને અર્થના ઉપયોગ સાથે ક્રિયાની જરૂર

ઉપધાન વહન કરતી વખતે જેમ સૂત્ર, વર્ણ અને અર્થના ઉપયોગની જરૂર છે, તેવીજ રીતે બલ્કે તેથી અત્યંત દરજ્જે ક્રિયાની શુદ્ધિની જરૂર છે. જગતમાં નમસ્કાર શબ્દ કહેનારો મનુષ્ય હાથ જોડે નહિ કે માથું નમાવે નહિ, તો તે નમસ્કારના શબ્દની ઉચિતતા ગણી શકાય નહિ, તેવી જ રીતે, ચૈત્યવંદનાદિકના સૂત્રો ઉચ્ચારણ કરતી વખતે તે તે સૂત્રોની વખતે કરવી જોઈતી મુદ્રાઓ અને પ્રમાર્જન વિગેરેનો વિધિ સાચવવામાં ન આવે તો સમજુ મનુષ્યોના સમૂહમાં તે સૂત્રાદિના ઉચ્ચારણની કિંમત ઘણીજ ઓછી થઈ જાય અને તે કિંમતનું ઓછાપણું તેટલાજ માટે થાય છે કે સૂત્રઅધ્યયન વિગેરેનો દુર્લભ યોગ મલ્યા છતાં કેવળ દુર્લક્ષ્ય કે પ્રમત્તપણાને લીધે આ જીવ યથાસ્થિત ફળને પામવા ભાગ્યશાળી બનતો નથી.

## ક્રિયા કરતી વખતે પ્રમાર્જનની જરૂર

ભગવાન્ જિનેશ્વર આદિને નમસ્કારઆદિ કરતી વખતે જેમ મુદ્રાદિકને જાળવવાની જરૂર છે, તેમ શ્રીજિનેશ્વર ભગવાન્ જે વસ્તુને સાધ્ય તરીકે ગણે છે અને ગણાવે છે એવા સંયમની સર્વત્ર ઉપયોગિતા હોય તે સ્વાભાવિકજ છે અને તે સંયમની સિદ્ધિ માટે દરેક ક્રિયાની વખતે ભાષા અને કાયાદ્વારાએ જયણા પાળવાની ઘણીજ જરૂર છે. ધ્યાન રાખવાની જરૂર છે કે સંયમને સાચવવા સિવાય સંવર અને નિર્જરાની પ્રાપ્તિ થવી સંભવિત નથી અને સંયમની સાચવણી સિવાય સંવર અને નિર્જરા ન થતા હોવાથી ચાહે જેવો ભાવ ઉલ્લાસ ગણાતો હોય કે થતો હોય, તો પણ સંયમની દરકાર સિવાય અને સંવરનિર્જરાના સહકાર સિવાય મોક્ષમાર્ગના અવિકલ સાધનરૂપે બની શકેજ નહિ.

## દ્રવ્યલિંગની ભજના પણ ભાવલિંગની જરૂરી

ધ્યાન રાખવાની જરૂર છે કે મોક્ષની પ્રાપ્તિને અંગે રજોહરણાદિ સ્વલિંગની ભજના છે, કેમકે કેવલજ્ઞાન પછી માત્ર બે ઘડીમાંજ મોક્ષ મેળવનાર અન્યલિંગ કે ગૃહિલિંગવાલાને મોક્ષ થવામાં અડચણ આવતી નથી. (જો કે શાસ્ત્રકારોએ રજોહરણ વિગેરેને સ્વલિંગ એટલે મોક્ષની પ્રાપ્તિ કરનારૂં જ લિંગ એમ જણાવી રજોહરણાદિ એ મોક્ષનું લિંગ છે, અને મોક્ષ રજોહરણાદિથીજ સાધ્ય છે એમ સ્પષ્ટપણે જણાવી દીધું અને અન્યલિંગસિદ્ધિનો ભેદ જણાવતાં સ્પષ્ટ કરી દીધું કે અન્યમતિનું લિંગ તે મોક્ષનું લિંગ તો નથીજ, કેમકે જો તે મોક્ષના લિંગ તરીકે મનાયું હોત તો તેને અન્યલિંગ તરીકે કહેતજ નહિ, તેમજ ગૃહિલિંગસિદ્ધ નામનો ભેદ જણાવતાં તે ગૃહીનું લિંગ સ્વલિંગથી એટલે મોક્ષના લિંગથી ભિન્ન છે અને ભવભ્રમણના કારણભૂત ગૃહસ્થપણાના હેતુભૂત છે એમ પણ સ્પષ્ટ જણાવી દીધું છે, અર્થાત્ મોક્ષની ઈચ્છાવાળાએ સ્વલિંગ આદરવું જ જોઈએ અને અન્યલિંગ તથા ગૃહલિંગ છાંડવું જોઈએ એમ છતાં પણ અન્યલિંગ અને ગૃહિલિંગ મોક્ષના અદ્વિતીય કારણરૂપ કેવળજ્ઞાનને ઉત્પન્ન થવામાં કે ક્ષપકશ્રેણિમાં નડતું નથી, એટલુંજ નહિ પણ કોઈક અકસ્માત સંયોગે અન્યલિંગ અને ગૃહિલિંગે રહેલાને કેવળજ્ઞાન થયું હોય, છતાં જો તે બે ઘડીથી વધારે આયુષ્યવાળા હોય તો તેઓ જરૂર સ્વલિંગ ગ્રહણ કરે છે અને પછી તેઓની સિદ્ધિ સ્વલિંગસિદ્ધિ તરીકે જ ગણાય છે, પણ કોઈક જ તેવોજીવહોય કે જે અન્યલિંગે કે ગૃહિલિંગે કેવળજ્ઞાન પામ્યા પછી માત્ર બે ઘડીથી ઓછું આયુષ્ય હોવાને લીધે સ્વલિંગ એટલે રજોહરણાદિ ગ્રહણ કરી શકે નહિ અને તે અન્યલિંગ અને ગૃહિલિંગથી સિદ્ધિપદ પામે તો તેવાઓને અન્યલિંગસિદ્ધ કે ગૃહિલિંગસિદ્ધના ભેદો તરીકે ગણવા પડે. જો કે આ ચોવિસીમાં કોઈપણ તેવી રીતે અન્યલિંગને કે ગૃહિલિંગે સિદ્ધ થએલાનો દાખલો કોઈ પ્રસિદ્ધ થયો નથી અને તેથી

ગૃહિલિંગસિદ્ધમાં ભરતમહારાજનું અને અન્યલિંગે સિદ્ધમાં વલ્કલચીરીનું દૃષ્ટાંતજ પ્રકરણકારો દે છે. જો કે તે બંને મહાપુરુષોએ કેવળજ્ઞાન પછી સ્વલિંગ એટલે રજોહરણાદિ ગ્રહણ કરેલાં છે અને તેથી તેઓએ સિદ્ધિપદ તો સ્વલિંગેજ મેળવેલું છે, પણ તેવું બીજું દૃષ્ટાંત શાસ્ત્રોમાં ઉલ્લેખિત ન હોવાને લીધે માત્ર કેવળજ્ઞાનની ઉત્પતિ ગૃહિલિંગે અને અન્ય લિંગે હોવાથી તેમજ મોક્ષનું તે અદ્વિતીય કારણ હોવાથી પ્રકરણકારોએ તે દૃષ્ટાંતો તે ભેદોમાં આપ્યાં હોય તેમ ચોકખું દેખાય છે. જો કે પંચાગીકારોએ ગૃહિલિંગસિદ્ધપણામાં મરુદેવા માતાનું દૃષ્ટાંત આપેલું છે, અને તેઓ ગૃહિલિંગેજ કેવળજ્ઞાન પામી અંતકૃત કેવલી થયેલાં છે, પણ પ્રકરણકારોએ તે મરુદેવામાતાનું દૃષ્ટાંત અતીર્થસિદ્ધપણામાં આપી દીધેલું હોઈ ગૃહિલિંગસિદ્ધપણામાં બીજું દૃષ્ટાંત ન મળવાથી જ ભરત મહારાજાનું દૃષ્ટાંત ગોઠવેલું છે એમ જણાય છે.) પૂર્વે જણાવેલી રીતિએ મોક્ષને માટે રજોહરણઆદિ સ્વલિંગનો ધ્વનિત રીતિએ તો નિયમજ છે, છતાં પણ વાક્યાર્થની અપેક્ષાએ અન્યલિંગે અને ગૃહિલિંગે સિદ્ધિ થતી હોવાથી, મોક્ષપદની પ્રાપ્તિ માટે રજોહરણાદિ રૂપી સ્વલિંગ અનેકાંતિક છે એમ કહી શકીએ, પણ ભાવલિંગ જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે તેને માટે તો મોક્ષની પ્રાપ્તિ ને માટે વિકલ્પ જ નથી. અર્થાત્ જેમ સ્વલિંગ ન હોય, પણ અન્યલિંગ કે ગૃહિલિંગ હોય તોપણ મોક્ષપદ સાધી શકાય, તેવી રીતે કોઈપણ ક્ષેત્રે, કોઈપણ કાળે, કોઈપણ જીવે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ભાવલિંગ સિવાય મોક્ષપદ મેળવ્યું નથી, મેળવાતું નથી અને મેળવાશે પણ નહિ, માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ભાવલિંગને અંગે શાસ્ત્રકારો ભજના નહિ રાખતાં નિયમિતપણું જ રાખે છે. આ ભાવલિંગ તરીકે જણાયેલા ગુણોમાં સમ્યક્ચારિત્રનું નિયમિતપણું છે, તેથી કોઈપણ ક્રિયા સમ્યક્ચારિત્રની પરિણતિ સિવાયની હોય તો તે મોક્ષનું સાધન ન બની શકે તે સ્વાભાવિકજ છે. ચારિત્ર એ પણ કથંચિત સંયમનો પર્યાયજ છે, અને તેથી દરેક ક્રિયામાં ચારિત્ર કહો કે સંયમ કહો એની પરિણતિ બરોબર રહેવીજ જોઈએ, અને તે સંયમ કે ચારિત્રની પરિણતિવાળા મનુષ્યે દરેક ક્રિયા વખતે અને તેમાં પણ આ ઉપધાન જેવી ઉત્કૃષ્ટ ક્રિયાની વખતે કોઈપણ પ્રકારે સંયમ કે ચારિત્રની પરિણતિમાં સાવચેત રહેવુંજ જોઈએ અને તેથી તે ઉપધાન કરનાર મનુષ્યે દરેક ક્રિયામાં એટલું બધું સારી રીતે ચારિત્રપરિણતિને જણાવનાર કે ચારિત્રપરિણતિથીજ થવાવાળું એવું જયણામય પ્રમાર્જન વિગેરે કરવું જ જોઈએ.

## ભાવલિંગની સાથે રહેનાર પરિણતિ માટે ઉપકરણ

અને તેથી તેવા શુદ્ધ પ્રમાર્જનને માટે દરેક ઉપધાનમાં પ્રવેશ કરનારે કટાસણું, સંથારીઉં, ચરવળો, મુહપત્તિ વિગેરે ઉપકરણો જીવની જયણાના કાર્યમાં ઉપયોગી થાય તેવાં સારાં રાખવાંજ જોઈએ.

## ઉપધાન વહન કરનારાઓમાં જુદી જુદી નિમણૂંક

વળી ઉપધાનમાં પ્રવેશ કરનારાઓએ દરેક કામ દરેક મનુષ્ય સમુદાયના અંગેના ન કરી શકે તે સ્વાભાવિક છે એમ ધારી સારી પરિણતિ અને જયણાવાળા પુરુષોએ પડિલેહણના કાજા ઉદ્ધરવા માટે, બંને ટંક વસતિની શુદ્ધિ કરવા માટે, પીવાનું, વાપરવાનું અને ચુનાનું પાણી તથા તેના ઠામોની બરોબર જયણાપૂર્વક સંભાળ રહે તે માટે તથા એકાસણું કરવા જાય તે સ્થાને ભાજન, પાટલા, ઘડા વિગેરે પડિલેહવા માટે જુદી જુદી ટોળીઓ બે, ચાર, કે આઠ, દશ મનુષ્યોની નિયત થઈ જવી જોઈએ.

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૫૫)

# સમાલોચના

૧ શ્રી મહાનિશીથમાં ઉપધાનની તપસ્યાનો એક પ્રકાર નથી, પણ ઘણા પ્રકારો છે અને વાચનાના ભેદ માટે પ્રાચીન ગ્રંથની ચોકખી સાક્ષીઓ જણાવાઈ છે છતાં સમયનેજ ધર્મ માનવાના આગ્રહવાળાને તે ન દેખાય તેમાં શું કહેવું ?

(સમયધર્મ)

૧ સુબોધિકા વિગેરેમાં તલાટીપણા જેવીદશા જણાવનાર ગ્રામચિંતક જેવો શબ્દ તથા એકવચન અને કાષ્ટ માટે એવું સામાન્ય વચન સ્પષ્ટ છે છતાં પોતાના આગ્રહથી વિરૂદ્ધ હોવાથી તેને જુઠું કહેનાર કેવા હોય?

૨ અનુકરણ ન હોય એમ પોકારનાર હવે સર્વથા અનુકરણ ન હોય એમ કહે છે તો સર્વથા અનુકરણ કોઈનું કોઈને ન હોય એ સર્વસાધર્મ્યના અભાવને સમજનાર કેમ પહેલેથી ભૂલ્યા હશે ? જો કે અનુકરણીયતાનો મુદ્દો તો જુદો છેજ.

(સાપ્તાહિક)

૧ સાધુસેવાઆદિ ધર્મનાં સાધનોને સુખનાં સાધનો તરીકે ગણાવે અને ધર્મ એ સુખનું સાધન છે એમ કહે છે એ સંવરનિર્જરા વિગેરેને કેમ ઘટાડતા હશે ?

૨ પ્રવચનકાર એમ હવે કહે છે કે પૌદગલિક આસક્તિવાળાની ધર્મક્રિયા આગળ મોક્ષ આપે છે અને મોક્ષમાં વળાવારૂપ થાય એવું પુણ્ય તેથી બંધાય છે.

(વીરશાસન)

૧ દુવિહારવાળાને સાંજે બે આહારનાં પચ્ચકખાણ આપવાં જોઈએ પણ ચોવિહાર આપવામાં ખાદિમસ્વાદિમની આજ્ઞા ન હોવાથી વિધેયતા ન થઈ જાય.

૨ ચોમાસાની દીક્ષાના નિષેધનું મૂલસ્થાન જોનારે પુરાણ એટલે પતિત અને ભાવિક મૂલસ્થાન શ્રાદ્ધ સિવાય અને તે પણ મુખ્યતાએ અન્યમતવાળા માટે છે તે સમજાય તેમ છે આસો સુ ૧૦ (દશેરા) પછી નન્દી કે જે આડંબરરૂપ છે તેની પણ સ્પષ્ટ પ્રવૃત્તિ અને આજ્ઞા છે.

૩ શ્રીધર્મરૂચિજીને પરઠવવાની આજ્ઞા તેમનો જીવ બચાવવાની અપેક્ષાપૂર્વક હતી ને તેથી અનેક જીવવિરાધના જોતાં તે બચાવ ગૌણ લાગ્યો.

૪ પાદપ્રોંછન એટલે આસન એક હાથ સમચઉરસ હોય.

૫ સાધર્મિક વાત્સલ્યને માટે કોઈપણ દિવસે નિષેધ ન હોય. શંખપુષ્કલીનું દૃષ્ટાંત જોવું.

૬ સ્થાનકવાસી પ્રતિમા માનતા કે સ્થાપતા હોય તો પણ તેઓના ધર્મસ્થાનકે શાસ્ત્રાનુસારીને જવું વ્યાજબી નથી. જૈનલિંગને જે સ્વલિંગ ન ગણતા હોય તેને શું કહેવું ?

૭ સંઘનું અપાયલું દૃષ્ટાંત કરેલ કાર્યની અનુમોદનામાં ન રાખતાં અવળા રૂપે જે લેવાયું છે તે ધર્મબીજના દાહની વરાળ છે એમ કહેવાય.

૮ કાર્તિકી એકમે શ્રીસુધર્મસ્વામીજીનો પટ્ટારોહ હોઈ તે દિવસે ધર્મપ્રેમીઓએ સ્થાપનાચાર્યનું

પૂજન કરવુંજ વ્યાજબી છે. સાધુઓનો તો દ્રવ્યસ્તવમાં અધિકાર નથી.

(જૈનધર્મપ્રકાશ)

૧ અનાદિકાલથી સામગ્રી ન મળવાથી પરોપકારિપણાનો ગુણ હતો છતાં વ્યક્ત ન્હોતો થયો એમ માનનારે ક્ષાયોપશમિકભાવ અનાદિસાંત માન્યો હશે.

(સાપ્તાહિક)

૧ પત્રથી સાધુમહારાજને વિહારની અગવડો પૂછવા કરતાં વિહારની મુશ્કેલીવાળા સ્થાનોની કમિટિએ તપાસ કરી અગવડતા ન રહે તેમ કરવું સારૂં છે.

(સોસાયટી)

૧ અનેક યુક્તિથી દેવાયેલ શાસ્ત્રાનુસારિઉપદેશ જ્યારે ન રૂચે કે ન માને ત્યારે અતિશય વિનાના મનુષ્યો સમજી શકે કે આ અવિનેય છે.

૨ વીતરાગ ભગવાનનો કહેલોજ માર્ગ ગણાય, માટે તેની પ્રરુપણાજ માર્ગ ગણાય. ભગવાન્ હેમચંદ્ર મહારાજા વિગેરે મહાનુભાવોએ શાસનની રક્ષ્યતા વિધેય તરીકે જણાવી છે. સરાગદશામાં થતી દ્વેષાદિની પ્રવૃત્તિ અનુવાદ સ્થાને છે. ઉપેક્ષા ન કરવાનો અર્થ સામર્થ્ય છતાં રક્ષણીયની રક્ષા કરવી. નિંદકઆદિના તાડનઆદિને નિર્જરા કરનાર તરીકે જૈન ગણી શકે નહિ. વ્યક્તિદ્વેષને નિર્જરા માનતાં અસુરોને વિષ્ણુએ માર્યા તે અને તીર્થરક્ષા માટે સંસારમાં અવતરવું તે યોગ્ય ઠરે, જો કે સરાગદશામાં તેવી પ્રવૃત્તિ તો થાય ને તે કથંચિત્ લાગણીથી લાભ દે.

૩ આશાતના ટાળવાનો પ્રયત્ન હોવોજ જોઈએ ને તેથી નિર્જરાજ છે, પણ અવગુણી ઉપરનો દ્વેષ તો બંધરૂપજ છે.

૪ સરાગદશાવાળો દેવાદિની આરાધનાવાળો હોવાથી આશાતનાની ઉપેક્ષા નજ કરી શકે પણ જો અવગુણીના પણ દ્વેષાદિને નિર્જરાનું કારણ ગણે તો માર્ગજ ચૂકી જાય.

૫ પ્રભુની પૂજા કરતી વખતે મુખકોશ હોય. મનમાંજ ભગવાનના ગુણનું ચિંતવન કરવું તે યોગ્ય છે. કોઈક સ્થાને બોલાય છે.

૬ અજિતશાંતિમાં ગાથાઓને અંતે આવતા છંદના નામો છંદની બહાર છે છતાં તે બોલાય છે ને તેમાં હરકત નથી.

૭ શ્રીપંચાશકજી વિગેરે શાસ્ત્રોના ફરમાન પ્રમાણે સ્ત્રીઓને માટે પરિણીત સિવાયના બધા પુરુષો વર્જિત પુરુષો છે અને તેથી તે ફેર લગ્ન કરે તોપણ અણુવ્રતનું ખંડન જ ગણાય, પણ પુરુષોને માટે પરિણીત સિવાયની બધી વર્જિત પરસ્ત્રીઓ નથી પણ જે પરણેલી કે પરણે તે સિવાયની પરસ્ત્રીઓ છે. અર્થાત્ સ્ત્રીઓને માટે સ્વપુરુષસંતોષ કે પરપુરુષવિરમણમાં ભેદ નથી અને પુરુષને માટે સ્વદારસંતોષ તથા પરદારવિરમણમાં ફરક છે. (ખેડા શ્રમણોપાસક)

૧ નામ નહિ દેનાર જિજ્ઞાસુને માટે ગતાંકમાં આવેલી સૂચનાઓ બસ છે.

(ખેડા મુનિરાજ)

૧ તીર્થંકરપણાને લાયકની તથા ભવ્યતા શ્રીતીર્થંકરોનેજ હોય, બાકી અન્ય પણ પરોપકારી અને દેગુરુબહુમાનિઓને તથા ભવ્યતા તો હોય છેજ, પણ તે વૃત્તિ ક્ષાયોપશમિકરૂપ હોવાથી અનાદિની ન મનાય, છતાં તેમ માનનારો અનાદિ શુદ્ધ આત્માને માનનારો થાય તેમાં નવાઈ નથી.

૨. પ્રવચનકાર માર્ગ બતાવવા જતાં તો બીજાની હયાતિને કલ્પનાથીજ માનવા તૈયાર છે. તેમ એકલાએ સાધુઓને દેખ્યા અને પ્રતિલાભ્યા એમ માન્ય કરે છે.

(સાપ્તાહિક)

૧ પાષાણ કે ધાતુની પ્રતિમા કે શ્રી સિદ્ધચક્રજીની વિધિ સહિત પ્રતિષ્ઠા થવી વ્યાજબી છે, માત્ર શાંતિસ્નાત્ર કે અષ્ટોત્તરીમાં મેલવાથી પૂજ્યતા શરૂ કરવી ઠીક નથી.

૨ ઉપધાનની માલાની કંકોતરીનો રિવાજ ઓછો છે. કહાડનારાઓનો અભિપ્રાય લાગતાવળગતા કે ધર્મપ્રેમીઓ આવે અને શાસનની ઉન્નતિ થાય એમ હોવો વ્યાજબી છે.

૩ શ્રાવક શ્રાવકને મળે ત્યારે તો પ્રણામજ કહેવાના ને કરવાના છે. અન્યતમવાળાને પ્રણામ ન કરાય તેથી તે મળે ત્યારે 'જય જિનેન્દ્ર' બોલવું વ્યાજબી છે, ને તેમાં આશાતના નથી જણાતી.

૪ શ્રમણવર્ગમાં સ્નાતક અને નિર્ગ્રંથને હિસાબે દુષ્ષમાકાલમાં બકુશકુશીલથી તીર્થ છે એમ કહેવાય, બાકી શ્રાવકોને આશ્રીને તો નામશ્રાવક અને ઝાંખરા તથા ખરંટનાર શ્રાવકને પણ શ્રાવકપણા રહિત માન્યા નથી. (શ્રાદ્ધવિધિ અને સ્થાનાંગસૂત્ર) સ્વપર કલ્યાણ કરનાર તો માતાપિતાઆદિ સમાન જેવા શ્રાવકો થાય.

૫ સ્હામાવાળાઓએ એજ પાઠોથી છ માસનો નિયમ જણાવેલ છતાં તે ન માનતાં, હમણાં છ મહિનાની પરીક્ષાનો આગ્રહ કરવા તૈયાર થયા છે. તેઓ જો તે વખતથી તેવી બુદ્ધિવાળા હોત તો વધુ કલેશ ન થાત એ વાત ખરી છે એમ કહી શકાય. વર્તમાનમાં છ માસની પરીક્ષા કરીને જ કોઈએ દીક્ષાકરી છે કે કરે છે એમ કહેવું સત્યથી વેગળું જ છે.

૬ સર્વવિરતિ તરફ રૂચિ ન ધરાવનારની પૂજા કારણરૂપ દ્રવ્યપૂજા નથી, પણ માત્ર રૂઢ દ્રવ્યપૂજા છે, એમ શ્રી હરિભદ્રસૂરિજી કહે છે.

૭ શાસ્ત્રપાઠ વિગેરેમાં અધિકારપણાને જોવાનું છે. ધર્મશ્રવણમાં તો સર્વ અધિકારી છે. પાખંડી અને કાલકસૌકરિક સરખા પણ શ્રવણથી બહિષ્કૃત ન હોતા.

(મુંબઈનો પત્ર)

૧ કેટલાંક જનાવરો તો એવાં હોય છે કે પોતાના ચાલાને પોતાના છે એમ ન સમજતાં પારકા ન હોય છતાં પારકા છે એમ સમજે છે, પણ તે જનાવરની અજ્ઞાનતાને આભારી છે. મનુષ્યને કેમ તેમ થાય છે તે સમજુ જાણી શકે.

(વીરશાસન)

૧ જૈન પ્ર. વ્યવસ્થાપકે પરીક્ષાનું સામાન્ય રીતે કુટવાની જરૂર નથી સમાલોચકને - નપુંસકાદિ ન હોવાની પરીક્ષા તો નીષેધ્ય હતી નહિ ને છે પણ નહિ અને સંમેલને પણ તેવો સામાન્ય પરીક્ષાનો ઠરાવ કર્યો છે, અને પહેલાંના કોઈપણ પ્રવચનમાં દીક્ષાર્થીને પરીક્ષા માટે છ માસ રોકવાનું કબુલાયું હોય તો તેજ લખવું યોગ્ય હતું.

(જૈન)

---

વાચકોને :-

સમાલોચકનું મંતવ્ય અત્યાર સુધીના લેખોથી સ્પષ્ટ થયું છે, માટે ચાલુ વિષયોમાં બીજો તેવો પુરાવો નહિ આવે તો હવે એ ચાલુ વિષયોનું પિષ્ટપેષણ કરવામાં નહિ આવે.

(તંત્રી)

પ્રશ્નકાર: ચતુર્વિધ સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક -
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

**પ્રશ્ન ૭૭૯-** ભગવાન્ મહાવીર મહારાજે ગર્ભાવસ્થામાં કરેલ અભિગ્રહને અંગે ભગવાને અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો હતો કે નહિ ? એક વખત શ્રીસિદ્ધચક્રના અંકમાં તે વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ નથી મ્હેલ્યો એમ પણ આવ્યું હતું ને વળી એમ પણ આવ્યું છે કે તે ગર્ભાવસ્થામાં અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો છે તો આ બેમાં શું સત્ય સમજવું?

**સમાધાન -** શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે ગર્ભાવસ્થામાં અભિગ્રહ કરતી વખતે પોતાની દીક્ષાનો વખત જાણવા માટે શ્રીનન્દિવર્ધનની વિનંતિ વખતની માફક અવધિજ્ઞાનનો ઉપયોગ નથી મ્હેલ્યો, પણ માત પિતાને પોતાના વિયોગમાં કેવું દુઃખ થાય, કઈ દશા થાય અને કઈ ગતિ થાય એ બધું અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું એમ શ્રી શીલાંકાચાર્યના શ્રી આચારાંગની ટીકાના લેખથી સ્પષ્ટ છે. વળી શ્રીઆવશ્યક ટીકાઓના પાઠોથી માતપિતાનો સ્નેહ અવધિજ્ઞાનથી જાણ્યો એમ સ્પષ્ટ છે, પરંતુ કોઈપણ જગ્યાએ ગર્ભાવસ્થાના અભિગ્રહની વખતે માતપિતાના મરણ પછી બે વર્ષે દીક્ષા થવાની છે એમ અવધિજ્ઞાનના ઉપયોગથી જાણીને પછી માતાપિતાના જીવતાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે એમ લેખ છેજ નહિ અને સંભવિત પણ નથી, તેથી એ બન્ને હકીકતોમાંથી એક પણ અયોગ્ય નથી.

## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

૧. આગમોદ્ધારક ૧-૮-૦
૨. સિદ્ધચક્રમાહાત્મ્ય ૧-૦-૦
૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ ૫-૦-૦

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચાર સમિતિ.
C/o.૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩

# સાધુ ધર્મ

''कृतबहिरन्तरङ्गसङ्गत्यागैः परदत्तभोजिभिर्भावमुनिभिः सद्भिर्भवद्भिरासेवनीया ग्रहणशिक्षा, विधेया वस्तुतत्त्वजिज्ञासा, मृगणीयः स्वपरतन्त्रवेदिना परहितनिरतेन पराशयवेदिना यथार्थाभिधानेन गुरुणा सम्यक् सम्बन्धः, प्रयोक्तव्यो गुरुविनयः, अनुष्ठेया विधिपरता, कर्तव्यो मण्डलीनिषद्याक्षादौ यत्नः, अनुपालनीयो ज्येष्ठक्रमो, भजनीयोचिताशनक्रिया, हेयो विकथादिविक्षेपः, शीलनीया भावसारमुपयोगप्रधानता, शिक्षणीयोऽयं श्रवणविधिः, आचरणीया बोधपरिणतिः, यतितव्यं सम्यग्ज्ञानस्थिरतायां, कार्यं मनःस्थैर्यं, न विधेयो ज्ञानद्ध्र्युत्सेकः, नोपहसनीयास्तदज्ञाः, परित्याज्यो विवादः, परिहार्यमबुद्धबुद्धिभेदकरणं. न विधेयः कुपात्रे शास्त्रनियोगः''

ભાવાર્થ :- બાહ્ય અને અભ્યંતર સંગનો ત્યાગ કરનાર, ગૃહસ્થોએ દીધેલા (અશન, પાનઆદિ)નું ભોજન કરનાર, ભાવમુનિ એવા તમોએ ગ્રહણશિક્ષા-શાસ્ત્રાભ્યાસ વારંવાર આદરવા લાયક છે, વસ્તુતત્ત્વની જિજ્ઞાસા કરવા લાયક છે, સ્વ અને પર શાસ્ત્રને જાણનાર, જીવહિતમાં તત્પર, બીજા (બાલ, મધ્યમબુદ્ધિ અને બુધ)ના અભિપ્રાયને જાણનાર, નામ જેવા ગુણવાળા ગુરુની સાથે સમ્યક્ સંબંધ થવાની ગવેષણા કરવી, ગુરુનો વિનય કરવો, વિધિમાં તત્પરપણું કરવું, મંડલી અને અક્ષનિષદ્યાઆદિકમાં પ્રયત્ન કરવો, મોટા નાનાનો ક્રમ સાચવવો, ઉચિતતા પ્રમાણે આહાર કરવો, વિકથાદિરૂપ વિક્ષેપ છોડવો, ભાવપૂર્વક ઉપયોગની મુખ્યતા કરવી, સિદ્ધાંતશ્રવણનો આ વિધિ શીખવો, બોધની પરિણતિ કરવી, સમ્યગ્જ્ઞાનની સ્થિરતા કરવા પ્રયત્ન કરવો, મનમાં સ્થિરપણું કરવું, મળેલી જ્ઞાનઋદ્ધિનું અભિમાન ન કરવું, શાસ્ત્રના અજ્ઞાન પુરુષોની હાંસી ન કરવી, વિવાદથી દૂર રહેવું, અજ્ઞાનીની બુદ્ધિનો ભેદ ન કરવો, કુપાત્રમાં શાસ્ત્રનું દાન ન કરવું.

"સિદ્ધર્ષિગણી"

ચતુર્થ વર્ષ અંક ૭

Registered No. B.3047




તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

પોષ સૂદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

૮-૧-૧૯૩૬

# પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

## પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

## પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

## છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

**પ્રાપ્તિસ્થાન**

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)


મહેસાણાના ગ્રાહકોને :-
મહેસાણાના ગ્રાહકોએ લવાજમ દોશી વ્રજલાલ ફૂલચંદને આપવું. તંત્રી


આ પાક્ષિક શ્રી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૭ | મુંબઈ તા. ૮-૧-૧૯૩૬ બુધવાર<br>પોષ સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |


## ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચકની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો *કરશે* :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

ત્રિલોકનાથ તીર્થંકરના પરોપકારિપણાને અંગેનો આગમ વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપાના અધિકારમાં ભગવાનની સ્નાનાદિકે પૂજા કરતાં વિચારાતા ગુણોનાં સંબંધમાં મુખ્યાતાએ સર્વ તીર્થંકરોની પરોપકારિતા અને ગૌણપણે મહાવીર મહારાજાની પરોપકારિતા વિચારતાં સંવચ્છરીદાનને અંગે સર્વ તીર્થંકરોનું પરોપકારિપણું વિચાર્યું.

### ઋષભદત્તને ઘેરે સુવર્ણાદિની વૃદ્ધિ કેમ નહિ?

જો કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ તો શ્રી દેવાનંદાની કુખમાં ૮૨ દિવસ રહ્યા, તોપણ ઈંદ્ર મહારાજાને રત્ન, સ્વર્ણાદિકે કરીને પ્રાસાદ વિગેરેને ભરવાનું થયું નથી, અને ભગવાન્ બાલબ્રહ્મચારી શ્રીઅરિષ્ટનેમિ ભગવાન્ તો જ્યારથી ગર્ભે આવ્યા ત્યારથી તેમનું ભુવન ઈંદ્રાદિકોએ રત્નઆદિથી ભરેલું છે, એમ અહીં ઋષભદત્તને ઘેરે ભગવાન્ દેવાનંદાની કુખે હતા ત્યારે તેમ ન બન્યું, તેમાં ભગવાનનું ત્યાં જન્મ ગ્રહણ કરી ચિરસ્થાયિપણું થવાનું નથી એ હેતુ હોય તો કાંઈ ના કહી શકાય નહિ.

### ભગવાન્ મહાવીરના આગમનથી સુવર્ણાદિની વૃદ્ધિ

પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા જ્યારથી સિદ્ધાર્થ મહારાજાને ઘેરે ત્રિશલાદેવીની કુખે આવ્યા ત્યારથી તે કુલ ધન, ધાન્ય, સ્વર્ણ, રજત, મણિ, મોતી આદિ સારભૂત દ્રવ્યોથી અને જશકીર્તિદ્વારાએ ઘણી વૃદ્ધિ પામવા લાગ્યું.

### શ્રી સિદ્ધાર્થનું મહારાજાપણું

એટલું જ નહિં પણ સિદ્ધાર્થ મહારાજાને જે સામંત રાજાઓ પહેલાં વશ આવતા નહોતા, તે સર્વ સામંતો ભગવાન્ મહાવીર મહારાજાના ગર્ભમાં આવવા માત્રથી વશ આવી ગયા. આ વાત શ્રી કલ્પસૂત્રમાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું વર્ધમાન નામ સ્થાપન કરતી વખતે મહારાજા સિદ્ધાર્થ અને મહારાણી ત્રિશલાએ સ્પષ્ટપણે ઉચ્ચારણ કર્યું છે.

### ભગવાન્ મહાવીર મહારાજનો રાજ્યત્યાગ-

આ ઉપરથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના પિતા એક ગામના ઠાકોર હતા કે સર્વથા સામાન્ય રાજા હતા એમ કહેવું તે એક જૈનશાસ્ત્રની સત્ય વાતને ઉથલાવી દેવા જેવું છે. વળી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની દીક્ષા વખતે પણ <u>चिच्चारज्जं चिच्चारट्ठं</u> એ શબ્દો મહાવીર મહારાજે રાજ્ય અને દેશને છોડયો એ હકીકત સ્પષ્ટપણે જણાવે છે. વળી ભાષ્યકાર મહારાજ પણ <u>स्फीतमपहायराज्यं</u> એવા કારિકાના સ્પષ્ટ અંશથી જણાવે છે, કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે દીક્ષા લેતી વખત ઘણું બહોળું રાજ્ય છોડેલું છે.

## ક્ષત્રિયકુંડના સ્થાન ઉપરથી શ્રી મહારાજાપણાની દૃષ્ટિ

વળી જે મનુષ્યોએ વર્તમાનમાં પણ ક્ષત્રિયકુંડના પર્વત ઉપરના અસલ સ્થાનની મુલાકાત લીધી હશે અને સૂક્ષ્મ દૃષ્ટિએ તે સ્થાનના પ્રભાવનું અવલોકન કર્યું હશે તેને સ્પષ્ટપણે માલમ પડયું હશે કે તે સ્થાનનું આધિપત્ય કરનાર જો સામંત રાજાઓનું આધિપત્ય કરતો હોય તો તે ખરેખર મોટો રાજા હોવો જોઈએ.

## ગર્ભસંહરણ વખતે જ ઇન્દ્રે કરેલ રાજવીનો વિચાર

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને દેવાનંદાની કુખમાંથી શ્રી ત્રિશલાની કુખમાં લાવતી વખતે रज्जसिरिं कारेमाणेम् એ વાક્યથી મહાવીર મહારાજનું સિદ્ધાર્થ રાજાને ઘેર સંહરણજ રાજ્યશ્રીના પ્રભાવેજ થએલું છે. અર્થાત્ સંહરણની વખતેજ સારી રાજ્યશ્રી હતી, ભગવાનની ગર્ભાવસ્થા વખતે પણ સામંત રાજાઓ વશ આવી ગયા તેથી રાજ્યશ્રી સારી રીતે વૃદ્ધિ પામેલી હતી, અને ભગવાને દીક્ષા લીધી તે વખતે પણ રાજ્યની ઘણીજ ચઢતી કળા હતી. શ્રીકલ્પસૂત્રમાં સિદ્ધાર્થ મહારાજાનો સ્નાનમંદિરમાંથી નીકળતી વખતે જે પરિવાર જણાવવામાં આવ્યો છે અને નરેન્દ્ર તરીકે જે વર્ણન કરવામાં આવ્યું છે, તે પણ સિદ્ધાર્થ મહારાજાની મોટી રાજ્ય સ્થિતિ સમજવાને માટે બસ છે.

## મહારાજા સિદ્ધાર્થને સૂત્રકારોએ ક્ષત્રિય ઉપ નામે કેમ કહ્યા ?

જો કે શ્રી કલ્પસૂત્રમાં ઘણી જગો પર સિદ્ધાર્થ મહારાજાને રાજા તરીકે જણાવેલા છેજ, છતાં કેટલેક સ્થાને સિદ્ધાર્થ મહારાજાને ક્ષત્રિય તરીકે અને ત્રિશલારાણીને ક્ષત્રિયાણી તરીકે જણાવવામાં આવેલાં છે, અને તેથી જૈનશાસ્ત્રની શૈલી અને તત્ત્વને નહિ સમજનારાઓ પૂર્વાપર સૂત્રનો ઉચ્ચાર કર્યા સિવાય માત્ર ક્ષત્રિય અને ક્ષત્રિયાણી શબ્દ દેખીને એમ માનવા તરફ દોરાઇ જાય છે કે તેઓ સામાન્ય ઠાકોર ઠકરાણી તરીકે જ હતાં. પણ તેઓનું માનવું કોઈપણ પ્રકારે વ્યાજબી નથી, કારણ કે ભગવાન્ મહાવીર મહારાજનું સિદ્ધાર્થ મહારાજાને ઘેરે સંહરણ જેવું રાજ્યલક્ષ્મીની મહત્તાને અંગે છે, તેવું જ બલ્કે તેથી અધિકપણે તે સંહરણ બ્રાહ્મણકુલથી તે ક્ષત્રિયકુળના ઉચ્ચપણાને અંગે કરવામાં આવેલું છે. અને તેથી તે ક્ષત્રિયકુલને કારણ તરીકે સૂચવવા ક્ષત્રિય અને ક્ષત્રિયાણી શબ્દ પણ કુલની ઉત્તમતા જણાવવા માટે સૂત્રકારને વાપરવા પડે તે યોગ્ય જ છે.

## જિનેશ્વરોની અધિકતા મુખ્યતાએ શાથી ?

જોકે જૈન શાસ્ત્રકારોને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મોક્ષમાર્ગના ઉપદેશકપણાને અંગે જ અધિક સંબંધ છે, રાજ્યના અધિકપણાને અંગે જૈનધર્મ કે જૈનધર્મને માનવાવાળાઓને કોઈપણ જાતે સંબંધ નથી અને વળી આખ્યાયિકા એટલે કથા કે ચરિત્રને અંગે કરાતા અછતા ગુણોનું વર્ણન પણ જૈનશાસ્ત્રકારો મૃષાવાદ તરીકે ગણે છે.

## વિદ્યમાન ગુણોના અકથન કરતાં અવિદ્યમાન ગુણોના કથનની ભયંકરતા

તેમાં પણ છતા ગુણોનું કથન નહિ કરવું તેને અંગે જેટલી અધમતા જૈનશાસ્ત્રકારો ગણે છે, તેના કરતાં અછતા ગુણોને પ્રગટ કરવામાં શાસ્ત્રકારો ભયંકર મૃષાવાદ ગણે છે, કારણ કે છતા ગુણો નહિ કહેવાય તોપણ શોધક મનુષ્ય તે વિદ્યમાન ગુણોને અનુભવદ્વારા કે અનુમાનદ્વારા જાણી શકશે, પણ અછતા ગુણો કહેવાથી પોતાની ઉપર ભરોસો રાખનારા મનુષ્યોને અવળે રસ્તે જોડી કેવો વિશ્વાસઘાત કરનારો બને છે તે સહેજે સમજી શકાય

તેમ છે, અને તેથી જ છતા ગુણને નહિ કહેવાની ભયંકરતા કરતાં પણ અછતા ગુણોને કહેવાની ભયંકરતા મૃષાવાદદ્વારાએ હદ બહારની થાય તે સ્વાભાવિક જ છે, અને તેથી જ જૈનશાસ્ત્રકારોએ નથી તો સર્વ તીર્થંકરોને ચક્રવર્તી માન્યા કે નથી તો પાંચ, ચાર, ત્રણ, બે કે એક ખંડના પણ નિયમિત સ્વામિપણે માન્યા એટલું જ નહિ પણ સર્વ તીર્થંકરોને રાજ્યાભિષેકવાળા માનવાને પણ જૈનશાસ્ત્રકારો તૈયાર થતા નથી. જો રાજ્યને અંગે જ તીર્થંકરોની મહત્તા માનવી હોત કે સ્થાપવી હોત તો આવી રીતે જુદા જુદા તીર્થંકરોની જુદી જુદી સ્થિતિ જે સત્ય હકીકત તરીકે જણાવવામાં આવી છે તે જણાવત જ નહિ.

## વિદ્યમાન રાજ્યની વૃદ્ધિમાં ગર્ભપ્રભાવ

આ સર્વ કહેવાનું તત્વ એટલું જ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું ત્રિશલાદેવીની કુક્ષિએ આવવું થયું, ત્યારે મહારાજા સિદ્ધાર્થ એ એક સમર્થ રાજા હતા, છતાં તેમના રાજ્યમાં રિદ્ધિ, સમૃદ્ધિ અને રાજ્યનો ચળકતો વિસ્તાર તે ગર્ભકાલના છ મહિનામાં એટલો બધો થયો કે મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલા મહારાણીથી તે વિસ્તાર પોતાના કે પોતાના રાજ્યના અન્ય મનુષ્યોના ઉદ્યમથી થયો છે એવું માની શકાયું જ નહિ, અને અદૃશ્યપણે કોઇક ચમત્કારી પુરુષનો પુણ્યપ્રભાવ છે એમ માનવાની જરૂર પડી અને અન્વયવ્યતિરેકથી તે સર્વ વૃદ્ધિનું કારણ ભગવાન્ મહાવીર મહારાજ કે જેઓ ચૌદ સ્વપ્નાની સાથે ગર્ભમાં આવેલા છે તેમને જ તે વૃદ્ધિના કારણ તરીકે માનવા તરફ દોરાયા, અને તે ધન, ધાન્યાદિ અને રાજ્યઋદ્ધિની સ્થિતિ શ્રી સિદ્ધાર્થ મહારાજાને એટલી બધી નિશ્ચયવાળી અને લાગણી ખેંચનારી લાગી કે જેથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજના જન્મ પછી બારમે દિવસે સકલ મિત્રમંડળ, કુટુંબીજન, સંબંધી અને સર્વ જ્ઞાતકુલના ક્ષત્રિયોની આગળ તે વૃદ્ધિ કે જે બધાઓની જાણમાં આવેલી હતી, તેનો અનુવાદ કરી, તે વૃદ્ધિના કારણ તરીકે ભગવાન મહાવીર મહારાજનું ગર્ભમાં આવવું જણાવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજના તે ઉપકારને ચિરસ્મરણીય બનાવવા વર્ધમાન એવું નામ સ્થાપન કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી અને તે પ્રમાણે વર્ધમાન એવું નામ સ્થાપન કર્યું.

## રાજ્યાદિ વૃદ્ધિ દ્વારાએ પરોપકારિપણું

અર્થાત્ દ્રવ્યઉપકારની અપેક્ષાએ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ગર્ભદશાથી પણ ઉપકાર પરંપરા શરૂ કરવામાં કે થવામાં નિમિત્તપણું લીધું છે, એમાં બે મત થઇ શકે તેમ નથી જ. જેવી રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પ્રવર્તેલા રાજ્યને વધારવા દ્વારાએ પરોપકારિતા કે ઉત્તમતા ધ્વનિત કરી છે.

## ભગવાન ઋષભદેવજીની પણ દ્રવ્યથી પરોપકારિતા

તેવી રીતે અન્ય તીર્થંકરોમાં અસ્પષ્ટપણે હોય તોપણ ભગવાન્ ઋષભદેવજીમાં તો તે દ્રવ્યપણે પણ પરોપકારની દશા ઘણી જ સ્પષ્ટપણે છે એમ સૂત્રકારો અને ગ્રંથકારો સ્પષ્ટપણે જાહેર કરે છે, અને તેથી ભગવાન્ ઋષભદેવજીની તે તે પરોપકારિતાને અંગે કંઇક વિચારણા કરીએ તો તે અસ્થાને ગણાશે નહિ. પણ તે ભગવાન ઋષભદેવજીની પરોપકારિતા જણાવવા પહેલાં બે મતનો ખુલાસો કરાવાની ઘણી જ આવશ્યકતા છે.

## કોઇ કોઇ ગુણો કોઇ કોઇ તીર્થંકરમાં વધારે હોય ને કહેવાય તેથી અન્યનું અપમાન નથી.

પ્રથમ વાત તો એ છે કે સત્ય સ્વરૂપની ખાતર એકલા ભગવાન્ ઋષભદેવજીની જે પરોપકારિતા જણાવીશું તે તેમના યુગાદિદેવપણાઆદિની માફક જો કે તેમને એકલાને જ લાગુ થશે અને તે પરોપકારિતા બીજા તીર્થંકરોને તેવી રીતે લાગુ નહિ થાય, પણ તેથી આ લેખક ભગવાન ઋષભદેવજીનું

જ સન્માન કરી અન્ય તીર્થંકરોનું અપમાન કરવા માંગે છે એવી જુઠી અને બેહુદી કલ્પના કરવાને કોઈપણ મનુષ્ય મનમાંકડાને તૈયાર કરે નહિ, કેમકે દરેક તીર્થંકરો કેવલજ્ઞાનાદિ ગુણોને અંગે સરખા હોય છે, છતાં દુન્યવી વિગેરે સર્વ બાબતોમાં સર્વ તીર્થંકરો સરખા જ હોય એવું કોઈપણ જૈનશાસ્ત્ર ફરમાવતું નથી અને તેથી કોઈપણ શાસ્ત્રપ્રેમી તેમ માનતું પણ નથી. જિનેશ્વરોના ચરિત્રને જાણનારા મનુષ્યો શું એમ નહિ માને કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજને જેવાં અસાતાવેદનીના કર્મો પરિષહ ઉપસર્ગ દ્વારાએ ભોગવવાં પડયાં છે, તેવાં તેમના સિવાય બીજા કોઈપણ તીર્થંકરને ભોગવવાં પડયાં નથી, અને ભગવાન્ યુગાદિદેવને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યાના બીજા દિવસથી જ આરંભીને લાગલગાટ બાર મહિના સુધી જેવો આહારના અંતરાયનો ઉદય સહન કરવો પડયો છે, તેવો બીજા કોઈપણ તીર્થંકરને અંતરાયનો ઉદય સહન કરવો પડયો નથી, અર્થાત જૈનશાસ્ત્રને જાણનારો તો સ્પષ્ટપણે જાણી અને માની શકે તેમ છે કે ઔદયિક, ક્ષાયોપશમિક ભાવોમાં એક જ પ્રકારપણાનો નિયમ રહી શકે નહિ. એક પ્રકારપણાનો નિયમ જો કોઈપણ જગો પર રહી શકતો હોય તો તે ક્ષાયિકભાવને અંગે જ રહી શકે, અને તેથી શાસ્ત્રાનુસારી જીવો સર્વ તીર્થંકરોના કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ગુણોને એક સરખા માનવા તૈયાર થાય તે સ્વાભાવિક છે,અને તે સિવાય બીજી બાબતોમાં વિચિત્રતા હોઈ, કોઈ તીર્થંકરોમાં કોઈ બાબત, અને કોઈક તીર્થંકરોમાં કોઈ બાબત અધિક હોય તેમાં આશ્ચર્ય નથી, અને તે અધિક બાબત તે તે તીર્થંકરોની સ્તુતિ કરતાં અન્ય તીર્થંકરોનું અપમાન થયું એમ કહેવું એ પરમાર્થથી ગુણસ્તુતિનો દ્વેષ કરવા જેવું જ ગણાય, માટે તે તરફ વાચકોએ ભૂલેચૂકે પણ દોરાવું વ્યાજબી નથી, અને લેખકનો આશય પણ સ્વપ્નાંતરે અન્ય તીર્થંકરોની અવનતિ કરવાનો હોય જ નહિ. માટે અવનતિની કલ્પના કરનારો જ અવનતિ કરવા તૈયાર થયો છે એમ માનવું પડશે.

### ભાવ ઉપકાર કરનાર જિનેશ્વરો હોય તેમ દ્રવ્યોપકારી પણ હોય

બીજી વાત એ છે કે મોક્ષમાર્ગને પ્રવર્તાવવા દ્વારાએ સર્વ તીર્થંકરો જે ભાવ થકી ઉપકાર કરે છે, તે એકાંત હિતકારી અને પર્યવસાને પરમ પદ રૂપી ફળે કરીને ફળવાળો થનારો હોય છે, પણ ભગવાન્ જિનેશ્વરે કે બીજા કોઈએ પણ કરેલો દ્રવ્ય ઉપકાર એકાંત હિતને જ કરનારો કે પરમપદ રૂપી ફળને જ કરનારો હોય એવો નિયમ નથી અને તેથી જ તેવા ઉપકારને દ્રવ્ય ઉપકારમા કહેવામાં આવે છે, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તેવા પુણ્યના પ્રાગ્ભારના ઉદયવાળા હોય છે કે જેના ઉદયથી તેઓ કંઈક દોષવાળા એટલે સાવદ્ય એવા પણ લોકોને ઉપકાર કરનારા એવા કાર્યને કરનારા હોય છે, અને તેથી જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી ભગવાન યુગાદિદેવે શિલ્પકળાનું કરેલું પ્રવર્તન સ્વરૂપે કરીને સાવદ્ય છે, છતાં લોકોના ઉપકારને માટે કર્યું છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, અર્થાત્ ભગવાન ઋષભદેવજી તરફથી થએલી લોકોપકાર પ્રવૃત્તિને જે પરોપકાર તરીકે અમે આગળ જણાવીશું તેમાં સાવદ્ય, નિરવદ્ય, સાધિકરણ કે નિરધિકરણ આદિના વિચારપ્રવાહને વહેડાવવા પહેલાં જો શાસ્ત્રાનુસારી હોય તો શાસ્ત્રો તરફ નજર નાંખવા પ્રયત્ન કરે.

### કલ્પનાના કોયડા ગોઠવનારને ચેતવણી

પરંતુ તેમ નહિં કરતાં માત્ર પોતાની કલ્પનાથી ધારેલ અને કહેલ શાસ્ત્રવિરૂદ્ધ વાક્યોને વળગી રહેવા કે વળગાડી રાખવાં પ્રયત્ન કરવામાં આવશે તો તે પ્રયત્ન કરનારને જ ભારભૂત છે. આ લેખક એના નિમિત્તરૂપ પણ નહિ બને એમ સ્પષ્ટ કરી હવે ભગવાન્ ઋષભદેવજી મહારાજના પરોપકારિપણાને અંગે કાંઈક વિચાર કરીએ.

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૭૫)

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(અનુસંધાન અંક ૪ ના ટા. પા. ૪ થી)

**અધિકતિથિઓને હિસાબમાં ન લેવાય તેમ અધિકમાસ પણ ન લેવાય**

જેવી રીતે પાક્ષિકપ્રતિક્રમણને માટે પહેલા પક્ષની તે તિથિની મર્યાદા લેવામા આવે છે, તેવી જ રીતે ચોમાસીને અંગે ચાર માસની મર્યાદા લેવામાં આવે છે. તે ચાર માસની મર્યાદા પણ અધિકમાસ હોય તો પાંચ થાય કે ક્ષય.માસ હોય તો ત્રણ થાય તે તરફ જોવાનું હોતું નથી. પાક્ષિકની તિથિઓને અંગે ઉપર જે ન્યાય જણાવ્યો છે તેજ ન્યાય અહીં ચોમાસીને અંગે લેવાનો છે. અર્થાત્ ચારે માસના ભોગવટા અને સંજ્ઞા ઉપર જ ધ્યાન આપવાનું છે. જેવી રીતે પક્ષમાં પડવાથી માંડીને પુનમ સુધીના કે અમાવાસ્યા સુધીના તિથિના પંદર નામોમાં કોઈ નવા નામની તિથિ દાખલ થતી નથી, તેવી જ રીતે શ્રાવણથી માંડીને ગણાતા બાર મહિનામાં કોઈપણ તેરમો મહિનો જુદા નામવાળો આવતો નથી, તેથી પાક્ષિક પ્રતિક્રમણ જેમ તિથિપ્રતિબદ્ધ હોઈ અધિક કે ન્યૂન દિવસ થાય તો પણ પંદર રાત્રિ અને દિવસના નામે ચૌદશના દિવસે જ કરવામાં આવે છે. તેવી રીતે ચોમાસી પણ આષાઢ, કાર્તિક અને ફાલ્ગુન માસને અંગે પ્રતિબદ્ધ હોઈ ક્ષયમાસને લીધે ત્રણ માસ થયા હોય કે અધિક માસને લીધે પાંચ માસ થયા હોય તોપણ ચતુર્માસી પ્રતિક્રમણ તો આષાઢ, કાર્તિક અને ફાલ્ગુનમાં જ કરાય. પહેલા ચોમાસી પ્રતિક્રમણને કર્યાને ત્રણ જ માસ થયા છે, છતાં તે ત્રણ માસે ચોમાસી કરવાનું વિધાન મહિનાની સંખ્યાના આગ્રહને પકડનારને શાસ્ત્રમાંથી કાઢી શકાય તેમ નથી. તેવી જ રીતે અધિક મહિનો આવ્યો હોય તો ચાર મહિના આષાઢ, કાર્તિક કે ફાલ્ગુનથી એક મહિના પહેલાં પૂરા થાય તે વખત એટલે આસો, મહા કે જેઠ મહિનામાં અધિક માસની અપેક્ષાએ ચાર મહિના પૂરા થાય, તો ત્યાં ચોમાસી પડિક્કમણું નહિ કરી લેતાં, ચોમાસી પડિકમણા માટે પાંચ મહિના સુધી થોભાવવાનો હક શો છે ?

**મહિનાની અધિકતા છતાં ચોમાસીની નિયમિતતામાં શાસ્ત્રસમંતિ**

વળી શાસ્ત્રોમાં અધિક મહિનાની વાત તો જગો પર આવે છે, છતાં કોઈપણ શાસ્ત્રમાં પંચમાસી પ્રતિક્રમણ કે પંચમાસી ખામણાનો ઉલ્લેખ છે નહિ, તેમજ કોઈએ તેવી રીતે કર્યાનો પણ દાખલો નથી, અને શાસ્ત્રને હિસાબે પણ યુગના મધ્યમાં પોષ વધ્યો હોય તોપણ કાર્તિક મહિનાથી ફાગણ સુધી તે વખતે પાંચ મહિના થાય તોપણ ફાગણ મહિને ચોમાસી પડિકમણું જ ગણાય છે. જો કે પોષ મહિનો વધ્યાને

લીધે ફાગણ મહિને પાંચ મહિના થાય છતાં તે વખતે ચોમાસી કર્યાનો રિવાજ ગણાય પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી એમ કહી શકીએ,પણ પોષ કે આષાઢ બેમાંથી કોઇ પણ વધ્યા હોય તોપણ આષાઢ ચોમાસી પ્રતિક્રમણ તો બીજા આષાઢમાં જ થાય એમ શાસ્ત્રકાર કહે છે અને મહિનાની સંખ્યા ગણનારને પણ તે કબુલ કરવું જ પડે છે, અને જ્યારે આષાઢ મહિનો કે પોષ મહિનો વધ્યા છતાં પણ જ્યારે આષાઢ ચોમાસી પડિકમણું આષાઢે બીજા આષાઢે જ કરવાનું છે એમ માનવામાં આવે તો તેની પહેલાનું ચોમાસી પ્રતિક્રમણ મહિનો વધ્યો હોય તોપણ ફાગણ મહિને જ કરવાનું થાય તે શાસ્ત્રથી અવિરૂદ્ધ અને યુક્તિસંગત છે, અને જ્યારે પકખીને અંગે દિવસોની સંખ્યા ન લેવાય, અને ચોમાસીને અંગે મહિનાની સંખ્યા ન લેવાય, અને અધિક કે ક્ષયમાસને હિસાબમાં ન ગણાય તો પછી સંવચ્છરીને અંગે માસની સંખ્યા ગણવી કે અધિક માસને હિસાબમાં લેવો એ કોઇપણ પ્રકારે સમજુ મનુષ્યના મગજમાં ઉતરે એવી હકીકત નથી.

## સંવત્સરિકનું ભાદ્રપદ શુક્લ સાથે પ્રતિબદ્ધપણું છે

કદાચ એમ કહેવામાં આવે કે શાસ્ત્રોમાં જ્યાં જ્યાં ચોમાસી પ્રતિક્રમણ અને ચોમાસીનો અધિકાર છે, ત્યાં સર્વ સ્થાને આષાઢ, કાર્તિક કે ફાલ્ગુન મહિનાના જ નામ છે, અને તેથી તે ત્રણ ચોમાસાં આષાઢ આદિક મહિનાની સાથે પ્રતિબદ્ધ ગણવામાં આવે છે, અને તેવાં પ્રતિબદ્ધ માનીને જ આષાઢ આદિ મહિનામાં માસ અધિક કે ક્ષીણ હોય તો પણ ચોમાસી પ્રતિક્રમણ કરવામાં આવે છે એમ કહેનારે સમજવું જોઇએ કે ચોમાસીના અધિકારને અંગે જેટલા સ્પષ્ટ ઉલ્લેખો કાર્તિક ફાલ્ગુન આદિ પ્રતિબદ્ધપણે જણાવનારા નથી, તેના કરતાં વધારે સ્થાને અને વધારે લેખો સંવચ્છરીને ભાદરવા માસની સાથે પ્રતિબદ્ધપણે જણાવનારા છે, તો પછી પાક્ષિકને તિથિ સાથે, ચોમાસીને મહિના સાથે પ્રતિબદ્ધ રાખવામાં વાંધો નથી અને સંવચ્છરીને ભાદરવાની સાથે પ્રતિબધ્ધ રાખવામાં વાંધો છે એમ કહેવું કોઇપણ ન્યાય સમજનારને શોભતું નથી.

## નિયત અવસ્થાનરૂપ પર્યુષણા ને સાંવત્સરિક પર્યુષણાના ભેદો

કેટલાક તરફથી એમ કહેવામાં આવે છે કે પર્યુષણ શબ્દથી સંવચ્છરી કહેવાય છે અને તે પર્યુષણ કરવાનું તો આષાઢ સૂદિ પૂર્ણિમાથી દરેક પાંચ પાંચ દિવસે કરવાનું શાસ્ત્રમાં સ્પષ્ટ વિધાન છે, માટે સંવચ્છરી ભાદ્રમાસ પ્રતિબદ્ધ નથી એમ ગણી સંવચ્છરી પ્રતિક્રમણને અંગે માસનો હિસાબ ગણવો વ્યાજબી લાગે છે, અને તેથી મહિનાની સંખ્યા ગણી શ્રાવણ માસમાં પણ પહેલાની સંવચ્છરીની અપેક્ષાએ બાર મહિના થાય તો તે શ્રાવણ માસમાં પણ સંવચ્છરી પ્રતિક્રમણ કરવું અનુચિત ગણાય નહિં. આવું કહેનારાએ વિચારવું જોઇએ કે પાંચ, પાંચ દિવસના પર્વની અપેક્ષાએ કરતા પર્યુષણ સંવચ્છરીરૂપ નથી પણ નિયમિત અવસ્થાનરૂપ છે, કેમકે જો એમ ન માનીએ તો આષાઢ ચોમાસી પછીના પાંચ પાંચ દિવસના હિસાબે થતાં દશ પર્વોમાં પર્યુષણા કરવી એ અપવાદિક એટલે સકારણ જ છે, પણ ઔત્સર્ગિક એટલે વગર કારણે તો તે પાંચ પાંચ દિવસના ઉલ્લંઘનથી દશપર્વે થતી પર્યુષણા આષાઢની ચોમાસીને જ દહાડે કરવાની છે, તો શું પર્યુષણા શબ્દથી સંવચ્છરીનો જ એક અર્થ છે એમ કહેનારે આષાઢ ચોમાસીને દહાડે સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું એ ધોરીમાર્ગ છે એમ કહી શકાશે ખરૂં ?

## શ્રી જીવાભિગમને હિસાબે પણ સાંવત્સરિક પર્યુષણનું નિયમિતપણું જ

વળી એ પાંચ પાંચ દિવસના પર્વવાળાના હિસાબે તો કોઇક વર્ષે પર્યુષણા કોઇક પર્વમાં થાય

અને કોઈક વર્ષે તે પર્યુષણા કોઈક પર્વમાં થાય તો તેવી રીતે પર્યુષણાનું અનિયમિતપણું થાય તે યોગ્ય ગણાય જ નહિ, અને વળી નંદીશ્વરદ્વીપમાં દેવતાઓ પર્યુષણને અંગે અઠ્ઠાઈમહોચ્છવ વિગેરે કરે છે એમ શ્રી જીવાભિગમસૂત્રમાં ખુલ્લા શબ્દોથી લખે છે, તો પછી તે દેવતાઓ નંદીશ્વરદ્વીપમાં પર્યુષણાનો અઠ્ઠાઈ મહોત્સવ કેવી રીતે નિયમિત કરી શકે ? વળી પહેલા વર્ષના પર્યુષણને અને બીજા વર્ષના પર્યુષણને બાર માસનો આંતરો પણ નિયમિત થાય નહિ, કોઈક વખતે તો દશ મહિના ને દશ જ દહાડા થાય અને કોઈક વખતે પાંચ પાંચ દહાડા વધતાં વધારે દહાડા થાય. કદાચ એમ કહેવામાં આવે કે એમ પર્વના દહાડા વધતાં પણ બાર માસથી અધિક તો નહિ જ થાય, તો તે કહેવું પણ વ્યાજબી નથી, કેમકે પહેલે વર્ષે જેણે આ ઉત્સર્ગમાર્ગની પર્યુષણા આષાઢ માસમાં કરી છે, અને બીજે વર્ષે તેને જ આષાઢ મહિના પછી દશ પર્વમાંની કોઈપણ અપવાદિક પર્વની પર્યુષણા કરવામાં આવે તો વર્ષ કરતાં પણ વધી જાય, તે દેખીતું જ છે, માટે જે પર્યુષણા આષાઢ માસમાં ઉત્સર્ગથી કરવામાં આવે છે, અને પછી પાંચ પાંચ દિવસના પર્વો ગણી કોઈપણ પર્વે પર્યુષણા કરવાનું શાસ્ત્રકારો જે જણાવે છે તે પર્યુષણા કોઈપણ પ્રકારે સાંવત્સરિક પ્રતિક્રમણરૂપી નથી, પણ માત્ર અવસ્થાન રૂપ જ છે, અને તેથી તે અવસ્થાનરૂપ પર્યુષણા ભાદરવા માસને અંગે પ્રતિબદ્ધ ન હોય તેટલા માત્રથી સાંવત્સરિક પ્રતિક્રમણરૂપ પર્યુષણાને ભાદરવા માસની સાથે પ્રતિબદ્ધ રાખી બરોબર વર્ષને આંતરે જ અને આ તેજ માસનો ભોગવટો અને સંજ્ઞાને ધ્યાનમાં રાખી સંવચ્છરી પડિકમણું કરવું વ્યાજબી છે.

**આષાઢ ચોમાસાથી એક મહિના ને વીસ દિવસે પર્યુષણા કેમ ?**

કેટલાક લોકો આષાઢ ચોમાસી પછી એક મહિનો અને વીસ દિવસે પર્યુષણા કરવાનો નિયમ કરતાં શ્રી કલ્પસૂત્રનો વિગેરેનો પાઠ આપે છે, તે લોકોએ પ્રથમ વિચારવું જોઈએ કે કલ્પસૂત્રમાં આપેલો પાઠ પ્રથમ શ્રમણ ભગવાન મહાવીર મહારાજને અંગે જ કહેવામાં આવ્યો છે. ગણધર મહારાજથી માંડીને વર્તમાન કાળના સાધુ સુધીના મહાપુરુષોને અંગે તો માત્ર ભલામણ જ છે, અને તે જો કલ્પસૂત્ર વિગેરેનો પાઠ સંવચ્છરી પ્રતિક્રમણની સાથે લાગુ કરવામાં આવે તો પ્રથમ તો ભગવાન મહાવીર મહારાજની તીર્થંકર કેવલી છતાં પણ સંવચ્છરી પડિકમણું કરતા હતા એમ માનવું પડશે. એટલે તીર્થંકરો છ આવશ્યક કરી ચતુર્વિંશતિસ્તવ, વંદન અને પ્રતિક્રમણ, કાયોત્સર્ગ વિગેરે કેવલિપણામાં કરતા હતા એમ માનવું પડશે અને શાસ્ત્રકારો તો તીર્થંકર ભગવાનને સ્પષ્ટ અક્ષરોથી કલ્પાતીત ગણી પ્રતિક્રમણ કલ્પથી રહિત ગણે છે, અને તેથી તેમને સંવચ્છરી પ્રતિક્રમણ ન હોય એમ ચોકખું કહે છે, છતાં જેને તે કલ્પસૂત્ર વિગેરેનો વીસ દિવસ અધિક માસવાળો પર્યુષણાનો પાઠ તીર્થંકર મહારાજને અંગે લગાડી, પર્યુષણા શબ્દનો સંવચ્છરી અર્થ કરી, તીર્થંકરોને સંવચ્છરી પડિકમણું કરવાવાળા બનાવવા હોય તો તેઓની બુદ્ધિને કાંઈ કહી શકાય નહિ. વળી બીજી વાત એ વિચારવાની છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે વીસ દિન સહિત મહિનો ગયા પછી પર્યુષણ કર્યા તેના હેતુ તરીકે જ્યારે તેજ કલ્પસૂત્રમાં પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે ત્યાંજ સ્પષ્ટપણે ઉત્તર દેવામાં આવ્યો છે કે વીસ દિવસ સહિત મહિનો ગયા પછી પર્યુષણ કરવાનું એજ કારણ છે કે ગૃહસ્થોએ પોતાનાં ઘરો પોતાને માટે જ સંચરાવ્યાં હોય, લીંપ્યાંગુપ્યાં હોય, ખાળ કર્યો હો, પાણી જવાના રસ્તા કર્યા હોય આવો સ્પષ્ટ ઉત્તર છતાં જેઓ તે વીસ દિવસ સહિત મહિનાની પર્યુષણાને અવસ્થાનરૂપી પર્યુષણા નહિ ગણતાં સંવચ્છરીરૂપ પર્યુષણા ગણે તેને શું કહેવું ? કેમકે

જણાવેલા પ્રમાણે ઘરના તૈયારી સંવચ્છરીને માટે ઉપયોગ છે કે અવસ્થાનને માટે ઉપયોગી છે?

## ચૌમાસીને દિવસે જ પર્યુષણા કરવી તે ઉત્સર્ગ

વળી તે વીસ દિવસ સહિત મહિનાની પર્યુષણા એ આપવાદિક છે કે ઔત્સર્ગિક છે તેનો વિચાર કરવાની જરૂર છે, કેમકે જો તે પર્યુષણા ઔત્સર્ગિક માનવામાં આવે તો આષાઢી ચોમાસીને દહાડે જ પર્યુષણા કરવી એવો નિશીથચૂર્ણિ વિગેરેનો સ્પષ્ટ લેખ ખોટો ઠરાવવો પડે અને જો તે કલ્પસૂત્રનો પર્યુષણનો લેખ આપવાદિક છે એમ માનવામાં આવે તો તે અપવાદ કેવળ મહિના સહિત વીસ દિવસનો જ છે ઓછાવત્તા દિવસનો પણ ખરો ? જો નિશીથસૂત્ર વિગેરેમાં જણાવ્યા મુજબ પાંચ પાંચ દિવસના પર્વે પર્યુષણા કરવાની વાત ધ્યાનમાં લેવામાં આવે તો માલમ પડશે કે નવપર્વ સામાન્ય પદરૂપ છે એટલે અપવાદોત્સર્ગ ગણાય અને આ દશમું પર્વ તો અપવાદાપવાદ તરીકે ગણાય અને સંવચ્છરીરૂપ પર્યુષણા એવી રીતે અનિયમિત હોઈ શકે જ નહિ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અપવાદાપવાદની છેલ્લી પર્યુષણા જણાવતાં પણ શાસ્ત્રકારો તે છેલ્લી અપવાદાપવાદની તિથિને નહિ ઓળંગવાને માટે એટલા સુધી જણાવે છે કે યોગ્યસ્થાન ન મળે તો વૃક્ષ નીચે પણ પર્યુષણા કરી દેવાનું જણાવ્યું એ હકીકત..જો અક્કલથી વિચારવામાં આવે તોપણ સ્પષ્ટ માલમ પડે કે એ પર્યુષણા અવસ્થાનને અંગે જ છે, કેમકે સંવચ્છરીને અંગે ઝાડનો નિર્દેશ કરવાની જરૂર પડે નહિ.

## ગૃહિજ્ઞાત નિયત અવસ્થાનની સંવચ્છરી જુદી પણ હોય

કદાચ એમ કહેવામાં આવે કે વીસ દિવસ સહિત મહિનો ગયા પછી જે પર્યુષણા કરવાનો નિયમ છે તે માત્ર ગૃહસ્થોને રહેવાનો નિશ્ચય જણાવવા પૂરતો છે, અને તેથી આષાઢની ચોમાસીના દિવસથી માંડીને કોઈપણ પર્વમાં પર્યુષણા કરી હોય તો તે માત્ર સાધુને જાણ પૂરતી જ હોય, પણ ગૃહસ્થોને અંગે તો અનિશ્ચિતપણું જ હોય, પણ વીસ દિવસ સહિત મહિનો ગયા પછી તો સાધુઓએ ચાહે તે પૂર્વે પર્યુષણા તરીકે ગણાય, અને તે ગૃહિજ્ઞાત પર્યુષણાને દિવસે એટલે વીસ દિવસ સહિત મહિનો ગયા પછી સંવચ્છરી કરાય. આવું કહેવાવાળાએ ધ્યાનમાં રાખવાનું છે કે જે વખતે જૈની ટીપણાં ચાલતાં હતાં, તે વખતે યુગના મધ્યમાં પોષ અને યુગના અંતમાં આષાઢ જ વધતા હતા, અને તે વધેલાં માસવાળા વર્ષમાં આષાઢ ચોમાસી પછી માત્ર વીસ દિવસે જ ગૃહિજ્ઞાતપર્યુષણા કરવાનો સ્પષ્ટ લેખ છે. તો શું આષાઢ ચોમાસી પછી વીસ દિવસે ગૃહિજ્ઞાતપર્યુષણાને દિવસે સંવચ્છરી કરવી એમ માની શકાશે ?

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૭૩)



# ઉપધાનની તપસ્યા

(ગતાંકથી ચાલુ)

## વેયાવચ્ચનું અપ્રતિપાતિપણું

ધ્યાન રાખવું જોઇએ કે શાસ્ત્રકારો જ્ઞાન અને ચારિત્રના ગુણને પ્રતિપાતિ ગણાવી માત્ર વૈયાવચ્ચના ગુણને અપ્રતિપાતિ તરીકે ગણાવે છે, અર્થાત્ વેયાવચ્ચથી થએલી નિર્જરા ફરી તેવા બંધને ન થવા દે અથવા તો વેયાવચ્ચથી થએલું પુણ્યોપાર્જન પ્રદેશ માત્રથી ભોગવાઇને તૂટી જાય નહિ,પરંતુ તે પુણ્ય જરૂર રસથકી ભોગવવામાં આવે.

## એકની પૂજાથી સર્વની પૂજા કેમ ?

એમ કહીએ તો ચાલે કે વેયાવચ્ચને માટે થતી સદબુદ્ધિ દરેક સામાન્ય કે વિશેષગુણી પુરુષો તરફ સતત આરાધ્યતા બુદ્ધિવાળી હોય છે અને તેથી તેવી બુદ્ધિવાળો પુરુષ પોતાની સદબુદ્ધિને લીધે સમગ્ર ક્ષેત્રના સમગ્ર સાધુ તરફ ઈર્ષ્યા અને ઉદાસીનતાનો ભાવ સર્વથા ત્યાગ કરી આરાધ્યતા ભાવને જ ધારણ કરનારો થાય છે અને તેથી વૈયાવચ્ચના પ્રસંગમાં શાસ્ત્રકારો પણ સ્પષ્ટપણે જણાવે છે કે **एगंमि पूइयंमि सव्वे ते पूइया होन्ति** અર્થાત્ આરાધ્યતાની બુદ્ધિ રાખીને વેયાવચ્ચ કરનારો સાધુ, કોઇ પણ વ્યક્તિની વેયાવચ્ચ કરે તોપણ તેની બુદ્ધિ સર્વ સામાન્યને વિશેષ ગુણીઓ તરફ આરાધ્યતાવાળી હોવાથી તે વૈયાવચ્ચ કરવાવાળો મહાપુરુષ સર્વ સાધુની આરાધનાવાળો છે અને તેથી જ તેવા મહાપુરુષને વૈયાવચ્ચથી થએલો લાભ અપ્રતિપાતિ હોય તે સ્વાભાવિક છે.

## વેયાવચ્ચવાળાની વ્યાપક બુદ્ધિ

વળી એ પણ ધ્યાનમાં રાખવું કે વંદનાદિ વિનય કરવાવાળો મહાપુરુષ પોતાથી ન્યૂન કે સમગુણવાળાને આરાધ્યતા કોટિમાં લઇ શકતો નથી પણ વૈયાવચ્ચ કરનારો મહાપુરુષ તો ન્યૂનગુણ, સમગુણ અને અધિકગુણ એવા સર્વ સાધુઓને અંગે આરાધ્યતાબુદ્ધિપૂર્વક વેયાવચ્ચમાં પ્રવર્તવાવાળો હોવાથી સર્વ ક્ષેત્રના, સર્વ કાળના સર્વ સાધુમહાત્માઓની આરાધના કરવાવાળો થાય તે સહેજે સમજી શકાય તેમ છે. તેવી રીતે સાધુમહાત્માએ વેયાવચ્ચને માટે ઉપર જણાવેલી હકીકત ધ્યાનમાં લઇ પ્રવર્તવાનું છે.

## પૌષધવાળાનું વેયાવચ્ચ

તેવી રીતે ઉપધાન વહન કરનારાઓએ પણ સર્વક્ષેત્ર અને સર્વકાળના પૌષધવાળાઓની ભક્તિ થવાનું ધ્યાનમાં લઇ પોતપોતાની શક્તિ અને સમજણ પ્રમાણે પૌષધવાળાના વેયાવચ્ચમાં તત્પર રહેવું જ જોઇએ. ઉપધાનમાં પ્રવેશ કરનારા પૌષધવાળાઓનું વેયાવચ્ચ જેવું ઉપયોગી છે, તેવું જ બલ્કે તેથી પણ વધારે ઉપયોગી શાંતિથી અને સમજણપૂર્વક સર્વ પૌષધવાળાને ક્રિયા કરાવવી અને ઉપધાનની ક્રિયા તથા તેની આરાધનાની સમજણ આપવી એ જરૂરી છે.

દરેક ક્ષેત્રમાં સામાન્ય રીતે પર્વના દિવસોમાં પૌષધો થાય છે, પણ તે પૌષધમાં ઘણા ભાગે કુટુંબોના કુટુંબો સમુદાયે હોય છે, અને તેથી તેમાં જે કોઇને પણ

ક્રિયા નથી આવડતી, તો તેને તેના કુટુંબવાળાઓમાં જેને ક્રિયા આવડતી હોય તે સંભાળી લે છે. જોકે કૌટુંબિક સંબંધ એ કર્મબંધના કારણરૂપ છે.

## કર્મબંધનું કારણ છતાં પણ સંવરનિર્જરામાં સાધન

તો પણ જૈનશાસનનો એક અપૂર્વ નિયમ છે કે કર્મબંધના કારણો હંમેશાં કર્મબંધરૂપ જ રહે એવો નિયમ નથી, અને તેથી જ કર્મબંધના કારણરૂપ એવો આ કૌટુંબિક સંબંધ પણ પૌષધાદિ સંવરનિર્જરાની ક્રિયામાં કારણરૂપ થાય છે. નુપૂરપંડિતાની કથામાં પણ સાંભળીએ છીએ કે જાર એવા મહાવ્રતે દેવતા થઈને કુલટા એવી રાણીને પૂર્વ ભવના રાગથી જ સંવર અને નિર્જરામય પ્રવ્રજ્યામાર્ગમાં પ્રવર્તાવી, પણ ઉપધાનવહનની ક્રિયામાં તે પર્વદિવસના પૌષધની માફક કુટુંબોના કુટુંબોને જોડાવાનો પ્રસંગ ઘણે ભાગે બનતો જ નથી.

## પર્વના પૌષધો કરતાં ઉપધાનમાં જુદો સંયોગ

વળી પર્વના દિવસે પૌષધ કરવામાં અન્ય સ્થાનના મનુષ્યોની પૌષધિક તરીકે હાજરી ઘણી જ ઓછી હોય છે, જ્યારે ઉપધાનવહનના પ્રસંગમાં ઘણા ભાગે ભિન્ન ભિન્ન ગામોના મનુષ્યો જ પૌષધિક તરીકે હોય છે, અને તેથી એક ગામના પૌષધિકોમાં પરસ્પર પ્રકૃતિનું જે જ્ઞાન હોય તે પરસ્પર પ્રકૃતિનું જ્ઞાન ઉપધાનના પ્રસંગમાં ઘણું ઓછું હોય તે સ્વાભાવિક છે. વળી પર્વ દિવસના પૌષધોમાં કુટુંબીઓને કુટુંબી મનુષ્યને કે અન્ય સાધારણ મનુષ્યને જાળવવાનું કાર્ય માત્ર એકાદ દિવસ પુરતું જ હોય છે, જ્યારે આ ઉપધાનના પ્રસંગમાં દોઢ દોઢ બે બે મહિના જેવી લાંબી મુદત સુધી પ્રકૃતિ જાળવવાનું કાર્ય ઘણું જ મુશ્કેલીભર્યું દેખાય તેમાં નવાઈ નથી.

## સંસારચક્રમાં ધર્મિપણાનો સંબંધ મુશ્કેલ કેમ?

પણ ઉપધાન વહન કરનારાઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે સામાન્ય રીતે ધાર્મિકને ધાર્મિકપણાના સંબંધે મળવું તે આ સંસારચક્રમાં મુશ્કેલ છે. આ સંસારચક્રમાં પિતા, પુત્ર, માતા, દુહિતા, શેઠ, નોકર, ભાઈ, બ્હેન, પતિ, પત્ની વિગેરે સગાઈના સંબંધો અનંતી વખત જીવને મળ્યા છે, પણ ધર્મિપણાનો સંબંધ તો આ જીવ પોતે જ અનાદિકાલથી રખડેલો હોવાથી ધર્મ પામ્યો ન હતો અને જેની સાથે ધર્મી તરીકે સંબંધ થયો છે, તે જીવ પણ અન્ય યોનિઓમાં અન્ય સ્થિતિએ રખડતો હોવાથી ધર્મિપણાને પામી શક્યો નહોતો, તો પછી પરસ્પર ધર્મિપણાનો સંબંધ આ જીવને મળેલો હોય જ ક્યાંથી ?

## ધર્મને આરાધન કરવામાં આત્મબલ સાથે અન્ય સહાયની જરૂર

જોકે ધર્મીઓને ધર્મનું આરાધન કરવું એ પોતપોતાના આત્માના વીર્યઉલ્લાસને આધીન જ છે, અને કોઈપણ જીવ કોઈપણ આત્માના ધર્મ સંબંધી વીર્યઉલ્લાસને ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવતો નથી, તોપણ જેમ સાધુમહાત્માઓને આત્માના વીર્યઉલ્લાસે જ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રની આરાધના કરવાની હોય છે, તોપણ તે સાધુમહાત્માને તેવી આરાધના કરવામાં ગુરુમહારાજ અને ગચ્છના સર્વ સાધુઓ આલંબનરૂપ થાય છે.

## એકાકિપણામાં સાધુતાનો નાશ

અને તેથી જ શાસ્ત્રકારો ગુરુકુલવાસમાં જ રહેલા સાધુને મુનિ તરીકે માનવાનું જણાવે છે, કારણ કે જો તે સાધુ ગુરુ અને ગચ્છથી સ્વતંત્ર થઈ એકાકી વિહારી થયો હોય, તો વાચના, પૃચ્છના, ધર્મકથા વિગેરે સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ વિગેરે કરી આત્માની ઉન્નતિને સાધી શકે નહિ, એટલું જ નહિ પણ એકાકિપણાથી વિહાર કરનારા સાધુને શાસ્ત્રકારો પાંચે મહાવ્રતોમાં મલિનતા કરનારો કે તે પાંચેનો સર્વથા નાશ કરનારો થાય એમ સ્પષ્ટ

શબ્દોમાં શાસ્ત્રકારો પ્રસંગ જણાવવાપૂર્વક સૂચવે છે, અને સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે એકાકી વિહાર કરતા સાધુમાં ધર્મ હોય જ ક્યાંથી ? અર્થાત્ સ્વચ્છંદી એકલા સાધુમાં ધર્મનો પણ સદ્ભાવ માનવાની શાસ્ત્રકારો મનાઈ કરે છે.

## ગીતાર્થના નામે એકલા વિચરવાળાની દશા

એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે કેટલાક માર્ગથી વિમુખ થએલા **इक्कोवि पावाइ विवज्जयंतो** એવા દશવૈકાલિકના પાઠને આગળ કરીને જો ગીતાર્થ હોય તો તેને એકલા વિહરવાની છૂટ છે એમ જણાવવા માગે છે, પણ એમ જણાવનારે સમજવું જોઈએ કે તે દશવૈકાલિકની ગાથા પોતાથી અધિક ગુણવાળા કે સમગુણવાળા ન મળે, તેવા ગીતાર્થને અંગે છે એમ અક્ષર ઉપરથી પણ માલમ પડે છે, તો પછી તે ગાથાને અનુસારે એકલા વિહાર કરવા લાગેલા અને પોતાને ગીતાર્થ ગણાવતા સાધુએ સાધુપણું અને ગીતાર્થપણું તો દૂર મેલ્યું, પણ વર્તમાન શાસનના મુનિવરોમાં પોતે સમાન ગુણી કે અધિક ગુણી નથી એવું માનીને તથા પ્રરૂપીને શાસનમાં રહેલા ગુણના દરિયા એવા મુનિ મહારાજાઓની અવજ્ઞા કરી સમ્યકત્વને પણ દૂર મેલેલું છે એમ માનવાની શાસ્ત્રકારો સૂચના કરે છે.

## ક્ષાયોપશમિક ભાવવાળાને ગચ્છની જરૂર

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શાસનમાં ઘણો કાલ ક્ષાયોપશમિક ચારિત્રને અંગે જ ધર્મની પ્રવૃત્તિ રહે છે અને વર્તમાનકાળમાં તો બકુશકુશીલદ્વારાએ તીર્થ હોવાથી ક્ષાયોપશમિક ભાવ સિવાય બીજા ભાવનું ચારિત્ર હોવું પણ અસંભવિત છે, અને ક્ષાયોપશમિક ભાવ તો પાણી ઉપર બાઝેલી સેવાળનું વાયરાના વેગથી થતા સછિદ્રપણા જેવું જ છે. અર્થાત્ પાણી ઉપર બાઝેલી સેવાળમાં વાયરાનો વેગ ચાલુ રહે ત્યાં સુધી ફાટ પડેલી રહે છે અને વાયરાનો વેગ બંધ થાય છે કે તરત તે સેવાળ એકઠી થઈ જાય છે, તેવી રીતે આ ક્ષાયોપશમિક ભાવ પણ આત્માના શુભ વીર્યોલ્લાસનું જોર હોય ત્યાં સુધી જ ટકે છે અને તે શુભવીર્યોલ્લાસની મંદતા થતાં કે અભાવ થતાં તે ક્ષાયોપશમિક ભાવ નાશ પામે છે. આ વાત વિચારીશું તો એક સમય પહેલાં સર્વવિરતિમાં રહેલો જીવ બીજે ભવે જતાં તરત અવિરતિ કેમ થઈ જાય છે તેનો ખુલાસો સમજાશે, અને તેવી રીતે સમુદાયથી નિરપેક્ષ થએલો એકાકી વિચરતો સાધુ પણ શુભ પરિણામના અભાવે પોતાને મળેલા પણ ક્ષાયોપશમિક ભાવનો નાશ કરનારો થાય તે સ્વાભાવિક છે.

## ગુણઠાણાની ચંચલતા હોવાથી ગચ્છવાસની જરૂર

વળી ગુણઠાણાની સ્થિતિની અપેક્ષાએ વિચાર કરીએ તો પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયતપણું હીંચકાની પેઠે ક્ષણે ક્ષણે ચલાયમાન થવાવાળું છે અને તેથી પ્રમત્તપણે ગયા પછી અપ્રમત્તપણાના માર્ગમાં આવવાનાં સાધનો ન હોય તો મુનિની શી દશા થાય તે સમજવું મુશ્કેલ નથી. વળી શાસ્ત્રકાર એ પણ ચોકખું કહે છે કે ક્ષાયોપશમિકભાવ સર્વથા પ્રતિકૂળ કર્મના ઉદય વગરનો નથી, પણ માત્ર તે પ્રતિકૂળ કર્મના રસને તોડતો રહે છે અને તેથી તે ક્ષાયોપશમિક ગુણોમાં વર્તી શકે છે, પણ જો શુભ આલંબન ન હોય અને શુભ પરિણામ ન રહે તો તે પ્રતિકૂળ કર્મના રસને તોડવાનું કાર્ય અસંભવિત થઈ જાય, અને તેથી તે રસવાળાં પ્રતિકૂલ કર્મો જીવની પતિત દશા કરવામાં પોતાનું સામર્થ્ય બજાવ્યાં સિવાય રહે નહિ. જો કે ક્ષાયોપશમિક ભાવમાં તેવું રસનું ભોગવવું હોતું નથી, પણ જે પ્રતિકૂળ કર્મના પ્રદેશો ભોગવાય છે, તે સર્વથા રસરહિત જ છે એવું માનવાની ભૂલ તો સુજ્ઞ મનુષ્ય કરે જ નહિ અને તેથી જ સ્પષ્ટપણે એમ માનવું પડે કે ક્ષાયોપશમિક ભાવની વખતે પણ મંદ

રસવાળા પ્રદેશો દરેક જીવને ભોગવવા પડે છે અને તેવા પ્રદેશો ભોગવવા પડતા હોવાથી જ ક્ષાયોપશમિક ભાવના સમ્યકત્વ કે ચારિત્રમાં ડગલે પગલે પણ અશુદ્ધ સંકલ્પાદિ અતિચારોનો સંભવ શાસ્ત્રકારો જણાવે છે.

## શુભાશુભ પરિણામની ઘણી ફેરફારીને લીધે ગચ્છવાસની જરૂર

અને તેથી એકાકી વિહારીને અંગે એમ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે - એક દિવસમાં શુભ કે અશુભ પરિણામો ઘણી વખત યાવત્ અસંખ્યાતા થાય છે, પણ તેવા શુભ પરિણામો થયા છતાં જો ગુરુ કે ગચ્છની નિશ્રામાં પોતે રહ્યો હોય તો એકાકી વિહાર કરનારને જેમ કર્મઉદયે પરિણામની અશુદ્ધતા થઈ અને સાથે એવું ખરાબ આલંબન મળ્યું તો લજ્જાદિક કોઈપણ બચાવના સાધન ન હોવાથી પતિત થઈ જાય છે તેમ તે પતિત થતો નથી.

## ધર્મિયોના સહવાસને યોગે જ ધર્મસાધના.

એવી રીતે ઉપધાન વહેનારા કે અન્ય કોઈપણ ધર્મી મનુષ્યે પોતાના ધર્મનું આત્મસાક્ષિપણું છતાં પણ વિચારવું જોઈએ કે આ મહાનુભાવ ધર્મિષ્ઠ મનુષ્યોના યોગે જ હું સદ્ધર્મને પામ્યો છું, જિનેશ્વરની મૂર્તિના દર્શનો પામ્યો છું અને યાવત્ ધર્મની આરાધના કરી શકું છું. જગતમાં અનુભવીએ છીએ કે ધર્મિષ્ઠોની સાથમાં રહેલો ધર્મી મનુષ્ય જે પૂજા, પ્રભાવના, સામાયિક, પૌષધ વિગેરેમાં જોડાય છે, તેજ ધર્મી મનુષ્ય ધર્મિષ્ઠોનો સંબંધ છૂટી જાય અને કોઈપણ કારણસર કોઈપણ ક્ષેત્રમાં એકલા રહેવાનો પ્રસંગ આવે તો તે ધર્મી મનુષ્યને સામાયિક, પૌષધ, પૂજન વિગેરે ધર્મકાર્યો કરવામાં કેવી અનિયમિતતા આવી જાય છે કે કેટલીક વખત તો સર્વથા તે પરિણતિ અને પ્રવૃત્તિનો નાશ જ થઈ જાય છે, તેનો વિચાર કરવામાં આવે તો સાધર્મિકના સંસર્ગની ખરેખરી કિંમત સમજવામાં આવ્યા વિના રહેશે નહિ.

## ચૈત્ય ઉપાશ્રયઆદિ પણ ધર્મિયોના યોગે

વળી એ સમજવું મુશ્કેલ નથી કે શ્રાવક કે શ્રાવિકા એકાકી હોય તો મંદિરનું બનાવવું. મૂર્તિનું ભરાવવું, પૌષધશાળાદિકનું રચવું અને ઉત્તમ ગીતાર્થ મુનિમહારાજનો સંબંધ અને તેમની વાણીનું શ્રવણ એ મેળવી શકે જ નહિ, પણ તે બધું જે જિનમંદિરાદિક જે મળ્યું છે તે સર્વ સાધર્મિકોના સંબંધને જ આભારી છે.

## માતાપિતાઆદિ સેવા કરીને ન મેળવ્યું તે મેળવવાનું ભાગ્ય

વળી એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે જગતના મનુષ્યોમાં એ સ્વાભાવિક નિયમ છે કે પરસ્પર સંબંધમાં આવેલા મનુષ્યો પરસ્પરના કાર્યો કરવાં કે કરાવવા તરફ દોરાય જ છે, અને તેજ કારણથી આ જીવે માતાપિતાઆદિના કૌટુંબિક સંબંધપણે અનંતી વખત વર્તી અનંતી વખત તે કારણથી દુષ્કર્મો ઉપાર્જન કર્યાં, પણ સંબંધમાં આવ્યા છતાં અને સંબંધિપણાનું કાર્ય કર્યા કરાવ્યા છતાં પણ જો દુષ્કર્મોનો બંધ નહિ થાય એટલું જ નહિ પણ ઘણા ભવોમાં બાંધેલાં દુષ્કર્મોને નાશ કરવાનો પ્રસંગ જો કોઈપણ પ્રકારે આવતો હોય તો તે આ સાધર્મિકપણાના સંબંધને અંગે જ છે. એવી રીતે સાધર્મિક સંબંધ સામાન્ય રીતે દુષ્પ્રાપ્ય અને અલભ્ય લાભ આપનારો છે, તો પછી ઉપધાનવહન જેવી ક્રિયા કે જે એકલાથી બનવી અસંભવિત જ છે તેવી ક્રિયામાં આપણી સાથે જોડાએલા સાધર્મિકો તો ખરેખર તે ક્રિયાના અદ્વિતીય કારણરૂપ છે, અને તેથી તેઓની બની શકતી ભક્તિ અને ક્રિયાદ્વારાએ થતા આત્મ ઉદ્ધારમાં સહાયભૂત થવામાં ધર્મિષ્ઠોએ કોઈ દિવસ પણ કચાશ રાખી શકાય નહિ, અને તેથી જ ઉપધાનવહનના પ્રસંગમાં ગામ, જ્ઞાતિ, કે કૌટુંબિક સંબંધ વગરના છતાં માત્ર ઉપધાન અને પૌષધ જેવી ઉચ્ચતર ક્રિયાને અંગે મળેલા સાધર્મિકોની સર્વ પ્રકારે

આરાધના કરવાનું બને એ જેટલું સ્વાભાવિક છે તેટલું તેઓની વિરાધના તેવાં જ ગાઢ દુષ્કર્મોને કરનારી છે એવું માની તેઓની શારીરિક, વાચિક, માનસિક કે જ્ઞાન કે સમજણની ખામીને લીધે થતા પ્રકૃતિવિપર્યાસને સહન કરવા કે સુધારવા તરફ ઉપધાનવહન કરનારાઓ કટિબદ્ધ થાય તે યોગ્ય જ છે.

## ઉપધાનમાં જોડાએલા સાથે યોગ્ય વર્તાવ

ઉપધાન વહન કરનારાઓ જો દોઢ બે માસ જેવી ટૂંકી મર્યાદામાં અજાણને માર્ગે દોરવાની બુદ્ધિ નહિ ધરાવી શકે, તેની અજ્ઞાનતાથી થતા અપરાધને સુધારવાની બુદ્ધિ સાથે સહન કરવાની ટેવ ન કેળવે, અશક્ત, અસમર્થ કે અયોગ્ય દશા હોવાને લીધે તેના તરફથી વેયાવચ્ચના કાર્યોની આશા ન રાખતાં પોતાની શક્તિ સામર્થ્ય અને યોગ્યતાને અનુસારે કાર્ય કરવા તત્પર ન થવાય અને જગતમાં જેમ દેરાણી જેઠાણીના કાર્યોમાં સરખા પ્રયત્નની અવિવેકી કુલોમાં હાંસાતુંસી હોય છે તેવી જો હાંસાતુંસી આ ધાર્મિક ક્રિયામાં પણ દાખલ થઈ જાય પરંતુ શાસ્ત્રકારના વચન પ્રમાણે જેટલું ધાર્મિક કાર્યમાં અતિ સહાયકારકપણું થાય તેટલો અધિક લાભ છે, અને મારા કોઈ પૂર્વ ભાગ્યોદયને લીધે જ આવાં ધાર્મિક કાર્યો કરવાનું અને બીજા ધાર્મિક કાર્યોની પ્રવૃત્તિવાળાને મદદ કરવાનું મળેલું છે એવું જે જણાવે છે તે દરેક ધર્મિષ્ઠોએ દરેક ધર્મકાર્યની પ્રવૃત્તિ વખતે હૃદયમાં કોતરી રાખવું જોઈએ.

## વેયાવચ્ચ કરતાં બીજાને અવગુણિ કરવાનું નથી

સાધુને દાન દેનારો મનુષ્ય સાધુ દાન લઈને એદી થશે કે પ્રમાદી થશે એવું વિચાર નહિ પણ તે દાન દેનાર ભાગ્યશાળી તો પળાતા સંયમમાં મારૂં આ દાન ઉપકાર કરનારૂં થઈને ખરેખર ધર્મોપગ્રહદાન બને છે, એવી જ રીતે ઉપધાનની ક્રિયા કરનારાઓએ અન્યને મદદ કરતી વખતે તે અસમર્થની સ્થિતિનો વિચાર નહિ કરતાં તેની ધાર્મિક પ્રવૃત્તિમાં થતી મદદના લાભનો જ વિચાર કરવો જોઈએ, જો આટલી ટૂંકી મુદતમાં અને આટલા બધા ટૂંકા કાર્યમાં વિચાર ઉપર આવી રીતે અંકુશ નહિ આવે, તો પછી યાવજ્જીવને માટે ગ્રહણ કરાતા સંયમને ગ્રહણ કર્યા પછી સંયમધરના વિનય અને વેયાવચ્ચમાં યાવજ્જીવન સુધી સતત પ્રવૃત્તિ કેવી રીતે કરી શકશે ? ધ્યાન રાખવાની જરૂર છે કે સાધુસમુદાયમાં પણ જુદા જુદા ગામના, જુદા જુદા કુટુંબના અને જુદી જુદી પ્રકૃત્તિઓના સાધુઓનો ગચ્છમાં મેળો હોય છે, તો તે મેળામાં જો પોતાની પ્રકૃત્તિ ઉપર કાબુ રાખનારો નહિ હોય અને સંયમ લીધા પછી પણ સામાન્ય કુલના દેરાણી જેઠાણી જેવો પ્રસંગ પ્રવર્તાવવામાં આવશે તો આત્માની કઈ દશા થશે ? માટે ભવિષ્યના સર્વ કાલના વિચાર અને વર્તનના નિયમનને માટે પણ ઉપધાનમાં વિચાર અને વર્તનના નિયમનવાળા થવાની જરૂર છે.

## ઉપધાનવહન એ દીક્ષાની કસોટી પણ છે

વર્તમાનકાળની અપેક્ષાએ ચારિત્રના અર્થીઓને ચારિત્રની લાયકાત માટે આ ઉપધાનરૂપી પરીક્ષામાંથી પસાર થઈ પોતાના આત્માની કસોટિ કરી લેવાનું થાય તો તે ઘણું જ યોગ્ય છે, એ વાત તો જોકે ખરી જ છે કે વર્તમાનકાળના ઉપધાનની પદ્ધતિ સાધુપણાની આખી જિંદગી અને સાધુઓએ વહેવા જોઈતા સર્વ યોગોના અનુષ્ઠાન કરતાં પણ તપસ્યા, ખમાસમણા અને કાયોત્સર્ગની અપેક્ષાએ ઘણી જ કઠિનતાવાળી છે, પણ જો આ ઉપધાનની ક્રિયા પરીક્ષાને સ્થાને ગણીએ તો પરીક્ષાની કસોટિ હંમેશાં આકરી હોય એ નિયમને અનુસરીને આ ઉપધાનની ક્રિયારૂપી કસોટિની કઠિનતા હોય તેમાં નવાઈ નથી.

**બાલદીક્ષાના વિરોધિયોએ શીખવાનું છે.**

આ સ્થાને બાલદીક્ષાથી સર્વથા વિરૂધ્ધતા ધારણ કરનાર મનુષ્યોએ પણ લક્ષ દેવાની જરૂર છે કે ઉપધાનવહન જેવી ક્રિયાની કઠણ કસોટિ કે જે સાધુપણાની ક્રિયા અને તપસ્યા કરતાં પણ કેટલેક અંશે અધિકતાવાળી છે, તેમાંથી દશ વર્ષ, બાર વર્ષની ઉંમરવાળા બાળકો પણ જ્યારે પસાર થઇ શકે છે, તો પછી નાની ઉંમરના બાળકોને દીક્ષા દેવી અયોગ્ય જ છે, એવો પોકાર કરવો તે કેવળ બડબડાટ જ ગણાય.

**શ્રાવકના બાલકોમાં સાધુતાના સંસ્કાર**

ધ્યાન રાખવું જરૂરી છે કે શ્રાવકના કુળમાં ઉપજેલો અને કેળવાએલો નાનો બાળક પણ સાધુના મુખ્ય આચારથી અજાણ્યો હોતો નથી, તેવા બાળકને તો પહેલેથી ખબર છે કે મુનિમહારાજાઓ સ્ત્રીને અડકે પણ નહિ અને તેથી જ તે શ્રાવકકુલના બાળકોમાં જે બાળકીઓ હોય છે તે સાધુઓ આવે ત્યારે આપોઆપ એક બાજુ ખસી જાય છે અને સાધ્વીઓ આવે ત્યારે બાળકો આપોઆપ ખસી જાય છે. અર્થાત્ સંસ્કારવાળા કુળમાં જન્મેલાં અને સંસ્કાર પામેલાં બાળકો બ્રહ્મચર્યના મુદ્દાને સમજવાવાળાં જ હોય છે અને તેવી જ રીતે મુનિમહારાજાઓ રૂપીઆ પૈસા રાખે નહિ, રાત્રિ પડયા પછી ખાયપીએ નહિ, રેલ્વેમાં કે ઘોડાગાડીમાં બેસે નહિ, પણ પગે ચાલીને જ ગામેગામ ફરે એ સાધુપણાની મૂળ હકીકત શ્રાવકકુળના બાળકોની ધ્યાનમાં પણ સારી રીતે આવેલી અનુભવીએ છીએ, અને શાસ્ત્રકારો પણ તેથી જ શ્રાવકકુલના બાળક, બાળકીઓને નિસર્ગ સમ્યકત્વ હોવાનો સિદ્ધાંત કરે છે.

**જૈનેતરોને બાલકના સાધુતાના સંસ્કારની ગંધ ન હોય જ**

આટલું બધું છતાં પણ જેમ એક સિત્તેર વર્ષની ઉંમરનો મુસ્લિમ હિંદુના શૌચના સંસ્કારોથી દૂર હોઈ બ્રાહ્મણના બાળકના પણ શૌચ સંસ્કારોને સમજી શકે નહિ, તેવી રીતે સામાયિક, પ્રતિક્રમણ વિગેરે ધાર્મિક ક્રિયાઓથી બેનસીબ રહેલા યુવક વિગેરે સુકુળના બાળકની પણ ધાર્મિક લાગણીને ન સમજે તે અસ્વાભાવિક નથી. જૈનસમુદાયમાં પણ જોઇ શકીએ છીએ કે ધર્મસંસ્કારથી હીન એવા યુવક અને વૃદ્ધોને ઉપવાસ અને આંબેલ વિગેરેની તપસ્યા કરવી અત્યંત કઠિન પડે છે, અને રાત્રિભોજનનો ત્યાગ કરવો એ મોટા મોટા કહેવાતા સુધારકોને પણ મુશ્કેલ પડે છે, છતાં સત્કુલમાં ઉત્પન્ન થએલા અને સંસ્કાર પામેલા બાળકો ઓળીઓમાં લાગલાગટ આંબેલ કરે છે, પર્યુષણામાં ઉપવાસ વિગેરે તપસ્યાઓ પણ કરે છે અને રાત્રિભોજના પરિહારપૂર્વક રાત્રિના ચોવિહારના પચ્ચકખાણ કરવાવાળા પણ કેઈ બાળકો હોય છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૩૬)


## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

૧. આગમોદ્ધારક ૧-૮-૦
૨. સિદ્ધચક્રમાહાત્મ્ય ૧-૦-૦
૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ ૫-૦-૦

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચાર સમિતિ.
C/o.૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં.૩

# આગમોદ્ધારકની અમોઘ દેશના




## -: ક્રિયાની આવશ્યકતા :-

**વસ્તુની મહત્તા તેના ગુણોથી છે, છતાં તીર્થંકરોની મહત્તાનેજ આ શાસન પ્રમાણ માને છે. ભગવાનનો ઉપદેશ અને તેમના વર્તનમાં અસામ્યતા દેખાય છે, પરંતુ ત્યાં વાસ્તવિક સામ્યજ છે. આ શાસનમાં ઉભયપ્રકારનો નિયમ છે. ધર્મ એ આત્માની માલીકીની ચીજ છે. સ્વામિવાત્સલ્યની સાચી સમીક્ષા. શાહ અને ચોર બંને ઈનામ મેળવે એનું નામજ અધર્મ. ક્રિયા એ છાપ છે માટેજ શાસન કહે છે કે : 'જ્યાં છાપ નથી, ત્યાં કંઈ નથી.'**

### ભગવાને કથ્યો તેજ ધર્મ કેમ ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ યશોવિજયજી મહારાજા સાહેબે ભવ્યજીવોના કલ્યાણને અર્થે દેશના આપી આત્મકલ્યાણનો સાચો રસ્તો દર્શાવ્યો છે. તેઓ શ્રીમાન્ ધર્મોપદેશ આપતાં વળી ફરમાવી ગયા છે કે ધર્મ એ કાંઇ બહારની ચીજ નથી. પૈસોટકો, સત્તા સમૃદ્ધિ, સ્ત્રીપુત્ર સગાં સંબંધી એ સઘળી આત્માને માટે બહારની ચીજ છે, પરંતુ ધર્મ એ એકજ ચીજ એવી છે કે તે આત્માને માટે બહારની ચીજ નથી પરંતુ આત્માની પોતાની માલિકીનીજ ચીજ છે. હવે જ્યારે ધર્મ એ આત્માની પોતાની માલિકીનીજ ચીજ છે તો પછી આપણે "धम्मो जिनपन्नत्तो" એ પ્રમાણે શા માટે બોલીએ છીએ તેનો આપણે વિચાર કરવાનો છે. ધર્મ એ બહારની વસ્તુ છેજ નહિ. ધર્મ, તત્વ, અને શાસન એ શું છે તે સૌથી પહેલાં સમજી લેવાની જરૂર છે. ધર્મ એ આત્માનાજ પોતાના લક્ષણો છે બીજાના નહિ. તત્વ એ પણ આત્માનું પોતાનું સ્વરૂપ છે એમાં પણ બીજાને કાંઇ લાગતું વળગતું નથીજ અને શાસન એ પણ આત્માનો મૂળ સ્વભાવ પ્રગટ કરવાનું સાધન છે એમાં પણ અન્ય કોઇ રીતિનો અવકાશ નથી. ધર્મ, તત્ત્વ અને શાસનને ભગવાન શ્રી જિનેશ્વરદેવો સાથે અથવા કેવળી મહારાજાઓ સાથે જોડી દેવામાં આવે છે. અને જે ભગવાન શ્રી

જિનેશ્વરોએ કહેલું છે તેજ ધર્મ, તત્વ અને શાસન છે અને જે ધર્મ, તત્વ અને શાસન છે તે શ્રીમાન્ જિનેશ્વર દેવોએ કહ્યું છે એમ કહેવાનું કારણ શું? આત્માની પોતાની માલિકીની વસ્તુ પણ આ જૈનશાસને શ્રી વીતરાગ પરમાત્મા સાથેજ શા માટે જોડી દીધી છે તેનો વિચાર કરો.

## ધર્મની વ્યાખ્યા શું ?

ધર્મ અને તત્વ એટલે શું છે તેનો વિચાર કરો. જે વસ્તુ દુર્ગતિમાં પડતાં બચાવી લે છે અને સદ્ગતિને આપે છે એવો જે પવિત્ર આચાર છે તે ધર્મ છે અને જે વસ્તુ ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનકાળને વિષે ટકી રહે છે તે તત્ત્વ છે. તત્ત્વ અને ધર્મની આ વ્યાખ્યામાં કોઈનાથી ના પાડી શકાય એવું છેજ નહિ. જૈનશાસન હોય કે અન્ય દર્શન હોય ધર્મ અને તત્ત્વની આ વ્યાખ્યા સૌ કોઈને માન્ય છે અને ન્યાયની ખાતર આપણે પણ કબુલ રાખવાનું છે કે ધર્મ અને તત્ત્વની એ વ્યાખ્યા પણ બરાબર છે તો પછી એ વસ્તુનેજ ન વળગતાં આપણે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોને શા માટે વળગીએ છીએ તેનો વિચાર કરો. ખરી રીતે તો એમ કહેવાની જરૂર હતી કે જે આત્માને દુર્ગતિમાંથી બચાવી લે અને સદ્ગતિ અપાવી દે તે ધર્મ છે અને જે વસ્તુઓ ભૂત, વર્તમાન, અને ભવિષ્યને વિષે ટકી રહેનારી છે તે તત્ત્વ છે, પરંતુ આમ ન કહેતાં શાસ્ત્રોએ તો સ્પષ્ટ શબ્દોમાં એવી ઘોષણા કરી દીધી છે કે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ જે કાંઈ કહ્યું છે તેજ ધર્મ છે અને તેજ તત્ત્વ છે અને ભગવાન્ શ્રી જિનેશ્વરે જે ધર્મ અને તત્ત્વ છે તે સઘળું કહી દીધું છે, ત્યારે હવે ખૂબ ગંભીરતાથી વિચારજો કે આપણે વસ્તુનો ત્યાગ કરીને ભગવાન શ્રી જિનેશ્વરદેવોને શા માટે વળગીએ છીએ. શું આપણો એ આગ્રહ નકામો છે અથવા તો શું એ આગ્રહ ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ તરફના અનુરાગને આભારી છે ?

## આત્માના અભ્યુદયનો માર્ગ

જે વસ્તુ ધર્મ અને તત્ત્વને માટે છે તેજ વસ્તુ શાસનને માટે પણ છે. શાસન એટલે શું ? તો કહે કે જે કાંઈ આત્માના અભ્યુદયનો માર્ગ છે તે શાસન છે. જો આત્માના અભ્યુદયનો માર્ગ તેજ શાસન છે તો પછી તેમાં ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના કથનની જરૂર શી છે ? જે આત્માના અભ્યુદયનો માર્ગ છે તેનેજ આપણે શાસન માની લેવું જોઈએ, તેને બદલે આપણે આત્માના અભ્યુદયનો માર્ગ એ શાસન, એ વાત છોડીને ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ જે કહે છે તે શાસન છે અને જે શાસન છે તેને ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે એમ શા માટે માનીએ છીએ. ખરી રીતે તો દરેક વસ્તુને તેના સ્વરૂપ ઉપરથીજ માન્ય રાખવામાં આવે છે. કોઈ ચોકસી પીત્તળને સોનાની લગડી કહીને આપણને પોરવી મારે તો આપણ એ લગડી સોનુંજ છે એમ માનીને લઈ લેતા નથી પરંતુ સોનામાં સોનાપણું છે કે નહિ એજ જોઈએ છીએ અર્થાત્ જેનામાં સોનાપણું છે તે સોનું છે એમ માનીએ છીએ અર્થાત્ વસ્તુની કિંમત તેમાં રહેલા ગુણને અનુલક્ષીનેજ થાય છે. ગુણને અનુલક્ષ્યા વિના માત્ર કોઈ કહી દે તે ઉપરથી આપણે વસ્તુની કિંમત માન્ય રાખતા નથી.

## છાપ જરૂરી છે.

જો અન્ય વસ્તુઓને માટે વસ્તુના ગુણને અનુલક્ષીનેજ આપણે તે વસ્તુનું મૂલ્ય આંકીએ છીએ અને તે બાબતમાં કોઈના વિશ્વાસ ઉપર રહેવા

માગતા નથી તો પછી ધર્મતત્ત્વ અને શાસનની બાબતમાં આપણે વસ્તુનો ત્યાગ કરી દઈને શ્રી જિનેશ્વર ભગવાનનેજ વળગીએ છીએ અને તેનાજ શબ્દને પ્રમાણે માનીએ છીએ એનું કારણ શું? આપણે વસ્તુને તેના સ્વરૂપ ઉપર રહેવા દીધીજ નથી પરંતુ આપણે એમ કબુલ રાખ્યું છે કે શ્રી જિનેશ્વર ભગવાન્ જે કહે છે તેજ સત્ય છે, તેજ ધર્મ છે અને તેજ તત્ત્વ છે. ચાહે તો કેવળી હો કે ચાહે તો અકેવળી હો પરંતુ તેથી તત્ત્વમાં તો કાંઈ ફેરફાર થવાનો નથી. જે તત્ત્વ છે તે તત્ત્વ છેજ, જે ધર્મ છે તે ધર્મ છેજ અને જે શાસન છે તે શાસન પણ છેજ. શ્રી જિનેશ્વરો કહો કે ન કહો તેથી તેમાં કાંઈ ફેર પડવાનોજ નથી તો પછી ભગવાન્ શ્રી કેવળી મહારાજાની છાપ એના ઉપર હોવીજ જોઈએ એ ઠરાવવાનું શું કારણ છે ? ચાર્ટર બેંક ચોકખા સોના ઉપર પોતાની છાપ મારે છે. આ છાપ મારવાથી સોનું ખરીદનારને એ સગવડ મળે છે કે જે સોનાની શુદ્ધાશુદ્ધતાને પોતે ઓળખી શકતો ન હોય તે માણસ એવી છાપ જોઈને તે સોનાને સાચું સોનું માનીને તેને ખરીદ કરે છે.

## છાપની જરૂર શી છે ?

ચાર્ટર બેંકની છાપ હોય તેથી પીત્તલનું સોનું બની જતું નથી અથવા તો પીત્તલ હોય તેના ઉપર ચાર્ટર બેંકની છાપ પડે એટલે તેથી કાંઈ પીત્તલની કિંમત સોના તરીકે ઉપજવાની નથી. સો ટચના સોનામાં બે ટચ પણ ઓછા હશે તો ચાર્ટર બેંકની છાપ ન હોય તે સોનુંજ નથી એવો પણ કંઈ નિયમ નથી. ચાર્ટર બેંકની છાપ હોય તો પણ શુદ્ધ સોનું એ સોનું છે અને ચાર્ટર બેંકની છાપ ન હોય તો પણ શુદ્ધ સોનું એ સોનુંજ છે તો પછી છાપની જરૂર શી ? ચાર્ટર બેંકની છાપને અનુલક્ષીને આપણે એવું તો ઠરાવી શકતાજ નથી કે જ્યાં છાપ હોય તેજ શુદ્ધ સોનું છે અને જ્યાં છાપ નથી તે શુદ્ધ સોનુંજ નથી. બંને બાજુનો એ નિયમ ઠરાવી શકાયો નથી માત્ર છાપ હોય તે શુદ્ધ સોનું તો છેજ એવો એકજ નિયમ ઠરાવવામાં આવ્યો છે તો પણ એ નિયમને સોનું લેનારાઓ સ્વીકારે છે. સ્વીકારવાનું કારણ એટલુંજ છે કે જેના ઉપર છાપ નથી તે સોનુંજ નથી એવો તો નિયમજ નથી પરંતુ જેના ઉપર છાપ છે એ સોનુંજ છે એવું તે ઉપરથી સ્પષ્ટ થાય છે અને તેથી સોનાની પરીક્ષા થઈ જેઓ અજ્ઞાત છે તેઓ એ છાપનેજ પ્રમાણ માનીને વિનાસંકોચે સોનાની ખરીદી કરી શકે છે.

## છાપ છે ત્યાં વિશ્વાસ છે.

છાપ વિનાનું બીજું સોનું હાથમાં આવે છે તો ચોકસી એ સોનાનો કસ શોધવા તરતજ એને પથરા ઉપર ચઢાવે છે. એ સોનું પથરા ઉપર ઘસાય છે અને તેનો વાસ્તવિક કસ આવે છે ત્યારેજ તેને સોનું માનવામાં આવે છે. એટલે અહીં એક પક્ષી નિયમ છે તોપણ તેના ઉપર પુરેપુરો ભરોસો રાખવામાં આવે છે. જ્યાં જ્યાં સો ટચનું સોનું ત્યાં ત્યાં ચાર્ટર બેંકની છાપ ત્યાં ત્યાં સોનું એ બે નિયમો હોય તો તે ઉભયપક્ષી નિયમ થયા. અહીં ઉભયપક્ષી નિયમ નથી માત્ર એકજ પક્ષી નિયમ છે કે ભાઈ, જ્યાં છાપ છે ત્યાં જરૂર સો ટચનું સોનું તો છેજ! હવે શ્રી જિનેશ્વર ભગવાન્‌ના શાસનમાં જોશો તો અહીં બંને પક્ષનો નિર્ણય છે. અહીં એવો નિર્ણય છે કે સમ્યગ્દર્શનાદિ જે કાંઈ છે તે સઘળું શ્રી જિનેશ્વર ભગવાનેજ કહેલું છે અને જે કાંઈ શ્રી જિનેશ્વર ભગવાનોએ કહેલું છે તેજ સમ્યગ્દર્શનાદિ છે. જો ચાર્ટર બેંકની છાપના સંબંધમાં એક પક્ષીજ નિર્ણય છે તો પણ સોનું ખરીદતી વખતે આપણે એજ છાપ જોઈએ છીએ તો પછી જ્યાં બન્ને પક્ષનો

નિયમ છે તે સ્થળે પણ આપણે શા માટે એ નિયમ ઉપરજ આધાર ન રાખવો ઘટે ?

### જૈનશાસનનું મંતવ્ય

જૈનશાસન તો પુકારી પુકારીને એમ ચોકખું કહે છે કે સમ્યગ્જ્ઞાન, દર્શનાદિના રસ્તા છે તે સઘળાના ઉપર ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોની છાપ છે એટલે કે એ રસ્તા ભગવાન્‌ના શ્રી જિનેશ્વરદેવોએ બતાવ્યા છે અને જે સમ્યગ્જ્ઞાન આદિના રસ્તા નથી તેના ઉપર ભગવાનની છાપજ નથી અર્થાત્ તે રસ્તાઓ ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ દર્શાવ્યાજ નથી. જે સાચા માર્ગો છે તે શ્રીમાન્ જિનેશ્વર ભગવાનોએ કહીજ નાખ્યા છે અને જે રસ્તા શ્રીમાન્ જિનેશ્વરદેવોએ નથી કહ્યા, તે રસ્તા, એ રસ્તાઓ જ નથી. આથીજ ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોનું વર્તન તદ્દન નિર્દોષ છે એમ આપણે કહી શકીએ છીએ. જિનેશ્વર ભગવાનના પીસ્તાળીસ આગમોને મૂળથી તપાસીએ તો પણ એવું જણાતું નથી કે તેમાં એમ સાબીત કરવામાં આવ્યું હોય કે ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજ સમોસરણમાં બેસે છે તે સમ્યગ્દર્શનાદિથી પ્રતિકૂળ છે. તીર્થંકર મહારાજશ્રીને માટે એક યોજન સુધીની જમીન વાયુથી સાફ થઈ જાય છે તે સમયે એવો પ્રચંડ વાયુ આવે છે કે એક જોજન સુધીની જમીનમાંથી કાંકરા, પથરા, લાકડું, ઘાસ, પાંદડાં જે હોય તે બધું વાયુથી ઉડીને બહાર ચાલ્યું જાય છે.

### ટીપું જલ પણ ન વાપરો.

વિચાર કરો કે આ વાયુ કઇ સ્થિતિનો હશે ? જે વાયુ એક યોજન સુધીની જગામાંથી કચરો, લાકડાં, પાંદડાં, વગેરે સઘળુંજ ઉડાવીને લઇ જાય છે તે વાયુ જ્યારે વહેતો હોય ત્યારે વાઉકાયની તે શી સ્થિતિ સમજવી ? બોલવાથી વાઉકાયની જે વિરાધના થાય છે તેના ઉપર શ્રીમાન્ જિનેશ્વર ભગવાનનું પરમ પવિત્ર જૈનશાસન અંકુશ મેલે છે. પરંતુ એક યોજન સુધીમાં પ્રચંડ વાયુ વાય અને લાકડાં વગેરે તે વાયુથી સાફ થાય તો એ વાયુના વેગમાં શું વાયુકાયની વિરાધના નહિ થતી હોય ? હવે એથી આગળ ચાલો. ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ એમ સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે એક ટીપા પાણીને અંગે પણ સાધુનો જીવ ચાલ્યો જતો હોય તો જીવ ચાલ્યો જાય એ વાત સાધુએ સહન કરવી પરંતુ એક પણ ટીપું સચિત્ત પાણીનું સાધુએ વાપરવું નહિ. સાધુને આવો કડક ઉપદેશ આપનારા શ્રીમાન્ જિનેશ્વર ભગવાન્ છે પરન્તુ તેમનેજ અંગે એક યોજન ભૂમિમાં વરસાદ વરસે છે અને આખી એક યોજનની ભૂમિ પાણીથી તર થઇ જાય છે ! ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજ વનસ્પતિકાયની પણ વિરાધના ન કરવાનું ફરમાવે છે પરંતુ બીજી તરફ તેમનેજ માટે એક યોજન સુધીની ભૂમિમાં ઢીંચણ જેટલાં ફૂલો પથરાય છે. !

### ઉપદેશ વિરુદ્ધ વર્તન

ભગવાન્ શ્રી તીર્થંકરદેવ પોતે સ્વમુખે ઉપદેશ આપે છે અને એ ઉપદેશમાં બીજા સાધુઓને મોઢેથી બોલતાં પવન લાગે અને તેથી વાયુકાયની વિરાધના થાય તે ઉપર તેઓ અંકુશ મૂકે છે પરંતુ ખુદ ભગવાનને માટેજ પ્રચંડ વાયુ આવે છે અને તેથી હજારો વાયુકાયની વિરાધના થાય છેજ ! ભગવાન્ પોતાને મુખે જ એક ટીપું પણ પાણી ન વાપરવાનું ફરમાવે છે અને તેજ ભગવાનને માટે વરસાદની ધારાઓની ધારાઓ વહે છે અને જમીનને તરબોળ કરી નાખે છે. ભગવાન્ પોતેજ એક પણ વનસ્પતિકાયની વિરાધના ન કરવાનું કહે છે પરંતુ એ ભગવાનને અંગેજ ઢીંચણ સુધીના ફૂલો પથરાઇ

જાય છે ! અને ત્રણ ગઢનું તો ભગવાનને માટે સિંહાસન હોય છે. ઠીક. હવે આ સઘળું તીર્થંકર ભગવાનને માટે કર્યું છે ત્યાં સુધી તો તેનો દોષ ભગવાનને લાગેલો ગણી શકતો નથી પરંતુ આગળ જતાં આપણે જોઈએ છીએ કે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ આવે છે અને ત્યાં બિરાજે છે. ભગવાન્ ત્યાં બિરાજે છે એનો અર્થ એ થાય છે કે ભગવાને આ સઘળાનો ભોગવટો કર્યો છે. આ સઘળા કાર્યોનો ભગવાન્ ભોગવટો કરે તો પછી એ કાર્યને અંગે થએલી વિરાધનાના દોષ ભાગી શ્રીમાન્ તીર્થંકર ભગવાનને માનવા કે અન્ય કોઈને ?

### સાધુને દોષ ક્યારે ?

તમે સાધુને નિમિત્ત રસોઈ કરો તેથી રસોઈ કરવાથી જે પાપ થાય છે તેમાં સાધુ લેપાતા નથી. સાધુનો કોઈ શત્રુ હોય, સાધુને માટે જ રંધાએલા વનસ્પતિજન્ય ખોરાકને પણ જો સાધુ ગ્રહણ કરે તો એ તેના પાપમાં લેપાય છે. ત્યારે ઉપર જણાવેલા સઘળા કાર્યો થયા છે અને તે સિંહાસન ઉપર જઈને ભગવાન્ શ્રી તીર્થંકરદેવ બિરાજ્યા છે અરે, એક પ્રહર સુધી એ સઘળાનો ભોગવટો કર્યો છે તોપછી એ સઘળા કાર્યોમાં થએલી ભિન્નભિન્ન યોનિના જીવોની વિરાધનાનું પાપ પણ તીર્થંકરોને જ આપશો કે કોઈ બીજાને ? સાધુ જો પોતાને કાજે રાંધેલી રસોઈ સ્વીકારે છે તો તે દોષભાગી થાય છે ત્યારે તીર્થંકર ભગવાન પણ પોતાને માટે થએલા આ સઘળા કાર્યોનો ભોગવટો કરે છે તો તે પોતે પણ દોષભાગી થાય ખરા કે નહિ ? જે મૂળ સૂત્રને માનનારા છે તેમણે પણ વિચારવાનું છે કે ચામર, સિંહાસનાદિ મૂળમાં કહ્યાં છે, અને ચામર વીંજાય છે, છત્ર ધરાય છે, સિંહાસન પર બેસે છે તો ભોગવટો કહ્યો છે તો તે વિરાધનાથી તીર્થંકરો કેમ ન લેપાએલા લેખવા ?

### દોષ ક્યારે ન લાગે ?

પોતાને કાજે થએલી રસોઈ સાધુ સ્વીકારે છે તો તેને દોષ લાગે છે તેનું કારણ શું તેનો વિચાર કરો. સાધુઓ પોતે ક્ષીણરાગ, ક્ષીણ મોહવાળી દશામાં નથી અને તેઓને કેવળજ્ઞાન થએલું નથી આટલા જ કારણથી તેઓ જો પોતાને અંગે થએલા પદાર્થોનો સ્વીકાર કરે તેમાં તેમને દોષ લાગે છે પરંતુ ભગવાન્ શ્રી તીર્થંકરદેવો તો ક્ષીણરાગ અને ક્ષીણ મોહની દશામાં છે અને તેઓ કેવળજ્ઞાની છે એટલા જ માટે તેઓ જે કાંઈ કરે છે તેથી તેમને તેનો બંધ થવાનો સંભવ હોતો જ નથી. તીર્થંકર ભગવાન્ તો જે કાંઈ મોક્ષમાર્ગને અનુકૂળ હોય તેજ કહે છે અને તેજ પ્રમાણે પોતે આચરણ પણ કરે છે. અર્થાત્ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની વૃદ્ધિનું જ કારણ હોય તેજ શ્રીમાન્ તીર્થંકર ભગવાનો કહે છે અને તેઓ તેજ પ્રમાણે કરે છે. આથી જ જૈનશાસન સ્પષ્ટ શબ્દોમાં એમ કહે છે કે :- ''जिनपन्नत्तं तत्तं'' અર્થાત્ ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજાઓએ જે કાંઈ કહ્યું છે તેજ તત્વ છે અને જે કાંઈ તત્વ છે તેજ તેઓ શ્રીમાને કહ્યું છે. એજ પ્રમાણે જે ધર્મ છે તે પણ શ્રી જિનેશ્વર ભગવાને જ બતાવ્યો છે અને જે જિનેશ્વરે ભગવાનોએ બતાવ્યો છે તેજ ધર્મ છે અને જે દુર્ગતિ ટાળવાના અને સદ્ગતિ આપવાના રસ્તા છે તે જિનેશ્વરે બતાવ્યા છે અને જે જિનેશ્વરે બતાવ્યા છે તેજ દુર્ગતિ ટાળવાના અને સદ્ગતિ પાળવાના રસ્તા છે.

### લેશ પણ શંકા ક્યારે ન રહે ?

આથી જ અહીં ઉભય પ્રકારનો નિયમ લાગુ પડી શકે છે કે જે ધર્મ, તત્ત્વ અને શાસન છે તે શ્રીમાન્ જિનેશ્વરદેવોએ બતાવ્યું છે અને જે શ્રીમાન્ જિનેશ્વરદેવોએ બતાવ્યું છે તેજ ધર્મ, તત્ત્વ અને શાસન છે, જે શ્રીમાન્ જિનેશ્વર ભગવાને નથી કહ્યું

તે ધર્મ, તત્ત્વ અને શાસન નથી અને જે ધર્મ, તત્ત્વ અને શાસન નથી તે શ્રીમાન્ જિનેશ્વર ભગવાને કહ્યું નથી. આવો બંને પ્રકારનો નિયમ આ સ્થાન ઉપર પ્રવર્તે છે તેથી જ અહીં એમ કહી શકાય છે કે : धम्मो जिनपन्नतो

તમે સો ટચનું સોનું લાવો છો અને તેના ઉપર ચાર્ટર બેંકની છાપ મરાવો છો. ચાર્ટર બેંકની છાપ મારવાથી ૯૭ ટચનું સોનું સો ટચનું થવાનું નથી પરંતુ તે છતાં તમે છાપ મરાવો છો એનું શું કારણ છે ? એનું કારણ છે કે છાપ મરાયા પછી ઘરાકને એમાં વહેમ કે શંકા લેવાપણું રહેતું જ નથી. ઘરાક જાણે છે કે જેના ઉપર છાપ છે તે સો ટચનો જ માલ છે, એજ રીતિ અહીં પણ પ્રવર્તે છે, ધર્મ એ આત્માની પોતાની ચીજ છે, તે આત્માની માલીકીની ચીજ છે, પરંતુ તે છતાં તેના ઉપર શ્રીમાન્ જિનેશ્વર ભગવાનની છાપ હોવી જ જોઈએ કે જેથી તે ધર્મ છે કે અધર્મ છે તેની લેશમાત્ર પણ શંકા જ ન રહે. એજ રીતે આપણાં જે કર્ત્તવ્યો છે તેના ઉપર ભગવાન્ શ્રી જિનેશ્વર દેવોની છાપ હોવી જ જોઈએ. આપણા કર્ત્તવ્યો ઉપર પણ જો જિનેશ્વર ભગવાનની છાપ હોય તો પછી તેમાં પણ કોઈને શંકા લઈ જવાનું સ્થાન જ ન રહે.

## આપણી અજ્ઞાનતા

ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોના વચનમાત્રથી ધર્મ થઈ જતો નથી અથવા તો તેમનું વચન ન હોય તેથી ધર્મ કાંઈ અધર્મ બનવા પામતો નથી. ધર્મ તે તો ભગવાનનું વચન હોય તો પણ ધર્મ તરીકે જ રહે છે અને અધર્મને માટે ભગવાનનો નિષેધ ન હોય અર્થાત્ શ્રી જિનેશ્વર મહારાજ તેને અધર્મ તરીકે ન ઓળખાવે તો પણ અધર્મ તે તો અધર્મ જ રહે છે પરંતુ તે છતાં ભગવાનના વચનની અહીં જે જરૂર માની છે તે માત્ર નિશ્ચય પુરતી જ હોઈ તે સઘળું જરૂરી ઠરે છે. ઘરાક સોનું લેવા જાય છે, ઘરાક પોતે સોનાને ઓળખતો નથી પરંતુ છાપ જોઈને તેને ખાતરી થાય છે કે આ ચીજ જે જરૂર સોનું જ છે કારણ કે જો તે સોનું ન હોત તો ચાર્ટર બેંક તેના ઉપર છાપ મારી આપત જ નહિ. એજ રીતે આપણે પણ જે કાર્યો કરીએ છીએ તે સઘળા આત્મહિતના જ કાર્યો હોય તોપણ તેના ઉપર છાપ હોવી જરૂરી છે કારણ કે જો છાપ ન હોય તો એ કાર્યોની સત્યશીલતા માટે શંકા રહેવાને અવકાશ રહે છે. મનુષ્યમાં અજ્ઞાનતા છે, આપણે ધર્મ તત્ત્વ અને શાસનને ઓળખી શકીએ એની કાંઈ ખાતરી જ નથી માટે જ આપણે ધર્મ, તત્ત્વ અને શાસન ઉપર ભગવાન્ શ્રી જિનેશ્વર દેવોની છાપ જોવાની છે.

## છાપ ક્યાં ન હોઈ શકે ?

હવે ભગવાનની છાપ ક્યાં ક્યાં હોય છે અને ક્યાં ક્યાં નથી હોતી તેનો વિચાર કરવાની જરૂર છે. જે સમ્ગયગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર છે તે સઘળા કાર્યો આત્માના કલ્યાણને આપવાવાળા છે અને તે સઘળા કાર્યો ઉપર ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોની છાપ પડેલી છે અર્થાત્ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ કહેલું જ છે પરંતુ જ્યાં કર્મનો બંધ છે, જ્યાં આશ્રવ છે ત્યાં ભગવાનની છાપ મળવાની નથી. કર્મબંધ અને આશ્રવ ઉપર ભગવાને પોતાની છાપ મારી જ નથી. જ્યાં સંવર છે અને જ્યાં કર્મની નિર્જરા છે ત્યાં જિનેશ્વર મહારાજાઓની છાપ હોય જ હોય, પરંતુ કર્મબંધ અને આશ્રવ એ બેના ઉપર તેઓશ્રીની છાપ હોતી નથી. હવે કોઈ એમ કહેશે કે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોની છાપ કર્મબંધ અને આશ્રવ ઉપર તો પડી જ નથી તો પછી કર્મબંધ અને આશ્રવના ત્યાગની પ્રવૃત્તિ કરવાની પણ શી જરૂર છે ?

શંકાકારની આ શંકા તદ્દન બેહુદી છે. ચાર્ટર બેંક માત્ર શુદ્ધ સોના ઉપર જ છાપ મારી આપે છે તે અશુદ્ધ સોના ઉપર એ અશુદ્ધ સોનું છે એવી છાપ મારી આપતી જ નથી, તેજ પ્રમાણે જે ધર્મ છે, જે તત્વ છે અને જે શાસન છે ત્યાંજ માત્ર જૈનત્વની છાપ છે. જે સ્થળે સંવર અને નિર્જરા છે ત્યાં જ ધર્મની છાપ મારવામાં આવી છે. જે બંધ છે, આશ્રવ છે અને પાપ છે ત્યાં ધર્મની છાપ હોઇ શકે જ નહિ, અર્થાત્ ધર્મ, તત્ત્વ અને શાસનમાં પરીક્ષા કરાય તેમાં નવાઇ નથી. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ આત્માના ગુણ છે પરંતુ એ ગુણ માન્ય રાખવાનો ત્યારે જ છે કે જ્યારે એના ઉપર જૈનત્વની છાપ પડે છે. દર્શન એ આત્માનો ગુણ છે, એની કોઇથી ના પાડી શકાતી નથી. એ ગુણ આત્મામાં જાગૃત થયો હોય તો પણ કબુલ છે પરંતુ એ ગુણની સંસારમાં કિંમત ત્યારે જ છે કે જ્યારે એના ઉપર જૈનત્વની છાપ પડે છે.

### જિનેશ્વર જાદુગર ન હતા.

ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજ એ કાંઇ જાદુગર નથી કે જેના આત્મામાં સમ્યકત્વાદિ ગુણો ન હોય ત્યાં પણ તેઓ એ ગુણ જાગૃત કરી દે ! જો ભગવાન શ્રી જિનેશ્વર મહારાજાઓના વચન માત્રથી જ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ જ થતી હોત તો પછી ન્યૂન દશપૂર્વી મિથ્યાત્વીઓ હોત જ નહિં, પરંતુ એ સમયે પણ મિથ્યાત્વીઓ તો જોઇએ તેટલા હતા જ ! એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોનું વચન જ સમ્યકત્વ આપી દેતું નથી. જૈનશાસનની શોભારૂપ જે આગમો છે તેનાથી અથવા તો શ્રી જિનેશ્વર મહારાજાના કિંવા સાધુ મહારાજાઓના વચનમાત્રથી ધર્મ, તત્ત્વ કે શાસનની પ્રાપ્તિ થઇ જતી નથી.

### ૩૬૩ પત્થર ન પલળ્યા ન પીગળ્યા !

જો ભગવાનના વચનમાત્રથી જ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી હોય તો તો ૩૬૩ પાખંડીઓ, જમાલિ અને ગોશાળાને પણ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર મળી જ ગયા હોત. ભગવાન્ શ્રી જિનેશ્વરે મહારાજ વિદ્યમાન હતા તેજ વખતે ગોશાળો, જમાલિ અને પાખંડીઓની હસ્તી હતી. ભગવાન્ શ્રી મહાવીરદેવની પરમોપકારી ધર્મદેશના તેમણે સાંભળી હતી, છતાં આ ૩૬૩ પત્થરા જેમના તેમજ રહ્યા હતા ! ન પલળ્યા કે પોચા થયા, હવે જો ભગવાનની દેશના માત્રથી જ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી હોત તો આ ૩૬૩ પત્થરા પણ પ્રભાવશીલ બની ગયા હોત, પરંતુ તેમ નથી થયું એ બતાવે છે કે વચન કે શાસ્ત્ર કોઇને સમ્યકત્વ આપતું નથી કે કોઇનું સમ્યકત્વ લઇ લેતું નથી. આગમો શું કરે છે તેનો વિચાર કરો. આગમો એ ચાર્ટર બેંકના સ્થાન ઉપર જ એમ તમારે સમજી લેવાનું છે. ચાર્ટર બેંક તમોને સોનું બનાવી આપતી નથી. તમે પીત્તળ આપો તેને ચાર્ટર બેંક સોનું નહિ કરી આપે, પરંતુ જો તમે શુદ્ધ સોનું લઇ જાઓ તો ચાર્ટર બેંક તમોને માત્ર છાપ મારી આપે છે.

### ધર્મનો માલિક આત્મા

એજ પ્રમાણે આત્માની માલિકીની ગુણો આત્માએ શી રીતે મેળવવા એ આ શાસન બતાવે છે પછી તમે જ્ઞાન દર્શન અને ચારિત્રના ગુણોને જાગૃત કરો તો એ સોનારૂપ ગુણો ઉપર આગમો તો છાપ મારી આપે છે. કે એજ સાચું જ્ઞાન, સાચું દર્શન અને સાચું ચારિત્ર છે. આગમો જ સમ્યગ્જ્ઞાન

દર્શન અને ચારિત્ર મેળવી જ આપે છે એવો નિયમ તો છેજ નહિ. તમારા આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના ગુણોનો ઉદય થયો હોય તો આગમો તો છાપ મારી આપે છે કે તારો ફલાણા પ્રકારનો વિચાર છે એ સમ્યગ્દર્શન છે, તારી ફલાણા પ્રકારની પરિણતિ છે તે સમ્યગ્જ્ઞાન છે અને જે તારી સમ્યક્પ્રવૃત્તિ છે તેનું નામ સમ્યક્ચારિત્ર છે. ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોના વચનો અથવા તો તેમણે પ્રરૂપેલા શાસ્ત્રો એજ કાંઈ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર આપી દેનારા નથી. એ તો માત્ર સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્ર ઉપર સમ્યક્તવની છાપ મારી આપનારી જ ચીજ છે. શ્રી જિનેશ્વર ભગવાનોએ જે કાંઈ જણાવેલું છે, તેમણે જે કાંઈ કહેલું છે, તેમણે જે કાંઈ પ્રરૂપેલું છે તેજ એક માત્ર ધર્મ, તત્વ અને શાસન છે એનો અર્થ એ છે કે આત્મામાં આત્માની માલીકીની ચીજ એવો જે ધર્મ છે તે ઉપર માત્ર છાપ મારવામાં આવે છે આપણી પરિણતિ ઉપર શ્રી જિનેશ્વર ભગવાનની છાપ પડે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ સઘળાના ઉપર શ્રી જિનેશ્વર ભગવાનની છાપ પડે છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૭૭)

---

# અમારા માનવંતા ગ્રાહકોને

હવે વી. પી. કરવાં શરૂ કર્યાં છે, અને સાથે **'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય'** નામનું ભેટનું પુસ્તક પણ મોકલવામાં આવે છે.

જે ગ્રાહકોને આ અંક વી. પી. થી ન મોકલ્યો હોય તેમને આવતો અંક જરૂર વી. પી. થી રવાના કરવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની નીચેની ઓફિસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે. જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકો (મહેસાણા અને સુરત સિવાય) ને ભેટના પુસ્તક સાથે અંક વી. પી. કરવામાં આવશે, તે સ્વીકારવા વિનંતિ છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઈચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે એથી પણ વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો લખી મોકલવાં, કારણ કે ગ્રાહક પૂરતી જ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનિઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂા. ૨-૦-૦ તથા ભેટના પુસ્તકના પોસ્ટ ચાર્જના રૂ. ૦-૪-૦ મળી રૂ. ૨-૪-૦ નું મનિઓર્ડર કરવું.

લી.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઈ નં ૩

# વાચકોને

તીર્થંકરો સમ્યક્ત્વ પછી તો પરોપકારવ્યસની હોય છે, પણ ભગવાન્ મહાવીર મહારાજા તો નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પહેલાં પણ પરોપકારી હતા.

આવી રીતના આવેલ લેખના સ્હામા થઈ આ વાક્યથી તીર્થંકરોની આશાતના થઈ એમ ગણાવ્યું ને ઉ. શ્રીમાન્ રામવિજયજી મહારાજાએ જૈન પ્રવચનમાં-

અનાદિકાળથી તીર્થંકરો નયસારની માફક પરોપકાર કરનારા હોય જ છે એમ લલિતવિસ્તરાના 'आकालमेते'० પાઠથી સાબીત કરવા તૈયાર થઈ આહ્વાન કર્યું.

જેનો

આચાર્યદેવ શ્રીમત્ સાગરાનન્દ સૂરીશ્વરજીએ

આ પત્રના પાંચમા અંકમાં

પક્ષ-પ્રતિપક્ષ સાથે સ્વીકાર કરી મુદત, સ્થાન અને મધ્યસ્થ માટે ઉ. શ્રી રામવિજયજીને જણાવ્યું હતું

પણ

પછીનું પ્રવચન માત્ર સંપાદકે તે મુદત આદિ બાબતની ઉ. શ્રી રામવિજયજીની સહી શિવાય બ્હાર પાડેલ હોઈ

આચાર્ય દેવશ્રી સાગરાનન્દ સૂરિ મહારાજને હવે તેમાં કાંઈ લખવાનું હમણાં રહેતું નથી.

તા. કઃ- જો કે નયસારની માફક કાર્યરૂપે તો પરોપકારિતા સાબીત કરવા ઉપાધ્યાયશ્રીજી તૈયાર નથી, એટલે કહેલું તો નથી રહ્યું, છતાં કારણરૂપે પરોપકારિતા અનાદિ ઠરાવવા વાંછા રાખે છે, તેમાં પણ નિષ્ફળ થઈ યોગ્યતાના રૂપમાં જશે.

(સર્વ મતભેદોની ટૂંકી નોંધ પાઠો સહિત બહાર પાડીએ તો તેમના અધરપણાનો જનતાને સ્પષ્ટ ખ્યાલ આવે.)

'તંત્રી'

# એક ખુલાસો

૧ એક જિનેશ્વરના ગુણ ગાવાથી અન્યની આશાતના થાય.

૨ ગ્રામચિંતકશબ્દનો અર્થ રાજા જ થાય.

૩ આવશ્યકનિર્યુક્તિ વિગેરેમાં તીર્થંકરોના સમ્યક્ત્વને પણ સમ્યક્ત્વ કહ્યા છતાં પ્હેલેથી તીર્થંકરનું સમ્યક્ત્વ વરબોધિ જ કહેવાય.

૪ આખો દેશ અનાર્ય હોય છતાં તેમાં આવેલું તીર્થ તો અનાર્યે ગૃહીત છતાં આર્ય જ રહે.

૫ આવશ્યકસૂત્રની બન્ને ટીકામાં ચાલતાં ધર્મકથન કરવાનું જણાવનાર પુરતો સંમત્થિતો ધમ્મો કહેત્તુમારધ્ધો એમ વાક્ય છતાં ચાલતાં ધર્મ કહ્યો નથી એમ માનવું.

૬ વીતરાગપણામાં જ વાલીજીએ રાવણને શિક્ષા કરી.

૭ अत एव० ના પાઠનો કરેલ અર્થ સાચો જ હતો.

આ બધી હકીકત નિર્ણયની વખત ચર્ચાતં અને પ્રતિજ્ઞાપત્ર મધ્યસ્થો લખાવી શકત છતાં શ્રીમાને તેમ નથી માન્યું તેમાં કહેવાય નહિ ! તેમ જ આખા ૫૬ પાનાના ત્રણ અંકો સંપાદકના નામે નહિ ચઢાવતાં પોતાની સહીથી પોતે જ મુદત આદિ જણાવી નિર્ણય કરવા તૈયારી કરી હોય તો ઉપરતી વાતો પણ તેમને સાબીત કરવી પડત.

(તંત્રી)

# સદ્ધર્મના સાધન

''सेवनीया दयालुता, न विधेयः परपरिभवः, मोक्तव्या कोपनता, वर्जनीयो दुर्जनसंसर्गः, विरहितव्याऽलीकवादिता, अभ्यसनीयो गुणानुरागः, न कार्या चौर्यबुद्धिः, त्यजनीयो मिथ्याभिमानः, वारणीयः परदाराभिलाषः, परिहर्तव्यो धनादिगर्वः, निधेया दुःखितदुःखत्राणेच्छा, पूजनीया गुरवः, वन्दनीया देवसङ्धाः, सन्माननीयः परिजनः, पूरणीयः प्रणयिलोकः, अनुवर्तनीयो मित्रवर्गः, न भाषणीयः परावर्णवादो, ग्रहीतव्यं। परगुणाः, लज्जनीयं विकत्थने न, स्मर्तव्यमणीयोऽपि सुकृतं, यतितव्यं परार्थे, संभाषणीयः प्रथमं विशिष्टलोकः, अनुमोदनीयो धार्मिकजनः, न विधेयं परमर्मोद्‌घट्टनं, भवितव्यं सुवेषाचारैः''

ભાવાર્થઃ- "દયાળુપણું આચરવું જોઈએ, પારકાનો તિરસ્કાર ન કરવો, ક્રોધનો સ્વભાવ મૂકી દેવો, દુર્જનનો સંગ ત્યજવો, જુઠું બોલવાપણું છોડવું, ગુણાનુરાગ તરફ લક્ષ્ય રાખવું, ચોરીની બુદ્ધિ ન કરવી, મિથ્યાભિમાન છોડવું, પરસ્ત્રી ઇચ્છા નિવારવી, ધન વિગેરેનો ગર્વ હરવો, દુઃખી મનુષ્યને દુઃખથી બચાવવાની ઇચ્છા કરવી, ગુરુઓને પૂજવા, દેવસમુદાયને વાંદવા, પરિજનનું સન્માન કરવું, સગાસંબંધી લોકની ઇચ્છા પૂરવી, મિત્રવર્ગને અનુસરવું, પારકાનો અવર્ણવાદ ન બોલવો, પારકાના ગુણો ગ્રહણ કરવા, પોતાના ગુણની શ્લાઘાથી લજ્જા પામવી, અલ્પ સુકૃત પણ સંભારવું, પરાર્થમાં યત્ન કરવો, પહેલાં મોટા લોક સાથે આલાપ કરવો, ધાર્મિક માણસોની અનુમોદના કરવી, પારકાના મર્મ ઉઘાડવાનું ન કરવું, સારા વેષ અને આચારવાળા થવું."

"સિદ્ધર્ષિગણી"

ચતુર્થ વર્ષ અંક ૮

Registered No. B.3047




પોષ વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૪-૧-૧૯૩૬

# પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

## પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

## પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

## છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)


---


આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૮ | મુંબઇ તા. ૨૪-૧-૧૯૩૬ શુક્રવાર<br>પોષ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

## ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

જિનેશ્વર ભગવાનની સ્નાત્રાદિકે પૂજા કરતી વખતે જિનેશ્વર મહારાજના અનુપકૃતપણા વિગેરે ગુણોનો જો વિચાર કરવામાં આવે તો જ તે સ્નાત્રાદિકની પૂજા દ્રવ્યશબ્દનો કારણ અર્થ ત્યાં લાગુ પડતો હોઈ વ્યતિરિક્ત દ્રવ્યપૂજા કરી શકાય. એ અધિકારને અંગે ઋષભદેવજી મહારાજનું પરોપકારિપણું વિચારવાનું જણાવવામાં આવ્યું હતું, તેને અંગે વિચાર કરીએઃ

### યુગલિયાઓની આહારસ્થિતિ

ભગવાન્ ઋષભદેવજીને અંગે પ્રથમ જે પરોપકારિપણું વિચારીએ તે એ જ છે કે તેઓએ અગ્નિ સંબંધમાં મૂળથી બધી વ્યવસ્થા કરી. હકીકત એવી છે કે ભગવાન્ ઋષભદેવજી મહારાજના જન્મઅવસરની લગભગમાં કાળની પડતીને લીધે કલ્પવૃક્ષનો મહિમા ઓછો થઈ ગયો અને કલ્પવૃક્ષથી મળતી વસ્તુઓ બંધ થઈ એમાં બાહ્ય ભોગનાં સાધનો કલ્પવૃક્ષનો મહિમા ઘટવાથી મળવાં બંધ થયાં તેની જેટલી અડચણ તે જુગલીઆઓને પડી ન હોતી તેના કરતાં કલ્પવૃક્ષ તરફથી મળતો ખોરાક બંધથવાને લીધે જુગલિયાઓને ઘણી જ હાડમારી ભોગવવી પડી.

### ભગવાનના વંશમાં શેલડીનો આહાર પણ શેષ ને કંદ વગેરે

ભગવાન્ ઋષભદેવજીના પૂર્વજોને જો કે શેલડીની સંપત્તિ કોઈ પણ સંજોગોને અંગે થતી હતી અને તેથી તેઓ કાશ્યપ તરીકે ગણાતા હતા, પણ બાકીના જુગલીઆઓને તે શેલડી જેવી ઉત્તમ વસ્તુનો સંયોગ હતો નહિ, અને તેથી તેઓ વૃક્ષના કાંદાઓનો આહાર કરતા હતા. જો કે વનસ્પતિ એ મનુષ્યનો મુખ્ય ખોરાક છે એમ કહીએ તો પણ નહિ પકાવેલી વનસ્પતિ મનુષ્યની જઠરાને સતત અનુકૂળ આવવી મુશ્કેલ પડે અને તે જ સ્થિતિ વિચારતાં સતત કાંદાઓનો આહાર કરતા જુગલીઆઓને કેવી મુશ્કેલીમાંથી પાસ થવું પડતું હશે તે સમજવું મુશ્કેલ પડે તેમ નથી

### કાંદા પછી શાલીનો આહાર

અને તેવી મુશ્કેલીને લીધે તે જ જુગલીઆઓને તે કાંદાનો આહાર છોડી શાલી (ડાંગર)નો આહાર શરૂ કરવો પડ્યો હોય તે સ્વાભાવિક જ છે. જો કે કાંદા અને શાલી બંનેનું પ્રાપ્ત થવું, ખેતીની પ્રક્રિયા નહિ પ્રવર્તેલી હોવાથી કેટલુ દુર્લભ અને અલ્પ હશે તે સહેજે સમજી શકાય તેમ છે, છતાં તેઓને પણ શાલીનો આહાર પચવા નહિ લાગ્યો પછી તેના ફોતરાં ઉતારીને ખાવા લાગ્યા, તે પણ નહિ પચતાં ભીંજવીને વળી કાખમાં રાખીને તથા બે ત્રણ રીતિઓ ભેગી કરીને તે જુગલીઆઓ જેમ તેમ ખોરાક ખાતા હતા.

### અગ્નિની વ્યવસ્થા બતાવવાથી જગદ્ઉદ્ધાર

આ સ્થિતિને વિચારસૃષ્ટિમાં વહેવડાવનારો મનુષ્ય જો ભગવાન્ ઋષભદેવજીએ અગ્નિ કે જે સ્વયં ઉત્પન્ન થયો હતો તેની વ્યવસ્થા અને રક્ષા તથા ઉત્પત્તિ વિગેરે ન બતાવ્યાં હોત તો સમગ્ર જગતની શી દશા થાત એ સહેજે સમજી શકાય તેમ છે. આવી સ્થિતિમાં વનમાં વાંસના સંઘર્ષથી

ઉત્પન્ન થએલ અગ્નિની વ્યવસ્થા કરવા માટે ભગવાન્ ઋષભદેવજીએ માટીના ભાજનોની વ્યવસ્થા કરી અને તે ભાજનોની વ્યવસ્થા કરવાદ્વારાએ અગ્નિની વ્યવસ્થા, રક્ષા અને ઉત્પત્તિ વિગેરે બધું જણાવ્યું. આ બધું તેમનું કાર્ય શાસ્ત્રકારો પરોપકારને માટે થએલું છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને લોકો પણ તેઓને અનુક્રમે જગદીશ્વર, જગત્કર્તા, જગદ્ઉદ્ધર્તા માનવા લાગે તેમાં નવાઈ નથી.

## પ્રથમ વિવાહધર્મ ન હોવાનું કારણ

વળી જુગલીઆપણાની વખતમાં સાથે જોડલાંને જન્મવાનું નિયમિત હોવાથી તેમ જ સ્ત્રી અને પુરૂષરૂપે જ જોડલું નિયમિતપણે જન્મતું હોવાથી કોઈપણ પ્રકારે વિવાહધર્મની યોજના કરવાની જરૂર નહતી, તેમ જ કલ્પવૃક્ષ નીચે રહેતા યુગલીઆઓ માત્ર જુદી જુદી દૂરની જગ્યા ઉપર જોડલે રહેતા હોવાથી તેમ જ એટલા બધા મોટા આયુષ્યો છતાં માત્ર જિંદગીના છેલ્લા છ માસ રહે ત્યારે તે પુત્ર અને પુત્રીરૂપી યુગલનો જન્મ થતો હતો અને તેથી તે જુગલીઆઓ બ્રહ્મચર્યવ્રતને નહિ ધારણ કરવાવાળા છતાં પણ પાતળા રાગદ્વેષવાળા હોવાથી તથા ઉપરના જણાવેલા સંજોગથી તેઓમાં વ્યભિચારનું નામનિશાન પણ નહોતું.

## વિવાહધર્મની શરૂઆત કરવામાં કુદરતનો હાથ

આવી સ્થિતિમાં કુદરતે બે બાજુનો ફટકો આપ્યો. એક તો સુનંદા નામની જુગલણીનો સહચારી પુરુષ અત્યંત બાલ્યાવસ્થામાં જ અર્થાત્ કેવળ છ મહિનાની અંદરમાં તાડનું ફળ પડવા માત્રથી મરણ પામ્યો. (જુગલીઆ જેવા ઉત્તમ સંઘયણવાળા તાડનું ફળ પડવા માત્રથી મરી જાય એ કેટલી બધી નાની ઉંમર હોય તેને અંગે જ આ અત્યંત નાની ઉંમર જણાવી છે.) હવે સહચારી પુરુષ મરી જવાથી તે સુનંદા એકલી પડી. હવે તે સુનંદાની શી વ્યવસ્થા થાય એ પ્રશ્ન તે વખતે પણ અત્યંત ગુંચવાડાવાળો જ રહ્યો. નજીકમાં રહેલા બીજા જુગલીઆઓ તે ગુંચવાડો કાઢી શક્યા નહિ.

## નાભિમહારાજની ઉત્તમતા પરાપૂર્વથી હતી.

પણ તે વખતે સર્વ લોકમાં અધિક ગણાતા અને કુલકરની સ્થિતિવાળા હોઈને અખિલ જુગલીઆઓને માન્ય હોવાથી તે સુનંદાને લઈને તે જુગલીઆઓએ નાભિમહારાજને સોંપી. નાભિમહારાજનું કુલ અસલથી સર્વ યુગલીઆઓમાં અધિક હોવાથી હાકાર. માકાર અને ધિક્કારની નીતિને પ્રવર્તાવનારૂં અને ચલાવનારૂં હોવાથી સર્વ કુલોમાં મુરબ્બી તરીકે હતું અર્થાત્ તે વખતના સમુદાયમાં નાભિમહારાજના કુલની જ પ્રવર્તાવેલી નીતિ જ સર્વને માન્ય થતી હતી. તે નાભિ મહારાજે તે સુનંદાનો સંગ્રહ કરતી વખતે જ ભવિષ્ય વિચારી લીધું.

## ભગવાન્ ઋષભદેવજીનો જન્મ પણ યુગપલટાવાળો

નાભિમહારાજા અને મરૂદેવાને ઘેરે યુગલિકધર્મને લાયકના કાલના પલટાને લીધે ભગવાન્ ઋષભદેવ અને સુમંગલાનો જન્મ માતા મરૂદેવાના લાખ્ખો પૂર્વ જીવનમાં બાકી રહ્યાં હતાં ત્યારે જ થઈ ગયો હતો, અર્થાત્ પ્રથમ જે માબાપરૂપી જુગલીઆનું છ મહિના આયુષ્ય બાકી રહે ત્યારે જ સ્ત્રીપુરુષરૂપી જોડલું જન્મતું હતું. ત્યારે માતા મરુદેવાની જિંદગીના લાખ્ખો પૂર્વ બાકી રહ્યાં હતાં તો પણ ભગવાન્ ઋષભદેવજી અને સુમંગલાનું જોડલું જન્મ્યું.

## કુદરતે કરેલા વિવાહ ધર્મના કારણમાં સંકેતો

અર્થાત્ કહેવું પડશે કે ભગવાન્ ઋષભદેવજી તરફથી કાંઈપણ કાર્યભાર શરૂ થાય તેની પહેલાં કુદરતે આ બે વસ્તુઓ નવી જ ખડી કરી. એક તો સુનંદાના પતિ જુગલીઆનું મરણ અને બીજું ભગવાન્ ઋષભદેવજીનો ઘણા કાળ અગાઉ જન્મ.

## સુનન્દાને ભગવાનની પત્ની તરીકે કેમ લીધી ?

આ બે સ્થિતિની સાથે નાભિમહારાજાને જુગલીયાઓએ અર્પણ કરેલી સુનંદાના રક્ષણનો ભાર વહન કરવો તે પણ ઘણું જ વિચારને પાત્ર હતું. સામાન્ય રીતે સરખી ઉંમરના બાળકો પરસ્પર સ્નેહની ગાંઠથી સંકળાય છે એ હકીકત બાળકોના સામાન્ય સ્વભાવને અને જગતના અનુભવને સમજનારાઓને જાણવી મુશ્કેલ નથી અને તેથી જ ઋષભદેવજી મહારાજની સરખી ઉંમરવાળી સુનંદા, ઋષભદેવજી મહારાજ અને સુમંગલાની સાથે જોડાય તે ઘણું સંભવિત જ છે. નાભિમહારાજાને ઘેરે ભગવાન્ ઋષભદેવજી અને સુમંગલા સિવાય બીજું કોઈ જોડલું જ હતું જ નહિ કે જેના સંસર્ગમાં સુનંદા આવી શકે.

## કુદરતે કરેલી વૈકારિકસ્થિતિની પરાવૃત્તિ

વળી પહેલાંના જુગલીઆઓમાં ક્રોડ વર્ષનું આયુષ્ય છતાં પણ છેવટના પંદર, સોળ મહિના જેવા ટૂંકા વખતની જિંદગી બાકી રહેતી ત્યારે જ વૈકારિક પ્રવૃત્તિ થતી હતી, પણ નાભિ મહારાજાને ત્યાં તે પ્રવૃત્તિ ઘણી વહેલી થએલી હોઈ કુદરતનો પરાવર્ત જ જણાઈ આવતો હતો અને તેને જ અનુસારે ભગવાન્ ઋષભદેવજીનું કુમારપણું અત્યંત અલ્પ હોય તે નાભિમહારાજની ધ્યાન બહાર ન રહે, અને તેથી નાભિમહારાજે સુનંદાને લઈને આવેલા જુગલીઆઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવવું વ્યાજબી જ ગણ્યું હતું કે આ સુનંદા ઋષભદેવજીની પત્ની થશે.

## સુનંદાને પત્ની તરીકે ભગવાને નથી લીધી

ધ્યાનમાં રાખવું કે ભગવાન્ ઋષભદેવજીએ સુનંદાને પત્ની તરીકે લેવાની શરૂઆત કરી નથી, પણ નાભિમહારાજાએ જ સર્વ જુગલીઆની સમક્ષ સુનંદાને ઋષભદેવ ભગવાનની પત્ની તરીકે રાખવાનું જાહેર કરેલું છે, એટલે જેમ માતાપિતાનો કરેલો વિવાહ વર્તમાનકાળમાં પણ પુત્રને કબુલ કરવો પડે છે અને કાયદો પણ તેમ કબુલ કરાવે છે, તેમ ભગવાન્ ઋષભદેવજીએ નાભિકુલકર મહારાજાએ જુગલીઆ સમક્ષ જાહેર કરીને પત્ની તરીકે અર્પણ કરેલી સુનંદાને યુગલધર્મનાં નિવારણના સમયમાં પત્ની તરીકે રાખી તેમાં કોઈપણ પ્રકારે અનુચિત કર્યું છે એમ કહી શકાય જ નહિ.

## સુનંદા માટે પુનર્લગ્ન કેમ ન માનવું ?

ધ્યાન રાખવાની જરૂર છે કે તે વખતે લગ્ન જેવી ક્રિયા જ જગતમાત્રમાં પ્રવર્તતી નહોતી, માત્ર લગ્નની ક્રિયા જો પહેલવહેલી પ્રવર્તી હોય તો તે ભગવાન્ ઋષભદેવજીના લગ્ન સુનંદા અને સુમંગલાની સાથે થયાં તે જ વખતે પ્રવર્તેલી છે.

## સુનન્દાના ભગવાનની સાથેના લગ્નમાં દૈવી સંમતિ

અને તે લગ્નપ્રવૃત્તિ એકલા નાભિ મહારાજા કે ઋષભદેવજી ભગવાનના અભિપ્રાયે થએલી જ નથી, પણ તે જ લગ્નક્રિયા કરનાર અને પ્રવર્તાવનાર તો ઈંદ્ર અને ઈંદ્રાણી જેવી દેવ અને દેવીઓ છે. અર્થાત્ લગ્નક્રિયાનું સમર્થન અને પ્રવર્તન સુનંદાને લાવવાળા જુગલીઆ, નાભિમહારાજા અને ભગવાન્ ઋષભદેવજી કરતાં પણ વધારે તો ઈંદ્ર, ઈંદ્રાણી વિગેરેને અંગે જ છે. આવી રીતે પ્રવર્તેલી વિવાહક્રિયાને માન્ય કરનારો મનુષ્ય આ સુનંદાની બાબતમાં પુનર્લગ્ન કે નાતરા જેવા અધમશબ્દો ઉચ્ચારીને પોતાની અધમતા જાહેર કરવા સિવાય બીજું કાંઈ કરતા હોય એમ આ લેખકનું માનવું નથી.

## વચનથી આપેલી પણ ફેરવાય છે છતાં પુનર્લગ્ન તે નથી

વર્તમાનકાળમાં પણ વચનમાત્રથી દીધેલી કન્યા કે જેને આપણે સગપણ કે વિવાહ કહીએ છીએ, તે થયા છતાં જો લગ્ન થયા પહેલાં વરની જિંદગીની હયાતિને કાંઈપણ જાતનો ધક્કો પહોંચે કે તેવો સંજોગ ઉભો થાય તો તે કન્યાનું સગપણ

કે વિવાહ બીજી જગો પર કરી તે બીજે સ્થાને તેના લગ્ન કરવામાં આવે છે અને તેને કોઈપણ આર્યસજ્જન પુનર્લગ્ન કે નાતરૂં કહેતો નથી તો પછી સુનંદા કે જેના વિધિસર લગ્ન થયાં નથી એટલું જ નહિ પણ વચનદત્ત તરીકે પણ પહેલાંના જુગલીઆ સાથે જોડાએલી નથી, તેવીનું પૂર્વે જણાવેલી રીતિ પ્રમાણે લગ્ન થાય તેમાં પુનર્લગ્ન કે નાતરાપણાનો સવાલ રહેતો નથી.

**ચિરકાલ ભાઈબ્હેન અને અંત્યકાલે પતિપત્ની વ્યવહાર**

જુગલીયાઓમાં સાથે જન્મેલા સ્ત્રી અને પુરુષ લાખ્ખો પૂર્વો સુધી નિર્વિકારપણે રહેવાથી ભાઈબહેન માફક જ રહેતા હતા. તેઓમાં પતિપત્નીપણાનો વ્યવહાર તો માત્ર જિંદગીના છેલ્લા ભાગમાં જ થતો હતો એ વાતને ધ્યાનમાં રાખનારો મનુષ્ય તે સુનંદા તે મરી ગએલા જુગલીઆની પત્ની હતી એમ બોલવાનું ન્યાયયુક્ત છે એમ કોઈ દિવસ પણ ધારી શકશે નહિ. આ બધી હકીકત વાસ્તવિક રીતે વિચારનારો મનુષ્ય પોતાની અનીતિના સાધન તરીકે આ દૃષ્ટાંતને લાવી શકે જ નહિ.

**વિવાહધર્મથી નીતિ અને બ્રહ્મચર્ય**

આવી રીતે ભગવાન્ ઋષભદેવજીનો થએલો અર્થાત્ તેમનાથી પ્રવર્તેલો વિવાહધર્મ ખરેખર નીતિને યોગ્ય સ્થાને ગોઠવનારો જ થયો છે, અને તે જ દિવસથી જગતમાં માતપિતાએ માનેલી કન્યાની સાથે જ પુત્રના લગ્ન કરવાની રીતિ પ્રવર્તેલી છે. આવી રીતિ પ્રવર્તેલી હોવાથી જ યૌવનાવસ્થા પ્રાપ્ત થાય ત્યાં સુધી નીતિને ખાતર પણ પુત્રોને બ્રહ્મચર્ય પાળવાનું નિયમિત થાય છે.

**વિવાહધર્મના અભાવે કુદરતનો કોયડો ઉકલત જ નહિ.**

જો આવી જ વ્યવસ્થા ન હોત તો ભગવાન્ ઋષભદેવજીની વખતે જ ૪૯ જોડલાં એકલા પુત્રના જ જન્મ્યાં એટલે ૯૮ જેવી મોટી સંખ્યામાં એકલા કુંવરો જ જન્મ્યા એ કુદરતી બનાવની વખતે શું કરી શકાત ? અને તેવી રીતે એકલા એકલા પુત્રો જન્મ્યા કે પુત્રીઓ જન્મી તે વખત પણ શી રીતે સંસારની સ્થિતિ ચલાવી શકાત ? કહો કે કુદરતે પલટાવેલી રીતિને બંધબેસતી રીતિએ જ આ વિવાહધર્મની પ્રવૃત્તિ થએલી છે અને તેથી જ તે વિવાહધર્મની રીતિની પ્રવૃત્તિ થવી તે પણ ભગવાન્ ઋષભદેવજી તરફનો ગૃહસ્થપણાને અંગે મોટો ઉપકાર છે. જો એવી રીતે વિવાહધર્મની નિયમિતતા ન થઈ હોત તો જે કોઈપણ જગો પર પુત્રપુત્રીનું જોડલું સાથે જન્મ્યું હોત અને પતિપત્ની તરીકે જો ગણવામાં આવત તો વિવાહધર્મની પ્રવૃત્તિ સુધી વૈકારિક પ્રવૃત્તિ રોકાત તે માનવું અસંભવિત જ છે, માટે નિયમિત સમયથી પહેલાં સ્વાભાવિક રીતે વૈકારિક પ્રવૃત્તિને રોકવામાં વિવાહધર્મની પ્રવૃત્તિ જ મુખ્ય કારણ તરીકે ભાગ ભજવનારી હોઈ તે વિવાહપ્રવૃત્તિને ઉપકારક ગણવામાં સમજુ મનુષ્યો તરફથી બે મત થઈ શકે જ નહિ.

**આગલ હવે શું ?-**

અગ્નિની વ્યવસ્થા અને વિવાહધર્મની માફક શિલ્પકર્મ, સ્ત્રીઓના ૬૪ ગુણ અને રાજસંગ્રહ અને રાજ્ય વ્યવસ્થાથી પણ ભગવાન્ ઋષભદેવજીએ પ્રજાનું હિત જ કરેલું છે એ વાત આગળ ઉપર વિચારીશું.

**ઉપકારના ભેદો અને તેને અંગે સમજણ-**

(વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારો ઉપકારના બે ભેદ જણાવતાં જે દ્રવ્ય ઉપકાર અને ભાવ ઉપકાર એવા બે ભેદો જણાવે છે અને તેમાં દ્રવ્ય ઉપકારને એકાંતિક અને આત્યંતિક નહિ એવો ઉપકાર તે દ્રવ્ય ઉપકાર એમ જણાવી સર્વથા નિરવદ્ય તરીકે જણાવતા નથી, માટે આ ઉપર જણાવેલા ઉપકારો અને આગળ જણાવીશું તે ઉપકારોનું કથંચિત્ સાવદ્યપણું હોય તેટલા માત્રથી તેનું ઉપકારપણું ચાલ્યું જતું નથી, માટે આ જણાવેલા ઉપકારો અને આગળ જણાવીશું તે ઉપકારો સુજ્ઞપણાની દૃષ્ટિએ વાંચવા તે જ યોગ્ય છે.)

(અનુસંધાન માટે જુઓ પેજ-૧૯૪)

# આવશ્યકના કર્ત્તા ગણધર ભગવાન્ કે સ્થવિર મહારાજ ? આવશ્યક સૂત્રનો પલટો થયો છે કે મૂળરૂપ જ છે ?

૧. આવશ્યકનિર્યુક્તિને ઘણી જગો પર અંગબાહ્યાદિના વિચારમાં આવશ્યક તરીકે ગણવામાં આવે તો તે વ્યાખ્યેય અને વ્યાખ્યાનનો અભેદ માનીને સમજવું અને તે નિર્યુક્તિની અપેક્ષાએ જ આવશ્યક એટલે આવશ્યકનિર્યુક્તિનું સ્થવિરકૃતપણું જણાવ્યું છે. બાકી આવશ્યકસૂત્ર તો ભગવાન્ મહાવીર મહારાજે જ અર્થથી જણાવ્યું અને ભગવાન્ ગૌતમસ્વામીજીએ ગુંથેલું છે એ હકીકત ઉદ્દેશાદિદ્વારોને જણાવનાર ગાથાના કારણ અને પ્રત્યયદ્વારને સમજનાર સ્પષ્ટ સમજી શકે તેમ છે.

૨. અનુયોગદ્વારસૂત્રમાં ઉદ્દેશ, સમુદ્દેશાદિ વિધિને અંગે થએલા પ્રશ્નોત્તરોમાં સામાન્ય શ્રુતના ઉદ્દેશાદિનો પ્રશ્ન કર્યા પછી આદિમાં આવશ્યકના ઉદ્દેશાદિને પ્રથમ જણાવ્યા છે અને પછી આવશ્યકવ્યતિરિક્ત તરીકે સર્વ સૂત્રોને જણાવ્યાં છે તે ઉપરથી સર્વ સૂત્રોની આદિમાં આવશ્યકની સ્થિતિ જણાય છે.

૩. શ્રીભગવતીજી વિગેરેમાં જે જે સાધુ અને સાધ્વીને અંગે અગ્યાર અંગના અધ્યયનનો અધિકાર આવે છે ત્યાં સામાયિકઆદિ ૧૧ અંગોનું અધ્યયન જણાવાય છે તેથી આવશ્યકનું અધ્યયન અંગપ્રવિષ્ટના અધ્યયન કરતાં તે વખત પણ પહેલું જ થતું હતું એમ માનવું પડે.

૪. ભગવાન્ ભદ્રબાહુ સ્વામીજીએ કરેલી આવશ્યકનિર્યુક્તિમાં શ્રુતજ્ઞાનની આદિ કઈ અને અંત ક્યો એવો પ્રશ્ન થયો છે, તેના ઉત્તરમાં જણાવ્યું છે કે શ્રુતજ્ઞાનની આદિમાં સામાયિકઅધ્યયન છે અને અંતમાં બિંદુસાર કે જે ચૌદમું પૂર્વ છે. તે છે, આવા ઉત્તરને અનુસારે સામાયિકઆવશ્યકનું સ્થાન અંગપ્રવિષ્ટ જે આચારાંગાદિક કે શેષકાલિક ઉત્કાલિક કરતાં પહેલું છે એમ સ્પષ્ટ થાય છે.

આવશ્યકનિર્યુક્તિ જ સ્થવિરકૃત હોવાથી સર્વ શ્રુતોમાં આવશ્યકના ઉદ્દેશાદિ પહેલા હોવાથી ૧૧ અંગના અધ્યયનમાં સામાયિકનું અધ્યયન પહેલું હોવાથી, તેમ જ સર્વ શ્રુતજ્ઞાનની આદિમાં સામાયિક ગણેલું હોવાથી સામાયકઆદિ અધ્યયનરૂપ આવશ્યક ગણધર મહારાજથી ચાલેલું છે એમ મનાય.

૫. ભગવાન્ મહાવીર મહારાજે સામાયકઅધ્યયન અર્થથકી કહ્યું અને ગણધર મહારાજે તે સામાયિકની સૂત્ર તરીકે રચના કરી એમ શ્રીઆવશ્યકનિર્યુક્તિમાં **अत्थं भासइ अरहा** વિગેરે વાકયોથી જણાવ્યું છે અને શ્રીઅનુયોગદ્વારસૂત્રમાં આવશ્યકસૂત્રના અર્થનો આત્માગમ જ તીર્થંકરોને હોય અને ગણધર મહારાજાઓને આવશ્યકના અર્થનો અનંતરાગમ હોય અને આવશ્યકસૂત્રનો આત્માગમ હોયએમ સ્પષ્ટપણે જણાવેલું હોવાથી તે આવશ્યકસૂત્ર ગણધર મહારાજે કરેલું છેએમ નિશ્ચિત થાય છે તો પછીય આવશ્યકસૂત્રને અંગપ્રવિષ્ટ સૂત્રો તરીકે કેમ ગણાવ્યું નહિ ? અને અંગબાહ્ય તરીકે કેમ ગણાવ્યું ? આવી શંકાના સમાધાનમાં સમજવાનું કે પાક્ષિકસૂત્રમાં જ્યાં મૂળ આવશ્યકસૂત્રનો (નહિ કે

આવશ્યકનિર્યુક્તિનો) નિર્દેશ કરાય છે ત્યાં **अंगबाहिरिअं** એવું વિશેષણ આપવામાં આવતું નથી, પણ દશવૈકાલિક વિગેરે ઉત્કાલિક અને દશાશ્રુતસ્કંધ વિગેરે કાલિકનો નિર્દેશ કરાય છે ત્યાં જ **अंगबाहिरिअं** એવું વિશેષણ આપે છે, અને અનુયોગદ્વારમાં આવશ્યકને મૂળરૂપ રાખી, તેનાથીવ્યતિરિક્ત તરીકે કાલિક, ઉત્કાલિક વિગેરે ભેદો જણાવાય છે તેમ જ સૂત્રોમાં સામાયિક વિગેરે ૧૧ અંગના અધ્યયનનો ઉલ્લેખ આવે છે તેથી આવશ્યકસૂત્રને અંગ પ્રવિષ્ટથી દૂર લઈ જઈ શકાય તેમ નથી.

૬. ગણધર મહારાજે કરેલું હોય તે અંગપ્રવિષ્ટ સૂત્ર કહેવાય એવા **गणहरथेरकयं वा** ના પાઠને અનુસરીને જે અધિકાર લેવાય છે તેમાં અંગપ્રવિષ્ટસૂત્રો ગણધર મહારાજના જ કરેલાં હોય, અર્થાત્ અંગપ્રવિષ્ટ એવા અંગોની રચના ગણધર મહારાજ સિવાય અન્યની ન હોય એવી રીતે અન્યયોગવ્યવચ્છેદ કરી અર્થ કરવો વ્યાજબી છે, અને તેવી જ રીતે સ્થવિરોએ કરેલાં જે જે સૂત્રો હોય તે અનંગપ્રવિષ્ટ એટલે અંગબાહ્ય જ હોય એમ નિશ્ચય કરવો, અને તેવો નિશ્ચય કરવાથી આવશ્યકસૂત્ર ભગવાન્ ગણધરોનું કરેલું છતાં અનંગપ્રવિષ્ટ હોય એમ માનવામાં કંઈપણ અડચણ આવે નહિ.

ગણધર મહારાજાઓએ જે કરેલું હોય તે બધું અંગપ્રવિષ્ટ હોય એ માન્યતા ભૂલ ભરેલી છે, પણ અંગપ્રવિષ્ટશાસ્ત્ર ગણધરના જ કરેલાં હોય એ માન્યતા વ્યાજબી છે, અર્થાત્ અંગબાહ્ય શ્રુત ગણધર કે અન્ય સ્થવિરકૃત હોય તેમાં અડચણ નથી.

૭. **आएसा मुक्कवागरणसो वावि** એવું જે વિશેષઆવશ્યકભાષ્યનું વાક્ય અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય સૂત્રોના લક્ષણને અંગે છે તેનો પણ શ્રીમલયગિરિજી મહારાજ એવો અર્થ જણાવે છે કે **उपन्नेइ वा** વિગેરે ત્રણ નિષદ્યાથી થએલા જે સૂત્રો તે અંગપ્રવિષ્ટ કહેવાય, બાકી તે ત્રણ નિષદ્યા સિવાય ભગવાન્ ગણધર મહારાજના પ્રશ્ન પૂર્વક કે પ્રશ્ન સિવાય પોતે ભગવાને સ્વતઃ કહેલું કે અન્ય સ્થવિરોના પ્રશ્નોપૂર્વક કહેલું તે બધું મુત્કલકથન કહેવાય અને તેની જે રચના થાય તે બધું અનંગપ્રવિષ્ટ સૂત્ર કહેવાય. આ શ્રીમલયગિરિજીનું વચન વિચારતાં આવશ્યકસૂત્ર અનંગપ્રવિષ્ટ પણ હોય, અને ગણધર મહારાજનું પણ કરેલું હોય એમ માનવામાં કોઈ જાતની હરકત નથી,

૮. દિવસની શરૂઆત સૂર્યોદયથી થાય છે અને તેથી રાત્રિના અંતે થનાર રાત્રિક પ્રતિક્રમણ જ પાંચે પ્રતિક્રમણોમાં પહેલું હોવું જોઈએ એવી શંકાના સમાધાનને અંગે આવશ્યકમાં જણાવવામાં આવ્યું છે કે તીર્થની સ્થાપના દિવસે જ થાય છે, અને દિવસે તીર્થની સ્થાપના થયા પછી પહેલામાં પહેલું સાંજે દૈવસિક પ્રતિક્રમણ જ કરવાનું હોય છે, તેથી પાંચે પ્રતિક્રમણોમાં પહેલું દૈવસિક પ્રતિક્રમણ રાખ્યું છે. આવી રીતેઆપેલા સમાધાનથી સ્પષ્ટ થાય છે કે તીર્થસ્થાપનાને દિવસે જ સાંજ થવા પહેલાં ગણધરોએ આવશ્યકની રચના ભગવાન્ તીર્થંકરોના વચનોને અનુસરીને કરી અને તે આવશ્યકસૂત્રથી સાંજે પ્રતિક્રમણ કર્યું અર્થાત્ ગણધર મહારાજાઓએ ૧૧ અંગની રચનાને દિવસે જ આવશ્યકસૂત્રની રચના કરી.

૯. ભગવાન્ પાર્શ્વનાથજીના તીર્થ કરતાં જુદાપણે ભગવાન્ મહાવીર મહારાજના તીર્થમાં સાધુપણું લેતી વખતે જ સામાન્ય રીતે **करेमि भंते** સૂત્રથી સામાયિકચારિત્રનો ઉચ્ચાર થતો, પણ પ્રાણાતિપાતઆદિના વિરમણરૂપ વ્રતોના વિભાગથી ઉચ્ચાર થતો ન હતો, પણ વડી દીક્ષા થાય ત્યારે જ વિભાગથી મહાવ્રતોનો ઉચ્ચાર થતો હતો અર્થાત્ મહાવીર મહારાજના શાસનની શરૂઆતમાં જ સામાયિક આવશ્યકને સ્થાન હતું. (તત્ત્વથી ૧૧

અંગની રચના કરતાં પહેલાં પણ એટલે ગણધરોની દીક્ષા થતી વખતે જ સામાયિકના અર્થ અને સૂત્રનો ઉચ્ચાર ખુદ્દ તીર્થંકર ભગવાનના મુખે જ થતો હતો.)

૧૦. ભગવાન્ પાર્શ્વનાથજીના તીર્થમાં પ્રતિક્રમણ નહોતા કરતા એમ ન હતું, પરંતુ અજિતનાથજી વિગેરે બાવીસ તીર્થંકરોના સાધુઓ લાગેલા દોષોનું પ્રતિક્રમણ તો કરતા જ હતા, પણ તે પ્રતિક્રમણ તેઓ દોષ લાગે તે જ વખત કરતા હતા. જો દોષ દિવસે લાગ્યો તો દિવસે, રાત્રિએ લાગ્યો તો રાત્રિએ, અને તેમાં પણ પહેલે પહોરે લાગ્યો તો પહેલે પહોરે અને છેલ્લે પહોરે લાગ્યો તો છેલ્લે પહોરે લાગેલા દોષોનું પ્રતિકમણ તો કરી જ લેતા હતા, છતાં ભગવાન્ પાર્શ્વનાથજી કે અજિતનાથજી આદિ બાવીસ તીર્થંકરોનું શાસન સપ્રતિક્રમણ તરીકે ગણાયું નથી, પણ ભગવાન્ મહાવીર મહારાજનું શાસન સપ્રતિક્રમણ તરીકે ગણાયું છે, તેનું એ જ કારણ છે કે ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં પ્રતિદિન અને પાક્ષિકઆદિ દરેક પર્વે પ્રતિક્રમણ કરવાનું નિયમિત જ છે, તો પછી ભગવાન્ મહાવીર મહારાજના શાસનની સ્થાપનાને દિવસે જ ભગવાન્ ગણધર મહારાજાદિ સર્વ સાધુઓને પ્રતિક્રમણ કરવું જ પડે અને તેથી તે પ્રતિક્રમણ સૂત્ર ગણધર મહારાજને તે તીર્થસ્થાપનાના દિવસની સાંજ પહેલાં જ બનાવવું પડે.

૧૧. શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે જ દીક્ષા લેતી વખતે સર્વ પાપોને નહિ કરવાની પ્રતિજ્ઞા કરતાં સામાયિક ઉચ્ચરેલું છે એ વાત આવશ્યકનિર્યુક્તિ અને તત્ત્વાર્થભાષ્ય વિગેરે શાસ્ત્રોના જાણકારોથી અજાણી નથી, તેમ જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ગણધરાદિને દીક્ષા આપી ત્યારે પણ સર્વ સાવદ્યના ત્યાગરૂપ સામાયિક આવશ્યકની તો જરૂર પડી જ છે, છતાં અહીં એકલા સામાયિકરૂપ આવશ્યકનો વિચાર નથી લેવાનો, પણ છએ આવશ્યકનો વિચાર લેવાનો હોવાથી સપ્રતિક્રમણ ધર્મનું વિવેચન કરવાની જરૂર પડી છે.

૧૨. ભગવાન્ મહાવીર મહારાજે સુરભિપુર આગળ ગંગા નદી ઉતરીને ઈર્યાવહિયા પડિક્કમી એવો આવશ્યકનો ચોકખો લેખ હોવાથી પ્રતિક્રમણ આવશ્યકનો ઈર્યાવહિયા રૂપ વિભાગ કેવળજ્ઞાન કરતાં પ્રથમ પણ હતો એમ માનવું જોઈએ.

૧૩. આવશ્યકના જે સૂત્રો વર્તમાનમાં છે, તે જો અન્યના કરેલાં હોત કે પલટાવેલાં હોત તો નિર્યુક્તિકાર ભગવાન આ વર્તમાન સૂત્રોની ઉત્પત્તિ શ્રી જિનેશ્વર ભગવાન્ અને ગણધર મહારાજથી જણાવત નહિ, તેમ જ અનુયોગદ્વારમાં આ જ સામાયિક આદિ સૂત્રોને ગણધર મહારાજના આત્માગમ તરીકે જણાવત નહિ.

આ લેખનો સારાંશ

૧. આવશ્યકસૂત્ર જે વર્તમાનમાં છે તે અસલથી છે.

૨. આ આવશ્યકસૂત્રનું કથન અર્થથકી ભગવાન્ મહાવીર મહારાજે કરેલું છે અને સૂત્રથકી રચના તેની ગણધર મહારાજે જ કરેલી છે.

૩. તીર્થસ્થાપનાને દિવસે જ આવશ્યકસૂત્રની રચના થએલી છે.

૪. અંગપ્રવિષ્ટ નહિ છતાં પણ આવશ્યકસૂત્રની રચના ગણધરોએ જ કરેલી છે.




## -: ક્રિયાની આવશ્યકતા :-

(ગતાંકથી ચાલુ)

**જ્યાં સમ્યક્‌ત્વ નથી ત્યાં છાપ નથી.**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર ઉપર ભગવાન્ શ્રીજિનેશ્વરદેવની છાપ પડે છે એનો અર્થ એવો છે કે જ્યાં સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી અને સમ્યક્‌ચારિત્ર નથી ત્યાં ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજાની છાપ પડતી નથી, અર્થાત્ જે કાંઈ ભગવાને કહ્યું છે તેજ ધર્મ છે, તેજ તત્ત્વ છે અને તેજ શાસ્ત્ર છે અને જે કાંઈ તત્ત્વ છે, જે કાંઈ ધર્મ છે અને જે કાંઈ શાસ્ત્ર છે તે સઘળું ભગવાન્ શ્રીજિનેશ્વરદેવોએ કહેલુંજ છે, તો પછી જે તત્ત્વ, ધર્મ ઇત્યાદિ છે તે ભગવાને કહ્યું છે અને જે ભગવાને કહ્યું છે તેજ તત્વાદિ છે એવો ઉભય પ્રકારનો નિયમ સ્વીકારવોજ પડે છે. ભગવાન્ શ્રીજિનેશ્વરદેવો આપણને ધર્મરૂપ બનાવી દેતા નથી, તેઓશ્રી અતત્વને તત્વ કરી દેતા નથી અથવા તો અશાસનને શાસન કરી નાખતા નથી, પરંતુ જે ધર્મ, તત્વ અને શાસનરૂપ છે તેના ઉપર તેમના વચનો દ્વારા તેઓ છાપજ મારી આપે છે. તમે ચાર્ટર બેંકની પાસે મેલું અને કચરાવાળુંજ સોનું લઈ જાઓ તો ચાર્ટર બેંક તમારા સોના ઉપર કદી છાપ મારી આપવાની નથી. તમારે છાપ મરાવવાને માટે જતાં પહેલાં તમારા સોનાને સુધારવાનીજ જરૂર છે. તમારૂં સોનું જો ભેળસેળવાળું હોય, કચરાવાળું હોય તો તેને તમારે ગાળીને શુદ્ધ કરાવવું પડે છે પછી તમે એ સોનું ચાર્ટર બેંકની પાસે લઈ જાઓ તો બેંકને છાપ મારી આપવામાં વાંધોજ નથી કારણ કે બેંક તો છાપ મારી આપવાનો ધંધોજ લઈ બેઠી છે.

**"ના"**

જેમ બેંક, ચોકખા સોના ઉપર તે ચોકખું છે એવો છાપ મારવાનો ધંધોજ લઈ બેઠી છે તેજ પ્રમાણે ભગવાન્ શ્રીજિનેશ્વરદેવના શાસનનો-તેમના

આગમોનો પણ ધંધોજ એ છે કે સમ્યગ્દર્શનને તેમણે સમ્યગ્દર્શન કહેવું, સમ્યગ્જ્ઞાનને તેમણે સમ્યગ્જ્ઞાન કહેવું અને સમ્યક્ચારિત્રને તેમણે સમ્યક્ચારિત્રની છાપ મારી આપવી. તમે બેંક પાસે સોનું લઈ જઈને છાપ મરાવવા જાઓ છો તે વખતે તમે સોનું ચોક્ખું છે કે કેમ એની પુરતી ખાતરી કરી લો છો અને પછીજ છાપ મરાવવા જાઓ છો, તેજ પ્રમાણે તમે જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઉપર પણ સમ્યક્પણાની છાપ લેવા જાઓ છો તે સમયે તે ચોક્ખાં છે કે કેમ એની તમારે ખાતરી કરી જોવાની છે.

સમ્યગ્દર્શનની છાપ લેવી હોય તો ત્યાં આપણે બધા તૈયાર થઈ જઈએ છીએ. તેમાં આપણે કોઈપણ હા ના કરતા નથી, પરંતુ એ છાપ લેવાની આપણી તૈયારી કેટલી છે તે આપણે તપાસતા નથી. તમે વિચાર તો કરો કે તમે તમારા આત્માને જરાપણ સુધાર્યો છે ખરો કે ? તમે જેટલી કિંમત પૈસાટકાની બૈરીછોકરાંની, માલમિલકતની ગણી છે તેના સોમા ભાગની કિંમત પણ આપણે આત્માની ગણી છે ખરી કે એનો જવાબ એજ આવશે કે "ના" ઈન્દ્રિયોના વિષયો, આરંભ, સમારંભ, વિષયકષાય, ધનધાન્ય, કુટુંબ પરિવાર, ફરવું હરવું એ બધાની જેટલી કિંમત માની છે તેટલી કિંમત તમે તમારા આત્માની નથીજ માની, તો પછી હવે તમારો છાપ મરાવવાનો અધિકાર કેટલો છે તે તમે પોતેજ પહેલાં વિચારી જુઓ.

## ધર્મના ત્રણ પગથીઆં

ધર્મના ત્રણ પગથીયાં છે. "**इणमेव निग्गंथे,** अट्ठे, परमट्ठे, सेसे अनट्ठे" આ નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ, એ જ પરમાર્થ એ સિવાયનું કાંઈ તે બધું અનર્થક એટલે માત્ર નકામું નહિ પણ જુલમ કરનાર.

અમે ધર્મને તત્વ ગણીએ છીએ એમ આપણે બોલીએ છીએ પરંતુ આપણું એ વક્તવ્ય માત્ર બોલવામાંજ છે અન્ય કોઈપણ રીતે હોય એમ જણાતુંજ નથી. નાનો છોકરો પરીક્ષા આપવાને માટે જાય છે તે પહેલાં તે કેટલીએ વાર પોતાનું લેસન ઘેરે ગોખી ગોખીને તૈયાર કરે છે અને પછી તે પરીક્ષા આપવાને માટે ડેપ્યુટીની પાસે રજુ થાય છે. તે ડેપ્યુડી પાસે રજુ થાય છે તે પહેલાં પોતે પોતાની જાતની તૈયારી કરી લે છે. તમે પણ એજ પ્રમાણે તૈયાર થઈ જાઓ છો, પરંતુ તમે એક સ્થાને નિરાંતે બેસો અને પછી વિચાર કરો કે ધર્મની પ્રાપ્તિનો આનંદ અને ઈન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિનો આનંદ એ બેમાં તમોને કઈ વસ્તુ વધારે વહાલી લાગે છે.

## ક્યો આનંદ વધારે ગમે ?

ઈન્દ્રિયોના સુખોની પ્રાપ્તિના આનંદને ભોગે તમે ધર્મની પ્રાપ્તિનો આનંદ લેવા માગો છો કે ધર્મની પ્રાપ્તિના આનંદને ભોગે ઈન્દ્રિયોના સુખોની પ્રાપ્તિનો આનંદ લેવા માગો છો તેનો વિચાર કરો અને જવાબ આપો ! તમારો જવાબ ખરેખરો અને હૃદયનો હોવો જોઈએ. જો તમારો જવાબ ખોટો હોય તો તે અહીં ચાલી શકવાનો નથીજ. સાચો જવાબ હોય તેજ સાચો ગણાય છે અને ખોટો જવાબ હોય તે ખોટોજ ગણાય છે. છોકરો પોતે પરીક્ષકને જે જવાબ આપે છે તે પોતે ખોટો જવાબ આપું છું એમ ધારીને આપતો નથીજ. તે તો પોતે ખરો જવાબ આપું છું એમ ધારીનેજ આપે છે પરંતુ જો તેનો જવાબ ખોટો હોય તો પરીક્ષક જરૂર તરજ ચોકડી મૂકી દે છે. પરીક્ષક જ્યારે ચોકડી મૂકે છે ત્યારે છોકરાને ગુસ્સો તો આવેજ છે તે કદાચ તેને બે પાંચ ગાળો પણ ચોપડી કાઢે છે પરંતુ તેથી ડેપ્યુટી કાંઈ શરમાઈ જઈને ખરા જવાબને ખોટો જવાબ ગણી લેતા નથી અને ખોટા જવાબને ખરો જવાબ ગણી લેવાના નથી. તમે ધર્મ કરો છો અને તમે એમ માની લો છો કે અમે તો બરાબર ધર્મ

કરીએ છીએ અમારા ધર્મમાં કંઈ ભૂલ નથી, પરંતુ તમારૂં એ બરાબરપણું-તમારૂં એ સાચાપણું તે પેલા છોકરાના જેવું સાચાપણું છે. આપણે માનીએ છીએ કે આપણે જે કરીએ છીએ તેજ ધર્મ છે તેજ સાચો માર્ગ છે પરંતુ આપણી ધારણા છોકરાના જેવીજ છે.

## વચન છે પણ વર્તન નથી

મોઢેથી તો આપણે વારંવાર બોલીએ છીએ કે અમારી ધર્મમાં ભારે લાગણી છે, અમને ધર્મ બહુ વહાલો છે અમે ધર્મને માટે તો જીવ આપવા પણ તૈયાર છીએ પરંતુ આપણા એ બોલ કેટલે અંશે સાચા છે તે તો જ્યારે તપાસીએ ત્યારેજ ખબર પડે છે ! તમારે તમારા એ વચનની ખરેખરીજ કિંમત આંકવી હોય તો તેનો બરોબર કસ કાઢો. એકાંતમાં બેસો અને પછી શાંત ચિત્તે વિચાર કરો કે તમને ધર્મનું કાર્ય સાધ્ય થાય તેથી જે આનંદ મળે છે તેથી વધારે ખુશી થાઓ છો કે ઇન્દ્રિયોના વિષયોનો જે આનંદ મળે છે તેથી વધારે ખુશી થાઓ છો. અહીં તમારૂં હૃદય જરૂર મપાઈ જશે અને તમારો ધર્મ એ સાચો ધર્મ છે કે છોકરો આપે છે તેવોજ જવાબ છે એ સ્પષ્ટ થઈ જશે. ભગવાન્ શ્રીતીર્થંકરદેવે એક સ્થળે કહ્યું છે કે પુણીયા શેઠના સામાયિકના ફળ આગળ મહારાજા શ્રીશ્રેણિકની રાજરિદ્ધિ પણ કાંઈ વિસાતમાં નથી એ પ્રસંગ વિચારો. એક વખતે એવું બન્યું કે મહારાજા શ્રીશ્રેણિકે પુણીયા શેઠને કહ્યું કે તારા એક સામાયિકનું ફળ મને આપી દે. પુણીયાએ કહ્યું કે વ્યાજબી કિંમત આપીને એક સામાયિકનું ફળ લઈ લો. મહારાજા શ્રેણિક પાસે ગમે એટલી રાજસત્તા હતી પરંતુ બળાત્કારથી સામાયિકનું ફળ લેવાની તેનામાં તાકાત ન હતી.

## પૂણિયા શેઠનું સામાયિક

સામાયિકનું ફલ એ કાંઈ દૃશ્ય વસ્તુ નથી. જો દૃશ્ય વસ્તુ હોય તો રાજા તેને ગમે તે પ્રકારે લઈ લે. માલિક રાજીખુશીથી ન આપે તો બળાત્કારથી પણ રાજા દૃશ્ય વસ્તુને તો ઝુંટવી ખુંચવી લઈ શકે છે, પરંતુ આપણે આગળ વારંવાર વિચારી ગયા છીએ કે ધર્મ એ તો અવ્યક્ત વસ્તુ છે, તે કાંઈ હાથમાં લઈને બતાવી શકાય એવી વસ્તુ નથી. આથી ધર્મ કે સામાયિકનું ફળ એ કાંઈ શ્રેણિક આવે કે શ્રેણિકનો બાપ આવે તો પણ તેનાથી ખુંચવી લઈ શકાય એવું તો છેજ નહિ. પૂણિયા શેઠ પોતાના સામાયિકનું ફળ આપવા તૈયાર છે. શ્રેણિક મહારાજા વ્યાજબી કિંમત આપીને તે લેવા પણ તૈયાર છે પરંતુ એ સામાયિકનું મૂલ્ય કોણ ઠરાવી આપે ? હવે શ્રેણિક મહારાજા અને પુણિયાશેઠ ભગવાન્ શ્રીતીર્થંકર દેવ પાસે ગયા. ત્યાં જઈને પૂછે છે કે આ પૂણિયાશેઠ સામાયિક ફળ યોગ્ય કિંમતે વેચાતું આપવા તૈયાર છે અને શ્રેણિક મહારાજા એ ફળ લેવા પણ તૈયાર છે તો હવે આ સામાયિકના ફળનું મૂલ્ય કેટલું આંકવું ? ભગવાન્ શ્રીમહાવીરદેવે આ સમયે જે ઉત્તર આપ્યો હતો તે દરેકે ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે.

## સામાયિકની કિંમતજ ન થાય

ભગવાન્ શ્રીમહાવીરદેવે કહ્યું કે સામાયિકના ફળની કિંમત જ્યાં સુધી હું શ્રેણિકની પાસે જોતો નથી ત્યાં સુધી મારે એ કિંમત કહેવી એ નકામુંજ છે. પૂણિયાશેઠની સામાયિકની જે સ્થિતિ છે તે શ્રેણિકે લાવવી જોઈએ પરંતુ પૂણિયાશેઠના સામાયિકની કિંમત તો શ્રેણિક તો શું પણ ત્રણ જગત પણ આપી શકે એવું નથી. ત્રણ જગતમાં જે કાંઈ દ્રવ્ય છે તેના કરતાં પણ પુણિયા શેઠના સામાયિકનું

મૂલ્ય વધારે છે. મુખ્યતાએ તો સામાયિક ગુણજ એવો છે કે જેના ફળની કિંમત જગતની સ્થૂલ સંપત્તિથી આંકી શકાય એવું છેજ નહિ, પરંતુ તે છતાં ભગવાન્ શ્રીમહાવીરદેવે અહીં પૂણિયા શેઠના સામાયિકનીજ વાત શા માટે કહી છે તેનો વિચાર કરો. પૂણિયો શેઠ કઈ દશામાં હતો તે જરા વિચારજો પૂણિયાની પુંજી માત્ર ૧૨ાા દોકડા ! આજે તો તમારા નામે બેંકમાં પચાસ હજાર પડેલા હોય તોપણ ધર્મ કરવાની વાત આવે છે ત્યાં કહી દેવાય છે કે અમારી તે ભાઈ ગુંજાશ શું ? અમે તો ગરીબ પડ્યા, અમે શું ધર્માદામાં આપીએ ! આજે જિંદગીની જરૂરીઆતો વધી ગઈ છે ! પણ આવા શબ્દો બોલનારાઓ જરા વિચાર કરજો કે આજે જિંદગીની જરૂરીઆતો વધી રહી છે કે તમે તેને વધારી મૂકી છે. જો તમે સાચો જવાબ આપશો તો તો તમારે એમજ કહેવું પડશે કે અમેજ જરૂરીઆતો વધારી મૂકી છે !

## રોજ સ્વામિવાત્સલ્ય

તમારા પૂર્વજો જે જાતનું જીવન જીવતા હતા તે જાતનું જીવન તમે નથી જીવી શકતા એમ નથી. જો તમારી ધારણા હોય તો તમે એવું સાદું જીવન પણ જીવી શકો છો, પરંતુ તમે શરીરને લાડકવાયું બનાવી મૂક્યું છે. તેને અનેક જાતની ટેવો પાડી છે અને તેથીજ એ ટેવોને પોષવાને માટે જીવનની જરૂરીઆતનો ખરચો બેહદ વધી ગયો છે. પૂણિયા શેઠની તિજોરીમાં જુઓ તો પુંજીમાં ફક્ત ૧૨ાા દોકડા, સાડા બાર દોકડાથી તેની પાસે એક અરધો પણ વધારે ન હતો. ૧૨ાા દોકડાની પુંજી અને તેમાં પણ ખાનારા બે જણા. આ બે માણસોનું આ કુટુંબ હતું અને પૂણિયા શેઠને ત્યાં દરરોજ બેજ માણસની રસોઈ થતી હતી. ગરીબાઈને લીધે વધારે રસોઈ શેઠ કરી શકતો ન હતો. છતાં તે સ્વામિવાત્સલ્ય તો દરરોજ કરે. સ્વામિવાત્સલ્ય એટલે શું તે સમજી લેવાનો અહીં જરા પ્રયત્ન કરજો. તમારી પત્ની છે, તે પણ શ્રાવિકા છે અને તમારો છોકરો હોય તો તે શ્રાવક છે. એ પત્ની કે છોકરાનેજ જમાડવા એનું નામ સ્વામિવાત્સલ્ય નથી.

## વહુને જમાડવાનું પણ પુણ્ય !

કોઈ કહેશે કે એકપણ શ્રાવક કે શ્રાવિકાને જમાડવા એ સ્વામિવાત્સલ્ય છે તો પછી શ્રાવક સ્વપત્નીને અથવા શ્રાવક સ્વપુત્રને જમાડવો એમાં સ્વામિવાત્સલ્ય શા માટે ન ગણી શકાય ? સ્વામિવાત્સલ્યની આ વ્યાખ્યા ખોટી છે. ગમે તે શ્રાવકશ્રાવિકાને જમાડવા તે સ્વામિવાત્સલ્યજ નથી. જે સ્વામિબંધુને અથવા સ્વામિભગિનીને તમે જમાડો છો તેની સાથે તમારે લેશમાત્રનો પણ સંબંધ નજ હોવો જોઈએ સિવાય કે સ્વામિપણાનો સંબંધ હોય, જેની સાથે માત્ર સ્વામિપણાનો જ સંબંધ હોય, જેની સાથે બીજો કોઈપણ જાતનો સંબંધ ન હોય. જેને જમાડીને તમે તમારો યા બીજા કોઈનો પણ કાંઈ સ્વાર્થ સાધવા ન માગતા હો એવાને જમાડવા તેજ સ્વામિવાત્સલ્ય છે બીજું સ્વામિવાત્સલ્ય નથીજ. હવે પૂણિયા શેઠને આવું સ્વામિવાત્સલ્ય તો રોજ કરવુંજ રહ્યું. એક દિવસ પણ તેનો સ્વામિવાત્સલ્ય વિના ખાલી નજ જાય, ત્યારે રસ્તો શો ? પૂણિયા શેઠની ધર્મનિષ્ઠાએ એનો વ્યાજબી તોડ કાઢ્યો. દરરોજ બે જણાની રસોઈ થાય પરંતુ દરરોજ પુણીયો અને તેની પત્ની બંને જમે નહિ. એક દિવસ પુણિયો ઉપવાસ કરે અને પોતાની પત્નીને જમવા દઈ સ્વામિવાત્સલ્ય તરીકે કોઈ શ્રાવકને જમાડે અને બીજે દિવસે પુણિયાની પત્ની ઉપવાસ કરે અને પોતાના પતિને જમવા દઈ સ્વામિવાત્સલ્ય તરીકે કોઈ શ્રાવકને જમાડે.

## પુંજીમાં ૧૨ાા દોકડાજ

આ પુણિયા શેઠની ધર્મપરિણતિ કેવી હશે

તેનો વિચાર કરો. પુણિયાની સ્થિતિ પાછળથી ધર્મ કરવા જેવી ન હતી. પુંજીમાં માત્ર ૧૨ાા દોકડા હતા અને તે વડે તે દરરોજ જે કમાતો હતો તે ખરચી ખાતો હતો. બાર દોકડાની પુંજી તેમાંથી વેપાર કરે એમાં તો કમાણી કેટલી થાય ? એક ટાંકણેજ રસોઈ કરવા જેટલી કમાણી છે પછી તેટલી આવકમાંથી પુણિયો બીજીવાર રસોઈ પણ ક્યાંથી કરી શકે ? અને છતાં દરરોજ સ્વામિવાત્સલ્ય તો કરવુંજ રહ્યું એવી તેની તો પ્રતિજ્ઞાજ હતી. પુણિયાશેઠની આ ધર્મવૃત્તિનો વિચાર કરો અને આજની ઉછછિલા આખલાઓની પરિસ્થિતિનો વિચાર કરો. આજે, જાતને પૈસે પોતે દેહ પર દુઃખ વેઠીને સ્વામિવાત્સલ્ય કરવું તો દૂર રહે છે પરંતુ બીજાઓ સ્વામિવાત્સલ્ય કરવા તૈયાર થાય તેને પણ સ્વામિવાત્સલ્ય કરવા દેવા નથી. પોતાના અશુભ કર્મોદયે જેઓ ભાન ભૂલ્યા છે એવા દયાપાત્ર તરૂણો આજે કોઈ સ્થળે સ્વામિવાત્સલ્ય થાય તો ત્યાં તરત પીકેટીંગ કરવા નીકળી પડે છે. પારકો માણસ પોતાને પૈસે સ્વામી ભાઈઓની ભક્તિ કરે તે પણ એમનાથી ખમાતું નથી. આજના યુવકોની મનોદશા કેવી છે તેનો વિચાર કરો. પુણીયો શેઠ પોતે ઉપવાસ કરીને પણ સ્વામિવાત્સલ્ય કરતો હતો ત્યારે આજના ઉચ્છૃંખલો સ્વામિવાત્સલ્ય ઉપર પીકેટીંગ કરે છે. પુણીયાએ તો પેટ પર પીકેટીંગ કરી સ્વામીભાઈની સેવા કરી હતી ત્યારે આજના પેટભરા પીકેટરો પોતાના પેટ તર કરી પછી એક લાકડી ઉપર લાલલીલું રંગેલું ચીંદરું બાંધી તે લાકડી હલાવતા ધાર્મિક કાર્યો ઉપર અને સ્વામિવાત્સલ્ય ઉપર પીકેટીંગ કરવા નીકળી પડે છે.

### પેટભરા પીકેટરો

આ પેટભરા પીકેટરો પોતાને દેશસેવાનો રંગ લાગ્યો હોવાની બડીબડી વાતો કરે છે પરંતુ તેમની એ વાત સાવ જુઠી છે. જો તેમને એમજ લાગતું હોય કે આ ભારત દેશ પાયમાલીમાં સડી રહ્યો છે, તેના લાખો સંતોનોને પેટપુરતુ ખાવાનું પણ નથી મળતું તે વખતે થોડા માણસોએ મિષ્ટાન્ન ખાવા એ પાપ છે તો આવા પીકેટરો જવાબ આપે કે તેઓ મિઠાઈની દુકાનો ઉપરજ શા માટે પીકેટીંગ કરી તેને બંધ કરાવતા નથી. શું આવા પીકેટરો સ્વામિવાત્સલ્ય ઉપર પીકેટીંગ કરવા આવે છે ત્યારે મીઠાઈની દુકાનો બંધ કરાવીને આવેલા હોય છે કે ? અરે, દુકાનો તો પારકી માલીકીની છે તે પ્રશ્ન કદાચ જવા દઈએ પણ પીકેટરોના ઘરમાંજ ઘી સાકર ભરેલાં છે તેનું શું અને તેમના પેટ પણ તર ભરેલાં છે એનું શું ? જો તેમને ખરેખરીજ ધર્મની લાગણી થાય છે તો તેઓ પોતાના જ ઘરમાંના શ્રી સાકરને શા માટે ફેંકી દેતા નથી ? અથવા તો પોતાનાજ ઘરના ઘી સાકરને શા માટે બેકારોને વહેંચી આપતા નથી ? આ ઉપરથી માલમ પડે છે કે તેમને દેશને અંગેની લાગણીજ ન હતી. લાગણી હતી તે માત્ર તમારા કાર્યો ભાંગી પાડવાની ! !

### એ પરિણતિ કેવી હશે ?

પ્રાચીન ઈતિહાસો કહે છે કે મહાપુરુષોએ પેટે પાટા બાંધીને, પોતે ભૂખ્યા રહીને અથવા તો પોતે દુઃખ વેઠીને પણ સ્વામિવાત્સલ્યો કર્યા છે ત્યારે આ પેટભરા પીકેટરોની પિશાચલીલા જુઓ કે તેઓ સાધર્મિક ભક્તિને અંગે જે પુણ્ય થાય છે તે પુણ્ય ઉપર પીકેટીંગ કરે છે ! ઠીક ! એક દિવસ ઉપવાસ કરીને સ્વામિવાત્સલ્ય કરતા હોય તો તેની સ્થિતિ જાણે સમજી લેવાય, પરંતુ એક દિવસ નહિ, પાંચ પંદર દિવસ નહિ, આ તો રોજના રોજનીજ વાત થઈ. બારે માસ આખું જીવન ભૂખ્યા રહીને પુણીયા શેઠે સ્વામિવાત્સલ્ય કર્યું હતું તો પછી એ પુણીયાની સ્વામિવાત્સલ્યમાં તથા સામાયિકમાં પરિણતિ કેવી હશે તેનો વિચાર કરજો. સામાયિકમાં પુણીયા શેઠની

સ્થિરતા કેટલી હશે તે વિચારજો. પુણીયામાં પણ જો એવીજ ચંચળતા હોત તો તો ભગવાન્ શ્રી !મહાવીર દેવ એમ કહેતજ નહિ કે પુણીયાનું સામાયિક લે. અહીં ખાસ જોવાની અને ધ્યાન આપવાની બાબતજ એ છે કે પુણીયા શેઠે આવા કઠણ સંયોગોમાં પણ સ્વામિવાત્સલ્ય ચાલુજ રાખ્યું છે તો એની ધર્મપરિણતિ કેવી શુધ્ધ અને કેટલી ઉંચા પ્રકારની હશે ? એ પરિણતિનું અનુકરણ કરવાની ઈચ્છા થાય છે ખરી કે ?

**પુણીયાને બદલે પોણીયા !**

હવે વાત એવી બને છે કે શ્રેણિક મહારાજાને ખબર પડે છે કે પુણીઓ શેઠ દર એકાંતરે ભૂખ્યો મરે છે આથી તેણે પોતાના રાજ્યમાં આજ્ઞાપત્ર કાઢ્યું કે વેપારીઓએ સન્માન્યપ્રજાને અંગે માલનો વ્યાજબી ભાવ લેવો, પરંતુ પુણીયા શેઠની પાસે માલનો ઓછો ભાવ લેવો, પુણિયાને આ લાભ ધર્મને નામે મળતો નથી પરંતુ ધર્મને અંગેજ મળે છે. ધર્મને અંગે આવો લાભ મળે છે પરંતુ તે પણ પુણિયો લેવાને તૈયાર નથી. ધર્મને અંગેજ વાસ્તવિક લાભ મળે છે તે પણ આ પુણિયો લેવા તૈયાર નથી, ત્યારે આજના પુણિયા તો ધર્માદા ફંડોના ફંડોજ ખાઈ જવા તૈયાર થયા છે. આવા ખાઉધરાઓ તે પુણિયા નહિ પણ પોણિયા છે ! ખરેખર, રમુજી ભાષામાં બોલીએ તો તેઓ પુણિયા નથી પણ પોણિયા છે! પોણિયા એટલે જેમનો ધર્મપ્રિયતાનો એક પાયોજ ગેપ હોય તેવા ! ! હવે પુણિયો બજારમાં જાય છે. તેને ખબર પડે છે કે પોતાને માટે તો રાજાજ્ઞાથી ખાસ ઓછો ભાવ કરાવવામાં આવ્યો છે. ધર્મને અંગે આ લાભ મળે છે પરંતુ તે લાભ લેવા પણ પુણિયો તૈયાર થતો નથી. તે ત્યાંથી એવે સ્થળે જાય છે કે જ્યાં તેને કોઈ ઓળખતુંજ નથી. ત્યાં જઈને તે પૂછે છે કે ભાઈ ફલાણાનો શો ભાવ ? વેપારી કહે છે કે બજારભાવ આટલો, પુણિયા માટે આટલો ! !

**રાહત ન જોઈએ.**

"લાવ ભાઈ, હું પુણિયો છું, અને રાહતને ભાવે માલ આપ." એમ કહીને પુણિયો પોતાનો અર્થ સાધી લેવા તૈયાર થતો નથી. તે પોતાની ઓળખાણ આપતો નથી અને ચાલુ બજારભાવ આપીનેજ માલની ખરીદી કરી લે છે. આ ઉદાહરણ ઉપરથી લાગે છે કે પુણિયાના શરીરમાં રોમેરોમમાં, લોહીના બિંદુએ બિંદુમાં, શરીરના અંગઉપાંગોમાં ધર્મ, ધર્મ અને ધર્મ વ્યાપેલો છે. હવે આવો મનુષ્ય સામાયિક કરવા બેસે તો તેની ધર્મપરિણતિ કેવા પ્રકારની હોય તેનો વિચાર કરો. હવે તમારી ધર્મપરિણતિ તપાસો. ધારો કે તમે એક દિવસ એક ટાઈમે સામાયિક લઈ બેઠા છો. બીજે દિવસે તમે એજ ટાઈમે ધંધો કરીને પાંચ રૂપીઆની નોટ પેદા કરી છે તો હવે છાતીએ હાથ રાખીને જવાબ આપો કે તમોને સાચો આનંદ ક્યારે થયો હતો ? જે દિવસે તમે સામાયિક કર્યું તે દિવસે વધારે આનંદ થયો હતો કે તમે પાંચ રૂપીઆ પેદા કર્યા તે સમયનો તમારો આનંદ વધારે હતો ? અથવા બીજું ઉદાહરણ લો. ધારો કે તમે દરરોજ એક મુકરર સમયે ધંધો કરી પાંચ રૂપીઆ પેદા કરો છો અને બીજા મુકરર ટાઈમે સામાયિક કરો છો. એક દિવસે કાંઈ કામમાં રોકાઈ ગયા અને પાંચ રૂપીઆ પેદા કરવાના પણ રહી ગયા અને સામાયિક કરવાનું પણ રહી ગયું, તો હવે જવાબ આપો કે તમોને કઈ બાબતનો અફસોસ વધારે થાય ? તમે સામાયિક નથી કર્યું તેનો અફસોસ તમે ન કરશો કે પાંચ પેદા ન કર્યા તેનો તમે અફસોસ કરશો અને બંને પ્રકારનો

અફસોસ જો થાય તો તેમાં સાચો અને હૃદયનો અફસોસ કર્યો હશે ?

**ત્રણ પગથીયાનું મહત્વ સમજો.**

જે જૈનત્વના ત્રણ પગથીયાં છે તેને પહેલે પગથીયે ઉભવાનો પણ હજી તમોને અધિકાર નથી. એ અધિકાર તમોને ક્યારે મળે છે તેનો વિચાર કરો. સાંસારિક કામો થયાનો અને ધર્મના કમો થયાનો તોમને જે શોક થાય એ બંને પ્રકારનો આનંદ સમાન હોય અથવા તો એ બંને પ્રકારનો શોક સમાન હોય તો સમજી લેજો કે તમે પહેલે પગથીએ ઉભવાની તાકાત ધરાવો છો. પહેલા પગથીએ ઉભા રહેવા જેટલું આપણું ધર્મરૂપી સોનું અહીં શુદ્ધ થએલું છે. પહેલું પગથીયું ચઢાયા પછી હવે બીજા પગથીયાની વાત કરો. બીજું પગથીયું તે પરમટ્ઠે છે. સંસારની જે કાંઈ ચીજ છે પછી તે ચીજ ગમે તેવી મોટી હોય તો પણ ધર્મના કાર્ય કરતાં તેની કિંમત ઓછીજ રહેવી જોઈએ. જગતની વસ્તુઓ પછી તે સર્વાર્થસિદ્ધપણું હોય, વ્યંતરપણું હોય, ચક્રવર્તિપણું હોય, એ સઘળી જગતની સ્થિતિઓ છે. એ જગતની સ્થિતિઓ સઘળી સાથે એક રસ લ્યો અથવા તો છુટી છુટી લો પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે સઘળી સ્થિતિના સરવાળા કરતાં પણ સામાયિકની કિંમત તમારે મન વધારે હોવીજ જોઈએ. તમારા મનની જ્યારે આવી સ્થિતિ હોય ત્યારે સમજી લેજો કે તમે બીજા પગથીયાના પદાર્થોની કિંમત વધારે હોય અને ધર્મની કિંમત ઓછી હોય તો સમજી લેજો કે હજી તમે નિર્માલ્યદશામાં છો.

**એ પણ અપમાન છે.**

હવે જો તમે "પરમટ્ઠે" ની કક્ષામાં પણ નથી આવી શકયા તો પછી ધર્મ, નિર્ગ્રંથ પ્રવચન, વગેરેની દશામાં તો તમે આવીજ ક્યાંથી શકવાના હતા. નિર્ગ્રંથ પ્રવચન એ પરમાર્થ છે. પરમાર્થ પહેલાં અર્થ હોવો જોઈએ. પહેલાં અર્થની છાપ આવવી જોઈએ. જો અર્થની છાપજ નથી સંભવી તો પછી પરમાર્થની વાત કરવી એ તો મિથ્યાજ છે. હવે કદાચ કોઈ સંયોગોમાં અર્થ અને પરમાર્થની પ્રાપ્તિ થઈ જાય તો પણ તેથી સમ્યક્ત્વના પગથીયામાં તમે આવી ગયા છો એમ માની લેશો નહિ. તમે જે વખતે અર્થની છાપ માન્ય રાખો છો તે સમયે તમે જગતને ધર્મથી સમાન ગણ્યું છે એ યાદ રાખજો મોટાનું અપમાન માત્ર તેને એકલી ગાળો દેવાથીજ થાય છે એમ સમજવાનું નથી. ગાળો દેવાથી તો મોટાનું અપમાન થાય છેજ, પરંતુ વગર ગાળી દીધે પણ મોટાનું અપમાન કરી શકાય છે. તમે તમારા બારણામાં આવતાં ઝાડુવાળાને એમ કહો કે, "અરે તું તો અમારા મહારાજા જેવો છે. અમારા મહારાજા અને તું બંને સમાન છો !" આ સમાનતા કહેવાથી પણ તમે તમારા જે કોઈ મહારાજા હોય તેનું અપમાનજ કરો છો. ધર્મને તમે દુનિયાદારીની સાથે સમાન ગણ્યો છે એનો અર્થ એ છે કે તમે ધર્મનું વાસ્તવિક મૂલ્ય સમજ્યાજ નથી અને તમોને ધર્મ ઉપર જોઈએ તેટલો પ્યારજ નથી.

**શાહ ચોર બંનેને ઈનામ !**

તમે પરમાર્થમાં પણ ધર્મ ઉત્કૃષ્ટ ગણ્યો છે, ધર્મને તમે ભવાંતરે ફાયદો દેનારો ગણ્યો છે, ધર્મને તેમોએ મહાન ગણ્યો છે, ધર્મને તમોએ જીવનનું કલ્યાણ કરનારો ગણ્યો છે પરંતુ આરંભાદિક જે તમોને ડુબાડનારા છે તેમને પણ તમોએ ધર્મની સમાન કોટીએ ગણ્યા છે ! જુવાર અને બાજરી બંનેના ભાવો તમે સરખા જ ગણો ત્યારે તે ગાંડપણજ ગણાય છે કે બીજું કાંઈ ? તમે ધર્મ અને આરંભાદિક પ્રવૃત્તિ એ બંનેને સરખા ગણો છો એનો અર્થ એ છે કે તમે લાત મારનારાને પણ ઈનામ

આપો છો અને વાત કરનારાને પણ ઈનામ આપો છો ! તમોને જે ફાયદો કરી આપે છે તેને પણ ઈનામ આપો છો અને તમોને જે નુકસાન કરી દે છે તેને પણ તમે તો ઈનામ આપીજ દો છો.

જગતનો પણ એવો નિયમ છે કે જે ફાયદો કરી આપે છે તેનેજ ઈનામ આપવામાં આવે છે તે સિવાય બીજો કોઈ ઈનામનો અધિકારી ગણાતો નથી, પરંતુ તમારા રાજ્યમાં તો ચોર અને શાહુકાર બંને સરખા છે. તમે તો તમોને ફાયદો કરી આપે છે તેને પણ ઈનામો આપો છો અને જે તમોને નુકશાન કરે છે તેને પણ ઈનામો આપો છો, તો પછી ફાયદો કરી આપનારાએ પણ તમારૂં ઈનામ લઈને શું કરવું? તમે આરંભાદિક અવગુણો જે તમોને ડુબાડનારા છે, તમોને પાડનારા છે, તમારી દુર્ગતિ કરનારા છે, તેને પણ તત્ત્વરૂપ ગણી લો છો અને ધર્મ કે જે તમારો ખરેખરો સાથી છે તેને પણ તમે સારૂં તત્ત્વ માનો છો, તો પછી તમારા રાજ્યમાં ધર્મની અને અધર્મની કિંમતજ ક્યાં રહી ? તમે ધર્મ અને આરંભાદિક બંનેને ઉપયોગી માની લો છો ત્યાં ધર્મની સન્માન્ય દશાનોજ વિલય થવા પામે છે અને તમારા હિસાબે તે પણ તેનું મહત્વ ગુમાવીજ બેસે છે. તમારા આત્માએ સતીની દશા મેળવવાની જરૂર છે. સતી સ્ત્રીના જીવનનો જરા ખ્યાલ કરજો. સતીને જે પોતાનો પતિ હોય તેજ માત્ર મનુષ્ય છે પતિ સિવાય બીજા જે કોઈ હોય તે સઘળાંને તે મડદાં લેખે છે. પોતાનો પતિ કઠિઆરો હોય તોપણ સતીને મન તો એજ મનુષ્ય છે અને એના સિવાયના બીજા પુરુષો સમ્રાટ હોય, શાહુકારો હોય કે ધુરંધર લડવૈયાઓ હોય તોપણ તેને તે નકામા છે.

## મોટે બોલવાની પણ તાકાત છે કે ?

સતી મોઢેથી "પોતાનો પતિ તેજ પોતાને માટે એક પુરુષ છે અને બીજા બધા સમ્રાટો હોય કે ગમે તેવા ઉંચા દરજ્જાના માણસો હોય તોપણ તે મારે હિસાબે મડદાં છે" એવું માત્ર બોલીનેજ બેસી રહેતી નથી જો બોલીનેજ બેસવાથી સતી થવાતું હોત તો તો આ જગતમાં કોઈ અસતીજ ન રહેત, બધીજ સતીઓ થઈજ જાત ! કારણ કે આજે તો આપણે જાણીએ છીએ કોઈની પણ જીભ ટુંકી છેજ નહિ. બધાની જીભ જુઓ તો બરાબર બાર હાથની ! સતીને સતીપણું બોલી બતાવવાનુંજ નથી પરંતુ તેને તો સતિપણે ચાલી બતાવવાનુંજ છે. ઠીક, સતીના જેવી ચાલી બતાવવાની વાત તો દૂર રહી પરંતુ મોઢે બોલવાની વાતમાં તમે કેટલા આગળ વધ્યા છો તે તો જુઓ જેમ સતી "પોતાના પતિ સિવાય બીજા બધા તેને હિસાબે મડદાં તુલ્ય છે," એમ બોલે છે તેજ પ્રમાણે તમે મોઢેથી એટલું તો બોલો કે આ સંસારમાં એક ત્યાગમય પરમપવિત્ર જૈનશાસન સિવાય બીજુ જે કાંઈ છે તે સઘળું જુલમગાર છે, આ જગતમાં જૈનશાસન સિવાય બીજું જે કાંઈ છે તે સઘળું જુલમગાર છે એવું તમે મોઢેથી બોલતાં પણ આંચકો ખાવો છો. સતી બોલી જાય તેથી સતી ગણાતી નથી તેને તો આચારમાં એ વાત મુકી બતાવવી પડે છે ત્યારે તમારે તો માત્ર મોઢેથી બોલવાનુંજ છે પરંતુ તેટલા શબ્દો મોઢેથી બોલતાં પણ તમારા જીવને આંચકોજ આવે છે! આ જગતમાં પરમપવિત્ર અને ત્યાગમય જૈનશાસન સિવાય બીજું જે કાંઈ છે તે સઘળું મને ડુબાડનાર છે એવો વિચાર પણ તમોને આવે છે ખરો કે ?

## વિચાર હોય તોપણ બસ છે

વર્તનની વાત તો બાજુએ રહી પરંતુ માત્ર વિચાર આવતો તેમાં પણ તમારી તૈયારી નથીજ! તમારી ભાવના પણ નથીજ ! ! તો પછી તમારૂં વર્તન તો ક્યાંથીજ હોય ? તમો જાણો છો કે ચાર્ટર

બેંકની છાપ સોનાનો ટચ વધારી આપતી નથી. ચાર્ટર બેંક તો માત્ર છાપજ મારી આપે છે, પરંતુ તે છતાં એ છાપ જરૂરી છે તેજ પ્રમાણે અહીં તમારા વિચારને પણ છાપ હોવી જરૂરી છે. તમોને એવો વિચાર આવે કે આ જગતની સઘળી વસ્તુઓ મને ડુબાડનારી છે, મને પાડનારી છે અને મારા આત્માને દુર્ગતિને રસ્તે લઈ જનારી છે અને માત્ર એક પરમપ્રતાપી ત્યાગમય એવું જૈનશાસન તેજ આત્મહિત સાધનારૂં છે તો તમારા આ વિચારને જૈનશાસન ત્રીજા પગથીયાની છાપ મારી આપે છે. છાપથી એ વિચાર નથીજ આવતો. છાપ એ વિચાર લાવી આપનારી ચીજ નથી પરંતુ એ વિચાર તમારા આત્મામાં જાગૃત થયો હોય તો તેના ઉપર છાપની જરૂર છે કારણ કે તેથી તમોને વિશ્વાસ લેવાને કારણ મળે છે. તમારામાં જ્યારે આવો વિચાર જાગૃત થાય છે ત્યારે તમે ત્રીજે પગથીએ આવ્યા છો એમ તમારે સમજવાનું છે અને તમે એ ત્રીજે પગથીએ આવી પહોંચો છો ત્યારે તમારા એ વિચારને "सेसे अनट्ठे" ની છાપ મળે છે. જ્યારે એવી છાપ મળે છે ત્યારે આત્માનો એવો નિશ્ચય થાય છે કે : ખરેખર મારૂં સમ્યગ્દર્શન એ પૂર્ણ રીતે સમ્યગ્દર્શન હોઈ તેમાં કોઈ પણ જાતનો વાંધો, વિરોધ કે ખામી રહેવાજ પામી નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૧૪)

## (ટા. પાના ૩ થી ચાલુ)

સાધ્વીના વિહારની કલ્પ્યતા જણાવ્યા છતાં વિહારને લીધે આર્યદેશપણું એમ જેને જેને લાગતું હોય તે તે સૂત્રપાઠ વિગેરેથી ખુલાસો કરી શકે છે.

(કૌશાંબી સામાન્ય શબ્દ છતાં દક્ષિણનું કૌશાંબી સ્થાન ન લેતાં કૌશાંબી નગરીનો આગ્રહ વ્યાજબી નથી.)

(૭) અંગ, મગધની પૂર્વમાં બંગાલને માની તેને અનાર્ય માની શ્રી શિખરજીના તીર્થની અનાર્યતા મનાવનાર પણ કેવા ચતુર હશે તે સમજાવવા કોશીશ કરવી પડશે?

તંત્રી

તા. ક. :- વાંચકોએ ધ્યાન રાખવું કે શ્રી સિદ્ધચક્ર પેપર શાસ્ત્રીય હકીકત સિવાય આઘાત નીતિનો કોઈ પણ વ્યક્તિ માટે કોઈ પણ દિવસ અમલ કરતું નથી.

(પ્રવચનકારે નિયમિત મુદતની વાતને ઉત્સૂત્ર કહી પછી નિયમિત મુદતની વાત પરીક્ષા માટે ન જણાવતાં સામાન્ય પરીક્ષા શબ્દની હયાતિ જણાવી તે શોભાસ્પદ નથીજ. આવશ્યકની ટીકાનો અર્થ આગ્રહથી જુદોજ કરેલ છે તે વાત શ્રી મલયગિરિજીની વૃત્તિ તથા વિશેષાવશ્યકની બન્ને ટીકાઓથી સાબીત થઈ શકે છે એમ અમને જણાવાયું છે, અને તેથી તે આવશ્યક કે તેની ટીકાને આધારેછ માસની પરીક્ષા આવે તેમ નથી.

તંત્રી)

# સમાલોચના

૧ મલધારી શ્રી હેમચંદ્ર મહારાજ શ્રાવકના ચતુર્થ અણુવ્રતના અધિકારમાં લખે છે કે : **योषितां स्वभर्तृव्यतिरिक्तस्य सामान्यतः पुरुषमात्रस्य वर्जनम्** અર્થાત્ પુરુષોને પરસ્ત્રીગમનથી વિરતિ એટલે બીજાઓએ પરણેલી ગ્રહણ કરેલી સ્ત્રીઓનાં પચ્ચકખાણ એવી રીતે પચ્ચકખાણ હોય અથવા સ્વદારસંતોષ એટલે માત્ર પોતાની પરણેલી તેમાં પણ વર્તમાન પરણેલી છે તેથી અથવા પરણેલીને પરણું તે બધી સ્વદારા કહેવાય તેનાથી સંતોષ એમ બે પ્રકારે શ્રાવકને વ્રત હોય પણ સ્ત્રીઓને તો પોતાના પરણેલા ભર્તાર સિવાય સામાન્ય રીતે પુરુષો માત્રને વર્જવાથીજ ચોથું અણુવ્રત થાય છે.

આ ઉપરથી પુરુષોને પરદારવિરમણ ને સ્વદારસંતોષ એમ બે પ્રકારે વ્રત હોય પણ સ્ત્રીઓને તો સ્વપુરુષસંતોષ એટલે પરણેલા વર્તમાન પુરુષ સિવાય સર્વપુરુષના ત્યાગેજ ચોથું અણુવ્રત હોય અને તેથી પુરુષ માત્ર શબ્દ છતાં સામાન્યતઃ એવો શબ્દ લખ્યો છે. આ બાબતમાં આવી રીતે પંચાશક અને અર્થદીપિકા વિગેરેમાં પણ અધિકાર છે.

૨ દુવિહારના પચ્ચકખાણવાળો માત્ર પાણી અને તંબોલ જેવુંજ લઇ શકે. ઘી ગોળ સાથે કે દૂધ સાથે દવા લઇ શકે નહિ.

૩ પંચપરમેષ્ઠીની પૂજ્યતાની અપેક્ષાએ સિદ્ધચક્ર અને તેમાં પણ આચાર્યાદિની પૂજા કર્યા પછી અરિહંત મહારાજની પૂજામાં હરકત નથી. પુંડરીકસ્વામી કે ગૌતમસ્વામીની પૂજા કર્યા પછી પણ અરિહંતની પૂજામાં હરકત નથી. તીર્થપ્રવૃત્તિની અપેક્ષાએજ માત્ર પુંડરીકસ્વામીજી મૂલનાયક તરીકે છે અને બીજા જિનેશ્વર ભગવાનો આજુબાજુ છે.

૪ દેવદ્રવ્ય અધિક વ્યાજે પણ શ્રાવકને ન ધીરવું તે ઠીક છે. લીધું હોય તો વ્યાજ સાથે આપી દઇ છુટી જવું.

૫ સાધારણ ખાતે તેવી રકમ ન હોય કે વ્યાજ અગર તેવી આવક ન હોય તો સાધારણ ખાતે લખીને કે દેવદ્રવ્યમાંથી વ્યાજે લઇને રકમ ખરચવામાં અધિકારીઓ અયોગ્યજ કરે છે.

૬ છોડાવતાં મરી જાય તેમાં છોડાવનાર જો ઉપયોગ પૂર્વક અને યોગ્ય રીતિએજ પ્રવર્ત્યો છે તો તેને મુદ્દલ દોષ નથી.

૭ અનુમોદન કે મદદની બુદ્ધિ કે ક્રિયા સિવાય અન્ય ધર્મક્રિયાથી અન્ય કોઇને પણ લાભ થઇ શકે નહિ.

૮ શ્રોતાને ધર્મ પરિણમવાની અપેક્ષાએ અરકત અદ્વેષ વિગેરે ગુણો બતાવ્યા છે પણ સંભળાવનારનો ઉત્થિત કે અનુત્થિત આદિ ધર્મ સંભળાવવામાં બાધક નથી.

*(ખેડા શ્રમણોપાસક)*

પ્રશ્નકાર: ચતુર્વિધ સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક -
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

**પ્રશ્ન ૭૭૯** - ઉપકાર કરવાનું ક્ષયોપશમ અને ક્ષયથી થાય કે ઉદયથી થાય ?

**સમાધાન** - શિલ્પનિરૂપણ આદિ ઉપકારો પુણ્યના ઉદયથી થાય છે. આચાર્ય શ્રી હરિભદ્ર સૂરિજી જણાવે છે કે :-

**एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे ।**
**न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते ॥१॥**

અર્થાત્ પુત્રોને રાજ્યો વ્હેંચી આપવાની માફક વિવાહક્રિયા વિગેરેમાં તથા શિલ્પ-શિલ્પકર્માદિ નિરૂપણમાં પણ દોષ નથી, પરંતુ પુણ્યનો ભોગવટો એની રીતે થાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે પરોપકાર પુણ્યના વિપાકરૂપ હોવાથી ઔદયિક છે, અને દાનાદિરૂપ પરોપકાર તો દાનાદિ અંતરાયના ક્ષય અને ક્ષાયોપશમથી થતો હોવાથી ક્ષાયિક અને ક્ષાયોપશમિક કહેવાય એટલે પરોપકાર ભગવાન્ તીર્થંકર જેવાને ઔદયિક પણ હોય અને દાનાદિરૂપ પરોપકાર ક્ષાયિક અને ક્ષાયોપશમિક પણ હોય.

**પ્રશ્ન ૭૮૦** - દ્રવ્ય ઉપકાર કે ભાવ ઉપકાર અથવા તે ઔદયિક ઉપકાર કે ક્ષાયિક, ક્ષાયોપશમિક ઉપકાર અનાદિ હોય કે સાદિ હોય ? અનન્ત હોય કે સાંત હોય ?

**સમાધાન** - બન્ને પ્રકારના ઉપકારો આદિવાળા અને અંતવાળા હોય, પારિણામિક ભાવ જે જીવપણું વિગેરે છે, તે શિવાય ઔદયિક કે બીજો ભાવ અનાદિ હોયજ નહિ, જો કે મતિ અજ્ઞાન વિગેરે ક્ષાયોપશમિક ભાવ છતાં અનાદિ કહેવાય છે, પણ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે, અને એવી રીતે પરોપકારના કારણરૂપ ઉત્તમ પુણ્ય તો પ્રવાહથી પણ અનાદિ હોય નહિ, તથા ક્ષાયોપશમિક ભાવરૂપ ઉપકાર તો સાદિ સાન્તજ હોય. જો કે દાનાદિ લબ્ધિઓ ક્ષાયિક ભાવની પણ હોય છે અને ક્ષાયિકભાવ અનાદિનો ન હોય છતાં સાદિ અનન્ત ભાગે હોય છે પણ પૂજ્યપાદ હરિભદ્રસૂરિ જેવા સમર્થ ટીકાકારો પણ દાનાદિના ક્ષાયિક ભાવને ક્ષાયિકપણું છતાં સાદિ અનંત નહિ માનતાં સાદિ

સાંતજ માને છે અને તેના કારણમાં એમ જણાવાય છે દાન આદિના પ્રસંગ હોય અને ત્યાં ક્ષાયિકભાવ હોવાથી તે દાનાદિના અંતરાયો ન નડે અને તેથી ત્યાં દાનાદિના ક્ષાયિકભાવ ગણાય પણ જ્યાં દાનાદિના સિદ્ધિ થવાને લીધે પ્રસંગજ નથી ત્યાં તે દાનાદિ સંબંધી ક્ષાયિકભાવ મનાય નહિ. અર્થાત્ પરોપકારના કારણરૂપ દાનાદિ ક્ષાયોપશમિક કે ક્ષાયિક એ બેમાંથી કોઈ પણ ભાવના હોય તો પણ અનાદિ અનંત થઈ શકે નહિ, અને જ્યારે ખુદ દાનાદિ અનાદિ અનંત ભાગે ન હોય તો પછી તેનાથી થવાવાળો પરોપકારભાવ તો અનાદિ કે અનંત હોયજ કેમ ? અર્થાત્ દાનાદિ સાદિ સાંત હોવાથી પરોપકારિપણું સાદિ સાંતપણેજ હોય.

**પ્રશ્ન ૭૮૧** - ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે પરોપકારના કારણભૂત દાનાદિ સાદિ સાંત હોઈને તેનાથી થનાર પરોપકાર સાદિ સાંતજ હોય તો પછી ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી શ્રી લલિતવિસ્તરાવૃત્તિમાં ભગવંત જિનેશ્વરોના વર્ણનમાં **आकालमेते परार्थव्यसनिनः** વિગેરે જણાવી સર્વકાલ એટલે અનાદિ અનન્તપણે ભગવાન્ જિનેશ્વરોને પરોપકારવ્યસનિપણું જણાવે છે તેનું કેમ ?

**સમાધાન** - આચાર્ય મહારાજ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજીએ જે **आकालं** પદ વાપર્યું છે તે વ્યાજબીજ છે, પણ જેમ **सर्वकाल, सदा, सर्वदा, नित्यं** વિગેરે પદો સર્વ કાળને કહેવાવાળા છતાં તેથી વિપક્ષિતજ સર્વકાલ લેવાય છે, અને નિરવશેષ સર્વનામનું સર્વ ન લેતાં માત્ર આદેશ સર્વ કે સર્વધાત્તા સર્વજ લેવાય છે, અને તેથી અહિં પણ વિપક્ષિતજ સર્વકાલ લેવાય પણ અનાદિ અનંતરૂપ સર્વકાલ લેવાય નહિ જો એમ ન લઈએ તો અડચણ નહિ

**परलोकहितायैव मध्यमः प्रवर्तते क्रियासु सदा**

આ તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કારિકામાં મધ્યમ પુરુષની પરલોકહિતની પ્રવૃત્તિ પણ અનાદિ અનન્તકાલની માનવી પડશે, અને જો ક્ષાયોપશમિક ભાવ પણ અનાદિ માનીયે તો ક્ષાયિક ભાવ પણ અનાદિ માનવામાં

**આ સ્થાને આવતી વખતે શું વાંચશો ?**

**વીતરાગપણામાં લબ્ધિનું ફોરવવું થાય કે નહિ ?**

આવે અને જો અનાદિનો ક્ષાયિક ભાવ માનવામાં આવે તો અનાદિ શુદ્ધ એક પરમેશ્વરને માનવામાં અડચણ નહિ રહે અને એમ માનનારો તો જૈનશાસનથી સર્વથા પતિતજ છે. કરતાં વરબોધિલાભ એટલે શુધ્ધ સમ્યક્ત્વ કહો કે ભગવાન્

**પ્રશ્ન ૭૮૨** - શું ભગવાન્ જિનેશ્વર માહારજાઓ પણ અનાદિથી પરોપકારિસ્થિતિના નથી અને અમુક કાલથી પરોપકારવૃત્તિવાળા થાય છે એમ ગણવું ?

**સમાધાન** - પૂજ્યપાદ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિવર્ય શ્રી અષ્ટકજી નામના ગ્રંથમા જણાવે છે કે :-

'**वरबोधित आरभ्य परार्थोद्यत एव हि।**'

અર્થાત્ ભગવાન્ જિનેશ્વરો બોધિ લાભ થયો તે

જિનેશ્વરપણાના કારણભૂત જિનનામ બાંધતી વખતજ દર્શનશુદ્ધિ કહી છે તેના જેવી શુદ્ધ દર્શનવાળી દશા કહો તેવી દશા આવે ત્યારથી તેઓ પરોપકારમાં ઉદ્યમવાળા હોય છે. આમ જો સામાન્ય બોધિલાભ કે વરબોધિલાભ પછીજ પરોપકારિપણું ન માનીયે તો તે જ લલિતવિસ્તરામાં તેજ સ્થાને **नत्वशुद्धमपि** जात्यरत्नं ઈત્યાદિ જણાવીને ભગવાન્ જિનેશ્વરોની પણ પહેલાં તો અશુદ્ધ દશા હતી, એમ

જે સૂચવે છે તે અસંભવિતજ થાય માટે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ તથા ભવ્યત્વવાળા છતાં પણ પરોપકારના કાર્ય કરવારૂપ શુદ્ધ દશાને તો અનાદિથી ધારણ કરનારા નથી પણ વિશિષ્ટ બોધિલાભ પછીજ તે ધારણ કરનારા થાય છે. વળી તેજ લલિતવિસ્તરાના તેજ **आकालं** વાળ પાઠમાં ભગવાન્ જિનેશ્વરોને **देवगुरु बहुमानिनः** અર્થાત્ દેવગુરુના બહુમાનના કરવાવાળા હોય એમ સ્પષ્ટપણે જણાવ્યું છે. તો શું ભગવાન્ જિનેશ્વરો અનાદિકાળથી સમ્યક્ત્વવાલા હતા એમ મનાશે ખરૂં ? અને એમ માનવાળાને નિર્યુક્તિકાર મહારાજશ્રી ભદ્રબાહુ-સ્વામીજીએ :- **'जहमिच्छत्तमाओ'** વિગેરે જણાવી, નિર્ગમ વિગેરે શાસ્ત્ર માનવાવાળા ગણાય ખરા ? અર્થાત્ જેમ દેવગુરુ બહુમાનિપણું **आकालं** ના પાઠમાં જણાવ્યું છે, પણ તે દેવગુરુ બહુમાનિપણું, સમ્યક્ત્વ આદિ વિશિષ્ટ દશા પછીજ થાય છે, અને મનાય છે, તેવી રીતે પરોપકારિપણું અનાદિથી નહિ પણ વિશિષ્ટ સમ્યક્ત્વ કે વરબોધિની દશા પછીજ નિયમિત થઈ શકે અને માની શકાય.

**પ્રશ્ન ૭૮૩** - ભગવાન્ જિનેશ્વરોને સમ્યક્ત્વ થાય ને વરબોધિજ કહેવાય અને અન્ય જીવોને સમ્યક્ત્વ થાય તે સામાન્ય રીતે સમ્યગ્દર્શન કહેવાય એમ ખરૂં?

**સમાધાન** - આવશ્યકનિર્યુક્તિકાર મહારાજ વિગેરે તો :-

**सम्मत्त पढमलंभो बोद्धव्वो बद्धमाणस्स**

વિગેરે પાઠોથી શ્રી મહાવીર મહારાજ તીર્થંકરને થયેલા સમ્યક્ત્વને પણ સમ્યક્ત્વજ કહે છે, શ્રી તીર્થંકર મહારાજાના સમ્યક્ત્વને વરબોધિજ કહેવાય એમ કહેનારે આવશ્યકનિર્યુક્તિ, ભાષ્ય, ટીકા કે ચરિત્રોમાંથી કોઈ તેવો પુરાવો રજુ કરવો જોઈએ.

**પ્રશ્ન ૭૮૪** - ભગવાન્ જિનેશ્વરોને અનાદિકાળથી પરોપકારિપણાવાળાજ હોય એમ માનવામાં તો ક્ષાયિકોપશમિક ભાવ આદિનું અનાદિપણું ન હોવાથી અને એમ ક્ષાયિક ભાવનું અનાદિપણું પણ સમ્યક્ત્વ પામ્યા પછી એકાંતે પરોપકાર કરવાવાળા માની તે ભગવાનના આદિ સમ્યક્ત્વને વરબોધિલાભ માનીયે તો શી હરકત? માનવું એ જૈનશાસ્ત્રોની માન્યતાવાળાઓને ન શોભે

**સમાધાન** - ભગવાન્ મહાવીર મહારાજા આદિ તીર્થંકરોના જીવ પણ નયસાર કે ધનસાર્થવાહ આદિ ભવોમાં જે સમ્યક્ત્વ પામ્યા છે, તે સમ્યક્ત્વ અનંત ભવ સુધી નિયમિત રહેજ એવો નિયમ નથી. ખુદ ભગવાન્ મહાવીર મહારાજનો જીવજ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પછી અનેક વખત સમ્યક્ત્વને વમનારો અને અસંખ્ય કાળ સુધી સ્થાવરપણામાં ભમેલો છે. માટે જે સમ્યક્ત્વ છેલ્લા ભવ સુધી ટકે અને જે સમ્યક્ત્વની હયાતિમાં શ્રી તીર્થંકરનામકર્મ નિકાચિત કરવામાં આવે તેજ સમ્યક્ત્વને વરબોધિલાભ તરીકે કહી શકાય, સામાન્ય સમ્કત્ત્વના લાભને માત્ર વરબોધિલાભ માનીયે અને તે સામાન્ય સમ્યક્ત્વ થયા પછી સર્વદા પરોપકારિપણુંજ હોય એમ માનીએ તો ભગવાન્ મહાવીર મહારાજે મરીચિના ભવમાં કરેલ પરિવ્રાજકત્વ, કપિલ આગળ કરેલ દુર્ભાષણ, વાસુદેવના પ્હેલા ભવમાં સાધુપણામાં કરેલ ગાયનું

**અસંખ્ય**
ગુણ નિર્જરાવાળી બાબતના પ્રશ્નોત્તર જુઓ સિદ્ધચક્ર પાક્ષિક તૃતીય વર્ષ અંક ચોવીશ 'સાગર સમાધાન'

ભ્રમણ, વળી તેજ ભવમાં સાધુપણામાં કરેલ નિયાણું વગેરે હકીકત શું પરોપકારિતાવાળીજ છે એમ શું માની શકાશે ? પ્હેલા સમ્યકત્વને વરબોધિલાભ માનનારે આ હકીકતનું સમાધાન કરવા લેશ પણ પ્રયત્ન કર્યો નહિ તે વ્યાજબી ન્હોતું.

**પ્રશ્ન ૭૮૫** - જિનેશ્વર ભગવાન્ પ્રથમ જે સમ્યકત્વ પામે તેજ સમ્યકત્વ તીર્થંકરપણાને લાવનાર હોવાથી તે ભગવાન્ જિનેશ્વરના પ્હેલા સમ્યકત્વને વરબોધિલાભ કેમ ન કહેવો ?

**સમાધાન** - જિનેશ્વર ભગવાનના જીવો પ્રથમ સમ્યકત્વ લાભથી સામાન્ય રીતે પરોપકારી હોય છતાં વરબોધિલાભ પછી તો નિયમિત રીતે પરોપકારિપણાવાળાજ હોય છે એમ શ્રી હરિભદ્રસૂરિવર્ય :-

'वरबोधित आरभ्य परार्थोद्यत एव हि'

એ વાક્યથી તીર્થંકરોના જીવો વરબોધિલાભ પછી તો નિયમિતજ પરોપકાર કરવાવાળા હોય છે, એમ જણાવે છે, ભગવાન્ શ્રી જિનેશ્વરસૂરિજી પણ શ્રી અષ્ટકજીની ટીકામાં આ પાદની ટીકા કરતાં વરબોધિ શબ્દનો અર્થ કરતાં શ્રી જિનેશ્વર ભગવાનોને અંગેજ **वरबोधितः विशिष्टसम्यग्दर्शनलाभात् आरभ्य तत्प्रभृति परार्थोद्यत एव परिहतकरणोद्यमवानेव नान्यथाविधः** એમ કહી સામાન્ય સમ્યગ્દર્શન ન જણાવતાં વિશિષ્ટ સમ્યગ્દર્શનને જ વરબોધિલાભ કહે છે અને વળી **नान्यथाविधः** એમ કહી સ્પષ્ટ કરે છે કે સતત પરોપકારિતાજ વરબોધિ પછી હોય, અને વરબોધિ થયા પછી પરોપકાર સિવાયનો કે પરોપકારવાળો ન હોય, વળી તત્ત્વાર્થસૂત્રમાં પણ તીર્થંકરોને અંગેજ **सम्यग्दर्शनविशुद्धिः** એમ ભગવાન જિનેશ્વરોના સમ્યગ્દર્શન માત્રને વરબોધિ તરીકે કે શુદ્ધ સમ્યગ્દર્શન તરીકે જણાવતા નથી, વળી ભગવાન્ હરિભદ્રસૂરિજી લલિતવિસ્તરાવૃત્તિમાં જ **स्वयंसंबुद्ध** ના અર્થમાં પ્રથમ સંબોધ અને વરબોધિને સ્પષ્ટ જુદા જણાવે છે. તેથી સામાન્ય સમ્યકત્વના લાભ કરતાં વરબોધિલાભ એ જુદી વસ્તુ છે, અર્થાત્ તીર્થંકરપણાના ભવ સુધી જેનું અખંડપણું ચાલે એવા સમ્યકતવનેજ વરબોધિ કહી શકાય.

વળી એજ ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકામાં પણ સ્પષ્ટપણે એમ જણાવે છે કે વરબોધિલાભ થયો ત્યારથી તીર્થંકરના ભવ સુધીના ઘણા ભવોમાં ભગવાન્ મહાવીર મહારાજે જીવોની દયા અને વ્રતધારીયોની અનુકમ્પા આદિથી શુભ કર્મોજ લાગલાગટ આસેવન કરેલાં છે.

તે પાઠ આ પ્રમાણે છે :-

(यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु । जज्ञे ज्ञातेक्ष्वाकुषु (તત્ત્વાર્થસૂત્રભાષ્યકારિકા) ॥ (यः किम्भूतः ? इत्याह-शुभकर्मासेवनभावितभावः शुभंकर्म-भूतव्रत्यनुकम्पादि वक्ष्यमाणं तस्यासेवनम् - अभ्यासः तेन भावितो वासितः, भावितः अन्तरात्मा यस्येति विग्रहः-कियन्तकालमित्याह-भवेष्वनेकेषु वरबोधिलाभादारभ्य जन्मस्वनेकेषु, अन्ते किमित्याह - जज्ञे ज्ञातेक्ष्वाकुषु जज्ञे जातवान्.)

ભાવાર્થ :- તે ભગવાન્ મહાવીર મહારાજા જીવો અને વ્રતધારીઓની અનુકમ્પા વગેરે જે આ ગ્રંથમાંજ કહેવાશે એવાં શુભ કર્મોનું આસેવન એટલે વારંવાર અને લાગલગાટ જે આચરણ તેનાથી વાસિત થયેલો એટલે તન્મયતાને પામેલો અંતરાત્મા જેનો એવા હતા, શંકા કરે છે કે :- આવા શુભકર્મના આસેવનવાળા ભગવાન્ ક્યાં સુધી હોય ? એના ઉત્તરમાં જણાવે છે કે : વરબોધિલાભથી આરંભીને ઘણા ભવોમાં તેઓ શુભ કર્મ સેવવવાળા હતા અને અંતે જ્ઞાતકુલમાં ભગવાન્ મહાવીરપણે જન્મ્યા.

(આ પાઠને વિચારનાર સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે લાગલગાટ શુભકર્મ આચરવાવાળા અને પરોપકારીપણાની નિયમિતતાવાળાજ સમ્યક્ત્વને વરબોધિલાભ કહી શકાય, પણ જિનેશ્વર મહારાજના સમ્યક્ત્વના લાભ માત્રને વરબોધિલાભ કહેવાય નહિ. અને આ બધી હકીકત સમજનારા ભગવાન્ જિનેશ્વરો અનાદિથી પરોપકારિપણાવાળાજ હોય છે કે શ્રી જિનેશ્વરનું સમ્યક્ત્વ માત્ર વરબોધિ કહેવાય અને તે સમ્યક્ત્વ મળ્યા પછી પરોપકારિપણાના વ્યસનવાળાજ હોય એમ માની શકેજ નહિ અને એમ માનવું શાસનશૈલિથી વિરૂદ્ધ છે, એમ સમજી શકે.)

**પ્રશ્ન ૭૮૬** - ભગવાન્ જિનેશ્વર મહારાજા જેમ તીર્થંકરપણાને લાવનાર એવું સમ્યક્ત્વ વગેરે પામનાર હોવાથી બીજા તીર્થંકર મહારાજા નહિ થનાર જીવોના કરતાં વિશિષ્ટ ભવ્યત્વવાળા હોય છે, ને તેથી તેમની ભવ્યતા વિશિષ્ટ ભવ્યતા એટલે તથાભવ્યતા કહેવાય છે, અને તથાભવ્યત્વ જેમ અનાદિ છે, તેવી રીતે પરોપકારિપણાને પણ કારણરૂપે અનાદિ માનવામાં શી અડચણ છે ?

**સમાધાન** - પ્રથમ તો ભગવાન્ મહાવીર મહારાજાએ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામવા પહેલાં અટવીમાંથી ભૂલા પડી આવેલા સાધુમહાત્માનો ભક્તિથી જિનેશ્વરો અનાદિકાળથી પરોપકારવાળા હોય છે, એમ મનાવવા કેટલાક તૈયાર હતા, ને તે નયસારની કાર્યરૂપ પરોપકારિકતા વર્ણવવામાં ભગવાન્ જિનેશ્વરોની અતિશય આશાતના પોકારવા લાગ્યા હતા, તો હવે કારણરૂપે સર્વ તીર્થંકરોમાં અનાદિથી પરોપકારિતા છે એમ માની પણ લેવાય તો પણ નયસારની કાર્યરૂપે રહેલી પરોપકારિતા માની તે અંશે ભગવાન્ મહાવીર મહારાજની અધિકતા માન્યા સિવાય તેઓનો છુટકો નથી, અને ઘોર આશાતનાની વાતને તો ઘોરમાં જ પધરાવવી પડશે.

**પ્રશ્ન ૭૮૭** - કારણરૂપે પરોપકારિતા ભગવંત તીર્થંકરોમાં અનાદિથી છે, એમ માનવું એ તો શાસ્ત્રને અનુકુલ છે ?

**સમાધાન** - જે મનુષ્ય સ્થૂલ દૃષ્ટિવાળા હોય અને યોગ્યતા તથા કારણતાનો વિભાગ કરી ન શકે ને ન સમજી શકે અને યોગ્યતા તથા કારણતાને એક માની લે તો જુદી વાત છે, પણ વાસ્તવિક તત્ત્વને વાસ્તવિકપણે સમજનારો મનુષ્ય તો તે યોગ્યતા અને કારણતાનો વિભાગ સમજ્યા સિવાય રહેજ નહિ. ભવ્ય જીવોને મતિઆદિથી પદાર્થો જાણવાની યોગ્યતા જો જીવમાં ભવ્યત્વ હોવાથી અનાદિકાળથી છે, પણ કારણતા એટલે લબ્ધિ તો સમ્યક્ત્વ થાય ત્યારે જ થાય, અને જે વખતે મતિ આદિથી પદાર્થને જાણે ત્યારે કાર્યરૂપ એટલે ઉપયોગરૂપ કહેવાય, તેવી રીતે દાનાદિ અંતરાયનો ક્ષય આદિ થશે તે બધા જીવો યોગ્યતાવાળા તો છે, પણ કારણતાવાલા તો ક્ષયોપશમ આદિવાળા થાય ત્યારેજ કહેવાય, અર્થાત્ યોગ્યતા, કારણતા, અને કાર્યતા એ ત્રણેના વિભાગને તો તત્ત્વજ્ઞો તો સ્હેજે સમજી શકે તેમ છે, અને કારણરૂપે પણ અનાદિથી પરોપકારિતા એવું કહેવાય પણ કારણ લબ્ધિ ક્ષયોપશમ આદિ સમજનારો તો કહી શકેજ નહિ.

**પ્રશ્ન ૭૮૮** - કાર્યરૂપે કે કારણરૂપે પરોપકારિપણું સર્વ તીર્થંકરોમાં અનાદિથી છે એમ ન માનીયે તો યોગ્યતારૂપે તો સર્વ તીર્થંકરોમાં સરખી પરોપકારિતા છે એમ માનવામાં અડચણ નથી ને ?

**સમાધાન** - જેમ તીર્થંકરોમાં તીર્થંકરપણાને કરવાવાળી તથાભવ્યતા છતાં વ્હેલાં તીર્થંકર થનાર તીર્થંકરોની તથાભવ્યતા અને મોડા થવાવાળાની તથાભવ્યતા જુદા પ્રકારની છે, તેમ ભગવાન્ વીરની તથાભવ્યતા કહો કે કારણતા કહો એ એવાંજ હતાં કે જેના પ્રભાવે નયસાર મિથ્યાત્વિપણું છતાં પણ કાર્યરૂપે પરોપકાર કરવાવાળા અને તે બાબતનો ક્ષયોપશમ વ્હેલા એટલે સમ્યક્ત્વ થવા પ્હેલાં મેળવવાવાળા થયા એમ માનવુંજ પડશે.

# આ પ્રશ્નોત્તરોનો તત્ત્વાર્થ

(૧) ભગવાન્ તીર્થંકરોના જીવોને અનુકંપા ગુણ સમ્યક્ત્વ સાથે થતો હોવાથી સામાન્ય સમ્યક્ત્વ પામે ત્યારથી અને અત્યંત તન્મયપણે વરબોધિલાભ પછી તો જરૂર પરોપકારપરાયણ થાય છે.

(૨) ઔદયિક ભાવે કે ક્ષાયોપશમિકાદિ ભાવે પરોપકાર હોવાથી તે પરોપકારિપણું અનાદિથી છે એમ મનાય નહિ.

(૩) ભગવાન્ જીનેશ્વરોનું સમ્યક્ત્વ માત્ર વરબોધિ ન કહેવાય પણ વિશિષ્ટ સમ્યક્ત્વજ વરબોધિલાભ કહેવાય.

(૪) વરબોધિનો લાભ થયા પછી ભગવાન્ જિનેશ્વરો પરોપકાર કરવામાં લીનજ હોય છે.

(૫) તીર્થંકરના ભવથી પાછળ જે નિરંતર શુભકર્મની સેવાવાળા ભવો હોય તેમાં વરબોધિલાભ કહેવાય.

(૬) કારણરૂપે પરોપકાર પણ ક્ષયોપશમાદિરૂપ છે માટે તે અનાદિ છે એમ કહેવાય નહિ.

(૭) યોગ્યતા રૂપે પરોપકાર અનાદિ માનવા છતાં તે પણ યોગ્યતા વિચિત્ર હોવાથી શ્રી નયસારની પરોપકારની તથા ભવ્યતા કે યોગ્યતા મિથ્યાત્વદશામાં પણ ફલવાળી થઈ તે વિશિષ્ટતા માનવામાં કોઈની નિંદા નથી પણ ભગવાન્ જિનેશ્વર મહાવીર મહારાજની સ્તુતિ છે.

# ચર્ચાના ઉત્પાદકો અને ઉમેદવારોને

(૧) દીક્ષાર્થીને રોકવા માટે પરીક્ષાને અંગે છ માસ સુધી રોકવો જોઇએ એવો આગ્રહ ધરાવનાર પક્ષ તેવી એકાન્ત છ માસની મુદતનો નિયમિત પાઠ આપે કે પ્રવચનમાં પ્હેલો તેવો છ માસ રોકવાનો સ્વીકાર થયેલ ન જણાવે અને ઓછાઅધિકપણા સિવાયની એક પણ દિવસની નિયમિત મુદત એક પણ શાસ્ત્રમાં પરીક્ષાની નથી, એ હકીકતને ઉત્સૂત્ર તરીકે બોલે તેમના બોલની કિંમત સજ્જનો આંકે.

(૨) વિકારવાળા સાહિત્યને ખોટે નામે ઉશ્કેરણી કરનાર સંમૂર્ચ્છિમવાળા આખા લેખને માટે જવાબદાર છે એ હકીકત નિર્મળ દૃષ્ટિવાળા તો જોઇ શકેજ છે.

(૩) ભગવાન્ મહાવીર મહારાજની વખત અને મહારાજા સંપ્રતિ ધર્મ પામ્યા તે પ્હેલાં પણ માલવાદિ દેશો આર્યજ હતા, એમ ન માનનાર સૂત્રાનુસારી માન્યતાવાળો થઇ શકે નહિ.

(વસ્તુસ્થિતિની ચર્ચામાં અસભ્યતા અસભ્યનેજ વરે છે.)

(૪) માલવા અને સોરઠ વિગેરે કૌશાંબી નગરથી દક્ષિણના દેશો ભગવાન્ મહાવીર મહારાજા વખતે આર્ય ન્હોતાં, એમ સાબીત કરવાની શાસ્ત્રપ્રેમીને છુટ હોયજ.

(૫) માલવા અને સોરઠ આદિ દેશો મહાવીર ભગવાન્ વખતે આર્ય ન હતાં આવું સિદ્ધ કરનારને એ પણ સિદ્ધ કરવાનું કે શ્રી સિદ્ધાચલજી તેમના માનવા પ્રમાણે અનાર્ય એવા સોરઠમાં આવ્યા છતાં અનાર્ય ન ગણાય.

(ચતુર્વસ્તુતિનિર્ણયશંકોદ્ધાર આદિના લેખકોએ તો દેશના અનાર્યપણાને લીધે તીર્થની અનાર્યતા જણાવી છેજ.)

(૬) શ્રી બૃહત્કલ્પસૂત્ર, નિર્યુક્તિ અને ટીકાકારે દેશોનું આર્યપણું હોવાથી સાધુ-

(અનુસંધાન પાના ૧૮૫ પર જુઓ)

# સુખી કોણ ?

'अज्जवि धणं न विउलं अणुरूवं नत्थि मह कलत्तं वा ।
अज्जवि जाइ न सुओ जाओवि गुणेय न अज्जेइ ॥१॥
पीडेइ पुहइनाहो कुणंति धणिणो य परिभवं मज्झ ।
जाया य अज्ज तउणी कल्ले किह होहिइ कुडुम्बं ? ॥२॥
दिंति न मह ढोयंपिहु अन्नसमिद्धीएँ गव्विया सयणा ।
अज्ज घरे नत्थि घयं तिल्लं लोणेंधणाइ वा ॥३॥
अज्ज जरो सिरि वियणा सासो कासो अरोयगाईया ।
जीवइ अज्जवि सत्तू मओ य इट्ठो पहू रूट्ठो ॥४॥
वड्ढइ घरे कुमारी लोणातणओ विढप्पइ न अत्थे ।
इच्चाइ महाचिंताविसवियणोवद्दुया मणुया ॥५॥
अट्टवसट्टोवगया सुमिणेऽवि सुहं मुणंति न कयाई ।
ईसाविसायमयकामलोहनडिया सुरवराविं ॥६॥
चिंताइदुहनिबंधणहेउहिं पुणो विवज्जिया निच्चं ।
मुणिणो च्चिय सुहिणो इह भवेऽवि लीणा जिणमयम्मि ॥७॥'

તાત્પર્યાર્થ :- (ગૃહસ્થ તરૂણાવસ્થામાં પણ વિચાર કરે છે કે :) હજુ પણ ઘણું ધન મળ્યું નહિ, મારે લાયક સ્ત્રી મળી નહિ, હજુ છોકરો થયો નહિ, છોકરો જન્મ્યો તો પણ ગુણવાળો થતો નથી. ॥૧॥

રાજા પીડા કરે છે, ધનવાળા મારો તિરસ્કાર કરે છે, આજે તો પોષણ મળ્યું છે, કાલે કુટુંબનું કેમ થશે ? ૨

પોતાની ઠકુરાઈથી અહંકારમાં આવેલા કુટુંબીઓ મને નજીક પણ આવવા દેતા નથી, આજે ઘેરે ઘી, તેલ, લુણ અને લાકડાં વિગેરે નથી. ૩

આજ તાવ આવ્યો છે, માથામાં વેદના થાય છે, શ્વાસ ચઢે છે, ઉધરસ આવે છે, અરૂચિ વિગેરે થયાં છે, હજુ પણ શત્રુ જીવતો છે, ઈષ્ટ મરી ગયા માલીક રોષાયમાન થયો. ૪

ઘેર છોડી મોટી થાય છે, દીકરો નાનો છે, પૈસો પેદા કરતો નથી ઇત્યાદિ અનહદ ચિંતારૂપ વિષની વેદનાથી મનુષ્યો પરાભવ પામેલા રહે છે. ૫

ઈર્ષ્યા, વિષાદ, અહંકાર, કામ, અને લોભથી પરાભવ પામેલા અને આર્ત્ત, રૌદ્રમાં ઘેરાયેલા દેવતાઓ પણ કોઈ દિવસ સ્વપ્ને પણ સુખને જાણતાજ નથી. દુઃખ દેનારાં ચિંતા આદિ કારણોથી રહિત એવા મુનિ મહારાજાઓ ભવમાં છતાં પણ જૈનશાસનમાં લીન હોવાથી હંમેશાં સુખી હોય છે. ૬

'મલધારી હેમચન્દ્રસૂરિ'

ચતુર્થ વર્ષ અંક ૯

Registered No. B.3047




મહા સુદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૭-૨-૧૯૩૬

# અહિંસાની મહત્તા

'रयणायरपब्भट्ठं रयणंव सुदुल्लहं मणुयजम्मं ।
तत्थवि रोरस्स निहिव्व दुल्लहो होइ जिणधम्मो ॥१॥
ते चेव दिव्वपरिणइवसेण कहकहवि पाविउं पवरं ।
जइयव्वं इत्थ मया सिवसुहसंपत्तिभूलंमि ॥२॥
सो य अहिंसामूलो धम्मो जियरायदोसमोहेहिं ।
भणिओ जिणेहिं तम्हा सविसेसं तीए जइयव्वं ॥३॥
किं सुरगिरिणो गरुयं ? जलनिहिणो किं व होज्ज गंभीरं ? ।
किं गयणाउ विसालं ? को व अहिंसासमो धम्मो ? ॥४॥
कल्लाणकोडीजणणी दुरंतदुरियारिवग्गनिट्ठवणी ।
संसारजलहितरणी एक्कच्चिय होइ जीवदया ॥५॥
विउलं रज्जं रोगेहिं वज्जियं रूवमाउयं दीहं ।
अन्नंपि तं न सोक्खं जं जीवदयाए न हु सज्झं ॥६॥
देविंदचक्कट्टित्तणाइं भोत्तूण सिवसुहमणंतं ।
पत्ता अणंतसत्ता अभयं दाऊण जीवाणं ॥७॥
तो अत्तणो हिएसी अभयं जीवाण दिज्ज निच्चंपि'

તાત્પર્યાર્થ :- સમુદ્રમાં (હાથથી) પડી ગએલા રત્નની માફક મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે, તે મનુષ્યપણામાં પણ નિષ્પુણ્યક જીવને ધનની માફક જૈનધર્મ દુર્લભજ છે. ૧

મનુષ્યજન્મ સહિત શ્રેષ્ઠ જૈનધર્મ દિવ્ય પરિણતિને લીધે મહા કષ્ટે પામીને હંમેશાં શિવસુખની સંપત્તિના મૂલરૂપ આ જિન ધર્મમાં પ્રયત્ન કરવો જોઇએ. ૨

અને જૈનધર્મમાં જીત્યા છે રાગ, દ્વેષ, ને મોહ જેણે એવા જિનેશ્વર ભગવંતોએ તે જૈનધર્મનું મૂલ અહિંસા જણાવેલી છે તેથી તે દયામાં વિશેષે પ્રયત્ન કરવો જોઇએ. ૩

મેરૂ પર્વતથી મોટું શું ? દરિયાથી ઉંડું શું હોય ? આકાશથી વિશાલ શું હોય ? અર્થાત્ જેમ અન્ય કોઇ મ્હોટો ગંભીર અને વિશાળ નથી તેમ અહિંસા જેવો ધર્મ કોઇ પણ નથી. ૪

ક્રોડો કલ્યાણને ઉત્પન્ન કરનાર, અત્યંત દારૂણ દુઃખરૂપ શત્રુના વર્ગને નાશ કરનાર અને સંસારસમુદ્ર (તરવા) નૌકા સદૃશ એવી એકજ જીવદયા છે. ૫

મોટું રાજ્ય, રોગ રહિત રૂપ, દીર્ઘ આયુ જીવદયાથીજ થાય છે બીજું પણ તેવું કોઇ સુખ નથી કે જે જીવદયાથી સાધ્ય ન હોય. ૬

જીવોને અભયદાન આપી દેવેન્દ્ર, ચક્રવર્તિપણું ભોગવીને અનંતાપ્રાણી છેડા વગરના એટલે અનન્ત એવા શિવસુખને પામ્યા. ૭

તેથી આત્માના હિતની ઈચ્છાવાળા મનુષ્યોએ હંમેશાં જીવોને અભયદાન દેવું.

"ઉપદેશમાલા"] ● ['મલધારી હેમચન્દ્રસૂરિ'




(પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૯ | મુંબઈ તા. ૭-૨-૧૯૩૬ શુક્રવાર<br>મહા સુદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

## ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમનો મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

“આગમોદ્ધારક.”

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### વિવાહધર્મના નિરૂપક ભગવાન્ ઋષભદેવજી કેમ ?

ભગવાન્ ઋષભદેવજીએ સાક્ષાત્ વિવાહધર્મનું નિરૂપણ કરેલું નથી, પણ ભગવાન્ ઋષભદેવજીના વિવાહધર્મને દેખીનેજ જગતમાં વિવાહધર્મ પ્રવર્ત્યો છે એમ કહેવામાં કોઇ પણ જાતની અતિશયોક્તિ નથી તેમ શાસ્ત્રથી વિરૂદ્ધ પણ નથી, કારણ કે આવશ્યક ભાષ્યકાર મહારાજ ચોકખા શબ્દોથી એમ જણાવે છે કે ભગવાન્ ઋષભદેવજીના વિવાહને લીધેજ જગતમાં વિવાહની પ્રવૃત્તિ થઇ અને ભગવાન્ હરિભદ્રસૂરિજી પણ **एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे** એ વાક્યથી ભગવાન્ ઋષભદેવજીનું સ્પષ્ટપણે જગતના વિવાહધર્મનું હરિભદ્રસૂરિજી સ્પષ્ટપણે જણાવે છે, એટલે કહેવું જોઇએ કે જગતમાત્રની વિવાહપ્રવૃત્તિ ભગવાન્ ઋષભદેવજીના વિવાહને અંગે થએલી છે, અને તેથી તે વિવાહધર્મનું નિરૂપણ ભગવાનેજ કર્યું કે પ્રવર્તન ભગવાનેજ કર્યું એમ માનવામાં કોઇ પણ જાતની અતિશયોક્તિ નથી.

### વિવાહધર્માદિનું કથંચિત્ સાવદ્યપણું

તે વિવાહધર્મ અને શિલ્પાદિ નિરૂપણ જો કે કંથચિત્ પાપયુક્ત છે અને તેથી સાવદ્ય છે એમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી શ્રી ઋષભદેવજી ભગવાનના ચારિત્રમાં અને ભગવાન હરિભદ્રસૂરિજી શ્રી અષ્ટકજી નામના પ્રકરણમાં તથા પંચવસ્તુમાં સ્પષ્ટપણે જણાવે છે, પણ સાથે એ પણ સ્પષ્ટપણે જણાવે છે કે એ સર્વ પ્રવૃત્તિ ઉત્તમ પુણ્યના ફળને લીધે અને પરોપકારને માટે હતી અને જેમ દ્રવ્યસ્તવની અંદર કથંચિત્ સ્વરૂપ સાવદ્યતાને અવકાશ છે, પણ અનુબંધથી સાવદ્યપણાને અવકાશ ન હોવાથી ગૃહસ્થ કે જે સાવદ્યનો સર્વથા ત્યાગી નથી તેને તે દ્રવ્યસ્તવ નહિ કરવા લાયક છે એમ કહી શકાય નહિ, તેવીજ રીતે જગતના ઉદ્ધારક અને જગતમાં પરમેશ્વર તરીકે પૂજાવા લાયક એવા ભગવાન્ જિનેશ્વરોની પણ આ પરોપકારને માટે થતી પ્રવૃત્તિ તેમને અંગે સર્વથા છોડવા લાયક હોય એમ કહી શકાય નહિ.

### ભગવાન્ જિનેશ્વરોને અનુબંધે સાવદ્ય ન હોય.

જો કે કથંચિત્ સાવદ્યપણું દ્રવ્યથકી તેમાં હોય તેની ના કહેવાય નહિ, પણ ત્રિલોકનાથ તીર્થંકરોને તે બધી વિવાહ આદિ પ્રવૃત્તિઓમાં અનુબંધે સાવદ્યપણું ન હોય તે સ્વાભાવિક છે.

### દેવ અને ભૂપપણાની લક્ષ્મી છતાં વૈરાગ્ય

અને તેથીજ ભગવાન્ હેમચંદ્રસૂરિજી વીતરાગ ભગવાનની સ્તુતિ કરતાં સ્પષ્ટપણે જણાવે છે કે હે ભગવાન્ ! તમે દેવતાની અને રાજાની

લક્ષ્મી ભોગવી તેમાં જો કે જગતના જીવોને સાવદ્ય અનુબંધવાળી રતિ હોય છે તોપણ તમો તો તે અવસ્થામાં પણ વિરક્ત એટલે તેવી રાગદૃષ્ટિ વગરનાજ હતા.

**વીતરાગ શબ્દથી તીર્થંકરોજ કેમ લેવા ?**

આ સ્થાને વીતરાગશબ્દથી સામાન્ય રીતે સર્વ ઉપશાંત કે ક્ષીણ મોહનીયવાળા જીવો લઈ શકાય, પણ તેજ વીતરાગ મહારાજને અંગે જન્માદિક પાંચ કલ્યાણકોમાં નારકીઆદિના જીવોને પણ હર્ષ થવાનું જણાવેલું હોવાથી સામાન્ય શબ્દો પણ વિશિષ્ટ અર્થને જણાવવાવાળા હોય છે એ ન્યાયને અનુસરીને માત્ર તીર્થંકર પરમાત્માજ લેવાના છે.

**દેવભવમાં પણ ભગવાનની નિર્લેપતા**

વળી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે જો તીર્થંકરના પહેલા ભવમાં અત્યંત મોહમાં આસક્ત થએલા હોય અને સ્વસ્વરૂપનું જ્ઞાન છુટી ગએલું હોય તો તેવા દેવતાઓ પણ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તો શું પણ સૌધર્મ અને ઈશાનના ઉંચી ઉંચી સ્થિતિવાળા દેવતાઓ પણ એકેંદ્રિયપણામાં ચાલ્યા જાય અને આઠમા દેવલોક જેવી ઉંચી સ્થિતિએ પહોંચેલ દેવતાઓ પણ પંચેંદ્રિય તિર્યંચમાં ઉતરી જવાનું કોઈપણ દિવસ તીર્થંકરનામકર્મ નિકાચિત કરવાવાળાને હોય નહિ.

**જિનનામ નિકાચિત કરનાર તિર્યંચ કેમ ન થાય ?**

જો કે તિર્યંચની ગતિમાં યાવત્ એકેંદ્રિયપણામાં પણ તીર્થંકરનામકર્મ સત્તામાં હોય છે એમ શાસ્ત્રકારો જણાવે છે અને તેજ તીર્થંકરનામકર્મની સત્તાના પ્રભાવે તે તીર્થંકરનામકર્મની સત્તાને ધારણ કરનારા જીવો તેવી એકેંદ્રિય આદિ તિર્યંચની સ્થિતિમાં ગયા હોય તોપણ ચિંતામણિ, કલ્પવૃક્ષ કે તેવા ઉત્તમ પદાર્થો તરીકેજ તે જીવો જન્મ ધારણ કરે છે, પણ આ બધી હકીકત નિકાચિત નહિ કરેલા એવાજ જિનકર્મની સત્તાને અંગે સમજવી.

**જિનનામ નિકાચિત કરનારને ત્રણજ ભવ-**

પણ નિકાચિત કરેલા જિનનામકર્મવાળા જીવો તો સામાન્ય તિર્યંચગતિ તો શું પણ યુગલિક તિર્યંચની ગતિમાં પણ જાય નહિ, પણ કેવળ દેવગતિમાંથી ઉતરીને તીર્થંકરવાળા મનુષ્યભવમાંજ આવે અને તેથીજ શાસ્ત્રકારો તીર્થંકરનામકર્મ નિકાચવાની વખતે તે નિકાચનના ભવ સાથે માત્ર ત્રણજ ભવ સંસાર બાકી રાખે તોજ તીર્થંકરનામગોત્ર નિકાચિત થાય એમ સ્પષ્ટપણે જણાવે છે. એ બધી હકીકત વિચારતાં તીર્થંકરનામકર્મને નિકાચિત કરવાવાળો જીવ દેવભવમાં હોય તોપણ સ્વસ્વરૂપના ભાનને ભૂલેલો હોયજ નહિ, સામાન્ય રીતે સમ્યક્ત્વ ધારણ કરવાવાળા સર્વજીવો અને વિશેષે ભગવાન્ તીર્થંકરોના જીવો નારકીમાં સ્વસ્વરૂપને ભૂલતા નથી, પણ તેનો અહીં અધિકાર વિચારવાનો નથી અને તેથીજ વીતરાગ પરમાત્મા એટલે તીર્થંકર મહારાજને ઉદ્દેશીને ભગવાન્ હેમચંદ્રસૂરિજી દેવપણામાં પણ જે વૈરાગ્યની સ્થિતિ જણાવે છે તે સમ્યગ્દર્શનના પ્રભાવને અંગે અણઘટતી હોય તેમ કહી શકાય એમ નથી.

**ભગવાનના ભવમાં પણ દેવલક્ષ્મીના ભોગમાં વૈરાગ્ય -**

અથવા તો તીર્થંકરના ભવમાં પણ ગર્ભથી આરંભીને ઈંદ્ર વિગેરે દેવતાઓ ભગવાનની જે દુન્યવી ભક્તિ કરે છે તે પણ દેવતાઈ લક્ષ્મી ગણીએ તો તે મનુષ્યમાં નહિ સંભવતી એવી પણ દેવતાઈ લક્ષ્મીને ભગવાન્ તીર્થંકરો મનુષ્યપણામાં અનુભવે છે તો પણ તેમાં તે વૈરાગ્યથી દૂર ગએલા હોતા નથી.

### રાજ્યસમૃદ્ધિમાં પણ વૈરાગ્ય

તેમજ તીર્થંકરો રાજકુલમાંજ જન્મે અને ઘણા ભાગે રાજ્યઋધ્ધિને ભોગવવાવાળાજ હોય, છતાં તે પણ તે રાજ્યઋદ્ધિમાં જ પણ રતિયુકતપણાને ન અનુભવે અને સ્વસ્વરૂપના ખ્યાલમાંજ સતત રહે એમ ભગવાન્ હેમચંદ્રસૂરિજીના કથનનું તત્ત્વ સહેજે સમજાય તેમ છે. અને

### જિનેશ્વર ભગવાનોને ક્ષપકશ્રેણિ પ્હેલાં પણ ક્ષાયિક જેવું-

આજ કોઇ કારણસર ભગવાન્ મહાવીર મહારાજના સાધુપણું લેવાની પહેલાં કે કેવળજ્ઞાન થવાની પહેલાંના સમ્યકત્વને અંગે ભગવાન્ હરિભદ્રસૂરિજી क्षायिककल्पं क्षायिकमेव वा એવા વિકલ્પવાળા વ્યાખ્યાનમાં ક્ષાયોપશમિક સમ્યકત્વ હોય તોપણ તેની શુદ્ધતાને અંગે ક્ષાયિક જેવું સમ્યકત્વ માનવાનું શ્રી તત્ત્વાર્થની ટીકામાં કહે છે, તે ઉપરથી તીર્થંકર મહારાજના જીવો કેવળજ્ઞાનને માટે મંડાતી ક્ષપકશ્રેણીની પહેલાં પણ ક્ષાયિકવાળા ન હોય તો પણ ક્ષાયિક જેવા શુદ્ધ સમ્યકત્વવાળા હોવાથી કેવી શુદ્ધ આત્મપરિણતિને ધારણ કરવાવાળા હશે તે સહેજે સમજી શકાશે અને જેઓ દેવ, દેવેન્દ્ર કે નરેન્દ્રપણાની સમૃદ્ધિમાં આસકત ન થાય તેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને વિવાહ ધર્માદિકની અંદર અનુબંધ સાવદ્યપણું નહિ હોય અને તેથી તે મહાપુરુષો તેવી રીતે લોકોપકાર કરવાદ્વારાએ પરહિત કરનારા થાય તેમાં આશ્ચર્ય નથી.

### ભગવાનનું અનુકરણ એમાં ન લેવાનું કારણ

પણ એ તીર્થંકર મહારાજના પ્રવર્તન અને નિરૂપણને અનુસરીને જે અન્ય તેવા પ્રકારની નિશ્ચિત પરિણતિ સિવાયના જીવો લગ્ન, વ્યાપાર, ખેતી વિગેર સંસારની ક્રિયામાં પ્રવર્તે અને તેને પરહિતની પ્રવૃત્તિ છે એમ ગણાવે છે તો તે ખરેખર માર્ગને ભૂલે છે અને હંસની સ્થિતિને નહિ વિચારનારો વાયસ જેમ માન સરોવરમાં ઘૂમતાં ડૂબી જાય, તેવી રીતે ભગવાન્ તીર્થંકરોની સ્થિતિને વિચાર્યા સિવાય માત્ર પોતાની સ્થિતિને હલકી છતાં પણ મોટા રૂપમાં ગણી દઇ તેમની માફક સ્વરૂપથી સાવદ્ય એવા કાર્યોમાં પ્રવૃત્તિ કરી અન્યનું હિત મનાવવા જાય તે કોઇ પણ પ્રકારે શોભે તેમ નથી.

### ભગવાન્ જિનેશ્વરો પણ આરાધક ભાવે

જોકે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો વીતરાગપણે જન્મ પામતા નથી અને વીતરાગપણું તો દીક્ષા લીધા પછી પણ મોક્ષમાર્ગની આરાધનાની પરમ કોટિવાળું આરાધકપણું મેળવે ત્યારે જ થવાનું છે, અને તે આરાધકતા ક્ષપકશ્રેણિ માંડવાવાળા સર્વ જીવોને એક સરખીજ છે, અર્થાત્ જે જીવો તીર્થંકરના ભવમાં તીર્થંકરોને આરાધકપણું હોતુંજ નથી એમ મનાવવા તૈયાર થાય છે તેઓ ખરેખર જૈનશાસન અને તેની પ્રરૂપણાને ભૂલી જઇ અન્ય મતોએ પણ वीतरागजन्मादर्शनात् અર્થાત્ વીતરાગને કોઇ દિવસ જન્મ પામવાનું હોય નહિ એવી રીતે જણાવી વીતરાગનો જન્મ હોયજ નહિ એમ માનેલું છે, છતાં તીર્થંકરોના ભવમાં આરાધકપણું હોયજ નહિ એમ માનનારને પોતાનું જૈનપણું કે સાધુપદ કે તેવા ઉંચાપદમાં સ્થિતપણું જાહેર કરવા છતાં જૈનમાર્ગ કે તેવા કથંચિત્ સારા અન્ય માર્ગથી પણ ઘણે દૂર જઇ પડવાનું થાય છે.

### આરાધ્યપણાની સાથે આરાધક્તાનો વિરોધ નથી

જો કે ત્રિલોકનાથ તીર્થંકરોમાં એમની ગર્ભ અવસ્થાથી આરંભીને આખી જિંદગી સમ્યગ્દૃષ્ટિઓને આરાધવા લાયક પણું હોવાથી આરાધ્યતા છે એમાં શાસ્ત્રાનુસારીઓના બે મત હોયજ નહિ, પણ આરાધ્યતાપણાનો સ્વભાવ એ આરાધકપણાના

સ્વભાવની સાથે વિરોધને ધારણ કરવાવાળો છેજ નહિ, કેમકે જો આરાધ્યતાના સ્વભાવને આરાધકપણાના સ્વભાવથી વિરૂદ્ધ માનીએ તો સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય એ ત્રણ પદોમાં રહેલા મહાપુરુષોને કોઇ દિવસ પણ આરાધ્ય ગણી શકાશે નહિ, કારણ કે તે ત્રણ પદમાં રહેલા મહાપુરુષો કેવળજ્ઞાન પામીને કૃતાર્થ થઇજ ગયા હોય અને તેઓમાં આરાધકપણું નજ હોય એમ કોઇપણ સમજદાર મનુષ્ય માની શકે તેમ નથી, અર્થાત્ તે સાધુ આદિક ત્રણ પદોમાં આરાધકપણાની સાથે આરાધ્યપણું રહે છે એમ જૈન માત્રને માનવુંજ પડે છે.

## ભગવાન્ જિનેશ્વરોના આરાધકપણાને જણાવનાર સૂત્ર -

વળી ભગવાન્ તીર્થંકરોને માટે પણ તેઓના દીક્ષાકલ્યાણકની વખતે સ્પષ્ટપણેજ સૂત્રકારોએ જણાવ્યું છે કે અષ્ટ કર્મશત્રુનું મર્દન કરવું, ઇન્દ્રિયોનું જીતવું, ત્રૈલોક્યરંગમાં આરાધનાપતાકા ગ્રહણ કરવી, તપ અને ધૃતિમાં કટિબદ્ધ થવું, પરિષહકટનો પરાજય કરવો અને તીર્થંકર મહારાજાઓએ કહેલા ઉત્તમ શુકલ ધ્યાનમય માર્ગથી લોકાલોકને ઉદ્યોત કરનાર એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવું આવા અનેક પ્રકારના આશીર્વાદો જે જણાવેલા છે તે જો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની આરાધક દશા કોઇ પણ અંશે ન હોય અને સર્વથા આરાધ્ય દશાજ હોય તો તે ઘટીજ શકે નહિ તે સ્વાભાવિકજ છે.

## ભગવાન્ જિનેશ્વરોની આરાધક્તા

યુગપ્રધાન શ્રુતકેવલિ ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી મહારાજ આચારાંગનિર્યુક્તિમાં તથા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ શ્રી પંચવસ્તુમાં તેમજ આચાર્યપ્રવર શ્રી મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી વગેરે પુષ્પમાલા વગેરે પ્રકરણોમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે. ભગવાન્ જિનેશ્વરોએ તે ભવમાં મોક્ષનો નિશ્ચય છતાં મોક્ષની પ્રાપ્તિ માટે કર્મક્ષય કરવા તપસ્યા કરી છે. વળી શ્રી આવશ્યક વગેરેમાં ભગવાને કઠિન કર્મનો ક્ષય કરવા માટે અનાર્યદેશમાં ઉપસર્ગ પરીષહો વેઠવા વિહાર કર્યો એ વાત સ્પષ્ટ છે તો પછી કઠિન કર્મવાળી અવસ્થામાં આરાધકપણાની સ્થિતિ ન હોય એમ શાસ્ત્રાનુસારે કોણ માની શકે ? સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગની આરાધનાની અપેક્ષાએ આરાધકપણું હોય છે એટલુંજ નહિ પણ દીક્ષા વખતે ભગવાન્ સિદ્ધને નમસ્કાર કરવાનું હોવાથી તથા તીર્થને નમસ્કાર કરે છે તેથી સર્વથા ગુણવાળાઓની અપેક્ષાએ પણ ભગવાન્ જિનેશ્વરો આરાધક નજ હોય એમ કહી શકાયજ નહિ. ભગવાન્ અજિતનાથજી મહારાજે શ્રી જિનેશ્વર ભગવાનની મૂર્તિની સેવાપૂજા કરી છે એવા શ્રી શંત્રુજય માહાત્મ્ય આદિના લેખોથી પણ ભગવાન્ જિનેશ્વરોની આરાધકતાજ ન હોય એમ કહી શકાયજ નહિ. જો કે ત્રિલોકનાથ તીર્થંકરોની તે ભવમાં આરાધકદશા હોયજ નહિ એમ કહેવું જૈનશાસ્ત્ર માત્રથી સર્વથા વિરૂદ્ધ જ છે.

## ભગવાન્ જિનેશ્વરોને આરાધક કેમ નથી માનતા ?

તો પણ ત્રિલોકનાથ તીર્થંકરોની આરાધકદશા ઉડાડી દઇ કેવળ તેમની આરાધ્યદશાજ એમ માનવું પડે છે તેનું કારણ ખુલ્લું છે કે જો તીર્થંકર ભગવાનોની તીર્થંકરના ભવમાં આરાધકદશા માનવામાં આવે તો તે આરાધકદશાએ પ્રવર્તવાવાળા શાસનના સરળ રસ્તે ચાલનારા પુરુષો ભગવાન્ તીર્થંકરના આરાધકપણાનું અનુકરણ કરવાવાળા થાય અને તે વાત તીર્થંકરનું અનુકરણ કોઇ પણ જીવને કોઇ પણ અંશે મોક્ષમાર્ગના સાધન તરીકેનું પણ હોયજ નહિ એવા આગ્રહને લીધેજ તેઓને કહેવું પડે છે, પણ વસ્તુસ્થિતિએ સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી અવ્યાબાધપદને પામેલા સિદ્ધ ભગવાન્ સિવાય

ચારે પદોમાં આરાધ્યપણું હોવા સાથે આરાધકપણું સર્વથા હોય જ નહિ એવું પંચપરમેષ્ઠીના સ્વરૂપને જાણનારો તથા માનનારો તો કહી શકેજ નહિ.

**વિવાહધર્માદિ પણ દ્રવ્યઉપકારજ**

આનુષંગિક ઉપરની હકીકત જણાવ્યા પછી મૂળ હકીકતમાં આવતાં એટલુંજ જણાવવાનું કે શુદ્ધ સમ્યગ્દષ્ટિપણાને લાયકની વિરક્તતા ભગવાન્ જિનેશ્વરોમાં નિયમિતપણે હોવાથી તેઓમાં વિવાહધર્માદિક કાર્યો કે જે સ્વરૂપથી સાવદ્ય છે, છતાં પણ અનુબંધથી સાવદ્ય થયાં નથી તેનું અનુકરણ કરીને બીજાઓએ વિવાહાદિક કાર્યોમાં પરોપકાર ને પરહિતપણું મનાવવા તત્પર થવું નહિ. તે વિવાહાદિક કાર્યોમાં ભગવાન્ જિનેશ્વરોનોજ આત્મા પરહિત અને પરોપકારવાળો રહી શકે છે, અને તે પણ ભગવાન્ જિનેશ્વરોએ તેવી રીતે કરાએલું પરહિત તે પણ શાસ્ત્રકારોએ દ્રવ્યોપકાર અને દ્રવ્યહિતની ગણતરીમાંજ ગણેલું છે, આવી રીતે ઉપકારને અંગે વિભાગ પાડી, વિવાહધર્માદિજે કાર્યો પરના હિતને માટે કરેલાં છે, તેવી જ રીતે ભગવાન્ ઋષભદેવજીએ રાજ્ય ગ્રહણ કરવું અને રાજ્ય સંગ્રહ કરવો વિગેરે કાર્યો પણ પરના હિતને માટેજ કરેલાં છે તેનો વિચાર કરીએ.

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૧૮)


## તાજેતરમાં બ્હાર પડનારા ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ)
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત)

તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયાટીકા)
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત)

પ્રાપ્તિસ્થાન
જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

# આવશ્યકસૂત્ર અને તેની નિર્યુક્તિ

**પર્યુષણાકલ્પ અધ્યયન છતાં કલ્પસૂત્ર કેમ?**

જૈનજનતામાં દરેક ચોમાસાના પર્યુષણ વખતે પર્યુષણાકલ્પસૂત્ર શ્રી સંઘ સમક્ષ વંચાતું હોઈને તે પર્યુષણાકલ્પ એવા સૂત્રના નામમાં કલ્પશબ્દ આવતો હોવાથી તેમજ હજારો વર્ષ પહેલાંથી દશાશ્રુતસ્કંધમાંથી પર્યુષણાકલ્પ નામના અધ્યયનને જુદું પાડેલું હોઈ બીજા કોઈપણ સૂત્રના અધ્યયનને તેનાથી પૃથક્ ગોઠવવામાં કે તે એકલા જુદા ગોઠવેલા અધ્યયનની ચૂર્ણિ કે સ્વતંત્ર ટીકા વિગેરે ફક્ત નિશીથઅધ્યયનને બાદ કરીને કરવામાં આવેલાં નથી, પણ આ પર્યુષણાકલ્પ નામના દશાશ્રુતસ્કંધ નામના આઠમા અધ્યયન ઉપર સ્વતંત્ર ચૂર્ણિ, ટીકા વિગેરે કરવામાં આવેલાં છે, તેથી જો કે ઠાણાંગ, સમવાયાંગ અને દશાશ્રુતસ્કંધ વિગેરેમાં એ અધ્યયનને પર્યુષણાકલ્પ અધ્યયન તરીકે ગણાવવામાં આવેલું છે, અને એકલા કલ્પસૂત્રશબ્દથી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને બૃહત્કલ્પસૂત્રનેજ ગણવામાં આવે છે, તોપણ આ પર્યુષણાકલ્પ અધ્યયન જ્યારથી સભા સમક્ષ અને શ્રી સંઘ સમક્ષ વાંચવાનું શરૂ થયું ત્યારથી તેની જુદી પ્રતો સ્થાને સ્થાને લખાવા માંડી અને વ્યવહારમાં તે અધ્યયનના ઉચ્ચારને છોડીને કલ્પસૂત્રના નામને ધારણ કરનાર થયું અને તેથીજ ચૂર્ણિકારે પણ કલ્પચૂર્ણિ, ટીકાકારોએ પણ કલ્પકિરણાવલી વૃત્તિ, કલ્પસુબોધિકા કલ્પપ્રદીપિકા કલ્પકૌમુદી, કલ્પલતા વિગેરેના નામો રાખ્યાં એટલુંજ નહિ પણ ખુદ ટીકા કરતાં પ્રસ્તાવનામાં પણ **कल्पे सुबोधिकां कुर्वे वृत्तिं बालोपकारिणीम्** તથા **यद्यपि बहव्यष्टीका कल्पे सन्त्येव निपुणगण गम्याः** તેમજ **चतुर्मासी स्थिताः साधवाः - मंगलनिमित्तं कल्पसूत्रं वाचयन्ति** વિગેરે વાક્યોથી આ પર્યુષણાકલ્પઅધ્યયનને સ્વતંત્ર કલ્પસૂત્ર તરીકે જાહેર કર્યું.

**પર્યુષણા શબ્દનું વિવેચન કેમ નહિ ?**

એટલું જ નહિ પણ ચૂર્ણિકારે, ટીપ્પણકારે, કે વૃત્તિકારોએ તે અધ્યયનને અંગે લાગેલા પર્યુષણા શબ્દની ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિ કરતાં કરેલી નિર્યુક્તિનો વાસ્તવિક રીતિએ શરૂઆતમાં સ્પર્શ પણ કર્યો નહિ, પણ કલ્પસૂત્ર તરીકે પ્રસિદ્ધિ થઈ ગએલી હોવાથી કલ્પશબ્દની વ્યાખ્યા કરવા ઉપરજ વધારે જોર આપ્યું અને તેથી કલ્પસૂત્રના સાંભળનારા સજ્જનોને પર્યુષણાશબ્દના અર્થનો અને તેના વિવેચનનો જેટલો ખ્યાલ ન આવે તેટલો ખ્યાલ કલ્પશબ્દના અર્થનો અને તેના વિવેચનનો ખ્યાલ આવે છે.

**કલ્પશબ્દના અર્થને અંગે કાંઈક**

અને ટીકાકારો પણ **कल्पशब्देन साध्वाचारः कथ्यते** એમ જણાવે છે. જો કે ખરી રીતે તો પર્યુષણાકલ્પઅધ્યયનમાં કે કલ્પસૂત્રમાં સાધુઓનો કેવળ પર્યુષણા એટલે ચતુર્માસ સંબંધીજ સાધુના આચારનું કથન આવે છે, પણ આચેલક્યાદિ કલ્પોનું સ્થિત અસ્થિતપણે જુદા જુદા તીર્થોની અપેક્ષાએ

અને કેટલાક કલ્પોમાં જિનકલ્પવાળા, સ્થવિર કલ્પવાળા સાધુઓની અપેક્ષાએ તેમજ શ્રી જિનેશ્વર ભગવાન્ અને સામાન્ય સાધુઓની અપેક્ષાએ આચારના ભેદો દેખાડાતા હોવાથી સામાન્યથી કલ્પશબ્દે સાધુના આચારનું કથન માન્યું છે.

### પ્રતિક્રમણ કલ્પની વ્યવસ્થા

તે કલ્પશબ્દથી કહેવાતા આચેલક્યાદિ કલ્પરૂપ આચારોમાં આઠમા પ્રતિક્રમણ નામના આચારમાં સ્પષ્ટપણે જણાવાય છે કે દરેક ચોવીસીમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓએ વ્રતાદિકમાં દોષ લાગ્યા હોય કે ન લાગ્યા હોય, તોપણ દેવસિકઆદિ પાંચે પ્રતિક્રમણો તેના તેના ટાઈમ પ્રમાણે નિયમિત રીતે કરવાંજ જોઈએ, અને તેથીજ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનને સપ્રતિક્રમણ ધર્મ તરીકે ગણવામાં આવેલો છે.

### ભગવાન્ અજિતાદિના શાસનમાં પ્રતિક્રમણ ક્યારે અને કેવું ?

જો કે પ્રતિક્રમણશબ્દથી સામાયિકાદિ છ આવશ્યકમાં જે ચોથું પ્રતિક્રમણ નામનું આવશ્યક છે તેજ લઈ શકાય, અને બાવીસ તીર્થંકરોના શાસનમાં જ્યારે જ્યારે વ્રતોમાં દોષ લાગે ત્યારે ચાહે તો દિવસ હો કે રાત્રિ હો, ચાહે પહેલો પહોર હો કે છેલ્લો પહોર હો, પણ તેજ વખત તે તે દોષોનું પ્રતિક્રમણ કરી લેવામાં આવતું હતું, પણ તે પ્રતિક્રમણ સામાયિકાદિ છએ આવશ્યકરૂપજ કરવામાં આવતું હતું એમ માનવામાં કાંઈ સબળ કારણ નથી, એટલુંજ નહિ પણ વર્તમાનમાં ઈચ્છામિ પડિક્કમીઉંથી શરૂ કરીને જેટલું પ્રતિક્રમણ અધ્યયન છે તેટલું આખું પ્રતિક્રમણ અધ્યયન પણ બાવીસ તીર્થંકરોના શાસનના સાધુઓને દોષ લાગે ત્યારે પણ કરવાનું એમ સંભવતુંજ નથી.

### તીર્થ પરત્વે પ્રતિક્રમણ અધ્યયનમાં ફરક

પણ બારીક દૃષ્ટિથી અવલોકન કરતાં ઈચ્છામિ પડિક્કમીઉં કે ઈર્યાવહિયા જેવા સૂત્રથીજ માત્ર તે બાવીસ તીર્થંકરોના સાધુઓને દોષ લાગે ત્યારે નિયમિત કરવાનું હોય એમ સંભવે છે, પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને નમસ્કારથી આખું પ્રતિક્રમણસૂત્ર પ્રતિક્રમણ અધ્યયનને સ્થાને દૈવસિક આદિના નિયમિત વખતે નિયમિતપણે કરવાનું જ છે, અને તેથીજ તે શાસનને સપ્રતિક્રમણ ધર્મ તરીકે કહેવામાં આવે છે.

### સામાયિકઆદિ છનું આવશ્યકપણું કે પ્રતિક્રમણપણું ?

જો કે વર્તમાન શાસનમાં પ્રતિક્રમણ શબ્દથી મુખ્યતાએ છ આવશ્યક લેવાય છે, પણ પ્રૌઢ અને પ્રાચીન એવા ગ્રંથકારોએ સામાયિકાદિ છએ અધ્યયનોને પ્રતિક્રમણ તરીકે ગણેલું નથી અને તેથીજ ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી સામાયિકાદિ છએ અધ્યયનની નિર્યુક્તિ કરવાની પ્રતિજ્ઞા કરતાં आवस्सयस्स એવો શબ્દ વાપરે છે તથા અનુયોગદ્વાર સૂત્રકાર મહારાજ પણ આવશ્યકના એકાર્થિક પર્યાયવાળા શબ્દો જણાવતાં પ્રતિક્રમણ એવો પર્યાયશબ્દ જણાવતા નથી. યાવત્ ભગવાન્ હરિભદ્રસૂરિજી સરખા સમર્થ આચાર્ય પણ आवश्यकस्य विवृत्तिं એમ કહી સામાયિકાદિ છએ આવશ્યકનું વિવેચન કરવાની પ્રતિજ્ઞા કરતાં આવશ્યકનું વિવરણ કહી એવી પ્રતિજ્ઞા કરે છે તેમજ શાસનસુધાધિપુષ્ટ થએલ અંતઃકરણવાળા જિનભદ્રગણી ક્ષમાશ્રમણજી પણ आवासयानुओगं વિગેરે શબ્દોથી સામાયિકાદિ છ અધ્યયનોને આવશ્યક તરીકેજ જણાવે છે, પણ સામાયિકાદિ છએ અધ્યયનને પ્રતિક્રમણ તરીકે જણાવવાનો પ્રસંગ કોઈ તેવા પ્રાચીન પૌઢ ગ્રંથમાં મળવો મુશ્કેલ છે. અંગોમાં ભલામણ તરીકે પણ તથા સ્વતંત્ર

સૂત્રોના નામોમાં પણ આ છ અધ્યયનના સમુદાયવાળા શાસ્ત્રને આવશ્યક શબ્દથીજ કહેવામાં આવે છે.

## સામાયિકઆદિ છ આવશ્યકને માટે પ્રતિક્રમણ શબ્દ ક્યારથી ?

છતાં પ્રતિક્રમણશબ્દ છએ આવશ્યકના સમુદાયને અંગે થોડા કાળમાં નવોજ દાખલ થયો છે એમ તો કહી શકાય તેમ નથી, કારણ કે ઘણા પ્રાચીન ગ્રંથકારોએ વિધિ બતાવતાં આ દૈવસિક પ્રતિક્રમણની વિધિ આ રાત્રિક પ્રતિક્રમણની વિધિ એમ બતાવતાં છએ આવશ્યકના વિધિઓ બતાવેલા છે, તે ઉપરથી એમ માનવાને કારણ મળે છે પ્રૌઢ ગ્રંથકાર મહાત્માઓએ છએ આવશ્યકના સૂત્રોને પ્રતિક્રમણસૂત્ર તરીકે સ્પષ્ટ શબ્દોમાં ભલે ઉલ્લેખિત કરેલું નથી, પણ તે ગ્રંથકાર મહાત્માઓના વખતમાં કે તેના પહેલા વખતમાં સામાયિકાદિ છએ આવશ્યકની ક્રિયાને પ્રતિક્રમણ તરીકે રૂઢ થવાનું ચોક્કસ થએલું હોવું જોઈએ, અને તેથી વર્તમાનમાં આવશ્યકસૂત્રના જ્ઞાન તથા પઠનપાઠનને અંગે આવશ્યક શબ્દ જોકે લુપ્ત થએલો નથી, પણ દિવસ આદિ મુદતના અંતમાં કરાતી સામાયિકાદિની ક્રિયા માટે તો લગભગ આવશ્યકશબ્દ અદશ્ય થઈ પ્રતિક્રમણશબ્દનોજ પ્રચાર થએલો છે, પણ આ ચાલુ લેખમાં આપણે તે પ્રતિક્રમણશબ્દને માત્ર પ્રતિક્રમણઅધ્યયનને સ્થાને રાખી સામાયિકાદિ છ અધ્યયનને સ્થાને આવશ્યકશબ્દ વાપરવો ઉચિત છે.

## આવશ્યકનું સ્થાન પ્રતિક્રમણે કેમ પકડયું?

આ સામાયિકાદિ છ આવશ્યકના સ્થાને આવશ્યકશબ્દનું સ્થાન પ્રતિક્રમણશબ્દે કેમ પકડયું એનો વિચાર કરતાં એમ સમજાય છે કે સામાયિકાદિ છએ આવશ્યકોમાં મુખ્ય સ્થાન પ્રતિક્રમણઅધ્યયનનું હોવું જોઈએ અને પ્રતિક્રમણઅધ્યયનને આવશ્યકવિધિમાં કેન્દ્ર તરીકે ગણીએ તો બીજાં પાંચ અધ્યયનો તે પ્રતિક્રમણઅધ્યયનના અંગભૂત થઈ જાય તેમ છે, કારણ કે પ્રતિક્રમણ કરનાર મનુષ્યને જાણતાં કે અજાણતાં, આચારથી કે પ્રરૂપણાથી, ઉપદેશથી કે શ્રદ્ધાથી કોઈ પણ દોષ લાગ્યો હોય તેનું માત્ર મિચ્છામિ દુક્કડરૂપ પ્રાયશ્ચિત પ્રતિક્રમણ અધ્યયનથી કરવાનું થાય છે, પણ જે દોષને જાણી શકાય અને જે દોષનું નિવારણ માત્ર આલોચનપ્રતિક્રમણ કે તદુભયથી ન થઈ શકે, તેવા દોષોનું તપ આદિરૂપે પ્રાયશ્ચિત અંગીકાર કરવું તે પ્રતિક્રમણથી દૂર છે એમ કહી શકાય નહિ, અને તેવા તપઆદિને લાયકના દોષોનું ગુરુને નિવેદન કરવા માટે એકત્રીકરણ કરવાની પહેલે નંબરે જરૂર હોય, કેમકે જો તે એકત્રીકરણની કરવામાં ન આવ્યું હોય, તો તે તપાદિકે લાયકના દોષો ગુરુ આગળ નિવેદન કરવા ગુરુ મહારાજને વંદન કરવું તે આલોયણ લેનાર વ્યક્તિની અનિવાર્ય ફરજ છે, અને જેમ તે લાગેલા દોષોના આલોચન માટે ગુરુવંદનની જરૂર છે, તેવીજ રીતે તેવા દોષોની આલોયણને લેવા માગનારા મહાનુભાવો સમતા એટલે સામાયિકભાવમાં ઉપયોગવાળા થએલા હોય તોજ પોતાના થએલા દોષોને દોષ તરીકે જાણી અને માની શકે, માટે તેજ દોષોના પ્રતિક્રમણને અંગે પ્રથમથીજ સમતાભાવરૂપી સામાયિકમાં ઉપયુક્ત થવાની જરૂર છે અને તેથી જ પ્રતિક્રમણ તરીકે કે આવશ્યક તરીકે ગણાતા છ આવશ્યકમાં સામાયિકઆવશ્યકને પ્રથમ સ્થાન આપવામાં આવેલું છે.

## સામાયિક ચારિત્ર છતાં તે આવશ્યક કેમ?

જો કે સાધુને સામાયિકચારિત્ર યાવજ્જીવને માટે ઉચ્ચારેલું અને પળાતું હોઈને સામાયિક એ તે દિવસાદિના અંતનીજ માત્ર ક્રિયા નથી, પણ તે સામાયિકચારિત્ર તરીકે જે પ્રવૃત્તિ નિવૃત્તિ છે તે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને અંગે અને સાવદ્યવ્યાપારના ત્યાગને અંગે છે, પણ દિવસ,

રાત્રિની આદિ અંતમાં કરાતા પ્રતિક્રમણને અંગે તો દોષોની યથાસ્થિત માન્યતા પ્રકાશનતા અને શોધ્યતાને અંગેજ સમભાવરૂપી સામાયિકના ઉપયોગની જરૂર છે, અને તેથી તેવા સમતામય ઉપયોગને માટે અનુવાદ તરીકે ઉચ્ચારણ કરાતા સામાયિકના સૂત્રને આવશ્યકના છટ્ઠા ભાગ તરીકે ગણાતા સામાયિક આવશ્યકરૂપ ગણવામાં આવે છે, અને એવા યથાસ્થિત આત્માના દોષોને શોધવા લાયકની પરિણતિરૂપ સામાયિકની વાસનામાં તે પ્રતિક્રમણ કરનારો મહાપુરુષ સ્વસ્વરૂપનું ભાન થવાથી એટલો બધો આનંદમાં આવે કે કાયોત્સર્ગમુદ્રાએ વિચારેલા દિવસાદિના દોષરૂપ અતિચારોના હૃદયમાં દાહ છતાં રોગી મનુષ્ય ભયંકર રોગની શરીરમાં ઉત્પત્તિ થએલી જાણીને દાહવાળો છતાં પણ તે ભયંકર રોગને નાશ કરવા માટે જણાવનાર વૈદ્ય તરફ અદ્વિતીય ભક્તિ ધરાવનારો થાય છે, તેમ સમતાભાવના સામાયિકને જણાવવા દ્વારાએ દોષોનું નિકંદન કરાતું હોવાથી તે દોષને દોષ સ્વરૂપે અને સામાયિકને સમતાસ્વરૂપે જણાવનાર જગતપૂજ્ય જિનેશ્વરોની સ્તુતિ કરવા રૂપ ચતુર્વિંશતિસ્તવ નામનું આવશ્યક વ્રતના દોષો વિચારવા પછી થાય તે કોઈ પણ પ્રકારે અણઘટતું નથી, અથવા વ્રતોના દોષોનું શોધન તપ આદિ પ્રાયશ્ચિત્તદ્વારાએ જે ગુરુમહારાજ કરવાના છે તેની પણ ખરી જો જડ હોય તો તે તીર્થંકર ભગવાનોજ છે, માટે પણ ગુરુ મહારાજના વંદનરૂપ ત્રીજા આવશ્યક કરતાં પહેલાં ભગવાન્ જિનેશ્વરોની સ્તુતિરૂપ ચતુર્વિંશતિસ્તવની જરૂર છે. વળી જગતના રિવાજ પ્રમાણે પર્ષદાને નમસ્કાર કરનારે પ્રથમ પ્રવેશની રીતભાતિ જાળવીને રાજાને નમસ્કાર કર્યા પછી જ પર્ષદાને નમસ્કાર કરાય છે, તેવી રીતે અહીં પણ સમતાભાવરૂપી સામાયિક એ પ્રવેશનો વિધિ ગણી શકાય અને પર્ષદારૂપી આચાર્યને વંદન કરવા પહેલાં તીર્થંકર મહારાજરૂપ શાસનના મહારાજાને નમસ્કાર કરવોજ જોઈએ. તે માટે પણ દોષની આલોયણરૂપ ચોથા આવશ્યકની પહેલાં ગુરુને વંદન કરવારૂપ ત્રીજા આવશ્યકની શરૂઆતમાં જિનેશ્વર ભગવાનોની સ્તુતિરૂપ બીજું આવશ્યક હોવુંજ જોઈએ.

### શેષ પાંચ આવશ્યકો પ્રતિક્રમણનું અંગ

આ બધી હકીકત વિચારતાં પ્રતિક્રમણ નામના ચોથા આવશ્યકની પહેલાંના ત્રણ આવશ્યકો તો પ્રતિક્રમણના અંગ તરીકે સહેજે સમજી શકાય તેમ છે, અને પ્રતિક્રમણ આવશ્યકપછીનું કાર્યોત્સર્ગ નામનું પાંચમું આવશ્યક તો ચોકખા રૂપેજ પ્રતિક્રમણના અંગરૂપેજ છે, કેમકે કાયોત્સર્ગથી વ્રતના દૂષણોની શુદ્ધિ કરવાની છે, કેમકે તે કાયોત્સર્ગથી વ્રતના દૂષણોની શુદ્ધિ કરવાની છે, અને તે પણ એવા દોષોની કે જે દોષો પ્રતિક્રમણ અધ્યયનથી પ્રતિક્રમણ ક્રિયા કર્યા છતાં પણ શુદ્ધ થએલા ન હોય, એટલે આ કાયોત્સર્ગ આવશ્યક અદગ્ધદહનન્યાયે દોષોનો નાશ કરનાર હોવાથી પ્રતિક્રમણનું અંગ થાય તેમાં વધારે લાંબો વિચાર કરવો પડે તેમ નથી, અને છટ્ટા પચક્ખાણ નામના આવશ્યકમાં પ્રતિક્રમણની ક્રિયાને અંગે ગુરુ મહારાજે આપેલા તપનું પચ્ચકખાણ કે નિર્દોષ રહેલા વ્રતરૂપી ગુણોની ધારણા માટે કરાતું પચ્ચકખાણ રૂપ છટ્ઠું આવશ્યક પ્રતિક્રમણની સાથે સંબંધરૂપ થઈ શકે છે, અને તેથી વિધિની જગો પર પ્રૌઢ ગ્રંથકારોએ પણ છ આવશ્યકની ક્રિયા જણાવતાં જે પ્રતિક્રમણશબ્દ વાપર્યો છે તે ઘણાજ લાંબા વિચારથી અને મુદાસરજ વાપરેલો છે એમ માની શકાય.

### સૂત્રવિચાર

જૈનશાસનમાં સૂત્રમાત્ર કે જે ગણધર મહારાજ, પ્રત્યેક બુદ્ધ, ચૌદપૂર્વી યાવત્ સંપૂર્ણ પૂર્વધરનાં રચેલાં હોય છે.

**સૂત્રરચનામાં ઔત્પત્તિક્યાદિ કેમ નહિ ?**

જો કે ઉત્પત્તિઆદિ ચાર બુદ્ધિને ધારણ કરનારાઓ જબરદસ્ત અક્કલવાળા હોય છે, છતાં સામાન્ય બુદ્ધિ કે ઉત્પત્તિઆદિ બુદ્ધિની સાથે અક્ષરાદિ રૂપ શ્રુતજ્ઞાન જોકે જરૂર હોય અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન પણ જરૂર હોય છે, પણ લોકોત્તર જે આચારાદિ શ્રુતજ્ઞાન તે ન હોય તો સૂત્રનું રચવું બને નહિ, માટે મતિજ્ઞાનવાળો ચાહે તેવો જબરદસ્ત હોય તોપણ તેના રચેલા ગ્રંથને સૂત્ર તરીકે ગણ્યું નથી.

**પ્રત્યેક બુદ્ધના શાસ્ત્રો કેમ સૂત્ર ?**

અહીં પ્રત્યેકબુદ્ધના રચેલા ગ્રંથને જે સૂત્ર તરીકે ગણવામાં આવ્યું છે, તેનું કારણ એજ જણાય છે કે પ્રત્યેકબુદ્ધપણું પામતી વખત દરેક મહાપુરુષ જાતિસ્મરણને પામે છે અને તે જાતિસ્મરણથી પ્રત્યેકબુદ્ધને પૂર્વભવમાં શ્રુતજ્ઞાનનો અભ્યાસ જરૂર હોય એવો નિયમ હોવાથી તે પૂર્વભવનું ભણેલું શ્રુત આ ભવમાં યાદ આવે છે. કેટલા તેતલિપુત્ર અમાત્ય જેવા મહાપુરુષને તો જાતિસ્મરણથી પૂર્વભવમાં જાણેલાં ચૌદે પૂર્વો યાદ આવે. જો કે દેવતા ત્રણ જ્ઞાનવાળા હોવા સાથે જાતિસ્મરણવાળા પણ હોય, છતાં ચૌદ પૂર્વને ધારણ કરવાવાળા મહાપુરુષો દેવભવમાં ગયા પછી તે દેવભવમાં તો વધારેમાં વધારે અગીઆર અંગજ સંભારી શકે. આ શાસ્ત્રીય હકીકત વિચારતાં અવિધજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાનીના રચેલા ગ્રંથોને સૂત્રો તરીકે નહિ ગણાવતાં પ્રત્યેક બુદ્ધના રચેલા ગ્રંથોને સૂત્રો તરીકે નહિ ગણાવતાં પ્રત્યેક બુદ્ધના રચેલા ગ્રંથોને સૂત્રો તરીકે નહિ ગણાવતાં પ્રત્યેક બુધ્ધના રચેલા શાસ્ત્રોને સૂત્ર તરીકે ગણાવેલાં છે.

**સૂત્રોના રચનારાઓમાં સ્વયંબુદ્ધ કેમ નહિ?**

જો કે કેટલેક અંશે પ્રત્યેકબુદ્ધ કરતાં સ્વયંબુદ્ધોની અધિકત્તા હોય છે, પણ તે સ્વયંબુધ્ધોમાં એક તીર્થંકર સ્વયંબુદ્ધ અને બીજા તીર્થંકર સિવાયના સ્વયંબુદ્ધ એમ બે વિભાગ પડે છે, તેમાં તીર્થંકર સ્વયંબુદ્ધને ગૃહસ્થપણામાં પણ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનની સાથે જાતિસ્મરણ જ્ઞાન હોય છે અને દીક્ષા લીધા પછી તો મતિ, શ્રુત, અવધિ, અને મનઃપર્યવની સાથે પણ જાતિસ્મરણ જ્ઞાન હોય છે, છતાં તીર્થંકરના કલ્પને લીધે બીજાઓને દેશના સરખી પણ દેતા નથી તો તે છદ્મસ્થપણામાં ગ્રંથો રચવાનું તો હોયજ ક્યાંથી ?

**છદ્મસ્થતીર્થંકરો શા માટે સૂત્રો ન રચે ?**

વળી સામાન્ય જગતના સ્વભાવથીજ તીર્થંકરોને અર્થથી આત્માગમનીજ પ્રરૂપણા કરવાની હોય તો હવે તેઓ છદ્મસ્થપણે કેવળજ્ઞાનની સ્થિતિ ન હોવાથી લોકાલોકના સર્વ સ્વભાવો પોતે જાણી શકે નહિ અને તેથી તે અનંત સ્વભાવને જાણીને અનંત અર્થને જણાવનાર તરીકે ઉચ્ચારાતો શબ્દ તે છદ્મસ્થપણામાં બોલી શકે નહિ અને છદ્મસ્થપણામાં કાંઈ પણ કહે કે રચના કરે તો તે પૂર્વભવમાં થએલા પરંપરાગમને અનુસારેજ કરવી પડે, તેથી આત્માગમના નિરૂપણની કેવળજ્ઞાનની અવસ્થા થાય ત્યારેજ અર્થરૂપેજ શાસ્ત્રનું કથન કરે, પણ સૂત્રરૂપે રચવાનું ન હોવાથી સૂત્રના રચનાર તરીકે તે તીર્થંકર સ્વયંબુદ્ધોને લેવાય નહિ. જગતમાં પણ તરવારથી જે કામ થવાનું હોય છે કે કામ તરવારની પ્રાપ્તિ સુધી વિલંબમાં રાખવું પડે, પણ તરવાનું કામ જે તરવાર મેળવી શકે તેવો પુરુષ તે તરવારનું કામ દાતરડાથી કરવા જતો નથી, તેવી રીતે તીર્થંકર ભગવાનો કેવળ જ્ઞાન મેળવીને આત્માગમથી શાસન સ્થાપવાના છે એ નક્કીજ છે માટે છદ્મસ્થપણામાં શ્રુતજ્ઞાન અને જાતિસ્મરણ છતાં પણ દેશના આપતા નથી. વળી તીર્થંકર ભગવાનો દીક્ષા ગ્રહણ કરે ત્યારથીજ માત્ર કેવળજ્ઞાનની ઉત્પત્તિને માટેજ કટિબદ્ધ હોય છે તેથી તેમને તે સિવાયનું ઝવેરીને કોલસાના વેપારમાં જેમ નીરસપણું લાગે તેમ અન્ય કાર્ય નીરસ લાગે તેમાં નવાઈ નથી અથવા કુદરતેજ

કેવળજ્ઞાન થયા સિવાય અને તે થયા પછી પણ ગણધરોના આગમન સિવાય તીર્થંકરોને દેશના દેવાનું બનેજ નહિ, કેમકે જગતના ઉદ્ધારરૂપ શાસનને સ્થાપવાની ભાવનાથી વાસિત તે આત્મા ઘણા જૂના કાળથી છે, માટે જેમ આંબાના થડે કે ડાળીએ કેરી ન હોય, પણ પછીના ભાગમાંજ કેરીઓ હોય, તેવી રીતે વાસ્તવિક ફળરૂપે તીર્થંકરનામકર્મનો ઉદય કેવળજ્ઞાન પામ્યા પછી જ હોય છે અને તેથી જગતના ઉધ્ધારને કરનાર શાસનની સ્થાપનાની વખતજ તેમની પ્રવૃત્તિ હોય તે સ્વાભાવિક છે.

## જિનવ્યતિરિક્ત સ્વયંબુદ્ધોના સૂત્રો કેમ નહિ?

ભગવાન્ જિનેશ્વરો સિવાયના સ્વયંબુદ્ધોને નથી તો પૂર્વ ભવમાં શ્રુતઅધ્યયનનો નિયમ, તેમજ નથી તો જાતિસ્મરણનો નિયમ, માટે તેઓને અંગે સૂત્રરચનાની વ્યવસ્થા ન ગણાવાઇ હોય તેમાં આશ્ચર્ય નથી.

## પ્રત્યેક બુદ્ધના સૂત્રોનો પ્હેલો વિચાર કેમ?

પ્રત્યેક બુદ્ધના કરેલા ગ્રંથોને સૂત્ર પહેલા તરીકે જે અહીં વિચારમાં લીધા તે એટલાજ માટે કે પ્રત્યેકબુદ્ધોનું શ્રુતજ્ઞાન તે તે વર્તમાન શાસનથી સીધી અપેક્ષા રાખવાવાળું નહિ છતાં પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ઉપન્નેઇ વા વિગેરે પ્રશ્નવાળી ત્રણ નિષદ્યાથી કે બીજા પ્રશ્નોથી કે અગર તે સિવાય ભગવાનના સ્વતંત્ર નિરૂપણાથી ગણધર મહારાજાઓ જે અંગપ્રવિષ્ટ કે તે સિવાયની રચના કરે તેની સાથે એક અંશે પણ વિરોધ વિનાની રચના તે અન્ય શાસનના પરંપરાગમને આધારે પ્રત્યેક બુદ્ધોની કરેલી સૂત્રરચના હોય છે, અને તેથી તર્કાનુસારીને પ્રત્યેક બુધ્ધના રચેલા સૂત્રોથી ગણધરના રચેલા સૂત્રોનું અગર ગણધરના રચેલા સૂત્રોથી પ્રત્યેકબુદ્ધના રચેલા સૂત્રોનું પ્રમાણિકપણું માનવાનો માર્ગ સરળ થાય છે, અને શ્રદ્ધાનુસારીને તો તેવી જાતના મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી જેમ આંધળો છતાં પણ ભાગ્યશાળી મનુષ્ય હોય તો સીધે રસ્તેજ ચાલે તેવી રીતે સત્ય પદાર્થની શ્રદ્ધા ગણધરાદિના રચેલા સૂત્રોથી તર્કનો આશ્રય લીધા સિવાય પણ થાય છે.

## ચઉદ આદિ પૂર્વધરના શાસ્ત્રો સૂત્રરૂપે કેમ?

જેવી રીતે ગણધર મહારાજ અને પ્રત્યેકબુદ્ધના રચેલા ગ્રંથો તેઓ નિયમિત સમ્યકત્વધારી હોવાને લીધે સૂત્ર તરીકે મનાય છે, તેવીજ રીતે ચૌદ પૂર્વથી માંડીને સંપૂર્ણ દશપૂર્વોને ધારણ કરનારા મહાપુરુષો પણ નિયમિત સમ્યકત્વવાળા હોવાથી ક્રોધ, લોભ, ભય કે હાસ્ય આદિમાંથી કોઈપણ વિકારવાળી દશામાં ગએલા હો તો પણ સન્માર્ગથી વિપરીત પ્રરૂપણ કરેજ નહિ એટલું નહિ પણ જેમ વિપરીત પ્રરૂપણામાં રાગ અને દ્વેષ કારણ છે, તે રાગદ્વેષ કે તે જિનોને એટલે શ્રુતજિનોને સંપૂર્ણ દશપૂર્વ કે તેથી વધારે પૂર્વના જ્ઞાનવાળાને અતીંદ્રિયદર્શિપણું આવતું હોવાથી તેમનું એક પણ વચન સન્માર્ગથી વિરૂદ્ધ અજ્ઞાનતાને લીધે પણ થાય નહિ. તેથીજ ગણધર મહારાજ અને પ્રત્યેકબુદ્ધની માફક તે ચૌદ પૂર્વથી સંપૂર્ણ દશ પૂર્વને ધારણ કરનારા મહાપુરુષોના વચનોને સૂત્ર તરીકે ગણવાનું શાસ્ત્રકારો ફરમાવે છે.

## અશ્રુત્વા કેવલિનાં સૂત્રો કેમ નહિ ?

જો કે ગણધર અને પ્રત્યેકબુદ્ધ આદિ સિવાય ગુરુ પાસે ધર્મ સાંભળ્યા સિવાય કેટલાક જીવો આત્મબળે જ્ઞાનાવરણીયનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાન મેળવનારા હોય છે, પણ તેમના વચનને એટલે તે અશ્રુત્વા કેવલીના વચનને શાસ્ત્રકારોએ સૂત્ર તરીકે નથી ગણાવ્યા તેનું કારણ એજ છે કે તે અશ્રુત્વા કેવલીઓ શ્રોતાઓના સંયોગે એકજ ઉત્તર માત્ર જણાવે તેથી ત્યાં રચના અને સૂત્રનો વિભાગ ન કહેવાય તે સ્વાભાવિકજ છે.

## ગણધરકૃતપણાથી આવશ્યકનું સૂત્રપણું

આ બધી હકીકત વિચારતાં આ આવશ્યકસૂત્ર તીર્થસ્થાપનાને દિવસેજ ગણધર મહારાજાઓએ મુત્કલપ્રશ્નને લીધે કે સ્વયં જિનેશ્વર ભગવાનના નિરૂપણથી રચેલુ હોઇને તે ગણધરકૃત હોવાથી સૂત્ર તરીકે ગણવામાં બે મત હોઇ શકેજ નહિ.

## આવશ્યકસૂત્રની ઉચ્ચતરતા કેમ ?

એવી રીતે રચાયેલા જૈનશાસનમાં વર્તમાનકાળે આચારાંગાદિ કાલિક સૂત્રો અને દશવૈકાલિક વિગેરે ઉત્કાલિક સૂત્રો સંખ્યાબંધ વિદ્યમાન છતાં પણ આ આવશ્યકસૂત્રનું સ્થાન જૈનશાસનમાં અલૌકિકજ છે, કારણ કે આચારાંગાદિ કાલિક કે ઉત્કાલિક સૂત્રોમાંથી કોઇ પણ પ્રતીદિન તો શું, પણ પ્રતિમાસ કે પ્રતિવર્ષને અંગે પણ નિયમિત રીતે વિધાનના ઉપયોગમાં લેવાનાં હોતાં નથી, પણ જૈનશાસનમાં ગણાતા સર્વ સૂત્રોમાં આ એક આવશ્યકસૂત્ર જ એવું છે કે જેનો વિધાનદ્વારાએ દરેક વર્ષે, દર ચોમાસે અને દરેક પખવાડે ઉપયોગ થવા સાથે દરરોજ સવાર અને સાંજ એમ બબ્બે વખત ઉપયોગ થાય છે. આ મહત્તા આવશ્યકસૂત્રને જેવી રીતે વરી છે, તેવી રીતે બીજા કોઇપણ સૂત્રને વરેલી નથી.

## આવશ્યકસૂત્રની બીજી રીતે પણ મહત્તા

વળી અન્ય સૂત્રો જ્યારે માત્ર સાધુના આચારને પ્રદર્શિત કરે છે કે માત્ર શુધ્ધિ કરવાના રસ્તાઓ બતાવે છે, ત્યારે આ આવશ્યકસૂત્ર આચારની પ્રતિજ્ઞા કરાવવાવાળું હોવા સાથે શુદ્ધિને કરાવવાવાળું અને તે પણ હંમેશને માટે દેવ, ગુરુના બહુમાનને જાળવવા સાથે આત્માના ઔદયિક ભાવને ખસેડી ક્ષાયોપશમિકઆદિ ભાવને અર્પણ કરનારૂં છે.

## પર્યાયની પ્રાપ્તાપ્રાપ્તતા ન વિચારવી કેમ ?

તેથીજ આ આવશ્યકસૂત્રને માટે અન્ય સૂત્રોની માફક પર્યાયની અપેક્ષાએ પ્રાપ્તાપ્રાપ્તપણું વિચારવાનું સૂત્રકારોએ રાખ્યું નથી, પણ દીક્ષાને દિવસે પણ આ આવશ્યકસૂત્રના અધ્યયનને માટે યોગ્યતા ગણી છે અને તેથીજ આ આવશ્યકસૂત્રને મૂળસૂત્ર તરીકે ગણવામાં આવે છે. જો કે આવશ્યકના પણ છ અધ્યયન હોવાથી છ દિવસ તો અધ્યયનને માટે થાય છે, પણ બીજા સૂત્રોની માફક છેદોપસ્થાનીય નામના ચારિત્રના પર્યાયની અપેક્ષાએ પ્રાપ્તાપ્રાપ્તપણું વિચારવાનું હોતું નથી.

## આવશ્યક સાધુને પ્રથમ આપવું -

અને આજ કારણથી વિશેષઆવશ્યકભાષ્યકાર જિનભદ્રગણિક્ષમાશ્રમણજી મહારાજ બાળક અને રોગીના શરૂઆતના ખોરાકની માફક આવશ્યકસૂત્રને સર્વસૂત્રોમાં પ્રથમ દેવાલાયક ગણાવે છે અને તેજ જિનભદ્રગણિક્ષમાશ્રમણજી વિશેષઆવશ્યક ભાષ્યમાં, તેમજ ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરે સમર્થ પુરુષો પંચવસ્તુ વિગેરે પ્રૌઢ ગ્રંથોમાં ઉપધાન કર્યાં હોય તેવા પણ સાધુને દીક્ષાને દિવસે આવશ્યકના પ્રથમ અધ્યયનરૂપ સામાયિકને આપવાનું વિધાન કરે છે.

## આવશ્યકસૂત્રની વાચનામાં પણ વૈચિત્ર્ય -

બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે આચારાંગાદિ અન્ય સૂત્રોનું વાંચન વિગેરે લેખિત પુસ્તકોને પણ આભારી હોય, પણ આ સામાયિકઆવશ્યકનું અર્પણ લેખિત પુસ્તકને આધારે આપવાનું નિષેધીને સાક્ષાત્ મુખપાઠે આપવાનું જણાવે છે. અર્થાત્ શ્રુતશબ્દના મુખ્ય એવા શ્રવણઅર્થને જે અન્ય સૂત્રો ચરિતાર્થ કરવાને ભજનાપદે જાય છે, તે ભજનાપદ આ આવશ્યકને લાગુ થતું નથી, અર્થાત્ આવશ્યક એ અન્ય સૂત્રોની માફક પુસ્તકપાઠ્ય સૂત્ર નથી પણ વચનપાઠ્યજ સૂત્ર છે અને તેથી તેની અધિકતા હોય તે સ્વાભાવિક છે.

**સૂત્રોના અભ્યાસક્રમમાં આવશ્યકનું પ્રાથમ્ય**

વળી સમગ્ર સૂત્રોની અંદર આ એકજ એવું સૂત્ર છે કે જે ભગવાન્ જિનેશ્વર મહારાજથી મળેલી **उपन्नेइवा** વિગેરે ત્રણ નિષધથી રચાએલા બાર અંગમાં સ્થાન નહિ પામેલું છતાં ૧૧ કે ૧૨ અંગોના અભ્યાસમાં પ્રથમ સ્થાન આ આવશ્યકસૂત્રનેજ આપવામાં આવ્યું છે, અને તેથીજ સૂત્રકારોએ **समाइयमाइआइं इक्कारस** अंगाइं એવો તથા **समाइयमाइबिंदुसारपज्जंतं** એમ નિર્યુક્તિકાર મહારાજે જણાવી ૧૧ અને ૧૨ અંગોમાં અધ્યયનની અપેક્ષાએ પ્રથમ સ્થાન **उपन्नेइवा** વિગેરે ત્રિપદીની વખતે નહિ રચાયા છતાં અભ્યાસની અપેક્ષાએ આ આવશ્યકનેજ મળેલું છે.

**આચારાંગ અને આવશ્યકમાં પણ કોનું પ્રાથમ્ય -**

અર્થાત્ અંગપ્રવિષ્ટ એવા બારે અંગોની રચના કરતાંજે ચૌદપૂર્વરૂપી પૂર્વગતશ્રુતની પહેલાં રચના થયા છતાં અને તેમાં એટલે પૂર્વગતમાં અથવા દૃષ્ટિવાદમાં સર્વ કહેવા લાયક પદાર્થોની રચના થઈ ગયા છતાં સામાયિકચારિત્ર કે છેદોપસ્થાનીય ચારિત્રના આચારને પાળવાની ઈચ્છાવાળા એવા મંદબુદ્ધિ આદિ જીવોને માટે અને દૃષ્ટિવાદના અભ્યાસનું પાત્ર નહિં એવી સ્ત્રીઓના ચારિત્રના પાલનને માટે આચારાંગસૂત્ર પૂર્વોની પછી રચાયું છતાં તે આચારાંગને પ્રથમ મુકવામાં આવ્યું, અને તેથીજ સિદ્ધાંતના પ્રાકૃતપણાના ગુણને જણાવતાં સ્ત્રી વિગેરેના વિશેષણ તરીકે **चारित्रकांक्षिणाम्** એ પદ શાસ્ત્રકારોએ વ્યાપકપણે રાખેલું છે, એટલે આચારની અપેક્ષાએ આચારાંગની સર્વ અંગોમાં અને પૂર્વ કરતાં પણ પહેલી સ્થાપના કરી તેની માફક પ્રતિદિન ઉભય સંધ્યાએ કરવાનું હોવાથી તે આવશ્યકસૂત્રને પહેલું સ્થાન મળે તેમાં કોઈ જાતનું આશ્ચર્યજ નથી.

**અધ્યયનમાં આવશ્યકની પ્રથમતાનું સૂચન-**

વળી આ આવશ્યસૂત્ર એટલી બધી અભ્યાસની અપેક્ષાએ સ્વતંત્રતા ધારણ કરનારૂં છે કે એમાં एवं जाव जहा વિગેરે અતિદેશોને જણાવનાર એક પણ પદ નથી, અર્થાત્ આવશ્યક અને ઉવવાઈજી વિગેરે અંગ અને ઉપાંગ આદિ સૂત્રોમાં एवं जाव વિગેરે અતિદેશ કરનારાં સૂત્રો હોવાથી જેમ અભ્યાસમાં અન્ય આગમના અભ્યાસથી આશ્રિતપણું રહે છે, તેમ આ આવશ્યકસૂત્રના અભ્યાસમાં અન્ય સૂત્રોના અભ્યાસનું આશ્રિતપણું નથી. આ અભ્યાસની દ્રષ્ટિએ વિચારતાં આવશ્યકની પ્રાથમિક અભ્યાસની સ્થિતિ સમજવાવાળો કયો મનુષ્ય આવશ્યકની મહત્તાને નહિ સમજે ? અને વિશેષાવશ્યકકાર જિનભદ્ર-ગણિક્ષમાશ્રમણજીએ પણ आइए વિગેરે કહી આવશ્યકસૂત્ર અને તેના અર્થનું દેવું તથા લેવું સર્વ સૂત્ર અને અનુયોગની આદિમાંજ જણાવેલું છે તે સ્પષ્ટજ છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૮૪)

✲ ✲ ✲




## મહાપુરુષ વાલીજીએ રાવણને કરેલી શિક્ષામાં વીતરાગતા હતી કે ? તીર્થના દ્રોહી રાવણ ઉપર દ્વેષ હતો કે નહિ ?

**પ્રશ્ન ૭૮૯** - જૈનરામાયણના પાઠના આધારે મહાપુરુષ વાલી મુનીશ્વરે રાવણને કરેલી શિક્ષા ક્રોધાદિ વિના (વીતરાગપણામાં) હતી એમ ખરૂં ?

**સમાધાન** - ત્રિષષ્ટીયશલાકાપુરુષચરિત્રના રચયિતા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચન્દ્રસૂરિજી મહારાજ સાતમા પર્વમાં જણાવે છે કે રાવણ વિમાનમાં બેસીને શ્રી અષ્ટાપદજી તીર્થ ઉપર થઈને જતો હતો તે વખતે સ્વાભાવિક રીતે કે સ્થાવર તીર્થમાં શિરોમણિ શ્રી અષ્ટાપદજી તીર્થને અથવા જંગમ તીર્થભૂત મહાત્મા વાલીજી જેઓએ પૂર્વ અવસ્થામાં રાવણ ઉપર કથંચિત્ વિજય મેળવ્યો હતો તે, મહાત્મા પ્રતિમા-કાયોત્સર્ગમાં બિરાજેલા છે, તેથી એ ત્રણ કારણોમાંથી કોઈપણ કારણે તે રાવણનું વિમાન ત્યાંજ અષ્ટાપદજીની એક તરફ કિલ્લાથી લશ્કર રોકાય તેમ રોકાઈ ગયું. તેથી રાવણ ક્રોધે ભરાઈ રોકનારને શિક્ષા કરવા શ્રી અષ્ટાપદજીના શિખરને જોવા લાગ્યો. અનુક્રમે તે શ્રી અષ્ટાપદજી ઉપર કાઉસ્સગ્ગધ્યાનમાં રહેલા મહાત્મા વાલીજીને જોઈને રાવણને અત્યંત ક્રોધ ચઢયો અને મહાત્મા વાલીજીને 'તે કપટથી વ્રત લીધું છે, તું જગતને ઠગવા માટે છે' પ્હેલાં પણ ત્હેં માયાથી મ્હને ભારવાહકની માફક વ્હેવડાવ્યો હતો અને હું પાછું તેનું સાટું વાળીશ એ શંકાથીજ ત્હેં દીક્ષા લઈ લીધી છે, હજી પણ હું તેજ છું, મ્હારા બાહુઓ પણ તેજ છે, સંપૂર્ણપણે ત્હારા કરેલાનો બદલો હું હમણાં વખતસર કરૂં છું, જેવી રીતે ચંદ્રહાસ ખડ્ગ સાથે મ્હને ઉપાડીને તું દરીયામાં ફર્યો હતો તેવી રીતે તને પર્વત સાથે ઉપાડીને લવણસમુદ્રમાં ફેંકી દઈશ એમ કહી આકાશથી પડેલી વીજળી જેમ જમીનને ભેદી નાખે તેવી રીતે જમીનને ભેદીને અષ્ટાપદજી

પર્વતના તળીયે પેઠો અને એકી સાથે હજાર વિદ્યાઓને સંભારીને બલમદથી ભરાયેલ તે રાવણે તે દુર્ધર એવા અષ્ટાપદ પર્વતને ઉંચક્યો. તે વખતે તડતડ શબ્દ થવા લાગ્યો વ્યંતર દેવતા ત્રાસ પામ્યા, ઝલઝલ શબ્દ કરતા ચંચલ સમુદ્રથી પૃથ્વી તલ પુરાવા લાગ્યું, ખડખડ કરતા પડતા પર્વતના મ્હોટા પત્થરોથી વનના હાથીઓના ચૂરા થવા માંડયા, કડકડ કરતા તે નગરના ઉપવનોનાં વૃક્ષો ભાંગી જવા લાગ્યાં, એવી રીતે પર્વતને રાવણે ઉપાડયો છે. એમ એક, અનેક લબ્ધિના દરીયા એવા તે વાલીમુનિએ અવધિજ્ઞાનથી જાણીને નિર્મળ બુદ્ધિવાળા એવા તે વાલીમુનિજીએ એમ વિચાર કર્યો કે અરે આ દુષ્ટ બુદ્ધિવાળો રાવણ મ્હારા દ્વેષથી અકાલે અનેક પ્રાણીઓનો સંહાર કરે છે, અને મહારાજા ચક્રવર્તી ભરતે કરાવેલ ચૈત્યનો નાશ કરીને ભરતક્ષેત્રના ભૂષણરૂપ તીર્થનો વ્યુચ્છેદ કરવાનો પ્રયત્ન કરે છે. જો કે મ્હેં સર્વથા પરિગ્રહનો ત્યાગ કરેલો છે. મ્હારા શરીરમાં મને મમતા નથી, હું રાગદ્વેષ વગરનો છું અને સમતાજલમાં નિમગ્ન છું તો પણ ચૈત્યના બચાવ માટે અને પ્રાણીઓના રક્ષણ માટે રાગદ્વેષ વગરજ એને કંઈક શિક્ષા કરૂં, એમ વિચારી તે મહાત્મા વાલીજીએ અષ્ટાપદજીની ટોચને લીલા માત્રથી પગના અંગુઠાથી દબાવી, આ દબાણથી મધ્યાહ્નકાલની શરીરની છાયા માફક પાણી બ્હાર રહેલા કાચબાની માફક ચારે બાજુથી શરીર સંકોચાયું છે જ્હેનું એવો રાવણ થઇ ગયો અને જ્હેના હાથના કકડેકડકા થવા લાગ્યા છે એવો તે મ્હોંથી લોહી ઓકતો પૃથ્વીને પણ ચીશ પડાવતો પોતે ચીશ પાડવા લાગ્યો, ખરી રીતે તે ચીશ પાડનાર કે પડાવનાર થઇ રાવણ (નામવાળો) બન્યો. તે રાવણની ચીશને સાંભળીને દયાળુ તે વાલીમુનિજીએ રાવણને જલદી છોડી મૂક્યો. (કેમકે) તે અષ્ટાપદજી દબાવવાનું કાર્ય માત્ર રાવણને શિક્ષા માટેજ કર્યું હતું પણ રાવણ ઉપર ક્રોધ લાવીને કર્યું ન્હોતું પછી રાવણ તે અષ્ટાપદ પર્વતના તળીએથી નીકળીને પ્રતાપ વગરનો પણ પશ્ચાત્તાપવાળો વાલી મુનિજી પાસે આવી નમસ્કાર કરી હાથ જોડી કહેવા લાગ્યો - નિર્લજ્જ એવો હું વારંવાર તમારા અપરાધો કરનારો છું અને હે મહાત્મન્ ! તમો શક્તિમાન્ છતાં પરમકૃપાળુ હોવાથી સહન કરનારા છો. (હવે) હું માનું છું કે હે ભગવાન્ ! તમોએ મ્હારા ઉપર દયા લાવીને રાજ્ય છોડી દીધું છે પણ અશક્તિથી તમે રાજ્ય છોડયું નથી. આ વાત મ્હેં પ્હેલાં જાણી ન્હોતી, અને તેથી હે સ્વામિન્ ! અજ્ઞાનથી હાથીના બચ્ચાની માફક પર્વત ફેંકવામાં મ્હારી શક્તિ ફોરવી, પણ હવે પર્વત અને રાફડા તથા ગરૂડ અને ગૃદ્ધની માફક આપણા અને મ્હારા વચ્ચેના આંતારાનું જ્ઞાન મ્હને થયું. મોતના કાંઠે ગયેલા મ્હને તમે પ્રાણો અર્પ્યા ને અપકાર કરવાની ટેવવાળા મ્હારા ઉપર જ્હેની એટલી બધી દયામય બુદ્ધિ છે એવા આપને નમસ્કાર હો ! ! એવી ઉત્કૃષ્ટ ભક્તિથી બોલતો વાલીજીને ખમાવીને ત્રણ પ્રદક્ષિણા કરી રાવણે નમસ્કાર કર્યો આ વખતે વાલીજીના મહિમાથી આનંદ પામેલા ધન્યવાદને આપતા દેવોએ શ્રી વાલીમુનિવર્ય ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

ઉપરોક્ત હકીકતનો પાઠ આ પ્રમાણે છે.

नित्यालोकपुरे नित्यालोकविद्याधरेशितुः ।
कन्यां रत्नावलिं नाम्ना तदोद्वोढुं चचाल सः ॥
अष्टापदाद्रेरुपरि गच्छतस्तस्य पुष्पकम् ।
विमानं स्खलितं सद्यो वप्रे बलमिव द्विषाम् ॥
न्यग्राङ्गरं महापोतमिव बद्धमिव द्विपम् ।

विमानं रुद्धगतिकं प्रेक्ष्याकुप्यद्दशाननः ॥२३७॥
को मद्विमानस्खलनाद्विविक्षति यमाननम् ।
एवं वदन् समुत्तीर्य सोऽद्रिमूर्धानमैक्षत ॥२३८॥
अधस्तात् स विमानस्य ददर्श प्रतिमास्थितम् ।
वालिनं तस्य शैलस्य नवं श्रृङ्गमिवोत्थितम् ॥
ऊचे च रावणः क्रुद्धो विरूद्धोऽद्यापि मय्यसि।
व्रतं वहसि दम्भन जगदेतद्दिदम्भिषुः ॥२४०॥
कयाऽपि माययाऽग्रेऽपि मां वाहीक इवावहः ।
प्राव्राजीः शङ्कमानोऽस्मत्कृत प्रतिकृतं खलु ॥२४१॥
नन्वद्यापि स एवास्मि त एव मम बाहवः।
कृतप्रतिकृतं तत्ते प्राप्तकालं करोम्यहम् ॥२४२॥
स चन्द्रहासं मामूढ्या यथाभ्राम्यस्त्वमब्धिषु ।
तथा त्वां साद्रिमुत्पाट्य क्षेप्स्यामि लवणार्णवे ॥
एवमुक्त्वा विदार्य क्ष्मामष्टापदगिरेस्तले ।
प्रविवेश दशग्रीवश्च्युतो दिव इवाशनिः ॥२४४।
विद्यासहस्त्रं स्मृत्वा च युगपद्दशकन्धरः।
धरं दुर्धरमुद्दधे तं दोर्बलमदोद्धुरः ॥२४५॥
तउत्तडितिनिर्घोषं वित्रस्तव्यन्तरामरम् ।
जलज्झलिति लोलाब्धिपूर्यमाणरसातलम् ॥२४६॥
खडत्खडिति बिभ्रश्यद्ग्रावक्षुण्णवनद्विपम् ।
कडत्कडितिनिर्भग्ननितम्बोपवनद्रुमम् ॥२४७॥
गिरिं तेनोध्धृतं ज्ञात्वाऽवधिना स महामुनिः ।
अनेकलब्धिनद्यब्धिरिति दध्यौ विशुद्धधीः ॥२४८॥
॥त्रिभिर्विशेषकम् ॥
आःकथं मयि मात्सर्यादयमद्यापि दुर्मतिः ।
अनेकप्राणिसंहारमकाण्डे तनुतेतराम् ॥२४९॥
भरतेश्वरचैत्यं च भ्रंशयित्वैष सम्प्रति ।
यतते तीर्थमुच्छेत्तुं भरतक्षेत्रभूषणम् ॥२५०॥
अहं च त्यक्तसङ्गोऽस्मि स्वशरीरेऽपि निःस्पृहः ।
रागद्वेषविनिर्मुक्तो निमग्नः साम्यवारिणि ॥२५१॥
तथापि चैत्यत्राणाय प्राणिनां रक्षणाय च ।
रागद्वेषौ विनैवैनं शिक्षयामि मनागहम् ॥२५२॥
एवं विमृश्य भगवान् पादाङ्गुष्ठेन लीलया ।
अष्टापदाद्रेर्मूर्धानं वाली किञ्चिदपीडयत् ॥२५३॥
मध्याह्नदेहछायावत् पयो बाह्वस्य कूर्मवत् ।
अभितः सङ्कुचन्द्गात्रो दशास्यस्तत्क्षणादभूत् ॥
अतिभङ्गुरदोर्दण्डो मुखेन रूधिरं वमन् ।
अरावीद्रावयन्नुर्वी रावणस्तेन सोऽभवत् ॥२५५॥
तस्य चारटनं दीनं श्रुत्वा वालीकृपापरः ।
मुमोचाशु तत्कर्म शिक्षामात्राय न क्रुधा॥२५६॥
निःसृत्य दशकण्ठोऽथ निःप्रतापोऽनुतापवान् ।
उपेत्य वालिनं नत्वा व्याजहारेत्युदञ्जलिः ॥२५७॥
भूयो भूयोऽपराधानां कर्ताहं त्वयि निस्त्रपः।
उत्कृपस्त्वं च सोढासि महात्मन् शक्तिमानपि ॥२५८॥
मन्ये मयि कृपां कुर्वन्नुर्वी प्रागत्यजः प्रभो ! ।
न त्वसामर्थ्यतस्तत्तु नाज्ञासिषमहं पुराः ॥२५९॥
अज्ञानान्नाथ ! तेनेयं स्वशक्तिस्तोलिता मया ।
अद्रिपर्यसने यत्नं कलभेनेव कुर्वता ॥२६०॥
ज्ञातमन्तरमद्येदं भवतश्चात्मनोऽपि च ।
शैलवल्मीकयोर्यादृग्यादृग्गरूडभासयोः ॥२६१॥
दत्ताः प्राणस्त्वया स्वामिन् ! मृत्युकोटिं गतस्य मे ।
अपकारिणि यस्येयं मतिस्तस्मै नमोऽस्तु ते ॥२६२॥
दृढभक्त्येति भाषित्वा क्षमयित्वा च वालिनम् ।
त्रिश्च प्रदक्षिणीकृत्य नमश्चक्रे दशाननः ॥२६३॥
तादृङ् माहम्यमुदिताः साधु साध्विति भाषिणः ।
उपरिष्टाद्वालिमुनेः पुष्पवृष्टिं व्यधुः सुराः ॥२६४॥

એવીજ રીતે આચાર્યપુરંદર શ્રી વિમલાચાર્ય મહારાજે શ્રી પઉમચરિયમમાં પણ લગભગ આ પ્રમાણેજ જણાવ્યું છે, તેનો પાઠ આ પ્રમાણે છેઃ

निच्चालोए नयरे निच्चालोयस्स खेयरिंदस्स ।
रयणावलित्ति दुहिया सिरिदेवी गब्भसंभूया ।५२।
तीए विवाहहेउं पुप्फविमाणट्ठियस्स गयणयले ।
वच्चंतस्स निरुद्धं, जाणं अट्ठावयस्सुवरि ॥५३॥
दट्ठूण य वच्चंतं पुप्फविमाणं तओ परमरुट्ठो ।
पुच्छइ रक्खसनाहो, मारीइ किमेरिसं जायं ॥५४॥
अह साहिउं पयत्तो, मारीइ कोऽविनाह मुणिवसहो ।
तप्पइ तवं सुघोरं सुराभिमुहो महासत्तो ॥५५॥
एयस्स पभावेणं जाणविमाणं न जाइ परहुत्तं ।
अवयरह नमोक्कारं, करेह मुणिपावमहणस्स ॥
ओयारियं विमाणं पेच्छइ कविलासपव्वयं रम्मं ।
दूरुन्नयसिहरोहं, मेहंपि व सामलायारं ॥५७॥
घणनिवहतरुणतरुवरकुसुमालिनिलीएगुमुगुमायारं ।
निज्झरवहंतनिम्मलसलिलोहप्फुसियवरकडयं ॥
कडयतडकिन्नरोरगगंधव्वुग्गीयमहुरनिग्घोसं ।
मयमहिससरहकेसरिवराहरुरुगयउलाइण्णं ॥५९॥
सिहरकरनियरनिग्गयनाणाविहरयणमणहरा लोयं ।
जिणभवणकणयनिम्मियउब्भासेंतं दस दिसाओ ॥
अवइण्णो दहवयणो अह पेच्छइ साहवं तहिंवाली ।
जाणपइट्ठियभावं आयावंतं सिलावट्टे ॥६१॥
विच्छिण्णविउलवच्छं तवसिरिभरियं पलंबभुयजुयलं।
अचलियजाणारुढं मेरुंपि व निच्चलं धीरं ॥६२॥
संभरिय पुव्ववेरं भिउडिं काऊण फरुसवयणेहिं ।
अह भणिऊण पवत्तो दहवयणो मुणिवरं सहसा ॥
अइसुंदरं कयं ते तवचरणं मुणिवरेण होऊणं ।
पुव्वावराहजणिए जेण विमाणं निरुद्धं मे ॥६४॥
कत्तो पव्वजा ते कत्तो तवसंजमो सुचिण्णोऽवि ।
जं वहसि रागदोसं तेण विहत्थं तुमे सव्वं ॥६५॥
फेदेमि गारवं ते एयं चिय पव्वयं तुमे समयं ।
जम्मूलिऊण सयलं घत्तामि लहुं सलिलनाहे ॥६६॥
काऊण घोररुवं रुट्ठो संभरिय सव्वविज्जाओ ।
अह पव्वयस्स हेट्ठा भूमिभेत्तुं चिय पविट्ठो ॥६७॥
हक्खुविऊण पयत्तो भुयासु सव्वायरेण उप्पिच्छो ।
रोसोऽणलरत्तत्थो खरमुहररवं पकुव्वंतो ॥६८॥
आकंपियमहिवेढं विहदियदढसंधिबंधणामूलं ।
अह पव्वयं सिरोवरि भुयासु दूरं समुद्धरइ ॥६९॥
लंबंतदीहविसहरभीउद्दुयविविहसावयविहंगं ।
तडपडणखुभियनिज्झरचलंतघणसिहरसंघायं ।७०।
खरपवणरेणुपसरियगयणयलोच्छइय दसदिसायक्कं।
जायंतमंधयारं तहियं अट्ठावउद्धरणे ॥७१॥
उव्वेल्ला सलिलनिही विवरीयं चिय वहंति सरियाओ।
निग्घायपडंतरवं उक्कासणिगब्भिणं भुवणं ॥७२॥
विज्जाहराऽवि भीया असिखेडयकप्पतोमरविहत्था ।
किंकिं ति उल्लवंता उप्पइया नहयलं तुरिया ॥७३॥
परमावहीए भगवं वाली नाऊण गिरिवरुद्धरणं ।
अनुकंपं पडिवन्नो भरहकयाणं जिणहराणं ॥७४॥
एयाण रक्खणट्ठं करेमि नय जीवियव्वयनिमित्तं ।
मोत्तूण रागदोसं पवयणवच्छल्लभावेण ॥७५॥
एव मुणिऊण तेणं चलणंडगुट्ठेण पीलियं सिहरं ।
जह दहमुहो निविट्ठो गुरुभरभारोणयसरीरो ॥
विहडतमउडमोत्तियनमियसिरो गाढसिढिलसव्वंगो ।
पगलंततक्खणुप्पन्नसेयसंघायजलनिवहो ॥७७॥
ववगयजीयासेणं रवो कओ जेण तत्थ अइघोरो ।
तेणं चिय जियलोए विक्खाओ रावणो नामं ॥
सोऊण मुहरवं तं मूढा सन्नज्झिऊ ण सूरा ।
किं किं ति उल्लवंता भमंति पासेसु चलवेगा ।७९।
मुणितवगुणेण सहसा दुंदुहिसद्दो नहे पवित्थरिओ ।
पडिया य कुसुमवुट्ठी सुरमुक्का गयणमग्गाओ ॥
जाहे अणायरेणं सिढिलो अंगुट्ठओ कओ सिग्घं
मोत्तूण पव्वयवरं विणिग्गओ दहमुहो ताहे ॥८१॥
सिग्घं गओ पणाप्रंम दसाणणो मुणिवरं खमावेउं ।
थोऊण समाढत्तो तवनियमबलं पसंसंतो ॥८२॥

मोत्तूण जिणवरिंदं अन्नस्स न पणमिओ तुमं जंसे ।
तस्सेयं बलमउलं दिट्ठं चिय पायडं अम्हे ॥८३॥
रूवेण य सीलेण य बलमाहप्पेण धीरपुरिस ! तुमे ।
सरिसो न होई अन्नो सयले ऽवि य माणुसे लोए ॥
अवकारिस्स मह तुमे दत्तं चिय जीवियं न संदेहो ।
तहऽवि य खलो अलज्जो विसयविरागं न
गच्छामि ॥८५॥
धन्ना ते सप्पुरिसा जे तरुणत्ते गया विरागत्तं ।
मोत्तूण संतविहवं निस्संगा चेव पव्वइया ॥८६॥
एवे थोऊण मुणी दसाणणो जिणहरं समल्लीणो ।
निययजुवईहि सहिओ रएइ पूयं अइमहंतं ॥८७॥
( पउमचरियं उ.९ )

આ બન્નેય ગ્રન્થોના પાઠો લગભગ સંપૂર્ણ ભાવાર્થ સાથે આપવામાં આવ્યા છે, તે એટલા માટે કે મહાત્મા વાલી મુનિજીના કયા કયા વાક્યોનો કયા કયા રાવણના વાક્યો સાથે સંબંધ છે અને તેમાં જણાવેલ ક્રોધનો અભાવ કે સૂચવેલ દ્વેષનો અભાવ માત્ર રાવણના વિચારના પ્રત્યાઘાતને અંગે છે કે વાસ્તવિક રીતિએ પોતાના આત્માની સર્વથા નિષ્કષાયતા જણાવી વીતરાગતા જણાવવા માટે છે તે સમજી શકાય.

જો કે આ બેય ગ્રન્થરત્નોમાં પઉમચરિયં તો ત્રિષષ્ટીયશલાકાપુરુષચરિત્ર કરતાં ઘણુંજ પૂર્વકાલમાં બનેલું છે. અરે એમ કહીયે તો પણ ચાલે કે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચન્દ્રસૂરિજીએ ત્રિષષ્ટીશલાકાપુરુષના ચરિત્રો રચવામાં તે પઉમચરિયનો મ્હોટો આધાર લીધેલો છે. પૂર્વકાલની હકીકતને સત્યપણે જણાવવા ઈચ્છનાર પ્રામાણિક પુરુષ પૂર્વકાલીન મહાત્માઓના વચનને અવલંબીને જણાવે તેમાં તે જણાવનાર મહાપુરુષની અંશે પણ ન્યૂનતા નથી પણ અધિકતાજ છે, છતાં ત્રિષષ્ટીય શલાકાચારિત્રનો પાઠ એટલા માટે પ્હેલો આપ્યો છે કે પ્રશ્નકારકને તે જૈનરામાયણનું વાચન અને શ્રવણ હોવા સાથે તેના વાક્યોથીજ ભગવાન્ વાલીજીને નિષ્કષાયતા એટલે વીતરાગતાથીજ લબ્ધિનો પ્રયોગ કરવાનું થયું છે, અને તેથી તે લબ્ધિપ્રયોગમાં એક અંશે પણ અપ્રશસ્તપણું નથી એમ માનવાનું થયું છે, અને તેવું માનીનેજ તે પ્રશ્નકાર એમ સાબીત કરવા અને સમજાવવા માગે છે કે વીતરાગપણામાં અપરાધીને સજા કરવાનું બને છે, તથા અપરાધી ઉપર ઉપેક્ષાભાવના કરવી એ જૈનશાસનની સર્વથા વિરૂદ્ધજ છે, અર્થાત્ હોયજ નહિ. અર્થાત્ અવગુણિજીવ ઉપેક્ષાભાવનાનો વિષય હોય પણ અપરાધી જીવ તો ઉપેક્ષાભાવનાનો વિષય હોયજ નહિ અને તેથી અપરાધીયોની ઉપર દ્વેષવૃત્તિ રખાય અને તેને જે તાડન તર્જન કરાય તે નિર્જરારૂપજ છે એમ સમજાવવા માગે છે. હવે આ બન્ને શાસ્ત્રો અને બીજા સૂત્રગ્રન્થોને અનુસરીને વિચાર કરીયે, તેમાં નીચેની બાબતોનો ક્રમસર વિચાર કરવો જરૂરી છે.

(૧) તે વખત વીતરાગ અવસ્થામાં મહારાજા વાલી હતા કે નહિ ?

(૨) વીતરાગ અવસ્થામાં લબ્ધિનું ફોરવવું હોય કે નહિ ?

(૩) વાલી મહારાજા લબ્ધિવાળા હતા કે નહિ?

(૪) વાલી મહારાજાએ લબ્ધિદ્વારાએ અને તે કઈ લબ્ધિથી તે અષ્ટાપદજીને દબાવ્યો ?

(૫) છતી લબ્ધિ અપરાધીની શિક્ષા માટે ન ફોરવે તો ક્ષમા ગણાય ખરી ?

(૬) લબ્ધિ ફોરવીને કરાતી અપરાધીની શિક્ષામાં સર્વથા કર્મબંધનું કારણજ નથી એમ કહેવાય ?

(૭) અપરાધીને કરાતી શિક્ષા નિર્જરાની સાથે સંબંધ રાખે છે કે કેમ ?

(૮) વાલિમુનિજી ક્રોધ વગર સજા કરી કહે છે તેનું તત્વ શું ?

(૯) શિક્ષા કરવામાં પારિતાપનિકી ક્રિયા હતી કે ?

(૧૦) પારિતાપનિકી ક્રિયા પ્રાદ્વેષિકી ક્રિયા વિના હોય ખરી ?

(૧૧) છદ્મસ્થની કોઈપણ ક્રિયા અધિકરણ અને પ્રદ્વેષ વિનાની હોય ખરી ?

(૧૨) અવગુણી કે અપરાધી ઉપર થતા દ્વેષને પ્રશસ્તદ્વેષ કહેવાય ખરો ?

આ ઉપર જણાવેલા મુદ્દાઓનો ક્રમસર વિચાર કરતાં આખા પ્રશ્નનો બરોબર નિકાલ થઈ જશે.

આ બધા મુદ્દાઓનો વિચાર કરવા પહેલાં એટલું તો જણાવવાની જરૂર છે કે આ સમાધાનથી મહામુનિ વાલીજી તરફ ભક્તિભાવની ઓછાસ કરવાની નથી કે વાલીજીના તીર્થભક્તિના કાર્યની નિંદા કરવાની નથી એ વાત ધ્યાનમાં રાખવી.

(૧) પ્હેલા મુદ્દાના નિર્ણયમાં ચોકખું છે કે વાલી મુનિજી તે વખતે વીતરાગ નથી, કેમકે સર્વજ્ઞ પણા શિવાયનું વીતરાગપણું માત્ર અંતર્મુહૂર્તકાલજ હોય. અને મહાત્મા વાલીજીને કેવલજ્ઞાન એટલે સર્વજ્ઞપણું તો કાલાંતરે થયું છે, એમ રાવણ અને રત્નાવલીના લગ્ન થયા પછી રાવણ લંકાએ ગયા પછીના અધિકારમાં આવેલા

वालिनोऽपि तदोत्पेदे केवलज्ञानमुज्ज्वलम् ।
केवलज्ञानमहिमा विदधे च सुरासुरैः ॥२७८॥

(ત્રિષ્ટીય શ. ચ. પર્વ સાતમું)

આ શ્લોકથી સ્પષ્ટ થાય છે, તેમ પઉમચરિયંમાં मासं गमिऊणं એ વાક્ય હોવાથી તે બનાવ પછી એક મહિનાની અંદર કેવલજ્ઞાન નથી પામ્યા.

અર્થાત્ રાવણને શિક્ષા કરવાની વખતે વાલી મહારાજ વીતરાગ ન્હોતા.

(૨) ઉપરના મુદ્દાના નિર્ણયથી ચોકખું થયું છે કે વાલી મુનીશ્વર રાવણને શિક્ષા કરવાની વખતે વીતરાગ અવસ્થામાં હતાજ નહિ, અને વીતરાગ અવસ્થામાં હોય તો કોઈ પણ મનુષ્ય કોઈ પણ જાતની લબ્ધિ ફોરવે નહિ. એમાં પણ બીજાને શિક્ષા કરવા તો લબ્ધિ ફોરવવાનું દૂર રહ્યું પણ મહાવ્રતધારી, ગુરૂભક્ત એવા શિષ્યનો બચાવ કે જેમાં સીધી કે આડકતરી રીતે પણ અન્ય જીવને પરિતાપ પણ ન થાય તે પણ કરાય નહિ. એ વાતનો સ્પષ્ટ ખુલાસો શ્રી ભગવતીજી સૂત્રની વૃત્તિના પાઠથી પણ થઈ જાય છે.

-: જુઓ તે પાઠ :-

तं पभू णं भंते ! गोसाले मंखलिपुत्ते तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करेत्तए ? विसए णं भंते ! गोसालस्स मंखलिपुत्तस्स जाव करेत्तए ? समत्थे णं भंते ! गोसाले जाव करेत्तए ?, पभू णं आणंदा ! गोसाले मंखलिपुत्ते तवेणं जाव करेत्तए विसए णं आणंदा ! गोसाले जाव करेत्तए समत्थे णं आणंदा ! गोसाले जाव करे०, नो चेव णं अरिहंते भगवंते, परियावणियं पुण करेज्जा, जावतिएणं आणंदा ! गोसालस्समंखलिपुत्तस्स तवतेए एत्तो आणंतगुणविसिट्ठयराए चेव तवतेए अणगाराणं भगवंताणं खंतिखमा पुण अणगारा भगवंतो, जावइएणं आणंदा । अणगाराणं भगवंताणं तवतेए एत्तो अणंतगुणबसिट्ठयराए चेव तवतेए थेराणं भगवंताणं खंतिखमा पुण थेरा भगवंतो जावतिएणं आणंदा। थेराणं भगवंताणं तवतेए एत्तो अणंतगुण

विसिट्ठयतराए चेव तवतेए अरिहंताणं भगवंताणं खंति खमा पुण अरिहंता भग तं पभू णं आणंदा! गोसाले मं० पुत्ते तवेणंतेएणं जाव करेत्तए विसए णं आणंदा ! जाव करे० समत्थे णं आणंदा ! जाव करे० नो चेव णं अरिहंते भगवंते, पारियावणियं पुण करेज्जा.

( सूत्रं ५४८ )

(૩) ત્રીજા મુદ્દાનો નિર્ણય કરવાની એટલા માટે જરૂર છે કે ભગવાન્ મહાવીર મહારાજાના આ ઉપસર્ગમાં જેમ ઇન્દ્ર મહારાજે ગોવાળીયા વિગેરેને સજા કરી હતી કે જેમ તેજોલેશ્યા ગોશાલે ભગવાન્ ઉપર મ્હેલી હતી અને તે પાછી ફરી ગોશાલાના શરીરમાં પેઠી અને તેથી ગોશાલાને મહાવેદના થઇ. તેમાં ભગવાન્ મહાવીર મહારાજા તે પીડાના કર્તા નથી, તેમ અહિં મહારાજા વાલી જો લબ્ધિવાળા ન હોય, અને કોઇ તરફથી રાવણને શિક્ષા થઇ હોય તો તેમાં વાલી મુનીશ્વરને ક્રિયા કે કર્મ લાગવાનો સંબંધ ન રહે, પણ જો મહારાજા વાલી લબ્ધિવાળા હોય અને તેઓએ જો પોતાની લબ્ધિના પ્રયોગથીજ રાવણને શિક્ષા કરી હોય તોજ તે લબ્ધિ ફોરવવાના કારણભૂત એવા પ્રમાદવાળા થાય અને તે રાવણને તેઓએ આ શિક્ષા પરિતાપ કરવા માટે કરી હતી એમ માની શકાય. તેઓ ઘણી લબ્ધિઓ ધારણ કરનારા છે વાત તો 'वालिभट्टारकस्याथोत्पेदिरे लब्धयः क्रमात्'

આ ત્રિષષ્ટીયશલાકાપુરુષચરિત્રના વચનથી સ્પષ્ટજ છે.

(૪) ચોથા મુદ્દાના વિચારમાં ત્રિષષ્ટીયના तं मुमोचाशु તે રાવણને છોડી મૂક્યો એવા અર્થના વાક્યથી તેમજ પઉમચરિયંના 'जाहे अणायरेणं सिढिलो अंगुट्ठओ कओ'

જ્યારે વાલી મુનિજીએ તે અષ્ટાપદજીને દબાવનાર અંગુઠો જલદી ઢીલો કર્યો એ અર્થવાળા વાક્યથી સ્પષ્ટ થાય છે કે તે વાલી મુનિજીએ રાવણને શિક્ષા માટે પરિતાપ કરવાજ અષ્ટાપદજીની ટોચ અંગુઠાથી દબાવી હતી ને પછી તે દબાણ ઢીલું કર્યું ત્યારેજ રાવણ તે અષ્ટાપદજી નીચેથી નીકળી શક્યો. આમર્શૌષધિઆદિ લબ્ધિઓમાં એવી કઇ લબ્ધિ છે કે જેના પ્રતાપે મહારાજા વાલી સાથે આખા અષ્ટાપદજીને ઉપાડીને દરિયા ફેંકવાની શક્તિવાળા રાવણને તે ભાર સહન કરવો ભારે પડે ? આવી શંકાના સમાધાનમાં ગરિમા નામની સિદ્ધિ એવી જબરદસ્ત છે કે જેના ભારને રાવણ તો શું પણ દેવતા અને ઇંદ્રને પણ સહન કરવુ મુશ્કેલ પડે. જુઓ ત્રિષષ્ટીયમાં ભગવાન્ આદીશ્વરચરિત્રમાં તે સિદ્ધિ-લબ્ધિનું નિરૂપણ वपुर्गरिमशक्तिश्चवज्रा दप्यतिगरीयसी । साऽभूत्तेषां न या सह्या शक्राद्यैस्त्रिदशैरपि ॥१॥ અર્થાત્ મહાત્મા વાલીજીએ ગરિમાશક્તિથી તેવું કાર્ય કર્યું કે જેથી રાવણને દુઃસહ થઇ પડયું. એટલુંજ નહિ પણ ત્રિષષ્ટીયના तस्य चारटनं श्रुत्वा-अरावीद्रावयन्नुर्वीं એ વાક્યોથી તથા પઉમચરિયના ववगयजीयासेण रवोकओ जेण तत्थ अइघोरो विक्खाओ रावणो नामं આ વાક્યથી સ્પષ્ટ છે કે તે કાર્ય તે રાવણને એટલું ભારે પડયું કે તે દબાણથી રાવણ સરખાને મરવાની ઘડી દેખાઇ અને ચીસ પાડી પૃથ્વીને પણ રોવડાવી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૨૨)




## -: ક્રિયાની આવશ્યકતા :-

(ગતાંકથી ચાલુ)

### ધર્મકાર્યોને ફરજ ગણો છો કે વેઠ ?

જે વસ્તુ સમ્યગ્દર્શનમાં છે તેજ વસ્તુ સમ્યગ્જ્ઞાનમાં પણ સમજવાની છે. ધારો કે આવતી કાલે જ જ્ઞાનપૂજાનો તહેવાર આવે છે. કોઈ કોઈ નંગ તો એવા પડયા છે કે આવતી કાલે આ મહાન્ ઉત્સવ હોય તોપણ આજે તો તેમને તેની માહિતી પણ ન હોય ! વારૂ, જેને એ તહેવાર આવતી કાલે આવે છે એવી માહિતી હશે તે પણ શું કરશે તે વિચારી લો. તેવો માણસ ચાર બરૂ અને કાગળ ભેગા કરશે! જ્ઞાનને તમે શ્રેષ્ઠ ગણો છો, તેના વિના સઘળો અંધકાર છે એમ ગણો છો જ્ઞાનને દીવારૂપે અથવા સૂર્યરૂપે ગણો છો, પરંતુ તેની કિંમત માત્ર ચાર બરૂ અને એક ફુલ્સકેપકાગળ જેટલીજ કરો છો. કદી જ્ઞાનપૂજાને અંગે બરૂ અને ધોળો કાગળ ભેગા કરતી વખતે તમોને એવો વિચાર સરખો પણ આવ્યો છે ખરો કે જિંદગીના કાર્યો જેમ મારી ફરજને અંગે કરૂં છું, મારૂં કર્ત્તવ્ય ગણીને કરૂં છું અને સાચી ધગશ રાખીને કરૂં છું, તેમ મારે આ કાર્ય પણ મારૂં કર્ત્તવ્ય ગણીને કરવાનું છે, મારી ફરજ સમજીને મારે આ કાર્ય કરવાનું એવો તમોને કદી વિચાર સરખો પણ આવ્યો છે ખરો ?

### જીવ જાય તો ભલે, રંગ રહેવો જોઇએ !

એકલા પુસ્તકનેજ બહુમાન આપો તેથી તમારી જ્ઞાનપૂજા પૂર્ણતાને પામે છે એમ માનશો નહિ. પુસ્તક એટલેજ ખુદ જ્ઞાન નથી. તમે એ વાત તો સારી રીતે જાણો છો કે પુસ્તક એ તો માત્ર જ્ઞાનનું સાધન છે. પુસ્તક એજ ખુદ જ્ઞાન નથીજ. પુસ્તકને તમે ખમાસણા દેશો પરંતુ તેથીજ કાં તમારૂં કાર્ય પુરૂં થવાનું નથીજ જ્ઞાનીના બહુમાનને અંગે તમારી શી દશા છે તેનો વિચાર કરજો. જ્ઞાનીનું બહુમાન કરવું એ જ્ઞાનપૂજાજ છે, એ ખરેખરી જ્ઞાનપૂજા છે, પરંતુ તેમાં તમારો પગ કેટલે સુધી પહોંચ્યો છે ? પુસ્તકની અંદરજ ગણધર, સાધુ, સાધ્વી, આચાર્ય

ઈત્યાદિ હોય તે સંબંધી શું તેમોને જરાય વિચાર આવ્યો છે ? માત્ર તમે એક સિદ્ધાંત પકડી રાખો છો કે "જીવડો ગયો, પણ રંગ તો રહ્યો !" જીવ જાય તેની તમોને ચિંતા નથી પરંતુ તમારે તો માત્ર રંગ રાખવો છે. આ તમારી મનોદશા કેવી છે તે તપાસો. જ્ઞાનીને ન ઓળખી શકો, જ્ઞાનીના બહુમાનને અંગે તમે તમારી ફરજ ન બજાવી શકો તેનો તમારે વાંધો નથી માત્ર તમારે તો જ્ઞાનનું સાધન એ પૂંજવું છે અને તે પૂંજીને પણ તમારે જ્ઞાનપૂજા કરી છે એનો સંતોષ મેળવવો છે ? તમે જો જ્ઞાનપૂજાની તમારી ફરજ પાર પાડવા ઈચ્છતા હો તો તમારે સૌથી પહેલાં તો જ્ઞાન કોને કહેવું એજ જાણવાની જરૂર છે. તમે જ્યાં સુધી જ્ઞાન એટલે શું તેજ નથી જાણ્યું ત્યાં સુધી તમારી જ્ઞાનપૂજા અધુરી છે.

## મોક્ષ આપે તેજ જ્ઞાન છે.

જૈનશાસન તો સ્પષ્ટ રીતે એવો જવાબ આપે છે કે જે કાંઈ સમ્યગ્દર્શન પૂર્વક થાય છે તેજ માત્ર જ્ઞાનની છાપ પામે છે. જે જ્ઞાન સમ્યગ્દર્શન પૂર્વકનું નથી તે જ્ઞાન ઉપર સમ્યકત્વની છાપ પડી શકવાનીજ નથી એની ખાતરી માનજો. સમ્યગ્દર્શનપૂર્વકનું જે જ્ઞાન થાય છે તે કેવું જ્ઞાન છે તેનો વિચાર કરો. જે જ્ઞાન મોક્ષને દૃષ્ટિઓમાં રાખે છે અથવા તો જે જ્ઞાનથી માત્ર મોક્ષ અને મોક્ષની સામગ્રી જ મળે છે અને જે જ્ઞાનથી મોક્ષ સિવાય બીજી કાંઈપણ વસ્તુ અથવા તો બીજી કાંઈ પણ વસ્તુની સામગ્રી મળતી નથી તેજ માત્ર એક જ્ઞાન છે. આવું જે કાંઈ છે તેના ઉપર જ માત્ર જ્ઞાનની છાપ પડે છે બીજા ઉપર નહિ. હવે સમ્યગ્જ્ઞાનની આગળ મૂકાએલું જે દ્રવ્ય તેનો ઉપયોગ કેવો હોવો જોઈએ તેનો વિચાર કરો. આજના લોકોની દાનત એ છે કે આ મોક્ષને અનુલક્ષીને જે જ્ઞાન છે તે જ્ઞાનની આગળ મૂકાએલા પૈસા પણ તેઓ પોતાના વ્યાવહારિક કેળવણી કામમાં વાપરવા માગે છે અથવા તો પોતાના છોકરાના વ્યાવહારિક શિક્ષણની પાછળ તે ખરચવા છે ! તમારે જ્ઞાનનું કટ્ટર વિરોધી એવું જે વ્યાવહારિક શિક્ષણ છે તેને જ્ઞાન બનાવવું છે, એને જ્ઞાન માનવું છે અને તે જ્ઞાનની પાછળ પૈસા ખરચવા છે ! હવે વિચાર કરો કે ક્યાં જૈનશાસનનું ઉચ્ચતમ જ્ઞાન અને ક્યાં આજનું તમારૂં વ્યાવહારિક શિક્ષણ ? જ્ઞાનના પૈસા જે વ્યાવહારિક શિક્ષણ પાછળ ખરચાવવા માગે છે તેની દશા કેવા પ્રકારની ગણશો ?

## જૈનત્વ એ સગવડીઓ ધર્મ નથી.

જ્ઞાનની વ્યાખ્યા જૈનશાસન બહુજ સારી રીતે આપે છે. જૈનશાસન કહે છે કે પહેલાં સમ્યગ્દર્શન થવું જોઈએ, સમ્યગ્દર્શન થાય અને તે થવાપૂર્વક મોક્ષને અંગે ઉપયોગી એવું જે જ્ઞાન થાય તેજ જ્ઞાન છે, અને તેવાજ જ્ઞાન ઉપર જ્ઞાનની છાપ પડે છે. હવે તમે વિચારી લ્યો કે કોર્ટોમાં સાચાજુઠા સાક્ષીઓ ઉભા કરવાની તમારી વકીલવિદ્યા, દેડકાં મારવાની તમારી દાક્તરવિદ્યા, વાંદરાં મારીને પુરુષોને ફરી મરદ બનાવનારી તમારી સાયન્સવિદ્યા એ બધી વિદ્યાઓ એ જ્ઞાન છે કે અજ્ઞાન છે ? કોઈ ગમે તે કહે જૈનશાસન તો એ સઘળી વિદ્યાઓને કદી જ્ઞાન કહેવાને તૈયાર નથીજ ! જૈનશાસનની સમ્યગ્જ્ઞાનની આ વ્યાખ્યા જેવી મુશ્કેલ છે તેવીજ તેની સમ્યક્ચારિત્રની વ્યાખ્યા પણ ભારે મુશ્કેલ છે. જૈનશાસન એ સગવડીયો ધર્મ નથી. સાધુનાં કપડાં પહેરી લીધાં તેથીજ તેના ચારિત્રને સંપૂર્ણ ચારિત્ર કહેવાને આ શાસન તૈયાર નથી જ ! આ શાસન તો અમુકજ સાધુના ચારિત્રને સમ્યક્ચારિત્ર કહેવાને તૈયાર છે. જે સાધુ અગીઆરમે અથવા બારમે ગુણઠાણે પહોંચે છે, તેના ચારિત્રને આ શાસન ઉત્કૃષ્ટ ચારિત્ર કહે છે તે અગીઆરમે ગુણસ્થાનકે પહોંચેલા સાધુના ચારિત્રને પણ આ શાસન સંપૂર્ણ અને સમ્યક્ચારિત્ર કહી દેવાને તૈયાર નથીજ.

**સંપૂર્ણ ચારિત્ર ક્યારે ?**

ચારિત્રની અને સાધુત્ત્વની આવી જબ્બર મહત્તા છે તે છતાં આજે, એ સાધુઓ કરતાં બગાડકોને પોતાને મોટા થવું છે. તેઓ કહે છે કે અમારા કબજામાં સાધુઓ હોવા જોઈએ. સાધુઓ સંઘના કબજામાં હોવા જોઈએ અને સંઘ જે કાંઈ કહે તે નીચી મુંડી રાખીને સાધુએ સાંભળવુંજ જોઈએ. આત્મા ચારિત્ર લે છે તોપણ જૈનધર્મ તેના ચારિત્રને સંપૂર્ણ ચારિત્ર કહેવાને તૈયાર નથીજ કારણ કે સર્વથા ક્ષીણકષાય એનેજ જૈનધર્મ તો ચારિત્રને માટે જરૂરીજ ગણે છે. આવા ચારિત્રને પણ જૈનધર્મ પૂર્ણ ચારિત્ર કહેવાને તૈયાર નથી ત્યારે તમારે તો સાધુને આરંભાદિકમાં ભેરવી ઘાલવા છે. સુધારકો કહે છે કે સાધુ ઠેકઠેકાણે અખાડા ખોલી ડ્રિલ માસ્તર થાય અને સાધ્વીઓ નર્સ બને ! વિચાર કરો કે બગાડકોનો આ હેતુ સાચા સાધુત્વથી કેટલો દૂર છે. સાધુત્વને અંગે સર્વથા ક્ષીણકષાય એનેજ શાસ્ત્ર તો સંપૂર્ણ ચારિત્ર કહે છે બીજાને નહિ. બીજા સઘળા ચારિત્રો ઉપર બકુશકુશીલ, નિર્ગ્રંથ વિગેરે જુદી જુદી છાપ છે જ્યારે સર્વથા છોડનાર સર્વથા ક્ષીણકષાય તેના ઉપરજ માત્ર પુરેપુરી છાપ મારવામાં આવી છે.

**જિનેશ્વર ભગવાનની છાપ એટલેજ ક્રિયા.**

તમે પુરેપુરી છાપ માગો છો. સર્વ શ્રેષ્ઠતાની છાપજ તમે લઈ લેવા તૈયાર બની જાઓ છે એ તમારી વાત કેવી તરંગી છે તેનો હવે ખ્યાલ કરો. ખરેખર સંસાર છોડનાર, સાધુજીવન જીવનાર, સાધુત્વના વસ્ત્રોથી શરીરને ઢાંકનાર, તેને પણ આ શાસન મહાનપણાની છાપ આપતું નથી ત્યારે તે છાપ તમોને તે કેવી રીતે મળી શકે વારૂ ? સાધુત્વ ઉપર પણ પુરેપુરી છાપ નથી તેના ઉપર પણ પુરેપુરી છાપ તો અમુક કક્ષાએજ છે તો પછી ત્યાં તમોને પુરેપુરી છાપ ક્યાંથી મળી શકે ? હવે ક્રિયાની આવશ્યકતા પણ તમારા ધ્યાનમાં આવવી જોઈએ. કોઈ કહેશે કે જૈનતત્ત્વજ્ઞાન કબુલ જૈનધર્મ કબુલ, મોક્ષ ઈત્યાદિ કબુલ, પરંતુ ક્રિયાની શી જરૂર છે ? ક્રિયાએ અહીં છાપ છે, સમ્યગ્દર્શનાદિ આત્માના ગુણો છે, પરંતુ એ આત્માના ગુણો થયા છે, તે વધ્યા છે કે તે ઘટયા છે, એને માટે છાપની જરૂર છે, અને એ છાપ તે ક્રિયા છે અર્થાત્ ચઢતા ઉતરતા સ્થાન પ્રમાણે ક્રિયા કરવાનીજ છે. જો ક્રિયા નથી તો છાપ નથી. છાપ નથી તો તમે જે કાંઈ કરો છો તેની સત્યતા માટેની ખાતરી પણ નથીજ. ધર્મ એ બહારની ચીજ નથીજ. તે તમારા આત્માની જ ચીજ છે પરંતુ તે આત્માનીજ ચીજ હોવા છતાં તેના ઉપર આ રીતે ધર્મની છાપરૂપ ક્રિયાની જરૂર છે. એ છાપ પાડવામાં તમે ન્યૂનતા ન રાખો તે જરૂરી છે. છાપ એટલે ક્રિયા ત્યારે છાપની ન્યૂનતા એટલે ક્રિયાની ન્યૂનતા એ સહજ છે. એ ક્રિયાની ન્યૂનતા તમે જેટલી રાખો છો એટલી તમારી પોતાની ખામી છે. કાળા મહાલયમાં રહેતા ધર્મિષ્ઠ શ્રાવકો પણ પોતાને અધર્મી કેમ કહેતા તે હવે તમે સારી પેઠે સમજી શકશો. આથી સ્પષ્ટ થાય છે કે જેમ શુધ્ધ સોનાને ચાર્ટરબેંકની છાપ મરાવો છો તેજ પ્રમાણે આત્માના ગુણોનો ઉદયાસ્ત જાણવા માટે અહીં પણ છાપ મારવાની જરૂર છે અને એ છાપરૂપ ક્રિયા તે દરેકે દરેક કરવી જરૂરી છે. જેના આત્માના ગુણો ઉપર છાપ છે અર્થાત્ જે ક્રિયા વાન છે તેના ગુણોની શુધ્ધતાની ખાત્રી મળતી હોઈ એ છાપ માટે પ્રેમ રાખવો એ શ્રાવક માત્રની ફરજ છે.

(સમાપ્ત)

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# વાચકોને

૧ જૈનપ્રવચનની શરૂઆતથી અત્યાર સુધીમાં સંપાદકના નામે અને સંપાદકની તરફથી જો અંકો બહાર પડ્યા હોય તો આચાર્યદેવશ્રીએ કરેલા અને આહ્વાનસ્વીકારના નિરુત્તરપણાને પ્રતાપેજ છે. વ્યાખ્યાનના અત્યાર પહેલાં તો સંપાદક માત્ર પ્રકાશક રહેતા અને હવે વ્યાખ્યાનના લેખમાં સંપાદક થયા, તેથીજ પાને પાને ઘણી વખત પ્રવચનકાર મહાત્મા એ પદ ગોઠવાયું, આહ્વાનના અંકમાં તેમ હતુંજ નહિ.

૨ આહ્વાનવાળા પ્રવચનમાં બીજા પુરુષ તરીકે સંપાદકને વચમાં નાખ્યા નહોતા, પણ અસ્મદ્ તરીકે જ સ્વતંત્રપણે હતું. હજુ પણ ઉપાધ્યાય રામવિજયજીએ મુદત, સ્થાન અને મધ્યસ્થોના નિર્ણય જાહેર કરવો જરૂરી છે, પણ વચમાં સંપાદકને ઘુસેડવો નહિ.

૩ આચાર્યદેવશ્રીએ જણાવેલા પક્ષ-પ્રતિપક્ષ વ્યાજબી હતા તે તેઓને પસંદ ન હોય તો મધ્યસ્થો કહે તે પ્રમાણ કરવાનું અમે લખ્યું છે. છતાં કેમ કબુલ કરતા નથી ? તેઓ કાર્યદશાથી કારણદશામાં જઈને પ્રતિજ્ઞા કરાવવા ધારે છે તે ખોટુંજ છે. નવસારના મુદ્દા ઉપર તેઓએ આકાલં. નો પાઠ આગળ કરી અનાદિથી દરેક તીર્થંકરો નવસારની માફક પરોપકારીજ હોય છે એમ સ્પષ્ટપણે જણાવ્યું પણ તૈત્કમ્પ્રવહમાનેન: એ વિરોધથી પકડાય પછી જે તેઓ કારણદશામાં ચાલ્યા ગયા અને ખોટી રીતે છટકી જવા માગ્યું, માટે કાંતો નવસારની માફક અનાદિથી પરોપકારિતા સાબીત કરવી અને કાંતો શાસ્ત્ર અને આચાર્યદેવશ્રીની આશાતના કર્યાનું પ્રાયશ્ચિત લેવું.

૪ વળીજ બાબતમાં સમાલોચનામાં જણાવેલા વીતરાગપણામાં લબ્ધિ ફોરવવાનું ન હોય તે વિગેરે મુદ્દાઓનું સમાધાન તો ઉપાધ્યાયજીએ કર્યું નથી અને તે બાબતમાં આહ્વાનનો તો શબ્દ સરખોએ ઉપાધ્યાયજીએ લખ્યો નથી, અને તેથીજ તેઓને તે બાબતમાં લગભગ શબ્દ વાપરી પ્રપંચ સેવવો પડયો છે, છતાં પણ તેના નિર્ણય મધ્યસ્થો દ્વારા કરાવવાની તા.ક. દ્વારા સૂચના થએલીજ છે.

૫ યથોચિત, લગભગ, બરોબર વિગેરે શબ્દો વાપરીને જાણી જોઈને માયાથી મૃષાવાદના બચાવમાં જાય છે.

૬ અમદાવાદમાં આહ્વાનનો જે સ્વીકાર થયો હતો. તે ચોકખોજ હતો. જુઓ તેની નકલ :-

"અમદાવાદ માગશર વદિ ૨ આનન્દસાગર

પં. શ્રી રામવિજયજી યોગ્ય

તમારા છેલ્લા પ્રવચનમાં આવેલ આહ્વાનને અંગે જણાવવાનું કે શ્રી ગુરુતત્ત્વવિનિશ્ચયના 'अत एव' પાઠમાં તમારું કથન પ્રકરણ વિરુદ્ધ છે એમ સાબીત કરાશે તો તમારી માફી માગવી એ શરતે પ્રોફેસર શ્રી અભ્યંકરદ્વારા ખુલાસો કરવા અહીં આવો અગર હું ત્યાં આવું.

તા.ક. સમ્યક્ત્વાનુમતિ અને શ્રી શય્યંભવસૂરિજીવાળી બાબતમાં તમો આહ્વાન ન કરતાં ચર્ચામાંજ રાખો છો તે તો તમારી મરજી -"

આવા સ્વીકાર ચોકખી રીતે થયાં છતાં તેઓએ ચર્ચા કરી નિર્ણય ન કર્યો પણ તે વખતે જે સમાલોચના આવે તે સ્વીકારી રાતોરાત તે આચાર્યદેવશ્રીના હાથના આહ્વાનના સ્વીકારની ચિઠ્ઠી પાછી મોકલી. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ઉપાધ્યાયજીની ટેવ છે કે આહ્વાન કરવું અને સ્વીકાર થયે ખસી જવું.

૭ બંને તરફના અનુક્રમે પ્રશ્ન, ઉત્તર અને મધ્યસ્થોના નિર્ણય શાસ્ત્રાર્થ વખતે લખાય તે સ્વાભાવિકજ છે, માટે તે બાબતનું લખાણ સમજવાળું ગણાય નહિ.

૮ શ્રી સિદ્ધચક્રના અંકોમાં ૪ વર્ષ અને ૨ જા અંક ૪૮મું પાનું, ૪-૩-૨ ટાઈટલ, ૪-૪-૯૨, ૪-૨-૧૫૫માં ઉપાધ્યાય શ્રી રામવિજયજી સામા ચોકખા શબ્દોથી ચેલેંજો છે, તેમાંથી એકનો પણ સ્વીકાર તેઓના તરફથી થએલો નથી. -તંત્રી

તા.ક. હજુ પણ ઉપાધ્યાયજી પોતાની તરફથી આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજી, આચાર્ય શ્રી પ્રેમસૂરિજી આચાર્ય શ્રી નીતિસૂરિજી, આચાર્ય શ્રી નંદનસૂરિજી અને ઉપાધ્યાય શ્રી લાવણ્યવિજયજીને મધ્યસ્થ તરીકે સ્વીકારી સ્થાન અને મુદત જણાવતા હોય તો આચાર્યદેવશ્રી તરફથી કબુલાત બહાર પડાવવાનું અમો માથે લઈએ છીએ, અને મધ્યસ્થોને વિજ્ઞપ્તિ કરવાનું પણ માથે લઈએ છીએ. -તંત્રી

# પ્રવચનના સંપાદકને

૧ ઉ. રામવિજયજીએ અમદાવાદની માફક ઉતાવળથી આહ્વાન તો કર્યું પણ અમદાવાદની માફકજ આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરિજી તરફથી તરત સ્વીકાર થયો, એટલે અમદાવાદમાં જેમ રાતોરાત ભક્તોને શ્રી સિદ્ધચક્રમાં આવે તે સમાલોચના કબુલ કરી, અડધી રાતે આહ્વાનના સ્વીકારની ચિઠ્ઠી આચાર્યદેવશ્રીના હાથની લખેલી પાછી મોકલાવી, પાછા હઠ્યા હતા તેવી રીતે આ વખત પણ સ્વતંત્ર માત્ર તમારા પ્રકાશપણા તરીકે આહ્વાન કર્યું પણ આચાર્યદેવશ્રીએ તેનો જલદી સ્વીકાર કર્યો એટલે ખસી જવા માટે ઉપાધ્યાશ્રીએ તમારી પાસે હવે આખો ચર્ચાવિષય બહાર પાડવા માંડયો છે, પણ તમારી અને તેઓની બાજી હવે છાની રહી નથી. અમદાવાદની પેઠે હવે ઉપાધ્યાયશ્રી છટકી શકે તેમ નથી અને તમો છટકાવી શકો તેમ પણ નથી. જો સાચા હોય તો પૂર્વની માફક માત્ર પ્રકાશકપણા તરીકે કે ખુલ્લી તેમની સહીથી બહાર પડો અને પડાવો. યાદ રાખો કે સમાલોચનાની જવાબદારી આચાર્યદેવશ્રીનીજ હતી, ને છે, છતાં આહ્વાનનો સ્વીકાર તેઓશ્રીએ પોતાની ખુલ્લી સહીથી ચોક્ખી રીતે બહાર પાડયો છે, જ્યારે તમે પ્રકાશક હતા તેના સંપાદક હતા તેના સંપાદક થઈને તેમને પડદામાં નાખ્યા છે.

૨ ચર્ચાના મુદ્દામાં શ્રી સિદ્ધચક્રમાં આવેલ નયસારના મિથ્યાદષ્ટિપણાના કાર્યરૂપ પરોપકારના મૂળ પ્રસંગ હોવાનું યાદ કરશો તો તમને આચાર્યદેવશ્રીએ લખેલો પક્ષપ્રતિપક્ષજ વ્યાજબી લાગશે, માટે ઉપાધ્યાયશ્રીને સંમત થઈ તેઓની પાસે તે પક્ષપ્રતિપક્ષની કબુલાત બહાર પડાવશો.

૩ સ્થાન, મુદત અને મધ્યસ્થોની જાહેરાત આહ્વાન કરનારે સારી હતી. છતાં જો ખુલ્લી સહીથી ઉ. શ્રી રામવિજયજી જો આચાર્યદેવને તે સ્થાનાદિકની જાહેરાત કરવાનું જણાવે. તો આચાર્યદેવશ્રી સ્થાનાદિકની જાહેરાત કરે.

૪ મિથ્યાદષ્ટિપણામાં પણ નયસારે કરેલા પરોપકારની સામે થઈ સર્વ તીર્થંકરો અનાદિથી પરોપકારીજ હોય છે એમ તમારાં ઉપાધ્યાયે आकाल० નાં પાઠના નામે હાંક્યું અને પછી જ્યારે તે आकाल० ના ફકરાનોજ देवगुरुबहुमानिनः એ વિશેષણવાળો ભાગ આચાર્યદેવશ્રીએ બાધક તરીકે જણાવ્યો ત્યારે તમારા ઉપાધ્યાય કાર્યની દશા છોડી નયસારનો કરેલ કાર્યદશાનો વિરોધ ભૂલી જઈ કારણદશામાં ઉતરી ગયા છે, માટે તમારા ઉપાધ્યાયે જણાવેલ પક્ષ પ્રતિપક્ષ ખોટા છે, પણ આચાર્યદેવશ્રીએ જણાવેલ પક્ષપ્રતિપક્ષજ સાચા છે, અને તેથી ઉપાધ્યાય ચર્ચાના મોખરે ખસી જઈને તમને આગળ કરે છે. ઉપાધ્યાયની સહીથી બહાર ન પડવું તે બહાનું નથી પણ સાચી બીનાજ છે. હજી પણ તમારા પડદામાંથી નીકળીને ખુલ્લી રીતે બહાર આવે ને આચાર્યદેવશ્રીએ સ્થાન, મુદત અને મધ્યસ્થોને નીમવાની આપેલી છૂટનો પવિત્ર દાનતથી ઉપયોગ લે, એમ નહિ તો આચાર્યદેવશ્રી સ્થાન, મુદત અને મધ્યસ્થોના નિર્ણય જાહેર કરી આહ્વાન કરનારને ફરજીયાત રીતે ખેંચી શકે તેમ હતા અને છે.

તંત્રી -

ચતુર્થ વર્ષ અંક ૧૦

Registered No. B.3047




મહા વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૨-૨-૧૯૩૬

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટક | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારુવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અર્હિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનસેખરીવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટયાચાર્યકૃત ટીકા)
૭. પર્યુષણા દશશતક

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

## જૈનાનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સુરત. (ગુજરાત)


---


આ પાક્ષિક શ્રી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૦ | મુંબઈ તા. ૨૨-૨-૧૯૩૬ શનિવાર<br>મહા વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |


## ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यचर्य्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

ભગવાન્ તીર્થંકરોના પરોપકારિપણાને અંગે વિચાર કરતાં ભગવાન્ ઋષભદેવજીના અગ્નિવ્યવસ્થા, શિલ્પકર્મ અને વિવાહધર્માદિને અંગે વિચાર કર્યો, તેવીજ રીતે રાજ્યસંગ્રહને અંગે પણ વિચાર કરવાની દ્રવ્યપરોપકારની અંગે જરૂર ગણી ગતઅંકમાં તેનો વિચાર કરવાનું ભવિષ્ય ઉપર રાખેલું હતું તેને અંગે વિચાર કરીએ.

**થએલા અને કરેલા રાજામાં ફરક**

સામાન્ય રીતે જગતમાં આજ્ઞા મનાવવાને માટે રાજા થનાર મનુષ્યો અભિલાષા રાખે છે, પણ ભગવાન્ ઋષભદેવજીને અંગે આજ્ઞા મનાવવા માટે રાજાપણું લીધેલું નથી, પણ પ્રજાજને આજ્ઞા માનવા માટે રાજાપણું આપેલું છે.

**લક્ષ્મીની આવક કે લક્ષ્મીનો ઉપયોગ -**

સામાન્ય રીતે સમજી શકાશે કે આજ્ઞા મનાવવા માટે લીધેલું ભૂપાલપણું પ્રજાનું જે હિત કરે, તે હિત માત્ર આજ્ઞા માનનારો વર્ગ ઉભો રહે અને કરેલી આજ્ઞા માનવા સાથે રાજને સારી રીતે આવક કરી દેનારો થાય, જ્યારે આજ્ઞા માનવા માટે કરેલા રાજામાં પ્રજારક્ષણનુંજ તત્ત્વ હોય છે, અને પોતાને ભાગ્યે મળેલી પોતાની લક્ષ્મીનો ઉપયોગ પ્રજાના હિત માટે કરવામાં આવે છે.

**સમશેરની જરૂર ક્યાં ? -**

આજ્ઞા મનાવવા માટે થએલા ભૂપાલો સત્તા અને સમશેરના જોરેજ પ્રજા પાસે આજ્ઞા મનાવે છે, જ્યારે આજ્ઞા માનવા માટે કરેલા રાજાઓ સામાન્ય પ્રજાજન ઉપર સત્તા અને સમશેરનું જોર કદીપણ અજમાવતા નથી.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ પ્રજા પાસેથી ધન મેળવવાને માટેજ સત્તા અને સમશેરનો ઉપયોગ કરે છે, જ્યારે આજ્ઞા માનવા માટે કરાએલા રાજાઓ પ્રજા પાસેથી ધનની ઇચ્છા નહિ રાખતાં માત્ર દુષ્ટોના શિક્ષણને માટેજ સત્તા અને સમશેરનો ઉપયોગ કરે છે.

**દુષ્ટ અને શિષ્ટની વ્યાખ્યાનો ફરક**

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ પોતાની સત્તા અને સમશેરના જોરમાં હંમેશાં મગરૂર રહી દુષ્ટોના દમન કરવાની જગો પર પણ ધનની લાલસામાં લેવાઇ જઇ દંડદ્વારાએ આવકોના સાધનો ઉભાં કરી **दुष्टानां शिक्षणं चैव** એ નિયમના મુદ્દાને ગૌણ કરી નાખી શિક્ષણને નામે સંગ્રહપરાયણ થઇ જાય છે, જ્યારે આજ્ઞા માનવા માટે કરાએલા રાજાઓ લાલચમાં લેવાતા નથી, પણ દુષ્ટોનું દમન કરવું એટલુંજ તત્ત્વ રાખનારા હોય છે.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ પોતાના વચનને અને હુકમને માત્ર નીતિ ગણે છે,

અને તેની વિરૂધ્ધ વર્તવાવાળા જે કોઇ હોય, પછી તે ચાહે તો નીતિપરાયણ હોય, તો પણ તેને દુષ્ટ ગણીને શિક્ષણીય ગણે છે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાએલા રાજાઓ વાસ્તવિક રીતે નીતિથી વિરૂદ્ધ વર્તનારા હોય તેવાઓનેજ દુષ્ટ ગણી શિક્ષણીય ગણે છે.

આજ્ઞા મનાવવા માટે થપાએલા રાજાઓને રાજ્ય અને રાજાને વફાદાર રહેવાને માટે સોગન અને પ્રતિજ્ઞાઓ કરાવવી પડે છે, અને તેવા સોગન અને પ્રતિજ્ઞા કરનારાઓને અને પાલનારાઓનેજ તેઓ શિષ્ટ ગણે છે, ત્યારે આજ્ઞા માનવા માટે થપાએલા મહારાજાઓને માત્ર નીતિનું પાલન કરનારા જે કોઇ હોય તેને શિષ્ટ તરીકે ગણવાનું થાય છે અને તેથીજ **शिष्टानां पालनं** તથા એ નિયમ ખરેખર ત્યાંજ લાગુ થઇ શકે છે, કારણ કે સામાન્ય રીતે शिष्टाशिष्टत्वमायांति शिष्टमार्गानुवर्तनात् અર્થાત્ નીતિમય માર્ગને અનુસરવાથીજ ઉત્તમ પુરુષો શિષ્ટપણાને પામે છે, એ સામાન્ય રીતે શાસ્ત્રનો અવિચલ નિયમ છે તે આજ્ઞા માનવા માટે મનાએલા રાજાના રાજ્યમાં સંભવી શકે, કેમકે આજ્ઞા મનાવવા માટે થએલા રાજાના રાજ્યમાં તો એમજ કહેવું પડે કે नराः शिष्टत्वमायांति भूपवाक्यानुवर्तनात् અથવા नराः शिष्टत्वमायांति राज्यधर्मानुंवर्तनात् અર્થાત્ રાજા અને રાજાના વાક્યોનેજ માને તેજ શિષ્ટો અને તેવા શિષ્ટોનું પાલન કરવું તેજ રાજધર્મ ગણાય અને તેવા શિષ્ટોના પાલનનો રાજધર્મ થવાથી તેવા શિષ્ટોથી જેટલા બહાર રહે, પછી તે શિષ્ટોને પીડા કરનાર હો કે ન હો, નીતિમાન હો કે ન હો, તોપણ તે સર્વને દુષ્ટ ગણી શિક્ષણીય ગણવામાં આવે, અને તેવી વખતેજ સત્તા અને શાણપણમાં પ્રતિસ્પર્દ્ધિપણું થઇ સત્તા આગળ શાણપણ શા કામનું એમ લોકોક્તિ જાહેર થવાનો વખત આવે, પણ આજ્ઞા માનવા માટે થપાએલા રાજામાં શાણપણના અધિકપણાને અંગેજ રાજાપણું આવતું હોઇ, સત્તા અને શાણપણને પ્રતિસ્પર્દ્ધિપણું થવાનો વખત આવેજ નહિ.

સત્તાને લીધે અને આજ્ઞા મનાવવા માટે થઇ બેસનારા રાજાઓને શાણપણથી દૂર રહેવું પાલવી શકે અને માત્ર સત્તાનો આડંબરજ સાચવવો પડે.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓને પોતાનું માન, સન્માન, લોકો પાસે બળાત્કારે પણ જળાવવા પડે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાએલા રાજાઓ માન, સન્માન, રાજાની મરજી વગર પણ પ્રજાજનો જાળવે.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ જ્યારે રાજ્યને કે રાજાને ફાયદો કરનાર હોય તેવાને અધિકાર આપી નવાજે અર્થાત્ એમ કહીએ તો ચાલે કે રાજા કે રાજ્યને ફાયદો કરનારાના અપરાધો ઘણે ભાગે તો પ્રશંસાપાત્રજ બને, પણ કાંઇ નહિ તો છેવટે તે અપરાધ કરનારાઓ શિક્ષાપાત્ર તો નજ રહે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાએલા રાજાઓના રાજ્યમાં બલસંગ્રહની જરૂર ઘણી ઓછી રહેવા સાથે વધારે શાણાઓના સંગ્રહની જરૂર રહે, અને શાણપણની અધિકતાએજ અધિકારોનું અર્પણ થાય.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓને અન્ય પ્રજાજનોથી અધિક રિદ્ધિસમૃદ્ધિ એટલાજ માટે એકઠાં કરવાં પડે કે તે અધિક એકઠી કરેલી ઋદ્ધિસમૃદ્ધિથી પ્રજાજનો પર મારી સત્તા અવિચલ બને, જ્યારે આજ્ઞા માનવા માટે થપાએલા રાજાઓની ઋદ્ધિસમૃદ્ધિની અધિકતા પ્રજાજનો કરે અને તે એટલાજ માટે કે દુષ્ટોના દમનમાં અને શિષ્ટોના પાલનમાં તેનો ઉપયોગ થાય.

આજ્ઞા મનાવવા માટે થયેલા રાજાઓ દંડદ્વારા કે કરદ્વારા આવેલી લક્ષ્મીનો ઉપયોગ બહુધા પોતાના અને પોતાના કુટુંબ વિગેરે માટે કરે, જ્યારે

આજ્ઞા માનવા માટે સ્થપાયેલા રાજાઓ પ્રજાએ જે દુષ્ટોના દમન અને શિષ્ટોના પાલનને અંગે રિદ્ધિસમૃદ્ધિ અર્પણ કરેલી હોય તેનો ઉપયોગ દુષ્ટોના દમન અને શિષ્ટોના પાલનને અંગેજ થાય.

## ભગવાન્ ઋષભદેવજી કુલકર તરીકે હતા કે ?

ભગવાન્ ઋષભદેવજીના અધિકારને અંગે જો કે તેઓ નાભિમહારાજા કે જેઓ કુલકર એટલે વ્યવસ્થા કરનાર તરીકે હતા, તેમનાજ કુલમાં જન્મેલા હોઇ, જન્મથી તે વખતના સર્વ લોકોના વ્યવસ્થાકારક ગણી શકાતા હતા, અને તેથીજ કેટલી જગો પર કુલકરોના નામોમાં ભગવાન્ ઋષભદેવજીનું નામ પણ કુલકર તરીકે ગણવામાં આવેલું છે, પણ ખરી રીતે ભગવાન્ ઋષભદેવજીને તે વખતના યુગલીયા એવા પ્રજાજને રાજા તરીકે પસંદ કર્યા ન હોતા અને અભિષેક થયો ન હતો, ત્યાં સુધી ખુદ વ્યવસ્થા કરનાર તરીકે નાભિમહારાજાજ હતા અને તેથીજ તે નીતિની વ્યવસ્થા કરનાર કુલકર તરીકે ગણાતા હતા.

## રાજ્યકાલ પ્હેલાંની યુગલીઆઓની નૈતિક સ્થિતિ

કાલના અવસર્પિણિપણાને લીધે ત્રીજા આરાના છેલ્લા ભાગમાં યુગલીયાઓ કે જેઓ પ્રથમ સર્વથા પાતળા રાગદ્વેષવાળા હતા, તેઓમાં રાગદ્વેષની માત્રા વધવા લાગી અને તે વધતી રાગદ્વેષની માત્રાએ યુગલિયા સરખાઓને પણ અન્યાયના માર્ગ તરફ પ્રેરણા કરી અને જેમ જેમ વધારે વધારે કાળ પડતો આવ્યો અને તેને લીધે રાગદ્વેષની માત્રા અધિક થતી ગઇ, તેમ તેમ તે રાગદ્વેષની માત્રાની અધિકતાને લીધે, અપરાધની માત્રા પણ કાલાનુક્રમે વધવા લાગી, અને તેથી પહેલવહેલાં સામાન્ય અપરાધની ઉત્પત્તિ વખતે યુગલિયાઓને માટે પ્રથમ હાકારની નીતિનો જ પ્રચાર થયો.

## હાકારની નીતિના ઉત્પાદક

એટલે તે હાકારની નીતિ તે વખતના યુગલિયાઓએ પોતાના સમુદાયમાંથી થતા નીતિના ઉલ્લંઘનને વિમળવાહન નામના આદ્ય કુલકરની આગળ જાહેર કરી અને તે નીતિના ઉલ્લંઘનનું પુનરાવર્તન ન થાય, માટે શિક્ષાથી નિયમન કરવા જણાવ્યું, તે વખતે વિમળવાહન કુલકર તરફથી હા એટલા શબ્દોનો ઉચ્ચારજ નીતિનું નિયમન કરવાને માટે પૂરતો થયો. તે નીતિ શ્રી વિમલવાહનને સ્વાભાવિક કે જાતિ સ્મરણથી સ્ફુરી હોય તે અસંભવિત નથી.

સામાન્ય રીતે ઉત્તમ કુલવાળા મનુષ્યોમાં કોઇપણ દંડ કે સજા તેમના કૃત્ય બદલ કરતું ન હોય, તોપણ જો તેમના કૃત્યને લોકો અનુચિત ગણે અને અરે ! એટલુંજ ઉચ્ચારણ કરે તો જેમ સજ્જડ એટલી બધી અસર થાય છે કે તેટલી અસર તેઓને ધનના નુકસાનમાં કે શારીરિક વ્યથામાં થતી નથી, તેવીજ રીતે તે યુગલિયાઓને આદ્ય કુલકર વિમળવાહન તરફથી માત્ર હા એમ કહેવામાં આવતું, તેટલા માત્રમાં તે અપરાધ કરનાર યુગલિયાને દેહાંતદંડની શિક્ષા હોય તેના જેવી સજ્જડ અસર થતી હતી.

## માકારની નીતિની જરૂર

પણ કાલક્રમે તે હાકારના કથનની અસર ઘણી ઓછી થવા લાગી ત્યારે જેમ સામાન્ય રીતે સારા કુટુંબના મનુષ્યોને અણસમજથી કે કોઇપણ કારણથી કાંઇ વિરૂદ્ધ કાર્ય કરવાનો પ્રસંગ આવી પડયો હોય, તો તેવે પ્રસંગે કુટુંબના અધિપતિઓ તે વિરૂદ્ધ કાર્ય નહિ કરવાનું સમજાવવા માટે જાય છે, અને તેવું સમજુ અને વૃદ્ધ પુરુષોનું કથન તે

ઉત્તમ કુલવાળાને ગણુંજ અસર કરનારૂં થાય છે અને તેથીજ તે ઉત્તમ કુલવાન પુરુષ અપયશની સંભાવનાથી ન ડર્યો હોય, તોપણ તે સમજુ અને વૃદ્ધ પુરુષોના કથનથી તે અપકૃત્ય કરતો રોકાઈ જાય છે, તેવી રીતે તે મધ્ય કુલકરોના વખતમાં કેટલાક ગુન્હાઓ હાકારના કથનમાત્રથી રોકાતા હતા, છતાં હાકારના કથનથી નહિ રોકાતા ગુન્હાઓને રોકવાને માટે માકારના કથનની શરૂઆત કરવી પડી હતી.

**ધિક્કારની નીતિની જરૂર કેમ પડી ?**

સામાન્ય રીતે નીતિમાન્ પુરુષો લોકો અનુચિત ગણશે એટલા માત્રથીજ અનીતિના માર્ગથી દૂર રહે છે, જ્યારે કેટલાક સામાન્ય મનુષ્યો કુટુંબના શાણા અને વૃદ્ધ પુરુષોની રોકટોકથી અનીતિના માર્ગથી દૂર રહે છે, પણ સત્તાનો સોટો ચલાવનારા પુરુષો સત્તાના મદમાં છાકેલા હોવાથી પોતાની સત્તાને આધીન થયેલા મનુષ્યો પાસેથી પોતે અનીતિ કરવા છતાં માન, સન્માનને મેળવી શકે, એક અંશે પણ વિરૂદ્ધ વાત કરનારાને પોતાની સત્તાના જોરે શિક્ષિત કરી દે, તેવા સત્તાધીશોને ખોટું કહેવાવાનો ભય હોતો નથી, અને તેને અનીતિમાં વર્તતાં કોઈ રોકનારૂં પણ સત્તાની શહેને લીધે હોતું નથી, છતાં પણ તેવાઓને ઈતિહાસના પાને રહેતી અપકીર્તિઓ તો ભયંકર રીતે અસર કરનારી થાય છે, તેમ નાભિમહારાજાની પહેલાંના કુલકરોના વખતમાં યુગલિયા લોકો હાકાર અને માકારથી થતી શિક્ષાને તેટલી બધી અસર કરનારી નહિ ગણવા લાગ્યા, તેથી તે વખતના કુલકરોને ધિક્કાર શબ્દ કહેવાની નીતિ દાખલ કરવી પડી, અને સામાન્ય અપરાધમાં હાકાર, મધ્યમ અપરાધમાં માકાર અને ઉત્કૃષ્ટ અપરાધણાં ધિક્કાર કહેવાનો રિવાજ શરૂ થયો. નાભિમહારાજ સુધી માત્ર શિક્ષા કરનાર કુલકરોના શબ્દોથીજ અન્યાય કરનારનું શિક્ષણ પ્રચલિત રહ્યું અને તે શબ્દોદ્વારાએજ અન્યાયનો માર્ગ રોકાતો રહ્યો, છતાં કાલની વિચિત્રતાએ શી અસર કરી અને ભગવાન્ ઋષભદેવજીને રાજા કરવાની યુગલીઆઓને શી જરૂર પડી તે ઉપર વિચાર કરીએ :-

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૪૨)


## તાજેતરમાં બ્હાર પડનારા ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ)
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત)
તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયટીકા)
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત)

**પ્રાપ્તિસ્થાન**
**જૈનાનંદ પુસ્તકાલય**
**ગોપીપુરા, સુરત.**

પ્રશ્નકારઃ ચતુર્વિધ-સંઘ.

સમાધાનકારઃ
સકલશાસ્ત્ર પારંગત આગમોદ્ધારક.
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

## મહાપુરુષ વાલીજીએ રાવણને કરેલી શિક્ષામાં વીતરાગતા હતી કે ? તીર્થના દ્રોહી રાવણ ઉપર દ્વેષ હતો કે નહિ ?

(ગતાંકથી ચાલુ)

ધ્યાન રાખવાનું જરૂર છે કે જિનપૂજા આદિમાં સ્થાવર જીવોનોજ જાણી જોઈને વધ થાય છે તેથી પંચેંદ્રિયના કલ્યાણની બુદ્ધિએ તે વધને અંગે અધિક નિવૃત્તિ ગણી પૂજાફલ દેવાવાળી ગણાય છે. જો કે તેમાં પણ સ્નાનાદિના સ્વરૂપ વધને પણ અસંયમ ગણી અલ્પ પણ કર્મબંધનું કારણ તો મનાય છે, તો અહીં પંચેંદ્રિય જીવ રાવણની આવી મરણ દેનાર જેવી પીડાને સર્વથા કર્મબંધન વગરની જણાવાય તો પછી યજ્ઞાદિમાં થતી પંચેંદ્રિય હિંસા અને અન્ય મતના માનવા મુજબ રાક્ષસોની કરાયલી હિંસાને પણ જૈનમત પ્રમાણે સર્વથા નિર્દોષ માનવી પડે એટલુંજ નહિ પણ તે રાક્ષસના મંથન આદિ કાર્યો કરવા લાયક અને તે કરનારાઓને ઉત્તમ માનવાજ પડે, માટે વાસ્તવિક રીતિએ તીર્થભક્તિને અંગે કરેલું મહાત્મા વાલીજીનું કાર્ય આશાતનાને વારનાર કે તીર્થને બચાવનાર હોઈને ભવભ્રમણ કરાવનાર કે અશુભાનુબંધવાળું નથી તોપણ ભગવાન્ વિષ્ણુકુમારને સકલ શ્રી સંઘને બચાવનાર તથા આચાર્ય મહારાજ કાલકસૂરિજીને સાધ્વીના બચાવ માટે કરેલા કાર્ય છતાં તેમાં જેમ પ્રતિક્રમણ અને આલોચનાને સ્થાન હતું. વળી જંઘાચારણ વિદ્યાચારણ મુનિઓને તીર્થયાત્રા જેવા કાર્યમાં થએલ અનિર્ધારિત પ્રમાદને માટે આલોચના પ્રતિક્રમણ કરવાનું શ્રી ભગવતીજીમાં જણાવેલ છે તે પ્રમાણે સર્વથા નિર્દોષ તો કહી શકાય નહિ.

(૫) પાંચમા મુદ્દાને અંગે લબ્ધિ ધારણ કરવાવાળા સાધુએ શાસનના પ્રત્યનીકોને પણ સામઆદિ સમજાવવાની જરૂર છે એ વાતનો સ્વીકાર શ્રી વિષ્ણુકુમારના ચરિત્રમાં પ્રત્યનીકમાં આગેવાન એવા નમુચિને જે સમજાવવા માટે કોશિષ કરી છે તેને જાણનાર તથા સામાન્ય રીતિએ નીતિના

સામાદિક અનુક્રમને જાણનાર કર્યા સિવાય રહેજ નહિ અને જો તે સ્વીકાર્ય છે તો સહેજે માનવું પડશે કે લબ્ધિ ફોરવીને કરાતી શિક્ષા સાહજિક નહિ પણ આપદ્ધર્મ છે અને તે આપદ્ધર્મ જો કે લાગણીવાળાને કર્યા સિવાય ચાલતોજ નથી, પણ તે આપદ્ધર્મ તરીકે કરાતી શિક્ષા ક્ષમાના દરિયા ને સર્વથા ક્રોધાદિક કે પ્રમત્તતા રહિત તરફથી ન હોય એમ માનવું અયોગ્ય નથી, કારણ કે ભગવાન્ મહાવીર મહારાજા ગોશાલાની તેજોલેશ્યા કેટલું કાર્ય કરે છે તે જણાવ્યા પછી શ્રી ભગવતીજીસૂત્રમાં સ્પષ્ટપણે જણાવે છે કે શ્રમણનિર્ગ્રંથો, સ્થવિરો અને અરિહંત ભગવંતો ગોશાલાની તેજોલેશ્યા કરતાં અનંતગુણી તેજોલેશ્યાવાળા છે, પણ તેઓ ક્ષાંતિથી એટલે ક્રોધના અભાવથી એટલે લબ્ધિધારી છતાં ક્રોધવાળા ન થાય અને તેથી લબ્ધિ નહિ ફોરવતાં અર્થાત્ અન્ય અપરાધીને પણ શિક્ષા નહિ કરતાં અપરાધીના સંતાપ આદિ અપરાધો જે સ્વને હોય કે પરને હોય તે બધા સહન કરે છે એમ જણાવે છે. જુઓ તે પાઠ :

(શ્રી સિદ્ધચક્ર પાનું : ૨૧૨)

વળી ભગવાન્ મહાવીર મહારાજે વૈશ્યાયન તાપસની તેજોલેશ્યાથી બળતા એવા ગોશાલાને પણ જે બચાવ્યો છે ને જેમાં માત્ર ગોશાલાનું રક્ષણજ છે પણ અન્યનો ઉપઘાત નથી તે શીત લેશ્યાનું મૂકવું તે પ્રમત્તદશામાંજ હતું અને લબ્ધિના ઉપજીવનથીજ તે પ્રમત્તદશા હતી એ વાત ગુરુભક્તિના અસાધારણ જુસ્સાથી સ્વજીવિતવ્યની પણ દરકાર નહિ કરનાર શ્રી સુનક્ષત્ર અને સર્વાનુભૂતિના અધિકારમાં શ્રી ભગવતીજી વૃત્તિમાં આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજીએ કહેલ વાકયથી સ્પષ્ટ થાય છે. જુઓ તે પાઠ :

**इह च यद्‌गोशालकस्य संरक्षणं भगवता कृतं तत्सरागत्वेन दयैकरसत्वाद् भगवतः, यच्च सुनक्षत्रसर्वानुभूतिमूनिपुङ्गवयोर्न करिष्यति तद्वीतरागत्वेन लब्ध्यनुपजीवकत्वादवश्यंभाविभावत्वाद्वेत्यवसेयमिति पा. ६६८**

સામાન્યરીતિએ જૈનશાસ્ત્રને સમજનારા સમજી શકે છે કે ગોશાલાનો જીવ વિમલવાહન રાજાપણે થશે અને સુમંગલસાધુને ઉપદ્રવ કરશે અને તે સુમંગલસાધુ જ્ઞાનવાળા અને તેજોલેશ્યાલબ્ધિવાળા હોવાથી તે ગોશાલાને ભગવાન્ મહાવીર મહારાજને કરેલો તેજોલેશ્યાનો ઉપદ્રવ સંભળાવીને અશ્વ અને સારથિ સાથે ભસ્મીભૂત કરશે તેનું આલોચનપ્રતિક્રણ તો કરશે.

એમ માનવું તો જરૂરી છે કે જેમ સર્વસંગનો ત્યાગ ન થાય ત્યાં સુધી દ્રવ્યસ્તવ એ જરૂરી કર્તવ્ય તરીકે છે તેવી રીતે સરાગદશાવાળાઓને શાસનના દ્રોહીઓને શિક્ષા કરવી એ આવશ્યક હોય પણ જેમ તે દ્રવ્યસ્તવને કરતી વખત થએલી જીવવિરાધના અસંયમરૂપ અને કર્મને બંધાવનારી તો છેજ, તેવી રીતે સરાગદશામાં શાસનના અપરાધીને શિક્ષા કરવાનું આવશ્યક હોય તો પણ તે રાગદ્વેષ વિના જ થએલી છે કે કર્મબંધન તેનાથી સર્વથા થયુંજ નથી એમ મનાય નહિ.

વસ્તુતાએ જેમ શ્રી જિનેશ્વર ભગવાનની પૂજામાં શુભ ભાવનેજ નિર્જરા સાથે સંબંધ છે, પણ આરંભ સાથે નિર્જરાનો સંબંધ નથી, તેવી રીતે લબ્ધિ ફોરવવાનો સંબંધ નિર્જરા સાથે લેવાયજ નહિ. લબ્ધિવાળાએ શાસનના અપરાધીને શિક્ષા કરવી જોઇએ એમ નહિ પણ સરાગદશામાં રહેલ જરૂર શાસનના અપરાધીને લબ્ધિવાળો જરૂર પ્રસંગે સજા કરે પણ ધ્યાનમાં રાખવ.નું છે કે સજા કરતી વખત

જૈનશાસ્ત્રને માનનારો વીતરાગતાની દશા હોય અર્થાત્ ક્રોધ કે દ્વેષ ન હોય અને શિક્ષા કરી એવી માન્યતા ધરાવી શકેજ નહિ. વીતરાગતા માનવી દૂર રહી પણ શિક્ષા કરતી વખત અપ્રમત્તદશા પણ ન હોઇ શકે. આહારક શરીર જેવી કેવલ ઉપકાર કરનારી અને અન્યનો કોઇને ઉપઘાત નહિ કરનારી એવી લબ્ધિનો પ્રયોગ પણ જ્યારે અપ્રમત્તપણામાં ન હોય તો પછી ઉપઘાત કરનારી ગરિમાદિક લબ્ધિનો પ્રયોગ અપ્રમત્તદશામાંજ હોયજ કેમ ? અર્થાત્ લબ્ધિ ફોરવવાનું વીતરાગદશામાં દૂર રહ્યું, પરંતુ અપ્રમત્તદશામાં પણ ન હોય.

વળી શ્રી ભગવતીજીની વૃત્તિમાં શ્રી સંઘાદિ પ્રયોજને પણ કરાતા વૈક્રિયને અંગે પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે તે સંઘાદિના કાર્યને અંગે વૈક્રિય કરનારો જરૂર માયા (વગેરે) કષાયવાળોજ છે અને તે સંઘાદિકને માટે પણ વૈક્રિય કરનારો કષાયરૂપ પ્રમાદવાળો જો તે વૈક્રિયના કાર્યની આલોચના પ્રતિક્રમણ ન કરે તો આરાધક નથી. આ બાબતનો શ્રી ભગવતીજીનો પાઠ ચોક્ખો આ પ્રમાણે છે.

कृत्यं संघादि प्रयोजनं कृतः आश्रितः ( पा.१९१ ) माईणं तस्य ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ नत्थि तस्स आराहणा ( पा. १८९ )

આ ઉપરથી સુજ્ઞો અને મધ્યસ્થો સ્પષ્ટપણે સમજી શકશે કે સંઘાદિકના કાર્ય માટે પણ વૈક્રિય કરનારો પ્રમાદ અને આલોયણને લાયકનું કાર્ય કરે છે એમ તો ખરૂંજ. જોકે અવસ્થાને અંગે તે તેમ કરે એ સ્વાભાવિક છે, અર્થાત્ લબ્ધિવાળો સાધુ શાસનના ગુન્હેગારને સજા કરે પણ તે પ્રમાદ અને આલોયણ લાયક છે.

(૬-૭) છઠ્ઠા અને સાતમા મુદ્દાઓનું સમાધાન પણ ઉપરના મુદ્દામાં જે લબ્ધિ ફોરવવાનું કાર્ય પ્રમાદરૂપ અને આલોયણ લાયકનું જણાવવાથી તથા તે શિક્ષાનું માયાદિ કષાયની સાથે નક્કી સંબંધ છે એમ નક્કી કરવાથી થઇ જાય છે. યતનાવાળાની વિરાધના જે નિર્જરારૂપ ફલને આપનારી કહેવાય છે, તેમાં પણ શ્રી મલધારીજી મહારાજે યતનાના પરિણામે નિર્જરાફળ છે અને તે વિરાધના માત્ર કર્મ બંધાવે છે છતાં તે કર્મ તરત છૂટી જાય છે એમ યતનાવાળી વિરાધના પણ કર્મબંધનું કારણ માની છે, તો પછી પ્રશસ્તદશાની વિરાધના નિર્જરા સાથેજ તરતમ ભાવે સંબંધ રાખે છે એમ મનાયજ કેમ ? જુઓ તે પાઠ :

यदपि यथोक्तं विराधनाप्रत्ययं कर्म्म तदपि प्रथमे समये बध्यते द्वितीये निर्जीर्यते तृतीयेत्वकर्मता-मनुभवतीति सिद्धांतरहस्यम् ( पा. ४१८ )

વળી પ્રમાદવાળાના પ્રતિલેખનાદિક ધર્મકાર્યો પણ જ્યારે આત્મારંભ પરારંભ અને ઉભયારંભવાળા મનાયા છે તો પછી પૂર્વે જણાવ્યા પ્રમાણે તેવા શાલાકાપુરુષને ચીશ પડાવનાર તથા મરણ જેવી દશા લાવી મૂકનાર કાર્યને સર્વથા વીતરાગદશાનુંજ કાર્ય તથા અપ્રમત્તદશા અથવા સર્વથા નિષ્કષાયપણે ગણાવે તે જૈનશાસ્ત્રને સામાન્ય રીતે સમજનાર અને માનનાર પણ કેમ કબુલ કરી શકશે? પ્રમાદવાળાને આત્મારંભપણાદિનો પાઠ :-

उपयुक्ततया प्रत्युपेक्षणादिकरणं, अशुभयोगस्तु तदेवानुपयुक्ततया, आह च-पुढवी आउक्काए तेऊवाऊवणस्सइतसाणं पडिलेहणापमत्तो छण्हंपि विराहओ होइ ॥१॥ तथा "सव्वो पमत्तजोगो समणस्स उ होइ आरंभो" । त्ति ( पा. ३२ )

ઉપર જણાવ્યા પ્રમાણે વીતરાગદશામાં લબ્ધિનું ફોરવવુંજ હોતું નથી તો પછી લબ્ધિ ફોરવવામાં કર્મબંધ થવાનું કારણજ નથી એમ કહેવાય ? સામાન્યરીતે તો યોગની પ્રવૃત્તિમાત્ર કર્મબંધની સાથે સંબંધ રાખે છે તો પછી આ કષાયવાળી જ થાય એવી ક્રિયા કર્મબંધનની સાથે નથી સંબંધ રાખતી એમ કહેવાયજ કેમ ? વળી ધ્યાન રાખવાની જરૂર છે કે જીવ માત્રને જ્યાંસુધી ક્રોધમાનાદિ નાશ ન પામ્યા હોય ત્યાંસુધી જરૂર સાંપરાયિકી એટલે સંસાર જેનું ફળ છે એવી ક્રિયા હોયજ.

જો કે સાંપરાયિકી ક્રિયાથી કર્મબંધ થાય એ નક્કીજ છે છતાં યાદ રાખવું કે કર્મબંધની સાથે કર્મની નિર્જરાનો વિરોધ નથી માટે સાંપરાયિક ક્રિયાવાળાને પણ ગુણઠાણાની શ્રેણિએ ચઢવામાં અડચણ નથી, અને તેથી કોઈપણ કષાયવાળી અવસ્થામાં રહેલો ગુણઠાણે ચઢશે નહિ અને મોક્ષે જશે નહિ એવું અનિષ્ટ પ્રસંજન કરી શકાશે નહિ. વળી જ્યારે લબ્ધિનું ફોરવવું અને શિક્ષા કરવી એ પ્રમાદ સાથે સંબંધ રાખે છે તો તે નિર્જરાની સાથે સંબંધ ન રાખે તે સ્વાભાવિકજ છે. જૈનશાસનને માનનારા સારી પેઠે સમજેજ છે કે કર્મની નિર્જરાને સંબંધ બારે પ્રકારના તપ અને સમ્યગ્દર્શનજ્ઞાન અને ચારિત્રની સાથેજ છે તો પછી નિયમિત પ્રમાદદશાની સાથેજ સંબંધ રાખનાર લબ્ધિનું ફોરવવું તથા શાસનદ્રોહીના પ્રદ્વેષથીજ થનારી ક્રિયા સાથે નિર્જરાનો સંબંધ બનેજ કેમ ? વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે છદ્મસ્થ અને સકષાયની કોઈ પણ ક્રિયા પ્રદ્વેષની વગરની હોયજ નહિ અને તેથી શાસ્ત્રકારો છદ્મસ્થ અને સકષાયને ઓછામાં ઓછી ત્રણ ક્રિયા તો સાથેજ માને છે. એટલે જ્યારે સકષાયને કોઈપણ ક્રિયા પ્રદ્વેષ વગરની હોયજ નહિ તો પછી જે શિક્ષામાં ઉપર જણાવ્યા પ્રમાણે શલાકાપુરુષને ચીસ પડાવનાર અને જીવવાની આશાને છોડાવી દેનાર એવી પારિતાપનિકી ક્રિયા સર્વથા પ્રાદ્વેષિકી ક્રિયા એટલે દ્વેષ વગરની છે અને કર્મબંધની સાથે સંબંધજ નથી રાખતી કે નિર્જરાની સાથે જ સંબંધવાળીજ છે એમ કોણ માની શકે? જોકે વાલીજી મહારાજને થયેલો દ્વેષ તેમના પોતાના કે રાવણના અંગત કારણને આભારી નથી પણ રાવણે કરવા માંડેલા શ્રી અષ્ટાપદજી તીર્થના નાશને અંગેજ છે, પણ સામાન્ય રીતિએ જ્યારે છદ્મસ્થની સકષાયની સર્વક્રિયાઓ પ્રદ્વેષથી વ્યાપેલી છે તો પછી આ તીર્થને નાશ કરવાવાળા રાવણ પ્રત્યે શિક્ષા કરવાની બુદ્ધિથીજ કરાયલી ગરિમાલબ્ધિ ફોરવવાની ક્રિયા દ્વેષવાળી હોય એમાં કયા જૈનનો વિરૂદ્ધ મત હોય.

(૮) આઠમા મુદ્દાને અંગે ત્રિષષ્ટીયશલાકાપુરુષચરિત્રમાં વાલીમુનિજી જણાવે છે કે **रागद्वेषौ विनैवैनं शिक्षयामि मनागहं** એટલે રાગદ્વેષની પરિણતિ વિનાજ એને (રાવણને) કંઈ શિક્ષા કરૂં. એ વાક્યથી તેમજ **रागद्वेषविनिर्मुक्त** એટલે હું રાગદ્વેષથી રહિત છું. વળી પઉમચરિયમાં વાલીમુનિજી જણાવે છે કે **मोत्तूण रागदोसं (करोमि)** એટલે રાગદ્વેષને મ્હેલીને (ભરત મહારાજના ચૈત્યની રક્ષા માટે, નહિ કે મ્હારા જીવિતના રક્ષણ માટે પ્રવચનવત્સલપણાથીજ ) કરૂં છું. આવી રીતનું સ્પષ્ટ લખાણ હોવાથી વાલીમહારાજે રાગદ્વેષ રહિતપણેજ રાવણને શિક્ષા કરી છે એમ કેમ ન મનાય ? શું કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી અને વિમલસૂરિજી મહારાજનું વચન અમાન્ય કરાય ખરૂં ? આવી રીતની પ્રશ્નકાર તરફની શંકા ઉઠાવીને વિચાર કરીએ. પ્રથમ તો કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીનું કે વિમલાચાર્યજીનું વચન કોઈપણ અપ્રમાણ ગણતું નથી અને ગણે પણ નહિ, પણ પ્રથમ તે શંકાકારને એટલી સમજણ નથી કે આ ચારિત્રોના કર્તા ભગવાન્ હેમચંદ્રસૂરિજી અને વિમલાચાર્યજી છે

છતાં આ વાક્ય ભગવાન્ હેમચંદ્રસૂરિજીનું અને વિમલાચાર્યજીનું નથી પણ વાલીમુનિજીના કથનનો અનુવાદજ છે અને તેથી **शिक्षयांचकार** કે **शिक्षितवान्** જેવા અથવા **कासी कासीअ अकासी** એવા પ્રયોગો ન મ્હેલતાં **शिक्षयामि** અને **करेमि** એવા પ્રયોગો સ્પષ્ટપણે અન્ય ઉપપદવાળા ન મ્હેલતાં અસ્મદ ઉપપદવાળા મ્હેલ્યા છે. આ વાતને સમજનારો સ્વપ્ને પણ ન કહી શકે કે ભગવાન્ હેમચંદ્રસૂરિજી અને વિમલાચાર્યજી મહારાજ લબ્ધિ ફોરવીને રાવણને શિક્ષા કરતી વખત વાલીમુનિજીને વીતરાગદશામાં હતા એમ માને છે. ચરિત્રોમાં ઉચિત અનુચિત જે અનેક પ્રસંગો આવે તે પ્રસંગો તે તે પાત્રને બોલાવાય તેમાં ગ્રંથકાર તે પ્રસંગને સંમત હોય એમ માનનારો કે કહેનારો સાહિત્યના રસને લેનારો છે એમ ન કહેવાય પણ માત્ર સાહિત્યરૂપ દૂધપાકના કટાહમાં કડછા માફક ફરનારો છે એમજ કહેવાય, માટે શ્રી હેમચન્દ્રસૂરિજી કે વિમલાચાર્યની આ માન્યતા છે એમ માનનારો તો મૃષાવાદી અને સાહિત્યરસથી બેનસીબજ છે એમ મનાય.

આટલી હકીકત માત્ર રજુઆત કરવાની સ્થિતિને અંગે જણાવી છે પણ વાલીજીના કથનને કોઈપણ પ્રકારે અસત્ય કે અનુચિત મનાવવા કે જણાવવા માટે નથી. વાલી મુનિજીએ પોતાને અંગે શિક્ષાપ્રસંગ આવેલો છે તેને અંગે શિક્ષણીય એવા રાવણ ઉપર અંગત રાગદ્વેષ નથી તથા ક્રોધ નથી એમ કહેવું સર્વથા વ્યાજબીજ છે અને તેથીજ વિમલાચાર્ય મહારાજના અનુવાદમાં રાગ અને દ્વેષ મૂકીને જિનચૈત્યના રક્ષણ માટે કરીશ એમ સ્પષ્ટપણે જણાવે છે, અર્થાત્ રાગદ્વેષવાળી દશા તો છે, પણ વ્યક્તિગત જે કોઇ રાગદ્વેષ તે આ (શિક્ષા) કરવામાં કારણ નથી એમ જણાવે છે અને તેથીજ શ્રી વાલિમુનિજી પાસે બોલાવે છે કે **न य जीवियव्वय निमित्तं** એટલે મને મરવાનો ડર લાગ્યો છે અને મારા જીવનનો મને રાગ છે અને તેથી તેનો નાશ કરવા તત્પર થએલા રાવણ ઉપર મને દ્વેષ થયો છે અને આ રાવણને શિક્ષા કરવાનું કાર્ય કરૂં છું એમ નહિ. અર્થાત્ મારા જીવનને અંગે થતા રાગદ્વેષના પ્રસંગોની મારી ઉપર અસર થએલી નથી, પણ જે આ શિક્ષણનું કાર્ય કરૂં છું તે માત્ર **पवयणवच्छलभावेण** એટલે આ અષ્ટાપદજીરૂપ તીર્થના નાશનો પ્રસંગ હોવાથી પ્રવચનની ઉપર રહેલી મારી વાત્સલ્યબુદ્ધિથી આ શિક્ષા કરૂં છું. આ ઉપરથી ચોકખું સમજાશે કે રાવણ ઉપર તેને કરેલા તિરસ્કારનો દ્વેષ કે પોતાના જીવનને બચાવવાની બુધ્ધિરૂપ રાગના કારણથી શિક્ષા નથી કરતા, પણ પ્રવચનવત્સલતાનો રાગ અને તીર્થનાશને કરનાર તરીકે રાવણ ઉપર થતો ક્રોધ નથી એમ તો એ ઉપરથી કહી શકાય તેમ નથી અને આટલા માટે **मोत्तूण रागदोसे** એમ કહી રાગ અને દ્વેષ એ બંનેને રહિતપણું જણાવવું પડયું છે, નહિતર શિક્ષાનો પ્રસંગ હોવાથી તેમાં રાગના નિષેધને સ્થાનજ ન હતું, વળી હેમચંદ્રસૂરિજી પણ **स्वशरीरेऽपि निःस्पृहः** અર્થાત્ મારા શરીરમાં એટલે જીવનમાં મને સ્પૃહા-રાગ નથી એમ જણાવી સ્વજીવિતના રક્ષણ સંબંધીજ રાગનો નિષેધ જણાવે છે, પણ સર્વથા પોતાની રાગદ્વેષરહિતપણાવાળી વીતરાગ દશા છે એમ જણાવતા નથી. આ સ્થળે રાવણ અને વાલી મુનિજીના સંબંધસર વાક્યો તપાસાય તો સ્પષ્ટ થઇ જાય કે મહાત્મા વાલીમુનિજી રાગદ્વેષરહિતપણું જણાવે છે તે માત્ર રાવણના તિરસ્કારના દ્વેષ અને સ્વજીવનના રાગના રહિતપણા માત્ર અંગેજ છે.

શ્રી ત્રિષષ્ટીય પ્રમાણે -

રાવણ

૧ હજી (સાધુપણાની દશામાં) પણ મારા ઉપર વૈર રાખી વિરૂધ્ધતા કરે છે.

૨ જગતને ઠગવા માટે આ મુનિપણાને કપટથી ધારણ કરે છે.

૩ જેમ ગાડીત બળદને વહેવડાવે તેમ તેં મને કોઈક માયાપ્રપંચથી વહેવડાવ્યો અને હવે હું તેનો બદલો વાળીશ એવી શંકાથી સાધુપણું લઈ લીધું.

૪ હજી પણ હું તેજ છું, મારી ભુજાઓ પણ તેજ છે તેથી વખતસર તારા કરેલાના બદલા તરીકે હું (પણ) કરૂં છું.

૫ જેવી રીતે ચંદ્રહાસ સાથે મને ઉપાડીને તું દરિયામાં ફર્યો હતો, તેવી રીતે તને પર્વત (આ અષ્ટાપદ તીર્થ) સાથે ઉપાડીને લવણસમુદ્રમાં નાખી દઈશ.

એમ કહીને અષ્ટાપદ ઉપાડયા પછી તે હકીકતથી અવધિ કે જે નિર્મલ હતું તેથી તે હકીકત જાણીને વાલીજી શું બોલે છે તે જોઈએ :

૧ હું સંસારના સંબંધથી મુક્ત છું અર્થાત્ વૈરવિરોધવાળો નથી અને મારૂં વ્રત દંભરૂપ નથી.

૨ મને મારા શરીર ઉપર પણ મમત્વ નથી અર્થાત્ બદલાનો ભય નથી અને તારા બળના મદથી મને કંઈ પણ અપકાર કરે કે દરિયામાં પણ ફેંકી દે તેની મને પરવા નથી.

૩ રાગ અને દ્વેષથી રહિત છું. અર્થાત્ તારા આવા ખોટા આક્ષેપથી મારા મનમાં એક અંશ પણ દ્વેષ થતો નથી અને સુખદુઃખ તથા જીવિતમરણમાં સમભાવ હોવાથી શરીરના જીવન ઉપર રાગ પણ નથી અર્થાત્ તું મને ઉપાડીને દરિયામાં ફેંકી દેવાનું કરે છે તોપણ મારો આત્મા તે વચનથી રાગ કે દ્વેષ તરફ દોરાએલો નથી.

૪ હું સમતાના દરિયામાંજ નિમગ્ન છું. અર્થાત્ સ્વજન તેમજ પરજન તેમજ સ્તુતિ કરનાર તથા નિંદા કરનાર ઉપર સમભાવ રાખનાર હોવાથી તું મને કપટી કહે છે, અનર્થની શંકાથી દીક્ષિત થનાર કહે છે અને અનેક પ્રકારે ભય બતાવે છે તેની મને કાંઈ દરકાર નથી.

આવી રીતે રાવણના તિરસ્કાર અને દેખાડેલા ભયને અંગે આ વાકયો હોવાથી તો શ્રી વાલિમુનિજીને આ વચનો ઉચ્ચાર્યા પછી તિ એમ બોલવું પડે છે, અન્યથા વાલીમહારાજને પિ અવ્યય ઉચ્ચારવો પડે નહિ. સામાન્ય રીતે સાહિત્ય અને વાક્યરચનાને સમજનારો મનુષ્ય સહેજે સમજી શકે તેમ છે કે ઉત્તર વાક્યના આરંભમાં વપરાએલ **तथापि, परन्तु, किन्तु, किमुत** વિગેરે અવ્યયો પૂર્વના વાક્યના અંશથી અનુજ્ઞાવાળાજ હોય છે, અર્થાત્ ઉપર જણાવવામાં આવેલા રાગદ્વેષો ન છતાં પ્રકારાંતરના એટલે પ્રવચનરાગ અને તીર્થોચ્છેદક કાર્ય તરફ અને તેના કરનાર તરફ એટલે શાસનદ્રોહી ઉપરનો દ્વેષ નથી એમ કહી શકાયજ નહિ. વળી એજ કારણથી **रागद्वेष विनिर्मुक्तो** એમ પહેલા શ્લોકથી જણાવ્યા છતાં પાછું શિક્ષા કરતી વખત **रागद्वेषो विनैवैनं** એમ પુનઃ ઉચ્ચારણ પૂર્વોકત રીતિના રાગદ્વેષના અભાવને દૃઢ કરે છે. વળી સહેજે સમજી શકાય તેમ છે કે હું મૂંગો છું એ વાક્યની માફક શિક્ષા અને સર્વથા રાગદ્વેષનો અભાવ એટલે વીતરાગતાને વિરોધ છે.

વળી વાલીજી મહારાજ પ્રવચનની વત્સલતા એટલે તીવ્રરાગદશાની સાથે રાવણ ઉપર અંગત તરીકે નહિ પણ તેના તરફથી થવાના ચૈત્યની નાશરૂપ શાસનદ્રોહના કાર્યને અંગે કેવી લાગણીવાળા થયા હશે એ જણાવવા માટે ભગવાન્ હેમચંદ્રસૂરિજીએ જણાવેલ શબ્દ ધ્યાનમાં રાખવાની જરૂર છે. રાવણને માટે આ વખત વાલીમુનિ બોલે છે કે **अद्यमद्यापि दुर्मतिः** અર્થાત્ આ રાવણ હજી પણ દુર્બુધ્ધિવાળો છે. સુજ્ઞો મનુષ્યો વિચારી શકે તેમ છે કે શું આ દુર્મતિશબ્દ અને તે પણ હજી પણ અવ્યયની સાથે ઉચ્ચારાયો છે તે વીતરાગદશાવાળાનો કે વીતરાગદશાને એટલે કોઈપણ પ્રકારના રાગદ્વેષ સિવાયની અવસ્થાને સૂચવનાર તો નથી. આ સ્થાને ભગવાન્ મહાવીર મહારાજના વૈરને લીધે સંદંષ્ટદેવે આખી નાવ અનેક મનુષ્યો સાથેની ડુબાડવા માંડી તોપણ જગજ્જંતુમાત્રની દયાને ધારણ કરનાર ભગવાન્ મહાવીર મહારાજે સરાગદશા છતાં ઉચ્ચાર્યા નથી, વળી મહારાજ વાલી તે વખત જો સર્વથા રાગદ્વેષરહિતજ હોત તો आः એ અવ્યય જે માત્ર સંતાપ અને પ્રકોપમાં વપરાય છે તેનો આ કોપને સ્થાને પ્રયોગ કરત નહિ અથવા ભગવાન્ શ્લોકમાં વાલીજીના મુખમાં તે શબ્દ મેલતજ નહિ, માટે વ્યાકરણના માત્ર ત્રીજા સંધિને જાણનારો મનુષ્ય પણ આ आः પદને દેખ્યા પછી વાલી મહારાજ રાવણ ઉપર અંગત દ્વેષ વિનાના છતાં પણ સર્વથા દ્વેષ કે ક્રોધ રહિતજ હતા એમ કહી શકે તેમ નથી, વળી એ પણ વાત ભૂલવા જેવી કે ઉપેક્ષા કરવા જેવી નથી કે મહારાજા વાલીજીને તીર્થની ઉપર રાગ અને તેના કરનાર રાવણ ઉપર તેને લીધેજ થએલા દ્વેષને અંગે મૂલ કારણ તે વિમાન રોકાવવાનું છે તે ઉપર જવાનું ન થતાં મધ્યભાગનું કારણ જે રાવણે જાહેર કરેલો દ્વેષ તેજ કારણ તરીકે લીધો અને ચોક્ખા શબ્દમાં શ્રી વાલીજી ફરમાવે છે કે મારા ઉપરના દ્વેષથી આ રાવણ અનેક પ્રાણીઓનો સંહાર અને ભરત મહારાજે કરાવેલ ચૈત્યનો નાશ કરી તીર્થનો વ્યુચ્છેદ કરવા માગે છે અર્થાત્ આ રાવણ મારા અંગત દ્વેષને લીધે આ બધો અનર્થ કરે છે. અર્થાત્ કહેવું જોઈએ કે આ રાવણ મારી ઉપર અંગત દ્વેષવાળો છે, પણ હું જે આજે શિક્ષા કરૂં છું તે કોઈપણ પ્રકારે રાવણ ઉપરના અંગત દ્વેષને અંગે નથી. आः **कथं मयि मात्सर्यादयमद्यापि दुर्मतिः।** આ અડધો શ્લોક બરાબર બારીક દૃષ્ટિથી વિચારનાર મનુષ્ય કોઈપણ દિવસ એમ ન કહી શકે કે વાલી મહારાજ સર્વથા રાગદ્વેષથી રહિત હોઈનેજ રાવણને શિક્ષા એટલે સજા કરે છે.

(૧૦) દશમા મુદ્દાને અંગે સામાન્ય રીતિએ પણ જૈનશાસ્ત્રોને જાણનાર અને માનનાર હોય એ કોઈ દિવસ પણ એમ કહી શકેજ નહિ કે પ્રાદ્વેષિકી એટલે રાગ અને દ્વેષની ક્રિયા સિવાય પારિતાપનિકી ક્રિયા હોય અર્થાત્ પરિતાપની ક્રિયા સાથે દ્વેષની ક્રિયા રહેલી છે. વળી જ્યારે અહીં વાલીજી મહારાજે રાવણને લોહી ઓકાવનારી પીડા કરી એ ચોક્કસ છે અને તેને માટે ભગવાન્ હેમચંદ્રસૂરિજી રાવણે ચીસ પાડી એ વાત જણાવતાં **रूधिरं वमन्** એમ કહી લોહીની ઉલટી કરતા તે રાવણે પૃથ્વીને ચીશ પડાવતાની સાથે રાડ પાડી. આવી રીતનું ખુદ્ શ્રી હેમચંદ્રસૂરિજીનું નહિ કે વાલીમુનિજીનું કે રાવણનું વાક્ય વાંચનાર અને વિચારનાર મનુષ્ય રાવણને વાલીમુનિજીએ પરિતાપ કર્યો નથી કે તેથી પારિતાપનિકી ક્રિયા થઈ નથી એમ કહી શકેજ નહિ. આથી સ્પષ્ટ છે કે વાલીમુનિજીએ વિચારપૂર્વક જ રાવણને ભયંકર પરિતાપની અને શ્રી વિમલાચાર્યજીના વચન પ્રમાણે તો પ્રાણાતિપાતિકીના સંભવ જેવી સ્થિતિએ પહોંચાડયો હતો અને તેથી પારિતાપનિકી ક્રિયા મહારાજા વાલીજીને લાગી હતી એમાં બે મત થઈ શકે તેમજ નથી. જોકે વિષયકષાયાદિકથી થતી પારિતાપનિકી અગર

પ્રાણાતિપાતિકી ક્રિયા અને પ્રશસ્ત રાગાદિના કારણથી થતા એ બે ક્રિયાઓના બંધનમાં આકાશપાતાલ જેટલું અંતર છે એમાં કોઈપણ જૈનશાસ્ત્રને જાણનારો ના પાડી શકે તેમ નથી, પણ અત્યારે તો એજ સવાલ છે કે પ્રાદ્વેષિકી ક્રિયા વગર પારિતાપનિકી કે પ્રાણાતિપાતિકી ક્રિયા બની શકે છે એમ કહેવા માગતો હોય તે કેવો શાસ્ત્રનો યાવત્ નવતત્ત્વ જેવા સામાન્ય પ્રકરણનો પણ અજાણ છે અને પોતાનું બધું અજાણપણું છતાં જનસમૂહનો માર્ગદર્શક હું છું એમ બની કેવો શાસનનો પ્રત્યનીક બને છે તેજ માત્ર જોવાનું છે.

(૧૧) અગીઆરમા મુદ્દાને અંગે જો કે વીતરાગ પરમાત્માની સાહજિક યોગપ્રવૃત્તિથી જીવોની હિંસા-પ્રાણવિયોગ થવો જલસિદ્ધઆદિ પ્રસંગો થતા હોવાથી માન્યા સિવાય ચાલેજ નહિ. જો કે શ્રી સ્થાનાંગાદિસૂત્રોમાં પ્રાણાતિપાત કરનારપણું અસર્વજ્ઞપણાનું ચિહ્ન જણાવ્યું છે,પણ તે પ્રાણાતિપાતનું કરવાપણું દ્વેષિપણાની અપેક્ષાએ કે ટેવની અપેક્ષાએ અગર ત્રિકરણના વ્યાપારથી થવાની અપેક્ષાએજ હોય તોજ ગણી શકાય અને તેથી સર્વજ્ઞ ભગવાનને ભાવમનોયોગનો અભાવ હોવાથી ત્રિકરણ યોગવાલી હિંસા અને અપ્રમત્તીને પણ આરંભાદિ ક્રિયા નથી તેની આત્મારંભાદિપણું ન હોવા છતાં ક્રોધમાનાદિક કષાયોનો સર્વથા નાશ થયેલો હોઈ સાંપરાયિકી ક્રિયા ન હોવાથી કાયિકીજ માત્ર ક્રિયા સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને લાગે પણ જ્યાં સુધી જીવ વીતરાગ પરમાત્માની દશાને પામેલો ન હોય ત્યાં સુધી એકલી કાયિકી ક્રિયાવાલો હોયજ નહિ. અર્થાત્ સરાગ પુરૂષને ઈર્યાપથિકી જે સમય માત્રના બંધવાળી છે, તે ક્રિયા નજ હોય પણ સાંપરાયિકીજ ક્રિયા હોય તેમજ કાયિકી, અધિકરણિકી તથા પ્રાદ્વેષિકી એ ત્રણ ક્રિયાઓ તો જરૂર હોય એટલે કહેવું જોઈએ કે વાલી મહારાજ પ્રાદ્વેષિકી ક્રિયાથી મુક્ત તો નથીજ. સામાન્ય માત્ર પણ જ્યારે સરાગજીવ પ્રાદ્વેષિકી ક્રિયાથી મુકત ન હોય તો પછી સામાન્ય પણ પરિતાપના કરનાર તે પ્રાદ્વેષિકી ક્રિયાથી કોઈ કાલે મુકત હોઈ શકેજ નહિ, અને વળી મરણદશાને નજીક લાવવા જેવી પરિતાપના કરનાર થાય તેને પારિતાપનિકી ક્રિયા નથી કે તેને લીધે જરૂર આવવાવાળી પ્રાદ્વેષિકી ક્રિયા નથી એમ તો ક્રિયાના સ્વરૂપને જાણનારથી કહેવાયજ કેમ ? ધ્યાન રાખવાની જરૂર છે કે કાયિકીઆદિ પાંચ ક્રિયામાં એક બે આદિ સંયોગોથી એકત્રીશ ભાંગા શાસ્ત્રકારોએ માન્યાજ નથી. તે કાયિકી આદિ પાંચ ક્રિયામાં તો માત્ર ચારજ વિકલ્પો છે.

૧ કાયિકી ૨ કાયિકી અધિકરણિકી પ્રાદ્વેષિકી ૩ કાયિકી અધિકરણિકી પ્રાદ્વેષિકી પારિતાપનિકી ૪ પ્રાણાતિપાતિકી. આ ચાર વિકલ્પોમાં પ્રથમ કાયિકીનો વિકલ્પ કેવલ વીતરાગ પરમાત્માનેજ હોય છે, એ બીજો વિકલ્પ જે કાયિકી અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાવાળો છે તે જે કોઈ સરાગ દશાવાળો જીવ કોઈપણ જીવની પરિતાપના કે હિંસા ન કરે તો પણ સર્વદા સર્વ ક્રિયા કરે ત્યારે તે લાગે છે અને પારિતાપનિકી લાગે તો ચાર ક્રિયા જરૂર થાય અને પ્રાણાતિપાત થાય તો પાંચ ક્રિયા થાય છે. આ સર્વ હકીકતનું તત્ત્વ એજ છે કે વાલીમુનિજીએ રાવણને પરિતાપના કરેલી છે અને તેથી પારિતાપનિકી ક્રિયા જરૂર ગણવી પડે અને જો તે ચોથી પારિતાપનિકી ક્રિયા થઈ એટલે પ્રાદ્વેષિકી ક્રિયા તો નિયમિતજ છે માટે વાલીમહારાજને તે પરિતાપના જાણી જોઈને કરી છે. છતાં દ્વેષ હતોજ નહિ અને તેથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગીજ નથી એમ કદિ પણ ક્રિયાના એક, ત્રણ, ચાર અને પાંચના સંભવના વિકલ્પો જાણવાવાળો બોલી કે કહી શકેજ નહિ. જો કે તેને ક્રિયાના અધિકારનો બોધ ન હોય

કે અન્ય કારણ હોય અને સ્વતંત્રપણે બોલે તો તે જુદી વાત છે. (ક્રિયાનો અધિકાર પ્રજ્ઞાપનાદિથી જણાય.)

(૧૨) બારમા છેલ્લા મુદ્દાને અંગે જો કે શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને રાગ અને દ્વેષના પ્રશસ્ત અને અપ્રશસ્ત વિભાગ પાડેલા છે, અને તે પ્રશસ્ત અને અપ્રશસ્ત વિભાગો માનવાની દરેક શ્રદ્ધાળુને જરૂર છે અને પ્રશસ્ત, અપ્રશસ્ત વિભાગ ન માને તો મોક્ષમાર્ગ માનવો કે મોક્ષ મેળવવો તે સર્વથા જ અશક્ય થઈ જાય. જેને મલની જમાવટ થઈ ગઈ છે અને દીવેલ લેવાની ના પાડે એ મનુષ્ય જીવનને ટકાવી શકેજ નહિ, તેમ જે જીવ આઠે પ્રકારના ઘાતિ અઘાતિ બંને પ્રકારના કર્મોથી સજ્જડ ઘેરાઈ રહ્યો છે, અને સર્વ કર્મના બંધનને તોડનાર આલંબન લે તો મોક્ષમાર્ગ પ્રવર્તે નહિ, અને મોક્ષ મલે પણ નહિ, પરંતુ પ્રશસ્તરાગ કયો ગણવો ? એના સમાધાનમાં શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે કેઃ-

प्रशस्तस्तु रागोऽर्हदादि विषयः, उक्तं च-अरिहंतेसु य रागो रागो साहूसु बंभयारीसु ( वीयरागेसु )। एस पसत्थो रागो अज्जसरागाण साहूणं ॥१॥

અર્થાત્ અરિહંત ભગવાન્, સાધુ મહારાજા અને બ્રહ્મચારી કે વીતરાગ પરમાત્મામાં જે રાગને જ્યાંસુધી રાગ કરનાર સાધુ હોઈ સરાગ દશામાં છે તો તેને પ્રશસ્તરાગ ગણાય. ભગવાન્ અરિહંતાદિ ઉપર રાગ તેઓના ગુણોને અંગેજ કરવાનો હોય છે, તેથી તેમના ગુણો અને તે અરિહંતાદિક ગુણી ઉપર કરાતો રાગ પ્રશસ્ત ગણ્યો છે, પણ દ્વેષ તો માત્ર અવગુણ ઉપર થાય તોજ પ્રશસ્ત ગણાય અને તેથી શાસ્ત્રકાર ભગવાન્ સ્પષ્ટ શબ્દોમાં દ્વેષની બાબતમાં જણાવે છે કે :-

तत्र प्रशस्तोऽज्ञानादिगोचरः तथाहि 'अज्ञानं अविरतिं च द्विषन् ज्ञाने विरता च सम्यग् यतते इति तस्य प्राशस्त्यं ॥'

અર્થાત્ અજ્ઞાનાદિ ઉપર થતો દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ છે, કેમકે અજ્ઞાન અને અવિરતિ ઉપર દ્વેષ કરનાર જ્ઞાન અને વિરતિ માટે સારી રીતે પ્રયત્ન કરે અને તેથી તે અજ્ઞાન અને અવિરતિના દ્વેષનું પ્રશસ્તપણું છે, એટલે સ્પષ્ટ થયું છે પ્રશસ્ત ગુણ અને ગુણી ઉપર હોય અને પ્રશસ્ત દ્વેષ તો અવગુણી ઉપરજ હોય. પ્રશસ્તરાગનો છેડો ગુણો ઉત્કૃષ્ટ દશામાં આવે ત્યારે થાય અને પ્રશસ્ત દ્વેષનો છેડો પણ અવગુણી ઉપર હોવાથી અવગુણના સંપૂર્ણ નાશે થાય અને તેથી તે ગુણગુણિનો પ્રશસ્તરાગ તથા અવગુણનો પ્રશસ્તદ્વેષ આત્માને ગુણપ્રાપ્તિ કરાવવા પર્યંત થાય પણ જો અવગુણિ કે અપરાધિ ઉપર દ્વેષ કરવો વ્યાજબી ગણાય અને તેને પ્રશસ્ત કહેવાય તો પછી તે દ્વેષનો છેડો આખું જગત્ અવગુણ વિનાનું ન થાય અને અપરાધીઓ અપરાધ કરતાં બંધ ન થાય ત્યાં આવે નહિ અને તેથી તેવો દ્વેષ સર્વકાલને માટે રાખવોજ પડે. એટલે કહેવું જોઈએ કે અવગુણિ કે અપરાધિ ઉપર રખાતો દ્વેષ જો પ્રશસ્ત હોય તો વીતરાગપણું આવે નહિ કે આવે તો પ્રશસ્ત દ્વેષ ન થયાનું નુકશાનજ થાય. અવગુણિ ઉપર તો શાસ્ત્રકારો માધ્યમસ્થ્યભાવનાથીજ રાખવાનું જણાવે છે. જેઓ એમ ધારે છે કે અવગુણથી માત્ર પોતાના આત્માને ડુબાડતો હોય એવા અવગુણિ માટે તો માધ્યમસ્થ્યભાવના રાખવી વ્યાજબી છે, પણ જે દેવગુરૂની નિંદા કરીને કે એવા ઉપઘાતો કરીને અપરાધ કરનારા હોય તેની ઉપર મધ્યસ્થ ભાવના હોય જ નહિ. આ તેમનું ધારવું શાસ્ત્રથી વિરૂદ્ધ હોવા સાથે જૈનભાવનાને નાશ કરનારૂં છે. કોઈ પણ

શાસ્ત્રકારે મૈત્રી આદિ ચાર ભાવના માફક પાંચમી દ્વેષભાવના કહી નથી અને જૈનશાસનને એ કોઇ દિવસ પણ દ્વેષભાવના શોભે જ નહિ, અને દ્વેષભાવ ન શોભે તો પછી વધબંધન મારણાદિને કર્તવ્ય તરીકે ગણનાર મનુષ્ય તો સ્વપ્ને પણ જૈનભાવનામાં આવી શકે જ કેમ ? ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજી તો क्रुरकर्मसु निशृशंकं देवतागुरुनिन्दिषु એમ કહી નિર્દયપણે ઘાતકી કર્મો કરનાર તથા નિઃશંકપણે દેવગુરુની નિંદા કરનાર જીવોમાં પણ માધ્યસ્થપણું લાવવાનું જણાવી ચોખ્ખી રીતે શાસનના અપરાધિઓમાં માધ્યસ્થપણું રાખવાની ફરજ છે. એમ જણાવે છે. અર્થાત્ અપરાધિ ઉપર થતા દ્વેષને પ્રશસ્ત દ્વેષ તો કહી શકાયજ નહિ અને કોઇ પણ શાસ્ત્રકારો તેવું વિધાન પણ કરતા નથી. જો કે સરાગ દશા હોવાથી દેવ, ગુરુ, ધર્મના બહુમાનવાળા શાસનના અપરાધિઓ ઉપર દ્વેષ આવ્યા વિના રહે નહિ અને તેવી અપરાધિઓને શિક્ષા કર્યા શિવાય રહે નહિ છતાંપણ શાસ્ત્રકારો જ્યારે વિધેય એવા ભગવાન્ અરિહંતઆદિ વિષયના પ્રશસ્તરાગને પણ કર્મનો બંધ કરાવનાર તરીકે માનવાનું જણાવે છે. અર્થાત્ આવી રીતે આવશ્યકવૃત્તિમાં શંકાસમાધાન જણાવે છે.

आह प्रशस्तनामनमयुक्तं न, तस्यापि बन्धात्मकत्वात् શંકા કરે છે કે જ્યારે ભગવાન્ અરિહંતાદિક ઉપર રાગ થાય તે પ્રશસ્તરાગ છે તો પછી તે પ્રશસ્તનું નમાવવું તમોએ સામાન્ય રીતે રાગ માત્રને નમાવવો કહેલ હોવાથી આવી ગયું તો તે અયોગ્ય છે. આવી શંકાના સમાધાનમાં જણાવે છે કે એમ નહિ અર્થાત્ પ્રશસ્તરાગનું નમાવવું તે અયોગ્ય નથી, કારણ કે અપ્રશસ્ત રાગ જેમ કર્મ બંધાવનાર છે તેમ આ પ્રશસ્ત રાગ પણ કર્મને બંધાવનાર જ છે માટે તે પ્રશસ્ત રાગનું પણ નમાવવું યોગ્ય છે. જ્યારે આ પ્રમાણે શાસ્ત્રકારોએ ઔષધ તરીકે પ્રશસ્ત રાગ ગણી વિધેય જણાવ્યો હતો છતાં તેને પણ બંધનું કારણ છે એમ માનવું જોઇએ તો પછી અપરાધી ઉપર દ્વેષ કરવાનું વિધેય નહિં છતાં અને તેનું પ્રશસ્તપણું નહિ જણાવ્યા કે મનાવ્યા છતાં સરાગ દશાને લીધે થઇ જાય તેને બંધનું કારણ ન માને તે મનુષ્ય જૈનશાસનને કેવું સમજતો હશે તે જ્ઞાની મહારાજ જાણી શકે. જો કે અપ્રશસ્ત રાગ છતાં પણ તીવ્ર મંદ આદિ તેનાથી થતા કર્મબંધનમાં ફેર પડે છે, તેવી રીતે અધર્મના દ્વેષને લીધે અધર્મી ઉપર અનિવાર્ય સંયોગોથી દ્વેષ થાય તેમાં જરૂર બંધ તેવો તીવ્ર નહિ થાય પણ જેમ રેવતી ઉપર થએલ મહાશતકનો ક્રોધ અપરાધિપણાને લીધે હતો છતાં તેને પ્રતિક્રમણાદિથી શોધનીયજ ગણ્યો હતો તેમ અપરાધિ ઉપર થએલ સર્વથા પ્રતિક્રમણાદિથી શોધનીયજ છે પણ અનુમોદનીય તો કોઇ પ્રકારે હોય કે ગણાયજ નહિ.

**આ આખા લેખનું તારણ આ પ્રમાણે આવેઃ**

૧ વીતરાગદશામાં પ્રવચનવત્સલતા ન હોય.

૨ વીતરાગદશાવાળો લબ્ધિ ફોરવે નહિ.

૩ મહારાજા વાલી સર્વથા રાગ દ્વેષ રહિત ન્હોતા તેથી લબ્ધિ ફોરવી.

૪ વાલી મહારાજના કાર્યથી રાવણે લોહીની ઉલટી કરી પૃથ્વીને રડાવી અને પોતે ચીશ પાડી અને પારિતાપનિકી ક્રિયા ઘણીજ થઇ હતી.

૫ લબ્ધિવાળા જો વીતરાગદશામાં હોય તો લબ્ધિ ફોરવેજ નહિ લબ્ધિને ફોરવવામાં રાગદ્વેષનીજ દશા હોય અને લબ્ધિ ફોરવ્યા પછી તેની આલોયણઆદિ કરે તોજ આરાધક થવાય.

૬ શાસનના અપરાધિને પણ કરાતી શિક્ષા કર્મબંધનનું કારણ સર્વથા નથી એમ તો કહેવાયજ નહિ.

૭ વાલીમુનિજીએ જે રાવણને શિક્ષા કરી છે તે માત્ર અંગત રાગદ્વેષ વિનાની છે પણ તે લબ્ધિ દ્વારાએ કરેલી શિક્ષા સર્વથા રાગદ્વેષ વિનાજ એટલે વીતરાગ પણે તો થયેલી નથીજ.

૮ અવગુણ ઉપર થતો દ્વેષ પ્રશસ્ત છે પણ અપરાધિ ઉપર થતો કોઇપણ રીતે પ્રશસ્ત નથી, અને તેથી અનુમોદનીય, અનુકરણીય કે નિર્જરાનું સાધન નથી. ધર્મની લાગણીનો અપૂર્વ લાભ છે તેમ તે દ્વેષનો અલાભ પણ સામાન્ય રીતે છેજ.

**આ સ્થાને**
**આવતી વખતે શું જોશો ?**
**ગુરુતત્ત્વવિનિશ્ચયના अत एववाळा પાઠનો પ્રવચનકારે કરેલો અર્થ જુઠો, અસંબદ્ધ અને અણસમજભરેલો હતો કે નહિ ?**

**પ્રશ્ન ૭૯૦**-આવશ્યકમલયગિરિજીની વૃત્તિમાં ૪૫૦ તથા ૪૫૭ મી ગાથાની ટીકામાં અનુક્રમે सोमिलस्य ब्राह्मणस्य देवानन्दायाः पत्न्याः कुक्षौ समुत्पन्नः એમ તથા कोडालसगोत्रो ब्राह्मणः सोमिलाभिधानोऽस्ति तस्य गृहे उत्पन्नः देवानन्दायाः कुक्षाविति આવા સ્પષ્ટ પાઠોથી દેવાનંદા સોમિલ બ્રાહ્મણની પત્ની હતાં એમ જણાવે છે તે કેમ ?

**સમાધાન** - તેજ ગાથાઓની ટીકામાં ભગવાન્ હરિભદ્રસૂરિજી તેનું નામ સ્પષ્ટપણે ઋષભદત્ત જણાવે છે, માટે ઋષભદત્તનું બીજું નામ સોમિલ હતું, એમ માનવું યોગ્ય છે અને ખુદ મલયગિરિ મહારાજ પણ આગલજ દેવાનન્દાના ભર્તાર તરીકે ઋષભદત્તને જણાવે છે માટે તે ઋષભદત્તનું બીજું નામ સોમિલ હોય તેમાં નવાઇ નહિ.

**પ્રશ્ન ૭૯૧**-જૈનશાસ્ત્રોમાં સર્વસ્થાને અને લૌકિકમાં કોટિલેયઆદિ અર્થશાસ્ત્રોમાં જ્યારે સંવત્સરનો અંત આષાઢ શુકલ પૂર્ણિમાની સાંજે છે એમ કહે છે તો પછી સંવત્સરને અંતે કરાય તે સાંવત્સરિક પ્રતિક્રમણ કહેવાય એવા શાસ્ત્રોમાં સ્થાને સ્થાને જણાવાએલ વાક્યોને અનુસરીને આષાઢ શુકલ પૂર્ણિમાએ સંવચ્છરી પ્રતિક્રમણ કેમ નથી થતું ?

**સમાધાન** - સૂર્યાદિ જ્યોતિષ્કોના ચારને હિસાબે યુગને અંતે આષાઢ શુક્લપૂર્ણિમાએજ પાંચે વર્ષો બરોબર થવાથી તેમજ કર્મસંવત્સરનો અંત આષાઢ શુક્લ પૂર્ણિમાએ આવતો હોવાથી જ્યોતિષના હિસાબે બે પ્રકારના વર્ષોનો અંત આષાઢ પૂર્ણિમાએ ગણાય છે, પણ શાસનમાં ક્લેશ, કષાયોને વોસીરાવવા અને તેને માટે જે સંવચ્છરી પડિકમણું કરવું તેને અંગે સંવત્સરની પૂર્ણતા ભાદ્રપદના પ્રથમ પર્વમાંજ રાખેલી છે. અર્થાત્ જ્યોતિષના વર્ષની સમાપ્તિ કે શરૂઆતની સાથે સંવચ્છરીનો સંબંધ નથી, અને આ પ્રમાણેજ દૈવસિક, રાત્રિક, પાક્ષિક કે ચાતુર્માસિક પ્રતિક્રમણોનો પણ સંબંધ જ્યોતિષ્ક દિન પક્ષ સાથે નથી.

**પ્રશ્ન ૭૯૨**-દરેક શાસ્ત્રોમાં શ્રાવકોના વર્ણનમાં चाउदसट्ठमुद्दिट्ठपुण्णमासिसु એવો પાઠ આવે છે તો આ અનુક્રમે પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વીના ક્રમથી ભિન્ન હોવાનું કારણ શું ?

**સમાધાન** - આ અનુક્રમના ભેદનું કારણ વ્યાખ્યાકારોએ સ્પષ્ટ કર્યું નથી, છતાં આ જણાવાએલી માસિક તિથિઓમાં આઠમ અમાવાસ્યા (કલ્યાણકતિથિ) કે પૂર્ણિમા કરતાં ચતુર્દશીનું અધિકપણું-અભ્યર્હિતપણું હોવું જોઇએ, કેમકે એમ ન હોત તો અલ્પસ્વરવાળા અષ્ટમી અને ઉદ્દિષ્ટાશબ્દથી ચતુર્દશીને પહેલાં મૂકત નહિ, અને ક્રમની અપેક્ષાએ આઠમને પહેલાં ન લેતાં ચૌદશને પહેલાં લેત નહિ, અને એ ઉપરથી એમ માની શકાય કે આઠમઆદિ તિથિઓ કરતાં ચૌદશની અધિક માન્યતા હોવીજ જોઇએ અને હંમેશાં પાક્ષિક તો ચતુર્દશીનું હોવાથી એવો ચતુર્દશીનું પ્રાધાન્યતાને જણાવનાર ચતુર્દશીથી શરૂ થએલો પાઠ હોય તે સ્વાભાવિક જ છે.




# આગમોદ્ધારની અમોઘદેશના

## -: વૈરાગ્યની વહેંચણ :-

### ઉન્નતિને કોણ નોતરી શકે ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજાશ્રી ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથ રચી ગયા છે. પ્રસ્તુત ગ્રંથમાં તેઓ શ્રીમાન્ જણાવી ગયા છે કે આ સંસારમાં જેઓ આત્મકલ્યાણની ઈચ્છા રાખે છે, જેઓ આ સંસારમાં ધર્માર્થી તરીકે જીવવા માગે છે, જેઓ આત્માના ગુણો પ્રકટ કરવા માગે છે અથવા તો જેઓ એ ગુણોને અવ્યાબાધ રીતે રાખવા માંગે છે તે બધાએ એક વસ્તુ જરૂર વિચારવાની છે કે હું કોના સંયોગોમાં છું. જગતમાં જે માણસ પોતાની સ્થિતિ અને સંયોગનું ભાન રાખે છે તેજ માણસ ભવિષ્યની ઉન્નતિને નોતરી શકે છે અને એજ રીતે જે દુર્ભાગી આત્માઓ પોતાની સ્થિતિ અને સંયોગોનું ભાન નથી રાખતા, તેઓ અવશ્ય અવનતિનેજ નોતરે છે. મનુષ્ય જો પોતે મનુષ્ય તરીકે જીવવા માગતો હોય તો તેણે પોતે અવનતિને નોતરવી છે કે ઉન્નતિને નોતરવી છે તે સંબંધીનો વિચાર કરી લેવો જોઈએ. આ જગતમાં કાર્યસિદ્ધિ કોણ કરી શકે એ પ્રશ્ન વિચારીએ તો સ્પષ્ટપણે માલમ પડે છે કે જે કોઈ જીવાત્મા પોતાની શક્તિ, સ્થિતિ અને સંયોગો જોઈને તે પ્રમાણે ઉદ્યોગ કરે છે તેજ આત્મા આ સંસારમાં ઉન્નતિ મેળવી શકે છે અને કાર્યસિધ્ધિ કરી શકે છે. જે આત્મા પોતાની શક્તિ, સ્થિતિ અને સંયોગોને તપાસતો નથી અને કાર્ય કરે છે તે કાર્ય તેણે વાપરેલા બળના પ્રમાણમાં થતુંજ નથી. કહ્યું છે કે : "अयथाबलमारंभो निदानं क्षयसंपदा:" જે કોઈ કાર્ય પોતાના બળાબળને જોયા વિના આરંભાય છે તે કાર્ય સિધ્ધિને ન લાવતાં કાર્ય કરનારાના ક્ષયનેજ લઈ આવે છે. સંસારમાં આપણે ચારે બાજુએ દૃષ્ટિ નાખીશું તો એજ એક વાત જોવામા આવશે કે આ સંસારના પ્રત્યેક જીવો દરેક

ક્ષણે, દરેક પળે, અરે ! સમયના ઓછામાં ઓછા પરિણામે પણ કાર્ય કર્યાજ કરે છે. એવો કોઈપણ સમય યા સમયનો કોઇ પણ ભાગ નથી કે જે વેળાએ આ સંસારના જીવો પ્રવૃત્તિશૂન્ય હોય ! !

## પ્રવૃત્તિ વિનાનો સમયજ નથી.

સદા સર્વદા આ સંસારનો પ્રત્યેક જીવ કાર્ય કર્યાજ કરે છે. તે સતત પ્રવૃત્તિમાં જોડાએલોજ રહે છે. જીવાત્માની આ સતત પ્રવૃત્તિ જોઈને એક શિષ્યે પોતાના ગુરુને પ્રશ્ન કર્યો કે : આ સંસારમાં સંસારી જીવોને માટે પ્રવૃત્તિ વિનાનો સમય કયો ? ગુરુએ શિષ્યને જવાબ આપ્યો કે સંસારી જીવોને માટે પ્રવૃત્તિ વિનાનો એવો એક પણ સમય છેજ નહિ ! ! કેવળી ભગવાનો કે જેઓ આ જગતને માટે આધારભૂત છે, આપણા બહુમાનને પાત્ર છે, અનંતાજ્ઞાનના સ્વામી છે, પરંતુ તેઓ સુધ્ધાં એક ક્ષણને માટે પણ પ્રવૃત્તિ વિનાના નથીજ. બધા ગુણસ્થાનકમાં ચૌદમું ગુણસ્થાનક એજ એવી દશામાત્ર છે કે જ્યાં પ્રવૃત્તિનો અભાવ છે, પરંતુ એ ગુણસ્થાનકની હસ્તી કેટલી-કેટલા સમયની છે તેનો વિચાર કરજો. મધ્યમ સ્વરે પાંચ હ્રસ્વાક્ષરો બોલતાં જેટલો સમય પસાર થઈ જાય તેટલોજ સમયને માટે આ ગુણસ્થાનક છે એથી વધારે સમય પુરતું ચૌદમું ગુણસ્થાનક નથી. અ, ઈ, ઉ, ઋ અને લૃ એ પાંચ હ્રસ્વ સ્વરો છે એ પાંચે સ્વરો મધ્યમ સ્વરે એટલે હ્રસ્વ તરીકે બોલતાં જેટલો સમય જાય છે તેટલોજ સમય ચૌદમા ગુણસ્થાનકનો છે. જો દીર્ઘ સ્વર તરીકે અથવા ઉદાત્તપણે એ પાંચ સ્વરો બોલીએ તો તે બોલતાં જેટલો સમય લાગે છે તે સમય ચૌદમા ગુણસ્થાનકના સમયથી વધીજ જાય છે. અનુદાત સ્વરે બોલીએ તો પણ તે કાલ ચૌદમા ગુણસ્થાનકનો સાચો કાળ બતાવી શકાતો નથી. માત્ર મધ્યમ સ્વરે આ પાંચ હ્રસ્વાક્ષરો બોલીએ અને તે બોલતાં જેટલો સમય જાય તેટલોજ સમય ચૌદમા ગુણસ્થાનકનો સમજવાનો છે. આ પાંચ હ્રસ્વાક્ષરો મધ્યમ સ્વરે બોલતાં જેટલો સમય જાય તેટલોજ સમય ચૌદમા ગુણસ્થાનકનો હોઈ એટલોજ કાળ આ જીવ પ્રવૃત્તિ વિનાનો હોય છે ! આપણો આ જીવ આ સંસારમાં અનાદિકાળથી ભટકે છે પરંતુ તેને પ્રવૃત્તિ વિનાનો સમય અનાદિ કાળથી આજસુધીમાં કદી પણ પ્રાપ્ત થયોજ નથી.

આ જીવ આ સંસારમાં પાંચ પંદર જિંદગીઓથીજ રખડતો નથી, તે હજારો વરસોથી રખડે છે એમ પણ નથી, પરંતુ તે અનાદિ કાળથી ભવભ્રમણ પર ચઢેલો છે. આ સઘળા ભવભ્રમણમાં તેને માટે એક પણ ક્ષણ એવી આવી ગઈ નથી કે જે ક્ષણમાં તે પ્રવૃત્તિ વિનાનો રહ્યો હોય ! આથીજ શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજાઓ સ્પષ્ટ રીતિએ એવું કહી ગયા છે કે આ જીવની પ્રવૃત્તિ પરિણામ નિપજાવ્યા વિનાની શૂન્ય હોય તેમ સ્વપ્ને પણ માનશોજ નહિ ! આ જીવાત્મા સ્થળમાં જળમાં, હવામાં ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તે સ્થિતિમાં અને ગમે તે સંયોગમાં હંમેશાંજ પ્રવૃત્તિવાળોજ છે, માત્ર અયોગિગુણસ્થાનકમાં જ્યારે તે પ્રવેશે છે ત્યારેજ તે કર્મપ્રવૃત્તિથી શૂન્ય બને છે પરંતુ ઉપર જણાવી દીધું છે તેમ એ ગુણસ્થાનક માત્ર પાંચ હ્રસ્વાક્ષરો મધ્યમ સ્વરે બોલી શકાય એટલાજ સમય માટેનું છે. બીજા બધા ગુણસ્થાનકોમાં અને ખુદ તેરમા ગુણસ્થાનકમાં પણ જીવ કર્મપ્રવૃત્તિમાં જોડાએલોજ રહે છે.

## બધી જ ક્રિયાઓ ફળ આપે છે.

વળી બીજી એક ધ્યાનમાં રાખવાની વાત એ છે કે આ જીવાત્માની આ સઘળી પ્રવૃત્તિઓ એવી છે કે તે હંમેશાં ફળ આપે છે. નિષ્ફળ જાય એવી આ જીવાત્માની એક પણ પ્રવૃત્તિ એક પણ કાળને માટે હોય એવું નથી. જીવાત્માની પ્રવૃત્તિ અનાદિકાળથીજ છે અને અનાદિકાળથીજ તેની એ પ્રવૃત્તિ ફળ દેવાવાળી છે. જીવની અનાદિકાળથી

પ્રવર્તતી સઘળી ક્રિયાઃ ફળ આપવાવાળી છે અને નિયમિત ફળ આપેજ જાય છે તે ઉપરથીજ એવો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે કે "યા યા ક્રિયા સા સા ફળવતીઃ" જે જે ક્રિયાઓ આ જીવાત્માને હાથે ઘડે છે તે સઘળી ક્રિયાઓ-સઘળી પ્રવૃત્તિઓ ફળ આપવાવાળી હોય છે. આ સઘળી ચર્ચા ઉપરથી હવે આપણે શું નિષ્કર્ષ નીકળે છે તે જોઈએ. આપણે ક્રિયાને માન્ય રાખીએ છીએ, બીજી વાત એ છે કે હંમેશાં જીવાત્મા ક્રિયા કર્યાજ કરે છે તે વાત આપણે સ્વીકારીએ છીએ અને ત્રીજી વાત આપણે એ સ્વીકારી છે કે ચૌદમા ગુણસ્થાનક સિવાય હંમેશ માટે આ જીવાત્મા સતત પ્રવૃત્તિવાળો છે, ઠીક, વિચારવાની જે મુખ્ય વાત છે તે હજી આવે છે. હવે એ વસ્તુ પર વિચાર કરીએ. આ જીવાત્મા ક્રિયા કરે છે, અનાદિકાળથી ક્રિયા કર્યાજ કરે છે, તે ક્રિયા વિના રહી શકતોજ નથી અને તેની આ સઘળી ક્રિયાઓ પ્રતિફળદાયી છે, તો મુખ્ય પ્રશ્ન એ છે કે એ સઘળી ક્રિયાઓના પરિણામ રૂપ જે ફળો મળે છે તે ફળો ઈષ્ટ છે કે અનિષ્ટ છે ? ફળો બે પ્રકારના છે ઈષ્ટફળ અને અનિષ્ટફળ. જો દરેક ક્રિયા માત્રનું ફળ ઈષ્ટજ હોત તો પછી કાંઈ જોવાનુંજ ના રહેત! કારણ કે આત્મા અનાદિથી ક્રિયાશીલ છે અને ક્રિયા માત્રના ફળો ઈષ્ટ હોય તો પછી આપણા આત્માને ધન્યવાદ આપી આપણા અહોભાગ્ય જ માનવા પડે ! પરંતુ ખરી વસ્તુસ્થિતિ એ પ્રમાણેની નથી. ફળ બે પ્રકારના છે ઈષ્ટ ફળ અને અનિષ્ટફળ અથવા તો શુભ ફળ અને અશુભ ફળ. દરેક ક્રિયામાત્રના આપણે બે ફળ કબુલ કરી દીધા. આપણે એ પણ વાત મ ી લીધી છે કે ક્રિયા પણ અનાદિથી છે. ઠીક. હવ આગળ વધીએ.

### માગ્યાં તો મોતી મળે :

ક્રિયાને અનાદિકાળથી થતી આવી છે એ માન્ય રાખીએ અને તે બે પ્રકારના ફળો આપે છે એ વાત પણ સ્વીકારીએ તો પછી એવો પ્રશ્ન સહજ ઉદ્ભવે છે કે અનાદિકાળથી અવ્યાહતપણે જે ક્રિયા ચાલી આવી છે તે ક્રિયા શુભ છે કે અશુભ છે અર્થાત્ એ ફળો ઈષ્ટ છે કે અનિષ્ટ છે ? અનાદિથી ક્રિયા થાય છે, એ ક્રિયા ફળ આપે છે, પરંતુ એ ફળો શુભ છે કે અશુભ છે તે ખાસ વિચારી જોવાની જરૂર છે. કહેવત છે કે માગ્યાં તો મોતી મળે, પણ ભીખને માથે, તેમ એ મોતી પણ ભીખદ્વારા મંગાએલાં હોવાથી તે મોતી ત્યાગવાયોગ્ય છે તેજ પ્રમાણે અહીં પણ સમજવાનું છે. અનાદિકાળથી આ માર્ગભૂલ્યો, રખડેલ આત્મારામભાઈ જે ભાંગફોડ કર્યા કરે છે અર્થાત્ જે પ્રવૃત્તિ કર્યેજ જાય છે એ તેથી જે કાંઈ ફળ સુખમાં પરિણમે એવું મળતું હોય, તોપણ યાદ રાખવાનું છે કે એ સુખ કાયાનું છે શરીરનું છે-પુદ્ગલનું છે, પરંતુ આત્માનું પોતાનું એ સુખ તો છેજ નહિ !

### આત્મા અને પુદ્ગલોનો સંયોગ

આત્મા અનાદિકાળથી જે પ્રવૃત્તિ કર્યા કરે છે, તે દ્વારા તે જે ફળો મેળવે છે તે બધાં ફળોથી આત્માને એવું સુખ નથી મળતું કે જે સુખને આપણે આત્માનું પોતાનું સુખ કહી શકીએ. આત્માને આ આખાય ભવમાં આત્મસ્વભાવનું જે સાચું સુખ છે તે સુખ ભોગવવાનો કદી વખતજ મળતો નથી. ચૌદમું ગુણસ્થાનક કે જે ગુણસ્થાનક સૌથી છેલ્લામાં છેલ્લું છે ત્યાં અયોગિકેવલિપણામાંજ માત્ર કર્મપ્રવૃત્તિ નથી. આ સિવાય સંસારમાં સર્વત્ર કર્મપ્રવૃત્તિ ભરેલી છે અને એ કર્મપ્રવૃત્તિનું ફળ તે પૌદગલિક સુખો છે. અનાદિકાળથી જીવની જે ક્રિયાઓ થયા કરે છે તે સઘળી ક્રિયાઓ આ રીતે પૌદગલિક સુખ આપે છે. પૌદગલિક સુખ એટલે જીવાત્માનો અને પુદગલોનો સંબંધ ! આત્માનો અને પુદગલોનો સંયોગ થાય છે ત્યારે તેનાથી આત્માને સુખ મળે છે. એ પુદગલો જો શુભ હોય તો આત્મા સુખ અનુભવે છે પરંતુ તે સુખ અનુભવતાં છતાં ધ્યાનમાં રાખવાનું છે કે એ સુખ તે માત્ર પૌદગલિક

સુખ છે. બધા જ પુદગલો સુખનાજ મળ્યા કરે, દુઃખનું નામનિશાન પણ ન હોય અને જીવાત્મા સુખી દેખાતો નથી તોપણ તેનું એ સુખ તે આત્માનું સુખ નથીજ. આત્માના સ્વભાવનું સુખ તે એને આ માર્ગે કદી મળતુંજ નથી. જે આત્મા, આત્માના સુખોને પસંદ કરે છે તે આત્મા સંસારના આવા સુખોને કદી ઈચ્છતો નથી પરંતુ તેને તે ધિક્કારજ આપે છે. ગુલામી દશામાં જો શેઠ બહુ શ્રીમંત મળી ગયો હોય તો સેવકને પણ નિત્યના મેવામિઠાઈ અને માલપુડા ઉપરજ હાથ મારવાનું મળે છે પરંતુ આ મેવામિઠાઈને પણ સજ્જનો પસંદ કરતા નથી. જેમને કુતરાની માફક ગુલામીમાંજ પડ્યા રહેવાની ટેવ છે તેમનેજ ગુલામીના મેવામિઠાઈ પસંદ પડે છે. જેને ગુલામીની આદત નથી, જેના સ્વભાવમાં ગુલામી પચી ગઈ નથી, જેના હૃદયમાં ગુલામી ઉપરજ પ્યાર ભરાયો નથી તેવા આત્માઓ તો સ્વપ્નામાં પણ ગુલામીની મિઠાઈ ચાટવાને માટે તૈયાર થવાના નથી એ નિશ્ચય છે.

## ખાંડના લાડવામાં ઝેર

આ જીવ અનાદિકાળથી કર્મપ્રવૃત્તિમાં જોડાએલો છે, એથી તે પૌદગલિક સુખો મેળવે છે અને એ સુખોમાં રાચતો તે આનંદ પામે છે પરંતુ જ્યાં આત્માને પુદગલોનો સ્વભાવ માલમ પડી આવે કે તેજ ક્ષણે આત્માએ પણ મ્યુનિસિપાલિટિના ઝેરના લાડુ સમજીને એ સુખનો ત્યાગ કરવો ઘટે છે. મ્યુનિસિપાલિટિવાળાઓ કુતરાને ઝેર આપીને મારે છે પરંતુ તેઓ ચોક્ખું ઝેર આપતા નથી. ખાંડના લાડવામાં ઝેર ભેળવીને તેઓ તે કુતરાને ખવડાવે છે. કુતરો પ્રથમ તો એ ઝેરને પારખી શકતો નથી. તે એને મીઠો લાડુજ માની લે છે, તેની મિઠાશ ઉપર મોહ પામે છે, તેને ખાદ્ય સમજે છે, લાડવો ખાવા યોગ્ય છે એમ માને છે અને તે લાડવો ખાવાની પ્રવૃત્તિમાં જોડાય છે, પરંતુ જો તેને ખબર પડી જાય કે એ ખાંડનો લાડવો તો અંદરખાને હળાહળ ઝેરથી ભરેલો છે તો પછી ખાવાના પદાર્થોનો ગુલામ બનેલો એનો એજ કુતરો લાડવાની સામે પણ જોવાને ઈચ્છતો નથી. કુતરાને મિઠાઈનો સ્વાદ ખબર છે, મિઠાઈ મીઠી છે એમ તે જાણે છે, સાકરના લાડવાની મિઠાસ તેના ખ્યાલની બહાર નથીજ છતાં તે સમજે છે કે આ મીઠો લાડવો મહાભયાનક ઝેરથી ભરેલો છે અને તેથીજ તે એ મીઠા લાડવા માટે હવે આગળ ધપતો અટકીજ જાય છે. જેમ મીઠો લાડવો એ કુતરાને માટે ખરેખરો મીઠો નથી એ તેમાં મિઠાશ અને પ્રાણહારકતા બંને રહેલાં છે તેજ પ્રમાણે સંસારમાં મળતા પૌદગલિક સુખો એ પણ મ્યુનિસિપાલિટિએ તૈયાર કરેલા ઝેરના લાડુ જેવા જ છે. કુતરાઓ એકલું ઝેર ખાતાજ નથી એકલા ઝેરને જોઈને તેઓ સો ગાઉ દૂર ભાગે છે તેથી જ મ્યુનિસિપાલિટિ તેમને માટે ખાંડ અને ઝેર એ બંનેના ભેગા લાડુ બનાવે છે તેજ પ્રમાણેની અપ-ટુ-ડેટ ગોઠવણ જીવાત્માઓને માટે કર્મરાજા પણ કરી રાખે છે.

## કર્મરાજાનો કપટ પાશ

કર્મરાજા જાણે છે કે જો તે એકલું દુઃખ જ આપ્યા કરશે તો આ સંસાર ચાલશે નહિ. સંસારમાં સર્વત્ર એકલુંજ દુઃખ ભરેલું છે તો ત્યાંથી બધાજ ભાગી જશે. આ સ્થિતિ ન ઊભી થાય તે માટે કર્મરાજા પણ સુખ અને દુઃખ એ બંને ભેગાં કરીને આપે છે! કુતરાને હણવાને માટે જેમ મ્યુનિસિપાલિટિ ખાંડ અને ઝેરના ભેગા લાડવા બનાવે છે તેજ રીતે માણસોને કર્મબંધમાં નાખવા માટે કર્મરાજા પણ માણસોને દુઃખમિશ્રિત સુખોજ આપે જાય છે. કર્મરાજા સારી રીતે જાણે છે કે આ જગતરૂપી ચોક છે. એ જગતરૂપી ચોકમાં ભવીજીવરૂપ કુતરાઓ ભરેલા છે. એ કુતરાઓને જો દુઃખરૂપી ઝેર એકલુંજ આપ્યો જઈશ તો તેઓ એ ઝેર ખાવાના નથી માટે

મારે એ ઝેર પણ બરફીરૂપી સુખ સાથે ભેળીને જ આપવાની જરૂર છે. આવાજ આશયથી તે આત્માઓને નિર્ભેળ દુ:ખો ન આપતાં સુખના ભેગાંજ દુ:ખો આપે છે.

## સુખને પરિણામે દુ:ખ

જેમ મોહ પામેલો કુતરો ઝેરથી મિશ્રિત એવો ખાંડનો લાડુ આનંદથી ખાય છે અને મિઠાશ આનંદથી ખાઈ ગયા પછી તેને મને કે કમને કડવાશ પણ પચાવવીજ પડે છે તેજ પ્રમાણે સુખથી મોહ પામેલો જીવ પણ દુ:ખમિશ્રિત સુખને ગ્રહણ કરી લે છે, તે આનંદથી સુખ પચાવી લે છે, પરંતુ જ્યાં તેણે આનંદથી સુખ પચાવી લીધું કે ત્યાં પછી તેને દુ:ખ પણ ભોગવવુંજ પડે છે ! મ્યુનિસિપાલિટિ કુતરાઓને માટે મોટે ખર્ચે માણસો રોકે છે, તેમની પાસે લાડવાઓ તૈયાર કરાવે છે અને તે લાડવા જ્યાં જ્યાં કુતરાઓ હોય ત્યાં ત્યાં પોતાના માણસો દ્વારા જાતે પહોંચાડાવે પણ છે. કુતરાઓને મ્યુનિસિપાલિટી આટલો બધો પરિશ્રમ લઈને લાડવા પહોંચાડાવે છે પરંતુ તેમાં મ્યુનિસિપાલિટિનો આશય કુતરાઓને મિઠાઈ ખવાડવાનો તો છેજ નહિ. કુતરાઓને ઝેર ખવાડવું એજ તેમનો આશય છે પરંતુ કુતરાઓ એકલું ઝેર નથી ખાતા તેથીજ તેઓ ખાંડના લાડવાની સાથેજ ઝેર ખવાડવાનો પ્રબંધ યોજે છે.

## દુ:ખગર્ભિત વૈરાગ્ય કયો ?

મ્યુનિસિપાલિટિનો ઉદ્દેશ તો ઝેર ખવડાવવાને લગતો છે પરંતુ તે આદેશ પાર પડે તે માટે કુતરાને લોભાવવા તે બરફી અથવા ખાંડ વાપરે છે, એજ પ્રમાણે કર્મરાજા પણ સમજે છે કે જો હું એકલું ઝેરરૂપી દુ:ખ આપીશ તો તેનું પરિણામ તો એજ આવશે કે જગત દુ:ખગર્ભિત વૈરાગ્યમાંજ ચાલ્યું જશે. અહીં દુ:ખગર્ભિત વૈરાગ્યનો સાચો અર્થ સમજવાની કાળજી રાખજો. અત્યારે તો આપણી સ્થિતિ છે કે આપણે મોટે ભાગે દુ:ખગર્ભિત શબ્દનો દુરૂપયોગજ કરીએ છીએ. આ સંબંધમાં એક બાબત જનતાએ ધ્યાનમાં રાખવા જેવી એ છે કે શાસનપ્રેમી જૈનીઓ પણ આ વિષય પરત્વે એક મિથ્યાત્વનું વાક્ય બોલે છે. કોઈ માણસ રળતો કમાતો ન હોય અને દીક્ષા લે, તો તરત તમે કહી દો છો કે એ દુ:ખગર્ભિત વૈરાગ્ય છે. કોઈને વ્યાપારાદિ વ્યવસાયમાં હાનિ થાય અને તે દીક્ષા લે, તોપણ તમે કહી આપો છો કે એ પણ દુ:ખગર્ભિત વૈરાગ્યજ છે !

## માથું કાપીને પાઘડી બાંધી.

એજ પ્રમાણે પુત્ર અથવા પુત્રીને માતાપિતા ઠપકો આપે અને તેઓ વૈરાગ્ય ધારણ કરે તો પણ તમે કહી દો છો કે એ પણ દુ:ખગર્ભિત વૈરાગ્ય છે. આ રીતના તમે જે જે વાક્યો બોલો છો તે ખરેખર કાંઈપણ સંશય વિના મિથ્યાત્વથી ભરેલાંજ હોય છે. આવા સઘળા પ્રકારોને તમે દુ:ખગર્ભિત વૈરાગ્યનું નામ આપીને તમે વૈરાગ્યની એટલે સાધુપણાની કિંમત ઉડાવી દો છો. તમે સાધુપણાની કિંમત માન્ય રાખો છો, તેની મહત્તાને સ્વીકારો છો, પરંતુ એ વૈરાગ્યને દુ:ખગર્ભિત વૈરાગ્યનું નામ આપીને તો તમે માથું કાપી નાખીને પછી પાઘડી બાંધો છો. આ સઘળી દીક્ષાઓને જેઓ દુ:ખગર્ભિત વૈરાગ્ય કહે છે તેઓ સઘળા વૈરાગ્યનું માથું કાપી નાખીનેજ પછી તેને પાઘડી બાંધનારા છે ! સાધુપણાને તો તમે સારૂં માનો છો - સાધુપણું ખરાબ છે એમ તમે માનતા નથીજ પરંતુ આ રીતે તમે એ સાધુપણાની કિંમત હલકીજ પાડો છો એ વાત તમારે ખૂબ ખૂબ સમજી લેવાની જરૂર છે. તમોને, પહેલાં તો અમુક વૈરાગ્યને દુ:ખગર્ભિત કહેવાની સત્તા છે કે નહિ તેજ વિચારી જોવાની જરૂર

છે. આપણે જાણીએ છીએ કે ચોથી ચોપડી ભણનારો છોકરો મેટ્રીક્યુલેશનની પરીક્ષા લઇને મેટ્રીકના વિદ્યાર્થીઓને પાસ કરી શકતો નથી તેજ પ્રમાણે અમુક વૈરાગ્યને દુઃખગર્ભિત વૈરાગ્ય પણ તેજ કહી શકે કે જેને વૈરાગ્ય સંબંધીનું પુરેપુરૂં જ્ઞાન છે. મેટ્રીકની પરીક્ષા લેવાની હોય તે છતાં મેટ્રીક્યુલેશનના પેપરો તપાસવાને માટે યુનિવર્સિટી મેટ્રીક પાસ થએલાઓનેજ રોકી લેતી નથી. મેટ્રીક પાસ થયેલાઓનો પણ મેટ્રીકના વિદ્યાર્થીઓને પાસ નાપાસ કરવાનો અધિકાર યુનિવર્સિટી માન્ય રાખતી નથી પરંતુ એ કાર્યને માટે નિષ્ણાત ગ્રેજ્યુએટોનેજ તે પસંદ કરે છે, એજ પ્રમાણે વૈરાગ્યની પણ પરીક્ષા કરવાનો અધિકાર તો તેવા પુરુષનોજ છે કે જેઓ એ સંબંધમાં પુરેપુરા નિષ્ણાત થએલા છે વૈરાગ્યથી સર્વથા અનભિજ્ઞ વૈરાગ્ય ઉપર પોતાનો અભિપ્રાય પ્રકટ કરે એ તો આંધળો સૂર્યનું વર્ણન કરે, અને વળી સૂર્યનું એજ વર્ણન સાચામાં સાચું છે એવું કહે તેનાજ જેવું છે.

### ઢોંગ લાંબો વખત ન ચાલે.

કોઇ માણસ પોતે ફારસી ભાષા ન જાણતો હોય અને તેવાની સાથે કોઇ વ્યકિત લખાએલો કાગળ લઇને આવે અને કહે કે ભાઇ આ કાગળ વાંચી આપ તો ! હવે પેલો ફારસી ભાષાથી અજાણ્યો માણસ મોઢા સામે કાગળ ધરી રાખે, તેને આમ તેમ ઉથલાવે અને પછી કલ્પિત સમાચાર ગોઠવી કાઢીને કહી દે કે 'મિસ્ટર, તમારો કાકો મરી ગયો છે' તો આ માણસને તમો કેવો કહેશો વારૂં ? પણ એજ કાગળ તમે ફારસી વાંચનારાની પાસે વંચાવો અને તે માણસ તમોને એ કાગળ વાંચીને એમ કહી દે કે તમારી વહુને પીયરમાં છોકરો આવ્યો છે ! તો હવે ફારસી જાણનારાએ કાગળ વાંચીને કહેલા આ સમાચારમાં તમે જરાય શંકા લાવશો ખરા ? આવા સંયોગમાં જેણે ફારસી ભાષા જાણ્યા વિનાજ તમોને કાગળ વાંચવાનો ડોળ કરીને જે સમાચાર કહ્યા હતા તે સમાચાર કહેનારને તમે જુઠો જ કહેશો કે બીજું કાંઇ ? જે માણસ પોતે ફારસી જાણતો નથી છતાં ફારસી કાગળ વાંચીને 'તુમારા કાકા મરી ગયા' એવું કહેનારાને તમે જુઠો અથવા ગપ્પીદાસ કહો છો તેજ પ્રમાણે વૈરાગ્યને પણ જાણ્યા વિના જે વૈરાગ્યનું સર્ટિફીકેટ આપી દે છે કે આ તો દુઃખગર્ભિત વૈરાગ્ય છે તે પણ જુઠો અથવા ગપ્પીદાસજ છે એમ કોઇ કહી દે તો તેમાં અતિશયોકિત જેવું છે ખરૂં કે ? વૈરાગ્ય માટે હવે તો વરસો થયાં વાતો અને ચર્ચા ચાલ્યાજ કરે છે છતાં દીલગીરીની વાત છે કે દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવો તે સંબંધમાં પણ તમે કાંઇ જાણવાની તસ્દીજ લીધી નથી ! દુઃખગર્ભિતનું લક્ષણ તમે પોતે જ સમજી શક્યા નથી, પરંતુ તમોએ દુઃખગર્ભિત એવું વાક્ય સાંભળ્યું છે એટલે અચરે અચરે રામની માફક તમે તે વાક્ય યાદ કરી રાખ્યું છે અને પ્રસંગ આવે છે એટલે એ પારકો શબ્દ તમે ચલણીનાણાની પેઠે વાપર્યા જાઓ છો. આવી રીતના ચલણી નાણાને વાપરતાં પહેલાં એ સિક્કો સાચો છે કે બનાવટી તે જોવાની પણ તમે દરકાર રાખતા નથી.

### દુઃખગર્ભિતપણાની છાપ ક્યારે ?

દુઃખગર્ભિત વૈરાગ્યનો તમે તો એવોજ અર્થ કરી રાખ્યો છે કે જે કોઇ દુઃખી થઇને સાધુપણાનો ગ્રહણ કરે છે તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. શાસ્ત્ર વૈરાગ્યની તમારી આ વ્યાખ્યા સ્વીકારવાની ઘસીને ના પાડે છે ! એક સંબંધી બીજા સંબંધીનો ત્યાગ કરે, વેપારધંધામાં ભારે ખોટ આવે, પૈસા ચાલ્યા જાય, નોકરી ચાલી જાય, સગાસંબંધીના મરણ નિપજે એવા ઘણા પ્રસંગે અથવા તો તેમાંનો એક

પ્રસંગ એથી પ્રેરાઈને જે કોઈ જગતનો ત્યાગ કરવા માગે અને દરિયામાં કે કુવામાં ભુસ્કો મારીને આત્મહત્યા કરે તો એજ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. હવે તમે વિચાર કરો કે આવા સ્થાન પર તમે કદી દુઃખગર્ભિત વૈરાગ્ય એ શબ્દ વાપર્યો છે ખરો ? દુનિયા ત્યાગના આવા કાર્ય પરત્વે તમે સ્વપ્ને પણ દુઃખગર્ભિત એ શબ્દ વાપરતા નથી. ઠીક. હવે દુનિયાત્યાગની વાત જવા દઈને જગતના ક્ષેત્રમાં પ્રવેશ કરો અને દુનિયાદારીમાં દુઃખગર્ભિત વૈરાગ્ય કેવો હોઈ શકે છે તેનો વિચાર કરો.

**અહીં દુઃખગર્ભિતપણું છે.**

ધારો કે એક ત્રીસપાંત્રીસ વર્ષની વિધવાકુલીન સ્ત્રી છે. આ સ્ત્રીને અઢાર વર્ષનો એકજ છોકરો છે. બાઈ છોકરાના ધામધૂમથી લગ્ન કરે છે અને પુત્રવધુ લઈ આવે છે. અકસ્માત કર્મવશાત એવું બને છે કે આ બાઈનો પેલો છોકરો મરણ પામે છે પુત્રવધુ વિધવા બને છે ! આ ભયાનક સંકટથી શોક અને ચિંતા પામીને તે બાઈ સારા વસ્ત્રો પહેરવાના છોડી દે કાળા વસ્ત્રો પહેરવા માંડે, ન્યાતજાતમાં જવા આવવાનું બંધ કરે, મિષ્ટાન્ન ઉપરથી તેનો રાગ ઉતરી જાય, ઘરેણા તેને અપ્રિય લાગે, આ સઘળી સ્થિતિનું કારણ શું તે વિચારો. પુત્રનું મૃત્યુ અને નવપરણિતા પુત્રવધુની વિધવાવસ્થા એ સઘળું પેલી બાઈના, ત્યાગનું કારણ છે માટે એ પણ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. કદાપિ એમ થાય કે પોતાની માતા મરણ પામે, પિતા બીજી સ્ત્રી લાવે, ઓરમાન માતા સાથે ફાવટ ન આવે અને તેથી તેનો દીકરો જુદુ ઘર કરે, પિતાના ઘરનો ત્યાગ કરે અને સ્વતંત્ર થાય એનું નામ પણ દુઃખગર્ભિત વૈરાગ્ય છે.

**પ્રસંગની મહત્તા સમજો.**

કોઈ સગાંસંબંધીનું મૃત્યુ થાય છે ત્યારે ઘણા માણસો અમુક સમય સુધી મીઠાઈ ન ખાવાની મેળાવડા મિજલસોમાં ન જવાની અને આનંદ ઉપભોગમાં સામેલ ન થવાની પ્રવૃત્તિ સ્વિકારે છે કારણ કે સ્નેહીના મરણને લીધે તેમનો જીવ આનંદ ઉપરથી ઉઠી ગએલો હોય છે એ પણ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. આ સઘળા સંયોગનું બહુજ સુક્ષ્મપણે અવલોકન કરો. અને તેમાંથી એ વસ્તુ શોધી કાઢો કે આ દુઃખગર્ભિત વૈરાગ્યવાળાનો સાંસારિક વસ્તુઓ ઉપરથી મોહ દુર ગયો છે કે નહિ ? બાપ પાસે લાખ રૂપીયાની પુંજી હોય, બાપ નવી બાયડી પરણી લાવે અને તે બાયડીને છોકરો થાય ! હવે બાપ બે ભાઈઓ વચ્ચે પોતાની પુંજી વહેંચતા નવીના છોકરાને પોણા લાખ આપે અને જુનીના છોકરાને પા લાખ આપે અને પિતાના આ કાર્યથી ક્રોધરક્ત બનેલો દીકરો બધાજ પૈસાનો ત્યાગ કરીને એકપણ પૈસો લેવાનો અસ્વિકાર કરીને ઘર ત્યાગીને ચાલ્યો જાય, એ પ્રસંગની મહત્તા વિચારો.

**ઈચ્છા છતાં ત્યાગ કરવો પડે છે.**

આ પ્રસંગમાં એ છોકરાને શું લક્ષ્મી ઉપર તિરસ્કાર આવ્યો છે એમ તમે કહેશો ? નહિજ ! જો કોઈ સારો માણસ વચ્ચે પડે અને એના બાપને સમજાવીને એ મિલ્કતને સમાન રીતે વહેંચાવે તો પછી એ છોકરો એ પૈસા લેવાની ના પાડે ખરો કે ? નહિજ. પોતાનો યુવાન પુત્ર મરણ પામે અને યુવાનવધુ વિધવા થાય એ સંયોગોમાં માતા મિષ્ટાન્ન ત્યાગી દે છે પરંતુ ધારો કે દેવ સાક્ષાત્ થઈને પેલા છોકરાને સજીવન કરી આપે તો પછી પેલી માતા મિષ્ટાન્નનો ત્યાગ કરે ખરી કે ? કહેવાનો અર્થ એ છે કે આ છોકરાને તથા એ માતાને લક્ષ્મી કે મિષ્ટાન્ન ઉપર તો ત્યાગ આવેલોજ નથી. તેઓ મિષ્ટાન્ન અથવા લક્ષ્મી તો ઝંખે છેજ પરંતુ સંસારના પ્રતિકૂળ

સંયોગોની છાયાને લીધેજ એ પદાર્થોની તેમને ઈચ્છા છતાં તેમને એ પદાર્થોથી દૂર રહેવું પડે છે - એક રીતે કહીએ તો નિરૂપાયવશતાથી જ બળાત્કારે તેમને દૂર રહેવું પડે છે આવી સ્થિતિમાંજ માત્ર દુઃખગર્ભિત વૈરાગ્ય કામ કરે છે.

### દુઃખગર્ભિપણું ક્યારે ઉડી જાય ?

અમુક પદાર્થ અથવા અમુક સ્થિતિ પ્રત્યે પ્યાર છે પરંતુ એ પદાર્થ અથવા એ સ્થિતિ અશક્ય છે એટલે તેના ત્યાગની પ્રતિજ્ઞા થતી નથી અને તેના ત્યાગની પ્રતિજ્ઞા કરીને તે પ્રમાણે પ્રવર્તાતુ નથી એ સ્થિતિમાં ઈષ્ટ પદાર્થોથી દૂર રહેવું દુઃખગર્ભિત વૈરાગ્ય છે પરંતુ જ્યાં એ પદાર્થોના ત્યાગની પ્રતિજ્ઞા કરવામાં આવે છે અને તે પ્રતિજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ પણ થાય છે એટલે ત્યાંથી દુઃખગર્ભિતપણું ઉડી જાય છે પછી વૈરાગ્યને માર્ગે જે પ્રવૃત્તિ થાય. સાધુત્વને માર્ગે જે પ્રવૃત્તિ થાય તે પ્રવૃત્તિ અથવા તે સાધુતાને આપણે કોઈપણ રીતે દુઃખગર્ભિત વૈરાગ્ય કહી શકતા નથી.

### શ્રેણીક અને કોણીક.

મગધ નરેશ શ્રેણીક મહારાજ અને ચેડા મહારાજનો પ્રસંગ અહીં વિચારવાની ખાસ જરૂર છે. ચેડા મહારાજને ઘણી પુત્રીઓ હતી તેમાં ચેલાણા અત્યંત સ્વરૂપવતી હતી. શ્રેણીક મહારાજ પોતાના પુત્ર અભયકુમારની સહાયતાથી ચેલણાને પરણી શક્યા હતા. શ્રેણીક મહારાજને ચેલણાથી હલ વિહલ અને કોણીક એવા ત્રણ પુત્રો જનમ્યા હતા. મહારાજા શ્રેણીકનો રાજમુકુટ શ્રેણીક પછી કોણીકને માથે મુકાયો હતો અને શ્રેણીકની એક દૈવીમોતીની માળા તથા એક દૈવી સિંચાણો હાથી રાજકુમાર હલ વિહલને મળ્યા હતા. એ માળા પહેરવાની એક વખતે કોણીકની પત્નીને ઈચ્છા થઈ ! હલ વિહલ પાસે હાર માગ્યો. પણ આપવાની ના પાડી હતી અને તેથી હલ વિહલને મહારાજ કોણીક સાથે વેર બંધાયું હતું. કોણીકના ભયથી હલને વિહલ પોતાના માતામહ ચેડા મહારાજને ત્યાં આવી રહ્યાં હતા. કોણીકને ખબર થઈ કે હલ વિહલને મહારાજા ચેડાએ આશ્રય આપ્યો છે એટલે તેજ ક્ષણે મહારાજા કોણીકે ચેડા મહારાજને હલ વિહલને પોતાને સોંપી દેવાનું ફરમાન કર્યું હતું. ચેડા મહારાજે આ ફરમાન સ્વિકારવાની ના પાડી હતી અને તેમણે શરણે આવેલા હલ વિહલને સોંપી દેવાની કોણીકને ના પાડી હતી.

### ભયંકર વિશ્વયુદ્ધ !

કોણીકને આ વાતની માહિતી થતાં જ તે સૈન્ય લઈને ચેડા મહારાજા ઉપર ચડી ગયો હતો. જૈન ઈતિહાસકારો કહે છે કે કોણીક અને ચેડામહારાજ વચ્ચે થયેલી આ લડાઈ એવી ભયંકર હતી કે જેની ભયંકરતા જગતનું કોઈપણ પ્રાચીન અર્વાચીન મહાયુદ્ધ તોડી શક્યું નથી ! અને એ યુદ્ધમાં જેટલો જન સંહાર થયો હતો તેટલો બીજા કોઈપણ સંગ્રામમમાં થવા પામ્યો નથી. આ યુદ્ધમાં ચેડા મહારાજ પરાજિત થયા હતા વિજેતા થયેલા કોણીકને જય મળ્યો હતો પરંતુ તે જે દૈવી હાથી તથા દૈવી હાર લેવા માંગતો હતો તે તે લઈ શક્યા નહિ અને હાર દેવોએ લઈ લીધો હતો. ક્રોધે ભરાયેલા કોણીકે ચેડા મહારાજની રાજધાની વિશાલાનગરીનો (વિદ્યમાન અયોધ્યા) નાશ કરી નાંખ્યો હતો. આ સમયે ચેડા મહારાજના અઢાર મિત્રરાજાઓ પણ કોણીકના બળથી ભય પામી નાસી ગયા હતા અને કોણીકે ખંડિયેર કરેલી અયોધ્યા ઉપર પોતાનું વેર વાળવા હલે ગધેડાં જોડીને તે વડે આખી વિશાલા નગરી ખોડાવી નાંખી હતી ! એક રાજને માટે આ પ્રસંગ કાંઈ ઓછા સંકટનો ન હતો. ચેડા મહારાજ આ દુઃખથીજ ગળે શીલા બાંધી ડુબી મરવા માટે કુવામાં પડયા હતા. અને આ પ્રચંડ

સંકટ એક રાજાને માટે કાંઈ ઓછું ન હતું. આવા મહાસંકટમાં આવી પડેલાં ચેડા મહારાજે જ્યારે જગતની નશ્વરતા જાણીને શ્રીમતિ ભાગવતી દીક્ષાનો અંગિકાર કર્યો ત્યારે શાસ્ત્રકારોએ તે દીક્ષાને અને વૈરાગ્યને અનુમોદનજ આપ્યું હતું. આવા દુઃખી પ્રસંગે થયેલી દીક્ષાને પણ શાસ્ત્રકારોએ દુઃખગર્ભિત વૈરાગ્યની કોટીમાં દાખલ કરી દીધી ન હતી !

### આ દુઃખગર્ભિત વૈરાગ્ય નથી,

ચેડા મહારાજાનું આ કૃત્ય કેવું છે તેનો ફરીફરી ખૂબ વિચાર કરો. છતાં આ વૈરાગ્યને પણ શ્રીમાન શાસ્ત્રકાર મહારાજાઓ દુઃખગર્ભિત વૈરાગ્ય કહેતા નથી. ચેડા મહારાજાને તો દૈવી સહાય હતી તેનો એક પણ બાણ ખાલી ન જાય એવું તેને દેવોએ વરદાન આપ્યું હતું તેને અતિ ભયંકર સંકટો વેઠવા પડયા હતા અને તેને પરિણામેજ તેમણે દીક્ષા લીધી હતી છતાં શાસ્ત્રકારો તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાને તૈયાર થઈ ગયા નથી અને આજના બહુબોલાઓ મોટા છાપમાસ્તર થઈ ગયા છે તે તરત કહી દે છે કે 'અમથાચંદ તો મરી ગયો એટલે દીક્ષા લીધીને એહ ! એ તો દુઃખગર્ભિત વૈરાગ્ય છે જુઓ આ આજના પંડિતોની પ્રખર પંડિતાઈ ? હવે અહીં વિચાર કરો કે શાસ્ત્રકારોએ આ સ્થિતિમાં પણ ચેડા મહારાજના વૈરાગ્યને દુઃખગર્ભિત વૈરાગ્ય કેમ નથી કહ્યો? શ્રીમાન્ ચેડામહારાજાના આ કાર્યને દુઃખગર્ભિત વૈરાગ્ય એવું નામ શાસ્ત્રકાર મહારાજાઓ શા માટે નથી આપતા તેના મર્મનો જરા વિચાર કરો.

### ત્યાં ધર્મનો નિશ્ચય હતો

શ્રીમાન્ ચેડામહારાજ ગળે શીલાં બાંધીને મરણાર્થને માટે પડયા એ વાત તો સાચી છે પરંતુ તેમ કરતાં પહેલાં તેમણે વ્રતપચ્ચકખાણ કીધા હતા પાપ વોસીરાવવાનું કહ્યું હતું તેથી જ તેમણે કરેલા કાર્યને ધર્મતત્વને જાણનારા શાસ્ત્રકાર મહારાજાઓએ દુઃખગર્ભિત વૈરાગ્ય કહ્યો નથી ! હવે તમે વિચાર કરો કે અહીં આત્મઘાતમાં અને ચેડામહારાજાની સ્થિતિમાં શું તફાવત છે ? તફાવત માત્ર એટલો જ છે કે ચેડા મહારાજ એમને એમ કુવામાં પડયાં ન હતા પરંતુ વ્રતપચ્ચકખાણ આલોચન નિંદન ગર્હન એ સઘળું કરી તત્પશ્ચાત તે તેમણે ઝંપાપાત કર્યો હતો. વ્રતપચ્ચખાણની જે પ્રવૃત્તિ ચેડામહારાજે કરી હતી તેજ કારણથી તેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત ગણાયો ન હતો ? અર્થાત્ આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે વ્રતપચ્ચખાણાદિની સત્પ્રવૃત્તિએ દુઃખગર્ભિતપણાને ટાળનારીજ છે અને તેથીજ જ્યાં એ સવૃત્તિ છે ત્યાં દુઃખગર્ભિતતા માનવામાં મહામિથ્યાત્વ રહેલું છે.

આજે જેઓ દુઃખગર્ભિતતાની વાતો કરે છે તેવાની મનઃસ્થિતિનો તમારે ખ્યાલ કરવાની જરૂર છે કોઈ માણસ વ્રતપચ્ચખાણમાં આવે છે એટલે તરત જ આજના ટીકાકારો ચાંદલો ચોઢી દેવા તૈયારજ છે ! સામાન્ય અવસ્થા હોય, રાજવૈભવ તો દૂર રહ્યો પણ સાધારણ દશા હોય ખાધેપીધે સુખ હોય બીજી કાંઈ દુરાવસ્થાન હોય અને તે વિરતિ લે તોપણ આપણા બટકબોલા ટીકાકારો તરત તેને કપાલે ચાંદલો કરી દેવા તૈયારજ છે કે અરે ! આ તો દુઃખગર્ભિત વૈરાગ્ય છે ? આ આજના ટીકાકારોના હાથમાં બિચારાઓની પાસે અંગુઠે કંકુ તો છેજ નહિ ? તેમની પાસે મેંશ તૈયાર છે. મેંશ અંગુઠે ભરેલી તૈયાર છે અને જ્યાં જરા કોઈનું કપાળ દેખાયું કે આ ટીકાકારો તેને કાળો ચાંદલો કરી દેવાને તો બિચારા તૈયાર થઈને ઉભેલા જ હોય છે ? આવા ટીકાકારો એ ચાંદલો કરવાનું પોતાનાજ ભલા માટે છોડી દે એમાંજ તેઓનું કલ્યાણ છે પરંતુ ટીકાને જ જીવન માનનારા તેમને કોણ સમજાવી શકે ?

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૪૯)

# यौवन अवस्थानुं अंधेर

तरुणत्तणंमि पत्तस्स धावए दविणमेलणपिवासा ।
सा काऽवि जीइ न गणइ देवं धम्मं गुरुं तत्तं ॥ 1॥
मेलेइ कहवि अत्थे जइ तो मुज्झइ तयंपि पालेंतो।
बीहेइ रायतक्कर अंसहराइण निच्चंपि ॥ 2॥
वड्ढंते उण अत्थे वड्ढइ इच्छावि तइकहवि दूरं ।
जेह मम्मणवणिओ इव संतेऽवि धणे दुही होइ ॥ 3॥

म. हमचंद्र

આર્યક્ષેત્ર ઉત્તમકુલ ઉત્તમજાતિ અને પંચેન્દ્રિય સંપૂર્ણપણાથી યુકત એવા મનુષ્યભવમાં પણ યૌવન અવસ્થાને પામ્યા પછી ધનને મેળવવાની તૃષ્ણા એવી દોડાદોડી કરે છે કે જે તૃષ્ણાથી જીવ દેવ ધર્મ ગુરુ અને તત્ત્વનો હિસાબ ગણતો નથી. કોઈક લાભાંતરાયના ક્ષયોપશમથી ધનને મેળવે છે તો તેનું રક્ષણ કરવામાં મુંઝાય છે અને હમ્મેશા રાજા ચોર અને ભાગીદાર આદિથી ભયને પામે છે. વળી તળાવના મોજાના વલયોની માફક ધનની પ્રાપ્તિ થયા છતાં ઈચ્છા પણ અચાનક રીતે ડગલે ને પગલે વધતી જાય છે અને તેથી પરિણામે છતે ધને મમ્મણશેઠની માફક મનુષ્ય અત્યન્ત દુઃખી થાય છે. (વર્ત્તમાન ભવને અંગે આ વાત જણાવી છે બાકી ભવાંતરને અંગે તો મમ્મણશેઠ જેમ દેવપૂજા ગુરુસેવા અને દયાદાનાદિ ન કરવાથી નરકગતિનો અધિકારી થયો તેમ ધર્માનુષ્ઠાન રહિત યુવાન ધનવાનોને આગામી ભવ પણ ભયંકર છે માટે તૃષ્ણાને દમીને દયાદાનાદિ સત્યકાર્યોમાં પ્રવૃત્તિ કરવી એજ શ્રેયસ્કરી છે.)

ચતુર્થ વર્ષ અંક ૧૧

Registered No. B.3047




ફાગણ સૂદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૮-૩-૧૯૩૬

## પ્રવચનના સંપાદકને

તમે અમદાવાદમાં મારાદ્વારાએ બનેલી બીના જે પ્રવચન, ૩૬-૩૭માં લખી છે તે તદ્દન અસત્ય છે, કેમકે તે બીના નીચે પ્રમાણે છે.

ઉ. શ્રી રામવિજ્યજી પાસેથી ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થો સેનેટોરિઅમમાં આચાર્યદેવશ્રી પાસે આવ્યા અને પ્રથમ પરસ્પરના લખાણો બંધ કરવાની વિનંતિ કરી, જેના ઉત્તરમાં આચાર્યદેવશ્રીએ સમાલોચના ઉપર એક પણ અક્ષર જિજ્ઞાસાતૃપ્તિ તરીકે ઉભો રહે તો કોઇ કાલે પણ લખાણ બંધ નહિં થાય તેમ જણાવ્યું, ત્યારે તે ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થોએ જિજ્ઞાસાતૃપ્તિનું લખાણ સમાલોચના ઉપર ન આવવાની કબુલાત આપી અને લખાણ બંધ કરવા નક્કી કર્યુ. તે પછી તે ધર્મપ્રેમી ગૃહસ્થો પાછા ઉ. શ્રી રામવિજ્યજી પાસે આવ્યા અને સમાલોચના તમો લખો છતાં ઉ. શ્રી રામવિજ્યજી જિજ્ઞાસાતૃપ્તિનું લખાણ નહિં કરે એ વાત ઉ. શ્રી રામવિજ્યજીએ કબુલ કરી છે એમ જણાવ્યું અને તે કબુલાત સંભળાવવા મધ્યરાત્રિએ મને વિદ્યાશાળાએ લઇ જવા માંડયો. છતાં ઊઠતાં તે સદગૃહસ્થોને આહ્વાનની સ્વીકારની ચિઠ્ઠી પાછી મંગાવવા આચાર્યદેવશ્રીને વિનંતિ કરી, જ્યારે આચાર્યદેવશ્રીએ તો ખુલ્લું જણાવ્યું કે - ચિઠ્ઠી ત્યાં રહેશે તેમાં કોઇ જાતની અડચણ નથી. છતાં વધારે વિનંતિ થવાથી આચાર્યદેવશ્રીએ મને ઉચિત લાગે તેમ કરવા જણાવ્યું અને તેમણે જિજ્ઞાસાતૃપ્તિ નહિ લખવાની કબુલાત આપી તેથી તેમનું (ઉ. શ્રી રામવિજ્યજીનું) હ્દય નિખાલસ થયું છે એમ જણાવી સમાલોચનાની નકલ આચાર્યદેવશ્રીએ મને આપી અને આજ્ઞા કરી કે - આ આવવાની સમાલોચના તેમને વંચાવજો અને આમાં જે શબ્દો કઠિન લાગતો હોય તે તેમના કહેવા પ્રમાણે સુધારજો. એ આજ્ઞા થયા પછી મને તે ત્રણ ધર્મપ્રેમી સદગૃહસ્થો તે મધ્યરાત્રિએજ વિદ્યાશાળાએ લઇ ગયા. ત્યાં જઇ સમાલોચના આવે તોપણ જિજ્ઞાસાતૃપ્તિની નહિ લખવી એવી ઉ. શ્રી રામવિજ્યજી પાસે કબુલાત મને સંભળાવી. જ્યારે મેં સમાલોચનાની નકલ દેખાડી અને તેમાંથી દુ:ખ ઉપજાવે એવા શબ્દો કાઢી નાખવા જણાવ્યું. ત્યારે પ્રથમ તો તેઓએ જણાવ્યું કે જો એક જૈનપ્રવચનશબ્દ સમાલોચનાની નીચે ન આવે તો મારે કોઈ જાતનો વાંધો નથી એમ કહેવા છતાં મ્હારાજ કથનથી કેટલા કઠિન શબ્દો કાઢી નાખ્યા પછી પેલા ધર્મપ્રેમી ગૃહસ્થોમાંથી અમુક સદગૃહસ્થે ઉ. શ્રી રામવિજ્યજીને આહ્વાનના સ્વીકારની આચાર્યદેવશ્રીના હાથની ચિઠ્ઠી કે જે બીજો મનુષ્ય સંગ્રહીજ રાખે પણ આપી ન શકે તે આપવા આચાર્યદેવશ્રીના હાથની ચિઠ્ઠી ઉ. શ્રી રામવિજયજીએ તે ચિઠ્ઠી મને આપી. મેં તે વખત ચોકખા શબ્દોમાં જણાવ્યું કે આચાર્યદેવશ્રીએ તો ચિઠ્ઠી તમે સમાલોચનાનો સ્વીકાર કરેલો હોવાથી હવે નકામી છે અને તમારી પાસે રહેશે તો જળવાશે એમ કહેલું છે, એવું સ્પષ્ટ જણાવ્યાં છતાં ઉ. શ્રી રામવિજયજીએ તે ચિઠ્ઠી મને આપી, જે મેં સમાલોચનાની સાથે આર્ચાદેવશ્રીને સુપરત કરી.

આ મારી જણાવેલી હકીકતમાં કાંઈપણ ફેરફાર હોય તો ઉ. શ્રી રામવિજ્યજી કે તે ત્રણ સદગૃહસ્થો કે જેઓ હતા તેઓજ પોતાની સહીથી જણાવી શકશે.

તા. ક. :- આહ્વાનના સ્વીકારની ચિઠ્ઠી ન લખતાં આચાર્યદેવશ્રી વિગેરેનો વિચાર તો હેંડબીલ કહાડવાનો હતો, પણ શ્રી સિદ્ધાચલજીના સંઘનો અવસર હોવાથી મેં પોતેજ આહ્વાનના સ્વીકારનું હેંડબીલ નહિ કહાડતાં ચિઠ્ઠી લખવા વિનંતિ કરી હતી અને આચાર્યદેવશ્રીએ તે વિનંતિ સ્વીકારી ચીઠ્ઠી ઉ. ને દેવા આપી હતી અને આ વાત મેં ઉ. શ્રી રામવિજ્યજી તથા ત્રણ સદગૃહસ્થોને વિદ્યાશાળામાં તે વખતેજ જણાવી હતી.

લલ્લુભાઈ





# (પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૧ | મુંબઇ તા. ૮-૩-૧૯૩૬ રવિવાર<br>ફાગણ સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |


## ઉદ્દેશ


વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ — છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### પૂર્વ નિરૂપણનો સંબંધ

ભગવાન્ જિનેશ્વર મહારાજના પરોપકારિપણાને અંગે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું સામાન્યપણે ગૃહસ્થપણાને અંગેનું પરોપકારિપણું વિચારી ગયા પછી ભગવાન્ ઋષભદેવજીનું ગૃહસ્થપણાને અંગે પરોપકારિપણું વિચારતાં મુખ્યતાએ અગ્નિની વ્યવસ્થા તથા વિવાહધર્મને અંગે થએલું અને ગણાએલું પરોપકારિપણું વિચારી તેઓશ્રીના રાજાપણાને અંગે પરોપકારિપણાનો વિચાર શરૂ કરેલો છે, તેમાં મહારાજા નાભિજીના કુલકરપણા સુધી અવસર્પિણી કાલના પ્રભાવે આયુષ્ય અને શરીર વિગેરેની હાનિ અને વર્ણ, ગંધાદિની હાનિ જેમ સમયે સમયે થતી જાય છે તેમ તેમ પદાર્થનો પ્રભાવ પણ ઓછો થતો જાય છે.

### રૂપરસાદિ ઉપર અવસર્પિણીનો પ્રભાવ

(ધ્યાન રાખવાની જરૂર છે કે અવસર્પિણી કાળનો પ્રભાવ મનુષ્યના આયુષ્ય અને શરીરાદિની હાનિ કરવા સાથે પુદગલોના વર્ણ, ગંધ અને રસાદિની હાનિ કરનારો થાય છે, અને તેટલાજ માત્રથી તે કાલને અવસર્પિણી કહેવામાં આવે છે, અને તેથી જ શાસ્ત્રકારો પણ **यत्र समये समये रूपरसादीनां हानिः सा अवसर्पिणी** એમ અવસર્પિણી શબ્દની વ્યુત્પત્તિ કરતાં મુખ્યતાએ પુદગલના રૂપ, રસાદિની અને ગૌણપણે તેના આધારેજ થતા અને અનુભવાતા શરીર અને આયુષ્યાદિકની હાનિ જણાવે છે અર્થાત્ જીવ અને અજીવને આશ્રીને થતા ઔદયિક, પારિણામિક ભાવોની ઉપરજ તે અવસર્પિણી કાલનો પ્રભાવ પડે છે એમ સ્પષ્ટ સમજાવે છે.

### ક્ષાયોપશમિકાદિ ભાવ ઉપર અવસર્પિણીના પ્રભાવનો અભાવ

અને તેથી જીવના ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવ ઉપર કોઈપણ જાતનો પ્રભાવ અવસર્પિણી કાલનો પડતો નથી એમ સ્પષ્ટ થાય છે અને તેથીજ અવસર્પિણીની શરૂઆતથી લગભગ નવ કોડાકોડ સાગરોપમ સુધી જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ, રક્ષણ, રક્ષણના ઉપાયો અને તેની વૃદ્ધિ થતાં પરમદશાની પ્રાપ્તિ જે નહિ થએલી તે પણ ભગવાન્ ઋષભદેવજીની વખતે થઇ તેમાં અવસર્પિણીનો પ્રભાવ નડતો નથી.

### સર્વકાલે કેવલજ્ઞાનની સર્વદા સરખાવટ

તેમજ ભગવાન્ ઋષભદેવજી પછી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા એક કોડાકોડ સાગરોપમે થયા, છતાં ભગવાન્ ઋષભદેવજીના કેવલજ્ઞાન અને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના કેવલજ્ઞાનમાં એક અંશ જેટલો પણ ફરક નથી અને તેથીજ કેવલજ્ઞાન એકજ પ્રકારનું માનવામાં આવેલું છે, એટલે અવસર્પિણી કાલનો પ્રભાવ ક્ષાયિક એવા જો આત્માના કેવલજ્ઞાન રૂપી ગુણ પર પડ્યો હોત તો ભગવાન્ ઋષભદેવજીનું કેવલજ્ઞાન અને ભગવાન્ મહાવીર મહારાજનું કેવલજ્ઞાન અવસર્પિણી કાલના એક કોડાકોડ સાગરોપમના આંતરાવાળું હોવાથી ઘણાજ ફરકવાળું થાત અને તેથી કેવલજ્ઞાનના પણ અવધિઆદિ જ્ઞાનની માફક અસંખ્યાતા ભેદો માનવા પડત, પણ તે કેવલજ્ઞાન એકજ પ્રકારનું છે એમ કહી શકાત

નહિ. તે કેવલજ્ઞાન એક પ્રકારનુંજ હોવાથી તેની ઉપર અવસર્પિણી કે ઉત્સર્પિણી કાલની અસર નથી એમ ચોક્ખું માનવું પડે.

**કેવલમાં ભવિષ્યના જ્ઞાનનું અધિક ન્યૂનપણું કેમ નહિ ?**

એમ નહિ કહેવું કે ભગવાન્ ઋષભદેવજી વિગેરે જેઓ અવસર્પિણીની શરૂઆતમાં કેવલજ્ઞાન પામ્યા તેઓને ભવિષ્યનું જેટલું જ્ઞાન થયું તેટલું ભવિષ્યકાલનું જ્ઞાન ભગવાન્ મહાવીર મહારાજના કેવલજ્ઞાનથી બને નહિ માટે ભગવાન્ ઋષભદેવજીના કેવલજ્ઞાન કરતાં ભગવાન્ મહાવીર મહારાજનું કેવલજ્ઞાન ન્યૂન માનવુંજ જોઈએ, પણ જો કેવલજ્ઞાનથી એકલા ભવિષ્ય કાલનાજ પદાર્થો જાણવામાં આવતા હોત તો ભગવાન્ ઋષભદેવજી મહારાજના કેવલજ્ઞાન કરતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું કેવલજ્ઞાન ન્યૂન માનવું પડત, પરંતુ કેવલજ્ઞાનથી સકળ ભૂત અને ભવિષ્યના પદાર્થોનો સાક્ષાત્કાર થતો હોવાથી જેટલી ભવિષ્યકાળના પદાર્થોને જાણવાની ન્યૂનતા તેટલી ભૂતકાલના પદાર્થોને જાણવાની અધિકતા થાય અને તેથી બંને કેવલજ્ઞાન એક સરખાંજ રહે.

**ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ઉપર પણ કાલનો પ્રભાવ નથી**

આ કેવળજ્ઞાનની એક સરખી સ્થિતિની માફક ક્ષાયોપશમિક જ્ઞાનો તથા ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એ ત્રણે પ્રકારના સમ્યક્ત્વો, તેમજ ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ચારિત્રો ઉપર પણ અવસર્પિણી કાલનો પ્રભાવ પડતો નથી અર્થાત્ તે ક્ષાયિકઆદિ જે આત્માના ગુણો છે તે અવસર્પિણીના ઝપાટામાં આવતા નથી.

**શાસન અને જ્ઞાનની ઉન્નતિને ઉધમની જરૂર**

અને તેથીજ અવસર્પિણીના પાંચમા આરામાં પણ અનેક વખત શાસન અને ધર્મનો હ્રાસ થયા છતાં પણ ઉન્નતિને સારી રીતે અવકાશ રહે છે, માટે શાસનના સુભટોએ ધર્મની અવનતિ ટાળવા અને ઉન્નતિ કરવામાં અવસર્પિણી શબ્દથી ભરમાઈને કોઈ દિવસ પણ પાછી પાની કરવી નહિ.

**ઝાંખા દીવાથી સારા દીવાનો દાખલો**

ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજ પણ ઓછા તેજવાળા દીવાથી ઘણા તેજવાળો દીવો પ્રગટે એવું દૃષ્ટાંત લલિતવિસ્તરામાં આપીને સામાન્ય બોધવાળા ધનગિરિજી સરખા ગુરુ મહારાજથી અધિક બોધવાળા વજ્રસ્વામીજી સરખા શિષ્યો થાય એમ ધ્વનિત કરી અવસર્પિણી કાલને લીધે જ્ઞાનાદિમાં હાનિજ થાય એવી માન્યતાને તોડી પાડે છે.

**દુઃષમા કાલને લીધે હાનિ કેમ કહેવાય છે?**

જો કે વર્તમાન પાંચમા આરામાં મેધા અને ધારણાદિકની હાનિના કારણ તરીકે દુઃષમાકાલનો પ્રભાવ શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે, પણ એ સ્થાને સ્થાને અવસર્પિણીનો પ્રભાવ ન જણાવતાં દુઃષમાકાલનો જે પ્રભાવ જણાવે છે તેજ સ્પષ્ટ કહી આપે છે કે અવસર્પિણીને લીધે જ્ઞાનાદિની હાનિ હોતી નથી, બીજી વાત એ પણ વિચક્ષણોએ ધ્યાનમાં લેવાની છે કે સ્થાને સ્થાને શાસ્ત્રકારોએ દુઃષમા કાલને લીધે મેધા વિગેરેની જણાવેલી હાનિ ગ્રંથોના સંક્ષિપ્તકરણને અંગે માત્ર સંગતિપ્રદર્શકજ વાક્યો છે, પણ તે વાક્યો નિયમપ્રદર્શક નથી.

**દુઃષમા કાલથી મેધાદિની હાનિવાળું વાક્ય કેમ નિયામક નહિ ?**

અને તેથીજ દુઃષમાકાળમાં પણ પ્રસંગે પ્રસંગે શ્રુતકેવલી સરખા સિદ્ધસેનદિવાકરજી મહારાજ, પ્રકરણોના પ્રવાહને વહેવડાવવામાં અનુપમ શક્તિને ધારણ કરનાર ભગવાન્ હરિભદ્રસૂરિજી અઢારે દેશમાં ત્રસજીવ માત્રની શુધ્ધ દયા પ્રવર્તાવનાર પરમાર્હત્ મહારાજા કુમારપાળને પ્રતિબોધ કરનાર વ્યાકરણઆદિ ચતુર્વેદના વિધાતા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી છેવટે અઢારમી સદીમાં જૈનશાસનની જયપતાકાને ફરકાવનાર તથા સ્વપર મતના નવ્ય અને પ્રાચીન સર્વ સિદ્ધાંતના જ્ઞાતા અદ્વિતીય વિદ્વાન્ ન્યાયાચાર્ય

શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાય વિગેરે મહાપુરુષો શાસનની શોભાને વધારનારા થઈ ગયા એ ઈતિહાસસિદ્ધજ હકીકત છે, માટે દુઃષમકાલને લીધે મેધાદિની હાનિ જે શાસ્ત્રકારોએ જણાવી છે તે માત્ર બહુલતાએ તેમ હોવાને લીધે સંગતિપ્રદર્શક વાક્ય તરીકે છે પણ તે નિયમપ્રદર્શક વાક્ય તરીકે નથી. આ સર્વ હકીકત જણાવવાનું કારણ એટલુંજ છે કે અવસર્પિણી કાલનો પ્રભાવ રૂપરસાદિની હાનિ ઉપરજ પડે અને આજ વાત જંબુદ્વિપ્રજ્ઞપ્તિસૂત્રમાં પણ અવસર્પિણીના અધિકારમાં રૂપ, રસ, ગંધાદિની હાનિ જણાવવા દ્વારાએ સ્પષ્ટ કરેલી છે.)

**હાકાર આદિ નીતિની હદનું ઉલ્લંઘન**

આવો પુદગલો ઉપર અવસર્પિણીનો પ્રભાવ પડતો હોવાથી જે કલ્પવૃક્ષો પ્રથમ યુગલિયાઓને જીવનનિર્વાહની સર્વસામગ્રી યથેચ્છ રીતે પૂરી પાડતા હતા અને ધરાએલાને જેમ ફાંફાં મારવામાં હોય નહિ, તેમ તે ભગવાન્ ઋષભદેવજીથી પ્હેલાંના કાળના જુગલિયાઓને પોતાને સંપૂર્ણ વસ્તુ મળતી હોવાથી બીજાની વસ્તુ લેવા તરફ નજર જતીજ ન હતી, પણ અવસર્પિણી કાલના પ્રભાવે કલ્પવૃક્ષનો પ્રભાવ ઘટવાથી યુગલિયાઓને પોતાના જીવનનિર્વાહની વસ્તુઓ પણ પૂર્ણપણે મળતી બંધ થઈ અને તેથી દરિદ્ર મનુષ્ય જેમ પાપ કરવા તરફ દોરાય તેવી રીતે તે યુગલિયાઓ જીવનનિર્વાહના સાધનોની ન્યૂનતાવાળા થઈ, એક બીજાની વસ્તુને પડાવી લેવામાં જ પુરુષાર્થ ગણવા લાગ્યા અને તેવો અન્યાયપ્રધાન પુરુષાર્થ એટલી હદ સુધી વધી ગયો કે મહારાજા નાભિકુલકર તરફથી પ્રવર્તતી હાકાર, માકાર અને ધિક્કારની નીતિ કોઈ પણ પ્રકારે અસરકારક થઈ નહિ.

**યુગલિયાને અધિપતિની માગણી કેમ કરવી પડી ?**

સામાન્ય રીતે જેમ જગતમાં અનીતિને પ્રવર્તાવનારો પ્રથમ રાજી થાય છે, પણ ચોરમાં મોર પડયાની માફક અનીતિ કરનારાની ઉપર પણ જ્યારે બીજો સવાઈ અનીતિ કરનારો થાય છે, ત્યારે પ્રથમ તે અનીતિ કરનારને અનીતિનું વિષમપણું માન્યા વગર અને જાહેર કર્યા વગર ચાલતું નથી, તેવી રીતે યુગલિયાઓમાં પણ અનીતિનું સામ્રાજ્ય એટલું બધું વધી ગયું કે તેમાં નાભિમહારાજની હાકાર, માકાર અને ધિક્કારની નીતિનો પ્રભાવ ન ચાલ્યો અને તે યુગલિયાઓમાં એવા પ્રચારને જન્મ મળ્યો કે હવે આપણે વાચિક શિક્ષાથી અનીતિને દૂર કરીએ તેવા રહ્યા નથી માટે આપણી ઉપર એવો કોઈ નિયંતા થવો જોઈએ કે જે કાયિક શિક્ષાદ્વારાએ પણ આપણામાં પ્રવર્તતી અનીતિને જડમૂળથી ઉખેડી નાખે. આવો વિચાર થવાથી તે યુગલિયાઓ પોતાને શિર રાજસત્તા થપાવવા તૈયાર થયા. વર્તમાન ઈતિહાસને જાણનારાઓ પણ સમજે છે કે આયર્લાંડને ઇંગ્લાંડે સમશેર કે સતામણીથી કબજે કરેલું પણ આયર્લાંડ પોતે જ પોતાની પરસ્પરની અંધાધુંધી દૂર નહોતું કરી શક્યું ત્યારેજ ઈંગ્લાંડના શહેનશાહના શરણે જઈ શહેનશાહતનો એક ભાગ બન્યું, એવી રીતે યુગલિયાઓ પણ પોતાના અંદર અંદરના નીતિના અતિક્રમણને દૂર ન કરી શક્યા અને વાચિક નીતિના પ્રવર્તનથી કબજે ન રહી શક્યા અને તેથીજ તેઓને પોતાને શિરે કોઈક કાયિક શિક્ષણ કરનાર અર્થાત્ રાજા ધરાવવાની જરૂર પડી.

**નાભિમહારાજાની મુશ્કેલી**

આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ ઋષભદેવજીની પહેલાં પણ તેઓશ્રીના પિતા મહારાજા નાભિજી હાકાર વિગેરેની નીતિ પ્રવર્તાવવા દ્વારાએ રાજા નહિ થયા છતાં પણ પ્રજાના શાસક હતા અને તેથીજ તે યુગલિયાઓએ મહારાજા નાભિકુલકરની પાસે તેવા કાયિક શિક્ષણ કરનારા યાને અધિપતિ એવા રાજાની માગણી કરી. આ માગણી યુગલિયાઓએ નાભિમહારાજની પાસે કરેલી છતાં નાભિમહારાજા યુગલિયાપણામાં જન્મેલા હોઈ થતા અપરાધોની સર્વ રીતિઓ અને તેને માટે યથાયોગ્યપણે કરવા

જોઈતા સર્વ કાયિક દંડોને તેઓ જાણી શક્યા ન હોત અને તેથી કાયિક શિક્ષા કરવા માટે કરેલી જે યુગલિયાઓએ અધિપતિની માગણી તેને ન પહોંચી વળે તે સ્વાભાવિકજ છે,

**રાજા થાપવાની મુશ્કેલીની પાર પાડવાનું સામર્થ્ય ક્યાં હતું ?**

પણ તે યુગલિયાયોની માગણીને પહોંચી વળવાની મુશ્કેલી નાભિ કુલકર મહારાજાને વધારે વખત પીડી શકે તેમ નહોતી, કેમકે પહેલા ભવથી ચક્રવર્તિપણાના અનુભવવાળા અને ગર્ભથી મતિ, શ્રુતજ્ઞાનની સાથે સંપૂર્ણ લોકનાડીના અવધિજ્ઞાનને ધરાવવા સાથે જાતિસ્મરણને ધારણ કરનારા ભગવાન્ ઋષભદેવજી જે પોતાના પુત્ર તરીકે હતા તેમનું યથાસ્થિત સ્વરૂપ જો કે કુલકર નાભિ મહારાજાના ખ્યાલમાં ન હતું, છતાં એટલું તો નાભિ મહારાજાને નિશ્ચિત હતું કે આ ઋષભદેવ અન્ય સર્વ મનુષ્યો કરતાં બુદ્ધિમાં જબરદસ્ત છે.

**ચક્રવર્તિપણાનો અને શાસ્ત્રપદ્ધતિનો ભગવાનને જ ખ્યાલ**

ધ્યાન રાખવાની જરૂર છે કે વર્તમાન ચોવીસીમાં થએલા ચોવીસે તીર્થંકરોમાં પૂર્વભવના કોઈપણ ચક્રવર્તિપણાવાળા હોય તો તે ફક્ત ભગવાન્ ઋષભદેવજીજ છે. જોકે અજિતનાથજી ભગવાન્ વિગેરે તેવીસે તીર્થંકરો પૂર્વભવમાં રાજાપણામાં હતા, પણ ચક્રવર્તિપણાનું સૌભાગ્ય તો પૂર્વભવમાં ફક્ત ભગવાન્ ઋષભદેવજીનેજ હતું અને તે ચક્રવર્તિ નું સંપૂર્ણ સ્મરણ ભગવાન્ ઋષભદેવજીને મૂળથી જાતિસ્મરણ હોવાને લીધે સંપૂર્ણપણે હતું એમ કહેવાની વધારે જરૂર નથી. વળી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે અજિતનાથજી ભગવાન્ વિગેરે ત્રેવીસે તીર્થંકરો પૂર્વભવમાં માત્ર આચારાંગાદિ અગીઆર અંગોનેજ ધારણ કરનારા હતા, ત્યારે ભગવાન્ ઋષભદેવજી પહેલાના ભવમાં ચૌદ પૂર્વને ધારણ કરનારા હતા એટલે જાતિસ્મરણને લીધે પહેલા ભવનું ચક્રવર્તિપણાનું અસાધારણપણે રાજનીતિનું જ્ઞાન અને અદ્વિતીય એવું શાસ્ત્રીયજ્ઞાન ભગવાન્ ઋષભદેવજી મૂળથીજ ધારણ કરનારા હતા અને તેથી મહારાજા નાભિજી પોતાને લાગતી મુશ્કેલીનો રસ્તો ચળકતા તારા તરીકે ઝળકતા ઋષભદેવજી કાઢી શકશે એમ ધારે તેમાં કોઈપણ પ્રકારે અતિશયોક્તિ કે અયોગ્યતા તો કહેવાયજ નહિ, અને તે મુશ્કેલીનો અંત લાવવા માટે નાભિમહારાજે સંકોચ કે શરમને અવકાશ ન આપતાં ભગવાન્ ઋષભદેવજીનેજ રાજા તરીકે થાપવાનું યુગલિયાઓને ખુલ્લા દીલથી જણાવી દીધું.

**રાજા શબ્દની ઉત્પત્તિ કરનાર ભગવાન્ ઋષભદેવ**

એ વાત પણ સાચીજ છે કે ભગવાન્ ઋષભદેવજીના ગુણોનું ઘણું વધારે જ્ઞાન મહારાજા નાભિકુલકરને હતું, છતાં સૂર્યનો ઉદય દૂરવાળાને પણ ધ્યાન બહાર ન હોય તેવી રીતે તે ઋષભદેવજી મહારાજનો પ્રભાવ યુગલીઆઓની પણ ધ્યાન બહાર નહોતો અને તેથી યુગલિયાઓએ પ્રથમ વાચિક નીતિ ઉલ્લંઘન કરનારને કાયિકદંડની નીતિથી વશ કરનાર કોઈ અધિપતિની માગણી ભગવાન્ ઋષભદેવજી પાસે કરી અને તે માગણીને અંગે ભગવાન્ ઋષભદેવજીએ તેવો અધિપતિ રાજા હોય તોજ બની શકે એમ કહી રાજા શબ્દનો પ્રથમ આવિર્ભાવ ભગવાન્ ઋષભદેવજીએ કર્યો અને વિનયના ગુણના દરિયા એવા ભગવાન્ ઋષભદેવજીએ તેવા કાયિક દંડથી નીતિને પ્રવર્તાવનાર (અનીતિને રોકનાર) રાજાની માગણી કરવા માટે યુગલિયાઓને નાભિમહારાજ પાસે મોકલ્યા, પણ નાભિમહારાજે તે માગણીથી આવી પડેલી મુશ્કેલીનો ઋષભદેવજીનેજ તમે રાજા તરીકે થાપો એમ જણાવી અંત આણ્યો. હવે ભગવાન્ ઋષભદેવજી રાજા કેવી રીતે થાય છે, અને તેઓ રાજાપણાને અંગે કઇ કઇ રીતે પરોપકાર કરે છે તે જોઇએ. (અનુસંધાન માટે જુઓ પેજ-૨૬૬)

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

## ગુરુતત્ત્વ વિનિશ્ચયના अत एव० વાળા પાઠનો પ્રવચનકારે કરેલો અર્થ જુઠો, અસંબદ્ધ અને અણસમજ ભરેલો હતો કે નહિ ?

પ્રશ્ન ૭૯૩ ભગવાન્ મહાવીર મહારાજાએ કર્ષકને દીક્ષા શ્રી ગૌતમસ્વામિજીદ્વારાએ અપાવી હતી કે? અને અપાવી હોય તો તેનું કારણ શું ?

સમાધાન - તે હાલિક-કર્ષકનો જીવ ભગવાન મહાવીર મહારાજે ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં જે સિંહને ફાડી નાખ્યો હતો તેનો જીવ હતો તેથી ભગવાન્ મહાવીર મહારાજા ઉપર હદ બહારની અપ્રીતિ ધરાવનાર હતો. તે હાલિકની ભગવાન્ ઉપર એટલી બધી અપ્રીતિ હતી કે ભગવાન્ મહાવીર મહારાજને દેખતાંજ તે હાલિકને હદપારનો દ્વેષ થાય તેમ હતું અને તે એટલો બધો દ્વેષ થવાનો હતો કે જેના પ્રતાપે શ્રી ગૌતમસ્વામીજી ઉપર સિંહના ભવમાં આપેલા આશ્વાસનથી થયેલી પ્રીતિ અને તે પ્રીતિથી તથા ભવના વૈરાગ્યને લીધે દીક્ષાને ભૂલી જઇ ભગવાન્ મહાવીરને જોવાની સાથે દીક્ષા છોડી દે તેમ હતું, તેથી તે હાલિકના ઉદ્ધારને માટે ભગવાન્ મહાવીર મહારાજે ભગવાન્ ગૌતમસ્વામીજીને મોકલીને દીક્ષા અપાવી.

પ્રશ્ન ૭૯૪ ભગવાન્ મહાવીર મહારાજે તે હાલિકને દીક્ષા લઈને જરૂર તોડનારો છે એમ જાણ્યા છતા દીક્ષા આપી છે ?

સમાધાન - ત્રિજગતના ભાવને કરામલકવત્ જાણનાર ભગવાન મહાવીરે તે હાલિક દીક્ષા ગૌતમસ્વામીજી પાસે લેશે અને અહિં આવી મ્હને દેખવાની સાથે દ્વેષ જાગવાથી શ્રી ગૌતમસ્વામીજીની પ્રીતિને પણ છોડીને દીક્ષા મ્હેલીને નાશી જશે એવું પ્હેલેથી ચોકશ જાણીનેજ દીક્ષા અપાવી છે.

પ્રશ્ન ૭૯૫ તે હાલિકને દીક્ષા છોડી દેનારો જાણ્યા છતાં ભગવાન્ મહાવીર મહારાજે શ્રી ગૌતમસ્વામીજીને મોકલીને કેમ દીક્ષા અપાવી?

સમાધાન - તે હાલિકને દીક્ષા લઈને છોડી દેનાર જાણ્યા છતાં દીક્ષા અપાવવામાં શ્રી હેમચંદ્ર મહારાજ ત્રિષષ્ટીય ચરિત્રમાં બોધિબીજને માટે દીક્ષા અપાવવાનું જણાવે છે. શ્રી ગુણચંદ્રસૂરિજી મહાવીર ભગવાનના ચરિત્રમાં પ્રતિબોધને માટે દીક્ષા આપી જણાવે છે, અને ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ ગુરુતત્ત્વવિનિશ્ચયમાં મોક્ષનું દીક્ષા એ વિશિષ્ટ બીજ હોવાથી સામાન્ય બીજરૂપ સમ્યક્ત્વ નહિં અપાવતાં દીક્ષા અપાવી એમ સ્પષ્ટ જણાવે છે. જુઓ તે ત્રણે ગ્રન્થોના અનુક્રમે પાઠો -

इतश्च यः सुदंष्ट्राहिकुमारो नौजुषः प्रभोः ।
उपसर्गानकृत स क्वचिद् ग्रामेऽभद्धली ॥१॥
स कृष्याजीवकोऽन्येद्युः, सीरेण क्रष्टुमुर्वराम्।
यावत्प्रवृत्तस्तावत्तं, श्रीवीरो ग्राममाययौ॥२॥
स्वामिना तस्य बोधाय, प्रेषितो गौतमऽवदत्।
किमिदं क्रियते ? दैवनियुक्तमिति सोऽब्रवीत्॥३॥
भूयोऽपि गौतमोऽवोचत्, क्षुद्रजीविकयाऽनया।
जीवतस्तव किं सौख्यं ?, किंवा सुचरितं भवेत् ?॥
न केवलमिहैवेदं, कष्टकृद्भद्र ! कर्म ते।
प्राणातिपातभूयिष्ठं, कष्टायान्यभवेष्वपि॥५॥
कर्मणोऽमुष्य कष्टस्य, कष्टं लक्षांशतोऽपि हि।
क्रियते धर्मकार्ये चेत्कष्टान्तः स्यात्तदा खलु॥६॥
इत्यादि गौतमेनोक्तः, स उचे साध्वहं त्वया।
बोधितोऽद्य भवोद्विग्नं परिव्राजय मां ततः॥७॥
प्रबुद्ध इति विज्ञाय, गौतमस्तमदीक्षयत्।
गन्तुं श्रीवीरपादान्ते, समं तेन चचाल च॥८॥
पप्रच्छ हालिकर्षिस्तं, गन्तव्यं भगवन् ! क्व नु।
गौतमोऽप्यवदत् साधो। गन्तव्यमुपमद्गुरु॥९॥
हालिकोऽप्यब्रवीदेवं, न तुल्यः कोऽपि ते ध्रुवम्
तवापि किं गुरुः कोऽपि ?, स च स्यात्कीदृशो ननु॥
अथाख्यद्गौतमोऽस्तीह, मम विश्वगुरुर्गुरुः।
चतुस्त्रिंशदतिशयः, सर्वज्ञश्चरमो जिनः॥११॥
तच्छ्रुत्वा हालिकमुनिः, सर्वज्ञे प्रीतिमुद्वहन्।
उपार्जयद्बोधिबीजं, प्रययौ चानुगौतमम्॥१२॥
प्रभुं प्रेक्ष्य च संक्रुद्धः, सिंहादिभववैरतः।
सोऽवोचद्गौतममुनिं, भगवन्। कोऽयमग्रतः।१३।
जगाद गौतमोऽसौ मे, धर्माचार्यो जिनेश्वरः।
सोऽप्यूचे चेद्गुरुस्तेऽसौ, तदा नार्थस्त्वयाऽपि मे॥
त्वद्दीक्षयाऽप्यलमिति, स रजोहरणादिकम्।
त्यक्त्वा ययौ निजक्षेत्रे, सीरादि पुनराददे॥१५॥
स्वामिनं गौतमो नत्वा, पप्रच्छ भगवन्निदम्।
आश्चर्यमेष विद्वेषी, लोकानन्देऽपि यस्त्वयि।१६।
प्रतिपन्नं स्वयमपि, व्रतं प्रोज्झितवानसौ।
युष्मदालोकनादेव, कारणं तत्र नाथ! किम् ? ।१७।
मय्यसौ प्रीतिमान् पूर्वं, गुरुर्मेऽसावितीरिते।
त्वयि नाथ! झगित्येव, द्वेष्यजायत मय्यपि।१८।
स्वाम्यथाख्यन्मया सिंहो, यस्त्रिपृष्ठेन दारितः।
क्रोधात् स्फुरंस्त्वया साम्ना, शान्तः सारथिना मम ॥१९॥
तत्प्रभृत्येष मद्द्वेषी, जज्ञे स्निग्धः पुनस्त्वयि।
तत्प्रैषयं गौतम ! त्वां, बोधिबीजकृतेऽस्य हि॥२०॥

( त्रि. पु. च. पर्व १० सर्ग ९ )

इओ य सो सुदाढनागकुमारदेवो नावारूढस्स भगवओ पुव्वं उवसग्गं काऊण आउयक्खए चुओ समाणो समुप्पन्नो एगम्मि शेरकुले पुत्तत्तणेण, वुड्ढिं गओ य संतो करिसगवित्तीए जीवइ, तम्मि य पत्थावे सो जाव नियच्छेत्तं लंगलेण करिसिउमारद्धो

ताव पत्तो तं गामं भुवणेक्कबंधवो जिणो, तओ भगवया तस्स अणुकंपाए पडिबोहणत्थं पेसिओ गोयमसामी, गओ य तदंतियं, भणिओ य गोयमेण एसोभद्द ! किमेयं कीरइ ?, करिसगेण भणियंजं कारवेइ एस हयविही, को वा अन्नो अम्हारिसाण कलाको सल्लवज्जियाण जीवणोवाओ ?, गोयमसामिणा जंपियं-

एवंविहगाढकिलेससंविढत्ताए भोयणविहीए।
दिणगमणियं कुणंतस्स मुद्ध ! का चंगिमा तुज्झ ?
किं वा सरीरसोक्खं संपज्जइ ? को य विसयवामोहो ? किं वा सुचरियनिप्फायणं च संभवइ
एवं च ? ॥२॥

नो एयपरिच्चागो सुदुक्करो दिव्वसोकखकंखीणं।
तुम्हारिसाण जायइ जेणऽज्जवि किर महासत्ता॥
पउरमणिकणगरयणुक्कराइं तरुणीओं सुंदरे गेहे।
मोत्तूण पन्नगंपिव धन्ना लग्गंति धम्मम्मि॥४॥
अन्ने पुण आकालियदुरंतदारिद्दविदुयावि दढं।
पावारंभपयट्टा जम्मं सयलंपि वोलिंति॥५॥
ते अण्णत्थऽवि जम्मे तहेव पुणरुत्तदुकखसंतता।
तल्लोव्विल्लिं पकुणंति थोवसलिलम्मि मच्छोव्व
जइ पुण ते घरवावारलक्खभागेवि धम्मकज्जम्मि।
अब्भुज्जमंति रुंधंति नित्तुलं ता दुहदुवारं॥७॥
किञ्च-एगत्तो संपज्जइ जहिच्छभोगोवभोगदुल्ललियं।
घणमन्नत्तो सज्जणपसंसणिज्जा हि पव्वज्जा॥८॥
एगत्तो छक्खंडाहिवस्स सेवा महानरिंदस्स।
कीरइ अन्नत्तो पुण मुणिणो सद्धम्मनिरयस्स॥९॥
सुंदर ! इमाओ दोन्नि उ गईउ लोयम्मि सुप्पसिद्धाओ।
एयाणं अन्नयरिं जे कुसला ते पवज्जंति॥१०॥

वज्जसु कम्ममिमंतं धम्मं चिय सरसु तं महासत्त!।
दीणाण दुत्थियाण य एसो एक्को परं सरणं॥११॥
इय गोयमेण भणिए सबइल्लं लंगलं च मोत्तूण।
नमिउं चलणे सो भत्तिनिब्भरो भणिउमाढत्तो॥१२॥
भयवं ! बुद्धि विवज्जियस्स जइ जोग्गयत्थि मे काऽवि।
ता देहि निययदिक्खं भववासाओ विरत्तस्स॥
इय वुत्ते से परियट्टिणोऽवि सिरिगोयमेण पव्वज्जा।
तक्खणमेव विदिन्ना बोहिब्बीयंति काफण।१४।

एवं तेण गहियदिक्खेण समं पयट्टो गोयमसामी भगवओ अभिमुहं, अह जयगुरुणो चक्खुगोयरमुवागयस्स तस्स करिसगस्स तेण सीहभयोवज्जियगाढवेरवसेण पम्हुट्ठा पव्वज्जापडिवत्ती, जायपयंडकोवो य भणिउं पवत्तो-भयवं ! को एसो ?, गोयमेणं भणियं-अम्ह धम्मगुरू, तेण भणियं-जइ तु एस धम्मगुरू ता मम तुमएऽवि न कज्जं, अलं पव्वज्जाएत्ति भणिऊण परिचवत्तरयहरणो धाविऊण गओ खेत्तम्मि, गहिया बलीवद्दा, उब्भीकयं लंगलं, पलग्गो पुव्वपवोएण खेडेउंति। गोयमसामीऽवि विम्हियमणो भयवंतं पणमिऊण भणिउं पवत्तो

भुवणब्भुयभूयमहप्पभावपडिहणियपाणिगणपीड !
जयनाह ! मए असरिसमिममज्ज पलोइयं चोज्जं॥१॥
जं सोक्खकरेऽवि हु तुज्झदंसणे दूरतोऽवि सो हलिओ।
सूरस्स कोसिओ इव सोढुं तेयं अचाइंतो॥२॥
सयमेव य पडिवन्नं पव्वज्जं उज्झिऊण संभंतो।
अइसिग्घमवक्कंतो सखेत्तहुत्तं परोट्ठमणो॥३॥

( अनुसंधान पा. २६० )




## -: વૈરાગ્યની વહેંચણ :-

(ગતાંકથી ચાલુ)

### તમારો ચાંદલો નકામો છે.

જેઓ ધર્મનિષ્ઠ છે, જેઓ ધર્મની આસ્થાવાળા છે, જેઓ ધર્મપ્રિય છે તેવાના કપાળમાં પણ આવા ટીકાકારો મેશનો ચાંદલો લગાવી દે છે, ત્યારે હવે દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવો તે સમજી લો. જે કોઈ દુનિયાદારીના કારણસર કંટાળ્યા છે, એ કંટાળાના દુઃખમાં તેઓ દુનિયાદારીનું સુખ માની રહ્યા છે, છતાં એ સુખ પણ હિસાબમાં રહે નહિ, એટલે એ સુખથી દૂર રહેવાની પ્રવૃત્તિ આદરે એનું નામ તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. દુઃખ આવી પડયું હોય છતાં એ દુઃખમાં પણ જે આત્મહિતબુદ્ધિને ધારણ કરે છે, વ્રત પચ્ચકખાણની પ્રતિજ્ઞા કરે છે અને જિંદગીનો અંત લાવે છે તેવા પ્રસંગોને શાસ્ત્રકારો કદીપણ દુઃખગર્ભિત વૈરાગ્ય કહેતાજ નથી. ચેડા મહારાજનું દૃષ્ટાંત અહીં ફરી વિચારજો. તેનું રાજ્ય જાય છે, સામ્રાજ્ય નષ્ટ થાય છે, અઢાર માંડલિક રાજાઓ ચાલ્યા જાય છે, પોતાની નગરી નષ્ટ થઈ ત્યાં ખેતર થાય છે અને તેથી તે ઝંપાપાત કરે છે છતાં ત્યાં વ્રત પચ્ચખાણની પ્રવૃત્તિ થાય છે એટલાજ કારણથી શ્રીમાન્ ચેડા મહારાજા દુઃખગર્ભિત વૈરાગ્યની કાળી ટીલીમાંથી બચી જાય છે.

### ત્યાં દુઃખગર્ભિત શબ્દ વાપર્યો છે કે ?

શ્રીમાન્ ચેડામહારાજે મરવાનું શા માટે યોગ્ય માન્યું હતું તે વિચારો. દુઃખમય કારણોથી બચવાનેજ માટે તેમણે મરવાનું પસંદ કર્યું હતું. એ મરવાની વૃત્તિને આખું જગત ફીટકારીનેજ કાઢે અને તેમણે આપઘાત કર્યો હતો એમજ કહેત ! પરંતુ તેમના માથા ઉપરની કાળી ટીલીને બચાવી લીધી હોય તો તે એક માત્ર તેમણે કરેલી વ્રત પચ્ચખાણાદિ પ્રવૃત્તિએ ! આપણે ચેડામહારાજના કૃત્યને સારૂં ગણીએ છીએ તેનું કારણ એજ છે કે તેમણે ધાર્મિક

પ્રવૃત્તિઓ આદરી હતી, ત્યારે આજે તો આપણે સાધુપણું લેનારાને કપાળેજ ટીલું તાણવાને માટે તૈયાર બની જઇએ છીએ. એવા ટીકાકારને પૂછી તો જુઓ કે ભાઇઓ, કોઇ છોકરો નાપાસ થઇને કુવામાં કે દરિયામાં પડયો હોય તેમને કદી દુઃખગર્ભિત વૈરાગ્ય કહ્યો છે ખરો ? કદી નહિ !!

**તમારા જેવા બધા નથી.**

સ્ત્રીઓ ખુણો પાળે છે, ન્યાતજાતમાં જવા આવવાનું છોડી દે છે અને મિષ્ટાન્ન આદિનો ત્યાગ કરે છે તેને તમે દુઃખગર્ભિત કહેવાને તૈયાર નથી પરંતુ જો કોઇએ વ્રત લીધું છે કે કોઇએ સાધુતા ધારણ કરી તો તરતજ તેના કપાળમાં દુઃખગર્ભિતતાનું ટીલું કરવાને માટે આપણા અંગુઠે મેંશ તૈયાર હોયજ ! કોઇ વ્રત ન લે તો તેને તમારે મેંશનો ચાંદલો કરવો નથી. કોઇ સ્ત્રી ધણી સાથે લડીને કુવામાં પડે તેને તમે દુઃખગર્ભિત કહેતા નથી પરંતુ જો કોઇએ વ્રત પચ્ચખાણની પ્રવૃત્તિ હાથ ધરી કે ટીકાકારોનો ડાઘીયો હાથ કાળી ટીલી કરવાને તૈયારજ છે ! તમારે તો પ્રયોજનજ ન હોય તો પણ દુઃખગર્ભિતની કાળીટીળી કરવી છે ત્યારે શાસ્ત્રકારો તો વિવેકવૃત્તિ રાખીને પણ એ કાળીટીળીમાંથી બચાવી લે છે !

**ચોકખું મિથ્યાત્વ**

ચેડા મહારાજાને જે સંકટ પડયું તેવું સંકટ તમારા તો ખ્યાલમાં આવી શકે એવું નથી. તમારી કલ્પનામાં પણ એ વાત આવી શકવાની નથી કે એમને પડેલું સંકટ અને એમનું થએલું અપમાન કેવું ગંભીર હતું અને આવા પ્રચંડ સંકટથી પ્રેરાઇને ચેડામહારાજ આત્મત્યાગ કરવા પ્રેરાયા હતા ! છતાં તેમણે વ્રતપચ્ચકખણાદિમાં પ્રવૃત્તિ કરી હતી એટલેજ તેમનું કાર્ય દુઃખગર્ભિતપણાની કોટીમાંથી બહાર નીકળી ગયું હતું ! હવે અહીં ખૂબ વિચારજો કે સંકટથી પ્રેરાઇને જે આત્મવિસર્જનને માટે પ્રેરાયા હતા છતાં જેમણે વ્રતપચ્ચકખાણાદિની પ્રવૃત્તિ કરી હતી તે દુઃખગર્ભિતાવસ્થામાંથી બચી ગયા તો પછી સાંસારિક સંકટોને લીધેજ જે ચોથું વ્રત લે અર્થાત્ બ્રહ્મચર્યવ્રત લે, પૌષધ કરે, સામાયિક કરે અને સાધુતા ગ્રહણ કરે તેને તમે કેવી રીતે દુઃખગર્ભિત વૈરાગ્ય કહી શકો ? અને જો તમે આવા વચનો કહી જ દો તો એ તમારૂં મિથ્યાત્વજ કે બીજું કાંઇ?

**મહારાજા સનત્કુમાર**

ફારસી ભાષા ન જાણનારો ફારસી ભાષાનો કાગળ વાંચવાનો ઢોંગ કરે તો તેવા ઢોંગીને તમે દંભી કે પાગલ કહી દો છો તો પછી આપણે પણ દીક્ષા અને વૈરાગ્યરૂપી પરભાષારૂપ પરધર્મોને સમજ્યા વિના તેના ઉપર પણ છાપ મારી આપીએ તો એમાં પણ આપણી મૂર્ખાઈ અને દંભશીલતાજ વિદ્યમાન રહેલી છે એમ કહી શકાય કે બીજું કાંઈ ? હવે એજ માર્ગે આગળ વધીને સનત્કુમાર મહારાજનું આખ્યાન તપાસો.

ઇંદ્રમહારાજા પોતાની સભામાં મનુષ્ય લોકમાં સનત્કુમાર ચક્રીનું રૂપ વખાણે છે. તેમાં શ્રદ્ધા ન રાખનારા કોઈક દેવતા તેનું રૂપ પ્રત્યક્ષ જોવા આવે છે, પણ આ વખતે સનત્કુમાર ચક્રી નાહવા માટે તૈયારી કરે છે, પણ લુગડાં તથા આભૂષણ ધારણ ન કર્યા હોવા છતાં ઈંદ્રમહારાજાએ જેવું વર્ણન કર્યું હતું તેથી પણ અધિક રૂપ નિહાળ્યું, પણ સનત્કુમાર ચક્રીએ કહ્યું કે કેમ આવાગમન થયું છે ? જવાબ મળ્યો આપનું રૂપ મનોહર સાંભળી જોવા માટે આવ્યા છીએ. ત્યારે સનત્કુમાર ચક્રીએ કહ્યું જે વખતે રાજ્યાસન પર મુકુટ આભૂષણ અને વસ્ત્રો પહેરીને બેસું ત્યારે જોવા આવવું. તો બરોબર રૂપની ખાત્રી થશે, ત્યારપછી દેવતાઓ રાજસભામાં જોવા આવ્યા. ચક્રી ત્યાં પાન ખાઇને બેઠા હતા. પાનની પીચકારી કરી તેમાં ઘણાંજ જંતુઓ દેવતાના જોવામાં આવ્યા. તે જોઇ દેવતાઓનાં મોં ફરી ગયાં. ચક્રીએ પૂછયું કેમ ? પછી દેવતાઓએ સાચી હકીકત કહી.

આમ પોતાના શરીરમાં જંતુઓ થયા છે જાણી, શરીરાદિકની અસારતા જાણી વૈરાગ્યવાળા થયા અને રાજ્ય, રાણી, રિદ્ધિ, રમત, વિગેરે છોડી છ ખંડના સ્વામીએ રોગી અવસ્થામાં ચારિત્ર ગ્રહણ કર્યું.

## આવી દીક્ષા પણ માન્ય રહી છે.

એ સનત્કુમાર મહારાજા જ્યારે રોગી અવસ્થાને પામ્યા અને શરીરે કીડા પડયા ત્યારે તેમણે રાજપાટનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. સનત્કુમાર મહારાજાએ રોગિપણામાં દીક્ષા લીધી હતી તે ઉપરથી એવી શંકા આવશે કે રોગી અવસ્થામાં દીક્ષા ન આપવી એવો શાસ્ત્રનો નિર્ધાર છે અને સનત્કુમાર મહારાજાએ તો રોગીપણામાં દીક્ષા લીધી હતી તો પછી એ દીક્ષા અયોગ્ય દીક્ષા કહી શકાય ખરી કે નહિ ? મહાત્મા સનત્કુમારને માત્ર સાદો તાવ કે ઉધરસ ન હતી તેને સાધારણ રોગ ન હોત પરંતુ દુષ્ટ જેવો મહાભયંકર રોગ લાગુ પડેલો હતો, રોમેરોમે કીડા પડેલા હતા અને કીડા ખદબદતા હતા, પાસે ઉભા રહેનારને પણ તેના શરીરમાંથી દુર્ગંધી પસરતી જણાતી હતી. આના કરતાં તે વળી બીજો મહાભયાનક રોગ કેવો હોય? આવા મહાભયંકર રોગીએ દીક્ષા લીધી તોપણ શાસ્ત્રકારોએ તે દીક્ષાનો વિરોધ નથીજ કર્યો અને કુદરતે તે દીક્ષા માન્ય રાખી છે.

## સનત્કુમારનો દેવલોકવાસ

તમે એ વાત તો સારી રીતે જાણો છો કે ચક્રવર્તી મરણ પામે છે એટલે તે નરકેજ જાય છે, એજ પ્રમાણે સનત્કુમાર પણ ચક્રવર્તી હતા એટલે તે મરીને સ્વર્ગે નહિ પરંતુ નરકેજ જવા જોઈએ છતાં સનત્કુમારના સંબંધમાં તેવું બનતું હોય એમ આપણે જોયું નથી. જ્યારે સનત્કુમારે કાળ કર્યો ત્યારે તેઓ નરકે નથી ગયા પરંતુ દેવલોકને પામ્યા છે. હવે જો તેમણે અંગીકારેલી દીક્ષા એ અયોગ્ય દીક્ષાજ હોત અને તે પાપસ્વરૂપજ હોત તો તો તેનું એજ પરિણામ આવત કે સનત્કુમાર મહારાજા નરકમાંજ ગયા હોત ! સનત્કુમારે લીધેલી દીક્ષાને અયોગ્ય દીક્ષા માનીએ તો તેમણે ગ્રહણ કરેલું સાધુપણું એ પણ અસાધુતાજ ઠરે છે અને તેમણે લીધેલી સાધુતા એ સાધુતાજ ન હોય તો તેઓ ચક્રવર્તી તરીકે જ કાયમ છે અને જ્યાં તેઓ ચક્રવર્તી તરીકેજ કાયમ છે એટલે તેઓ કાળ કરીને નરકમાં જ જવા જોઈએ એવું સ્પષ્ટ અને સાધારણ બુદ્ધિથી સમજી શકાય એવું છે.

## વસ્તુ અને વિરતિ

હવે સનત્કુમારના સંબંધમાં શાસ્ત્ર શું કહે છે તે જુઓ. શાસ્ત્ર કહે છે કે તેઓ કાળ કરીને નરકે ગયા નહતા પરંતુ દેવલોકને પામ્યા હતા. સનત્કુમારના આ દૃષ્ટાંત ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિરતિની અયોગ્યતા અને વસ્તુની અયોગ્યતા એ બંને ભિન્ન વસ્તુ છે અને જેઓ વિરતિ અને વસ્તુને ભિન્ન સ્વરૂપે નથી સમજી શકતા તેવા અણસમજુઓ વિરતિની અયોગ્યતાને વસ્તુની અયોગ્યતામાં લઈ જાય છે ! આ વસ્તુ સ્પષ્ટપણે સમજવાને માટે આપણે એક ઉદાહરણ લઈએ. શાંતિલાલભાઈના હાથમાં મહોર છે. તેમના હાથમાંની એ મહોર બીજા કોઈ માણસ ઝુંટવી લે છે અને નાસવા માંડે છે. આથી શાંતિલાલ પણ તેની પાછળ પડે છે અને તે પેલા માણસને પકડી પાડીને તેના હાથમાંની મહોર ઝુંટવી લે છે. હવે આ ઉદાહરણનો બહુજ સ્થિરચિત્તે અને તર્કપૂર્વક વિચાર કરો.

## વસ્તુ અને વિરતિને જુદા રાખો.

શાંતીલાલ અને કાંતીલાલ બન્ને એક બીજાના હાથમાંથી મહોર ઝુંટવી લઈને નાસે છે. બન્ને જણા મહોર ઝુંટવી લે છે માટે તે બંને મહોર ઝુંટવી લેનારા ચોર છે એવું આપણે આ ઉદાહરણમાં કદી પણ

કહી શકવાના નથી. શાંતિલાલ પણ સાચી મહોર ઝુંટવી લે છે એ વાત સાચી છે પરંતુ તે પોતે મહોરનો માલીક હોવાથી તેને માથે આપણે ચોરીનો આરોપ મૂકી શકતા નથી.

આજ દૃષ્ટિએ વિરતિની અયોગ્યતાને શાસ્ત્રે વસ્તુની અયોગ્યતા માની લીધીજ નથી એજ દૃષ્ટિએ શાસ્ત્રકારે આ ઉદાહરણની પણ વિચારણા કરેલી છે.

### દીક્ષા એ શાસ્ત્રશુદ્ધ છે.

સનત્કુમાર રોગી હતા, ભયંકર રોગી હતા, રૂંવાટે રૂંવાટે તેને રોગ હતો, આખું શરીર રોગથી ખદબદી ગએલું હતું, છતાં તેમણે દીક્ષા લીધી છે તે શાસ્ત્રકારોએ ખુલ્લી રીતે અને કોઇપણ જાતના અપવાદ વિનાજ માન્ય રાખી છે. સનત્કુમારની આ દીક્ષાને આપણે જો સાચી દીક્ષા ન માનીએ તો તેમનું સાધુપણું પણ મિથ્યા છે અને તેમ થાય તો પરિણામ એજ આવે કે કુદરત તેમને દેવલોકે જવાજ ન દે! પરંતુ કુદરત તેને દેવલોક જવા દે છે એટલાજ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેમનું સાધુપણું એ કુદરતેજ માન્ય રાખેલું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિરતિ અને વસ્તુ એ બન્ને જુદાજ પડે છે. હવે આ વાત બાજુ પર રાખો અને આપણી વિચારણા આગળ ચલાવો કે સનત્કુમારના શરીરમાં ભયંકર રોગ થએલો, કીડાથી આખું શરીર ખદબદી, ઉઠેલું, રોમે રોમે તેમને કીડા પડેલા અને તેથી તેમણે વૈરાગ્ય લીધેલો, તો પછી તેનો આ વૈરાગ્ય તે દુઃખગર્ભિત વૈરાગ્ય ખરો કે નહિ ?

### ધર્મબુદ્ધિ હોય ત્યાં શુદ્ધતા છે.

તમારી આ શંકાનો જવાબ **શાસ્ત્રકારો** સ્પષ્ટ નકારમાંજ આપી દે છે. તેઓ **સાફ સાફ** જણાવી દે છે કે આ દુઃખગર્ભિત વૈરાગ્ય **નથી. તમે** દુઃખગર્ભિતની છાપ મારવા માટે તમારી પાસે મેંશનો દાબડો તૈયાર રાખીજ મૂક્યો છે પરંતુ શાસ્ત્રકારોની પ્રચંડ શક્તિ આગળ અહીં તમારી મેશ ઓગળી જાય છે. શાસ્ત્ર તો આ સંયોગમાં પુકારી પુકારીને સ્પષ્ટપણે કહે છે કે દુઃખગર્ભિતપણું તેનુંજ નામ છે કે જ્યાં ધર્મની બુદ્ધિ એક અંશ પણ હોતી નથી એ સિવાય જ્યાં ધર્મબુદ્ધિ છે ત્યાં પણ જો તમે છાપ મારવા જાઓ તો તમારી એ મિથ્યા ઠરે છે જેમાં કર્મથી બચવાનો સંસ્કારજ નથી, જેમાં વ્રત પચ્ચકખાણાદિનું અસ્તિપણુંજ ન હોય, જેમાં ધર્મની લેશ માત્ર પણ બુદ્ધિ ન હોય તેવીજ વસ્તુને દુઃખગર્ભિતપણું નામ આપી શકાય છે. સઘળેજ સ્થળે આપણે દુઃખગર્ભિતનું નામ આપવા જઇએ તો તે કોઇપણ રીતે યોગ્ય ઠરવા પામતુંજ નથી પરંતુ એવી પ્રવૃત્તિ મિથ્યાત્વમાંજ પરિણમે છે.

### તમારો સિક્કો ખોટો છે.

હવે એવો પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે કે આવા સંયોગોમાં દીક્ષા લઇ સાધુપણું લેનારાને પણ જો દુઃખગર્ભિત વૈરાગ્યની કોટીમાં આપણે નથી મૂકી શકતા તો પછી કયા સાધુને આપણે દુઃખગર્ભિત વૈરાગ્યની કક્ષામાં દાખલ કરી શકીએ છીયે. જે સાધુ વ્રત પચ્ચકખાણઆદિમાં કાંઇજ સમજતો ન હોય, જે સાધુ આત્મકલ્યાણમાં ન સમજતો હોય, જેનામાં ધર્મબુદ્ધિ જ ન હોય તેવા સાધુનો વૈરાગ્ય તેજ માત્ર દુઃખગર્ભિત વૈરાગ્ય કહી શકાય છે. આ સઘળી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જેમાં ધર્મ, ધર્મબુદ્ધિ અને વ્રત પચ્ચકખાણાદિનું અસ્તિત્વજ નથી તેવો વૈરાગ્ય એ દુઃખગર્ભિત વૈરાગ્ય છે અને જ્યાં કર્મપાશમાંથી છૂટવાની વ્રત પચ્ચકખાણના આચરણની અથવા તો ધર્મની વૃત્તિ રહેલી છે તે દુઃખગર્ભિત વૈરાગ્ય નથી. આ વસ્તુને આપણે સમજતા નથી પરંતુ આપણે તો એક સિક્કો બનાવી રાખ્યો છે અને તેજ જ્યાં ત્યાં મારતા જઇએ છીએ.

### મોહગર્ભિતની છાપ પણ ખોટી છે.

કંકોતરી હોય કે કાળોતરી હોય પરંતુ તે કશાનો ભેદ જોયા વિના અજ્ઞાન ટપાલી જેમ કાળો સિક્કો બધેજ મારતો જાય છે તેજ પ્રમાણે તમો પણ આ દુઃખગર્ભિતપણાનો સિક્કો વગર જાણે ઠોકે રાખો છો ! જેમ દુઃખગર્ભિત વૈરાગ્ય એવો ખોટો પ્રયોગ આપણે વારંવાર થતો સાંભળીએ છીએ, તેજ પ્રમાણે મોહગર્ભિત વૈરાગ્ય એ શબ્દનો પ્રયોગ પણ વારંવાર ખોટી રીતે થયો આપણે જોઈએ છીએ. મોટોભાઈ ધર્મની પ્રબળ આકાંક્ષાથી દીક્ષા લે અથવા તો બાપ ધર્મની પ્રબળવૃત્તિથી દીક્ષા અંગીકાર કરે અને તેનું જોઈને તેનો નાનો ભાઈ અથવા તો દીકરો દીક્ષા લે તો તરત જગત તેને કહી દેશે કે એ તો મોહગર્ભિત વૈરાગ્ય છે ! આ પ્રમાણે આપણે સિક્કાઓને બહુ સસ્તા બનાવી રાખ્યા છે અને જ્યાં કાંઈક આપણે ન આચરણ મૂકી શકીએ એવી ભવ્ય વસ્તુ જોઈ કે આપણી નિર્બળતા છુપાવવા આપણે તૈયાર કરી રાખેલો સિક્કો ત્યાં ઠોકી દઈએ છીએ:

### છાપનો દુરૂપયોગ

હવે મોહગર્ભિત વૈરાગ્ય કેવો હોઈ શકે તે સમજો. જ્યાં મિથ્યાત્વ પ્રસરેલું છે, જ્યાં મિથ્યાત્વનીજ ક્રિયા સદાસર્વદા ચાલે છે તેનાજ સંસ્કાર અને ક્રિયાને યોગે મિથ્યાત્વીની માન્યતાએ જે સંસ્કારથી છૂટવું તેનુંજ નામ મોહગર્ભિત છે. મોહ એટલે શું તે પ્રશ્ન પહેલો સમજો. એક ગૃહસ્થ સામાયિક કરવા બેઠો હોય તેને સામાયિક કરવા બેઠેલો જોઈને તે ગૃહસ્થની પત્નીને અથવા તો તેના નાનાભાઈને સામાયિક કરવાની વૃત્તિ થાય અને તેઓ સામાયિક કરવા બેસી જાય એ મોહગર્ભિતપણું નથી જ ! મોહનો અર્થ તો મિથ્યાત્વ એવો થાય છે એ મિથ્યાત્વના પરંપરાના યા દેખાદેખીના સંસ્કાર દ્વારા એ પંચાગ્નિ તપ આદિ જે કરવામાં આવે છે તેનું નામ મોહગર્ભિતતા છે. મોહગર્ભિત અને દુઃખગર્ભિતના સિક્કા આપણે કેટલા બધા બેદરકારીથી અને ખોટી રીતે વાપરી રહ્યા છીએ તે આ ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે.

### આત્માની રખડંપટ્ટી (જ્ઞાન ગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ)

ત્યારે હવે સહજ એવો પ્રશ્ન થશે કે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કોને કહેવો જોઈએ ? આત્મા આ સંસારમાં શા માટે રખડે છે એનો વિચાર કરો. આત્મા આ સંસારમાં રખડે છે તેનું કારણ કર્મ છે, આત્મા કર્મ કરીને આ જગતમાં રખડયાજ કરે છે, આત્માનો એ રખડાટ બંધ પાડવા માટે કર્મનો ક્ષય કરવાની જરૂર છે. આવી ભાવનાપૂર્વકનો જે વૈરાગ્ય છે તેજ એક માત્ર જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. એક તો જીવની શ્રધ્ધા હોવી જોઈએ, બીજું કર્મ અને કર્મબંધન જ આત્માને આ સંસારમાં રખડાવે છે ઈત્યાદિ સઘળી વસ્તુઓ સહિત કર્મશ્રધ્ધા હોવી જોઈએ, ત્રીજું કર્મને લીધે આત્મા આ સંસારમાં રખડે છે, એ રખડંપટ્ટી ટાળવાનો માર્ગ તે વિરતિ અને તપશ્ચર્યા છે માટે વિરતિ અને તપસ્યા કરવા જોઈએ એટલી બુધ્ધિ અને માન્યતા આ સઘળી વસ્તુઓ જ્યાં હોય તેવા સઘળા વૈરાગ્યો જ્ઞાનગર્ભિત વૈરાગ્યનીજ કોટીમાં આવી જાય છે એ નિશ્ચિત એવું શાસ્ત્રવચન છે.

### વિચિત્ર મનોવૃત્તિ

આજની આ જગતની પ્રવૃત્તિ તો એવીજ દેખાઈ આવે છે કે આપણે મોહગર્ભિત, દુઃખગર્ભિત ઈત્યાદિ શબ્દો સ્થળે સ્થળે વાપરીએ છીએ, પરંતુ જ્ઞાનગર્ભિત શબ્દ વાપરતાં લોકોના માથાં ફરી જાય છે ! જેમણે પૌદ્‌ગલિક સુખોથી છલાછલ ભરેલા આ જગતને મિથ્યા ગણ્યું, જેણે આત્માનો વૈભવ એનેજ સારો માન્યો અને એ વૈભવને ખાતરજ જેમણે સંસારનો પરિત્યાગ કરી પરમપ્રતાપી શીતલશાન્તિકર એવો વૈરાગ્ય ધારણ કર્યો તેવા

સાધુઓના વૈરાગ્યને માટે જ્ઞાનગર્ભિત શબ્દ વાપરતાં પણ આપણું માથું દુઃખે છે. સંસાર પાર સાધવા વ્યવહારત્યાગ કરીને સાધુ થયા તેમને માટે જ્ઞાનગર્ભિત વિશેષણ બોલી શકાતું નથી, પરંતુ પળે પળે જેનાથી અપમાન થતું હોય છતાં તેની પાસેથી પણ કાંઇ ઝરતું હોય-કાંઇ દ્રવ્ય ઝરતું હોય તો તેવાને માટે આપણે ઝપાટાબંધ બોલી દઈયે છીએ કે : મહેરબાન સાહેબ ! જનતાની આ ભયાનક મનોવૃત્તિ કેવી વિચિત્ર છે તેનો જરા ખ્યાલ કરો.

## સુસાધુતા માટે શું જરૂરી છે ?

રાજાને ત્યાં જે પુત્ર અવતરે છે તે પુત્ર રાજપુત્ર થવાને યોગ્ય છે કે કેમ તે **આપણે તપાસતા નથી.** રાજાને ત્યાં અવતરેલો પુત્ર ભૂતકાળમાં-ગયા જન્મમાં પાપ કરવાવાળો હતો કે પુણ્ય કરવાવાળો હતો તે આપણે જોતા નથી, તેની પાસે આગલા જન્મમાં પૈસાટકા હતા કે તે ભિખારી હતો તે કોઈ તપાસતું નથી, તેના આગલા ભવના માબાપ કુળશીલ ઉચ્ચ હતા કે નીચ હતા તે કોઇ જોતું નથી, એજ પ્રમાણે તે રાજગાદીએ બેસીને ભવિષ્યમાં રાજાના ગુણોને યોગ્ય નિવડશે કે કેમ તે પણ આપણે જોતા નથી. વર્તમાનમાં પણ તેના શરીરમાં ખોડખાપણ હોય તેને આપણે ધ્યાનમાં લેતા નથી, પરંતુ તે રાજાને ત્યાં અવતરેલો છે એટલા જ ઉપરથી આપણે તેને રાજકુમાર કહીએ છીએ અને તેનો વર્તમાન, ભૂત કે ભવિષ્યકાળ આપણે જોતા નથી. જેમ રાજાને ત્યાં જન્મ એજ રાજપુત્રત્વ માટેની યોગ્યતા છે, તેજ પ્રમાણે વ્રતપચ્ચકખાણ આદિની ક્રિયા એજ સુસાધુતા માટેની યોગ્યતા છે.

## આ ધર્મભાવના છે ત્યાં શુદ્ધ સાધુત્વ

રાજાને ત્યાં જે જન્મે છે તે રાજકુમાર જ છે પછી તે ભૂતકાળમાં ગમે તેવો હો, તેજ પ્રમાણે જેનામાં ધર્મની ભાવના છે, જે કર્મરૂપી ઘોરશત્રુના પાશમાંથી છૂટવાને માટેજ ત્યાગી થયો છે અને જે વ્રતપચ્ચકખાણ આદિમાં જોડાએલો છે તે પણ પૂર્વાશ્રમમાં દુઃખી હતો કે સુખી, તેનો બાપ કે બાયડી મરી ગયાં હતાં કે નહિ અથવા તો તેણે વેપારમાં ખોટ ખાધી હતી કે નફો કીધો હતો અને તેમાંના કયા કારણથી પ્રેરાઈને તેણે સાધુત્વ ગ્રહણ કર્યું હતું એ પણ જોવાનું નથીજ. જેનામાં સાધુત્વાવસ્થામાં વ્રતપચ્ચકખાણાદિ રહેલાં છે, જેનામાં ધર્મબુદ્ધિ છે અને કર્મપાશથી છૂટવાની આશાએ જેમણે સાધુતા ગ્રહણ કરેલી છે એવા સઘળા પ્રસંગો દ્વારાએ **દૃશ્યમાન થતું સાધુત્વ** એ સુસાધુત્વજ છે અને એવા **સુસાધુત્વને સમર્પનારી** શ્રીમતી ભાગવતી દીક્ષા એ **સુયોગ્ય દીક્ષા** હોઈ તેની ભૂમિકા રૂપે પ્રવર્તતો **વૈરાગ્ય એ અવશ્યમેવ** જ્ઞાનગર્ભિત વૈરાગ્યજ છે.

## અહીં પૂર્વાશ્રમ ન જોવાય !

જે આત્મા વ્રતપચ્ચકખાણ આદિમાં ઉતર્યો છે તે આત્મા પૂર્વાશ્રમમાં પૈસાવાળો હતો કે ગરીબ હતો એ જોવાની જરૂરજ રહેતી નથી. તમે જુઓ છો કે એક તદ્દન દરિદ્રી એવો ભિખારી હોય અને તે દીક્ષા ગ્રહણ કરે તો ચક્રવર્તી સુદ્ધાં તેને નમે છે. જો પૂર્વાશ્રમની રિદ્ધિ એજ શાસ્ત્રિયતા અને વ્યવહાર હોત તો તો ચક્રવર્તીની અને વિદ્યમાન સાધુ પરંતુ પૂર્વાશ્રમી ભિક્ષુકની પણ રિધ્ધિ ધ્યાનમાં લેવાત અને તેથી ભિખારી સાધુને ચક્રવર્તી કદાપિ પણ વંદન નજ કરત ! પરંતુ આપણે જોઈએ છીએ કે વ્યવહાર તેવો નથી, એટલા પરથીજ સિદ્ધ થાય છે કે પૂર્વાશ્રમની રિધ્ધિ અથવા દરિદ્રતા જોવાની જરૂરજ નથી ! પહેલા ભવમાં ભિખારી હોય, અરે પહેલા ભવની વાત દૂર રહી પરંતુ ગોવાળિયાને રાજા દત્તકપુત્ર ઠરાવીને રાજપુત્ર તરીકે સ્વીકારી લે એટલે પછી આપણે તેની પૂર્વાશ્રમની રિધ્ધિ ન જોતાં તેને સલામોજ ભરવા માંડીએ છીએ.

## સાચો મોક્ષમાર્ગ

જેમ રાજપુત્ર તરીકે દત્તક આવેલો પહેલાં રિદ્ધિવાળો હોય કે નહિ તે આપણે જોતા નથી, તેજ પ્રમાણે ધર્મક્ષેત્રમાં પણ પહેલાંની અવસ્થા જોડેનો કશોજ સંબંધ નથી. જેને ધર્મ પ્રિય છે, જેની ધર્મમાં વૃત્તિ છે અને ધર્મમાંજ જે કલ્યાણ માને છે તેને તો એ જોવાની જરૂરજ નથી કે આ સાધુ થએલો મહાત્મા સાધુ થયા પહેલાં ઝવેરી બજારમાં બેસીને હીરા વેચતો હતો કે માથે ડબ્બો મૂકીને ઘાસલેટની ફેરી ફરતો હતો. તે તો તેની વિદ્યમાન જ્ઞાનપ્રિય એવી સાધુ અવસ્થાનેજ નિહાળે છે અને એ જ્ઞાનરૂચિને જોઈને તેના પરમપ્રતાપી વિજ્યી વૈરાગ્યને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તરીકે જ કબુલ રાખે છે. આજ કારણથી ધર્મશાસ્ત્રવેત્તા એવા મહાત્માઓએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર એને જ મોક્ષનો માર્ગ કહ્યો છે, પરંતુ રિદ્ધિ, યશ અને પરિવાર એને મોક્ષમાર્ગ કહી દીધો નથી. શું શાસ્ત્રકારના વચનોની આ ગૂઢતા કદી તમે વિચારી છે ?

## તરવાર લઇને ઉભેલા પ્રભવસ્વામી

જેમ વ્યવહારમાં આ ભવની જદશા જોવામાં આવે છે અને તેના પહેલના ભવો જોવામાં આવતા નથી, તેજ પ્રમાણે ધર્મના ક્ષેત્રમાં પણ વિદ્યમાન અવસ્થાજ જોવામાં આવે છે, આગલી પાછલી અવસ્થાઓ જોવામાં આવતી નથી. આ વસ્તુ તમે જ્યારે સમજશો ત્યારે પ્રભવસ્વામી એ પૂર્વાવસ્થામાં કેવા હતા કે પાછળથી આખા સંઘની દોરી તેમને કેમ સોંપાઇ તે તમારા ખ્યાલમાં સારી રીતે આવી જશે. ચરમકેવળી જંબૂસ્વામી જેઓ આચાર્ય હતા તેમનો દીક્ષા લેવાનો નિર્ધાર થયો એટલે તે નિર્ધાર તેમણે માતાપિતાને જણાવ્યો. માતાપિતાએ જંબૂસ્વામીને દીક્ષા લેવાને માટે મહામુસીબતે મંજુરી આપી. આ વખતે જંબૂસ્વામીની ભાવી આઠ પત્નીઓને એ વાતની ખબર થઈ. પતિ લગ્ન પછી બીજેજ દિવસે દીક્ષા લે એ જોખમ વેઠીને પણ તેમની આઠે પત્ની તેમની સાથે પરણી ગઈ. પરણ્યા પછીની પહેલી રાતે એક ઓરડામાં જંબૂસ્વામી બેઠા હતા, અને તેમની આઠે પત્ની તેમની સામે બેઠી હતી. એ આઠે પત્નીઓ જંબૂસ્વામીને સંસારાશક્ત થવાનો ઉપદેશ આપતી હતી અને જંબૂસ્વામી તેમને દીક્ષાનો પ્રતિબોધ આપતા હતા. આ વાત જે ઓરડામાં ચાલતી હતી તેની સમીપનાજ ઓરડામાં પ્રભવ નામનો ૫૦૦ ચોરનો સ્વામી તરવાર લઈને ઉભો હતો અને તેમના સાથીઓ ત્યાંની માલમિલ્કતના પોટલાં બાંધી રહ્યા હતા ! પેલા ઓરડામાં જંબૂસ્વામી પોતાની પત્નીઓને ત્યાગનો જે ઉપદેશ આપી રહ્યા હતા તેના શબ્દો પ્રભવસ્વામી સંભળાતા હતા અને જેમ જેમ એ શબ્દો પ્રભવચોર સાંભળતો હતો તેમ તેમ તેમનું હૈયું ત્યાગને માર્ગે ઢળતું હતું ! જ્યાં પેલા ચોરો ત્યાંના રત્નો વગેરે બાંધીને બહાર જવા લાગ્યા કે તેમના ચરણોજ જાણે ત્યાં લાધી ગયા !! પ્રભવસ્વામીનું હૃદય જંબૂસ્વામીના ઉપદેશામૃતથી દ્રવી ઉઠયું અને પ્રભવચોર વિચાર કરવા લાગ્યો કે જે ધન માટે રાતદિવસ ઉજાગરા કરી જીવ કે જાનની પણ જે ન દરકાર કરતો નથી તેવું ધન તથા આવી સુંદર સ્ત્રીઓ તો આ મહાત્મા પાસે આટલું બધું છે છતાં છોડી દે છે, તો મારે આવું ધન ચોરીને શું કામ છે ? અને તરતજ તેમણે જંબૂસ્વામીની પાસે જઇ તેમને પોતાનો મનોભાવ જણાવી દીધો કે મહારાજ! હું પણ આપની પાસે ચારિત્ર લેવા માગું છું અને તેજ ક્ષણે પ્રભવસ્વામી સાથે તેના પાંચસો

સાથીઓ જંબૂસ્વામી અને તેની આઠ પત્નીઓ અને તે સઘળાના માતાપિતાઓ એ બધાએ મળીને તેજ ક્ષણે પાંચસો સત્તાવીસ માણસોએ દીક્ષા લીધી !

## પૂર્વાશ્રમ આડે ન આવ્યો.

એ પ્રભવસ્વામી તે પૂર્વાશ્રમના મહાન્ તસ્કર! અરે મોટામાં મોટા ધાડપાડુ અને જબરા લુંટારા! નગરના કે ઘરના દરવાજા બંધ કર્યા હોય તોપણ પોતાની તાલોદ્ઘાટન વિદ્યાના પ્રભાવથી તેઓ બંધ દરવાજા ખોલી નાખી શકતા હતા અને નગરમાં તથા રાજભવનમાં પ્રવેશ કરી શકતા હતા. વળી પોતે રાજસભામાં પ્રવેશ કરે અને એ રાજસભા જાગી હોય તો આખી રાજસભાને તે જાગતી હોવા છતાંય તેને અવસ્વાપિની નિદ્રાથી બેભાન બનાવી દેતા હતા અને જબરા રાજદૂતોથી રક્ષાએલા સ્થાનમાંથી પણ એ રીતે ચોરી કરીને પ્રભવસ્વામી ચાલ્યા જતા હતા ! પ્રભવસ્વામીના આ કર્મની ઘોરતામાં શું કાંઈ પણ ખામી છે ખરી ? પ્રભવસ્વામી એ મહાન્ તસ્કર ખરા કે નહિ ? પરંતુ તે છતાં તેમણે દીક્ષા અંગીકારવાની ઈચ્છા કરી ત્યારે તું તો પૂવાશ્રમનો ચોર હતો તને દીક્ષા ન અપાય એવું કહીને આચાર્યોએ તેને પાછો ઠેલ્યો નથી પરંતુ ધર્મની સૂક્ષ્મગતિને પણ જાણનારા એવા ધર્માચાર્યોએ તેમને દીક્ષા આપી છે તથા એ દીક્ષાને યોગ્ય માની છે.

## રીતિ અને વસ્તુ જુદાં છે.

શ્રીમાન્ પ્રભવસ્વામીએ દીક્ષા ધારણ કરી તે પછી તેઓશ્રી પોતાના શુભોદયે અને ચારિત્રબળે યુગપ્રધાનાચાર્ય થઈ શક્યા, અને શાસ્ત્રકાર મહારાજાઓએ પણ તેમને યુગપ્રધાનાચાર્ય તરીકે કબુલ રાખ્યા આ સઘળું એક વાત સ્પષ્ટ બતાવવાને માટે પુરતું છે કે વિરતિ અને વસ્તુ બંને જુદાં છે અને તે સર્વથા સ્વતંત્ર છે. શાસ્ત્રકાર મહારાજાઓ રીતિ અને વસ્તુ બંનેની અયોગ્યતા સમજતા હતા તેથીજ તેમણે એ બંનેની યોગ્યાયોગ્યતાને સેળભેળ કરી નાખી નથી અને એ ઉપરથી તેમણે ગમે તેવા કુત્સિત અનુમાનો પણ તારવી કાઢ્યાં નથી. રીતિની અયોગ્યતાને શાસ્ત્રે વસ્તુની અયોગ્યતા માની લીધી નથી પરંતુ તમે તો રીતિની અયોગ્યતા વસ્તુને લગાડો છો અને વસ્તુને પણ અયોગ્ય માનો છો. આ તમારી ચેષ્ટા બાલકબુદ્ધિની છે એટલુંજ નહિ પરંતુ તે ખરેખર અજ્ઞાનમૂલક તથા મહમિથ્યાત્વથી ભરેલી હોઈ એ ચેષ્ટા સજ્જનોએ ત્યાગવા યોગ્યજ છે.

## જરા શાસ્ત્રમાં જોવાની તસ્દી લો.

જેઓ અજ્ઞાની છે, જેઓ ધર્મતત્ત્વને પોતે જાણતા નથી અને જ્ઞાનીઓ ધર્મતત્વને દેખાડે છે તોપણ જેઓ મિથ્યામોહથી-મિથ્યાત્વરૂપ અજ્ઞાનથી-પ્રેરાઈને એ ધર્મતત્વને જાણવા નથી ઈચ્છતા તેઓ જ રીતિની અયોગ્યતા એને વસ્તુની અયોગ્યતા માની લે છે અને તેઓ રીતિની અયોગ્યતાએ-રીતિની અયોગ્યતાને લીધે-વસ્તુને પણ અયોગ્ય કહે છે. જેઓ અજ્ઞાની છે તેઓ રીતિની અયોગ્યતાને વસ્તુની અયોગ્યતા બનાવી આ તો મોહગર્ભિત વૈરાગ્ય છે, આ તો કષ્ટગર્ભિત વૈરાગ્ય છે એવી મેંશની છાપ મારતા ફરે છે પરંતુ શાસ્ત્રકાર મહારાજાઓ એવી છાપને સ્વીકારતા નથી. જૈનશાસ્ત્રો જરા ઉઘાડીને જુઓ તો ખરા કે ક્યા કારણોથી વૈરાગ્ય નથી પામ્યાના ઉદાહરણો ત્યાં છે ? દશાર્ણભદ્રે ચારિત્ર્ય અંગીકાર કેમ કર્યું તે વિચારો. તેણે ઇંદ્રની રિદ્ધિથી પોતાની રિદ્ધિને નીચી દેખી આથી તેને દુઃખ થયું અને એ દુઃખથી પ્રેરાઈને તત્કાળ તેણે ચારિત્ર્યનોજ રસ્તો લીધો. ઉંચો દેખાવાનો રસ્તો માત્ર ચારિત્રજ છે.

### જમાલિની દીક્ષા

શાલિભદ્રનું પણ એમજ છે, અને એવા તો બીજા જૈનશાસ્ત્રોમાં અસંખ્ય ઉદાહરણો મળી આવે છે કે જેમાં કોઇક દુઃખને કારણે દીક્ષા લેવાઇ છે પરંતુ તેથી જૈનશાસને એ દીક્ષાને અયોગ્ય દીક્ષા માની નથી એ સાધુતાને અયોગ્ય સાધુતા માની નથી અથવા તો તેમના સંબંધમાં શાસ્ત્રોમાં કાંઇ ટીકા પણ કરવામાં આવી નથી. જેઓ રીતિ અને વસ્તુ બેના વિભાગો કરી શકે છે તેઓ રીતિની છાયાને વસ્તુ સાથે ભેળવી દેતા નથી કારણ કે તેઓ જાણે છે કે એ મૂર્ખાઇજ છે. જમાલિની દીક્ષાનો વિચાર કરો. જમાલિ એ વિશાળ દેશના રાજાનો પુત્ર હતો તેની છાયા બીજા પાંચસો રાજકુમારો ઉપર પડતી હતી. આ જમાલિ રાજકુમારે દીક્ષા લીધી એટલે તેની સાથે પાંચસો મિત્ર રાજકુમારો પણ દીક્ષિત થયા હતા.

### જમાલિ મોટા કે મહાવીર ?

હવે ત્રિલોકનાથ ભગવાન્ મહાવીર સ્વામીની દીક્ષાની વાતનો વિચાર કરો. ભગવાન્ શ્રી મહાવીર સ્વામીની સાથે કેટલાક રાજકુમારો હતા. આ રાજકુમારોએ અઠ્ઠાવીસ વર્ષ સુધી મહાવીર સ્વામીની સેવા કરી હતી પરંતુ જ્યાં ભગવાન્ દીક્ષા લેવાને માટે તૈયાર થયા કે તેમની એ તૈયારી સાંભળીને પેલા સેવામાં રહેલા શ્રેણિકાદિ રાજપુત્રો અઠ્ઠાવીસ વર્ષનો સ્નેહ છોડીને ભાગી ગયા ! ભગવાન શ્રી મહાવીર દીક્ષા લેવા તૈયાર થાય છે તો તેમની સાથેના રાજકુમારો ભાગી જાય છે, પરંતુ રાજકુમાર જમાલિ દીક્ષા લે છે તો તેની સાથે પાંચસો રાજકુમારો દીક્ષા લેવાને તૈયાર છે તો હવે આપણે કોને મોટા ગણવા? ભગવાન્ શ્રી મહાવીરને કે રાજકુમાર જમાલિને ? શાસ્ત્રકારોએ જમાલિને મોટા ગણ્યા નથી, પરંતુ ભગવાન શ્રીમાન્ મહાવીરદેવનેજ મોટા ગણ્યા છે એનું કારણ એ છે કે વિદ્યમાન દશા એજ માત્ર ધ્યાનમાં લેવાની હોઇ આગલી દશા અથવા આગલી અવસ્થાઓ ધ્યાનમાં લેવાનીજ નથી.

### વિદ્યમાન અવસ્થા જ જોવાની છે.

જમાલિયે તો માત્ર દીક્ષાજ લીધી અને તેઓ એક સમર્થ, સાધુ-આચાર્ય થઇ શક્યા પરંતુ ભગવાન્ શ્રી મહાવીરદેવે તો માત્ર દીક્ષા જ લીધી એટલુંજ નહિ પરંતુ મોક્ષમાર્ગના દર્શક થઇ તીર્થંકરપણું મેળવ્યું. હવે જો ધર્મક્ષેત્રમાં પણ પૂર્વગતિ જ સ્મરણમાં લેવામાં આવતી હોત તો ભગવાન્ મહાવીર સાથે એક પણ રાજકુમાર દીક્ષા લેવા તૈયાર થયો ન હતો જ્યારે રાજકુમાર જમાલિ સાથે પાંચસો રાજકુમારોએ દીક્ષા લીધી હતી એટલે ભગવાન્ શ્રી મહાવીર કરતાં જમાલિ જ શ્રેષ્ઠ ગણાયા હોત પરંતુ શાસ્ત્રકારોએ તેમ કર્યું નથી. ભગવાન્ શ્રી મહાવીરદેવનું તીર્થંકરત્વજ કબુલ રખાયું છે અને શાસ્ત્રકારોએ ભગવાનનેજ મોટા ગણ્યા છે એ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે ધર્મના માર્ગમાં પહેલાની પૂર્વભવની યા પૂર્વઆશ્રમની સ્થિતિ જોવામાં આવતીજ નથી પરંતુ વિદ્યમાનાવસ્થાજ જોવામાં આવે છે. શાસ્ત્રકારોની અને તમારી દૃષ્ટિમાં જે ભેદ છે તે તમારા અજ્ઞાનનેજ આભારી છે.

### જ્યાં ધર્મ છે ત્યાં દુઃખ કે મોહ નથી.

શાસ્ત્રકારો દુનિયાદારીને મોટી ચીજ નથીજ ગણતા. તેઓ વ્રતપચ્ચક્ખાણ ઇત્યાદિનેજ મોટી ચીજ ગણે છે અને પૂર્વાશ્રમ વિસારી મૂકે છે ત્યારે તમે પૂર્વાશ્રમને મોટી ચીજ ગણો છો અને વ્રતપચ્ચક્ખાણાદિને વિસારી મૂકો છો ! તમારો આ દૃષ્ટિભેદ ખોટો છે. તમે કહેશો કે અમારો દૃષ્ટિભેદજ નથી તો પછી તમને એવો પ્રશ્ન સહજ પૂછી શકાય એમ છે કે તો પછી તમે પૂર્વાશ્રમને શા માટે આગળ લાવો છો અને વર્તમાન જીવનને શા માટે વિસારી મૂકો છો ? આ બધા ઉપરથી કહેવાની વાત એ છે કે જે વૈરાગ્યમાં ધર્મ છે, જેમાં

આત્મહિતની ભાવના છે, જ્યાં વ્રતપચ્ચક્ખાણ આદિ છે ત્યાં દુઃખગર્ભિત વૈરાગ્ય અથવા તો મોહગર્ભિત વૈરાગ્ય નથી પરંતુ જ્ઞાનગર્ભિત વૈરાગ્યજ રહેલો છે. હવે એ સઘળાં દુઃખો જે માણસોને ભોગવવા પડે છે તે કર્મરાય શા હિસાબે ? કઇ આકાંક્ષાથી ? કયા હેતુથી પ્રેરાઇને આપે છે તે મૂળ વાત આપણે જોવાની છે તે હવે જોઇએ.

## કર્મરાજાની પ્રપંચલીલા

કર્મરાજા આપણને જે સુખો આપે છે તે સુખો આપવામાં તેનો હેતુ તો છેજ નહિ કે આ મારા લાડકાઓ છે અને તેને હું ખુશખુશ કરી નાખુ ! તેનો હેતુ તો મ્યુનિસિપાલિટિ કુતરાઓને જેમ ઝેર આપવાજ ઇચ્છે તેમ માણસોને દુઃખ આપવાનો જ છે, પરંતુ એકલું ઝેર જેમ કુતરાઓ ચાટી જતા નથી તે માટે મ્યુનિ. ને પ્રપંચ કરવો પડે અને ઝેર સાથે ખાંડનો લાડુ ભેળવવો પડે છે તેજ પ્રમાણે કર્મની ઇચ્છા પણ માણસોને માત્ર દુઃખ આપવાની હોવા છતાં માણસો એકલા દુઃખથી તો ચોંકી જઇ આઘાજ ભાગે માટે તે સુખમિશ્રિત દુઃખ આપે છે. સંસારના સુખો એ મધના બિંદુઓ જેવાં છે. મધનું બિંદુ આ જગતમાં શું શું દુઃખ અપાવે છે તે જુઓ. મધની આશામાં લોભાઇને માખીઓ ફૂલ પર બેસે છે, એવામાં ઝાડ પરના જીવડાંઓ કેટલીય વાર એ માખીઓને ગળી જાય છે ! વળી એજ મધની પાછળ રહેલો મોહ માણસોના હૈયાને પણ ડોલાવી નાખે છે અને મહાભયાનક સંકટ તરફ પ્રેરે છે.

## મધના ટીપાંની આશા

મધપુડો લેવાની આશામાં વાઘરી આગળ ધસે છે. તે બિચારો પહાડ પર્વત ટેકરા ચઢે છે. ભયંકર અરણ્યમાં જતાં સાપ અને અજગરના પ્રચંડ ભયને સહન કરી લે છે. અનેક માખીઓનો ડંખ પણ તે વેઠે છે ! આ સઘળું માણસ શાથી સહન કરે છે તેનો વિચાર કરશો તો માલમ પડશે કે માત્ર મધના ટીપાંની આશાજ તેમને આવા ભયાનક પંથે દોરી જાય છે. આ જગતના સુખો પણ એવાંજ મધના ટીપાં જેવાંજ છે. જો મધના ટીપામાં મિઠાશ ન હોત તો કોઇપણ મૂર્ખ એ ટીપાંને શોધતો ટીપાની લાલચે અરણ્યમાં સંકટો વેઠી મધ લેવા જતો નથી. લાડવાની મિઠાશ વિના કુતરો મ્યુનિસિપાલિટિના એકલા ઝેરને ખાતો નથી. તેજ પ્રમાણે આત્મા પણ એકલા દુઃખને ચહાતો નથીજ. એકલા દુઃખને આત્મા ચહાતો નથી એટલાજ માટે સુખરૂપ મધના બિંદુઓ તેણે ચાટવાનું ચાલું રાખ્યું છે.

## દુઃખ આપનારૂં સાંસારિક સુખ

કુતરો અજ્ઞાન છે. તે મોહમાં ઘેરાએલો છે અને તેથીજ તે ઝેરવાળો લાડુ વહેલો વહેલો પૂછડી પટપટાવતો ચાટી જાય છે ! જે આત્મા દુનિયાના સુખોરૂપી સાકરવાળા દુઃખરૂપ ઝેરના લાડુથી દૂર રહેતો નથી તે એવા કુતરાના જેવો જ છે ! જે આત્મા જગતના સુખમાંજ પચી રહેલો છે તેની કિંમત આ રીતે કુતરાના કરતાં જરાપણ વધારે નથી. કુતરો સાકરનો લાડવો કે બરફીની મિઠાશમાં મોહ પામે છે અને તે તેના મધ્યમાં રહેલા ઝેરને પણ ચાટી જાય છે પછી જ્યારે એ ઝેરની અસર તેને થાય છે ત્યારે તેને ટાંટીયા ઘસવા પડે છે ! અને મોં ફાડીને પહોળા થઇને પડવાની તેને દશા પ્રાપ્ત થાય છે. મનુષ્યની દશા પણ બરાબર એવી છે. પુણ્યના ભોગે મેળવી અપાએલા શરીરથી આપણે સુખ ભોગવ્યા જઇએ છીએ અને કર્મો બાંધતા જોઇએ છીએ, પરંતુ પછી જ્યારે એ કર્મોને ભોગવવાનો સમય આવે છે ત્યારે આપણે પણ પેલા ડાઘીયા કુતરાની માફક રોગ, શોક અને થાકથી ઢીલાઢબ બની જઇએ છીએ.

## છેલ્લી વાત

આ સુખને વળગેલો જીવ જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી તેની હલનચલન ક્રિયા ચાલુની ચાલુ રહેજ છે. જ્યાં સુધી જીવને પુદગલોનો સંબંધ છે ત્યાં સુધી ક્રિયા છે અને જ્યાં સુધી ક્રિયા છે ત્યાં સુધી અવિરત કર્મબંધન પણ રહેલું છે. એ કર્મબંધન શુભ હો કે અશુભ હો, પરંતુ તે એક જાતની સોનાની ગુલામીજ છે અને તે સઘળાં શુભાશુભ કર્મબંધનો ગુલામીમાં સડાવનારાજ છે. આ સઘળું જ્ઞાન સમજવું, તેને સમજીને અમલમાં મૂકવું. અમલમાં મૂકવાની પોતાની અશક્તિ હોય તો બીજા જેઓ એ જ્ઞાનને અમલમાં મૂકવા તૈયાર થયેલા હોય તેમને અભિનંદન આપવું અને પોતે પણ છેવટે પ્રત્યક્ષ એ જ્ઞાન અમલમાં ન મૂકી શકાતું હોય તો ક્યારે શુભ સમય આવે છે તે આપણે એ પવિત્રપંથે પગલાં માંડીએ છીએ એવી ભાવના તો નિરંતર સેવ્યાજ કરવી એ પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે. આ સઘળું જીવાત્મા ત્યારેજ સમજી શકે છે કે જ્યારે પોતાની સ્થિતિ, સ્વરૂપ અને સંયોગો સમજે છે. આ ત્રણ વસ્તુ-સ્થિતિ, સ્વરૂપ અને સંયોગ સમજે છે તેજ બધી ઉપલી સઘળી ઘટના પણ સમજી શકે છે, અને આ સ્થિતિ, સ્વરૂપ અને સંયોગ સમજવાનું જ્ઞાન તે પેલી આગળ કહી છે તે ત્રિવિધ ગળથુથી આપે છે આટલી વાત દરેકે સમજી લેવી યુક્ત છે.

(સમાપ્ત)

---

(અનુસંધાન પા. ૨૬૪ થી ચાલુ)

૪ સામાન્ય શાસ્ત્રીય તત્ત્વની નયસારની હકીકત છતાં અષ્ટકજીના પાઠથી વરબોધિથી પરોપકારનું નિયતપણું સાબીત થવાનું જાણ્યા છતાં તેજ લલિતવિસ્તરાના તેજ અધિકારમાં देवगुरुबहुमानिनः આ પદ અને अशुद्धमपि પદ અનાદિની કાર્યરૂપ પરોપકારિતાનો બાધ કરનાર છતાં લલિતવિસ્તરાના आकालं શબ્દથીજ સમ્યગ્દર્શન પછી આવો અર્થ સાબીત કરવા આહ્વાન કરતાં પાછાજ પડવું એવી રીતે અહિં પણ મૂલ ગ્રંથરત્નમાં એ શબ્દો નથી એમ કહેવામાં જરૂર પાછા પડાય છે.

આ લેખથી શ્રી ગુરુતત્વવિનિશ્ચના अत एवं વાળાનો થયેલો સ્પષ્ટાર્થ યોગ્ય, સાચો અને જરૂરી હતો એ સાબીત કરવાનુંજ ધ્યેય છે.

આ લેખનું તારણ આ પ્રમાણે છે :-

૧ આઠમા ચારિત્રે મોક્ષ થાય એ હકીકત આવશ્યક અને ગુરુતત્વવિનિશ્ચયથી સિદ્ધ થાય છે.

૨ ખંડિત થવાવાળા ચારિત્રને પણ અભ્યાસકર ચારિત્રની દશામાં ગણ્યું છે.

૩ ભગવાન્ મહાવીરે ખેડુત દીક્ષા લઇને તોડી નાખશે એમ જાણ્યા છતાં દીક્ષા અપાવી છે.

૪ ભગવાન્ ગૌતમસ્વામીજીએજ તે પતિત થનાર હાલિકને દીક્ષા આપી છે.

૫ સમ્યક્ત્વ એ મોક્ષનું સામાન્યબીજ છે અને દીક્ષા એ વિશિષ્ટબીજ છે.

૬ ફલસાધન વિશિષ્ટ સમ્યક્ત્વને પણ બોધિ શબ્દથી લઈ શકાય છે.

તા.ક. :- આ આખો લેખ વાંચતાં વાચકોને સ્પષ્ટ માલમ પડશે કે શ્રીમાન્ રામવિજયજી મહારાજને સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૯ ના ટાઇટલ ત્રીજા, પેજમાં આપેલી નકલવાળો આહ્વાનનો સ્વીકાર કેમ પાછો મોકલવો પડયો હશે, હજી પણ તેઓને સદ્બુદ્ધિ સુઝે અને સાચા અર્થો કરતાં સાચા અર્થોનો સ્વીકાર કરતાં શીખે એમ હમો શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ. આ લેખમાં ઉગ્રતાનો જે આભાસ થાય તેવું છતાં નથી સુધાર્યું તે વિષયને આભારી ગણી ક્ષમા આપશો. તંત્રી

તા.ક. :- હમારો પહેલેથી સિદ્ધાન્ત છે કે સમાલોચના શિવાય વધારે ચર્ચામાં ન ઉતરવું, પણ આહ્વાન કરી સ્વીકાર થાય પછી ખસી જવાય ત્યાં આવા લેખો આપવા જરૂર લાગ્યા છે. તંત્રી

(અનુસંધાન પાના ૨૪૮ થી ચાલુ)

किर तुम्ह संकहाविहु जणइ अपुव्वं जणाण परितोसं

किं पुण चोतरुपमुहट्ठपाडिहेरुब्भवं रूवं ? ॥४॥

अह जयगुरुणा भणियं गोयम ! सो एस केसरिस्स जिओ।

जो किर तिविट्ठुलेकाणे मए दुहा फालिओहोंतो॥

तुमए मह सारहिणा निज्जविओ कोवफुरुफुरंततणू।

सीहे सीहेण हए इच्चाईमहुरवयणेण॥६॥

तप्पच्चइएणं मइ दोसेणऽज्जवि स वेरमुव्वहइ।

तेणं चिय तप्पडिबोहणट्ठया पेसिओ तंसि॥७॥

( श्रीगुण श्रीमहावीर० ८ प्रस्तावः )

बीयाहाणत्थं पुण गुरुपरतंताण दिंति जुग्गाणं।

अब्भासकरं चरणं जं अट्ठ भवा चरित्तम्मि॥८॥

'बीयाहाणत्यं'ति 'बीजायानार्थं' मोक्षबीजविशेषसिद्ध्यर्थं पुनर्गुरुपरतन्त्राणां पृच्छादिना कलितयोग्यतानां 'अभ्यासकरम्' अपेर्गम्यमानत्वादभ्यासकरमपि 'चरणं' चारित्रं ददत्या चार्याः 'यत्' यस्मात् चारित्रे 'अष्टैव भवाः' चरित्रप्रत्तिपत्तिसहिताः संसारेऽष्टावेव भवा भवन्ति, तदुक्तमावश्यके-''अट्ठ भवा उ चरित्ते'' त्ति, अतएवाष्टम चारित्रे सिद्धेरावश्यकत्वात्प्रव्रज्याया विशिष्टबीजत्वाद्भगवता श्रीमहावीरेण हालिकाय सा दापिता, अन्यथा तद्दानं निरर्थकं स्यात्, सम्यक्त्वमात्रेणैव बीजमात्रस्य सिद्धत्वात्।

( गुरुतत्त्वविनिश्चयः )

આ ઉપરના ત્રણે પાઠો ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન્ શ્રી મહાવીર મહારાજે હાલિકને શ્રી ગૌતમસ્વામીજી દ્વારા તે નક્કી પતિત થવાનો છે એમ જાણ્યા છતાં દીક્ષા આપી છે.

પ્રશ્ન ૭૯૬ ઉપર જણાવેલ ત્રણ ગ્રંથોમાં ત્રિષષ્ટીયમાં બોધિબીજ માટે દીક્ષા આપી એમ કહ્યું છે, શ્રી ગુણચંદ્રસૂરિજીએ પ્રતિબોધને માટે દીક્ષા આપી એમ જણાવ્યું છે જ્યારે ઉપાધ્યાયજી મહારાજે સમ્યકત્વદાન મોક્ષનું સામાન્ય બીજ છે એમ જણાવી દીક્ષાને મોક્ષનું વિશિષ્ટ બીજ જણાવી તે દીક્ષા આપ્યાનું જણાવ્યું છે. એ પરસ્પર ત્રણે ગ્રંથનો હેતુ જુદો જુદો આવે છે તેનું કેમ ?

સમાધાન - ઉપાધ્યાયજી મહારાજે ત્રિષષ્ટીય અને મહાવીર પ્રાકૃત ચરિત્ર દેખ્યા કે વિચાર્યા વિના લખ્યું છે એમ કોઈ કહી શકેજ નહિ અને સામાન્ય રીતિએ ઉત્તરોત્તર ઋષિઓનાં ગ્રંથો उत्तरोत्तरमुनीनां वाक्यं प्रमाणं પ્રમાણ છે એવા અર્થવાળા ન્યાયનો તાત્પર્યાર્થ એજ લેવામાં આવે છે કે ઉત્તરોત્તર મુનિઓએ કરેલા વ્યાખ્યાનમાં પૂર્વે પૂર્વે મુનિઓના વાક્યોનું તત્વ છે એટલે ઉપાધ્યાયજી ઉત્તરમુનિ તરીકે અને ન્યાયાચાર્ય હોવાને લીધે તેમના વચન પ્રમાણેજ તે હકીકત લેવી જોઈએ, છતાં ત્રિષષ્ટીયમાં કહેલા બોધિબીજનો લોગસ્સસૂત્રના आरुग्गबोहिलाभं એ સૂત્રના અર્થમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિને બોધિલાભની પ્રાર્થના નિરર્થક થાય છે એમ ધારી જલદી ફલ સાધનાર એવા બોધિબીજની ત્યાં પ્રાર્થના જણાવી વિશિષ્ટ બોધિબીજ લીધું છે એવી રીતે અહિં પણ વિશિષ્ટ બોધિબીજ એટલે પ્રવ્રજ્યાવાળું બોધિબીજ લેવામાં કોઈ જાતની હરકત ન હોવાથી ઉપાધ્યાયજીની પ્રવ્રજ્યારૂપ વિશિષ્ટ બીજની વ્યાખ્યા અનુચિતજ નથી, અને આચાર્ય મહારાજ શ્રી ગુણચંદ્રસૂરિજીના મહાવીર પ્રાકૃત ચરિત્રમાં તો પ્રતિબોધ માટે દીક્ષા દીધાનું જણાવે છે તેમાં તો શાસ્ત્રોમાં સ્થાને સ્થાને દીક્ષા લેવાની વાતને સ્થાને

पडिबुद्धो पडिबोहिओ पडिबुज्झिस्संति વગેરે પ્રયોગો આવે છે તેથી પ્રતિબોધ શબ્દથી દીક્ષા લેવામાં અડચણ નથી.

પ્રશ્ન ૭૯૭ પ્રવચન નામના સાપ્તાહિકમાં શ્રી ઉપાધ્યાયજીના ગુરુતત્વવિનિશ્ચયના પાઠનો અર્થ આવી રીતે કરે છે.

अत एवाष्टमचारित्रे सिद्धेरावश्यकत्वात् प्रव्रज्या या विशिष्टबीजत्वाद्भगवता श्रीमहावीरेण हालिकाय सा दापिता, अन्यथा तद्दानं निरर्थकं स्यात्, सम्यक्तवमात्रेणैव बीजमात्रस्य सिद्धत्वात्।

ભાવાર્થ - આઠમા ચારિત્રમાં સિદ્ધિનું આવશ્યકપણું હોવાથી ભગવાન્ શ્રી મહાવીરદેવે પ્રવ્રજ્યાનું વિશિષ્ટ બીજપણું હોવાથી તે (દીક્ષા) ખેડુતને અપાવીઃ અન્યથા, તેનું દાન નિરર્થક થાયઃ (ખેડુતને અપાવેલી દીક્ષાના પ્રતાપે) સમ્યકત્વ માત્રથીજ બીજમાત્રની સિદ્ધિ થએલી છે.

* * *

વળી શ્રી ગુરુતત્વવિનિશ્ચય ગ્રંથરત્નના આ પાઠથી તો એ સિદ્ધ થાય છે કે -જ્ઞાનથી બોધિપ્રાપ્તિનો લાભ જાણીને જ ખેડુતને દીક્ષા અપાવી છે.

(જૈન પ્રવચન વર્ષ ૬, અંક ૨૨)

* * *

તે શું વ્યાજબી છે અને તે પાઠને તેનાં સ્પષ્ટાર્થને અંગે આવું લખે છે તે યોગ્ય છે ?

કારણ કે - "નિશ્ચયથી પડવાવાળો જાણ્યો હતો" આ શબ્દો તેમજ "ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજી" નું નામ એ ગ્રંથરત્નના એ મૂળ પાઠમાં છેજ નહિ. બીજાની ભૂલ કાઢવા જતાં, અને પોતે જાણે સંબંધ મેળવીને સ્પષ્ટ અર્થ કરી રહ્યા છે એમ જણાવવા જતાં, તેઓએ મૂળમાં નહિ એવા શબ્દોથી શા માટે સમાલોચનાના અજ્ઞાન વાંચકોને ભમાવવાનું પાપ વ્હોર્યું હશે ? કારણ કે - તેઓ શું એટલું પણ નહિ સમજતા હોય કે - આવી વાત મને પૂછાતાં હું સ્પષ્ટ જણાવીશકે - 'એવા શબ્દો મૂળપાઠમાં છેજ નહિ, તેમજ બીજા પણ તે વસ્તુના જ્ઞાનીઓ સમજશે કે સંબંધને સ્પષ્ટ અર્થ સમજાવવા જતાં એમાંય સમાલોચનાકારે ઘરના શબ્દો ઉમેરી દીધા છે.'

(જૈન પ્રવચન વર્ષ ૬, અંક ૨૩)

સમાધાન - તે પ્રવચનમાં છપાયેલું કથન જુઠું અસંબદ્ધ, પ્રકરણથી વિરૂદ્ધ અને સમજણ વિનાનુંજ છે. તેનાં કારણો નીચે મુજબ છે.

તે પ્રવચનકારકના અર્થનું જુઠાપણું વગેરે જાણવા માટે તે પાઠને સંપૂર્ણ અર્થ સાથે આપવો જરૂરી છે. તે ગુરુતત્વવિનિશ્ચયનો પાઠ સંપૂર્ણ આ અંકમાં છે.

ગાથાર્થ :- જે માટે ચારિત્રવાળા આઠ ભવ જ હોય છે માટે બીજાધાનને અર્થે (પણ) યોગ્ય અને ગુરુમહારાજની આજ્ઞામાં રહેવાવાળા જીવોને અભ્યાસરૂપ ચારિત્ર આપે છે.

ટીકાનો અર્થ - બીજ આધાનને માટે મોક્ષના બીજ વિશેષની સિદ્ધિ માટે ગુરુની આજ્ઞાને આધીન રહેવાવાળા અને પૃચ્છાદિથી જેની યોગ્યતા જાણવામાં આવી છે (એવા જીવોને) અભ્યાસને માટે અહિં અપિ શબ્દ અધ્યાહારથી લેવાનો હોવાથી અભ્યાસને માટે પણ ચરણ એટલે ચારિત્ર આચાર્ય મહારાજ આપે છે, જે માટે ચારિત્રમાં આઠજ ભવો એટલે ચારિત્રને લેવાવાળા આઠજ ભવો સંસારચક્રમાં હોય છે, જે માટે આવશ્યકમાં કહ્યું છે કે ચારિત્ર (ના આકર્ષો ભવચક્રમાં) આઠજ હોય છે, આજ માટે આઠમા ચારિત્રથી જરૂર મોક્ષ થાય છે તેથી દીક્ષા એ મોક્ષનું વિશિષ્ટ બીજ એટલે કારણ છે ને તેથી ભગવાન મહાવીરે ખેડુતને તે (પ્રતિપાતવાળી હોવાથી માત્ર અભ્યાસરૂપ દીક્ષા) (શ્રી ગૌતમસ્વામી દ્વારાએ) અપાવી. કેમકે જો તે દીક્ષા મોક્ષનું

વિશેષબીજ ન હોત તો (પ્રતિપાતવાળાને) તે દીક્ષાનું દેવું નિરર્થક થાત, કારણ કે સમ્યકત્વ દેવા માત્રથી સામાન્ય બીજની (તો) સિદ્ધિ થઈ જાત.

૧ ગાથા અને ટીકાના અર્થને જાણનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે પ્રવચનના લેખકે "(ખેડુતને અપાવેલી દીક્ષાના પ્રતાપે) સમ્યકત્વમાત્રથીજ બીજ માત્રની સિદ્ધિ થયેલી છે" એમ જે લખ્યું છે તે કેવલ અણસમજવાળું છે, કેમકે જ્યાં સમ્યકત્વને દેવાથી બીજ માત્રથી સિદ્ધિ અને દીક્ષા દેવાથી વિશિષ્ટ બીજની સિદ્ધિ જણાવી સ્પષ્ટપણે વિશિષ્ટ બીજપણું દીક્ષાનું હોવાથી તે દીક્ષાનું સાર્થકપણું જણાવાય છે અને જો દીક્ષા એ વિશિષ્ટ બીજ ન હોય તો દીક્ષા દેવાનું નિરર્થક થાય એમ જણાવાય છે, ત્યાં (ખેડુતને અપાવેલી દીક્ષાના પ્રતાપે) થયેલ સમ્યકત્વ માત્રથીજ બીજ માત્રની સિદ્ધિ થયેલી છે એમ લખી દેવાય એ સમજણવાળો મનુષ્ય તો સ્વપ્ને પણ લખે નહિ.

૨ વળી સમ્યકત્વ વગેરે વાક્ય દીક્ષાને વિશિષ્ટ બીજ ન માનીયે તો તે દીક્ષાના દાનના નિરર્થકપણામાં હેતુ તરીકે કહેવામાં આવ્યું છે ને તેથી <u>सिद्धत्वात्</u> એવો ચોકખો હેતુવાચક પંચમી વિભક્તિવાળો પ્રયોગ છે તે જગો પર 'સિધ્ધ થયેલી છે' એવું લખી સિદ્ધાન્ત વાક્ય લખી દે તે અણસમજ નહિ તો બીજું શું ?

૩ આ પ્રવચનનો અર્થ પ્રકરણથી પણ સર્વથા વિરૂધ્ધ છે, કેમકે સમ્યકત્વને નહિ આપતાં દીક્ષા આપી ઠરાવવું છે ને તેથી અભ્યાસ માટે પણ બીજાધાનને અર્થે દીક્ષા આપવી એમ સાબીત કરવું છે ત્યાં દીક્ષાના પ્રતાપે સમ્યકત્વ વગેરે કહેનારો પ્રકરણથી વિરૂદ્ધ બોલે છે એમ સ્પષ્ટ થાય છે. વળી આઠમા ચારિત્રે મોક્ષ એ વાક્ય પ્રવ્રજ્યા-દીક્ષાના મોક્ષનું વિશિષ્ટ બીજપણાને સિદ્ધ કરવામાં હેતુ છે અને દીક્ષા એ વિશિષ્ટમોક્ષનું બીજ છે એ ભગવાન્ મહાવીરે ખેડુતને (પ્રતિપાતિ નક્કી થવાનો જાણ્યો છતાં) દીક્ષા અપાવી તેમાં હેતુ છે, છતાં જ્હેને પ્રકરણ ન સમજાયું હોય તેજ વચમાંજ ભગવાન્ વગેરે કર્તાના પદો ઘાલી દે.

૪ વળી **अन्यथा** શબ્દથી પ્રકરણ અને સામાન્ય પંક્તિના અર્થને સમજનારો મનુષ્ય પણ સમજી શકે તેમ છે કે **अन्यथा** એટલે દીક્ષા એ મોક્ષનું વિશિષ્ટબીજ ન હોય તો તે ખેડુતને દીક્ષાનું દેવું નકામું થાય, છતાં આ પ્રવચન બોલનારને તેટલું પણ સૂઝ્યું નથી, કેમકે જો તે સૂઝ્યું હોત તો 'ખેડુતને અપાવેલી દીક્ષાના પ્રતાપે' સમ્યકત્વ માત્રથીજ આવું કદિ લખી શકેજ નહિં.

૫ વળી અન્યથાથી શરૂ કરીને સિદ્ધત્વાત્ સુધીનું સર્વ લખાણ અનિષ્ટપ્રસંજન રૂપ પ્રસંગને આપાદન કરનાર છે એટલું પણ જ્હેને પ્રકરણના સીધા વાક્યાર્થથી પણ સમજાય તેવું છે તે જો સમજાયું હોત તો પ્રસંગાપાદનને સિદ્ધિ થએલી છે એમ લખી સિદ્ધાન્ત રૂપમાં લખે નહિ.

૬ વળી અષ્ટમ ચારિત્રે જરૂર મોક્ષ છે વગેરે આખું પ્રકરણ આઠમા ચારિત્રે મોક્ષ થાયજ છે માટે અભ્યાસકર પણ ચારિત્ર આપવું એવા મૂલસિદ્ધાન્તના ટેકામાં ઉપાધ્યાયજીએ મ્હેલ્યું છે એવું જે સંબંધસર સમજે તે કોઈ દિવસ પણ "અપાવેલી દીક્ષાના પ્રતાપે સમ્યક્ત્વ માત્રથીજ" આવું હાસ્યાસ્પદ બોલી કે લખી શકેજ નહિ.

૭ અભ્યાસકર પણ ચારિત્ર દેવું જોઈએ એવા અર્થના પ્રસંગમાં "દીક્ષાના પ્રતાપે સમ્યકત્વ માત્રથીજ" આવું જુઠું અને ઉપાધ્યાજીને માથે પરસ્પર વિરોધનું કલંક ચઢાવનાર લખાણ સત્ય બોલનાર તો સ્વપ્ને પણ કહી શકેજ નહિં.

૮ વળી ઉપાધ્યાયજી મહારાજ જ્યારે સમ્યકત્વ માત્રને તો સામાન્યબીજ ઠરાવી દીક્ષાને વિશેષબીજ

છે એમ ઠરાવે છે અને તેથી સમ્યક્ત્વ માત્રથીજ બીજમાત્રની સિદ્ધિ છતાં વિશિષ્ટબીજ તરીકે દીક્ષા અપાવ્યાની વાતનો સિદ્ધાન્ત કરે છે ત્યારે માત્ર પ્રવચન બોલતાં શીખેલો આ મનુષ્ય કહે છે કે "વળી શ્રી ગુરુતત્વવિનિશ્ચય ગ્રંથરત્નના આ પાઠથી તો એ સિદ્ધ થાય છે કે જ્ઞાનથી બોધિપ્રાપ્તિનો લાભ જાણીનેજ ખેડુતને દીક્ષા અપાવી છે" આવું કહેનારાને સામાન્ય મનુષ્ય પણ ખોટા અર્થ કરનારો કહેશે એટલુંજ નહિ પણ આવા નિરક્ષર ભટ્ટોથી ઉપાધ્યાયજીના ગ્રંથો અભડાય નહિ તોજ સારૂં એમ કહેવાને જરૂર તૈયાર થશે.

૯ પ્રવચન બોલતાં શીખેલાના કથનમાં अत एव ના અર્થની ગંધ નહિં હોવા છતાં તે જે લખે છે કે अत एव શબ્દો છોડી દેવામાં આવ્યાજ ન્હોતા. આ કથન જુઠું બોલવાની ટેવને આભારી ન હોય તો તે પ્રવચન બોલતાં શીખલાએ તેના અર્થ કર્યા હોય તો બતાવવા જરૂરી હતા ને છે.

૧૦ વળી આ પ્રવનચ છપાવનાર જે લખે છે કે 'તે પાઠનો ભાવાર્થ કેટલું જુઠું અને અણસમજવાળું છે તે સમજુને સમજાવવું પડે તેમ નથી, કારણ કે अत एव પછીનો બધો ભાગ અભ્યાસકરચારિત્ર આપવું એ પ્રથમ ભાગને સાધવા માટે છે એ વાતને સમજનારો મનુષ્ય अत एव ને બિનજરૂરી ગણાવેજ નહિ અને તેમ બોલે પણ નહિ. જો એવું ગણવા કે બોલવામાં આવે તો ઉપાધ્યાયજીને નિરર્થક બોલનારા ગણવા પડે, અને એ સ્થિતિ તો આવા પ્રવચન બોલનાર શિવાય બીજાને તો સ્વપ્ને પણ ન હોય.

૧૧ વળી તે પ્રવચનવક્તા લખે છે કે 'નિશ્ચયથી પડવાવાલો જાણ્યો હતો' આ શબ્દો તેમજ 'ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજીનું નામ એ ગ્રન્થરત્નનના એ મૂલ પાઠમાં છેજ નહિં, બીજાની ભૂલ કાઢવા જતાં પોતે જાણે સંબંધી મેળવીને સ્પષ્ટ અર્થ કરી રહ્યા છે એમ જણાવવા જતાં તેઓએ મૂલમાં નહિ એવા શબ્દોથી શા માટે સમાલોચનાના વાંચકોને ભમાવવાનું પાપ વ્હોર્યું હશે ? કારણ કે શું તેઓ એટલું પણ નહિ સમજતા હોય કે આવી વાત મને પૂછાતા હું સ્પષ્ટ જણાવીશ કે એવા શબ્દો મૂલ પાઠમાં છેજ નહિ, તેમજ બીજા પણ તે વસ્તુના જ્ઞાનીઓ સમજશે કે સંબંધ ને સ્પષ્ટ અર્થ દર્શાવવા જતાં એમાંય સમાલોચનાકારે ઘરના શબ્દો ઉમેરી દીધા છે, આ તેના લખાણનો ખુલ્લા રૂપે વિચાર કરીએ તે પહેલાં વાંચકો જાણે છે અને ત્રિષષ્ટીય, મહાવીરચરિત્ર તથા આચાર્યમહારાજ શ્રી ગુણચંદ્રસૂરિકૃત પ્રાકૃત મહાવીરચરિત્રના આપેલા પાઠોથી પણ આટલી વાત તો સ્પષ્ટ છે કે ભગવાન્ મહાવીર મહારાજે હાલિકને દીક્ષાથી પતિત થવાનોજ છે એ જાણ્યું હતું તથા તે હાલિકને ભગવાન્ ગૌતમસ્વામીજીદ્વારાએજ ત્રિલોકનાથ તીર્થંકર મહાવીર મહારાજે દીક્ષા અપાવી હતી. આવી જાહેર અને સ્પષ્ટ વાતો લખવામાં પણ પાપનો પટ્ટો ધરનારને પાપ વહોરવાનું સૂઝયું છે. આ વાતને સમજનાર મનુષ્ય એમ માન્યા શિવાય નહિ રહી શકે કે કોઈક પ્રવચનકાર પાપપેઢીના વારસદાર હશે અને તેથી ઉચ્છૃંખલપણે કોઈને મિથ્યાત્વી, કોઈને સ્વચ્છંદી, કોઈને ઉન્માર્ગગામી યાવત્ કોઈને પાપ વ્હોરનાર તરીકે કહીને ભસી મારવાની છૂટ મળી હશે. વળી તે પાપપટ્ટાધરને ભાવાર્થ લખવામાં 'ખેડુતને અપાવેલી દીક્ષાના પ્રતાપે' એવા જુઠા, અસંબંદ્ધ અને પ્રકરણવિરૂદ્ધ શબ્દો લખવાની તો પાપના પટ્ટાધર હોવાથી છૂટ મળી અને જૈનોમાં ઘણીજ જાહેર રીતે જણાએલ તથા બીજા ગ્રંથોથી જણાય એવી નિશ્ચયથી પડવાની અને ભગવાન્ ગૌતમસ્વામીજીએ દીક્ષા આપ્યાની વાત સ્પષ્ટ ને સંબંધસર અર્થો લખવામાં લખાય તેમાં પાપ વ્હોર્યું કહેવાય. ઉપાધ્યાયજી

મહારાજે હાલિકની દીક્ષાનો ઈસારો કર્યો છે, અને ઈસારાને અંગે બીજા શાસ્ત્રોમાં ચોક્ખા શબ્દોમાં જણાવેલી અને સમગ્ર જૈનસમુદાયમાં બહુધા જાહેર એવી હાલિકના પતિતપણાની તથા ભગવાન્ ગૌતમસ્વામીજીએ દીક્ષા આપ્યાની વાત સ્પષ્ટ અર્થના પ્રસંગે લખાઈ તેમાં આ પ્રવચન બોલનારને પાપ વ્હોર્યાના ઓડકાર આવવાનું કારણ શું હશે તે તો ઓડકારથી આહારગ્રહણનું અનુમાન કરનાર સ્પષ્ટપણે સમજી શકે. વળી જે પ્રવચન બોલનાર લખે છે કે મ્હને કોઈ પૂછે, પણ એવા કમનશીબ કોણ હોય કે જેને જુઠ્ઠા, અસંબદ્ધ અને પ્રકરણવિરૂદ્ધ અર્થ લખવાની અને સાચા સંબંધવાળા અર્થમાં પાપ વ્હોર્યું એમ બોલવાની ટેવ પડી તેવા પાસે જવાનું અને ખુલાસો મેળવવાનું મનમાં પણ આવે. વળી પ્રવચનકારને એટલું પણ ન દેખાયું કે જેની ઉપર સમાલોચના હોય તો તેનો ખુલાસો તેની પાસે મેળવવા કોઈ કાળજાવાળો હોય તો આવે ખરો ? વળી આ પ્રવચન બોલનાર 'સ્પષ્ટ જણાવીશ' એમ કહીને તો જાણે પાપનો પોતે અદ્વિતીયપટ્ટો ધરનાર છે એમ સ્પષ્ટ કરે છે. વળી તે વસ્તુ સમજનારાઓના નામે જે જણાવે છે તે પણ પ્રવચન બોલનારની અજ્ઞાનતાને સૂચવી તેની કૂપમંડૂકતાજ સૂચવે છે, કેમકે કોઈ હાલિકની દીક્ષાની હકીકત સમજનારો મનુષ્ય નિશ્ચયથી પતિત થવાનો જાણ્યો હતો એ વાતને તથા ભગવાન્ ગૌતમસ્વામીજીએજ હાલિકને દીક્ષા આપી છે એ વાતથી અજાણ્યો છેજ નહિ પણ કદાચ પ્રવચનકારની પર્ષદામાં તેવા અજાણ હોય અને તેને માટે તેઓ તેવી સંભાવના કરતા હોય તો તેમાં નવાઈ જેવું નથી.

પ્રવચનકાર જો નિશ્ચયથી પતિત થવાવાળો જાણવા છતાં અને શ્રી ગૌતમસ્વામીજીએ દીક્ષા આપી આ બે હકીકતો તે ગુરુતત્વવિનિશ્ચયના સ્પષ્ટાર્થ તો શું પણ સામાન્ય અર્થમાં જરૂરી ન ગણે તો નીચેની વાતો વિચારવા મગજને મ્હેનત આપવી.

૧ કોઈ પણ વાક્યમાં કર્તા કે કર્મ આદિપદોની ન્યૂનતા હોય તો તે પદો ગોઠવવાંજ જોઈએ. ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજી વગેરે સ્પષ્ટ જણાવે છે કે વાક્યમાં કર્તા કર્મ વગેરે પ્રયુજ્યમાન એટલે સાક્ષાત્ કહેવાતાં અને અપ્રયુજ્યમાન એટલે સાક્ષાત્ નહિ કહેવાતાં એમ બે પ્રકારે હોય છે.

૨ આ **अत एवं** વાળા પાઠમાં **दापिता** એવું દ્વિકર્મક અને પ્રયોજ્યકર્તાવાળું રૂપ છે એમાં તો **अष्टम** નો અર્થ આઠ પૂર્ણ એવો કરનાર જેવા શિવાયના સર્વ સમજી શકે તેમ છે, અને પ્રવચનકાર કે તેમના તત્વ સમજનાર તે વસ્તુ સમજશે તો જરૂર માનશે સ્વતંત્ર કર્તા તરીકે ભગવાન્ મહાવીર પણ પ્રયોજ્ય કર્તા તરીકે શ્રી ગૌતમસ્વામીજીને લેવાજ પડશે. અર્થાત્ કહેવુંજ જોઈશે કે ભગવાન્ ગૌતમસ્વામીજીરૂપ પ્રયોજ્ય કર્તા લીધા શિવાય સ્પષ્ટ અર્થ તો શું પણ વાક્યાર્થજ થઈ શકશે નહિ.

**આ સ્થાને આવતી વખતે શું જોશો ?**

**આવશ્યકનો આદિવાળો પ્રવચનનો અર્થ જુઠો ને કલ્પિત છે.**

૩ ઉપાધ્યાયજી મહારાજે અભ્યાસકર પણ ચારિત્ર દેવાની દૃઢતા માટે હાલિકની દીક્ષાનો દાખલો આપ્યો છે એમ સામાન્ય રીતે સમજી શકનારો મનુષ્ય પણ **सा** એવા પદથી પૂર્વપરામર્શ લઈ અભ્યાસકર એવી પ્રવ્રજ્યા એવોજ અર્થ કરશે અને જો તે અર્થ કર્યો એટલે તો અન્ય દીક્ષાના અધિકારો ન લેતાં હાલિકની દીક્ષા અભ્યાસકર ચારિત્ર તરીકે લીધી માટે સ્પષ્ટ કહીજ દેવું પડશે કે તે હાલિકની દીક્ષા પડવાવાળી હોવાથીજ અભ્યાસકર ચારિત્રમાં આવી અને જો આ સીધી વાક્યાર્થના સંબંધે આવી તો પછી દીક્ષા અપાવનાર ભગવાન સર્વજ્ઞ હોવાથી તેને પતિત થવાનો જાણ્યા છતાંજ અપાવી એ વાત દીવા જેવી છે.

(જુઓ અનુસંધાન પા. ૨૫૯)

(ટાઈટલ પાના ૪ નું અનુસંધાન)

૬ તમારા લખાણથી એ પણ સ્પષ્ટ થાય છે કે તમારા વકતાની સૂચનાથી જ ત્રણ ધર્મપ્રેમીઓ શ્રી લલ્લુભાઇને તેઓની પાસે લઇ ગયા હતા. સમાલોચના આવે છતાં તેની ઉપર જિજ્ઞાસા અને તૃપ્તિ નહિ લખવાની તમારા વકતાના મુખેથી કબુલાત સંભળાવવાજ લઇ ગયા હતા.

૭ તમો એમ તો નથીજ કહી શકતા કે શ્રી લલ્લુભાઈએ આચાર્યદેવશ્રીની ચિઠ્ઠીની માગણી તમારા વકતા પાસે કરી હતી.

૮ ચિઠ્ઠી પાછી જવાથી શાસ્ત્રાર્થ અટકશે એમ માનવું, કહેવુ અને સદ્‌ગૃહસ્થો દ્વારા વિનંતિ કરાવી તે પાછી મોકલાવવી અને સમાલોચના કબુલ કરવી એ પીછેહઠ ન હોય તો સમજુ મનુષ્યો તેને શું કહે ?

૯ તમારા વકતા તમારા પડદામાંથી નીકળી શાસ્ત્રાર્થ કરવાની સહી ન કરે અને મધ્યસ્થોની મંજુરી પણ ન કરે અને મધ્યસ્થો પાસે મને જવાનું કહો એ દુનિયામાં ચાલી શકે ખરૂં ? (તંત્રી)

તા.ક. :- સંપાદકજી ! અત્યારે જેમ તમારા ઉપાધ્યાયજી સ્થાન, મુદત કે મધ્યસ્થોને નીમી શાસ્ત્રાર્થ ન કરતાં તમને આડા ધરી વિરમગામ સુધીની હદવાળી દિશાથી અવળી દિશાએ જવામાં બહાદુરી ગણે છે તેવીજ બહાદુરી અમદાવાદની બાબતમાં ગણી હશે. પ્રથમે તેઓ પ્રવચનવક્તા તરીકે હતા ને તમને અનુવાદક કર્યા હતા. વચમાં તેઓ સંદેશો પાઠવનાર થયા અને તમને સંદેશો પહોંચાડનાર કર્યા અને તેથીજ તમોએ તમારા વકતાની દશા પલટાવવા એક જ છાપામાં સેંકડો વખત પ્રવચનકાર મહાત્મા કહી નાખ્યા અને હવે તમને ઊંટ તરીકે ધરી પોતે ઉલટી દિશાએ પોબારા ગણે છે. જો તેઓ ખરે પ્રસંગે વિનંતિ કે દૂર ગયાનાં બહાનાં કહાડે તો તે એક ચાલબાજીજ ગણાય, કેમકે આહ્વાનનો સ્વીકાર થયો છે ને મધ્યસ્થો પણ પ્રતિપક્ષ કેમ લખવા તેનો પણ નિર્ણય આપી શકે તેમ છે, છતાં અવળી દિશાએ તમારા વકતા જાય છે. અસલ તો ઓળીજી સરખા મહાઅસજઝાયમાં કાલગ્રહણાદિ વિધિ અને પદવિધિ કર્યા તેનો ઉત્તર ન દેવાયો, તેનો ઉકળાટ અનેક ઉત્સૂત્ર ભાષણરૂપે વૃદ્ધિ પામ્યો છે. તેઓએ સહી નથી આપી ને તમને આડા ધર્યા ને સ્થાનઆદિનું તો નામનિશાન પણ જણાવ્યું નથી એ વાત ખુલ્લીજ છે. (તંત્રી)

---

...ગતાંકનો સુધારો....

પા. ૨૩૦ અવગુણીને બદલે અવગુણ, કોલમ બીજી લાઈન, ૯, તથા લાઈન ૧૧
પા. ૨૪૦ બીજી કોલમ લાઈન ૧૨, શ્રેણિકને બદલે કોણિક

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# પ્રવચનના સંપાદકને

૧ તમો જે વખત પ્રવચનપત્રમાં માત્ર રિપોર્ટર તરીકે કામ કરતા હતા, પણ હાલની પેઠે કાર્ય નહોતા કરતા તે વખતે તમારા વકતાએ સ્થાન સ્થાન પર સ્પષ્ટપણે અને ઘણાજ વિસ્તારથી જાહેર કરેલું છે કે વાલીમુનિજીએ રાવણને કરેલા શિક્ષણમાં રાગ કે દ્વેષ સર્વથા હતાજ નહિ અને શ્રી આચાર્યદેવશ્રીનું કથન એ હતું કે રાવણ તીર્થનો દ્રોહી હતો અને તેથી તેના ઉપર તે કારણથીજ થએલા રોષને અંગેજ તે શિક્ષણ હતું. હવે તો તમારા વકતા વાલીમુનિજીએ કરેલ શિક્ષા રાગદ્વેષયુકત હતી પણ વીતરાગતા એટલે સર્વથા રાગદ્વેષ વિનાની દશાવાળી ન હોતી એમ તમારા દ્વારા જાહેર કરતા હોય તો શાસનપ્રેમીઓને આનંદજ છે.

૨ સંપાદકજી ! અંત્યે સત્ય તરી આવે છે એવી લોકોકિત ખરેખર સાચી નીવડી છે અને તેથી તમારા હાથેજ પ્રવચનવકતાની પીછેહઠ સિદ્ધ થઇ ગઈ છે, કેમકે તમારા જણાવવા પ્રમાણે આટલી વાત તો નક્કી થાય છે (વર્ષ ૭ અંક ૩૬-૩૭)

૧ તમે કબુલ કર્યું છે કે શાસ્ત્રાર્થ અટકાવવા માટે ચિઠ્ઠી પાછી મોકલવી એ રસ્તો ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થોને તમારા પ્રવચનવકતાએજ જણાવ્યો.

૨ તમો કબુલ કરો છોજ કે ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થો પહેલાં તમારા વકતા પાસે આવ્યા, તે પછી આચાર્યદેવશ્રી પાસે ગયા, એટલે શાસ્ત્રાર્થ અટકાવવાની ઓફર તમારા વકતા તરફથી તેઓ આચાર્યદેવશ્રી પાસે લઇ ગયા.

૩ તમો કબુલ કરો છે કે પ્રવચનવકતાએ પ્રવચનના નામ વિના પોતાના લેખને અંગે આવતી સમાલોચના સ્વીકારી હતી.

૪ તમો કબુલ કરો છો કે આચાર્યદેવશ્રીએ તમારા વકતાને તે સમાલોચના જોવા મોકલી હતી અને તેમાં દુઃખદાયી માત્ર શબ્દો હોય તે કહાડી નાખવાની આચાર્યદેવશ્રીએ છૂટ આપી હતી અને તેનો લાભ તમારા વકતાએ પૂરેપૂરો લીધો પણ હતો.

૫ તમો કબુલ કરો છો કે સમાલોચના કે જે તમારા વકતાની જિજ્ઞાસા અને તૃપ્તિ ઉપરજ આવતી હતી છતાં એક વખત તે આવે તો પણ તેની ઉપર જિજ્ઞાસા અને તૃપ્તિ નહિ લખવાની તમારા વકતાએ કબુલાત આપી હતી.

(જુઓ ટાઇટલ પાનું ત્રીજું)

ચતુર્થ વર્ષ અંક ૧૨

Registered No. B.3047




તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

ફાગણ વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

૨૩-૩-૧૯૩૬

# સમાલોચના

૧ વર્ત્તમાન સાધુઓમાં અહમિન્દ્રતાનો પ્રવેશ છે એમ માનીએ તોપણ નાયકને મંજુર કરવામાં શાસ્ત્રીય રીતિઓ ને કોરાણે મૂકનારાઓને માનવાની દલાલી તેઓ જ કરે કે જેઓ પોતાના આત્માને સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રથી ચુકવનાર હોય. સમ્યગ્દર્શનાદિને ધારણ કરનારા મહાપુરુષોને નાયકને મંજુર કરવાનું કહેવું તેના કરતાં પણ પહેલાં સાચા નાયકને જ તૈયાર કરવા. ઘર તૈયાર થયા પહેલાં વસવાટની વાત કરનાર જેવી દશા કોને શોભે?

(સમયધર્મ)

૧ યુવકો તરફથી વારંવાર જે કહેવાય છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને અંગે પરાવર્તન થયું છે અને થાય છે, પણ તેઓએ ધ્યાન રાખવું જરૂરી છે કે આશ્રવને આશ્રવપણે અને સંવરને સંવરપણે અનુક્રમે છાંડવા અને આદરવા લાયકપણામાં દ્રવ્યાદિકને આડે લવાયજ નહિ અને તેથીજ ભગવાન્ શ્રી હેમચંદ્ર સૂરિજી જણાવે છે કે :-

आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा।

आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ॥१॥

અર્થાત્ - દ્રવ્યક્ષેત્રાદિને નામે આશ્રવના ધોધ વહેવડાવવા અને સંવરના પવિત્ર સ્રોતોને તોડી પાડવા એ સામાન્ય જૈનને શોભે નહિ.

(જૈન જ્યોતિ)

૧ જૈનધર્મપ્રકાશવાળાઓ જો ટાઈટલ ઉપર દીવીને જૈનધર્મ તરીકે જણાવી વચ્ચેની મોટી અને મંડળવાળી જ્યોતને જ્ઞાનનો જમાનો જણાવી તેની અધિકતા જણાવવા માગતા હોય તો જૈનધર્મથી ચ્યુત થાય છે.

જૈનદર્શનમાં જ્ઞાન જરૂરી છે, પણ તે ચારિત્રના સાધન તરીકે હોવાથીજ, આ કારણથી તો નિશ્ચયવાળાઓ સંયમનેજ નિર્વાણનો રસ્તો માને છે.

(જૈન ધર્મપ્રકાશ)




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૨ | મુંબઈ તા. ૨૩-૩-૧૯૩૬<br>ફાગણ વદિ અમાવસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |


## ઉદ્દેશ


વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

अर्हन्तः कर्णिकायाममलिनरमयाढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચકમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### ભગવાનના રાજાપણાની અનોખી રીતિ

આપણે આગળ જોઇ ગયા કે ભગવાન્ ઋષભદેવજી સત્તા જમાવવાના કોડ પૂરા કરવા જેમ બીજા રાજાઓ રાજગાદી ગ્રહણ કરે છે અને પોતાને રાજા તરીકે થાપવાની પ્રજાજનો પર ફરજ પાડે છે તેવી રીતે ભગવાન્ ઋષભદેવજીના વિષયમાં બન્યું નથી.

### રાજાની પ્રજા કે પ્રજાનો રાજા

વર્તમાન યુગમાં ગિધડાઓની માફક ફોલી ખાવામાં કુશળતા ધરાવનારા રાજ્યો તરફથી એવી કબુલાત તો જાહેર કરવામાં આવે છે કે જે પ્રજા જે રાજાને રાજા તરીકે કબુલ કરવાને તૈયાર ન હોય તે પ્રજા ઉપર તે રાજાએ રાજ્ય કરવું તે એક ઈશ્વરી અપરાધ હોવા સાથે સદાની અશાંતિનો સમુદ્ર મથવા જેવુંજ ગણાય, પણ આવી ડાહી વાતો કરનારા પણ માત્ર આ ડાહી વાતોનો ઉપયોગ બીજા રાજા અને બીજી પ્રજાને માટે ઉશ્કેરણીમાં કારણ ઉભું કરવા માટેજ કરે છે. પોતાને ન્યાયી સુધરેલ ગણાવનાર કોઈપણ રાજ્યની સરકારે પોતાના તાબાના લોકોએ રાજા તરીકે મંજુર કરવા ના પાડી હોય તો તેના ઉપરથી પોતાની સત્તાની ધુંસરી ખસેડી દેવા તૈયાર થએલી નથી, એટલુંજ નહિ પણ તેવી જ વખતે તેવા જનસમુદાયને બળવાખોર અને બેવફા તરીકે જાહેર કરી માર્શલલોના અમલો કરવા સુધી પણ પાછીપાની કરવાની કોઇપણ સરકારે પ્રવૃત્તિ કરી નથી, અર્થાત્ કહેવું જોઈએ કે પ્રજાજનને ગમે તેવા જ રાજાએ તે પ્રજા ઉપર રાજ્ય કરવું જોઈએ એ કથન માત્ર ઓપવાળું જ જોડવામાં આવેલું છે.

### પ્રજાને લાગેલી દુષ્ટ દમનની જરૂર

પણ અહીં ભગવાન્ ઋષભદેવજી મહારાજના પ્રસંગને અંગે તો એ હકીકત કરતાં પણ ઘણુંજ આગળ વધવામાં આવેલું છે અને ઉપર જોઇ ગયા તેમ યુગલિયારૂપી પ્રજાજને પોતામાં જે કોઇ દુષ્ટની સ્થિતિમાં આવેલા હોય તેના શિક્ષણને યાને દંડને પાત્ર બનાવવા માટે રાજાને માંગવાની જરૂર પડી.

### શિષ્ટપાલન એ રાજાનું કૃત્ય ન હોય.

જો કે સામાન્ય રીતે લોકોક્તિને અનુસારે રાજાના દુષ્ટનું શિક્ષણ અને શિષ્ટનું પાલન એ બે કાર્ય ગણવામાં આવે છે, પણ વાસ્તવિક રીતિએ વિચાર કરતાં જણાશે કે શિષ્ટોને પાલન કરવાની ફરજ એ માત્ર ખોટી શોભા લેવારૂપજ છે, કેમકે શિષ્ટો પોતાના ઉત્તમ સ્વભાવથી પોતાનું પાલન કરનારા હોય છે, પણ શિષ્ટોને પોતાના સ્વભાવમાં વર્તતાં છતાં દુષ્ટો તરફથી જે ઉપદ્રવ થાય તેજ ઉપદ્રવ માત્ર શિષ્ટોની પ્રવૃત્તિને બાધાકારક થઇ શિષ્ટોના પાલનને મુશ્કેલ બનાવી દે છે, અર્થાત્ કહેવું જોઈએ કે શિષ્ટોનું પાલન એ રાજ્યધર્મ છે એમ કહેવું તે માત્ર રાજાને ફોગટની શોભા દેવા જેવું છે, પણ વાસ્તવિક રીતે રાજાનું કાર્ય દુષ્ટોને દમન કરવા પુરતુંજ હોય છે.

**અધિક નાશના રક્ષણ માટે રાજાની જરૂર.**

તેથીજ ભગવાન્ હરિભદ્રસૂરિજી અષ્ટકજી નામના પ્રકરણમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે **मिथो वे कालदोषेन नायकाभावतोजनाः । विनश्यंत्यधिकं तस्मात्, तत्प्रदानं गुणावहम् १॥** અર્થાત્ અવસર્પિણીકાલના પ્રભાવને લીધે મનુષ્યોના અંતઃકરણમાં દુષ્ટવાસનાઓનો પ્રાદુર્ભાવ અધિકાધિક થતો ગયો અને તેથી તે તે દુષ્ટ વાસનાઓની અધિકતવાળા મનુષ્યો પોતાના ઉપર રાજ્ય એવી સત્તા ન હોય તો પોતે દુર્નીતિના ઝપાટાથી નાશ પામે અને અન્ય સજ્જનોને દુર્નીતિના ભોગ બનાવી તેઓને પણ નાશ કરે.

**રાજ્યપ્રદાન અને રાજ્યારોહની ભિન્નતા**

આ હકીકત ભગવાન ઋષભદેવજીના રાજ્યારોહને અંગે સીધી કહેવામાં આવેલી નથી, પણ ભગવાન્ ઋષભદેવજીએ સંસારનું વૈરાગ્યપણું દેખી જે વખત પરમ પવિત્ર વૈરાગ્યપ્રવાહના મોજાંઓ ઝીલવા માંડયાં તેવી વખતે ભરતાદિક સો પુત્રોને શા માટે રાજ્યાભિષેક કરી રાજા બનાવી રાજ્ય આપ્યું ? આવી શંકા કરનારે **ध्रुवं राज्यं नरकान्तम्** એટલુંજ માત્ર શીખી રાખેલું હતું, અને તેના પ્રભાવે રાજ્ય એ મહાન્ દુર્ગતિનું કારણ છે અને તેવી દુર્ગતિના કારણરૂપ રાજ્ય વૈરાગ્યથી વાસિત થએલો મહાપુરૂષ જ્યારે પોતે છોડી દે છે, ત્યારે તે મહાદુર્ગતિના કારણરૂપ રાજ્ય પર બીજાને આરૂઢ કરવો તે વૈરાગ્યવાસિત કોઈ પણ મહારાજાને લાયક ન હોય તો પછી વિશ્વવત્સલ એવા વિશ્વપ્રભુને તો લાયક હોયજ કેમ ? આવી રીતના શંકાના સમાધાનને અંગે નીતિકારનું જે બીજું પદ **न धार्मिकः** એવું હતું તેને અનુસરીને જણાવાયું કે જો કે રાજ્યગાદી ઉપર આરૂઢ થવું કે આરૂઢ કરવા તે પાપરૂપ છે, છતાં તે રાજ્યગાદી શૂન્ય મેલવાથી રાજ્યનો નાયક કોઈ ન રહેતાં લોકો અધિકાધિક વિલાસને પંથે ઉતરી જાય, માટે તે અધિકાધિક વિનાશનો રસ્તો રોકવારૂપ પરોપકારની સિદ્ધિને માટેજ વૈરાગ્યવાસિત મહાત્માઓ પણ પુત્રાદિકને રાજ્યાસન ઉપર બેસાડી અભિષેક કરી રાજ્ય અર્પણ કરે છે તે બરોબર ગુણનેજ દેનારૂં ગણાય છે.

**છોકરાને નાગના ભયથી બચાવવાની ઘટના**

અર્થાત્ જે કાર્યમાં અધિક ફાયદો હોય અને અલ્પ માત્ર દોષ હોય તો તે કાર્ય તેના અધિકારીને કરવાની ફરજ પડે છે. જેમ ખાઈની અંદર રમતા છોકરા તરફ કાળો નાગ ડંસવાને આવતો હોય તો કાંઠે ઉભેલી તે છોકરાની માતા તે છોકરાને બાવડું પકડીને એકદમ ઉંચે ખેંચી લે છે. તે છોકરાને ખેંચતી વખત તેનો હાથ ઉતરી જશે કે તેનું શરીર છોલાશે એ વિગેરે દુઃખ ચોક્કસ છતાં પણ સર્વથા જીવિતનો નાશ કરનાર એવા નાગથી રક્ષણ કરવાનું કાર્ય કરવાનું હોવાથી માતા તે છોકરાને એકદમ ખેંચી લે તેમાં કોઈ પણ પ્રકારે તે અયોગ્ય કરે છે એમ કહેવાય નહિ, કેમકે અધિક દોષની રક્ષાને માટે ન્યૂનદોષની આપત્તિ પણ અધિકારીઓને વહોરવી પડે છે, તેવી રીતે અહીં પણ ભગવાન્ ઋષભદેવજીને અનીતિના પ્રચારથી યુગલિયાનો થતો નાશ દેખીને તેમની વિનંતિથી અને નાભિમહારાજાની આજ્ઞાથી રાજ્યાસન ઉપર બેસી રાજા થવાની જરૂર પડી. આ વાત તો ધ્યાન બહાર ના જવી જોઈએ કે રાજ્યનીતિ પ્રવર્ત્યા પછી તો કોઈને કોઈ રાજ્યાસન ઉપર બેસે અને પરમાર્થને દાવે નહિ તો સ્વાર્થને અંગે પણ દુષ્ટોનું દમન કરવા તૈયાર થાય પણ અહિં તો ભગવાન્ શ્રી ઋષભદેવજી જો રાજા ન થાય તો દુષ્ટોનું દમનજ અશક્ય છે માટે તેઓશ્રીનેજ રાજા થવું જરૂરીજ હતું.

### કુલકરોની રીતિથી જુદી રીતિ કેમ ?

સામાન્ય રીતે જ્યાં સુધી દુષ્ટતાનો અધિક પ્રચાર નહોતો થયો ત્યાં સુધી તો કુલકરોની હાકાર, માકાર અને ધિક્કારની નીતિથી દુષ્ટોનું દમન રીતસર કેઇ કાળ સુધી ચાલ્યા કર્યું, પણ તે હાકારઆદિના દમનથી દુષ્ટોનું દમન ન થવા લાગ્યું ત્યારેજ યુગલિયાઓને રાજા નીમવાની અને ભગવાન્ ઋષભદેવજીને રાજા થવાની જરૂર પડી, એટલે કે કુલકરની નીતિઓનો પ્રભાવ પણ દુષ્ટોના દમનને અંગેજ હતો અને ભગવાન્ ઋષભદેવજીનું રાજ્યારૂઢ થવું તે પણ માત્ર દુષ્ટોના દમનને અંગે જ થયું છે. હવે તે દુષ્ટોના દમનનેજ રાજાનું મુખ્ય કાર્ય માની ભગવાન્ ઋષભદેવજીના રાજ્યારોહણનો વિચાર કરીએ.

### અભિષેકની વાત કોણે પ્રગટ કરી ને તેનો હેતુ -

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ ઋષભદેવજીએ દુષ્ટોના દમન માટે જ્યારે રાજ્યારૂઢ થવાનો સ્વીકાર કર્યો, ત્યારે તેજ ભગવાને રાજ્યારૂઢ થવાની રીતિ પણ યુગલિયાઓ આગળ પ્રદર્શિત કરી. ભગવાન્ ઋષભદેવજીના રાજ્યારોહને માટે બીજું કાંઇ શ્રીમુખથી ન કહી શકાય તે સ્વાભાવિક છે, અને તેથી તેમને માત્ર રાજ્યારૂઢ થવાના ચિહ્ન તરીકે અભિષેક કરવાની સૂચના કરી. અર્થાત્ જેને રાજા તરીકે થાપવો હોય તેનો સર્વ પ્રજાજને મળીને અભિષેક કરવો જોઇએ.

### અભિષેકની સામગ્રીનો અભાવ :

ધ્યાન રાખવાની જરૂર છે કે આ વખતે ધાતુનાં ભાજનો કે કલશ વિગેરેનો કોઇપણ વ્યવહાર પ્રવર્તેલો હતો નહિ, એટલે એક તરફ યુગલિયાઓએ પોતાને માથે રાજા થવાની કરેલી માગણીના ઉત્તરમાં રાજાપણાનો અભિષેક કરવો જોઇએ એવો મળેલો ઉત્તર પણ ઘણોજ મુંઝાવનારો થઈ ગયો. કેમકે નથી તો કળશ વિગેરે રાજ્યાભિષેકની સામગ્રી અને નથી તો કોઇ દિવસ પણ રાજ્યાભિષેકનું દર્શન ૫૦૦ ધનુષ જેવી મોટી કાયાના શરીરને અભિષેક કરવો અને કળશ વિગેરે જોઇતી સામગ્રીઓનો સ્વપ્ને પણ ખ્યાલ નથી.

### અભિષેકને માટે જળ કેમ લાવવું ?

મુંઝવણમાં આવી પડેલો મનુષ્ય પણ પોતાના કર્ત્તવ્યને ફરજ સમજી પોતાની શક્તિ પ્રમાણે કર્ત્તવ્ય કરવા તૈયાર થાય તે સ્વાભાવિકજ છે, તેથી તે યુગલિયાઓ પણ પોતાની માગણીના ઉત્તર તરીકે અભિષેક કરવાની ક્રિયાને ફરજ સમજી જળાશય તરફ દોડયા. સર્વ યુગલિયાઓ જલાશય ઉપર ગયા. જલાશય ભરપટ્ટે ભરેલું છે, પણ તે જલાશયમાંથી અભિષેકને સ્થાને જલ લાવવું શી રીતે એ પ્રશ્ન તેઓને ઘણીજ મુંઝવણ કરનારો થયો. જલાશય આગળ કે જલાશયમાં બીજું કાંઇપણ તેવું પાણીને લેવાનું સાધન નથી, છતાં તે યુગલિયાઓ હિંમત હાર્યા નહિ અને તેજ જલાશયમાં ઉગેલી કમલિનીઓનાં પાંદડાંથી પાણી લઇ ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક કરવા તૈયાર થયા.

### જલ લાવનાર યુગલીયાઓની પ્રચંડ સંખ્યા-

તે યુગલિયાઓનો સમુદાય એટલો બધો જબરદસ્ત કે જેના સંખ્યાબળે કમલિનીના પાંદડે પણ આવેલું પાણી ભગવાન્ ઋષભદેવજીની ૫૦૦ ધનુષની કાયાનો પણ અભિષેક કરી શકે. પ્રચંડ સંખ્યાબળને ધારણ કરનાર યુગલિયાનો તે સમુદાય જલાશયથી નલિનીના પાંદડાંથી પાણી લઇને આવે છે.

### ભગવાનના રાજ્યાભિષેક માટે ઇન્દ્રના આસનનું કંપવું.

તેજ વખતે પિપળના પાનની માફક, કપટીના ધ્યાનની માફક, દુર્જનના સ્નેહની માફક, નારીએ સાંભળેલા ગુહ્યની માફક એકાએક ઇંદ્રનું આસન ચલાયમાન થયું.

**અવધિજ્ઞાનમાં લબ્ધિ અને ઉપયોગનો ભેદ-**

જોકે ઇંદ્ર મહારાજના અવધિજ્ઞાનનો વિષય તિર્યગ્ લોકમાં .અસંખ્યાતા દ્વીપ સમુદ્રનો છે, તોપણ તે અવધિજ્ઞાન ક્રમિક ઉપયોગના સ્વભાવવાળું હોઇને, તેમજ પોતાના ઉપયોગથીજ પોતાના જ્ઞેય પદાર્થોને જણાવવાવાળું હોવાથી અર્થાત્ કેવળજ્ઞાનની પેઠે લબ્ધિ અને ઉપયોગની સમાનતાનો અભાવ હોવાથી કેટલીક વખત માત્ર લબ્ધિરૂપે તે અવધિજ્ઞાન વર્તે, પણ ઉપયોગરૂપે ન હોય ત્યારે તે જ્ઞાનથી જાણવા લાયક પદાર્થોનો બોધ થઇ શકે નહિ, માટે તે અવધિજ્ઞાનાદિક છાદ્મસ્થિક જ્ઞાનોમાં લબ્ધિ અને ઉપયોગ એમ બે પ્રકાર માનવા પડે છે અને અવધિજ્ઞાનાદિનો લબ્ધિકાળ કાંઇક અધિક ૬૬ સાગરોપમ માન્યા છતાં પણ ઉપયોગકાળ માત્ર અંતર્મુહૂર્તનો જ મનાય છે અને તેથી ઇંદ્ર મહારાજાને અવધિજ્ઞાનની લબ્ધિ છતાં પણ તે અવધિજ્ઞાનનો ઉપયોગ જંબૂદ્વીપમાં મેલવાનું કાર્ય આસનનાં ચલાયમાનપણાને લીધે થયું.

**ભગવાનનો રાજ્યાભિષેક ઇંદ્ર કેમ કરે છે?**

અવધિજ્ઞાનના ઉપયોગથી ઇંદ્ર મહારાજાને ભગવાન્ ઋષભદેવજીની રાજ્યાભિષેક ક્રિયાની જાણ થઇ અને તેથી તે ઇંદ્ર મહારાજને વિચાર આવ્યો કે અતીત, અનાગત કે વર્તમાન એ ત્રણે કાળના ઇંદ્રોનું કર્ત્તવ્ય છે કે પ્રથમ જિનેશ્વરના રાજ્યારોહણને અંગે સકલ સામગ્રી સાથે રાજ્યાભિષેકની ક્રિયા કરે, અને તેથી મને પણ એ લાયક છે કે હું ભગવાન્ ઋષભદેવજીના રાજ્યાભિષેકની ક્રિયા કરૂં.

**સેયં શબ્દ દેખીને કલ્યાણક માનનારને સમજ**

કેટલાકો શાસ્ત્રના તત્ત્વને નહિ જાણનારા તેમજ ગચ્છ કદાગ્રહના કારાવાસમાં કેદી બનેલા લોકો માત્ર જુદદ્ધ એટલું પદ દેખીને કલ્યાણકની કલ્પના કરવા તરફ દોરાય છે, તેઓએ આ રાજ્યાભિષેક વખતે ઇંદ્ર મહારાજે ઉચ્ચારણ કરેલા **સેયં** શબ્દનું તથા અભયકુમાર અને તેના પૂર્વસંગતિક દેવતા વિગેરેએ ઉચ્ચારણ કરેલા **સેયં** શબ્દ ઉપર દૃષ્ટિ કરવી કે જેથી માત્ર **સેયં** શબ્દ દેખીને કોઇ પણ સ્વગચ્છીય કે પરગચ્છીય આચાર્યોએ નહિ કરેલા એવા કલ્યાણક અર્થ કરવા તરફ ખોટી રીતે દોરાવાનું થાય નહિ.)

**રાજ્યાભિષેકની ઐંદ્રી ક્રિયા**

એવી રીતે વિચાર કરીને ઇંદ્ર મહારાજા રાજ્યાભિષેકની સકળ સામગ્રી સાથે ભગવાન્ ઋષભદેવજીની પાસે હાજર થયા અને ભગવાન્ ઋષભદેવજીનો સુવર્ણકળશાદિકથી અભિષેક કરી, તેમને મુકુટ, કુંડલાદિ અલંકારો અને છત્ર, ચામરઆદિ રાજચિહ્નોથી અલંકૃત કર્યા.

**(ભગવાનના રાજાપણામાં દૈવિકતા**

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક થવામાં પૂરેપૂરી રીતે દૈવિક ક્રિયાનો પણ સંબંધ છે. અર્થાત્ ભગવાન્ તીર્થંકરોમાં આદ્ય તીર્થંકર રાજ્યાભિષેક એ કેવળ દૈવિક પ્રભાવ છે.)

**યુગળીયાઓનું આવવું અને વિનય સ્વભાવનો પ્રભાવ**

જલાશય ઉપર ગયેલો યુગલિયાનો સમુદાય નલિનીના પાંદડે પણ અભિષેકને લાયકનું જલ લઇ,

ભગવાન્ ઋષભદેવજી પાસે હાજર થયો, પણ ભગવાન્ ઋષભદેવજીને વસ્ત્રાભરણથી શણગારાએલા અને છત્રઆદિ રાજ્યચિહ્નોથી મંડિત થએલા જોઈ આશ્ચર્યમાં ડૂબી ગયા અને પોતે અભિષેકને માટે જે જલ લાવેલા છે તે જલનું શું કરવું તેના વિચારમાં પડયા. છતાં સો શાણે એક મત કહેવાય છે તેની માફક તે મોટા સંખ્યાબળને ધારણ કરવાવાળા યુગલિયાઓ સર્વે એકમત થયા હોયની તેમ ભગવાનના ચરણકમળ ઉપર તે સર્વ પાણી ઢાળ્યું અને તેને અભિષેક તરીકે ગણી પોતાને કૃતાર્થ માનવા લાગ્યા.

**શિષ્ટોનું પોષણ એ રાજ્યધર્મ થયો.**

આવી યુગલિયાઓની સ્વાભાવિક વિનયવાળી વૃત્તિ, અને તે પણ ભગવાન્ ઋષભદેવજીને અંગે થયેલી જોઈ, ઇંદ્રમહારાજા અત્યંત પ્રસન્ન થયા અને તેથી **શિષ્ટાનાં પાલનં ચૈવ** એ રાજનીતિના કહેવાતા બીજા નિયમને જાણે **શિષ્ટાનાં પોષણં ચૈવ** એમ ગણીને તે સફળ કરતાજ હોય નહિ તેમ તે યુગલિયાઓની સર્વ પ્રકારે અનુકૂળતા કરી દેવી તેવી રીતે ઈંદ્ર મહારાજે વિચાર કર્યો અને તેજ વિચારને અંગે વિનીતા નગરીના નિવેશનો સંબંધ પ્રાપ્ત થયો.

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૯૦)


## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પ્રકાશનો

૧. આગમોદ્ધારક ૧-૮-૦

૨. સિદ્ધચક્રમાહાત્મ્ય ૧-૦-૦

૩. આચારાંગસૂત્રવૃત્તિ પ્રથમ ભાગ ૫-૦-૦

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

C/o. ૨૫-૨૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩

## તાજેતરમાં બ્હાર પડનારા ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ)

ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા

પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત)

તત્વાર્થસૂત્ર (સભાષ્ય)(હરિભદ્રીયાટીકા)

પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત)

પ્રાપ્તિસ્થાન

જૈનાનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સુરત.

પ્રશ્નકારઃ ચતુર્વિધ-સંઘ.

સમાધાનકારઃ
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

## શ્રી આવશ્યકજીની શ્રી હરિભદ્રસૂરિજીની ટીકાના પાઠનો પ્રવચનકારે કરેલો ખોટો અને કલ્પિત અર્થ

પ્રવચનકારે અખિલ ભારતવર્ષીય મુનિસંમેલનમાં દીક્ષા લેવા આવેલ દીક્ષાર્થિને પરીક્ષા માટે છ માસ રોકવો જોઇએ એવી સિદ્ધિ કરવા શ્રી પંચવસ્તુની ટીકા વગેરેના પાઠો આપ્યા અને સામા પક્ષ તરફથી તે પંચવસ્તુનીજ ટીકાના **सावद्य परिहारिदिना स्वचर्याप्रदर्शनादिना प्रवचनोक्त-विधिना** અને **परिणामके** વગેરે શબ્દોના ખુલાસા પૂછવા સાથે શ્રી નિશીથચૂર્ણિના આચાર પાળવાનો અંગીકાર તે પરીક્ષા કહેવાય વગેરે તથા યતિજીતકલ્પની વૃત્તિ વગેરે દેખાડવાથી અખિલ ભારતવર્ષીય મુનિસંમેલને પરીક્ષાનો વખત કોઇપણ પ્રકારનો નિયમિત ન કરતાં સામાન્ય રીતે પરીક્ષા કરવાનું ઠરાવ્યું છે છતાં પ્રવચનકારનો જુનો છ માસની મુખ્યતાવાળો દીક્ષાર્થિને રોકવાનો આગ્રહ ગયો નહિ હોવાથી તેઓએ શાસ્ત્રના સામાન્ય પરીક્ષાના પાઠોને પણ પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કરતાં નવો અંક પ્રગટાવ્યો છે. જો કે પ્રવચનકાર કે અત્યારનો કોઇપણ સાધુ પરીક્ષા માટે દીક્ષાર્થિને છ માસ સુધી રોકતો નથી અને સ્હામા પક્ષને કોઇપણ સમુદાયના શાસ્ત્રીય વિધિથી પરીક્ષા માટે નિયમ શિવાય છ માસની વાત હોય તો તે માનવામાં અડચણ નથી, પણ એક વાત તો પ્રવચનકારને પણ કબુલજ કરવી પડશે કે કોઇપણ શાસ્ત્રના ખોટા અને કલ્પિત અર્થ કરીને બોલનાર કે લખનાર પોતાના મહાવ્રત ખોવા સાથે જો આગ્રહમાં આવે તો ત્રૈરાશિકની પેઠે સમ્યક્ત્વને પણ વમનારોજ થાય, માટે સમ્યક્ત્વની સુંદરતાને પીછાનવાળો મનુષ્ય તે ખોટા અને કલ્પિત અર્થો કરવા તરફ જાય નહિ. વસ્તુસ્થિતિને સમજવા પૂરતી હકીકત જણાવી મૂલ વિષય ઉપર આવીયે.

૧ ગૃહસ્થને ચારિત્રરૂપ સામાયિક અથવા સાધુને સર્વવિરતિ સામાયિક આદિ આપવામાં સાક્ષી તરીકે અને સાક્ષાત્ જણાવાયેલ આલોચના કે

અવલોકનાદ્વારને ૭/૨૯૯ થી ધર્મનો બોધ કરવામાં લાગુ પડનારે ધર્મબોધ કરવા માટે ખુદ આચારાંગાદિ સૂત્રોથી સિદ્ધ એવી ઉત્થિત અનુત્થિત વગેરેને બોધ આપવાની વાત ઉથલાવી છે એ ચોકખું છે. ધર્મબોધ માટે શ્રોતાની પ્રકૃતિદેવતા અને અભિમુક્તિ આદિ જાણવાનાં હોય છે - પણ તેમાં આલોચનાદિ હોયજ નહિ.

૨ આલોચનાદ્વારથી બાલાદિ દોષથી રહિતપણું જે જોવાનું છે તે ધર્મબોધના અધિકારમાં લેનાર વૃદ્ધ નપુંસક વગેરેને ધર્મનો બોધ ન આપવો જોઈએ એમ માની શું બાલાદિને સર્વથા ધર્મનો બોધ ન દેવો એમ માનશે ?

૩ વળી ગૃહસ્થને ચારિત્ર સામાયિક દેવાની બાબતમાં નિર્યુક્તિકાર મહારાજે તથા ભાષ્યકાર મહારાજે જણાવેલ आलोचना કે आलोकना નો કર્ત્તા સામાયિક ચારિત્રને લેનારો હોય છે એટલું પણ જહેના સમજવામાં આવે નહિ તે મનુષ્ય અર્થ કરતાં ખોટો અને કલ્પિત અર્થ કરનારો કરે તેમાં આશ્ચર્ય શું ? અને જો એમ ન હોય તો प्रयुक्तालोचनस्य એ પદનો જેણે આલોચના કરી છે એવો સાચો અર્થ ન લખતાં જેની આલોચના કરી છે તેની પણ એવો અર્થ કરેજ નહિ.

૪ આલોચનાદ્વાર ગુરુને કરવા તરીકે લાગુ પાડનારે આલોચનાની બન્ને ટીકાકારે કરેલા અર્થો પણ ધ્યાનમાં લીધા નથી કેમકે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી તથા શ્રી મલયગિરિજી મહારાજ પોતપોતાની આવશ્યકની ટીકાઓમાં સ્પષ્ટપણે જણાવે છે કે इह आभिमुख्येन गुरोरात्मदोषप्रकाशनमालोचनानयः અર્થાત્ દીક્ષા લેવા આવેલો મનુષ્ય જે પોતાના દોષો ગુરુ મહારાજ સન્મુખ પ્રકટ કરે તેનું નામ આલોચનાનય કહેવાય. આ વાત જો ધ્યાનમાં રહી હોય તો ૭/૨૭૦ માં "તેની પણ" એવું લખી અનર્થક અને અનર્થ કરનાર પણ શબ્દનો પત્થર કલ્પિતપણે ગોઠવવો પડત નહિ. ટીકાકારોએ બન્ને ટીકાઓમાં प्रयुक्तालोचनस्य એટલે જે ગૃહસ્થે પોતાના દોષ પ્રકટ કર્યા છે એમ સ્પષ્ટપણે જણાવીને આલોચનાના કર્તા તરીકે દીક્ષાર્થિને જ રાખેલો છે. છતાં જેઓને શાસ્ત્રોના મૂલ અર્થ માનવા નથી અને કલ્પિત જ અર્થો શાસ્ત્રમાં ગોઠવવા છે તેઓને પોતાની કલ્પિતપણાની ટેવથી અપિ શબ્દ કલ્પીને પણ એવો અર્થ ઘુસેડી દેવો પડયો.

૫ વળી જે મલધારી શ્રી હેમચંદ્રસૂરિજીની ટીકાની સાક્ષિ આપી છે તેમાં અને શ્રી કોટ્યાચાર્યની પણ વિશેષાવશ્યકની ટીકામાં આલોચનાના કરનાર તરીકે દીક્ષાર્થિને જ જણાવેલો છે. જુઓ ભાષ્યગાથા ૩૩૯૬ ની ટીકા. इहाभिमुख्येन गुरोरात्मप्रकाशनमालोचना તથા आभिमुख्येन "लोचृ" दर्शने गुरोरात्मभावदर्शनमालोचना આ ઉપરથી સ્હેજે સમજાશે કે આલોચનામાં જણાવેલી આલોચના એ ગુરુનું કૃત્ય નહિ પણ દીક્ષાર્થિનું કૃત્ય છે, એમ નિશ્ચય થવાથી 'જેની આલોચના કરી છે તેની પણ' આવું કરેલું પ્રવચનનું લખાણ કલ્પિતજ છે એમ નક્કી કરો.

૬ દીક્ષાર્થિને માટે આલોચના કરવાની ફરજ ગૃહસ્થની રહેવાથી સામાયિકના અર્થિ સાધુને તથા સૂત્ર અને અર્થને લેવા સાધુને પણ આલોચનાનો પ્રયોગ કરવાની ફરજ થશે, કેમકે આ આલોચનાનય સાધુને તથા સૂત્ર અને અર્થની ઈચ્છાવાળાને લાગુ પડશે.

૭ વળી પ્રવચનકારને પણ શબ્દ પોતાના તરફથી ગોઠવી દેવાની ટેવ પડેલી છે તેથી જ્યાં આખા પ્રકરણનો વ્યતિરેકદ્વારા તાત્પર્યાર્થ હોય તેને પણ ચાલુ પ્રકરણના અન્વયમાં મેળવવા પણ શબ્દ ૭/૨૭૦ માં ગોઠવી દેવો પડયો છે. न शषाणां० એ વાકયમાં અપિ કે તુ એકકે અવ્યય નથી છતાં પોતાની ટેવ હોય તે આવે. તે પ્રવચનકારને એટલું પણ ન સમજાયું કે प्रव्रज्यायाः થી માંડીને

(અનુસંધાન માટે જુઓ પેજ-૨૮૧)

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(અનુસંધાન પા-૧૫૩ થી ચાલુ)

**પચાસ દિવસની સંવચ્છરીના આગ્રહવાળાની સ્થિતિ**

કદાચ આગ્રહની ખાતર એમ કહેવામાં આવે કે પોષ કે આષાઢ કોઈપણ વધ્યો હોય અને તે વર્ષ અભિવર્ધિત ગણાયું હોય, તો તે વર્ષમાં આષાઢ ચોમાસીથી વીસ દિવસ એટલે શ્રાવણ સુદિ પાંચમે સંવચ્છરી કરીજ લેવી, તો તેઓએ તેની પછીના વર્ષે શ્રાવણ સૂદિ પાંચમે સંવચ્છરી કરવાનું માનવું કે ભાદરવા સૂદિ પાંચમે સંવચ્છરી કરવાનું માનવું? જો શ્રાવણ સૂદિ પાંચમે પર્યુષણા કરવાનું માનવામાં આવે તો બીજું વર્ષ અભિવર્ધિત ન હોવાને લીધે પચાસ દિવસે પર્યુષણા કરવાનું છતાં વીસ દિવસેજ પર્યુષણા કરવાનું થાય એટલે અભિવર્ધિતને અંગે કહેલો વિધિ ચંદ્રવર્ષને પણ ચોંટી જાય, અને જો ચંદ્રવર્ષમાં આષાઢ ચોમાસી પછી પચાસ દિવસે પર્યુષણા કરવામાં આવે તો અભિવર્ધિત કે જેમાં મહિનો વધેલો હતો, અને જેમાં કાળમાસ તરીકે ગણી શકીએ એવું હતું તેમાં તો કાલમાસ ગણ્યો નહિ, અને જે ચંદ્રવર્ષ હતું અને જેમાં મહિનો કાલમાસ તરીકે ગણાય એવો ન હતો, તેમાં એક મહિનો અધિક કરવો પડયો તે કયા હિસાબે ? આ વસ્તુ વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે ગૃહીજ્ઞાત પર્યુષણાની તિથિએજ સંવચ્છરી પડિકમણું કરવું તેવો આગ્રહ આગમ અને યુક્તિને અનુસરનારાને તો શોભે તેવોજ નથી.

**સંવચ્છરીનો દિવસ તો નિયમિત માસ અને નિયમિત પક્ષેજ હોવાનું કારણ**

વળી અભિવર્ધિત વર્ષમાં શ્રાવણ સૂદિ પાંચમે સંવચ્છરી માનનારાઓ તેજ રાત્રિએ થયેલા અપરાધને અંગે સમુદાય, ઉપાધ્યાય અને આચાર્યને અંગે જે ભોજન, વંદન, અને સૂત્રાર્થનો પરિહાર કઈ રીતિએ કરશે ? કેમકે તે પરિહારમાં બાર મહિનાથી અધિક સ્થાન નથી, અને આજ હિસાબે અજ્ઞાત કે જ્ઞાતમાંથી કોઈપણ પર્યુષણા કોઈપણ દિવસે થાય, તોપણ સંવચ્છરી પડિકમણું તો ભાદરવા સુદિ પાંચમેજ અને શ્રી કાલકાચાર્ય મહારાજ પછી ચોથને દિવસેજ યોગ્ય છે. ધ્યાન રાખવું કે સંવત્સરી પડિકમણું મુખ્યતાએ ખમતખામણાંને અંગે છે અને ખમતખામણાંનો હિસાબ બાર મહિનાને અંગે નિયમિત રાખી, ભાદરવાથી ભાદરવોજ મેળવેલો છે અને તેથીજ સર્વ શાસ્ત્રોમાં સંવચ્છરીનો સંબંધ ભાદરવા માસની સાથેજ રાખેલો છે.

**પાક્ષિક, ચોમાસી અને સંવચ્છરી પડિકમણાં કરવાનાં કારણો**

એ વાત ધ્યાનમાં રાખવાની છે કે જૈનશાસ્ત્રકારોનો મુખ્ય ઉદ્દેશ સર્વ કર્મના નાશ રૂપી મોક્ષ અગર સર્વ કર્મની જડરૂપ એવા મોહનીય કર્મને નાશ કરવા માટેનો રહેલો છે અને તેથીજ એક સંવચ્છરીથી બીજી સંવચ્છરીની વચ્ચે બાર માસ રાખી એક દિવસ પણ વધવાની મનાઈ કરવામાં આવી છે, કેમકે જો તેમાં એક પણ દિવસ વધી જાય, તો પંદરથી એક દિવસ વધતાં જેમ સંજવલન કષાયપણું મટી પ્રત્યાખ્યાનાવરણીય કષાયપણું થાય અને ચાર માસમાં એક પણ દિવસ વધતાં પ્રત્યાખ્યાનાવરણીયપણું મટી અપ્રત્યાખ્યાની

કષાયપણું થાય છે, તેવી રીતે જો બાર માસમાં એક પણ દિવસ વધી જાય, તો તે છેવટે અપ્રત્યાખ્યાનીપણું છોડીને અનંતાનુબંધીપણામાં પેસી જાય, અને અનંતાનુબંધીપણામાં જે મનુષ્યનો કષાય પેસે તેને સમ્યક્ત્વ નથી એમ ચોકખું કહી શકાય, કેમકે અનંતાનુબંધી કષાયો સમ્યક્ત્વને નાશ કરનારા છે એવો સ્પષ્ટ ઉલ્લેખ સ્થાન સ્થાન ઉપર શાસ્ત્રોમાં ચોકખા અક્ષરે છે, અને આવો બાર મહિનાથી અધિક એટલે અનંતાનુબંધીનો કષાય રાખનાર મનુષ્ય સાધુ હોય કે શ્રાવક હોય, પણ તે સળેલા પાન જેવો ગણાય, અને તેથી તેને કાઢી નાખવો જોઈએ, માટે શાસ્ત્રકારો તે સંવચ્છરીને દિવસે કષાય નહિ વોસીરાવનારને સાધુસમુદાયમાંથી કાઢી મેલવાનું જણાવે છે. આ ઉપરથી સંજ્વલનને અંગે પાક્ષિક, પ્રત્યાખ્યાનાવરણીયને અંગે ચાતુર્માસિક અને અપ્રત્યાખ્યાનીને અંગે સંવચ્છરી પડિકમણું કરવાનું નિયમિતપણે જાણી શકાશે, અને એ વસ્તુ જો જાણવામાં આવશે તો રાઈ અને દેવસિ પડિકમણાં કરીને પાપની શુધ્ધિ કર્યા છતાં પાક્ષિક વિગેરે પડિકમણાં કેમ કરવાં જોઈએ એવી શંકાનું સ્થાન રહેશે નહિ.

## ભગવાનના શાસનની સામ્રાજ્ય સાથે સરખાવટ અને કષાયમંદતાની સ્થિતિએ અધિકાર

આ બધી હકીકત વિચારતાં જૈનશાસનરૂપી સામ્રાજ્યમાં રાજા તરીકે કેવળ સર્વજ્ઞ વીતરાગ મહારાજજ રહે, કાર્ય કરનારી બોર્ડમાં કેવળ મહાવ્રતધારી સાધુ મહારાજજ રહે, અને સહાયક કમિટિમાં દેશવિરતિવાળો વર્ગ રહે અને સામાન્ય સભાસદ તરીકે કોઈપણ સમ્યક્ત્વધારી રહી શકે, તેમાં મહારાજા તરીકે જણાવેલા સર્વજ્ઞ ભગવાનમાં અજ્ઞાન, મોહ, વિગેરે અઢાર દોષોમાંથી કોઈપણ દોષ હોવો જોઈએ નહિ, કેમકે એ અઢારે દોષો કુદેવત્વના ચિહ્ન તરીકે છે, એટલે વીતરાગ પરમાત્મા રૂપી સુદેવમાં તે અજ્ઞાન આદિક અઢાર દોષોમાંથી એક, ઘણા, કે બધા દોષો હોયજ નહિ. અર્થાત્ અઢાર દોષોનો અભાવ માત્ર કુદેવપણાનો વ્યવચ્છેદ કરવા માટેજ છે. એટલે આ અઢાર દોષોનો અભાવ સુદેવપણાને જણાવનાર નથી, અને તેમાં પણ તીર્થંકર મહારાજમાં તો આ અઢાર દોષોનો અભાવ જે જરૂર હોય છે તેમને માત્ર કુદેવપણાનો અભાવજ જણાવે છે, પણ તેમનું તીર્થંકરપણું તો તેમના ચોત્રીસ અતિશયો પાંત્રીસ વાણીના ગુણો, આઠ પ્રાતિહાર્યો અને ભાવાર્હતપણાને જણાવનાર અપાયાપગમ અતિશયાદિ ચાર અતિશયોજ છે.

## સુદેવ અને કુદેવત્વાભાવના ચિહ્નોનું સ્પષ્ટીકરણ

અને અજ્ઞાન આદિવાળાને કુદેવ તરીકે મનાય તેમાં કોઈપણ પ્રકારે આશ્ચર્ય નથી. યાદ રાખવાની જરૂર છે કે સ્ત્રીનું ધારણ તે કુદેવપણાનું લક્ષણ છે અને તે સ્ત્રીધારણનો સદ્ભાવ સુદેવમાં હોય નહિ એમ નિશ્ચિત છે, પણ તેથીજ જે સ્ત્રીધારણ વગરના હોય તે બધા સુદેવ કહેવાય એમ કહી શકાય નહિ, કારણ કે સર્વવિરતિવાળા એવા ગુરુઓ હોવાથી તેઓને સંપૂર્ણ બ્રહ્મચર્ય હોય છે અને તેથીજ તેઓ સ્ત્રીને ધારણ કરવાવાળા હોતા નથી, પણ તેટલા માત્રથી તેઓ સુદેવની કોટિમાં આવી શકતા નથી, કેમકે તેઓ જોકે બ્રહ્મચર્યવાળા હોવાથી સ્ત્રીસંસર્ગના ત્યાગી છે, પણ બાકીના કષાયો તેઓને હજુ ગયા નથી, અને તેથી તેઓ દેવતત્વની કોટિ જે વીતરાગદશાની તેમાં ગયા નથી, એટલે સ્ત્રીસંસર્ગરહિતપણું સુદેવપણાનું લક્ષણ નથી, પણ સુદેવપણામાં વેદોદયના અભાવને લીધે સ્ત્રીસંસર્ગનો અભાવ હોય એ ચોક્કસ છે, આજ કારણથી શાસ્ત્રકારો શ્રી જિનેશ્વર મહારાજને નમસ્કાર કરતાં અજ્ઞાનઆદિ અઢાર દોષોના અભાવને જણાવે છે

પણ જિનેશ્વરપણાની સિદ્ધિ માટે તો અશોક વૃક્ષઆદિ આઠ પ્રાતિહાર્યો અને અપાય અપગમઆદિ ચાર અતિશયો મલી બારગુણોનેજ જણાવે છે, અર્થાત દેવતત્વના લક્ષણને માટે તો એ બાર ગુણોજ લેવાના છે, પણ દેવમાં દોષનો અભાવ જણાવવા માટે અજ્ઞાનઆદિ અઢાર દોષોનો નાશ જણાવવામા આવેલો છે.

## સામાન્ય કેવલિઓ અરિહંતપદમાં હોય કે?

ધ્યાનમાં રાખવું જોઈએ કે તે અજ્ઞાનઆદિ અઢાર દોષોનો અભાવ તીર્થંકર તરીકે અવતરેલા જિનેશ્વર દેવોમાંજ હોય છે એમ નથી પણ સર્વ કેવલજ્ઞાનીઓમાં તે અજ્ઞાનઆદિ અઢાર દોષોનો અભાવ છે, પણ અરિહંત દેવ તરીકે તો ફકત ચોવીસજ તીર્થંકરો હોય છે, અને અશોક વૃક્ષઆદિ બારગુણ તે ચોવીસે તીર્થંકરોમાં સરખી રીતે હોવાથી તે બાર ગુણોનેજ લક્ષણ તરીકે લઈ શકાય, કેમકે દેવતત્ત્વમાં જન્મથી અપ્રતિપાતી ત્રણ જ્ઞાનસહિતપણું દીક્ષા લેવાની સાથેજ મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ, ગર્ભાદિક પાંચે અવસ્થાના કલ્યાણકો એ વિગેરે વસ્તુઓ ભગવાન્ જિનેશ્વર સિવાય બીજાને હોતીજ નથી, આ હકીકતથી સ્પષ્ટ થશે કે સ્ત્રીસંસર્ગ એ કુદેવનું લક્ષણ છે, અને તે વીતરાગપણું પ્રાપ્ત થવા પહેલાં ક્ષય થવાને લાયક વેદ ઉદયને અંગે હોઈ તેની હયાતિએ વીતરાગપણું હોય એ સ્વાભાવિકજ છે. કારણ સદ્ભાવે કાર્યનો અભાવ ન હોય એમ કહી શકાય, પણ કારણના અભાવ માત્રથી તેની વિરૂદ્ધ કાર્ય થઈ ગયું છે એમ માની શકાય નહિ. આપણે ચાલુ પ્રકરણમાં એની વધારે ચર્ચા નહિ કરતાં એટલો નિર્ણયજ સમજી લઈશું કે હાસ્ય અને વેદાદિક એ સર્વ નોકષાય છે અને તેના ક્ષયની ઈચ્છાવાળાએ કષાયના ક્ષયને માટે કટિબદ્ધ થવું એ વ્યાજબી છે.

## રાગદ્વેષ અને ક્રોધમાનમાયાલોભની ઐક્યતા

પૂર્વે જણાવેલા કષાયચારિત્ર મોહનીયના પેટા ભેદો જેના વિકારો પ્રત્યક્ષ જુદા જુદા અનુભવાય છે એવા ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર નામના છે. જો કે શાસ્ત્રોમાં સ્થાન સ્થાન પર રાગ અને દ્વેષ એ બેનાં નામો આવે છે અને જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોનાં મૂળભેદો કે ઉત્તર ભેદોમાં તે રાગદ્વેષનું નામ સરખું પણ આવતું નથી, પણ પૂર્વે જણાવેલા ચારે કષાયોની અવિભકત દશા લઈએ ત્યારે તે રાગ અને દ્વેષ રૂપે ગણાય છે અને જ્યારે વિભક્ત દશા લઈએ ત્યારે પ્રત્યક્ષ અનુભવમાં આવતા ક્રોધઆદિ કષાયો કહેવાય છે એટલે સામાન્ય રીતે અનભિવ્યક્ત એવા દ્વેષનો અભિવ્યક્ત ભાગ ક્રોધ અને માન કહેવાય છે અને અનભિવ્યક્ત એવા રાગનો અભિવ્યકત ભાગ માયા અને લોભ કહેવાય છે. આ ચાર ક્રોધાદિક કષાયોનેજ કષાયમોહનીય કહેવાય છે, અને તે કષાયમોહનીયની સત્તા કે ઉદય જ્યાં સુધી હોય ત્યાં સુધી પરમ પવિત્ર ગણાતું ચારિત્ર શુદ્ધતમ દશાવાળું હોતું નથી, એટલે શુદ્ધતમ ચારિત્રની ઈચ્છાવાળા દરેક ભવ્યજીવે એ ક્રોધાદિક કષાયોના નાશને માટે ઉદ્યમવાળા થવું તે સ્વાભાવિકજ છે.

## મુમુક્ષુજીવોને ક્ષય કરવા લાયક કષાયોના પેટાભેદો ને તેના ક્ષયાદિનાં ચિહ્નો

ઉપર જણાવેલા ક્ષય કરવાને લાયક એવા ક્રોધાદિક ચારે કષાયો તે એકેક જાતના નથી પણ તે ક્રોધાદિક ચારે કષાયો પણ અનંતાનુબંધી આદિ ચાર પ્રકારના હોઈ દરેક ક્રોધાદિક કષાયો અનંતાનુબંધીઆદિ ભેદે ચાર ચાર પ્રકારના છે. અનંતાનુબંધીઆદિ ભેદો આવી રીતે છે : ૧ અનંતાનુબંધી, ૨ અપ્રત્યાખ્યાનાવરણીય ૩ પ્રત્યાખ્યાનાવરણીય અને ૪ સંજવલન. આ ચારે જાતના ક્રોધાદિક ચારે હોવાથી ચાર ચોકડીઓ કહેવાય છે. આ ચોકડીના ક્ષયને માટે ઉદ્યમ કરવાવાળાને કઈ કઈ ચોકડી ગઈ એમ પ્રત્યક્ષપણે

માલમ પડવું મુશ્કેલ છે, કારણ કે કર્મવર્ગણાના પુદ્ગલો અત્યંત બારીકમાં બારીક હોવાથી તેનો સદ્ભાવ પણ કોઇપણ ઇંદ્રિય કે અનિંદ્રિયથી નથી જણાતો એટલુંજ નહિ પણ ખુદ આત્માના અનુભવથી પણ તે કર્મોનો સદ્ભાવ માલમ પડતો નથી. આવી સ્થિતિ હોવાથી ઇંદ્રિયાદિકદ્વારાએ તે ક્રોધાદિક કષાયના કર્મનો અસદ્ભાવ તો માલમ પડેજ કેમ ? અને તેથી દરેક મુમુક્ષુને એમ લાગે છે કે રસોઇનું પાકાપણું નહિ જાણનારી જો કોઇ સ્ત્રી હોય તો તેને રસોઈની ક્રિયા માટે ઉદ્યમ કરવો એ નકામોજ છે, તેમ ભવ્ય આત્માઓને કર્મનો અસદ્ભાવ નહિ જણાતો હોવાથી તે કર્મના ક્ષયને માટે ઉદ્યમ કરવો તે અયોગ્યજ છે, પણ આવી રીતે મનમાં નહિ લાવવાનું કારણ એ છે કે કષાયના કર્મોનો અસદ્ભાવ જો કે છદ્મસ્થજીવોથી સાક્ષાત્ જાણી શકાતો નથી તોપણ મુસાફરી કરનારો મુસાફરીમાં કેટલું ચાલ્યો એ સાક્ષાત્ નહિ જાણનારો છતાં સડક પર ઠોકેલા માઈલોના પીલરો ઉપરથી પોતાની ગતિનું માપ જાણી શકે છે, તેવી રીતે કષાય કર્મોના ક્ષયને ભવ્યજીવ સાક્ષાત્ ન જાણે તોપણ શાસ્ત્રકારોએ જણાવેલ સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને વીતરાગપણાના વર્તન વિગેરેથી તે કષાય મોહનીય કર્મના ક્ષયને શાસ્ત્રાનુસારી ભવ્યો જાણી શકે છે, અર્થાત્ જ્યાં સુધી અનંતાનુબંધીની ચોકડીનો ઉદય હોય ત્યાં સુધી સદવર્તન ઉપર પ્રીતિ થતીજ નથી, અને તેથી અનંતાનુબંધીના ઉદયવાળો પોતે કરાતા આરંભ, પરિગ્રહ, વિષય અને કષાયના કાર્યોને પાપમય માની તેના ત્યાગની સુંદરતાને લક્ષમાં લઇ તેની *તરફ પ્રીતિ ધરાવી શકતો નથી,* એટલે કે *અનંતાનુબંધી* જ્યાં સુધી હોય છે ત્યાં સુધી (અતત્ત્વ તરફની પ્રીતિ ખસતી નથી અને તત્ત્વ તરફ પ્રીતિ ઉત્પન્ન થતી નથી.) એટલે જે મનુષ્યની અતત્ત્વ તરફની પ્રીતિનો નાશ થયો હોય અને તત્ત્વ તરફની પ્રીતિ જાગ્રત થઇ હોય તો તેને અનંતાનુબંધીની ચોકડીનો ઘાત કરનાર એવો ઉદય નથી એમ સ્પષ્ટપણે સમજાય તેમ છે, તેવીજ રીતે જેઓ આરંભાદિકને પાપ માનવા તૈયાર થયા છતાં પોતાના અને પોતાના કુટુંબના નિર્વાહને અંગે કરાતું પાપ જરૂરી છે એમ ગણી તે સિવાયના બિનજરૂરી તેમજ અત્યંત સંકલેશ દશાને કરનારા પાપોનો પરિહાર કરે ત્યારે જ્ઞાનીના વચનને સ્મરણ કરનારા ભવ્યો સ્પષ્ટપણે જાણી શકે છે કે અપ્રત્યાખ્યાની કષાયનું જોર તૂટી ગયું છે, એવીજ રીતે જ્યારે જીવનની પણ પુષ્ટિ માટે કોઇપણ પાપ કરવું નથી અને સ્ત્રી, પુત્ર, ગૃહ, હાટ, અને સાંસારિક વ્યાપારને અંગેજ પાપો કરવાં પડે છે એમ સમજી (જેઓ સ્ત્રી, ધન, વિગેરેનો સર્વથા સંબંધ છોડી દઈ પોતાના જીવનનો નિર્વાહ પણ નિષ્પાપપણેજ કરે) ત્યારે સમજવું કે તેને પ્રત્યાખ્યાનાવરણીય કષાયનું જોર તૂટી ગયેલું છે, તેવી રીતે સર્વ પાપના કાર્યોથી નિવૃત્ત થયેલો છતાં પરિષહ કે ઉપસર્ગઆદિના પ્રસંગે પણ જેના મનમાં લેશ પણ આવેશ આવે નહિ ત્યારે સમજવું કે તે આત્મામાં સંજ્વલનની ચોકડીનું જોર તૂટી ગયેલું છે. આ પ્રમાણે સમ્યકત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને વીતરાગતાના પિલરોને જોનારો ભવ્ય જીવ પોતાના આત્મામાં થયેલા કર્મક્ષયને જાણી શકે છે.

## સમ્યકત્વાદિની મલિનતાનાં કારણો

ઉપર પ્રમાણેની હકીકતથી જેમ અનંતાનુબંધીઆદિના જોરો તૂટવાથી સમ્યકત્વાદિ ગુણો થાય છે એમ સમજાય તેમ છે, તેવીજ રીતે *તે તે અનંતાનુબંધીઆદિના* સામાન્ય જોરવાળા ઉદયથી તે તે સમ્યકત્વઆદિની મલિનતા થાય છે. સ્વાભાવિક નિયમ છે કે જેના અધિક જોરે જે વસ્તુનો સર્વથા નાશ થાય તેના સામાન્ય જોરથી તે વસ્તુના અંશનો નાશ થાય, અને એવી રીતે જે અંશનો નાશ થાય તેને જ આપણે અતિચાર તરીકે ગણીએ છીએ,

અને તેજ અતિચારોની શુધ્ધિ માટે પ્રતિક્રમણની યોજના છે.

## મોહનીયના નાશ અને અલ્પત્વની સાથે પ્રતિક્રમણનો સંબંધ

હવે પ્રતિક્રમણના પ્રકારો અને તેનાથી થતી શુદ્ધિનો વિચાર કરી સાંવત્સરિક પ્રતિક્રમણની આવશ્યકતા ઉપર વિચાર કરીએ.

## પડિક્રમણાની સંખ્યા અને તેનો શાસનપરત્વે નિયમ

આગળ આપણે સાંવત્સરિકના દિવસને નિયત કરવાની વખતે પડિકમણાની પાંચે પ્રકાર જણાવી ગયા છીએ, પણ તે પાંચે પ્રકારના પડિકમણાનો કાળ માત્ર ત્યાં જણાવ્યો છે પણ તે પ્રતિક્રમણ કરવાનું પ્રયોજન અથવા હેતુ ત્યાં સ્પષ્ટ કહેલો નથી. આ પાંચે પ્રકારના પ્રતિક્રમણો ફક્ત પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાંજ હોય છે. અજિતનાથજી મહારાજ વિગેરે બાવીસ તીર્થંકરના શાસનમાં જો કે પાંચ પ્રકારના પ્રતિક્રમણ હોતાં નથી, પણ રાત્રિક અને દૈવસિક એવી જાતનાં બે પ્રતિક્રમણ હોય છે, અર્થાત્ પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ તેઓને કરવાનાં હોતાં નથી.

## શેલકજીની પાસે પંથકજીએ કરેલ ચોમાસી પડિક્કમણું કેમ ?

જો કે શ્રી જ્ઞાતાસૂત્રમાં શેલક નામના આચાર્યના શિષ્ય પંથક મહારાજે ચોમાસી પડિકમણું કર્યું અને તે પડિક્કમણામાં શ્રી શેલકાચાર્યને ખમાવવા ગયા એ હકીકત સ્પષ્ટપણે છે તે શેલકાચાર્ય અને પંથક મુનિમહારાજ ભગવાન્ નેમનાથજી મહારાજના શાસનમાં હોઈ તેઓને ચોમાસી પ્રતિક્રમણ અને ખામણાં હોવાં જોઈએ નહિ. આ હકીકતમાં કેટલાકો એમ જણાવે છે કે આજ કારણથી શ્રી કલ્પસૂત્રની ટીકા કરનારાઓએ તે પ્રતિક્રમણના અધિકારમાં શ્રી અજિતનાથઆદિ બાવીસ તીર્થંકરોના સાધુઓને પ્રાયે રાઈ, દેવસિ નામનાં બેજ પ્રતિક્રમણ હોય એમ કહી પ્રાયઃ શબ્દથી કથંચિત્ ચોમાસી પણ હોય એમ ધ્વનિત કરે છે, જ્યારે કેટલાકોનું માનવું એમ છે કે પંથકજી વિગેરે પાંચસે સાધુઓ વારાફરતી પાસથ્થા થએલા એવા પણ શેલકાચાર્યની સેવામાં રહેતા હતા અને તે વર્ષે સેવા કરવાનો વારો પંથકજીનો હતો અને તે સેવાનો વારો ચોમાસું ઉતરતાં ખતમ થતો હોઈ કાર્તિકી પુનમને દિવસે જે ખમતખામણાં કરે તે ચોમાસીના દિવસના પ્રતિક્રમણને અંગે જ સંબંધવાળું સમજવું પણ તે ચોમાસીના દિવસનું પ્રતિક્રમણ હોવાથી શાસ્ત્રકારો તેને ચોમાસી પ્રતિક્રમણ તરીકે જણાવે પણ તેથી ચોમાસીની કહેલી વિધિવાળું ચોમાસી પ્રતિક્રમણ સમજવું નહિ. સૂત્રકાર મહારાજે સૂત્રમાં સંબુદ્ધા પ્રત્યેક કે સમાસ ખામણામાંથી કયું ખામણું હતું અને કયા ખામણાથી ખમાવતા હતા અને તે ખામ્યા પછી પણ શેલંકાચાર્ય મહારાજ શુદ્ધ પરિણામમાં આવ્યા છતાં પણ શેષ ચાતુર્માસિક પ્રતિક્રમણ કર્યું કે પુનઃ ચાતુર્માસિક પ્રતિક્રમણ પંથકજી સાથે કર્યું એ બાબતો કાંઈ પણ ઉલ્લેખ નથી. આ જગો પર વળી કેટલાકો એમ પણ માનવા દોરાય છે કે પંથકજી મહારાજ જેવા ઉત્તમમાં ઉત્તમ સાધુ પોતાના ગુરુ શેલકાચાર્યને સીધા માર્ગે લાવવા પોતાના તીર્થમાં નહિ એવું પણ ચોમાસી પ્રતિક્રમણ કરવા લાગ્યા હોય અને શેલકાચાર્ય મહારાજને જગાડવાથી ક્રોધ થશે એમ જાણ્યું હોય છતાં પણ પરિણામે હિત સમજીને ચોમાસી પડિક્કમણું કર્યું હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, કારણ કે બાવીસ તીર્થંકરોના સાધુઓને રાઈ અને દેવસિ બે પડિકમણાં હોય એનો અર્થ એટલો જ થાય કે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓની પેઠે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક નિયમિતજ કરવા

જોઈએ એવો નિયમ નહિ, અર્થાત્ રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણ તો તે બાવીસ તીર્થંકરોના સાધુઓને નિયમિતજ હોય (પણ પહેલા છેલ્લા તીર્થંકરોના શાસનના સાધુઓની માફક પાક્ષિકઆદિ પ્રતિક્રમણ નિયમિત હોય નહિ.) એટલે રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણ તેઓ દૂષણ લાગતાં ન કરે એમ બને નહિ, પણ પાક્ષિક વિગેરે પ્રતિક્રમણ તેઓ તેવા દૂષણને અંગે કરવા માગે તો તેમાં તેઓનું આચારહીનપણું થયું એમ કહી શકાય નહિ.

## પ્રથમ ચરમ જિનેશ્વર મહારાજાઓના શાસનમાં સપ્રતિક્રમણ ધર્મ

આ ઉપરથી પહેલા અને છેલ્લા તીર્થંકરનું શાસન જે સપ્રતિક્રમણ તરીકે એટલે આવશ્યક પ્રતિક્રમણ કરવાવાળા તરીકે ગણાય છે તે મુખ્યતયા પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિકના નિયમને અંગે જ વધારે લાગુ પડતું હોય એમ સ્પષ્ટ થાય છે. જો કે પહેલા, છેલ્લા તીર્થંકરના શાસનમાં અને બાવીસ તીર્થંકરના શાસનમાં રાઈ અને દેવસિપ્રતિક્રમણનું નિયમિતપણું છે, તોપણ એટલો તો જરૂર ફરક છે કે દોષ લાગે અગર ન લાગે, પ્રમત્ત દશા થાય અગર કથંચિત્ ન થાય તો પહેલા, છેલ્લા તીર્થંકરના સાધુઓએ રાત્રિક અને દૈવસિક *પ્રતિક્રમણ જરૂર કરવાંજ જોઈએ, અને બાવીસ* તીર્થંકનરા સાધુઓ રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણ જરૂર કરે, પણ જો દોષ લાગ્યો હોય તોજ કરે, પણ દોષ ન લાગ્યો હોય તો તેઓને રાત્રિક કે દૈવસિક એકે પણ પ્રતિક્રમણ કરવાની ફરજ નથી.

## દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ કરવાનો સર્વ તીર્થનો વખત કયો ? અને કેટલું તે કરે

વળી પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને રાત્રિને અંતે રાત્રિક પ્રતિક્રમણ હોવાથી સાંજના ત્રીજા આવશ્યકની મુહપત્તિ પછીથી લાગેલા સર્વ દોષો એકત્ર કરી રાત્રિક પ્રતિક્રમણ કરવાનું હોય છે અને સવારના રાઈ પડિક્રમણાના ત્રીજા આવશ્યકની મુહપત્તિ પછીથી દિવસના અંત્યે કરતા દૈવસિક પ્રતિક્રમણની અતિચારની ગાથાના કાઉસગ્ગ સુધી થએલા સર્વ દોષો એકત્ર કરી દૈવસિક પ્રતિક્રમણ કરવામાં આવે છે, એટલે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં દોષ લાગ્યો તેજ વખત પ્રતિક્રમણ કરવાનું ન હોવાથી તેમજ આખા દિવસના કે રાત્રિના દોષો એકત્ર કરી આલોવવાના હોવાથી તેમને છ આવશ્યકમય પ્રતિક્રમણ કરવાની જરૂર પડે છે અને વિશેષ શુદ્ધિને માટે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાની આવશ્યકતા પ્રાપ્ત થાય છે, પણ શ્રી અજિતનાથજી મહારાજ વિગેરે બાવીસ તીર્થંકરના સાધુઓ સવારે સૂર્યોદયથી સૂર્ય અસ્ત થવાના વખત સુધીમાં જ્યારે જ્યારે જે કાંઈપણ દોષ લાગે ત્યારે ત્યારે પહેલા, બીજા, ત્રીજા કે ચોથા પહોરે 'ઈચ્છામિ પડિક્કમિઉં' ના માત્ર સૂત્રથી પોતાના દોષોનું પ્રતિક્રમણ કરી લે અને તેને દૈવસિક પ્રતિક્રમણ કહેવામાં આવે, એવીજ રીતે સૂર્ય અસ્ત પામ્યાના વખતથી સૂર્ય ઉદય થવા સુધીના વખતમાં રાત્રિના પહેલા, બીજા, ત્રીજા કે ચોથા પહોરે જ્યારે પણ દોષ લાગ્યો હોય ત્યારે ત્યારે પ્રતિક્રમણ કરી લે અને તેને રાત્રિક પ્રતિક્રમણ *કહેવામાં આવે.*

## દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણના અર્થનો ફરક

અર્થાત્ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને રાત્રિને અંતે કરાતું પ્રતિક્રમણ તે રાત્રિક કહેવાય એમ જેવી રીતે નિયમ છે તેવી રીતે બાવીસ તીર્થંકરના સાધુઓને અંગે એ નિયમ ન હતો, પરંતુ રાત્રિના વખતે કરાતું પ્રતિક્રમણ તે રાત્રિક કહેવાય અને દિવસના વખતે કરાતું પ્રતિક્રમણ તે દૈવસિક કહેવાય એટલો જ માત્ર નિયમ હતો, અર્થાત્ રાત્રિએ કે દિવસે લાગેલા દોષોને આલોવવા માટે તેને તે

વખતે તેઓને રાત્રિક કે દૈવસિક પ્રતિક્રમણ કરી લેવું પડતું હતું, એટલે બાવીસ તીર્થંકરના સાધુઓને રાઈ અને દેવસિ પ્રતિક્રમણની તો દોષ લાગે ત્યારે જરૂર પડતી હતી.

## પ્રતિક્રમણના કલ્પની દુષ્કરતા ઋજુપ્રાજ્ઞોને કેટલી ?

એ ઉપરથી જો કે કેટલાક મહાનુભાવોને એમ લાગશે કે બાવીસ તીર્થંકરના શાસનમાં દોષ લાગે ત્યારે પ્રતિક્રમણ કરવાનું હોવાથી પ્રતિક્રમણ નામનો કલ્પ તેઓને માટે ઘણો સહેલો ગણાય અને પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને દોષ લાગે કે ન લાગે પણ રાત્રિ અને દિવસને અંતે રાઈ અને દેવસિ પડિકમણું જરૂર કરવું પડે અને દરેક ચૌદશે પાક્ષિક પ્રતિક્રમણ તથા કાર્તિક, ફાલ્ગુન અને આષાઢમાં ચોમાસી પ્રતિક્રમણ તેમજ ભાદ્રપદના શુક્લ પંચમીને દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ જરૂર કરવુંજ પડે અને તે એટલા સુધી કે એ પાંચ પ્રકારના પ્રતિક્રમણમાંથી કોઈપણ પ્રકારનું પ્રતિક્રમણ દોષ લાગ્યો હોય અગર માની લઈએ કે દોષ નજ લાગ્યો હોય તોપણ ન કરે તો શાસનની અંદર સાધુપણાનું સ્થાન તેનું રહેતું નથી. આ ઉપરથી પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પડિકમણા માટેનો કડક નિયમ છે.

## પ્રથમ ચરમ જિનેશ્વરના શાસનમાં પ્રતિક્રમણ નામના કલ્પને સુગમતા

આ ઉપર જણાવેલી માન્યતામાં એમ જણાવાય કે બાવીસ તીર્થંકરના શાસનના સાધુઓ ઋજુ (સરળ) અને પ્રાજ્ઞ (બુધ્ધિશાળી) હોવાથી તેમને માટે નિયમની કડકાઈ હોય અને તે જેટલી સંગત થાય તેટલી ભગવાન્ મહાવીર મહારાજના તીર્થના સાધુઓ કે જેઓ વક્ર અને જડ છે તેવા ઋજુ, જડ અને વક્રજડ સાધુઓને અંગે પ્રતિક્રમણ નામના કલ્પની કડકાઈ હોવી જોઈએ' નહિ અને છતાં પણ જો તે કરાય તો યુક્તિસંગત કહેવાયજ નહિ. આવું કોઈ માનવા તૈયાર થાય તો તે સર્વથા અયોગ્યજ છે, કારણ કે પ્રતિક્રમણ નામના કલ્પની કડકાઈ બાવીસ તીર્થંકરોના શાસનના સાધુઓને છે કે પહેલા, છેલ્લા તીર્થંકરોના શાસનના સાધુઓને છે. એ વિચારતાં બારીક બુધ્ધિની ઘણી જરૂર છે. જેમ જગતમાં ઉધારે માલ આપવાથી વ્યાપારની સગવડ રહે છે, પણ રોકડી રકમથી માલ વેચતાં તેની સગવડ રહેતી નથી, તેમ પહેલા, છેલ્લા તીર્થંકરના સાધુઓને આખા દિવસના, આખી રાત્રિના કે આખા પક્ષ, ચાતુર્માસિક કે સાંવત્સરિકના દોષો એકઠા કરીને એક સાથે તે તે વખતે પ્રતિક્રમણું કરવાનું રહે છે, અને તેથી પહેલા, છેલ્લા તીર્થંકરના શાસનમાં પ્રતિક્રમણ કલ્પની ઘણી સારી સગવડ જીવોને ઋજુજડ, વક્રજડ દેખીનેજ કરવામાં આવેલી છે. વળી ભગવાન્ અજિતનાથજી વગેરે બાવીસ તીર્થંકરોના સાધુઓને એકેક દિવસ કે રાત્રિમાં અનેક વખત દૈવસિક કે રાત્રિક પ્રતિક્રમણ લાગેલા દોષના પ્રતાપે કરવાં પડે ત્યારે ભગવાન્ ઋષભદેવજી અને ભગવાન્ મહાવીર મહારાજના શાસનના સાધુઓને સમગ્ર દિવસ કે સમગ્ર રાત્રિ અથવા પક્ષ, ચતુર્માસ કે સંવત્સરીના ટાઈમમાં માત્ર પ્રતિક્રમણ કરવું પડે.

## પ્રથમ અને ચરમ પ્રભુના શાસનને સપ્રતિક્રમણ ધર્મ કહેવામાં હેતુ તરીકે કયાં પ્રતિક્રમણાં

તેથીજ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સપ્રતિક્રમણ ધર્મ નિયમિતપણાને અને પાક્ષિક આદિને અંગેજ ગણવામાં આવેલો છે. હવે તે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં રાઈ અને દેવસિ પડિકમણાની દોષ લાગ્યો હોય કે ન લાગ્યો હોય તોપણ કર્તવ્યતા નિયત કર્યા છતાં પાક્ષિક આદિની નિયમિતતા કેમ કરવામાં આવી, અને સાથે સાંવત્સરિકની નિયમિતતાનું કારણ, અને તેની

મહત્તા સાથે પવિત્રતા સમજવાનું સ્થાન હોવાથી તે બાબતનો વિચાર કરીએ.

## પાક્ષિક પ્રતિક્રમણની કરવાની જરૂરી

વ્યવહારથી ક્રોધાદિક કષાયોના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એ ચાર ભેદોની સ્થિતિ યાવજ્જીવ, વર્ષ, ચાર માસ અને એક પક્ષની ગણવામાં આવે છે. અને તેથી સાધુઓએ કે સાધ્વીઓએ પોતાને થએલા કષાયના કે તેથી થએલા અપરાધના પાપથી વિરમવા માટે જરૂર એક પક્ષમાં તૈયાર થવું જોઈએ કેમકે સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર અગર મહાવ્રતરૂપી સંયમ ત્યાં સુધીજ ટકે કે જ્યાં સુધી પ્રત્યાખ્યાનાવરણીય આદિ પંદર દિવસથી અધિક દિવસ રહેવાવાળા કષાયો થાય નહિ. પંદર દિવસથી અધિક દિવસ રહેવાવાળા કષાયો મુખ્યતાએ અપ્રત્યાખ્યાનાવરણીય વિગેરેજ ગણાય, અને તે અપ્રત્યાખ્યાનાવરણીયના ઉદયે ચારિત્રનો નાશ થાય છે અને તેથીજ તેઓને સર્વવિરતિ આદિના ઘાતક ગણવામાં આવે છે. તાત્વ એટલુંજ કે અપ્રત્યાખ્યાનાવરણીય આદિની પરિણતિમાં જીવનો પ્રવેશ થાય અને તેથી સર્વવિરતિ આદિનો નાશ થાય માટે સર્વવિરતિવાળાઓએ દરેક પક્ષે પ્રતિક્રમણ કરી સંજ્વલનકષ્પાયથી વધારે ખરાબ પરિણતિ ન થાય તેને માટે તૈયાર રહેવુંજ જોઈએ.

## દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણોને નિયમિત કર્યા છતાં પાક્ષિકની જરૂર

કદાચ શંકા થાય કે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સવાર અને સાંજ નિયમિતપણે પ્રતિક્રમણ કરાતું હોવાથી કષાયની પરિણતિ પ્રતિદિન શમાવાતી હોઈ પાક્ષિકઆદિ પ્રતિક્રમણની કાંઈપણ જરૂર રહેતી નથી. આ શંકાના સમાધાનમાં સમજવાનું કે જોકે સવાર અને સાંજ બંને વખત નિયમિતપણે પ્રતિક્રમણ કરી કષાયની પરિણતિને વોસીરાવી ચારિત્રની ઉજ્વલતા કરવામાં આવે છે, તોપણ જેમ સવાર અને સાંજના પ્રતિક્રમણમાં પ્રતિક્રમણ નામના ચોથા આવશ્યકથી થએલા પાપની શુધ્ધિ કર્યા છતાં જે કાંઈ અશુદ્ધતા રહી હોય, તેને દૂર કરવા માટે જેમ કાયોત્સર્ગ કરવામાં આવે છે તેમ સવાર સાંજના પ્રતિક્રમણથી પણ જે અતિચારોની કથંચિત્ શુદ્ધિ ન થઈ શકી હોય તેની શુદ્ધિ માટે તેમજ સવાર સાંજના પ્રતિક્રમણ વખતે યાદ નહિ આવેલા અને પછીથી યાદ આવેલા અતિચારોની શુધ્ધિ માટે પણ પાક્ષિક પ્રતિક્રમણની જરૂર છે. વળી પ્રતિક્રમણ જેવી રીતે લાગેલા દોષોની શુદ્ધિ માટે છે તેવીજ રીતે તે પાંચે પ્રકારના જ્ઞાનાદિ આચારોને આરાધવા માટે પણ પ્રતિક્રમણમાં સ્થાન છે, અને તેથી પ્રતિદિનની આરાધના કરતાં પાક્ષિકને દિવસે વધારે આરાધના માટે પાક્ષિકપ્રતિક્રમણની જરૂર હોય તે સ્વાભાવિકજ છે, અને તેથીજ શાસ્ત્રકારો પણ પાક્ષિકપ્રતિક્રમણને અંગે દીવાળી વિગેરે તહેવારોને દહાડે કરાતી ઘરની વિશેષ શુદ્ધિ અને શોભાનું દૃષ્ટાંત આપે છે. જોકે ગૃહસ્થ લોકો પ્રતિદિન પોતાના ઘરની શુધ્ધિ અને શોભા કરેજ છે તેઓ કાંઈ દીવાળી આદિ પર્વને દિવસે કરાતી શુધ્ધિ અને શોભાના આલંબને પ્રતિદિન કરાતી સામાન્ય શુદ્ધિ અને શોભાને છોડતા નથી, તેમ અહીં પણ પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક પ્રતિક્રમણના આલંબને રાત્રિક, દૈવસિક, પાક્ષિક કે ચાતુર્માસિક પ્રતિક્રમણનું નહિ કરવું એ કોઈપણ પ્રકારે વ્યાજબી ઠરે એમ નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૪૫)

(અનુસંધાન પા. ૨૭૨ થી ચાલુ)

**गृहस्थविषया** ત્યાં સુધી ગાથાનો અર્થ હતો અને પછી **एतदुक्तं भवति** થી **दशात्** સુધી ગાથાર્થનો અન્વયમુખે ભાવાર્થ હતો **न शेषाणां** થી વ્યતિરેક મુખે ભાવાર્થ છે અને તેથીજ **शेषाणां** પદનો પણ શિવાયના એવો ચોકખો અર્થ ન કરતાં **येषां** શબ્દ માની તેનો અર્થ કરીને જેઓને એમ લખી મારવું પડયું. આ જગો પર જો પ્રવચનકારે પોતેજ આપેલો શ્રી મલધારીજીવાળો વિશેષાવશ્યક પાઠ જોવા તસ્દી લીધી હોત તો પણ ખુલ્લું માલમ પડત, કેમકે ત્યાં ચોકખું જણાવે છે કે **बालादि दोषरहितस्य** એમ અન્વય મુખે જણાવે છે તેજ અહિં બાલાદિ દોષવાળા દીક્ષામાં નિષિદ્ધ છે તેને સામાયિક ન આપવું જણાવ્યું છે. પણ પ્રવચને તેવી બાલાદિ દોષવાળાને સામાયિક ન આપવો આવો ભાવાર્થ કબુલ કરતાં માત્ર નપુંસકાદિ ન હોવાની પરીક્ષા જે સ્થાને સ્થાને પંચાંગીકારોએ જણાવી છે તે માત્ર આવે પણ પંચવસ્તુની પોતાની ધારણા પ્રમાણેની પરીક્ષા ન આવે બન્ને સ્થાને પણ શબ્દ ઉમેરીને તથા અન્વય વ્યતિરેક એક કરીને અર્થ કરવો પડયો છે. આ ગાથા અને તેના અર્થની ચર્ચા વધારે હોવાથી આવશ્યક અને વિશેષાવશ્યક બન્નેની બન્ને ટીકાઓના પાઠો આપવા જરૂરી ધારી આપીયે તે ઉચિતજ છે :-

इहाभिमुख्येन गुरोरात्मदोषप्रकाशनमालोचना

नयः ( मल० ) ( ही० )

पव्वज्जाए जुग्गं तावइआलोयणा गिहत्थेसु प्रव्रज्यायाः-निष्क्रमणस्य यत् प्राणिजातं स्त्रीपुरुष-नपुंसकभेदं योग्यं-अनुरूपं, तदन्वेषणीयमिति वाक्यशेषः, तावती-एतावत्येव आलोचना अवलोकना वा, केषु?-गृहस्थेषु-गृहस्थविषया, इयमत्र भावना-योग्यं हि सर्वोपाधिविशुद्धमेव भवति, ततस्तदन्वेषणमवश्यं कर्तव्यं, तच्चैवं- **कस्त्वं? को वा ते निर्वेद इति पूर्वं प्रश्नो विधेयः, तस्मिंश्च विहिते प्रयुक्तालोचनस्य योग्यतावधारणं तदनन्तरं सामायिकं दद्यात्, न शेषाणां प्रतिबद्ध-**दीक्षाणामिति भावः, ( मलय० )

तदन्वेषणं यदिति x तावत्येव x विषये इति, एतदुक्तं **भवति-ततश्च तदन्वेषणेन सर्वस्यैव विधेः कस्त्वं? को वा ते निर्वेद इत्यादि-प्रश्ना-देराक्षेप इति, ततश्च प्रयुक्तालोचनस्य योग्यताऽवधारणानन्तरं सामायिकं x नयः**

आलोचना आभिमुख्येन लोचृ दर्शने गुरोरात्मभावदर्शनमालोचना तामाह-सामा० सामायिकार्थमुपसंपद् भवेत् गृहस्थस्य यतेर्वा उभयाय प्रदत्तालोचनाय सामायिकं दद्यात् चारित्रसामायिकं श्रुतसामायिकं च, तत्र गृहस्थे आलोइयमीत्यादि, आलोइय दव्वओ ण सो णपुंसगो खेत्तओ णाणारिओ कालओ उण्हादिणा ण किलम्मति भावतो नीरूगमंदो शेषं स्पष्टं कोट्याः आलोचणा-सुद्धस्सविदेज्ज विणीयस्स, नाविणीयस्स ( कोट्या० )

इहाभिमुख्येन गुरोरात्मप्रकाशनमालोचना ( ३३९६ ) आलोइयंमि दिक्खारुहस्स गिहिणो चरित्तसामइयं। बालाइदोसरहियस्स देज्ज नियमा न सेसाणं॥३३१८॥ आलोचिते आलोकितेविज्ञाते यथा द्रव्यतो ज्ञातोऽसौ न नपुंसकादिः क्षेत्रतस्तु विज्ञातो यथा नायमनार्यः कालतस्त्वरगतो यथा शीतोष्णादिना न क्लाम्यति भावतस्त्वद बुद्धो यथा नीरोगानलसादिरूपः, ततश्चैवमालोकिते निश्चिते च दीक्षा ईस्य बालादि दोषरहितस्य गृहिणश्चारित्रसामायिकं दद्यादिति

आलोकितभावस्य - दत्तविशुद्धालोचनस्य सूत्रमर्थं वा दद्यादिति: ॥३४००॥ ( वि० मलधा० )

किमिति विनीतस्यैव दीयत इत्याह-

अणुरत्तो भत्तिगओ अमुई अणुवत्तओ विसेसण्णू उज्जुत्तो अपरिरतंतो इच्छियमत्थं लहइ साहू॥३४०२॥ गुणसंपदद्वारमाह-पियधम्मो दढधम्मो संविग्गो वज्जभीरु असढो य। खंतो दंतो गुत्तो थिरव्वय जिइंदिओ उज्जु॥३४१०॥ असढो तुलासमाणो समिओ तह साधुसंगइरओ य। गुणसंपओववे ओजुग्गो सेसो अजोग्गो य। ३४११॥ ( वि. मल. )

૮ વળી પ્રવચનકારે प्रयुक्तालोचनस्य એ પદનો અર્થ 'જેની આલોચના કરી છે' એવો કઈ વિભક્તિ અને કયો સમાસ ધારીને કર્યો હશે તે તો તેનું મનજ જાણે, કેમકે સામાન્ય સમાસચક્રના અભ્યાસવાળો મનુષ્ય પણ क्त પ્રત્યયના પ્રયોગે કર્ત્તામાં તૃતીયા વિભક્તિ કરે, પણ એમ સીધી રીતે કરવા જાય તો આલોચનાનો કર્ત્તા દીક્ષાર્થિને લેવો પડે અને તે પ્રવચનકારને પાલવ્યું નહિ. જેણેની જગો પર જેની એમ કરી નાખ્યું.

૯ જો પ્રવચનકારે શ્રી મલયગિરિજી મહારાજની તેજ ગાથાની ટીકા જોઈ હોત તો प्रयुक्तालोचनाय એ પદ નજરે આવત તો તેમને કદાચ તૃતીયાગર્ભિત બહુવ્રીહિની સમજણ પડત અને આલોચના દેનાર તરીકે જે સામાયિકાર્થી કર્ત્તા છે તે જાણવામાં આવત.

૧૦ આ ચારે ટીકામાંથી વાચક જોઈ શકશે કે પરીક્ષા શબ્દ નથી તેમ પરીક્ષાનું નામનિશાન નથી. ચારે ટીકાથી વાંચકોને ચોક્કસ માલુમ પડશે કે દીક્ષાર્થિ પોતાની આલોચના જે દોષને પ્રગટ કરવારૂપ છે અથવા આત્માનું સ્વરૂપ પ્રકાશવારૂપ છે તે કરે એટલે ગુરૂ મહારાજ અવલોકન કરે અને નિશ્ચય કરે, એટલા માટે તો મલધારીજી आलोचिते आलोकिते विज्ञाते એમ અનુક્રમે જણાવે છે.

૧૧ શ્રી કોટ્યાચાર્ય મહારાજ અને મલધારીજીની વૃત્તિ જોનારને સ્પષ્ટ માલમ પડશે કે જે આલોચના કહેવાથી જે યોગ્યતા દેખવાની દીક્ષાના પ્રસંગમાં અહિં જણાવી છે તે એજ કે નપુંસકાદિ નથી, અનાર્ય દેશનો નથી, ઉષ્ણાદિથી ગભરાય તેમ નથી અને રોગી કે આળસુ નથી અને આજ કારણથી શ્રી હરિભદ્રસૂરિજી ભગવાન તથા શ્રી મલયગિરિજી મહારાજ છેવટે ઈતિભાવ કહેતાં જેઓને દીક્ષાનો નિષેધ છે તેઓને દીક્ષા ન આપવી એમ સ્પષ્ટ જણાવે છે.

૧૨ વાંચકો જોઈ શકશે કે મલધારીજી મહારાજ પણ આલોકન અને નિશ્ચયના ફલિતાર્થ તરીકે બાલાદિદોષરહિતપણુંજ યોગ્યતા માટે લે છે, અને નપુંસકાદિ અઢાર દોષવાળાને મુખ્યપદે દીક્ષા ન હોય માટે તે પરીક્ષાની કોઈ ના પાડતું નથી અને પાડે પણ નહિ.

૧૩ શાસ્ત્રકારો નપુંસકાદિ ન હોવાને માટે ગીતાર્થની પૃચ્છામાં સાથે જણાવવાનું કહે છે કે તેના સ્થાનાદિના પ્રશ્નોત્તર પછી જણાવે છે કે હમારે નપુંસકાદિને દીક્ષા આપવી કલ્પતી નથી અને એમ જણાવવાથી તે સ્થિતિ ગીતાર્થ પારખી શકે અને આજ મુદ્દાને અનુસારે સર્વ ટીકાકારો નપુંસકાદિ અને બાલાદિ દોષો રહિતપણું જણાવે છે. પરીક્ષાની મુદત તો પ્રવચનકાર અહીં ઘુસેડી દે.

## આદિ શબ્દથી અનર્થક આળ

વાચકોએ ધ્યાનમાં રાખવાનું છે કે ખરો મુદો પરીક્ષાની મુદતના નિયમનો છે પણ પરીક્ષા સામાન્યનો નથી. સામાન્ય રીતે દીક્ષાર્થિની નપુંસકાદિ ન હોય એવી પરીક્ષાનો કોઈ નિષેધ કરતું નથી અને કર્યો પણ નથી, છતાં પ્રવચનકાર નપુંસકાદિ કે બાલાદિરહિતપણાથી જણાવેલી

યોગ્યતાની આગલ જઈ પોતાની ધારેલી છ માસની મુદતવાળી અહીં પરીક્ષા ઘુસેડવા માગે છે તેનો વિચાર કરવાનો છે. પ્રવચનકાર **सर्वस्यविधेः कस्त्वं को वा ते निर्वेदः ? इत्यादि प्रश्नादेराक्षेपः**- ઈતિ આ વાક્યનો શબ્દાર્થ કરતાં "ઈત્યાદિ પ્રશ્નઆદિ સઘલાજ વિધિનું અહીં સૂચન થાય છે" એમ કહી ભાવાર્થ જણાવતાં 'સઘલા વિધિનો આક્ષેપ કરતાં પ્રશ્ન જે આદિ શબ્દ છે તે કથા અને પરીક્ષા આદિને સૂચવનાર છે, એમ જણાવે છે તે ઉપર વિચાર કરીએ. વાંચકોએ વસ્તુસ્થિતિ સમજવા માટે એટલું સમજવું જરૂરી છે કે અહીં જે બે પ્રશ્નો દીક્ષાર્થિને પૂછવાના જણાવ્યા છે. તું કોણ છે ? અને તને વૈરાગ્યનું કારણ શું છે ? આ પ્રશ્નોની સાથે ત્રીજો પ્રશ્ન શ્રી પંચવસ્તુમાં શ્રી હરિભદ્રસૂરિજી તથા અન્ય શાસ્ત્રકારો જણાવે છે કે તું શામાટે દીક્ષા લે છે ? આ વાતને સમજતાં વાંચકો સ્પષ્ટ સમજી શકે તેમ છે કે પ્રશ્નની આદિમાં જે ઈત્યાદિ શબ્દ છે તે આ ત્રીજા શાસ્ત્રકારોએ જણાવેલા થાય એટલુંજ નહિ પણ શાસ્ત્રકારો જણાવે છે કે હું તગરા નગરીનો કુલપુત્રક છું યાવત્ અશુભ એવા ભવના ક્ષયને માટે દીક્ષા લઉં છું એમ જણાવે તો તેને દીક્ષા દેવી. અર્થાત્ પ્રશ્નની સાથે આ ઉત્તરો હોય તોજ દીક્ષા દેવાલાયક છે એમ જણાવેલું હોવાથી ઉત્તરોના વ્યાજબીપણા માટે આદિ શબ્દ હોય તે સ્વાભાવિક છે. આવી રીતે બન્ને જે **इत्यादि** અને **प्रश्नादेः** એ બે સ્થાને આદિ શબ્દનો ખુલાસો છતાં અને છમાસની પરીક્ષાની વાત પણ આવી શકે તેવી નથી છતાં પ્રવચનકારને **इत्यादि**નો આદિ શબ્દ તો સૂઝ્યોજ નહિ. ખરી રીતે જો પ્રવચનકારને **इत्यादि**નો આદિ શબ્દ પ્રશ્નને લાગુ પડયો છે તે જો સૂઝ્યો હોત તો પછી પ્રશ્ન પછીનો આદિ શબ્દ છે તેની વ્યાખ્યા તે પ્રશ્નોના ઉત્તરો લેવામાં વપરાયેલો છે એમ સમજી શકત, પણ આ તો પ્રશ્ન પહેલાનો આદિ શબ્દ તો ખાઈ ગયા અને પ્રશ્ન પછીના આદિ શબ્દનો ઉત્તરો માટે ઉપયોગ ન કરતાં કલ્પિત રીતે જુઠો ઉપયોગ કર્યો હોતજ નહિ. અર્થાત્ પ્રવચનકારે પ્રશ્નાદિના આદિ શબ્દની જુઠી વ્યાખ્યા કરી ઈત્યાદિનો આદિ શબ્દ પડતો મૂક્યો એજ આશ્ચર્ય.

પ્રવચનકારને આગ્રહને લીધે એટલું પણ ધ્યાનમાં ન રહ્યું કે આ આલોચના પછીની ગુરુની આલોકના પછી તો વિનય આદિ ગુણો જોવાના શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે તો પછી શું તમારી અપેક્ષાએ છમાસની પરીક્ષા અહિંજ આવી જાય તો શું વિનય ગુણ છે કે નહિ એ જોવાનું રહે ખરૂં?

આ લેખના તત્ત્વભૂત મુદ્દાઓ આ પ્રમાણે છેઃ-

૧ આલોચનાદ્વારમાં કર્તા સામાયિક માટે આવેલા ગૃહસ્થ કે સાધુ છે પણ પ્રવચનકારના કહેવા મુજબ ગુરુ નથી.

૨ પ્રયુક્તાલોચન એ પદ શિષ્યને લાગે છે પણ પ્રવચનકારના કહેવા મુજબ ગુરુને લાગુ નથી.

૩ ટીકાનો અર્થ કરતાં પ્રવચનકારે બે જગો પર પણ શબ્દો કલ્પિત અને ખોટા જોડેલા છે.

૪ વિધિમુખે કહેવાયેલ અર્થજ નિષેધમુખે કહેવાયેલ છે તેને પ્રવચનકારે ભેળવી દીધો છે.

૫ પ્રયુક્તાલોચનનો અર્થજ ખોટો અને વિભક્તિ અને સમાસની વિરૂદ્ધ છે.

૬ આલોચના પછી આલોકના કરી નપુંસકાદિ ન હોય એજ જોવાનું છે.

૭ ઈત્યાદિના આદિ શબ્દની વ્યાખ્યા પ્રવચનકાર ભૂલી ગયા છે.

૮ પ્રશ્નાદિમાં જે આદિ શબ્દ છે તેની વ્યાખ્યા પ્રવચનકારે ખોટી કરે છે.

# આવશ્યકસૂત્ર અને તેની નિર્યુક્તિ

(અનુસંધાન પા. ૨૦૬ થી ચાલુ)

**દશવૈકાલિક આદિ કરતાં આવશ્યકની નિર્યુક્તિ પ્હેલી કેમ ?**

આજ કારણથી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીને જોકે શેષ, દશવૈકાલિક વિગેરેની નિર્યુક્તિ કરવી હતી, તોપણ તએઓ આવશ્યકનીજ નિર્યુક્તિ પહેલી કરી, અર્થાત્ ઉત્તરાધ્યયન અને આચારાંગ જેવા મૂળસૂત્ર, અંગપ્રવિષ્ટસૂત્ર અને છેદસૂત્રની નિર્યુક્તિ રચવા કરતાં પહેલાં આવશ્યકની નિર્યુક્તિ રચવાનું નક્કી કર્યું, અને ઉદ્દેશ, નિર્દેશ વિગેરે ઉપોદઘાત નિર્યુક્તિના સર્વ દ્વારો મૂલ આવશ્યક નિર્યુક્તિમાં જ સવિસ્તર કહ્યાં અને તેજ નિર્યુક્તિ બીજા સૂત્રોમાં પણ ગ્રહણ કરવા લાયક ગણીને उवधाइयं च नाउं વિગેરે આવશ્યકની ઉપોદઘાત નિર્યુક્તિને દરેક સૂત્રની નિર્યુક્તિમાં પહેલાં જાણવા લાયક જણાવી, અર્થાત્ શ્રુતકેવલી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ અભ્યાસની અપેક્ષાએ આદિમાં રહેલા આવશ્યકનીજ પહેલી નિર્યુક્તિ કરી અને તેમાં પણ સર્વ સૂત્રોની માફક આવશ્યકના પણ શેષ અધ્યયનોમાં सेसेसुवि अज्झयणेसुहोइ एसेव निज्जुति એમ કહી ભાષ્યકાર મહારાજે સામાયિકઅધ્યયનની ઉપોદઘાતનિર્યુક્તિને શેષ ચતુર્વિંશતિ આદિ અધ્યયન અને દશવૈકાલિક આદિ સૂત્રોમાં તે સામાયિકની ઉપોદઘાતનિર્યુક્તિને પ્રથમ જાણવાની ભલામણ કરી.

**નિર્યુક્તિમાં બીજું મંગલ કેમ ?**

અને આજ કારણથી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ आभिनिबोहिय नाणं વિગેરે કહી આવશ્યકસૂત્રને અંગે પાંચજ્ઞાનના કથનરૂપ મંગલાચરણ કર્યા છતાં ઉપોદઘાતનિર્યુક્તિની શરૂઆતમાં तित्थयरे भगवंते વિગેરે પાઠથી ભગવાન્ મહાવીર મહારાજા, શેષ સર્વ તીર્થંકરો, ગણધર મહારાજા, તેમની પરંપરા, વાચકો અને તેમની પરંપરા અને પ્રવચનને નમસ્કાર કરી જુદું અને મોટું મંગલાચરણ કર્યું, તે એમ જણાવવા માટે કે આ સામાયિકની ઉપોદઘાતનિર્યુક્તિ જો કે આવશ્યકનિર્યુક્તિના એક અંશ તરીકે છે, તોપણ તે એક જુદા શાસ્ત્ર જેવીજ છે. આ વાત ચૂર્ણિકાર અને ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરે ટીકાકારોએ પણ ચોકખા શબ્દોમાં જણાવી છે, અને આજ કારણથી દશવૈકાલિક વિગેરે શાસ્ત્રોની નિર્યુક્તિઓમાં ઉદ્દેશાદિ દ્વારોનું મૂળ સ્વરૂપ કે તેનો સંપૂર્ણ અધિકાર ન લેતાં માત્ર તે તે સૂત્રોની વિશેષ હકીકતનેજ તે તે સૂત્રોની નિર્યુક્તિમાં ભગવાન્ નિર્યુક્તિકાર જણાવે છે.

**અંગોપાંગ સંયુક્ત નિર્યુક્તિનું સ્થાન આવશ્યક**

વળી પ્રાચીનકાલના મહર્ષિઓએ સર્વ અંગોપાંગ સહિત જો કોઈ સૂત્રની પણ નિર્યુક્તિ કરી હોય અને વ્યાખ્યા કરી હોય તો તે માત્ર આ આવશ્યકની નિર્યુક્તિ અને વૃત્તિ છે.

**મ્હોટા પ્રમાણના સાહિત્યનું સ્થાન**

વળી અંગ અને ઉપાંગોની પૂર્વધર આચાર્ય મહારાજાઓએ ચૂર્ણિઓ રચી છે, પણ તે અંગ ઉપાંગની ચૂર્ણિઓમાં મોટું પ્રમાણ જો કોઈપણ સૂત્રની ચૂર્ણિનું હોય તો તે કેવળ આ આવશ્યકની ચૂર્ણિનુંજ છે, અંગ અને ઉપાંગ ઉપર કોઈપણ

આચાર્યે ભાષ્ય કરેલું નથી, જ્યારે એ આવશ્યકસૂત્રના એક સામાયિકઅધ્યયન ઉપર ભગવાન્ જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ સાડીચાર હજાર ગાથા જેવડા મોટા પ્રમાણવાળું ભાષ્ય રચેલું છે.

**નહિ છપાયેલી ભાષ્યગાથાઓ -**

(જો કે કાશીમાંથી છપાએલા વિશેષાવશ્યક એટલે સામાયિકઆવશ્યકના ભાષ્યની ગાથાઓ માત્ર ૩૩૦૦ લગભગની છે, છતાં તેના ઉપર ભગવાન્ મલધારી શ્રી હેમચંદ્રસૂરિજીએ કરેલી અને તેજ કાશીવાળાઓએ છપાવેલી ટીકામાં કહેલી સંખ્યાને જોનાર અને સમજનાર મનુષ્ય વિશેષાવશ્યક એટલે સામાયિકઆવશ્યકના ભાષ્યની ગાથા ૪૫૦૦ થી વધારે છે એમ માન્યા સિવાય રહી શકશે નહિ. ને તે ન્યૂન ગાથાઓની પૂર્તિને માટેજ રતલામની શ્રી ઋષભદેવજી કેસરીમલજી નામની શ્વેતાંબર સંસ્થાએ શ્રી નંદીસૂત્રની ચૂર્ણિ અને હારિભદ્રીય વૃત્તિ બહાર પાડતી વખતે અમુદ્રિત અને મલધારી મહારાજે અતિદેશથી જણાવેલી ગાથાઓનું પૂનાની મૂળ આવશ્યકની પ્રત ઉપરથી ઉદ્ધરીને પ્રગટ કરી છે.)

**વાર્તિકથી શોભેલું આવશ્યક**

ભગવાન્ જિનભદ્રગક્ષિમાશ્રમણજીએ જે આ સામાયિક ઉપર મોટા પ્રમાણમાં વિવેચન કર્યું છે તેને અંગે ભાષા, વિભાષા અને વાર્તિક એ ત્રણ ભેદે જણાવાતી વ્યાખ્યામાં જે વાર્તિક નામની વ્યાખ્યા શ્રુતકેવલીઓજ કરી શકે, તેવું વાર્તિક એવું આ ભાષ્યનું સ્થાન કોટ્યાચાર્ય મહારાજે પોતાના વિવરણમા સ્પષ્ટ શબ્દોથી જણાવ્યું છે.

**મ્હોટામાં મ્હોટી ટીકાવાળું આવશ્યક**

વળી ભગવાન હરિભદ્રસૂરિજીએ આજ આવશ્યક સૂત્ર ઉપર ૮૪,૦૦૦ શ્લોક પ્રમાણની અત્યંત મોટી ટીકા રચેલી હતી અને તેથી જ વર્તમાન કાળમાં ઘણીજ સુલભ એવી પોતાની ૨૨૦૦૦ શ્લોકવાળી ટીકામાં સ્પષ્ટપણે જણાવે છે કે **यद्यपि मया तथान्यैः कृतास्य विवृतिः** અર્થાત્ આ આવશ્યકસૂત્રની બીજા આચાર્યોએ ટીકા રચેલી છે અને મેં પણ મોટી એટલે આ ૨૨૦૦૦ શ્લોકવાળી ટીકાની અપેક્ષાએ યથાર્થ રીતે સંભવતી ૮૪૦૦૦ શ્લોકની ટીકા કરી હતી, અર્થાત્ કોઈપણ અંગ કે ઉપાંગ વિગેરે ઉપર આટલી બધી મોટી ૮૪૦૦૦ શ્લોક પ્રમાણવાળી ટીકા થવાનું માન હોય તો તે ફક્ત આ આવશ્યકસૂત્રનેજ છે.

**ભાષ્યાદિથી શણગારાયેલું આવશ્યક**

વળી આચારાંગ આદિ સૂત્રો ઉપર એક પણ જાતનું ભાષ્ય તેવા રૂપે લખાયું નથી, જ્યારે આ આવશ્યકસૂત્ર ઉપર મૂળ ભાષ્ય, ભાષ્ય અને વિશેષાવશ્યકભાષ્ય એવી રીતે ત્રણ ત્રણ જાતના ભાષ્યોથી જો કોઈપણ સૂત્ર અલંકૃત થયું હોય તો તે કેવળ આ આવશ્યકસૂત્રજ છે.

**અનેક આચાર્યની ટીકાદિથી શોભતું આવશ્યક**

વળી વર્ત્તમાન કાળમાં જો કે શ્રી કલ્પસૂત્ર અને શ્રી ઉત્તરાધ્યયન ઉપર પ્રતિવર્ષ વાંચનને લીધે અને વધારે ભાગ કથામય હોવાને લીધે ઘણી ટીકાઓ ઉપલબ્ધ થાય છે, પણ પંદરમી સદીથી પહેલાંના આચાર્યોની કૃતિને વિવિધતાની તપાસ કરીએ તો માત્ર આવશ્યકસૂત્રને પ્રાચીન મહર્ષિઓના વિધવિધ વિવેચનોથી અલંકૃત થવાનું સ્થાન મળે છે.

**વિશિષ્ટ કથાઓનું મૂળ આવશ્યક**

વળી જ્ઞાન જ્ઞેયના નિરૂપણદ્વારાએ દ્રવ્યાનુયોગની મહત્તાને પકડી રાખીને પ્રથમાનું યોગનું સ્થાન કોઈપણ ગ્રંથે સામાન્ય રીતે મેળવ્યું હોય તો તે આવશ્યકસૂત્ર જ છે, અને તેથી એમ હરેક

વાચકને માલમ પડશે કે અન્ય અંગ ઉપાંગ વિગેરેની વ્યાખ્યાઓમાં આવતી ધર્મકથા કે ચરિત્રકથાની જડ આ આવશ્યકસૂત્રમાંજ છે, એટલે જેમ નિર્યુક્તિ વિગેરે અનેક અને વિસ્તીર્ણ વ્યાખ્યાદ્વારાએ જેમ આવશ્યકસૂત્રની મહત્તા છે, તેમ પ્રથમાનુયોગની કથાને લાયકના મૂળ સ્થાન તરીકે આ આવશ્યકની વ્યાખ્યા જ શોભા લઈ શકે તેમ છે.

## આવશ્યકની વ્યાખ્યા માટે જુદું સ્વતંત્ર સૂત્ર

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે કોઈપણ સૂત્રની વ્યાખ્યા માટે અન્ય આખું સૂત્ર રચવામાં આવ્યું હોય તો તે માત્ર આવશ્યકનેજ આભારી છે કેમકે આ સામાયિકઆદિ છ આવશ્યકો અને તેની ઉપોદ્ઘાત નિર્યુક્તિની સ્પષ્ટતાને માટેજ આખા અનુયોગદ્વારસૂત્રની રચના છે.

## નિર્યુક્તિ માનવાની આવશ્યક્તા

આ ઉપરથી જેઓ તીર્થંકર ભગવાને કહેલા નિર્યુક્તિઆદિ રૂપ અર્થને ન માનતાં ગણધર મહારાજાઓએ રચેલા સૂત્રનેજ માને છે તેઓને બારીક દૃષ્ટિથી અને શુદ્ધ બુદ્ધિથી અને શુદ્ધ દૃષ્ટિથી અનુયોગદ્વારને અવલોકન કરવાની જરૂર છે. જો કે **सुत्तत्थो खलु पढमो बीओ निज्जुत्तिमिसीओ भणिओ** એવા શ્રી ભગવતીજી અને નંદીસૂત્રના વચનથી તેમજ શ્રી નંદીસૂત્ર અને સમવાયાંગમાં સૂત્રોના સ્વરૂપને દેખાડતાં **निज्जुत्तिओ** એવા સ્પષ્ટપણે કહેલા પદથી કેવળ સૂત્ર માનનારને પણ તે તે સૂત્ર અસ્ખલિતપણે માનવું હોય તો નિર્યુક્તિને માન્યા સિવાય છુટકો થવાનોજ નથી, તોપણ આ અનુયોગદ્વારસૂત્ર તો, આવશ્યકની ઉપોદ્ઘાત નિર્યુક્તિની જમીન તરીકે કલ્પના કરીએ તો અનુયોગદ્વારસૂત્ર એ માત્ર તેની ઉપરનો મહેલજ છે, અર્થાત્ સૂત્રને માનીને નિર્યુક્તિને નહિ માનનારા મનુષ્યો માત્ર મહેલને માને અને જમીનની હયાતિ નાકબુલ કરે એના જેવીજ દૃષ્ટિવાળાજ ગણાય.

## સૂત્રનું સ્થાન લેનાર ગાથાવાળી નિર્યુક્તિ

વળી શ્રી નંદીસૂત્ર કે જેમાં પાંચ જ્ઞાનની વિસ્તારે વ્યાખ્યા છે. અને દરેક સૂત્રની વ્યાખ્યા કરતી વખતે મંગલ અને સંબંધ માટે પ્રથમ તે નંદીસૂત્રની વ્યાખ્યા કરવાની જરૂર એક પક્ષે ગણાએલી હતી, છતાં ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ **आभिनिबोहिय नाणं** વિગેરે ગાથાઓથી પાંચે જ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ આવશ્યકની આદિમાં આલેખેલ હોઈ. નંદી અધ્યયનના પાઠનું મંગલાચરણમાં અનિયમિતપણું જણાવી દીધું, અર્થાત્ નંદીના અધ્યયનનો આદિ વ્યાખ્યા નિયમ જો કોઈપણ ફેરવવામાં સબળ હેતુ હોય તો તે આ આવશ્યકના પાંચ જ્ઞાનરૂપ નંદીનું વિવેચનજ છે એમ કહી શકાય.

## મૂલસૂત્રોમાં નિર્યુક્તિની ગાથાઓ -

વળી એક સૂત્રમાં બીજા સૂત્રનો અતિદેશ जहा વિગેરે શબ્દોથી કરાય છે એ વાત સુપ્રસિદ્ધજ છે, પણ નિર્યુક્તિનું નામ લીધા સિવાય સૂત્રના ચાલુ ક્રમમાં જો કોઈપણ ગાથાઓ નિર્યુક્તિની ધારણ કરવામાં આવી હોય તો તે આ આવશ્યકનિર્યુક્તિનીજ છે, અને આ વાત આવશ્યકનિર્યુક્તિના અવધિજ્ઞાનના અધિકારને વાંચીને, શ્રી નંદીસૂત્રના અવધિજ્ઞાનના અધિકારને વાંચનારો મનુષ્ય સહેજે સમજી શકે તેમ છે અને તેથીજ નંદીસૂત્રના ટીકાકાર ભગવાન્ મલયગિરિજી મહારાજ વિગેરે તે અવધિજ્ઞાનની કેટલીક ગાથાઓ આવશ્યકનિર્યુક્તિની ગાથામાંથી લીધી છે એમ ચોકખા શબ્દોમાં જણાવે છે. વળી શ્રી સ્થાનાંગસૂત્ર તથા શ્રી અનુયોગદ્વારસૂત્રમાં **इच्छामिच्छातहक्कारे** એ વિગેરે આપવામાં આવેલી દોઢ ગાથા તે સ્વતંત્ર આવશ્યકનિર્યુક્તિના

કાલઉપક્રમના અધિકારમાં સામાચારી ઉપક્રમને અંગે રચાએલી છે તેજ છે, અને તેથીજ બંને ઠાણાંગ અને અનુયોગદ્વાર સુત્રોમાં उपसंपया य काले એમ કહી કથંચિત્ નિરર્થક એવા કાલે શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જો કે सिद्धस्य गतिश्चिंतनीया એ ન્યાયને અનુસરીને કાલે પદની વ્યાખ્યા કરતાં યોગ્ય કાલે ઉપસંપદ લેવી એમ અર્થ કરવામાં આવે છે, પણ ઇચ્છામિચ્છાદિક સામાચારીઓ પણ યોગ્ય કાલે જ હોય છે. યોગ્ય કાલ સિવાય તો તે ઇચ્છામિચ્છાદિક સામાચારીઓ પણ હોતી નથી, માટે ઉપસંગપદને વિષે કાલે એ વિશેષણ લગાડવું તે सिद्धस्य गतिश्चिंतनीया એ ન્યાયને અંગેજ કહેવાય.

## નિર્યુક્તિ અંગ વગેરેમાં કુલ ગણ અને નિહ્નવોની વક્તવ્યતા કેમ ?

જો કે સામાન્ય રીતે સર્વ શ્વેતાંબર સંપ્રદાયવાળાઓ આવશ્યકસૂત્રની નિર્યુક્તિને એક સરખી રીતે માન આપે છે. અને શાસ્ત્રીય વિષયના નિર્ણયનો આધાર ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીની પહેલાં શાસન ધુરંધર મહાપુરુષોના વચન કહેવા ઉપરજ રહેતો હતો, અને તેથીજ ગોષ્ઠામાહિલના અધિકારમાં દુર્બલિકાપુષ્પમિત્ર સરખા નવ પૂર્વને ધારણ કરનાર અને અગાધ બુદ્ધિવાળા આચાર્યે બદ્ધ અને અબદ્ધ કર્મના અધિકારમાં પોતે નિરૂપણ કરેલ સિદ્ધાંતની પ્રમાણિકતા માટે અન્ય ગચ્છીય સ્થવિરોને પૂછવાનું ઉચિત ગણ્યું હતું, અર્થાત્ શાસન ધુરંધરોના વચનને આધારેજ સત્પક્ષ કે અસત્પક્ષનો નિર્ણય થતો હતો, પણ ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ તે વખતના મુખ્ય મુખ્ય આચાર્યોને એકઠા કરી સિદ્ધાંત કરવાનું કાર્ય એટલે સત્પક્ષ કે અસત્પક્ષપણાના નિર્ણયનું કાર્ય લખેલ પુસ્તકને આધીન કરી सिध्धांतः पुस्तकीकृतः અર્થાત્ જે સિદ્ધાંત પુસ્તકને આધીન ન હતો તે પુસ્તકને આધીન કર્યો, તેથી આગમોને પુસ્તકમાં લખાવ્યાં અને તેથીજ આગમોમાં ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી પહેલાં થએલા નિહ્નવો તથા ગચ્છો, કુલો અને ભગવાનની પાછળ રચાએલા નંદી, પન્નવણાજી વિગેરે શાસ્ત્રોની સાક્ષીઓ અંગ સરખા ગણધરકૃતસૂત્રોમાં સંક્ષેપઆદિ કારણને અંગે ધરવામાં આવી. જો કે તેમાં પણ પૂર્વે જણાવેલ રીતિએ અભ્યાસક્રમને તો ઓળંગવામાં આવેલો નથી, અને તેથીજ આચારાંગ વિગેરેમાં સૂગડાંગ વિગેરેની કે સૂગડાંગ વિગેરેમાં ઠાણાંગ વિગેરેની ભલામણો जहा, एवं કે जाव વિગેરે શબ્દોથી કરવામાં આવેલી જ નથી, પણ અભ્યાસક્રમમાં આગળ આગળ આવતા ગ્રંથોમાં પાછળના ગ્રંથો મૂળસૂત્રરૂપ હોય, નંદીઆદિ રૂપ હોય કે ઉપાંગઆદિ રૂપ હોય તો પણ તેની ભલામણો સંક્ષેપ આદિ કારણને અંગે સ્થાને સ્થાને કરવામાં આવેલી છે, અને તેથીજ જ્ઞાતાજી, ઉપાસકદશાંગ વિગેરે અંગો जाव વિગેરે ભલામણોના શબ્દોથીજ ઘણા ભરાએલા છે, એટલે ટુંકાણમાં એમ કહીએ તો ચાલે કે ભગવાન્ જિનેશ્વર મહારાજનું શાસન કેવલી મહારાજે કહેલા તત્વ તરીકે પ્રમાણ ગણાયા છતાં સૂત્રના પુસ્તકોની અપેક્ષાએ તો ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીના પ્રયત્નનીજ પ્રમાણિકતા ગણી શકાય.

## સિદ્ધાન્તોનું જિનભાષિતપણું

જો કે ભગવાન્ દેવર્ધિગણિક્ષમાશ્રમણજીએ સૌરાષ્ટ્ર દેશના વલ્લભીપુર (વળા) માં તે આગમો પુસ્તકારૂઢ કર્યા છતાં તે આગમોમાં રીતિ, ભાતિ, પરિભાષા કે વર્ણન વિગેરે સર્વ મગધદેશના એટલે ભગવાન્ મહાવીર મહારાજના વખતનાજ રાખેલાં હોઇને લાખની સંખ્યાને સ્થાને શતસહસ્ર જેવા અનેક મગધદેશીય શબ્દો કે જે ભગવાન્ મહાવીર મહારાજના સમકાલીન થયેલા એવા બૌદ્ધ મતના શાસ્ત્રોમાં જેવા દેખાય છે તેવા ઉપલબ્ધ થાય છે.

## દિગંબર શાસ્ત્રોની કલ્પિતતા

અને જેમ દિગંબરના શાસ્ત્રો તેમના

આચાર્યોએ કલ્પિતપણે નવાં રચેલાં હોવાથી ભગવાન્ મહાવીર મહારાજાના અધિકારમાં તેમના સમાનકાલીન એવા આજીવકમત કે જેના પ્રવર્તકને આપણે ગોશાલો મંખલિપુત્ર કહીએ છીએ તે સંબંધી ઈશારો પણ લેવામાં આવ્યો નથી, અને ભગવાન્ મહાવીર મહારાજની વખતે ગોશાલો એક પ્રતિસ્પર્ધીમતને પ્રવર્તાવવાવાળો હતો અને જબરદસ્ત હતો એ વાત બૌધ્ધના સિદ્ધાંતોથી પણ સાબીત થઈ શકે છે, એટલું જ નહિ પણ શ્વેતાંબર જૈનશાસ્ત્રોએ ગોશાલાની જે દશા આરંભ, સમારંભાદિકને અંગે જણાવેલી છે, તે દશાએ ખરેખર ગોશાલો વર્તવાવાળો હતો એ વાત પણ બૌદ્ધના દીઘનિકાય વગેરે સૂત્રો સ્પષ્ટપણે જણાવે છે તેથી સુજ્ઞ મનુષ્યને તો જરૂર એમ માનવું જ પડશે કે ભગવાન્ દેવર્ધ્ધિગણિક્ષમાશ્રમણજીએ ખુદ ભગવાન્ મહાવીર મહારાજની મૂળ હકીકત જ સૂત્રમાં રજુ કરેલી છે, જ્યારે દિગંબરોને કલ્પિતપણે શાસ્ત્રો ઉભાં કરવાનાં હોઈ, તેમની ઉત્પત્તિ વખતે ગોશાલાનો મત વિચ્છેદ પામેલો કે વિચ્છેદ પામવા જેવો થયેલો હોવાથી તે સંબંધી કાંઈપણ લખ્યું નથી, અને પોતાની ઉત્પત્તિના જમાનાને અનુસરતું જ માત્ર સાહિત્ય દિગંબરોએ ગોઠવી કાઢ્યું છે.

## વર્તમાનસૂત્રો ઉપર આક્ષેપ કરનાર દિગંબરોનું વિતંડાવાદિપણું -

વર્ત્તમાનકાલીન કેટલાક દિગંબરો જિનેશ્વર ભગવાનના વર્ત્તમાનસૂત્રો ઉપર અઘટિત રીતે આક્ષેપો, તેની માન્યતા અને નિર્મૂલન કરવા માટે કરે છે, પણ તેઓ નથી સમજતા સૂત્રના વાસ્તવિક અર્થને અને નથી સમજતા જૈનમાર્ગના ઉત્સર્ગ અપવાદને અને યુક્તિના માર્ગને પણ ધ્યાનમાં લેતા નથી, અર્થાત્ ન્યાયની દૃષ્ટિએ જેમ પક્ષની સ્થાપના વગરના અને માત્ર પરપક્ષને દુષણ દેવાવાળા વાદ કરનારને જેમ વિતંડાવાદી કહેવામાં આવે છે, તેવી રીતે આ લોકો કેવળ વિતંડાવાદી જ બને છે.

## દિગંબરશાસ્ત્રોમાં જિનપ્રણીતપણાના અભાવનો તેઓએ કરાતો સ્વીકાર -

વર્ત્તમાન દિગંબરોની માન્યતા પ્રમાણે જે પણ તેમના શાસ્ત્રો છે તે બધામાં એકપણ વચન સર્વજ્ઞ એટલે ગણધર મહારાજનું કહેલું નથી, અર્થાત્ ગણધર મહારાજે કરેલાં શાસ્ત્રો તો સર્વે સર્વથા નાશ પામેલાં જ છે, અને તે ગણધર મહારાજના સર્વ શાસ્ત્રો નાશ પામ્યા પછી જ તેમના આચાર્યોએ જે ગ્રંથો રચ્યા તેજ ગ્રંથોને તે બિચારા અજ્ઞાન કે આગ્રહને આધીન થઈને સર્વજ્ઞના વચન તરીકે માનવા લાગ્યા છે, કેમકે જો તેઓ અજ્ઞાન કે આગ્રહને આધીન હોય તો મૂળરહિતપણે બનેલા છે એમ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યા અને જાણ્યા છતાં તે મૂળરહિત કલ્પિત ગ્રંથોને માનવા તૈયાર થાય જ કેમ ?

## આવશ્યક નિર્યુક્તિની ગાથાઓનું વ્યાજબી સૂત્રમાં સ્થાન

આ બાબત અહીંઆ વિસ્તારથી નહિ ચર્ચતાં અન્ય વખતે ચર્ચવા માટે મુલ્તવી રાખી, ચાલુ અધિકારમાં એટલું જ જણાવવાનું કે ભગવાન્ ગણધર મહારાજા વિગેરેએ કરેલાં સૂત્રોની વ્યવસ્થા ભગવાન્ દેવર્ધ્ધિગણિક્ષમાશ્રમણજીના પ્રયત્નને જ આભારી છે, અને તેને લીધે જ શ્રી આવશ્યક નિર્યુક્તિની ગાથાઓ શ્રી નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર અને ઠાણાંગ અને અનુયોગદ્વાર સરખા મૂળ સૂત્રોમાં સ્થાન પામે તેમાં આશ્ચર્ય નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૨૪)

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૫. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૬. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૭. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૮. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૧૯. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૦. વંદારુવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૧. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૨. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૩. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૪. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૫. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૨૬. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૮-૦ |
| ૨૭. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૨૮. બારસાસૂત્ર (સચિત્ર) (કમિશન વિના) | ...૧૨-૦-૦ |

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૨૯. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૦. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૧. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૨. વર્ણવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### નવીન ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ) | ૨-૦-૦ |
| ૨. ભગવતીજી (દાનશેખરીવૃત્તિ) | ૫-૦-૦ |
| ૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય) | ૬-૦-૦ |
| ૪. પર્યુષણા દશશતક | ૦-૧૦-૦ |
| ૫. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક) | |
| ૬. પુષ્પમાળા (ઉપદેશમાલા) | |
| ૭. વિશેષાવશ્યક ભાષ્ય (કોટ્યાચાર્યકૃત ટીકા) | |
| ૮. યતિદિનચર્યા | |

**પ્રાપ્તિસ્થાન**

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત. (ગુજરાત)



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# સત્પુરુષોના ચરિત્રને શ્રવણ કરવાનો મહિમા

❈❈❈❈

सुपुरिसचरियाइं मणम्मि कस्स न कुणंति गरुयपरितोसं ?।
सोहग्गनिहिस्स पुणो विसेसओ नेमिणाहस्स ॥१॥
नीसेसदुरियदलणक्खमाइँ नामक्खराइंवि गुरूणं।
सुद्धाइं परममंतोवमाइं किं पुण सचरियाइं ? ॥२॥

સામાન્ય રીતે સત્પુરુષનાં ચરિત્રો કયા વિવેકિમનુષ્યને અત્યંત હર્ષ દેનારાં થતાં નથી ? અર્થાત્ સર્વે વિવેકિલોકો સત્પુરુષોનાં ચરિત્રો સાંભળી તે સત્પુરુષોના જ્ઞાનાદિ, અહિંસાદિ, ક્ષમાદિ, તપઆદિ અને વેયાવચ્ચઆદિ ગુણોથી આશ્ચર્યચકિત થઈ પોતાનું અહોભાગ્ય માને છે, તો પછી શ્રીનેમિનાથજી ભગવાન્ કે જેઓ યુદ્ધશૂર વાસુદેવનો પણ હિંચોલે ચઢાવનાર અને સૌભાગ્યના ભંડાર હતા, તેઓનું ચરિત્ર અખંડ અને અદ્વિતીય એવા બ્રહ્મચર્યરૂપ રત્નના ભંડારરૂપ છે તેને સાંભળતાં વિવેકિપુરૂષો અનહદ આનન્દ પામે તેમાં કહેવું જ શું ? ॥૧॥ મહાપુરુષોના નામમાં આવતા અક્ષરો પણ જ્યારે સમસ્ત પાપના સંઘાતને નાશ કરવામાં જાપાદિદ્વારાએ શુદ્ધ પરમમંત્રરૂપ હોઈ સમર્થ થાય છે તો પછી પરમપુરુષના ચરિત્રની સાથે તેમના નામાક્ષરો સર્વ કર્મો દૂર કરે તેમાં આશ્ચર્ય શું ? ॥૨॥

આચાર્ય હેમચંદ્રસૂરિજી

ચતુર્થ વર્ષ અંક ૧૩

Registered No. B.3047




ચૈત્ર સુદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૬-૪-૧૯૩૬

## श्रीकृष्णनी कौशाम्बीनी भावना

न कयं वयं तया पुण मए अहन्नेण विसयगिद्धेण।
तेण सहेमि इहंपि हु दारूणदुक्खाइं एयाइं ॥१॥

( श्री हेमचन्द्रसूरीश्वर भवभावना )

**(શ્રીકૃષ્ણમહારાજે ચઉસરણાદિ અંગીકાર કરીને દુષ્કૃતની નિંદા કરતી વખતે વિચાર્યું કે) દ્વારકાની સંપૂર્ણ જાહોજલાલીની વખત નિર્ભાગિ એવા મ્હેં વિષયમાં આસક્ત[1] થઇને મહાવ્રતો-સાધુપણાનો અંગીકાર ન કર્યો તેથી આ ભવમાં પણ આ (ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગાદિનાં) દુઃખો હું ભોગવું છું.[2]**

(૧ શ્રીકૃષ્ણમહારાજ ક્ષાયિક સમ્યક્ત્વવાળા છતાં વિષયમાં આસક્તિ એજ દીક્ષા ન લેવામાં હેતુ જણાવે છે, માટે સમ્યગ્દૃષ્ટિને વિષયમાં આસક્તિ ન જ હોય એમ કહેનારા શાસ્ત્ર અને વસ્તુસ્વરૂપને કેમ માનતા હશે ? (અશક્તિ પણ આસક્તિના પ્રભાવની છે એ તો સ્પષ્ટ જ છે.)

(૨ ઘણી વખાણવા લાયક આરાધના છતાં અંત્યે લેશ્યાનો પરાવર્ત્ત ગતિ પલટાવનાર છે.)




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૩ | મુંબઈ તા. ૬-૪-૧૯૩૬ સોમવાર<br>ચૈત્ર સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

**श्री सिद्धचक्रस्तुतिः ।**

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ।।૧।।

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### તીર્થંકર ભગવાનને રાજ્યઋદ્ધિ હોવી જ જોઈએ

ઈંદ્રમહારાજાએ કેવળ ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક કર્યો એટલુંજ નહિ, પણ શ્રીપર્યુષણાકલ્પસૂત્રમાં ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી જેમ તીર્થંકરોનું રાજન્ય વિગેરે કુલોમાં આવવું જણાવીને પણ રાજ્યશ્રીને કરવા અને પાળવાવાળાં તે કુલો હોવાંજ જોઈએ, તેમજ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજીના કરેલા વીતરાગસ્તોત્ર પ્રમાણે દરેક તીર્થંકરો નરેન્દ્રશ્રી એટલે રાજલક્ષ્મીને અનુભવવાળા હોવાજ જોઈએ એ નિયમને અનુસરીને રાજ્યાભિષેકની સાથે રાજ્યઋદ્ધિની જરૂરીઆત ઈંદ્ર મહારાજે ગણી હોય તે સ્વાભાવિક જ છે.

### શિષ્ટના પોષણ માટે ઋદ્ધિ -

દુષ્ટોના શિક્ષણને અંગે અને શિષ્ટોના પોષણને અંગે સાર્થક ગણાતું રાજ્ય મળે તો પણ તે સત્પુરુષોનું પોષણ કરવા સિવાય સાર્થક બની શકેજ નહિ, દુષ્ટોના શિક્ષણને માટે ઋદ્ધિની આવશ્યકતા ન હોય એમ માનીએ, જોકે તેમ સર્વથા માની શકાય તેમ તો નથીજ, કારણકે દુષ્ટોને ખોળવા માટે મનુષ્યો જોઈએ, દુષ્ટોના દુષ્ટપણાનો નિશ્ચય કરવા માટે પણ મનુષ્યો જોઈએ, દુષ્ટોને શિક્ષણ કરનારા પણ મનુષ્યો જોઈએ, તેમજ અત્યંત દુષ્ટોને દીર્ઘકાળસુધી અપરાધ નહિ કરવાની હાલતમાં રાખવા અને કરેલા અપરાધની શિક્ષા જે થાય તેની સંભાળ રાખનારા પણ મનુષ્યો જોઈએ, છતાં એ દુષ્ટોના દમનમાં તેટલી ઋદ્ધિની જરૂર ન હોય, એમ ગણીએ તોપણ શિષ્ટોના પોષણમાં ઋદ્ધિની ઘણીજ જરૂરીઆત રહે.

### છત્રાદિમાત્રથી રાજ્ય નહિ તેમ રાજા પણ નહિ

વાસ્તવિક રીતે તો રાજાશબ્દજ સામાન્ય રીતે છત્રાદિકરૂપી રાજ્યચિહ્નોના ઋદ્ધિને નહિ લાગતાં રાજ્યને લાયકની મહાઋદ્ધિને અંગેજ લાગુ કરી શકાય, કેમકે નાટકમાં રાજાનો વેષ ભજવનારા નાટકીઆઓ પણ છત્રાદિક ચિન્હો તો ધારણ કરેજ છે, અને તેથી જો છત્રાદિકચિન્હોથી રાજા કહેવામાં આવે તો સાચા રાજા અને નાટકીઆ રાજામાં કાંઈપણ ફરક રહે નહિ.

### ઈંદ્રમહારાજ રાજ્યઋદ્ધિ કેમ આપે છે -

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે તીર્થંકર મહારાજાઓ એટલા બધા પ્રબળપુણ્યના ઉદયવાળા હોય છે કે જેના પ્રભાવે ઈંદ્રમહારાજ સરખાઓ પણ તીર્થંકરમહારાજની ગર્ભથી આરંભીને સર્વ અવસ્થાઓમાં જેમ જેમ ઉત્તમતા જગતમાં જાહેર થાય તેવી રીતે સર્વ પ્રકારે ઉદ્યમો કરે છે. ધ્યાન રાખવાની જરૂર છે કે જેમ જગતમાં લાભાંતરાયના ક્ષયોપશમવાળા મનુષ્યને દાન આપવાની કે વસ્તુ *દેવાની દરેકને બુદ્ધિ થાય છે, તેવી જ રીતે પૂર્વભવમાં* વીસેસ્થાનકની કે એકાદિ ન્યૂન સ્થાનકની આરાધના

કરવા દ્વારાએ ઉપાર્જન કરેલા તીર્થંકરનામકર્મનાજ પ્રભાવે ઈંદ્ર અને બીજા દેવતાઓને ભગવાન્‌તીર્થંકરમહારાજની હરેક પ્રકારે હરેક અવસ્થામાં ભક્તિ કરવાનું મન થાય છે.

### સમ્યગ્દર્શનાદિથી નિર્જરા કે પુણ્યબંધ ?

સમ્યક્ત્વ, દેશવિરતિ અને સંયમથી જો કે કર્મની નિર્જરા થાય છે અને તેથી તે નિર્જરાનું કારણ મનાય છે અને તેની પ્રાપ્તિ પણ કર્મની અત્યંત નિર્જરા થવાથીજ બને છે, તોપણ તે સમ્ક્ત્વાદિને ધારણ કરનારા જીવો પુણ્યાનુબંધી પુણ્યને બાંધે છે, અને તે પુણ્યના ઉદયેજ તે સમ્ક્ત્વાદિને ધારણ કરનારા મહાનુભાવો ઉચ્ચ અને ઉચ્ચતર એવા દેવલોકોમાં જાય છે, એટલુંજ નહિ પણ તે સમ્યક્ત્વાદિને ધારણ કરનારા મહાનુભાવો જે દેવપણામાં એકપણ સામાન્ય શબ્દ કરે, તેટલામાં તેના પુણ્ય પ્રભાવે ઘણા દેવતાઓ સેવામાં હાજર થાય છે, અને ઘણા દેવતાઓ તેઓને વિનંતિ કરે છે કે આપનું વચન અમને ઘણુંજ પ્રિય લાગે છે અને તેથી આપ વારંવાર બોલો. તેવા દેવપણામાં જાય છે, પણ આવી સ્થિતિ સમ્યક્ત્વાદિ દ્વારાએ જેઓએ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેઓનીજ હોય છે.

### પુણ્યાનુબંધિ પુણ્યવાળા નર ભવની મનોહરતા

એવા પુણ્યાનુબંધી પુણ્યને બાંધનારા, સમ્યક્ત્વાદિને ધારણ કરનારા જીવો એકલા દેવતાના ભવમાંજ સમ્યક્ત્વાદિના ફળરૂપ પુણ્યાનુબંધી પુણ્ય ભોગવનારા હોય છે એટલુંજ નહિ, પણ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે આજાતિ એટલે દેવભવમાંથી ચ્યવીને જે મનુષ્યભવમાં આવવું તે પણ તેઓનું અત્યંત ઉત્તમ જ હોય છે.

### તીર્થંકર ભગવાનઆદિ નીચ કુલે કેમ ન આવે ?

અને તેથીજ તે સમ્યક્ત્વ વિગેરેને ધારણ કરનારા તીર્થંકર મહારાજ જેવા જીવો પુણ્ય ભવમાં આવવું થતાં પણ અંતકુલ, પ્રાંતકુલ, તુચ્છકુલ દરિદ્રકુલ, કૃપણકુલ, ભિક્ષાચરકુલ જેવાં તુચ્છકુલોમાં આવવું થતું નથી, છતાં કદાચ કોઈક તેવા મિથ્યાવાદિ દશામાં બાંધેલા નીચગોત્ર કે અંતરાયાદિ કર્મોને લીધે આવવું થાય તોપણ ઈંદ્ર કે બીજા દેવો તે સમ્યક્ત્વાદિ દ્વારાએ પુણ્યાનુબંધી પુણ્ય કરવાવાળા જીવોનું ગર્ભાવસ્થામાં પણ પરાવર્તન કરી નાખે છે. આ વસ્તુને બારીકદૃષ્ટિથી સમજનારો મનુષ્ય ભગવાન્ મહાવીર મહારાજના ગર્ભપરાવર્તનને અયોગ્ય કે અસંભવિત માની શકેજ નહિ.

### ગર્ભાપહાર એ આશ્ચર્ય કેમ ?

ભગવાન્ મહાવીર મહારાજનું થયેલું ગર્ભ પરાવર્તન આશ્ચર્ય તરીકે ગણાય છે. પણ તે માત્ર અર્હત્ આદિ ઉત્તમપુરૂષોની અપેક્ષાએજ છે. અર્થાત્ તેવા પુરૂષોનું ગર્ભનું પરાવર્તન થવું તે તો પુણ્યાનુબંધી પુણ્યના જોરથીજ હોય છે, પણ તેવા ઉત્તમપુરૂષોને મિથ્યાત્વ દશામાં બાંધેલાં નીચગોત્રાદિ કર્મો રહે અને કર્મોના તે ઉદયથી તેવા અંત કુલાદિકમાં આવવું પડે અને તેથીજ ઈંદ્રાદિકોને તે ગર્ભની પરાવૃત્તિ કરવાની ફરજ પડે એ આશ્ચર્ય છે. અન્યથા કોઈપણ પુણ્યશાળીની જીંદગીમાં કોઈપણ વખત, કોઈ તેવા પાપના ઉદયે અશુભ દશા હોય, પણ તે અશુભદશા ભોગવાઈ જતાં દેવાદિક દ્વારાએ શુભ દશા થાય તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી.

### ભગવાનના વિવાહમાં પુણ્યનોજ પ્રતાપ

આવી રીતે તીર્થંકર મહારાજાઓને પુણ્યાનુબંધી પુણ્યનો પ્રબળ ઉદય હોવાથી તેમની

ગર્ભદશાથી માંડીને સર્વદશામાં ઈંદ્ર મહારાજ વિગેરે સર્વ સાધનો મેળવી આપે છે. આ ઉપરથી ઈંદ્ર મહારાજે ભગવાન્ ઋષભદેવજીના વિવાહકાર્યમાં કરેલી પ્રવૃત્તિ તે તીર્થંકર મહારાજાઓના પુણ્યાનુબંધી ઉદયની પ્રબળતાને લીધેજ છે એમ સ્પષ્ટ સમજાશે, અને તેવીજ રીતે ભગવાન ઋષભદેવજીના તીવ્ર પુણ્યાનુબંધી પુણ્યના પ્રતાપે રાજ્યગાદી ઉપર રાજા થવાનો અભિષેક કરે, અને તેની સાથેજ રાજાને લાયકની સર્વ ઋદ્ધિસમૃદ્ધિ મેળવી દે તેમાં આશ્ચર્ય નથી.

**સંયમાદિવાળાને દશાંગનું પુણ્ય**

શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે સંયમઆદિ ધર્મને આરાધન કરનારો મનુષ્ય જ્યારે મનુષ્યપણામાં આવે ત્યારે તેને મિત્ર, જ્ઞાતિ વિગેરે દસે અવયવો સંપૂર્ણ હોય, એમ કહેવું એ બિન જરૂરી નથી કે ધર્મના પ્રતાપે જેવીરીતે આત્માની નિર્જરાદ્વારાએ શુદ્ધતા થાય છે, અર્થાત્ પાપકર્મનો ક્ષય થાય છે, તેવીજ રીતે તે ધર્મ દ્વારાએ કાયાદિયોગોની પવિત્રતા થવાથી પુણ્યબંધ પણ અનર્ગલજ થાય છે, અને તેવા અનર્ગલ બાંધેલા પુણ્યના ઉદયે મોક્ષની પ્રાપ્તિ થતાં સુધી તે પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવને અવ્યાહતપણે સુખના સાધનોની પ્રાપ્તિજ રહે છે.

**કેવલજ્ઞાન થયા પછી પણ પુણ્યનો પ્રભાવ**

આ વાત ધ્યાનમાં લેનારો મનુષ્ય ભગવાન્ તીર્થંકર મહારાજાઓ વીતરાગપણું મેળવી સર્વજ્ઞદશાને પામે છે. ત્યારે પણ દેવતાઓ ભગવાન્ તીર્થંકરોને સાતાવેદનીયના ઉદયમાં સાધનરૂપ અશોક વૃક્ષાદિ હંમેશાં હાજર રાખે છે. એકલા દેવતાઓ તીર્થંકર મહારાજના સાતાવેદનીયનાં સાધનો હાજર રાખે છે એટલુંજ નહિ, પણ

**કુદરતથી પણ જિનેશ્વરના પુણ્યે જગતને સુખ**

તે તીર્થંકર મહારાજના પ્રબળ પુણ્યાનુબંધી પુણ્યના પ્રતાપે કુદરત પણ લોકોની તીર્થંકર મહારાજના મહિમાને દાખવવા ઘણીજ અનુકૂળતા કરી આપે છે, અને તેથીજ તીર્થંકર મહારાજ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં મરકી, ઉપદ્રવ વિગેરે ન હોય, તીડ આદિની ઈતિઓ પણ ન હોય, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ પણ ન હોય, પોતાના દેશના લશ્કરનો કે પરદેશના લશ્કરનો પણ ભય ન હોય.

**ભીખમ પંથીયોનો ભયંકર ભોગ**

આ સ્થાને જેઓ બચાવવાથી બચેલા પ્રાણીઓનું જિંદગીભરનું પાપ બચાવનારને લાગે છે એમ માની બચાવવાનો નિષેધ કરે છે તેઓએ આવા તીર્થંકર નામકર્મને બંધાવનારા અરિહંતાદિકના આરાધનરૂપી વીસસ્થાનકને ખરેખર **શાપ આપવો** જોઈએ, અને ક્ષાયોપશમિકભાવે થએલા આરાધનના ફળ તરીકે આ અતિશયો માનવા જોઈએજ નહિ, પણ સૂત્રકારોએ તો આ ઉપર જણાવેલા મારી વિગેરે ઉપદ્રવો ન હોય તેને તીર્થંકર મહારાજના અતિશય તરીકે જણાવેલા છે.

**બચાવ કરવામાં શું છેલ્લી બે ક્રિયા ?**

**શાસ્ત્રોમાં** હણનાર અને હણવાના પ્રયત્નવાળાને તો પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાઓ શાસ્ત્રકારે કોઈ પણ સ્થાને માન્યું છે. પરંતુ કોઈપણ શાસ્ત્રકારે કોઈ પણ સ્થાને કોઈપણ જીવને બચાવવામાં પારિતાપનિકી કે પ્રાણાતિપાતિકી ક્રિયા થાય એમ માનેલું જ નથી, અને તેથીજ શાસ્ત્રના હિસાબે મરકી વિગેરે ઉપદ્રવના અભાવને અતિશય તરીકે મનાય તેમાં આશ્ચર્ય જ નથી.

**સંસાર મોચક વાદી કરતાં મોખરે ભીખમ પંથી**

એમાં આશ્ચર્ય તો તેઓનેજ લાગે કે જેઓ **સંસારમોચક** મતવાલાઓની પેઠે ખોટી માન્યતા ધરાવતા હોય સંસારમોચક મતવાળાઓ જેમ દુઃખી પ્રાણીઓને મારવાથી તેને દુઃખથી છોડાવ્યું ગણીને પરોપકાર માને છે, તેવી રીતે ભિખમ પંથના હિસાબે પણ મારનારને જો કે હિંસા નામનું પાપ લાગે, પણ મરનારો અઢાર પાપ સ્થાનકથી છુટે છે એમ ધારે તો તે ખરેખર પરોપકારીજ ગણાય, કેમકે

ભિખમજીના હિસાબે બચાવનાર મનુષ્ય બચેલા પ્રાણીના ભવિષ્યમાં કરાતા અઢારે પાપસ્થાનકનોં હેતુ હોય તો પછી મારનારો મનુષ્ય તે મરનાર પ્રાણીના ભવિષ્યમાં થનારા અઢારે પાપસ્થાનકને રોકનારો કેમ ન ગણાય ?

## મારનાર પાપને રોકનાર તથા નિર્જરા કરાવનાર કેમ નહિ ?

ભિખમજીના હિસાબે અઢારપાપસ્થાનકોને રોકવા માટે, તેમજ અકામનિર્જરાદ્વારાએ પણ તે મરનારા પ્રાણીનો કર્મનો ક્ષય થાય અને તેથી તે જલદી તરનારો થાય એમ ધારી તારવાની ઈચ્છાએ પણ મારવા તૈયાર થાય તો તેમાં આશ્ચર્ય જેવું નથી.

## શું ગુણવાળાને મારવાથી વધારે લાભ નહિ?

વળી ભિખમજીના હિસાબે જેમ જેમ વધારે ગુણવાન્ હોય તેમ તેમ તેને વધારે દુઃખ દેવું તે ઉચિત ગણાય, કેમકે ગુણહીન મનુષ્યો કોઈપણ પ્રકારનું દુઃખ આવે ત્યારે અશુભપરિણામથી કર્મબંધ પણ કરે, છતાં કદાચ નિર્જરા કરે તોપણ તે અકામનિર્જરાજ હોય, પણ ગુણવાળા મનુષ્યને તો દુઃખ આવતાં સકામનિર્જરાજ હોય અને જેમ જેમ દુઃખ વધારે આવે તેમ તેમ તે ગુણવાન્ મનુષ્યને અધિકસકામ નિર્જરા પ્રાપ્ત થાય, માટે તેવી રીતે ગુણવાનને અધિક સકામ નિર્જરા થાય છે એમ ધારી ભિખમજીના મતે તો મનુષ્યે ગુણવાનોને હેરાન કરવા યાવત્ મારવા માટેજ સતત પ્રવૃત્તિ કરવી જોઈએ.

## ભીખમજીના હિસાબે તેમના પૂજ્યોને મારનાર મહાભાગ્યવાન્ ?

અને તેજ હિસાબે ભિખમજીના પંથમાં જે પૂજ્ય તરીકે હોય તે તેમના મતે ગુણવાળા ઘણાજ અગ્રેસર હોય અને તેથી તેઓને જો દુઃખ આવશે તો તે ઘણી નિર્જરા કરશે, એમ ધારી કોઈ મનુષ્ય તેના પૂજ્યને તાડન, તર્જન કરે, કુતરો કરડાવે, ધક્કા મારે વિગેરે કરે તો તે પૂજ્યના કર્મનો જલદી ક્ષય કરનાર થાય અને પૂજ્યની ઉપર ઉપકાર કરનારો થાય એમ મનાવવું જોઈએ, વળી જેમ બચાવવાની સુંદર બુદ્ધિએ બચાવેલો જીવ પાપ કરે, એવો વીચાર નહિ છતાં પણ તે લાભ બચેલાએ કરેલા પાપની અનુમતિને નામે તણાઈ જાય છે, તેવી રીતે પૂજ્યની ઉપર થતા નિર્જરાના અંગે પૂજ્યને કરવામાં આવેલાં તાડનને તર્જનોના પાપો પણ સમાઈ જશે.

## પૂજ્યની હિંસામાં પણ સોમિલની માફક સત્કાર્યની સહાયજ ગણાય કે?

તે ભિખમજીના હિસાબે તો ભગવાન્ નેમનાથજી મહારાજની વખતે ગજસુકુમાલમુનિને જે સોમિલે, ઉપદ્રવ કર્યો તે ઘણોજ સારો ગણવો જોઈએ, કેમકે તે સોમિલના ઉપદ્રવના પ્રતાપેજ ગજસુકુમાલ મુનિ કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષ મેળવી શક્યા. અર્થાત્ ભિખમજીના પંચના હિસાબે ગજસુકુમાલ મુનિને કેવળજ્ઞાન અને મોક્ષ દેનારો તો સોમિલજ હતો. વળી શાસ્ત્રકાર ગણધર ભગવાનોએ પણ સ્પષ્ટ શબ્દોથી અંતગડ દશાંગસૂત્રમાં જણાવેલું છે કે ભગવાન્ નેમનાથજી મહારાજે શ્રીમુખે ભાખ્યું છે કે હે કૃષ્ણ ! તે ગજસુકુમાલમુનિના ઘાત કરનારે તો તે ગજસુકુમાલમુનિને કેવળજ્ઞાન અને મોક્ષ મેળવવામાં સહાયકારી કૃત્ય કર્યું છે, અર્થાત્ ભિખમજીના હિસાબે તો તેના પૂજ્યના મારનારાને યાવત્ મારી નાંખનારને તેના પૂજ્ય ઘણીજ નિર્જરા કરશે એવી ધારણા ન હોય તો પણ મારતાં અને મારી નાંખતાં ઘણોજ લાભ થાય.

## સહાયની ધારણાએ મારનાર મહોદય પામે?

જ્યારે સોમિલ સરખાને ઉપસર્ગ કરતી વખતે કેવળજ્ઞાન કે મોક્ષ આ ઉપસર્ગથી થશે એવી ધારણા નહિ હતી છતાં પણ તે ઉપસર્ગ કરતાં

ગજસુકુમાલજીને થએલા કેવળ અને મોક્ષમાં સહાય કરનારો ગણ્યો, તો પછી જેઓ કદાચ એમ ધારણા રાખે કે પૂજ્યને કુતરો કરડાવવાથી લાકડીએ મારવાથી કે મારી નાંખવાથી પૂજ્યની અઢળક નિર્જરા કરશે, અને એવી ધારણા આ કુતરો કરડાવવા વિગેરેનું કાર્ય કોઈ કરે તો તેવું કાર્ય કરનારા ભિખમજીના હિસાબે પૂજ્યની અઢળક થતી નિર્જરામાં પૂરેપૂરો સહાય કરનારો બને. આ ઉપર જણાવેલી હકીકત સમજનારો કોઈપણ મનુષ્ય ભયંકર ભિખમજીના ભીખમ પંથમાં ભૂલે ચૂકે પણ જઈ શકે નહિ.

## પુણ્યાનુબંધિપુણ્યથી સ્વપરોભયને સુખ

આ સર્વ હકીકત ધ્યાનમાં લેતાં વાચકવૃંદ સહેજે સમજી શકશે કે પૂર્વભવે બાંધેલા પુણ્યાનુબંધી પુણ્યના પ્રચંડ પ્રતાપેજ તીર્થંકર મહારાજાઓ ગર્ભથી આરંભીને નિર્વાણ સુધીની દશામાં ઈંદ્રાદિક દેવો દ્વારાએ કે કુદરતદ્વારાએ સ્વ, પર અને ઉભયને સુખ કરનારાજ થાય છે, અને તેવી રીતે સુખ કરનારાજ હોવાથી ભગવાન્ તીર્થંકરની ભક્તિરૂપે ઈંદ્રાદિક દેવોએ ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક કર્યો, ને તેમની સર્વ અનુકૂળતા માટે શત્રુંજય મહાત્મ્ય વિગેરેમાં જેનું સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે તેવી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી અને ગગનચુંબીભવનોએ ભૂષિત, ઋધ્ધિસમૃદ્ધિના અખૂટ ખજાનાવાળી વિનીતા નામની નગરી વસાવવાને માટે વૈશ્રમણને વાસવ આદેશ વિધાન કરે તે યોગ્ય જ છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૧૪)


## તાજેતરમાં બ્હાર પડેલ અપૂર્વ અને અમૂલ્ય ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ) ૨
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા ૫
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત) ૬
તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયાટીકા)૬
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત) ૦-૧૦-૦
વિશેષાવશ્યક કોટ્યાચાર્ય ટીકા (પૂર્વાર્ધ) ૪
યતિદિનચર્યા

તા.ક. :- પાંચશે જ પ્રતો છે અને ઘણી નકલોના ગ્રાહકો થઈ ગયા છે.

પ્રાપ્તિસ્થાન :-
જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

## સ્વાભાવિક આર્યક્ષેત્રો

### આર્યક્ષેત્રને અંગે વિહાર કે વિહારને અંગે આર્યક્ષેત્ર ?

કેટલીક મુદત ઉપર કોઈક મહાશયે સભામાં જાહેર કર્યું હતું કે મહારાજશ્રી આત્મારામજીએ કૌશાંબીનગરી કે જે અલ્હાબાદની નજીકમાં અને વત્સદેશની રાજધાની છે તેનાથી દક્ષિણના બધા માળવા, મેવાડ, મારવાડ, અને સોરઠ વગેરે દેશો ભગવાન્ મહાવીર મહારાજની વખત અનાર્ય હતા, તથા ભગવાન્ મહાવીર મહારાજની વખતે જેટલા ક્ષેત્રોમાં સાધુઓ વિચરી શકતા હતા તેટલા ક્ષેત્રોને સાધુઓના વિહારને લીધે આર્ય ગણ્યા હતા, આમ જે જણાવ્યું હતું તેની સ્હામા થઈને જેઓએ માળવા સોરઠ આદિની આર્યતા જાહેર કરવા ઉદ્યમ કર્યો હતો તે મહારાજશ્રી આત્મારામજીના તેજની ઉપર દ્વેષપણાને અને ઈર્ષ્યાને આભારી હતો. આ રીતની તે મહાશયની જાહેરાતથીજ આ લેખનો ઉદ્‌ભવ થાય છે, માટે કોઈએ તે મર્હુમને આ લેખના કટાક્ષવાળા ગણવા નહિ, પણ તેની સમગ્ર જવાબદારી તે પૂર્વોક્ત હકીકત સભામાં અયોગ્ય રીતિએ વદનારને શિર રહે છે. આ આર્ય અને અનાર્ય દેશોની ચર્ચામાં આર્યના ભેદો વિચારવાની જરૂર છે, કેમકે તે ભેદો વિચારી લેવાથી આ આખી ચર્ચાની જડ ઉપર બરોબર વિચાર કરી શકાશે.

तत्र आर्याः षड्विधाः-क्षेत्रार्या जात्यार्याः कुलार्याः कर्मार्याः शिल्पार्याः भाषार्याः, तत्र क्षेत्रार्याः पंचदशसु कर्मभूमिषु जाताः, तद्यथा-भरतेष्वर्धषड्विशतिषु जनपदेषु जाताः, शेषुषु च चक्रवर्तिविजयेषु, जात्यार्या इक्ष्वाकवो विदेहा हरयोऽम्बष्ठाः ज्ञाताः कुरवो बुंबुनालाः उग्रा भोगा राजन्या इत्येवमादयः, कुलार्याः कुलकराः चक्रवर्तिनो बलदेवा वासुदेवा ये चान्ये आतृतीयात् आपंचमात् आसप्तमाद्वा कुलकरेभ्यो वा

विशुद्धान्वयप्रकृतयः, कर्मार्या यजनयाजनाध्यापनप्रयोगकृषिलिपिवाणिज्ययोनिपोषणवृत्तयः, शिल्पार्यास्तन्तुवायकुलालनापिततुन्नवायदेवटादयोऽल्पसावद्या गर्हिताजीवाः, भाषार्या नाम ये शिष्टभाषानियतवर्णं लोकरूढं स्पष्टशब्दं पंचविधानामप्यार्याणां संव्यवहारं भाषन्ते इति तत्त्वार्थभाष्यं ॥

ભાવાર્થ :- તેમાં આર્ય છ પ્રકારના છે. ૧. ક્ષેત્ર ૨. જાતિ ૩. કુલ ૪. કર્મ ૫. શિલ્પ અને છઠ્ઠા ભાષાથી આર્ય, તેમાં પંદર કર્મભૂમિમાં જન્મ પામેલા ક્ષેત્રાર્ય, તે આ પ્રમાણે-ભરતક્ષેત્રમાં સાડી પચ્ચીશ દેશમાં જન્મેલા, બાકી બધા પણ ચક્રવર્ત્તિની વિજયોમાં જન્મેલા તે પણ ક્ષેત્રાર્ય. ઈક્ષ્વાકુઆદિ જાતિવાળા જાત્યાર્ય, કુલકરાદિની ત્રીજી પાંચમી કે સાતમી પેઢીથી કે નિર્મલવંશસ્વભાવવાળા તે કુલાર્ય, યજનાદિ કર્મ કરનારા કર્મઆર્ય, તન્તુવાયાદિનું થોડા પાપવાળું અને અનિંદ્ય કાર્ય કરનાર તે શિલ્પાર્ય અને શિષ્ટભાષા વગેરે વાળા જે પાંચ આર્યોના વ્યવહારને કહે તે ભાષાર્ય.

लोकप्रकाशसर्ग ७-क्षेत्रार्या आर्यदेशोत्थास्ते सार्धा पंचविंशतिः। अंगा वंगाः कलिंगाश्च मगधाः, कुरुकोशलाः ॥२७॥ काश्यः कुशार्त्ताः पंचाला, विदेहा मलयास्तथा। वत्साः सुराष्ट्राः शांडिल्या वराटा वरणास्तथा ॥२८॥ दशार्णा जंगलाश्चेद्यः, सिन्धुसौवीरका अपि। भंग्यो वृत्ताः सूरसेनाः, कुणाला लाटसंज्ञकाः ॥२९॥ केकयार्धमिमे सार्धपंचविंशतिरीरिताः। विज्ञेयास्तत्र जात्यार्याः, ये प्रशस्तेभ्यजातयः। उग्रभोगादिकुलजाः, कुलार्यास्ते प्रकीर्तिताः ॥३६॥ कर्मार्या वास्त्रिकाः सौचिकाद्याः कार्पासिकादयः। शिल्पार्यास्तु तुन्नकारास्तन्तुवायादयोऽपि च ॥३७। भाषार्या येऽर्धमागध्या, भाषन्ते भाषयाऽत्र ते। ज्ञानदर्शनचारित्रार्यास्तु ज्ञानादिभिर्वृताः ॥३८॥

ભાવાર્થ :- જે આર્યદેશમાં જન્મે તે ક્ષેત્રાર્ય, તે આર્યદેશો સાડી પચવીશ ૧ અંગ ૨ વંગ ૩ કલિંગ ૪ મગધ ૫ કુરૂ ૬ કોશલ ૭ કાશી ૮ કુશાર્ત ૯ પંચાલ ૧૦ વિદેહ ૧૧ મલય ૧૨ વત્સ ૧૩ સુરાષ્ટ્ર ૧૪ શાંડિલ્ય ૧૫ વરટ ૧૬ વરણ ૧૭ દશાર્ણ ૧૮ જંગલ ૧૯ ચેદી ૨૦ સિંધુસૌવીર ૨૧ ભંગી ૨૨ વૃત્ત ૨૩ સૂરસેન ૨૪ કુણાલ ૨૫ લાટ અને કૈકયનો અર્ધો દેશ, પ્રશસ્ત શ્રીમાન્ કુલમાં જન્મેલા તે જાત્યાર્ય, ઉગ્રભોગઆદિ કુલાર્ય, વસ્ત્રઆદિના વેપારી કર્માર્ય, તુનરવાઆદિનું કાર્ય કરનાર શિલ્પાર્ય, અર્ધમાગધી ભાષાએ બોલે તે ભાષાર્ય, અને જ્ઞાનાદિવાળા તે જ્ઞાનવગેરેથી આર્ય આવી રીતે બીજે પણ પ્રજ્ઞાપના પ્રવચનસારોદ્ધાર વગેરે અનેક શાસ્ત્રોમાં આર્યોની વ્યાખ્યા છે, અને આ વ્યાખ્યામાં તો માલવાઆદિને અનાર્ય માનનાર કે આર્ય માનનારમાં મત ભેદ નથી.

વળી એ વાત પણ બન્ને પક્ષવાળાને કબુલ છે કે આ સાડાપચીશ દેશની ક્ષેત્રથી આર્યક્ષેત્ર તરીકે જે વ્યવસ્થા કરાયેલી છે તે ત્યાં શ્રીજિનેશ્વર ચક્રવર્તિ વાસુદેવ અને બલદેવની ઉત્પત્તિ થવાને આભારી છે અને તેથી શ્રીપ્રજ્ઞાપનાસૂત્રમાં સ્પષ્ટ જણાવે છે કે जत्थुत्पत्ती जिणाणं चक्कीणं रामकण्हाणं અર્થાત્ આ સાડાપચીશ દેશો આર્ય તરીકે તેજ જણાવ્યા છે કે જે દેશોમાં તીર્થંકર ચક્રવર્તિ વાસુદેવ અને બલદેવની ઉત્પત્તિ થાય છે. શ્રીલોકપ્રકાશમાં શ્રીવિનયવિજયજી ઉપાધ્યાય પણ એજ કહે છે કે

अत्रापि चार्यदेशानामध्यर्धा पंचविंशतिः ॥२१॥

एतेष्वेव हि देशेषु, जिनचक्रार्धचक्रिणाम्।

स्यादुत्तमनृणां जन्म ॥

ભાવાર્થ :- આ મધ્યખંડમાં સાડીપચીસ આર્ય દેશો છે, અને એજ દેશોમાં જિનેશ્વર ચક્રવર્તી વાસુદેવ અને ઉત્તમ મનુષ્યો (બળદેવ)નો જન્મ થાય છે.

આવી રીતે આર્યદેશોનાં નામો અને તે દેશોને આર્ય કહેવાનું કારણ સ્પષ્ટ છે, અને તે એ કે સર્વકાલના જિનેશ્વરાદિના જન્મને લીધેજ આ આર્યક્ષેત્રો કહેવાય છે. અર્થાત્ ક્ષેત્રની અપેક્ષાએ આર્ય અનાર્યક્ષેત્રની મર્યાદા સર્વકાલમાં નિયત હોવાથી અમુક અપેક્ષાએ અમુક વખતે આર્ય અને અમુક વખતે અનાર્ય એમ કહેવાનું સાહસ કોઈપણ શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાલો કરી શકેજ નહિ. કદાચ એમ કહેવામાં આવે કે કેટલાક દેશો સાધુવિહારને અભાવે આર્ય હોય તે અનાર્ય થઈ જાય અને અનાર્ય હોય છતાં સાધુવિહારને યોગે આર્ય થઈ જાય. માટે ભગવાન્શ્રીમહાવીરમહારાજાની વખતે સાધુવિહારને યોગ્ય હતા તેને આર્ય કહેવામાં આવ્યા હોય તો અડચણ શી? અને એજ કારણથી ઉપાધ્યાય વિનયવિજયજી **प्रायो धर्मव्यस्थितिः** એમ કહી પ્રાયે આર્યક્ષેત્રમાં ધર્મની વ્યવસ્થા જણાવે છે. પરંતુ આવું કહેવાવાળાઓએ સમજવું જોઈએ કે વિનય મહારાજનું કથન ક્ષેત્રાર્યોમાં ધર્મની વ્યવસ્થા જણાવે છે, પણ ધર્મની અપેક્ષાએ ક્ષેત્રથી આર્ય અનાર્ય કહેવાના હોયજ નહિ અને તેથીજ મહારાજા સંપ્રતિએ જે દેશોમાં સાધુઓના વિહારો કરાવ્યા તે દ્રવિડ અને આંધ્રદેશોને માટે શાસ્ત્રકારો **समंतओ साहुपयप्पयारे अकासि अंगे दमिले य घोरे** એમ કહી ઘોર એટલે અનાર્ય એવા આંધ્ર અને દ્રવિડ દેશોને ચારે બાજુ સાધુ મહારાજના ચરણારવિંદના વિહારને યોગ્ય બનાવ્યા એમ જણાવે છે, છતાં **समं कमेण केवइअद्धं य आरियं जायं** એવા શ્રીમલધારીજીના અર્ધો કેકય દેશ આર્ય હોવાથી તેના સંબંધવાળો બીજો ધર્મ આર્ય થઈ ગયો એવા સ્પષ્ટ વચનથી કદાચ સાધુ મહારાજના વિહારથી અનાર્ય આર્ય થાય એમ માની લઈએ તોપણ ક્ષેત્રની અપેક્ષાએ જે પણ અંગાદિ દેશોને આર્યક્ષેત્ર માની તેમાં જન્મેલાને ક્ષેત્રાર્ય માન્યા છે. તેમાં ફેર કેમ થાય ? હવે એજ વિચાર કરવાની ચાલુ અધિકારમાં જરૂર છે કે ૧. ભગવાન્ મહાવીર મહારાજાના વખતમાં જે શ્રીઆત્મારામજીમહારાજે શ્રી બૃહત્કલ્પના **नो कप्पइ निग्गंथाण०** વાળા સૂત્રથી જણાવ્યું છે કે અલ્હાબાદની પાસે જે કૌશાંબીનગરી છે ત્યાં સુધીજ દક્ષિણમાં આર્યક્ષેત્રની મર્યાદા હતી સાચું છે કે કેમ ? ૨. અને એ આર્યક્ષેત્રની મર્યાદા સ્વાભાવિક હતી કે સાધુ મહારાજના વિહારને લીધે હતી. અથવા ૩. આર્યક્ષેત્રની મર્યાદા વધારે હોવા છતાં પણ સાધુવિહારને લાયક તેટલુંજ આર્યક્ષેત્ર તે વખત હતું ? આ ત્રણ વસ્તુઓનો વિચાર કરવા માટે પ્રથમ તો બૃહત્કલ્પનું સૂત્ર અને તેના અર્થનો વિચાર કરીયે, તે બૃહત્કલ્પનું સૂત્ર આ પ્રમાણે છે.

**नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण** वा पुरच्छिमेणं जाव अंगमहाओ एत्तए, दक्खिणेणं जाव कोसंबीओ पच्चत्थिमेणं जाव थूणाविसयाओ उत्तरेणं जाव कुणालविसयाओ एत्तए, एताव तात्र कप्पइ, एताव ताव आरिए खित्ते, णो से कप्पइ एत्तो बाहिं, तेण परं जत्थ नाणदंसणचरित्ताइं उस्सप्पंति।

આવી રીતનું સૂત્ર છે તેનો સામાન્યથી અર્થ આ પ્રમાણે - પૂર્વમાં અંગમગધથી (આગલ) જવું દક્ષિણમાં કૌશાંબીથી પશ્ચિમમાં સ્થૂણા વિષય (દેશ)થી અને ઉત્તરમાં કુણાલા વિષય(દેશ)થી આગલ જવું સાધુ અને સાધ્વીઓને કલ્પે નહિ. ઉપર

જણાવેલ મર્યાદા સુધી કલ્પે છે. એટલુંજ આર્યક્ષેત્ર છે, તે સાધુ અને સાધ્વીઓને ઉપર જણાવેલી હદની બહાર વિહાર કરવો કલ્પે નહિ. તે જણાવેલ હદથી બહાર જ્યાં જ્ઞાન દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય (ત્યાં વિહાર કરવાનું સાધુ સાધ્વીયોને કલ્પે છે.)

આ સૂત્રના અર્થમાં શ્રી આત્મારામજી મહારાજ એમ જણાવે છે - દક્ષિણદિશામેં કોશાંબીનગરી પર્યંત જે ક્ષેત્ર હૈ ઈતનાહી આર્યક્ષેત્ર જાનના, સાધુ સાધ્વીયોકું ઈતનીહી વિહાર કરને યોગ્ય ભૂમિ હૈ, ઈસલીયે ઈસ આર્યક્ષેત્રકી સીમા યાને (મર્યાદા) સેં બહાર નિર્ગ્રંથ અરૂનિર્ગ્રંથીયોકું વિચરણા યાને વિહારકરના નહિ કલ્પે હે. આ અર્થમાં કૌશાંબીને સ્થાને કૌશાંબીનગરી લીધી. આ મૂલસૂત્રમાં કે એની ટીકામાં અથવા આ સૂત્રની નિર્યુક્તિ અને ભાષ્ય કે તેની ટીકાઓમાં કોઈપણ સ્થાને કૌશાંબીને સ્થાને કૌશાંબીનગરી લેવાનું જણાવેલ નથી.

આ વાત તો બન્ને પક્ષને કબુલ જ છે કે કૌશાંબીનગરી વત્સદેશની રાજધાની છે. તો પછી આર્યક્ષેત્ર અર્થાત્ આર્યદેશની મર્યાદા કરવાના પ્રસંગે કૌશાંબીનગરીને ન લેતાં વત્સદેશનેજ ગ્રહણ કરત. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પશ્ચિમમાં સ્થૂણા અને ઉત્તરમાં કુણાલાની હદ જણાવતાં દેશવાચક વિષયશબ્દ વાપરેલો જ છે. કદાચ કહેવામાં આવે કે પશ્ચિમ અને ઉત્તર દિશાને માટે દેશને જણાવનાર વિષયશબ્દ વાપર્યો છે પણ દક્ષિણની મર્યાદા જણાવતાં કૌશાંબી વિષય કહેલો નથી માટે કૌશાંબી શબ્દથી કૌશાંબીનગરી લેવાય, પણ આ કહેનારે વિચાર કરવાની જરૂર છે કે આ સૂત્રમાં પૂર્વ દિશાની મર્યાદા જણાવતાં જે અંગમગધ જણાવ્યા છે, તે બન્ને તો પ્રખ્યાત દેશો છે છતાં તેને માટે પણ દેશવાચકશબ્દ વાપર્યો નથી તો પછી કૌશાંબીને સ્થાને વિષયશબ્દ ન વાપર્યો એટલા માત્રથી નગરીજ લઈ લેવાઈ કેમ ? જો કે અંગ અને મગધ તો દેશોજ છે અને તેથી તેને માટે દેશશબ્દની જરૂર હતી પણ તેની આર્યક્ષેત્રની મર્યાદામાં દેશ તરીકે પ્રસિદ્ધિ હોવાથી તેને દેશ તરીકે ન લેવા પડે, પણ તે હિસાબે તો કુણાલદેશની આ આર્યદેશોમાં દેશ તરીકે ગણતરી પ્રસિદ્ધ છે છતાં કુણાલશબ્દની સાથે દેશવાચક વિષયશબ્દ કહેલોજ છે, માટે વિષયશબ્દ નથી કહ્યો તેથી નગરી કહી દેવી એ વ્યાજબી નહોતું. વળી આ કૌશાંબી દેશ પણ નથી લેવાનો અને નગરી પણ નથી લેવાની, પણ જે કૌશાંબીઅટવીમાં જરાકુમારે દક્ષિણસમુદ્રના કિનારાની પાંડુમથુરા તરફ જતા શ્રીકૃષ્ણને બાણથી વિંધ્યા હતા તે અટવી લેવાની હોઈને વિષય કે નગરી એકે શબ્દ સૂત્રકાર કૌશાંબીની સાથે કહે નહિ તે સ્વાભાવિકજ છે. એમ નહિ કહેવું કે જેમ સૂત્રકાર મહારાજે વિષય કે નગરી શબ્દ કહ્યો નથી તેમ અટવી શબ્દ પણ કહ્યો નથી તો પછી કૌશાંબીનામનો દેશ ન હોવાથી કૌશાંબીદેશ મર્યાદા તરીકે ન લેવાય, પણ કૌશાંબીનગરી ન લેતાં કૌશાંબીઅટવી પણ નહિ કહેલ હોવાથી કેમ લેવાય ? આમ નહિ કહેવાનું કારણ એજ છે કે નિર્યુક્તિ અને ભાષ્યકારના વચનોમાં સાધુવિહારને જે અયોગ્ય દેશ હતા અને મહારાજાસંપ્રતિએ સાધુવિહારને યોગ્ય બનાવ્યા તેમાં દક્ષિણના આંધ્ર અને દ્રવિડનાં નામો જણાવ્યાં છે. અર્થાત આંધ્ર અને દ્રવિડની ઉત્તર દિશાનોજ ભાગ કૌશાંબી તરીકે ગણવો જોઈએ, અને તેથી તે કૌશાંબી નામની અટવીજ લઈ શકાય.

વળી કૌશાંબીનગરીથી દક્ષિણનો બધો ભાગ અનાર્ય તરીકે લેવાય તેમજ નથી, કારણ કે મહારાજા સંપ્રતિના જન્મ પહેલાં અને તે ધર્મ પામ્યા તે કરતાં પણ પ્રથમથી ખુદ ભગવાન્ આર્યમહાગિરિજી અને

સુહસ્તીજી વિદિશા ઉજ્જયિની અને ગજાગ્રપદ જેવા કૌશાંબીનગરીથી દક્ષિણના ભાગમાં વિહાર કરતા હતા, એ વાત જૈનોથી અજાણી નથી. વળી મહારાજાસંપ્રતિજીએ ભગવાન્ સુહસ્તીજીસૂરિને એ ઉજ્જયિનીમાંજ પ્રશ્ન કરેલ કે સાધુઓ અનાર્યદેશમાં કેમ વિચરતા નથી ? અર્થાત્ કૌશાંબીનગરીથી દક્ષિણનો બધો ભાગ અનાર્ય હોત તો ઉજ્જયિનીનગરીજ અનાર્ય તરીકે હતી, તો પછી આવા પ્રશ્નનો અને સુહસ્તિસૂરિજી મહારાજે આપેલ ઉત્તરનો અવકાશજ નહોતો.

ઉજ્જયિનીમાં મહારાજા સંપ્રતિએ આચાર્ય મહારાજ સુહસ્તી સૂરિજીને પ્રશ્ન કર્યો છે કે સાધુઓ અનાર્યદેશમાં કેમ વિચરતા નથી ? આ પ્રશ્નને સારી રીતે સમજનારો સમજી શકે તેમ છે કે ઉજ્જયિનીનગરી અને તે માળવા દેશ અનાર્ય તરીકે નહોતાં, અને જો તે અનાર્ય તરીકે હોત તો સાધુઓ અનાર્યદેશમાં કેમ વિચરતા નથી એવો સામાન્ય પ્રશ્ન નકરતાં આંધ્ર દ્રાવિડાદિ દેશોમાં કેમ વિચરતા નથી? એવો વિશેષ પ્રશ્નજ કરત. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે બૃહત્કલ્પસૂત્રની ચૂર્ણિ અને ટીકામાં नो कप्पइ० વાળો આદ્યભાગ શ્રમણભગવાન્ મહાવીર મહારાજની વખતને માટે અને બીજો तेणं परं० વાળો ભાગ અનાગતકાલ એટલે સંપ્રતિરાજાના કાલની વચ્ચે કોઈપણ તેવા આચાર્ય કે રાજાને અંગે કોઈ અનાર્ય દેશોમાં ધર્મનો પ્રચાર થયો હોય અને ગોઠવેલી કૌશાંબીનગરીથી દક્ષિણનો એટલે ઉજ્જયિની નગરીવાળો દેશ અને ભાગ આર્ય થયો હોય એમ કહેવાય તેમ નથી.

**પ્રશ્ન :-** પ્રજ્ઞાપનાસૂત્ર વગેરેમાં અનાર્યદેશોનાં નામો ગણાવતાં ચોકખા શબ્દથી માળવાદેશને અનાર્ય તરીકે ગણાવ્યો છે, તો પછી કૌશાંબીશબ્દથી કૌશાંબી નગરી ન લઈએ તોપણ મળવાદેશ કે જેની રાજધાની ઉજ્જયિની છે તે આખાદેશને તો અનાર્ય તરીકે ગણવોજ જોઈએ.

**સમાધાન :-** ભાષ્યકાર અને ચૂર્ણિકાર મહારાજાઓએ પ્રાચીનકાલની અપેક્ષાએ હિંદુસ્તાનના વાયવ્ય કોણમાં રહેલા પર્વતને અને તેમાં રહેલા લોકોને માળવ એ નામથી જણાવ્યા છે તે વાત ન સમજે તેને તમારા કહ્યા પ્રમાણે ભ્રમ થાય તે અસંભવિત નથી, ભગવાન્ આર્ય સુહસ્તીસૂરિ સુધી તે દેશને વૈદિશને નામે કે અવન્તીદેશને નામેજ ઓળખતા હતા. અર્થાત કાલાંતરે વાયવ્ય કોણ તરફથી આવેલ લોકોના અધિપત્યને લીધે ઈતરલોકોએ તે દેશને માલવાના નામથી ઓળખાવેલો છે. એટલે શાસ્ત્રકારોએ જણાવેલા માળવશબ્દથી ભૂલમાં પડવું કે પાડવા એ શાસ્ત્રજ્ઞો કે સાચી શ્રદ્ધાવાળાઓને લાયક નથી.

જેવી રીતે સૂત્રના અર્થમાં કૌશાંબી શબ્દથી કૌશાંબીનગરી લેવામાં ભૂલ થઈ છે, તેવીજ રીતે સૂત્રકાર નિર્યુક્તિકાર અને ટીકાકાર સર્વમહાપુરૂષોએ આર્યક્ષેત્રને લીધે વિહારની યોગ્યતા જણાવેલ છતાં વિહારને લીધે આ સૂત્રમાં આર્યક્ષેત્ર કહ્યું છે એમ જણાવવામાં પણ મ્હોટી ભૂલજ થઈ છે. મહારાજ આત્મારામજી આ બૃહત્કલ્પના અર્થને અંગે લખે છે કે,

"इस पाठसें भगवानसें खुल्ला जनाया है कि अब इस समयमें इतनाही साधुसाध्वीयोकुं फिरने योग्य आर्यक्षेत्र रह गया है" (आर्यदेशदर्पण उपोद्घात पृष्ठ ५ पंक्ति १ थी) जे साकेतपुरमें चारो दिशामें आर्यक्षेत्रकी मर्यादा कही है सो

महावीर स्वामी के समयकी अपेक्षा करके साधुसाध्वीकुं विहार करनेकी अपेक्षाका कथन है॥

( उपो० पृष्ठ ६ पंक्ति ११ )

આ લખાણથી સાફ સમજાય છે કે શાસ્ત્રોમાં કહેલા આર્યદેશો જે સાડાપચીશ છે તેમાં ભગવાન્‌મહાવીરમહારાજની વખતે થોડા જ દેશો આર્ય તરીકે રહ્યા હતા. એમ કહેવાનું કારણ પણ તેઓ એમ જણાવે છે કે સાધુ સાધ્વીઓને વિહાર કરવા યોગ્ય આટલાજ દેશો એટલે જે પોતે કૌશાંબીનગરીને દક્ષિણમાં લઈને તેની વચમાં જેટલા જણાવે છે તેટલાજ દેશો હતા, અને તેથીજ તેટલાજ આર્ય હતા. વળી આર્યદેશદર્પણમાં જ જણાવે છે કે.

सो कारण व्यक्त करके बतलाते है कि इस समयमें इतनाही आर्यक्षेत्र है ( पृष्ठ ११ पंक्ति २० ) વળી 'कुणाला बिषय तांइ जे देश है इतनाही आर्यक्षेत्र जानना, साधुसाध्वीयोंको इतनाही विहार करने योग्य भूमी है, इस लिये इश कार्यक्षेत्रकी सामा अर्थात् ( मर्यादा ) सें बाहिर-विहार करना नहीं कल्पे है ( पृष्ठ १३ पंक्ति १० ) તેમજ श्रीमहावीरस्वामीके वखतमें इतने आर्य रह गयें है। ( पृष्ठ ३७ ) आर्यदेशोमेंसे श्रीमन्महावीरस्वामीके इस सूत्र कथन करनेके समयमें इतनाही पूर्वोक्त चार दिशा तक आर्यक्षेत्र रह गया था ( पृष्ठ १४ )'

આ બધા લખાણ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે તેઓ ભગવાન્ મહાવીર મહારાજના વખતમાં સાડી પચ્ચીસ દેશો આર્ય તરીકે નહોતા, તેમજ જે આ બૃહત્કલ્પના સૂત્રમાં જણાવેલ આર્યક્ષેત્રની મર્યાદા છે તે સાધુ સાધ્વીના વિહારની યોગ્યતાની અપેક્ષાએ છે અર્થાત્ સાધુ સાધ્વીઓના વિહારની અપેક્ષાએ આર્યક્ષેત્રની મર્યાદા ભગવાન્ મહાવીરે જણાવેલ છે પણ આર્યક્ષેત્રની મયાર્દાની અપેક્ષાએ સાધુસાધ્વીયોના વિહારની મર્યાદા જણાવી છે, એમ નહિ, એમ તેઓનું માનવું છે. હવે વાચકોને સમજવાની સુગમતા પડે એટલા માટે ટીકાનો પાઠ અહીં રજુ કરી દઈએ. તે પાઠ આ પ્રમાણે છે.

कल्पते निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा पूर्वस्यां दिशि यावत् अंगमगधान् एतुं-एतावत् तावत् क्षेत्रमवधीकृत्य विहर्तुं कल्पते, कुत इत्याह-एतावत् तावत् यस्मात् आर्यं क्षेत्रं, नो से-तस्य निर्ग्रन्थस्य निर्ग्रन्थ्या वा कल्पते अतः-एवंविधात् आर्यक्षेत्राद् बहिर्विहर्त्तुं, ततः परं-बहिर्देशेषु यत्र ज्ञानदर्शनचारित्राणि उत्सर्पन्ति-स्फातिमासादयन्ति तत्र विहर्त्तव्यं॥

**સામાન્ય અર્થ :-** સાધુ અથવા સાધ્વીયોને પૂર્વ દિશામાં અંગમગધ દેશો સુધી વિહાર કરવો કલ્પે છે. આ પૂર્વે જણાવેલ ક્ષેત્રની મર્યાદા કરીને વિહાર કરવો કલ્પે છે, (શંકા કરે છે કે શા માટે (આટલાજ ક્ષેત્રમાં વિહાર કરવો કલ્પે છે) તેના ઉત્તરમાં કહે છે કે જે માટે આ ઉપર જણાવ્યા પ્રમાણેજ આર્યક્ષેત્ર છે. (અર્થાપત્તિથી પ્રાપ્ત થયેલ વાતને સ્પષ્ટ કહે છે કે) તે સાધુસાધ્વીયોને આ પૂર્વે જણાવ્યા પ્રમાણેના આર્યક્ષેત્રની બહાર વિહાર કરવો કલ્પતો નથી (આવી રીતે સાડી પચ્ચીસ દેશને અંગે, વિહારની છુટ અને બાકીના દેશો અનાર્ય હોવાથી નિષેધ જણાવવાથી આંધ્રદ્રવિડાદિ દક્ષિણના અને કૈકયી દેશનો ઉત્તરનો અર્ધો ભાગ વગેરે વિહારને અયોગ્ય જણાવવાથી સંપ્રતિમહારાજના અનાગતકાલની અપેક્ષાએ જણાવે છે કે) આ જણાવેલા સાડી પચ્ચીશ દેશોની બહાર જ્યાં જ્ઞાન દર્શન અને ચારિત્ર વૃદ્ધિ પામે ત્યાં વિહાર કરવો યોગ્ય જ છે. પૂર્વે જણાવેલ સૂત્ર તથા આ ઉપર

જણાવેલ ટીકા અને તે બન્નેના અર્થને વિચારનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકે તેમ છે આ સૂત્ર અને આ ટીકાથી કોઈ દિવસ એવો અર્થ નહિં થાય કે ભગવાન્ મહાવીરમહારાજાની વખતે સાધુસાધ્વીઓના વિહારને અંગે આર્યક્ષેત્રની મર્યાદા કહી છે. પણ મહારાજ આત્મારામજીને વિહારને લીધે આર્ય છે એવો ભાસ થયો અને તેથી જ इस समयमें इतनाही એમ જોડવું પડ્યું. જો તેઓની ધારણા પ્રમાણે આર્યક્ષેત્રની બહાર વિચરવું કલ્પે નહિ. એમ કહી વિહારનો નિષેધ કરવાનો હોત નહિ. તથા મહારાજા સંપ્રતિના અનાગતકાલની અપેક્ષાએ જ્યાં જ્ઞાનાદિ વધે ત્યાં વિહાર કરવો એમ કહેવાત જ નહિ. જેવી રીતે ભૂલને લીધે ટીકાના અર્થમાં इस समयमें વગેરે જોડવું પડ્યું તેવી જ રીતે તેઓને તેની નિર્યુક્તિની ટીકાના અર્થમાં પણ ઉલટપાલટ અને નવો ઉમેરો કરવો પડ્યો. તે નિર્યુક્તિની ટીકા આ પ્રમાણે છે.

कुणालाविषयं यावत् ये देशाः एतावत् आर्यक्षेत्र मन्तव्यं, अत एव साधूनामेषा विहारभूमिः, इतः परं निर्ग्रन्थनिर्ग्रन्थीनां विहर्तुं न कल्पते

આ પાઠનો અર્થ તેઓએ આ પ્રમાણે કર્યો છે.

"कुणाला विषय तांइ जे देश है इतनाही आर्यक्षेत्र जानना, (!) साधुसाधवीयोंकों इतनाही विहार करने योग्य भूमि है, इसलिये इश आर्यक्षेत्रकी सीमा अर्थात् मर्यादासे बाहिर निर्ग्रन्थ अरु निर्ग्रन्थीकों विचरना अर्थात् विहार करना नही कल्पे है"

વાસ્તવિક અર્થ આ હતો. કુણાલા દેશ સુધીમાં જે દેશો (છે) એટલું આર્યક્ષેત્ર માનવું અને એજ કારણથી (આટલું આર્યક્ષેત્ર હોવાથીજ) સાધુઓની આ વિહાર ભૂમિ છે. આથી (આ આર્ય દેશોથી) બહાર સાધુસાધ્વીયોને વિહાર કરવો કલ્પે નહિ. વાંચકો આ ઉપરથી સ્પષ્ટપણે જોઈ શકશે વિહારને લીધે આર્યક્ષેત્ર ગણવાના ભ્રમથી अत एव નો અર્થ અસલ જગો પર થયો નથી, તથા इतः परंનો અર્થ માત્ર આ દેશોથી બહાર એવો થતો હતો ત્યાં इस लिये એવું જોડવું પડ્યું.

બૃહત્કલ્પસૂત્રની નિર્યુક્તિ તેની ટીકા તથા પૃથ્વી ચંદ્ર ચરિત્રના પાઠથી આર્યક્ષેત્ર કઈ અપેક્ષાએ કહેવાય છે તે જોઈએ, તેઓજ લખે છે કે

जत्थुप्पत्ती जिणायणं चक्कीणं रामकण्हाणं વળી एतेन क्षेत्रार्यानार्यव्यवस्था दर्शिता, तीर्थंकरादीनामुत्पत्तिस्तदार्यं, शेषमनार्यं તથા भुवोऽर्हश्चक्रिशौरिणां। इत्यार्याः

અર્થાત્ જૈનશાસ્ત્રોના હિસાબે ત્રણે કાલની અપેક્ષાએ જ્યાં શ્રીતીર્થંકરાદિનો જન્મ થાય તે આર્યક્ષેત્ર કહેવાય, અર્થાત્ આર્ય અને અનાર્યક્ષેત્રપણાનો વિભાગ જિનેશ્વરાદિના જન્માદિની અપેક્ષાએ જે અન્યત્ર છે તે જે અહીં લીધેલો છે અને તેથીજ ટીકાકાર મહારાજા બારે પ્રકારના આર્યો જણાવ્યા છતાં સાફ સાફ શબ્દોમાં જણાવે છે કે अत्रक्षेत्रार्यैरधिकारः અર્થાત્ આ સૂત્રોમાં ક્ષેત્રાર્યો જે સાડા પચ્ચીસ અંગમગધાદિ છે તેનાથીજ અધિકાર છે. આવું સ્પષ્ટ છતાં પણ જેઓ ચરિત્રઆર્ય કે ચરિત્રઆર્યના વિહારને લઈને આર્ય અનાર્ય વિભાગ કરવા જાય તેઓના ભ્રમનું શું કહેવું ? આ વાત વિચારતાં સ્પષ્ટપણે સમજાશે કે સંપ્રતિમહારાજે અનાર્યદેશમાં જે ધર્મનો પ્રચાર કરી આર્ય કર્યા તે ધર્માર્ય જ્ઞાન કે ચારિત્રથી આર્ય હોય તો તેનો અધિકાર આ સૂત્રના આ આર્યભાગમાં નથી. અને તેથીજ અન્યભાગમાં જ્યાં જ્ઞાનાદિ વધે ત્યાં વિહાર કરવાની છુટ જણાવી છે.

શ્રમણ ભગવાન મહાવીર મહારાજની વખતે સાધુ-સાધ્વીઓનો વિહાર મહારાજ આત્મારામજીના

જણાવ્યા પ્રમાણે દક્ષિણમાં કૌશાંબી નગરી કે જે અલ્હાબાદની પાસે આવેલી છે તેનાથી દક્ષિણમાં થયેલો નથી, તો હવે તે થયેલો છે કે નહિ તેની તપાસ કરવાથી પણ કૌશાંબી અટવીને સ્થાને કૌશાંબીનગરી લઈ ભગવાન્ મહાવીર મહારાજની વખતે સાધુસાધ્વીયોના વિહારની અપેક્ષાએ કૌશાંબીનગરી સુધીનું દક્ષિણમાં આર્યક્ષેત્ર હતું એ કથનનું ભ્રમિતપણું સમજાશે.

૧ ભગવાન્ મહાવીર મહારાજની વખતેજ કપિલકેવલિમહારાજ ઉજ્જયિનીમાં આવ્યા અને તેઓએ ચંડપ્રદ્યોતની વિનંતીથી વીરભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

वीरचरित्र ११ सर्ग श्लोक ५३२-६ ) पुरे राजगृहे देवाधिदेवाज्ञां प्रगृह्य सः। ब्रह्मर्षिः कपिलोऽत्रैव, त्वत्पुरीमस्ति पावयन् ॥५३२॥ केवल्येष स्वयंबुद्धः, श्वेतांबरशिरोमणिः। कर्त्ता प्रतिष्ठा कोऽप्येष, पुण्यानामुदयस्तव ॥५३३॥ ततश्चावन्तिनाथेन, प्रार्थितः कपिलो मुनिः। प्रत्यष्ठात् प्रतिमां मंत्रपूतचूर्णानि निक्षिपन् ॥५३४॥

૨. ભગવાન્ મહાવીરમહારાજની વખતેજ અભયકુમારને લાવવા માટે તૈયાર થયેલી વેશ્યાઓએ શ્રી ઉજ્જયિનીનગરીમાંજ સાધ્વીયો પાસેથી આચારવિચારનું શિક્ષણ લીધું છે. તેથી તે વીરમહારાજની વખતે ઉજ્જયિનીમાં સાધ્વીઓનો પણ વિહાર હતો.

तामादिदेशावन्तीशो, यद्येवमनुतिष्ठ तत् ॥ कृतादराः प्रतिदिनमुपास्योपास्य संयतीः

૩. ચંડરૂદ્રાચાર્યનો પ્રસંગ પણ ઉજ્જયિનીમાં જ બન્યો છે આવશ્યકપત્ર ૫૭૭

उज्जेणिं बाहिरगामाओ अणुजाणपेक्खगो- आवस्सयवेलाए रुहिरावलित्तो दिट्ठो, वेरग्गेण केवलं णाणं, सेहस्सवि कालेण।

આવશ્યક કરવાના અધિકારથી મહાવીર મહારાજનું શાસન અને કેવલજ્ઞાનની ઉત્પત્તિથી ભગવાન્ મહાવીર મહારાજનો લગભગકાલ નક્કી થાય છે.

૪ ખુદ ભગવાન્ મહાવીર મહારાજા ઉજ્જયિની નગરીમાં સમવસર્યા છે અને ચંડપ્રદ્યોતને ધર્મોપદેશ આપ્યો છે. જુઓ શ્રી ગુણચંદ્રાચાર્યકૃત મહાવીર પ્રાકૃત ચરિત્ર

૫ ક્ષુધાપરિષહવાળા શ્રી હસ્તિમિત્ર ઉજ્જયિનીમાં થયાં.

૬ પિપાસાપરીષહવાળા શ્રી ધનમિત્ર ઉજ્જયિનીમાં થયા.

૭ અરતિપરીષહમાં શ્રી રોહાચાર્ય શ્રી ઉજ્જયિનીમાં ગયા.

૮ પ્રજ્ઞાપરીષહમાં કાલિકાચાર્ય મહારાજ ઉજ્જયિનીમાં રહ્યા હતા.

} ઉત્તરાધ્યયન અધ્યયન ૨ જું

૯. આપત્તિમાં દૃઢધર્મપણું રાખવાના યોગસંગ્રહમાં ધર્મઘોષ મુનિ ઉજ્જયિનીમાં થયા એમ કહ્યું છે અને તેમને કેવલજ્ઞાન થયું છે.

૧૦ સંપ્રતિમહારાજ શ્રાવકધર્મમાં ન્હોતા આવ્યા ત્યારેપણ આર્યમહાગિરિજી અને આર્યસુહસ્તીસૂરિજી વૈદેશમાં ગયા અને પછી ઉજ્જયિનીમાં પધાર્યા.

दोवि जणा वतिदिसं गता-सुहत्थीवि उज्जेणिं जिण पडिमं वंदयं गया ( आव० अनिश्रिततपसि )

૧૧ કૂલવાલુકના અધિકારવાળી માગધિકા ગણિકા પોતાને ઉજ્જયિનીના વાણિયાની સ્ત્રી તરીકે ઓળખાવી દીક્ષા લેવાની ઈચ્છાવાળી જણાવે છે. ( जाव० शिक्षाधिकारे ) જો ત્યાં ઉજ્યયિનીમાં સાધુસાધ્વીઓનો વિહાર ન હોય તો આ કથન થાય નહિ.

૧૨. ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ પછી રાષ્ટ્રવર્ધનના રાજ્યકાલે પણ કૌશાંબી

અને ઉજ્જયિની નગરીની વચ્ચે પણ વચ્છગા નદી પાસેના પ્રદેશમાં સાધુઓનો વિહાર હતો.

**जाहे य वच्छगातीरे पव्वयं पत्ता ताहे जे तंमि जणवए साहुणो ( आ० अज्ञातोपधाने )**

આ ઉપરથી ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણ પછી અને મહારાજા સંપ્રતિના પહેલાં પણ સાધુસાધ્વીયોનો વિહાર કૌશાંબીથી દક્ષિણમાં થયેલો છે એમ સ્પષ્ટ સમજાશે.

૧૩ આવશ્યકમાં યોગસંગ્રહમાં અંબરિષિના અધિકારમાં ઉજ્જયિનીનગરીમાં પાંચસેં ઉપાશ્રયો હતા એવો સ્પષ્ટ લેખ હોવાથી ઉજ્જયિનીમાં સાધુઓનો વિહાર કેટલો બધો હશે ? તે સમજાશે.

૧૪ ઉજ્જયિનીમાંજ દેવલાસુતનામના પ્રત્યેકબુદ્ધ થયા અને અધ્યયન બનાવ્યું તથા સિદ્ધ થયા, જેવી રીતે ઉજ્જયિનીને અંગે સાધુવિહારઆદિ જણાવ્યા તેવીજ રીતે રોહીડા અચલપુર અંતરંજિકાનગરી આદિના અધિકારો ધર્મરૂચિ રોહાચાર્ય શ્રીગુપ્ત અને અરહજાક આદિના વૃત્તાંતોમાં પણ સાધુ વિહાર આવતા હોવાથી કૌશાંબીથી દક્ષિણના સર્વ પ્રદેશને અનાર્ય કે સાધુવિહાર વગરનો કહેવો એ અયોગ્યજ છે.

૧ ભરૂચમાં જિનદેવ આચાર્ય વિચર્યા અને તેઓથી ભદંત અને કુણાલમિત્ર નામના બે બૌદ્ધોએ મહાવીર મહારાજનું શાસન મેળવ્યું. ( आव० योगसंग्रह ) અર્થાત્ લાટદેશમાં સાધુઓનો વિહાર હતો.

૨ ભગવાન્ મહાવીરમહારાજની વખતે થયેલ કૂલવાલકના ગુરૂ શ્રીસિદ્ધાચલજી આવ્યા હતા, અર્થાત્ સોરઠદેશમાં સાધુઓનો વિહાર હતો, આવશ્યક પત્ર ૬૮૫ **सिद्धसिलायलगमणं** અર્થાત્ આચાર્ય મહારાજજી કૂલવાલકની સાથે શ્રીસિદ્ધાચલજી આવ્યા હતા.

૩ ઉત્તરાધ્યયનમાં કૂલવાલકની કથા **बुद्धोवधाई न सिया** એ અધિકારમાં છે તેમાં પણ **सिद्धशैलं वंदितुं** ॥૮॥ એ વાક્યથી કૂલવાલકની સાથે આચાર્યશ્રીનું શ્રીસિદ્ધાચલજી આવવું થયું છે. એમ નક્કી થાય છે. એ કૂલવાલકની કથા લગભગ ઉત્તરાધ્યનની બધી ટીકાઓમાં છે એટલે જો મહાવીર મહારાજની વખતે શ્રીસિદ્ધાચલજી તરફ સાધુઓનો વિહાર હતો નહિ એમ માનવું તે ઉત્તરાધ્યયનની ટીકાઓની અજ્ઞાનતા અગર અશ્રદ્ધા સૂચવે, અનુપયોગના ઉત્સૂત્ર ભાષણમાં આટલી બધી અનુપયુક્તતાનો સંભવ ન ગણાય.

૪ કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્ર મહારાજ પણ શ્રીમહાવીરચરિત્રમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કે કૂલવાલકના ગુરૂ આચાર્ય મહારાજે સોરઠ દેશમાં વિહાર કરેલો છે, જુઓ મહાવીર ચરિત્ર સર્ગ. ૧૨

विहरतोऽन्यदाऽऽचार्यास्ते गिरेर्नगरं ययुः ।

उज्जयन्तं चारुरुहुः, सह क्षुल्लेन तेन तु ॥१३३॥

क्षुल्लेन देवं वंदित्वा, गुरोरुत्तरतो गिरेः ।

मुमुचे गण्डपाषाणः, पेषणाय दुरात्मना ॥१३४॥

स्त्रीसकाशादरे पाप ! व्रतभंगमवात्स्यसि ।

**कूलवालक इत्यारव्या**

એમ નહિ કહેવું કે શ્રીઉત્તરાધ્યયન તથા આવશ્યક અને નન્દીજી વગેરેમાં કૂલવાલકના ગુરૂનું દેવવંદન જ્યારે સિદ્ધાચલજીમાં થયેલ જણાવે છે ત્યારે ભગવાન્ શ્રીહેમચંદ્રજી તેઓનું દેવવંદન શ્રી ગિરિનગર (ગિરિનગર)માં એટલે ઉજ્જયંતગિરિ ઉપર કેમ જણાવે છે ? આમ શંકા નહિ કરવાનું કારણ એટલુંજ કે શ્રી ઉજ્જયંત જે રૈવતગિરિએ શ્રી સિદ્ધાચલજીનું શિખર ગણાય છે. અથવા ભગવાન્ હેમચંદ્રજીએ કોઈ તેવા ચરિત્રમાં શ્રીઉજ્જયંતતીર્થનું વંદન લખેલું દેખ્યું હોય અને તેથી તેમ સ્પષ્ટ જુદાપણે લખ્યું હોય પણ શ્રી સિદ્ધાચલ

હોય કે ગિરનાર હોય, પણ સોરઠદેશમાં ભગવાન્ મહાવીર મહારાજની વખત સાધુઓનો વિહાર હતો ને તેથી કૌશાંબીનગરી કૌશાંબી શબ્દથી લેવી અને તેનાથી દક્ષિણના બધા દેશો અનાર્ય અને સાધુઓના વિહાર વગરના કે વિહારને અયોગ્ય હતા એમ કહેવું તે તો સમજદાર મનુષ્ય બોલી શકે જ નહિ.

૫. મહેન્દ્રસૂરિઆદિ આચાર્ય મહારાજાઓએ ભગવાન્ મહાવીર મહારાજનું સિદ્ધાચલજી સમવસરવું એટલે કેવલિપણે આવવું થયું છે એમ સ્પષ્ટપણે પોતપોતાની તીર્થમાલાઓમાં જણાવેલ છે.

૬. શ્રી ધનેશ્વરસૂરિશ્વરજીએ કરેલ શ્રી શત્રુંજય મહાત્મ્યમાં પણ ભગવાન્ મહાવીર મહારાજનું સમવસરવું શ્રીસિદ્ધાચલમાં થયાનું સ્પષ્ટપણે જણાવેલ છે. જુઓ પૃષ્ઠ ૧૭ અને૨૮.

परितो वीरनाथस्य-श्रुत्वेति भगवान् वीरः

ઉપરની હકીકતથી ભગવાન્ મહાવીરમહારાજાના વખતે સાધુ સાધ્વીયોનો વિહાર કૌશાંબીની દક્ષિણે માળવા દેશમાં તથા લાટ અને સોરઠમાં થયેલો છે એમ સ્પષ્ટ સમજાશે.

મહારાજ આત્મારામજીએ એવી રીતે કૌશાંબીનગરીથી માળવા-યાવત્ સોરઠદેશનેજ સાધુ વિહારને અયોગ્ય અને અનાર્ય જણાવ્યા હતા એટલુંજ નહિ, પણ બંગલા દેશ પણ ભગવાન્ *મહાવીર મહારાજની વખત અનાર્ય* અને *સાધુવિહારને* અયોગ્ય હતો એમ જણાવવા જેવી પણ મ્હોટી ભૂલ જ કરી છે કેમકે તેઓ આર્યદેશદર્પણ પૃષ્ઠ ૩૮માં લખે છે કે.

"बंगदेश अर्थात् बंगाला अंगमगधदेशसें परें होनेंसे अनार्य सिद्ध हुवा"

આ લેખને વાંચવાથી વાંચકોને સ્હેજે માલમ પડશે કે પ્રથમ તો આત્મારામજીમહારાજે નકશા તરફ ધ્યાન રાખ્યું નથી, કેમકે જો નકશા ઉપર ધ્યાન આપ્યું હોત તો અયોધ્યાથી પૂર્વદિશામાં અંગમગધ આવે, પણ બંગાલ દેશ તો સર્વથા અંગમગધથી દક્ષિણમાં છે, પણ પૂર્વમાં નથી એમ સ્હેજે સમજી શકત, અને જો એ વાત સમજણમાં આવી હોત તો અંગમગધની પૂર્વમાં બંગાલ માની તે આખા બંગલાદેશને અનાર્ય મનાવવા જાતજ નહિ.

अब बंगदेश अर्थात् बंगाल देश अरु

तिसकी राजधानी ताम्रलिप्तिनगरी वगेरा

श्रीमन्महावीरस्वामीके समयमें अनार्य थे,

तब तो तिस बंगदेशके अंतर वर्त्तने वाला

सम्मेतशिखरजी तीर्थभी-अनार्य सिद्ध होवेगा.

અર્થાત્ તેઓ બંગાલને ભગવાન્ મહાવીર મહારાજની વખત અનાર્ય મનાવી તામ્રલિપ્તિ જે બંગાલની રાજધાની છે તેને પણ અનાર્ય મનાવવા અને ત્યાં ભગવાન મહાવીર મહારાજની વખતે સાધુઓનો વિહાર ન્હોતો એમ મનાવવા તૈયાર થયા હતા. પણ શ્રીગુણચંદ્રાચાર્યજીએ કરેલ શ્રીમહાવીર ચરિત્રમાં ખુલ્લંખુલ્લું જણાવે છે કે ભગવાન્ મહાવીર મહારાજા तामलित्तिदसण्णपुरवीइभय० વિગેરે સ્થાનોમાં સમવસર્યા અર્થાત્ ભગવાન્ મહાવીર મહારાજ પોતેજ *બંગાલની રાજધાની* તામ્રલિપ્તિ પધાર્યા છે એમ છે ત્યારે મહારાજ આત્મારામજી આખા બંગાલ અને તેની રાજધાની તામ્રલિપ્તિને અનાર્ય તરીકે જાહેર કરી પોતાની માન્યતા પ્રમાણે સાધુવિહારને અયોગ્ય જણાવે છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૧૯)




## -: ભવરૂપી મહામેળો :-

### લૌકિક અને લોકોત્તર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર નામક પ્રકરણની રચના કરતાં જણાવી ગયા છે કે દરેક ભવ્યાત્માએ, દરેક ધર્મીજીવે-ધર્માર્થીઓએ, આત્મહિત સાધવાની ઈચ્છા ધરાવનારાઓએ આ મહાભયાનક એવા ભવનું સ્વરૂપ, એ ભવની અનિર્વચનીય ભયાનકતા, તે મહાભયાનક ભવને ઉલ્લંઘી જવાનો રસ્તો, ભવનું એ માર્ગે ઉલ્લંઘન થતી વેળાએ આત્માની થતી સ્થિતિ, તેને લોકસંજ્ઞાથી પ્રાપ્ત થતી વિરક્તતા, તેની લોકોત્તર સંજ્ઞામાં થતી તન્મયતા, એ સઘળું વિસ્તારપૂર્વક વિચારવાની જરૂર છે. પ્રવાસ કરનારા વટેમાર્ગુએ પોતે પોતાના હિતને માટે જે કાળજી રાખવાની છે, તેવીજ કાળજી આ ભવરૂપી માર્ગ ઉપર પ્રવાસ કરતા પ્રવાસીરૂપ આપણે જીવાત્માએ પણ રાખવાની છે અને તોજ આપણો બેડો પાર છે.

### સંસારમાં પણ વિચાર જોઈએ

જે વટેમાર્ગુ પ્રવાસ કરે છે અને એક ગામથી બીજે ગામ જાય છે, તે વટેમાર્ગુએ પોતાને ક્યાં જવું છે, એ સ્થાને ક્યે રસ્તે જઈ શકાય છે, ત્યાં રસ્તામાં તથા પહોંચ્યા પછી શી શી સગવડ અગવડ વેઠવી પડે છે એ સઘલું ધ્યાનમાં લેવાની જરૂર છે. જે પ્રવાસી પોતે વિઘ્ન વિનાની શાંત મુસાફરી કરીજ શકતો નથી, એજ પ્રમાણેની કાળજી જીવે પણ રાખવી જરૂરી છે. સૌથી પહેલાં તો જીવે પોતાની એ કાળજી રાખીને એ વસ્તુ તપાસવાની છે કે પોતે ક્યાં છે ? જ્યાં સુધી આત્મા પોતે પોતાનાં સ્વરૂપને તપાસતો નથી ત્યાં સુધી તે આત્માને શાસ્ત્રો વિચારશીલજ કહેતાજ નથી. કોઈ પ્રશ્ન કરે કે ભાઈ વિચાર વગરના જીવો કોણ કોણ ? તો તેના એ પ્રશ્નનો એજ ઉત્તર છે કે, "કેવળ, કેવળી મહારાજો!" આ આખાય સંસારમાં, સેંકડો જીવોમાં વિચાર વગરના જો કોઈપણ જીવો હોય તો તે કેવળી મહારાજાઓજ છે.

## સર્વજ્ઞોની અવિચારશીલતા

આ આખા સંસારમાં જોશો તો માલમ પડી આવશે કે ફક્ત કેવળી મહારાજાઓ એજ દુનિયામાં વિચાર વગરના છે, પરંતુ આ શબ્દો બોલતાં પહેલાં તમારે એ શબ્દનું મહત્વ ખ્યાલમાં રાખવાનું છે. દુનિયાના વ્યવહારમાં તમે કોઈને વિચાર વગરનો કહો છો તો તે એનું અપમાન છે અને તમે કોઈને વિચારશીલ કહો છો તો તે એનું સન્માન છે. જગતના વ્યવહારમાં વિચારશીલ અને અવિચારશીલની આ સ્થિતિ છે, ત્યારે તમે એ અવિચારશીલતા સર્વજ્ઞ ભગવાનના શિર ઉપર કેમ જડી દો છો તેનો વિચાર કરો. અવિચારશીલતા એ વ્યવહારમાં નિંદાનું કારણ છે, તે છતાં એ અવિચારશીલતાનો ટાઈટલ તમે શ્રીસર્વજ્ઞદેવને શિરે લગાડો છો એનો અર્થ શો ? હવે આપણે એનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીએ. પ્રથમ તો આપણે એ વાત વિચારવાની છે કે આ જગતમાં કઈ કઈ વસ્તુને અંગે વિચાર થાય છે.

## વિચાર કરવાનો કોને હોય ?

કઈ કઈ વસ્તુને અંગે વિચાર થાય અને કઈ કઈ વસ્તુને અંગે વિચાર નથી થતો એ વાત તમે વિચારી જોશો તો માલમ પડશે કે જગતમાં જે વસ્તુને અંગે નિર્ણય નથી થયો તેવીજ વસ્તુઓને અંગે વિચાર કરવાનો બાકી હોય છે. જે વસ્તુનો આ સંસારમાં નિર્ણય થઈ ગયો છે તેને અંગે આ જગતમાં કાંઈપણ વિચાર કરવાપણું હોતુંજ નથી. મનુષ્યને કેટલી આંખો છે ? અંધારૂં રાતે પડે છે કે દિવસે ? અગ્નિમાં દઝાય છે કે નથી દઝાતું ? આ અને આવા પ્રશ્નોને અંગે કાંઈપણ વિચાર કરવાનું બાકી રહેલું જ નથી. આવા પ્રશ્નોના ઉત્તર આપવાને માટે તમે વિચાર કરો છો ખરા કે ? ના ! આ પ્રશ્નોને અંગે જરાપણ વિચાર કરવાપણું નથી. આવા પ્રશ્નો થતા તત્ક્ષણેજ તમે તેના ઉત્તરો આપી દો છો. તો હવે વિચાર કરો કે આ પ્રશ્નના વિચારો પરત્વે તમોને શા માટે વિચાર કરવો પડતો નથી વારૂ ? જવાબ એ છે કે આ સઘળી વાતો નક્કી થઈ ગએલી છે.

## સિદ્ધ વસ્તુનો વિચાર નથી.

આવી નક્કી થઈ ગએલી વાતોમાં તમે વિચાર કરતા નથી અને એકદમ જવાબો આપી દો છો, આથી તમે વિચાર વિનાના છો, એવો તમારા ઉપર આક્ષેપ મૂકી શકાતોજ નથી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેવીજ બાબતોમાં વિચાર કરવાનો હોય છે કે જે સંબંધમાં હજી નિશ્ચય કરવામાં આવ્યો નથી. જે વસ્તુમાં આત્માને પૂરેપૂરો નિશ્ચય થયો હોય, તેવી વસ્તુમાં દુનિયાદારીવાળાઓ કદી વિચાર કરતા નથી. જે વસ્તુ સિદ્ધ છે, જે ઠરી ચૂકેલી છે, જે પ્રત્યક્ષપ્રમાણથી સ્પષ્ટ છે, તેને માટે કોઈ વિચાર કરવા બેસે તો તેને આપણે મૂર્ખોજ કહી દઈએ છીએ, તમે કોઈ માણસને એવો પ્રશ્ન કરો કે ભાઈ, માણસને આંખ કેટલી હોય ? હવે તે માણસ તમોને સામો જવાબ આપે કે - સબુર કરો પ્રયોગ કરીને જવાબ આપું છું. તો આવો વિચિત્ર ઉત્તર આપનારને તમે પ્રયોગશાસ્ત્રી કહી દેતા નથી અને તેના ઓવારણાં પણ લેવા માંડતા નથી, પરંતુ તેને મૂર્ખોજ કહો છો.

## જ્યાં અજ્ઞાન છે ત્યાં વિચાર છે

જે વસ્તુના સંબંધમાં હજી કાંઈ વિચાર થયો નથી, તે વસ્તુના સંબંધમાં પ્રશ્ન કરતાં કોઈ વિચાર કરે તો તમે તેને વખોડતા નથી, પણ તેના કાર્યની પ્રશંસાજ કરો છો. જ્યારે જે વસ્તુનો નિર્ણય થઈજ ગએલો છે, તે વસ્તુને અંગે કોઈ વિચાર કરવા બેસે તો આપણે તેને મૂર્ખો કહીએ છીએ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિચારની શોભા તેજ જગા ઉપર છે જે જગા ઉપર અજ્ઞાન છે. અજ્ઞાન છે ત્યાંજ વિચારોને અવકાશ છે અને ત્યાંજ જે વિચારો થાય છે એ વિચારોને આપણે સ્તુતિપાત્ર વિચારો માની લઈએ છીએ. જ્યાં આગળ અજ્ઞાન છે, જ્યાં જ્ઞાનની

ખામી છે, તેવા સંજોગોમાં તે જો વિચારો ન કરે તો તે અજ્ઞાન છે અને આપણે તેને અવિચારશીલ કહીએ છીએ પણ જો તે વિચારો કરે તો આપણે તેને અવિચારી કહેતા નથી. જે વાત પ્રસિદ્ધ છે, જે વાત જાણેલી છે, તેવી વાતોમાં વિચાર કરવાનો હોતોજ નથી. ત્યાં વિચારોને અવકાશજ સંભવતો નથી. જે કોઈ માણસ જાણેલી વાતોમાં વિચાર કરવા બેસે છે, તેવા માણસને આપણે વખાણતા નથી, પરંતુ વખોડીએજ છીએ. હવે આ વિચારસરણીએ તેરમા ગુણસ્થાનકની દશા તપાસો. તેરમા ગુણસ્થાનકે વિચાર છે (વિચાર કરવાની આવશ્યકતા છે) એમ માની લેવું તે તેરમા ગુણસ્થાનકની નિંદા કરવા બરાબર છે. તેરમા ગુણસ્થાનકમાં પણ વિચાર કરવાની જરૂર પડે છે. એમ માનીએ તો તેનો અર્થ તો એટલોજ છે કે તેરમા ગુણસ્થાનકમાં પણ હજી નિશ્ચય થએલો નથી, અને જો તેરમે ગુણસ્થાનકે પણ નિશ્ચય ન થએલો હોય તો એનો અર્થ જ એ છે કે હજી સાધ્ય વસ્તુ બાકી જ છે. અર્થાત્ સાધ્યના રસ્તાનોજ સંદેહ છે. જો સાધ્ય વસ્તુ બાકી ન હોય અથવા તો સાધ્યના રસ્તામાંજ જો સંદેહ ન હોય તો તો વિચાર કરવાનો કાંઈ બાકીજ રહેતો નથી. આથી જ જેઓને કેવલજ્ઞાન થયું છે તેમને વિચારવાળા માનવાની જરૂર રહેતી નથી એ સ્પષ્ટ છે.

## કેવળત્વની મહાનતા

જો કેવળી ભગવાનોને વિચારની જરૂર માનીએ તો એનો અર્થ એ છે કે તેમને હજી સાધ્ય કરવાની વસ્તુ બાકી છે અથવા તો તેમને સાધ્યના માર્ગ માટે અસંતોષ કિંવા સંદેહ જ છે અને જો તેરમે ગુણસ્થાનકે પણ આવી સ્થિતિ માનીએ તો પછી તેરમા ગુણસ્થાનકમાંથી અર્થાત્ કેવલિપણામાંથી કેવળજ્ઞાન ઉડીજ જાય છે ! હવે કેવળજ્ઞાનની વ્યાખ્યા શું છે તેનો વિચાર કરી જુઓ લોક, અલોક, અતીત, અનાગત, પાસે, રૂપી અને અરૂપી એ સઘળાનું, સર્વ કાળનું, સંશય વગરનું સંપૂર્ણ જ્ઞાન તેજ એક કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનના આ સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે માલમ પડે છે કે કેવળજ્ઞાનમાં નથી એવું જ્ઞાન પેદા કરવાનું, નથી નવું જ્ઞાન મેળવવાનું, નથી જ્ઞાન મેળવવાનું બાકી રહેલું, અને નથી પદાર્થના સ્વરૂપમાં પણ સંદેહ હવે કેવળીને વિચાર શો કરવાનો હોય ?

## આર્યશાસ્ત્રોનો અભિપ્રાય

કેવળી સર્વને સર્વરૂપે સર્વકાળ માટે જાણે છે, એટલે પછી તેને વિચારોજ શા કરવાના હોય ? કેવળીને વિચાર કરવાના છે એવું માની લઈએ એ તો કેવળજ્ઞાનને તે લાંછન રૂપ છે, એટલાજ માટે જૈનતત્ત્વને જાણનારા આર્યશાસ્ત્રકારોએ કેવળીને વિચાર વિનાનાજ માની લીધેલા છે. તેમણે કેવળીઓને વિચાર કરવાના હોય એમ માન્યું નથી. આ વિચારસરણીએજ સ્પષ્ટ થાય છે કે આખા સંસારમાં જો કોઈપણ વિચાર વિનાના હોય તો તે *એક માત્ર કેવળી મહારાજ છે. કેવળજ્ઞાની સિવાય* આ જગતમાં બીજા કોઈપણ વિચાર વિનાના નથી. હવે અહીં કોઈ એવી શંકા લાવશે કે વિચાર કરવો એ સદાસર્વદા મનનું કામ છે, અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સિવાય બીજા જીવોને તો મન હોતું જ નથી. હવે સંજ્ઞી પંચેન્દ્રિયને મન છે, મનનો ધર્મ વિચાર કરવાનો છે, તો પછી સંજ્ઞીપંચેન્દ્રિય એવા બધાનેજ વિચાર કરવાનો છે એમ શા માટે ન માનવું જોઈએ?

## પંચેન્દ્રિય અસંજ્ઞી કોણ ?

કેવળી ભગવાનોને આપણે વિચાર કરવાની કક્ષામાંથી કાઢી નાંખ્યા છે તેનું કારણ એ છે કે તેમનું જ્ઞાન સંપૂર્ણ છે. તેમની જ્ઞાનની પૂર્ણતાને લીધે, તેમણે

સાધ્ય પ્રાપ્ત કરી લીધું છે એટલે તેમની સાધ્યની સંપૂર્ણતાને લીધે તેમને વિચાર કરવાની દશામાંથી દૂર કર્યા છે. એ ભલે દૂર કર્યા તે યોગ્ય હોય, પરંતુ પંચેન્દ્રિયોમાં પણ જે જીવો અસંજ્ઞી છે તેમને વિચાર ક્યાંથી હોઈ શકે ? અને જો તેમને પણ વિચાર ન હોય તો પછી કેવળી ભગવાનોના ભેગા શા માટે તેમને પણ વિચારશીલતાની કક્ષામાંથી બહાર મૂકી ન દેવા જોઈએ ? એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયોવાળા અસંજ્ઞી જીવોમાં પણ વિચાર છે એમ માનીયે તો જેને વિચાર છે તેને મન છે એ સિદ્ધાંતાનુસાર એક-બે-ત્રણ ચાર અને પાંચ ઈન્દ્રિયોવાળાને પણ મન માનવુંજ પડશે અને જો તેમને મન છે એમ માની લેશો તોપછી તેમને પણ મન હોવાથી તેમને તમારે સંજ્ઞીજ માનવા પડશે, અને ૧-૨-૩-૪ અને ૫ ઈન્દ્રિયોવાળામાં અસંજ્ઞીઓ માનો છો.

### અસંજ્ઞીપણાની વ્યાખ્યા

આ દૃષ્ટિએ ૧ થી ૫ ઈન્દ્રિયોવાળાને સંજ્ઞીજ કહેવા પડશે તેને તમે અસંજ્ઞી કહી શકવાના નથી, જ્યારે શાસ્ત્રકારોએ તો સ્થળે સ્થળે એ બધાને અસંજ્ઞી કહ્યા છે, ત્યારે અસંજ્ઞી બધા મન વગરના છે, અને મન નથી તો વિચાર નથી. જો વિચાર નથી તો કેવળી ભગવાન્ વગર બધા જીવો વિચારવાળા છે તે તમો કહી શકશો નહિ. આમ વાદીએ શંકા ઉઠાવી. હવે આ સઘળી ચર્ચામાં સારભૂત સત્ય શું છે તે જોઈએ. સૌથી પહેલાં તો આપણે એ વાત ધ્યાનમાં લેવાની છે કે અસંજ્ઞી એ શબ્દ શાથી-કેવી રીતે વાપરવામાં આવ્યો છે ? આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ તેની સંજ્ઞા તેના વિચારો ન હોવાથી જેમને એ વસ્તુ નથી તેમને આપણે અસંજ્ઞી કહ્યા નથી. આહારઆદિ ચારની સંજ્ઞા અને તેના વિચારો વગેરે કાંઈપણ ન હોવું તેનું જ નામ અસંજ્ઞીપણું છે એમ કોઈએ સમજવાનું નથી.

### કોઈ અસંજ્ઞી રહેશેજ નહિ

સઘળા જીવોને શાસ્ત્રકારે ચાર સંજ્ઞા માનેલી છે. શાસ્ત્રકારોએ સઘળા જીવોને ચાર સંજ્ઞા માની છે તો પછી એવો પ્રશ્ન પણ ઉભો થઈ શકે છે કે કોઈપણ જીવને અસંજ્ઞી માની શકાય કે કેમ ? એકેન્દ્રિયોને આહારસંજ્ઞા માનવી છે, તેજ પ્રમાણે બે, ત્રણ ચાર અને પાંચ ઈન્દ્રિયોવાળાને પણ તે સંજ્ઞાઓ માનવી છે. અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને પણ ચાર સંજ્ઞા માનવી છે. જ્યારે સઘળા જ જીવોને આ ચાર સંજ્ઞાઓ માનશો તો તેનું પરિણામ એ આવશે કે બધાજ જીવો સંજ્ઞા હોવાથી સંજ્ઞી કહેવાશે અને અસંજ્ઞી તરીકે કોઈપણ જીવ એ હિસાબે બાકી રહેશે જ નહિ. આ બંને વસ્તુમાંથી એકપણ વસ્તુ કબુલ રાખી શકાય એવી નથી, જ્યારે તમે કબુલ ન કરો તો જીવોને સંજ્ઞા છે, માટે તેને તે બધાને સંજ્ઞી માનવાજ પડશે, પરંતુ તમે તે વાત પણ કબુલ રાખી શકતા નથી. આ રીતે તમારી દશા બહુ વિષમ થાય છે.

### શાસ્ત્રાધાર શું છે તે જુઓ.

ઉપર પ્રમાણેની દલીલ કરીને શંકાકારો કહે છે કે દોરડીનો ફાંસો આપણે જોઈએ છીએ તેમ બંને બાજુથી આપણને આપત્તિ આપે છે તેને આમથી ખેંચો તોપણ તેથી ફાંસો સખ્ત થાય છે અને બીજી બાજુથી ખેંચો તોપણ ફાંસો સખ્ત થાય છે, તેજ પ્રમાણે અહીં પણ થાય છે, અને શાસ્ત્રવિરોધ આવે છે. શાસ્ત્રે એકેન્દ્રિય વગેરેને ચાર સંજ્ઞા માની છે એટલે સંજ્ઞા છે તો તેમને સંજ્ઞી કહેવા પડશે, તેમને અસંજ્ઞી કહી શકાય તેમ નથી, તેમ તેને સંજ્ઞી માનવાને પણ કોઈ તૈયાર નથી. આ સ્થિતિમાં ખરી વાત એ છે કે કાંતો તમારે ચારે સંજ્ઞા ઉડાવી દેવી પડશે, કાંતો અસંજ્ઞીપણુંજ ઉડાવી દેવું પડશે. આ બંને વસ્તુમાંથી ગમે તે એક વસ્તુ ઉડાવી દીધા

સિવાય તમારો છુટકો થવાનો નથી. કાંતો અસંજ્ઞીપણું કબુલ રાખવું પડશે અને અસંજ્ઞીપણું કબુલ ન રાખો તો ચાર સંજ્ઞા નથી એમ કબુલ રાખવું પડશે. વાદી આવી દલીલો કરીને આપણને ગુંચવવાનો પ્રયત્ન કરે છે, હવે એમાં શાસ્ત્રાધારે શું નિર્ણય થાય છે તે જોઈએ.

## કાળો રૂપાળો ગણાય કે નહિ ?

અહીં આ વસ્તુ સમજવાને માટે આપણે એક ઉદાહરણ લઈએ. ધારો કે એક માણસ તદ્દન મેશ જેવો છે. તેને કોઈ રૂપવાળો કહેશે તો આપણે તેને હસી કાઢીશું, પરંતુ લાંબો વિચાર કરીને જોશો તો માલમ પડશે કે કાલાને રૂપવાળો કહેવામાં પણ કંઈ ખાસ અન્યાય થઈ જતો નથી. રૂપાળો એટલે રૂપવાળો એ ખરૂં, પરંતુ કાળુંરૂપ એ પણ રૂપ છે એમ કહી શકાય કે નહિ તે વિચારજો. ધોળો, કાળો, લાલ, લીલો એ ખરૂં, પરંતુ કાળુંરૂપ એ પણ રૂપ છેજ, તો પછી સહજ છે કે કાળાને પણ રૂપાળો કહેવામાં કાંઈજ અવાસ્તવિકતા જેવું નથી. કાળાને રૂપવાળો કહેનારો એ ન્યાયે ખોટો ઠરતો નથી, પરંતુ કાળાને રૂપવાળો કહેનારને જે ખોટો કહે છે તે વ્યક્તિ પોતેજ અહીં ખોટો ઠરે છે. હવે વાસ્તવિક રીતે વ્યવહારમાં 'રૂપાળો' શબ્દનો અર્થ થાય છે તે જોઈએ ! વ્યવહારે રૂપાળો એટલે સારા રૂપવાળો એવોજ અર્થ કર્યો છે અને તેથીજ વ્યવહાર કાળા આદમીને રૂપાળો કહેવાની ના પાડે છે.

## એક પૈસાથી પૈસાદાર

પૈસાદાર તરીકે તમે જેની પાસે એક પૈસો હોય તેને ઓળખાવી શકતા નથી. ધારો કે એક માણસ પાસે એક પૈસો છે. તો તમે તદ્દન ભાષાને આધારે 'દાર' એટલે 'વાળો' એ પ્રત્યય માન્ય રાખીને એમ કહી દો કે જેની પાસે એકપૈસો છે, તે પણ પૈસાદાર છે, તો સમાજ તામારી એ વાત કબુલ રાખશે નહિ અને તમે જેને પૈસાદાર કહેશો તે પણ એમજ ધારશે કે તમે એને મીઠું બોલીને છળવા કે છેતરવાજ માંગો છો. તદ્દન વ્યાકરણનોજ આધાર પકડી રાખો તો પૈસા જેની પાસે હોય તેને પણ તમે પૈસાદાર કહી શકો છો, પરંતુ દેખીતી વાત છે કે પૈસાદારશબ્દનો આ અર્થ સમાજે કબુલ નથી જ રાખ્યો. પૈસાદાર શબ્દ સમાજે તેના વિશેષઅર્થમાંજ વાપરેલો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે શબ્દોના માત્ર શુષ્ક અર્થોજ કામ લાગતા નથી. કાળુંરૂપ એ રૂપ કહેવાતું નથી, તેજ પ્રમાણે જેની પાસે એકજ પૈસો હોય તે પૈસાદાર પણ કહી શકાતો નથી, તેજ પ્રમાણે સંજ્ઞી શબ્દનો વપરાશ પણ સામાન્યપણે થઈ શકતો નથી.

## અત્યંત વિચાર જોઈએ.

સંજ્ઞી કહેવો હોય તો તે કોને કહી શકાય તેનો વિચાર કરજો. જેને સામાન્ય સંજ્ઞાઓ હોય તેટલાજ માત્રથી આપણે તેને સંજ્ઞી કહી દેવાના નથી. કાળુંરૂપ એ બીજા રૂપોની અપેક્ષાએ તો રૂપ છેજ, પરંતુ છતાં કાળુંરૂપ એ રૂપ કહી શકાતું નથી. એક પૈસાવાળો પૈસાદાર ગણી શકાતો નથી, તેજ રીતે જેનામાં માત્ર ચારજ સંજ્ઞાઓ હોય તે આત્માસંજ્ઞીની ગણતરીમાં પણ આવી શકતો નથી. આ ચાર સંજ્ઞાઓ સંજ્ઞી તરીકે ગણવાને માટે તો કશા હિસાબમાંજ નથી. હવે વિચાર કરી જુઓ કે તો પછી સંજ્ઞી ગણવાને માટે કોઈ સામગ્રીની જરૂર છે. એકજ વસ્તુ એને માટે જરૂરી છે. અને તે બીજું કાંઈ નહિ પરંતુ માત્ર અત્યંત વિચાર. જેને મન હોય, મોટારૂપમાં હોય ત્યારેજ તેને આપણે સંજ્ઞી કહી શકીએ છીએ. જેને આ વસ્તુ નથી તેને આપણે કોઈપણ રીતે સંજ્ઞી નજ કહી શકીએ એ ધ્યાનમાં રાખવાનું છે. સંજ્ઞીપણાને શાસ્ત્રકારોએ કેવી મહાન ચીજ માની છે તે આ ઉપરથી ખ્યાલમાં આવે છે.

## આહારમાં કીડી પણ બુદ્ધિશાળી છે.

તમે કાળા હબસીને રૂપાળો ન કહો એમાં તમારી ભૂલ નથી. તમે એક પૈસાવાળાને પૈસાદાર ન કહો તેમાં તમારી ભૂલ નથી, તેજ પ્રમાણે જેને આહાર, ભય, મૈથુન અને લજ્જા એ ચાર સંજ્ઞા છે તે બધાને તેટલાજ માત્રથી શાસ્ત્રકારો સંજ્ઞી કહી દેતા નથી. જેનામાં વિશિષ્ટ સંજ્ઞા છે, વિશેષરૂપમાં જેનામાં સંજ્ઞા રહેલી છે. તેવાને જ શાસ્ત્રકારો સંજ્ઞી કહે છે. આટલાજ કારણથી સઘળા જીવોને ચાર સંજ્ઞા છે અને તે ચાર સંજ્ઞાદિને અંગે વિચાર છે તેથી તેમને શાસ્ત્રકારો સંજ્ઞી કહેવાને તૈયાર નથી. વિષયોને અંગે જે વિચાર સંજ્ઞીપણાને માટે યોગ્ય નથી અથવા તે વિચાર એ વિશિષ્ટ વિચાર પણ નથી. તમે કીડીના દરથી ચાર ફુટ દૂર પતાસું મૂકશો તો પણ કીડી એ પતાસાને જાણી જાય છે અને પતાસાને અંગે પોતાના દરમાંથી ત્યાં દોડીને આવે છે. તમે એ પતાસું ત્યાંથી ઉંચકી લેશો અને બીજી જગાએ મૂકશો તો કીડીની હાર ત્યાંથી બદલાઈ જશે અને જ્યાં તમે પતાસું મૂક્યું હશે ત્યાં હાર બંધાવા માંડશે.

## વિષયોની પ્રાપ્તિનો પ્રેમ

કીડીની આ હિલચાલ ઉપરથી માલમ પડે છે કે કીડીને પણ વિષયોને અંગે વિચારછે. કીડીને તેની ઇન્દ્રિયોના વિષયો પ્રાપ્ત થાય છે તે પહેલાં તે વિચાર કરે છે. અર્થાત્ કીડીને પણ વિષયોને અંગે વિચારો છે. એ જ પ્રમાણે માખીનું ઉદાહરણ લો. એક સ્થાનમાં માખી બીલ્કુલ બેસતી નથી, પરંતુ એ જ સ્થાનમાં તમે સાકર કે ગોળનો લોચો આણીને મૂકશો તો જરૂર માખીઓ બણબણતી ત્યાં ચઢી આવશે. આ ઉપરથી જણાય છે કે માખી જેવાને પણ વિષયોની વસ્તુની પ્રાપ્તિને અંગે વિચાર રહેલો છે. ગોળનું ટીપું નાખો કે પતાસાનો કટકો મૂકો કે તરત જ કીડી અને માખીઓ તે સ્થાનમાં આવીને બેસે છે અને ત્યાં ઢગલો થઈ જાય છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિષયોની પ્રાપ્તિને અંગે કીડીમંકોડી જેવાને પણ વિચાર રહેલો જ છે.

## એક પૈસાથી પૈસાદાર નહિ કહેવાય

એક જ પૈસાવાળાને આપણે જેમ પૈસાદાર કહી શકતા નથી, તે જ પ્રમાણે જેનામાં આટલો જ વિચાર છે તેવા જીવોને પણ આપણે સંજ્ઞી કહી શકતા નથી. પ્રશસ્ત અને સારા રૂપવાળાને જ જેમ આપણે રૂપવાળો કહીએ છીએ, તે જ પ્રમાણે પ્રશસ્ત અને સારા વિચારો સંજ્ઞીપણું પામવાને માટે જરૂરી છે અને તેવા વિચારોની કીડીમંકોડીમાં હસ્તી જ નથી એટલા જ માટે તેઓને અસંજ્ઞી ઠરે છે એ આપણે સમજવાની જરૂર છે. આ બધાનો અર્થ એ નીકળે છે કે જેનામાં પ્રશસ્ત અને શોભનસંજ્ઞા છે તે જ સંજ્ઞી ગણાવાને માટે યોગ્ય છે બીજાઓ નહિ. હેતુવાદોપદેશિકી સંજ્ઞા, જે પ્રવૃત્તિ કરાવનાર છે તેને વિકલેંદ્રિયમાં માનીએ છીએ. હવે જ્યાં મનઃપર્યવનો વિષય આવે ત્યાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોગતભાવો જાણે છે. હવે સંજ્ઞી પંચેન્દ્રિય એવું વિશેષણ શા માટે આપવામાં આવે છે તેનો વિચાર કરો. જે કોઈ પ્રાણી હોય તે બધાના મનોગત ભાવ જાણે તેમ અહીં કહેવામાં આવ્યું નથી. મનોમાત્ર પણ અહીં લેવામાં આવ્યા નથી, પરંતુ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોગતભાવ જાણે.

## લાડવા જેટલો ખાડો ખોદશે !

વિષયોને અંગે જે વિચાર કરવાનો છે તે તો પ્રાણીમાત્રને વિષે રહેલો જ છે. વિકલેન્દ્રિયો પણ પ્રાણીમાત્રને અંગે વિચાર કરે છે. કીડીમંકોડી, માખી એ સઘળામાં જ વિષયોને અંગેનો વિચાર રહેલો છે. ફૂલનું સુંદર ઝાડ હોય તેની ઉપર સુંદર અને

આનંદકારી ફૂલો ખીલી રહ્યા હોય, તો ભમરો પણ તે જ બાજુએ દોડી જશે અને ફૂલની ઉપર જઈને બેસશે. કીડીમંકોડી, માખી એ સઘળાં મિઠાશને અંગે દોડે છે, તમે જ્યાં મિઠાશને મુકશો કે તરત જ તેમનો ઢગલો થઈ જશે અને તમે જ્યાં મિઠાશને લઈ લેશો કે તેઓ પણ પોતાનો ડાયરો ત્યાંથી ઉઠાવી લઈને જ્યાં મિઠાશ મૂકેલી હશે ત્યાં ગોઠવાશે ! અરે કીડીની તો વિષયોને અંગે એટલી બુદ્ધિ છે કે જે જાણીને નવાઈ લાગે છે. આખો લાડવો જો કીડીના હાથમાં આવી જાય તો કીડી એ લાડવા જેટલો જ જમીનમાં ખાડો ખોદે છે. એ ખાડામાં તે લાડવો મૂકી દે છે અને વળી ઉપરથી ધૂળ વડે તે ખાડો ઢાંકી પણ નાખે છે.

**ચોરની કળા અનુકરણીય નથી.**

કીડી પોતાના વિષયને પોષવા માટે અર્થાત્ કે આહારને પોષવા માટે કેટલી ચપળતાથી અને કેવી બુદ્ધિથી કામ કરે છે તે જુઓ. પોતાના વિષયને સ્થિર રાખવા માટે તેની આ બાહોશી શું વખાણવા જેવી નથી ? પરંતુ ચોરની ચતુરાઈ કાંઈ વખણાતી નથી. ચોર ગમે તેટલો ચાલાક હોય અને ગમે તેવી બહાદૂરીથી ચોરી કરે, તો તેને તમે એમ નથી કહી દેતા કે આ ચોરની ચોરી કરવાની કલા અનુકરણીય છે ! કીડીને જેમ વિષયના સાધનો ભેગાં કરવાની ચતુરાઈ મળી છે, તે જ પ્રમાણે આપણને પણ જો વિષયના સાધનો જ ભેગાં કરવાની ચતુરાઈ મળી હોય અને એ ચતુરાઈને જ બાહોશી માનીને આપણે ચતુરાઈ ઉપર ખુશ થઈ જઈએ તો આપણું સ્થાન પણ નક્કી માની લેજો કે કીડી, મંકોડા અને ભમરા, પતંગીયાની હારમાં હોઈ તેમના જ જેવું છે.

**પ્રાણીમાત્રમાં સંરક્ષક બુદ્ધિ છે.**

વિષયો ભોગવવાને માટે તો વિકલેંદ્રિયો પણ પૂરેપૂરા તૈયાર રહે છે, વિષયોને પોષતાં સાધનો મેળવવાં કેમ, એ વાતો તો વિકલેંદ્રિયો પણ સમજે છે. મધમાખી ફૂલો ઉપર જઈને બેસે છે. ફૂલોમાંથી રસ ચુસે છે અને તે લાવીને મધપુડામાં ભરે છે. માખી મધપુડામાં રસ મૂકે છે. તે રસ માખીને કડવો લાગતો નથી, પરંતુ તે છતાં મધપુડામાં માખી મધ ભરીને કેમ રહેવા દે છે ? સંરક્ષણની બુદ્ધિને જ લીધે, મધમાખીમાં મધસંરક્ષણની બુદ્ધિ છે તેથી એ બુદ્ધિને લીધે જ મધમાખી મધ સંગ્રહી રાખે છે. કીડીઓની તાકાત અને તેમની બુદ્ધિ તો ખરેખર અજબ છે. ઘઉંનો કે જુવારનો કોથળો પડેલો હશે તો કીડીઓ તેમાંથી પોતાને જોઈતા દાણા ઉઠાવી જશે, અને તે દાણા દરમાં લઈ જઈને ભરશે. કીડીઓમાં પણ સંરક્ષણબુદ્ધિ રહેલી છે તેને જ અંગે તેઓ દાણાની આ પ્રમાણે રક્ષા કરે છે.

**એક અપૂર્વ બુદ્ધિમત્તા !**

કીડીઓ દાણાનું આ પ્રમાણે રક્ષણ કરીને જ અટકી જતી નથી, પરંતુ તેની ચતુરાઈ તો એનાથી વિશેષાંશે હોય છે. દાણો સાચવી રાખેલા દરમાં પાણી ભરાઈ જાય અને તેથી એ ઘણા વખતે ઉગી નીકળે તો પોતાનો ખોરાક નકામો થઈ પડે. આ સ્થિતિ ન ઉપસ્થિત થાય એટલા માટે તે કીડીઓ અનાજ ના દાણાના છેડા ફરડી નાખે છે. આ પ્રમાણે કરવાથી દાણાની પુનઃ અંકુરિત થવાની શક્તિ નાશ પામે છે અને કીડી પોતાનો ખોરાક લાંબો વખત સુધી જાળવી રાખે છે. સંરક્ષણબુદ્ધિને લીધે જ કીડીઓ આવું પગલું ભરે છે. પોતાના વિષયોને સંતોષવા માટે ઇચ્છિત વસ્તુ મેળવવી, તેને શોધી કાઢવી, તેને એકત્રિત કરવી એ સઘળું તો વિકલેંદ્રિયો પણ જાણે જ છે. વિષયો પ્રાપ્ત કરવા, તેનો ઉપયોગ કરવો અને એ વિષયોપભોગની વસ્તુઓ ભવિષ્યકાળને માટે રાખી મૂકવી એ વસ્તુઓ વિકલેંદ્રિયોને પણ જાણબહાર નથી, પરંતુ આટલું કરવા માટે અને આ પ્રમાણે વિચારયુક્ત બુદ્ધિ

ચલાવવાને માટે આપણે વિકલેંદ્રિયોને સંજ્ઞી કહી દેતા નથી જ. વિષયો માટે જે ચેષ્ટા કરે છે તેને પણ આપણે સંજ્ઞી નથી માનતા ત્યારે હવે સંજ્ઞી કોણ તે વિચારવું પડશે.

## સાચું સંજ્ઞીપણું ક્યાં છે ?

સંજ્ઞીપણું ક્યાં રહ્યું છે તેનો વિચાર કરતાં કહેવું પડે છે કે જ્યાં દીર્ઘકાલિકી સંજ્ઞા છે ત્યાં જ સંજ્ઞીપણું રહેલું છે. જે આત્મા વિષયો સિવાય દીર્ઘકાળ માટે બીજા વિચારો રાખે છે અને જે ભૂતભવિષ્યની તજવીજ રાખે છે તે જ એક સંજ્ઞી છે. જે જીવોને આહારઆદિનો વિચાર છે, તેટલા જ માત્રથી તેઓ સંજ્ઞી કહેવાતા નથી, ત્યારે હવે સહજ થાય છે કે જેઓ એ કક્ષાથી ચઢિયાતા છે તેઓજ સંજ્ઞી હોવા જોઈએ. અલબત્ત જેઓ વિકલેંદ્રિયોના વિચારોથી ચઢિઆતા છે તેઓ જ સંજ્ઞી છે, પરંતુ યાદ રાખવાનું છે કે તેઓ પણ માત્ર સંયોગસંજ્ઞી છે, સ્વભાવસંજ્ઞી નથી. સંજ્ઞીપણાના પ્રકારો જોઈએ તો મુખ્યત્વે બે છે. સંયોગસંજ્ઞી અને સ્વભાવ સંજ્ઞી.

## એ તો માગી આણેલી શ્રીમંતાઈ છે !

આહારઆદિથી સંજ્ઞા ગણવામાં આવતી નથી, વિષયોથી પણ સંજ્ઞા ગણવામાં આવતી નથી, પરંતુ જેઓને ભૂતભવિષ્યને અંગે વિચાર છે, અર્થાત્ જેઓ પોતાના ભૂત અને ભવિષ્યના ભવોને અંગે વિચારવાળા છે તેવાઓ જ માત્ર સંજ્ઞી ગણાય છે, પણ આવો વર્ગ એ સ્વભાવસંજ્ઞીની કક્ષામાં આવતો નથી. આ સઘળો વર્ગ સંયોગસંજ્ઞીની સંજ્ઞા જ પામે છે. સંજ્ઞા એટલે શું તેનો હવે વિચાર કરીએ સંજ્ઞા એટલે વિચારો. સંજ્ઞાનો સીધો સાદો અર્થ "વિચારો" છે. એમનો વર્ગણાના પુદ્ગલો લઈને જેઓ સંયોગસંજ્ઞી બન્યા છે તેમણે પોતાની સ્થિતિ કેવી છે તેનો વિચાર કરવાનો છે. મનોવર્ગણાના પુદ્ગલો લઈને મેળવેલું સંજ્ઞીપણું એ માગી આણેલી શ્રીમંતાઈ છે, પરંતુ યાદ રાખવાનું છે કે માગી આણેલી શ્રીમંતાઈ ક્ષણભંગુર અને અર્થ વિનાની છે. બીજાના પૈસા આપણે માગી લાવીએ અને તે સંપત્તિ ઉપર આપણે શેઠીયા ગણાઈએ તો એ શેઠાઈ કેવું માન મેળવશે અને કેટલો વખત ટકશે તે પણ વિચારવાનું છે.

## આત્માના હિસાબે પારકી ચીજ

મનોવર્ગણાના પુદ્ગલો લઈને મેળવેલું સંજ્ઞીપણું એ પારકા પાસેથી વ્યાજે પૈસા લઈ મેળવેલી શેઠાઈ છે. પારકાની પાસે પૈસા લઈને પુંજી ઉભી કરીને તમે શેઠીઆ બન્યા છે, પરંતુ યાદ રાખવાનું છે કે હજી ઘરની શેઠાઈ મળેલી નથી. અલબત્ત આ શેઠાઈમાં પણ ધણીપણું થાય છે એ સ્પષ્ટ છે. મનના પુદ્ગલો ઘણા સારા અને ઉચ્ચ કોટીના હોવા જોઈએ. એવા પુદ્ગલો તમોને મળ્યા છે, પરંતુ તે છતાં એ પારકો ભંડોળ છે. મનના પુદ્ગલો એ આત્માના હિસાબે તો પારકી જ ચીજ છે. આત્માની પોતાની ચીજ નથી. બીજી બાજુએ જે વર્ત્તમાનભવના વિચારો કરે છે. તેની સ્થિતિ વિચારો. વ્યવહારમાં તમે એક માણસને સરવાળો કરવાનું કામ સોંપો. હવે આ માણસ સરવાળો ત્યારે જ કરી શકે કે જ્યારે તે તેને આપેલી સઘળી જ રકમ પર ધ્યાન આપશે. સરવાળો કરનારો માત્ર એકની એક જ રકમને પકડી રાખશે તો તેનાથી સરવાળો નહિ જ કરી શકાય એ વસ્તુ તદન સ્પષ્ટ છે.

## જમા અને ઉધાર

સરવાળો કરનારો જો બધી રકમો ઉપર ધ્યાન નહિ આપે અને માત્ર એક બે રકમો ઉપર જ ધ્યાન આપે તો તેનો સરવાળો હંમેશાં ખોટો જ થવાનો ! ! નામું લખનારો માત્ર જમાની રકમોને જુએ કામ

લે તો તેનાથી નામું લખવાનું નથી. તેણે તો જમા અને ઉધાર બંનેની રકમ જોવી પડશે અને તે બંને રકમોને ધ્યાનમાં લઈને જ જે નામું લખશે તે જ ખરૂં નામુ પણ લખી શકશે, તે જ પ્રમાણે અહીં સંજ્ઞી ગણાવાનો લોભ રાખતાં પહેલાં એક નહિ પરંતુ બીજી ઘણી બાબતો જોવાની બાકી છે. જો નામું લખનારો એકલી જમાની જ રકમો જોતો જશે, ઉધારની રકમ વાંચવાની તસ્દીજ નહિ લે તો પરિણામ એ આવશે કે જે શેઠને આવું નામું લખનારો મળ્યો હશે તે સમુળગુંજ દેવાળું કાઢશે! અને જો એકલી ઉધારની રકમો જ જોઈને કોઈ ગણિતશાસ્ત્રી નામું લખે જશે અને જમે જોવાની જ સાફ ના પાડશે તો છતે પૈસે તેનો વેપાર દેવાઈ જશે.

**વાચકોને**

પ્રવચનકારે આહ્વાન ર્ક્યું, ને તેનો સ્વીકાર થયો, ત્યારે તેઓ સંપાદકને સોંપી ખસ્યા, તેથી લેખો લખવાની ફરજ આવેલ હતી. જો નવા લેખની જરૂર નહિ પડે તો હવે માત્ર 'ગ્રામચિંતક' નો લેખ આવશે. હવે આવો પ્રસંગ હશે તો વધારો કાઢીશું તે શોભશે.

- તંત્રી

## ભેંસ, ગાય અને આપણે

આ બધા ઉપરથી આપણે સમજવાનો મુદ્દો શું છે તે વિચારજો. અહીં જે ઉદાહરણો આપવામાં આવે છે તે ગમ્મત ખાતર આપવામાં આવતાં નથી, પણ બીજા તાત્ત્વિક સિદ્ધાંતોની સરળતા માટે આપવામાં આવે છે. આપણે અહીં એ સમજવાનું છે કે બંને બાજુઓ જોવી એ આપણું કર્તવ્ય છે. એ જ દૃષ્ટિ હવે તમારે અહીં પણ કામે લગાડવાની છે. જે જીવને મન મળ્યું છે, અરે મોટું મન મળ્યું છે, મનોવર્ગણાના ખુબ પુદ્ગલો પણ તેણે મેળવ્યા છે, પરંતુ તેથી તેણે કઈ સ્થિતિ પ્રાપ્તિ કરી છે તે વિચારજો. આ પ્રકારનો જીવ જરૂર સંજ્ઞી તો છે જ પરંતુ તે જીવ માત્ર એક જ ભવનો વિચાર કરનારો છે એ વાત ભૂલી જવાવી ન જોઈએ. આપણા પરિવારમાં આપણે જન્મ્યા અને એક ગાય કે ભેંસ જન્મી, તો તેથી બંને વચ્ચે શું તફાવત પડ્યો છે તે પહેલાં તપાસો. એક જ ભવની અપેક્ષાએ જ તમારા કુટુંબમાં તમે જન્મ્યા અને ગાય જન્મી એ બંનેમાં કશો જ ફરક નથી.

## આ અસાર સંસારનો ખેલ

એક શેઠીયાના પરિવારમાં ગાય જન્મે છે તો એ ગાયનું જીવનભરનું શું કર્ત્તવ્ય હોય છે તે વિચારો. ગાય ઘાસ ખાય છે. ખોળ ખાય છે. દાણો ખાય છે. શેઠની સ્થિતિ પ્રમાણે જે કાંઈ સારૂં નરસું ખવડાવે તે ખાઈને ગાય સંતોષ પામે છે અને દૂધ આપે છે. દૂધદ્વારા ગાય શેઠને ન્યાલ કરી નાખે છે અને પોતાના ખાધેલાનો બદલો વાળી આપે છે. એમ કરતાં કરતાં ગાયને બચ્ચાં થાય છે, તો બચ્ચાં પર ગાયનો પોતાનો હક હોતો નથી. એક દિવસ પોતાના શેઠના પાડોશીએ પોતાને તાજો લીલો ચારો નિર્યો હતો, માટે લાવને મારૂં એક બચ્ચું તેને આપી દઉં, એવું કદાચ ગાય ચિંતવે તોપણ તે તે બચ્ચાને શેઠના પાડોશીને આપી દઈ શકતી નથી ! જુઓ કુદરતનો-તમારા સંસારનો ખેલ કેવો છે તે જુઓ ! બચ્ચાં ગાયના પોતાનાં છે. નવ માસ તેને ગાયે પોતાના પેટમાં ધારણ ર્ક્યાં છે. પોતાના શરીરનું દૂધ પાયું છે, પરંતુ છતાં એ બચ્ચાં પર માલિકી તેની નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૨૯)

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ ર્ક્યું.

....તત્ત્વજિજ્ઞાસુઓને અમૂલ્ય અવસર....

:-: યાને :-:

## ✻ ઉત્તમ ગ્રંથો મેળવવાની ઉમદા તક ✻

卐

### નવીન બહાર પડેલા ગ્રન્થો

૧. શ્રીઆચારાંગસૂત્ર (દ્વિતીય શ્રુતસ્કંધ) શ્રી શીલાંકાચાર્યકૃત ટીકા સહિત રૂા. ૨-૦-૦

૨. શ્રીભગવતીસૂત્ર (આચાર્ય દાનશેખરસૂરિ વિહિત ટીકા સહિત) રૂા. ૫-૦-૦

૩. શ્રીતત્ત્વાર્થસૂત્ર (આચાર્ય હરિભદ્ર-સૂરિકૃત ટીકા અને સ્વોપજ્ઞ ભાષ્ય) રૂા. ૬-૦-૦

૪. શ્રી તત્ત્વાર્થ સૂત્ર (મૂળ અને સ્વોપજ્ઞભાષ્ય) રૂા. ૧-૦-૦

૫. શ્રીપર્યુષણાદશશતક (મહોપાધ્યાય શ્રી ધર્મસાગરગણિકૃત સ્વોપજ્ઞ) રૂા. ૦-૧૦-૦

૬. શ્રીયતિદિનચર્યા (આચાર્યશ્રી મતિસાગર-સૂરીકૃત અવચૂરિ સહિત) રૂા. ૧-૦-૦

### ટુંક સમયમાં બહાર પડનારા ગ્રંથો

૧. પુષ્પમાલા (ઉપદેશમાલા) (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ)

૨. વિચારામૃત સંગ્રહ (કુલમંડણસૂરિ કૃત)

### નવીન છપાતા ગ્રંથો

૧. વિશેષાવશ્યક ભાષ્ય (શ્રીકોટ્યાચાર્યકૃત ટીકા)

૨. ભવભાવનાવૃત્તિ (મલધારી હેમચંદ્રસૂરિકૃત)

૩. કલ્પકૌમુદીટીકા (ઉ. શાંતિસાગરસૂરિ કૃત)

૪. બુદ્ધિસાગર વ્યાકરણ (ધર્મ અને નીતિબોધક ગ્રંથ)

## :- પ્રાપ્તિ સ્થાન :-

૧. શ્રીજૈનાનંદ પુસ્તકાલય
ઠે. ગોપીપુરા,
સુરત

૨. માસ્તર કુંવરજી દામજી
ઠે. મોતી કડીયાની મેડી,
પાલીતાણા (કાઠિયાવાડ)

ચતુર્થ વર્ષ અંક ૧૪

Registered No. B.3047




ચૈત્ર વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૧-૪-૧૯૩૬

# સમાલોચના

કથીરશાસનમાં જ અહમિન્દ્રના પૂજારી થઈ અન્યને અહમિન્દ્ર ગણાવાય. ૧. અહમિન્દ્રના પૂજારીઓએશ્રી મણિવિજયજી તપસ્વી તથા મહારાજ બુદ્ધિવિજયજીનું ચરિત્ર શ્લાઘનીય ન હોતું એમ ક્રાન્તિકારી આચાર્યની ચોપડીમાં જણાવેલું જોયું નથી ? ૨. અહમિન્દ્રના પૂજારી પોતે યોગ વહેવડાવવાના નામે દાનવિજયજી મહારાજથી મોટા થવા માગે અને પોતાના વડીલને યોગ વહેવડાવે અને વડી દીક્ષા આપે તે મહાત્માને તો ચરિત્રમાં સ્થાન જ ન આપે. ૩. પોતાના વડીલની અહમિન્દ્રતા તપાસી હોત તો બીજાને અહમિન્દ્ર કહેવા બહાર ન પડત, કારણો (अ) યોગ વહેવડાવનાર છતાં યોગો પોતે ન વહ્યા. (आ) ગણિમહારાજની હયાતિ છતાં વાણીઆ પાસે આચાર્યનો ઈલકાબ વગર વિધિનો લીધો (इ) વગર યોગ વહે માંડળીઆ યોગો વહેવડાવ્યા. (ई) પદસ્થો પાસેથી પદ મેળવ્યા સિવાય વડી દીક્ષાઓ કરી. (उ) પરંપરાથી ચાલી આવતા પાણસ્સના આગાર ઉઠાવ્યા. (ऊ) યોગની પરંપરાવાળાઓને ચોરપલ્લીવાળા માનવાનું સૂચવ્યું. પણ તેમની દીધેલી વડી દીક્ષાઓ માની (ऋ) શાંતિસાગરના મતનું ગણીજી મૂળચંદજી મહારાજે ઔષધ કરેલ છતાં તેમની નિન્દા ને પોતાની ખોટી પ્રશંસા ગોઠવાઈ.

(વીરશાસન)

૧. કથીરશાસનમાં જણાવે છે કે કચ્છમાં ભગવાન્ સુધર્મસ્વામી પધાર્યા હતા અને પ્રતિષ્ઠા વિગેરે કર્યાં હતાં, ત્યારે તેના પરમપુરુષ તો કૌશાંબીનગરીથી દક્ષિણમાં ભગવાન્ મહાવીર મહારાજ વખતે સાધુઓનો વિહાર જ નહોતો અને તે બધા દેશો અનાર્ય જ હતા એમ કથે છે, તો પુણ્યપુરુષ સાચા કે કથીરશાસનના લેખક સાચા ? (૨) નયસારની ગુણાધિકતાથી ઈતર તીર્થંકરોની ઘોર આશાતના માનનાર માંગાઓ 'તેમની હરોલમાં વર્તમાનના કોઈથી ટકી શકાય તેમ છે નહિ' આવું કેમ ભખતા હશે ? (૩) વંશવેલીની ઘેલછાવાળાએ ઔષધ લેવું વ્યાજબી છે કે જેથી દશા સુધરે. અન્યની અપેક્ષાએ સંમૂર્છિમો શું વધારે નથી થતા ? (૪) વંશવેલીની વૃદ્ધિ એ કથંચિત્ શાસનવૈરની પણ વૃદ્ધિ છે, એ ન થયું હોય તો જ સંઘનું કલ્યાણ ગણાય. (૫) ગર્ભ જ કરતાં સંમૂર્ચ્છનની ઉત્પત્તિ વધારે છે એ કથીરશાસનને ન સમજાયું હોય તો નવાઈ નથી.




(પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૪ | મુંબઇ તા. ૨૧-૪-૧૯૩૬ મંગળવાર<br>ચૈત્ર વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦    ☞ ઉદ્દેશ ☜    છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### રાજાનું સ્થાન તે રાજધાની

ભગવાન્ ઋષભદેવજીની તીર્થંકરપણાને અંગે ઈન્દ્ર મહારાજ તરફથી કરાતી અનેક જાતની ભક્તિઓમાં કુબેરભંડારીદ્વારાએ અનેક ગગનચુંબી ભુવનોથી ભૂષિત એવી વિનીતાનગરી રચાવવામાં આવે તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. જો કે આ વિનીતાનગરી રચવાને અંગે ઈન્દ્રને, ભંડારીને કે કોઈને પણ કાંઈ વિચાર કરવાની જરૂર હોય નહિ, કારણ કે સામાન્ય રીતે નિયમ છે કે રાજાનું જ્યાં સ્થાન થાય તેને રાજધાની કહેવી પડે.

### રાજધાનીમાં અન્ય જનોની વસતિ

અને તે રાજાના સ્થાનને લીધે અત્યંત જાહોજલાલી ભોગવે તેમાં આશ્ચર્ય નથી. પૂર્વકાલના ઈતિહાસ અને જૈનશાસ્ત્રના અભ્યાસીઓથી એ વાત અજાણી નથી કે દરેક મોટા રાજાઓ પોતાને તાબે રહેલા રાજાઓને સન્માન, સેવા, સલાહ કે એવી બીજી કોઈપણ નીતિએ પોતપોતાની રાજધાનીમાં જ રાખતા હતા. અને તેથી જ વાસુદેવ અને ચક્રવર્તીઓની રાજધાનીઓમાં હજારો દેશોના રાજાઓ ધામ કરીને રહેલા એમ ઈતિહાસ અને શાસ્ત્ર સાક્ષી પૂરે છે.

### વેપારીઓનું આગમન

જ્યારે એવી રીતે હજારો દેશના રાજાઓ પોતે નિયમિતપણે તે વાસુદેવ કે ચક્રવર્તીના સ્થાનમાં રહેતા હોય ત્યારે તે રાજાઓને ત્યાં રહેતી વખતે તે તે સુખનાં સાધનો રાખવાં પડે તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી.

### અક્કલવાળાઓના સમૂહનું આવવું

વળી અનેક રાજાઓના સંબંધને લીધે તેમ જ મુખ્ય રાજાઓની પણ દશા વિચારપૂર્વક કે વિચાર વગર નીકલેલું વચન તે જ હુક્કમ અગર આજ્ઞારૂપે ગણાતું હોવાને લીધે તે મુખ્ય રાજાના વચનનો ફાયદો મેળવી શકાય. કદાચિત તેના વચનથી નુકસાન થવાનો સંભવ હોય તો તે પણ વિચારાય અને તેનાથી બચાવના રસ્તા યોજી શકાય તે માટે પણ સલાહકારોની જરૂર હંમેશાં રહે.

### અન્ય ઇર્ષ્યા અને સત્તા, સન્માનની ઇર્ષ્યામાં તફાવત

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જગતમાં દરિદ્રતા ઈર્ષ્યાનું બીજ બની શકતી નથી. ધનસંપત્તિ તે ઈર્ષ્યાનું બીજ બનવા છતાં ઉદ્યોગને ગતિ આપી કેટલીક વખત ઈર્ષ્યાને ઉન્નતિના સાધન તરીકે ગણાવી શકે છે. કુટુંબની ઈર્ષ્યાવાળી સ્થિતિ કથંચિત્ અલ્પ કુટુંબવાળાને કે અલ્પ પરિવારવાળાને

અન્ય કુટુંબ કે અન્ય મનુષ્યોનો સંગ્રહ કરવાની ફરજ પાડી કથંચિત્ તે ઈર્ષ્યાખોરને મળતાવડો કરી ઉન્નતિના કરનાર તરીકે બતાવી મેલે છે, પણ સત્તાની અગર માનસન્માનનની ઈર્ષ્યા એ એવી અધમ વસ્તુ છે કે જેને પ્રતાપે અન્યની દુર્બલતા કે અપમાનની ચાહના ને તેના સાધનોને જન્મ આપનારી થાય છે.

### દરેક રાજાને બચાવમાં સલાહકારોને સાધનવાળા

આ વસ્તુને વિચારતા સત્તાના પ્રલોભનના પાટલે બેઠેલા અનેક રાજાઓ જ્યાં નિવાસ કરીને રહેલા હોય અને મોટા રાજા તરફથી વધારે ને વધારે માન મેળવવાની દોડધામમાં પડેલા હોય તેવઓનાસમાગમમાં રહેવાવાળા રાજાઓ પોતાના સાચા અને નિમકહલાલ સલાહકારોને કોઈ દિવસ પણ સાથે રાખ્યા સિવાય રહી શકે જ નહીં અને દરેક રાજાઓને તેવા સલાહકારો રાખવા પડે ત્યારે તે સલાહકારોને પણ પોતાના કુટુંબ સાથે ત્યાં રહેવું પડે. આટલું બન્યા પછી પણ તે તાબેદાર રાજાઓને પોતાના, પોતાના કુટુંબના અને સલાહકારોના આકસ્મિક હુમલાથી બચાવ કરવા માટે પણ લશ્કર રાખવાની જરૂર પડે. આ બધી હકીકત વિચારતા મુખ્ય રાજાનું સ્થાન જેને લોકો રાજધાની કહે તે કોઈપણ સ્થાને હોય તો પણ મોટા રૂપમાં ફેરવાય તેમાં આશ્ચર્ય જ નથી.

### રાજાનું જે ગૃહ તે રાજગૃહ નગર બન્યું

અને આ વાત સમજવાથી મહારાજ પ્રસેનજિત કે જેઓ શ્રેણિક મહારાજના પિતા હતા, તેમની વખત માત્ર રાજાને શહેર બહાર રહેવાથી એટલે રાજગૃહ નગરની બહાર કરવાથી તે રાજગૃહ મટીને રાજગૃહી નગરી કેમ થઈ ગઈ તે સહેજે સમજાશે.

### મુખ્ય રાજાને પણ મંત્રી અને સૈન્યની જરૂર

વળી તે તાબેદાર રાજાઓનો ઉપરી મોટો રાજા પણ તે સર્વ તાબેદાર રાજાઓની વિચાર અને બળની શક્તિને પહોંચી વળે તેટલું વિચાર અને બળનું સામર્થ્ય ન ધરાવે એમ તો કોઈ દિવસ પણ ધારી શકાય જ નહીં, અને તેથી તે મુખ્ય રાજાને પણ તેવા અને તેટલી સંખ્યાવાળા સલાહકારકો રાખવા જ પડે અને બળની સંખ્યામાં પણ તેટલો વધારો જરૂર કરવો જ પડે.

### રાજધામ તે રાજધાની અને તેનો વિસ્તાર

એવી રીતે જ્યારે સત્તા, સલાહ અને બળ એ ત્રણેનું કેન્દ્ર રાજાનું ધામ બને ત્યારે જીવનનિર્વાહ તથા સુખસંપત્તિના સાધનો પણ દેશોદેશના ખૂણેખાચરેથી પણ ત્યાં આવે તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. ઈંગ્લાંડ જેવા મુખ્યતાએ માત્ર લોઢું અને કોલસા જ ધરાવનારા દેશો પણ રાજસત્તાની શક્તિથી જ લંડન જેવા સર્વદેશીય પ્રજાજનોના સ્થાન થનારા શહેરો ધરાવી શકે છે, તો પછી જે રાજાઓ સમૃદ્ધિ સંપૂર્ણ સ્થાનોમાં પોતાનું ધામ કરે તે સ્થાને વર્તમાન કાળના લોકોની કલ્પનામાં પણ ન આવે તેવા મોટા શહેરો વસી જાય તેમાં આશ્ચર્ય જ શું?

### અયોધ્યા આદિ રાજધાનીઓનું પ્રમાણ

આ બધી વસ્તુસ્થિતિ જોનારો મનુષ્ય અયોધ્યા, રાજગૃહી, દ્વારિકા વગેરે નગરીઓનું લંબાઈમાં બાર જોજન અને પહોળાઈમાં નવ જોજનનું પ્રમાણ જે શાસ્ત્રકારોએ વર્ણવેલું છે તે વાસ્તવિક જ છે પણ અતિશયોક્તિ ભરેલું નથી એમ સહેજે સમજી શકશે. વર્તમાનમાં પણ મુંબઈ, મદ્રાસ, કલકત્તા જેવા સરકારના પ્રતિનિધિ તરીકે આવનારા ગવર્નરોના ધામો થવાથી કેવા દરેક જુગે વૃદ્ધિ પામે છે એ વિચારનારો ભારતીય મનુષ્ય પ્રથમકાલની રાજધાનીઓના પ્રમાણમાં કોઈ પણ પ્રકારે અતિશયોક્તિ સ્થાન આપી શકે નહીં.

## વિનીતા રાજધાનીનું અનોખું સ્થાન

પણ ભગવાન ઋષભદેવજીની વિનીતા રાજ ધાનીને અંગે તેવા પ્રપંચો, બળાત્કારો અને તેવા સાધનો સ્વાભાવિક રીતે ન હોવાથી ઉપર જણાવેલી રીતિએ રાજધાનીને મોટા રૂપમાં આવવાનો સંભવ જ ન હતો. વળી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન ઋષભદેવજીનો એકલાનો જ આદ્ય રાજા તરીકે અભિષેક તે વખતે થયેલો હતો અને તેથી ખંડિયા રાજાઓનો, તેના સલાહકારકોના નિવાસનો અને તેમના બચાવને માટે રહેતા સૈન્યના નિવાસ સાથે તે સર્વને જીવનનિર્વાહના સાધનો કે સુખસામગ્રીના સાધનો પૂરા પાડનારા વર્ગનો ફાળો તે નગરીની વિશાળતામાં આવે તેવો ન હતો.

## ભગવાને કરેલા એક રાજ્યના સો રાજ્યો

જોકે ભગવાન ઋષભદેવજીએ જ દીક્ષિત થવા પહેલા સો ભાગમાં આખા પોતાના મુલકને વહેંચી સો દેશો બનાવ્યા હતા અને તે દરેક દેશનું રાજ્ય પોતાને સો પુત્રો હોવાથી એક એક પુત્રને આપેલું હતું અને તેથી ભગવાને દીક્ષા ગ્રહણ કરી ત્યારે સો રાજ્યો જુદા જુદા થયેલા હતા. શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દમાં જણાવે છે કે **पुत्तसयं रज्जसये अभिसिंचित्ता** અર્થાત્ સો પુત્રોને સો દેશના રાજ્યોની ગાદીઓ ઉપર અભિષિકત કરીને પછી ભગવાન ઋષભદેવજીએ દીક્ષા લીધી છે, પણ તે સો દેશના રાજ્યોની ગાદીએ સો પુત્રોના રાજ્યાભિષેકનો વખત વિનિતાનગરીના નિવેશની સાથે સંબંધ ધરાવતો નથી.

## વિનીતા નિવેશ અને સો રાજ્યનું આંતરૂં

યાદ રાખવું કે ચોરાસી લાખને ચોરાસી લાખે ગુણવાથી જે સંખ્યા આવે તેટલા વર્ષનું એક પૂર્વ ગણાય છે, અને તેવાં લાખો પૂર્વોનો આંતરો વિનીતાના નિવેશને અને તે સો દેશની રાજગાદીઓની વચ્ચે છે, માટે તે સો રાજાઓ થવું વિનીતાના વિસ્તારમાં ઉપયોગી નથી.

## સો ભાગ કરવાનું કારણ

તત્ત્વથી કહીએ તો ભગવાન્ જિનેશ્વર મહારાજે દીક્ષા લેતી વખતે એવો વિચાર કરેલો હોવો જોઈએ કે આ સો પુત્રોમાંથી કોઈપણ પુત્ર ઈંદ્રાદિકની સેવાનું ધામ બન્યો નથી અને બને તેમ પણ નથી, તો પછી દેવતાઈ મદદ સિવાય એકલા પુરુષપરાક્રમથી આખા દેશનું રાજ્ય એક મનુષ્યથી કરી શકાય તેમ છેજ નહિ, માટે જુદા જુદા પુત્રોને જુદા જુદા દેશો સાચવવા સોંપવા એજ યોગ્ય છે એમ ધારી દીક્ષા લેતી વખતે રાજ્ય છોડવા પહેલાં સોએ પુત્રોને જુદા જુદા દેશોના જુદાં જુદાં રાજ્યો કરી પોતાના હાથે રાજ્યાભિષેક સર્વને કર્યો.

## એક રાજ્યના સો રાજ્યો કરવામાં કાલમહિમા

વળી એ વાત પણ ધ્યાન બહાર જવી ન જોઈએ કે ભગવાન્ ઋષભદેવજીની વખતે જ્યારે વિનીતા નગરીનો નિવેશ થયો તે વખત લોકોમાં જે લોભ અને માયા તથા ક્રોધ અને માન પ્રવર્તેલાં હતાં તે ઘણાંજ થોડાં હતાં, પણ હવે તે વખત પછી અવસર્પિણી કે જે રૂપ, રસ, ગંધ અને આયુષ્યની હાનિ કરનાર છે અને તે અપેક્ષાએ વાસ્તવિક અવસર્પિણી નામ ધરાવી શકે પણ લોભ અને માયા વિગેરે દોષોને માટે તો આ કાલ અવસર્પિણી નથી, પણ ખરેખર ઉત્સર્પિણીજ છે, અને તેથી વિનીતા નિવેશના લાખો પૂર્વ પછી લોભ અને માયા વિગેરે દોષોની કેટલી બધી અને કેવી વૃદ્ધિ થયેલી હોય તેની કલ્પના વાચકો સર્વથા કરી શકેજ નહિ એમ માની શકાયજ નહિ, તો તેવી લોભ અને માયાદિકની વૃદ્ધિની પ્રસંગમાં દેવતાઈ મદદ સિવાય એક મનુષ્ય આખા દેશનું રાજ્ય કરે તે અસંભવિત ગણાય તેમાં નવાઈ જેવું નથી, અને તેથીજ ભગવાન્

ઋષભદેવજીને સો પુત્રોને સો રાજ્યો સોંપી રાજ્યાભિષેકો કરવા પડ્યા તે યોગ્યજ થયું છે.

### સો રાજ્ય કરી સો પુત્રને આપ્યાં તે પ્રજાહિત કેમ ?

આ બધી વાત વાચકોના સમજવામાં જ્યારે આવશે ત્યારેજ તેઓ શાસ્ત્રકારોએ સો પુત્રોને સો દેશની રાજગાદી ઉપર બેસાડી રાજ્યાભિષેક ભગવાને જે કર્યો છે તે પ્રજાના હિતને માટેજ છે એ સ્પષ્ટપણે સમજી શકાશે. શાસ્ત્રકાર મહારાજાઓ શિલ્પ અને કર્મનો ઉપદેશ *તથા સ્ત્રીઓના ચોસઠ* ગુણોનું નિરૂપણ ભગવાન્ ઋષભદેવજીએ જે કર્યું છે તે જેમ પ્રજાના હિતને માટે છે, તેવીજ રીતે સો દેશના સો રાજ્યો ઉપર સો પુત્રોનો અભિષેક કર્યો તે રૂપ ત્રીજું કાર્ય પણ પ્રજાજનના હિતને માટેજ કર્યું છે એમ સ્પષ્ટપણે **तिन्निवि पयाहियट्टयाए** એમ કહી જણાવે છે; અર્થાત્ ભગવાન્ ઋષભદેવજીની દીક્ષા લઈ તે વખતે એક દેશના સો દેશો થયા અને એક રાજ્યના સો રાજ્યો થયાં.

### વિનીતાને સ્વાભાવિક વૃદ્ધિ નહોતી કેમ ?

પણ વિનીતા નગરીના નિવેશની વખતે તો સમગ્ર દેશ અવિભક્તરૂપે હોઈ એક રૂપેજ હતો અને તેથી ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક આખા દેશના એકજ સ્વામી તરીકે થાપીને કરવામાં આવેલો હતો. આવી રીતે વિનીતાનગરીનું રાજ્ય પેટાભેદ અને પ્રતિસ્પર્ધી રાજાઓ વિનાનું હોઈ તેને ગાઢ વસતિના સ્થાનરૂપ અને જાહોજલાલીના ધામરૂપ બનવાનો સંભવ ઘણોજ ઓછો હતો.

### ભગવાન ઋષભદેવજીનું પ્રથમ રાજા તરીકે માન

એક બાજુ આવી રીતે વધવાનો સંભવ ઘણો ઓછો હતો, ત્યારે બીજી બાજુએ ભગવાન્ ઋષભદેવજી મહારાજ સર્વથી પહેલા રાજા થએલા હોઈ તેમની તરફ ઈંદ્ર મહારાજાની ભક્તિ ઘણીજ ઉભરાઈ ગએલી હતી, અને તેથીજ ભગવાન્ ઋષભદેવજીનું જેવું માન પ્રથમ તીર્થંકર તરીકે શાસ્ત્રોમાં ગણાએલું છે, તેવીજ રીતે પ્રથમ રાજા તરીકેનું સ્થાન પણ શાસ્ત્રકારોએ ભગવાન્ ઋષભદેવજીનું જ ગણેલું છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી, ભગવાન ઋષભદેવજીની સ્તુતિ કરતાં જેવી રીતે તેમનું આદ્ય તીર્થંકરપણું અને પ્રથમ સાધુ દશાને વખાણે છે, તેવીજ રીતે ભગવાન્ ઋષભદેવજીની આદ્ય રાજા તરીકેની દશાને પણ વખાણે છે. જોકે *અજિતનાથજી ભગવાન્ વિગેરે* કેટલાક બીજા તીર્થંકરો પણ રાજ્યના માલીક થઈ રાજા તરીકે થયેલા છે, પણ છતાં તેઓની રાજ્ય સ્થિતિ તરીકે સ્તવના શાસ્ત્રકારો કરતા નથી, પણ ભગવાન્ ઋષભદેવજીની તો પ્રથમ તીર્થંકરપણાદિની સ્તુતિ કરે તેવીજ રીતે તેમના પ્રથમ ભૂપાલપણાની સ્તુતિ પણ શાસ્ત્રકારો કરે છે.

### વિનીતાના નિવેશમાં જુગલિયાનો હિસ્સો

ઉપર જણાવ્યા પ્રમાણે વિનીતા નગરીના નિવેશમાં મુખ્ય કારણ ભગવાન ઋષભદેવજીની ભક્તિ હોવા છતાં પણ તે વિનીતાના નિવેશમાં તે વખતના જુગલીયાઓની સ્થિતિ પણ એક મુખ્ય કારણ તરીકે જ ગણી શકાય તેમ છે.

### વિનીતા એવા નામનું કારણ

ભગવાન્ ઋષભદેવજીના રાજ્યાભિષેકની વાત શરૂ કરી તે વખતે આપણે જોઈ ગયા છીએ કે તે વખતના જુગલીયાઓ ભગવાનના રાજ્યાભિષેકને માટે સરોવરમાંથી પાણી લઈને આવે છે, તેટલા વખતમાં તો ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક ઈંદ્રાદિક મહારાજાઓ મળી સંપૂર્ણપણે કરી નાંખે છે, પણ ભાગ્યશાળીઓને શિખવણી વગર સદબુદ્ધિજ સૂઝે, તેમ આ

જુગલિયાઓને પણ પોતાએ લાવેલા પાણીને ન તો ફેંકી દેવાનો વિચાર થયો ન પીવાઆદિના કાર્યમાં લઈ જવાનો વિચાર થયો, પરંતુ સર્વે યુગલિયાઓ એક્કી સાથે ભગવાનના ચરણકમલમાં તે પાણીદ્વારાએ અભિષેક કરવાના વિચારમાં આવ્યા. આવી રીતે તે યુગલિયાઓની સ્વાભાવિક વિનયયુક્ત દશા દેખીને ઈન્દ્ર મહારાજને તે નગરી વસાવવાનું અને તેનું તે જુગલિયાઓના વિનીતપણાને અંગે વિનીતા નામ સ્થાપવાનું મન થયું, અને તેથીજ કુબેરભંડારીને નગરી વસાવવાનો મુખ્યતાએ તીર્થંકરની ભક્તિને અંગે આદેશ કરતાં પ્રથમથીજ તે નગરીનો વિનીતા એવો નામ નિર્દેશ કર્યો.

**વિનીતાનો નિવેશ ભક્તિ કેમ ગણાય ?**

વસ્તુતાએ તો તે જુગલિયાનો વિનય પણ ભગવાનને અંગેજ હતો અને ભગવાનના વિનયને અંગેજ તેઓ વિનીત ગણાયા હતા અને તે વિનીતપણાને અંગે તે નગરીનું નામ વિનીતા સ્થાપવાનો નિર્દેશ થયો હતો, છતાં તે ઈંદ્રાદિકોએ કરેલી ભક્તિ ભગવાન્ ઋષભદેવજીના પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવનીજ હતી. હવે તે વિનીતા નગરીનો નિવેશ કેવી રીતે થયો અને ભગવાન્ ઋષભદેવજીએ રાજગાદી ઉપર બેસી કઈ કઈ વ્યવસ્થા લોકોપકારને માટે કરી તેનો વિચાર કરીએ.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૩૮)


## તાજેતરમાં બ્હાર પડેલ અપૂર્વ અને અમૂલ્ય ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ) ૨
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા ૫
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત) ૬
તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયાટીકા) ૬
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત) ૦-૧૦-૦
વિશેષાવશ્યક કોટ્યાચાર્ય ટીકા (પૂર્વાર્ધ) ૪
યતિદિનચર્યા

તા.ક. :- પાંચશેજ પ્રતો છે અને ઘણી નકલોના ગ્રાહકો થઈ ગયા છે.

પ્રાપ્તિસ્થાન :-
જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોદ્ધારક_
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

## સ્વાભાવિક આર્યક્ષેત્રો

### આર્યક્ષેત્રને અંગે વિહાર કે વિહારને અંગે આર્યક્ષેત્ર ?

(ગતાંકથી ચાલુ)

શ્રીગુણચંદ્રસૂરિજી જ્યારે વર્ધમાનગ્રામ સુધી મગધદેશ અને ક્ષત્રિયકુંડના રાજ્યની હદ જણાવે છે. એ વાત પ્રાકૃત મહાવીરચરિત્રમાં કે દુઈજ્જંત તાપસના અધિપતિનાં વચનો જોવાથી સ્પષ્ટ જણાય છે, તો પછી શ્રીસમ્મેતશિખરજી તે વખતે બંગદેશમાં હતો એમ કહેનારે શું જોયું હશે? વળી શ્રીશિખરજીની પાસેજ ઋજુવાલુકા નદીને કાંઠે ભગવાન્ મહાવીરમહારાજને કેવલજ્ઞાન થયું એ વાત જાણનારો કે વિચારનારો સ્વપ્ને પણ તે દેશને અનાર્ય કહેવાનું સાહસ કરેજ કેમ ?

વળી એક વાત એ પણ વિચારવાની છે કે મહારાજ આત્મારામજી ગુજરાત અને સોરઠને અનાર્ય અને સાધુના વિહારને અયોગ્ય મનાવવા તૈયાર થયા છતાં શ્રીસિદ્ધાચલજી અને ગિરનારજીને તેમ માનવા તૈયાર નથી. અર્થાત્ શાસ્ત્રકારો જ્યારે મહાકાલાદિકતીર્થો અન્યમતવાળાઓએ ગ્રહણ કરેલા હોવાથી અમાન્ય અને અવંદનીય જણાવે છે, તે પ્રમાણે અનાર્યોથી પરિગૃહીત તીર્થ થઈ જાય, તોપણ તીર્થ તો તીર્થરૂપમાંથી પલટે નહિ એમ ચ્હાય જે કારણથી તેઓ માનતા હોય તો પછી બીજાને સંમેતશિખરજીને અંગે અનાર્યપણાની આપત્તિ શી રીતે આપે છે ? વસ્તુતાએ અસિદ્ધને અસિધ્ધે સાધવાનો પ્રયત્ન તેઓએ કર્યો છે એમજ કહેવું પડે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જે ગંગા વગેરે મહાનદીઓ માસકલ્પાદિ વિહારના અનુક્રમે માત્ર એક વખત માસમાં ઉતરવી, પણ વધારે વખત ઉતરવી નહિ એમ જે જણાવ્યું છે, તેમાં મહી નામની પણ નદી લીધેલી છે, અને એ મહી નદી બંગાલા અને કલિંગના ભાગમાં પાડનારી છે. હવે જો બંગાલા અને કલિંગ એ બન્ને અનાર્ય અને સાધુવિહારને માટે અયોગ્ય હતા તો ત્યાં માસકલ્પનો વિહાર શી રીતે શ્રીનિશીથચૂર્ણિકાર

વગેરે જણાવે છે, અને એક વખત તે ઉતરવાની રજા આપી અનેક વખત તે ઉતરવાનો નિષેધ શી રીતે કરે છે ?

વળી તે મહીનદીના અનેક વખત ઉતરવાના નિષેધમાં ભાષ્યકાર મહારાજ વગેરે જે કારણો બતાવે છે તે તપાસતાં સ્પષ્ટ માલમ પડશે કે ભગવાન્ મહાવીર મહારાજની વખત સાધુઓનો ઘણો વિહાર તે બંગાલ અને કલિંગ તરફ હતો તે સમજાશે. મહીઆદિ નદીઓને એક માસમાં ઘણી વખત ઉતરવાના નિષેધમાં જણાવે છે કે નાવિકો સાધુ મહારાજ ઉપર એટલી બધી ભક્તિવાળા હોય છે કે સાધુની ભક્તિથી ખલાસી લોકો નાવમાં બેઠેલા લોકોને ઉતારી મ્હેલે કે પાણીમાં નાંખી દે અને સાધુઓને નાવડીમાં બેસાડે. અથવા સાધુઓને આવતા દેખીને કેટલેક દૂર નાવ લઈ ગયો હોય તોપણ નાવને રોકી દે અથવા સાધુઓને દેખીને સ્હામા કાંઠેથી નાવને લાવે. (નિશીથચૂર્ણિ પત્ર ૭૧૮) આ બધાં કારણો તપાસનાર મનુષ્ય સ્હેજે સમજી શકશે કે તે ભગવાન્ મહાવીરની વખતે પણ બંગાલ અને કલિંગ દેશો સાધુ મહારાજના વિહારથી અત્યંતવાસિત હતા.

વળી હાલમાં જાહેર આવેલ હસ્તીગુફાના લેખનો જાણનારા મનુષ્યો કોઈપણ પ્રકારે એમ કબુલ કરી શકશેજ નહિ કે ભગવાન્ મહાવીર મહારાજની વખતે કે શ્રીસંપ્રતિમહારાજ પહેલાં કલિંગમાં સાધુઓનો વિહાર ન્હોતો અને તેથી તે દેશ અનાર્ય જ હતો.

વળી શ્રી કરકંડુનામના પ્રત્યેકબુદ્ધ તેમજ કલિંગદેશમાંજ પ્રતિબોધ પામી વિચર્યા છે. જેને મહારાજ આત્મારામજીના કથનની અપેક્ષાએ અનાર્યપણું અને સાધુસાધ્વીઓના વિહારને અયોગ્યપણું લાગુ પડેલું છે.

ઉપરનો સમગ્ર વિચાર થયા છતાં એક અગત્યનો વિચાર કરવાનો જરૂર રહે છે કે દક્ષિણમાં કોઈ તેવું સ્થાન છે કે જ્હેને આપણે કૌશાંબી તરીકે લઈએ અને તેથી આ બૃહત્કલ્પના સૂત્રની અને આર્ય-અનાર્યની બધી વ્યવસ્થા બરોબર થઈ જાય. એ વિચાર કરતાં એ હકીકત તો જૈનશાસ્ત્રોને જાણનારાઓથી અજાણી નથી કે શ્રીકૃષ્ણમહારાજે દ્રૌપદીને ધાતકીખંડથી લાવતી વખતે પાંડવો ઉપર ક્રોધાયમાન થઈ દેશનિકાલની સજા કરી હતી અને છેવટે કુંતીજીની વિનંતીથી દક્ષિણસમુદ્રને કિનારે પાંડુમથુરા વસાવીને રહેવાની આજ્ઞા કરી હતી. એ વાત પાંડવોને આ સ્થાને ધ્યાનમાં લેવાની જરૂર છે. જો એ વાત બરોબર ધ્યાનમાં આવશે તો દ્વારિકાના બળવા પછી શ્રીકૃષ્ણમહારાજ અને બલદેવજી જે પાંડુમથુરા તરફ જવા નીકળ્યા અને સોરઠદેશ આખો તથા બીજો કેટલોક દેશ ઓળંઘી ગયા પછી કૌશાંબી અટવી આવી અને તેમાં જરાકુમારે મૃગલો છે એમ ધારીને શ્રીકૃષ્ણને બાણ માર્યું, તે કૌશાંબી લેવાથી બધી વ્યવસ્થા બરોબર થઈ જશે, તે કૌશાંબ કે કૌશાંબી વનને માટે જુઓ આ પાઠો :-

नवपदबृहद्वृत्ति पत्र २३५-महत्ता कष्टेन तौ ततः कौशांबीकवनं

नवपदबृहद्वृत्ति पत्र २८७. कौशांबवने वासुदेवो जराकुमारेषुताडितः कथाशेषतां गताः उतराध्ययनवृत्ति भाव. पत्र ६६ अवापतुश्च कौशांबवनं मुशालिकेशवौ

भवभावनावृत्ति-कौसंबवणं पत्ता कमेण फलकुसुमसारतरूरहियं

આ બધું તપાસનારને સ્પષ્ટ માલમ પડશે કે મહારાજ આત્મારામજીએ શ્રીબૃહત્કલ્પસૂત્રકાર નિર્યુક્તિકાર કે ટીકાકારે કૌશાંબી એટલો સામાન્ય અર્થ કર્યા છતાં કૌશાંબીનગરી પકડીને જે અર્થ ધાર્યો તથા સમજાવ્યો હતો તે વાસ્તવિક ન હતો, અને તેથીજ સૂત્રકાર ભગવંતોએ આર્યદેશની પારમાં આવેલ ફરક અરણ્યજ અનાર્યના વિહારના દોષમાં

ઉદાહરણ તરીકે લીધું છે. રામાયણ જાણનારાઓથી અજાણ્યું નથી કે સિણવલ્લી, કુંભકારકટક દંડકારણ્ય એ બધાં સ્થાનો ઠેઠ રામગિરિથી પણ દક્ષિણમાંજ લગભગ છે.

આટલો બધો ઉહાપોહ આ લેખકને કે આ પેપરને કરવાની વર્તમાનમાં કંઈજ જરૂર ન્હોતી પણ એક વ્યક્તિએ પોતાના સ્વર્ગસ્થના ગુણ ગાતાં અન્ય સત્યપ્રિય સદગતને ઈર્ષ્યાખોર અને તેજોદ્વેષી વગેરે ઉપનામો આપી સજ્જનની સરણિથી સરકવાનું સર્જ્યું અને વળી તે કથનને સાબીત કરવાનું પોતાનામાં સામર્થ્ય છે એમ ડિંડિમદ્વારાએ જાહેર કર્યું તેથી આટલો પ્રયત્ન કરવાની જરૂર પડી છે. આ લેખમાં કોઈપણ મૃતવ્યક્તિને કે તેના બીજા અનુયાયિઓને અપમાન કરવાનો કે ઉશ્કેરવાનો સવાલ નથી. માત્ર તે બોલનાર વ્યક્તિ જો પ્રવચનકાર ન હોય તો સાચા પુરાવા બ્હાર પાડી સ્વર્ગસ્થની વાત સાબીત કરે કે જેથી વાંચકોને સત્યાસત્યનો નિર્ણય થઈ જાય. આ લેખક એટલી બધી આશા તો જરૂર રાખે છે કે જો તે વ્યકિત સત્યને સ્વીકારવાની કે પોષવાની નીતિમાં હશે તો 'જ્ઞાનનો ઘમંડ' મહારાજના ભકતો કેમ ઉંઘ્યા કરે છે' વગેરે વાક્યોથી ઉશ્કેરણી કરવા નહિ મંડે પણ સત્યનો સ્વીકાર કરવા તરફજ દૃષ્ટિ રાખશે.

## ગ્રામચિન્તકશબ્દનો અર્થ ગ્રામનો રાજાજ થાય ?

આ સિદ્ધિચક્રપત્રિકામાં નન્દીજીના નિક્ષેપાના અધિકારમાં દ્રવ્યનિક્ષેપાના નોઆગમભેદના વ્યતિરિકત નામના પ્રભેદને વિચારતાં ભગવાન્ જિનેશ્વરમહારાજની સ્નાત્રાદિકે પૂજા કરવાવાળો ભાવિક જો ભગવાન્ જિનેશ્વરના અનુપકૃત એટલે કોઈના ઉપકાર તળે દબાયેલા નહિં અને પરહિતરત એટલે અન્ય જીવોને દ્રવ્ય તથા ભાવથી ઉપકાર કરવામાં તત્પર વગેરે વિચારે તોજ તે વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્યપૂજન કહેવાય એવા અધિકારને અંગે ભગવાન્ મહાવીર મહારાજે સમ્યક્ત્વ પામ્યા પ્હેલાં પણ પરોપકારિતા ધારણ કરી હતી એ હકીકત જણાવતાં નયસારના ભવમાં તેઓ ગ્રામચિંતક હતા તે હકીકત રજુ કરતાં તે નયસારને તલાટી તરીકે કહેવામાં આવ્યા હતા. તેની ઉપર ટીકા કરતાં પ્રવંચનકારે તે નયસાર તલાટી જેવાં નહિં પણ ગ્રામના રાજાજ હતા અર્થાત્ ગ્રામચિંતકશબ્દનો તે પ્રવંચનકારના કહેવા પ્રમાણે ગ્રામનો રાજાજ થાય, અને તેથી આ પત્રે નયસારને ગ્રામના તલાટી જેવા સામાન્ય અધિકારમાં જણાવી ભગવાન્ મહાવીર મહારાજની ભયંકર આશાતના કરી એમ પોતાના ડિંડિમ દ્વારાએ જાહેર કર્યું અને આ પત્ર તથા તેના લેખકની સ્હામે જનસમૂહને પોતાની સદાની ટેવને અનુસરી ઉશ્કેરવા શરૂ કર્યું. જોકે તેઓ તે પોતાની કૂટનીતિમાં અંશે પણ ફાવ્યા તે નથીજ છતાં જનતાના સંતોષની ખાતર હવે તે ગ્રામચિંતકશબ્દના અર્થને અંગે આ લેખ જરૂરી ગણ્યો છે.

વાચકગણ સ્હેજે સમજી શકે તેમ છે કે શ્રી જિનેશ્વર ભગવાનની મહત્તા જણાવાને અંગે કહેલો તે અધિકાર એક અંશે પણ ભગવાન્ મહાવીરની અવજ્ઞા માટે હોઈ શકે નહિં અને છે પણ નહિં. છતાં ઓળી જેવા મહા અસ્વાધ્યાયના દિવસો કે જેમાં પ્રથમ તો તે ખોટું હાકીને આવશ્યક જેવા યોગને વ્હેવડાવા તે પરમ આશાતનારૂપ છે એમ જણાવતા હતા તેજ મ્હોટા અસ્વાધ્યાયના દિવસોમાં કાલગ્રહણ કરે, કાલ પવેવે અને તેને જોરે આચાર્ય તથા ઉપાધ્યાય સરખી પદવીઓ લે અને લેવડાવે તેના વાસ્તવિક પ્રશ્નથી છેડાઈ જઈજનસમૂહને ખોટી રીતેજ ઉશ્કેરવા આ પ્રવંચનકાર તૈયાર થયા અને તેમણે ગ્રામચિન્તકશબ્દનો અર્થ ગ્રામરાજાજ થાય અને તલાટી જેવા અધિકારવાળો એવો અર્થ કરે તે

ભગવાન્ મહાવીર મહારાજાની ભયંકર આશાતના છે એમ લખ્યું છે તેથી આ લેખને ચોક્ખા શબ્દોથી લખવાની જરૂર જણાઈ છે. ભગવાન મહાવીર મહારાજ નયસારના ભવમાં એક ગ્રામના તો રાજા શું ? પણ અનેક ગ્રામો, અનેક દેશોના પણ રાજા હોય તો તેમાં નયસારની પરોપકારિતાની અધિકતા તલાટીપણાને અંગે ભયાનક સ્થાન અને અલ્પર્ધિપણાને લીધે વખાણી છે તેવી રીતે રાજાપણામાં ઐશ્વર્યપદને પાત્ર છતાં એક પોતાની અપેક્ષાએ અન્યધર્મી જંગલના પરદેશી નિષ્કિંચન મુસાફરને અંગે થએલ લાગણી અને તેમાં વળી સ્વયં રાજા જેવી ઐશ્વર્યમય પદવીને ધારણ કરવાવાળા છતાં પરદેશી પરધર્મી જંગલના મુસાફર અને નિષ્કિંચનને માર્ગ બતાવવા જાય એ પણ પરોપકારિતાની પરમસીમા છે એમ વર્ણવવામાં અડચણ ન્હોતી પણ ગ્રામચિંતકનો અર્થ રાજાજ કરવો એવું પ્રવંચનકારને સૂઝ્યું તેમ આ લેખકને લાગ્યું નહિ, પણ હવે કારણમાં ન ઉતરતાં ગ્રામચિંતકશબ્દના અર્થનોજ વિચાર કરીયે.

૧. પ્રવંચનકારને એટલું તો કબુલજ છે કે શાસ્ત્રકારોએ નયસારને ગ્રામચિંતક કહ્યો છે.

૨. કોઈપણ વ્યાકરણ, કોશ કે કાવ્યમાં ગ્રામચિંતક, શબ્દથી ગ્રામનો રાજા કે ચિંતક શબ્દનો રાજા એમ કરેલો હોય એવું હજી સુધી તેઓએ પોતાના કલ્પિત વચનો શિવાય બીજા પુરાવાથી જણાવ્યું નથી.

૩. જૈનસૂત્રો કે જૈનચરિત્ર ગ્રંથોમાં છ ખંડના માલીક ચક્રવર્તી ત્રણ ખંડના માલીક વાસુદેવ કે અનેક મંડલના અધિપતિ મહારાજા આદિ કોઈને પણ અંગે **षट्खंडचिंतक त्रिखंडचंतक** વગેરે શબ્દો વપરાયાજ નથી પણ ખુલ્લારૂપે અધિપતિ રાજા નૃપ ભૂપાલ વગેરે શબ્દો વપરાયા છે.

૪. રાજા વગેરે શબ્દો જ્યારે દેશ વગેરેની માલીકીને જણાવનારા છે જ્યારે ચિંતકશબ્દ અન્યની માલિકી છતાં માત્ર તેની રક્ષાઆદિની ચિંતાના અધિકારને સૂચવે છે તો પ્રવંચનકારની અપેક્ષાએ શાસ્ત્રકારોએજ **ग्रामाधिपतिः ग्रामाधीशः** વગેરે શબ્દો ન વાપરતાં ગ્રામચિંતકશબ્દ વાપરી ભયંકર આશાતના ભગવાન્ મહાવીરની કરી છે.

૫. ભગવાન્ હેમચંદ્રસૂરિજીએ શ્રીમહાવીરચરિત્રમાં ૧ સર્ગના ૫, ૧૨ અને ૨૭માં શ્લોકમાં અનુક્રમે **नयसाराभिधो ग्रामचिन्तकः, सोऽब्रवीद् ग्रामचिन्तकः ग्रामचिन्तकजीवः** એમ કહી સ્પષ્ટપણે નયસારને ગામનો રાજા નહિ પણ ગામની તપાસ રાખનારોજ જણાવ્યો છે.

૬. આવશ્યક ભાષ્યકાર મહારાજે **अवरविदेहे गामस्स चिंतओ** એ વગેરે કરી નયસારને ગ્રામચિંતકજ ગણાવ્યા છે.

૭. ગુણ ચંદ્રસૂરિજી મહારાજે શ્રીમહાવીરચરિત્રમાં **नयसारो णाम गामचिंतगो, पगुणीभूतो य भोजणकरणाय गामचिंतगो, गामचिंतगेण थोवं भूमिभागं गामचिंतगेण भणियं, गामचिंतओऽवि कयत्थमप्पाणं मन्नंतो भणिओ सो गामचिंतओ, गामचिंतएण** *भणियं ઈત્યાદિક* વાક્યોમાં નયસારને ગ્રામચિંતક તરીકે જણાવેલ છે.

૮ ગ્રામચિંતક શબ્દનો અર્થ રાજાજ થાય એવું કહેનારે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજીએ ૧૦મા પર્વના પ્હેલા સર્ગના ૨૦મા શ્લોકમાં જે લખ્યું છે કે **ग्रामायुक्तोऽपिहि भुकत्वा** તે બરાબર જોવું. શાસ્ત્રને વાંચનારાઓને સ્પષ્ટપણે માલમ છે કે **आयुक्त** અને **नियुक्त** શબ્દો કેવલ નોકરોને માટેજ વપરાય છે. રાજાને માટે કોઈપણ શાસ્ત્રકારે કોઈપણ જગો પર **नियुक्त** કે **आयुक्त** શબ્દ વાપર્યો હોય તો તે ભયંકર આશાતનાની ખોટી બાંગ મારનારે બ્હાર મ્હેલવો જોઈતો હતો.

૯ આવશ્યકની વૃત્તિમાં આચાર્ય શ્રીમલયગિરિજી મહારાજ **गामस्स चिंतगो** એ

ગાથાના સાંપ્રદાયિક અર્થમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કે નયસાર એક ગામનો बलाहिग હતો. વિચારકને સ્હેજે સમજાશે કે बलाहिग શબ્દ માત્ર ગામના તલાટી જેવા સામાન્ય અધિકારીને માટેજ હોય છે.

૧૦ શ્રીનેમિચંદ્રસૂરિજી પણ પોતાના મહાવીરચરિત્રમાં જણાવે છે કે अवरविदेहे खित्ते गामंमि बलाहिषो पुरा आसी અર્થાત્ નયસાર એક ગામમાં બલાધિપ હતા. આ વાક્યને જોનારો હોય તે નયસાર રાજાજ હતા એવા આગ્રહમાં જાય ખરો?

૧૧. मंडपाभतरोरधः એવું વચન પણ સામાન્ય અધિકારિતાજ જણાવે છે. ગ્રામચિંતકશબ્દના અર્થમાં પ્રવચનકારને રાજાપણાનો આગ્રહ હોવાથી આટલું લખવું પડ્યું છે. બાકી ચરિતાનુવાદને અંગે તો શાસ્ત્રોમાં સેંકડો સ્થાનો પર જુદા જુદા રૂપે હકીકત હોય છે અને તેથી વિધિવાદને મુખ્યતાએ પ્રવર્ત્તકનિવર્ત્તક માનનારને તથા વિધિવાદથી અવિરૂદ્ધ ચરિતાનુવાદ હોવો જોઈએ એવું માનનારને કાંઈ હરકત આવતી નથી કે વિવાદસ્થાન રહેતું નથી. નહિતર આજ નયસારના અધિકારમાં આવશ્યકવૃત્તિ, ચૂર્ણિ અને શ્રીગુણચંદ્રસૂરિજીના કહેવા પ્રમાણે સમ્યક્ત્વ થયું છે અને તે ધર્મદેશના ચાલતાં ચાલતાં આપી છે એમ જણાવે છે જ્યારે ભગવાન્ હેમચંદ્રસૂરિજી અને નેમિચંદ્રસૂરિજી માર્ગમાં મેળવ્યા પછી અને વૃક્ષની નીચે બેસીને દેશના આપી અને ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયું એમ જણાવે છે. અન્ય સ્થાને વળી ચાલવા પ્હેલાંજ દેશના આપીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું એમ જણાવેલ છે, પણ આવી વાતો ચરિતાનુવાદના અંગે હોઈ સુજ્ઞોને તો ચર્ચાનું સ્થાનજ થતી નથી તો પછી ઉશ્કેરણીનું સ્થાન તો પ્રવંચનકાર શિવાય બીજાને હોયજ ક્યાંથી ?

૧૨ વળી શ્રીગુણચંદ્રસૂરિજી नियभोयणेण दाणमई આ વાક્ય કહી તે નયસાર રાજી નથી એમ સ્પષ્ટ જણાવે છે.

૧૩. तस्य च्छेदयतो वृक्षान् मध्येदिनमुपाययौ।
जठरेग्निरिव व्योम्नि दिदीपे तपनोऽधिकं ॥८॥

આ શ્લોકના અર્થને વિચારનારો છિદનો દશમો ગણ અને મધ્યાહ્ન સુધી બુભુક્ષા વિચારશે તો કાષ્ટનું સ્વયં છેદન સર્વથા નથીજ એમ નહિં માની શકે.

૧૪ શ્રીનેમિચંદ્રજીતો वणछिंदणं करेंतेण એમ કહે છેજ. જોકે પ્રવંચનકારે આહ્વાનના સ્વીકાર પછી સંપાદકને ઢાલ તરીકે ધરેલા હોઈ કાંઈ લખવાની જરૂર ન્હોતી પણ જિજ્ઞાસુઓને વિષયનું યથાર્થ જાણપણું થાય અને માર્ગથી ખસેલા પણ માર્ગને સમજી માર્ગે આવે એ હેતુથી વિસ્તારથી ચર્ચાના બધા વિષયો ચર્ચ્યા છે. બીજો પક્ષ જો ઉશ્કેરાયા વિના શાસ્ત્રના પાઠો અને તેના યથાર્થ અર્થો સાથે લખાણ કરશે તો વાચકોને સત્યમાર્ગ સમજવામાં ઘણી અનુકૂલતા થશે. (સમાપ્ત)

કેટલાક ધર્મપ્રેમીઓ તરફથી અશક્તિ અને આસક્તિ, અનુકંપા અને ઉપેક્ષાનું પાત્ર, સાધર્મિકભક્તિ નિરવદ્ય કે સાવદ્ય ? વચનવિશ્વાસે પુરૂષવિશ્વાસ એ મિથ્યાત્વ ખરૂં કે ? આ વગેરે ઉપર વિસ્તારથી લેખો લખવા પ્રેરણા થાય છે, છતાં આવેલ પાંચ વિષયનો ખુલાસે થવા સુધી ન લખવા વિનંતિ કરી છે તે સ્વીકારાઈ છે.તંત્રી.

# આવશ્યકસૂત્ર અને તેની નિર્યુક્તિ

(અનુસધાન પા. ૨૮૮ થી ચાલુ)

## આવશ્યકનિર્યુક્તિને નાકબુલ કરનારની દશા

આ આવશ્યકનિર્યુક્તિ જેવા પ્રચુર સાહિત્યથી અલંકૃત અને સર્વ શાસ્ત્રોના અનુયોગના મૂળ સ્થાનને પામેલા શાસ્ત્રને નાકબુલ કરનાર શ્વેતાંબર સંપ્રદાયનો કોઈપણ વર્ગ હોય તો તે માત્ર સોળમી સદીમાં ઉત્પન્ન થએલો લોકા (લુમ્પક) શાહના મતને અનુસરનારોજ વર્ગ છે. જો કે તે લોકાશાહનો વર્ગ પણ દશવૈકાલિક વિગેરે સૂત્રોના ગુજરાતી ભાષામાં અર્થો કરતી વખત નિર્યુક્તિ ઉપર રચવામાં આવેલું ભાષ્ય, અને તે ભાષ્ય કે નિર્યુક્તિ ઉપર રચવામાં આવેલી ચૂર્ણિ કે તે એક, બે કે ત્રણમાંથી કોઈને પણ અનુસરી કરવામાં આવેલી ટીકાને આધારેજ અર્થો કરે છે. કોઈપણ સૂત્રનો કોઈપણ અર્થ એકલા વ્યાકરણમાત્રથી તેઓ કરી શકે તેમ નથી, કેમકે તે તે સૂત્રઅધ્યયન વિગેરેના ઉદેશ, નિર્દેશ અને નિર્ગમ વિગેરે દ્વારોનો તેમજ તે તે સૂત્રોમાં આવતા તે તે શબ્દોના નય, નિક્ષેપાના વિચાર સાથે તે તે સૂત્રોને કરવાના પ્રસંગો તથા તે તે સૂત્રોને કરનારા કે તેમાં આવતા પુરુષોના ઈત્તિવૃત્તો તેઓને નિર્યુક્તિઆદિ સિવાય મળી શકે તેમજ ન હોતું, અને તેથી તે લુમ્પકમતને અનુસરનારાને તે વૃત્તિઆદિનું આલંબન લીધા સિવાય છૂટકો જ ન હતો.

## લુંપકમતવાળાને નિર્યુક્તિ આદિ નાકબુલ કરવાનું કારણ

પણ તે લોંકાઓની ઉત્પત્તિજ ભગવાન્ જિનેશ્વર દેવોની પ્રતિમાજીના લોપવાને અંગેજ થયેલી હોવાથી તેઓને ટીકા, નિર્યુક્તિ વિગેરેના પાઠો માનવા પાલવ્યા નહિ અને તેથીજ જગતમાં જેમ એક જુઠાથી બચવા માટે જેમ અનેક જુઠાં બોલવાની ફરજ પડે છે તેમ આ લુંપકમતને અનુસરવાવાળાઓને ભગવાન્ જિનેશ્વર દેવની પ્રતિમાને ઉઠાવવા જતાં નિર્યુક્તિઆદિ અને ટીકાઆદિને અમાન્ય કરવાની ફરજ આવી પડી, કારણ કે જો તે લુંપકમતને અનુસારનારાઓ નિર્યુક્તિને માન્ય કરે તો શ્રીઆવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં આવતા ભગવાન્ મલ્લીનાથજીની મૂર્તિવાળું મંદિર, ભગવાન્ વજસ્વામીજીએ શાસનપ્રભાવનાને અંગે ફુલો અને તેથી થયેલો ચૈત્યપૂજાદ્વારાએ શાસનનો મહિમા ગૃહસ્થોને સંસાર પાતળો કરવામાં પુષ્પાદિકે કરાતી ભગવાન્ જિનેશ્વરોની દ્રવ્યપૂજાનું સાધનપણું સર્વ લોકમાં રહેલા અરિહંત ચૈત્યો (પ્રતિમા)નું વંદનીય, પૂજનીયપણું વિગેરે ઘણી હકીકતો એકલી આવશ્યક નિર્યુક્તિની તેમજ દશવૈકાલિક નિર્યુક્તિની ભગવાન્ શય્યંભવસૂરિજીને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્તિના દર્શનથી થયેલી ધર્મપ્રાપ્તિ, શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિમાં શ્રી જિનેશ્વર મહારાજના ચૈત્યાદિના મહોત્સવ વખતે કરાતી બંધ, મુક્તિ વિગેરે તથા આચારાંગનિર્યુક્તિની અંદર અષ્ટપદ વિગેરે તીર્થોની વંદનીયતા તથા આરાધ્યતા અને સૂયગડાંગ નિર્યુક્તિમાં આર્દ્રકુમારને ભગવાન્ યુગાદિદેવની પ્રતિમાના દર્શનથી થયેલો ધર્મબોધ એ વિગેરે અધિકારો ભગવાન્ જિનેશ્વરદેવની પ્રતિમાની

સત્તા દર્શનીયતા અન પૂજનીયતાની સાબીતિ કરનારા તે લુંપકમતવાળાઓને માનવા પડે, માટે તેઓએ નિર્યુક્તિ, ટીકાઆદિના આધારે પોતાને અનુકૂળ પડતા કલ્પિત અર્થો ગુજરાતી ભાષામાં ઘસડી મારીને તે નિર્યુક્તિ અને ટીકાઆદિ ગ્રંથોને અમાન્ય કરવાનું પણ મોટું પાપ ભગવાન્ જિનેશ્વરોની પ્રતિમાજીના લોપ કરવાના પાપને અંગે કરવું પડ્યું.

## ટીકાદિ નહિ માની કલ્પિત અર્થો કરનાર લુંપકોનું મૃષાવાદીપણું

પણ તે લુંપકમતને અનુસરનારાઓએ એટલું પણ વિચાર્યું નહિ કે ટીકાકારોને તો ભાષ્યકાર અને નિર્યુક્તિકારનો સૂત્રોના અર્થો કરતી વખતે આધાર હતો અને તેથી તે ટીકાકાર મહારાજાઓ તે નિર્યુક્તિઆદિને આધારે સૂત્રોની ટીકા કરતા હોવાથી ચોકખી રીતે પ્રામાણિક ગણી શકાય, પણ તમારા ગુજરાતી અર્થ કરનારાઓ કે જેઓ પંદરમી શતાબ્દિ પછીનાજ છે તેઓએ આર્દ્રકુમારની કથાને અંગે તથા પ્રશ્નવ્યાકરણ સૂત્રની સુવર્ણગુલિકા વિગેરેની કથાઓને અંગે જે અધિકારો ભગવાનની પ્રતિમાના સૂત્રોની ટીકા વિગેરેમાં હતા તેને લોપીને ઉલટા ઓઘો, મુહપત્તિ કે જોગ વિગેરે કર્યા એ મૃષવાદ અને લુચ્ચાઈનો પહેલો નમુનો નહિ કહેવો તો બીજું કહેવું શું ?

## લુંપકોએ આવશ્યકનિર્યુક્તિઆદિની માફક કરેલ સૂત્રોનો અપલાપ

આવી રીતે પ્રતિમાના દ્વેષને અંગે તે લુંપકમતના અનુસરનારાઓએ આ આવશ્યક નિર્યુક્તિને નહિ માની છતાં પણ અને કેટલાક મહાનિશીથઆદિસૂત્રો કે જેની નોંધ તે લુંપકોએજ માનેલા નંદીઆદિ સૂત્રોમાં છે, છતાં તે મહાનિશીથઆદિ સૂત્રો ન માન્યા છતાં તેમના માનેલા સૂત્રોથી પણ ભગવાન્ જિનેશ્વર દેવોની શાશ્વતી અને આશાશ્વતી ઉભય પ્રકારની મૂર્તિ અને તેના મંદિરો સાબીત ન થઈ શકે તેમ તો નથીજ, પણ તે લોંકાશાહ, તે બારીક બુદ્ધિમાં ઉતરવાવાળો જ ન હતો અને તેથી તેણે તો એવોજ વાદ જાહેર કર્યો કે શ્રાવકોએ દહેરાં કરાવ્યાં કે મૂર્તિ કરાવવી એવું સૂત્રોમાં છેજ નહિ. પણ તેને તેવો બોધ નહિ હોવાને લીધે ખુદ આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના વસતિના અધિકારમાંજ શ્રદ્ધાવાળા શ્રાવકોએ કરેલાં દેવકુલોનું પ્રતિપાદન કરનાર સૂત્ર સાધુની વસતિના અધિકારનું તે સૂત્ર છે એમ ગણીને સમજવામાં આવ્યું નહિ, કેમકે એ સૂત્રોનો બારીક દૃષ્ટિથી જો લોંકાશાહે કે તેને અનુસારનારાઓએ વિચાર કર્યો હોત તો સ્પષ્ટપણે માલમ પડત કે જીવાજીવાદિક તત્ત્વોને જાણનારા અને સારી શ્રદ્ધાવાળા શ્રાવકો સ્થાન સ્થાન ઉપર દેવકુલો અને દહેરીઓ કરાવતા હતા એમ આ (આચારાંગ ૩૦૩-૩૦૯) સૂત્રો પરથી ચોકખે ચોકખું સમજી શકાય છે.

## અંગાદિ સૂત્રોમાં શ્રાવકના આચાર ન હોવાનું કારણ

જો કે પ્રથમ તો અંગઉપાંગ વિગેરેની રચનાજ સાધુઓના આચારવિચારનેજ અનુસરીને થયેલી છે અને તેથીજ શ્રમણોપાસક કે જેઓ સાધુપણાની સ્થિતિમાં નથી તેઓનાં આચારવિચારનું નિયમન પૂર્વે જણાવેલાં સૂત્રો ઉપરથી થઈ શકશેજ નહિ અને તેને અંગે અક્કલવાળો મનુષ્ય પ્રશ્ન કરી શકેજ નહિ, કેમકે કોઈપણ સૂત્રમાં શ્રાવકે નવકાર ગણ્યો, પાણી ગળ્યું, લાકડાં અને છાણાં શોધ્યાં, ચૂલો પૂંજ્યો, ધાન્ય અને શાક વિગેરેનો સંસક્ત વિગેરેની અપેક્ષાએ વિવેક કર્યો એ વિગેરે લુંપકોને પણ માન્ય એવી શ્રમણોપાસકની હકીકતનું વિધાન તેમણે માનેલા અગર અમાન્ય કરેલા પણ સૂત્રોમાંથી કાઢી

શકાય તેમ નથીજ, વળી સામાયિક અને પૌષધ જેવા સર્વવ્યાપક અને સર્વવિરતિના પગથીઆ રૂપ ગણાતા કૃત્યોનો વિધિ પણ તેમના માનેલા કે અમાન્ય કરેલા સૂત્રોમાંથી પણ કાઢી શકાય તેમ નથી. આ સર્વ હકીકતને વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે ભગવાન્ જિનેશ્વરદેવોની પ્રતિમા, ચૈત્યો અને તેમની પૂજા, આરાધના વિગેરે સંબંધી જે શ્રાવકની કરણી છે તેમાં સૂત્રોમાંથી દેખવાની કે દેખાડવાની આશા રાખવા અને તે હોય તોજ પ્રમાણિક માનવું એ કેવળ બુદ્ધિરહિતપણાનેજ આભારી છે એમ કહી શકાય.

## લુંપકોના માનેલા સૂત્રોથી પણ પ્રતિમાદિની માન્યતાસિદ્ધિ

જોકે ઈતર પ્રસંગોને લઈને ભગવાન્ જિનેશ્વરદેવોની પ્રતિમા અને ચૈત્યોની સત્તા, દર્શનીયતા અને પૂજ્યતાની સાબીતિ શ્રીસૂગડાંગજીના શ્રીપરિજ્ઞાઅધ્યયનના चंदेर શબ્દથી, ઠાણાંગજીના નંદીશ્વર દ્વીપના વર્ણનથી, જીવાભિગમના મહોત્સવના વર્ણન થી, રાયપસેણીના પૂજાના વર્ણન થી, ઉપાસકદશાંગ અને ઉવવાઈજીના સમ્યક્ત્વના આલાવા અને નગરના વર્ણનથી સાબીત થયા સિવાય રહેતી નથી.

## દ્રૌપદીનો પ્રસંગ અને પ્રતિમાપૂજાદિની વ્યાપકતા

જો કે જ્ઞાતાસૂત્રમાં જણાવેલ દ્રૌપદીની પૂજાને અંગે પણ તે તેમનું મિથ્યાત્વવાળી કહીને છટકી જવા માગે છે, પણ તે તેમનું છટકવું ઓલામાંથી ચૂલામાં પડવા જેવુંજ થાય છે, કેમકે સ્વયંવર જેવા વખતે મિથ્યાત્વવાળી કુંવરી પૂજા કરવા જાય તો પછી સમ્યક્ત્વવાળા દરેક બાલ, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ અને યુવાનો જિનેશ્વરની પ્રતિમાની પૂજા કરવામાં કેટલા બધા પ્રવૃત્ત થએલા હશે તે સહેજે સિદ્ધ થઈ શકે તેવી હકીકત છે. વળી સમ્યક્ત્વધારીઓમાં ભગવાન્ જિનેશ્વરની પ્રતિમાની પૂજા કેટલી બધી ઉભરાઈ ગએલી હોવી જોઈએ કે જેનો પ્રભાવ સ્વયંવરમાં પતિને વરવા જતી અને લુંપકોના મત પ્રમાણે મિથ્યાત્વ દશાવાળી એવી દ્રૌપદી ઉપર પડ્યો. વળી તે પ્રતિમાને અંગે તેની પૂજા અને પ્રતિષ્ઠાના વિધાનો તથા તે પ્રતિમાજીને બિરાજમાન કરવાનાં બધાં વિધાનો શું મિથ્યાત્વીઓના શાસ્ત્રોમાં નિરૂપણ થયાં હશે ? કહો કે સામાન્ય અક્કલનો મનુષ્ય પણ દ્રૌપદીની ચાહે જે દશા હોય તોપણ દ્રૌપદી તેની વખતે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓના ચૈત્યો અને મૂર્તિઓ તથા તેની પૂજા અને પ્રતિષ્ઠાના વિધાનો ઘણાં સારી રીતે અને સ્થાને સ્થાને હશે એમ કબુલ કર્યા સિવાય રહેશેજ નહિ. આ અધિકારને પણ આ પ્રસંગે વધારે નહિ લંબાવતાં મૂળ અધિકારને અંગે એટલુંજ કહેવું જોઈએ કે આ આવશ્યકનિર્યુક્તિ જેવું શાસ્ત્ર શ્વેતાંબરના મોટા સમુદાયે માન્ય કરેલું છે અને સકલ શ્વેતાંબર સમુદાયને એકસરખી રીતે માન્ય કરવા લાયકજ છે.

## આવશ્યકનિર્યુક્તિનું દિગંબરોમાં અનુકરણ અને અપહરણ -

આ આવશ્યકનિર્યુક્તિની કેટલી બધી પ્રાચીનતા અને પ્રૌઢતા છે કે જેનું અનુસરણ દિગંબરોમાં પણ થયું અને તે અનુસરણવાળો ગ્રંથ માન્ય ગણાયો. જો કે દિગંબરોને આ આવશ્યકનિર્યુક્તિનો ગ્રંથ તત્વાર્થસૂત્રની માફક શ્વેતાંબરોનો કરેલો છતાં પોતાનો કરવામાં વિશેષ અડચણ ન આવત પણ સ્ત્રીની સિદ્ધિઓનો અધિકાર, સાધુઓના ઉપકરણનો અધિકાર અને ભગવાન્ જિનેશ્વર મહારાજાઓની પ્રતિમાની પુષ્પાદિકથી થતી પૂજાનો અધિકાર ચોકખા રૂપે હોવાથી તથા ભગવાન્ મહાવીર મહારાજના અધિકારમાં આવતો ગોશાલાનો અધિકાર પલટાવી, સુધારી કે માન્ય કરી શકાય એવો ન હોવાથી આવશ્યકનિર્યુક્તિને તેઓએ પોતાની કરી લીધી નહિ, પણ આ આવશ્યકનિર્યુક્તિનું

અનુકરણ કરીને દિગંબરના વટ્ટકેરસ્વામી કે જેઓ ઘણા પ્રાચીન ગણાય છે તેઓએ મૂલાચાર નામનો ગ્રંથ જે બનાવ્યો છે તે કેવળ આવશ્યકનિર્યુક્તિનું અનુસરણ કરીને બનાવ્યો છે એટલુંજ નહિ પણ તે ગ્રંથનું નામ મૂલાચાર એમ રાખ્યા છતાં પ્રકરણની શરૂઆતમાં સામાયિકનિર્યુક્તિ, લોગ્ગસ્સનિર્યુક્તિ વિગેરે કહેવાની પ્રતિજ્ઞા ચોકખા શબ્દોમાં કરે છે, એટલુંજ નહિ પણ આવશ્યકનિર્યુક્તિની અને તેની ઉપર બનેલા મૂળભાષ્ય અને ભાષ્યની તો ગાથાઓને ગાથાઓ તેમની તેમજ કાંઈ પણ ફેરફાર વિનાજ દાખલ કરેલી છે. સામાન્ય રીતે દેખનારો પણ બુદ્ધિમાન મનુષ્ય જો આ આવશ્યકનિર્યુક્તિ અને ભાષ્યને તથા તે મૂલાચારની ગાથાઓને દેખીને વિચારે તો સ્પષ્ટ માલમ પડે તેમ છે કે તે મૂલાચારમાં લીધેલી તે તે નિર્યુક્તિ, મૂલભાષ્ય અને ભાષ્યની ઉપાડી લીધેલી ગાથાઓ તેવા પૂર્વાપર સંબંધવાળી નથી કે જેઓ સંબંધ આ આવશ્યકનિર્યુક્તિ, મૂળભાષ્ય તથા ભાષ્યમાં બંધ બેસતો છે.

## વટ્ટકેરસ્વામીનો મૂલાચાર ?

જો કે તે વટ્ટકેરસ્વામીએ તે મૂલાચાર ગ્રંથને આચારાંગસૂત્રનો વિચ્છેદ થઈ ગયેલો માની તેને સ્થાને ગોઠવવા માટેજ આ મૂલાચાર ગ્રંથ બનાવેલો છે, અને તેથીજ તે ગ્રંથનું નામ મૂલાચાર તેઓએ રાખેલું છે, પણ ગણધર મહારાજાએ કરેલા આચારાંગસૂત્રનું એક પણ પદ, વાક્ય, ગાથા કે પ્રકરણ તે વખતે વિદ્યમાન હતું અને તે મૂલાચાર ગ્રંથ રચતાં તે વટ્ટકેરસ્વામીએ તે મૂલાચાર ગ્રંથમાં તે પદ, વાક્ય કે ગાથા લીધાં હોય તેમ જણાવ્યું નથી અને લીધેલાં પણ નથી, અર્થાત્ આચારાંગસૂત્રનો સર્વથા વિચ્છેદ થએલો માની લઈ, તેને સ્થાને આચારની મહત્તાથી દોરાઈ ગએલા વટ્ટકેરસ્વામીએ મૂલાચાર એવું નામ ઉભું કરી આ મૂલાચાર ગ્રંથ બનાવ્યો, પણ આચારાંગનું કાંઈપણ અનુકરણ તેમાં તેઓએ કર્યું નહિ, કેમકે તેઓને તો ગણધર ભગવાનના વચનોનો તો સર્વથા વિચ્છેદજ માનવો હતો અને તેથીજ આચારાંગનું અનુકરણ ન થઈ શકે તે સ્વાભાવિકજ છે, કેમકે અનુકરણ તેનુંજ કરી શકાય કે જે વસ્તુ મૂળસ્વરૂપે વિદ્યમાન હોય. વટ્ટકેરસ્વામીએ આચારાંગનો વિચ્છેદ માનીને ને તેને સ્થાને ગણધર મહારાજે કરેલ આચાર કહેવાતો હતો જ્યારે આ વટ્ટકેરસ્વામીએ તો મૂલાચાર એવું મ્હોટી મહત્તા જણાવનાર નામ આપી મૂલાચાર નામનો કલ્પિત ગ્રંથ બનાવ્યો, તેની પહેલાં તેમના મતે કોઈપણ ખુદ આચારાંગ નામના અંગને ધારણ કરનારા હોય અને તેઓએ આચારાંગ ઉપરથી કાંઈક ઉદ્ધાર પણ કરેલો હોય અને તેને આધારે આ વટ્ટકેરસ્વામીએ આ મૂલાચાર ગ્રંથ કર્યો હોય એમ પણ તેઓ જણાવતા નથી અને છે પણ નહિ.

## દિગંબરોને સૂત્રો વિચ્છેદ થયાં એમ કેમ માનવું પડ્યું ?

વસ્તુતાએ વિચાર કરીએ તો શિવભૂતિએ દીક્ષા લીધી તેના થોડા જ કાળમાં મત પ્રગટાવેલો હતો અને તે શિવભૂતિ લશ્કરી મિજાજનાજ હોઈ અભ્યાસથી ઘણા બે નસીબ હોય અને તેથી દિગંબરમતમાં પ્રથમથીજ સૂત્રનો વારસો ન રહ્યો હોય તે ઘણું જ સંભવિત છે. અંગો અને પૂર્વો હતાં એટલું પણ માનવાની તેમને એટલા માટેજ જરૂર પડી હોય કે જો પૂર્વકાળમાં પણ અંગો અને પૂર્વસૂત્રોની હયાતિ નહિ માનીએ તો જિનવચનદ્વારાએ જાહેર થયેલું તત્વજ પ્રમાણભૂત છે અને અમે તેનીજ છત્રછાયા નીચે છીએ એવું કહેવાનો વખતજ રહે નહિ માટે કુંવારા મનુષ્યને, 'તમે પરણ્યા છો કે નહિ' એવો પ્રશ્ન પુછવામાં આવતાં 'બાપા પરણ્યા હતા' એવો ઉત્તર દે, પણ 'હું નથી પરણ્યો' એવો ચોકખો ઉત્તર ન દે તેવી રીતે આ દિગંબરોએ જિનવચનના તત્ત્વની હયાતિ માત્ર માનવા માટેજ અંગો અને પૂર્વો હતાં અને એમ માન્યું અને મનાવ્યું.

**દિગંબર પરંપરામાં સૂત્રનો અંશ પણ પરંપરાગત કેમ નહિ ?**

જો એમ ન હોય તો શું દિગંબરપરંપરામાં એવા પણ આચાર્ય નહિ થયા હોય કે જેઓ પાંચ, દશ હજાર શ્લોક મોઢે રાખી શકે અને ભિન્ન ભિન્ન આચાર્યો ભિન્ન ભિન્ન સૂત્રોના તેટલા તેટલા ભાગોને પોતાની પરંપરામાં ચલાવે પણ આ બધું ક્યારે બને કે જ્યારે એમના જણાવ્યા પ્રમાણે આ દિગંબરોનાં પૂર્વ પુરુષો વાસ્તવિક રીતિએ અંગઆદિ સૂત્રોના ધારણ કરનારા હોય, પણ વસ્તુતાએ પૂર્વે જણાવ્યું તેમ તેમના પરંપરાના અંગાદિના અંશોની તો જરૂર પ્રવૃત્તિ હોત, પણ તેવું કાંઈ બનેલું ન હોવાથી તેઓને સર્વથા વિચ્છેદ થયાને નામેજ હયાતિ માનવી પડી અને તેથીજ વટ્ટકેરસ્વામીએ આચારાંગનો વિચ્છેદ થઈ ગએલો માની, તેને સ્થાને આ મૂલાચાર ગ્રંથને કલ્પીને ગોઠવ્યો પણ તેમાં સાધુઓના મૂલાચાર તો કોઈપણ પ્રકારે અંધાનુકરણ હોવાથી ગોઠવાયાજ નહિ.

**વટ્ટકેરસ્વામિના મૂલઆચારમાં નિર્યુક્તિનો ઉપલંભ**

પણ જે આવશ્યકનિર્યુક્તિનું પોતે અપહરણ કરવા માંડ્યું તેના પણ સામાયિક, લોગ્ગસ્સ કે વંદન વિગેરેના સૂત્રો તેઓ દાખલ કરી શક્યા જ નહિ અને સૂત્રો વગરનીજ નિર્યુક્તિ તેઓએ આવશ્યકસૂત્ર નિર્યુક્તિઆદિનું અનુસરણ કરીને અપહરણ તરીકે બનાવી અને તેમાં આવશ્યકનિર્યુક્તિ મૂળભાષ્ય અને ભાષ્યની ગાથાઓ જથ્થાબંધ ઉપાડી લીધી.

**નિર્યુક્તિના પ્રચારની વટ્ટકેરસ્વામી વખત પ્રચુરતા**

આ બધો મૂલાચાર અને વટ્ટકેરસ્વામીઆદિનો અધિકાર માત્ર પ્રસંગથીજ જણાવેલો છે, પણ મૂળ હકીકત તો એટલીજ છે કે તે દિગંબરમતના વટ્ટકેરસ્વામીની વખતે પણ આ આવશ્યકનિર્યુક્તિનો પ્રચાર કેટલો બધો જબરદસ્ત હશે અને તેનું સ્થાન સમસ્ત જૈન આલમમાં કેટલું બધું ઉંચું હસે કે જેને લીધે વટ્ટકેરસ્વામીને તેનું અંધઅનુકરણ કરીને પણ મૂલાચારને નામે પણ તેની ગાથાઓને ઉતારી લેવી પડી, અર્થાત્ સર્વ રીતિએ પૂર્વકાલથી અત્યંત પ્રચાર પામેલો અને જૈનના સમગ્ર ભાગમાં આ આવશ્યકનિર્યુક્તિ કેવું અદ્વિતીય સ્થાન ધરાવતી આવી છે તે સ્પષ્ટપણે માલમ પડે અને જો એવી અદ્વિતીયતા આ આવશ્યકનિર્યુક્તિની સમજવામાં આવે તો આવશ્યકનિર્યુક્તિનેજ મૂલભાષ્ય, ભાષ્ય, વિશેષાવશ્યકભાષ્ય, ચૂર્ણિ અને મોટી મોટી વૃત્તિઓ તથા અવચૂરિઓથી પૂર્વાચાર્યોએ કેમ અલંકૃત કરી છે એ સ્પષ્ટપણે સમજાશે.

(સમાપ્ત)




## -: ભવરૂપી મહામેળો :-

**(ગતાંકથી ચાલુ)**

### માત્ર ટેવનેજ લીધે !

બચ્ચાં પર માલિકી તેના શેઠની છે એમ ગાય વારંવાર પ્રસવી પ્રસવીને શેઠને બચ્ચા આપે છે, દૂધ આપે છે અને છેવટે પોતે ઘરડી ખખ બનીને આ જગત તજીને ચાલતી થાય છે ! ગાયને બિચારીને એ વાતની ખબર નથી કે આ હું ઘાસ ખાંઉ છું, ઘાસને પચાવી રસ, રકત, માંસ અને દૂધ ક્રમે પેદા કરૂં છું અને એ દૂધ માલિકને આપી દઉં છું પરંતુ એ બધું કાર્ય કરૂં છું તે ક્યા મુદ્દાએ કરૂં છું. પ્રસવાદિ સંકટો વેઠીને વત્સોને જન્મ આપું છું તે ક્યા મુદ્દાએ આપું છું અને બચ્ચાંઓને પોતાના સ્વામીના કબજામાં સોંપી દઉં છું તે ક્યા મુદ્દાએ સોંપી દઉં છું. આ બધામાંથી એ પણ મુદ્દાની ગાયને માહિતી હોતી નથી પરંતુ તે છતાં ગાય એ ચક્રમાં જોડાય છે ! ઠરાવેલો ટાઈમ થયો કે "હુંભા, હુંભા" કરીને ઘાસ માંગે છે, નિયત કરેલે વખતે બરાબર દોહવાને સ્થળે આવીને ઉભી રહે છે, દૂધ દોહવા દે છે, આ બધું શાથી થાય છે તે વિચારો.

### આત્મકલ્યાણ શામાં છે ?

આ જગતમાં આ જાતની પ્રથા છે તેથી એ પ્રથામાં જાનવરો પણ પરોવાયા છે, અને તેઓ એ પ્રથા પ્રમાણે ચાલ્યા કરે છે. હવે વિચાર કરી જોઈશું તો માલમ પડશે કે ગાય જન્મે છે આ ચક્કરે ચઢીને મરણ પામે છે પરંતુ એ બધામાં ગાયનું પોતાનું શું છે ? આ સઘળા વ્યવહારમાં પડેલી ગાયનુ શું ? તેમાં આત્માનું શું ? તેના આત્માનું કલ્યાણ શાથી? આ પ્રશ્નો તમે કદી વિચાર્યા હોય એમ લાગતું નથી. ગાય જન્મી, તેણે માલિકનું ખાધું, માલિકને દોહવા દઈ દૂધ આપ્યું. પ્રસવકાળની યાતનાઓ વેઠી વેઠીને અનેક બળદો માલિકને આપ્યા એ બધાથી ગાયનું કલ્યાણ થયું છે કે, અંતે ગાય મરી જાય છે તેમાં તેનું કલ્યાણ થાય છે ! આપણે લાંબો વિચાર કરી જોઈએ તો માલમ પડે કે છે ગાયની આખી

જિંદગીમાં એવી એક પણ પળ આવી નથી કે એવું એકપણ કાર્ય થયું નથી કે જેથી ગાયના પોતાના આત્માનું તેથી અંશે પણ કલ્યાણ થયેલું હોય !

### મનુષ્ય અને બળદ બંને સમાન

જેવી સ્થિતિ ગાયની આ જગતમાં આપણે દેખીએ છીએ તેવીજ સ્થિતિ આ જગતમાં આપણી પણ છે. આપણે આ દુનિયામાં એક બળદ તરીકે જન્મ્યા છીએ. હવે બળદની દશા કેવી છે તે તમે તપાસો. બળદ જન્મે છે, જીવે છે, માલીકનું કામ કરે છે, પણ જો જરાક કામ કરતો પાછો પડે તો તરત તેને ચાબકા પડે છે. આ રીતે ચાબકા ખાઈખાઈને કામ કરીને છેવટે બિચારો બળદ મોતને શરણે જાય છે. એજ સ્થિતિ બળદરૂપે જન્મેલા આપણી પણ છે. આપણે જગતમાં જન્મ પામીએ છીએ, સંસારવહેવારરૂપ ગાડામાં જોડાઈ છીએ, અને કમાઈને માબાપ, બૈરી, છોકરાં, ભાઈ, ભોજાઈ વગેરેને લાવી આપીએ છીએ. આ કાર્ય કરવામાં જો આપણે પાછળ પડ્યા તો તરતજ આપણને સોટા પડે છે ! બળદ બરાબર ભાર ન વહે, ગાડું બરાબર ન ખેંચે તો તેને ચાબકા પડે છે ! જે સ્થિતિ બળદની છે તેજ સ્થિતિ બળદ તરીકે જન્મેલા આ જગતમાં આપણી પણ છે.

### તમારીજ કમાણી ઉપર

હવે શાંતિથી વિચાર કરો કે બળદ જન્મે, ધંધો કરે અને મરણ પામે એ સઘળી ક્રિયામાં બળદનો પોતાનો શો શુક્રવાર વળ્યો છે ? બળદનો પોતાનો શો આત્મ લાભ થયો છે ? જવાબ એ છે કે કાંઈ નહિ. એજ પ્રમાણે સંસારની જંજાળમાં જોડાઈને આપણે પણ જે કાંઈ કર્યું છે તેમાં આપણા પણ પોતાના આત્માનો લાભ જોઈએ તો તે માત્ર શૂન્ય જેટલોજ છે, વધારે નથી !! બળદ જેમ પોતે પોતાના શેઠને માટે રળે છે - ધંધો કરે છે તેજ પ્રમાણે આપણને પણ આપણા પરિવારને માટેજ કમાવું પડે છે. દૂધ ગાય આપે છે ખરી, પરંતુ એ દૂધની માલિકી ગાયની નથી. ગાયને એજ દૂધ પીવું હોય તો તે પી શકતી નથી તેજ પ્રમાણે આપણી કમાણી ઉપર પણ માલિકીહક આપણો પોતાનો નથી. આપણી કમાઈ એ ખરેખર પૂછો તો આખા પરિવારનીજ કમાઈ છે અને તેથી તમામ ખરચખુટણની જોખમદારી તમારીજ છે.

### બધાનો ભાર તમારા માથે

આખા ઘરમાં જે કાંઈ ખર્ચખુટણ થાય છે તે તમારી કમાણી ઉપર થાય છે. તમારા રળેલામાંથી ભાઈ ભાગ માંગે છે, છોકરાઓ હોય તો તેઓ પણ તમારી કમાણીમાંથીજ ભાગ માંગે છે. તમે કમાઈને ભેગા કર્યા હોય પરંતુ તેમાંથીએ તમારા ભાઈને પુરો હિસ્સો આપવાનો ખરોજ ! જો તે ન આપો તો તરતજ ઘરમાં તોફાન થાય છે ! આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે તમારી કમાણીના પણ તમે પોતે માલિક નથીજ. તમારે તો માત્ર ઘરની ગુલામીજ કરી છૂટવાની છે. હવે બળદ કે ગાય મરી જાય ત્યારે તેનો માલિક રડવા બેસે છે. એ રડવા ઉપર આપણને કરૂણા આવી જશે ! પણ માલિક કોને રડે છે એ તો જરા વિચારી જુઓ. તેની હાથણી જેવી ભેંસ કે ગાય મરી ગઈ છે એ ખરૂં, પણ શું ગાય બળદ મરી જવાથી રડનારો શેઠ એ મરી ગએલા પ્રાણીઓનેજ રડે છે ? શું પ્રાણીઓ ઉપરની લાગણીથીજ તેને આંસુ આવે છે ?

### રડવાનું થાય છે, તેમાં હેતું શો ?

"ઓ મારી ગાય મરી ગઈ!" ઓ મારો બળદ મરી ગયો " એવું કહીને રોનારો શેઠ ગાયના કે બળદના જીવને રોતો નથી પરંતુ તેનું દૂધ બંધ થયુ છે તેની કમાણી ઘટી છે એનેજ માટે રૂએ છે. ગાય બળદ ખોવાઈ ગયા એવા સમાચાર માલિકને મળે છે એટલે તેને ધ્રાસ્કો પડે છે, પણ તેને એ ધ્રાસ્કો ગાય કે બળદના જીવને અંગે નથી લાગતો પરંતુ

પોતાની કમાણી જાય છે તેને અંગે તેને ધ્રાસ્કો લાગે છે તેજ પ્રમાણે માણસ મરી જવાથી તેના સગાંસંબંધીઓ રૂદન કરે છે તેમાં પણ સ્વાર્થનોજ ધ્વનિ રહેલો છે. ગાય, બળદ વગેરે આપણું દેવું ભરી આપવાને જન્મ્યા છે તેજ પ્રમાણે આપણે પણ પરિવારના દેવાદાર તરીકે જન્મ્યા છીએ. હવે જે સમયે આપણી આવી સ્થિતિ છે. આપણે પરિવારના એક દેવાદાર તરીકેજ જન્મ્યા છીએ તે વખતે આપણે સ્વરૂપ સંજ્ઞી કહેવડાવવા માંગીએ તો તે ક્યે હિસાબે બની શકે ?

**મન પણ તમારૂં નથી.**

મનના વિચારો પૌદ્દગલિક છે અને તેથી તે સંજ્ઞી કહેવડાવે છે તેમ આપણે મનને આધારે સંજ્ઞી કહેવડાવીયે છીએ, પરંતુ ખૂબ યાદ રાખવાનું છે કે એ મન તે આપણું નથી પરંતુ પરાઈ મિલ્કત છે. આપણામાં સંજ્ઞીપણું છે એમ ધારીને આપણે ખુશ થઈ જઈએ છીએ પણ જરા વિચાર તો કરી જુઓ કે એ સંજ્ઞીપણામાં આપણી પોતાની કઈ ચીજ રહેલી છે ? જવાબ એજ છે કે એમાં આપણું પોતાનું કાંઈજ નથી ! આપણું સંજ્ઞીપણું પારકાને આધારેજ છે. સ્વસ્વરૂપે જે સંજ્ઞીપણું આવવું જોઈએ તે હજી આપણામાં આવ્યું નથી. એકજ ભવનો જેમાં વિચાર છે તે દીર્ઘકાલિકીસંજ્ઞા છે અને એ સંજ્ઞાએ જે સંજ્ઞીપણું છે તે પારકાને આધારે રહેલું છે, ત્યારે સ્વસ્વરૂપની દૃષ્ટિએ વિચારીયે તો હજી આપણામાં સંજ્ઞીપણું નથી એવું સ્પષ્ટ માલમ પડી આવે છે, ત્યારે હવે આપણે એ સંજ્ઞીપણું શી રીતે મેળવી શકાય તે પ્રશ્ન વિચારવાનોજ રહ્યો.

**ધૂળ પીલવાથી તેલ ન નીકળે.**

તમે દશશેર ધૂળને ઘાણીમાં નાંથીને પીલી નાંખો તો પણ ધૂળમાંથી પાશેર તેલ પણ નીકળવાનું નથી એ વાત તમે જાણો છો. ધૂળમાંથી જ તેલ કાઢવાના કોઈ ગમે તેવો મોટો સાયંટીસ્ટ જબરા અખતરા કરશે તોપણ તેના એ અખતરા ફળીભૂત થવાના નથી. તમે ગમે તેવા સંચામાં ધૂળ પીલો તો પણ તેલ નીકળતું નથી તેનું કારણ એ છે કે ધૂળમાં તેલનો સદ્દભાવજ નથી. એજ રીતે આ જગતમાં પરને સ્વરૂપે સંજ્ઞી થનારા તો સંખ્યાબંધ છે - આખું જગત છે પરંતુ સ્વરૂપે સંજ્ઞી થવાવાળા ઓછા છે. સ્વ સ્વરૂપે સંજ્ઞી તો તેઓજ થાય છે કે જેમનામાં ગળથુથીમાંજ પેલા આગળ વારંવાર કહેવાએલા સંસ્કારો પડેલા હોય. જાનવરને પોતાના આત્માનો વિચાર કદીપણ આવતી નથી અથવા તો તે પોતાની આત્મોન્નતિ કેમ થાય તે માટે ચિંતવન કરી શકતો જ નથી.

**આત્મભાન ક્યાં થાય છે.**

પશુઓ જન્મે છે ત્યારથી તે મરણ પામે છે ત્યાં સુધી તેમને એકજ વિચાર હોય છે. શરીર, ખોરાક, ઈન્દ્રિયો, સંતાનો એવાને એવાજ વિચારો પશુઓને હોય છે. આ સિવાયના બીજા કોઈપણ વિચારો તેને હોતા નથી. ગાય કદાચ સો વર્ષની થાય તો પણ એ ગાયને "હું કોણ છું? મારો આત્મા કોણ છે?" એવું વિચારી જોવાનો સમય આવતોજ નથી. અને કોઈપણ જાનવર પોતે એ પ્રશ્ન તપાસી પણ શકતો નથી કારણકે એ એની શક્તિની બહારની વાત છે ! "હું કોણ છું ?" એ વિચારવાનો વખત ક્યાં મળે છે તેનો ખુબ ખ્યાલ રાખજો. આ વસ્તુ વિચારવાનો વખત જો કોઈપણ સ્થળે મળતો હોય તો માત્ર તે એકજ સ્થળે મળે છે. જે આત્મા અનાર્ય દેશમાં જન્મ્યો હોય તેવા માણસને સ્વપ્ને પણ એવો વિચાર નથીજ આવતો કે હું કોણ છું ? મારે શું કરવાનું છે ? અને મારી છેવટે શી ગતિ છે?

**બી ન વાવો તો ઘાસજ ઉગી નીકળે.**

હવે ધારો કે આપણને નીચ જાતિ નથી મળી, અધમકુળ નથી મળ્યું અને અનાર્ય દેશ પણ નથી મળ્યો. આપણે મનુષ્યભવ મેળવ્યો છે, મનુષ્યભવમાં

પણ આવીને આર્યક્ષેત્ર મેળવ્યું છે, આર્યક્ષેત્રમાં આવીને ઉત્તમકુળ મેળવ્યું છે અને ઉત્તમકુળમાં આવીને ઉંચી જાતિ મેળવી છે પરંતુ શું તેટલા માત્રથી ઉપલી વિચારણા આપણા અંતરમાં જાગૃત થાય છે ખરી ? અહીં એક બીજું ઉદાહરણ તમારે વિચારી જોવાની જરૂર છે. ધારો કે એક સ્થળે ઉત્તમ ભૂમિ છે. હવા ઉત્તમ છે. અનુકૂળ વરસાદ વરસી ગયો છે. હળવડે જમીન સુંદર રીતે ખેડી છે અને ક્યારા પણ ઘણા સુંદર બનાવ્યા છે પરંતુ આવા સંયોગો છતાં પણ જો તમે એ ખેતરમાં અનાજ બીજ ન વાવો અને સારૂં પુષ્ટ અને તંદુરસ્ત બી માત્ર હાથમાં ધરીને જોયાજ કરો તો તેથી કાંઈ તમારા ખેતરમાં પાક થવાનો નથી.

**મિથ્યાત્વનો પ્રવેશ રોકો.**

બીજ, જમીન, હવા, વરસાદ, સંયોગ આ પાંચે ચીજ સારી હોવા છતાં જો તમે બીજ નહિ વાવશો તો તમારા ખેતરમાં કાંઈપણ પાક થશે નહિ એટલુંજ નહિ પરંતુ તેથી બીજું ભયંકર પરિણામ તો એ આવશે કે ખાલી રહેલી જમીનમાં ગમે, તેવું ઘાસ ઉગી નીકળશે, તેજ પ્રમાણે પક્ષીઓની ચાંચમાંથી ગમે તેવા હલકા બીજ ત્યાં પડીને તે પણ ઉગી નીકળી તમારી આખી ભૂમિને બરબાદ કરી નાખશે ! એજ પ્રમાણે આર્યક્ષેત્ર, જૈનકુળ અને ઉત્તમજાતિ મળવા છતાં પણ જો માબાપો સુયોગ્ય બીજરૂપ પેલી ત્રિવિધ ગળથુંથી જો બાળકોને નહિ પાશે તો અવશ્ય યાદ રાખજો ક બાળકો પણ સારા નહિજ નીવડે એટલવુંજ નહિ પરંતુ પડતર ખેતરમાં જેમ નકામું ઘાસ ઉગી નીકળે છે તેમ તેવા બાળકોના અંતરમાં પણ મિથ્યાત્વરૂપી ઘાસ અવશ્ય ઉગીજ નીકળવાનું છે એ ખાત્રીથી માની લેજો.

**જાનવરોને માત્ર ચાલુ ભવનોજ વિચાર છે.**

વળી ખૂબ જરૂરી વાત તો એ છે કે માબાપોના હૃદયમાં પણ એ વાત પચી ગએલી હોવી જોઈએ. જૈનધર્મ સર્વથા સર્વોત્તમ સંસ્કારવાળી ચીજ છે એ વાત સોળેસોળ આના સાચી છે. માબાપોએ પેલી ગળથુથી બચ્ચાને આપવી જોઈએ એ વાત પણ સાચી છે. પરંતુ તેજ સાથે 'અનાદિનો જીવ છે, ભવ પણ અનાદિનો છે અને જીવકર્મનો સંયોગ પણ અનાદિનો છે" એ ત્રણ વસ્તુમાં માબાપ પોતે પણ રંગાએલા હોવાજ જોઈએ. તે ન હોય તો કદી ન ચાલે ! માબાપો જો વર્તમાન ભવનેજ આગળ કરીને વર્તનારા હોય તો તેની છાપ બાળકો ઉપર પડ્યા વિના કદી રહેવાની નથીજ. જાનવરો માત્ર ચાલુ ભવોનોજ વિચાર કરે છે તેને વિચાર શક્તિ નથી એમ કોઈ કહેતું નથી તેને દરેક લાગણી છે પરંતુ તેની આ બધી લાગણીઓ, ભૂખ, તરસ, રહેઠાણ પર પ્રીતિ-સંતતિ ઉપરનો પ્રેમ વગેરે સઘળું એકલા ચાલુ ભવને અંગેજ હોય છે.

**જવાબદારી સમજો**

જાનવરનું જીવન જે રીતે પુરૂં થાય છે તેજ રીતે માણસ પણ જીવન પુરૂં કરતો હોય તો પછી માણસમાં અને જાનવરમાં શું ફેર બાકી રહે છે વારૂં? કાંઈજ નહિ !! જીવાત્મા એ સમજવાની જરૂર છે કે પોતે તો અનાદિનો છે અને પોતાને જે ભવ મળ્યો છે તે તો માત્ર એક મેળામાં જેમ એક દહાડાને માટે દુકાન મંડાય છે તેવી રીતે મંડાએલી દુકાન છે ! મેળો ભરાય છે ત્યારે જે સ્થાન ઉપર મેળો ભરાતો હોય ત્યાંની ખુલ્લી જમીનની પણ કિંમત વધી જાય છે ! પણ એવો ક્યો દુકાનદાર હશે કે જે એ સ્થળે ભાડે લીધેલી દુકાનને શણગારવાની પાછળજ લાખ બે લાખ રૂપીઆ પુરા કરીને પોતાનું ખીસું સાફ કરી

દેશે ? કોઈપણ સમજદાર દુકાનદાર પોતાની બજારમાં આવેલી રોજની દુકાનને ભોગે મેળાની દુકાનને શણગારતો કે શોભાવતો નથી અથવા ઘરના પૈસાથી મેળાની દુકાનને દીપાવવા નીકળી પડતો નથી !!

### વિશ્વરૂપી મહામેળો

મોટા અફસોસની વાત છે કે આ જીવ એટલી વાત પણ સમજતો નથી. તે સમજતો નથી કે પોતે તો અનાદિનો છે અને આ ભવમાં તેણે જે બાયડી, છોકરાં, વાડી, બંગલા, બાગ, નોકર-ચાકર વગેરે મેળવ્યું છે તે સઘળી તેણે આ વિશ્વરૂપી મહામેળામાં માંડેલી દુકાનો છે ! કોઈ પણ ડાહ્યો માણસ મેળામાં માંડેલી દુકાન પાછળ પોતે વેચાઈને ખુવાર થઈ જતો નથીજ ત્યારે આ દુર્ભાગી જીવ પોતાના આત્મત્વની દરકાર કર્યા વિનાજ આ મેળામાં માંડેલી દુકાનોરૂપ બૈરી છોકરાં અને ઘરબારને શણગારવાની પાછળજ ખુવાર થઈ જાય છે ! આ તે જીવની અક્કલમંદી કહેવી કે મૂર્ખાઈ કહેવી ? મેલાની જમીનનું ભાડું માત્ર મેળાના દિવસેજ તે પુરતું મળે છે મેળાનો દિવસ ચાલ્યો ગયો એટલે એ એ જગ્યાની ફુટી બદામ પણ ઉપજતી નથી ! અરે ! ઉપજવાની વાત તો ઠીક છે પરંતુ કોઈને મફત બોલાવીને એ જગ્યાએ દુકાન માંડીને બેસવા કહો, અરે સામો આનો આપો, તોએ કોઈ સારો વેપારી ત્યાં બેસવા આવતો નથી!!

### ગાંઠની મુડી ગુમાવી

મેળાની જમીન અલ્પ કિંમતી છતાં કોઈ મૂર્ખો વેપારી ઘરની દુકાન વેચીને એ મેળાની દુકાનનેજ શણગારવામાં લાગી જાય તો તમે એને મૂર્ખો કહેશો કે બીજું કાંઈ ? જરૂર તે માણસ મૂર્ખો છે ! ત્યારે આત્મારૂપ સદાનો દુકાનદાર પણ લાંબો ટુંકો વિચાર ન કરતાં આ એક ભવરૂપ મેળાની દુકાનનેજ શણગારવા તત્પર થાય તો એની કિંમત પણ તમારે મૂર્ખામાંજ ગણવી કે બીજું કાંઈ ? ભવ એ પણ બધા મેળાજ છે. મેળો એ જેમ સંયોગોએ ભેગા થએલો પણ વિખરાવાનો દિવસ આગળથીજ નક્કી કરી ચૂકેલો બજાર છે તેવોજ આ ભવ એ પણ મેળોજ છે. તેમાંએ પહેલાંની પણ પલ્યોપમની જિંદગી તે અપેક્ષાએ માણસની જિંદગીના સો વર્ષ એ શું હિસાબમાં છે ? કાંઈજ નહિ !! છતાં મૂર્ખો જીવ એ ક્ષણભંગુર મેળા માટે પોતાની ગાંઠની મુડી ગુમાવી નાંખે છે તે ઘરની ભોગે આત્માને ભોગે મેળામાંની દુકાન-વિદ્યમાન ભવનોજ વિચાર કરે છે એ કેટલું દુઃખજનક છે !!!

### છત્રીસ હજાર દિવસનો મેળો

કોઈ સ્થળે મેળો એક દિવસનો હોય છે, કોઈ સ્થળે મેળો પાંચ દિવસનો હોય છે, તો કોઈ સ્થળે મેળો પંદર દિવસનો હોય છે. આ જિંદગી એ એ હિસાબે કેટલા દહાડાનો મેળો છે તે ગણી કહાડો ! હાલ માણસની જિંદગી ગણીએ તો વધારેમાં વધારે સો વર્ષની હોય છે. વરસના મહિના બાર એ હિસાબે એક માણસની જિંદગી બારસો માસની થઈ ! અને મહિનાના દિવસ ત્રીસ એટલે એ હિસાબે તો બારસો માસની (૧૨૦૦ x ૩૦ = ૩૬૦૦૦) છત્રીસ હજાર દિવસ થયા ! હવે વધુ સ્પષ્ટતાથી બોલીએ તો એમજ બોલવું પડે કે માણસની જિંદગી એટલે છત્રીસ હજાર દિવસનો મેળો. હવે એના પાછળ આ આત્મારૂપી દુકાનદાર ભોગ કેટલો આપે છે તેની ગણતરી કરી જુઓ. આ ગણતરી કરી જોશો એટલે આ દુકાનદાર ડાહ્યો છે કે ગાંડો તેનું માપ તમે પોતેજ તમારી જાત માટે પણ કાઢી શકશો.

### ભાડે રાખેલી દુકાન

મેળામાં દુકાનદાર ભાડુતી દુકાન રાખે છે પરંતુ એ રાખતાં પહેલાં તે આવક કેટલી થશે તેનો અડસટ્ટો બાંધે છે અને આટલી આવકે આટલું ભાડું

આપવું પોસાશે એજ હિસાબે તે ભાડું આપે છે. હવે આ જીવચંદ શેઠે છત્રીસ હજાર દહાડાના મેળામાં દુકાનના ભાડાતોડાં આપીને શું બચાવ્યું હશે તેનો ખ્યાલ કરો. ભવિતવ્યતાએ તમોને મનુષ્યઆયુષ્ય, મનુષ્યગતિ, ઔદારિક શરીર, અંગોપાંગ એ સઘલું ભાડે આપ્યું છે તો ભલા માણસો ! એ ભાડે મળેલી ચીજનું ભાડું ચૂકવી શકાય એટલી તો કમાણી કરો! મેળામાં દુકાન ભાડે રાખે ! કમાવાના લાંબાચોડા મનસુબા કરે અને પછી જમીન ભાડે રાખીને ભાઈસાહેબ ધંધો કરવાને બદલે ભટકતા ફરે તો તેવા અક્કલબાજખાંને કઈ દશામાં ગણશો વારૂ ? હવે એ હિસાબેજ આપણે છત્રીસ હજાર દિવસવાળા મેળા માટે શારીરાદિક જે ભાડે લીધું છે તેની વાત વિચારો.

### જોખમદારી પણ જબરી છે.

છત્રીસહજાર દિવસવાળો આ મેળો જેવો લાંબોચોડો અને જબરો છે તેવીજ આ મેળાને અંગે રહેલી શરતો પણ જબરી છે ! બધે તમે વેપારધંધો કરો, કમાઓ પછી તમે ભાડું ભરો એવો રિવાજ છે અહીં તો આ મેળો એવો જબ્બર છે કે તેનું આખું જ ભાડું-છત્રીસ હજાર દિવસોનુંજ ભાડું આગળથી લઈ લેવામાં આવ્યું છે ! આ ભવનું આયુષ્ય, નામકર્મ, શરીર, અંગોપાંગ, નામકર્મએ સઘળું પહેલાં બાંધવું પડે છે. એ સઘળું બાંધો તોજ તમોને અહીં બેસવા દેવામાં આવે છે ! તમે જમીન પટે રાખો છો તો તમારે એ પટે રાખેલી જમીનનો પટો દર વરસે ભરવાનો હોય છે, જમીન ભાડે રાખો તો દર મહિને ભાડું ભરવાનું હોય છે આ છત્રીસ હજારીયો મેળો એવો છે કે તેમાં છત્રીસે હજાર દિવસનું ભાડું એકી સાથે લઈ લેવામાં આવ્યું છે. હવે આ ગંજાવર ભાડું, દુકાન રાખ્યા પછી તમે રઝળતા ફરો તો તમારી શી દશા થાય ?

### ભાડું તો પહેલાંજ આપી દીધું છે.

છત્રીસહજાર દિવસનું ભાડું ભરીને આપણે આ દુકાન ભાડે રાખી છે. હવે એ પટે રાખેલી દુકાનમાં કમાઈ શી થઈ છે તેનો વિચાર કરજો ! તમે મેળામાં દુકાન માંડો, તમારી દુકાનમાં ચારે બાજુએ ખૂબ રમકડાં ગોઠવો, દુકાનને ખૂબ શણગારો, આખી દુકાને ઈલેક્ટ્રિક લાઈટ મૂકો અને લોકો તમારો શણગાર જોઈ તમારી પીઠ થાબડે છે કે ; 'વાહ ! ફલાણા શેઠની શોભા કેવી ?'' તો કહે છે કે; 'યાદ રહી જાય તેવી''. આટલાથીજ તમારે કલેજે ઠંડક થતી નથી ! અરે તમારો માલ જોઈને લોકો તમારા માલને પણ ખૂબ વખાણે પણ તેથીએ તમારો શુક્રવાર વળતો નથી અથવા તો તમે રાજી થઈ જતા નથી. તમે માલ અપ-ટુ-ડેટ ગોઠવ્યો, સરસ ''શો'' કર્યો, લોકોએ વખાણ્યો, આગેવાનોએ સર્ટિફિકેટો આપ્યા અને ટ્રેડ કોંગ્રેસે તમારી છાતીએ સારાપણાનો ચાંદ બાંધ્યો ! પણ જો માલ ન ખપ્યો તો તમે જરા પણ રિઝવાના નથીજ!

### ''શો'' થી શો દહાડો વળ્યો ?

એજ સ્થિતિ બરાબર અહીં પણ લાગુ પડે છે. દુનિયા આપણને પૈસાવાળાને ત્યાં જન્મેલા જુએ, રંગ-રાગમાં મહાલતા જુએ અને ભાગ્યશાળી ગણી લે. સગાં-વહાંલા પોતાનો સ્વાર્થ સાધવા પોતાને સ્નેહી ગણે, ભાઈ-બંધો મોજ ઉડાવવા તમોને જીગરજાન દોસ્ત કહે, બાળકો રમકડાં કે મીઠાઈ માટે બાપા કરી તમોને બાઝી પડે, તોપણ એ બધાથી તમારી પોતાની-તમારા પોતાના આત્માની કશીજ ભાજી પાકતી નથી! મેળો ભરાયો છે એ કબુલ, તમારી દુકાન સરસ છે એ કબુલ, તમારો શો (Show) બધાને બસંદ છે એ કબુલ ! પણ જો તમે કમાણી કરી હોય તોજ તમારી શોભા છે. જો તમે કમાણી ન કરી હોય તો આ બધામાં તમારી શોભા નથી તેજ પ્રમાણે ભવમાં પણ તમોએ સાચી કમાણી કરી હોય તોજ તમારી શોભા છે નહિ તો તમારી શોભા નથી. જો તમે આ ભવને અંગે

કાંઈ કમાણી ન કરો તો મેળામાંથી હાથ ઘસતા નીકળનારા વેપારી જેવી દશા તમારી છે.

## એ મહારસાયન પચાવો.

જે ભવ્યાત્માને આવો વિચાર આવે છે તેજ ભવ્યાત્માને આ ભવનું મહાભયંકરપણું સમજાય છે. કર્મ દરેક ભવરૂપી દુકાન મંડાવે છે પરંતુ તે કાંઈપણ કમાણી કરાવ્યા વિનાજ એમને એમ પાછા કાઢે છે એ આપણી દયાજનક સ્થિતિ છે. આપણી આ સ્થિતિ દયાજનક છે એવો વિચાર ક્યારે આવે છે તેનો ખ્યાલ કરો. તમે અમુક મહારસાયનને પચાવી શકો તોજ તમે આ સંસારને મેળો ગણો. તોજ તમે ભવમાં મળેલી રિદ્ધિસિદ્ધિને ભાડુતી દુકાન ગણો અને ત્યારેજ તમે આ મેળાની સારહીનતાને પારખી શકો. એ મહારસાયન શું છે તે વિચાર કરો. "જીવ અનાદિનો છે" એ તત્વ-એ મહારસાયન જ્યારે તમોને પચી જાય ત્યારેજ તમે આ જગતને સારહીન માનીને તેના તરફ ઉદાસવૃત્તિ ધારણ કરી શકો છો તે સિવાય નહિ. આ વસ્તુ જેના આત્મામાં પચી જાય છે તે આત્મા આ મેળા ઉપર મોહ પામતો નથી અથવા તો મેળાની દુકાનને શણગારવાની પાછળ પોતાનો આત્મતત્વરૂપી મહામૂલ્યવાન ખજાનો પણ ખોઈ દેતોજ નથી.

## ભવ એ ભાડુતી દુકાન

ભવ એ ભાડુતી દુકાન છે, મેળામાંની દુકાન છે, પરંતુ એ મેળામાંની દુકાનેજ જે સાચી દુકાન ગણી લે અને એ દુકાનની પાછળ સઘળું હોમવા તૈયાર થઈ જાય તેવા બિચારા પામર પ્રાણીની શી દશા થાય ? પરિણામ એજ આવે કે બજારમાંની તેની દુકાન વેચીને તે મેળામાંની દુકાન પર શણગાર ચઢાવે અને મેળો ખલાસ થઈ જતાં તેને ત્યાં બેસીને માખી મારવી પડે. પરિણામે દેવાળું જ નીકળે ! ભવરૂપી મેળામાંની દુકાન પર આપણે સર્વસ્વ હોમી દેવાને માટે ત્યારેજ તૈયાર ન થઈએ કે જ્યારે એ ક્ષણભંગુર છે અને આપણો આત્મા કે જે એ ક્ષણભંગુર મેળામાં ભાગ લે છે તે અનાદિનો છે એ સમજીએ ! આપણો જીવ અનાદિનો છે, ભવ પણ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ વાત આપણા લોહીમાં પચી જાય ત્યારેજ આપણે સ્વસ્વરૂપે સંજ્ઞાવાળા થઈ શકીએ છીએ તે સિવાય નહિ.

## સંજ્ઞાના ત્રણ પ્રકાર

આ ત્રણ ભાવ - આ ત્રણ વસ્તુ આત્મામાં પચી જવાથી આપણે સ્વસ્વરૂપે સંજ્ઞાવાળા થઈ શકીએ છીએ. જ્યારે એ રીતે આપણે સ્વસ્વરૂપે સંજ્ઞાવાળા થઈએ છીએ ત્યારે તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. હવે મૂળ વાત ઉપર આવીએ તો માલમ પડે છે કે સંજ્ઞા ત્રણ પ્રકારની થઈ (૧) દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા (૨) હેતુવાદોપદેશિકી અને (૩) દીર્ઘકાલિકી. આ ત્રણે સંજ્ઞામાં સાચું સંજ્ઞીપણું તે માત્ર દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાજ છે અને જેને એ સંજ્ઞા છે તેનેજ ખરેખરા સંજ્ઞી કહી શકાય એમ છે બીજાને નહિજ. બીજી જે સંજ્ઞાઓ છે અને તે સંજ્ઞાઓથી જેઓ સંજ્ઞી છે તેઓ સાચા સંજ્ઞી નથીજ. જેમ એક પૈસો હોય તો આપણે તેને પૈસાદાર કહી શકતા નથી તેજ પ્રમાણે આ બીજી સંજ્ઞાઓથી જે સંજ્ઞી છે તેઓ પણ સાચા સંજ્ઞી નથીજ. માત્ર જેમનામાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે તેઓજ એક માત્ર સંજ્ઞી છે. આ સંજ્ઞાવાળાનેજ આ ત્રણ તત્વો પરિણમે છે.

## આત્માની ઉન્નતિ કેમ થાય ?

જે ત્રણ તત્વો (૧) આત્મા અનાદિનો છે (૨) ભવ અનાદિનો છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિનો છે - આપણે વારંવાર સાંભળ્યા છે તે ત્રણ વિચારોજ આત્માને ઉન્નત બનાવે છે. એ ત્રણ વિચારોજ આત્માની અધમતાને દૂર કરે છે અને પછી આત્માના બીજા ગુણો મેળવવાને માટે આગળ વધાય છે. હવે આ ત્રણ વિચારો આત્માને કેવી રીતે ઉન્નત બનાવે છે, તેની અધમતાને કેવી રીતે ટાળે છે અને બીજા ગુણોનો પ્રકાશ કેવી રીતે એજ માર્ગે આગળ થવા પામે છે તે જોઈએ.

(સમાપ્ત)

# ઉપધાનની તપસ્યા

(અનુસંધાન પા. ૧૫૯ થી ચાલુ) ...

## પરીક્ષા કેમ થાય ?

તત્ત્વ એટલું જ કે બાળદીક્ષાના વિરોધીઓએ પોતાના આત્માની સ્થિતિની અપેક્ષાએ ઉચ્ચકુળના ધર્મસંસ્કારી બાળકોની સ્થિતિ કલ્પવામાં મોટી ભૂલ કરાય છે. જગતમાં જેમ આંધળો મનુષ્ય કોઈપણ વસ્તુના રંગ કે રૂપને ન દેખે અને પોતાના ડહાપણને આગળ કરતો હોય તેમ એ કલ્પના કરવામાં તૈયાર થાય કે જગતમાં કોઈપણ મનુષ્ય કોઈપણ પદાર્થના રૂપરંગને દેખતો નથી અને જગતના જે મનુષ્યો પદાર્થના રૂપરંગની વાતો કરે છે તે સર્વ ગપ્પ તરીકેજ છે, તેની માફક ધર્મ-શ્રદ્ધાથી હીન અને ધર્મના સંસ્કારો વગરના જીવો પોતાની વિષયરસિકતાની દૃષ્ટિથી સત્કુલમાં જન્મેલા અને ધર્મપ્રેમી જીવોની દૃષ્ટિને અસંભવિત અને કલ્પિત કહેવા બહાર પડે છે એમજ કહી શકાય.

## સુધારકોના વચનથી ધર્મિઓને સાવચેતી

સંસારના સુધારકપણાના વાયરામાં વહી રહેલા જીવોના વચનો તરફ લક્ષ્ય આપવું તે પણ ધર્મપ્રેમીઓને શોભા દેનારૂં નથી. તે સુધારકના વાયરાવાળા એકલા બાળદીક્ષાનાજ વિરોધી બને છે એમ નહિ, પણ તેઓને તો બાળદીક્ષા સિવાયની પણ ઘણી દીક્ષાઓ અરૂચિને કરવાળીજ થાય છે. ટૂંકમાં કહીએ તો તે સુધારકો ધર્મરાજાની આજ્ઞાવાળા કે તેના પ્રેમી નથી પણ મોહરાજાની મર્કટલીલાના મદારી હોઈને બીજાઓને પણ મર્કટલીલા કરાવવા અને મદારીપણું આદરાવવા મહેનત કરે છે.

## સુધારકોની ચલવલ પછી દીક્ષાઓ કેમ વધી ?

પણ જેમ જગતમાં ચોરો જેમ જેમ ચતુરાઈ અને ચકોરતા બતાવતા જાય છે, તેમ તેમ શાહુકારોને પણ પોતાના માલનું રક્ષણ કરવાને માટે આઘાતપ્રત્યાઘાત ન્યાયે તીવ્ર અને તીવ્ર ઉદ્યમો કરવાજ પડે છે, તેવીજ રીતે શાસનમાં પણ સુધારકોના સુસવાટ ભરેલા વાયરાએ જેમ જેમ વધારે વહન પામી ઉલ્કાપાત મચાવ્યો, તેમ તેમ શાસનપ્રેમીઓને શાસન અને ધર્મની રક્ષા અને ઉન્નતિની ખાતર વાચિક, માનસિક કે કાયિક ઉદ્યમો તીવ્રમાં તીવ્ર કરવા પડ્યાં અને તેને પરિણામે સુધારકોના સુસવાટ પહેલાં જે બાળદીક્ષા અને સામાન્ય દીક્ષાઓ થતી હતી તે દિવસાનું દિવસ વધારે સંખ્યામાં થવા લાગી. તે સુધારકોનો સુસવાટ એકલો દીક્ષામાંજ રહ્યો નહિ.

## સુધારકોનો વિરોધ છતાં ઉપધાન વધારે કેમ ?

પણ ઉપધાનની ક્રિયા કે જે ઉપર જણાવ્યા પ્રમાણે ખરેખર કસોટિ કે પરીક્ષાનું સ્થાન છે, તેની ઉપર પણ આઘાત કરવા લાગ્યો, છતાં તે ઉપધાનની ક્રિયામાં પણ વર્ષો વર્ષ ઉપધાન વહન કરવાના સ્થાનોની અને ઉપધાન વહન કરનારા મનુષ્યોની સંખ્યા વૃદ્ધિગત થવા લાગી. જોકે કોઈક દરિયાને કાંઠે રહેલા સુધારકના શહેરમાં ખર્ચ અને સ્થાનની જોગવાઈ થયાં છતાં અને ઉપધાન વહેનારાઓનું ઉપધાન વહેવાના નિર્ણય માટેનું મન ચોક્કસ છતાં વિવેક રહિત આગેવાનોની બાંહેધરીની ખામીને લીધે ત્યાં કદાચ ઉપધાન વહનનો પ્રસંગ ઉભો ન થયો, તો પણ ઉપધાનવહનની ક્રિયા તરફ શુદ્ધ અને સતત પ્રેમ ધરાવનારા ધર્મપ્રેમીઓ તે સુધારકોના સુસવાટથી બચીને અન્ય સ્થાને જઈને પણ ઉપધાન કરી શક્યા, અર્થાત્ ઉપધાનવહનની સ્થિતિ તો સુધારકોએ સરકાવી શકાઈ નહિ. આવી રીતે ધર્મપ્રેમથી અને સંયમની કસોટી ધારીને ઉપધાનવહનની ક્રિયા કરનારાઓથીજ ઉપધાનવહનની ક્રિયા શોભે છે એ સ્વાભાવિક છે.

(સમાપ્ત)

# જયન્તી ઉજવનારાઓને

ભગવાન તીર્થંકર મહારાજની આરાધ્યતા દ્રવ્યથકી તો પહેલા ભવથી હોઈને આ છેલ્લાભવમાં તો ચ્યવનાદિ પાંચે કલ્યાણકો નારકીઓને પણ આનંદ કરનાર હોવાથી મનાય તે સ્વાભાવિક છે, એટલે ભગવાન્ તીર્થંકરોના જન્મકલ્યાણક-યાવત્ મરણ એટલે મોક્ષકલ્યાણક આરાધાય તે સ્વાભાવિક અને શ્રેયસ્કર હોય જ અને છેજ, પરંતુ જેઓ પોતપોતાના ગુરુના મરણદિવસની જયંતી મનાવે છે, તેઓ ગુરૂના મરણદિવસને શું ઉત્સવરૂપ માને છે કે મનાવે છે ? ભગવાન્ તીર્થંકરો તો મોક્ષ પામે એટલે અધિકગુણના સ્થાનને પામ્યા એટલે ગુણની દૃષ્ટિવાલા ભક્તોને પોતાને વિયોગનું દુઃખ થાય છતાં તેમની સંપૂર્ણગુણની દશાની પ્રાપ્તિને ઉજવે યાને આનંદરૂપ મનાવે, પણ ભગવાન જંબૂસ્વામી પછીના આચાર્યો તો કાલધર્મ પામે એટલે શિષ્યોને માત્ર વિયોગથીજ સ્થિતિ ઉભી થાય અને ગુરુને અવિરતિ અપચ્ચકખાણી થઈ મોક્ષમાર્ગની મુખ્ય આરાધનાથી ચ્યુત થવું પડે, છતાં તે ગુરૂના મરણ દિવસને મહોત્સવ તરીકે મનાવવાવાળા કઈ દૃષ્ટિ રાખે છે, તેના ખુલાસાની જરૂર છે. ભગવાન્ તીર્થંકર મહારાજનાં પાંચે કલ્યાણકો ઈંદ્રાદિ દેવો આરાધે છે તેમાં પણ ચ્યવનને જન્મઆદિ કલ્યાણકો તો ભવિષ્યના આરોપથી પણ હર્ષથી આરાધે છે, પણ મોક્ષકલ્યાણક વખતે તો ઈંદ્રો પણ શોકના અશ્રુવાળા હોય છે. શાસ્ત્રકારો પણ ભગવાન્ તીર્થંકર મહારાજના જન્માદિ વખતે લોકમાં ઉદ્યોત થવાનું કહે છે, પણ ભગવાનના મોક્ષકલ્યાણકમાં તો કલ્યાણક માનવા સાથે લોકમાં અંધારૂં થવાનુંજ માને છે, તો પછી જયંતી મનાવવાવાળા ગુરુના મરણ દિવસને જયંતી નામે ઉત્સવરૂપ માનવાનું સબળ કારણ જાહેર કરે તે ઈચ્છવા યોગ્ય છે.

તા.ક. - કાલધર્મ પામેલા ગુરુને પણ ગુરુપણાની અવસ્થા ધ્યાનમાં લઈને આરાધી શકાય, પણ મરણદિવસ કઈ દૃષ્ટિએ આરાધાય છે ? મોક્ષ ન પામે તોપણ મનુષ્યપણાનો જન્મ મોક્ષનો હેતુ હોવાથી પ્રમત્તાદિગુણઠાણાની માફક માન્ય થઈ શકે પણ દેવપણું કઈ અપેક્ષાએ આરાધ્ય ગણાય ? જયંતી ઉજવવી અને અપચ્ચક્ખાણી વિગેરે અવર્ણવાદ બોલવા તેની દશાજ કેવી ગણવી ? ગુરુમરણ નિમિત્તે પૂજા, પૌષધ વિગેરે કરવું એ તો દેવવંદન અને નન્દીશ્વરના મહોત્સવની અપેક્ષાએ વ્યાજબી થાય. મરણદિવસને જયંતીરૂપે ઉત્સવ મનાવનાર ને માનનારે અને મિષ્ટાનની સગવડ કરનારે ખુલાસો કરવાની જરૂર છે. જો શોક દિવસ ગણે તો તે દિવસને જયંતીશબ્દ લગાડવો વ્યાજબી છે ખરો ? ધ્યાન રાખવું જરૂરી છે કે મરણને કલ્યાણક નથી માન્યું પણ મોક્ષને કલ્યાણક માન્યું છે. ખુલાસા માટે આટલું જ બસ છે. **તંત્રી.**

# પ્રવચનના સંપાદકને

## (તમારા છેલ્લા નિવેદનને અંગે)

૧. તમારા ઉપાધ્યાયે શ્રીસિદ્ધચક્રના ચર્ચાસ્પદ લેખો વાંચ્યા હશે અને તેઓ તે લેખોથી પોતાની સાફ જાહેર ભૂલ સમજ્યા અને કાંઈ ન લખ્યું, છતાં તમો તે લખાણને અડ્યા સિવાય લખો તે તમનેજ શોભે.

૨. અમદાવાદની બાબતમાં બ્હાર અને અંદર જે ખુદ મનુષ્ય હાજર હતા તેમના તરફથી સાચી હકીકત હતી તેજ લખાઈ છે. જો તેમાં કાંઈપણ ફેરફાર હોય તો તે ત્રણ ધર્મપ્રેમીઓને તથા તમારાં ઉપાધ્યાયને લખવાની છૂટ આપી હતી, છતાં તેમાંનું કાંઈપણ તમો કે તમારા ઉપાધ્યાય બતાવી શક્યા નથી. એટલું જ સત્યના પ્રેમીઓને સત્ય સમજવા માટે પુરતું સાધન છે.

૩. તમારા ઉપાધ્યાય કે તમો અવસરના નામે સત્ય વાતને ઉડાવવા અને જુઠી વાતને પોષવા ન માગતાં કાં તો શાસ્ત્રાર્થ કરો અથવા રીતસર ઉત્તર આપો, એ સિવાયના રસ્તા ધર્મની લાગણીવાલા માટે તો શોભે તેમ નથી.

૪. જો તમારા દ્વારા તમારા ઉપાધ્યાય લેખોની પહોંચ આવી રીતે આપવા માગતા હોય તો તેમને માટે એટલુંજ કહેવું બસ છે કે માર્ગનો ખપ કરી પહેલી તકે સુધારી લે.

૫. તમારા ઉપાધ્યાયે (૧) દરેક તીર્થંકરોને અનાદિથી પરોપકાર કરનાર માન્યા (૨) વાલીજીએ સર્વથા રાગદ્વેષરહિતપણે લબ્ધિ ફોરવી એમ માન્યું (૩) અત્ત એવનો જુટ્ટો અર્થ કર્યો (૪) સોરઠઆદિને અનાર્ય ઠરાવવા વ્યાજબી ગણ્યા (૫) આવશ્યકનો ખોટો અર્થ કર્યો, છતાં આ બાબતમાં તેઓ લેખો વાંચ્યા છતાં ભૂલ જાહેર ન કરી ને ઉત્તર ન આપ્યો, તેથી વાચક શું સત્ય નહિ સમજી શકે ?

તંત્રી.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

ચતુર્થ વર્ષ અંક ૧૫

Registered No. B.3047




તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વૈશાખ સૂદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

૬-૫-૧૯૩૬

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હરિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ..૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૪-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) | ...૧૨-૦-૦ |

(કમિશન વિના)

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનશેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વિશેષાવશ્યક ભાષ્ય (કોટ્યાચાર્યકૃત ટીકા)

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




# (પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૫ | મુંબઇ તા. ૬-૫-૧૯૩૬ બુધવાર<br>વૈશાષ સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**અનુસંધાનની સમજ -**

ભગવાન્ જિનેશ્વરોની સ્નાનાદિકે પૂજા કરતાં જો તેના અનુપકૃતપણા આદિ ગુણો ધ્યાનમાં લેવાય અને તે ગુણોની અપેક્ષાએજ ભગવાન્ જિનેશ્વરોનું સ્નાનાદિક પૂજન કરાય તોજ તે ભાવસ્તવના કારણભૂત એવું દ્રવ્યસ્તવરૂપ પૂજન ગણાય એ હકીકત વાચકોના ધ્યાનમાં બરોબર આવી ગયેલી છે. ભગવાન્ જિનેશ્વરના પરોપકારને અંગે યુગની આદિમાં વ્યવહારમય જગત્‌ને બનાવનારા ભગવાન્ શ્રી ઋષભદેવજીમહારાજનું પરોપકારિપણું વિચારતાં ભગવાન્ ઋષભદેવજીએ લોકોના રક્ષણ અને કલ્યાણને માટે સ્વીકાર કરેલો રાજ્યાભિષેક જે હતો તેનો વિચાર આગલ આવી ગયો છે. હવે તે રાજ્યાભિષેક થયા પછી દુષ્ટોના દમનને માટે કઈ રાજ્યવ્યવસ્થા કરી અને શિષ્ટોના પાલન-પોષણને માટે ભગવાન્ જિનેશ્વરદેવે શી વ્યવસ્થા કરી એનો વિચાર કરવો જરૂરી હોઈ તે કરીયે.

**કાયિકદમનની જરૂર અને તેને અંગે રાજાપણું-**

ભગવાન્ શ્રીઋષભદેવજીને રાજ્યની લગામ હાથમાં લેતાં જાનવરનો સંગ્રહ કરવાની જરૂર જણાઈ. વાચકો આટલી વાત તો સમજી શક્યાજ છે કે ભગવાનશ્રી ઋષભદેવજીનું રાજ્યારોહણ વિષયના વિલાસ વગેરે માટે ન્હોતું. પણ સામાન્યજીવોથી દમન ન પામે તેવા દુષ્ટ જીવોને દમવા માટેજ હતું. વળી તે દુષ્ટો એવા હતા કે જેઓ વચનના દમનમાર્ગને ઓળંગી ગયેલા હતા. જે દુષ્ટો દમનના વાચિકમાર્ગને ઓળંગી ગયા હોય તેવાઓને સજ્જનો પોતાની મેળેજ કરી લે એવો માનસિક દમનમાર્ગ તો હોયજ નહિ પણ મધ્યમવર્ગમાં ઉપયોગી ગણાતો વાચિકદમનમાર્ગ પણ તેઓને હોય નહિ અને લોકો તરફથી તેવાઓ માટે કદાચ તેવો વાચિકદમનમાર્ગ લેવામાં આવે તોપણ તે નિરર્થકજ છે. આ વાત ધ્યાનમાં લઈશું તો સ્પષ્ટ માલમ પડશે કે કાયિકદંડની તીવ્રશિક્ષાને પાત્ર બનેલા લોકોને માટે પણ શાસ્ત્રકારો કે ન્યાય કરનારાઓ અધમ શબ્દને ઉચ્ચારવો નકામો ગણે છે, આવી રીતે માનસિક દમનમાર્ગ જે મધ્યમ પુરૂષને માટે લાયકનો અને વાચિકદમનમાર્ગ જે મધ્યમ પુરૂષને લાયકનો છે તે બંને દમનમાર્ગોને ઓળંગી ગયેલા એટલે સંકલ્પોને કાબુમાં ન રાખે અને હાકારઆદિ વચિકદમનમાર્ગને જેઓ ઓળંગી ગયા હતા તેવાઓને માટે કાયિકદમનમાર્ગ શરૂ કરવોજ પડે. આ વસ્તુ વિચારતાં કુલકરપણું અને રાજાપણું ક્યાં જુદું પડે છે તે સ્હેજે સમજાશે. ટુંકમાં કહીયે તો કાયિકદમનમાર્ગનો અખત્યાર એજ રાજાપણું છે. જો કે રાજા શબ્દનો તથા તેના મૂલરૂપ રાજધાતુનો અર્થ શોભવું એવો થાય છે, પણ તે અર્થ તો માત્ર તે કાયિકદમનમાર્ગની લાયકાતવાળાને તે માર્ગના અખત્યાર વખતે કરાતી શણગારક્રિયાને અંગે છે, પણ વાસ્તવિક રાજાપણાની સ્થિતિ કાયિકદમનમાર્ગને અંગેજ છે, અને તેથીજ ભગવાન્ ઋષભદેવજી કરતાં પ્રથમના શ્રીનાભિકુલકર વગેરે

વાચિકદમનમાર્ગનો અધિકાર ચલાવનારા હોવાથી કુલકર કહેવાયા. પણ ભગવાન્ શ્રીઋષભદેવજી તો કાયિકદમનના માર્ગનો અધિકાર ચલાવવાવાળા હોવાથી રાજા કહેવાયા, અને તેથી આ અવસર્પિણીના પ્રથમ રાજા તરીકે ભગવાન્ ઋષભદેવજી મહારાજ જ ગણાયા.

**કાયિકદમનને અંગે અશ્વો**

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેમ વાચિકદમનથી ડરવાવાળા મનુષ્ય વાચિકદમનના કારણોથી દૂર રહેવા પ્રયત્ન કરે છે, છતાં કદાચ તેવા વાચિકદંડને લાયકનું કાર્ય થઈ જાય તોપણ તેની ઈચ્છા વાચિકદંડથી બચવા માટેજ રહે છે, તો પછી કાયિકદંડના પ્રસંગમાં આવી પડેલો મનુષ્ય તે કાયિકદંડથી બચવા માંગે તે અસ્વાભાવિક નથી. વિશેષ એ છે કે વાચિકદમનમાર્ગના પ્રસંગમાં આવી પડેલો મનુષ્ય વાચિકદમનથી ખસવા માગે ત્યારે માત્ર તે વાચિકદમનમાર્ગનો અખત્યાર કરનારાઓથી દૂર ખસે અને તે વાચિકદમનવાળા મનુષ્યો તે વાચિક દંડનાપાત્રને ખોળીને વચનદંડનો અમલ કરતા નથી, પણ કાયિકદંડ કરાવાવાળાને તો પ્રથમ તે કાયિકદંડને પાત્ર બનેલાને ખોળવો પડે છે અને તેવા કાયિકદમનને પાત્ર બનેલાને ખોળવાવાળાઓને કોઈ તેવા સાધનની અવશ્ય જરૂર રહે કે જેથી તે ગુન્હેગારને ખોળી શકે. એટલુંજ નહિ, પણ કાયિકદમનને પાત્ર બનેલો મનુષ્ય કાયિકદમનથી ડરીને તે પકડનારથી નાશી છુટે તે તદ્દન સંભવિત હોવાથી ગુન્હેગાર નાશી જાય તોપણ તે ગુન્હેગારને પકડી શકે તેવું સાધન તે કાયિકદમનને લાયક બનેલાને પકડવા માટે જોઈએ તે આવશ્યક છે. આ બધી વાત વિચારતાં ભગવાન્ ઋષભદેવજીએ રાજ્યસંગ્રહ કરતાં પ્હેલા નંબરે અશ્વનો કેમ સંગ્રહ કર્યો તે સ્હેજે સમજાશે. ભગવાન્ શ્રીઋષભદેવજીએ પ્રથમ અશ્વનો સંગ્રહ કર્યો એ વાત આવશ્યકમાં आसा गावो हत्थी એ ગાથાથી જણાવેલ ત્રણ સંગ્રહમાં અશ્વને પ્રથમ લીધેલ હોવાથી સ્પષ્ટ થાય છે. અને આ વાત સમજવાથી એ પણ સ્પષ્ટ થાય છે કે ચતુરંગ સેનામાં પ્રથમ નંબરઅસવાર એટલે ઘોડેસ્વારનો આવે છે તે વ્યાજબીજ છે, ભગવાનના સંગ્રહને અંગે ઘોડાઓનો પ્રથમ સંગ્રહ જણાવ્યો પણ ઘોડેસ્વારોનો સંગ્રહ કેમ નથી જણાવ્યો એવી શંકાને સ્થાન ન આપવું. કારણ કે પ્રથમ તો પોતેજ તે ઘોડાઓ દ્વારા ગુન્હેગારોની શોધ કરે અને ગુન્હેગારોની અટપટી જાલ થાય ત્યારેજ બીજા મનુષ્યોને ઘોડેસ્વાર કરી રાખવા અને મોકલવા પડે. કલ્પના માર્ગમાં નહિ કસાયેલ કેટલાક કઠિન કર્મીયો એવી માન્યતાવાળા છે કે કોઈ પણ આશ્રવનું કાર્ય સમજુ મનુષ્યે પ્રથમ પૈસાથી કરાવવું, તેમ નહિ બને તો નોકરો પાસે કરાવવું અને કંઈ છુટકો ન હોય તોજ પોતાને હાથે કરવું, એવી માન્યતાવાળાને પ્રથમ તો પોતાની ભકતાણીયોને રસોઈ કરતી પાણી ભરતી બંધ કરવી, અને સુધારાના સડાને પ્હેલે નંબરે દાખલ થઈ લોજથી જમવાની ગોઠવણ કરવા ઉપદેશ કરવો. શાસ્ત્રકારો તો આનયનપ્રયોગનામના અતિચારને પ્રસંગે સ્વયં કરવામાં વિશેષ ગુણ જણાવે છે, અને પરની પ્રવૃત્તિમાં અધિક કર્મબંધ જણાવે છે, છતાં કઠિનકર્મિયોને આ ભગવાનની ગુન્હેગારીની પકડવાની પ્રવૃત્તિ અનિષ્ટ લાગતી હોય તો તેઓએ ઘોડા કરતાં ઘોડેસ્વારોનો સંગ્રહ પ્હેલો માનવો, પણ ભગવાન્ ઋષભદેવજી મહારાજ સ્વહસ્તેજ કુંભારની કારીગિરી પ્રથમ દેખાડી છે, તેનું શાસ્ત્રીય કે શાસ્ત્રાનુસારી સમાધાન અંતઃકરણમાં ધારણ કરવું.

### ગાય બળદના સંગ્રહની જરૂર

ભગવાને અશ્વ સંગ્રહ કરી ગુન્હેગારોની ખોળ કરવાનું કે કરાવવાનું સુગમ કર્યું, છતાં એકી સાથે અનેક ગુન્હેગારોને દૂરથી કેમ લાવવા ? એ વિચારને અંગે તથા તેજ ગુન્હેગારોના ખોરાક વગેરેની નિષ્પત્તિ તેમના દ્વારાએજ કરાવવા માટે બળદની સારી સંખ્યા સંગ્રહવી તે અનિવાર્યજ છે, જો કે સ્વયંલોકો કૃષિકર્મ કરે અને તેને માટે તેઓને બળદો જોઈએ અને ગાયો પણ જોઈએ. પરંતુ અહિં માત્ર રાજ્યસંગ્રહને અંગે અધિકાર હોવાથી ઉપર પ્રમાણે અશ્વના ઉપયોગની માફક ગાય બળદનો ઉપયોગ જણાવેલ છે. વળી એ પણ જરૂરીજ છે કે ગુન્હેગારોને ગુન્હાના કાર્યથી રોકવા હોય તો તેઓને કોઈ ધંધે લગાડવા એ એક ગુન્હાઓનો બંધ કરવાનો અને ઓછા કરવાનો રસ્તો છે, એમ કહેવું દુનીયાદારીના વ્યવહારથી દૂર છે એમ તો કહી શકાયજ નહિં, અને તે રસ્તે પણ ગાય અને બળદોનો સંગ્રહ કરવાની જરૂર ભગવાનને હોય તો તે પણ અસ્વાભાવિક નથી.

### હાથીના સંગ્રહની જરૂર શી ?

કાયિકદંડથી દમી શકાય એવા નાશેલા કે નાશતા ગુન્હેગારોમાં એકને ખોળવા માટે અશ્વની જરૂર જેમ હતી અને ઘણા ગુન્હેગારોને કે ઘવાયલા અથવા અશક્ત એક કે અનેક ગુન્હેગારોને લાવવા માટે તેમજ ગુન્હેગારો ગુન્હેગારની દશામાંથી ઉદ્યોગની દશામાં આવવાથી ગુન્હો કરતા રોકાઈ જાય તે માટે પણ ગાય બળદના સંગ્રહની જરૂર ગણાય. પણ મ્હોટા ગુન્હેગારોની શિક્ષા માટે તો હાથીનીજ જરૂર રહે.

### ઉદ્યોગનો ઉપદેશ અનર્થ દંડ ગણાય તો ઉદ્યોગની પ્રવૃત્તિ સારી કેમ ગણી ?

જૈનશાસ્ત્રને જાણનારા મનુષ્યો શ્રાવકના બારવ્રતોના સ્વરૂપને જાણનાર હોય અને તેથી કોઈ ખેડુત આળસુ હોય અને તેને જો એમ ઉપદેશ દેવામાં આવે કે ત્હારી જમીનને ખેડ, ત્હારા બળદોને કેળવ, ઈત્યાદિ તો તે દેવાતો ઉપદેશ અનર્થદંડ છે, તો પછી બીજાને ઉદ્યોગે ચડાવવા માટે ગાય-બળદ વગેરેનો સંગ્રહ કરવો તે અનર્થદંડ કેમ નહિ ગણવો. આવી શંકા સ્હેજે થાય, પણ એ શંકા કરવી અહીં વ્યાજબી નથી. કારણકે અનર્થદંડ તરીકે તેવો ઉપદેશ તેજ જગોપર ગણાય કે જ્યાં ઉપદેશ દેનારની ઉપદેશ જેને દેવાય છે તેને અંગે કાંઈપણ જવાબદારી ન હોય, પણ જ્યાં ઉપદેશ દેનારની ઉપદેશ જેને દેવાય છે તેને અંગે જવાબદારી હોય ત્યાં તેવા ઉપદેશને અનર્થ દંડ તરીકે ગણાય નહિ. અને આ કારણથી શ્રાવકના પ્રથમઅણુવ્રતમાં પાઠઆદિમાં પ્રમાદી પુત્ર વગેરે તથા દાસીદાસ વગેરેને માટે સાપેક્ષ વધ અને બંધઆદિની જે કર્તવ્યદિશા ધ્વનિત કરી છે. તે વ્યાજબી ઠરશે. સામાન્ય ગૃહસ્થને જેમ પોતાના પુત્રાદિ અને દાસાદિ માટે શિક્ષણ કે ઉદ્યોગની પ્રવૃત્તિ અનર્થદંડરૂપ નથી, તેમ રાજ્યાભિષેકથી રાજગાદી ઉપર આરૂઢ થયેલ ભગવાન્ ઋષભદેવજીને પોતાના શરણે આવેલી પ્રજાના રક્ષણને માટે તેવા ઉદ્યોગના વિચારો કરવા પડે, અને તેની સગવડ કરવી પડે, તે જો કે સાવદ્યરૂપ હોય છતાં પણ અનર્થદંડ તરીકે તો કહી શકાય નહિ. આ વાત એ ઉપરથી પણ સમજાશે કે હલહથીયારઆદિ આપવારૂપ હિંસાપ્રદાનના વિષયમાં પણ શાસ્ત્રકારો જ્યાં દાક્ષિણ્યતા વગેરેનો સંબંધ ન હોય ત્યાં હલહથીયારનું આપવું તે અનર્થદંડ છે એમ જણાવે છે. આ બધી વાત વિચારનારો મનુષ્ય સ્વપ્ને પણ એમ નહિ ધારી શકે કે ભગવાન્ ઋષભદેવજીમહારાજે ઉદ્યોગના કરેલા વિચારો કે ઉદ્યમો અનર્થદંડ રૂપ છે. અને આ વાત સમજનાર મનુષ્યજ ગાય અને બળદનો સંગ્રહ અને તે દ્વારા ઉદ્યોગની ચિંતના અને પ્રવૃત્તિ તો શું પણ ખુદ કર્મ

અને શિલ્પનો ઉપદેશ અને પ્રવૃત્તિ ભગવાને પ્રજાના હિતને માટે કરાવી એમ જે શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે તે વ્યાજબીજ છે એમ માનશે. આ બધી હકીકત વિચારતાં સ્પષ્ટ થશે કે દક્ષિણદિશાના લોકાર્ધનું આધિપત્ય ધરાવવા સાથે રક્ષા કરવામાં કટીબદ્ધ એવા ઈંદ્રમહારાજને ભગવાન્ ઋષભદેવજીનો રાજ્યાભિષેક કરવાની જે જરૂર પડી તે પણ આ કારણને લીધે યોગ્યજ હતી, ભગવાન્ શ્રી ઋષભદેવજીને પણ રાજ્યગાદીને અંગે પ્રજાના રક્ષણની ફરજ બજાવવાની હતી એ વાત જ્યારે બરોબર રીતિએ લક્ષ્યમાં લઈએ તો જરૂર સમજાશે કે પ્રજાના રક્ષણની ફરજ ત્યારેજ અદા કરી શકાય કે જ્યારે પ્રજાનું જરૂરી પોષણ પૂરૂં પાડવામાં આવે, અર્થાત્ રક્ષાની ફરજ બજાવવા તૈયાર થયેલો મનુષ્ય જો પોષણની ફરજને સમજે નહિ તો કહેવું જોઈએ કે મનુષ્ય જેમ કમઅક્કલનો હોય અને પોતાના બાલકને વસ્ત્ર આભૂષણોથી શણગારે, પણ ખાનપાનનો બંદોબસ્ત ન કરે અને જેવો લોકોમાં હાંસીને પાત્ર થાય, તેમ અહીં પણ રક્ષણની ફરજ ઉપાડનારને શિર તેના ઉદ્યોગની ફરજ આજીવિકાના નિર્વાહના સાધનોને અંગે આવી પડે છે. અને તેવી રીતે રાજગાદીના આરોહથી રક્ષણ અને રક્ષણને અંગેજ પોષણ અને પોષણને અંગે ઉદ્યોગ બતાવવાની ફરજ ભગવાને આવી પડે તે અનિવાર્ય જ છે.

**શિક્ષાને અંગે પણ ઉદ્યોગની જરૂર -**

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે તે વખતના યુગ્મિકોએ ભગવાન્ શ્રીઋષભદેવજીને રાજા તરીકે જે પસંદ કર્યા છે તેનું કારણ બીજું કંઈ ન્હોતું પણ માત્ર હાકારઆદિ નીતિની મર્યાદાને પણ ઉલ્લંઘન કરીને જેઓ ગુન્હાઓ કરતા હતા અને ગુન્હાની ક્ષમા આપ્યા છતાં વારંવાર ગુન્હા કરવામાં ટેવાઈ ગએલા જેઓ હતા તેઓના દમનને માટે એટલે શિક્ષાને માટેજ. આવી રીતે યુગ્મિઓના બચાવને માટે ગુન્હેગારોને સજા કરવાની ફરજ ભગવાન્ શ્રીઋષભદેવજીને શિર આવેલી હતી. તેને દમન પોષણ અને ઉદ્યોગઆદિની જરૂર છે, બીજી બાજુ એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે ગુન્હાઓની ઉત્પત્તિ જો કે તૃષ્ણા અને આસકિતને લીધે થાય છે, પણ તે સંખ્યા ઘણી ઓછી છે, પણ મ્હોટી ગુન્હાઓની સંખ્યા તો નિરૂદ્યોગપણાને આભારી છે, વર્તમાનમાં પણ દેખીયે છીયે કે બેકારી વધે છે ત્યારે ગુન્હાઓની સંખ્યા કલ્પી ન શકાય તેવી રીતે કુદકે ભુસકે વધે છે, અને તેથી દરેક રાજ્યો પોતાની આબાદીનો હિસાબ બેકારીના ઘટાડા ઉપરજ રાખે છે, અને જેઓ પોતાના રાજ્યમાંથી બેકારી જેટલી ટાળે તેટલો તે રાજ્યનો ઉદય કર્યો છે એમ ગણાય છે, અને તેથીજ પ્રજા અને અધિકારીયો પોતાના રાજ્યોમાંથી બેકારી જેટલે અંશે ટળે છે કે ટળી શકે છે તેટલા પુરતો રાજ્યનો ઉદય થયેલો ગણે છે. અને તેથી વર્ત્તમાનપત્રમાં દરેક રાજ્યો પોતપોતાના રાજ્યના બેકારીના આંકડા આપે છે. આ બધી હકીકત સમજનારો મનુષ્ય સારી પેઠે સમજી શકશે કે ભગવાન્ શ્રીઋષભદેવજીએ રક્ષણનું કાર્ય ઉપાડતાં પોષણનું કાર્ય જરૂર ઉપાડવું જ પડે. આ વાત એથી પણ સ્હેજે સમજાશે કે અત્યારની યુદ્ધની તૈયારીઓ અને ૧૯૧૪નું ભયંકર યુદ્ધ પ્રગટાવવાનું જો કોઈ કારણ મુખ્ય હોય તો માત્ર વ્યાપાર અને રોજગારીની સગવડ છે. જાપાનનું ચીન ઉપર આક્રમણ પણ મુખ્યત્ત્વે વ્યાપારને અંગે અને પોતાની પ્રજાને ગોઠવવાને આભારી છે, તે સહેતુકપણે સમજી શકાશે તો પછી ભગવાનને પ્રજાનું રક્ષણ કરવાને અંગે ઉદ્યોગનું જરૂરીપણું સમજાશે. જ્યારે પોષણ માટે અને ગુન્હેગારોની સંખ્યા ઓછી કરવા માટે ગાય અને બળદ વગેરેની જરૂર પડે તો તેનો સંગ્રહ કરવોજ પડે. ધ્યાન રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારો ગાય

અને બળદોનો સંગ્રહ બીજે નંબરે રાખી અશ્વનો સંગ્રહ પ્રથમ નંબરે રાખે છે. એનું કારણ એજ જણાય છે કે પોષણ કરવા વિગેરેની જવાબદારી બચાવના સાધનોથી બીજે નંબરે છે, અર્થાત્ જેઓ રક્ષણ કરવામાં કે ગુન્હાઓ અને ગુન્હેગારોને ખોળીને સજા કરવામાં અધિકારી થયા ન હોય તેઓ જો પોષણની વાતો કરે કે તેમાં પ્રવૃત્તિ કરે તો તે કોઈપણ પ્રકારે યોગ્ય છે એમ ન ગણાય. અને એ હકીકત સમજાશે તો અન્ય મનુષ્યને જે વાત અનર્થદંડરૂપ છે તેજ અધિકારીને લાયક છે એમ કહેવાય એટલુંજ નહિ, પણ તેવા અધિકારીયોએ તેવી રીતે રક્ષણ અને પોષણની ફરજ બજાવતાં પુણ્યનો ઉદય ભોગવાય છે એમ કહેવું પડે અને તેથીજ ભગવાન્ હરિભદ્રસૂરિજી સ્પષ્ટપણે જણાવે છે કે ભગવાન્ શ્રીઋષભદેવજીએ જે વિવાહધર્મ પ્રવર્તાવ્યો અને શિલ્પાદિનું નિરૂપણ કર્યું તે ભગવાનનો ઉત્તમ પુણ્યાદિક છે. એટલે જે વસ્તુ બીજાને અનર્થદંડરૂપે હતી તેજ વસ્તુ ભગવાન્ શ્રીઋષભદેવજીને પ્રબલપુણ્યના પરિપાકરૂપ છે. જો કે પુણ્યના પરિપાકરૂપ એવી ઈષ્ટસ્પર્શાદિક વસ્તુઓ ભવિષ્યમાં દુઃખના દરીયા ઉભા કરે એવી પરિણામે વિરસ હોય છે, પણ ભગવાન્ જિનેશ્વરોનો આત્મા સ્વાભાવિક રીતે સમ્યક્ત્વયુક્ત ત્રણ જ્ઞાનવાળો ગર્ભદશાથી હોઈને તેમાં રાચવા માચવાવાળો ન હોય અને તેથી તે આત્મા કેવલ પૂર્વકાલીન પુણ્યનો માત્ર અનુભવજ કરે અને નવાં કર્મો કે જે દુઃખના દરીયા ઉભા કરે તેવાં ન બાંધે તેમાં આશ્ચર્યજ નથી. આજ કારણથી ભગવાન્ જિનેશ્વરો જો કે રાજ્યકુલમાંજ જન્મે છે રાજ્યઋદ્ધિનો અનુભવ કરે છે વગેરે અને 'ચારે ગતિ'માં રખડાવનારાં કાર્યો જ કરે છે છતાં કોઈપણ કાલે કોઈ શ્રીતીર્થંકર મહારાજપણે અવતરેલો જીવ મોક્ષ તેજ ભવમાં મેળવ્યા સિવાય રહ્યો નથી, તેનું કારણ માત્ર તે આત્માઓની જ્ઞાનદર્શનસહિત અવસ્થાને લીધે તત્ત્વબુદ્ધિના ધામ તરીકે તે વસ્તુને ન ગણવી તેજ છે. વસ્તુતાએ ભગવાન્ શ્રીઋષભદેવજીએ પ્રજાના રક્ષણ અને પોષણને માટે કરેલો પ્રયત્ન પ્રબલપુણ્યના ઉદયથીજ છે, અને તેમની તે અવસ્થાને લાયકજ છે. હવે સંગ્રહમાં ઘોડા અને ગાય બળદોની માફક હાથીની શી જરૂર છે અને કેટલી જરૂર છે તે વિચારી લોકોપકાર માટે પ્રજાના પણ કયા કયા વિભાગો કર્યા અને તે કેવી રીતે કર્યા અને તે કેટલા જરૂરી હતા તેનો વિચાર કરીયે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૬૨)

**વકીલ વૃજલાલ રામજી લાઠીવાલાને-સંશયવિદારણની ચોપડીમાં પૃષ્ઠ ૮ અને ૯ માં લખેલ પાઠ કયા સૂત્રનો છે ? કોનું કરેલું તે સૂત્ર છે ? તેની પ્રત કઇ શાલની લખેલી છે ? તથા કોના ભંડારમાં કયા નંબરમાં છે ? આટલો ખુલાસો આવ્યા પછી તેની સમાલોચના અને તમારા બીજા પાઠો અને તેના અર્થોની સમાલોચના કરવામાં આવશે. જો એક મહીનામાં સંતોષકારક ખુલાસો નહિ આવે તો તે પાઠ કલ્પિત છે એમ માન્યતા દૃઢ રહેશે અને તેને આધારે જે લખાણ વગેરે થશે તેમાં તમારી જ જવાબદારી રહેશે. (તંત્રી)**

# સમાલોચના

ભગવાન્ તીર્થંકર મહારાજ સિવાયનો કોઈપણ જીવ ભવિષ્યમાં હ્વાય તેવો સમર્થ વિદ્વાન અને શુદ્ધ ચારિત્રના પાલક પણ જન્મ સમયે કંઈપણ વિશેષતાને પામતાજ નથી આ પ્રકારે આવેલ લખાણ સ્વતંત્રપણે થયું હોય તો પણ સુધારાને પાત્ર છે.

૧ ક્ષાયિકની માફક ક્ષાયોપક્ષમિક સમ્યક્ત્વ પણ છાસઠ સાગરોપમની સ્થિતિનું હોવાથી અન્ય જીવને પણ ભવાંતરનું હોઈ શકે.

૨. તીર્થંકર મહારાજ સિવાયના જીવો ભવાંતરથી મતિ આદિ જ્ઞાન નજ લાવે એમ માનવું સૂત્રથી વિરૂદ્ધ છે.

૩. શ્રીજિનેશ્વર મહારાજ સિવાય બીજા કોઈપણ મનુષ્યને ભવાંતરોથી અવધિ જ્ઞાન સાથે નજ આવે એમ શાસ્ત્રનો શ્રદ્ધાળુ તો માની કે કહી શકેજ નહિ.

૪ આવશ્યકાદિસૂત્રોને જાણનારો મનુષ્ય તો ભગવાન્ તીર્થંકર સિવાયના ગણધર અને આચાર્યાદિને તે તે નામકર્મની સત્તાવાળા હોવાથી ઈતરજન્મો કરતાં વિશેષતાવાળા માન્યા શિવાય રહી શકેજ નહિ. ભાવિતાત્મા અનગારની માતા એક સ્વપ્ર દેખે છે. એ પણ કથન શું અમાન્ય છે ? (વીરશાસન)

૧ શતાબ્દીની ઉજવણી શાસ્ત્રાનુસારણી છે કે વિરૂદ્ધ છે ? એ બાબતની ચર્ચા શાસ્ત્રપાઠ અને તેને અનુસરતી યુક્તિઓથી થવી વ્યાજબી છે. છતાં અંગત આક્ષેપોથી પરસ્પર હુમલા કરી ચર્ચા બગાડવી એ વ્યાજબી નથી. ચેલંજ કરનારે આક્ષેપથી દૂર રહેવું. (વીરશાસન)

૧ વીરશબ્દમાં રહેલી કર્મવિજેતૃતા ન સમજે અને તેમના અનન્તવીર્યને ન સમજે તેજ મનુષ્ય વેદના કલ્પિત અર્થો ઉપજાવનાર અને વર્ણવ્યવસ્થાના લોપક હોઈ હિંદુધર્મના ઉચ્છેદકને પણ વીર માની સરખામણી કરી મુનિવેષ અને જૈનપણાને લજવે.

૨ પોતાની છબીઓ મનાવે અને પરમેશ્વરની પ્રતિમાને ન માનવાની અનાર્યસમાજીયોની સરખાવટ દેખીને તેનો રાગી થનારો મનુષ્ય સૂત્રસિદ્ધાંતનોજ ઉત્થાપક થાય છે તેટલુંજ નહિ, પણ દગલબાજ પણ બને છે

૩ જૈનધર્મ ગર્હિત અને જુગુપ્સિત કુલોનો નિષેધ કરે છે, છતાં જ્હેણે તે વ્યવસ્થા પેટ ભરવા માટે વેગળી મેલવી છે તે વર્ણવ્યવસ્થાના લોપક બની અર્ધમુસલમાન થનારાના મતને સહકાર દેનારો થાય તેમાં આશ્ચર્ય શું ?

૪ ભારતીય ઈતિહાસના અજ્ઞાનલોકો સ્વયંપ્રભાની વાતને ન જાણે, અને બ્રાહ્મણજાતીયે જાતિના નામે ધાડો પાડેલી ન જાણે, તેઓ ધર્મને નુકશાન કરનાર બોલે તેમાં નવાઈ નથી. પણ જૈન વેષધારી આવું બોલે તે તો ખરેખર અક્કલહીન અને ધર્મથી દૂર ધસી ગયેલી પ્રજાજ ચલાવી લે.

૫ પ્રતિમા અને વર્ણવ્યવસ્થાના લોપને લીધે અર્ધ મુસલમાન બનેલો મનુષ્ય તેવાનાજ મુખે

પ્રશંસાને મેળવે કે જે પોતે તેવી સ્થિતિમાં જ હોય.

(૨૨-૪-૩૬ મુંબઈ સમાચાર)

૧ શ્રીજિનેશ્વરઆદિના પરમમાનનીય વચનોની શ્રદ્ધાને હૃદયમાં સ્થાન નહિ આપનારા, લૌકિક કે લોકોત્તરમિથ્યાત્વમાંથી એકકે નહિ છોડનારા, શ્રાવકના દેવપૂજાઆદિષટ્કર્મોથી વાર ત્હેવારે પણ સંબંધ નહિ રાખનારા શ્રાવક કે કોઈપણ શ્રાવક કે કોઈની પણ ટીકા કરે તે તાવડી કચોલાને હસે, એના જેવું ગણાય.

૨ જેમ શ્રાવક નામને સર્વ કોઈ ધારણ કરે છે, છતાં ગુણજ્ઞ પુરૂષો માત્ર શ્રાવકનામ તરફ નહિ દોરવાતાં શાસનદ્રોહમાં દાખલ થયેલને એક અંશે પણ પોષવા તૈયાર થયા નથી, અને થતા નથી. તેમ મુનિ ઉપાધ્યાય કે આચાર્ય નામ ધરાવતા માત્રથી ગુણજ્ઞો તેવા સર્વને પૂજવાના નથી એ ચોક્કસ છે.

૩ ધર્મબલની ધગસને ધક્કો મારીને પણ સંખ્યાબલજ જેઓને ઈષ્ટ છે તેવા લોકોએ મોટી અને નકામી સંખ્યાઓની વૃદ્ધિને પણ વધાવી લેવી જોઈએ. સુધારકોની જે લેવાદેવાના તોલ માપ જુદાં રાખવાની ખુબી છે તે અહિં નહિ - લગાડાય તો સારૂં છે એ તો સ્વાભાવિકજ છે.

(જૈન જ્યોતિ)


## તાજેતરમાં બ્હાર પડેલ અપૂર્વ અને અમૂલ્ય ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ) ૨
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા ૫
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત) ૬
તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયાટીકા) ૬
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત) ૦-૧૦-૦
વિશેષાવશ્યક કોટ્યાચાર્ય ટીકા (પૂર્વાર્ધ) ૪
યતિદિનચર્યા

તા.ક. :- પાંચશેજ પ્રતો છે અને ઘણી નકલોના ગ્રાહકો થઈ ગયા છે.

પ્રાપ્તિસ્થાન :-
જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો

(અનુસંધાન પા. ૨૮૦ થી ચાલુ...)

**શ્રાવકોને પણ રોજ અને પક્ષાદિકે પ્રતિક્રમણની જરૂર**

અને એજ રીતિએ જોકે દેશવિરતિ અને સમ્યક્ત્વવાળાને તેને અંગે એક માસ અને ચાર માસથી વધારે સ્થિતિના કષાયથીજ પાછા હઠવાનું હોય તોપણ તેઓને શાસ્ત્રકારોએ દિવસ અને રાત્રિના અંત ભાગે દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ કરવાનું ફરમાવેલ છે, અર્થાત્ સાધુઓને જેમ સાધુપણાની શુદ્ધિ અને શોભાને માટે પાક્ષિકની અંદરની મુદતમાં પણ રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણ નિયમિત કરવાનાં છે, તેવીજ રીતે દેશવિરતિ અને સમ્યક્ત્વવાળાને પણ સંવત્સર અને ચાતુર્માસની અંદર રાત્રિક વિગેરે પ્રતિક્રમણ કરવાનાં છે, અને આજ કારણથી અનુયોગદ્વાર તથા આવશ્યકનિર્યુક્તિમાં સવાર સાંજની પ્રતિક્રમણની ક્રિયાને આવશ્યકને નામે ઓળખાવેલી છે, એટલે દરેક સાધુ અને શ્રાવકને રાત્રિક અને દૈવસિકપ્રતિક્રમણની ક્રિયા જરૂર જરૂર કરવાની હોવાને લીધે તેને આવશ્યકશબ્દથી જણાવી છે અને જરૂર કરવા લાયક કહી છે.

**દૈવસિક રાત્રિક અને પાક્ષિક પ્રતિક્રમણો કર્યા છતાં ચૌમાસીની જરૂર**

સંજવલનની સ્થિતિ પંદર દિવસની હોવાથી જેમ તેને અંગે પાક્ષિક પ્રતિક્રમણ કરવાનું શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે, તેવી રીતે પ્રત્યાખ્યાનાવરણીય અને અપ્રત્યાખ્યાની કષાયોની સ્થિતિનો વિચાર કરીનેજ શાસ્ત્રકારોએ ચોમાસી પ્રતિક્રમણ કરવાનું ઠરાવ્યું છે એમ સ્હેજે સમજી શકાય તેમ છે, અર્થાત્ ચાર માસ કરતાં વધારે સ્થિતિવાળા કષાયો હોય તો દેશવિરતિપણાનો પણ નાશ થાય, માટે તે કષાયોની અપેક્ષાએ દરેક દિવસે અને પ્રતિપક્ષે શોભા અને શુદ્ધિ કરવાનું પ્રતિક્રમણથી ચાલુ રાખ્યું હોય છતાં ઉપર્યુક્ત કષાય ટાળવા માટે ચાતુર્માસિક પ્રતિક્રમણની જરૂર છે.

**અનંતાનુબંધીઆદિ ચાર ચોકડીઓના ચોસઠ ભેદ અને તેને અંગે સાધુઆદિ સકલસંઘને ચૌમાસી આદિની જરૂર**

કદાચ શંકા કરવામાં આવે કે સાધુસાધ્વીઓ પાક્ષિક પ્રતિક્રમણ કરીને સંજ્વલવનના કષાયોની સ્થિતિ ટાળી દે અને શ્રાવક શ્રાવિકાઓ ચાતુર્માસિક પ્રતિક્રમણ કરીને અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયની સ્થિતિ ટાળી દે તો પછી તેઓને અનુક્રમે ચાતુર્માસિક અને સાંવત્સરિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાની જેરૂર રહેતી નથી, કેમકે સાધુસાધ્વીઓને પક્ષના કષાયો ન ટાળ્યા તો સાધુપણું રહેવાનું નથી અને શ્રાવક શ્રાવિકાએ ચાર માસના કષાયો ન ટાળ્યા તો વ્રતધારીપણું રહેવાનું નથી, અને તેથી સાધુસાધ્વીઓને

ચાતુર્માસિક સાંવત્સરિક પ્રતિક્રમણની કર્તવ્યતા નિષ્ફળ છે. માત્ર અવિરત સમ્યગ્દૃષ્ટિનેજ અનંતાનુબંધીમાં ન જવા માટે સાંવત્સરિક પ્રતિક્રમણની જરૂર રહે છે એમ કેમ નહિ ?

આવી ઉદ્દભવતી શંકાના સમાધાનમાં સમજવાનું કે એકેક કષાયની ચોકડીના ઈતરકષાયોની ચોકડીથી પણ ભેદો પડે છે, એટલે અનંતાનુબંધીની ચોકડીના ઘરના જેમ અનંતાનુબંધીઆદિ ચાર ભેદો થાય, અને તેથી અનંતાનુબંધીઅનંતાનુબંધી, અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની, અનંતાનુબંધી પ્રત્યાખ્યાનાવરણીય, અને અનંતાનુબંધી સંજ્વલન એવા ચાર ભેદો જેમ થાય છે, તેમ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણીયના પણ એવી રીતે ચાર ચાર ભેદો થાય યાવત્ સંજવલનના પણ સંજ્વલન અનંતાનુબંધી, સંજ્વલન અપ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલનપ્રત્યાખ્યાની અને સંજ્વલનસંજ્વલન એવા ચાર ભેદો પણ થાય છે, અને તેથી દરેક સાધુસાધ્વી અને શ્રાવકશ્રાવિકાને રાત્રિક, દૈવસિક, પાક્ષિક અને ચાતુર્માસિકના કરતાં વિશેષણે સાંવત્સરિકપ્રતિક્રમણની જરૂર છે, અને એજ કારણથી સંજ્વલનઆદિની પાક્ષિક વગેરે સ્થિતિ વ્યવહારથી છે એમ શરૂઆતમાં જણાવ્યું છે.

### વર્ષ સુધી ટકેલા બાહુબલજીના માનનો ખુલાસો

અને આજ કારણથી ભગવાન્ બાહુબલિને બારમાસની સ્થિતિનું અભિમાન રહ્યા છતાં સાધુપણાની સ્થિતિમાં શાસ્ત્રકારો ગણે છે. મહાત્મા બાહુબલિજીને પ્રથમના દીક્ષિત ભાઈઓ ન્હાના હોવાથી વંદના કરવાનો પ્રસંગજ ન હતો, અને તેથી વંદના કરવાને અંગે કહેવાતું અભિમાન અવાસ્તવિક ગણીએ તોપણ પ્રથમના દીક્ષિત એવા નાના ભાઈઓ અતિશય જ્ઞાનાદિને પામેલા હોય તેમને હું મોટોભાઈ હોઈને અતિશયવાળા જ્ઞાન વગરનો હોઈને કેમ જોઈ શકું ? એવું શાસ્ત્રકારોએ જણાવેલું પરસંપદની અસહિષ્ણુતારૂપી અભિમાન બાર મહિના સુધી ટકેલું છે, છતાં તે મહાત્માને શાસ્ત્રકારો જે સાધુ તરીકે જણાવે છે તે ઉપર જણાવ્યા પ્રમાણે સંજ્વલનના ઘરનો અનંતાનુંબંધી માનીએ તોજ ઘટી શકે.

### સમુદાયના સાધુની પણ બારમાસ સુધી સકષાયપણાની દશાનો સંભવ

વળી શાસ્ત્રોમાં સમુદાયના સાધુને અંગે સમુદાય અને ઉપાધ્યાયે સૂત્ર, અર્થ, ભોજન અને આલાપ છોડ્યા છતાં જો કષાયની શાંતિ ન થાય તો સાંવત્સરિકના દિવસ સુધી પણ તે કષાયને નહિ ખમાવનાર સાધુ સાથે આલાપ સુધીની સ્થિતિ આચાર્ય આદિને રાખવાનું જે શાસ્ત્રકારો કહે છે તે પણ ઉપર જણાવેલા દરેકના ચાર ચાર પેટા ભેદો માનવાથીજ ઘટી શકે

### ચાર કષાયવાળા ચારે ગતિમાં જાય છે માટે પણ પેટાભેદોની જરૂર

વળી મિથ્યાત્વી કે અભવ્યજીવોને મુખ્યતાએ અનંતાનુબંધીનો ઉદયજ હોય છે અને અનંતાનુબંધીના ઉદયમાં આયુષ્ય બાંધનારો કે કાળ કરનારો જરૂર નરકેજ જાય એમ ફરમાવે છે, છતાં તે મિથ્યાત્વી અને અભવ્ય જીવો તિર્યંચપણું, મનુષ્યપણું અને યાવત્ દેવપણું પણ તેના આયુષ્ય બાંધીને મેળવે છે. આ વિરોધ પણ પૂર્વે જણાવેલી પેટા ચોકડીઓ માનનારને નડશે નહિ.

### અભવ્ય અને મિથ્યાત્વિઓને પણ દ્રવ્યથી દેશવિરતિને સર્વવિરતિ મળે છે માટે પેટા ભેદોની જરૂર

વળી અનંતાનુબંધીના ઉદયવાળાને સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિમાંથી એક્કે વસ્તુ હોય નહિ, છતાં કોઈ અભવ્યોએ અને અનંતમિથ્યાત્વીઓએ

આ સંસારચક્રમાં દીપકસમ્યક્ત્વ અને દ્રવ્યથકી દેશ અને સર્વ વિરતિ અનંતી વખતે મેળવ્યાં છે, અને તેનેજ પ્રભાવે અનંતી વખત નવગ્રૈવેયક સુધી પણ તેઓ પહોંચ્યા છે. આ સર્વ હકીકત વિચારનારને તે પેટાભેદો માનવાની આવશ્યકતા જરૂર લાગશે.

## પેટાભેદો માનવામાં શાસ્ત્રસંમતિ

આવા પેટાભેદો આપણે કલ્પનાથીજ ઘડી કાઢીએ છીએ તેમ નથી, પણ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રમાં અને ઉપાધ્યાય વિનયવિજયજીએ લોકપ્રકાશની અંદર એવા પેટાભેદો કરી ચોસઠ ભેદો કષાયોના જણાવેલા છે, અને આજ કારણથી પિતા અને પુત્રે સાથે દીક્ષા લીધેલી હોય તેમાં પુત્ર અધિક બુદ્ધિમાન હોય અને બીજા ઘણાઓથી વડી દીક્ષાની યોગ્યતા પ્રાપ્ત થયા છતાં ન્હાનો થતો હોય અને તેથી આચાર્યો કે ઉપાધ્યાયોને એમ યોગ્ય લાગે કે તેના પિતાની યોગ્યતા થતાં સુધી આ પુત્રની વડીદીક્ષા રોકવી વ્યાજબી નથી, અને તેથી તે પિતાને પુત્રની વહેલી વડીદીક્ષા થવા માટે સમજાવે, છતાં તે ન સમજે તો પ્રથમ પાંચ દિવસ, ફરી ન સમજે તો બીજા પાંચ દિવસ અને બીજી વખત પણ ન સમજે તો ત્રીજી વખત પણ પાંચ દિવસ રાખીને પુત્રની વહેલી વડીદીક્ષા માટે પિતાને સમજાવે. જો તે ત્રીજી વખત પિતા ન સમજે તો પિતાની ઈચ્છા નહિ છતાં પણ પુત્રને વડીદીક્ષા દઈ દે, આવું મુખ્યતાએ ફરમાન છતાં પણ જો તે પિતાની પરિણતિ ધર્મહીનપણાની કે અવિરતિપણાની થવાનો ડર રહે તો પંદરદિવસથી આગળ પણ તે પિતાની મરજીની ખાતરજ પુત્રની વડીદીક્ષા રોકવી, એમ જણાવી શાસ્ત્રકારો જે તેવા પિતાઓને પણ સાધુપણાવાળા જણાવે છે તે પૂર્વ કહેલા ચોકડીના પેટા ભેદોને જ આભારી છે.

## પાક્ષિકાદિપ્રતિક્રમણોમાં આચારની શુદ્ધિની તથા પાપની શુદ્ધિની વિશેષતા

ઉપરની હકીકત વિચારનારો સુજ્ઞ મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે દરેક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને રાત્રિક, દૈવિસિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એ પાંચે પ્રતિક્રમણો કરવાની એક સરખી રીતે જરૂર છે. વળી દૈવસિક, રાત્રિક કરતાં પાક્ષિક આદિના પ્રતિક્રમણોમાં સાધુ સાધ્વીની અપેક્ષાએ જ્ઞાનાદિક પાંચ આચાર અને પ્રાણાતિપાત વિરમણઆદિ અઢાર સ્થાનકોનું સ્પષ્ટ અને વિસ્તારથી પ્રતિક્રમણ અને વ્રતોના વિશેષ અભ્યુપગમ સાથે આવશ્યક, ઉત્કાલિક, કાલિક અને અંગપ્રવિષ્ટ સૂત્રોનું ઉત્કીર્તન વિગેરે છે તથા શ્રાવકોની અપેક્ષાએ સમ્યક્ત્વ, બારવ્રત, પાંચ આચાર અને સંલેખનના અતિચારોનું સ્પષ્ટ અને વિસ્તૃત પ્રતિક્રમણ હોવાને લીધે પ્રતિક્રમણના અનુભવીઓને પાક્ષિક આદિ પ્રતિક્રમણોની જરૂર લાગે તે સ્વાભાવિકજ છે.

## પાક્ષિકાદિ પ્રતિક્રમણોની અભિગ્રહાદિને માટે પણ જરૂર

આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રી પંચાશકની અંદર જણાવે છે કે પખ્ખી, ચોમાસી (ઉપલક્ષણથી સંવત્સરી)ના દિવસોએ નક્કી આલોયણ લેવી જોઈએ, એટલે કે પાક્ષિક, ચૌમાસી અને સંવત્સરીના લાગેલા દોષોનું પ્રાયશ્ચિત ગુરુમહારાજ પાસે તે તે દિવસોએ તે તે પ્રતિક્રમણમાં લેવું જોઈએ, અને પહેલાના એટલે પ્રથમના પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરીને અંગે ગ્રહણ કરેલા અભિગ્રહો જે નિરતિચારપણે પાળી પૂર્ણ કર્યા હોય તેને ગુરુમહારાજ આગળ નિવેદન કરી નવા અભિગ્રહો પક્ખી, ચોમાસી અને સંવત્સરીની મર્યાદાએ લેવા જોઈએ. (શ્રી પંચાશક ગાથા ૭૦૪) આ સ્થાને પાક્ષિકઆદિ પ્રતિક્રમણની પૂર્વે જણાવ્યા પ્રમાણે સાર્થકતા જણાવી છે, છતાં પણ પહેલાં થએલી શંકાની માફક અહીં પણ રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણને સાધુ અને શ્રાવકે દરરોજ સવારે અને સાંજ કરવાં જોઈએ એમ હોવાથી પાક્ષિકઆદિ પ્રતિક્રમણોની [illegible]ર્થકતા માની, કોઈક

તે પાક્ષિકઆદિ પ્રતિક્રમણો તરફ અરુચિવાળો થાય તેના સમાધાન માટે તેજ ભગવાન્ હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે દરેક સાધુ, શ્રાવકે રાઈ અને દેવસિ પ્રતિક્રમણ કરવાની માફકજ પાક્ષિક, ચતુર્માસિક, અને સંવત્સરિકમાં પ્રતિક્રમણ કરી આત્માની શુદ્ધિ કરવીજ જોઈએ એવો સર્વ ગચ્છના સર્વ આચાર્યોનો જીતકલ્પ છે, અને તે જીતકલ્પ મૂળસૂત્ર અને નિર્યુક્તિઆદિના વચનરૂપી આજ્ઞાને અનુસરીનેજ છે.

## પાક્ષિકાદિકની આજ્ઞા અને જીત વ્યવહારથી સિદ્ધિ કરવાનું કારણ

કદાચ શંકા થાય છે કે જીત અને આજ્ઞા, એ બે વસ્તુ જણાવવાની શી જરૂર ? કેમકે એકલા જીતઆચારને પણ સર્વ શાસનના પ્રેમીઓએ જિનેશ્વરમહારાજઆદિના વચનરૂપી આજ્ઞાની જેટલી માન્યતા રાખવાની હોય છે તેટલીજ માન્યતા જીતઆચારની રાખવાની હોય છે, તો પછી અહીં પાક્ષિકઆદિ પ્રતિક્રમણમાં જીત અને આજ્ઞા એ બંને જણાવવાનું કારણ શું ? આવી રીતે થતી શંકાના સમાધાનમાં જણાવવાનું કે કેટલાક અણસમજુ મનુષ્યો એક આચાર્યે કર્યું છે તે વૃત્ત, બીજી પાટવાળા આચાર્યે કર્યું તે અનુવૃત્ત અને ત્રીજી પાટવાળા આચાર્યે કર્યું તેને પ્રવૃત્ત કહીને માત્ર તેટલી પરંપરાથીજ પ્રવર્તેલા આચારને જીતકલ્પ માની લે છે, પણ તેવો જીતકલ્પ આજ્ઞાને અનુસરીને હોતો નથી, તો તેવા જીતકલ્પને માનવાની શાસ્ત્રકારો સાફ સાફ મનાઈ કરે છે.

## ક્યા પરંપરાથી પ્રવૃત્ત આચાર તે જીત કહી શકાય ?

અને તેથી જ શાસ્ત્રકારો આદરવા લાયક પરંપરાના આચારરૂપી જીતને જણાવતાં સાફ શબ્દોમાં જણાવે છે કે જે પરંપરાના આચારરૂપી જીતઆચારથી આત્માની અથવા આચારની અશુદ્ધિ થાય, તેમ જ શિથિલાચારી અને પ્રમાદીઓએ ઘણાઓએ મળીને પણ આચરેલું હોય અને તે પરંપરાથી આવ્યું હોય તો પણ તે જીત આચરવા લાયક નથી, અને આ જ કારણથી શ્રીધર્મરત્ન પ્રકરણમાં આચાર્ય મહારાજશ્રી શાંતિસૂરિજી જણાવે છે કે ગચ્છ કે દિગ્બંધનાં નામે શ્રાવકો ઉપર મમત્વ કરવું, ચૈત્યમાં વાસ કરવો, શરીર અને વસ્ત્રઆદિકની શુશ્રૂષા કરવી, વસતિ (ઉપાશ્રય) વિગેરેની માલિકી માટે દસ્તાવેજો કરાવવા વિગેરે આચારો આત્માને અશુદ્ધ કરનાર અને સાવદ્ય હોવાથી કોઈપણ ધર્મિષ્ઠ મનુષ્યને તે આદરવા લાયક નથી, અર્થાત્ શ્રીશાંતિસૂરિજીના ફરમાન મુજબ માત્ર પરંપરાથી આવેલો આચાર છે એમ ધારી માની લેવું નહિ, પણ તે આચાર આગમરૂપી આજ્ઞાને અનુસરીને હોય અને સંયમની શુદ્ધિ કરનાર હોવા સાથે અપ્રમાદની વૃદ્ધિ કરી નિર્મળતા કરનાર હોય તે જ જીતઆચારને આજ્ઞા જેવો ધર્મિષ્ઠોએ માનવો.

## બલસંઘયણ અને ધૃતિઆદિની હાણિને જ જીત આભારી છે.

આચાર્ય મહારાજશ્રી અભયદેવસૂરિજી તો આગમઅષ્ટોતરીમાં સ્પષ્ટ શબ્દથી જણાવે છે કે તે જ જીત આચાર હોય કે જે બળ અને બુદ્ધિની ખામીના બચાવને માટે જ ઉપયોગી હોય, અને તેથી જ તેઓશ્રી જણાવે છે કે ગુપ્તિ. સમિતિ, પડિલેહણ, સંવત્સરપર્વ, તથા ચતુર્માસિક પર્વ સિવાયની તિથિનું પલટવું વિગેરેમાં આચરણા હોય જ નહિ.

## ચોમાસી અને સંવચ્છરીની તિથિની પરાવૃત્તિનું શાસ્ત્રોક્તપણું

સંવચ્છરી અને ચોમાસીમાં પણ જે તિથિનું પરાવર્તન છે તે પણ સાંવત્સરિકને અંગે શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીજીએ आरओवि से कप्पइ એવી રીતે ફરમાવેલ હોવાથી સાંવત્સરિક તિથિનું પરાવર્તન

યુગપ્રધાન શ્રી કાલકાચાર્યે કર્યું એટલે કે યુગપ્રધાન શ્રીકાલકાચાર્યે કરેલું સાંવત્સરિક તિથિનું પરાવર્તન માત્ર પોતાની કલ્પના કે રાજાની વિનંતિને અંગે જ ન હતું. પણ શ્રુતકેવલી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીના ઉપર જણાવેલા વચનને પણ આધારે હતું.

### છઠ અને ચોથનું અપર્વપણુ છતાં છઠનો નિષેધ ને ચોથનો આદર કેમ ?

અને એ જ કારણથી રાજા સાલિવાહનની પહેલી જે વિનંતિ ભાદરવા સૂદિ છઠને દિવસે સંવત્સરી કરવા માટે હતી, તેનો नो कप्पइ तं रयणी उवायणाबित्तए અર્થાત્ ભાદરવા સૂદિ પાંચમીની રાત સંવત્સરી માટે ઓળંગાવી નહિ એ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીજીના વચનને અનુસરીને નિષેધ કર્યો, અર્થાત્ સામાન્યપણે શ્રીનિશીથ સૂત્ર આદિકના અભિપ્રાયે ભાદરવા સૂદિ પાંચમનો જ દિવસ પર્વ તરીકે છે અને ભાદરવા સૂદિ ચોથનો કે ભાદરવા સૂદિ છઠ એ બંને તિથિના દિવસો અપર્વ તરીકે હોવાથી તેમાં સંવત્સરી ન કલ્પે એમ નિશ્ચિત છતાં ભાદરવા સૂદિ ચોથનો દિવસ અપર્વ છતાં પણ અંદરની મુદતનો હોવાથી યુગપ્રધાન શ્રી કાલકાચાર્યમહારાજે પ્રવર્તાવ્યો, પણ ભાદરવા સૂદિ છઠના અપર્વરૂપ દિવસે સંવત્સરી કરવાની વિનંતિ કબુલ કરી નહિ, કારણ કે તેમ કરવામાં શ્રીપર્યુષણાકલ્પના नो कप्पइ० પાઠનું ખંડન થતું હતું, અર્થાત્ આ ઉપરથી એમ નક્કી થાય છે કે આચરણા કરનારે પણ શાસ્ત્રના વચનો ઉપર ધ્યાન આપી આત્માને નિર્મળ કરનાર જ આચારણા કરવી જોઈએ, અને તેવી જ કરેલી આચરણા સુવિહિતોને આચરવા લાયક ગણાય, અને સંવત્સરીને માટે તિથિપરાવર્તનની કરેલી આચરણા શાસ્ત્ર અનુકૂળ હોવાથી સર્વસુવિહિતોએ પ્રમાણ કરી છે અને યાવત્ શાસન તે પ્રમાણપણે રહી શકે તેમ છે.

### સંવચ્છરીની તિથિ પલટવાથી ચોમાસીની તિથિનું પરાવર્ત્તન

અને તે સંવત્સરીના દિવસની સાથે આષાઢ ચતુર્માસીનો દિવસ અતીત પચાસમો દિવસ હોવો જોઈએ, અને કાર્તિકી ચતુર્માસીનો દિવસ અનાગત સિત્તેરમો દિવસ હોવો જોઈએ એવા શ્રીસમવાયાંગ અને પર્યુષણાકલ્પ વિગેરેના વચનને અનુસરીને તે આષાઢ અને કાર્તિકી એ બે ચોમાસી તિથિનો પરાવર્ત કરવો જ પડે અને જ્યારે આષાઢ અને કાર્તિક ચતુર્માસીના પર્વનો દિવસ પરાવર્તન પામે ત્યારે ને બંને એટલે આષાઢ અને કાર્તિકીના ચોમાસાની સાથે એકસો વીસમા દિવસ તરીકે અતીત, અનાગતપણે સંબંધ રાખનાર ફાલ્ગુન ચતુર્માસીની પૂર્ણિમાનો દિવસ પરાવૃત્તિ પામે અને ફાલ્ગુન ચતુર્દશી એ આષાઢ શુકલ ચતુર્દશી અને કાર્તિક શુકલ ચતુર્દશીની માફક પરાવૃત્તિ પામે અને તે સર્વ પરાવર્તન સકળ શાસનપ્રેમી સંઘને સંમત થાય તેમાં કંઈપણ આશ્ચર્ય નથી.

### આજ્ઞા કરતાં જીતને પ્રથમસ્થાન આપવાનું કારણ

આ સ્થાને બીજી એક શંકા થશે કે હરિભદ્રસૂરિજી પાક્ષિક આદિકની આલોચના અને અભિગ્રહને અંગે જરૂરીઆત જણાવતાં કેમ જીત પ્રથમ અને આજ્ઞા પછી એમ બંને આગળ કરે છે? આ શંકાના સમાધાનમાં જણાવવાનું કે ભગવાન્ હરિભદ્રસૂરિજી जीयमिणं એમ કહી પાક્ષિક આદિકની સિદ્ધિમાં આ પાક્ષિક આદિનું કર્તવ્ય જીત છે એમ પ્રથમા વિભક્તિથી જીતને મુખ્યપણે જણાવ્યો, પણ સાથે જ आणाओ એમ કહી આ પાક્ષિક આદિક કર્તવ્યનો જીત આચાર આજ્ઞાને અનુસરી છે એમ જણાવી તે પાક્ષિક આદિકના જીતઆચારને શુદ્ધ આચાર છે એમ જણાવ્યો છે. અર્થાત્ આ પાક્ષિક આદિ પ્રતિક્રમણો અને આલોયણ, અભિગ્રહ વિગેરેની જે પરંપરા વર્તે છે.

તે આગમને અનુસરીને જ છે અને તેથી તે માનવા લાયક જ છે એમ સ્પષ્ટ કરે છે. વળી જીત એટલે પરંપરા તરીકે વર્તતો આચાર જો આત્માની શુદ્ધિ કરનાર હોય, બળબુદ્ધિની ખામીને બચાવનાર હોય તો તે આચાર શાસ્ત્રમાં પણ નિરૂપણ કરેલો છે અને તેના આધારે જ વર્તમાનના સુવિહિત આચાર્યાદિકો પરંપરાથી તેમ કરતા આવેલા છે, તો તેવા પાક્ષિક આદિ આચારને આચરવામાં એટલે કે પ્રતિદિન રાઈ, દેવસિ પ્રતિક્રમણ કરીને શુદ્ધિ કરવામાં આવતાં છતાં પણ પાક્ષિક આદિકની આવશ્યકતા શાસ્ત્ર અને આચારથી સિદ્ધ છે, માટે દરેક સુવિહિતે તે પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરિક પ્રતિક્રમણ કરવાં જ જોઈએ.

## આજ્ઞા અને જીતથી પદાર્થની સાબીતી છતાં યુક્તિપ્રદર્શનની જરૂરી

ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન્ હરિભદ્રસૂરિજી પાક્ષિક આદિક પ્રતિક્રમણ આલોચન અને અભિગ્રહની આવશ્યકતા જીત અને આજ્ઞા એ બન્નેથી સિદ્ધ જણાવવા છતાં તેની સિદ્ધિમાં તર્કાનુસારીને માટે હેતુઓ પણ જણાવે છે. જુઓ जीयमिणं आणाओ जयमाणस्सविय दोषसब्भावा पम्हुसणापमायाओ जलकुंभमलाइनायेणं ७०५ गाथा.

અર્થાત્ આ પાક્ષિક આદિ પ્રતિક્રમણ આલોચન અને અભિગ્રહો પાક્ષિક આદિ દિવસોએ કરવા તેવો આચાર પરંપરાને અનુસરીને છે. અને ચાહે જેવા રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણથી શુદ્ધિ કરવાના તીવ્ર પ્રયત્ન કરનારને પણ અર્થાત્ ઘણો ભાગ અપ્રમત્ત દશામાં રહેવાવાળાને પણ પાક્ષિકને લાયકના દોષો હોય જ છે, તેથી તેમ જ લાગેલા દૂષણોનું રાઈ અને દેવસિ પ્રતિક્રમણ વખતે આલોયણ લીધા છતાં પણ વિસ્મરણા હોવાનો સંભવ તથા કોઈપણ જાતની પ્રમત્તતા બનવાનો સંભવ હોવાથી આજ્ઞા ને જીતને આધારે પાક્ષિક આદિકની આવશ્યકતા છે. ભગવાન્ હરિભદ્રસૂરિજી દૃષ્ટાંત તરીકે જણાવે છે કે ગૃહસ્થો જેમ તાંબાપિત્તળઆદિકના ઘડાઓ જે પાણી ભરવાના કામમાં લે છે તે ઘડાઓ વિગેરેને સવાર, સાંજ ધુવે છે અને વિછળે છે, છતાં પણ પંદર દિવસે કે મહિને પાછા તે ઘડાઓ કે જે રોજ ધોવાતા અને વીછળાતા હતા તેને માંજીને સાફ કરે છે અને ઘણી મુદત જતાં તે જ ધોવાતા, વીછળતા અને મંજાતા ઘડાઓને ઘસાવીને કે તપાવીને પણ સાફ કરે છે. એવી જ રીતે આ આત્માને પણ રાઈ અને દેવસિ પ્રતિક્રમણથી રોજ સવાર સાંજ શુદ્ધ કરાય તે ધોવા વીછળવા જેવું સમજવું અને પાક્ષિક, ચાતુર્માસિકથી જે વિશેષ શુદ્ધ કરાય તે માંજવા જેવું સમજવું અને સાંવત્સરિક પ્રતિક્રમણથી કરાતી શુદ્ધિ ઘડાના ઘર્ષણ અને તાપન જેવું સમજવું. આ બધું કહેવાનું તત્ત્વ એટલું જ કે જો કોઈ મનુષ્ય ઘડા રોજ ધોવાય છે અને વીછળાય છે એમ ધારી તેનું માજવું અને ઘર્ષણ આદિ ન કરાવે તો તે ઘડા આદિક ભાજનો સાફ સ્વચ્છપણે ધારી શકે નહિ, તેમ આ સંસારને વિષે જો કોઈપણ સુવિહિત અમે પ્રતિદિન રાત્રિક અને દૈવસિક પ્રતિક્રમણ કરી શુદ્ધિ કરીએ છીએ તેથી અમારે પાક્ષિક, ચતુર્માસિક કે સાંવત્સરિક પ્રતિક્રમણની જરૂર નથી એમ ધારી પાક્ષિકઆદિ પ્રતિક્રમણો ન કરે તો તે શ્રાવક હો કે સાધુ હો પણ તે પોતાના આત્માના સમ્યક્ત્વ, અણુવ્રતો કે મહાવ્રતોને ઉચ્ચતમગતિને લાયકની સ્વચ્છતાવાળા રાખી શકે જ નહિ.

ઉપર જણાવેલી હકીકતને વિચારનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે રાઈ, દેવસિ અને પાક્ષિકના પ્રતિક્રમણોની માફક જ આષાઢઆદિ ચાતુર્માસિકના પ્રતિક્રમણોની અને સાંવત્સરિક પ્રતિક્રમણની સર્વ ધર્મિષ્ઠો માટે આવશ્યકતા છે.

## આષાઢ, ચાતુર્માસિકની મહત્તા

જો કે આષાઢ, કાર્તિક અને ફાલ્ગુન એ ત્રણે

ચતુર્માસિક પ્રતિક્રમણો અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના અંશને રોકવા માટે જરૂરી છે. છતાંપણ આષાઢ ચતુર્માસિકની પ્રથમ તો એ વિશેષતા છે કે સામાન્ય રીતે જૈન, જૈનેતર સર્વ વર્ગ મુખ્યતાએ આષાઢ ચાતુર્માસિકને જ ચોમાસી તરીકે ઓળખી તેનાથી થતા ચાતુર્માસિકના આરંભને ચોમાસી તરીકે ગણે છે વળી કાર્તિક કે ફાલ્ગુન ચોમાસીના દિવસો સાધુ, સાધ્વીઓને નિયમિત ચાર મહિના સુધી અવસ્થાન કરાવનારા હોતા નથી, ત્યારે આષાઢ ચાતુર્માસિકનું ચાતુર્માસિક પ્રતિક્રમણ ચારે મહિના અવસ્થાન કરાવનારૂં હોય છે, અને તે સાધુ, સાધ્વીને ચાર મહિનાની સ્થિરતાની અપેક્ષાએ આષાઢ ચાતુર્માસીથી શરૂ થતા ચતુર્માસને જ મુખ્ય ચોમાસી તરીકે ગણવામાં આવે છે.

### નિયત અવસ્થાનરૂપી પર્યુષણાનું મુખ્ય સ્થાન આષાઢ ચતુર્માસી.

અને આ જ અવસ્થાનરૂપી કારણને અંગે આષાઢચતુર્માસીને દિવસે ઉત્સર્ગ (મુખ્ય વિધિ) થી પર્યુષણા કરવાનું શાસ્ત્રકારો જણાવે છે, અર્થાત્ આષાઢ સૂદિ દશમે જે ક્ષેત્રમાં સાધુમહાત્માઓ પધાર્યા હોય અને ત્યાં જો ચોમાસાને લાયકના ગુણોનો સદ્‌ભાવ હોય તો વર્ષાઋતુને લાયકની ઉપધિ અને તૃણ, ક્ષાર આદિક વસ્તુઓ એકઠી કરી ચોમાસાનું અવસ્થાન નિયમિત કરે, અને આષાઢચોમાસીને દહાડે જ તે અવસ્થાન નિયમિત કરવાનો મુખ્ય માર્ગ હોઈ આષાઢ ચોમાસીએ પર્યુષણા કરવી એ નિરપવાદ માર્ગ ગણાયો છે.

### અવસ્થાન પુર્યષણાની વખતે પર્યુષણા સૂત્રના કથનની જરૂરી

આ જણાવેલી રીતિ પ્રમાણે આષાઢ ચાતુર્માસીને દિવસે પર્યુષણા નિયમિત કરનાર મહાપુરુષો પર્યુષણાકલ્પસૂત્ર કે જેમાં મંગળને માટે જિનેશ્વરનાં ચરિત્રો, (પોતાના સુધીના સ્થવિરોની પરંપરાનું કથન કરવા સાથે) ચોમાસામાં નિયમિત સ્થાન કરવાનું કારણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સ્થાપના, ગોચરી, અણશણ લોચ, ભિક્ષાચર્યા, પાનકવિધિ, અવસ્થાનવિધિ, વૈયાવૃત્યવિધિ, પ્રાણોની યતનાની વિધિ વિગેરે જણાવનાર ચોમાસાની સામાચારીથી સકળ સાધુઓને વાકેફ કરવા માટે અવસ્થાનરૂપી પર્યુષણાના પહેલા પહેલા પાંચ દિવસોથી રાતે રાતે કર્ષણ કરાતું હતું, તેમાં એક સાધુ તે કલ્પસૂત્રનું કર્ષણ કરતો હતો અને શેષ સાધુઓ કાઉસગ્ગમાં રહીને તે કલ્પસૂત્રને શ્રવણ કરતા હતા, અર્થાત્ મુખ્યતાએ આષાઢચાતુર્માસીને દિવસે અવસ્થાનરૂપી પર્યુષણા થતી હતી અને તે જ ચાતુર્માસીને દિવસે રાત્રે પ્રતિક્રમણ કર્યા પછી કલ્પકર્ષણની સમાપ્તિ થતી હતી.

### પર્યુષણાકલ્પને કથન કરવાનું અનિયમિત કાલપણું

આ ઉપર જણાવેલાં કારણોથી સ્પષ્ટપણે સમજી શકાશે કે કલ્પસૂત્રને કહેવા સંભળાવવાનો નિયમ સાંવત્સરિકપ્રતિક્રમણના દિવસની સાથે હતો નહિ. જે મહાપુરુષો આષાઢ સૂદિ પુનમે અવસ્થાન નિયમિત કરવા રૂપ પર્યુષણા કરે તેઓને આષાઢ સૂદિ પુનમનો દિવસ કલ્પકર્ષણનો છેલ્લો દિવસ હોય, અને જેઓ શ્રાવણ વદિ પાંચમ, દશમ કે અમાવાસ્યાને દિવસે અપવાદથી અવસ્થાનરૂપ પર્યુષણા કરે યાવત્ છેલ્લામાં છેલ્લા ભાદ્રપદ શુકલ પંચમીને દિવસે છેલ્લામાં છેલ્લી અપવાદરૂપે કરાતી અવસ્થાનરૂપ પર્યુષણા કરતા હોય તો તે તે દિવસે તે મહાત્માઓને કલ્પકર્ષણની સમાપ્તિના દિવસો હોય.

### અભિવર્ધિત એટલે અધિક મહિનાવાળા વર્ષમાં નિયતઅવસ્થાન ને કલ્પસૂત્ર વાચન અનિયમિત થાય પણ સંવચ્છરી તો ભાદરવામાં જ

યાદ રાખવું જરૂરી છે કે અવસ્થાનરૂપ પર્યુષણાને અંગે શાસ્ત્રકારોએ પોષ કે આષાઢ બેમાંથી કોઈપણ માસ જે વર્ષે અધિક થયો હોય

અને તેને લીધે તે વર્ષને અભિવર્ધિત ગણવામાં આવતું હોય તેવા દરેક અભિવર્ધિત વર્ષમાં આષાઢ ચતુર્માસી પછી માત્ર વીસ દિવસની અંદર જ અપવાદથી થતી પણ નિયત અવસ્થાનરૂપ પર્યુષણા **अभिवड्ढियंमि वीसा** એમ કહી સ્પષ્ટપણે જણાવેલ છે, પણ કોઈપણ શાસ્ત્રકારે કોઈપણ અભિવર્ધિત વર્ષમાં આષાઢ ચતુર્માસિક પ્રતિક્રમણ પછી વીસ દિવસે સંવચ્છરી કરવાનું જણાવેલું જ નથી, કેમકે અવસ્થાનરૂપ પર્યુષણા વરસાદઆદિની વિરાધના ટાળવા વિગેરે ઉપર આધાર રાખે છે ત્યારે સાંવત્સરિક પ્રતિક્રમણ આલોચના લેવી, દોષો ટાળવા વિગેરે ઉપર જ આધાર રાખે છે, અને એ જ કારણથી જે અભિવર્ધિત વર્ષમાં પોષ માસની વૃદ્ધિ હોય તે અભિવર્ધિત વર્ષમાં પણ વરસાદનું વહેલું આવવું થવાથી આષાઢ ચતુર્માસીથી વીસ દિવસમાં જ પર્યુષણા કરવાનું નિયમિત કર્યું છે, પણ સાંવત્સરિક પ્રતિક્રમણ તો પૂર્વે જણાવ્યા પ્રમાણે ક્લેશનિવારણ અને આલોયણદાન વિગેરેને અંગે હોવાથી ચાહે તો પહેલું, બીજું કે ચોથું ચંદ્રમાસ વર્ષ હોય કે ત્રીજું અથવા પાંચમું અભિવર્ધિત વર્ષ હોય તો પણ અષાઢ ચતુર્માસીથી પચાસ દિવસે જ કરાય એમ શાસ્ત્રાજ્ઞા છે.

## કલ્પસૂત્રના વાચનનો સંબંધ સંવચ્છરીની સાથે નહિ હોવાનું કારણ

આ ઉપર જણાવેલા કારણથી જ કલ્પસૂત્રની ટીકા કરનારા મહાપુરૂષો ૧ સર્વસાધુ, સર્વચૈત્ય વંદના ૨ આલોચના, ૩ અષ્ઠમતપ, ૪ લોચ, અને ૫ વાર્ષિક પ્રતિક્રમણ એવી રીતે (કલ્પકિરણાવલી પા. ૧૭૮, સુબોધિકા પા. ૫૨૫ વિગેરેમાં) સાંવત્સરિક કૃત્યોને જણાવતાં કલ્પસૂત્રના વાચનને સાંવત્સરિક કૃત્ય તરીકે જણાવતા નથી, કેમકે ઉપર જણાવ્યા પ્રમાણે કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ તે માત્ર અવસ્થાનરૂપ પર્યુષણાને અંગે સંબંધવાળું છે, પણ સાંવત્સરિકની સાથે તે કલ્પસૂત્રના વાચન અને શ્રવણનો કોઈપણ જાતનો સંબંધ નથી.

## શ્રીપર્યુષણાકલ્પનું સભાસમક્ષ વાચન ને પછી સંવચ્છરી સાથે સંબંધ અને શ્રીચતુર્વિધ સંઘને શ્રાવણ

ઉપર જણાવેલું કલ્પસૂત્રનું વાચન પૂર્વકાળે પણ આનંદપુરનગરને વિષે ધ્રુવસેન રાજાના સમય પછી દિવસે પણ સકળસભા સમક્ષ વાચન થતું હતું, કારણ કે નિશીથચૂર્ણિકાર ભગવાન્ દિવસે કલ્પસૂત્રનું વાચન કરવામાં કે ગૃહસ્થ અને અન્યતિથિઓની આગળ કલ્પસૂત્રના વાંચનમાં પ્રાયશ્ચિત્ત જણાવે છે તે જ પ્રકરણમાં સ્પષ્ટશબ્દોમાં તે જ ચૂર્ણિકાર ભગવાન્ ફરમાવે છે કે આનંદપુરનગરમાં સર્વસભા સમક્ષ દિવસે કલ્પસૂત્રની વાચના થાય છે, અને તે સ્થાને જો પાસત્થા સાધુઓ પણ દિવસે સર્વસભા સમક્ષ કલ્પસૂત્ર વાચતા હોય તો કોઈ કારણસર ત્યાં રહેલા સુવિહિતસાધુઓએ પણ તેમની પાસે કલ્પશાસ્ત્ર સાંભળવા ત્યાં જવું.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૫૩)

(પા. ૩૫૨ થી ચાલુ)

**આનન્દપુરમાં મૂલઘર ચૈત્યમાં પાસત્થા પાસે પણ કલ્પશ્રવણ**

અન્યસ્થાને અને અન્યકાળે પાસત્થાઓની દેશના સાંભળવામાં પ્રાયશ્ચિત્ત લાગે છે, પણ તે આનંદપુર નગરના મૂળ ચૈત્યમાં પાસત્થા પાસે પણ, દિવસે પણ, સર્વ સભા સમક્ષ પણ વંચાતા કલ્પસૂત્રનું વ્યાખ્યાન શ્રવણ કરવામાં સુવિહિતોને દોષ નથી, એટલું જ નહિ, પણ ચૂર્ણિકાર મહારાજા એટલે સુધી સુવિહિતોને રજા દે છે કે તે આનંદપુર નગરના મૂળચૈત્યમાં પાસત્થાઓ ન હોય અને ગામનો મુખી કે અન્યઆગેવાનો જો તે મૂળચૈત્યમાં સભાસમક્ષ દિવસે કલ્પસૂત્ર વાંચવાની વિનતિ કરેતો સુવિહિતોએ તે મૂળચૈત્યમાં દિવસે પણ સભાસમક્ષ કલ્પસૂત્ર વાંચવું, અર્થાત્ ચૂર્ણિકાર મહારાજના સમય સુધી અન્યગ્રામ કે અન્યસ્થાનમાં દિવસે શ્રીકલ્પસૂત્રના વાંચવામાં કે સભાસમક્ષ કલ્પસૂત્ર વાંચવામાં પ્રાયશ્ચિતઆપત્તિ ગણાએલી હતી.

**સભાસમક્ષ કલ્પસૂત્રના વાચનથીજ શ્રી ચતુર્વિધસંઘસમક્ષ વાચન શરૂ થયું છે કે કેમ ?**

ઉપર જણાવેલી હકીકતથી એક વાત નવી જાણી શકાય છે કે આનંદપુરનગરમાં સભાસમક્ષ થએલું કલ્પસૂત્રનું વાંચન ચૂર્ણિકાર મહારાજાના સમય કરતાં પણ ઘણા પહેલા સમયથી શરૂ થએલું હતું, તેમજ જે અનેકસ્થાનોએ કિંવદંતીરૂપે ઉલ્લેખ કરાય છે કે જ્યારથી આનંદપુરનગરમાં સભાસમક્ષ કલ્પસૂત્રનું વાંચન કરવામાં આવ્યું ત્યારથી પ્રતિવર્ષ સભા કે ચતુર્વિધસંઘસમક્ષ કલ્પસૂત્રનું દિવસે વાચન શરૂ થએલું છે. તે હકીકતને માનવા માટે અવશ્ય બીજા પ્રબળ પ્રમાણની જરૂર છે. ઉપર જણાવેવા ચૂર્ણિકારમહારાજના વચનથી તો ચોમાસું રહેલા સાધુઓ પોતપોતાને સ્થાને તે આનંદપુરનગરની વાચનાને ઉદ્દેશીને દિવસે કલ્પસૂત્રનું વાંચન કરતા હોય એમ માની શકાય તેવું જ નથી. કોઈપણ સુજ્ઞમનુષ્ય આ બાબતનો સ્પષ્ટ ટીકાકારોથી પહેલાંનો પ્રબળ પૂરાવો જાહેર કરે તો તેમ માનવામાં પણ અડચણ નથી.

**ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીની વખત પહેલેથી તો શ્રીકલ્પસૂત્રનું કર્ષણ સંવચ્છરી સાથે નિયમિત હતું પણ તે રાતનું કર્ષણ હતું ?**

આવી સ્થિતિ છતાં પણ ભગવાન્ હરિભદ્રસૂરિજીના પૂર્વકાળથી એક પરાવર્તન થએલુ માનવું જરૂરી છે, ને તે એ કે ચૂર્ણિકાર મહારાજના સમય સુધી પર્યુષણાકલ્પનું વાચન અને શ્રવણ અવસ્થાનરૂપી પર્યુષણાને અંગે નિયમિત હતું, ત્યારે ભગવાન હરિભદ્રસૂરિજીની વખતે કે તેમના થોડા કાળ પહેલાં જ તે કલ્પસૂત્રનું વાચન અવસ્થાનરૂપી પર્યુષણાને અંગે નિયમિત ન રહેતાં સાંવત્સરિકપ્રતિક્રમણની સાથે નિયમિત થએલું હતું, અને તેથી જ ભગવાન્ હરિભદ્રસૂરિજી તે સાંવત્સરિકને અંગે વંચાતા અને સંભળાતા કલ્પસૂત્રને અંગે ચાલેલા રિવાજને સામાચારી તરીકે ગણાવે છે. જુઓ તે પાઠ.

संवच्छरिए य आवस्सए कए पाओसिए पज्जोसवणा कप्पो कड्ढिज्जइ, सो पुण पुव्विं च अणागयं पंचरत्ति कड्ढिज्जइ य, एसा सामायारी. (આવશ્યક હારિભદ્રીય બૃહદ્વૃત્તિ)

આ પાઠ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે હરિભદ્રસૂરિજી મહારાજના સમયમાં સંવચ્છરી પ્રતિક્રમણ ર્ક્યા પછી કલ્પસૂત્રનું પાંચમા દિવસ તરીકેનું વાચન રાત્રે થતું હતું. અને તે પણ સૂત્રસિદ્ધ નહિ, પણ માત્ર સામાચારીથી સિદ્ધ ગણાયું હતું.

**નિયત અવસ્થાનરૂપ પર્યુષણાને ચોમાસી સાથે ન જોડવામાં તપનો હિસાબ પણ કારણ છે**

વળી આષાઢચતુર્માસીની વખતે કરાતી

અવસ્થાન-પર્યુષણા કે જે ઉત્સર્ગમાર્ગની પર્યુષણા છે, તેને જો સંવચ્છરી સાથે મેળવી દેવામાં આવે તો ચાતુર્માસિકને અંગે છઠની તપસ્યા કરવાનું નિયમિત હોવાથી સાંવત્સરિકને અંગે કરાતી નિયમિત અઠમની તપસ્યા કેવી રીતે કરવી એ પ્રશ્ન અવસ્થાન પર્યુષણાને સાંવત્સરિકપર્યુષણા સાથે મેળવી દેનારાઓને જેવો તેવો મુંઝવનાર નથી.

**છઠઅઠમઆદિતપસ્યામાં સાથેનો ઉપકાર અને તેના અપલાપમાં ભયંકર ભૂલ**

આ સ્થાને એક ખુલાસો કરવો જરૂરી છે ને તે એ કે શાસ્ત્રકારો એક ઉપવાસને સમગ્રપણાથી જેમ ચતુર્થભક્ત કહે છે, તેવી જ રીતે બે ઉપવાસને જ સમગ્રપણાથી છઠપણે કહે છે, અને તેવી જ રીતે ત્રણ વિગેરે ઉપવાસોને સમગ્રપણાથી જ અઠમઆદિકપણે કહે છે, અને તે જ કારણથી ચોમાસીનો છટ્ઠ કર્યા પછી તેને ત્રીજે દિવસે એટલે કે એકમને દિવસે માત્ર એક ઉપવાસ વધારે લેવાથી સંવચ્છરીનો અઠમ અને ચોમાસીનો છઠ બંને વળી ગયા એમ ધારનારા હિમવાન્ પર્વત જેવડી મોટી ભૂલ કરે છે. એવી ભૂલ કરવાનું કારણ તેઓની માન્યતાનો જ વિપર્યાસ બને છે, કારણ કે કેટલાકોની એવી માન્યતા છે કે છઠ, અઠમ, દશમ વિગેરેના પચ્ચક્ખાણો સાથે હોઈ શકે જ નહિ, કિન્તુ પહેલે દિવસે કરેલો એક ઉપવાસ તે ઉપવાસ કહેવાય, અને તે ઉપવાસવાળો બીજે દિવસે ઉપવાસ કરે તો તેનું નામ છઠ કહેવાય, અને તે છઠવાળો ત્રીજે દિવસે ઉપવાસ કરે તો તેનું નામ અઠમ કહેવાય, અને એવી રીતે આગળ આગળ એક એક ઉપવાસે વધતાં દશમ, દ્વાદશમ વિગેરે થાય છે, અર્થાત્ તેમના કહેવા પ્રમાણે દ્વાદશમ કરનારાને દશમ, અઠમ, છઠ, અને ઉપવાસ તપસ્યાના લાભ થએલા છે, પણ આ તેઓની માન્યતા યુક્તિ રહિત, અણસમજની અને શાસ્ત્રથી પણ વિરૂદ્ધ છે એમ સ્પષ્ટપણે જાણી શકાય તેમ છે, કારણ કે ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજા વિગેરે એક એક ઉપવાસની સંપૂર્ણતા અને બીજા ઉપવાસની શરૂઆતને છઠ ભકત નહિં કહેતાં કોટિસહિત પચ્ચખ્ખાણ તરીકે ગણે છે, એટલું જ નહિ, પણ અષ્ઠમ વિગેરેમાં બે બાજુ કોટિસહિત ગણાવતાં અટ્ઠમના છેલ્લા દિવસે પહેલાં અટ્ઠમની સમાપ્તિની કોટિ ગણાવે છે, એ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે છઠ, અઠમ વિગેરેનો પ્રારંભ પચ્ચખ્ખાણ લેતી વખતે જ થઈ શકે છે. જુઓ આવશ્યક બૃહદ્વૃત્તિ

गोसे आवस्सए अब्भत्तट्ठो गहिओ अहोरत्तं अच्छिऊण पच्छा पुणरवि अब्भत्तट्ठं करेति, बितियस्स पट्ठवणा पढमस्स निट्ठवणां.

આ પાઠ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પહેલા દિવસે ઉપવાસ કરનારો મનુષ્ય બીજા દિવસે જે ઉપવાસ કરે તે કોટિસહિત પચ્ચખ્ખાણ કહેવાય, પણ તેને છઠ કહી શકાય નહિ. અને શાસ્ત્રકારે તેને છઠની કોટી કહી પણ નથી, એવી જ રીતે અઠમને માટે પણ અઠમ અઠમની કોટિ મેળવી જે અઠમનું કોટિસહિતપણું જણાવે છે તે પણ સાથે પચ્ચખ્ખાણ નહિ માનવાવાળાને તે વિચારવા જેવું છે. જુઓ તે પાઠ.

अट्ठमादिसु दुहओ कोडिसहियं जा चरमदिवसे तस्सवि एगा कोडी

એટલે અઠમવિગેરેમાં પણ એક અઠમ વિગેરેનો છેલ્લો દિવસ તે તેની એક કોટિ ગણી બીજાના શરૂ દિવસને બીજી કોટિ તરીકે ગણી અઠમ વિગેરેમાં પણ કોટિસહિતપણું મેળવેલું છે.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે એક, બે, ત્રણ વિગેરે ઉપવાસોને જ સંપૂર્ણપણે ચોથભકત, છઠભકત, અઠમભકત વિગેરે કહી શકાય અને તેથી જ શાસ્ત્રોમાં પણ સ્થાને સ્થાને એકીસાથે અઠમ ગ્રહણ કર્યાની હકીકતો આવે છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૮૧)

# આવશ્યકસૂત્ર અને તેની મહત્તા

શ્રી જૈનશાસનને જાણવા અને માનવાવાળા મહાનુભાવો સારી રીતે સમજી શકે છે કે આસ્તિક મતવાળા દરેક ધર્મો પોતાના ધર્માચરણના સાધ્ય તરીકે મોક્ષને જ ગણે છે.

## દેવલોકને ધર્મનું ફલ કેમ ગણવું ?

જો કે સામાન્ય રીતે यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः એવું સામાન્યરીતે સર્વઆસ્તિકતા ધરાવનારા ધર્મોનું લક્ષણ ગણવામાં આવે છે, પણ તેમાં અભ્યુદયની પ્રાપ્તિ દરેક ધર્મવાળાઓ આનુષંગિક ફળ તરીકે અને અનન્તરફળ તરીકે જ ગણે છે, પણ પારમાર્થિક આનુષંગિકફળ તરીકે કે પરંપરફળ તરીકે જો કાંઈપણ ગણાતું હોય તો તે માત્ર મોક્ષનામનું જ ફળ છે. જો કે અભ્યુદયશબ્દથી સ્વર્ગના દૈવી સુખો અને ત્યાંથી ચ્યવ્યા પછી મનુષ્યમાં આવતાં, ધન, ક્ષેત્ર, પૌરૂષ, પશુ વિગેરે દશ અંગો પણ સાથે લઈ શકાય છે અને તેથી શાસ્ત્રકારો ધર્મના ફળ તરીકે દેવતાની ઋદ્ધિનું વર્ણન કરવા સાથે સુકુલમાં આવવું અને દશાંગ સહિત થવું જણાવે છે, છતાં સ્વર્ગની મુખ્યતા ગણીને અભ્યુદયથી સ્વર્ગમાત્ર લેવામાં આવે અને તેથી धर्मः स्वर्गापवर्गदः એમ કહી સ્વર્ગને મુખ્યતાએ લે તો તેમાં આશ્ચર્ય નથી, અથવા તો ધર્મના અધિકારી તરીકે મનુષ્યજાતિ જ હોય છે અને તે ધર્મ કરનારી મનુષ્યજાતિ જો યથાસ્થિત ધર્મની પરણતિવાળી હંમેશાં રહે તો તે અનંતરપણે દેવલોક જ મેળવે અને તેથી ધર્મનું અનંતરફળ દેવલોકની પ્રાપ્તિ જ ગણાય અને તેથી પણ ધર્મના ફળ તરીકે સ્વર્ગને જ ગણાવાય તો તેમાં આશ્ચર્ય નથી.

## દેવલોક ફલની માફક સુકુલમાં આવવું વગેરે પણ ધર્મ ફલ જ

છતાં એ વાત તો નક્કી જ છે કે તે દેવતાની રિદ્ધિ પ્રાપ્ત થવી તે તથા દેવતાનું આયુષ્ય દેવતાપણાના શરીરમાં રહેવું અને દેવતાઈ ભવનો ત્યાગ થયા પછી જો મોક્ષ મેળવવાનો હોય તો સારા ક્ષેત્રમાં સારા મનુષ્યજાતિમાં જે કુલોમાં ધર્મસાધનની સારી સંપત્તિ હોય તે જ કુલોમાં તે ધર્મપરાયણ જીવ અવતરીને મોક્ષને સાધી શકે છે, માટે દેવત્વ અને સુકુલ પ્રત્યાયાતિ અવાન્તર અને અનન્તર ફળ તરીકે સર્વઆસ્તિકધર્મ માનનારાઓ માને તેમાં આશ્ચર્ય નથી.

## અનન્તર કે અવાંતર ફલથી પરંપરફલનું ધ્યેય ન ચુકાય

પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જે કોઈ પણ કાર્યનું અનન્તર કે અવાન્તર ફળ હોય તેના પરમફળ કે પરંપરાફળને ઘાતક હોવાં જોઈએ નહિ, એટલું જ નહિં, પણ કાર્ય કરનારાઓનું ધ્યેય પારમાર્થિક અને પરંપરફળ તરફ રહે તો જ તે કાર્ય કરનારને પ્રેક્ષાપૂર્વક કરનારો છે એમ કહી શકાય,

## મોક્ષફલની ધારણા ઉપર આસ્તિક નાસ્તિકપણાની પણ સ્થિતિ

અર્થાત્ પ્રેક્ષાપૂર્વક કરનારા દરેક આસ્તિક ધર્મવાળાઓ મોક્ષરૂપી પારમાર્થિક અને પરંપરફળ તરફ સાધ્યપણું ધરાવનારા હોવા જ જોઈએ, અને આ મોક્ષરૂપી પારમાર્થિક પરંપરફળની શ્રદ્ધા કે અભિલાષા નહિ ધરાવનારો મનુષ્ય વાસ્તવિક રીતિએ આસ્તિક કહી શકાય જ નહિ, અને તેથી

જ વાસ્તવિક શબ્દની વ્યાખ્યા કરનારાઓ પરલોક એટલે પુનઃ પુનર્જન્મ અને આદિશબ્દથી પુણ્ય, પાપ, સ્વર્ગ નરક અને મોક્ષને માનતા હોય તેને જ આસ્તિક કહે છે.

### જૈનપણાની સાથે મોક્ષશ્રદ્ધા

આ ઉપરથી સ્પષ્ટ થશે કે મોક્ષને નહિ માનનાર તથા નહિ ઇચ્છનાર એવા અભવ્ય જેવા જીવો આસ્તિક મતમાં પણ દાખલ થઈ શકતા નથી, એટલે કહેવું જોઈએ કે જેમ કોઈ અભવ્ય જીવ જૈનકુલમાં ઉત્પન્ન થયો હોય અને તે કુલના જ પ્રતાપે શુદ્ધદેવ, શુદ્ધગુરુ અને શુદ્ધધર્મને જ તત્ત્વ તરીકે અને કુદેવ, કુગુરુ અને કુધર્મને અતત્ત્વ તરીકે કહેતો હોય, ઓળખાવતો હોય અને તેને અનુકૂળ આચરણ કરનારો હોય, તોપણ તેના આત્મામાં તેની પ્રતીતિ ન હોય, તેને વ્યવહારથી જૈન તરીકે માન્યા છતાં તે વાસ્તવિક રીતે જૈનપણાને ધારણ કરવાવાળો નથી એમ જ કહેવું જોઈએ,

### વ્યવહાર મિથ્યાત્વ અને આભિગ્રહિક-મિથ્યાત્વ એ ગુણ ક્યારે ?

તેવી રીતે ઈતરઆસ્તિક કુલોમાં જન્મેલો અભવ્ય જેવો જીવ તે આસ્તિક એવા કુલના જ પ્રભાવે કુદેવ, કુગુરુ, કુધર્મને મોક્ષ નહિ દેવાવાળા છતાં મોક્ષદાયકપણે માને તે માત્ર વ્યવહારથી જ આસ્તિકપણાને ધારણ કરનારો કહેવાય, પણ વાસ્તવિક રીતે તે મોક્ષને નહિ માનનારો જીવ આસ્તિકમતની શ્રદ્ધાવાળો છે એમ કહી શકાય જ નહિ. આ બધી હકીકત બરોબર વિચારમાં આવશે તો અભવ્યજીવોને આભિગ્રાહિક મિથ્યાત્વ હોય એમ જે કેટલાક માને છે તે તથા અભિગ્રાહિકમિથ્યાત્વ પણ ન જ હોય, પણ અભવ્યજીવોને માત્ર અનાભોગિક જ મિથ્યાત્વ હોય એમ જે કેટલાક માને છે તે બંને માન્યતાએ યથાસ્થિત રીતે સમજી શકશો.

### મોક્ષને ફલ તરીકે માનનારે શું કરવું !

આ બધી હકીકત સમજનારા મનુષ્યને સ્હેજે સમજવામાં આવશે કે જૈન અગર જૈનેતર તમામ આસ્તિકધર્મો ધર્મમાત્રનું પરંપર અને પારમાર્થિક એવું જે મોક્ષફળ તેને ઉદ્દેશીને જ પ્રવર્તેલા છે.

### શુદ્ધમાન્યતા બોધ અને વર્તન જ કાર્યસાધક

જૈનધર્મે મોક્ષ સાધવા માટે શુદ્ધમાન્યતા શુદ્ધબોધ, અને શુધ્ધ વર્તનને જ ગણેલા છે.

### સમ્યગ્દર્શન એટલે શું !

દરેક વિચારક પુરૂષ સમજી શકે તેમ છે કે કોઈપણ કાર્ય કરતાં મનુષ્યે પ્રથમ તે કાર્ય કરવાનો નિશ્ચય જ કરવાની જરૂર છે. કાર્ય કરવાનો નિશ્ચય કર્યા વગર અન્ય અન્ય કાર્યોમાં લક્ષ્ય જાય અગર અન્ય કાર્યો પણ કરવાનું કહે તો જેમ અગ્નિઆદિ સર્વ સામગ્રીનો સંયોગ છતાં પણ ક્ષણે ક્ષણે તે ચોખાઆદિના આધારભૂત ભાજનને ચઢ ઉતર કરતો જાય, તો જે પાક થવાને માટે માત્ર અર્ધા કલાકની જ જરૂર હોય તે પાક અર્ધાવર્ષે પણ થાય નહિ. આ દૃષ્ટાંતને હૃદયમાં ગોઠવનારો મનુષ્ય જૈનશાસ્ત્રકારોએ જે આશ્રવ વગેરેનું જ્ઞાન જરૂરી જણાવી મોક્ષની જ સાધ્યતા થવી જોઈએ તેનું નામ સમ્યગ્દર્શન છે એવું કરેલું સૂચન કેટલું બધું ઉપયોગી છે તે સ્હેજે સમજી શકાશે. બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે કાર્ય કરવાના નિશ્ચયવાળો પુરૂષ જો કાર્ય કરનાર સાધનોના જ્ઞાનથી બેનસીબ રહે તો તે કોઈપણ પ્રકારે કાર્યને સિદ્ધ કરી શકશે જ નહિ,

### પદાર્થ જ્ઞાનની સમ્યક્તા કે સાધનજ્ઞાનની સમ્યક્તા ?

તેવી જ રીતે જૈનશાસ્ત્રકારોએ સમ્યગ્દર્શનરૂપી કાર્યની નિશ્ચયદશાને પામેલા મનુષ્યને અંગે મોક્ષસાધવાના કારણોને જાણવાની દરેકની ફરજ છે એમ જણાવ્યું અને તેથી જ સાધુ સિવાયના સમગ્ર વર્ગને શ્રાવક તરીકે ગણ્યો, અને તે શ્રાવકવર્ગની ફરજ ચોકખી રીતે જણાવી દીધી કે તેઓએ સમ્યક્ત્વઆદિને ધારણ કરવા સાથે મોક્ષમાર્ગના

આવશ્યક સાધનોરૂપ ઉંચા ધોરણની સામાચારીને તે ઉંચાધોરણની સામાચારીને આચારવાવાળા સુજ્ઞપુરૂષો પાસેથી સતત-દરરોજ સાંભળવી અને સાંભળે તો જ તેને શ્રાવક કહી શકાય, આ વસ્તુ વિચારનારો મનુષ્ય તત્ત્વની શ્રદ્ધારૂપી સમ્યગ્દર્શનદ્વારાએ મોક્ષતત્વની પ્રાપ્તિનો પરમ નિશ્ચય કરવાવાળો થયો હોય તો પણ તેના સાધનોના જ્ઞાનની કેટલી બધી જરૂર છે તે સમજી શકશે.

## સમ્યગદર્શનવાળાને સમ્યગજ્ઞાનની ભજના કેમ ?

જો કે સામાન્યજ્ઞાનનું સમ્યક્પણું તો સમ્યગ્દર્શનની ઉત્પત્તિની સાથે જ છે. છતાં પરોપદેશથી ઉપર જણાવેલા વિશેષજ્ઞાનને સમ્યક્શ્રુતજ્ઞાન તરીકે માનીને જ કેટલાક આચાર્યો સમ્યગ્દર્શન થયા છતાં પણ સમ્યગ્જ્ઞાનની હયાતિ હોય અથવા ન પણ હોય એમ ભજના જણાવે છે, અને આવી રીતના સાધનના સમ્યગ્જ્ઞાનના સિવાય મોક્ષપ્રાપ્તિનો કરાએલો નિશ્ચય અને તેની પ્રાપ્તિ માટે કરાતી પ્રવૃત્તિ લાકડાંના ઢગલાને ઓળંગવાના નિશ્ચયવાળા છોકરાની પ્રવૃત્તિ જેવી જ થાય, માટે મોક્ષપ્રાપ્તિના નિશ્ચયરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા છતાં પણ તેની પ્રાપ્તિના સાધનોને જાણવારૂપ સમ્યગ્જ્ઞાનને મેળવવાની ઘણી જરૂર છે ?

## મનુષ્યગતિમાં જ મોક્ષ અને તેનાં સાધનો કેમ ?

આવી રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મળ્યા છતાં પણ તેના ઉચા સાધનોની પ્રવૃત્તિરૂપ ચારિત્રનો આદર કરવામાં ન આવે તો કહેવું જોઈએ કે કુવાની છાયા કુવામાં જ સમાય, તેની માફક તે મોક્ષ તરફ પ્રયાણ કરી શકે જ નહિ, અને આ જ કારણથી મનુષ્યગતિ સિવાયની દેવ, નારકી અને તિર્યંચની ત્રણે ગતિઓમાં મોક્ષની પ્રાપ્તિનો શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે નિષેધ કરેલો છે, કેમકે તે ત્રણે ગતિઓમાં સમ્યગ્વર્તનને આદરવાનું સ્થાન જ નથી. આ બધું વિચારનાર મનુષ્ય સ્હેજે સમજી શકશે કે મોક્ષની પ્રાપ્તિના નિશ્ચયવાળાને તથા તેને સાધવા માટે પ્રવૃત્તિમાન થએલાઓને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિની જ જરૂર છે.

## સમ્યગ્દર્શનાદિનું આત્મગુણપણું અને તેની ક્રમિકતા

જો કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે આત્માના સ્વાભાવિક ગુણો છે અને તેથી તે ત્રણે ગુણો ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષાયિકજ્ઞાન અને વીતરાગપણે સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધદશા મેળવે તો ત્યાં પણ રહે છે, પણ તે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી પ્રથમ શરૂઆતમાં જે રીતે પ્રાપ્ત થએલા છે તે રૂપની ક્રમિક ઉન્નતિ થાય અને તે ઉન્નતિ પરમદિશાએ પહોંચે તો જ મોક્ષ સિદ્ધ થઈ શકે છે,

## સમ્યગદર્શનાદિની પ્રાપ્તિ પહેલાં પણ કર્મક્ષયોપશમ

જગતમાં જેમ પ્રથમ ધોરણ બહાર અભ્યાસ કરવો પડે છે અને પછી જ ક્રમસર ધોરણમાં આગળ વધી શકાય છે, તેવી રીતે અહીં પણ સમ્યગ્દર્શનઆદિની પ્રથમ શરૂઆતની પ્રાપ્તિ પહેલાં કર્મોનો નાશ થવો જોઈએ છે અને તે કર્મોના નાશના પ્રતાપે સમ્યગ્દર્શનાદિની પ્રથમ શરૂઆતની પ્રાપ્તિ થાય છે.

## ક્રમિક ક્ષયોપશમ એ જ ધર્મનું સાધ્ય

અને તે પછી ક્રમસર કર્મોનો ક્ષય કરતાં આગળ વધવું પડે છે અને જેમ જેમ અધિક અધિક કર્મક્ષય થતાં જાય છે, તેમ તેમ વાદળાથી મુક્ત થતા સૂર્યના પ્રકાશની પેઠે આત્માના ગુણોનો આવિર્ભાવ ક્રમસર વધતો જાય છે, માટે તે સમ્યગ્દર્શનાદિ ગુણત્રયીની પરમઉચ્ચ દશા પામવાની ઈચ્છાવાળાએ સૂર્યના પ્રકાશને વાદળાંની માફક આત્માના તે સમ્યગ્દર્શનાદિના ગુણોને રોકનારા કર્મોના ક્ષયને માટે કટિબદ્ધ થવું જોઈએ. તે વાદળાંને જેમ પ્રકાશ પોતે કંઈ દૂર કરી શકતો નથી, પણ તે વાદળાંને દૂર કરવા માટે વાયુની જરૂર રહે છે.

**કર્મવાદળને વિખેરનાર કોણ ?**

તેવી રીતે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીના ઉચ્ચતમ ભાવને રોકનારા કર્મોનો ક્ષય તે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી કરી શકે નહિ, પણ તે કર્મોના ક્ષયને માટે વાદળાંને વિખેરવાવાળા પવનની માફક કોઈ અન્ય સાધનની જરૂર છે. આ વસ્તુ વિચારતાં તત્ત્વજ્ઞ પુરુષ જ્ઞાનાચાર આદિ પાંચ આચારો કે જે પ્રવૃત્તિમય છે છતાં તેની કર્મક્ષયને માટે કેટલી જરૂર છે તે સ્હેજે સમજાશે.

**મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન આદિમાં છતાં આચારમાં જ્ઞાનાચાર કેમ ?**

જો કે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનો નિર્દેશ કરતાં સર્વજગો પર સમ્યગ્દર્શનને જ પ્રથમ સ્થાન આપવામાં આવે છે, છતાં પ્રવૃત્તિમય આચારોનું નિરૂપણ કરતી વખતે સર્વસ્થાને જ્ઞાનના આચારોને જ પ્રથમ સ્થાન કેમ આપવામાં આવ્યું છે એવી શંકા થવાનો સ્હેજે સંભવ છે, પણ સમ્યગ્દર્શનઆદિગુણોની ઉત્પત્તિનો ક્રમ ધ્યાનમાં રાખીને તે રત્નત્રયીનો નિર્દેશ કરેલો છે, પરંતુ નિઃશંક અને નિષ્કાંક્ષિતપણા વિગેરે દર્શનાચારોની પ્રવૃત્તિની મૂળ જડ જ્ઞાનની સમ્યક્આરાધના જ છે એમ સમજતાં જ્ઞાનાચારનું પ્રથમ સ્થાન જે પાંચઆચારમાં રાખવામાં આવ્યું છે તે યોગ્ય જ છે એમ માન્યા સિવાય ચાલશે જ નહિ.

**તપને આચારની પંક્તિમાં કેમ મુક્યું ?**

ઉપર જણાવેલી સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની અપેક્ષાએ જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારને કર્મક્ષયને માટે આરાધવા જોઈએ, તેવી રીતે ક્ષીરનીરન્યાયે આત્માની સાથે મળેલા કર્મોને દૂર કરનાર એવા તપઆચારની આવશ્યકતા પણ ઓછી નથી, વળી જ્ઞાનાદિકના આચારોમાં થતી સ્ખલનાઓ જો શોધવામાં ન આવે તો તે જ્ઞાનાચાર વિગેરે આચારો કર્મક્ષયરૂપી પોતાનું કાર્ય કરી શકે જ નહિ, માટે તે જ્ઞાનાચારઆદિની સ્ખલનાઓની શુદ્ધિ કરવા માટે તપઆચારની અનિવાર્ય જરૂર હોય તે સ્વાભાવિક જ છે.

**આચારના અવલોકન ને તેની સ્ખલના દૂર કરવાની જરૂર**

પ્રજાની સમૃદ્ધિ જો કે પ્રજાના ઉદ્યોગોને આભારી છે, તોપણ તે સમૃદ્ધિ ત્યારે જ ટકે કે પ્રજા અન્યાયના રસ્તાઓથી દૂર રહે અને અન્યાયી લોકોનો પરાભવ તેને ન થાય, એવી રીતે અહીં પણ જ્ઞાનાચારઆદિની શુદ્ધ પ્રવૃત્તિ જો કે આરાધકોએ પોતાની મેળે જ કરવાની છે, તોપણ તે જ્ઞાનાદિઆચારોની વૃદ્ધિ કરવાને આચારોની સ્ખલનાઓને દૂર કરવા માટે તપાચારરૂપી આચારની આવશ્યકતા જ છે, પણ તે જ્ઞાનાચારઆદિ આચારોની સ્ખલના તે આચારો અને તેની સ્ખલનાઓને તપાસવાથી જ માલમ પડે, અને તે સ્ખલનાઓ માલમ પડ્યા પછી તે સ્ખલનાઓની શુદ્ધિ માટે રોગના નિવારણ માટે જેમ વૈદ્યની જરૂર હોય તેવી રીતે ગુરુમહારાજની જરૂર હોય તે નહિ સમજાય તેમ નથી.

**વીર્યાચારની જરૂર અને તેના ભેદોનો નિયમ**

આવી રીતે જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર અને તપાચાર એ ચાર આચારો જણાવ્યા, છતાં પાંચમા વીર્યાચારની ન્યૂનતા રહી એમ વાચકને લાગશે, પણ વીર્યાચાર એ જ્ઞાનાદિ આચારોથી જુદો આચાર જ નથી, અને તેથી જ શાસ્ત્રકારો જ્ઞાનાચારઆદિના આઠ, આઠ, આઠ અને બાર એમ છત્રીસ આચારોમાં જે મન વચન કાયાનું વીર્ય ફોરવવું તે જ છત્રીસ પ્રકારનો વીર્યાચાર છે એમ ગણે છે,

**મોક્ષમાર્ગના આરાધકોને આવશ્યકની જરૂર**

આવી રીતે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી અને તેને અંગે જરૂરી એવા જ્ઞાનાદિ પાંચ આચારો સમજતાં તે પાંચઆચારોની સ્ખલનાની શુધ્ધિ માટે મુમુક્ષપુરુષ હરરોજ સવાર સાંજ પ્રયત્ન કરે એ જરૂરી છે, અને તે જ પ્રયત્નનું જરૂરીપણું હોવાથી શાસ્ત્રકારો તે પ્રયત્નને આવશ્યક નામથી ઓળખાવે છે.

પ્રશ્નકારઃ ચતુર્વિધ-સંઘ.

સમાધાનકારઃ
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

**પ્રશ્ન ૭૯૯**-ભગવાન્ નેમિનાથજી શ્રીગિરનારજી ઉપર દીક્ષિત થયા. કેવલજ્ઞાન પામ્યા અને મોક્ષ પામ્યા છે તો પછી શ્રીસિદ્ધાચલજી ઉપર શ્રીનેમિનાથજી શિવાય તેવીશ તીર્થંકર મહારાજ આવ્યા છે એમ કેમ કહેવાય છે ? કેમકે શ્રીગિરનારજી શ્રીસિદ્ધાચલજીની પાંચમી ટુંક છે, એમ શ્રીશત્રુંજયમાહાત્મ્યમાં સ્પષ્ટપણે જણાવેલ છે.

**સમાધાન**-મૂલટુંકમાં શ્રીનેમિનાથજી ભગવાન્નું આવવું થયું નથી, તેથી શ્રીનેમિનાથજી સિવાયના તેવીશ ભગવાન્ શ્રીસિદ્ધાચલજી આવ્યા એમ કહેવાય છે.

**પ્રશ્ન ૮૦૦**-અષ્ટમંગલની અંદર મત્સ્યનું યુગ્મ કેમ લેવાય છે ! શું મ્ત્સ્યજાતિ ઉત્તમ છે ?

**સમાધાન**-બત્રીશલક્ષણમાં જેમ મ્ત્સ્યનો આકાર ઉત્તમ ગણાય છે, તેવી રીતે સ્વસ્તિકાદિની સ્થાપનામાફક મત્સ્યની સ્થાપના ઉત્તમ ગણાય છે. કેટલીક આકૃતિઓ જ પદાર્થ ઉત્તમ ન હોય તો પણ ઉત્તમ હોય છે. ધ્યાનમાં રાખવું કે ઝાડ અને પર્વતના આકારોની હાથઆદિમાં રેખાઓ ઉત્તમ છે અને યવની રેખા પણ ઉત્તમ છે. માટે મત્સ્યના આકારની ઉત્તમતા ગણવામાં અડચણ નથી.

**પ્રશ્ન ૮૦૧**-ભગવાન્ જિનેશ્વર મહારાજા વગેરે જ્યારે માતાની કુક્ષિમાં આવે છે ત્યારે તેમની માતાઓ ચૌદ વગેરે સ્વપ્નો દેખે છે તેવી રીતે જે જીવ ભાવિતાત્મા અનગાર થવાનો હોય તેની માતા તે જીવ ગર્ભે આવે ત્યારે કોઈ સ્વપ્ન દેખે ખરી ? અને કદાચ દેખે તો તેનું પ્રમાણ શું ?

**સમાધાન**-શ્રીજિનેશ્વર મહારાજ વગેરે ગર્ભમાં આવે ત્યારે તેઓની માતા જેમ ચઉદ વગેરે સ્વપ્નો દેખે છે તેમ ભાવિતાત્મા અનગારનો જીવ ગર્ભે આવે ત્યારે તેમની માતા જે ગજવૃષભાદિ ચૌદસ્વપ્નોમાંથી કે ત્રીશ મહાસ્વપ્નોમાંથી કોઈપણ એક સ્વપ્ન દેખે એ સંભવિત છે અને તેથી જ ધારિણી દેવીએ દેખેલા સિંહસ્વપ્નના ફલ તરીકે માંડલિકરાજાપણું જણાવવાની માફક ભાવિતાત્મા અનગારપણું ફલ તરીકે સ્વપ્નપાઠકોએ જણાવેલ છે (જ્ઞાતા ૨૧ પત્રે) એવી

જ રીતે ભગવતીજીના ૧૧ શતકમાં ૧૧મા ઉદ્દેશે મહાબલજીની માતાએ દેખેલ સિંહ સ્વપ્નના ફલ તરીકે પણ ભાવિતાત્મા અનગારપણું જણાવેલું છે (જુઓ ભગવતીજી ૫૩૧ પત્રે)

**પ્રશ્ન ૮૦૨**-કેટલાકો રમણની દોરીએ ચઢેલા જે એમ કહે છે કે ભગવાન્ તીર્થંકર મહારાજા સિવાયના ભવિષ્યમાં શુધ્ધ ચારિત્રવાળા કે વિદ્વાન થનારા હોય તો તેઓના જન્મમાં કંઈ વિશિષ્ટતા નથી તો એ શું સાચું છે ?

**સમાધાન**-શ્રીભગવતીસૂત્ર અને જ્ઞાતાસૂત્રના સિંહસ્વપ્નના અધિકારને જાણનારો તથા આવશ્યકાદિમાં કહેલ ગણધરઆચાર્યાદિના નામકર્મને માનનારો મનુષ્ય તો અણઘડ રમણની વાત મંજુર કરી શકે જ નહિં. સાર્વત્રિક વિશિષ્ટતાનો નિયમ ન માનીયે તો પણ વિશિષ્ટતા ન જ હોય એમ કહેનાર જરાક જડતાની જંજીરમાં જકડાયેલ હોવાથી સુજ્ઞને માનવા લાયક થાય જ નહિ.

**પ્રશ્ન ૮૦૩**-કર્મવેદનના કાલ કેટલા પ્રકારના થાય છે અને તે શા કારણથી થાય છે.

**સમાધાન**-ત્રણ પ્રકારે જે નિરૂપકમકર્મ હોય અને બાંધ્યા પ્રમાણે જ વેદવું પડે તેનો જ્યેષ્ઠવેદનકાલ તથા જે કર્મ તપ તથા ચારિત્રદ્વારાએ ઉપક્રમથી વેદાય તે મધ્યકાલવેદન ગણાય, પણ જે કર્મ ક્ષપકશ્રેણિદ્વારાએ કે અયોગિપણામાં થતી નિર્જરાદ્વારાએ ખપાવાય તે જઘન્યકાલ ગણાય.

**પ્રશ્ન ૮૦૪**-શ્રીગુણસ્થાનકમારોહઆદિને અનુસારે પ્રથમ ત્રણ સંઘયણવાળો ઉપશમશ્રેણિ માંડે એમ જણાવાયું છે અને જો ઉપશમશ્રેણિમાં કાલ કરે તો જરૂર અનુત્તર વિમાનમાં જ જાય એ નિયમ છે તો બીજા ત્રીજા સંઘયણવાળો જીવ અનુત્તરમાં જાય ?

**સમાધાન**-અનુત્તરમાં જનારા જીવ પ્રથમ સંઘયણવાલા જ હોય માટે બીજા ત્રીજા સંઘયણવાળા જીવો ઉપશમશ્રેણિ માંડે તોપણ તેઓ શ્રેણિમાં કાલ ન કરે એમ માનવું જ ઉચિત છે.

**પ્રશ્ન ૮૦૫**-કેટલાકો સ્વયંભૂ રમણની વેદિકાથી સંખ્યાત યોજન સુધી પણ લોક કહે છે એ શું વ્યાજબી છે અને હોય તો શા હિસાબે વ્યાજબી ગણાય ?

**સમાધાન**-સ્વયંભૂરમણની પૂર્વાપર વેદિકાનું અંતર એક રાજપ્રમાણ છે. પણ ક્ષુલ્લકપ્રતરો ઘામાંપૃથ્વીના સંખ્યાતયોજન પછી હોવાથી સ્વયંભૂ રમણની વેદિકા કેટલાક યોજન અધિક સુધી તીર્યગ્લોક પ્રમાણ હોય તે અસંભવિત નથી. પૂર્વાપર વેદિકા જેટલો લોક કહેવાય છે તે અલ્પની અપેક્ષાથી સમજી શકાય. રત્નપ્રભાથી સામાન્ય રીતે પણ બાર યોજન દૂર જ અલોક છે.

**પ્રશ્ન ૮૦૬**-સૌધર્માદિ ઈંદ્રો શ્રીજિનેશ્વર મહારાજનો જન્મ ક્યા ક્યા કારણથી જાણી શકે છે ?

**સમાધાન**-આસનનો પ્રકંપ, સતત ઘંટાનાદ, અને અવધિજ્ઞાન એ ત્રણ કારણોથી સૌધર્માદિના ઇન્દ્રો શ્રીજિનેશ્વરના જન્મને જાણે છે, એમ શ્રી પ્રવજ્યાવિધાનની વૃત્તિમાં શ્રીપ્રદ્યુમ્નસૂરિ જણાવે છે.

**પ્રશ્ન ૮૦૭**-અજિતનાથજી વગેરે ત્રેવીશ ભગવંતો ગૃહસ્થાવસ્થામાં સંસ્કાર કરેલા આહાર કરતા હતા, પણ ભગવાન્ શ્રીઋષભદેવજી તો ગૃહસ્થપણામાં દેવકુરૂનાં ફળ ખાતા હતા તો તેઓ પાણી ક્યું પીતા હતા ?

**સમાધાન**-ભગવાન્ ઋષભદેવજી ગૃહસ્થાવસ્થામાં ક્ષીરોદધિસમુદ્રનું પાણી પીતા હતા એમ શ્રી પ્રદ્યુમ્નસૂરિજી જણાવે છે.

**પ્રશ્ન ૮૦૮**-લલિતાંગદેવની સ્વયંપ્રભાદેવી જે પ્હેલાં હતી તે જ નિર્નામિકા થઈને ફેર સ્વયંપ્રભા થઈ છે કે બીજી થઈ છે ?

**સમાધાન**-પ્હેલાંની સ્વયંપ્રભા હતી તે જ નિર્નામિકા અને તે જ ફેર સ્વયંપ્રભા થયેલી જણાય છે.

**પ્રશ્ન ૮૦૯**-શ્રેયાંસકુમારે જાતિસ્મરણ મેળવ્યું તેથી પોતાના ભવોને જાણે પણ ભગવાનના ભવો શી રીતે જાણે ?

**સમાધાન**-પ્રદ્યુમ્નસૂરિજી શ્રીશ્રેયાંસકુમારને જાતિસ્મરણની સાથે અવધિ જણાવે છે. માટે ભગવાનના ભવો જાણવામાં પણ અડચણ નથી.

## ....તત્ત્વજિજ્ઞાસુઓને અમૂલ્ય અવસર....

:-: યાને :-:

# * ઉત્તમ ગ્રંથો મેળવવાની ઉમદા તક *

卐

### નવીન બહાર પડેલા ગ્રન્થો

૧. શ્રીઅચારાંગસૂત્ર (દ્વિતીય શ્રુતસ્કંધ) શ્રી શીલાંકાચાર્યકૃત ટીકા સહિત રૂા. ૨-૦-૦

૨. શ્રીભગવતીસૂત્ર (આચાર્ય દાનશેખરસૂરિવિહિત ટીકા સહિત) રૂા. ૫-૦-૦

૩. શ્રીતત્ત્વાર્થસૂત્ર (આચાર્ય હરિભદ્ર-સૂરિકૃત ટીકા અને સ્વોપજ્ઞ ભાષ્ય) રૂા. ૬-૦-૦

૪. શ્રી તત્ત્વાર્થ સૂત્ર (મૂળ અને સ્વોપજ્ઞભાષ્ય) રૂા. ૧-૦-૦

૫. શ્રીપર્યુષણાદશશતક (મહોપાધ્યાય શ્રી ધર્મસાગરગણિકૃત સ્વોપજ્ઞ) રૂા. ૦-૧૦-૦

૬. પુષ્પમાલા (ઉપદેશમાલા) (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ૬-૦-૦

૭. વિશેષાવશ્યક ભાષ્ય પૂર્વાર્ધ (શ્રીકોટ્યાચાર્યકૃત ટીકા) ૫-૦-૦

૮. બુદ્ધિસાગર વ્યાકરણ (ધર્મ અને નીતિબોધક ગ્રંથ) ૦-૩-૦

### નવીન છપાતા ગ્રન્થો

૧. વિચારામૃત સંગ્રહ (કુલમંડણસૂરિ કૃત)

૨. ભવભાવનાવૃત્તિ પૂર્વાર્ધ (મલધારી હેમચંદ્રસૂરિકૃત)

૩. કલ્પકૌમુદીટીકા (ઉ. શાંતિસાગરસૂરિકૃત)

## :- પ્રાપ્તિ સ્થાન :-

૧. શ્રીજૈનાનંદ પુસ્તકાલય
ઠે. ગોપીપુરા,
સુરત

૨. માસ્તર કુંવરજી દામજી
ઠે. મોતી કડીયાની મેડી,
પાલીતાણા (કાઠિયાવાડ)

## સાધકોને માટે વર્તમાનશાસનની અદ્વિતીયતા-

सुषमातो दुष्षमायां, कृपा फलवती तव ( प्रभोः )

मेरुतो मरुभूमौ हि, श्लाध्या कल्पतरोः स्थितिः ॥१॥

ભગવાન્ જિનેશ્વરોની મહેરબાની[1]થી ત્રીજા અને ચોથા આરા કે જે સુષમદુષ્ષમ અને દુષ્ષમસુષમ તરીકે ગણાતા હોઈ સુ[2]ષમાકાલને નામે ઓળખી શકાય, તે ત્રીજા ચોથા આરારૂપી સુષમાકાલમાં જે ફલ થયું હતું તેના કરતાં આ દુષ્ષમા નામના પાંચમા આરામાં ભગવાનના શાસનનું ફલ ઘણું જ વખાણવા લાયક છે. જો કે મોક્ષપથની આરાધના બન્ને, તે આરામાં અને આ પાંચમાઆરામાં પણ સરખી જ છે, અર્થાત્ મોક્ષપથની આરાધનામાં કાલભેદે કોઈ પણ ભેદ નથી, છતાં ત્રીજો અને ચોથો આરો અન્ય કેવલજ્ઞાનિયો અને મનઃપર્યાયઆદિજ્ઞાનવાળાના સમાગમને લીધે મેરૂસમાન હતો, પણ આ પાંચમો આરો તો અન્યકેવલજ્ઞાનિઆદિના અભાવવાળો હોવાથી મરૂભૂમિ જેવો છે, માટે તે પાંચમા આરારૂપ મરૂભૂમિમાં આપની (ભગવાન્ જિનેશ્વરોની) મ્હેરબાનીરૂપ શાસનપ્રણાલિકારૂપ જે કલ્પવૃક્ષ તે અત્યંત વખાણવા લાયક છે, એટલે શાસનની આરાધના કરી મોક્ષપંથે પ્રયાણ કરનારા માટે તો આ પાંચમો આરો કોઈપણ પ્રકારે ઉપેક્ષા કરવા લાયક નથી, પણ અત્યંત અનુમોદવા લાયક છે. મેરૂમાં રહેલાં કલ્પવૃક્ષો કરતાં મારવાડમાં રહેલ કલ્પવૃક્ષ અત્યંત પ્રશંસાને પામે છે.

**કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ**

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ પ્રશસ્ત કે અપ્રશસ્ત બન્ને પ્રકારના રાગે કરીને રહિત હોય છે અને તેથી તેઓને જેમ પ્રશસ્ત અપ્રશસ્ત બન્ને પ્રકારનો દ્વેષ ન હોવાથી કોઈપણ જીવની ઉપર અપ્રીતિ કે અરૂચિ હોતી નથી તેવી જ રીતે કોઈપણ જીવ ઉપર પ્રીતિ કે રૂચિ હોતી નથી, પણ જેમ સૂર્યને મનુષ્ય કે પ્રાણી ઉપર રાગ નહિ છતાં તેના ઉદ્યોતથી સર્વને ઉપકાર થાય તે વખતે તે તે ઉપકારને અંગે ગુણનું બહુમાન કરનાર તે તે મનુષ્ય સૂર્યની મહેરબાની ગણે તેવી રીતે શ્રીજિનેશ્વરમહારાજના તત્વમયઉપદેશના પ્રતાપે જે જીવોને ઉપકાર થાય તેઓ ભગવાન્ જિનેશ્વરોની મ્હેરબાની ગુણજ્ઞપણાને લીધે માને તેમાં નવાઈ નથી, અથવા ભગવાન્ જિનેશ્વરોએ અશરણ અને દુઃખથી પીડાયેલ જગતને દેખીને તે જગતને જન્માદિ દુઃખોથી બચાવવારૂપ દયાથી જ શાસન થાપ્યું છે અને તેથી તે શાસનરૂપ કાર્યને દયારૂપ કારણને નામે ઓળખાવીને તે શાસનની સ્તુતિ કરાય તેમાં પણ નવાઈ નથી. ધ્યાનમાં રાખવું જરૂરી છે કે દુઃખી પ્રાણિઓના દુઃખ નાશ કરવાની મતિ ક્ષાયોપશમિકાદિગુણરૂપ છે, પણ તે કોઈપણ પ્રકારે મોહિનીઆદિના ઉદયરૂપ નથી. ભગવાનના વિહાર ઉપદેશ વગેરે અભિપ્રાયપૂર્વક હોય છે, તો પછી શાસનની સ્થાપના અભિપ્રાય પૂર્વક હોય તેમાં આશ્ચર્ય નથી, જ્ઞાનના સાધનરૂપ વિચારો ન હોવાથી અહિં તેનો બાધ નથી.

૨ વ્યાકરણની અપેક્ષાએ બે પદવાળા શબ્દમાં પ્હેલો કે બીજો કોઈપણ ઉડી શકે છે અને તેથી ભીમસેનને માટે ભીમ અને સેન એ બેમાંથી કોઈપણ શબ્દ વાપરી શકાય છે, તેવી રીતે અહિ ત્રીજા આરા માટે અંત્યનો દુષ્ષમાશબ્દનો લોપ અને ચોથા આરા માટે આદિમાં રહેલા દુષ્ષમશબ્દનો લોપ કરી બન્ને આરાને સુષમાશબ્દથી કહેલા છે.

ચતુર્થ વર્ષ અંક ૧૬

Registered No. B.3047




વૈશાખ વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૨૦-૫-૧૯૩૬

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

| | | |
|---|---|---|
| ૧. | અનુયોગદ્વારચૂર્ણિ | ...૧-૧૨-૦ |
| ૨. | અર્હિસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ | ...૦-૮-૦ |
| ૩. | આચારાંગ | |
| ૪. | આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૫. | ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૬. | ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૭. | જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૮. | જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૯. | તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| * ૧૦. | તત્વાર્થસૂત્ર સટીક સભાષ્ય (હારીભદ્રીય) | ૬-૦-૦ |
| * ૧૧. | તત્વાર્થસૂત્ર સભાષ્ય | ...૧-૦-૦ |
| ૧૨. | ત્રિષષ્ટીદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૧૩. | દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૧૪. | દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૧૫. | દ્રવ્યલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૧૬. | નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ...૧-૪-૦ |
| ૧૭. | નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૧૮. | પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ...૨-૪-૦ |
| ૧૯. | પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૨૦. | પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૨૧. | પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૨. | પરિણામમાળા (લેજર પેપર) | ...૦-૧૨-૦ |
| * ૨૩. | પર્યુષણા દશશતક | ...૦-૧૦-૦ |
| * ૨૪. | પુષ્પમાળા (ઉપદેશમાલા) | ...૬-૦-૦ |
| ૨૫. | પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી, | ...૧-૮-૦ |
| ૨૬. | પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૨૭. | પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૨૮. | બારસાસૂત્ર (સચિત્ર) | ૧૨-૦-૦ |
| * ૨૯. | બુદ્ધિસાગર વ્યાકરણ (ધર્મ અને નીતિબોધક ગ્રંથ) | ...૦-૩-૦ |
| ૩૦. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| * ૩૧. | ભગવતીજી (દાનશેખરીયવૃત્તિ) | ...૫-૦-૦ |
| ૩૨. | મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૩. | યશોવિજયજી કૃત ૧૨૫, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત... | ૦-૮-૦ |
| ૩૪. | યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૩૫. | લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩૬. | વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૩૭. | વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |
| * ૩૮. | વિચારામૃત સારસંગ્રહ | ...૧-૪-૦ |
| ૩૯. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| * ૪૦. | વિશેષાવશ્યકભાષ્ય પૂર્વાર્ધ (કોટ્યાચાર્યકૃત ટીકા) | ...૫-૦-૦ |
| ૪૧. | શ્રાદ્ધવિધિ (હિન્દી) | ..૧-૮-૦ |
| ૪૨. | સિદ્ધચક્ર માહાત્મ્ય | ...૧-૦-૦ |

* આ નિશાનીવાળા ગ્રંથો નવીન બહાર પડેલા છે.

**પ્રાપ્તિસ્થાન**

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)



આ પાક્ષિક ધી "જૈન વિજ્યાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૬ | મુંબઈ તા. ૨૦-૫-૧૯૩૬ બુધવાર<br>વૈશાખ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**અનુસંધાન-**

ભગવાન્ જિનેશ્વરોના પૂજનમાં તેમના પરહિતરતપણાના ગુણને વિચારવો જરૂરી હોવાથી ભગવાન્ શ્રીઋષભદેવજીનું પરહિતરતપણું વિચારતાં ભગવાન્ શ્રીઋષભદેવજીએ રાજ્યાભિષેકની ક્રિયાની અનુમતિ આપી રાજ્યારોહણ સ્વીકાર્યું અને તે રાજ્યારોહણને અંગે જ ગુન્હેગારોનું કાયિકદમન કરવાનું પ્રારંભ્યું અને તે કાયિકદમનને અંગે જ ખોળ કરવા અશ્વની સમુદાયિક જોરમાં આવેલા ગુન્હેગારોને લાવવા કે તે ગુન્હેગારોને રોજી આપી તેની સંખ્યા ઘટાડવા જ્યારે પ્રયત્ન કરવો પડ્યો ત્યારે ગાય અને બળદોની જરૂર પડી એ વાત આપણે જોઈ ગયા છીએ, પણ શાસ્ત્રકારો જેવી રીતે અશ્વ અને ગાયબળદનો સંગ્રહ રાજ્યને અંગે જણાવે છે તેવી જ રીતે હાથીનો પણ સંગ્રહ રાજ્યને અંગે જરૂરી છે એમ જણાવવા સાથે તે સંબંધી કર્તવ્યતા પણ ભગવાને સંપૂર્ણ પણે બજાવી છે એમ સ્પષ્ટપણે જણાવે છે. હવે ભગવાન્ શ્રીઋષભદેવજીને રાજ્યને અંગે હાથીના સંગ્રહની જરૂર ગણાવી છે તેનો વિચાર કરવા પહેલાં ધ્યાન રાખવાની જરૂર છે કે જેમ વર્તમાનના દેશી રાજ્યોમાં હાથીઓનો સંગ્રહ માત્ર રાજ્યસ્થાનની શોભા માટે હોય છે, અથવા સરઘસ કે દશેરાના સ્વારી કાર્યોમાં જ માત્ર તેની ઉપયોગિતા ગણાય છે તેમ ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્યત્વકાલમાં હાથીઓનો તેવો ઉપયોગ ઘણો ઓછો જ થતો હતો જો કે ભગવાન્ ઋષભદેવજીએ કુંભકારનું શિલ્પ શિખવ્યું તે વખતે પોતે હાથી ઉપર બેઠેલા હોઈ હાથીના કુંભસ્થલનો જ ઉપયોગ પ્રથમ ભાજન બનાવવાના કામમાં કર્યો છે તો પણ શાસ્ત્રકારોએ અશ્વ અને ગાયબળદની માફક હાથીનો પણ સંગ્રહ માનેલો હોવાથી તે હાથીઓનો ઉપયોગ રાજ્યકારભારને અંગે ઉપયોગી હોવો જોઈએ એ સમજવું ગણું સ્હેલું છે, પણ તે હાથીનો ઉપયોગ રાજ્યકારભારમાં કેવી રીતે હોવો જોઈએ એ હકીકત વિચારવાની જરૂર રહે છે. જો કે આ વસ્તુ ચરિતાનુવાદની અને તેમાં વળી કલ્પનાની કોટીને જ કોટે વળગેલી છે એટલે તેમાં અત્યાર્થક અનર્થક કે અધિકાર્થક વગેરે કોઈપણ હોય તો તે અસંભવિત તો ન જ ગણાય, પણ યોગ્ય વિચારણાને અંગે યોગ્ય વિવેચનની જરૂર ધારીને જ કંઈક વિચાર કરવો તે અપ્રસ્તુત તો નથી જ.

### સંગ્રહમાં હાથીની જરૂર અને તેનું સ્થાન

જગતમાં સામાન્ય રીતે મનુષ્ય જો કે સુખ અને દુઃખને સ્વયં વેદે છે અને સુખદુઃખના વેદનમાં કોઈની ભાગીદારી હોતી નથી, તેમ ચાલતી પણ નથી. ભાગીદારીના વિષયમાં સ્થાવર અને જંગમ

એવાં સુખનાં સાધનો આવી શકે છે, પણ ફલરૂપ સુખદુઃખનું વેદન તો કોઈપણ દિવસ ભાગીદારીનું સ્થાન બનતું નથી છતાં મનુષ્ય પોતાના સુખના વેદનને જ્યારે બીજા આગળ જાહેર કરે છે અથવા બીજો મનુષ્ય તેના સુખના વેદનને તેની સાધનસંપત્તિથી જોઈ જાણી શકે છે અને તેથી તે મનુષ્યની તે બાબતમાં અનુમોદના કરે છે ત્યારે તે સુખને વેદનારના આત્માની લાગણી કઈ ગુણી થઈ જાય છે. અર્થાત્ શ્લાઘાના જોરમાં સુખવેદનનું શતગણાપણું કે સહસ્રગણાપણું થઈ જાય છે. જેવી રીતે અન્ય મનુષ્ય સમજી શકે અને તેના દુઃખના વેદનને દુષ્કર કે દુસ્સહ તરીકે જણાવે અથવા તો પોતે પોતાને થતું દુઃખવેદન અન્યની આગળ વર્ણન કરે અને બીજો મનુષ્ય તે તેના દુષ્કર કે દુસ્સહનો ભાગીદાર ન બને પણ શ્રવણ કરે એટલા માત્રથી તે દુઃખને વેદનારાની દુઃખમાત્રા ઘણી સ્હેલી અને સુસહ્ય થઈ જાય છે. આ જગતની સામાન્ય વાતને જણાવવાની અહીં એટલા માટે જ જરૂર છે મનુષ્ય જગતના સ્વભાવને અંગે જ સુખદુઃખની દશામાં અન્યની દરકાર રાખનારો હોય છે, પણ આના કરતાં કાયિકદમનને લાયકના ગુન્હા કરનારાઓ તો પ્રાયે અન્ય-અન્યના સહકાર અને સહચાર સિવાય ભાગ્યે જ પ્રવર્ત્તાવવાવાળા હોય છે. સામાન્ય રીતે કોઈના ઢોર આદિની ચોરી કરી કાયિકદમનને લાયક બનનારાની આ સ્થિતિ હોય છે તો પછી જેઓ સમુદાયની સ્વતંત્ર માલિકી કે સામુદાયિક માલિકીવાળી વસ્તુઓ જમીન જર વિગેરે હોય અને તેની ચોરી કરવાની ધારણા રાખે તે મનુષ્યો સમુદાયરૂપે હોય તે કોઈપણ પ્રકારે અસ્વાભાવિક તો કહી શકાય જ નહિ. જે સામુદાયિક ચોરી કે તેવા ગુન્હા કરનારો સમુદાયરૂપે થવું કે રહેવું પડે છે તેમ તેઓને શિક્ષિત કરવા કે પકડવા માટે જેઓને પ્રયત્નો કરવા પડે છે તેઓને પણ તેવી જ તૈયારી રાખવી પડે છે કે તે સમુદાયે એકઠા થયેલા ગુન્હેગારો તે રક્ષકના વાહન જે અશ્વ બળદ આદિ હોય તેને જેમ સ્હેજે રોકી શકે રંજાડી શકે કે મારી નાખી પણ શકે તેમ રક્ષકે તેવા સામુદાયિક અને સમુદાયની સ્હામા થતા ગુન્હેગારો માટે તેવા વાહનનો ઉપયોગ કરવો જ પડે કે જે વાહનને સમુદાયરૂપે થયેલ ગુન્હેગારો હોય તો પણ રોકી રંજાડી શકે નહિ તેમ મારી નાખી શકે નહિ. એવું વાહન જગતની પ્હેલી સ્વાભાવિક મેળવી શકાય એવી સ્થિતિને અંગે વિચારીએ તો હાથી સિવાય ભાગ્યે જ મળશે. આ વાતને બરોબર વિચારવાથી ભગવાન્ શ્રીઋષભદેવજીની હાથીના સંગ્રહની શી જરૂર હતી તે સમજાશે અને સાથે દરેક રાજાઓ લડાઈને અંગે પોતાના બળનું તોલ કરતાં હાથીની સંખ્યા પ્રથમ નંબરે કેમ મ્હેલ છે તે પણ સમજાશે. એ વાત તો કોઈથી નાકબુલ થાય તેમ જ નથી કે જ્યાં સુધી આ જગતમાં છલ અને કલથી રાક્ષસી રીતિએ લડાઈઓ લડાતી ન્હોતી પણ માત્ર બલના જોરે જ લડાઈઓ લડાતી હોઈ દૈવીયુદ્ધ થતાં હતાં ત્યાં સુધી બલની પરિસીમા હાથીની સંખ્યા અને તેની કલામાં રહેલી હતી. આપણે સાંભળીએ કે મહારાજા ઉદયને માળવાધિપતિ ચંડપ્રદ્યોતને હરાવ્યો તે હાથીના પરાભવથી જ. પરમાર્હત મહારાજા કુમારપાલે પોતાના બનેવી શાકંભરીના શાસકને પણ શાસનમાં લીધો તે પણ ગજશિક્ષાના પ્રભાવે જ. આવી આવી અનેક ઐતિહાસિક વાતોને જાણવા અને માનવાવાળો મનુષ્ય જયપતાકા ગ્રહણ કરવામાં હાથીની કેટલી ઉપયોગિતા છે અથવા હતી તે સ્હેજે સમજશે અને તે સમજવાથી જ ભગવાન્ શ્રીઋષભદેવજીને દુષ્ટદમન માટે સ્વીકારેલી રાજ્યગાદીને અંગે હાથીઓના સંગ્રહની કેટલી જરૂર હશે તે સ્હેજે સમજાશે.

**રાજ્યાભિષેકને અંગે જ મનુષ્યોની જાતિને વ્હેંચવાની જરૂર**

આ વાત તો સર્વ લોકોને એકી અવાજે કબુલ જ છે કે અસલમાં મનુષ્યજાતિ એકરૂપે અર્થાત્ અવિભકતરૂપે જ હતી. એવી કબુલાત નિર્હેતુક નથી પણ સહેતુક જ છે, કારણ કે બ્રાહ્મણઆદિ કોઈપણ વર્ણની નિશાની જન્મથી કોઈપણ હોતી નથી. અર્થાત્ મનુષ્ય માત્ર જન્મથી એકસરખો જન્મે છે. જન્મતી વખતે મનુષ્યના શરીરે કોઈપણ જાતિની વિશિષ્ટતાનું ચિહ્ન હોતું નથી. અશ્વ, શ્વાન, ગર્દભ, ગાય, બળદ, ભેંસ વગેરે જાનવરની જાતિમાં જેમ પરસ્પર જન્મથી વિશિષ્ટતા આકાર અને સ્વભાવઆદિને અંગે સ્પષ્ટપણે હોય છે તેવી રીતે મનુષ્યજાતિની જન્મ વખતે કોઈપણ જાતની આકાર અને સ્વભાવઆદિની વિશિષ્ટંતા હોતી જ નથી, અને આ કારણથી સેંકડો બ્રાહ્મણ આદિ જાતિના ઉત્તમ બાલકો અધમ જાતિમાં અને અધમ જાતિનાં બાલકો ઉત્તમ જાતિમાં પોષાયાં છે પોષાય છે અને કેટલાંક દેશી રાજ્યો તો ગોલા ઘાંચી, મોચી, કાછીયા અને કોળીના સંતાનોને પણ ગાદી ખાલી ન પડી જાય અથવા બીજાના કબજામાં ન જાય એ મુદ્દાને મનમાં ધરીને રાણી સાહેબોના પુત્ર તરીકે વસાવી દે છે. આ હકીકત પણ એ જ જણાવવા પૂરતી છે કે મનુષ્યજાતિમાં તેવો જન્મથી કંઈપણ ફરક નથી કે જેવો જાનવર અને પંખી જાતિમાં જન્મથી જ સ્પષ્ટ ફરક રહેલો છે. આ કારણને જાણનારો મનુષ્ય એકસરખી રીતે કબુલ કર્યા વિના રહી શકશે જ નહિ કે મનુષ્યમાં જન્મથી જાતિનો કોઈપણ ફરક નથી. અસલથી મનુષ્યની એક જાતિ છે એ જણાવવા માટે જણાવેલ હકીકતનો પાછલથી પણ મનુષ્યજાતિમાં સંસ્કારોથી કે સંસ્કારોવાળા અને સંસ્કારો વિનાના માતાપિતાથી ઉત્પન્ન થવાને લીધે ફરક પડતો નથી એમ સમજવાનું નથી. જગતમાં અનુભવથી એક પ્રકારનું પણ જલ આશ્રયભેદે ભેદવાળું થાય છે. એક જાતનાં વૃક્ષો પણ જુદા જુદા વૃક્ષોના સંયોગે એક જ જાતનાં જાનવરો પણ જુદી જુદી રીતે સંયોગ પામતાં જુદા જુદા રૂપે થાય છે, તેમ મનુષ્યજાતિમાં સંસ્કારયુકત અને સંસ્કારહીન માતપિતાના કારણથી થનારો પુત્ર જુદા જુદા રૂપમાં જાહેર થાય તેમાં નવાઈ નથી, પણ આપણે જે અત્યારે વિચાર કરીએ છીએ તે એવી વખતને માટે કે જેમાં અસિ, મષી કે કૃષિ એ ત્રણમાંથી કોઈપણ જાતનાં કર્મો નહોતાં અર્થાત્ ન્હોતાં જે વખતે ઘોર પાપો તેમ જ ન્હોતા જે વખતે ધર્મધોરી મહાપુરૂષો અને ન્હોતો ધર્મની ધીગતીધારાનો પ્રવાહ અર્થાત્ ધર્મકર્મથી હીન અવસ્થાવાળા મનુષ્યો જે વખતે સર્વત્ર જગતમાં હતા તે કાલને ઉદ્દેશીને આ મનુષ્યની એક જ જાતિ હતી આ વાત થાય છે. આવી રીતે પ્રથમથી મનુષ્યની એક જ જાતિ હતી એમ સર્વને કબુલ છતાં જાતિની વ્હેચણ કરવામાં કેટલાકો જાતને નામે લોકોને જન્મથી મરણ સુધી તો શું પણ મરી ગયેલા મનુષ્યને નામે સેજ બારમું માસી શ્રાદ્ધ આદિ અનેક કાવતરાંથી જીવતા રહેલાના જાનને પણ જોખમમાં મેલનારા તરીકે જાણીતી થયેલી બ્રાહ્મણજાતિ પોતાની પ્રથમ ઉત્પન્ન થયેલી જાતિ તરીકે બતાવે છે એટલું જ નહિ પણ સર્વથા અસંભવિત રીતે રહેલી વસ્તુને વદતાં પણ સંકોચ ન કરતાં જણાવે છે કે બ્રહ્માના મુખથી અમે બ્રાહ્મણો થયા છીએ. યોનિથી તો બ્રાહ્મણ બ્રાહ્મણીની તો શું પરંતુ સર્વ મનુષ્યોની ઉત્પત્તિ પ્રત્યક્ષ સિદ્ધ અને યુક્તિથી પણ સંગત છે છતાં પાડાને ગર્ભવાળા કરવાની જેઓને ટેવ પડી છે એવા બ્રાહ્મણો પોતાની ઉત્પત્તિ બ્રહ્માના મુખથી

મનાવે છે. મુખથી થુકની માફક ઉચ્છિષ્ટતા ગણવી અને તેથી તે જાતિએ વધારે સ્નાનાદિ કરવાની પદ્ધતિ પોતાના સિદ્ધાંતને પોષણ પમાડવાના ઈરાદે કરી હોય તો તે વાત જુદી છે, પણ તેઓનું જે બ્રહ્માના મુખથી બ્રાહ્મણ, ભુજાથી ક્ષત્રિય, ઉદરથી વૈશ્ય અને પગથી શૂદ્ર ઉત્પન્ન થયા એવું જે કથન છે તે તો કાલજા વિનાના જ કોઈ માની શકે. પણ અક્કલવાળો તો કોઈપણ મનુષ્ય માની શકે જ નહિ. હવે કદાચ એમ કહેવામાં આવે કે બ્રહ્માના મુખથી બ્રાહ્મણ ઉત્પન્ન થયા વગેરે જે ઉત્પત્તિવિષયનું કથન છે તે સાક્ષાત્ શરીરની કે જાતિની ઉત્પત્તિ માટે નથી પણ અલંકારિક રીતિએ બ્રાહ્મણાદિ જાતિનાં જુદાં જુદાં કાર્યોને અંગે છે. આવા કથનમાં જો કે પાડા ગર્ભવાળા કરવા જેવો અસંભવ અને વિરોધ નહિ દેખાય પણ વિચારક પુરૂષો તે જાતિની ઉત્પત્તિની આલંકારિકતા પણ માની શકે તેમ નથી. એ હકીકત સ્પષ્ટ ત્યારે જ માલમ પડશે કે આપણે મનુષ્યજાતિમાં અસલથી એકતા હતી તેમાં ભેદ થવાનું શું શું કારણ ઉત્પન્ન થયું ? અને તેમાં ક્યાં ક્યાં કારણો કેમ કેમ થયાં અને કેમ કેમ થઈ શકે ? અને એને આધારે જાતિભેદનો ઈતિહાસ વાસ્તવિક કેવો હોય એ વગેરેની સયુક્તિક તપાસ કરીશું. આ તપાસ કંઈક વ્યવસ્થિતપણે કરવાની હોવાથી તે આગલ ઉપર જ જણાવવામાં આવશે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૮૬)

卐


## તાજેતરમાં બ્હાર પડેલ અપૂર્વ અને અમૂલ્ય ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ) ૨
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા ૫
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત) ૬
તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયાટીકા) ૬
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત) ૦-૧૦-૦
વિશેષાવશ્યક કોટ્યાચાર્ય ટીકા (પૂર્વાર્ધ) ૪
યતિદિનચર્યા

તા.ક. :- પાંચશેજ પ્રતો છે અને ઘણી નકલોના ગ્રાહકો થઈ ગયા છે.

પ્રાપ્તિસ્થાન :-
જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.




### -: જૈનદર્શનરૂપી દુર્બીન :-

**સ્વરુપ અને સંયોગો સમજો.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રન્થ કરતાં સૂચવી ગયા છે કે જે દરેક ભવ્ય આત્માઓએ, પ્રત્યેક ધર્માર્થીઓએ અને દરેક મોક્ષ મેળવવા માગનારાઓએ પોતે કઈ સ્થિતિમાં છે, ક્યા સ્વરૂપમાં છે અને ક્યા સંયોગોમાં મૂકાએલા છે તેનો વિચાર અવશ્ય કરવો જ જોઈએ. આત્મા જ્યાં સુધી પોતે કોણ છે, પોતાનું સ્વરૂપ શું છે, પોતે કઈ સ્થિતિમાં છે અને ક્યા સંજોગોમાં છે એનો વિચાર કરતો નથી ત્યાં સુધી લૌકિક માર્ગવાળો આત્મા કાર્યની સિદ્ધિ પણ કરી શકતો જ નથી ! આ ત્રણ બાબતોનો વિચાર પ્રત્યેક માણસ કરે છે ત્યારે જ તેનું કાર્ય ફળે છે. ઘાંચીની પાસે ઘાણી હોય તે પોતાનું સ્વરૂપ જાણે છે કે પોતે ઘાણી જોડવાની સ્થિતિમાં છે તેની પાસે ઘાણીની સામગ્રીરૂપ બળદો પણ હોય પરંતુ જો રેતીના સ્વરૂપને તે ન જાણે તો ?

**વસ્તુનું જ્ઞાન પામો.**

ઘાંચીરાજ જો રેતીના સ્વરૂપને ન જાણે અને ઘાણીમાં રેતી નાખીને જ તેને પીલ્યા કરે તો ? તો તેની મહેનત જ નકામી જાય કે બીજું કાંઈ ? હવે જુઓ કે આ સંયોગોમાં ઘાંચીએ પોતાની સ્થિતિ વિચારવામાં ભૂલ કરી નથી, તેણે સાહિત્ય સંયોગોમાં ભૂલ થવા દીધી નથી પરંતુ તેની ભૂલ મૂળભૂત વસ્તુનું સ્વરૂપ જાણવામાં રહેલી છે. ઘાંચી રેતીનું સ્વરૂપ નથી જાણતો તેથી તે ચક્કરે ચઢે છે તે જ પ્રમાણે આ જીવ પણ જો પોતાનું સ્વરૂપ ન સમજે તો તે ચક્કરે જ ચઢે છે ! સંસારની સ્થિતિનું ભાન તો જીવને હોય છે, પોતાની જન્મસ્થિતિને તો દરેક જ જીવ સમજે છે. જીવાત્મા ગમે તે ક્ષેત્રમાં ગએલો હો તે દેવતા તરીકે જન્મેલો હો, મનુષ્યયોનિમાં જન્મેલો હો, તિર્યંચયોનીમાં જન્મેલો હો અથવા તો નારકી તરીકે જન્મેલો હો પરંતુ પ્રત્યેક જીવ આ સંસારમાં પોતાની જન્મસ્થિતિ કેવી છે તે

તો બહુ જ સારી રીતે સમજે છે.

### જીવતત્ત્વની શોધ કોણે કરી ?

પોતાની જન્મસ્થિતિ તો દરેક જ જીવ જાણે છે. વળી તે ઉપરાંત આર્યક્ષેત્રાદિ અનુકૂળ સંયોગો પણ ઘણાને મળેલા હોય છે. આ રીતે ઘણા જીવોને સ્થિતિ અને સંયોગો અનુકૂળ હોય છે, પરંતુ તે છતાં તેઓ ઈષ્ટવસ્તુને પામી શકતા નથી, કારણ કે તેઓ જીવનું સ્વરૂપ કેવું છે તે જાણતા નથી. જે આવા આત્માઓ જીવનું સ્વરૂપ જાણતા નથી તેઓ કઈ વસ્તુની ઈચ્છા કરે છે તે હવે જુઓ. રેતીનું સ્વરૂપ જે નથી જાણતો, તલના સ્વરૂપને જે નથી પીછાણતો તે માણસ તલની પેઠે રેતીને ઘાણીમાં નાખીને પણ તેલ ઈચ્છે છે, પરંતુ તેલની પ્રાપ્તિ તેને થવા પામતી નથી ! એ જ સ્થિતિ અહીં પણ છે. જીવતત્ત્વને ફકત આપણે જૈનો જ માનતા નથી. જીવતત્ત્વને તો તમામ આર્યો માને છે. શૈવ, વૈષ્ણવ, સ્વામીનારાયણ ઈત્યાદિ વિવિધસંપ્રદાયવાળા આર્યો જીવતત્ત્વને માને છે. તે ઉપરાંત મુસલમાન અને ખ્રીસ્તી જેવા પણ જીવતત્ત્વને તો માને છે.

### બોલો છો પણ સમજતા નથી.

જગતમાં આ રીતે સઘળા જ જીવતત્ત્વને માને છે પરંતુ તેઓ તેટલી માન્યતા માત્રથી જ સત્ય વસ્તુને પામી શકતા નથી, કારણ કે જીવતત્ત્વ બોલ્યા છતાં તેઓ જીવતત્ત્વના સ્વરૂપને જાણતા નથી. નાના છોકરાઓ વાતવાતમાં હીરો બોલે છે. નાના છોકરાઓ ઉપરાંત અભણ અજ્ઞાન માણસો કાચના કટકાને જ હીરો કહે છે અને ઝવેરીઓ હીરાને જાણીને હીરોશબ્દ બોલે છે. આ રીતે આ બધા હીરોશબ્દ બોલે છે પરંતુ ખરા પ્રમાણભૂત શબ્દો તો પેલા ઝવેરીના જ ગણાય છે અને તે જ હીરાને તેમ જ તેના સાચા મૂલને પામી જાય છે કારણ કે ઝવેરી હીરાનું સ્વરૂપ સમજીને પછી તેને હીરા તરીકે બોલે છે. જે છોકરો અથવા જે માણસ હીરાને ઝવેરીએ હીરો કહ્યો માટે પોતે પણ હીરો કહે છે તેને આપણે ઝવેરી કહી દેતા નથી. કાચને અથવા કાચના ટુકડાને તેણે હીરો નથી કહ્યો પરંતુ તે છતાં તેને આપણે ઝવેરી નથી કહ્યો કારણ કે તે હીરાનું સ્વરૂપ જોઈને હીરાને હીરા તરીકે હીરો કહેતો નથી પરંતુ માત્ર હીરો એ શબ્દ જ તે વાપરે છે.

### જીવશબ્દ પ્રવર્તાવે છે કોણ ?

જેમ બાળકો અજ્ઞાનો અને બીજાઓ હીરાને હીરા તરીકે ઓળખીને તેને હીરો કહેતા નથી તેમ અન્ય જાતોએ પણ જીવનું સ્વરૂપ ઓળખી લઈને એ જીવને જીવ કહ્યો નથી ! ઝવેરી હીરાને હીરો કહે છે તે જોઈને ઝવેરીનો છોકરો અથવા અજ્ઞાન ભીલ બાળક પણ તે વસ્તુને-હીરો-કહી દે છે ! આ પ્રસંગમાં ખરી રીતે વિચારીશું તો જણાશે કે હીરાશબ્દની પ્રવૃત્તિ ઝવેરીના છોકરાથી થવા પામી નથી પરંતુ હીરાશબ્દની પ્રવૃત્તિ ઝવેરીથી જ થવા પામી છે અને તેના દ્વારા હીરાશબ્દની પ્રવૃત્તિ થવા પછી એ શબ્દને અન્યોએ ગ્રહણ કરી લીધો છે. જેમ હીરાશબ્દની પ્રવૃત્તિ ઝવેરીથી છે તેમ અહીં જીવશબ્દની પ્રવૃત્તિ કોનાથી છે તે વિચારવાની વાત છે.

### બંને શંકા સરખી છે કે જુદી ?

જૈનેતર મતવાળાઓ પણ જીવ કહે છે. જેઓ નાસ્તિક છે તેઓ પણ જીવ કહે છે. પાંચભૂતથી જે ચેતના ઉત્પન્ન થાય છે તેને પણ જીવ કહે છે. વળી તત્ જીવ તત્ શરીરવાદી નાસ્તિક મત ગણીએ છીએ. હવે અહીં એક સામાન્ય પ્રસંગની વાત જોઈએ. જો કે આ વાત અતિ સામાન્ય છે તો પણ તે સમજવા જેવી તો છે જ. વીરભગવાનના પહેલા ગણધરભગવાન્ એમને એકવાર એવી શંકા થઈ હતી કે જીવ છે જ નહિ ! જ્યારે ત્રીજા ગણધરભગવાન્ એઓશ્રીને એકવાર એવી શંકા થઈ હતી કે તત્ જીવ તત્ શરીર; હવે વિચાર કરો કે આ બંને ગણધરોની શંકામાં તફાવત ક્યાં છે અને

શો છે ? ! પહેલા ગણધરની શંકામાં તેઓ માને છે કે જીવ પરલોકગામી નથી જ્યારે ત્રીજા ગણધરની શંકા "તત્ જીવ તત્ શરીર" એ છે. હવે અહીં એક મુદ્દાનો પ્રશ્ન વિચારવાનો છે. એ પ્રશ્ન એ છે કે પહેલા અને ત્રીજા ગણધરની શંકા એકસરખી છે તો પછી બંનેની શંકા એક જ કહેવાય કે જુદી જુદી ?

## બંને શંકામાં રહેલી ભિન્નતા

પહેલા ગણધરને પણ શંકા ત્યાંથી જ ઉત્પન્ન થઈ છે કે :-"विज्ञानघन एव०" અને એ જ પદોથી ત્રીજા ગણધરભગવાનને પણ શંકા ઉત્પન્ન થઈ છે. બંને ગણધરભગવાનોને શંકા એક જ સ્થળેથી ઉત્પન્ન થઈ છે. શંકાના કારણ અને સ્વરૂપ એક જ છે તો પછી બંન્નેની શંકાઓ જુદી કેમ હોઈ શકે? છતાં આપણે હવે જોઈશું અને વિચાર કરીને કબુલ રાખીશું કે બંનેની શંકાઓ જુદી જ છે અને જુદી છે એ જ વ્યાજબી છે. પહેલી વાત તો એ છે કે જો પહેલા ગણધરની શંકા અને ત્રીજા ગણધરની શંકા એક જ હતી, તો પહેલા ગણધરની શંકાનું સમાધાન થયા પછી ત્રીજા ગણધર ભગવાનની શંકાનું એની મેળે જ સમાધાન થઈ જતે, પરંતુ પહેલા ગણધરની શંકાનું સમાધાન થવા છતાં ત્રીજા ગણધરની શંકા કાયમ રહે છે એ ઉપરથી પણ એક વાત તો એ સ્પષ્ટ થાય છે કે બંનેની શંકા અવશ્ય જુદી હોવી જ જોઈએ.

## જીવ અને દેહ

પહેલા અને ત્રીજા ગણધર ભગવાન્ બંને તત્ત્વ તરીકે જીવ પરલોકગામી નથી એવી શંકા ઉઠાવે છે. શ્રી ઈન્દ્રભૂતિ એમ શંકા માને છે કે જીવ એ પંચમહાભૂતથી જુદો છે. શ્રી ઈન્દ્રભૂતિ જીવ માને છે, જીવને ઉત્પન્ન થએલો માને છે, પરંતુ જીવને પંચમહાભૂતથી જુદો માને છે ! જ્યારે ત્રીજા ગણધર શ્રીવાયુભૂતિ પણ જીવને માને છે. પંચમહાભૂતથી જ જીવ ઉત્પન્ન થએલો માને છે, પરંતુ તેઓ જીવને પંચમહાભૂતથી જુદો માનતા નથી. તેઓ પંચમહાભૂત અને જીવ એક જ છે એમ માને છે. ટુંકામાં કહીએ તો ઈન્દ્રભૂતિનો અભિપ્રાય એવો હતો કે પંચમહાભૂતથી જ જીવ ઉત્પન્ન થાય છે, પરંતુ જીવ એટલે ચેતના અને શરીર જુદાં છે ત્યારે વાયુભૂતિનો એવો અભિપ્રાય છે કે તત્ જીવ તત્ શરીર પંચમહાભૂતથી જ જીવ ઉત્પન્ન થાય છે અને તે અને શરીર બંને એક જ છે જીવ અને શરીર જુદાં નથી; અર્થાત્ એક કહે છે જીવ અને શરીર જુદાં છે, બીજા કહે છે કે જીવ અને શરીર જુદાં નથી ! !

## લાકડાથી અગ્નિ ઉપજે છે.

લાકડું સળગાવીએ છીએ અટલે અગ્નિ ઉત્પન્ન થાય છે. અગ્નિનો આધાર જોવા જઈએ તો તે લાકડું છે. લાકડાને આધારે જ અગ્નિ ઉત્પન્ન થાય છે, લાકડાને આધારે જ તેની હસ્તી ટકી રહે છે અને લાકડાને આધારે જ અગ્નિ વૃદ્ધિ પણ પામે છે, પરંતુ અગ્નિ અને લાકડાનો આટલો બધો ગાઢ સંબંધ હોવા છતાં પણ અગ્નિ અને લાકડું બંને એક તો નથી જ, તે બંને જુદા જ છે, કારણ કે સળગતા લાકડાને જોઈને આપણે લાકડું એ અગ્નિ છે અને અગ્નિ એ જ લાકડું છે એમ તો કદાપિ પણ કહી શકતા જ નથી ! અગ્નિની ઉત્પત્તિ લાકડાથી છે, લાકડાની ઉત્પત્તિ અગ્નિથી થવા પામી નથી ! લાકડાથી જ અગ્નિ ઉત્પન્ન થાય છે, લાકડાથી જ અગ્નિ વધે છે, લાકડાથી જ તે ટકી રહે છે અને લાકડાનો નાશ થાય છે એટલે અગ્નિ પણ નાશ પામે છે. આ બંને લાકડા અને અગ્નિની સ્થિતિમાં જોશો તો કેટલી વધી સાદૃશ્યતા છે છતાં બંને એકબીજાનો પર્યાય નથી.

### પાંચ ભૂતોથી ચેતના ઉપજે છે.

ઉત્પત્તિ અને અસ્તિત્વનો લાકડાં અને અગ્નિમાં આટલો બધો સંબંધ હોવા છતાં લાકડું તે જ અગ્નિ છે અને અગ્નિ તે જ લાકડું છે એમ આપણે કહી શકતા નથી અને એ જ વાદ પહેલા ગણધર ઈન્દ્રભૂતિએ પંચમહાભૂત અને ચેતના પરત્વે પણ લાગુ પડ્યો છે. તેમના મંતવ્ય પ્રમાણે લાકડું એ અહીં પંચમહાભૂતો છે અને અગ્નિ એ ચેતના છે. પાંચ ભૂતોનો સંયોગ થાય છે એટલે ચેતના ઉત્પન્ન થાય છે. અને એ ચેતના કાયમ રહે છે, પરંતુ જ્યાં એ પાંચભૂતોનો સંયોગ ચાલ્યો જાય છે કે ત્યાં ચેતના પણ ચાલી જાય છે. પાંચભૂતના સંયોગથી જ ચેતનાનો ઉદ્‌ભવ તથા ટકાવ છે પરંતુ જેમ અગ્નિ અને લાકડાનો સંબંધ હોવા છતાં અગ્નિ અને લાકડું બંને જુદા છે તે જ પ્રમાણે ચેતના અને પંચમહાભૂત એ પણ પરસ્પર સંબંધવાળા હોવા છતાં તે બંને જુદા જ છે અર્થાત્ પંચમહાભૂતથી ચેતના જુદી છે એમ ઈન્દ્રભૂતિ માને છે.

### વાયુભૂતિની માન્યતા

હવે ત્રીજા ગણધર મહારાજ વાયુભૂતિનું શું કહેવું છે તે તપાસીએ. તેઓ કહે છે કે અગ્નિ એ લાકડામાંથી ઉત્પન્ન થાય છે તેવો જીવ પંચમહાભૂતથી ઉત્પન્ન થતો નથી પરંતુ જેમ પાણીમાં પરપોટા જન્મે છે તે પ્રમાણે આ જીવનું સ્થાન છે. પાણીમાં પોતાની મેળે જ પરપોટો થવા પામતો નથી પરંતુ પાણીમાં વાયુ મળે છે તેથી જ પરપોટો ઉત્પન્ન થવા પામે છે. વાયુ એકલો જ હોય તો એ વાયુ પરપોટો કરી શકતો જ નથી એને માટે પાણીની સૌથી પહેલી જરૂર છે અને પાણી હોય તો જ પરપોટો થાય છે. પાણીમાં વાયુ મળ્યો એટલે પરપોટો થયો પરંતુ એ પરપોટો તે કાંઈ પાણી સિવાય બીજી કોઈ વસ્તુ નથી. પરપોટો એ પાણી છે અને પાણી એ જ પરપોટા રૂપ બનેલું છે. પાણી હોય ત્યાં સુધી પરપોટો થાય છે. પરપોટો થયા પછી એ પાણી હોય ત્યાં સુધી જ ટકે છે અને વધે પણ છે. આ બધા ઉપરથી સ્પષ્ટ થાય છે કે પાણી અને પરપોટો બંને જુદા નથી અને પાણી અને પરપોટો જેમ જુદા નથી તેમ શરીર અને જીવ પણ જુદા નથી જ.

### ઇંદ્રભૂતિઃવાયુભૂતિ

હવે આ બંને વાદો વચ્ચે ફેર ક્યાં છે અને શો છે તે તપાસો. પહેલામાં એ વાત છે કે અગ્નિ એ લાકડું કે લાકડું એ અગ્નિ નથી. બીજામાં એ વાત છે કે પાણી એ પરપોટો છે, પરપોટો એ પાણી છે. પહેલામાં એવું કથન છે કે શરીર એ આત્મા નથી, આત્મા એ શરીર નથી. બીજામાં એ કથન છે કે આત્મા એ શરીર છે, શરીર એ આત્મા છે. આત્મા ને શરીર બે જુદા નથી. હવે ઈંદ્રભૂતિનો અને વાયુભૂતિનો વાદ તપાસી જોશો તો માલમ પડશે કે બંનેના કારણ એકસરખાં છે, ફેર એટલો છે કે ઈંદ્રભૂતિએ "કાષ્ટાગ્નિન્યાય" લીધો છે, જ્યારે વાયુભૂતિએ "જલબુદ બુદ" ન્યાય લીધો છે. ઈંદ્રભૂતિએ પાંચ ભૂતોથી જીવની ઉત્પત્તિ માની છે, જ્યારે વાયુભૂતિએ પાણી અને પરપોટામાં અભેદતા માની લીધી છે, પણ જીવની માન્યતા બંનેની છે. ગણધર ભગવાનોની આ આશંકાની વાત છોડી દઈએ તો જોવામાં આવે છે કે નાસ્તિકોએ પણ જીવ તો માની લીધો છે.

### ઝવેરીએ હીરા શોધ્યા, કે હીરાએ ઝવેરીને શોધ્યો ?

અહીં યાદ રાખવાની જરૂર છે કે જીવ માન્યો એટલે દહાડો વળી જતો નથી. કોઈ એમ કહેશે કે ભલે એકે પાંચ મહાભૂતોથી ભિન્ન જીવ માન્યો અને બીજાએ પાંચ મહાભૂતોથી અભિન્ન જીવ માન્યો પરંતુ બંનેએ જીવ તો માન્યો જ છે ને ! અહીં સમજવાની જરૂર છે. ઝવેરીના છોકરાઓ પણ રમવાના હીરાને હીરો કહે છે. કોળીકાછીયાના

છોકરાઓ પણ કાચના કટકાને હીરો કહે છે, તેમ જ ઝવેરી પણ હીરાને હીરો કહે છે. હવે અહીં એ જોવાનું છે કે હીરાશબ્દની ખરેખરી ઉત્પત્તિ ક્યાં છે ? હીરાશબ્દની ઉત્પત્તિ નથી તો ઝવેરીના છોકરાથી થઈ, નથી તો પેલા કોળીકાછીયાથી થઈ કે નથી બીજા કશાથી થઈ, પરંતુ એની ઉત્પત્તિ-હીરાશબ્દની ઉત્પત્તિ ઝવેરીને ત્યાંથી જ થવા પામી છે. એ જ પ્રમાણે જીવશબ્દની ઉત્પત્તિ પણ સર્વજ્ઞ મહારાજોથી જ છે અને તેમણે જીવનું સ્વરૂપ ઓળખીને એ શબ્દને વાપર્યો છે.

## જીવની શોધ સર્વજ્ઞોની છે.

સર્વજ્ઞ મહારાજાએ જીવનું સ્વરૂપ ઓળખ્યું, જીવને જોયો, જીવને જાણ્યો અને વ્યવહારમાં એ શબ્દ વપરાતો કર્યો કે : जीव : આ પછી બીજા નાસ્તિકોએ પણ સર્વજ્ઞ મહારાજાઓનું અનુકરણ કરીને એ શબ્દ પોતે લઈ લીધો. નાસ્તિકોને જ આ જીવશબ્દ લેવો પડ્યો એમ નથી પરંતુ આસ્તિકોને પણ એ જીવશબ્દ વાપરે છે તે બંનેના વપરાશમાં કેટલો તફાવત છે તે જોઈએ. જેમ ઝવેરીનો છોકરો ઝવેરી સાચા હીરાને હીરો કહે છે તે જોઈને પોતે પણ હીરો કહે છે તેમ આસ્તિકો જીવશબ્દ વાપરે છે અને જેમ કોળી કાછીયા કાચના કટકાને જ હીરો કહી દે છે તેમ નાસ્તિકો જીવશબ્દનો પ્રયોગ કરે છે. આ સઘળામાં હીરો નામ પહેલું ક્યાં ઉત્પન્ન થયું એમ પૂછશો તો એ જ જવાબ આપવો પડશે કે હીરો મૂળ નામ ઝવેરીને ત્યાં જ ઉત્પન્ન થયું છે.

## જીવશબ્દનો પહેલો ઉપયોગ કોણે કર્યો ?

જેમ હીરાનું મૂળ નામ પહેલવહેલું ઝવેરીને ત્યાં ઉત્પન્ન થયું છે તેમ જીવ એ શબ્દ પણ પહેલવહેલો સર્વજ્ઞ ભગવાનોએ વાપર્યો છે. વસ્તુને ઓળખ્યા વિના વસ્તુનું નામ પાડવાની કદી પ્રવૃત્તિ થએલી આપણે જાણી નથી. જીવના સંબંધમાં પણ એમ જ બન્યું છે. પહેલી વસ્તુ હોય છે અને પછી જ તેનું નામ હોય છે. પહેલાં નામ હોય અને પછી વસ્તુ હોય એમ કદી બનતું નથી. સાબુની બનાવટ હમણાં થોડા સમય ઉપર શોધાઈ છે. પરંતુ યાદ રાખવાનું છે કે પહેલાં 'સાબુ' નામ શોધી કાઢ્યા પછી કાષ્ટીક અને વોશીંગ સોડા મેળવીને સાબુ તૈયાર કરવામાં આવ્યો નથી. રાસાયણિક સંયોગોથી અમુક વસ્તુ પેદા થઈ એટલે પછી તે વસ્તુના ગુણધર્મોને અનુસરીને તેને ઓળખનારાઓએ તેને સાબુ કહ્યો. એ જ પ્રમાણે જીવનું પણ છે. સૌથી પહેલાં સર્વજ્ઞ મહારાજાઓએ જ જીવનું સ્વરૂપ જાણ્યું, જીવને ઓળખ્યો, જીવનું અંતરંગ બહિરંગ સ્વરૂપ જાણ્યું, તેને જોયો અને પછી તેને જીવ કહ્યો.

## પદાર્થ પહેલો કે નામ ?

જે મહાત્માઓ પદાર્થને દેખે છે તે જ મહાત્માઓ તેનું નામ પાડી શકે છે. પદાર્થને જ - વસ્તુને જ જોયા વિના તેનું નામ કોઈ પાડવા તૈયાર થતું નથી. નામો હંમેશાં વસ્તુને અંગે જ કહેવાં પડે છે. જ્યાં સુધી વસ્તુનું જ જ્ઞાન થતું નથી ત્યાં સુધી તો એ વસ્તનું નામ બોલવાની જરૂર જ ઉભી થતી નથી. બીજા દર્શનવાદીઓ કે જેઓ પોતે પોતાને આસ્તિક કહે છે તેમણે વિચારવાની જરૂર છે કે તેમણે પણ જીવ જોયો નથી અને જ્યાં સુધી તેમણે જીવ જોયો નથી ત્યાં સુધી તેમને પણ જીવ કહેવાનો અધિકાર નથી જ ! ઝવેરીનો છોકરો "મારો હીરો એવો શબ્દ વાપરે છે તે ઉપરથી પેલું વાક્ય શ્રવણ કરીને કોળીકાછીયાના છોકરાઓ પણ મારો હીરો એ શબ્દ વાપરે છે. એ જ પ્રમાણે આસ્તિકોએ જીવશબ્દનો પ્રયોગ કર્યો છે તે જોઈને નાસ્તિકોએ પણ જીવશબ્દનો પ્રયોગ કર્યો છે અને નાસ્તિકોને પણ જીવ સાબીત કરવાને માટે પ્રચંડ પ્રયત્નો કરીને મથવું પડ્યું છે.

## જીવ બીવ કાંઈ નથી એ તો ફાંફા.

નાસ્તિકોની દૃષ્ટિએ વિચારીએ તો તેમના મત

પ્રમાણે તો જીવનામક પદાર્થની પાછળ દોડવાની જરૂર જ નથી, કારણ એ છે કે તેઓ માત્ર પ્રત્યક્ષ પ્રમાણને જ માનનારા છે. જે પ્રત્યક્ષ પ્રમાણ નથી અથવા તો જે વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ શકતી નથી તેને નાસ્તિકો માનતા જ નથી. પંચમહાભૂતના સંયોગથી જે ચેતના ઉત્પન્ન થાય છે તે તેઓ પ્રત્યક્ષ ક્યાં અને કેવી રીતે દેખે છે ? અર્થાત્ કે પંચમહાભૂતથી ઉત્પન્ન થતી ચેતના તેઓ પ્રત્યક્ષપણે જોઈ શકતા જ નથી. લાકડા અને અગ્નિની ઉત્પત્તિ તો પ્રત્યક્ષ દેખાવવાળી છે. લાકડાથી અગ્નિ ઉત્પન્ન થતો દેખાય છે, લાકડાથી અગ્નિ ટકી રહેલો પણ દેખાય છે ને લાકડાના નાશ સાથે અગ્નિનો પ્રત્યક્ષ નાશ પણ આપણે દેખીએ છીએ. હવે ખ્યાલ કરો કે પંચમહાભૂતના સંયોગથી ઉત્પન્ન થતી ચેતના, તેના દ્વારા ટકી રહેતી, આગળ વધતી અને છેવટે નાશ પામતી કોઈએ પ્રત્યક્ષપણે જોઈ છે ખરી ? નથી જ જોઈ ! !

### ભૂતભાઈ ભેગા થાય તો જીવ બને ?

જેઓ પ્રત્યક્ષ પ્રમાણની જ વાત માનવા તૈયાર છે અને બીજી વાત માનવા તૈયાર જ નથી તેમને આપણે પૂછીએ છીએ કે ભાઈ શું તમે પંચમહાભૂતદ્વારા ઉત્પન્ન થતી, ટકી રહેતી, વૃદ્ધિ પામતી અને છેવટે લય પામતી ચેતના અને તેની એ બધી ક્રિયાઓ પ્રત્યક્ષ રીતે જોઈ છે ખરી ? પંચમહાભૂતોદ્વારા ચેતના ઉત્પન્ન થતી પ્રત્યક્ષપ્રમાણદ્વારા તો ત્યારે જ સાબીત કરી શકાય કે જ્યારે જ્યારે ચેતના જોઈતી હોય ત્યારે ત્યારે પાંચમહાભૂત લાવીને એકઠા કરીએ એટલે તરત જ ચેતના ઉત્પન્ન થાય ! પંચમહાભૂતોના સંયોગથી નથી ચેતના પ્રત્યક્ષપણે ઉત્પન્ન થતી નથી તેની ઉત્પત્તિની ક્રિયા પ્રત્યક્ષ થતી અથવા નથી તેના કારણો પ્રત્યક્ષ થતા તો પછી પાંચભૂતોના સંયોગથી જ ચેતના થાય છે એ ક્યે આધારે-શાથી માનવામાં આવ્યું તેનો જવાબ આપવો બાકી રહે છે. આ જવાબમાં જ આ બધી કલ્પનાઓનું વિચારવાપણું રહેલું છે !

### માનવાની ખાતર માનો છો.

તમે ચેતના માની-ચેતના સ્વીકારી અને ચેતનાના પક્ષકારોએ પોતાનો પક્ષ એવી સુંદર રીતે રજુ કર્યો કે એમને ચેતના માન્યા વિના તો છૂટકો જ ન થયો. હવે તમે ચેતના માની અને એમણે પાંચમહાભૂતો માન્યા. એટલે એ સંબધમાં એમને કાંઈક રસ્તો લેવો જ પડ્યો એ કે અગ્નિ અને લાકડાનું દૃષ્ટાંત લઈ તે દ્વારા ચેતના માની, તો બીજાએ પાણી અને પરપોટાનું દૃષ્ટાંત લઈ તે દ્વારા ચેતના માની. જો ચેતનાને માનવાનું તેમને ગળે જ ન પડયું હોત તો તેમણે આ દૃષ્ટાંતો દ્વારા ચેતના ન માની હોત કારણ કે ચેતના માનવાની તેમને તો જરૂર જ ન હતી, પરંતુ તમે જે વસ્તુ રજુ કરી, તમે જે પ્રશ્ન કર્યો તેના જવાબમાં એને ચેતના માનવાનું બીજ ગળે વળગ્યું અને એ રીતે ચેતનાનો સ્વીકાર પણ કરવો જ પડ્યો. હવે આ રીતે માત્ર માનવાની ખાતર જ ચેતના માની લેવામાં આવે છે તેથી એ માન્યતાનો અર્થ કેટલે દરજ્જે સફળ થાય છે તે જુઓ.

### સાચો હીરો ઓળખો.

ઝવેરીનો છોકરો સાચો હીરો લઈ રમે છે એટલે તે જોઈને કાછીયાનો છોકરો પણ કાચના કટકાને હાથમાં પકડીને હીરો હીરો કહીને રમે છે પરંતુ ઝવેરીના છોકરાના હાથમાં રહેલા હીરાથી તો ઝવેરીના છોકરાનો અર્થ સરે છે જ્યારે કાછીયાના છોકરાના હાથમાં રહેલો કાચનો કટકો તો ઉલટો કાછીયાના છોકરાનો હાથ કાપી નાખે છે. એ જ દશા અહીં પણ નાસ્તિકોની થવા પામે છે. જે ચેતનાને તમે, બીજા આસ્તિકો અને નાસ્તિકો માને

છે તે ચેતના ટકો અથવા તેનો નાશ થઈ જાઓ તેની સાથે નાસ્તિકોને કશો જ સંબંધ નથી. માત્ર તમે અમુક પદાર્થને જીવ કહ્યો એટલે ધડ દઈને એમણે પણ ઉઠાવીને એ પદાર્થને જીવ કહી દીધો, પરંતુ જીવ એટલે શું ? તેની ઉત્પત્તિ છે કે કેમ? તેનું સ્વરૂપ કેવું છે ? વગેરે પ્રશ્નોમાં તેમને ગમ નથી. આ પ્રશ્નોને તેમણે ઉકેલ્યા નથી અને આ સઘળા પ્રશ્નો ઉકેલી શકવાની તેમનામાં શક્તિએ નથી ! તમે જીવ કહ્યો એટલે સંઘભેળી જાત્રા કરવાના એ સિદ્ધાંતવાળાઓને પણ જીવ કહેવો પડ્યો અને જીવ કહ્યો એટલે પછી તેની અમુક પ્રકારે ઉત્પત્તિ બતાવવાનું પણ તેમને પ્રાપ્ત થયું. અર્થાત્ નાસ્તિકોએ આ રીતે ચેતના માની લીધી હતી અને તેમને કલ્પિત જીવ કહેવો પડ્યો હતો. ઝવેરીનો બાળક હીરાને હીરો કહે છે પરંતુ તે પણ હીરાને હીરા તરીકે ઓળખીને હીરો કહેતો નથી પરંતુ મોટાઓ હીરો કહે છે તે જોઈને તેઓ પણ હીરાને હીરો કહે છે. વાસ્તવિક હીરો કેવો હોય છે, તેથી શો લાભ છે, તેનું સ્વરૂપ કેવું છે તેને તે બાળક જાણતો નથી. એ જ દશા અહીંપણ પ્રવર્તે છે. સર્વજ્ઞ ભગવાને આ દેહમાં રહેલી ચેતનાને જીવ તરીકે ઓળખ્યો હતો, એટલે જ આસ્તિકોએ તેને જીવ તરીકે ઓળખાવ્યો હતો. પણ કોઈ એવો પ્રશ્ન કરે કે બીજાઓએ જ પહેલાં જીવશબ્દથી ચેતનાને ઓળખાવી હતી અને તે પરથી જ સર્વજ્ઞમહારાજાઓએ એ શબ્દ સ્વીકાર્યો હતો એવું શા માટે ન બન્યું હોય ? આવી શંકા કરનારાને શો ઉત્તર આપવો છે તેનો વિચાર કરો.

## સાચો પ્રયોગકાર કોણ ?

આપણે પાછળ કહી ગયા છીએ કે હીરોશબ્દ પહેલાં હીરાને જોઈ, તેનું સ્વરૂપ ઓળખી, તેની કિંમત જાણી પછી ઝવેરીઓએ પ્રવર્તાવ્યો હતો અને તેના મુખથી એ શબ્દોનો ઉચ્ચાર થતો જોઈ તે શબ્દ બાળકો બોલતાં શીખ્યાં હતા, પરંતુ કોઈ ધૃષ્ટતાપૂર્વક એમ પણ કહી દે કે નહિ, બાળકો જ પહેલાં હીરોશબ્દ બોલ્યા હતા અને તે પછી જ ઝવેરીઓએ તે શબ્દ વ્યવહારમાં વાપરવા માંડ્યો હતો તો એવા પ્રશ્નનો શો ઉત્તર આપશો તેનો વિચાર કરો. પ્રશ્નનો ઉત્તર તદન સરળ છે. ઝવેરી હીરો શબ્દ બોલે છે તે તેનું તોલમાપ કિંમત વગેરે જાણીને બોલે છે. હીરાની મહત્તા શું છે, હીરાથી શો અર્થ સરે છે તે સઘળું તે જાણે છે અને પછી તે હીરો એ શબ્દનો પ્રયોગ કરે છે, જ્યારે ઝવેરીનો બાળક હીરાશબ્દની પ્રવૃત્તિ કરે છે પરંતુ તે તેના અર્થ ભેદ વગેરેને બીલ્કુલ જાણતો જ નથી. આથી જ બાળક એ હીરાશબ્દની મૂળ પ્રવૃત્તિ કરનારો ગણાતો નથી પરંતુ ઝવેરી જ એ શબ્દનો સાચો પ્રયોગકાર છે એમ ગણાય છે.

## જૈનશાસનની પહેલી શોધ

હીરાના સ્વભાવને ન જાણે, તેનું તોલમાપ ન ઓળખે તેનું સ્વરૂપ ન જાણે અને એ રીતે એ શબ્દની, જે પ્રવૃત્તિ કરે છે તે માત્ર અનુકરણ કરનારો જ ગણાય છે. તે કાંઈ એ શબ્દનો શોધક કે પ્રયોગનો ઉત્પાદક ગણાતો નથી. એવી જ સ્થિતિ અહીં પણ પ્રવર્તે છે. ભગવાન્ શ્રી તીર્થંકરદેવો સિવાય બીજાએ જીવશબ્દનું સ્વરૂપ આદિ જાણીને જીવશબ્દ પ્રવર્તાવ્યો નથી, તેમણે માત્ર અનુકરણ જ કરેલું છે. જૈનદર્શનકારો જીવશબ્દ વાપરે છે, અને અન્ય દર્શનવાળાઓ પણ જીવશબ્દ વાપરે છે પરંતુ જીવનું સૂક્ષ્મ, સાચું સ્વરૂપ, ગુણ, સ્થિતિ એ સઘળું જો કોઈના મતમાં જણાવેલું હોય તો તે એકલું જૈનશાસનમાં જ જણાવેલું છે, અન્ય કોઈપણ સ્થળે આ વસ્તુ જણાવવામાં આવી નથી. બીજા દર્શનો પણ જીવશબ્દ વાપરે છે, જીવની મહત્તા ગાય છે, જીવની પવિત્રતા માન્ય રાખે છે પરંતુ જીવનું બારીક, સંપૂર્ણ સાચું સ્વરૂપ તેઓ કોઈ જ દર્શાવી શકતા નથી.

## જીવનું સ્વરૂપ

જીવનું સાચું સ્વરૂપ જો કોઈપણ સ્થળે હોય તો તે એક માત્ર જૈનશાસનમાં જ છે અન્યત્ર નથી. જૈનશાસન કહે છે કે જીવ કેવળજ્ઞાનદર્શનસ્વરૂપવાળો, વીતરાગતામય, અનંતવીર્ય અને અનંત સુખના સ્વરૂપવાળો છે જીવોના આ ગુણો જૈનશાસન કહે છે. બીજા દર્શનોવાળા જીવશબ્દ વાપરે છે પરંતુ જીવનું કેવળજ્ઞાનનું સ્વરૂપ અન્યત્ર કોઈપણ સ્થળે નથી. છ દર્શનો છે-છ જુદા જુદા તત્વજ્ઞાનના સંપ્રદાયો ભારતમાં પ્રવર્તે છે પરંતુ તે એક પણ સંપ્રદાયમાં જીવને કેવળજ્ઞાનાદિ સ્વરૂપવાળો માન્યો જ નથી માત્ર જૈનદર્શન એ જ એક એવું દર્શન છે કે એમાં જીવને કેવળજ્ઞાનાદિક સ્વરૂપવાળો માનવામાં આવ્યો છે. હવે કોઈ એવી શંકા કરશે કે બીજા દર્શનોએ પણ જીવને નિત્ય, વિજ્ઞાનવાન આનંદરૂપ તો માન્યો જ છે તો પછી જીવનું સ્વરૂપ ન માનવામાં આવ્યું હોય તો તેની હરકત શી ? અને શા માટે તેમની માન્યતાને સંપૂર્ણ ન માની લેવી ?

## જ્ઞાની જીવાત્માના અજ્ઞાની કામો કેમ ?

જીવને નિત્ય વિજ્ઞાનવાન અને આનંદસ્વરૂપ માનીને જ બેસી રહીએ તો તેથી આપણી ગાડી આગળ ચાલવાની નથી પરંતુ પાછળ જ પડવાની છે. જીવ નિત્ય, જ્ઞાનવાન અને આનંદસ્વરૂપ છે એમ શ્રુતિઓમાં કહ્યું છે માટે અમે જીવને તેવો માનીએ છીએ એવું બ્રાહ્મણો કહેશે, તેમણે શ્રુતિમાંથી આ વાત કહી છે તે વાસ્તવિક છે પરંતુ જીવના આટલા ગુણો જ કહીને અટકી જવાથી અધ્યાત્મવાદની આખી શોધખોળ જ અધુરી રહી જાય છે. જીવમાં જ્ઞાન છે તો પછી સહજ એવો પ્રશ્ન થાય છે કે ભાઈ ! આ જીવનું જ્ઞાન ક્યાં જતું રહ્યું ? સેંકડો જીવો દુઃખમાં, રોગમાં, શોકમાં પીડાતા, હાથે કરીને કુવે પડતા, આપઘાત કરતા આપણે જોઈએ છીએ. હવે જો જીવ જ્ઞાનવાન જ છે તો પછી તેને હાથે આવા કામો શા માટે થાય છે ? તેનું જ્ઞાન ક્યાં ગયું ? તેના જ્ઞાનનો નાશ કેવી રીતે થયો ? અને જો તેના જ્ઞાનનો નાશ નહોતો થયો તો પછી જીવ અજ્ઞાની કામોમાં શા માટે જોડાયો ? આ સઘળા પ્રશ્નો ઉભા રહે છે.

## આનંદસ્વરૂપ આત્મા

જૈનદર્શનમાં જીવને નિત્ય, જ્ઞાનવાન, આનંદસ્વરૂપ કહ્યો છે એટલે બીજા દર્શનવાળાઓએ પણ એ જ વાત સરખાપણું જોઈને પોતાનામાં ઘુસાડી દીધી છે પરંતુ અહીં તેમને હાથના કર્યા હૈયે વાગે છે. એકને ઘેર હજારની મિલ્કત નથી જ્યારે બીજાને ઘેર કરોડોની મિલ્કત છે. આ કરોડોની મિલ્કતવાળો પોતાને ત્યાં દશ લાખનો એક દસ્તાવેજ કરે અને એ રૂપીઆ તે ભરપાઈ કરી દે એ તદ્દન બનવા જોગ છે પરંતુ પોતાના આ પાડોશી કે જેની પાસે એક હજારની પણ મિલ્કત નથી તે પણ જો દશલાખનો દસ્તાવેજ કરી આપે તો તેની શી દશા થાય ? એની ટાલજ તૂટી જાય કે બીજું કાંઈ ? જેની પાસે કરોડોની મિલ્કત છે તેને દસલાખનો કાંઈ હિસાબ નથી. તેના મોઢા આગળ તો લાખોના દસ્તાવેજની કંઈ ગણતરી પણ નથી પરંતુ તેનું જોઈ હજારવાળો પણ તેવી રીતે વર્તે તો તે માર્યો જ જાય!

## બધાએ નકલ કરી છે.

જૈનદર્શનના તત્વજ્ઞાનને જોઈ સરખાપણાએ જીવને જ્ઞાનવાળો કહી દેનારાના મોઢાં અહીં બંધ થઈ જાય છે. જો જીવ જ્ઞાનવાન છે એમ અજૈનદર્શનો કહે છે તો પછી તેમનું જ્ઞાન જતું ક્યાં રહે છે એ પ્રશ્ન ઉભો જ રહે છે ! હવે જૈનદર્શન આત્માને કેવા પ્રકારે માને છે તે જુઓ. જૈનશાસન પણ આત્માના ગુણો માને છે. જૈનદર્શન તો સ્પષ્ટ રીતે કહે છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનથી

આત્મા યુક્ત છે. હવે કોઈ પ્રશ્ન કરશે કે જો જીવ આ પાંચે જ્ઞાનથી યુક્ત છે તો પછી તેનું એ જ્ઞાન ક્યાં જાય છે ? આ પ્રશ્નનો ઉત્તર પણ જૈનશાસનની પાસે તૈયાર જ છે. જૈનશાસન આત્માને જ્ઞાનવાન માને છે પરંતુ તે જ સાથે જૈનશાસન પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મ પણ માને છે અને એવો સ્પષ્ટપણે જવાબ આપે છે કે આત્માના પાંચે જ્ઞાનો આ પાંચ પ્રકારના કર્મોથી આવરાએલા રહે છે.

**આત્માની પોતાની મિલ્કત**

આત્માના આ પાંચે જ્ઞાન પોતાની મિલ્કતરૂપ હોવા છતાં આત્મા તેનો ઉપયોગ કરી શકતો નથી. કોઈ કહેશે પછી આત્મા એનો ઉપયોગ શા માટે કરી શકતો નથી ? જવાબ એ છે કે લાખ રૂપીઆનો દાગીનો આપણો પોતાનો હોય, આપણી માલીકીનો હોય, આપણા સિવાય તેનો બીજો કોઈ સ્વામિત્વાધિકારી ન હોય છતાં પણ જો એ દાગીનો આપણે ગીરે મૂક્યો હોય તો તેના ઉપર આપણી સત્તા ચાલતી નથી ! આપણો દાગીનો પણ આપણે ગીરે મૂક્યો હોય તો તેના ઉપર આપણી સત્તા નહિ જ ચાલે. તમે જ્યારે એ દાગીનો પાછો છોડાવી લાવો છો ત્યારે જ એ દાગીના ઉપર તમારી સત્તા ચાલે છે, એ જ પ્રમાણે જીવ અને તેના જ્ઞાનના સંબંધમાં પણ સમજવાનું છે. જીવના પાંચ જ્ઞાન એ તેની પોતાની માલિકીની જ મિલ્કત છે પરંતુ તેની એ મિલ્કત જ્ઞાનાવરણીયકર્મ મારવાડીને ત્યાં ગીરે મૂકાએલી છે.

**જૈનતત્વજ્ઞાન સમજો.**

જ્ઞાનવાન જીવની જ્ઞાનરૂપી મિલ્કત કેવી રીતે ગીરો મૂકાએલી છે તે હવે તપાસીએ. જ્ઞાનાવરણીય કર્મો પણ પાંચ પ્રકારના છે એમ જૈનશાસન માને છે. આત્માનું કેવળજ્ઞાન એ કર્મોથી રોકાએલું-ગીરો મૂકાએલું છે તેથી જ એ જ્ઞાનનો ઉપયોગ આત્માથી કરી શકાતો નથી. બીજા શાસનવાળાઓએ જ્ઞાન માન્યા છે પરંતુ જ્ઞાનનો કર્મથી અવરોધ થાય છે અને એ કર્મોના ક્ષયાદિક થઈ શકે છે એવું કોઈપણ શાસનવાળાએ માન્યું નથી. એક પણ દર્શનની વિચારણા એટલે સુધી જવા પામી નથી કે જેણે આત્માનું જ્ઞાન માનીને તેનો ક્ષયોપશમ કે ક્ષય માન્યા હોય ! ફક્ત જૈનદર્શન એ જ એક એવું મહાન શાસન છે કે જેણે આત્માના ક્ષયોપશમ અને ક્ષય માન્યા છે. બીજા દર્શનો એ આત્માને જ્ઞાનવાળો માને છે, આનંદસ્વરૂપ માને છે, નિત્ય માને છે, પરંતુ ત્યાં તેમનો રસ્તો અટકી જાય છે, પછી તેઓ આગળ ચાલી શકતા નથી.

**જાણ્યા વિના બોલવાનો હક નથી !**

જૈનદર્શન એ સઘળાની આગળ ચાલ્યું છે અને તેણે આ વસ્તુનો અંત સુધીનો નીકાલ આણી નાખ્યો છે. આત્મામાં આવાં જ્ઞાન છે પરંતુ તે આ પ્રકારના કર્મોદ્વારા રોકાએલાં છે. એનો ક્ષયોપશમાદિક આ રીતે થાય છે. પરિણામે કર્મના બંધો તૂટે છે અને ત્યારે જ આત્માનો જ્ઞાનગુણ પૂર્ણ રીતે પ્રકાશે છે એ વસ્તુ જૈનશાસન સિવાય બીજા કોઈએ કહી જ નથી. કહો કે બીજા કોઈનો આ વિષયમાં ચંચુપ્રવેશ જ થઈ શક્યો નથી. આત્માના જ્ઞાનની આ ફિલોસોફી જેણે જાણી નથી તેને ખરી રીતે આત્મામાં આવાં જ્ઞાન છે એ બોલવાનો જ અધિકાર પહોંચતો નથી. ભીંતની અંદર એક નાનો ગોખલો બનાવ્યો હોય અને એ ગોખલામાં દીવો મૂક્યો હોય તો એ દીવો તે જ જાણી શકે છે કે જેણે એ ગોખલો જાણ્યો છે ! જેણે ભીંત જાણી નથી, ભીંતની અંદર મૂકેલો ગોખલો પણ જાણ્યો નથી તે ગોખલામાં મૂકેલો દીવો તો ન જ જાણી શકે એ સાધારણ વાત છે.

## આત્માનું સ્વરૂપ ઓળખો.

ગોખલાને જાણ્યા વિના જેમ ગોખલામાં રહેલો દીવો જાણી શકાતો નથી તે જ પ્રમાણે જ્ઞાનના ભેદો, તેને રોકનારા કર્મો, તેના ક્ષયોપશમાદિક જાણ્યા નથી તે આત્માના જ્ઞાનસ્વરૂપને પણ જાણી શકતો જ નથી અને જેણે આત્માના સ્વરૂપને જાણ્યું નથી તેણે આત્માને પણ જાણ્યો જ નથી. કોઈ કહેશે કે આત્માના જ્ઞાનગુણને જાણ્યો એટલે બસ છે. વળી તેને રોકનારા કર્મો વગેરે જાણવાની શી જરૂર છે? આ શંકા કેવી મિથ્યા છે તે સહેલાઈથી જાણી શકાય છે. જેણે જીવનું સ્વરૂપ જાણી લીધું હોય-જેણે જીવને જાણ્યો હોય, તેણે તો જીવની દરેક દશાને પણ જાણેલી હોવી જ જોઈએ એ સ્પષ્ટ છે. હવે જે વ્યક્તિએ જીવની સઘળી દશાઓ જાણેલી હોય તેણે તો સિદ્ધદશાનો જીવ અને સંસારીદશાનો જીવ એ બંનેને પણ જાણેલા હોવા જ જોઈએ અને જેણે સિદ્ધદશાનો અને સંસારીદશાનો જીવ જાણ્યો છે તેને એ જ માર્ગના વધુ તત્ત્વોની પણ જાણ હોય એ સ્વાભાવિક છે.

## કર્મ અને જીવ

એક વ્યક્તિ એવી હોય કે તેણે સંસારીદશાનો જીવ પણ જાણ્યો હોય અને સિદ્ધદશાનો જીવ પણ જાણ્યો હોય તો સંસારીદશાનો જીવ સિદ્ધદશામાં કેમ જઈ શક્યો નથી, સિદ્ધદશામાં ગએલો જીવ સંસારીદશામાંથી ક્યા સંયોગોમાં સિદ્ધદશામાં ગયો છે વગેરે હકીકત પણ તે વ્યક્તિએ જાણેલી હોવી જ જોઈએ અને તો તો પછી આત્માના જ્ઞાનને રોકનારા કર્મો, એ કર્મોના ક્ષયથી થતો જ્ઞાનનો પ્રકાશ એ સઘળું પણ તે વ્યક્તિએ જાણેલું હોવું જ જોઈએ. જો તેણે આ બધી બાબતો પણ જાણેલી હોય તો તો સમ્યકત્વમોહનીય કર્મ, ચારિત્રમોહનીય કર્મ વગેરે પણ તેણે જાણેલાં હોવાં જ જોઈએ અને તે વ્યક્તિ એ સઘળું માનવાવાળી પણ હોવી જ જોઈએ. ઠીક હવે કદાચ કોઈ એવી શંકા કરનારો નીકળશે કે મોહનીય શું અને બીજા કર્મો શું બધું ઠીકાઠીક છે. આ કર્મો તેના દ્વારા થતી આત્માના ગુણોની રોકાણ, આત્માના ગુણો વગેરે બધું કલ્પિત છે અને આ એક મિથ્યા કલ્પનાનું મકાન ઉભું કરવામાં આવ્યું છે, તો હવે આ શંકાવાદીને આપણે શું ઉત્તર આપવો તે વિચારવાની જરૂર છે.

## કર્મ નથી, જીવ નથી, કાંઈ નથી.

જે આત્મા આ પ્રકારની શંકા કરે છે કે કર્મ નથી અને કાંઈ નથી, આત્માના ગુણો વગેરે નથી તેઓ ખરી રીતે પોતાને જ ઠગનારા છે. દરેક જીવ પોતે એટલું તો સમજે જ છે કે સાંભળવાથી, આંખો વડે જોવાથી, નાક વડે સુંઘવાથી, ચામડીદ્વારા સ્પર્શ કરવાથી આત્માને જ્ઞાન થાયછે. આત્માને શરીરની આ ઈંદ્રિયોદ્વારા જે જ્ઞાન થાય છે તે જ્ઞાન તો આખું જગત જાણે છે, અરે ! જગતનો પ્રત્યેક આત્માએ જ્ઞાનને જાણે છે. દરેક સામાન્ય સંસારીજીવ હોય તેને પણ ઈંદ્રિયોદ્વારા થતા આ જ્ઞાનનો તો અનુભવ થાય છે જ. તમે એક વસ્તુને અમુક નામથી સંબોધો છો, અમુક શબ્દ બોલવાથી તમોને અમુક વસ્તુનું જ્ઞાન થાય છે એનું નામ પણ જ્ઞાન જ છે. ઉદાહરણ તરીકે તમે "દાબડી" શબ્દ બોલો છો અથવા કોઈના મોઢેથી દાબડીશબ્દ સાંભળો છો એટલે તમોને અમુક ચોક્કસ વસ્તુનું જ્ઞાન થાય છે. "દાબડી" ની ઉપર કાંઈ "હું દાબડી છું" એવું વાક્ય લખેલું નથી પરંતુ દાબડીશબ્દ બોલાયો એટલે અમુક આકારવાળી અમુક પ્રકારની ચીજ એવું તમોને જ્ઞાન થવા પામે છે.

## ઇન્દ્રિયગમ્ય જ્ઞાન કેવું છે ?

તમે વિચાર કરી જોશો તો માલમ પડી આવશે કે તમોને ઇન્દ્રયોદ્વારા જે જ્ઞાન થયું હતું તે જ્ઞાન અને આ રીતે વાચ્યવાચકદ્વારાએ થતું જ્ઞાન એ બંને જ્ઞાન સર્વથા જુદા જ છે તે એકજ પ્રકારના નથી

જ. મતિશ્રુતપુદ્ગલદ્વારાએ જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને માન્ય રાખ્યા વિના તો કોઈનો પણ છુટકો જ થવાનો નથી. આ જ્ઞાન એટલું બધું પ્રત્યક્ષ છે અને તેની ચોક્ખી અસર વહેવારમાં એવી સ્પષ્ટપણે માલમ પડી આવે છે કે એ જ્ઞાનની કબુલાત ગમે તેવો નાસ્તિક હોય પરંતુ તે છતાં તેને માન્ય રાખવી જ પડે છે. તમે દાબડી શબ્દ કહો છો એટલે તે સાંભળનારને તેથી અમુક પ્રકારનું જ્ઞાન થાય છે. તમે દાબડી શબ્દ સાંભળો છો એટલે તમોને પણ અમુક પ્રકારનું જ્ઞાન થવા પામે છે. અમુક આકાર, અમુક દેખાવ અને અમુક ઢબવાળી જે વસ્તુ છે તે દાબડી છે એવું આપણે જાણીએ છીએ. સૌથી પહેલાં ઈંદ્રિયોદ્વારા જે જ્ઞાન થાય છે તે આપણે કબુલ રાખ્યું છે. ઈંદ્રિયોદ્વારા થતું જ્ઞાન આપણે કબુલ રાખ્યું છે એટલે તે પછી તેની આગળ થતા જ્ઞાનને પણ કબુલ રાખવું જ પડે છે.

## નૈયાયિકોઃ વૈશેષિકો

ઈંદ્રિયોથી થતા જ્ઞાનને જે કબૂલ રાખે છે અને તેની આગળ વાચ્યવાચકતાદ્વારા થતા જ્ઞાનનો જે ઈન્કાર કરે છે તે ખરૂં કહીએ તો નાસ્તિકનો ભાઈ જ છે ! જ્ઞાન એ ઇંદ્રિયોથી થનારી વસ્તુ છે છતાં અવધિઆદિ જ્ઞાન ન માનીએ તો તે પરમ નાસ્તિકતા જ છે બીજું કાંઈ નથી. અવધિજ્ઞાન આદિને જ જો ન માનીએ તો તો પછી જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે એવું કહેવાનો વખત જ રહેતો નથી. અવધિજ્ઞાન આદિને જ જે માનવાની ના પાડે છે તે ક્યે મોઢે એમ કહી શકે કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે ? સંકેતદ્વારાએ જે બોધ થાય છે તે જ્ઞાન છે, સ્વતંત્ર આત્માદ્વારાએ જે બોધ થાય છે તે જ્ઞાન છે, પરંતુ એ બધું કહેવાનો અને માનવાનો પેલાને તો સમય જ મળતો નથી કે જેથી અવધિજ્ઞાન આદિ જ્ઞાનને માનવાનો જ ઈન્કાર કરે છે ! નાસ્તિકતાવાદીઓના વિચારોનું મિથ્યાપણું અહીં જણાઈ આવે છે. હવે નૈયાયિકો અને વૈશેષિકોનો મત કેવો છે તે તપાસી જોઈએ.

## મોક્ષ કે મૂર્ખાઇ

નૈયાયિક અને વૈશેષિકના મત પ્રમાણે જે આત્મા મોક્ષે જાય છે તે આત્માના જ્ઞાન અને સુખ પણ છુટી જાય છે ! આ લોકોના આ વિચિત્રવાદની મૂર્ખાઈથી જ વૈષ્ણવોએ તેમની મશ્કરી કરી છે, વૈષ્ણવોએ તેમની મશ્કરી કરતાં કહ્યું છે કે વટં અર્થાત્ મથુરાક્ષેત્રની પાસે આવેલા વૃંદાવનમાં શિયાળનો અવતાર ધારણ કરવો એ સારો છે. પણ નૈયાયિક વૈશેષિકના મતોનો મોક્ષ મેળવવો એ નકામો છે અર્થાત્ ન્યાયવાદીઓ અને વૈશેષિકોના મોક્ષ કરતાં તો વૈષ્ણવોએ માનેલા પવિત્રધામ મથુરાની પાસે શિયાળ થઈને જન્મવું એ વધારે સારૂં છે. ન્યાયવાદિઓનો મોક્ષ મળે તો તો સુખ પણ ભાગી જાય છે, તો પછી કાંઈ નહિ તો છેવટે સુખ મળ્યા કરે એવો શિયાળનો અવતાર શું ખોટો ? આવા વ્યંગ શબ્દો કહીને વૈષ્ણવોએ ન્યાય-વિશેષતાવાદીઓની મશ્કરી જ કરી છે તે યોગ્ય જ છે. જે મોક્ષમાં સુખનું સત્યાનાશ છે અને જ્યાં જ્ઞાનનો પણ નાશ થાય છે તે મોક્ષનો વૈષ્ણવો તિરસ્કાર કરે એમાં આશ્ચર્ય જ નથી. ખરી રીતે વૈષ્ણવોએ આ રીતે કટાક્ષ કરીને ન્યાયવાદીનો મોક્ષ એ સુખ અને જ્ઞાનથી શૂન્ય હોવાથી તે કેવો પોકળ અને મિથ્યા છે તે જ બતાવી આપવાનો પ્રયાસ કરેલો છે અને એ મોક્ષની મૂર્ખાઈને પ્રકટ રીતે દર્શાવી આપી છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૩૯૭)

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

પ્રશ્ન ૮૧૦-પ્રતિક્રમણઅધ્યયન ઔદાયિક ભાવમાંથી ક્ષાયોપશમિકભાવમાં આવવાને અંગે છે તો તેમાં ઇચ્છામિ પડિક્કમિઉં અને ઈરિયાવહિયા વગેરે સૂત્રો તો વ્યાજબી છે પણ 'કરેમિ ભંતે !' એ સામાયિકસૂત્ર અને ચત્તારિમંગલં વગેરે સૂત્રો શા માટે બોલાય છે?

સમાધાન-પડિક્કમણઅધ્યયનને પ્રસંગે સામાયિકસૂત્ર બોલીને જે સામાયિકનું સ્વરૂપ રાગ અને દ્વેષના સમભાવરૂપ છે તે ન કર્યું હોય અથવા રાગદ્વેષ કર્યા હોય તેના તથા સામાયિકને મોક્ષનું કારણ ન માન્યું હોય કે અસમભાવ જે રાગદ્વેષની પરિણતિ તેને સામાયિકરૂપ માની હોય તે બાબત સામાયિકસૂત્રથી પડિક્કમણું કરવાનું છે. તેવી રીતે અરિહંત ભગવાન્ આદિ ચારમાં મંગલપણાની બુદ્ધિ ન રહી હોય અથવા અમંગલપણાની બુદ્ધિ થઈ હોય તેનું પડિક્કમણું કરવા માટે તે સૂત્રો પ્રતિક્રમણઅધ્યયનમાં રાખેલાં છે. જુઓ આવ૦ પત્ર ૫૭૩.

પ્રશ્ન ૮૧૧-શ્રાવકને હિંસાદિને અંગે કથંચિત્ દ્વિવિધત્રિવિધ એટલે મનવચન અને કરવું અને કરાવવું નહિ એવાં પચ્ચખ્ખાણ હોય પણ મિથ્યાત્વની અપેક્ષાએ કેવાં પચ્ચખ્ખાણ હોય અને તે કેવી રીતે ?

સમાધાન-શ્રમણોપાસકને અગ્યારમી પ્રતિમા વેળા કે અપ્રાપ્ય વસ્તુને અંગે અણુવ્રતાદિમાં કદિ તિવિહંતિવિહેણં એવાં પચ્ચખ્ખાણ હોય બાકી તો અણુવ્રતાદિમાં દુવિહંતિવિહેણં એવાં જ એટલે મન, વચન અને કાયાથી કરે અને કરાવે નહિ એવાં પચ્ચકખાણ હોય, પણ મિથ્યાત્વની અપેક્ષાએ તો મન, વચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ અને અનુમોદવું નહિ એમ ત્રિવિધત્રિવિધ પચ્ચખ્ખાણ હોય છે તે આ પ્રમાણે:-૧ મનથી બૌદ્ધઆદિ ધર્મ સારો છે એમ માને નહિ. ૨ વચનથી સારો છે એમ કહે નહિ ૩ કાયાથી વગર પ્રયોજને તેઓનો સંબંધ કે સંસર્ગ કરે નહિ ૪ મનથી અમુક બૌદ્ધાદિધર્મમાં જાઓ એમ વિચારે નહિ. ૫ વચન થી તું બૌદ્ધાદિ

ધર્મમાં જા એમ કહે નહિ. ૬ કાયાથી બૌદ્ધાદિને અર્પણ કરે નહિ. ૭ કોઈ બૌધ્ધાદિ ધર્મમાં જતો હોય તો તેને મનથી અનુમોદે નહિ અને મૌન ન રહે ૮ વચનથી સારૂ કરવા માંડ્યું કે કર્યું એમ ન કહે અને કાયાથી એ બૌદ્ધાદિધર્મમાં જતા તરફ તિરસ્કારદર્શક નખછોટિકાદિ આપે. આ પ્રમાણે શ્રાવકે મિથ્યાત્વથી ત્રિવિધત્રિવિધ વિરતિ કરાય.

પ્રશ્ન ૮૧૨-શૂલ આદિ રોગોના નાશનો અને સંસારના દુઃખોના નાશનો વિચાર થાય તે અનિષ્ટના વિયોગરૂપ અને વેદના વિયોગરૂપ આર્ત્તધ્યાન કેમ ન કહેવાય ?

**સમાધાન**-રાગાદિને આધીન થઈ દવા વગેરે તો જરૂર આર્ત્તધ્યાન ગણાય પણ જ્ઞાનાદિની વૃદ્ધિ આદિ માટે દવા કરે તો અલ્પ સાવદ્ય કે અસાવદ્ય ધર્મધ્યાન ગણાય અને તપઃસંયમ તો ખુદ ધર્મધ્યાન સ્વરૂપ જ છે. જુઓ ધ્યાનશતક ગાથા ૧૧-૧૨.

પ્રશ્ન ૮૧૩-બાવીસ તીર્થંકરના શાસનમાં છેદોપસ્થાપનીયચારિત્ર ન્હોતું ફકત સામાયિકચારિત્ર સાધુઓને હતું તો પછી તેઓમાં ચાર મહાવ્રતોનો ઉચ્ચાર ક્યારે થતો હશે ?

**સમાધાન**-પ્હેલા અને છેલ્લા તીર્થંકર મહારાજના શાસનમાં છેદોપસ્થાપનીય નામનું ચારિત્ર હોવાથી દીક્ષા વખતે માત્ર સામાયિકચારિત્ર અપાય અને પછી ષડ્જીવનિકાય અધ્યયનના પઠન અને યોગ થવાથી નિરતિચાર ચારિત્ર હોય છતાં તે પર્યાય છેદીને મહાવ્રતોમાં આરોપાય છે, પણ બાવીશ ભગવાનના શાસનમાં છેદોપસ્થાપનીયચારિત્ર ન હોવાથી સામાયિકચારિત્રની સાથે જ ચાર મહાવ્રતોમાં સ્થાપન કરતા હતા. ભગવાન્ હરિભદ્રસૂરિજી તે માટે જ આવ૦ ૫૬૩માં જણાવે છે કે **मध्यमाः सामायिकं संयममुपदिशंति यदैव सामायिकः मुच्चार्यते तदैव व्रतेषु स्थाप्यते** અર્થાત્ બાવીશ તીર્થંકરના સાધુઓ સામાયિકચારિત્રનો ઉપદેશ આપે છે. જ્યારે સામાયિકચારિત્ર ઉચરાવાય ત્યારે જ વ્રતોમાં સ્થાપન કરાવાય છે. આ જ કારણથી જ્ઞાતાધર્મ કથાસૂત્રમાં પુંડરીકજી રાજ્યઋદ્ધિનો ત્યાગ કરી કંડરીકનો સાધુપણાનો વેષ લઈ પ્રાણાતિપાતાદિ ન કરવાની પ્રતિજ્ઞા કરે છે.

પ્રશ્ન ૮૧૪-દિવસને અંતે કરાય તે દૈવસિક અને રાત્રિને અંતે કરાય તે રાત્રિક પ્રતિક્રમણ કહેવાય છે અને શાસ્ત્રકારો પણ **अन्तो अहोनिस्स य** એમ આવશ્યકનો અર્થ દેખાડતાં જણાવે છે તો પછી પક્ષને છેડે કરાય તે પાક્ષિક, ચતુર્માસને છેડે કરાય તે ચાતુર્માસિક અને વર્ષને અંતે કરાય તે વાર્ષિક એટલે સાંવત્સરિક એમ વ્યુત્પત્તિથી પક્ષને અંત્યે પુનમે પાક્ષિક ચોમાસાંને અંતે ચઉમાસી વર્ષને અંતે વાર્ષિક એટલે પુનમે જ પકખી ચઉમાસી અને સંવચ્છરી થવાં જોઈએ.

**સમાધાન**-આચાર્ય મહારાજ શ્રીહરિભદ્રસૂરિજી આવ૦ ૫૬૩માં દૈવસિક અને રાત્રિકને માટે **दिवसनिर्वृतं** અને **रजनिनिर्वृतं** એમ કહી દિવસ અને રાત્રિને વ્યવહારથી લેવાના સૂચવી પાક્ષિકાદિની વ્યુત્પત્તિમાં **पक्षातिचारनिर्वृतं** એમ સાક્ષાત્ કહી ચઉમાસી અને સંવચ્છરીમાં તેની ભલામણ **एवं चातुर्मासिकं सांवत्सरिकं** એવા પદોથી કરે છે તેથી તે પકખી, ચઉમાસી અને સંવચ્છરી વ્યાવહારિક પક્ષ, ચઉમાસ અને વર્ષના અંત ઉપર ધોરણ નહિ રાખતાં પક્ષ આદિના અતિચારો રાખવા ઉપર ધોરણ છે એમ જણાવે છે તેથી જેમ સંવચ્છરી વ્યાવહારિક વર્ષને અંતે નથી તેમ પકખી અને ચઉમાસી પણ વ્યવહારિક પક્ષ અને ચઉમાસને અંતે નથી, અને તેથી ઘર શોધવાનું દ્રષ્ટાન્ત આપે છે. લોકોમાં ઘરનું શોધવું સાંઝ સવાર થાયછે બાકી શોધન પક્ષ ને ચઉમાસી, સંવચ્છરીને અંતે હોય તેમાં કાંઈ પુનમનો નિયમ હોતો નથી, માટે રાઈ અને દેવસી વ્યવહારથી લેવાં પણ પાક્ષિક આદિ માટે તે વ્યાવહારિકનો નિયમ નહિ. એ વાત જણાવવા માટે **पक्षातिचारनिर्वृतं**

એમ કહેવું અને ચઉમાસી તથા સંવચ્છરીમાં તેની ભલામણ ગેરવ્યાજબી નથી.

**પ્રશ્ન ૮૧૫**-બાવીસ તીર્થંકરોના સાધુઓને જે રાઈ અને દેવસી પડિક્કમણાં હતાં તે તેઓ રાત્રિ અને દિવસને અંતે કરતા હતા કે હરકોઈ વખતે કરતા હતા ?

**સમાધાન**-બાવીશ તીર્થંકર મહારાજાના સાધુઓને દૈવસિક આદિ પાંચ પ્રકારના પડિક્કમણામાં ફક્ત રાઈ અને દેવસી પડિક્કમણાં હોય છે એટલે રાતે કે દિવસે તેઓ પડિક્કમણું કરે. અર્થાત્ રાત્રિને અંતે તે રાત્રિક અને દિવસને અંતે તે દૈવસિક અને વ્યુત્પત્તિ પ્રતિક્રમણકલ્પ તેઓને નિયત ન હોવાથી લાગુ પડતા નથી. તે મધ્યમજિનના સાધુઓને તો જ્યારે પ્હેલાં પ્હોર વગેરેમાં દોષ લાગે ત્યારે તે જ પ્હેલા પ્હોર વગેરેમાં તે પડિકકમણું કરી લે. તેટલા માટે ભગવાન્ ભદ્રબાહુ સ્વામીજી અને હરિભદ્રસૂરિજી કહે છે કે **जो जाहे आवन्नो सो ताहे पडिक्कमई**

टीकाः-यः साधुरितियोगः यदा-यस्मिन् काले पूर्वाह्नादौ आपन्नः प्राप्तः स तदैव तस्य स्थानस्य-प्रतिक्रामति.

**પ્રશ્ન ૮૧૬**-વર્તમાનમાં જેમ સવાર સાંઝ વગેરે નિયમિત કાલે પડિક્કમણું કરવાનું હોવાથી ગુરૂમહારાજની સમક્ષ અને ગુરૂમહારાજની હાજરી ન હોય તો સ્થાપનાચાર્ય સમક્ષ એકલાં પડિક્કમણું થાય છે તેમ બાવીસ ભગવાનના મુનિયોને પડિક્કમણું જ્યારે દોષ લાગે ત્યારે જ કરવાનું હોવાથી ગુરૂ સમક્ષ પડિકકમણું હોય કે એકલા હોય ?

**સમાધાન**-બાવીસ ભગવાનના સાધુઓને જ્યારે પ્હેલા પ્હોર વગેરેમાં દોષ લાગે ત્યારે જ પડિકકમણું કરવાનું હોવાથી તેઓ ગુરુમહારાજની સાક્ષિથી પણ કરે અને એકલા પણ કરે એટલા માટે શ્રીહરિભદ્રસૂરિજી આવશ્યક વૃત્તિમાં જણાવે છે કે **एकाक्येव गुरुसमक्षं वा प्रतिकामति मध्यमानां** એકલો અથવા ગુરૂ મહારાજની સમક્ષ મધ્યમ તીર્થંકરમહારાજના સાધુઓને હોય છે.

**પ્રશ્ન ૮૧૭**-ચાર પ્રકારના રૌદ્રધ્યાનોમાં હિંસા, જુઠ અને ચોરીના વિચારો રૌદ્રધ્યાન કહેવાય તે તો સ્હેજે સમજાય તેમ છે પણ સંરક્ષણના વિચારોને રૌદ્રધ્યાન કેમ કહેવાય ? અને સંરક્ષણના વિચારને રૌદ્રધ્યાન ગણતાં ધનનું રક્ષણ પણ રૌદ્રધ્યાન કહેવાય કે ? અને જો રૌદ્રધ્યાન કહેવાય તો દેવદ્રવ્યનું રક્ષણ કરવું તે રૌદ્રધ્યાન કહેવાય કે ?

**સમાધાન**-રક્ષણ કરનાર અન્ય સર્વને અંગે હરણની શંકાવાળો અને કલ્પનાથી હરનારને મારવાના વિચારવાળો જરૂર હોય તેથી બધી વસ્તુ અને ધન એ સર્વનું સંરક્ષણ એ રૌદ્રધ્યાન ગણાય. ચૈત્યદ્રવ્યનું રક્ષણ વિષયના સાધનની બુદ્ધિએ નથી માટે તે રૌદ્રધ્યાન નથી એજ વાત **श्रावकस्य चैत्यदव्यसंरक्षणे न रौद्रध्यानं** એમ હરિભદ્રસૂરિજી જણાવે છે.

**પ્રશ્ન ૮૧૮**-બેઇન્દ્રિય આદિમાં ઉત્પન્ન થતી વખતે જે જીવોને સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે તે પ્હેલાના ભવમાં ઔપશમિક સમ્યક્ત્વવાળા હોય છે. તેવી રીતે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા મરણ પામતાં જો બેઇંદ્રિય આદિમાં જાય તો તેનું કોઈ સમ્યક્ત્વ હોય કે નહિ ? અને ન હોય તો ન હોવાનું કારણ શું?

**સમાધાન**-ઔપશમિક સમ્યક્ત્વવાળાનું મિથ્યાત્વ રસ અને પ્રદેશ અને બન્ને પ્રકારે શમી ગયેલું છે. તેથી તે વાળાને અનંતાનુબંધીનો ઉદય થયા છતાં મિથ્યાત્વનો ઉદય થતાં વાર લાગે છે ને બેના ઉદયના અંતરામાં જે વખત હોય તેમાં સાસ્વાદન સમ્યક્ત્વ અને તે બેન્દ્રિયઆદિમાં ઉત્પન્ન થતી વખત હોઈ શકે, પણ ક્ષાયોપશમિક સમ્યકત્વવાળાને તો મિશ્રભાવે પુદ્ગલો વેદાતા હોવાથી અનન્તાનુબંધીના ઉદયની સાથે જ મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે માટે ક્ષાયોપશમિકવાળાને સાસ્વાદન સમ્યક્ત્વ ન હોય.

શ્રીકોટ્યાચાર્યજી કહે છે **अस्मादेव भद्रयन्तो द्वींद्रियादिषूत्पद्यन्ते नान्यस्मात्, अन्यतो झटिति मिथ्यात्वप्राप्तया षडावलिका कालाभावात्** આ એકદમ ક્ષાયોપશમિકવાળાને મિથ્યાત્વ જ થાય છે એ વાત બેઈંદ્રિયાદિ અને તેના ઔપશમિકના પડવાને આશ્રયી છે છતાં કેટલાકો બીજે પણ તે વાત લગાડીને માને છે કે મરીને નરકમાં જનારો જીવ ક્ષાયિક કે ઔપશમિકવાળો હોય તો જ સમ્યક્ત્વ સાથે લઈ જાય પણ ક્ષાયોપશમિકવાળો સાથે લઈ જાય નહિ, અને તેથી તેઓ નારકીમાં જે સમ્યક્ત્વ સાથે પાંચ નરકો સુધી જવાનું થાય છે તે વિશેષે ઔપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ માને છે. ક્ષાયિકવાળો તો ત્રણ નરક સુધી જ જવાનો હોય છે.

**પ્રશ્ન ૮૧૯**-ક્ષાયોપશમિક અને વેદક બન્ને સમ્યક્ત્વ જ્યારે સમ્યક્ત્વમોહનીયને વિપાકથી વેદવાવાળાં છે તો પછી જુદાં કેમ ગણ્યાં ?

**સમાધાન**-બન્નેમાં સમ્યક્ત્વમોહનીયનું વેદન તો વિપાકથી છે પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં અનુદાહક અને ઉપશાંત એવું મિથ્યાત્વ અને મિશ્રમોહનીય છે પણ વેદકમાં તે મિથ્યાત્વ અને મિશ્ર તેવાં હોતાં નથી, માટે ઉપશમ અને ક્ષયના ભિન્નપણાની માફક ક્ષયોપશમિક અને વેદકનું ભિન્નપણું માનવું વ્યાજબીજ છે.

**પ્રશ્ન ૮૨૦**-ક્ષાયોપશમિક અને વેદક સમ્યક્ત્વમાં શોધેલા પણ મિથ્યાત્વના પુદ્‌ગલો વેદાય છે અને તેને લીધે જ તે ક્ષાયોપશમિક અને વેદક કહેવાય છે તો પછી ઔદયિક કેમ ન કહેવું ?

**સમાધાન**-શોધેલા મિથ્યાત્વ પુદ્‌ગલોનો ઉદય હોવાથી જ ઉપશમ ગણાય અને તેથી તે ઔદયિક ન ગણાય અને તેથી મિશ્ર પણ ઔદયિકમાં ન ગણ્યું.

## સમાલોચના

૧ કંચનની જે ખુબી છે કે કાળી કસોટી ઉપર કસાય તો પણ પોતાનો રંગ ન ચુકે તે કથીરમાં ન જ હોય અને તેથી પોતાનો દ્વેષાગ્નિ જ માત્ર પેપરમાં પધરાવે પણ ખુલાસાની ખંતનો તો ખટકારોએ ન હોય એમાં આશ્ચર્ય નથી.

૨ અહમિક ઈર્ષ્યાખોર તેજોદ્વેષી વગેરે શબ્દોથી જેઓ પોતાની જાતને શણગારે તેઓ યથાર્થ ઉત્તરની પ્રણાલિકામાં ન આવે એ અસ્વાભાવિક નથી.

૩ જયંતિ ઉજવવી અને શતાબ્દી નહિ સાધર્મિકને પૈસા વગેરે આપવું પણ ધંધો નોકરી કે સગાઈનો સંબંધ ન થાય કોર્ટ સમક્ષ અને જાહેર પેપરમાં એક વખતના સહી કરેલ ઠરાવોને જમીનદોસ્ત કરવામાં શોભા ગણાય વગેરે જાહેર હકીકતને જોનારો **यन्माधवेनोक्तं तन्न** એ ઉક્તિને બરોબર અનુભવે છે.

૪ પટધર, ઉંટડીનું દૂધ હરસનો જીવ સૂતકની તક વગેરે ચર્ચાઓ કેમ જન્મી તેનો વિચાર કરવાનો કથીર પક્ષીને ન જ હોય.

(વીર (કથીર)શાસન)

卐

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(ગતાંકથી ચાલુ)

આચાર્ય શ્રીમાન્ યશોદેવસૂરિજીએ પ્રત્યાખ્યાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં છટ્ઠ વિગેરેના પચ્ચકખાણને એકી સાથે લેવાનાં કહ્યાં છે અને તે શ્રીયશોદેવસૂરિજી શ્રીતપગચ્છ સિવાયના છે, તેથી સ્પષ્ટ થશે કે છટ્ઠ, અટ્ઠમ આદિના પચ્ચકખાણ એકી સાથે લઈ શકાય.

**તપચિંતવણીના કાઉસ્સગ્ગનો અધિકાર પણ એકી સાથે ઉપવાસો ઘણા પચ્ચકખાણ તેવી વાત સ્પષ્ટ કહે છે**

વળી શ્રીઆવશ્યક, પંચવસ્તુ વિગેરેમાં તપચિંતવણીનો કાઉસ્સગ્ગ જણાવતાં છ મહિનાના તપથી શ્રીવીરશાસનમાં શરૂઆત કરેલી છે. હવે જો કોઈ તેવા સંઘયણવાળાની છ મહિના ઉપવાસ કરવાની શક્તિ હોય તો તેને કાઉસ્સગ્ગમાં ક્યાં અટકવું ? શું છ મહિનાના પચ્ચકખાણ કરવાં હોય, છતાં તેને શક્તિ નથી અને પરિણામ નથી એમ બોલવું ? એવી જ રીતે પાંચ પાંચ દિન ઘટાડતાં પણ જે જે તપસ્યાઓ ચિંતવવાની કહી છે તે બધીમાં શું તે બધી તપસ્યાઓ કરવાના ભાવ હોય ત્યારે પણ પરિણામ નથી એમ કહીને શું એક ઉપવાસ સુધી આવવું ? કહેવું પડશે કે પરિણામ છે, શક્તિ છે અને માત્ર એક ઉપવાસથી વધારેના પચ્ચકખાણ ન થાય એવું કહેનારાઓ સાધુ અને સામાયિકવાળા શ્રાવકોને જુઠું ચિંતવવાની ફરજ પાડે છે. શાસ્ત્રકાર તો કહે છે કે જે તપ કરવું હોય ત્યાં અટકી જવું, અર્થાત્ જેને મહિનાના ઉપવાસ કરવા હોય તેણે મહિનાના ઉપવાસ ધારી અટકી જવું એ શાસ્ત્રમર્યાદા આવશ્યક, પંચવસ્તુ વિગેરે શાસ્ત્રો જોનારને સ્પષ્ટ માલમ પડે છે. વળી વર્તમાનમાં સંઘયણઆદિની હાનિ દેખી જે સોળ ઉપવાસ એટલે ચોત્રીસ ભકતનો પચ્ચકખાણ એકી સાથે આપવામાં આવે છે, તેનું સૂચન પણ લઘુ અને મોટી યતિદિનચર્યાઓમાં સ્પષ્ટ છે, કેમકે ત્યાં લખે છે કે છેલ્લાં મહિનામાં તેર દિવસ ઓછા કરી પછી ચોત્રીસ ભકતથી બબે ભકત ઓછા કરતાં જવું અને જેટલા ભકતોનો ત્યાગ કરવો હોય તે સ્થાને તે પચ્ચકખાણ ધારીને અટકી જવું.

**એકી સાથે છટ્ઠાદિનો ઉચ્ચાર ન માનનારને ભક્તનો હિસાબ ન રહે.**

એક સાથે પચ્ચકખાણ નહિ દેનારાની અપેક્ષાએ પચ્ચકખાણ કરવા માટે તો એક ઉપવાસ સિવાય સ્થાન રહે નહિ, કેમકે જે મનુષ્યે કાલે ઉપવાસ કર્યો હોય અને આજે પણ બીજો ઉપવાસ કરે તેને આજના સૂર્યોદયથી છટ્ઠ ભક્તનો ત્યાગ રહે ક્યાંથી ? તેવી જ રીતે ત્રીજે દહાડે ઉપવાસ કરે તોપણ તે ત્રીજા દિવસના સૂર્યના ઉદયથી અઠમભક્તનું પચ્ચકખાણ હોય જ નહિ.

**પહેલેથી અટ્ઠમ છઠઆદિ તપસ્યાનો ઉચ્ચાર શાસ્ત્રસંમત છે કે ?**

અને શાસ્ત્રોમાં તો સ્થાન સ્થાન ઉપર છટ્ઠ, અટ્ઠમ વિગેરે તપસ્યાનો પહેલે દિવસથી અંગીકાર છે. અભયકુમાર અને કૃષ્ણ મહારાજાએ દેવતાને માટે કરેલો અટ્ઠમ પૌષધશાળામાં જતાંની સાથે અંગીકાર કર્યો છે એમ **अट्ठमत्तं पगिण्हइ** અર્થાત્ અષ્ટમ ભક્તને ગ્રહણ કરે છે એમ ચોકખા પાઠથી સ્પષ્ટ જણાવે છે, અને ભરત ચક્રવર્તી વિગેરેના ક્ષેત્રના દેવતાઓ સાધવાના અટ્ઠમ પણ તેવી રીતે એકી સાથે ગ્રહણ કરેલા છે એમ જણાવ્યું છે. વળી ત્રીજે દિવસે જ્યારે દેવતાઓનું આવવું થાય છે ત્યારે તો શાસ્ત્રકાર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **अट्ठमभत्तम्मि परिणममाणम्मि** અર્થાત્ અટ્ઠમભક્ત પૂરો થતાં દેવતાનું આવવું થયું એમ જણાવી ગ્રહણ અને પરિણામની ભિન્ન ભિન્ન દશા જણાવી સ્પષ્ટપણે પ્રથમ દિવસે અટ્ઠમ ગ્રહણ કર્યાનું જણાવે છે.

**એકી સાથે છટ્ઠઆદિના પચ્ચકખાણ ન આપવામાં કરાતી યુક્તિનું પોકળ**

વળી એકી સાથે પચ્ચકખાણ નહિ આપનારા એક બાળકોને પણ હાસ્ય કરવાલાયક વાત કરે છે કે એકી સાથે પચ્ચકખાણ લેવાથી લીધેલા બે, ત્રણ, ચાર યાવત્ જેટલાનું પચ્ચકખાણ લીધું હોય, તેમાં પહેલે, બીજે કે કોઈપણ દિવસે કદાચિત્ કર્મોદયે ભંગ થવાનો પ્રસંગ આવે તો તે મોટું પચ્ચકખાણ ભાંગ્યાનું પાપ લાગે, પણ જો રોજ રોજના જુદાંજુદાં પચ્ચખ્ખાણ લેવામાં આવ્યાં હોય તો એક જ ઉપવાસના પચ્ચખ્ખાણના ભંગનું પાપ લાગે. આવી કુયુક્તિ કરનારાઓએ પ્રથમ તો યાવજ્જીવનું ચારિત્ર કહેનારા શાસ્ત્રકારને મોટો ઓલંભો આપવો જોઈએ, કેમકે જેમ ભવાંતરે ભંગના ભયને લીધે શાસ્ત્રકારોએ જેમ જાવજ્જીવાએનો પાઠ આપ્યો છે, તેવી રીતે તેઓએ પોતાની ભૂલ સમજીને રોજરોજનું ચારિત્ર અને મહાવ્રત ઉચ્ચરાવવાનું રાખવું હતું, કેમકે આ કુયુક્તિવાળાની અપેક્ષાએ યાવજ્જીવનું સામાયિક કે મહાવ્રત ઉચ્ચરવાથી કદાચિત્ કર્મના ઉદયે જ્યારે ત્યારે પણ ભાંગશે, તો યાવજ્જીવના વ્રતનો ભંગ થશે, પણ જો રોજ રોજ સામાયિક અને મહાવ્રત ઉચ્ચરવાનું રાખ્યું હોત તો જ્યારે ભાંગે ત્યારે તે જ દિવસનું જ પાપ લાગત. વળી તે કુયુક્તિવાળાની અપેક્ષાએ શ્રાવકપણે પણ અણુવ્રતો અને ગુણવ્રતો ઉચ્ચરાવવાનું શાસ્ત્રકારોએ યાવજ્જીવને માટે રાખ્યું છે તે પણ શાસ્ત્રકારોએ મોટી ભૂલ કરી છે, અને તે અણુવ્રત વિગેરે કરનારાઓને મોટા પાપના સંભવમાં જોડ્યા છે. જો આ બાળકને હસવાલાયક યુક્તિ શાસ્ત્રકારોને સૂઝી હોત તો શિક્ષાવ્રતોમાં જેમ ટૂંકે ટૂંકે મર્યાદા રાખી છે, તેવી રીતે અણુવ્રત અને ગુણવ્રતોમાં પણ ટૂંકી ટૂંકી મર્યાદા રાખી, સામાયિક અને પૌષધની માફક પ્રતિદિવસને પ્રતિનિયત દિવસના કર્તવ્ય તરીકે જ જણાવત, પણ શાસ્ત્રકારોને બાળકોને હસવાલાયક આવી યુક્તિ ન સૂઝી તેમાં બીજા કોઈનું કમનસીબ ન હોય તો આવી યુક્તિના પક્ષને ધરનારાનું તો કમનસીબ તો હોવું જ જોઈએ, કેમકે શાસ્ત્રકારોએ જો મહાવ્રત, અણુવ્રત અને ગુણવ્રતોમાં લાંબી મુદત નહિ રાખતાં ભંગના ભયથી ટૂંકી મુદત રાખી હોત તો આ પક્ષકારને કુયુક્તિ કરનારો કહેવાનો વખત આવત નહિ.

**તપચિંતવનના કાઉસ્સગ્ગ અને પચ્ચખ્ખાણ પારવાની બાબતમાં એકી સાથે ઉચ્ચાર નહિ માનનારની યુક્તિનું પોકળ**

વળી એ એક સાથે પચ્ચખ્ખાણ નહિ માનનારાઓ તરફથી કહેવામાં આવે છે કે પહેલે દહાડે જો છટ્ઠ, અટ્ઠમ વિગેરેના પચ્ચકખાણ દેવામાં આવશે તો બીજે, ત્રીજે કે એ વિગેરે દહાડે પચ્ચકખાણ પારતા શું બોલશો ? પણ આવી યુક્તિ કરનારે સમજવું જોઈએ કે જો જાવજ્જીવને માટે સામાયિકમાં રહેલો સાધુ સાંજ, સવાર વિગેરે વખતે આવશ્યક કરતાં સામાયિકનો અનુવાદ કરવા તરીકે

પાઠ બોલે છે, તો પછી ચાહે જેટલા ઉપવાસ કર્યા હોય તોપણ હરેક દિવસે તે સામુદાયિકનું પચ્ચખ્ખાણ વિચારી તે દિવસના પાણહારને પારવામાં અડચણ શી ?

**આગલપાછલ તિવિહાર અને વચમાં ચોવિહારનો બાધ પણ નિરર્થક છે.**

કદાચ કહેવામાં આવે કે તેને વચલા કોઈપણ દિવસે ચોવિહાર કરવો છે તો તે કયું પચ્ચખ્ખાણ લેશે ? આ શંકા અસ્થાને જ છે, કેમકે પચ્ચખ્ખાણ કરનારે ધારીલે મુદત સુધીના ત્રણ પ્રકારના આહારના પચ્ચખ્ખાણ કર્યાં છે, પણ પાણીનો આહાર છૂટો રાખ્યો છે, તેથી તે દહાડે સૂર્ય ઊગે ચોવિહાર ખુશીથી કરી શકે છે. જેમ એકાસણું કરતી વખતે પ્રથમથી એક આસન સિવાય ત્રણે આહારનો ત્યાગ કરેલો છે, છતાં પણ એકલઠાણાનું પચ્ચખ્ખાણ એકાસણાના પચ્ચકખાણ કર્યા પછી કરે તો ત્યાં ચોવિહાર બોલી શકે છે. વળી અમુક વિગઈના પચ્ચકખાણ કર્યા પછી નીવી કરે, અને નીવીના પચ્ચકખાણ કર્યા પછી આંયબિલના પચ્ચકખાણ કરે તો પહેલ પહેલાં જે જે વિગઈ, નિવિગઈના જે જે પચ્ચકખાણ થયેલાં છે, તેના ફેર ફેર પચ્ચકખાણ થાય તેમાં કોઈપણ જાતની અડચણ ગણી નથી, અને જો તે અડચણ નથી તો પછી ત્રણ આહારના પચ્ચકખાણ કર્યા પછી કોઈપણ દિવસે ચોવિહાર કરવો હોય તો સૂરે ઉગ્ગએ ચોવિહારના પચ્ચકખાણ કરવામાં શી અડચણ આવે ?

**પાણીના વિભાગને અંગે એકી સાથે પચ્ચકખાણ નહિ માનનારાઓની પોકલ માન્યતા**

આવી રીતે શાસ્ત્રથી એક સાથેના પચ્ચકખાણ નિર્દોષ અને સયુક્તિક છે એમ સાબીત થયાં છતાં તે નહિ માનનારા એક નવી કુયુક્તિ કરે છે કે પર્યુષણા કલ્પસૂત્રમાં નવમા સામાચારીના વ્યાખ્યાનની અંદર ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમવાળાને જુદાં જુદાં પાણી કહેલા છે, તો એકી સાથે છઠ્ઠ કરનારો કે અઠ્ઠમ કરનારો પહેલે અને બીજે દિવસે ક્યાં ક્યાં પાણી વાપરશે ? આવી કુયુક્તિ કરનારાઓએ સમજવું જોઈએ કે પ્રથમ તો તે સામાચારીના વ્યાખ્યાનમાં ઉપવાસ, છઠ્ઠ કે અઠ્ઠમને અંગે પાણી કહેલાં નથી, પણ જે મહાનુભાવો આખા ચોમાસામાં એકાંતરે ઉપવાસના અભિગ્રહવાળા હોય કે છઠ્ઠ છઠ્ઠ કે અઠ્ઠમ અઠ્ઠમના અભિગ્રહવાળા હોય તેવાઓને માટે જુદાં જુદાં પાણી જણાવ્યા છે અને તેથી છઠ્ઠવાળાનું પાણી બંને દિવસ છઠ્ઠવાલો વાપરે, અને અઠ્ઠમવાળાનું પાણી ત્રણે દિવસ અઠ્ઠમવાળો વાપરે તેમાં સર્વથા અભિગ્રહ હોવાથી અડચણ શી ? જો એમ ન માનીએ તો તે જ સમાચારીના અધિકારમાં અણશણ કરનારને માટે જે પાણી કહ્યાં છે તે વિકૃષ્ટ ભકત એટલે ત્રણથી વધારે તપસ્યાવાળાને લાયકના છે, તો શું અણશણમાં પણ ત્રણ દહાડા તે કહેલું પાણી ન વાપરવું એમ તેઓ કબુલ કરશે ? અને જો અણશણના પહેલે દિવસે પણ વિકૃષ્ટ ભકતને લાયકનું પાણી વાપરે તો પછી છઠ્ઠ અઠ્ઠમના ચોમાસાને માટે અભિગ્રહવાળાને તેના પાણી પહેલે દિવસે વાપરવામાં અડચણ શી ?

**આગલ આગલની તપસ્યાના પાણી શુદ્ધ શુદ્ધતર હોવાથી તેનો વાંધો કેમ ?**

એ વાત તો ધ્યાનમાં રાખવાની છે કે ઉપવાસ કરતાં છઠ્ઠના પાણી અને છઠ્ઠ કરતાં અઠ્ઠમના પાણી ઉંચા પ્રકારના છે. તેથી એક ઉપવાસવાળો પહેલે દિવસે કદાચ એક ઉપવાસને લાયકનું પાણી વાપરી બીજે દિવસે ઉપવાસ કરે અને છઠ્ઠને લાયકનું વાપરે અને ત્રીજે દિવસે ઉપવાસ કરી અઠ્ઠમને લાયકનું વાપરે તો તેમાં શાસ્ત્રનો બાધ ન હોય એ સ્વાભાવિક છે, પણ તેથી છઠ્ઠ અને અઠ્ઠમ વિગેરે એકી સાથે કરનારને પહેલે દિવસે તે તે તપસ્યાના પાણી વાપરવામાં ઉંચા ઉંચા હોવાથી કોઈપણ જાતની હરકત નથી.

**છઠ્ઠવાળાઓએ અઠ્ઠમ કર્યા એવા ઉલ્લેખથી એકી સાથે પચ્ચક્ખાણ નહિ માનનારની સમજફેર**

વળી એક સાથે પચ્ચકખાણ નહિ માનનારાઓ યુક્તિ કરે છે કે ભગવાન્ મહાવીર મહારાજાએ તથા વરૂણ શ્રાવકે છઠ્ઠ ભકત હતો અને અઠ્ઠમભકત કર્યો એમ શાસ્ત્રકારોનું સ્પષ્ટ લખાણ હોવાથી માલમ પડે છે કે દિવસના પચ્ચકખાણ જુદાં જુદાં હોવાં જોઈએ, પણ તેઓએ સમજવું જોઈએ કે છઠ્ઠના અભિગ્રહે નિયમિત છઠ્ઠ છઠ્ઠ થતા હોય અને તેમાં વચમાં કોઈ અઠમ કરે તો છઠ્ઠભક્તિ કે અઠ્ઠમભકત કર્યો એમ કહેવામાં અડચણ શી ? અથવા તો બે ઉપવાસ ચોવિહાર છઠ્ઠ તરીકે કર્યા હોય, અને પછી ત્રીજે દિવસે પારણું ન કરતાં ઉપવાસ કરે તો તેને અઠમ થયો કહેવામાં અડચણ શી ? ધ્યાન રાખવું કે શ્રીચંદનબાળાએ અઠ્ઠમના પચ્ચખાણ કર્યા નથી. છતાં તે ત્રણ દિવસ યંત્રમાં કેદ રહેલી હોવાથી તેના ત્રણ ઉપવાસોને શાસ્ત્રકારોએ અઠ્ઠમ તરીકે ગણ્યો છે. તેવી જ રીતે ઇંદ્રનાગ નામના બાલતપસ્વીએ બે બે દિવસે ભિક્ષા નહિ લેવાનું કર્યું તેથી શાસ્ત્રકારોએ તેને છઠ્ઠ ભક્તિક ગણ્યો. આ ઉપરથી સમજી શકાય કે બે, ત્રણ, ચાર વિગેરે ઉપવાસવાળાઓને છઠ્ઠ, અઠ્ઠમ, કે દશમ વિગેરે કહેવામાં અડચણ નથી, પણ તેથી શાસ્ત્રકારોએ પહેલે દિવસે શરૂઆતમાં જ अट्ठमभत्तंपगिण्हइ એમ લખી એકી સાથે છઠ્ઠ, અઠ્ઠમ વિગેરેના જે પચ્ચકખાણ જણાવ્યા છે તેને કોઈપણ જાતનો બાધ આવતો નથી.

**એકી સાથે તપસ્યાના ગ્રહણની સાથે પૌષધના ગ્રહણ નથી.**

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અભયકુમાર વિગેરે ત્રણે દિવસના પૌષધ સાથે અઠ્ઠમ કરવાવાળા છે. છતાં અઠ્ઠમ ભકત ગ્રહણ કર્યું એમ કહેવાની માફક ત્રણે દિવસનો પૌષધ અગર ત્રણે દિવસના પૌષધ સાથેનો અઠ્ઠમ ગ્રહણ કર્યો એવું વાક્ય શાસ્ત્રકાર કહેતા જ નથી. જો કે ત્રીજે દિવસે ત્રીજા પૌષધને અંગે અગર તેના પારણાંને અંગે अट्ठमपोसहिए એમ કહી શકાય અને કહે છે પણ ખરા, પણ ગ્રહણ કરવાની વખતને માટે તો અષ્ટમ ભકત ગ્રહણ કર્યો એમ ચોકખો લેખ છે, અને તેથી સ્પષ્ટ સાબીત થાય કે પૌષધ એકી સાથે ઉચ્ચરી શકાય નહિ, તોપણ અષ્ટમ ભકતની તપસ્યા તો એકી સાથે પચ્ચકખી શકાય છે.

**વળી સાથેના જે જુદા પચ્ચકખાણ ન હોય તો તે તે પર્વના તપ પ્રસાદ વખતે તે તે એકઠા તપને જુદા ઉપવાસ કહેવા સાથે કહેવા પડે, જેમકે અઠ્ઠમ ત્રણ ઉપવાસ**

આ બધું વિચારી શાસ્ત્રાનુસારી જીવો તો નવી કૂટ કલ્પનાઓ તરફ નહિ દોરાતાં આગ્રહ છોડીને શાસ્ત્રના માર્ગ તરફ વળશે એમ ઇચ્છવું તે યોગ્ય છે.

આ બધી તપસ્યાની ચર્ચા માત્ર પ્રસંગને અંગે કહી છે, બાકી ખરો પ્રસંગ તો જેમ પાક્ષિક, દિવસને અંગે ઉપવાસ, ચાતુર્માસિક દિવસને અંગે છઠ્ઠ અને સંવચ્છરીના દિવસને અંગે અઠ્ઠમનું તપ કરવું તે જરૂરી છે, અને તેથી પર્યુષણાના પરમ પવિત્ર તહેવાર ને અંગે દરેક આજ્ઞાનુસારીએ અઠ્ઠમ કરવો જ જોઈએ. લાગલગાટ ત્રણ ઉપવાસ ન બને તો છુટા ત્રણ ઉપવાસ, તે પણ ન બને તો અનુક્રમે છ આંબેલ, નવ નીવી, બાર એકાસણાં, ચોવીસ બેસણાં અને છ હજાર સજ્ઝાય કરીને પૂર્વપૂર્વની અશક્તિએ પૂરો કરવો. આ અઠ્ઠમની તપસ્યાનો સંબંધ સીધો સંવચ્છરી દિવસની સાથે છે, અને તેથી જ મહાનિશીથ વિગેરે સૂત્રમાં પ્રાયશ્ચિત દેખાડતાં સંવચ્છરીનો અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત આવે એમ જણાવવામાં આવ્યું છે, અને તેથી જ સંવચ્છરીપર્વના પહેલા પર્વો કે જેમાં નિયમિત અવસ્થાનલક્ષણ પર્યુષણા કરવાનું ક્ષેત્રાદિ સામગ્રી પ્રમાણે શાસ્ત્રકારોએ જણાવ્યું છે, ત્યાં તે અઠ્ઠમની તપસ્યાની હકીકત કોઈપણ જગો પર લેવામાં આવી નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૦૭)

## શાસનમાં દાનનું સ્થાન

### ૧ સૂર્યના ખસેલાં સહસ્રકિરણો પાછાં જોડાયાં એટલે શું ?

### (લેખાંક પ્હેલો)

ઉપરના અધિકારને તમો વર્ષોવર્ષ સાંભળો છો, જાણો છો અને માનો છો પણ રહસ્યને વિચારવા તરફ જ લક્ષ્ય ઓછું દોડાવ્યું હશે તો પછી તેની તાત્ત્વિક સમીક્ષા તો તમોએ કરી હોય એવો સંભવ જ નથી એમ કહેવામાં ભાગ્યે જ ભૂલ થતી ગણાય. તમો શું એટલી ખાતરી દાનધર્મને માટે રાખો છો કે કિરણ વિનાના સૂર્યની જે દશા ગણી શકીયે તે દશા દાન વિનાના શાસન કે ધર્મસૂર્યની છે કે ગણાય ? જો શાસનસૂર્યને માટે દાનધર્મ મૂલરૂપે સહસ્રકિરણને સ્થાને છે એમ ગણી શકો તો તમારી તે સુપાત્રદાનની પ્રવૃત્તિ, વૃદ્ધિ અને અતિશયિતા તરફ કેવું લક્ષ્ય હોવું જોઈયે તે સ્હેજે સમજાશે.

અને જ્યારે સુપાત્રની તે સ્થિતિ સમજાશે ત્યારે જ શીલ, તપ અને ભાવ એ ત્રણ ભેદો જરૂરી છતાં શિક્ષાવ્રત તરીકે તેમાં પણ છેવટે વ્રતના છેડા તરીકે હોઈ કલશ તરીકે સુપાત્રદાનને કેમ સ્થાન મળ્યું છે તે સમજવાની સુગમતા થશે.

વળી એ બીના ઉપર ખાસ ધ્યાન આપવા જેવું છે કે અન્ય સર્વવ્રતોમાં તે તે વૃતિપાલનનો જ ઉપદેશ અને તે પાલનને અંગે જ ફલ આવે છે જ્યારે આ દાનને અંગે તો જાહેર થયેલ અને આચરાતા વ્રતને અંગે તો દાન દેવાનું ન મળે તો પણ તેનું ફલ લેવા માટે વિચારની શ્રેણિ ગોઠવવા નિર્દેશ કરેલો છે અને તેવી ગોઠવણીથી વિચારમાત્રથી પણ વ્રતપાલન થઈ ગયું એમ વ્રતધારિએ માની લેવું યોગ્ય છે એમ શાસ્ત્રકાર જણાવે છે અને આપણે માનીયે છીયે. અર્થાત્ ભાવનામાત્રથી હજાર કિરણોનું જોડાવું માનવું એ દાનધર્મને જ વરે છે.

આ હકીકતને બરોબર વિચારવાથી સમજાશે કે બીજાં બધાં વ્રતો કરતાં આ દાનનું જ વ્રત એવું છે કે જેને ન પાલનારો અર્થાત્ દાનને ન દેનારો હોય છતાં માત્ર થતા વ્રતનું એટલે કરાતા દાનનું અનુમોદન કરવાથી પણ અનેક ભવ્યાત્માઓએ ફલ મેળવ્યાં છે અને એ હકીકત સૂત્ર, સિદ્ધાન્ત, પંચાંગી અને ગ્રંથોથી સેંકડો સ્થાને સિદ્ધ થયેલી છે.

શરીર વિના મોક્ષ નથી, આહાર વિના શરીર નથી, અને દાનધર્મની પ્રવૃત્તિ થયા વિના આહારની પ્રાપ્તિ થતી નથી એ વાતને સમજનારો મનુષ્ય આહારાદિદાનને તીર્થરૂપ માનવા તરફ દોરાય તેમાં નવાઈ શી ?

મહાશયો ! શું તમો તમારા આત્માને એવી અવસ્થામાં મૂકી શક્યા છો કે મૂકી શકો છો કે તમારા સ્વપ્નના ફલની સંકલના પણ શાસનના સરવાળા માથે હોય નગરશેઠ જેવા અગ્રગણ્ય પુરૂષો શ્રેયાંસને લાભદાયી સ્વપ્ર દેખે અને શ્રેયાંસકુમાર તે સ્વપ્રસૃષ્ટિની સફલતા શાસનસૌધની શ્રેયસ્કરતામાં જ મેળવે છે એ સર્વ ભાગ્યચક્રની ચઢતીની ચેષ્ટા છે.

## પ્રપંચી અને અન્યધનના ભક્ષક સાધુઓ કેવા ? અને તેની ગતિ કઇ ?

जिणमयमसद्दहंता दंभपरा परधणेक्कलुद्धमणा।
अंगारसूरिपमुहा लहंति करहत्तणं बहुस्सो॥

આ નિરંતર નિર્મલ એવા જૈનશાસનમાં કેટલા અભવ્યો કે દૂર ભવ્યો મહાવ્રતોનું ગ્રહણ કરે યાવત્ આચાર્યપણું પણ પ્રાપ્ત કરે છતાં અંતરમાં વાસ્તવિકપણે ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનની શુદ્ધ શ્રદ્ધા ન હોય અને ભોળા ધર્મિષ્ઠોને પોતાનું ઉંચું ધર્મિપણું દર્શાવવાની ઇચ્છાવાળા હોઇ અનેક પ્રકારનું કપટ કેળવવામાં તત્પર રહે એટલું જ નહિ પણ પ્રતિદિન વસ્ત્રપાત્ર ઔષધ અને મિષ્ટાન્ન ભોજન આદિદ્વારા અન્ય ભાવુકોના ધનોનો કચ્ચરઘાણ કહાડનારા અંગારમર્દક આચાર્ય જેવા અનેક ભવોમાં ઉંટના અવતારો પામે છે - માટે સાવચેત રહે ગુરુગચ્છ સંઘાડો વગેરે સદગતિનાં અવિચલ સાધન નથી જ એમ સમજ અને શ્રી જિનપ્રવચનની યથાવસ્થિત શ્રદ્ધા કરવી શ્રદ્ધાના વિષયભૂત પદાર્થોને યથાસ્થિત રીતે સમજાવવા તૈયાર થવું અને જેમ બને તેમ સંયમના સાધન પૂરતાં જ વસ્ત્રપાત્રાદિકનો ઉપયોગ કરવો. આમ કરવાથી સદગતિ પામી પરંપરાએ મોક્ષના અવ્યાબાધ સુખને પામવા ભાગ્યશાળી થઈશ.

ચતુર્થ વર્ષ અંક ૧૭

Registered No. B.3047




જ્યેષ્ઠ શુકલ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૫-૬-૧૯૩૬

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

| | | |
|---|---|---|
| | ૧. અનુયોગદ્વારચૂર્ણિ | ...૧-૧૨-૦ |
| | ૨. અર્હિસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ | ...૦-૮-૦ |
| * | ૩. આચારાંગ | |
| * | ૪. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| | ૫. ઉત્તરાધ્યય ચૂર્ણિ | ...૩-૮-૦ |
| | ૬. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| | ૭. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| | ૮. જ્યોતિષ્કરંડ ટીકા | ...૩-૦-૦ |
| | ૯. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| * | ૧૦. તત્ત્વાર્થસૂત્ર સટીક સભાષ્ય (હારીભદ્રીય) | ૬-૦-૦ |
| * | ૧૧. તત્વાર્થસૂત્ર સભાષ્ય | ...૧-૦-૦ |
| | ૧૨. ત્રિષષ્ટીદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| | ૧૩. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| | ૧૪. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| | ૧૫. દ્રવ્યલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| | ૧૬. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃતિ | ...૧-૪-૦ |
| | ૧૭. નવપદપ્રકરણ બૃહદ્‌વૃત્તિ | ...૩-૦-૦ |
| | ૧૮. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ...૨-૪-૦ |
| | ૧૯. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| | ૨૦. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| | ૨૧. પયરણસંદોહ | .૦-૧૨-૦ |
| | ૨૨. પરિણામમાળા (લેજર પેપર) | ...૦-૧૨-૦ |
| * | ૨૩. પર્યુષણા દશશતક | ...૦-૧૦-૦ |
| * | ૨૪. પુષ્પમાળા (ઉપદેશમાલા) | ...૬-૦-૦ |
| | ૨૫. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી, | ...૧-૮-૦ |
| | ૨૬. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| | ૨૭. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| | ૨૮. બારસાસૂત્ર (સચિત્ર) | ૧૨-૦-૦ |
| * | ૨૯. બુદ્ધિસાગર વ્યાકરણ (ધર્મ અને નીતિબોધક ગ્રંથ) | ...૦-૩-૦ |
| | ૩૦. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| * | ૩૧. ભગવતીજી (દાનશેખરીવૃત્તિ) | ...૫-૦-૦ |
| | ૩૨. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| | ૩૩. યશોવિજયજી કૃત ૧૨૫, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત... | ૦-૮-૦ |
| | ૩૪. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| | ૩૫. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| | ૩૬. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| | ૩૭. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |
| * | ૩૮. વિચારામૃત સારસંગ્રહ | ...૧-૪-૦ |
| | ૩૯. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| * | ૪૦. વિશેષાવશ્યકભાષ્ય પૂર્વાર્ધ (કોટ્યાચાર્યકૃત ટીકા) | ...૫-૦-૦ |
| | ૪૧. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ..૧-૮-૦ |
| | ૪૨. સિદ્ધચક્ર માહાત્મ્ય | ...૧-૦-૦ |

### નવીન છપાતા ગ્રન્થો

૧. શ્રી ઉત્પાદદાદિ સિદ્ધિ

૨. કલ્પકૌમુદી ટીકા

૩. ભવભાવના વૃત્તિ

૪. વિશેષાવશ્યકભાષ્ય ઉત્તરાર્ધ

* આ નિશાનીવાળા ગ્રંથો નવીન બહાર પડેલા છે.

પ્રાપ્તિસ્થાન

**જૈનાનંદ પુસ્તકાલય**

ગોપીપુરા, સુરત. (ગુજરાત)



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૭ | મુંબઈ તા. ૫-૬-૧૯૩૬ શુક્રવાર<br>જ્યેષ્ઠ શુક્લ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂ. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂ. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### આદ્યપ્રભુ શ્રી ઋષભદેવજીની પરોપકારિતા

ભગવાન્ શ્રી ઋષભદેવજીએ રાજ્યાસન ઉપર આરૂઢ થયા પછી અશ્વ અને ગાય તથા બળદનો સંગ્રહ કર્યો અને અંતમાં ભગવાન્ શ્રી ઋષભદેવજીને હાથીના સંગ્રહની પણ જરૂર પડી. ભગવાનને હાથી જેવા મહાપ્રાણીની જરૂર કેમ પડી એ સંબંધી કંઇક વિચાર આવી ગયો છે, છતાં કંઇક વધારે વિચાર કરવાની જરૂર છે, એકલા અને રખડતા ગુન્હેગારો માટે અશ્વનો સંગ્રહ તેમજ સમુદાયે નિરૂદ્યમપણાને લીધે થતાં ગુન્હેગારો માટે બળદ એટલે ગાડાં અથવા ખેતીનો ઉપયોગ અને દહોવાઆદિથી બચાવમાં ઉપયોગ કરાય અને તેથી ગાય અને બળદનો સંગ્રહ ઉપયોગી થાય, પણ હાથીનો ઉપયોગ છે કે કેમ ? અને જો તે ઉપયોગી તો કોને અને ક્યારે એ વિચારવાનું પ્રાસંગિક છે.

### ગુન્હેગારોની ટોળી કેમ ?

ધ્યાન રાખવાની જરૂર છે કે સજ્જનો અને સત્પુરૂષો નિષ્પાપ હોવાને લીધે ભયની ભીતર એકદમ દાખલ નથી થતા, પણ જેઓ કોઇ જાતની ગુન્હેગારીમાં સંડોવાય છે કે તરત તે ગુન્હો કરનારના હૃદયમાં હચમચાટ શરૂ થઇ જાય છે. આવી રીતે ગુન્હેગારીને અંગે થયેલ એકલાદોકલાને હોય છે કે સાધનથી રહિત તે હોય છે ત્યારે તો માત્ર તે છુપાવવાના પ્રયત્નો કરે છે, પણ તે ગુન્હેગાર બનેલાની રીતીથી કે બીજી કોઇ રીતીથી ગુન્હેગાર ઘણા મનુષ્યો બન્યા હોય તો તેઓ બધા એક જ ઉપરની સત્તાની શિક્ષાથી બચવા માગતા હોવાને લીધે એકરૂપ થઇ જાય છે. ધ્યાન રાખવું જરૂરી છે કે સમાન ઋદ્ધિવાળા અને સમાન સુખવાળાને જેટલો અને જેવો સખ્ય થવાનો પ્રસંગ આવે અને તે પ્રસંગ જળવાય તેના કરતાં સમાનવ્યસનવાળા અથવા સમાનદુઃખવાળાને જેવો સખ્યનો પ્રસંગ આવે છે તે ચઢીયાતો હોય છે અને પહેલી તકે સખ્યનો પ્રસંગ જળવાય છે. આમ હકીકત હોવાથી ભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજની વખતે પણ નીતિને ઉલ્લંઘી અન્યાયને રસ્તે જનાર જાનવરની ઘટનામાં જ ઘટાડી શકાય એવા જનો ઓછા જ હતા કે ન્હોતા એમ તો કહી શકાય જ નહિ જગતના કાયદાની રીતિને સમજનારો મનુષ્ય સારી પેઠે સમજી શકે છે કે જગતમાં જે કોઇ પણ ગુન્હાને અંગે શિક્ષાનો પ્રબંધ થાય છે તે કોઇ એક જ મનુષ્યે કે માત્ર કોઇક જ વખતે કરેલા ગુન્હાને અંગે હોતો નથી, પણ જ્યારે તેવી રીતે અનેકાનેક વખત ગુન્હાઓ કરે અથવા અનેક જન કરે ત્યારે તે ગુન્હાઓની શિક્ષા ઠરાવવાનો પ્રસંગ આવે છે, તો પછી એમ ચોક્કસ માનવું જ પડશે કે ભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજની રાજા તરીકે નીમણુંક કરવા પ્હેલાં ઘણે સ્થાને અને ઘણા સમુદાયે જાતિનું ઉલ્લંઘન કરવા માંડેલું હોવાથી યુગલીયાઓને પણ

સજા કરવા માટે રાજા કરવાની પ્રાર્થના નાભિકુલકરને કરવી પડી હતી. આવી સ્થિતિમાં જો એકત્ર થયેલા સખ્યભાવને ધારણ કરનાર બનેલા ગુન્હેગારોને પણ પ્હોંચી વળવાની શક્તિ ધરાવવામાં ન આવે તો રાજ્યાસન ઉપરનો આરોહ શોભાકારક ન નીવડતાં ક્ષોભકારક નીવડે. માટે ટોળે મળેલા તથા વ્યવસ્થિત થયેલા અને સામનો કરવા પણ તૈયાર થયેલા સમુદાયને શિક્ષા દેવાનું સામર્થ્ય હાથીદ્વારાજ બની શકે.

## ગુન્હેગારોની વ્યવસ્થિતટોળીને પણ પહોંચી વળવા હાથીની જરૂર કેમ?

એ તો દેખીતું જ છે કે એકલાદોકલા ગુન્હેગારો હોય, સમૂહ વગરના ગુન્હેગારો હોય, સાધન વિનાના ગુન્હેગારો હોય તો તેવાઓને શિક્ષિત કરવા માટે તેવા મ્હોટા સાધનની જરૂર નથી, અર્થાત્ ઘણાં ઘોડેસ્વારો ઘણાં સામાન્ય મનુષ્યો અને ગાડીમાંથી તેઓની ધરપકડ કરી શકાય છે, અને શિક્ષિત પણ કરી શકાય છે. પણ જ્યારે ગુન્હેગારો ઘણા એકઠા થાય, વ્યવસ્થિત થઈ જાય, અને કમાડ કિલ્લાઆદિની વ્યવસ્થા કરીને નીતિકારનો સામનો કરવા તૈયાર થાય ત્યારે જોકે નીતિકારને ગુન્હેગારોની માફક જાનમાલ વેડફાઈ જાય તેની બેદરકારી ન હોય, સમૃદ્ધિ અને ઋદ્ધિને નુકશાન થાય તે નજર બ્હાર ન હોય, ગુન્હેગાર કે તેની જોડમાં જોડાયેલા એક પણ જીવના એકપણ રૂધિરના બિંદુની કિમ્મત ઘણીજ હોય અને આજ કારણથી અનીતિએ કરેલા ગંદાપ્રચારની અધમવૃત્તિની ઘાતકીપણાની વિશ્વાસઘાતની વગેરે અનેકગુન્હીત વૃત્તિઓ શત્રુની જાહેર રીતે હોય છે, છતાં શરણે આવે કે રાજય છોડી દે, પછી તેનો બદલો કોઈપણ પ્રકારે લેવાતોજ નથી. અર્થાત્ ગુન્હેગારો તરફથી નિરપેક્ષતા અને નિર્દયતા કેળવવામાં બાકી ન રહે તોપણ રક્ષણકારોની પદ્ધતિ મુખ્યતાએ રક્ષણ કરવાનીજ હોય, અને તેનાં ઘાતકી કાર્યોનો બદલો લેવાની પ્રવૃત્તિ હોતી નથી. આ હકીકત ધ્યાનમાં લેતાં સ્પષ્ટ સમજાશે કે અનેક ગુન્હેગારો એકઠા થાય એક્કો કરે અને સામનો કરે તો તેઓએ રક્ષણ માટે કરેલ પોળ કે નગરદ્વાર કે કિલ્લાઆદિને તોડી નાંખી તે ગુન્હેગારોના સામટા સમુદાયને પણ પકડવા માટે હાથીનીજ જરૂર રહે. કિલ્લાના દ્વારો તોડી પાડવાનું જે સામર્થ્ય હાથીમાં છે તે સામર્થ્ય બીજામાં નથી એ ચોકખું જ છે. વળી જનસમુદાય વિરોધી થયો હોય અને કદાચ તે વિરોધી જનસમુદાય પાસે અશ્વ અને બળદ જેવાં સાધનો સારી સંખ્યામાં હોય તોપણ હાથી ઉપર ચઢેલો અને ચઢીને લડનારો જે કાર્ય અને બચાવ કરી શકે છે તે કંઈક અજાણ્યું નથી. આ સ્થળે વાંચકવૃંદે એક વાત ધ્યાનમાં રાખવી કે આ સંગ્રહની વાત ધનુષ્યઆદિનો જ્યાં સુધી ઉપયોગ શરૂ થયો ન્હોતો ત્યાં સુધી ગુન્હેગારોનો સંતાવવાનો જ ઉપાય હતો, અને તેને દ્વારાદિકને બંધ કરવાનો જ રસ્તો હતો, અને તેવી વખતે હાથીના સંગ્રહની જરૂર રહે અને તેથી અશ્વ અને ગાયની માફક હાથીનો સંગ્રહ થાય તે સ્વાભાવિકજ છે.

## મનુષ્યોમાં જાતિવિભાગ કેમ અને કેવી રીતે થયો ?

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ શ્રીઋષભદેવજી જેવી રીતે અશ્વ ગાય અને હસ્તિના સંગ્રહથી રાજ્યાસનને સાચવવા અથવા શોભાવવા દ્વારા પરોપકારી થયા હતા, અને તે સંગ્રહદ્વારા પરોપકાર કરી પૂર્વભવે બાંધેલા ઉત્તમપુણ્યના ફલને અનુભવવાવાળા થયા, તેવી રીત ભગવાન્ શ્રીઋષભદેવજી સામ દામ દંડ અને ભેદની નીતિઓને બનાવીને લોકોપકાર કરવા દ્વારા પુણ્યફલને ભોગવનારા થયા.

## સૃષ્ટિ એટલે શું અને તેનું સર્જન કેમ શક્ય?

ધ્યાન રાખવાનું જરૂરી છે કે લોકો જગત્ એટલે મુખ્યતાએ પૃથ્વીને સૃષ્ટિ કહે છે. પણ કાવ્ય કોશ ન્યાય કે વ્યાકરણને કરનારા પંડિતો પૃથ્વીના પર્યાયોમાં સૃષ્ટિને સ્થાન આપતા નથી એટલુંજ નહિ પણ સામાન્ય રીતિએ કાવ્યાદિની વાત આલંકારિક રીતિએ મુખ્યતાએ અનુસરનારી હોઈ તેને છોડી દઈએ તો વ્યાકરણ વગેરે શાસ્ત્રોના કરનારા સૃષ્ટિશબ્દને ઘણાભાગે ક્રિયાના રૂપમાંજ વાપરે છે. દ્રવ્યોની સ્થિતિ માટે જેવો વિશ્વ, જગત્, ભુવન વગેરે શબ્દોનો પ્રચાર છે, તેના એક અંશે પણ સૃષ્ટિશબ્દ મુખ્યતાથી વપરાતો નથી. છતાં કોઈ કોઈ સ્થાને કદાચ પદ્ધતિને અંગે જગતને માટે સૃષ્ટિશબ્દ વાપર્યો પણ હોય, તોપણ તેને અંગે કંઈક વિચારની જરૂર છે. ધ્યાન રાખવાનું જરૂરી છે કે વિશ્વ, જગત્, ભુવન આદિને કરેલું નહિ માનનારાઓ પણ સૃષ્ટિને કર્તાએ કરેલીજ હોય એ તરીકે માનવામાં આનાકાની કરી શકે નહિ. અને સૃષ્ટિ એટલે સરજ્યું એમ માન્યા પછી સરજનાર ન માનવો એ તો પોતાની માની હયાતી ન માનવા જેવુંજ થાય. અર્થાત્ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ જે જણાવે છે કે નામોની વ્યુત્પત્તિ નિયમિત છે એમ ન માનવું અને તેથી अतः कृकमिकंस० એ સૂત્રમાં કમધાતુ સાક્ષાત્ લીધેલો છતાં તે કમ્ ધાતુમાંથી જે બનાવાતો એવો કંસશબ્દ લીધો છે. તે વાતને ધ્યાનમાં રાખીને સૃષ્ટિશબ્દની વ્યુત્પત્તિ અનિયમિત ગણીયે અને સજ્જ ધાતુથી જ સૃષ્ટિશબ્દ થાય છે એમ એકાંતે ન માનીયે તો પછી સૃષ્ટિનો કર્તા હોય અથવા ન પણ હોય એમ બોલી શકાય. પણ સજ્જ ધાતુ ઉપરથીજ જો સૃષ્ટિશબ્દ બનાવવામાં આવે તો તેનો કર્ત્તા હોય કે ન હોય એવો વિચારજ ન કરી શકાય. અને તેથી સૃષ્ટિ એટલે સર્જન તે સર્જનાર એટલે બનાવનાર વિના બન્યું એમ કહી શકાયજ નહિ. પણ વસ્તુસ્થિતિએ સૃષ્ટિશબ્દથી વિશ્વ, જગત્, ભુવન કે લોક એવા દ્રવ્યવાચક શબ્દના અર્થો સૂચિત થાય તેમ કરવાનું જ નથી. પરંતુ જે બનાવટો જગત્ભરમાં નવા નવા રૂપે બને તેનું નામ સૃષ્ટિ કહેવું એ વ્યાજબી છે. અને તે નવીનતાની બનાવટ રૂપ સૃષ્ટિ સર્જનહાર સિવાય નજ બને એ સ્વાભાવિકજ છે. આ ઉપરથી એટલું જ ખુલ્લું કરવાનું કે આ નવા નવા બનાવરૂપી સૃષ્ટિના સકર્તૃકત્વ કે અકર્તૃકત્વમાં વિવાદ કરવો નકામો છે અને તે સાક્ષર મનુષ્ય એ વિવાદ કરે પણ નહિ. જગત્ ભુવનઆદિને જ્યારે સૃષ્ટિ શબ્દથી લેવામાં આવે અને તે જગતરૂપી સૃષ્ટિની સર્ક્તુકતા અકર્તૃકતાનો વિચાર કરે ત્યારેજ જેમ ઉંધું ઘાલીને બોલનારો મનુષ્ય એમ બોલી દે કે કાંઈ પણ વસ્તુ કર્તા સિવાય હોતી નથી, માટે જગત્ એ વસ્તુ છે અને તેનો કર્ત્તા માનવો જોઈએ. પણ આવું ઉંધુ જોઈને બોલનારે વિચાર ન કર્યો કે પ્રથમ તો સામાન્ય રીતે લેવું હોય અને પદાર્થ પદાર્થના ફરકને સમજવો હોય, તો એમ શા માટે નથી વિચારતો કે સર્વ કર્તા જગત્રૂપ આચારવાળો છે તો ઈશ્વર પણ તેવોજ માનવો. વળી સર્વકર્તા માતાપિતાથીજ જન્મેલો છે તો ઈશ્વર પણ માતપિતાથીજ જન્મેલો હોવો જોઈએ, રાગદ્વેષવાળો જોઈએ. ઘણાને દુઃખી કરનાર, છતી શક્તિએ નહિ સુધારનાર, પોતાની રમત ખાતર જગત્ને યાતનાના નરકમાં નાખનાર, બચ્ચા ઉપર મ્હેર નજર ન કરતાં ગર્ભ જન્મ આદિનાં દુઃખોને આપનાર, અબ્જો ઉપર વર્ષો થઈ ગયા છતાં સત્તાના વિષયમાં રહેલને નહિ સુધારી શકનાર, હું કર્ત્તા હું કર્ત્તા એવો ઝઘડો ચાલવા દેનાર અર્થાત્ સાચો જગત્નો કર્ત્તા હિંદુનો ઈશ્વર હોય તો મુસલમાન યહુદી ક્રીશ્ચયન આદિના ઈશ્વરો જે કર્ત્તા તરીકે હરીફાઈ કરે છે તેનો નીકાલ ન લાવે એ શું ? પણ સૃષ્ટિશબ્દથી વિશ્વને ન લેતાં જ્યારે સર્જન લેવાય ત્યારે તેનો કર્ત્તા માનવોજ જોઈએ, અર્થાત્ ભુવન કે વિશ્વનો વિધાતા કોઈ નથી, અને અનાદિથી

ઈશ્વરવાદિયોએ માનેલા ઈશ્વરની માફક પ્રવર્તેલ છે, પણ સૃષ્ટિનો તો જરૂર કર્ત્તા છે, એમ માનવામાં કોઈ મનુષ્યને કે જૈનને પણ વાંધો હોઈ શકે નહિ, અને હોતો પણ નથી. અને તેથીજ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી यः स्त्रष्टा सर्वनीतीनां એમ કહી સામાદિનીતિઓના સર્જનહાર તરીકે ભગવાન્ શ્રીજિનેશ્વરદેવને ગણાવે છે. સર્જનહાર તરીકે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવને ગણાવે છે. સર્જન શબ્દથી બતાવવું લઈને નીતિયોના સર્જનહાર શ્રીયુગાદિદેવ હોયજ છે, માટે यः स्त्रष्टा ઈત્યાદિ જણાવ્યું છે. પરંતુ નૈયાયિકઆદિના હિસાબે જેમ કાર્યમાત્રને અંગે કરવાની ઈચ્છાને કારણ તરીકે માની છે. જો કે ઈચ્છા હોય ત્યાં બધે કાર્યો થઈ જાય એમ નિયમ નથી પણ જ્યાં કાર્ય થાય ત્યાં જરૂર ઈચ્છારૂપ કારણ હોય છે (જો કે આવી રીતે પણ નૈયાયિકાદિકોએ માનેલો ઈચ્છાનો કારણભાવ પાપ દુઃખ અધર્મ દુર્ગતિઆદિ કાર્યોની અપેક્ષાએ લાગુ પડી શકે તેમ નથી, પણ જેમાં ઉદયજન્ય સામગ્રીનો પ્રભાવ ન પડતો હોય અથવા વધારે પ્રયત્નથી સાધનો ઈચ્છાપૂર્વક મેળવવાં પડતાં હોય તેવા સુખ શુભ ધર્મ સુગતિ આદિરૂપ કાર્યોનાં ઈચ્છા વિના સાધનો ન મેળવાય અને તેથી ઈચ્છા વિના ન બને માટે ઈચ્છા એ એવા કાર્યો માટે અને તેથી કાર્યો માટે પણ ઈચ્છાને કારણ તરીકે ગણે, તેવી રીતે દરેક કાર્ય સમવાયિઆદિ કારણો સિવાય થતું નથી અને તે સમવાયિ એટલે ઉપાદાન કે નિમિત્ત એવું કારણ જાણ્યા સિવાય કોઈ પણ કાર્ય બની શકે નહિ માટે કાર્યમાત્રને અંગે તો કાર્યના સમવાયિ ઉપાદાન કારણના જરૂરીયાત દરેક કાર્યમાં હોય છે, એમ માનવું જોઈએ, અને તેઓ માને છે પણ ખરા, અને એ અપેક્ષાએ એટલે ઉપાદાન કારણના જ્ઞાનને કારણ માની તે દ્વારાએ ઉપાદાનજ્ઞાનવાળા સર્વને કારણરૂપ ગણી જો ભગવાનને પણ તેવું જ્ઞાન હોવાથી વિવિધ પરિણામે પરિણમતા ભુવન આદિરૂપ સૃષ્ટિના કર્ત્તા તરીકે ભગવાન્ સર્વજ્ઞોને લેવા હોય તો તેમાં અડચણ નથી, એ વાત ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીએ પણ જણાવેલી છે કે सर्वभावेषु कर्तृत्वं, ज्ञातृत्वं यदि संमतं। मतं नः सन्ति सर्वज्ञा, मुक्ताः कायभृतोऽपि च॥१॥ અર્થાત્ ઉપાદાનુકારણના જ્ઞાનરૂપ જ્ઞાનની અપેક્ષાએ જો કર્તાપણું લેવું હોય તો એમાં હમને અડચણ નથી. કારણકે મુક્ત અને કાયાને ધારણ કરનાર બંને જાતના સર્વજ્ઞો જૈનશાસનમાં મનાયેલા છે. આવી રીતે વિવિધપ્રકારના સૃષ્ટિવાદને અંગે વિધવિધ વક્તવ્યતાઓ છતાં પ્રસ્તુત અધિકારમાં તો સર્જનક્રિયાનેજ સૃષ્ટિ માની લઈને ચાલીયે છીએ, તેથી સાફ સાફ કહી શકીએ છીયે કે સૃષ્ટિ એ કર્યા સિવાય બનતીજ નથી. આ જગોપર પાકવિધાનની આખી સૃષ્ટિ ભગવાન્શ્રી ઋષભદેવજીએ કહી છે અને કેવી રીતે કરી છે એ આપણે ઉપર જોઈ ગયા. એવીજ રીતે શહેર કીલ્લા, સરોવર, પ્રાસાદ, વાવો આદિની શરૂઆતની સૃષ્ટિ ભગવાન્શ્રી ઋષભદેવજીના વચનથી કે ભક્તિથી ઈન્દ્રમહારાજે વિનીતાનગરી બનાવરાવતાં કેવી રીતે કરી છે તે પણ સામાન્ય રીતે જોઈએ, ઘોડા, બળદ અને હાથીઓને કેમ સંઘરવા તેને કેમ ઉછેરવા તેને કેમ સાચવવા તેને કેમ વધારવા તેનો ઉપયોગ ક્યારે ક્યારે કોણે કોણે કેમ કરવો, આ બધું અશ્વઆદિના સંગ્રહનું સર્જન ઉપર જણાવ્યુ તે ઉપરથી સમજી શકાય છે. પણ જેવી રીતે ભગવાન્શ્રીઋષભદેવજીનું પાકક્રિયા નગરસ્થાપના અને અશ્વાદિસંગ્રહના સર્જનને અંગે સૃષ્ટિકારકપણું છે, તેવી રીતે બલ્કે તેનાથી અધિકપણે ભગવાન્શ્રી ઋષભદેવજી મનુષ્યજાતિની વ્યવસ્થારૂપ સર્જનક્રિયા માટે તો

ભગવાનશ્રી ઋષભદેવજી સૃષ્ટિકારકપણામાં અદ્વિતીય રૂપે છે તે હવે જોવાનું છે. અને તેથીજ આપણે મનુષ્યની જાતિઓ કેટલી કઈ કઈ ક્યારથી અને કેમ કેમ થઈ ? એ વગેરેનો વિચાર કરવો આવશ્યક ગણ્યો છે, તે વિચાર હવે કરીએ.

**ભિન્ન આકૃતિથી જાતિભેદ એ સિદ્ધાંત અને એનો અપવાદ**

સામાન્યરીતે જગત્‌ના વ્યવહારમાં પૃથ્વી પાણી આદિ વસ્તુઓ જુદા જુદા આકાર કે ગુણવાળી હોવાથી તેની જુદી જુદી જાતિ ગણાય છે. જો કે નૈયાયિક આદિના હિસાબે અન્યવસ્તુઓની આકૃતિઓથી જુદી આકૃતિ કે રૂપવાળી વસ્તુ હોય તો પણ તેના ઘણાં સ્થાનો હોય તોજ તે જુદા જુદા સ્થાનમાં રહેલી આકૃતિને કે જુદારૂપને જાતિ કહી શકાય એમ માને છે. પણ એક અને નિર્વચવ એવા પરમેશ્વર આદિમાં પરમેશ્વરપણું આદિ જો ન માને તો અનીશ્વર આદિની સ્થિતિમાં આવી જાય માટે તે નૈયાયિક વગેરેને આખા પદાર્થમાં રહેવાવાળો એક ધર્મ તો વિશિષ્ટ તરીકે માનવોજ પડે છે. એટલે વસ્તુતાએ આકૃતિ અને ગુણઆદિ ભેદથી જાતિની ભિન્નતા પ્રત્યક્ષ ગણાય. પણ આ મનુષ્યજાતિને અંગે આકૃતિની ભિન્નતાથી ઘડો, ગાગર, ગોળો આદિની માફક જુદી જુદી જાતિ થઈ શકે એમ નથી. જો કે કેટલાકો મનુષ્યોમાં શરીરના રંગના ભેદે અને દેશદેશના ભેદે જાતિ માને છે, અને મનાવવા તૈયાર થાય છે, પણ આકૃતિના ભેદ સિવાય તેવા ભેદથી જો જાતિનો ભેદ માનવામાં આવે તો, પૃથ્વીઆદિ ફલઆદિ અને ઘટપટઆદિ જાતિનો કંઈ નિયમજ ન રહે, એટલુંજ નહિ. પણ ખુદ મનુષ્યોમાં પણ બાલ યુવાન, વૃદ્ધ, ઠીંગણો, ઉંચો, પ્હોલો સાંકડો ઈત્યાદિ બધા ભેદો હોઈને જાતિનો પાર ન રહે. અર્થાત્ આ બધા કથનનું તત્ત્વ એ છે કે મનુષ્યમાં કોઈ આકારભેદ દેશભેદ ગુણભેદ કે એવો કોઈ બીજો ભેદ જાતિનો ભેદ કરનાર નથી, તેથી એમ સામાન્ય રીતે સર્વદર્શનવાળા અને મતવાળાને કહેવું પડે છે કે મનુષ્યમાં જે જે જાતિભેદો છે તે પાછલથી થયેલા છે. સ્વાભાવિકરીતે મનુષ્યજાતિમાં તેવો કોઈ ભેદ અસલથી નથી. આવી રીતે સર્વદર્શન અને મતવાળાઓની મનુષ્યજાતિના સંબંધમાં અસલથી ભેદનો અભાવ હતો એવી માન્યતા છતાં કોઈપણ દર્શનવાળો કે મતવાળો મનુષ્યજાતિમાં જાતિભેદ છેજ નહિં એમ માનવાવાળો તો નથી. અર્થાત્ સર્વદર્શન અને સર્વે મતવાળાઓ મનુષ્યોમાં જાતિભેદ છે એમ માનવાવાળા છે. એ જાતિભેદ માનવાવાળામાં કેટલાકો જન્મસ્થાનના ભેદથી જાતિભેદ માનનારા છે. ત્યારે કેટલાકો કર્મભેદના પ્રભાવે જાતિભેદ માનનારા છે. હવે ભગવાન્ શ્રીઋષભદેવજીએ કઈ કઈ જાતનો જાતિભેદ કર્યો અને કેમ કર્યો તે જોઈએ.

**જન્મથી જાતિ કે કર્મથી જાતિ**

ઉપર જોઈ ગયા તે પ્રમાણે જેમ ઈતર પદાર્થોમાં આકૃતિભેદે જાતિભેદ છે, તેવી રીતે મનુષ્યજાતિના વિષયમાં આકૃતિભેદે જાતિભેદ નથી થયો, એ વાત સિદ્ધ થઈ છે. છતાં મનુષ્યોમાં જાતિભેદ થયો છે. એ વાત વગર વિવાદથી જ હકીકત છે. પણ તે જાતિભેદ જન્મથી કે કર્મથી અથવા બન્નેથી માનીયે? પણ એ વાત તો નક્કી થયેલી છે કે જાતિભેદની જે સ્થિતિ મનુષ્યોમાં દાખલ થઈ છે તે અસલથી તો હતીજ નહિ. અર્થાત્ સૃષ્ટિને જગત્ તરીકે માની તેનો કર્ત્તા કોઈક પરમેશ્વર છે એમ માનનાર ઈશ્વરકર્તૃકતાવાદી અથવા જેઓ મનુષ્યની ઉત્પત્તિ કોઈપણ કાલે મનુષ્ય સિવાય બીજા કોઈ તેવા પદાર્થથી કે કોઈપણ યોનિસ્થાન સિવાયના મુખભુજા આદિ સ્થાનથી થતી નથી અને થઈ પણ નથી એવું માનનાર સનાતનવાદીયો એ બેમાંથી કોઈપણ હોય, પણ કૃત્રિમવાદિયોને પોતાની

જાતિમાત્રથી ઉત્તમતા જણાવવા માટે બનાવટી અને ન માની શકાય અને ઘટી પણ ન શકે એવી મુખભુજા આદિથી ઉત્પત્તિ થવારૂપ જાતિના ભેદથી જાતિ એટલે જન્મ અને તેની રીતિના ભેદથી જાતિભેદ માન્યો અને એવી રીતે કૃત્રિમતાવાદિયોના વંશજોએ પછી તો એ મુખ ભુજા આદિથી જન્મ પમાવા રૂપ બ્રાહ્મણ આદિ ભેદ નથી રહ્યો, છતાં તે થયેલા બ્રાહ્મણો આદિને જુદી જુદી જાત તરીકે માની તેમાં જન્મેલાને બ્રાહ્મણ આદિ તરીકે માન્યા. અને તેથી જાતિભેદની શરૂઆત કરનારે ઉત્પત્તિની રીતિના જુદાપણારૂપ જાતિના ભેદે જાતિભેદ માન્યો. પછી તે કૃત્રિમજાતિવાદને અનુસરનારાઓએ જાતિ એટલે દુનીયામાં ગણાતી જે જ્ઞાતિરૂપ જાતિ છે તેને આધારેજ જાતિભેદ માન્યો. અર્થાત્ જે જે મનુષ્ય જે જે જ્ઞાતિમાં જન્મ્યો તે મનુષ્ય તે તે જ્ઞાતિ એટલે જાતિનો ગણાયો એમ માન્યું. એટલે કહેવું જોઈએ કે કલ્પિતપણે મુખઆદિથી જન્મ પામવાની વાત ઉપજાવી કહાડી અને તેને આધારેજ જગત્માં જાતવાદ ચલાવ્યો. પણ સનાતનવાદિયો એવી રીતે બ્રહ્માના મુખ આદિથી બ્રાહ્મણોઆદિની જાતિઓ ઉત્પન્ન થઈ અને તે થવું તે રૂપ જાતિથી અથવા તો તેવી કલ્પિત રીતિએ ગણાએલ જાતિ એટલે જ્ઞાતિથી જાતિવાદને નહિં માનતાં આદિદેવે રક્ષાકર્મ આદિમાં જોડેલા લોકોની જે ઉગ્રાદિજાતિયો કરી અને તેમાં જે પાછલથી વંશપરંપરાએ જન્મ્યા તે અદિમાં કર્મથી જાતિવાળા અને પછી પરંપરાએ જાતિ એટલે જન્મ થવાથી જાતિવાળા એમ જાતિભેદ માને છે, અને તે પાછલથી થયો એમ પણ માને છે. એટલે કૃત્રિમતાવાદિના મતે જન્મથી આદિઉત્પત્તિ અને પછી તેમાંની ઉત્પત્તિથી જાતિ થઈ એ માન્યતા મુખ્ય છે. જ્યારે સનાતનવાદિયોના મતે કર્મ એટલે આ રક્ષણઆદિ ક્રિયા અને તેનાથી જ્ઞાતિભેદ થયો, પછી તો જન્મ પામનાર તે જાતનો ગણાયો એટલે પ્રથમકર્મથી જાતિની ઉત્પત્તિ થઈ, અને પછી જન્મથી જાતિભેદ ચાલ્યો. જો કે આ સ્થાને કર્મ એટલે ક્રિયા લઈને તે ક્રિયા એટલે કર્મથી જાતિભેદની શરૂઆત જણાવી છે. પણ જાતિભેદના કારણભૂત કર્મમાં જોડાવવામાં જેમ કોઈ અદૃષ્ટનો સંકેત છે, તેવી રીતે તે તે ક્રિયારૂપ કર્મો કરવાથી થયેલી જાતિમાં ઉપજ્યું થાય તેમાં પણ અદૃષ્ટરૂપ કર્મનો સંકેત નથી એમ કહી શકાયજ નહિ. જેમ કોઈ સ્ત્રી કે પુરૂષને ક્ષય કે દમ આદિ વારસામાં ઉતરી આવનારા દરદો અદૃષ્ટરૂપ કર્મના જોરે થાય છે, તેવીજ રીતે તેવા દરદવાળા માતાપિતાના સંયોગમાંથી ઉત્પન્ન થનારાને પણ તેવા અદૃષ્ટરૂપ કર્મનો સંયોગ હોયજ છે. એટલે પ્રથમ જે જાતિભેદ ઉત્પન્ન થયો. તે કર્મરૂપ ક્રિયાથી મુખ્યતાએ હતો અને અદૃષ્ટની તેમાં ગૌણપણે કારણતા હતી, ત્યારે પાછલથી ઉત્પન્ન થનારાઓમાં અદૃષ્ટરૂપકર્મની ઉત્પન્ન થવામાં મુખ્યતા હોય અને તે કર્મ એટલે ક્રિયાની પરંપરા હોવાથી તેની જાતિભેદની કારણમાં ગૌણતા હોય. સુવર્ણની અંદર જેમ કષના ભેદે જાતિભેદ હોય છે, તેમ જો કે લોઢામાં વર્ણના ભેદે હોતો નથી, તો પણ લોઢામાં પણ જાતિભેદ તો હોય છે જ. તેવી રીતે આર્યોની માફક અનાર્યોમાં જાતિ કે કર્મના ભેદે જાતિ ભેદ માન્યો નથી અને મનાતો નથી. પ્રથમ તો તેનું કારણ એ છે કે ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્ શ્રીયુગાદિદેવે જે ઉગ્ર ભોગ આદિ જાતિની વ્યવસ્થા કરી તે માત્ર આર્યક્ષેત્ર તરીકે સાડાપચ્ચીશ દેશમાંજ કરી, અને તેથી તે આર્યદેશમાંજ કર્મ અને જન્મ પરત્વે જાતિ વ્યવસ્થા પ્રવર્ત્તી, પણ અનાર્યક્ષેત્રોમાં જે કર્મપ્રવૃત્તિ અને તેની પરંપરાની પ્રવૃત્તિ શ્રીયુગાદિદેવના નિયમનથી થયેલી નથી. પણ યાદચ્છિકપણે થયેલી છે કે આર્યોના અનુકરણથી અવ્યવસ્થિતપણે થયેલી છે, તેથી તે અનાર્યોમાં જાતિભેદ કર્મથી કે જન્મથી રહેલો નથી. આવી રીતે સનાતનવાદિયોએ અનાર્યમાં જાતિભેદ આર્યોના જેવો જન્મથી કે કર્મથી નથી એ જણાવતાં

જે કારણ રજુ કરી શકાય છે તે માની શકાય એવું છે. કેમકે સત્ય સનાતનવાદિયો ભગવાનયુગાદિદેવને જગતના સાર્વભૌમ એવા પરમેશ્વરના દીકરા કાસદ કે આધિપત્યવાળા માનતા નથી. પરંતુ એક મહાપુરૂષના માત્ર અવતાર તરીકે માને છે, અને તેથી તેમની જગત્વ્યાપક સત્તા ન હોય અને તેથી તેમનો કરેલો જાતિભેદ જે કર્મ અને જન્મથી હતો તે બધો માત્ર આર્યક્ષેત્રમાં સ્થાન કરે, અને અનાર્યક્ષેત્રમાં વ્યાપક તરીકે ન રહે અને સ્થાન ન કરે એ સ્વાભાવિક ગણાય. પણ જે કૃત્રિમવાદિયો ખોટીરીતિએ જગતને ઠગવા માટે ધાગાપંથિયો થઈ મફતીયા હરામીના દુનિયાના માલમલીદા ખાવામાં ટેવાયેલાઓ બ્રહ્માના મુખઆદિથીજ બ્રાહ્મણઆદિ જાતિઓની ઉત્પત્તિ માને છે, તેઓ શું અનાર્યોમાં બ્રાહ્મણઆદિ જેવા જાત ભેદો નહિ હોવાથી બ્રહ્માસિવાયથી ઉત્પન્ન થયેલા માનશે ? કહેવું જોઈશે કે એ કૃત્રિમવાદિયોને સાત સાંધતા તેર ટુટે એવો હિસાબ હોવાથી બોલવાનું સ્થાનજ નથી. આમ છતાં પણ જો કે આરક્ષકપણાઆદિકર્મોની વ્યવસ્થાના અભાવથી મૂલકર્મથી કે અદષ્ટકર્મથી અનાર્યોમાં જાતિભેદ નથી એમ તો નથીજ. કુતરા ગધેડા અને પાડા જેવી જાનવરની હલકી જાતિમાં પણ માતાપિતાના કે તેવા અનેક તરેહના સંયોગની વિચિત્રતાને લીધે જાતિભેદ હોય છે. અનાર્ય લોકોમાં આર્ય લોકોની પેઠે ઉગ્રઆદિ કે બ્રાહ્મણ આદિ જાતિઓ નથી એમ ખરૂ, પણ તે અનાર્યોમાં સત્તા ઋદ્ધિ સાહિબી ચામડીનો રંગ ઉપકારો અપકારો ધર્મો દેશો અને યાવત્ પોતાના પૂર્વજોની અપેક્ષાએ ઉંચા નીચાપણું નથી એમ તો નથીજ. જે ક્રીશ્ચયનો હિંદુઓને વટલાવવા માટે જાતિ ભેદને અન્યાયરૂપે જણાવે છે. તેજ ક્રીશ્ચયનો યુરોપ્યનો કાલાલોકોની સાથે અમેરીકનો લાલ ઈંડીયનો સાથે ડચ વગેરે લોકો સીદી અગર હબ્સીયો સાથે બેઠક લેવામાં ભેદો ન કરવામાં તો શું ? પણ ડ્રેસ અને સીવણ સરખામાં ભેદ ભાવને આગલનો આગલજ રાખે છે તે કેમ ખસેડતા નથી ? અને તે ખસેડવાનો પ્રયાસ મીશનો દ્વારા કેમ કરતા નથી ? સ્પષ્ટ છે કે એ મીશનરી યોજના એક રાજ્યપલટાની ને પ્રજાપલટાની માત્ર ઉષા છે. અજ્ઞાનિયોને છેતરવાની દિશા છે. અર્થાત્ જાતિમદ જેઓએ પ્હેલાંની જીંદગીઓમાં કર્યા હોય તેઓ ચ્હાય તો આર્યક્ષેત્રોમાં જન્મ પામે કે ચ્હાય અનાર્યક્ષેત્રોમાં જન્મ પામે અને અદષ્ટરૂપ કર્મથી જાતિભેદના ફલને તો વેદવાનુંજ છે. ધ્યાન રાખવું કે હલકી ગણાતી ઢેડની જ્ઞાતિમાં પણ તેની અપેક્ષાએ ઉચ્ચ નીચપણું રહેલું છે, તો પછી અનાર્યજાતિમાં ઉચ્ચનીચપણું નથી એ માનવું કેવલ ભદ્રિકમનુષ્યોને વ્હેમાવવાનું જ છે. વળી ધ્યાન રાખવાની જરૂર છે કે જગતમાં ખોરાક બુદ્ધિ તપ ઋદ્ધિ આદિની મહત્તા જીરવવી મુશ્કેલ હોય છે. ને તેથી તે ખોરાકઆદિનાં અજીર્ણો થાય છે અને તે ખોરાકઆદિના અજીર્ણના પરિપાકની વખતે તે અજીર્ણ કરનાર ખોરાકનેજ છોડવાની દશા ફરજીયાત પણે ઉભી થાય છે. તેવી રીતે ભવિષ્યમાં ચ્હાય તો આર્યક્ષેત્રોમાં જન્મ પામનાર હોય કે અનાર્યમાં પણ ત્યારે જાતિની ઉચ્ચતા જે મળી હોય તેનું અજીર્ણ થાય અને અન્ય જાતિવાળાનો અનાદર તિરસ્કાર અને દુઃખી કરવા યાવત્ અમાનુષિક વ્યવહાર તે ઈતરો તરફ ચલાવવા તૈયાર થાય ત્યારે કરેલા કર્મનો બદલો આપનારી કુદરત તે સહન કરી લે ? એમ અક્કલવાળો મનુષ્ય માની શકે ખરો ? વળી જ્યારે એવી જાતિની અજીર્ણતાના ફળો આર્યોને ભોગવવાજ પડે એમ માનવાની ફરજ પડે અને માનીયે, તો પણ કુદરત એ કંઈ અનાર્યતાથી હારી જવાવાળી ચીજ તો નથીજ કે જેથી અનાર્યપણું થાય એટલે જાતિસંબંધી કરેલી તુમાખીનો બદલો નજ આપે અને આગળ આપેલ ખોરાકના અજીર્ણની રીતિએ તેવા તુમાખીખોર

અનાર્યપણામાં જન્મે તો પણ તેની તુમાખીનો બદલો ઈન્સાન કહો કે કુદરત કહો એ આપ્યા વિના ન રહે. આ ઉપરથી આટલીજ વાત નક્કી કરવાની કે જાતિના ભેદો જન્મથી કે કર્મથી આર્યોમાં હોય અને અનાર્યમાં પણ અન્ય કારણોએ જાતિના ભેદો તો હોય છેજ, અને તે પ્રમાણે જાતિભેદો માનવા પણ પડેજ છે ?

### આર્યોમાં જાતિભેદનો ક્રમ ?

જાતિભેદનો સ્વીકાર કરનારાઓએ એક સરખી રીતએ તો કબુલ કર્યું છે કે આ વર્ત્તમાન જાતિભેદ થવા પ્હેલાં મનુષ્યોમાં એકજ જાતી હતી. આ જગો પર વિચાર કરવાની જરૂર છે કે સત્યસનાતનવાદિયોના કહેવા પ્રમાણે ભગવાન્ યુગાદિદેવની વખતે એકલા યુગાદિદેવજ પુરૂષ હતા અને તેમનાં માતાપિતા અને બીજા મનુષ્યો ન્હોતા એમ ન્હોતું, અને તેમ અનેક મનુષ્યો જાતિભેદ સિવાયના હોવાથી પ્હેલી મનુષ્યની એક જાત હતી એમ કહેવું વ્યાજબીજ ઠરે, અને પછી તે શ્રીયુગાદિદેવને અંગે થયેલી કે શ્રીયુગાદિદેવે કરેલી વ્યવસ્થાને અંગે પાછળથી જુદી જુદી જાતિ બને, પણ જેઓ કૃત્રિમવાદિયો થઈ બ્રહ્માથી ચારે વર્ણ ઉત્પન્ન કરે છે, તેઓને તો ચાર વર્ણ થવા પહેલાં ઘણા મનુષ્યો નહોતા, તો પછી મનુષ્યોની એકજ જાતિ આ બ્રાહ્મણાદિ જાતિની વ્યવસ્થા થવા પૂર્વે હતી એમ કહેવાનો હક્કજ ક્યાં છે ?, તેઓને તો એમજ બોલવું પડે છે કે પ્હેલાં કોઈ જાતિજ ન્હોતી, માત્ર એકલાજ બ્રહ્માજ હતા. પણ તે કૃત્રિમવાદિયો એ પ્રમાણે બોલતા નથી, અને સ્પષ્ટ શબ્દોથી કહે છે કે પ્હેલાં સર્વ એકજ મનુષ્ય જાતિ હતી. આ તેઓનું કથનજ આડકતરી રીતે સ્પષ્ટ ઈકરાર કરાવે છે કે બ્રહ્માએ બ્રાહ્મણાદિની જાતિ કરી, એવું જે કહીયે છીયે તે એક માત્ર આલંકારિક છે, બાકી તે બ્રાહ્મણાદિ જાતિની સ્થાપના કરવા પૂર્વે પણ એકલા બ્રહ્માજ મનુષ્ય તરીકે હતા એમ નહિ, પણ અન્ય મનુષ્યો પણ ઘણા હતા, અને તેથી તે બ્રાહ્મણાદિ જાતિની સ્થાપનાના પ્હેલાં એકજ માત્ર મનુષ્ય જાતિજ હતી. કૃત્રિમસૃષ્ટિવાદિયોએ જાનવર અસુર અને સુરઆદિની પણ ઉત્પત્તિ જોડી કહાડી તે એટલા માટે કે યુગાદિદેવને બ્રહ્મા ઠરાવી તેની પ્હેલાં કોઈ મનુષ્યો ન્હોતા એ આલંકારિક ઉત્પત્તિવાદનાં પાંખડાં અધુરાં રહેતાં હતાં, વાસ્તવિક રીતિએ વિચારીએ તો સ્પષ્ટ માલમ પડશે કે શ્રીયુગાદિદેવે મનુષ્યની એકજ જાતિ હતી, તેમાં જુદી જુદી વ્યવસ્થા કરી જુદી જુદી જાતિયો પ્રગટ કરી અને અસુર, સુર, જાનવર અને પંખીઆદિની જાતિઓ પ્હેલેથી હતી, અને તેથીજ આલંકારિક ભાષાએ બ્રહ્માથી વર્ણો એટલે જાતોની ઉત્પત્તિ જણાવતાં માત્ર મુખથી બ્રાહ્મણથી ઉત્પત્તિ વગેરે જણાવી મુખ ભુજા ઉદર અને પદ એ બધા મુખ્ય મુખ્ય અવયવો બ્રાહ્મણોઆદિની ઉત્પત્તિના હેતુ તરીકે જણાવ્યા, પણ દેવ દાનવ જાનવર, પક્ષી વગેરે માટે એક્કે અંગે જણાવ્યું ન્હોતું. બુદ્ધિશાળી પુરુષ આ બધું વિચારતાં સ્પષ્ટપણે સમજી શકશે કે શ્રીયુગાદિદેવે કરેલી કર્મથી જે જાતિ વ્યવસ્થા હતી તેને આલંકારિક રીતિમાં ગોઠવવા ગયા અને તે રીતિને પૂરી કરતાં દેવદાનવાદિની ઉત્પત્તિ પણ કલ્પી કહાડી. આવી રીતે બ્રાહ્મણાદિજાતિઓની ઉત્પત્તિ અસત્યરીતિએ કલ્પીને દેવદાનવાદિની ઉત્પત્તિ કલ્પવી પડી અને અંતમાં બ્રહ્મા અને સકલબ્રહ્માંડની ઉત્પત્તિ કલ્પવી એ કૃત્રિમકર્તૃતાવાદિઓની અનિવાર્ય ફરજ થઈ પડી. એટલે કહેવું જોઈએ એક જાતિવાદની ગોઠવણી કરતાં બધી કલ્પિત ગોઠવણ એ કૃત્રિમવાદિયોને કરવી પડી.

### જાતિવાદના ભેદો અને તેનો ક્રમ

કૃત્રિમવાદિયો બ્રાહ્મણાદિ જાતિયોની બ્રહ્માના મુખઆદિથી ઉત્પત્તિ માની જાતિવાદને મનાવે છે,

પણ તેઓએ જણાવેલો જાતિઓનો ઉત્પત્તિ ક્રમ હેતુપૂર્વકનો નથી તેમ વ્યવસ્થાપૂર્વકનો પણ નથી. મુખથી બ્રહ્માએ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા વગેરે કહેવાયું પણ પ્હેલા મુખથી બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા કે પછી કર્યા તેનો કોઈ ક્રમ અથવા હેતુ નથી. એકની ઉત્ત્પત્તિ થયા પછી ક્યું નવું કારણ નવા વર્ણને ઉત્પન્ન કર્યા કે પછી કર્યા તેનો કોઈ ક્રમ અથવા હેતુ નથી. એકની ઉત્ત્પત્તિ થયા પછી ક્યું નવું કારણ નવા વર્ણને ઉત્પન્ન કરવામાં થયું ? તે પણ સ્પષ્ટ જણાવાયું નથીજ. વળી બ્રાહ્મણાદિક જાતિના મનુષ્યો મનુષ્યપણું નવેસર હોવાથી જેવી રીતે સત્યસનાતનવાદિયોને મનુષ્યના બચાવ જીવન રક્ષા અને ધર્મ આદિને માટે મનુષ્યોની જાતિવ્યવસ્થા કરવાની જરૂર જણાઈ, તેવી જરૂર આ કૃત્રિમવાદિયોથી કહેવાય તેમ નથી. કારણ કે તે કૃત્રિમવાદિયોના મત પ્રમાણે તો બ્રાહ્મણાદિજાતિને બનાવવા પ્હેલાં કોઈ મનુષ્યો કે જાતિ કાંઈ હતાંજ નહિ તો પછી કોના બચાવ અગર જ્ઞાન માટે બ્રહ્માને જાતિની રચનાની જરૂર જણાય. આ વાત ધ્યાનમાં લેવાથી સુજ્ઞ પુરૂષો સ્પષ્ટપણે સમજી શકશે કે ઈશ્વરે સૃષ્ટિ બતાવી એને અંગે કૃત્રિમસૃષ્ટિવાદિયોને જ્યારે ઈશ્વરે શા માટે સૃષ્ટિ રચી એવા પુછવામાં આવતા સવાલના જવાબમાં તે કૃત્રિમવાદિયોથી કોઈ પણ હેતુ કે ક્રમ જાતિવાદમાં જેમ જણાવી શકતા નથી, તેમ આખા સૃષ્ટિવાદમાં કંઈ પણ હેતુ કે ક્રમ ન જણાવી શકાવાથી એક બાલકોની કોટીમાં ઈશ્વરને મ્હેલી દઈ તે ઈશ્વરની ક્રીડા ઈચ્છા એવા એવા ઉત્તરો દેવા કેમ પડે છે તે સમજાશે, સનાતનવાદિયો એ જાતિક્રમ હેતુ અને ક્રમસર જણાવેલો છે તે કેવો યોગ્ય અને સત્ય છે તે હવે તપાસીયે.

### સત્યસનાતનવાદિયો તરફથી સ્વીકારાયેલ જાતિભેદનો ક્રમ અને હેતુઓ -

અત્યાર સુધીની ભગવાન્ શ્રીરૂષભદેવજીની હકીકતને જાણનારો મનુષ્ય સારી રીતે સમજી શકે તેમ છે કે ભગવાન્ શ્રીઋષભદેવજીનો રાજ્યાભિષેક ન્હોતો થયો ત્યાં સુધી પ્રજામાં કોઈ પણ જાતિના ભેદ જેવી ચીજ ન્હોતી. જો કે કુલકરોએ પરંપરાથી હાકારઆદિ નીતિદ્વારાએ નીતિને ઉલ્લંઘન કરનારી પ્રજાનું શિક્ષણ કરેલું હતું અને તેથી ભગવાન્ શ્રીઋષભદેવજી કરતાં પણ ઘણા કાલથી અર્થાત્ અસંખ્યાતા કાલ થવા પ્હેલાંથી પ્રજા વર્ગના સામાન્ય રીતે બે વિભાગ તો પડી ગયાજ હતા. તે બે વર્ગમાં એક શિક્ષક વર્ગ જેઓને આપણે કુલકર તરીકે ગણીયે છીએ, અને બીજો શિક્ષણીય વર્ગ તે કે જે તે તે કુલકરોની નીતિઓથી શિક્ષણીય થતો હતો, તે બીજો એકજ વર્ગ જેને આપણે સામાન્ય જુગલિયા તરીકે કહી શકીયે છીએ. સામાન્યદૃષ્ટિવાળો મનુષ્ય આ વાત તો સ્હેજે સમજી શકે તેમ છે કે ચ્હાય તેવો જમાનો ચ્હાય તેવી જાતિ કે ચ્હાય તેવી અવસ્થા લેવામાં આવો તો પણ જીવન નિર્વાહનાં સાધનો સિવાય કોઈપણ મનુષ્ય વ્યક્તિ જીવી શકે નહિ. તેમાં પણ જેમ ભાગ્યશાળી મનુષ્યોને જેમ માતપિતા અને સગાસંબંધિયો અનુકૂલતાવાળા હોય છે અને તેથી તેવા અનુકૂલ સંયોગવાળાનો જીવનનિર્વાહ ઘણોજ સ્હેલથી અને સુખેથી થાય છે, તેવી રીતે અથવા જેમ ભાગ્યવાળા પાલકને ગર્ભમાં આવી તે જન્મ પામવાની પ્હેલાથી માતાને સ્તનની દુગ્ધસહિતતા થાય તેવી રીતે તે યુગ્મિયોના વખતમાં સકલ જીવનનિર્વાહનાં સાધનો કલ્પવૃક્ષદ્વારાએ થતાં હતાં. પણ એટલી વાત જરૂર છે કે ઘણા ભાગે સંગ્રહવૃત્તિ અને સંકોચશીલતા એ બન્ને ગુણ ગણો કે અવગુણ ગણો પણ તેનો જન્મ વસ્તુની યોગ્યપ્રાપ્તિના અભાવનેજ આભારી હોય છે અને તેથી દુષ્ષમાઅવસર્પિણીકાલને લીધે તે યુગ્મિયોને પુણ્યની ખામીને લીધે પ્રાપ્તિની ઓછાસ થઈ અને તેથી સંગ્રહશીલતા અને સંકુચિતવૃત્તિ જન્મે એ સમજી શકાય તેમ છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૧૦)

# સમાલોચના

૧ શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું તેજ સાચું અને શંકા વિનાનું એ માન્યતા જો પ્રમાણિક હોય તો શક્યમાં પ્રવૃત્તિ અને અશક્યમાં સદહણા હોવી જોઈએ', આ વદનારે અવિરતિસમ્યગ્દષ્ટિઓ શ્રીકૃષ્ણમહારાજ જેવા આલોકના કાર્યોની સિદ્ધિ માટે પૌષધ ઉપવાસાદિક કરતા અને આત્મકલ્યાણની દૃષ્ટિએ નહોતા કરી શકતા એ દેખીને શું તેઓને અપ્રમાણિક માનનાર ગણતા હશે ? શક્યમાં થતી પ્રવૃત્તિ સદહણા પૂર્વકનીજ હોવી જોઈએ. શક્યની પ્રવૃત્તિ અને અશક્યની સદહણા એ સાધુનું ચિન્હ છતાં અવિરતિ અને દેશવિરતિને એ લક્ષણ લગાડનારો વસ્તુને સમજતોજ નથી એમ કહેવાય. ખરી રીતે તો પ્રમત્તસાધુને પણ એ લક્ષણ લાગુ થાય તેમ નથી. અપ્રમાદિસાધુઓ માટે શક્યની પ્રતિપત્તિ અને અશક્યની માત્ર સદહણાજ હોય. પૂરેપૂરા વીર્યાચારને પ્રવર્ત્તાવવાળાજ તેવા ગણાય એ સ્વાભાવિક છે.

(જૈન પ્રવચન)

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનને માનનારાઓને ભૂલની જાણ થતાંને તે સુધારતાં ભડકો સળગે નહિ. ભડકો સળગે ત્યાં જાણવુંજ નકામું ગણાય. પણ એ હકીકત ચરણદાસને તો જરૂર સમજાવવી જ જોઈએ. ભૂલ થઈ છે. સુધારવી છે. એમ છતાં ચરણદાસનો જે ફફડાટ થાય તે શોભિતો નથીજ. હજી પણ એ ફકરો જોઈ દાનતની શુદ્ધતા કેવી છે તે જોવું.

(જૈન)

૧ સર્વદા ક્રોધરરહિત વીતરાગજ હોય અને તે કોઈને લબ્ધિ ફોરવી સજા કરે નહિં, આ સાદું સત્ય ન સમજાય ન મનાય કે ન બોલાય, તેને જૈનશાસન કે વીરશાસન પરિણમ્યું ગણે તેનેજ ધન્ય છે.

(વીરસાસન)

૧ સહેતુક કે નિર્હેતુક કોઈપણ લખાણથી વાચકવર્ગને ક્રોધ કે અભિમાનાદિ જાગે તો તેનો મિચ્છામિ દુક્કડં દઈએ એજ હિતમાર્ગ છે. હેતુનો સુધારો નિર્હેતુકની ક્ષામણા જે કરે તેનું કલ્યાણજ છે.

(જૈન)

૧ જૈનશાસન માનનારાઓની આદ્યકર્ત્તવ્યતાજ ત્યાં છે કે જે આજ્ઞાયુક્ત અનુષ્ઠાન હોય એ વાત સર્વપ્રકારે સત્ય છતાં જેઓ અવ્યાપ્તિઆદિ દોષોને ન માનતા હોય તેઓજ આજ્ઞાને પ્રયોજક તરીકે ન માનતાં સહચાર તરીકેજ માને. उद्देसो पासगस्स नत्थि એ વાતનો વિચાર કરવો જરૂરી છે.

(જૈન પ્રવચન)

## સુધાસિંધુ એ ઝેરનો ઝરો કેમ ?

૧ શ્રીજિનેશ્વર ભગવાનના શાસનની સ્થાપના મિથ્યાત્વાદિના નાશદ્વારા જીવના ઉદ્ધાર માટે થઈ છે, છતાં જો તેજ શાસન આત્માનું શત્રુ બની મિથ્યાત્વ કષાયઆદિનું પોષક બને તો ખરેખર સુધાસિન્ધુ તે ઝેર.

૨ અનાદિકાલથી અનંતા પુદ્‌ગલ પરાવર્તો રખડી ત્રિલોકનાથ તીર્થંકર મહારાજનું શાસન પામ્યા છતાં આત્માના સાધ્યનું લક્ષ્ય જાગ્યું નહિ તો સુધાસિંધુ તે ઝેર.

૩ આ આત્મા અનાદિકાલથી કષાયને જોરે કર્મજંજીરમાં જકડાઈ ગયેલો હોઈ સંસાર કારાવાસમાં કારમી વેદના અનુભવે છે, એ શ્રી જિનેશ્વર ભગવાને જણાવેલ અવ્યાહત સત્ય જો સમજાઈ જાય નહિ અને જૈનશાસ્ત્રનો સ્રોતા કે વકતા જો તત્વના રસમાં નહિ ઝીલતાં કષાયની કોટડીમાં કેદ થાય તો સુધાસિંધુ તે ઝેર.

૪ આત્મા પોતાના સાચાસ્વરૂપને સમજે અને તેને પ્રકટ કરવા તૈયાર થાય, એ સુધાસિંધુ શ્રી જિનેશ્વર ભગવાન્ પાસેથી મેળવ્યું છતાં જો આત્મા અધિક આવરાય તો સુધાસિંધુ તે ઝેર.

૫ આત્માનો ઉદ્ધાર કરવા માટે શ્રીદેવ ગુરૂ અને ધર્મનું આલંબન છે, એ વાત શ્રીદેવાદિની આરાધનામાં ન રહે અને તે આરાધના દેશ કુટુંબ ધનધાન્ય માન સનમાન યશઃ કીર્તિ કે આહારપરિવારાદિના ધ્યેયવાળી થાય તો સુધાસિંધુ તે ઝેર.

૬ અવ્યાબાધપદને આપનાર અબાધિત શાસનને પામ્યા છતાં જો તેજ શાસન આત્માને વ્યાબાધા આપનારપણે પરિણમે તો સુધાસિંધુ તે ઝેર.

૭ આત્માને ઓળખનાર ચૌદરાજલોકમાં અને ચારે ગતિમાં ન મલ્યો છતાં અપૂર્વ ચિંતામણિ જેવા ભગવાન્ મળ્યા છતાં આત્મા આત્માને ઓળખે પણ નહિ અને જડજીવનમાં જોડાયાં કરે તેનો સુધા સિંધુ તે ઝેરનોજ સિંધુ છે.

૮ આત્મા પોતાના સ્વરૂપજ્ઞાનાદિને સમજે એ ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજના શાસનનો પ્રભાવ છે છતાં શબ્દાદિકવિષયોમાં વલખાં મારે તે સિંધુ સુધાનો કે ઝેરનો ગણવો ?

૯ અધમશબ્દથી ડરવાવાળો વર્ગ નિયમિતઃ ભદ્રને પામવાવાળો ન હોય, પણ અધમ પ્રવર્ત્તનથી ડરવાવાળો વર્ગ જરૂર ભદ્રને નજીકમાં પામનાર હોય છે, એવું જ્ઞાન સુધાનો સિંધુ છે, છતાં તેનું સૂચક સર્વજ્ઞનું વાક્ય અધમશબ્દને ગળે વળગાવનાર થાય તો તે સિંધુ નહિ સુધાનો. પરંતુ ઝેરનો એ ચોક્કસ છે.

૧૦ અનન્તઅવસર્પિણીઆદિની કાયસ્થિતિને પરિણામે આ પામરને પરમપાવન રસ્તે ચડાવનાર ચઢીયાતા નરભવની પ્રાપ્તિ એ સુધાસિંધુ છે. પરંતુ તેનો ઉપયોગ સંવર અને નિર્જરાની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે ન થાય અને આશ્રવની વૃદ્ધિ માટે ઈન્દ્રિયાદિની અધીનતાથી થાય, તો નરભવ સુધાસિંધુ નહિ પણ ઝેરનો ઝરો.

૧૧ અવ્યાબાધપદને પમાડી સાદિઅનંતના ભાંગે શાસ્વતસુખ આપવાવાળો આસ્રવવાદિના હેયપણાની અને સંવરાદિના ઉપાદેયપણાની બુદ્ધિવાળો જે ધર્મ છે એજ જો નિયાણા કે આશંસા દોષથી વિષયોની વિષમતાને વધારનાર થાય તો આનાથી સુધાસિંધુ એ ઝેરનો ઝરો થાય છે એવી હકીકતમાં બીજું દૃષ્ટાન્ત કયું ?




## -: જૈનદર્શનરૂપી દુર્બીન :-

(ગતાંકથી ચાલુ)

### શું આત્મા નિર્ગુણ છે ?

બીજી બાજુએ ઈન્દ્રિઓ અને પદાર્થોના સંયોગો દ્વારાએજ જે જ્ઞાન થાય છે, તેનેજ એ માત્ર જ્ઞાન માનીએ; તો આત્માના સ્વરૂપદ્વારાએ જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનને માનવાને અવકાશજ રહેતો નથી. પ્રત્યક્ષ ઈંદ્રિયોને પદાર્થનો સ્પર્શ થાય અને તેથીજ જે જાગૃત્તિ થાય તેજ એકલું જ્ઞાન હોય અને બીજાને જ્ઞાન માનવાની ના પાડવામાં આવતી હોય તો આત્માના સ્વભાવદ્વારા સેંકડો વસ્તુઓનું જ્ઞાન થાય છે એ સઘળા જ્ઞાનને આપણે ફેંકી દેવું પડે છે ! એ રીતે ન્યાયવાદીઓનો વાદ નકામો થઈ પડે છે. હવે સાંખ્યદર્શનના વિચારો કેવા છે તે તપાસી જોઈએ. સાંખ્યદર્શનકારનો મત જોઈએ તો તેઓ આત્માને નિર્ગુણ માને છે. આત્માને તેઓ કર્તાએ નથી માનતા અને ગુણવાળોએ નથી માનતા. આત્માને તેઓ નિર્ગુણ માને છે એટલે આત્મામાં કેવળજ્ઞાન રહેલું છે એ કહેવાનો પણ તેમને અવકાશજ રહેવા પામતો નથી.

### બૌદ્ધોની બુદ્ધિની બાલીશતા

ન્યાયવાદીઓ, વૈશેષિકો, સાંખ્યવાદીઓની આ વિષયમાં શું માન્યતા છે એ આપણે જોઈ ગયા અને તેમની માન્યતાનું પોકળપણું પણ આપણે જોઈ લીધું, હવે મીમાંસકો આ વિષયપરત્વે શું કહે છે તે જરા જોઈ લઈએ બિચારા મીમાંસકો તો પોતાને મોઢેજ એકરાર કરે છે કે **देवो न विद्यते कोऽपि सर्वज्ञादिविशेषणो** અર્થાત્ સર્વજ્ઞ માનો છો તેવો કોઈ દેવજ જગતમાં નથી, એટલે કોઈના પણ અભિપ્રાયને આત્મામાં કેવળજ્ઞાન છે એ વસ્તુજ રહેતી નથી. બૌદ્ધો તો વલી આ વિષયમાં બધા કરતાં કાંઈ જુદીજ વાંસળી વગાડે છે. તેમનો સિદ્ધાંત "વર મર્યો કે જાન બળી ગઈ" તેના જેવો છે. બૌદ્ધો કહે છે કે વસ્તુનો સર્વથા અભાવ થવો તેનુંજ નામ મોક્ષ છે. હવે વિચાર કરવાની વાત છે કે વસ્તુનો અભાવ એનેજ જો મોક્ષ માની લઈએ તો તો એમજ માનવું

પડે છે કે મોક્ષ એટલે આત્માનો અભાવ !

**આત્માનો અભાવ તે મોક્ષ ?**

આત્માનો અભાવ એનેજ જો મોક્ષ માની લઈએ તો તો પછી કેવળજ્ઞાન જેવી ચીજ માનવાનીજ બાકી રહેતી નથી. મોક્ષમાં જ્યાં જીવના સદ્‌ભુતપણાનો સંપૂર્ણ અભાવ છે ત્યાં કેવળજ્ઞાનવાળા જીવનું અસ્તિત્વ પણ માની શકાતું જ નથી. હવે આ બધા તત્વજ્ઞાનીઓના તત્વોનો વિચાર કરીએ તો માલમ પડે છે કે જીવનું સાચું સ્વરૂપ આ બધામાંથી એકેના ખ્યાલમાં આવ્યું નથી, અર્થાત્ આ બધાઓએ શરીરમાં રહેલી ચેતનાને જીવ કહી દીધો છે. તે માત્ર સર્વજ્ઞ ભગવાનનો અનુકરણ રૂપે છે, અથવા માત્ર ખ્યાલ રૂપે છે, પરંતુ જીવશબ્દનો પ્રયોગ જીવનું સાચું સ્વરૂપ જાણીને તો એકેય દર્શનવાદીએ કરેલો જાણવામાં નથી. અરે કર્યોજ નથી !! જીવનું સ્વરૂપ વિચારીને તેના જ્ઞાનગુણને જાણીને તેની ચેતનાને જાણીને તેને અનુભવીને તેને જ્ઞાનથી પ્રત્યક્ષ રીતે જોઈને તત્પશ્ચાત્ જીવશબ્દનો પ્રયોગ જો કોઈએ પણ કરેલો હોય તો તે એક માત્ર જૈન દર્શનેજ કરેલો છે, બીજાએ કરેલો નથી !!

**હીરાને ઝવેરીજ જાણે.**

જીવનું સાચું સ્વરૂપ જાણીને જીવને કોઈએ જીવ કહ્યો જ નથી, ઝવેરીના બચ્ચાના ઉદાહરણને અહીં યાદ કરો. ઝવેરીનો બચ્ચો સાચા હીરાને હીરો કહે છે, પરંતુ તે તોલ, માપ, તેજ, તેનું મૂલ્ય એમાંનું કશુંજ જાણતો નથી, તે હીરાને હીરો કહે છે તેમાં તેની ભવિતવ્યતાજ કારણભૂત છે. ભવિતવ્યતાને યોગે તે હીરાને હીરો કહે છે. પરંતુ હીરાના સ્વરૂપ વગેરેને તે જરાય જાણતો નથી, હીરાના સ્વરૂપને અને તેના તોલમાપને તો માત્ર ઝવેરી હોય તેજ જાણે છે, એજ પ્રમાણે જૈનદર્શને અને અન્ય દર્શનોએ સંબોધેલ જીવ શબ્દ પરત્વે સમજવાનું છે. જૈનોના સંસર્ગથી અન્યદર્શનવાદીઓએ જીવને જીવ કહી દીધો છે, પરંતુ વાસ્તવીક રીતે જીવ એ શું છે, તે કેવો છે, તેના શા લક્ષણો છે, તેના ક્યા ક્યા ગુણો છે, એ વાત જાણીને જીવને કહ્યો હોય એવું એક માત્ર સર્વજ્ઞ ભગવાન સિવાય બીજા કોઈના સંબંધમાં બનવા પામ્યું નથી.

**એકલો જીવ જાણે બસ નથી.**

જીવને અને તેના જ્ઞાનગુણને જાણવો એટલુંજ બસ નથી. જીવને જાણવો તેના જ્ઞાનગુણ આદિને જાણવા, તેને રોકનારા કર્મોને જાણવા, તેનો ક્ષયોપશમ વગેરે જાણવું, એ સઘલું જાણીને જીવને જીવ કહેવો એ જૈનશાસ્ત્ર સિવાય અન્યત્ર કોઈ પણ સ્થળે બનવા પામ્યું નથી. કોઈ પણ દર્શનાદિનો વિચાર એટલે સુધી જઈ શક્યો નથી. સ્વરૂપ વગેરેને જાણ્યા વિનાજ અન્યઆસ્તિકોએ જૈનોના સંસર્ગથી જીવને જીવ કહી દીધો છે, એટલે જ એ વિષયમાં જૈનશાસ્ત્ર સર્વોપરિતા ભોગવે છે. આ ક્ષેત્રમાં બીજા શાસનોને મુકાબલે જૈનશાસ્ત્ર સર્વોપરિતા ભોગવે છે તેનું કારણ શું એ હવે વિચારો. બીજા શાસ્ત્રનો તેમના વિચારસાગરના છેક છેલ્લે હિલોળે પણ, જીવ તેનું સ્વરૂપ અને કર્મ ફીલોસોફીને જાણતા નથી ત્યારે એજ વાત સર્વ સર્વજ્ઞજિનેશ્વર ભગવાન તેમજ આસન્નોપકારી શ્રીપાર્શ્વનાથજી અને ભગવાન શ્રીમહાવીરદેવના શાસ્ત્રમાં પહેલેજ પગથીએ શીખવાની હોય છે.

**બાળપણાની ગળથુથી.**

જૈનશાસનની દૃષ્ટિએ તો બાળપણમાંજ ગળથુથીમાંજ એ વસ્તુ આપવાની છે કે જીવ અનાદિનો છે, ભવ અનાદિનો છે, અને કર્મસંયોગ પણ અનાદિનોજ છે, જીવના અન્યાન્યગુણો સમજવાને માટે પણ સૌથી પહેલાં જીવ અનાદિનો છે એ વાત જાણવાની જરૂર છે. જ્યાં સુધી જીવ અનાદિનો છે એ તમે સમજી શકવાના નથી ત્યાં સુધી જીવના ગુણ અને તે ગુણના આવરણરૂપ કર્મો

પણ અનાદિનાં છે, એ વાત તમે સમજી શકવાના નથી. જીવને તો અનાદિનો માનીએ. તો પર્યાયે એમ પણ માનવુંજ પડે છે કે જીવનો જે ગુણ છે તે પણ અનાદિનો છે, અને જો જીવનો કેવળગુણ અનાદિનો છે એમ માનીએ તો જીવના કેવળગુણને રોકનારા કર્મો તે પણ અનાદિનાજ છે, એમ માનવું પડે છે. હવે એથીય આગળ વધો. જીવને તમે અનાદિનો માન્યો જીવના કેવળગુણને પણ તમે અનાદિનો માન્યો અને એ કેવળગુણને રોકનારા કર્મો પણ અનાદિના તમે માન્યા તો એ ત્રણ પરથી એક ચોથી વાત તમારે માનવીજ રહે છે.

## આત્મા અનાદિ ખરો કે નહિ ?

એ ચોથી વાત કઈ તેનો વિચાર કરો. એ ચોથી વાત એ છે કે, જો જીવ તેનું કેવળજ્ઞાન અને તેને રોકનારાં કર્મો પણ અનાદિના છે, તો પછી એની મેળેજ સિદ્ધ થાય છે કે ભવભ્રમણ એ પણ અનાદિનુંજ છે. જીવ અનાદિનો છે, કર્મસંયોગ અનાદિના છે, ભવભ્રમણ અનાદિનું છે. એ સઘલું અનાદિનું ક્યારે માની શકાય, કે જ્યારે આત્માને તમે અનાદિનો માનો તો, જો આત્મા અનાદિનો નથી તો આત્માનું કાંઈપણ અનાદિનું તમે માની શકતા નથી. અને જો તમારે આ સઘળું અનાદિનું માનવું હોય તો તમારે આત્માને પણ અનાદિનો માનેજ છુટકો છે. આપણે આવી પ્રૌઢ માન્યતા ન રાખીએ અને માત્ર આ ભવ પુરતુંજ જોયા કરીએ તેમાં આપણો દહાડો વળવાનો નથી. તેની ખાતરી રાખજો. આપણે જે જોઈએ છીએ, તે માત્ર એક ભવપુરતું- વર્તમાન ભવપુરતુંજ જોઈએ છીએ. તેની આગળ પાછળ જોવાની આપણે તસ્દી લેતાજ નથી. આજ ખરાબ ટેવને પરિણામે આપણે વધી શકતા નથી.

## દુર્બીનની જરૂર છે.

જે વસ્તુ આપણી દૃષ્ટિમર્યાદામાં આવી શકે છે તે વસ્તુને આપણે પાંચસો વાર જોઈએ છીએ. પરંતુ જે ચીજ આપણી દૃષ્ટિમર્યાદામાં આવતી નથી તે જોવાને માટે દૂરદર્શકયંત્રની જરૂર પડે છે. દૂરદર્શકયંત્ર વિના આંખો દૂરની ચીજ જોઈ શકતી નથી, તે જ પ્રમાણે શ્રીસર્વજ્ઞ ભગવાનોની વાણીરૂપી દૂરદર્શકયંત્ર વિના આપણે આપણા આગલા પાછલા ભવોને પણ જોઈ શકતા નથી, અર્થાત્ તેને વિષે વિચાર પણ કરી શકતા નથી. પ્રભુ સર્વજ્ઞભગવાનના વચનો એ આપણે માટે દુર્બિન છે. દુર્બિનથી દેખાતો પદાર્થ તમે વિના દુર્બિને જોવા પ્રયત્ન કરો તો તમે તે જોઈ શકતા નથી, તેજ પ્રમાણે ભગવાનના વચન વિના આપણે પણ ધાર્મિક ક્ષેત્રની વસ્તુઓને વિચારી જોવાને માટે શક્તિમાન નથી. અર્થાત્ ભગવાનના વચનરૂપી દુર્બિનની આપણે અનિવાર્ય આવશ્યકતા છે.

## વિવેકચક્ષુ પણ અહિં નકામા

વિવેકચક્ષુ એ પણ દુર્બિન વગરની આંખ છે. આપણો જીવ જો ભગવાનની વાણીરૂપી દુર્બિન ન રાખે, તો તેનું પરિણામ એ આવે કે આપણે માત્ર આ જન્મ પુરતું જ દેખી શકીએ. તેથી તે એક અંશ પણ વધારે નજ જોઈ શકે. દુર્બિન ચઢાવીને દેખીએ તો પણ જેટલી શક્તિવાળી દુર્બિન હોય તેજ પ્રમાણે તેમાંથી જોઈ શકાય તેથી બીજા પ્રકારની વસ્તુ તેમાંથી દેખી શકાતીજ નથી. આંખે દુર્બિન ચઢાવીને જોઈએ છીએ ત્યારે દૂરની વસ્તુને આપણે જોઈ શકીએ છીએ પરંતુ તેજ દુર્બિન જો આંખેથી કાઢી નાંખો તો તમે તત્પશ્ચાત્ પહેલાંનો દેખાવ જોઈ શકતા નથી. આપણા આત્મા માટે એજ રીતે ભગવાનનું વચન તે દુર્બિન છે, જ્યારે આપણે એ દુર્બિન લગાડીએ છીએ ત્યારે અનાદિનું અતીતકાળનું અને અનાગતકાળનું જ્ઞાન ધરાવી શકીએ છીએ જ્યાં એ દુર્બિનનો ત્યાગ કરી છીએ કે અતીત અનાગતને દેખતા આપણે બંધ થઈએ છીએ.

### જિનેશ્વરના પ્રવચનની મહત્તા

દુર્બીનરૂપી ભગવાન શ્રીતીર્થંકરદેવોની વાણી આપણા આત્માને માટે કેટલી ઉપયોગી છે તે આથી જાણી શકાય છે. પરંતુ છતાં આપણે ત્યાં અવળી ખોપરીના એવાં માણસો પડેલા છે કે જેઓ એમ કહેવાને તૈયાર થઈ જાય છે કે આતો દુર્બીનનો કાચજ નકામો અને ભ્રમ ઉપજાવનારો છે ! જે કાચ અલૌકિક ગુણવાળો છે, જે કાચ દૂરની વસ્તુઓને આપણને દેખાડે છે, તે કાચની ઉપયોગિતા સમજી શકાય એવી છે. પરંતુ અજ્ઞાનતાને લીધે કેટલાક મૂર્ખાનંદો એ કાચનેજ દોષવાળો કહી દેવા તૈયાર બની ગયા છે !! વળી એજ રીતે જૈનપ્રવચન પણ આપણા આત્માને અતીત અનાગત સમયને બતાવે છે, માટે કેટલાક કહે છે કે જૈનપ્રવચન રૂપી એ દુર્બીન લગાડીએજ નહિ. એ દુર્બીનમાંથી જોવાની તસ્દીજ ન લઈએ તો કેવું સારૂં કે દેખવું યે નહિ અને દાઝવું યે નહિ !! આવો વિચાર કરીને કોઈએ દુર્બીન આંખે લગાડવાની જ ના પાડે તેને કેવી રીતે સમજાવવો તેનો વિચાર કરો.

### તે ફુટેલા ભાગ્યવાળો છે.

જે આવી વાતો કરે છે તેને ફૂટેલા ભાગ્યવાળોજ માની લેવો જોઈએ. છતાં તેવાને પણ સમજાવવાનો પ્રયત્ન કરવો એ તો આપણી ફરજ છેજ. જો આપણે એ ફરજ ન બજાવીએ તો આપણે પણ માત્ર ભૂલેલાજ ગણાઈએ. ધારો કે દૂરથી કોઈ એક ભયંકર સિંહ દોડી આવે છે. તમે દુર્બીન લગાડીને એ સિંહને જોશો તો તમારી ખાત્રી થશે કે તમારે માથે અમુક આકરી આપત્તિ આવી પડે છે, અને તેથી તમે એ આપત્તિમાંથી બચવાનો માર્ગ શોધી કાઢશો ! પરંતુ તમે એવો વિચાર કરશો કે "જો દુર્બીનમાંથી જોઈશું તો સામેથી આવી પડેલી આપત્તિ દેખાશે અને આપત્તિ દેખાશે એટલે તેનો પ્રતિકાર કરવો પડશે, તેના કરતા બહેતર છે કે દુર્બીન લગાડવુંજ નહિ, ને આપત્તિ જોવી પણ નહિ અને આપત્તિની ભયંકરતા સમજવી પણ નહિ" તમારા આવા વિચારથી તમારા ઉપર આપત્તિ આવવાની અટકવાની નથી. તમે દુર્બિનમાં જુઓ તો પણ તમારા ઉપર આપત્તિ આવશે અને નહિ જોશો તો પણ તમારા ઉપર આપત્તિ તો આવશે, માત્ર દુર્બિનથી જોવાથી તો એ લાભ થશે કે તમો આપત્તિને જાણી શકશો અને તેમાંથી બચવાનો માર્ગ પણ વિચારી તેને વર્તનમાં મૂકી શકશો.

### મોક્ષ અને નિગોદ

દુર્બીનનો આવો ફાયદો છતાં જે મૂર્ખ માણસ એ ફાયદો ઉઠાવવાની ના પાડશે તેને આપણે ડાહ્યો તો નહિજ કહી શકીએ, પરંતુ મૂર્ખોજ કહી શકીએ. તેજ પ્રમાણે જૈનપ્રવચનરૂપી દુર્બીનનો ઉપયોગ કરવાની પણ જે ના પાડે છે તે બેશક મૂર્ખોજ છે? દુર્બીનનો એ ગુણ છે ? જે વસ્તુ સીધી સાદી આંખે દેખી શકાતી નથી તે વસ્તુને દુર્બીન દેખાડી આપે છે. એજ પ્રમાણે જૈનપ્રવચનરૂપી મહાન દુર્બીન પણ જે આપણે આંખે નથી નિહાળી શકતા તે બતાવી અપે છે. આપણો ભૂત અને ભવિષ્યકાળ આપણે જોઈ શકતા નથી, એ સઘળું જીનેશ્વરના પ્રવચનરૂપ દુર્બીન આપણને બતાવી આપે છે આ દુર્બીન આવું મહાન્ હોવા છતાં જે માણસ આ દુર્બીનનો ઉપયોગ ન કરે અને દુર્બીનનાજ કટકા કરી નાંખવા તૈયાર થાય તેને તમે કેવો કહેશો ? કંઈપણ શંકા વગર આપણે એવા માણસને મૂર્ખાનીજ ઉપમા આપવી પડશે.

### વાંદરાને દુર્બીન ન શોભે

દુર્બીન જો માણસ પોતાની આંખે લગાડે તો એનું રહસ્ય તે પામી શકે છે. પરંતુ તેમના કરતાં જો વાંદરાની આંખોએ દુર્બીન બાંધીએ તો શું થાય ? પરિણામે વાંદરો દુર્બીનનો દાટજ વાળી નાંખે ?

વાંદરાને દુર્બીન બાંધે તો તે સીધોજ ભડકીને કાંઈનું કાંઈ કરી બેસે અને એજ દુર્બીન જો માણસોને આપો તો તેઓ એનો સારો ઉપયોગ કરી લે છે. તો પછી એમાં વાંદરાનો દોષ માનશો કે દુર્બીનનો ? કોઈપણ માણસ સહેલાઈથી કહી શકશે કે વાંદરો દુર્બીનનો દાટ વાળે છે એમાં દુર્બીનનો વાંક નથીજ પરંતુ દૃષ્ટિનોજ દોષ રહેલો છે. એજ રીતે જે દુર્બીનનું મૂલ્ય સમજે છે તેવો વિવેકવાળો જૈનશાસન પામેલો એ દુર્બીનના ઉપયોગ વડે પોતે તરી જાય છે. જ્યારે ચંચળ પ્રકૃત્તિવાળા વિષયકષાયનાજ રસીયાઓ જીનેશ્વરના પ્રવચનરૂપ દુર્બીનનાજ છિદ્રો શોધવા માંડે છે ? અને જ્યારે તેમને જૈનપ્રવચનના કાંઈ પણ છિદ્રો નથી મળતા ત્યારે તેઓ પોતાનાજ છિદ્રો પ્રવચનને શીરે ઓઢાડી દેવાને તૈયાર થઈ જાય છે?

## દુર્બીન પછી પડદો આવે તો ?

વિવેકવાળો આત્મા જેમ દુર્બીનનું મૂલ્ય આંકી શકે છે તેજ પ્રમાણે જેઓ આત્માર્થી છે, જેમને જીવ અને ભવનું સ્વરૂપ જાણવું છે, તેઓ તો આ દુર્બીન ઉપરવારી જવાનાજ જવાના ! દૂરની વસ્તુ જોવાની આકાંક્ષાવાળાને દુર્બીન હંમેશા રાખવું એ કર્તવ્ય છે, તેજ પ્રમાણે આત્મકલ્યાણની ઈચ્છાવાળાએ પ્રભુ પ્રવચનરૂપી દુર્બીન હમેશાં રાખવું એ તેનું કર્તવ્ય છે. હવે એ દુર્બીન હંમેશાં પોતાની પાસે રાખવાની ભાવના ક્યારે ઉત્પન્ન થાય ? તેનો વિચાર કરો. અને એ દુર્બીન હોવા છતાં પણ તે નકામું ન થઈ પડે એવું ક્યારે બને ? તે વિચારો. તેમે દુર્બીન લઈને તે દ્વારા બહાર જોતા હો, તમોને દુર્બીન પ્રિય છે, તમે તે છોડવા પણ માંગતા નથી, અને દુર્બીન વડે દૂરની વસ્તુ જોવાનો પણ તમારો મનોભાવ છે, પરંતુ ધારોકે દુર્બીન પછી એકાદ મોટો પટ આડે આવે તો શું તમારૂં દુર્બીન તમોને કામ આપી શકે ખરૂં? જવાબ એજ મળશે કે નહિજ !

## દુઃસંસ્કાર ટાળો

દુર્બીન પાસે રાખવાની તેનો પુરેપુરો ઉપયોગ કરવાની અને તે દ્વારા દૂરની વસ્તુઓ જોવાની તમારામાં પુરેપુરી આકાંક્ષા હોય તે છતાં જો આડો પટ આવતો હોય તો તમારો જીનેશ્વર પ્રવચન રૂપ દુર્બીન તમારી પાસે હોય તેનો તમે પૂરેપૂરો ઉપયોગ કરવાને ચહાતા હો અને તે દ્વારા તમે ભૂત, ભવિષ્ય, મોક્ષ નિગોદ આદિ જાણવા માંગવા હો, તે છતાં પણ જો ખરાબ સંસ્કાર રૂપી પડ વચ્ચે આવી જાય તો તમારી ધારણા પૂરેપૂરી ફળી શકે નહિ. એ ખરાબ સંસ્કાર રૂપ પડ વચ્ચે ન આવે તે માટે શો માર્ગ લેવો તે વિચારો. એને માટે શાસ્ત્રકારોએ એજ માર્ગ બતાવ્યો છે કે (૧) આત્મા અનાદિનો છે (૨) કર્મ અનાદિના છે અને (૩) ભવસંયોગ પણ અનાદિનો છે. એ સંસ્કારો ગળથુથીમાં દરેકને પાવાની જરૂર છે. જેનામાં આ સંસ્કાર પડ્યા હશે તેને ખરાબ સંસ્કાર પડવા પામશે જ નહિ અને તે બહુજ સુખપુર્વક એ દુર્બીનને - જૈન પ્રવચનને વાપરી ભૂત, ભવિષ્ય, મોક્ષ, નિગોદ આદિ જોઈ શકશે. પણ સંસ્કારો પડવાથી કેવી રીતે ફાયદો થાય છે તે હવે જોઈએ.

(સમાપ્ત)




પ્રશ્ન ૮૨૧ - ગણધરમહારાજા અંગપ્રવિષ્ટની રચના ક્યા અનુક્રમે કરે?

સમાધાન - ગણધરમહારાજા દીક્ષા લીધા પછી ત્રિલોકનાથને એક પ્રદક્ષિણા કરી ખમાસમણથી પાદપતિત થઈ **किं तत्तं** એમ પ્રશ્ન કરે અને ત્રિલોકનાથ ઉત્તર આપે કે **उप्पन्नेइ वा**, પછી બીજી પ્રદક્ષિણા કરી પાદપતિત થઈ બીજી વખત **किं तत्तं** એમ પુછે, ત્યારે **धुवेइ वा** એમ કહે, અને ત્રીજી વખત પ્રદક્ષિણા કરી પાદપતિત થઈ **किं तत्तं** એમ પૂછે ત્યારે **धुवेइ वा** એમ કહે. આવી રીતે થયેલા ત્રણ પ્રશ્નોત્તરોને નિષધા કહેવાય છે અને તે ત્રણ નિષધાથી તે ગણધર મહારાજાઓને ગણધર નામકર્મનો ઉદય થાય અને ઉત્કૃષ્ટ એવાં મતિ અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય, પછી પ્રથમ ગણધરમહારાજાઓ ચૌદપૂર્વોની રચના કરે અને સર્વરચનામાં પ્હેલી રચના પૂર્વોની થાય છે માટેજ તેને પૂર્વો એવું નામ અપાયું છે. તે પૂર્વગતશ્રુતને અધ્યયન કરવાની અનુકૂળતા પડે માટે જેમ વ્યાકરણશાસ્ત્રોમાં પ્રથમ સંજ્ઞા વગેરે પ્રકરણો કરવાં પડે છે તેમ પરિકર્મ અને સૂત્રોની રચના કરવી પડે છે. પછી પૂર્વોની વ્યાખ્યા શૈલીઆદિને માટે વર્તમાનસૂત્રોની વ્યાખ્યા માટે જેમ અનુયોગદ્વાર ગણાય છે તેવી રીતે પૂર્વાનુયોગની રચના ગણાય, અને જેમ દશવૈકાલિક આચારાંગ યાવત્ પંચપરમેષ્ઠિનમસ્કાર આદિસૂત્રોમાં ચૂલિકાઓ હોય છે, તેવી રીતે પૂર્વગતના અંતમાં તે તે પૂર્વોને અંગે જે ચૂલિકાઓની જરૂર હોય તે રચાય. જો કે ચૂલિકા વસ્તુ દરેક પૂર્વની જુદી જુદી છે ને તે તે પૂર્વની સાથેજ તે તે પૂર્વની ચૂલિકા છે, પણ જેમ આચારાંગને અઢાર હજાર પદવાળું માન્યું તેમાં માત્ર પ્રથમશ્રુતસ્કંધનુંજ માન લીધું, તેવી રીતે પૂર્વોનું માન વિગેરે ચૂલિકાવસ્તુ સિવાય લીધેલું હોઈને ચૂલિકા નામનો દૃષ્ટિવાદનો પાંચમો ભેદ ગણાય છે. આ ઉપરથી શ્રુતજ્ઞાનના વીશ ભેદોનું વર્ણન કરતાં પરિકર્મ અને પરિકર્મસમાસ અને ચૂલિકા,

ચૂલિકાસમાસ એવા ભેદો કેમ ન ગણ્યા ? એવી શંકાને સ્થાન નહિં રહે. કેમકે તે બધા પૂર્વગતને અંગે રહેલા છે અને વસ્તુ પ્રાભૃત વગેરે પૂર્વ અને પૂર્વના પેટાભેદો તો વીશ ભેદમાં ગણેલાજ છે અર્થાત્ બારમું આખું અંગ જે દૃષ્ટિવાદ તે બધું ચૌદપૂર્વને અવલંબીને રહેલું છે અને તેથી એક નવ, દસ કે ચઉદ પૂર્વધરની હકીકત શાસ્ત્રોમાં આવે છે, પણ પરિકર્મધર, સૂત્રધર, પૂર્વાનુયોગધર કે ચૂલિકાધર વગેરે હકીકત આવતી નથી. આવી રીતે દૃષ્ટિવાદની રચના થયા પછી સ્ત્રીયો અને અલ્પબુદ્ધિવાળાઓ માટે આચારાંગઆદિઅંગોની રચના કરાઈ છે, આ વસ્તુ બારીકદૃષ્ટિથી વિચારાશે તો માલમ પડશે કે અંગોમાં જે જે વિશેષ વૃત્તાન્તો ઉદાહરણ તરીકેનાં છે, તેમાં ગણધરપદવી પછીનાં પણ ઉદાહરણો બનવા પછી ગણધરોજ ગોઠવે છે. એટલે તીર્થસ્થાપના વખતે રચાયેલ અંગાદિમાં આ દૃષ્ટાન્તો હતાં એમ માનવાની ફરજ પડે તેમ નથી.

પ્રશ્ન ૮૨૨-કૃષ્ણમહારાજાએ દીક્ષા લેવા તૈયાર થયેલાને ન રોકવો એવું મનથી ધારેલું કે અભિગ્રહ કરેલો ? અને કયા પ્રસંગને લઈને અભિગ્રહ લીધેલો? અને એવો અભિગ્રહ કર્યો પછી તે અવિરતિ કેમ ગણાય ?

સમાધાન-બાલબ્રહ્મચારિ ત્રિલોકનાથ શ્રી નેમિનાથજી મહારાજના મુખારવિંદથી મહારાજા ભરત ચક્રવર્તિએ જે પોતાને આધીન એવા કુટુંબની અને બાહુબલિજી જેવા સ્હામા પડેલા કુટુંબની દીક્ષાની અનુમોદના અને અનુમતિ આપેલી હતી તે વાત સાંભળીને શ્રીકૃષ્ણહારાજે પણ અભિગ્રહ ક્યો હતો કે હું કોઈ પણ મ્હારો વ્હાલો કે શત્રુ હશે, પણ જો દીક્ષા લેવા તૈયાર થશે તો નિષેધ નહિ કરૂં અને અનુમોદના કરીશ તથા અનુમતિ જ આપીશ. વાચનારને સ્હેજે પોતાના દુનીયાદારીના અનુભવથી એમ લાગશે કે વ્હાલાની અનુમોદના કે અનુમતિનો નિષેધ ન કરવા આદિનો અભિગ્રહ ઠીક ગણાય, પણ શત્રુની દીક્ષાને અંગે અનુમતિ હોય નહિ અને જરૂર પણ ન હોય તો તેના અભિગ્રહની જરૂર શી ? પણ આ વિચાર કરવા પ્હેલાં વ્યવહારિક લોકવૃત્તિ કરતાં પણ રાજવૃત્તિ જુદી ચીજ છે. ગામ અને દેશો લુટ્યા હોય, અનેક વિશ્વાસઘાતનાં કાર્યો કર્યા હોય, અનેક વ્હાલામાં વ્હાલા ગણેલા કુટુંબિયો કે અન્ય મનુષ્યોને માર્યા હોય, તો પણ તેના વિરોધને વોસરાવવો, વૈર વાળવાની વૃત્તિને દાબી દેવી. કરેલા નુકસાનને ખમી ખાવું, આબરૂ અને આજ્ઞા ખંડનના ઘાને પણ ન થયો ગણવો, એટલું નહિ, પણ તેવા મનુષ્યના આ દીક્ષાના કાર્યને અનુમોદવું અને અનુમતિ આપવી એ ઘણી જ મુશ્કેલ લાગે. બાહુબલજીની દીક્ષા વખતે ભરત મહારાજના ઉદ્દગારો ખરેખર તે દશાને સૂચવે છે. માટે મિત્ર કરતાં પણ રાજવીઓને શત્રુઓની દીક્ષાની અનુમોદના અને અનુમતિ બહુમુશ્કેલીવાળી છે. વળી અભિગ્રહ કરવાથી અવિરતિ ઓળંગાતી નથી. ગુરૂ અને દેવના વૈયાવૃત્યનો તો સમ્યગ્દૃષ્ટિને નિયમ હોય જ. ખુદ્ કૃષ્ણમહારાજે ચોમાસામાં ધર્મ કાર્ય સિવાય બહાર નહિ નીકળવાનો નિયમ લીધો અને પાળ્યો છે છતાં તે અવિરતિપણું છે. એ હિસાબે તેઓએ અણુવ્રત નહિ ઉચ્ચરેલાં હોવાથી એવા અભિગ્રહો છતાં અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે જ ગણાય છે. એક વાત એ પણ આ સ્થાને વિચારવાની છે કે શાસ્ત્રકારો અનુમતિની જરૂર માત્ર સોળ વર્ષની ઉમ્મર સુધી જ ગણે છે, તો મિત્ર કે શત્રુપણાનો સંબંધ તો તેથી અધિકઉમ્મરવાળાને અંગે જ હોય તો તેમાં પ્રતિબંધ કે અનુમતિને સ્થાન જ ક્યાં છે? પણ માતાપિતાને અંગે અનુમતિની જરૂર સોળ વર્ષ સુધીની છતાં રાજાની સ્વામિતા તેના રાજ્યમાં રહે ત્યાં સુધી રહે છે, અને તેથી તેની મરજી વિરૂદ્ધ કરવામાં અદત્ત ગણવામાં આવે છે અને એ જ કારણથી શ્રાવકના ત્રીજા વ્રતના અતિચારોમાં

ચૌરપ્રયોગ વગેરે અતિચારો કહ્યા છતાં વિરૂદ્ધરાજ્યાતિક્રમણને અતિચાર ગણ્યો. અને અપેક્ષાએ આર્યરક્ષિતસૂરિજીની દીક્ષા રાજાના ભયથી અન્યત્ર જઈને કરવામાં આવી તેથી પણ શૈક્ષનિષ્ફેટિકાના દોષવાળી ગણાઈ છે.

પ્રશ્ન ૮૨૩-પર્યુષણાકલ્પસૂત્ર શ્રીભદ્રબાહુસ્વામી શ્રુતકેવલિકૃત છે એમ કહેવાય છે અને મનાય છે. પણ જો તે શ્રીપર્યુષણાકલ્પસૂત્ર શ્રીભદ્રબાહુ-શ્રુતકેવલિજીએ કરેલ હોય તો તે શ્રીકલ્પસૂત્રમાં શ્રીમાન્ દેવર્ધિગણિક્ષમાશ્રમણ સુધીની પટ્ટ પરંપરા કેમ છે ? અર્થાત્ શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણની પછી આ કલ્પસૂત્ર રચાયું એમ માનવું શું વ્યાજબી નથી?

સમાધાન-શ્રીપર્યુષણાકલ્પસૂત્રની રચના તો શ્રીગણધરમહારાજાઓએ ચૌદપૂર્વની રચના કરી ત્યારે નવમા પૂર્વમાં શ્રી પર્યુષણાકલ્પ તરીકે કરી અને ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામીજીએ જ્યારે દશાશ્રુતસ્કંધનો ઉદ્ધાર કર્યો ત્યારે તે પર્યુષણાકલ્પને દશાશ્રુતસ્કન્ધના આઠમાં અધ્યયનપણે ઉદ્ધર્યું એટલે શ્રી પર્યુષણાકલ્પમાં જે જિનચરિત્ર અને સામાચારીની રચના તે તો શ્રી ગણધર અને શ્રી ભદ્રબાહુસ્વામી સુધી અને યાવત્ શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણ સુધી પણ સરખી જ છે, પણ બીજી વાચના જે સ્થવિરાવલીની વાચનાની છે. તેમાં ગણધર સુધી ગણધરોની ભદ્રબાહુજી સુધી ભદ્રબાહુજીસુધીના સ્થવિરોની અને, પુસ્તકારોહણ કરતી વખતે શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણ સુધી સ્થવિરાવલી લેવામાં આવી છે, તેથી શ્રીકલ્પસૂત્ર મૂલથી શ્રીગણધરોનું રચેલું શ્રીભદ્રબાહુશ્રુતકેવલિનું ઉદ્ધરેલુ અનેશ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણજીનું લખેલું છે. એમ માનવામાં અનન્તાર્થપણું વગેરે બધુ ઘટાડી શકાય છે, સ્હેજે સમજી શકાય તેવી હકીકત છે કે સાધુઓને સર્વકાલે ચોમાસાનું અવસ્થાન કરવું યોગ્ય જ હતું અને તે કરતી વખતે જિનેશ્વરોનું વૃત્તાંત પૂર્વપુરૂષોનું વૃતાન્ત અને ચોમાસાની સામાચારીનું શ્રવણ વ્યાજબીજ છે તો પછી સર્વકાલે કલ્પની કર્ષણીયતા અને માન્યતામાં શ્રદ્ધાસંપન્નોને આંચકો આવે તેમ નથી. એટલે બુદ્ધિમાનોમાં ખપાવવાને નામે શ્રદ્ધારહિત કરવા માગે છે તેઓથી બરોબર સાવચેત રહેવું એ જ આવશ્યક છે.

પ્રશ્ન ૮૨૪-આચારાંગઆદિસૂત્રોની જે નોંધ શ્રીસમવાયાંગજી નંદીસૂત્રવગેરેમાં જણાવેલી છે તેમાં અનન્તાગમા અનન્તા પર્યાયો અનન્તા ભાવો આદિ જે જણાવ્યું છે તે અનંતાંગમા વગેરે આખાસૂત્રના મળીને ગણવા કે એકેક સૂત્રના ગણવા ?

સમાધાન-अनन्तगमपर्याय, सर्वमेव जिनागमे। यतः सूत्रं આવી રીતે શ્રીહરિભદ્રસૂરિજીમહારાજે ચોકખા શબ્દથી સ્પષ્ટ કરેલું છે કે આખા અંગના મળીને અનન્તગમા વગેરે નહિં. પણ દરેક અંગના દરેક સૂત્રના અનન્તગમા વગેરે સમજવું અને આ જ વાત આચારાંગસૂત્રની ટીકામાં आउसंतेणं પદની તથા ક્રોધાદિપદાર્થોની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ કરેલી છે. તત્વ એ કે આખા અંગના અનન્તાગમા વગેરે નહિં, પણ અંગના દરેક સૂત્રના અનંતાગમા લેવા.

પ્રશ્ન ૮૨૫-सव्वनईणं जा हुज्ज वालुआ सव्वोदहीणं जं उदयं। इत्तो अणंतगुणिओ अत्थो इक्कस्स सुत्तस्स॥१। ગાથાથી તેમ જ मुखे जिह्वासहस्त्रं स्याद्, हृदये केवलं यदि। तथापि कल्पमाहात्म्यं, वक्तुं शक्यं न मानवैः॥१॥ એ શ્લોકથી સૂત્રના જે અનંતા અર્થો કહેવાય છે તે શી રીતે ઘટાવવા ?

સમાધાન-જગતમાં જે મનુષ્ય જેટલા જ્ઞાનને ધરાવતો હોય તેટલા જ્ઞાનના વિચારપુર્વક એકપણ વાક્ય બોલે છે. એ વાત લક્ષ્યમાં લેઈ લેવી. પછી વિચારવું કે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનનું અનંતપણું છે કે નહિ ? તેમજ શ્રુતકેવલિ ભગવાન જેઓ કેવલિજ્ઞાનિની માફક પ્રજ્ઞાપનીય બધા પદાર્થો જાણે છે, તેઓ બન્ને અનન્તજ્ઞાનવાળા છે કે નહિ ? અને

જો તેઓ અનન્તા જ્ઞાનવાળા છે તો પછી તેઓનાં દરેક વાક્યો તે અનન્તા જ્ઞાનના વિચાર શોધન પૂર્વક જ ઉચ્ચરાયલાં છે, માટે તેના અનન્તા અર્થે કહેવામાં અડચણ શી ? વળી બીજી વાત ધ્યાનમાં રાખવાની છે કે જ્યાં દસ કેરીયો પડી છે અને તે જાણી છે, ત્યાં કેરીયો છે એમ બોલનાર દશની અપેક્ષાએ જ કેરી શબ્દ બોલે છે, માટે તે કેરી શબ્દ દશ કેરી પદાર્થને જણાવનારો, એવી લાખ સંખ્યામાં કેરીયો દેખીને શબ્દ બોલનારો મનુષ્ય લાખને ઉદ્દેશીને કેરી શબ્દ કહે છે, એવી રીતે અનન્તા જીવોમાં રહેલા ક્રોધાદિકને જાણીને ક્રોધાદિ એક શબ્દ બોલનારો અનન્ત અર્થને કહેનારો થાય. અને આખી જીંદગીએ પણ સંખ્યાતા જ કેવલી પણ બોલે, માટે અનન્તાનું કથન અશક્ય ગણાય.

**પ્રશ્ન ૮૨૬**-દિગંબરો એમ જણાવે છે કે શ્વેતાંબરોના શ્રાવકોને તો આગમને હાથ લગાવવાનો પણ હક નથી એટલે શ્વેતાંબર શ્રાવકો તો આગમની સમીક્ષામાં સમજે જ શું ? તેમાં શું તત્ત્વ છે ?

**સામાધાન**-પ્રથમ તો વેશ્યા સતીને ઓલંભોદે એવો આ દિગંબરનો પ્રસંગ છે, કારણ કે પ્રથમ તો બિચારા દિગંબરો શ્રીજિનેશ્વરભગવાનના વચનોનો જ સર્વથા વિચ્છેદ માને છે અને વર્ત્તમાનમાં જે શાસ્ત્રો તેઓમાં છે તે બધી આચાર્યોની જ કૃતિ છે એમ માને છે, એટલે બિચારા દિગંબરોને આગમ જેવી ચીજ જ સર્વથા વિચ્છેદ છે, તેથી ખરી રીતે તેઓને આગમની સમીક્ષાના વિચારને જ અવકાશ નથી. વળી શ્વેતાંબરસમાજમાં શ્રાવકોને પણ છજીવનિકાય સુધીનું સૂત્ર અર્થ ઉભયથી અને પિંડૈષણાનું અર્થથી સ્વયંઅધ્યયન કરે છે, એટલુંજ નહિં, પણ આગમ સાંભળવાની અને સમજવાની તો શ્વેતાંબરસમાજના શ્રાવકોને પૂરતી છુટ છે, અને તેની તપાસ કરવા દરેક મ્હોટા સ્થનોમાં સારા સાધુઓની સભામાં પધારીને દિગંબરભાઈઓએ પધારવું અને પોતાની ડીંગમારવાની ટેવ છોડવી.

**પ્રશ્ન૮૨૭**-શ્રીસુયગડાંગસૂત્રના વૈતાલીયઅધ્યયનમાં પ્રવ્રજ્યા માટે તૈયાર થયેલા કે પ્રવ્રજિત થયેલાને તેનાં સગાઓ રૂદનઆદિથી ભમાવવા માટે પ્રયત્ન કરે એ હકીકત છાપામાં રજુ થયેલી છે તેનું તત્ત્વ શું?

**સમાધાન**-શ્રીસુયગડાંગસૂત્રના વૈતાલીયઅધ્યયનાદિના લેખોથી એટલું જણાવવાનું તત્ત્વ છે કે રજા સિવાયની પાકી ઉંમરે પણ દીક્ષા ન જ થતી હોત તો આ પ્રમાણે પ્રવ્રજ્યા લેતા અને પ્રવ્રજિત થયેલાને એકદમ જોવાનું કુટુંબને રોવાનું અને ઓલંભા વગેરે દેવાનું હોત નહિં, એટલા પૂરતું એ લેખોનું તત્ત્વ છે.

**પ્રશ્ન ૮૨૮**-શ્રીસમવાયાંગસૂત્રને નામે દીક્ષા લેવા તૈયાર થયેલાને કે દીક્ષિત થયેલાને બળાત્કારે શ્રમણધર્મથી ચ્યુત કરે તો મહામોહનીય બાંધે એટલે સામાન્ય લેખ છે, તો પછી એમ કેમ કહેવાય છે કે શ્રીગણધરમહારાજ આદિ જેવા શાસનનાયકોની હિંસા-હત્યા કરવા જેવું મહામોહનીય કર્મ બળાત્કારે દીક્ષાને તોડાવવાથી બંધાય છે ?

**સમાધાન**-શ્રીસમવાયાંગસૂત્રમાં મહામોહનીયકર્મ બાંધવાનાં ત્રીશ સ્થાનકો બતાવ્યાં છે. તેમાં જેવી રીતે દીક્ષા લેવાને તૈયાર થયેલા કે દીક્ષિતને બળાત્કારે સાધુધર્મથી ચ્યુત કરવામાં મહામોહનીયકર્મનો બંધ કહ્યો છે, તેવી જ રીતે ગણધરાદિક પુરૂષોની હિંસા-હત્યા કરવાથી પણ મહામોહનીયકર્મનો બંધ કહેલો છે. એટલે મહામોહનીયરૂપી સરખા ફલની અપેક્ષાએ કારણને સરખાં ગણ્યાં છે, અને તેથી પ્રવ્રજ્યાનું તોડવું અને ગણધરાદિનું હણવું એ સરખાં ગણ્યાં છે, આ બાબત ત્રીશમોહનીય સ્થાનકનો આખો સમવાયાંગજીનો અધિકાર વાંચવા અને સમજવાથી ખુલાશો થઈ શકે તેમ છે ?

**પ્રશ્ન ૮૨૯**-સગા સંબંધને લીધે મોહનીયના જોરે કોઈ મનુષ્ય કોઈ મનુષ્યને દીક્ષા લેતાં રોકે તો તેને મહામોહનીયકર્મનો બંધ થાય કે નહિ ?

**સમાધાન**-જો કે સમવાયાંગજીમાં મહામોહનીયના

કારણો જણાવતાં તો દીક્ષા થાય કે થયેલી હોય તેનો બળાત્કારથી ભંગ કરવામાં મહામોહનીયનો બંધ થાય એમ માત્ર જણાવે છે. એટલે સગાસંબંધી પોતાના સંબંધને લીધે દીક્ષા તોડાવે તો મહામોહનીય ન જ બંધાય કે બંધાય જ એવું એકાંત શ્રીસમવાયાંગસૂત્રના અક્ષરોને આધારે કહી શકાય નહિ. પણ મોક્ષમાર્ગની કિમ્મત કરતાં સંસારમાર્ગની કિમ્મત વધારે આંકે તો જ એ સગાસંબંધી પણ દીક્ષાથી વિરૂદ્ધ થઈ શકે, અને તેને તેનું પરિણામ શું આવે એ સમજવું મુશ્કેલ નથી, આ જ કારણથી જમાલિ વગેરેની માતા વગેરેને અંગે વગર ઇચ્છાએ પણ દીક્ષાની અનુમતી આપી છે તે ઠીક જ છે. ધ્યાન રાખવું કે લેણદારને દાવો કરવો પડે તે દેણદારની જ નાલેસી છે તેવી રીતે નાસીભાગીને દીક્ષા લેવી પડે તે સગાઓની ધર્મભાવનાની જ ખામી છે.

卐

મી૦ નાથાલાલ ખેડાવાલાને- જૈનયુવકો ને કાર્યકરના નારાઓને તે તે લાયક થવા માટે તમો પોતાના પોતાને સંબંધિના કુટુંબમાંથી વિધવાનો વિવાહ કરવામાં પ્રવર્ત્તવાનું સૂચવો છો, પણ તેના કાર્યકરનારાએ પ્રથમથીજ પોતાને કે પોતાના ચક્ષુ, અને છુટેલાનેજ આગળ કર્યા છે, તે તમારી સમજણ બ્હાર જાય એ ઠીક નથી. યાદ રાખવું કે વિધવાઓને શીલ પાળવાની પોતાની ફરજ છે એમ શાસ્ત્રો સમજાવે છે એટલું જ નહિં, પણ દેશ અને દેશવાસિયોની પવિત્રતાનું ધ્યેય પણ એજ ટકાવે છે. સરખા હકના નામે સરકસી કરનારાઓએ કુદરતને આગળ કર્યા વિના ગર્ભધારણ પ્રસવ વગેરે કાર્યો સ્ત્રીયો પાસેથી અડધે હિસ્સે લઇને બીજી વાત વદવી એજ શોભાસ્પદ છે. ધ્યાન રાખવું કે વિધવાઓ પાસે બળાત્કારે શીલ પળાવી ન શકાય તેવી જ રીતે શીલથી ચ્યુત થઇ જનાર સાથે સહકાર કરવાનો બળાત્કાર કોઇ દિવસ કોઇથી પણ થઇ શકેજ નહિ. સામાન્યસભા પણ પોતાના કાયદાને માન ન આપનાર હોય તેને દૂર કરી શકે છે. આ વસ્તુસ્થિતિ તપાસનાર રાજા હશે તોપણ શુદ્ધબુદ્ધિ પામ્યા વિના નહિ રહે.

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(ગતાંકથી ચાલુ)

**પર્યુષણાશબ્દના બે અર્થો હોવાથી ખ્યાલ રાખવાની જરૂર**

યાદ રાખવું જરૂરી છે કે સંવચ્છરીના પર્વને પણ પર્યુષણા તરીકે ઘણી જગો પર જણાવવામાં આવે છે કેમકે પર્યુષણાશબ્દના નિયમિતઅવસ્થાન અને સંવચ્છરી બંને થાય છે, એમ આગળ જણાવી ગયા છીએ ?

**સંવચ્છરીપર્યુષણાને અંગે કરવા જોઈતા અઠ્ઠમને અંગે તિથિનો અનિયમ**

અને તે સંવચ્છરીને પર્યુષણાપર્વ ગણીને તેના અઠ્ઠમને અંગે શાસ્ત્રકારો દશપ્રકારનાં પચ્ચક્ખાણ જણાવતાં મુખ્યતાએ પર્યુષણને માટે અનાગત અને અતિક્રાંત પચ્ચક્ખાણ જણાવે છે, અર્થાત્ તે મનુષ્યને નિયમિત રોગાદિકના કારણ હોય, અને તે સંવચ્છરીના વખતમાં પોતાને રોગાદિકની તીવ્ર વ્યથા થવાનો સંભવ લાગતો હોય તો તે પર્યુષણા આવવા પહેલાં પણ અઠ્ઠમ કરી લે, અને તેવી રીતે જે સંવચ્છરીપર્વ સિવાય કે તેના આવ્યા સિવાય પહેલાં જે અઠ્ઠમ કરવામાં આવે તેને શાસ્ત્રકારો અનાગતપચ્ચક્ખાણ કહે છે, તેવી જ રીતે જે મહાનુભાવને સંવચ્છરીની વખતે જ અઠ્ઠમ કરવાનો ભાવ છતાં રોગાદિ સંબંધી પોતાના શરીરના કારણને અંગે અઠ્ઠમ ન બન્યો હોય અને તે પર્યુષણ એટલે સંવચ્છરી ગયા પછી જે વખત મળે ત્યારે અઠ્ઠમની તપસ્યા કરે તેને અતિક્રાંતપચ્ચક્ખાણ કહેવાય છે. આમ અનાગત અને અતિક્રાંતપચ્ચક્ખાણની સ્થિતિ દેખીને કોઈ પણ મનુષ્ય અઠ્ઠમની તપસ્યાને માટે તિથિનો આગ્રહ કરી શકે નહિ, પણ આની સાથે એ પણ સમજવાની જરૂર છે કે શાસ્ત્રકારોએ અઠ્ઠમની તપસ્યાનું અનિયમિતપણું જણાવ્યું પણ સાંવત્સરિકપ્રતિક્રમણનું તો નિયમિતપણું જ રાખ્યું, અને તેથી સંવચ્છરી પ્રતિક્રમવા માટે અનાગત, કે અતિક્રાંત એવા કોઈપણ ભેદો, કોઈપણ શાસ્ત્રકારે, કોઈપણ જગો પર જણાવ્યા નહિ, એટલે સંવચ્છરીનું પ્રતિક્રમણ તો કોઈપણ પ્રકારે નિયમિતતિથિએ જ કરવું જરૂરી ગણાય એટલે પર્યુષણના પહેલા કર્તવ્ય તરીકે સામાન્ય રીતે અઠ્ઠમની તપસ્યા કરવી એ નિયત થઈ.

**અઠ્ઠમના તપની નિયમિતતાને અંગે પ્રમાદ વર્જી ઉદ્યમની તીવ્ર આવશ્યકતા ને અઠ્ઠમનો પ્રભાવ**

ધ્યાન રાખવું જરૂરી છે કે નાગકેતુ સરખા ઉત્તમપુરૂષો તો પૂર્વજન્મમાં પણ પર્યુષણ (સંવચ્છરી)ના અઠ્ઠમની ભાવનાવાળા હતા અને તે સંવચ્છરીના અઠ્ઠમની ભાવનાનો જ એટલો બધો પ્રભાવ પડ્યો કે જેને અંગે તેઓ બીજા ભવમાં

મનુષ્યભવ પામ્યા અને સારા શ્રીમંતને જ ઘેર જન્મ્યા, એટલું જ નહિ, પણ તેઓ સ્તનપાનની અવસ્થામાં જ અઠ્ઠમ કરવાની ભાવનાવાળા આ ભવમાં થઈ શક્યા. એ સ્તનપાન અવસ્થામાં જે તેઓ જાતિસ્મરણ જ્ઞાનને પામ્યા, તે પણ તેમની અઠ્ઠમની ભાવનાનો જ પ્રભાવ. ને તેઓ પૂર્વભવમાં અઠ્ઠમ કરવાની ભાવનાના તીવ્રતર પરિણામવાળા નહોત તો આ ભવે જાતિસ્મરણ પામવાનો વખત જ ન આવત, અને જો તે જાતિસ્મરણ ન પામત તો સ્તનપાનવાળી દશામાં અઠ્ઠમ કરવાનો વિચાર પણ ન થાત તો અઠ્ઠમ કરવાની તો વાત જ શી? આ અઠ્ઠમના પહેલા ભવના પ્રભાવને તેમ જ તે નાગકેતુના ભવમાં પણ અઠ્ઠમના પ્રભાવને જ લીધે ધરણેન્દ્રનું આવવું વિગેરે પર્યુષણમાં વંચાતી નાગકેતુની હકીકતને સાંભળીને જો શક્તિસંપન્નપુરૂષ અઠ્ઠમની તપસ્યા કરવામાં પાછી પાની કરે અને આળસ, પ્રમાદ કે બેદરકારી બતાવે તો તે ખરેખરી ઉત્તમ તક કેવી રીતે હારી જાય છે તે સમજવું મુશ્કેલ પડે તેમ નથી. આ જ નાગકેતુ મહાપુરૂષ તે અઠ્ઠમની તપસ્યાના ભાવનારૂપી બીજથી જ એટલા બધા પ્રભાવશાળી થયા કે જેનું તેજ દેવતાથી પણ સહન થઈ શક્યું નહિ, અને આત્મોન્નતિની અપેક્ષાએ તે અઠ્ઠમની ભાવનારૂપી બીજથીજ એટલા બધા ખીલ્યા કે પરિષહ ઉપસર્ગો સહન કર્યા સિવાય, તેવા પ્રકારનું તપ સંયમ પામ્યા સિવાય અને તેવી ભારે તપસ્યા કર્યા વગર જિનેશ્વર મહારાજની પૂજા કરતાં સાપ કરડ્યો છતાં પણ દૃઢ રહ્યા અને છેલ્લામાં છેલ્લી ટોચે રહેલું એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શક્યા.

## કુટુંબમાં જૈનત્વ અને અઠ્ઠમ કરવાની વાતોનો પ્રભાવ

આ બધો અઠ્ઠમનો પ્રભાવ છતાં પણ એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે એક બાજુ જ્યારે પૂર્વ ભવે શ્રીનાગકેતુએ કરેલી અઠ્ઠમની ભાવનાનો પ્રભાવ દેખાય છે, ત્યારે બીજી બાજુએ શ્રાવકોની ભાવનાની બલિહારી જણાય છે, કેમકે જે વખતે નાગકેતુ સ્તનપાન અવસ્થામાં છે તે વખતે નાગકેતુના ઘરે આવતા તેના સગાસંબંધી મનુષ્યો પર્યુષણના અઠ્ઠમની જ વાતો કરી રહ્યા છે. આ હકીકતમાં લક્ષ્ય ખેંચવાની જરૂર છે કે તે કુટુંબમાં કેટલી બધી અઠ્ઠમ કરવાની અને તે અંગે કેટલી ઉત્કટ પ્રવૃત્તિ હોવી જોઈએ કે અન્ય સગાંસંબંધીને ઘેરે જાય ત્યાં પણ પર્યુષણા એટલે સંવચ્છરીના અઠ્ઠમ કરવા સંબંધી જ વાત ચાલે, અને તે વાતના પ્રતાપે જ શ્રીનાગકેતુને જાતિસ્મરણ પામવાનો વખત આવ્યો. અર્થાત્ તેમની તીવ્રભાવનાને ફળદ્રૂપ કરનાર જો કોઈપણ સંજોગ પડ્યો હોય તો તે આ કુટુંબની કરેલી સંવચ્છરીના અઠ્ઠમની વાત.

## વસ્ત્રાભૂષણની તૈયારી પર્વનું ભૂષણ છતાં તપસ્યાની મહાવિભૂષણતા

આ ઉપરથી વર્તમાનકાળના ભાવિકોએ વસ્ત્ર, આભૂષણ, ઘરેણાં ગાંઠાંની તકરારો પર્યુષણની વખતે ખડી કરવી કોઈપણ પ્રકારે ઈષ્ટ નથી. જો કે એ ઘરેણાંગાંઠાં અને વસ્ત્રઆભૂષણોની સજાવટ શાસનની ઉન્નતિ કરવા સાથે પર્વનો પ્રભાવ પાડનારી હોઈ શાસ્ત્રકારોએ કર્તવ્ય તરીકે જણાવી છે, પણ માત્ર તે પ્રભાવના અને પ્રભાવમાં લક્ષ્ય રાખી પોતાનું આરાધનાનું લક્ષ્ય ચુકી જવાય એ કોઈપણ ધર્મીષ્ઠને શોભતું નથી. ધર્મીષ્ઠકુટુંબોમાં પર્યુષણા આવવા પહેલાં ઘરે, ઘરે અને ઠેકાણે ઠેકાણે સંવચ્છરીના અઠ્ઠમની અને ખમતખામણા વિગેરે પર્યુષણના કૃત્યોની જ વાર્તાઓ પ્રસરવી જોઈએ.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૧૪)

## શાસનમાં દાનનું સ્થાન

### જે સુભટની મદદથી મહારાજા સોમયશનો હારેલો સુભટ જીત પામ્યો તે સુભટ શ્રેયાંસકુમાર કેમ ?

### લેખાંક બીજો

મહાશયો ! આ વાત તો તમારી ધ્યાન બહાર નહિં જ હોય કે સ્વપ્નદશા જો કે સર્વથા જાગૃતદશા નથી. તેમ સર્વથા નિદ્રિતદશા પણ નથી. આવી દશામાં સંકલ્પવિકલ્પોની જાલ ટકી શકિત નથી અને તેમાં પોતાની ધારણા પ્રમાણે સ્વપ્રસૃષ્ટિ બનાવી શકાતી નથી. અર્થાત્ ખરી રીતે સ્વપ્રસૃષ્ટિની સર્જનહાર સંકલ્પદશા નથી, પણ આત્માની સંસ્કારદશાના પરિપકવતા છે. આ વાત ધ્યાનમાં લેવાથી જ સ્પષ્ટ રીતે સમજી શકાશે કે સંસ્કારની પરિપકવદશા પોતાને અંગે હોય તો તે સ્વપ્રસૃષ્ટિના ફલને પોતે જ મેળવે. આ અપેક્ષાએ ભગવાન્ તીર્થંકરઆદિની માતાઓ ચૌદ વગેરે સંખ્યાના સ્વપ્રાં જુએ અને પરને અંગે હોય તો પરજન મેળવે અને ઉભયજન હોય તો ઉભયજન મેળવે છે અને તેના ફલ તરીકે થનારા જીવોનું તીર્થંકરપણાઆદિપણું હોય છે, એ રીતે ગર્ભધારણ કરવાવાળીમાતાના દોહલા પણ સ્વસંકલ્પના માત્ર પરિણામરૂપ નથી, પણ ગર્ભમાં આવેલા જીવોના સંસર્ગથી પરિપકવ થયેલ સંસ્કારને અંગે હોય છે, અને તેથી તે સ્વપ્ર અને દોહલાઓને ગર્ભમાં આવનારા જીવની અપેક્ષાએ ઉદ્ભવતા ગણી ને જ શાસ્ત્રકારોએ जं रयणिं वक्कमइ कुच्छिंसि महायसो अरहा એ વગેરે સ્પષ્ટ વાકયો જણાવ્યાં છે. આ બધી વાત સમજતાં એ પણ સાથે જ સમજવાનું છે કે પરના સંબંધને અંગે થયેલ સંસ્કારના પરિપકવપણાને લીધે પણ પરાશ્રય ફલવાળા સ્વપ્ર વગેરે આવે છે, છતાં અન્યને અંગે દેખવાથી ફલ મેળવનારને ફળ તો મળે, પણ તે ફળને સાધનાર સ્વપ્રો સ્વપ્રને મેળવનારની દશા ઉપર પણ ઘણો આધાર રાખે છે. આ વાત ધ્યાનમાં લેવાથી એક જ સુપાત્રના ફલને સૂચવવામાં મહારાજા સોમયશા સુભટની જીતમાં મદદગાર થવા તરીકે શ્રેયાંસની ઉત્તમ ફલ સામગ્રી પ્રાપ્ત થવાની જણાવે છે, ત્યારે શ્રીમાન્ નગરશેઠસાહેબ સૂર્યના કિરણો ખરી પડેલ દેખી તે હજારે કિરણો સૂર્યમાં જોડવા દ્વારાએ શ્રેયાંસકુમારને ઉત્તમફલ પ્રાપ્તિની પ્રવીણતા જણાવે છે. કહેવું જોઈએ કે મહારાજાના રાજ્યધર્મની લાયકાત પ્રમાણે સુભટનું પરાક્રમ તેની હાર અને તેમાં શ્રીશ્રેયાંસકુમારની મદદથી જીત મેળવવાનું દેખવું થયું અને શ્રીમાન્ નગરશેઠે સાહજીક લોકોપયોગિ કાર્યની એક નિષ્ઠા હોય અને તેથી તે પધ્ધતિએ સૂર્યના કિરણોનું ખરી જવું થઈ લોકોપકારની પ્રવૃત્તિ બંધ થઈ અને ત્યાં શ્રેયાંસકુમારે ભાગ્યશાલિપણાની યારીથી તે હજાર કિરણો પાછાં સૂર્યમાં મેળવ્યાં, એમ શ્રેયાંસને ફલવાવાળું પણ સ્વપ્ર મહારાજો મહારાજપણાના હિસાબે અને શ્રીમાન્ નગરશેઠ સાહેબે શ્રીનગરશેઠપણાને હિસાબે સ્વપ્ર જોયાં છે. જ્યારે આમ રાજા અને શેઠ સાહેબને અંગે રાજ્ય અને લોકોપયોગના સંસ્કારથી સ્વપ્રાં અને તેનું ફલ ગણવામાં આવ્યું, તો હવે ખુદ શ્રેયાંસકુમારે મેરૂને અંગે જોયેલી સ્વપ્રદશાને વિચારીયે કે જેથી તેની દિશા ઓળખી શકાય.

## - પ્રવચનના સંપાદકને -

આચાર્યદેવશ્રીએ શાસ્ત્રના પાઠ સાથે પ્રશ્નોત્તરરૂપે ચાલુ વિષયો ચર્ચ્યા છે એટલે તમારા લખાણની કિમ્મત લખાવનારને જ મુબારક. જો તમારા નવા આચાર્યને ભૂલ પોતાની છે એમ ન માનવું હોય તો ૧ સમ્યક્ત્વ પૂર્વે પણ સર્વકાલ પરોપકાર કરવાવાળા જ જીવો તીર્થંકરો થાય છે. ૨ વાલીજીએ સકષાયપણે લબ્ધિ નથી જ ફોરવી એમ જણાવવા માટે વીતરાગ લબ્ધિ ફોરવે. ૩ **अत एव०** વાળા ગુરૂતત્ત્વ વિનિશ્ચયના અને **इत्यादिप्रश्नादेः** વાળા આવશ્યકના પાઠોના અર્થો સાચા ઠરાવવા, આમાં તટસ્થ પાંચ કોઈપણ આચાર્યોની સંમતિ બ્હાર પાડવી યોગ્ય છે.

૨ તમારા નવા આચાર્ય જો લાઈનસર પ્રશ્ન કરશે તો હું માનું છું કે આચાર્યદેવ બીજા પ્રશ્નો કરતાં તેના ઉત્તરો પ્હેલા આપશે.

૩ તમારા નવા આચાર્યે પૃષ્ઠ ૫૭૫માં પાંચ વખત આર્હદ્દર્શનશબ્દ આપ્યો છે તે જો નવી શોધ ન હોય તો સુધારવા લાયક છે, એમ તમને અને તમારા નવા આચાર્યને જરૂર લાગવું જોઈએ. આશા છે કે પ્હેલાં ઘણી વખત કર્યું છે તેમ આમાં ચાલાકી નહિ ચલાવાય.

૪ **निउंज्झियव्वं** એ જો છાપાની ભૂલ હોય તો તો **निउंजियव्व** એમ માની લઉં. કદાચ (આર્હદ્દર્શન જેવી) નવી શોધ હોય તો ખુલાસે જણાવવાની જરૂર છે.

તા. કઃ- સંપાદકે ધ્યાન રાખવું કે શબ્દની ચાલાકી કરવાનું કાર્ય ચાલાકચંદ્રોને સોંપી વસ્તુસ્થિતિને નિરખી સત્યના સાથીપણાનો કંઈક અંશ હજી છે એટલું જણાવાય તો સારૂં છે.

મી૦ લલ્લુભાઈએ લખેલ હકીકત ખરી છે કારણ કે તે તેમના અનુભવની છે. તમે તો સાદ્યન્ત અનુભવ બ્હાર જ છો. છતાં તમારા નવા આચાર્ય કે તેમના ગણાવેલ ધર્મપ્રેમિયો તેમાં સાચું અન્ય હોય તો કેમ જાહેર કરતા નથી ?

ખરી રીતે તો આચાર્યદેવ જે ગામમાં હશે ત્યાં તમારા નવા આચાર્ય હાલમાં ખસી ગયા છતાં અકસ્માત આવશે અથવા નવાને સ્થાને તેઓ આવશે, ત્યારે વિષયનો સ્ફોટ અને તેનો નિર્ણય થશે. દિશા પલટી છે તેમ દેશ ન પલટે તો સારૂં. જેમ અત્યારે સંપાદકની સોડમાં ગયા છે તેમ તે વખત તો નહિ જ જઈ શકે.

તંત્રી.

ચતુર્થ વર્ષ અંક ૧૮

Registered No. B.3047




જ્યેષ્ઠ વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૧૯-૬-૧૯૩૬

## ....તત્ત્વજિજ્ઞાસુઓને અમૂલ્ય અવસર....

:-: યાને :-:

## ✻ ઉત્તમ ગ્રંથો મેળવવાની ઉમદા તક ✻

卐

### નવીન બહાર પડેલા ગ્રન્થો

૧. શ્રીઅચારાંગસૂત્ર (દ્વિતીય શ્રુતસ્કંધ)
શ્રી શીલાંકાચાર્યકૃત ટીકા સહિત રૂા. ૨-૦-૦

૨. શ્રીભગવતીસૂત્ર (આચાર્ય દાનશે-
ખરસૂરિવિહિત ટીકા સહિત) રૂા. ૫-૦-૦

૩. શ્રીતત્ત્વાર્થસૂત્ર (આચાર્ય હરિભદ્ર-સૂરિકૃત
ટીકા અને સ્વોપજ્ઞ ભાષ્ય) રૂા. ૬-૦-૦

૪. શ્રી તત્ત્વાર્થ સૂત્ર (મૂળ અને સ્વોપજ્ઞભાષ્ય)
રૂા. ૧-૦-૦

૫. શ્રીપર્યુષણાદશશતક (મહોપાધ્યાય શ્રી
ધર્મસાગરગણિકૃત સ્વોપજ્ઞ) રૂા. ૦-૧૦-૦

૬. પુષ્પમાલા (ઉપદેશમાલા)
(મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ૬-૦-૦

૭. વિશેષાવશ્યક ભાષ્ય પૂર્વાર્ધ
(શ્રીકોટ્યાચાર્યકૃત ટીકા) ૫-૦-૦

૮. બુદ્ધિસાગર વ્યાકરણ
(ધર્મ અને નીતિબોધક ગ્રંથ) ૦-૩-૦

### નવીન છપાતા ગ્રન્થો

૧. વિચારામૃત સંગ્રહ
(કુલમંડણસૂરિ કૃત)

૨. ભવભાવનાવૃત્તિ પૂર્વાર્ધ
(મલધારી હેમચંદ્રસૂરિકૃત)

૩. કલ્પકૌમુદીટીકા (ઉ. શાંતિસાગરસૂરિકૃત)

## :- પ્રાપ્તિ સ્થાન :-

૧. શ્રીજૈનાનંદ પુસ્તકાલય
ઠે. ગોપીપુરા,
સુરત

૨. માસ્તર કુંવરજી દામજી
ઠે. મોતી કડીયાની મેડી,
પાલીતાણા (કાઠિયાવાડ)



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.





(પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૮ | મુંબઇ તા. ૧૯-૬-૧૯૩૬ શુક્રવાર<br>જ્યેષ્ઠ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

**श्री सिद्धचक्रस्तुतिः ।**

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### નીતિની જરૂઆત અને તેથી જાતિભેદ

સામાન્યદૃષ્ટિવાળો પણ સમજી શકે તેમ છે કે સંગ્રહશીલતા અને સંકુચિતવૃત્તિ જ્યારે આત્મામાં જન્મે છે ત્યારે માત્ર યથાન્યાયે મળેલી જ વસ્તુથી સંતોષ માનવાનો રહેતો નથી, અથવા તે રહેવો અસંભવિત છે. અને યથાન્યાયે મળતી વસ્તુઓથી સંતોષ ન થાય ત્યારે અથવા અન્યાય પણ વસ્તુ મેળવવા મનુષ્યના માનસને મંથન કરે અને તેવી રીતે અથવા ન્યાય મેળવવા મથતું માનસ પ્રસંગ આવ્યાથી અથવા ન્યાયની પ્રવૃત્તિને આદરવા અને વધારવા તૈયાર થાય છતાં એવે વખતે યથાન્યાયે વસ્તુ પ્રાપ્ત કરનારાઓને પણ પોતાની વસ્તુઓનો બચાવ કરવા માટે કંઈક નવો રસ્તો શોધવો પડે. અને જ્યારે એવી રીતે રસ્તાની બચાવને માટે શોધ કરાતી હોય ત્યારે અક્કલથી અધિક માલમ પડતા મનુષ્યનું જ તેવા અધમવૃત્તિવાળાથી બચવા માટે હરેક તરીકે ઝંખે સ્વાભાવિક છે, અને તેથી ભગવાન્ શ્રીઋષભદેવજી મહારાજના કરતાં પ્હેલાના વખતમાં પણ અવસર્પિણીના હલ્લાથી બચાવ માટે કુલકરો રૂપી શિક્ષકો દ્વારા કરવાનો પ્રચાર ચાલુ થયો હતો, પણ એમ જણાય છે કે એ હાકારઆદિથી ગુન્હેગારને શિક્ષા કરવાની પદ્ધતિ હતી જેમ જગત્માં નિન્દનીય કાર્ય કરવાથી તે નિન્દનીય કાર્ય કરનારો પણ શિક્ષા ખમવા માટે તૈયાર હોતો નથી, પણ નીતિની તરફ ધ્યાન રાખનારો તેવા અનીતિવાળાને શિક્ષણીય ગણે છે. એવી રીતે વિમલવાહન કુલકરના વખતથી વાચિકશિક્ષણ ચાલતું હતું. પણ ભગવાન્ શ્રીઋષભદેવજી ભગવાન્ ના રાજ્યકાલથી તો શિક્ષણીયોએ જાહેર રીતિયે અભિનય પૂર્વક કબુલ કરેલ શિક્ષકથી શિક્ષા કબુલ કરાઈ હતી. અને તેથી જ પ્રથમ જો કે શિક્ષક અને શિક્ષણીય એ વર્ગ હતા જ. છતાં ત્યાં કાયિકદમનનો પ્રચાર ન હોવાથી મદદગારોની કોઈપણ પ્રકારે શિક્ષકને જરૂર ન્હોતી, અને તે શિક્ષકનો વર્ગ ન્હોતો કરવો પડ્યો, તેથી જાતિભેદને અવકાશ ન્હોતો, પણ ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્યત્વકાલથી તો શિક્ષકવર્ગને કાયિકદમન કરવાનું હોવાથી શિક્ષકવર્ગ તરીકે થવું પડ્યું, અને તેથી ત્યાંથી જાતિ વિભાગ થયો અર્થાત્ જગત્ જુના ઈતિહાસને જો અક્કલમંદીથી તપાસવામાં આવશે તો સ્પષ્ટ સમજાશે કે મુખથી બ્રહ્માએ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા એ હકીકત કેવલ અસંભવિત અને હસી કહાડવા જેવી લાગશે, જ્યારે આ ઉપર જણાવ્યા પ્રમાણે શિક્ષક અને શિક્ષણીય તરીકેના બે વિભાગો પ્રજામાં પડે અને તેથી પ્રથમ શિક્ષા કરનારી જાતનો જ પ્રાદુર્ભાવ જગત્ની આદિમાં થાય તે જ સ્વાભાવિક છે.

### આદિમાં બ્રાહ્મણજાતિની ઉત્પત્તિ કેમ નહિ?

અન્યમતવાળાઓ પ્હેલાં મનુષ્યની એક જ જાતને માને છે અને પાછળથી જ જાતિનો ભેદ થયેલો માને છે તેમાં, પણ પ્હેલાં બ્રાહ્મણજાતિની

ઉત્પત્તિ માને છે. પણ એટલું વિચારવું જરૂરી છે કે જો બ્રહ્મચર્યને લીધે બ્રાહ્મણવર્ગની ઉત્પત્તિ માનવી હોય તો તે બ્રહ્મચર્યને જો વ્રત તરીકે માનતા હોય તો તે જ્ઞાનમય એવા ધર્મની ઉત્પત્તિ થયા પછી જ થાય અને જ્ઞાનમય ધર્મની ઉત્પત્તિ તો તપશ્ચરણ પછી જ્ઞાનોત્પત્તિ જ્યારે થાય ત્યારે જ થઈ શકે, અને તપશ્ચરણની સ્થિતિ તો રાજ્યધર્મની ઉત્પત્તિ થઈ, બધી વ્યવસ્થા થયા પછી જ બની શકે. વળી કદાચ આત્મજ્ઞાનને લીધે બ્રાહ્મણ કહેવા હોય અને તેની ઉત્પત્તિ આદ્યમાં કહેવી હોય તો તે પણ વ્યાજબી ગણાય તેમ નથી. કારણકે આત્મજ્ઞાનનો વખત જગત્‌ની વ્યવસ્થા ગોઠવાયા પછી જ થઈ શકે. વળી કાળનું અવસર્પિણીપણું જો તેઓને કૃતયુગાદિનો કાળ તેઓએ માનેલો હોવાથી માન્ય છે તો પછી તેઓએ માનવું જ જોઈએ કે પ્રથમમાં પવિત્રતા હોવી જ જોઈએ અને પાછલથી અપવિત્રતા થવી અને વધવી જોઈએ, માટે તે અપવિત્રતાના નિવારણ માટે કાયિકદમનના નિયમનથી અનિયમિત રહેનારને નિયમિત કરવા માટે કાયિકદમનના માર્ગથી જ નિયમિત કરવા જ પડે છે. અને જો એ વાત મંજુર હોય તો કહેવું જ જોઈએ કે પ્રથમ શિક્ષકવર્ગની ઉત્પત્તિ થવી જરૂરી, અને તેથી રાજ્યાભિષેક થવાથી જ પ્રથમ જાતિબેદ થયો એ માનવું જ વધારે યુક્તિસંગત છે. કદાચ કહેવામાં આવે કે તે કાયિકદમન કે વાચિકદમનના માર્ગોનું જ્ઞાન મળ્યા વિના તે કાયિકદમનઆદિની ઉત્પત્તિ કે પ્રવૃત્તિ થઈ શકે નહિ માટે પ્રથમ તે કાયિકદંડ કે વાચિકદંડની રીતિને બતાવવાની જરૂર છે, માટે તે દમનની રીતિને બતાવનારો વર્ગ જ બ્રાહ્મણ ગણાય, અને તેથી સર્વવર્ણોમાં પ્રથમ બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિ કહેવી એ જ વ્યાજબી છે. પણ આ કથન યોગ્ય નથી. કારણ કે તે કાયિક કે વાચિકદમનના માર્ગને બ્રાહ્મણ સ્વયં જાણી શકશે એમ માનવા કરતાં શિક્ષામાં પ્રવર્ત્તનારો મનુષ્યજ સ્વયંજાતિસ્મરણાદિકથી જાણે એજ વ્યાજબી ઠરશે. વળી એ વાત પણ સ્હેજે સમજવી જરૂરી છે કે શિક્ષા આપનારા વર્ગ કરતાં શિક્ષાનો નિર્દેશ કરનાર વર્ગ નીતિના પ્રારંભમાં હોઈ શકે નહિ અને તેઓ નિર્દેશ કરનાર વર્ગના કહેવા પ્રમાણે શિક્ષકને ચાલવાનું હોય તો પ્રારંભની એક સરખી નિયમિતતા જલવાય નહિ, માટે શિક્ષા કરનારો વર્ગ જ સ્વતંત્ર હોય તો જ પ્રવૃત્તિ થઈ શકે, અને એમ માનવાથી પ્રથમ બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિ જુદી નિર્દેશ કરનાર તરીકે માનવી જરૂરી નથી. વળી એ પણ વિચારવું જરૂરી છે કે નિર્દેશ કરીને દમન કરાવનારો વર્ગ પણ ત્યારે જ ઉપયોગી થાય જ્યારે પ્રથમથી તેણે નિર્દેશ કરેલ દમનનીતિનો કોઈ અમલ કરનાર વર્ગ તૈયાર હોય અને જ્યારે અમલ કરનારો વર્ગ પ્હેલો જ તૈયાર થયેલો માનીયે તો પછી ચોક્કસ થયું કે નીતિને અમલમાં મ્હેલનારા વર્ગની જ પ્હેલાં ઉત્પત્તી કરવી જોઈએ અને તેથી પ્રથમમાં પ્રથમ દમન કરનાર વર્ગની જ ઉત્પત્તિ માનવી પડે. અને જો એમ માનવું પડે તો પછી સ્પષ્ટ થયું કે જગત્‌માં જાતિભેદ થતાં પ્રથમમાં પ્રથમ કોઈ પણ જાતની ઉત્પત્તિ હોય તો માત્ર કાયિક દમનની દંડનીતિને ચલાવનાર વર્ગનીજ જાતિ ઉત્પન્ન થવાથીજ છે. આ વાત લગાર ઠંડા મગજે વિચારવાથી જેઓ જાતિના બંધારણને જુલમની જ નીતિ માને છે તેઓ જાનવરની નીતિ ઉપર પણ લગાર ધ્યાન આપશે તો સ્પષ્ટ સમજાશે કે એક શેરીમાં કે વનમાં રહેતાં જાનવરોમાં પણ કંઈક અક્કલવાલી અને જોરદાર જે વ્યક્તિ હોય છે તે બીજી વ્યક્તિઓને દોરનારી બને છે, અને તેથી તે દોરાનાર વ્યક્તિઓનું ભલું જ થાય છે. પણ નુકશાન થતું નથી. જુઓ કીડીયોમાં દોરનાર માંખોમાં દોરનાર હંસોમાં દોરનાર એવી રીતે મનુષ્યને સ્વયં અનીતિથી બચવાનું ન થાય ત્યારે તેને અનીતિથી બચાવી નીતિને રસ્તે દોરનાર જોઈએ એમાં કોઈથી ના પાડી શકાય જ નહિં. અનીતિથી બચવાનું બે પ્રકારે બને. એક તો તેવા પ્રકારના

અયોગ્ય લોભ થાય કે પરાઈ વસ્તુ લઈ લેવાનું મન થાય એવા કર્મનો ઉદય જ ન હોય અથવા પૂર્વે બાંધેલા તેવા કર્મનો ઉદય થાય છતાં મનુષ્ય સમ્યગ્દર્શન યુક્ત કે સમ્યગ્દર્શનથી રહિત હોય છતાં અન્યાયવાળા લોભ અને લોભથી થતા અન્યાયોથી આ લોક અને પરલોક સંબંધી તથા આત્મા કે પુદ્‌ગલ સંબંધી થતાં નુકશાનનો ખ્યાલમાં આવે તો મનુષ્ય અનીતિથી બચી શકે. જો કે અનીતિ એકલા લોભને લીધે જ થાય છે એમ નથી. બીજા બીજા ક્રોધ માન માયા હાસ્યાદિ અને વેદાદિથી પણ થાય છે, પણ તે અવસર્પિણીના કાલના પ્રતાપે આવશ્યકીય અને ક્રમે ક્રમે ઓછા થવાથી જીવનનિર્વાહના સાધનોની દુર્લભતા કરવાવાળો કાળ ગણી લોભનો મુખ્ય ભાગ ગણ્યો અને તેથી અનીતિના મૂલ તરીકે અહિ લોભને ગણી લીધો. પણ તેવા લોભથી થતી અનીતિને કોઈપણ પ્રકારે યુગલીયાઓ રોકી શકે તેમ ન્હોતું.

## પ્રદેશ અને અનુભાગકર્મ તેમ જ તેના ઉદયની વ્યવસ્થા

તે યુગલીયાઓને તેના કર્મના ઉદયના અભાવને લીધે રોકવાનું અવસર્પિણીના પ્રભાવે ન રહ્યું અને તેવા લોભના ઉદયથી અનીતિ થવા લાગી અને તે પ્રકારના કર્મોદયને રોકવાને સ મર્થ થાય તેવું જ્ઞાન પણ તેઓને નહોતું. આવી વખતે એટલે સ્વયંકર્મના ઉદયનો અભાવ ન હોય અને તેવા પ્રકારના જ્ઞાનથી થયેલા તે ઉદયને રોકે તેમ સામર્થ્ય ન હોય તેથી અન્ય જીવોના હિતને માટે અનીતિથી તેઓને રોકવા માટે જરૂર અન્યસત્તાની જરૂર રહે. કેટલાક વાચકોને આ સ્થાને જરૂર શંકા થશે કે પૂર્વભવે બાંધેલા કર્મો આપોઆપ પોતાનો અબાધાકાલ પૂરો થતાં ઉદયમાં આવે એ સ્વાભાવિક છે, તો પછી તે ઉદય આવતા કર્મોને રોકાય જ કેમ ? આવી શંકા થાય તેને સમજવું જોઈએ કે પ્રથમ તો કર્મઉદય બે પ્રકારે થાય છે. એક પ્રદેશથી કર્મનો ઉદય થાય અને બીજો રસ એટલે અનુભાગથી કર્મનો ઉદય થાય. એમાં પ્રદેશથી થતો કર્મનો ઉદય આત્માના ગુણોને તેવો હણનાર થતો નથી, તેમ પોતાના તેવા વિકારને પ્રગટ કરનાર પણ થતો નથી અને અનુભાગ એટલે રસથી ભોગવાતું કર્મ આત્માના ગુણોનો ઘાત કરવા સાથે બાહિર પણ વિકારોને પોતપોતાના સ્વભાવ પ્રમાણે જણાવે છે. આ પ્રદેશોદય અને અનુભાગના ઉદયને સમજવા માટે એક દૃષ્ટાંત લઈ વિચાર કરીએ, જેમકે કોઈ મનુષ્યે કેળાં કે કેરી વધારે ખાધાં અને તે કેળાં કે કેરી ખાવાની વખતે તો નહિ, પણ તે કેળાં અને કેરીનો જઠરમાં પરિપાક થવા લાગે ત્યારે તેને પેટમાં દુખવું વગેરે અજીર્ણનો વિકાર પ્રકટે છે. તેવી વખતે જો તેને વૈદ્ય મળે છે તો તે વધારે કેળાં ખાનારને એલચી અને વધારે કેરી ખાનારને સુંઠ ખવડાવે. હવે તે એલચી કે સુંઠ જે ખાવામાં આવ્યાં તે કંઈ પેટમાં ગયેલાં કેળાં કે કેરીના પદાર્થને પેટમાંથી ઉડાડી મુકતાં નથી. પણ તે કેળાં અને કેરીના વિકારને તે એલચી અને સુંઠ તોડી નાંખે છે અને તેથી પેટનું દરદ તેનાથી મટી જાય છે. એવી જ રીતે કર્મને અંગે પણ જ્યારે જીવ મિથ્યાત્વાદિ કે ચારિત્રમોહનીયના કર્મના વિકારોને વેદતો હોય છે ત્યારે તેને તે તે કર્મોથી રોકાતા સમ્યકત્વાદિગુણોનો અનુભવ થતો નથી. પણ જ્યારે જ્યારે તે મિથ્યાત્વાદિકર્મોના વિકારો આત્માના શુભપરિણામઆદિથી તોડી નાંખવામાં આવ્યા હોય ત્યારે તે કર્મોના માત્ર પ્રદેશોદય હોય, ત્યારે જ અને તે પ્રદેશને વેદનાર જીવના સમ્યકત્વઆદિ ગુણો રોકાતા નથી. આવી રીતે કર્મનો ઉદય બે પ્રકારનો હોવાથી જ શાસ્ત્રકારો જણાવે છે કે જે કર્મ જેવી રીતે બાંધ્યું હોય તેવી જ તે રીતે ભોગવાય એવો નિયમ નથી. અર્થાત્ જેમ અન્યત્ર સ્યાદ્વાદદૃષ્ટિએ વિચારણા થાય છે તેવી રીતે અહીં પણ બાંધેલ કર્મો બાંધ્યા પ્રમાણે ભોગવાય અને ન પણ ભોગવાય એ

સ્યાદ્વાદ સ્હેજે સમજાય તેમ છે. આ જ કારણથી જ્યારે અન્યમતવાળા कृत कर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि। अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम्॥१॥ એમ કહી કરેલા કર્મનો ભોગવ્યા સિવાય ક્ષય થવાની ના જ પાડે છે, ત્યારે શ્રી જૈનશાસ્ત્રકારો कडाण कम्माण न मोक्खु अत्थि એમ કહી કરેલા કર્મોના છુટવાની જ માત્ર મનાઈ કરે છે, અને સાથે એ પણ સ્પષ્ટપણે જ જણાવે છે કે જેમ ભોગવવાથી કર્મનો ક્ષય થાય છે, તેવી જ રીતે તપસ્યાથી પણ કર્મનો ઝોષ એટલે ક્ષય થાય છે. ધ્યાન રાખવું કે શુભપરિણામ અને શારીરિક કાયક્લેશ પણ તપ તરીકે જ ગણાય છે. જો એ પ્રમાણે બાંધેલા કર્મોનો તપસ્યાથી ક્ષય ન માનવામાં આવે તો કોઈને ગુણની પ્રાપ્તિ અને યાવત્ મોક્ષની પ્રાપ્તિ પણ થઈ શકે જ નહિ. કેમકે અનાદિથી આ જીવ અજ્ઞાની અને અવિરતિવાળો હોઈ જે તે વખતે પાપોના ઉદયવાળો હોય અને તે પાપોનો ઉદય જો બાંધ્યા પ્રમાણે રસ સાથે જ ભોગવાય તો પછી તેવાંને તેવાં જ પાપ કર્મ ફરી ફરી બાંધતો જાય અને તેથી પાપકર્મથી હલકો થાય જ નહિ. તો પછી ગુણની પ્રાપ્તિ થાય જ નહિ. અર્થાત્ पापी पापी पुनः पापी એ જ ન્યાય રહે. અને કોઈ કાલે પણ તે હલુકર્મી થાય જ નહિ, અર્થાત્ હલુકર્મી થઈ ગુણને જ પ્રાપ્ત ન કરી શકે તો પછી સર્વોત્કૃષ્ટ ગુણથી પ્રાપ્ત થનારો અને સર્વ ઉત્કૃષ્ટ ગુણમય મોક્ષ તો મળે જ ક્યાંથી? અને એ હિસાબે કોઈપણ જીવે ધર્મ પ્રાપ્ત કરી શકાય જ નહિ. પણ જો બાંધેલા કર્મોના ભોગવટામાં સ્યાદ્વાદ રાખીયે તો જ જીવને ધર્મની પ્રાપ્તિ થઈ શકે, અને અનુક્રમે મોક્ષ પણ થઈ શકે. અને ગુણની પ્રાપ્તિ તો છેવટે જ્ઞાનઆદિગુણોની પ્રાપ્તિનો તો અનુભવસિદ્ધ હોવાથી ના પાડી શકાય નહિ, તેથી કર્મનો પ્રદેશથી ભોગવટો નિયમિત માનવો કે જેથી બાંધેલા કર્મનો ભોગવટા સિવાય ક્ષય થતો નથી એમ સામાન્ય રીતિએ માન્યા છતાં ધર્મની પ્રાપ્તિ અને સફલતા માટે અનુભાગનામના બંધનો ક્ષય માની શકાય. શાસ્ત્રોમાં અને લોકોમાં જે કર્મનો ક્ષય કહેવાય છે તે આ અનુભાગક્ષયની અપેક્ષાએ જ સમજવું. અને આધારે જ શાસ્ત્રકારો સાધુધર્મને બતાવતાં ક્રોધાદિનો ઉદય નહિ આવવા દેવો તથા આવેલા ક્રોધાદિના ઉદયને રોકવો તેને ક્ષમાદિધર્મ કહે છે. કદાચ કહેવામાં આવે કે પ્રદેશોદયથી શું થાય ? તેના સમાધાનમાં સમજવાનું કે જ્યારે અનુભાગનો ઉદય હોય ત્યારે તે ગુણનો સર્વથા નાશ કરે, પણ પ્રદશોદય હોય ત્યારે શંકાદિને સ્થાન મળે, અને આ જ કારણથી શ્રી ભગવતીજીમાં માર્ગાંતરઆદિ કારણોથી શ્રમણ નિગ્રંથોને કાંક્ષામોહનીયનો ઉદય હોવાનું જણાવે છે. તે કાંક્ષામોહનીયને પણ રોકવા માટે તો શાસ્ત્રકારોએ तमेव सच्चं ઈત્યાદિ ઉપાયો બતાવ્યા છે. અર્થાત્ મોહના પ્રદેશોદયથી થયેલી શંકાને આવી રીતે નિવારવી કે જેથી અનુભાગના ઉદયનો પ્રસંગ ન આવી જાય. આ બધી હકીકતનું તત્ત્વ એટલું જ કે અનીતિના કારણભૂત કર્મોનો ઉદય થયો હોય તો પણ શુદ્ધસ્વભાવઆદિના જ્ઞાનથી રોકી શકાય. પણ યુગલીયાઓને તો તે પણ ન્હોતું. અર્થાત્ સ્વાભાવિક રીતે અનીતિનો અભાવ ન્હોતો અને અનીતિના કારણભૂત કર્મોનો ઉદય પણ તેવા જ્ઞાનના અભાવે રોકી શકે તેમ ન્હોતું, તેથી તે યુગલીયાઓ માટે નીતિપ્રવર્તકની અત્યંત જરૂરી હતી, અને તેથી જ ભગવાન્ ઋષભદેવજીને નીતિ પ્રવર્ત્તાવવા અને અનીતિ રોકવા માટે રાજ્યાભિષેકના સ્વીકારની અને તેને લીધે ઉગ્રાદિજાતિની વ્યવસ્થા કરવાની આવશ્યકતા હતી એમાં શું કહેવું ?

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૩૪)

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(ગતાંકથી ચાલુ)

**પર્વના નામે વસ્ત્રાભૂષણના કલેશોના નિવારણની જરૂર**

કેટલીક વખત શાસનની પ્રભાવના અને પર્વના પ્રભાવને માટે કરેલી વસ્ત્રાભૂષણની સજાવટ દેરાણી, જેઠાણી, નણંદ, ભોજાઈ વિગેરેમાં મોટો દ્વેષ કરનારી થાય છે, તો તે કલેશ ઉત્પાદકોએ સમજવું જોઈએ કે દેરાણી કે જેઠાણી, નણંદ કે ભોજાઈ કોઈપણ સારાવસ્ત્રાદિ પહેરે તો પણ તેમાં પોતાનું સાધ્ય જે શાસનની શોભા અને પર્વનો પ્રભાવ તે તો સિદ્ધ જ થાય છે, તો પછી તકરારનું કારણ કાંઈપણ બનવું જોઈએ નહિ, પણ પોતપોતાની સ્થિતિ અને સંયોગ પ્રમાણે થએલી સજાવટમાં સંતોષ માનવો.

**પૌષધ અને ખમતખામણાથી જ ખરી પર્વની આરાધના**

કેમકે ખરી રીતે તો ઉદાયનરાજર્ષિની પેઠે પર્વદિવસની આરાધના, પર્વના પૌષધદ્વારાએ જ કરવાની હોય છે, પણ છતાં જેઓ તે પૌષધ ન કરે તેઓને શાસનની શોભા અને પર્વના પ્રભાવ માટે વસ્ત્રાભૂષણની સજાવટ કરવાની જરૂર છે. પૌષધને માટે તો શાસ્ત્રકારો ચોકખા શબ્દોમાં લખે છે કે પૌષધવાળાએ કોઈ પણ જાતનું મણિ, સોનું, રૂપું વિગેરે જેમ જુદારૂપે પણ ન રખાય તેમ ઘરેણાંરૂપે પણ રાખવું નહિ. પૌષધ અને સામાયિકમાં રહેલો શ્રાવક સાધુમહાત્મા જેવો ગણાય છે, તો પછી બાહ્યવ્યવહારથી પણ પૌષધવાળા શ્રમણોપાસકે નિરાભૂષણ અને નિષ્પ્રંસ્કારી કેમ ન બનવું ? વસ્ત્રાભૂષણની સજાવટ કરી પૌષધમાં રહેનારાએ પૌષધની વાસ્તવિકસ્થિતિનો ખ્યાલ કરવો જોઈએ. અર્થાત્ પર્યુષણને અંગે સાંવત્સરિકપ્રતિક્રમણ, અષ્ટમની તપસ્યા એ બે નિયમિત કૃત્યો છે અને તે કરવા લાયક છે એ દરેક સુજ્ઞોએ સમજવાની જરૂર છે.

**સંવચ્છરીનો દિવસ એટલે દોષ અને અપરાધોની ચોખવટનો જાહેર પ્રસંગ**

સાંવત્સરિકપ્રતિક્રમણ બારે મહિનાના અપરાધનું સરવાળે ક્ષમાપન છે. અર્થાત્ રાઈ અને દેવસિ પ્રતિક્રમણને અંગે પડિકમણું કરવા છતાં પણ રહેલી અશુદ્ધિ અગર કોઈ તેવા અપરાધોને અંગે આલોચન ન થયું હોય તો તે સર્વ પાક્ષિકની વખતે આલોચન કરીને આત્માની શુદ્ધિ કરવાની જરૂર છે, તેવી રીતે પાક્ષિકને અંગે પણ વિસ્મરણથી કે પરિણતિની ખામીને અંગે જે આલોચન લઈ શુદ્ધિ ન થઈ હોય તેની શુદ્ધિ માટે ચાતુર્માસિકનો દિવસ છે, અને તે દિવસે પ્રતિક્રમણ કરી સર્વ દોષોની આલોચના લઈ દોષોથી નિવૃત્ત થવાનું આવશ્યક છે.

**સાધુ મહાત્માઓને પણ ચોમાસી સંવચ્છરીને અંગે અભિગ્રહોની જરૂરી**

સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ગૃહસ્થોએ જેમ દેશાવકાશિક વ્રતને અંગે મૂળ

સ્થિતિએ પહોર, દિવસ, રાત્રિ, અહોરાત્ર, અઠવાડિઉં, પખવાડીઉં, માસ, બે માસ, ચાર માસ, છ માસ, આઠ માસ, દશ માસ, વર્ષ વિગેરે મુદતના જેવી રીતે અણુવ્રતમાં છૂટા રહેલા પાપના સંકોચ કરવા માટે અભિગ્રહો કરવાના હોય છે, તેવી રીતે સાધુમહાત્માઓને જો કે જીવહિંસાદિક આશ્રવોથી સર્વથા વિરતિ છે, તેથી સંવરના અભિગ્રહોની જરૂર ન હોય, પણ નિર્જરા કે જે કર્મને તોડવારૂપ છે અને જે નિર્જરાની બાબતમાં સાધુમહાત્માઓ પૂર્ણ સિદ્ધિવાળા ન હોઈને સાધ્યદશા ધારણ કરે છે, તેથી ચોમાસાની મુદતને માટે નિર્જરાના અભિગ્રહો જેવા કે ચાર માસ, છ વિગઈનો ત્યાગ, ઘીનો ત્યાગ, આંબેલ, એકાંતરે ઉપવાસ, છટ્ઠ છટ્ઠે પારણું કે અઠ્ઠમ અઠ્ઠમે પારણું વિગેરે અભિગ્રહો એ ચોમાસીને દિવસે શરૂ કરવા જોઈએ, અને પહેલી ચોમાસીએ કરેલા તેવા અભિગ્રહોનું આચાર્ય મહારાજને કેવી રીતે પાલન થયું છે તે તથા તેમાં કેવી કેવી રીતે દૂષણો લાગ્યાં છે તે પશ્ચાત્તાપની સાથે જણાવે અને નવી ચોમાસી માટે નવા અભિગ્રહો ગ્રહણ કરે આ અભિગ્રહની હકીકત ધ્યાનમાં લેનારો મનુષ્ય અને પકખી વિગેરેમાં નહિ આલોચાયેલા દોષોનું ભયંકરપણું જાણનારો મનુષ્ય રાઈ, દેવસિ અને પકખી પડિકમણાથી દોષનું નિવર્તવું થયા છતાં પણ ચોમાસી પ્રતિક્રમણની કેટલી જરૂર છે તે સહેજે સમજી શકશે અને આજ કારણથી આચાર્ય શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ વિગેરે મહાપુરુષો પંચાશકજી વિગેરે શાસ્ત્રોમાં ચોમાસી વિગેરેના દિવસે પૂર્વગૃહીત અભિગ્રહોનું નિવેદન અને નવા અભિગ્રહોનું ગ્રહણ ચોમાસીને દિવસે જરૂર કરવું જોઈએ એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, અને જેવી રીતે સાધુ મહાત્માઓએ અત્યંત પ્રયત્નથી સાધવા લાયક એવી નિર્જરાને માટે નિયમિત આલોચન દેવાની સાથે જૂના અભિગ્રહોનું નિવેદન અને નવા અભિગ્રહોનું ગ્રહણ સાંવત્સરિકને દિવસે પણ જરૂર કરવાનું છે, એમ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી પંચાશકજીમાં ચોકખા શબ્દોમાં જણાવે છે ધ્યાન રાખવું જરૂરી છે કે અવસ્થાનલક્ષણ પર્યુષણમાં ચોમાસી પુરતી આલોયણ અને અભિગ્રહનું નિવેદન તથા ગ્રહણ હોય છે અને તેથી જ પર્યુષણાકલ્પના સામાચારી વ્યાખ્યાનમાં સાધુઓના ગોચરી અને પાણીના વ્યવહારને જણાવતાં ચોમાસુ રહેલા સાધુઓ કેટલાક નિત્યભકતવાળા હોય, કેટલાક ચતુર્થ ભકત (એકાંતરો ઉપવાસ) વાળા હોય, કેટલાક છટ્ઠ ભકતના નિયમવાળા હોય, કેટલાક અષ્ટમ ભકતના નિયમવાળા હોય, કેટલાક વિષ્કૃષ્ટ ભકતના નિયમવાળા હોય, અને કેટલાક દત્તિ વિગેરેની સંખ્યાના નિયમવાળા હોય. આ બધું પર્યુષણાકલ્પમાં કહેલું વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે આ બધા અભિગ્રહો અવસ્થાનલક્ષણ પર્યુષણને અંગે એટલે મુખ્યતાએ આષાઢની ચોમાસીથી કાર્તિકની ચોમાસી સુધીના હોય, અને તેથી નિયમિત અવસ્થાનલક્ષણ પર્યુષણાને ઉદ્દેશીને જ છે, આ જ કારણથી નિશીથભાષ્ય વિગેરે શાસ્ત્રોમાં પર્યુષણને અંગે ચારે મહિનાની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સ્થાપના જણાવે છે, એટલે કહેવું જોઈએ કે તે પર્યુષણઅવસ્થાન સ્વરૂપને જ ઉદ્દેશીને છે, પણ સાંવત્સરિકને અંગે આખા વર્ષને માટે લેવાતી આલોયણ અને અભિગ્રહનું નિવેદન અને ગ્રહણ તે ભાદરવા સૂદિ પક્ષની એક તિથિને જ ઉદ્દેશીને હોય અને જો તેમ હોય તો જ પ્રતિવર્ષે એક સરખી રીતે આલોચન કરવાનું તથા અભિગ્રહ નિવેદન તથા ગ્રહણ કરવાનું બને.

## સાંવત્સરિકની તિથિનું અનિયતપણું હોય જ નહિ

અને તેથી નિયમિત અવસ્થાનલક્ષણ પર્યુષણાની માફક સાંવત્સરિકરૂપી પર્યુષણાનું અનિયમિત માસમાં કે તિથિમાં કરવું તે શાસ્ત્ર કે

યુક્તિને અનુસરતું ગણાય જ નહિ. કોઈપણ શાસ્ત્રમાં કોઈપણ પ્રસંગે ભાદરવા મહિનાની શુકલ પક્ષની તિથિ સિવાય બીજી તિથિએ, બીજે પખવાડે કે બીજે મહિને સાંવત્સરિક પડિકમણું કરવાનો ગંધ પણ દેખાતો નથી. છતાં તે સાંવત્સરિકની તિથિને કોઈ કોઈ વર્ષે પલટાવી દેવી અને કોઈક કોઈક વર્ષે તે જ દિવસે કરવા તૈયાર થવું તે સુજ્ઞપણાને શોભા દે તેવું ગણાય નહિ.

**અધિક માસ હોય ત્યારે ન માનવો ને અન્ય વર્ષે અધિક ન હોય ત્યારે માનવો તે કેમ શોભે ?**

વિચારો કે જે વર્ષે અધિક મહિનો હતો, તે વર્ષે અધિક મહિનાને હિસાબમાં ગણીને શ્રાવણ મહિને પર્યુષણા કરી લીધી, તો પછી બીજું વર્ષ કે જેમાં અધિક મહિના નથી અને તેથી તે અભિવર્ધિત વર્ષ કહી શકાય નહિ તે વર્ષમાં પહેલા વર્ષે શ્રાવણ સુદમાં પર્યુષણ કરેલાં હોઈ અભિવર્ધિત સિવાયના બીજા વર્ષમાં શ્રાવણ સૂદિ પાંચમે બાર મહિના થઈ જાય છતાં તે દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ ન કરવું, અને ભાદરવા સૂદની તિથિને માટે રોકાઈ વગર અભિવર્ધિત વર્ષે તેર મહિના કરી નાખવા તે કોઈપણ શાસ્ત્રાનુસારી કે યુક્તિ અનુસારીને માટે તો વ્યાજબી નથી. સામાન્ય રીતે મુસલમાનકોમ અધિક મહિનાને હિસાબમાં લે છે પણ કાળચૂલા તરીકે નકામો ગણીને કાઢી નાખતી નથી, તો તે પોતાના તાજીઆઓને જે મહિને કાઢે છે અર્થાત્ અધિક મહિનો હોઈને એક મહિનો વહેલાં કાઢે તો તે બીજે વર્ષે અધિક મહિનો ન હોય ત્યારે પોતાના પહેલા વર્ષના મહિનાને જ પકડે છે. અર્થાત્ તેઓ અધિક મહિનાને હિસાબમાં લે છે તો દરેક વખતે મહિનો વધે તે વર્ષે એક એક મહિનો તાજીઆં પહેલાંથી કરી તાજીઆના મહિના, પખવાડા અને તારીખને પકડી રાખે છે, પણ જે ભાઈઓ અધિક મહિનાવાળા વર્ષમાં તો અધિક મહિનાને હિસાબમા લે, અને જે વર્ષે અધિક ન હોય તે વર્ષે મહિનો ગયા વર્ષની તારીખથી વધતો કરી વાર્ષિકપણું ગણાવે તેઓને બાર મહિના ઓળંગવાનું શાસ્ત્રકારે કોઈપણ જગો પર કહ્યું નથી, છતાં જ્યારે કરે તો તેઓની સ્થિતિ ઉપર જણાવેલી કોમ કરતાં પણ વિચિત્ર જ જણાય.

**સાંવત્સરિક પ્રતિક્રમણને અંગે અવશ્ય શોધનીય વસ્તુ કઈ ?**

સામાન્ય રીતે વ્યાવહારિક દૃષ્ટિએ જીવવિરાધના વિગેરે દોષો દેવસિ, રાઈ કે પક્ખી ચોમાસીમાં આલોવવાનું થઈ જાય એ સ્વાભાવિક છે, પણ પરસ્પર કલેશને અંગે કે વિરૂદ્ધતાને અંગે થએલી અધમતાની શુદ્ધિ થવી તે સંવચ્છરી ઉપર વધારે આધાર રાખે છે. શાસ્ત્રકારોએ કોઈપણ સાધુ કોઈ પણ જાતના પરસ્પર દ્વેષના કારણથી અધિકરણવાળો થયો હોય તો તેને પ્રતિદિન સમજાવવા માટે પ્રયત્ન કરવાનું અને જેમ જેમ મોડો સમજે તેમ તેમ તેની આલોયણને વધારવાનું જેમ જણાવ્યું છે તેવી જ રીતે તે સાધુના અધિકરણના દોષને અંગે જેમ જેમ મોડો સુધરે તેમ તેમ તેની સાથેના ભોજન, આલાપ, વંદન અને સૂત્રાર્થના સંબંધો તોડી નાખવાનું જણાવેલું છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૫૨)

**પ્રવચન સંપાદકને :-**

૧૭મા અંકનો ઉત્તર તથા તમારૂં અધુરૂં લખાણ આવશે એટલે જો આ વખત વ્યર્થ પ્રલાપ અને જુઠું ડફાણ નહિ લખાવ્યું કે લખાયું હોય તો યોગ્ય અને સત્ય ઉત્તર રીતસર દેવાય છે તેમ દેવાશે.
'તંત્રી'




## દેશનાનુસારિભાવપણું કે ભાવાનુસારિદેશનાપણું ?

### મોક્ષમાર્ગના ઉપદેશની મહત્તા-

સામાન્યરીતે ભાષ્યકાર મહારાજ વિગેરે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે મોક્ષમાર્ગના ઉપદેશ સિવાય જગતમાં બીજો કોઈપણ હિતોપદેશ છે જ નહિ આ વાત સકલજૈનસમાજ અને સુજ્ઞવર્ગને માન્ય છે.

### ઉપદેશ શ્રોતાને અનુસરતો કે શ્રોતા ઉપદેશને અનુસરતો-

છતાં વિચાર આ સ્થાને એટલો જ કરવાનો કે ઉપદેશને શ્રોતાગણને અનુસરિ બનાવવો કે શ્રોતાઓએ ઉપદેશને અનુસરવું ? શાસ્ત્રના રહસ્યને સમજી પણ શકવાની જેઓની તાકાત નથી તેવા વકતાઓ તરફથી તો પહેલે નંબરે અને સ્પષ્ટશબ્દોમાં એ જ કથન જાહેર થશે કે શ્રોતાવર્ગે જ ઉપદેશને અનુસરવું જોઈએ. અર્થાત્ પરમમહર્ષિયોએ કરેલો ઉપદેશ જે મનુષ્યોને રૂચે નહિ તે અયોગ્ય ગણાય.

### जहापुण्णस्स આદિની ગોઠવણ-

એવા વકતાઓનું મંતવ્ય એવું છે કે ઉપદેશની ધારા એક જ હોય. કારણ કે સૂત્રકાર મહાત્માઓ ચોકખા શબ્દોમાં ફરમાવે છે કે जहा पुणस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ, जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ, એટલે ઉપદેશમાં કોઈપણ જાતનો કોઈપણ જાતની વ્યક્તિની અપેક્ષાએ ફરક હોય જ નહિ. વળી વકતાની અપેક્ષાએ પણ ચોકખું જ શાસ્ત્રકારોએ ફરમાવેલું છે કે ब्रुवतोऽनुगुहबुद्धया वक्तुस्त्वेकान्ततो भवति અર્થાત્ શ્રોતાવર્ગ સંસારસમુદ્રથી તરે કેમ ? એવું લક્ષ્ય રાખીને ઉપદેશ દેનાર ઉપદેશકને એકાંતથી ધર્મ થાય છે. આવી રીતે જ્યારે ઉપદેશ અને ઉપદેશકની સ્થિતિ શાસ્ત્રકારોએ સ્પષ્ટ કરી છે, તો પછી દરેક સુજ્ઞને એ માનવાની ફરજ જ આવી પડશે કે માત્ર શ્રોતાગણે જ ઉપદેશ આત્મામાં પરિણમાવવો એ ફરજીયાત છે, એટલે શ્રોતાએ ઉપદેશને અનુસરવાવાળા થવું, આ સર્વ

કથનનો તાત્પર્યાર્થ એ જ આવ્યો કે દેશનાનુસારિ ભાવપણું એ જ ધર્મને અંગે ઉપયોગી ગણાય અને

**કુવાદિને ત્રાસ કરનાર દેશના-**

આ જ કારણથી શાસ્ત્રકારો સ્પષ્ટરૂપે જણાવે છે કે कुवादिसंत्रासनसिंहनादाः અર્થાત્ જેઓ મિથ્યાત્વવાસિત અભવ્ય કે દૂરભવ્ય એવા મિથ્યાદષ્ટિઓ હોય તેઓ ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજના વચનની શ્રદ્ધા કરી શકે નહિ અને ત્રાસ પામે. તત્ત્વ એજ કે ત્રિલોકનાથ ભગવાન્ જિનેશ્વરોના વચનોને શ્રવણ કરતાં જેઓ તે વચનોનું શ્રદ્ધાન કરે તે તો શાસનપ્રેમી ગણાય, અને જેઓ તેવા વચનોથી ત્રાસ પામે તે બધા સમ્યકૃત્વ વિનાના અને શાસનથી વિપરીત ગણાય.

**વિરૂદ્ધપક્ષના આક્ષેપોની રીતિ અને તેથી નિડરતા**

આવી રીતે થએલું કે થતું કથન કેવું કેટલું યોગ્ય છે તે વિચારવું શરૂ કરીયે તે પ્હેલાં જણાવવું જોઈએ કે આ વિચારણા જેઓને આકરી પડશે, જેઓને પોતાના અભિપ્રાયથી વિરૂદ્ધ લાગશે, જેઓને પોતાના ઉન્માર્ગ ઉપદેશને પણ ઉચ્છેદનાર લાગશે તેઓ પોતાની ભૂલને ન સમજતાં કે ન સુધારતાં કદાચ એમ કહેવા જરૂર તૈયાર થશે કે यन्माधवेनोक्तं तन्त्र વાળો ન્યાય છે. પણ સન્માર્ગની શૈલી દર્શાવનારે કુમાર્ગના આક્ષેપોથી કે કોલાહલથી ડરવાનું હોય જ નહિ, એ સિદ્ધાંત ધ્યાનમાં રાખીને જ આ વિચારણાની શરૂઆત કરાય છે.

**जहा पुणस्स નો ભાવાર્થ -**

પ્રથમ તો તેઓ તરફથી જે જણાવવામાં આવે છે કે जहा पुणस्स० એટલે જેવી રીતે પૂર્ણ એવા ચક્રવર્ત્યાદિની આગલ ધર્મકથન કરવું, તેવી જ રીતે તુચ્છ એટલે ઋદ્ધિસમૃદ્ધિથી હીન એવા દરિદ્રની આગળ પણ કથન કરવું. એ વાક્યથી જે ધર્મકથનની સરખાવટ જણાવી છે તે ધર્મના સ્વરૂપને સરખી રીતે કહેવા માટે છે. એ વાક્યને કથનની રીતિની સરખાવટ સાથે પણ કંઈપણ લાગતું નથી. તો પછી શ્રોતાની અનુકૂલતાએ સત્યમાર્ગનું સ્વરૂપ કહેવાની જરૂર નથી અથવા ન જ કહેવું એમ જણાવવા માટે તો હોય જ ક્યાંથી ? અને એટલા જ માટે અહીં પૂર્ણ અને તુચ્છને પક્ષપ્રતિપક્ષ તરીકે લીધેલા છે. અર્થાત્ શ્રીમંત અને દરિદ્રની અપેક્ષાએ ધર્મસ્વરૂપના કથનમાં ભેદ ન હોય, કેમકે જેવી રીતે શ્રીમંતને મિથ્યાત્વઆદિથી કર્મનો બંધ સમજાવવા સાથે સમ્યગ્દર્શનાદિથી જ કર્મ અને ભવથી છુટવારૂપ મોક્ષ સમજાવવો તેવી જ રીતે દરિદ્રને પણ સમજાવવો જોઈએ. પરંતુ દરિદ્રને ત્યાગપ્રધાન અને શ્રીમંતને ભોગપ્રધાન કે તેવી કોઈ અન્ય વિપરીતરીતિએ ધર્મના સ્વરૂપનો ફેરફારીથી ઉપદેશ થઈ શકે જ નહિ.

**ઉપદેશકને શ્રોતાની પ્રકૃતિઆદિને અનુસરવાની આવશ્યકતા-**

આ સૂત્રનો આ જ ભાવાર્થ લેવો જોઈએ, કેમકે એ જ સૂત્રકારમહર્ષિ ફરમાવે છે કે દેશના કરવાવાળાએ શ્રોતાને અંગે આ કોણ પુરૂષ છે ? કઈ પ્રકૃતિનો છે ? ક્યા દેવતાને કે શાસનને માનનારો છે ? એ તપાસવું, અને તેને અનુસરીને જ ધર્મદેશના દેવી. અને એથી વિપરીતપણે દેશના કરવાવાળો ઐહિક અને પારત્રિક બન્ને પ્રકારના અનર્થને પામનારો થવા સાથે આજ્ઞાનો વિરાધક થઈ સંસારસમુદ્રમાં રખડનારો થાય છે. આવી રીતે મૂલસૂત્રકાર મહારાજે સ્પષ્ટપણે જણાવેલ હોવાથી એક સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તેમ છે કે ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજના માર્ગનો ઉપદેશ કરનારે એકલી માર્ગની જ સત્યતા ઉપર આધાર રાખવો, પણ શ્રોતાની સ્થિતિ આદિ તરફ લક્ષ્ય ન આપવું, એ કથન કે સૂચન શ્રીજૈનસૂત્રોથી નિરપેક્ષ રહીને બોલનારાઓને જ શોભે, એટલું જ નહિ પણ એવું કથન માર્ગની વિરાધના કરાવનાર જ છે.

અર્થાત્ જેઓ શ્રોતાની વ્યક્તિ કે તેના સમુદાયની પ્રકૃતિ આદિ ન વિચારતાં તેઓને પ્રતિકૂલ થાય તેવો ઉપદેશ જાણી જોઈને આપે અને પછી તેવા ઉપદેશથી જે અપરિણતવગેરેને દ્વેષ થાય તેમાં પોતાનો અંશ પણ અવગુણ નથી એમ સમજે અને જણાવે, તથા અજ્ઞ એવા શ્રોતાઓનો જ અવગુણ છે એમ જણાવી ધર્મિ તરીકે ગણાતા વર્ગને પણ પોતાની દુર્ગતિની નીસરણી જેવા તે રસ્તામાં દોરે, તેવાઓ માટે શ્રીજિનેશ્વર ભગવાનનું શાસન તો કેવલ શત્રુતાવાળું જ હોય.

### બોધ ન પામવામાં બોધકનો પણ વાંક

કારણ કે ભગવાન્ શ્રીઅભયદેવસૂરિજી તો શ્રીપંચાશક આદિમાં તત્ત્વબોધ કરતાં પણ શ્રોતાને તત્ત્વબોધ ન થાય એમાં વક્તાએ પોતાના આત્માની જ સાપરાધતા વિચારવા જણાવેલ છે. માટે શ્રોતાની સાપરાધતા જણાવનાર એટલે દેશનાનુસારિભાવપણાના નિયમનો નિર્ણય કરનાર ભલે વ્યાખ્યાનવાચસ્પતિ કરતાં પણ ચઢતો બન્યો હોય તો પણ તે જૈનમાર્ગથી તો દૂર જ છે.

### શ્રોતાના બોધ કે અબોધમાં ઉપદેશકનું કર્તવ્ય

આ સ્થલે યાદ રાખવાનું કે શાસ્ત્રકાર ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી ચોક્ખાશબ્દોમાં જણાવે છે કે શ્રોતાકદાચ તત્ત્વ કે ધર્મની હકીકત કે પરીક્ષા ન સમજે તોપણ નિંદા કરવી નહિ, એટલું જ નહિ, પણ વારંવાર તત્ત્વનો ઉપદેશ કરવો. અર્થાત્ શ્રોતાનો અધિકાર તત્ત્વ અને ધર્મ સમજવા માટે જેટલો જરૂરી છે તેના કરતાં વક્તાનો શ્રોતાને સમજાવવાનો અધિકાર અધિક જરૂરવાળો છે. આ ઉપરથી સમજી શકાશે કે વક્તા તત્વને સમજાવવા જે અનેકધા પ્રયત્નો કરે તે જે વક્તાના અધિકારની વાત છે, પણ શ્રોતા ન સમજે ન માને એટલા માત્રથી શ્રોતાને જિજ્ઞાસાની નીસરણી કે સભ્યપણાથી ઉતારી પાડનારો મનુષ્ય જૈનશાસનની નીસરણીને અનુસરનારો ગણાય નહિ.

### ઉપદેશકવિશેષથી પણ બોધ-

વળી વાચકે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે ભગવાન્ શ્રીમહાવીરમહારાજને દેખીને પામેલું સમ્યકત્વ વમી નાંખનાર તથા સંસારસમુદ્રથી પાર ઉતારનારૂં ચારિત્ર ચૂરી નાંખનાર અને ભગવાન્ ગૌતમસ્વામીજી સરખા ભવોભવના ઉપકારી ઉપર પણ અપ્રીતિ ધરાવનાર એવા હાલિકને બોધ કરવા તથા તે જ જીવને ભવાંતરે દેવશર્માપણામાં પ્રતિબોધ કરવા ભગવાન્ મહાવીર મહારાજે શ્રી ગૌતમસ્વામીજીને મોકલ્યા હતા. અને ભગવાન્ ગૌતમસ્વામીજીથી તેને પ્રતિબોધ થયો હતો, માટે મ્હારાથી નહિ તે કોઈથી નહિ એવી મગરૂરી ન રાખવી.

### મિથ્યાત્વની ફાઉન્ડરીની સ્થિતિ

આ બધી હકીકત વિચારનારા મનુષ્ય આજના ધર્મોપદેશકો જેઓ પોતાના મગરૂરીપણાથી મરજી મુજબ ધર્મના નામે ગપ્પસપ્પની સીઢીઓ ચઢાવનાર હોવા છતાં જેઓ ન સમજે અથવા સમજવા પ્રશ્ન કરે અગર તો કોઈપણ અન્ય પ્રકારે પોતાની અજ્ઞતા જાહેર કરે તેવાઓ ઉપર મિથ્યાત્વી અધર્મી વગેરે આરોપો મ્હેલી મિથ્યાત્વઆદિની ફાઉન્ડરીરૂપે જેઓ જગતમાં દેખાવ દે તેઓની દશા કેવી દયામણી છે ? એ સ્હેજે સમજાશે.

### શ્રોતા અને વક્તાના વિચારો

આટલા વિવેચનથી આ વાત સ્પષ્ટ થાય છે કે દેશનાનુસારિભાવપણું કરવા માટે શ્રોતાએ જરૂર જો કે મથવું જોઈએ અને દેશનાનુસારિભાવપણું પોતાનું ન થાય તેમાં પોતાની હીનભાગ્યતા શ્રોતાવર્ગે જરૂર ગણવી જોઈએ. પણ વક્તાએ તો કોઈપણ પ્રકારે દેશનાનુસારિભાવપણું લાવવાનું ફરજીયાત ગણાવવા બહાર પડવું જોઈએ નહિ.

### માર્ગસમ્યક્ત્વ કે શ્રોતસમ્યક્ત્વ

આ સ્થાને જો કે માર્ગનું સમ્યક્પણું અને શ્રોતાનું સમ્યક્પણું એ બન્ને જરૂરી પદાર્થ છે, છતાં પરસ્પરની વિરહ દશા વિચારીએ તો શાસ્ત્રના

જાણકારો સ્પષ્ટપણે જાણે છે અને કબુલ પણ કરશે કે માર્ગના સમ્યક્પણાનું નિરૂપણ અપવાદ યુકત છે, પણ શ્રોતાની અનુકૂલતા કરવા રૂપ સમ્યક્પણાની સ્થિતિ અપવાદવાળી નથી.

### સાધારણગુણ પ્રશંસાનું વ્યાજબીપણું

આ કારણથી ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી ધર્મબિન્દુગ્રન્થમાં શ્રોતાની આદિભૂમિકા અને અબોધની સ્થિતિ વકતાએ જ્ઞાનાચાર આદિ આચારોનું નિરૂપણ કરતાં સાધારણ અહિંસાદિ સર્વસાધારણ ગુણોનું નિરૂપણ કરવું એમ જણાવ્યું, અને બોધ પામ્યા પછી જ્ઞાનાચારાદિનું વર્ણન અને સર્વથી અંત્યમાં કષ છેદ અને તાપની પરીક્ષામાં ઉતારવાનું જણાવ્યું. અર્થાત્ અમુક જ વસ્તુ કે અમુક જ તત્ત્વ કે અમુક જ આચારઆદિ વકતાએ નિરૂપણ કરવું જોઈએ એમ નિરૂપણીયનો એકાંત નથી. એટલું જ નહિં

### દેશનીયની વિચિત્રતા

પણ નિરૂપણીય વસ્તુનો એકાન્તભાવ સમજી અમુક જ રીતે નિરૂપણ કરવું એવું માની દેશનાનુસારિભાવપણું માનવામાં અગ્રગામી થયેલો વકતા શ્રીમહાનિશીથના મુનિચંદ્રના ભાણેજ સાગરચંદ્રની દશા પામે.

### બાલાદિભાવનું જ્ઞાન શા માટે ?

આટલા માટે જ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ શ્રીષોડશકઆદિમાં સ્પષ્ટપણે જણાવે છે કે ઉપદેશકોએ વકતાઓના બાલાદિભાવોને જરૂર જાણવા, અને તે વકતાઓના બાલાદિભાવો જાણીને તે તે બાલાદિભાવોને અનુસરીને જ દેશના કરવી.

### શ્રોતા વકતાની સમજ

આ વાત સમજનાર મનુષ્ય સ્વપ્ને પણ એમ મનમાં લાવી ન જ શકે શ્રોતાઓની ફરજ છે કે વકતાઓનો કહેલો માર્ગજ માની લેવો, પણ વકતાઓએ શ્રોતાની પરિણતિ માર્ગગામિની કે માર્ગમાં વધવાવાળી કેમ થાય ? એ બાબત લક્ષ્ય આપવાની જરૂર નથી, અર્થાત્ વકતાઓ મરજી માને તેમ ફેંકે રાખે અર્થાત્ જૈનશાસ્ત્રનો પદાર્થ હોય તોપણ બાલાદિભાવને જાણ્યા જોયા શિવાય હાંકે રાખે તોપણ શ્રોતાઓએ તે માનવું ઝીલવું અને ધારીને શ્રદ્ધાગત કરવું જ જોઈએ.

### બાલાદિની અનુકૂલતા સિવાય પાપ

વળી એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી ચોકખા શબ્દોમાં ફરમાવે છે કે જે વકતાઓ શ્રોતાઓના બાલાદિભાવને જાણ્યા જોયા સિવાય શ્રોતાવાલી ભૂમિકા જે બાલાદિ રૂપે છે તેને ઓળંઘીને દેશના આપે છે તે એક અંશે પણ ધર્મરૂપ નથી, એટલું જ નહી પણ તે કેવળ પાપરૂપ જ છે.

### ઉન્માર્ગગામી કેમ ?

વળી તે જ ભગવાન્ સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે બાલાદિભાવને જાણ્યા જોયા સિવાય અને તે ભાવને અનુસર્યા સિવાય જે દેશના અપાય તે સમ્યગ્માર્ગરૂપ હોય, છતાં પણ તે દેશના માર્ગરૂપ નથી, એટલું જ નહિ પણ તે માર્ગનાં દેશના છતાં પણ ઉન્માર્ગે લઈ જનારી છે. અર્થાત્ જેઓ દેશનાનુસારિભાવપણું માની રહ્યા છે, પણ ભાવાનુસારિદેશનાપણું નથી માનનારા તેઓ કેવલ પાપી છે, એટલું જ નહિં, પણ કેવલ ઉન્માર્ગે જનારા તથા લઈ જનારા છે.

### દેશનાનુસારિભાવપણાનો નિયમ ન કરવાનું કારણ.

આવું સ્પષ્ટ જણાવ્યા પછી પણ ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે બાલાદિભાવને જાણ્યા જોયા સિવાય કે તેની અવસ્થાને અનુસર્યા સિવાય અપાતો ધર્મોપદેશ પાપરૂપ અને ઉન્માર્ગે જ લઈ જનારો છે. એટલું જ નહિં, પણ ઉત્સૂત્ર ભાષણ કરનાર નિન્હવાદિની માફક તે મગરૂરીવાળા વકતાએ દેશનાનુસારિભાવને ફરજીઆત ગણીને

બાલાદિનાભાવથી નિરપેક્ષપણે અપાયલો ઉપદેશ વક્તા અને શ્રોતા બન્નેને સંસારસમુદ્રમાં રખડાવી મારનાર જ છે. આવી શ્રીષોડશકશાસ્ત્રની સ્પષ્ટ હકીકતને હૃદયમાં ઉતારનાર ઉત્તમપુરૂષ કોઈ દિવસ પણ દેશનાનુસારિભાવપણું જ હોવું જોઈએ એમ કહેવા સમજાવવા કે સૂચવવા તૈયાર થશે નહિ.

## માર્ગની અસમ્યક્તાનો સર્વથા નિષેધ

આ સ્થાને આ વાત વાચકવૃંદે બરોબર ધ્યાનમાં રાખવી કે ભાવાનુસારિદેશનાપણાનું અહિં જે વિધાન કરવામાં આવ્યું છે તે સમ્યગ્માર્ગથી દૂર ગયેલું તો હોય જ નહિં, કેમકે જો એમ જ હોય અને માર્ગના સમ્યક્ કે અસમ્યક્પણાની દરકાર જ રાખવાની ન હોત તો નિહ્નવ જેવી વસ્તુ જૈનશાસનમાં હયાતીમાં જ આવત નહિં, એટલું જ નહિ પણ ત્રિરાશિકની સાથે ગુરૂમહારાજે છ માસ સુધી ત્રૈરાશિકના ખંડન માટે વાદ કરવો પડત જ નહિ. વળી ભગવાન્ કાલિકસૂરિજીને દત્તરાજાના ક્રોધદાવાનલમાં આહુતિ તરીકે હોમાવવું પડત જ નહિં આ બધું કહેવાનું તત્ત્વ એજ કે વક્તાએ જેમ દેશનાનુસારિભાવપણાને વળગવાનું હોય નહિં, તેમ જ ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજના માર્ગથી વિરૂદ્ધપણે લોકોને માત્ર રાજી કરવા કંઈપણ બોલવાનું ધર્મિષ્ઠોને યોગ્ય જ ગણાય જ નહિં. અને આ વાત ધ્યાનમાં લેવા માટે ભગવાન્ મહાવીરમહારાજે મરીચિના ભવમાં માત્ર પોતે કરાતા સ્નાનને અંગે કંઈક ધર્મ છે એટલું જ જે જણાવેલ, અને જેને લીધે ક્રોડાક્રોડ સાગરોપમ સંસારસમુદ્રમાં ભટકવાનું જે શાસ્ત્રકાર મહારાજાઓએ જણાવેલ છે, તે વિચારવાની જરૂર છે.

## ક્રોડાક્રોડ સાગરોપમનું ભ્રમણ શાથી ?

અર્થાત્ અધમ થવામાં ક્રોડાક્રોડ સાગરોપમ સુધી નીચગોત્રના વેદનની અપેક્ષાએ કુલમદનું કારણ સમજવાનું છે. એટલે કે જો તે મરીચિએ સ્નાનને કંઈક ધર્મપણે ન જણાવ્યું હોત તો મરીચિને ક્રોડાક્રોડ સાગરોપમ સુધી સંસાર ભટકવો પડત જ નહિ. કારણ કે નીચગોત્ર નામનું જે કર્મ તે ઘાતિકર્મ એટલે સાંપરાયિકકર્મ નથી, કે જેથી તેને લીધે મરીચિને ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ભટકવું જ પડે. જો કે ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ભટકાવનાર સાંપરાયિક એવું પણ મોહનીયાદિ કર્મ ન ત્રુટી શકે એમ તો ન્હોતું, છતાં તે દુર્ભાષણથી એવું નિધત્ત કર્મ બંધાયું કે જેના પ્રભાવે મરીચિને ક્રોડાક્રોડ સાગરોપમ સુધી સંસારમાં ભટકવું જ પડ્યું અને નીચયોગ સાથે વેદવું પણ પડ્યું, અર્થાત્ જૈનમાર્ગ કે જૈનશાસ્ત્રને ઓલંઘીને દેવાતો કે સંભળાવાતો ઉપદેશ ભલે શ્રોતા કે શ્રોતાના વર્ગને અનુકૂલ લાગતો હોય તો પણ તે શાસક અને શિષ્ય બંન્નેમાંથી એકકેને ફાયદાકારક નથી. માટે દેશનાનુસારિભાવપણું જે જણાવાયું છે તે શાસ્ત્રની વાણીથી સાપેક્ષ જ માનવું. શ્રોતાઓને ગમતો ઉપદેશ દેવો એ અનુચિત છે એમ કહેવું જેમ સર્વથા ખોટું છે, તેમજ શ્રોતાઓને અનાદિ સંસારવાસનાથી વિષય અને કષાયમાં જ ગમ્મત હોય અને એને પોષણ કરનારો ઉપદેશ એક અંશે પણ જો કરવામાં આવે તો સ્પષ્ટ છે કે તે ઉપદેશ કરનાર સાધુ શ્રોતાવર્ગના માથાં કાપનારના જેવા ગુન્હેગાર થાય છે. પરંતુ તેવી જ રીતે શ્રોતાઓને અણરૂચતો માત્ર વચનચાલાકીથી જ ઉપદેશ આપવો, તે પણ સંસારસાગરથી તરવાના પગથીયાંથી ચૂકાવનાર જ છે.

## યતિધર્મ આદિનો ક્રમ કેમ ?

અને તેટલા માટે શાસ્ત્રકારોએ એકલા યતિધર્મનો જ ઉપદેશ દેવો એમ નિયમ ન રાખતાં યતિધર્મને અસમર્થ હોય તો તેને દેશવિરતિરૂપ શ્રાવકધર્મનો આદર કરાવવા ઉપદેશ કરવો, તેમ પણ આદરવા અશક્ત હોય તો એકલા સમ્યક્ત્વનો ઉપદેશ આપી શ્રોતાને સમ્યક્ત્ત્વમાં દૃઢ કરવો, અથવા સમ્યક્ત્ત્વવાસિત બનાવવો, એમ છતાં પણ

કદાચ કોઈ તેવો જીવ હોય અને સર્વવિરતિ દેશ વિરતિ કે સમ્યક્ત્વને પણ આદરી શકે નહિ તો તેવા જીવને મદ્યમાંસની વિરતિ અને રાત્રિભોજનની વિરતિનો ઉપદેશ આપી મદ્યમાંસઆદિની વિરતિવાળો બનાવવો એમ જણાવ્યું છે.

**માંસભક્ષકના સમ્યક્ત્વના વાદનો છેડો**

આ સ્થળે એક વાતનો સાપેક્ષવાદ સ્હેજે સમજી શકાય તે સત્તરમી સદીના એક ઝગડાનો નીકાલ થઈ જશે. સત્તરમી સદીમાં એવો ઝગડો ચાલ્યો હતો કે માંસનું ભોજન કરનાર સમ્યક્ત્વવાન્ હોઈ શકે કે નહિ ? કેટલાકોનું કહેવું હતું કે માંસના ખાવાવાળામાં સમ્યક્ત્વ હોયજ નહિ. જ્યારે કેટલાકનું એમ કહેવું હતું કે સમ્યક્ત્વ એ શ્રદ્ધારૂપ હોવાથી માંસ નહિં ખાવાની પ્રતિજ્ઞા કે નહિ ખાવું એ રૂપ નિવૃત્તિ સમ્યક્ત્વની સાથે હોવીજ જોઈએ એવો નિયમ નથી. આ ઝઘડાનો જે અહિં સ્હેજે અંત સૂચવાયો છે તે એ રીતે કે સ્વાભાવિક સમ્યક્ત્વ એટલે નિસર્ગસમ્યગ્દર્શનવાળાને માંસ વગેરેથી પાછું હઠવું ન થાય તો પણ સમ્યક્ત્વ હોવામાં આશ્ચર્ય નથી, અને તેથી સિંહવ્યાઘ્રમત્સ્ય અને સર્પ જેવા જાનવરોની સદ્દગતિ અને સમ્યક્ત્વઆદિ હોવા અસંભવિત ન ગણાય. પણ ઉપદેશથી થવાવાળા અધિગમસમ્યક્ત્વની અપેક્ષાએ વિચાર કરીયે તો જેમ સર્વવિરતિ અને દેશવિરતિ પછી દેશનાના અનુક્રમે પ્રાપ્ત સમ્યક્ત્વ હોવાથી જો કે અભવ્ય કે દૂરભવ્ય એવા મિથ્યાત્વવાળાને દ્રવ્યથી સમ્યક્ત્વ વિના પણ દેશવિરતિ અને સર્વવિરતિ હોવા છતાં યથાસ્થિતિ દેશવિરતિ અને સર્વવિરતિ તો સમ્યક્ત્વ વિના હોયજ નહિ અને તેથી સાફ સાફ કહી શકાય કે સમ્યક્ત્વ વિના હોવાથી દેશવિરતિ અને સર્વવિરતિ તેને હોયજ નહિ એમ કહી શકાય. તેવી રીતે માંસઆદિ જેવી ચીજનો ત્યાગ કરવાનો ઉપદેશ જહેને ન લાગ્યો હોય ત્હેને વાસ્તવિક સર્વ કે દેશવિરતિ ન હોવાની માફક સમ્યક્ત્વ પણ નજ હોય, એમ માનવું અસંભવિત નથી. અર્થાત્ નિસર્ગસમ્યગ્દર્શનનો માંસભક્ષણ સાથે વિરોધ ન હોય તો પણ ઉપદેશના ક્રમે પ્રાપ્ત થનાર અધિગમસમ્યગ્દર્શનની સાથે માંસાદિભક્ષણનો વિરોધ છે. એમ માનવામાં અડચણ નહિ આવે, એમ માની શકાય.

**માંસાદિથી વિરતિની આવશ્યકતા**

એક બીજી વાત આ સ્થાને ઉપદેશક્રમની અપેક્ષાએ નક્કી થાય છે કે બીજાપાપોથી શ્રોતાને પાછો હઠાવવો કે શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મની શ્રદ્ધામાં પ્રવર્તાવવો કે સ્થિર કરવો તેના કરતાં પણ તેને માંસઆદિથી નિવૃત્તિ કરાવવા આદ્યનંબરે જરૂર છે. આ વાત વિચારવાથીજ ભગવાન્ શ્રીનેમિનાથજી મહારાજે છદ્મસ્થપણામાં શ્રીદેવ ગુરુ કે ધર્મ સંબંધમાં અથવા દેશ કે સર્વવિરતિ સંબંધમાં ઉપદેશ કર્યો નહિ કે કરે નહિ, તોપણ માંસઆદિના ત્યાગને માટે બોલ્યા, એટલુંજ નહિ પણ તેથી પોતાની કોમને બચાવવા માટે અતુલ્ય પ્રયત્ન કર્યો.

**લાયકાત પ્રમાણેજ ઉપદેશ**

આ બધી વાત ઉપરથી આપણે એ તત્ત્વ સમજવાનું છે કે ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજની આજ્ઞાને અનુસરતો ઉપદેશ આપવો એ જેમ ઉપદેશકનું કર્ત્તવ્ય છે, તેવી રીતેજ જીવોની લાયકાત જોઈનેજ ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ. અને આ વાત લક્ષ્યમાં રાખવાથી ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ જે બાલ મધ્યમબુદ્ધિ અને બુધને માટે ઉપદેશનીય પદાર્થોની ભિન્નતા જણાવી છે તે વ્યાજબી ઠરશે.

**દેશકનો આચારભેદ -**

ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી તો એકલી દેશનાની વિધિનીજ ભિન્નતા શ્રોતાને અંગે જણાવે છે એટલુંજ નહિં, પણ બાલકોની આગળ જેમ બાહ્યચારિત્રની દેશના કરવી એમ જણાવ્યું છે, એની

સાથેજ જણાવ્યું છે કે ઉપદેશકે બાલજીવોની આગળ બાહ્યચારિત્રની દેશનાજ કરવી એટલું નહિં પરંતુ ઉપદેશકે તે બાલજીવના ઉપકારને માટે બાલજીવોની આગળ બાહ્ય આચારને અવ્યાહત અને અસ્ખલિત રીતે આરાધન કરવો જોઈએ, એમ સ્પષ્ટપણે જણાવે છે.

## આચારાંગમાં ઉદ્દેશના ક્રમનો ફેરફાર

વલી સૂત્રકાર મહર્ષિઓ તથા ભગવાન્ ગણધર મહારાજા સરખા દ્વાદશાંગીને ગુંથનારાઓએ શ્રોતાઓની અનુકૂલતાએજ ધર્મોપદેશ કે તત્ત્વોપદેશ કરવો એમ ભાવાનુસારિણિદેશનાના પક્ષને ધ્યાનમાં લઈને શ્રીઆચારાંગ વગેરે મૂલસૂત્ર વગેરેમાં છકાયનો ક્રમ ફેરવ્યો છે, અને તેઉકાય તથા વાયુકાય કરતાં વનસ્પતિને પ્રથમ નિરૂપણ કર્યો છે.

## આચાર પ્રકલ્પવાળોજ દેશક કેમ ?

અને આજ ભાવાનુસારિદેશનાપક્ષનું વ્યાજબીપણું હોવાથી શ્રોતાના અભિપ્રાયને જાણવાની વક્તાને માથે ફરજ નાંખી, અર્થાત્ જેને સિદ્ધાન્તનો સદભાવ પરિણમ્યો ન હોય અને જેણે સાવદ્ય કે અનવદ્ય વચનનો વિભાગ ન જાણ્યો હોય એવા અને આચારપ્રકલ્પને નહિ જાણનાર મુનિમહારાજને પણ ધર્મદેશનાનો અધિકાર શાસ્ત્રકારોએ આપ્યો નથી, અને તેથી શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જેમ સાધુપણામાં ન રહેલા અવિરતિ કે દેશવિરતિવાળાઓ પોતે તેમાં પ્રવર્તેલા ન હોવાથી તેઓના તરફથી ભગવાન્ શ્રી જિનેશ્વરોના અવિરતિઆદિ ટાળવા રૂપ ધર્મને નિરૂપણ કરવાને માટે અયોગ્ય છે, તેથી ધર્મદેશનાનો અધિકાર નથી, તેવી જ રીતે જે મહાત્માને નિશીથસૂત્ર સુધીનો અભ્યાસ ન થયો હોય તે મહાત્માએ ધર્મોપદેશ અર્થાત્ વ્યાખ્યાન આપવું નહિ આ બધું ત્યારેજ યોગ્ય ગણાય કે ભાવાનુસારીદેશનાએ પક્ષ લેવો હોય, અને અનુગ્રહથી ઉપદેશ કરનારને જે એકાંતે ધર્મ થવાનું જણાવ્યું છે, તે પણ આવા ગીતાર્થ જે ધર્મના ઉપદેશકો હોય તેઓને માટેજ સમજવું. શાસ્ત્રને જાણનાર અને માનનારો વર્ગ તો સ્પષ્ટપણે સમજે છે કે દેશકાલાદિને નહી જોનારા વક્તાના ભાવ અને અવસ્થાને નહીં સમજનારા અને દેશનાનુસારિ ભાવ થવો જોઈએ એવું માનનારા કેવલ અજ્ઞાનતાથી ભરેલા છે, એટલું જ નહિં પણ તેવાઓને એક વચન પણ બોલવું તે શાસ્ત્રકારોના વચનોની અપેક્ષાએ યોગ્ય નથી, એટલે હવે બીજું અને વધારે બોલવાની જરૂર નથી.

## કેટલાક વક્તા અને શ્રોતાઓ

વર્તમાનસ્થિતિને કેટલેક સ્થલે અનુભવીયે છીયે અને તેથી ભૂત ભવિષ્યમાં તેમ થવું કે થતું સંભવિત ધરીને એમ કહી શકાય કે જેમ જગત્માં અનર્થની અટારી અને દુર્વ્યસનના દરબાર જેવાં નાટકોને માટે કે નાટકીયાઓ માટે પણ પક્ષ કરનાર અને મુક્તકંઠે પ્રશંસા કરનારો વર્ગ નીકળ્યા સિવાય રહેતો નથી, પણ વાસ્તવિકસ્થિતિને સમજીને ચાલનારો સુજ્ઞવર્ગતો ઘરની જોડે ગાંધર્વશાલીનું સ્થાન પણ પસંદ કરે નહિ, તેવી રીતે આ શાસનની સરલ સરણીમાં પણ કેટલાકો બીચારા માર્ગના સ્વરૂપને નહિ જાણનારા તથા ધર્મ કરનારાઓને ધક્કા મારવા અને ધક્કા મરાવવામાંજ મોજ માનનારા હોવાથી દેશનાનુસારિભાવપણું હોવું જ જોઈએ એમ જોરશોરથી શાસ્ત્રોના પાઠ કે પુરાવા સિવાય ચંચલતા અને ચાલીકીના ચાલાઓ કરી અજ્ઞાન અને અવિચારી લોકોને મુઝવી તેઓ પાસે જેઓ સભામાં કે પાછલ યદ્વા તદ્વા બકાવે કે પોતે પણ તેવો બકવાદ કરવા તરફ દોરાય તે સજ્જન સમૂહને તો પાલવે તેમજ નથી.

**અજ્ઞાનવર્ગને પણ સમજુતી અને વિચારવાની સ્થિતિ યાને ઉપસંહાર**

અજ્ઞાન અને અવિચારી વર્ગ પણ વધારે ન સમજી શકે તો પણ એટલું તો સ્હેજે સમજી શકે તેમ છે કે આવા લુખા માર્ગથી વિમુખ અને ઉપાધિના પ્રસવમાં મહાન્ અવકર એવાઓ કદાચ સ્વચ્છંદી ઉન્માર્ગ ગામી સ્વચ્છંદી અભિનિવેશી ધૃષ્ટ મિથ્યાત્વી શાસન છે શાસનલોપકઆદિ અનિષ્ટ વિશેષણોની વેંગણો તમારી ઉપર ઠાલવશે, તોપણ તેમાંનું એકપણ વિશેષણ તેવાઓના કહેવાથી તમારા આત્માને ભાર કરનાર નહિં થાય. પણ જો તમારા આત્માને તમો યથાસ્થાને રાખી શકો તો ખરેખર સમજજો કે આવા લુખાઓના આત્મામાંજ આ કચરો ભરેલો હશે અને તેની હયાતીને જણાવનારોજ આ ઓડકારરૂપે તેઓનો વચનપ્રવાહ થશે, એમ ધારી જો વિચારી શકો તો ખરેખર એ બીચારા જીવની ભાવદયા વિચારી લેશો તો તેમાંજ તમારૂં અને તે જીવનું ચોક્કસ હિત છે.

**અંત્યની પ્રાર્થના**

જો કે આ બધું લખાણ કેટલાકને અનિષ્ટ લાગશે એ નક્કી હોવાથી જણાવવાની જરૂર પડે છે કે એક અપેક્ષાએ એમ ઈચ્છવું ખોટું નથી કે જરૂર તેવા કેટલાક વક્તા અને શ્રોતાને આ લખાણ અનિષ્ટ શું ? અનિષ્ટતમ લાગે. પણ તેની અનિષ્ટતાના ફલ તરીકે એજ ઈચ્છવું વ્યાજબી છે કે તે વક્તાઓ બાલાદિભાવને જાણી તેની અનુકૂલતાવાળી દેશના પ્રવર્તાવી પોતાનું અને શ્રોતાઓનું અવ્યાબાધ કલ્યાણ કરનારા થાઓ. કેમકે આ આત્મા ઉન્માર્ગમાં જાય ત્યારે પોતાનો અમિત્ર બને છે, પણ જો તેજ સન્માર્ગે જવાવાળો જ્યારે આ આત્મા થાય છે ત્યારે પોતે પોતાનો પરમમિત્ર બને છે. એટલે તે અમિત્ર બનેલો આત્મા સ્હેલથી સુમિત્ર બની શકે તેમ છે. અને શાસ્ત્ર અને જગત્‌ની આવી સ્થિતિને અનુસરીનેજ ઉપર્યુક્ત અભિલાષા સ્થાનસર છે એમ માનવામાં યોગ્ય જ ગણાય.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૪૩)


## તાજેતરમાં બ્હાર પડેલ અપૂર્વ અને અમૂલ્ય ગ્રન્થો

卐

આચારાંગસૂત્ર (દ્વિતીય ભાગ) ૨
ભગવતીજી (દાનશેખરસૂરિકૃતટીકા ૫
પુષ્પમાલા (મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞવૃત્તિસહિત) ૬

તત્વાર્થસૂત્ર (સભાષ્ય) (હરિભદ્રીયાટીકા) ૬
પર્યુષણા દશશતક (મહામહોપાધ્યાય ધર્મસાગરગણિકૃત) ૦-૧૦-૦
વિશેષાવશ્યક કોટ્યાચાર્ય ટીકા (પૂર્વાર્ધ) ૪
યતિદિનચર્યા

તા.ક. :- પાંચશેજ પ્રતો છે અને ઘણી નકલોના ગ્રાહકો થઈ ગયા છે.

પ્રાપ્તિસ્થાન :-
જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

# અજ્ઞાનનું સ્વરૂપ અને તેની બંધકારણતા

## મોક્ષનો માર્ગ અને સાધનમાં ફરક કેમ ?

જૈનશાસનમાં સામાન્ય રીતે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ કહેવાય જ્યારે મોક્ષના કારણો તરીકે જણાવતાં શાસ્ત્રકારો निग्गंथं पावयणं च ववहारो। ( सद्दुज्जुसुयाणं पुण निव्वाणं संजमो चेव ( आव.नि. ) णाणकिरियाहिं मोक्खो ( विशे.भा. ) णाणणओ किरियणओ ( वि.भा. ) णायंमि गिण्हियव्वे० ( अनु. ) जे णं सुयवं सीलवं से णं उवरए विण्णाय धम्मे, से णं मए सव्वाराहए पण्णत्ते ( श्रीभग. ) આ વિગેરે અનેક સ્થાને સમ્યગ્જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ સાધવાનું જણાવે છે. જો કે सणिस्स नाणं ( उत्त. ) जस्स नाणाया तस्स दंसणाया ( श्रीभग. ) जस्स उक्कोसिआ नाणाराहणा ( श्रीभग. ) सम्मदिट्ठीणं णाणीनो अण्णाणी ( श्रीभग. ) ઈત્યાદિક વચનોથી મોક્ષના માર્ગમાં સમ્યગ્દર્શનની જરૂરીયાત સર્વ શાસ્ત્રકારો સ્વીકારે છે એ નિર્વિવાદ છે, પણ વિચારવાનું માત્ર એટલુંજ રહે છે કે મોક્ષને સાધવાની વાતમાં જ્ઞાન અને ક્રિયા એ બેનેજ શાસ્ત્રકારોએ કેમ સ્થાન આપ્યું છે ?

## સદ્ભાવ કારણ કે સાધક કારણ ?

આ સંબંધમાં વાંચકવર્ગે બે પ્રકારે વિચાર કરવાનો છે. એક તો સદ્ભાવમાત્રની અપેક્ષાએ અને બીજો ઉદ્યમથી પ્રાપ્ત કરવાની અપેક્ષાએ, એટલે સદ્ભાવમાત્રની અપેક્ષાએ તો મોક્ષદશા પ્રાપ્ત કરતી વખતે અને ખુદ સિદ્ધદશામાં પણ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર ત્રણે અવ્યાબાધપણે હોયજ છે. અર્થાત્ વ્યાપારવાળું કારણ તેજ વાસ્તવિક કારણ છે એમ ન ગણતાં જેને અંગે કાર્યની પરિણતિ થાય તે બધાં કારણો ગણવાં. ભલે પછી તે વ્યાપારવાળું હો કે વ્યાપાર વિનાનું હો. એ રીતે કારણપણું ગણીએ તો ચૌદમે ગુણઠાણે કે મોક્ષદશામાં પણ આત્મા સમ્યગ્દર્શન જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી પરિણમેલોજ હોય છે અને તેથી સમ્યગ્દર્શનાદિ ત્રણેને મોક્ષમાર્ગ તરીકે ગણાવવામાં કંઈપણ અડચણ નથી, અથવા મોક્ષદશા જે સમ્યગ્દર્શનાદિમય છે તેનું ઉપાદાન આ સમ્યગ્દર્શનાદિ ત્રણજ છે, એટલે સંસારઅવસ્થામાં થયેલજ સમ્યગ્દર્શનઆદિ ત્રણ વસ્તુ મોક્ષમાં છે, માટે મોક્ષનું ઉપાદાન કારણ સમ્યગ્દર્શનાદિને ગણે એ સ્વાભાવિક છે.

## જૈનસૂત્રોની રચના કોને માટે ?

વળી બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે જૈનસૂત્રોનો અધિકાર મુખ્યતાએ શ્રમણધર્મને અને ગૌણતાએ અવિરતિસમ્યગ્દષ્ટિપણું કે દેશવિરતિપણું પામેલાને હોય છે. અર્થાત્ સમ્યગ્દર્શનની સિદ્ધિ થયા પછી એટલે જેને સમ્યગ્દર્શનની સિદ્ધિ થયેલી હોય છે તેનેજ જૈન સૂત્રોનો ઉપદેશ હોય છે, અને તેથીજ જૈનસૂત્રોમાં સમ્યગ્દર્શનવાળાની કે દેશવિરતિવાળાની અહોરાત્ર ચર્યા કે જન્મ ચર્યા જેવું ક્રમ બંધર્કઈ પણ કહેવામાં આવતું નથી. અને તેથીજ વર્તમાનમાં પડિક્કમણું વન્દન પચ્ચક્ખાણ વગેરે જે અનુષ્ઠાન અવિરતિ કે દેશવિરતિવાળા કરે છે તે માત્ર સૂત્રમાં કહેલ સાધુઆચારને અનુસરીને પોત પોતાની ભૂમિકા

પ્રમાણે કરે છે. વલી જૈનસૂત્રોમાં જણાવેલો જે આચાર છે તે મુખ્યતાએ મોક્ષની પ્રાપ્તિ માટે હોવા સાથે સાધુઓને માટેજ હોય છે, અને સાધુદશા તો સામાન્ય રીતિએ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પછીજ હોય છે. અને એજ કારણથી સમ્યગ્દર્શન વિના સમ્યયગ્જ્ઞાન હોય નહિં અને સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ચરિત્ર હોય નહિં એ હકીકત જૈનદર્શનમાં આબાલાંગનામાં માન્ય છતાં ભગવાન્ગણધરોએ સાધુના આચારને દેખાડનાર એવા આચારાંગને આગળ કરીને દ્વાદશાંગીની રચના કરી. ભગવાન્શ્રીશય્યંભવસૂરિજીએ શ્રીમનકમુનિજી સરખા બાલસાધુને માત્ર છમાસમાં આરાધના કરવાની સવડને ખાતર કરેલ જે દશવૈકાલિકની રચના તેમાં પણ સોલે સોલ આના સાધુ આચારનીજ વ્યાખ્યા કરી. આ ધ્યાનમાં રાખવાથી એ પણ સ્પષ્ટ સમજી શકાશે કે શાસ્ત્રોમાં જે સાધુમહારાજના આચારોને જણાવતાં માત્ર પાંચ મહાવ્રતો દશપ્રકારનો શ્રમણધર્મ જણાવાય છે. જ્યારે દેશવિરતિનો ધર્મ જણાવતાં બાર પ્રકારના વ્રતો જણાવતાં સમ્યક્ત્વને મૂલ તરીકે જણાવાયું તે સાધુની સ્થિતિમાં સમ્યક્ત્વની પરમસિદ્ધિને અંગે સમજવું અને આજ કારણથી શ્રી ભગવતીજીસૂત્રમાં શ્રમણ નિર્ગ્રંથને અંગે કાંક્ષામોહનીયનો ઉદય ન થવાની રીતિ જણાવવા સાથે કાંક્ષામોહનીયના ઉદયના પ્રકારો પણ શ્રમણનિર્ગ્રંથોનેજ ઉદ્દેશિનેજ જણાવ્યા છે.

## શિષ્યની અનુકૂલતાએ દેશના

ભગવાન્ જીનેશ્વરમહારાજ પાસે આવનારા શ્રોતાઓને મુખ્યતાએ શ્રમણધર્મની દેશના દેવાતી. કેમકે તે શ્રમણ ધર્મરૂપ સર્વપાપના ત્યાગની દેશના દેતાં પાપની શ્રદ્ધા દ્વારાએ હેયોપાદેયનો વિભાગ જણાઈ જતો હતો. અને તેટલા માત્રથી ત્યાગ કરવા તૈયાર થનારો વર્ગ હેયોપાદેયની શ્રદ્ધા અને જ્ઞાન બન્ને ધરાવતો થતો અને તેથી સંયમ લેવા તૈયાર થનારો વર્ગ અથવા સંયમ લેવા તૈયાર ન થતાં માત્ર દેશવિરતિ લેવા તૈયાર થયેલો વર્ગ એ બન્ને વર્ગ सद्दहामि णं भंते! निग्गंथं पावयणं વગેરે વાક્યોથી પોતાની હેયોપાદેયાદિની શ્રદ્ધા અને બોધપરિણતિને જાહેર કરતો હતો. અર્થાત્ તે નિર્ગ્રંથપ્રવચનના પ્રાદુર્ભાવિક એ દેવ તે રસ્તે જતા અને ગયેલા તે ગુરૂ અને તે નિર્ગ્રંથપ્રવચનની પ્રવૃત્તિ એજ ધર્મ ગણાઈ દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણે તત્ત્વની શ્રદ્ધાનું તત્ત્વ સમાપ્ત થતું હતું.

## દેશનાનો ક્રમ

આ વાત વિચારવાથી શાસ્ત્રકારોએ દેશનાના જે ક્રમ આપ્યા છે તે પણ સમજાશે. કેમકે દેશનાના ક્રમમાં શાસ્ત્રકારો જણાવે છે કે પ્રથમ શ્રમણધર્મની દેશના ઉપદેશકે દેવી. શ્રમણધર્મની દેશના દીધા છતાં જો તે શ્રોતા તે શ્રમણધર્મની પ્રતિપત્તિમાં પોતાની અશક્તિ છે એમ જણાવે તો પછી તે અશક્તશ્રોતા એટલે શારીરિક કે આત્મીકશક્તિથી હીન એવો શ્રોતા એમ નહિ પણ સર્વથા પાપત્યાગ રૂપ શ્રમણધર્મને લેવા માટે આરંભપરિગ્રહની આસક્તિને લીધે જો અશક્ત હોય તો તેને દેશવિરતિધર્મનો ઉપદેશ આપે. કદાચ તે શ્રોતા વર્ગ અગર શ્રોતા વ્યક્તિ શ્રમણધર્મ કે શ્રાવકધર્મ બન્નેમાંથી એકકે પ્રકારનો ધર્મ ન અંગીકાર કરે તો તેને સમ્યકત્વની દેશના દેશકે આપવી, છતાં કદાચ કર્મ-ધર્મસંયોગે તે શ્રોતાવર્ગ કે શ્રોતા વ્યક્તિ શ્રમણધર્મ શ્રાવકધર્મ અને સમ્યકત્વધર્મ પણ અંગીકાર ન કરે તો માત્ર તે જીવને નરકાદિક દુર્ગતિથી બચાવવા માટે માંસઆદિથી વિરતિ કરાવે. આ દેશનાનો ક્રમ જોનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે મૂલમાર્ગની અપેક્ષાએ હિંસાદિ સર્વપાપોનો સર્વપ્રકારે ત્યાગ એ દેશનાનું આદ્યફલ એમ જો ન બને તો નિરર્થકપણાથી થતાં પાપો અને

જીવનનિર્વાહમાં પણ થતાં મહાપાપો છોડે અને સર્વપાપો સર્વથા છોડવા લાયક માને એ દ્વિતીયફલ, એમ પણ જો ન બને તો હિંસાદિ સર્વપાપોની આવશ્યક વર્જનીયતાનું ધ્યેય નિશ્ચિત કરે, એ સમ્યક્ત્વ રૂપ ત્રીજું ફલ. આ પૂર્વે જણાવ્યા પ્રમાણે ત્રણ ફલવાળો કદાચ શ્રોતાવર્ગ કે શ્રોતા વ્યક્તિ ન થાય તો તેવા સર્વ પાપના ત્યાગના ધ્યેયને નહિ પહોંચનારો અત્યંત દુર્ગતિથી બચે એટલા માટે દ્રવ્ય થકી પણ માંસઆદિથી વિરતિવાળો કરવો. આ સર્વ દેશનાક્રમનું ધ્યાન રાખતાં સ્પષ્ટ માલમ પડશે કે આચારઃ **પ્રથમો ધર્મઃ** એ વસ્તુ પ્રથમ હતી.

## આચાર માટેજ ઉભી થયેલ આજ્ઞાની જરૂર

ભગવાન્ શ્રીશય્યંભવસૂરિજીએ શ્રીદશવૈકાલિકની રચનામાં પ્રથમ અધ્યયનથી ગોચરીના આચારની શુદ્ધિ જણાવી બીજા અધ્યયનથી સંકલ્પ વિકલ્પ દશા છોડી વસ્ત્રાદિકની ઈચ્છા છોડી સુકુમાલતા છોડવાનો આચાર દૃઢપણે પાળવા જણાવ્યું. ત્રીજા અધ્યનનમાં સાધુઓના આચારમાં બાધ કરનાર બાવન અનાચીર્ણો જણાવ્યા, અને ચોથા અધ્યયનમાં છ જીવનિકાયની હિંસાનો ત્યાગ જણાવી જયણાથી પ્રવર્ત્તવું અને અજયણા ન થવા દેવી, એમ જણાવ્યું. એટલે સાચા શબ્દોમાં કહીએ તો સંસારમાં રખડાવનાર કટુક ફલવાળા પાપોનું બંધન વિસ્મરણ સાથે પાંચ મહાવ્રતો એજ આત્મહિતને માટે અંગીકાર કરવાનું છે એમ ચોકખું જણાવી દીધું છે. આટલું માત્ર આચારનું તત્ત્વ છે એમ સમજીનેજ શિષ્યે જયણા અને અજયણાના ઉપાદાન અને ગ્રહણનેજ માત્ર તત્ત્વ માની જ્ઞાનને અતત્ત્વ માનવા કે તેની જરૂરીઆત ગણવા ના પાડી તેથી ભગવાન્ શય્યંભવસૂરિજીને **पढमं नाणं तओ** दया એમ નિરૂપણ કરવું પડ્યું અર્થાત્ છકાયની દયારૂપી વસ્તુ શિષ્યે કબુલ કરેલી હોવાથીજ શાસ્ત્રકાર મહારાજશ્રી શય્યંભવસૂરિજીને પ્રથમ જ્ઞાન હોય છે અને પછી દયા બને છે, એમ કહેવું પડ્યું. અને આ વાત જ્યારે ધ્યાનમાં રાખીશું અને શિષ્ય તરફથી જ્ઞાનની કે જયણા અજયણા પૂરતી કે જીવાજીવના ભેદ અને યાવત્ મોક્ષપ્રાપ્તિ સુધીની સ્થિતિ જે ત્યાં જણાવે છે તેની પણ બીનજરૂરીયાતી સૂચવી હતી એમ લઈશું ત્યારેજ **जया जीवमजीवे** ઈત્યાદિ આખું પ્રકરણ ઠેઠ સિદ્ધદશાપર્યન્તનું કહ્યું છે તે સમજાશે, તેમજ ઉપસંહારમાં જે સમ્યગદૃષ્ટિએ આ છજીવનિકાયઅધ્યયનને પામીને અર્થાત્ છ જીવનિકાયનો બોધ અને શ્રદ્ધા મેળવીને સાધુપણું એટલે જયણાપૂર્વકની પ્રવૃત્તિ અને છ વ્રતો તો મેળવ્યાં છે, તો હવે તેની વિરાધના ન થાય તેમ પ્રવર્ત્તવું એજ સાર રૂપે કહું છું, અને ભગવાન મહાવીર મહારાજે પણ એમજ કહેલું છે. એમ સ્પષ્ટ થશે કે છ જીવનિકાયના પાલન માટેજ જ્ઞાનને સમ્યગ્દૃષ્ટિપણાની ઉપયોગિતા સ્વીકારાઈ હતી.

## આચાર અને જ્ઞાનની પ્રરૂપણા

ઉપર જણાવ્યા પ્રમાણે આચારને માટે જ્ઞાનની આવશ્યકતા થઈ અને તે આવશ્યકતા માત્ર ગુરૂસેવાથી પૂરી થવાવાળી ગણાઈ, અને તેથી પર્યુપાસના અથવા શુશ્રૂષાથી શ્રવણ જ્ઞાન, પચ્ચખાણ, આશ્રવનિરોધ સંવર, તપ, નિર્જરા, યોગનિરોધ, ભવસંતતિ ક્ષય અને મોક્ષ, એમ કુલ પરંપરા નિશ્ચિત સમજાવાઈ, અને આ અપેક્ષાવાળા ગ્રંથોમાં જ્ઞાન અને ક્રિયાને મોક્ષના માર્ગ તરીકે મનાવવાની ઘણી જરૂર પડી. આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યક, અનુયોગદ્વાર અને ભગવતીજીની ચઉભંગી આ બધુ જ્ઞાન અને ક્રિયા એ ઉભયપક્ષની વકતવ્યતાને આભારી છે, આવી રીતે જ્યારે જ્ઞાનની ક્રિયાની સાથે જરૂર ગણાવાય ત્યારે જ્ઞાનને ક્રિયાના

કારણ તરીકેજ ગણાવાય અને તેથી તે જ્ઞાનને ચક્ષુની ઉપમા દેવામાં આવે, તેમાં કંઈપણ નવાઈ નથી અને જ્યારે જ્ઞાને ચક્ષુની ઉપમા લીધી ત્યારે આચાર એટલે ક્રિયાને દોડવાની ઉપમા દેવામાં આવી.

## સમ્યગ્દર્શનની જણાવાયેલી જરૂરીયાત

જીવાજીવના બોધને માટે જેમ જ્ઞાનની જરૂરીયાત સ્વીકારાઈ તેમજ જીવાજીવના સ્વરૂપના નિશ્ચય માટે તેમજ ધર્માસ્તિકાયાદિક અજીવ અને નિગોદ વનસ્પતિ આદિજીવોના સ્વરૂપને સાંભલ્યા છતાં પણ તેના નિશ્ચિતપણા માટે સમ્યગ્દર્શનની સિદ્ધિ માનવાની જરૂર રહી જ. વળી જીવાજીવાદિકના સ્વરૂપને જાણ્યા પછી પણ આશ્રવાદિની હેયતાનો તથા સંવરાદિની ઉપાદેયતાનો નિશ્ચય કરવા સાથે અવ્યાબાધપદનું જ કેવલ સાધ્યપણું નક્કી કરવું તે પણ સમ્યગ્દર્શનની સ્થિતિને જ આભારી હતું, અર્થાત્ અપુનર્બંધકપણાની પ્રાપ્તિથી શુકલપાક્ષિકપણાથી પણ આત્માના અવ્યાબાધપદને માન્યું હતું, તેની ઈચ્છા પણ કરી હતી, અને તેની પ્રાપ્તિ માટે ઉદ્યમ પણ કર્યો હતો, પણ તે બધો ઉદ્યમ 'પણ' શબ્દની પોલાણવાળો હતો, અને તેથી યતોઽભ્યુદયનિઃશ્રેયસસિદ્ધિઃ એ ધર્મના લક્ષણને જણાવનાર સૂત્રથી ઐહિક અને પારત્રિક સુખોને પણ મોક્ષના સુખની સાથે સાધ્ય તરીકે ગણતો હતો, પણ જ્યારે સમ્યગ્દર્શનની જીવને પ્રાપ્તિ થઈ ત્યારે તેને ઐહિક અને પારત્રિક પૌદ્ગલિક સુખો સાધ્ય તરીકે ન લાગે, પણ હેય તરીકે જ લાગે.

## ગ્રંથિભેદ એટલે શું ?

સર્વજ્ઞશાસનના સતત પ્રવર્ત્તેલા પ્રવચનકારના અવગાહનથી નિષ્ણાત થયેલાઓને એક એ વાત તો નિશ્ચિત થયેલી છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કોઈ દિવસ પણ અનન્તાનુબંધિના કષાયરૂપ ગ્રંથિનો ભેદ થયા સિવાય થતી નથી. તેમ જ અનન્તાનુબંધિના કષાયને ભેદવારૂપ ગ્રંથિભેદને કરવાવાળો જીવ સમ્યકત્વને પામ્યા સિવાય રહેતો જ નથી. અર્થાત્ ગ્રંથિભેદ એ સમ્યકત્વનું કારણ છે એ ચોક્કસ છે, તેમ જ સમ્યકત્વએ ચોક્કસ ગ્રંથિભેદનું કાર્ય છે. એમાં સામાન્ય રીતે ગ્રંથિભેદ જે જણાવવામાં આવ્યો તે વ્યવહાર વચનથી તો અનન્તાનુબંધિના ભેદ રૂપ છે, પણ તે ગ્રંથિનો ભેદ થવાનું વાસ્તવિક સ્વરૂપ ક્યું છે, એ સમજવું એ જરૂરી છે. આ જીવ સર્વકાલ ઈષ્ટ એવા સ્પર્શ રસ ગંધ અને રૂપના સુખને ઈચ્છે છે, અને તેને માટે જ અનેક પ્રયત્નો કરે છે. પણ ગ્રંથિભેદ જ્યારે થાય ત્યારે આ જીવ તે ઈષ્ટ એવા સ્પર્શાદિને સુખરૂપે કે સુખના સાધનરૂપે પણ ગણે નહિ. પણ સર્વને ઈષ્ટ એવા સ્પર્શાદિને કેવલ દુઃખરૂપ દુઃખહેતુક અને દુઃખ ફલક જ ગણે, અર્થાત્ આત્માના અવ્યાબાધસુખ અને તેના સાધનરૂપ જે નિર્ગ્રંથ પ્રવચન એ સિવાય સર્વવસ્તુને અનર્થક રૂપ ગણે, અર્થ પરમાર્થ તરીકે જો કોઈપણ ચીજને તે ગણતો હોય તો માત્ર અવ્યાબાધ સુખરૂપ મોક્ષના સાધન રૂપ જે નિર્ગ્રંથ પ્રવચન છે તે જ, આવી સ્થિતિ થાય ત્યારે કહેવું જોઈએ એ ગ્રંથિભેદવાળા જીવને મોક્ષ જ જોઈએ, એવું મોક્ષનું નિયત સાધ્યપણું થઈ જાય, એટલે એ વખતે મોક્ષ પણ જોઈએ એવી પણ શબ્દની પંચાત ન રહે, અને આ સ્થિતિનો બરોબર વિચાર કરીશું એટલે સ્પષ્ટ સમજાશે કે અદ્વિતીયપણે મોક્ષની સાધ્યતાનો નિશ્ચય તે જ સમ્યગ્દર્શન ગણી શકાય.

## આત્માનું સ્વરૂપ

ઉપર પ્રમાણે જો કે મોક્ષની સાધ્યતાને અંગે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્રની જરૂરી જણાવી છે, પણ ખરી રીતે તો તે સમ્યગ્દર્શનાદિ ત્રણે વસ્તુઓ આત્માનું સ્વરૂપ જ છે. અને તેથી જ જેમ જેમ જીવ મોક્ષના પ્રયાણમાં વધતો જાય છે તેમ તેમ ગુણોની પ્રાપ્તિ થતી જાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી ઉગણસીત્તર ક્રોડા ક્રોડ સાગરોપમઆદિ મોહનીયઆદિની સ્થિતિનો ક્ષય જાય તો પણ જેનો

અંશે પણ ઉદય પ્રાપ્ત થતો નથી તેવા ગુણોની શેષ એક અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિનો ક્ષય થવાથી સંપૂર્ણગુણોની પ્રાપ્તિ થાય છે. જો કે શ્રી તત્ત્વાર્થસૂત્રકાર વગેરે મહાત્માઓ સમ્યગ્દર્શનાદિ ત્રણને મોક્ષનો માર્ગ કહે છે, તેમાં ઉપાદાન કારણ અને સજાતીયતાની અપેક્ષા હોય એ સ્વાભાવિક છે, છતાં કદાચ એમ પણ લઈ શકીયે કે આ સમ્યગ્દર્શનાદિ ત્રણ વસ્તુઓ મોક્ષનો નિકટ માર્ગ છે, અર્થાત્ જેમ જગત્માં હજારો કોશ છેટેથી એક શહેરનો માર્ગ અન્યશહેરથી શરૂ થાય છે, પણ બધાં મુખ્ય મુખ્ય શહેરો ઓળંધ્યા પછી તો જે વિવક્ષિત પુરની નજીક આવે નહિં ત્યાં સુધી જો કે વસ્તુતાએ આ મુસાફર મુખ્ય શહેર તરફ જ વધે છે, છતાં તે વિવક્ષિત શહેરના એક અંશને પણ જોવા મુસાફર ભાગ્યશાલી થતો નથી. અત્રે એમ કહેવું જ જોઈએ કે વિવક્ષિતપુરની અદૃશ્ય અવસ્થામાં ઘણો માર્ગ ઓળંઘવાનો હોય છે, અને વિવક્ષિત શહેર દેખ્યા પછી થોડો માર્ગ જ ઓળંઘવાનો રહે છે. એવી રીતે અહિં પણ એકોનસપ્તતિ કોડા કોડ સાગરોપમ ખપાવે ત્યાં સુધી તો આ જીવને મોક્ષને અનુસરવાવાળો કોઈ પણ ગુણ થતો નથી અને છેલ્લાં એક કોડાકોડસાગરોપમની સ્થિતિને ખપાવતાં તો સંપૂર્ણ મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે.

## ગુણોનો અભાવ જ કર્મનું કારણ

ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરિત્ર એ ત્રણે ગુણો સંપૂર્ણપણે મોક્ષમાં છે, અને એ ત્રણે ગુણો આત્માના સ્વભાવરૂપ છે, તો પછી તે સમ્યગ્દર્શનાદિ ગુણો કોઈ પણ આવરણથી રોકાયેલા છે, એમ માનવું જ જોઈએ બીજી બાજુ એ સમ્યગ્દર્શનાદિ ગુણો રોકવાથી આત્માની જરૂર વિકૃત દશા થતી હોવી જ જોઈએ. કેમ કે જો તે સમ્યગ્દર્શનાદિ આવરવાથી થતી વિકૃતિ ન ગણાયા તો પછી તે દર્શનમોહનીયાદિને ઘાતિકર્મ કહેવાની જરૂર જ ન રહે, અર્થાત્ સમ્યગ્દર્શનઆદિ જે આત્માના ગુણો છે તેનો ઘાત થતાં આત્માની જે મિથ્યાદર્શનયુક્તઆદિ દશા થાય એ, વિકારરૂપ ગણાય અને આત્માની વિકૃતદશા નવા કર્મોને બંધાવનાર થાય તેમાં નવાઈ નથી. આ કારણથી જ સમ્યગ્દર્શનથી વિપરીત જે મિથ્યાદર્શન એ કર્મબંધનું કારણ અને સમ્યક્ચારિત્રનું વિપરીત સ્વરૂપ જે અવિરતિપણું તે કર્મબંધનું કારણ છે, એ વાત તત્ત્વાર્થ કર્મગ્રંથ પંચસંગ્રહ આદિશાસ્ત્રોમાં સ્થાને સ્થાને છે. પણ સમ્યકત્વાદિથી વિરૂદ્ધ મિથ્યાત્વાદિની માફક સમ્યગ્જ્ઞાનની વિરુદ્ધ મિથ્યાજ્ઞાન અથવા જ્ઞાનની વિરૂદ્ધ અજ્ઞાન એમ વિપરીતજ્ઞાન કે અજ્ઞાન આત્માના વિકારરૂપ જ કહેવાય, તો અત્રે એ જ વિચારવાનું રહે છે કે મિથ્યાત્વ અને અવિરતિને કર્મબંધનના કારણો છે એમ સ્પષ્ટપણે કહ્યા પણ છે સમ્યગ્જ્ઞાનના પ્રતિપક્ષ અજ્ઞાનને કર્મબંધના કારણમાં કેમ નથી ગણ્યું ? અને ગણ્યું હોય તો જ્ઞાનથી વિરૂદ્ધ જે અજ્ઞાન એ કર્મબંધનું કારણ ગણાય કે સમ્યગ્જ્ઞાનથી જે વિરૂદ્ધ મિથ્યાજ્ઞાન તે કર્મબંધનું કારણ ગણાય ? આ બાબત સ્પષ્ટ પણે સમજાવવી જોઈએ, આ બાબતનો ઉત્તર સમજાવીએ તે પ્હેલા એટલું તો વાંચકવર્ગે પ્રથમ સમજવાનું જરૂરી છે કે સાંપરાયિકકર્મો મોહનીયના ઉદય સિવાય બંધાતાં જ નથી. અને મોહનીયનો ઉદય દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારે હોય છે. એટલે દર્શનમોહનીયના ઉદયે થતું મિથ્યાત્વ અને ચરિત્રમોહનીયના ઉદયથી થતું અવિરતિ (કષાય સાથે) એ બે કર્મબંધના કારણ

બને એ સ્વાભાવિક છે, પણ જ્ઞાનાવરણીયના ઉદયથી થતું અજ્ઞાન પોતાની પ્રાધાન્યતાપણે એ કર્મ બંધનું કારણ ન બને એ યોગ્ય જ છે. કારણ કે જો જ્ઞાનાવરણીયના ઉદયથી જો સર્વકર્મનો બંધ માનવામાં આવે તો બારમા ગુણઠાણાના ઉપાન્ત્યા ભાગ સુધી જ્ઞાનાવરણીયના ઉદયથી થતું અજ્ઞાન હોય છે. અને તે અજ્ઞાનથી જો સંપરાયનો બંધ માનવામાં આવે તો પછી તે કર્મની અબંધકપણાનીદશા આવવાનો વખત જ ન આવે, અને તેથી સાંપરાયિકકર્મોના રોકાણનો કે નાશનો વખત જ ન આવે, માટે જ્ઞાનાવરણીયના ઉદયથી થતી અજ્ઞાન દશા કર્મબંધનું કારણ છે એમ મનાય નહિ.

## પ્રકૃતિવિકૃતિપણાનો વિચાર

સાંખ્યમતવાળાએ જેમ પ્રકૃતિ વગેરેની ઘટના જગત્‌ના પદાર્થોને અંગે કરી છે તેમ અહિં પણ એમ કહી શકાય કે વેદનીય આદિચાર અઘાતિકર્મો માત્ર વિકૃતિરૂપ એટલે વિકારરૂપ છે. એ ચાર અઘાતિકર્મો અન્યપ્રકૃતિને બાંધવાનું કારણ બનતા નથી, તથા જ્ઞાનાવરણીયઆદિ મોહનીય સિવાયનાં ત્રણ ઘાતિકર્મો એ માત્ર પ્રકૃતિરૂપ છે, એટલે આત્માના ગુણોનો ઘાત કરી લે છે. એટલે એ વિકાર છે પણ એનો બીજો વિકાર થતો નથી તેથી કોઈની પ્રકૃતિ રૂપ થતાં નથી પણ તે કરેલા ગુણઘાતથી નવા કર્મનો બંધ થવા રૂપ વિકૃતિ થતી નથી, પણ અવિરતિ એવી પ્રકૃતિ વિકૃત રૂપે છે અને મોહનીયનો ઉદય જ પ્રકૃતિવિકૃતિ રૂપ જ છે, એટલે મોહનીયનો ઉદય એવો છે કે તે પ્હેલાના બાંધેલાં કર્મોના ઉદયરૂપ હોવા સાથે બીજા પણ કર્મોના ઉદયને કરનાર થવા સાથે બંધને પણ કરાવનાર થાય છે. ટુંકમાં કહીયે તો જ્ઞાનાવરણીયના ઉદયથી થયેલ જ્ઞાનના અભાવરૂપ એવું જે ઔદયિક અજ્ઞાન તે કર્મબંધનું કારણ બનતું નથી. કદાચ કહેવામાં આવે કે મિથ્યાત્વ અવિરતિઆદિની સાથે બંધના કારણ તરીકે શ્રીતત્ત્વાર્થકાર વગેરે શાસ્ત્રકારોએ અજ્ઞાનને ભલે ન લીધું હોય તો શ્રીઆવશ્યકનિર્યુક્તિ તથા પિંડનિર્યુક્તિને કરનાર શ્રીભદ્રબાહુસ્વામીજીએ તો ચોકખા શબ્દથી જ સંસારના ત્રણ કારણો જણાવતાં અથવા પિંડશુદ્ધિના ભેદો જણાવતાં મિથ્યાત્વ અને અવિરતિની સાથે અજ્ઞાનને જણાવેલું છે. માટે અજ્ઞાન કર્મબંધનનું કારણ જ નથી એમ તો કહી શકાય નહિં. પણ તે અજ્ઞાન સંસારના કારણ તરીકે જે ગણ્યું તે કયું ? અને બંધના ચાર કારણોમાં તે અજ્ઞાનને કેમ ન ગણ્યું ? આમ કહેવાવાળાએ સમજવું જોઈએ કે આવશ્યકટીકાકાર મહારાજા ખુલ્લાશબ્દોમાં જણાવે છે કે તે સંસારના કારણ તરીકે ગણાવાતું અજ્ઞાન જે છે તે જ્ઞાનના અભાવરૂપ ન લેવું પણ મિથ્યાત્વના યોગે વિપરીતસ્વભાવપણાને પામેલું મિથ્યાજ્ઞાન એટલે વિપરીતજ્ઞાનરૂપ અજ્ઞાન જ બંધના કારણ તરીકે ગણવું, એટલે મિથ્યાજ્ઞાનરૂપ અજ્ઞાન મિથ્યાત્વ વિના પણ હોતું નથી તેમ મિથ્યાત્વ પણ તે અજ્ઞાન વિના હોતું નથી અર્થાત્ મિથ્યાત્વ અને વિપરીતજ્ઞાનરૂપ અજ્ઞાન એ બંન્ને સહચારિત્ર જ છે અને તેથી એક ભેદ ગ્રહણ કરવાથી બીજો ભેદ ગ્રહણ કર્યો જ કહેવાય, માટે બંન્નેને જુદા જુદા લીધા નથી, અને સંસારના કારણપણામાં તો જ્ઞાનથી વિપરીત સ્વભાવવાળા અજ્ઞાનને જણાવવાનું એ કારણ છે કે તે અજ્ઞાન પ્રત્યે જીવને તેના સંસારકારણપણાને લીધે દ્વેષ થાય અને તે દ્વેષ મિથ્યાત્વ અને અવિરતિના દ્વેષને જેમ પ્રશસ્તદ્વેષ તરીકે ગણાય છે તેવી રીતે આ વિપરીતસ્વભાવરૂપ અજ્ઞાન ઉપર પણ સંસારના કારણપણાને લીધે થતો દ્વેષ તે પ્રશસ્તદ્વેષ ગણાય, અને તેનું પર્યવસાન જેમ મિથ્યાત્વ અને અવિરતિના દ્વેષનું પર્યવસાન મોહનીયના નાશે થાય તેવી રીતે અજ્ઞાનનું પર્યવસાન પણ મોહનીયના નાશે જ થાય, માટે બંધના હેતુ તરીકે જ્ઞાનના વિપરીતસ્વભાવરૂપ અજ્ઞાનને જ લેવાનું શાસ્ત્રકારો કહે છે તે વ્યાજબી જ છે.

# સમાલોચના

કથીરશાસને-કથીરશાસન ઈર્ષ્યાના સ્મશાનમાં સફર કર્યા કરે તેના કરતાં સંમૂર્છિમપણુ અનાર્યકથન આદિ પહેલાના તથા અસ્વાધ્યાયેકાલગ્રહણ આદિ વર્ત્તમાનના થયેલા અનર્થનું શમન કરે તે જ સારૂ ગણાય ? યાદ રાખવું કે સન્નિપાતવાલાને પોતાના દરદનું ભાન ન હોય, પણ તે બિચારાને જલદી સ્મસાનમાં સધાવવું પડે છે, માટે તમારૂં તેમ ન થવા માટે દરદ અને દવા માટે યોગ્ય કરવું સારૂં છે, અગ્રજો ઉત્સૂત્ર બોલ્યા તે સ્થાપવું પડ્યું અને અભિમાને પોતાનાથી છુટ્યા એ વાત તો જાહેર છે. (વીરશાસન)

૧ સચિત્ત જલમાં સમયે સમયે અસંખ્યની ઉત્પત્તિ અને નાશ છે ૨ અચિત્ત કરવાના આરંભ કરતાં ભક્ષણમાં થતો આરંભ અલ્પ અવગુણવાળો છે, એ હકીકત અપકવ અને દુષ્પકવઔષધિને વર્જવાનુ કહેલ હોવાથી સમજાશે ૩ બનાવટી બરફ પણ તેવી સાંયોગિકસ્થિતિએ થાય છે ૪ પર્વે આરંભ વર્જવો એ શ્રુતવાણીનું તાત્પર્ય છે ૫ કારણ અને કાર્યની પૃથગ્દશા સમજવાથી પૂર્વકાયની શંકા નહિ રહે ૫ અયોધ્યાથી ઉત્તરમાં અષ્ટાપદ છે, ભરતના દક્ષિણ મધ્યભાગ સિવાયમાં અનાર્ય જ ક્ષેત્ર છે વૈતાઢ્ય એ હિમાલયથી જુદો છે, દક્ષિણ મધ્યભાગ સિવાયના રાજા વર્તમાનમાં છે તેમ તે ભાગ તેના આધીન હોય (આ પાંચ પ્રશ્નોત્તરોથી માત્ર સમાધાની થાય તત્ત્વજ્ઞાન ન થાય એ સમજવા જેવું છે.)

આચાર્યપદથી વિભૂષિત થનારાઓમાં અનેક વ્યક્તિઓ લાયકપણે છે, યોગપૂર્વક અને પદસ્થોથી લેવાતી પદવીઓમાં જ્યારે અધિકતા લાગે તો વગર યોગે કે ઘરબારી પાસે પદવી લેતાં તો રાફડો ફાટે તેમાં દોષ કોનો અને કેમ નિવારવો એ ચર્ચકોએ જ વિચારવું. (જૈન)

**શ્રીયુત વીરેન્દ્રને**

શ્રી કેશરીયાજીના ધ્વજાદંડનો અધિકાર શ્વેતાંબરોનેજ હતો અને છે. કમીટીમાં પણ તેના પુરાવા દાખલ થઈ ગયા છે તમારો એકકે પુરાવો નથી, ધ્રુજી જવાથી રાજ્યે તે ઉતાર્યો છે, તેમાં તમારૂ કંઈ વળ્યુ નથી, પણ તમે તો હકિકત જુઠારૂપે જ રજુ કરી છે ૨ મથુરામાં નીકળેલી શ્વેતાંબરોની ગણકુલ શાખાદિના લેખવાળી જૈન મૂર્તિઓ કચ્છ વિનાની છે માટે કચ્છ વિનાની મૂર્તિ દિગંબરોની જ હોય એ ભ્રમ જ છે ૩ નવચોકી નક્કારખાનુ અને હાથી ઉપર શ્વેતાંબરોના ચોકખા અને યોગ્ય સ્થાને લેખો છે (દિગંબરના કહેલા પત્થરો મંદિરના લેખના જ નથી) ૪ દિગંબરો શ્વેતાંબરોની પોળમા ઘૂસી જાય છે તે વાત તમો જુની જણાવો છો તે ચેતવણીરૂપ છે એમ ખરૂં છે ૫ ભગવાન્ કેશરીયાજીની મૂર્તિના પાષાણમાં સ્વપ્ન છે જ નહી. ૬ પુસ્તકોની યુરોપીયન યાદી તરફ જોવાની તસ્દી લીધી હોય કે જુના ભંડારના પુસ્તકો જોયાં હોય તો આવુ અણસમજનું લખાણ કોઈપણ નહિ કરે કે લખનાર એ જ રચનાર જ હોય. (જૈન દર્શન)

૧ મોક્ષમાર્ગની આરાધના કરનારે તેનાં સર્વસાધનોનો આદર કરવો જ જાઈએ. શક્તિના અભાવાદિકારણથી કદાચ કોઈ સાધન પોતાનાથી ન બને તો તે કરનારના બહુમાન સાથે તે કરવાની આકાંક્ષા રાખવી એ શાસ્ત્રીયમાર્ગ છે.

૨ નિશાસમયે પૂજા વખતે કરેલું તિલક દૂર કરવું એમ **ललाटात् तिलकं** એમ કહી જણાવે છે. (

૩ પૌષધનો મુખ્યકાલ સવારના પ્રતિક્રમણ પહેલાં છે. શ્રીવીરવિજયજીએ 'પ્રભુપડિમા પૂજીને

પોસહ લઈયેરે' એમ જે કહ્યું છે તે જો બીજા કોઈ કારણે ન હોય તો પૌષધ વ્રતના અગર પૌષધપ્રતિમાના અંગીકાર અંગે હોય એમ જણાવે છે.

૪ નાળીયેર કે જમણની લાલચે વ્યાખ્યાન કે પૌષધની પ્રવૃત્તિ થાય એ પ્રભાવના કે જમણ કરનારનો ગૌણ હેતુ હોય છે. પણ તેવી રીતની પ્રવૃત્તિમાં લાલચને રોકવાની હોય છે. પણ તે વ્યાખ્યાન અને પૌષધને રોકવાની જરૂર હોતી નથી.

૫ સામાયિકમાં સાવદ્યનાં પચ્ચક્‌ખાણ હોવાથી નિરવદ્ય જલપાનમાં વ્રતભંગ નથી. પણ બે ઘડીના ટુંકા વખતમાં તે પ્રવૃત્તિ યોગ્ય નથી

૬ સાધારણ ખાતાની સદ્ધર સ્થિતિ ધ્યાનમાં રાખવી જરૂરી છે. તે ધ્યાનમાં રાખ્યા સિવાય જો દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્યાદિ બીજે ધીરવામાં આવે તો વહીવટદારનું સાહસ જ ગણાય. અયોગ્ય અને દોષયુક્તથી વહીવટદારે બચવાની જરૂર છે.

(મુબંઈ)

૧ મૌનના કારણમાં કડીયા શક્તિના વ્યયને નકામો છે એમ મુંબઈ સમાચારમાં જણાવે છે ત્યારે શાસિત તંત્રી જુદું જ કારણ અસત્યને સત્ય અને સત્યને અસત્ય બનાવવાની બાજી રમીને જણાવે છે.

૨ મહાત્મા વાલીમુનિજીનું વૃત્તાંત એક કોલમ કે એક પેજનું નહોતું કે જેથી પૃષ્ઠાંક લખી શકાય.

૩ આ પક્ષે પત્રવ્યવહારની અખત્યાર કરેલ નીતી કેવી નિષ્ફળ જ નહિ પણ ઝેરીલી બનાવાઈ હતી તે તેના પત્રના અધિષ્ઠાતા અને લેખક ભૂલે છે કેમ ?

૪ શાસનમહિમા જ અલૌકિક છે કે જેથી તેનાથી વિરૂદ્ધ વર્તનારને તો વધારે વફાદારીની બુમ મારવી પડે છે. (વીરશાસન)

**વાચક ગણને:-**

પ્રવચનની લાંબી ચર્ચા ચાલ્યા છતાં સત્યાસત્યનો નીર્ણય ન થઈ શક્યો ગણીએ, તેથી હવે આચાર્યદેવ શ્રીમત્ સાગરાનન્દ સૂરીશ્વરજીના પાંચ લેખો અને બન્ને વર્ષની શ્રી સિદ્ધચક્રની ફાઈલો હું પાંચ આચાર્યો ઉપર મોકલી આપું છું. જો મેં કંઈ પણ ખોટી વાતનો પક્ષ કર્યો છે, એમ તેઓશ્રી ફરમાવશે તો તે બાબતનો મિચ્છામિ દુક્કડં હું જાહેર કરીશ, અને હું ખાતરી આપું છું કે જો તેમ

૧ આચાર્ય શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી

૨ આચાર્ય શ્રી વિજય નીતિસૂરીશ્વરજી

૩ આચાર્ય શ્રી વિજય નંદનસૂરિજી

૪ આચાર્ય શ્રી વિજય લાવણ્ય સૂરિજી

૫ આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરિજી

જો મ્હારૂં લખાણ ખોટા પક્ષને અંગે છે, એમ જણાવશે તો આચાર્ય દેવેશ પોતાનો પક્ષ છોડી દેશે.

તા.ક :-આશા છે કે પ્રવચનના સંપાદક પણ પોતાની બે વર્ષની ફાઈલ ઉપરના પાંચ આચાર્યો ઉપર મોકલશે કે જેથી તેઓને અભિપ્રાય બાંધવો અનુકૂલ પડે અને હમને ન સાંભળ્યા એમ ન કહેવાય.

૨. સંપાદક અને તેમના નવા આચાર્ય કંઈપણ લખે તેમા કંઈપણ ઉત્તર લખવાનો અમારે રહેશે નહિ. 'તંત્રી'

(ટા. પા. ૪નું અનુસંધાન)

એક વાત ચાલુઅધિકારને વિષે વિચારવા જેવી છે ને તે એ છે કે શ્રીશ્રેયાંસકુમારને ફળ દેનાર તરીકે સાચું સ્વપ્ન આવ્યું તે સ્વપ્ન મેરૂનું કેમ ? સોમયશામહારાજાને સુભટ અને તેની હારજિત સંબંધી તથા નગરશેઠને સૂર્યના કિરણોનું ખરી જવું અને શ્રેયાંસકુમારદ્વારાએ જોડાવું દેખાયું, પણ ખુદ શ્રેયાંસકુમારને મેરૂનું શ્યામ થવું અને અભિષેકથી ઉજળા થવું કેમ દેખ્યું તે વિચારવાની આવશ્યકતા છે. આ સ્થાને આ વાત જણાવવાની જરૂરી છે કે કોઈપણ બાળક પછી રાજાનો કુમાર હો કે રંકનો છોકરો હો પણ પ્રત્યક્ષ દેખાતી સુંદરરૂપની વાતો કરતાં અદેશ્ય અને આશ્ચર્યકારી વાતો તરફ વધારે લક્ષ્ય ધરાવનારો હોય છે. વળી તે વખતની સ્થિતિની અપેક્ષાએ આબાલગોપાંલનામાં મેરૂની કીર્તિ ઘણી જ જાહેર રીતે ગવાઈ હતી. ભગવાન્ જિનેશ્વરમહારાજના અભિષેકને અંગે જાહેર થયેલ પર્વત એ જ છે કે જે મેરૂના નામે જાહેર હતો. ભગવાન્ ઋષભદેવજી મહારાજ અને બીજા પણ મહારાજાઓની મહત્તાનું માપ એ જ મેરૂની ઉપમાથી જ લેવાતુ, સંસારિલોકોને દ્રવ્યની જે અભિલાષા હોય છે તેમાં ચિરસ્થાયી કહોવાય નહિ, બળે નહિ અને બહુ મૂલ્ય, એવું જો કોઈપણ દ્રવ્યનો હિસ્સો ગણાયો હોય તો બીજો કોઈ નહિ પણ માત્ર સુવર્ણનો જ હિસ્સો તેવો ગણાયો છે, જો કે રત્નાદિવસ્તુઓ પદાર્થો તરીકે સ્થાન સ્થાનપર વખણાયછે પણ કાન્તિના પ્રાગ્ભારને માટે ચાંદી અને સોનાને સ્થાન વિશેષે મળે છે અને કાંતિના સ્થાનમાં સોનાને રાખી સોનું અને સુંગધ એવું દૃષ્ટાંત ઉભયની યોગ્યતા માટે વપરાય છે. આ બધી વાતની સાથે જ્યારે એમ જાહેર રીતે સિદ્ધ થયું હોય કે મેરૂ સોનાનો છે તો પછી કાંતિમાન્ પદાર્થોની પરમકોટિ મેરૂને વરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અને જ્યારે મેરૂ તે સ્થિતિમાં જાહેર હોય તો પછી તે સંબંધનું સ્વપ્ન સામાન્યરીતિએ કુમારને આવે અને તેમાં વર્તમાનની અધમતા જણાવવા સાથે ભવિષ્યની ઉત્તમતા જણાવવી હોય તો તેની શ્યામતા અને છેવટે તેના અભિષેકથી તે સુવર્ણમયમેરૂની અધિક કાંતિમત્તા દેખાય તેમાં આશ્ચર્ય નથી. સામાન્યરીતે જો કે અનુભવેલી સાંભળેલી અને દેખેલી વિગેરે વસ્તુઓ સ્વપ્નાનો વિષય બને છે. પણ ચિન્તના એ એવી અપૂર્વ વસ્તુ છે કે તેનો પ્રભાવ સ્વપ્નદશા ઉપર જબરદસ્ત પડે છે. જો કે ચિન્તાના પ્રાબલ્યપણાને લીધે આવતું સ્વપ્ન ફલ દેનાર તરીકે ગણાતું નથી, અને તેથી ચિન્તાની શ્રેણિથી આવતાં સ્વપ્નોને નિરર્થક ગણવામાં આવે છે. પણ અનુભવ વગેરે ભેદો જુદા પાડેલ હોવાથી ચિંતાના સ્વરૂપને યથાર્થ રીતે સમજવાની જરૂર છે. કેમકે જો વિચારમાત્રને ચિંતા સ્વરૂપે ગણવાનો હોત તો અનુભવાદિ સર્વ જે સ્વપ્નાના હેતુઓ ગણાવેલા છે તે વિચારથી બ્હાર તો નથી. માટે સ્મૃતિ અને સમન્વાહારને ચિંતા સ્વરૂપ ગણવાં, પણ માત્ર બોધને અથવા સામાન્યઅધ્યવસાયને ચિંતાસ્વરૂપે ગણવાં વ્યાજબી નથી, અને તેવી મેરૂની રાજ્યવર્ણન ભૂપતિસ્તુતિ સ્થિરતા સુવર્ણમયતા અતિશયપ્રભાસહિતતા આદિગુણોને અંગે અદ્વિતીય છાયા શ્રેયાંસકુમારના મગજમાં પડે એ અસ્વાભાવિક નથી, અને તેથી તે સંબંધી નઠારી અને સારી દશા જે સંભવે છે તે સંબંધી સ્વપ્ન આવે તે સ્વાભાવિક જ છે અને તેથી જેમ સોમમહારાજાને જીતનું નગરશેઠ સાહેબને સૂર્યનું સ્વપ્ન જોવું યોગ્ય હતું તેવી જ રીતે શ્રેયાંસકુમારને અંગે મેરૂની શ્યામતા અને અમૃત અભિષેક થયેલો ઉજ્જવલતા દેખાય તે સ્વાભાવિક જ છે. જો કે સુવર્ણની શ્યામતા ટાળવા માટે વહ્નિ કે ક્ષાર જેવા પદાર્થની જરૂર દુનિયામાં ગણાઈ છે. પણ સર્વસાધારણ રીતે જગતમાં અમૃતરસ સર્વરસમય અને સર્વકાર્ય કરનારો ગણાતો હોઈ તે અમૃતના અભિષેકથી સુવર્ણમય મેરૂની શ્યામતા નષ્ટ થાય એમ દેખાય અને સુવર્ણમય મેરૂ સ્વાભાવિક સુવર્ણની જે શોભા પામે તેના કરતાં અમૃતના અભિષેકથી વિશેષ શોભા પામતો દેખાય તેમાં આશ્ચર્ય નથી. પ્રથમના બે સ્વપ્નોથી જેમ યુદ્ધવીર અને દાનધર્મની જાજ્વલ્યમાનતા ધ્વનિત કરાઈ, તેવી રીતે જ અહીં ધર્મવીરપણું ધ્વનિત કરાયું છે એમ માનવામાં અયોગ્ય થાય છે એમ કહી શકાય જ નહિ. સુવર્ણની સ્વાભાવિકકાંતિ માફક આત્માના સદ્દર્શનાદિરૂપ ધર્મ સ્વાભાવિક ગણાય અને આવિર્ભાવદશામાં વધારે શોભે અને તેનો દેખાવ જ શ્રીશ્રેયાંસકુમારના સ્વપ્નામાં આવે અને આત્માના સ્વાભાવિક અને અવ્યાબાધ સ્વરૂપને પ્રકટ કરનાર ધર્મના અસાધારણ કારણ તરીકે સુપાત્રદાન જ છે એમ સ્વપ્નદ્વારાએ કુદરત જ જણાવે છે.

## શાસનમાં સુપાત્રદાનનું સ્થાન

### શું સુમેરૂની શ્યામતા ? અભિષેકથી ઉજ્જવલતા ? તેનું ધામ શ્રેયાંસકુમાર?

### લેખાંક ત્રીજો

આ અવસર્પિણીમાં પ્રથમ સુપાત્રદાનના પ્રસંગમાં આપણે જાણીયે છીયે કે ગ્રામાધીશ દેશાધિપ ખંડાધિપ કે સાર્વભૌમસત્તાધીશો બોલાવ્યા કે અનબોલાવ્યા કોઈપણ પ્રજાજનને ત્યાં પધારે છે ત્યારે કોઈપણ પ્રજાજન તે ગ્રામાધિપઆદિને અભ્યંતરપણે ઈષ્ટ હોય તોપણ અશનપાનાદિને દેવાનું કે તેની વિજ્ઞપ્તિ કરવાનું યોગ્ય ગણતો નથી. તો પછી અખંડ અને આદ્ય અધિપતિપણાને કરનાર અને જગતની સર્વસૃષ્ટિની ઉત્પત્તિ જેઓના બુદ્ધિપ્રાબલ્યઆદિને જ આભારી હતી. તેવા મહાપુરૂષ પોતાની જ પાસે કોટવાલ તરીકે, માન્યતમ ગુરૂવર્ગ તરીકે, સમાન સ્થિતિમાં રાખેલા હોઈ રાજન્ય તરીકે અને છેવટે ત્રણે વર્ગમાં પણ જેઓને ચઢાવી શકાયા કે ચઢી શક્યા નહિ તેવા ક્ષત્રિયો પ્રજાવર્ગ તરીકે લાખો પૂર્વો અને ક્રોડો વર્ષો સુધી રહેલા અને રાખેલા એવા મનુષ્યો પાસે પોતાની રાજ્ય ઋદ્ધિની અને મુકુટાદિસહિતની દશાને સર્વથા વોસીરાવવા સાથે રાજ્યના કટકા બુકલા કરી પોતાના ફરજંદોને આપી દઈ પોતે એકલા નીકળી પડેલા તે આરક્ષકઆદિને ઘેરે પગલાં કરે તે વખતે તે તે આરક્ષકાદિ શું શું આપવા નિમંત્રણ કરે એ સ્હેજે કળી શકાય તેવી હકીકત છે. વળી તેમાં પણ જે ભગવાન્ ઋષભદેવજીએ લાગલાગટ એક વર્ષ સુધી અખંડપણે અને દેવતાની હાજરીમાં ક્રોડો સોનૈયા અને હાથી ઘોડા વગેરેનાં જ દાન દીધાં છે, પણ અશનપાનાદિનું દાન અન્યતીર્થંકરોના વખતમાં તેમના કે તેમના કુટુંબ તરફથી બન્યાં છે, છતાં ભગવાન્ ઋષભદેવજીના સાંવત્સરિકદાનપ્રસંગે તેવાં મહાનસઆદિ ખોલાવી અશનાદિનું દાન નથી બન્યું, તેથી પણ અશનાદિની માત્ર દરકાર રાખવાવાળા આદ્યભિક્ષાચર એવા ભગવાન્ શ્રીઋષભદેવજીને અશનાદિની નિમંત્રણા કોઈપણ ન કરે તે તેમને માટે અસ્વાભાવિક ન્હોતું, તેમ જ હાથી અશ્વઆદિ કે જેનો પોતે પ્રથમ રાજ્યાધિકારમાં અત્યંત આદરથી સંગ્રહ કર્યો હતો, તેનું જ નિમંત્રણ થાય તે સ્વાભાવિક જ હતું. આવી સ્થિતિમાં ભગવાન્ શ્રીઋષભદેવજીને પોતે અશનાદિના દાનનું પાત્ર છે એમ જણાવવું કેવું અસંભવિત થઈ પડે તે કલ્પના બ્હાર નથી. અને આવી દશામાં એ કલ્પનાને પણ હવે સ્થાન નહિ મળે કે ભગવાન્ શ્રીઋષભદેવજીએ સાથે પ્રવ્રજ્યામાં દાખલ થયેલા અને ભગવાનને ભરોસે જ કુટુંબ કબીલા અને ઘરબાર છોડનારાઓની દીક્ષા ટકાવવા જેવા મહાભગીરથ પરોપકારી કાર્યમાં કેમ પ્રવૃત્તિ નહિ કરી હોય ? એવા જગતની સૃષ્ટિને સર્જનારને આવી દશામાં દાખલ થવું એ અસંભવિત છે, તેમ અકલ્પનીય પણ છે જ. સામાન્યમનુષ્યની ઔચિત્યપ્રવૃત્તિ ચ્હાય તેવી હોય, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની ઔચિત્યપ્રવૃત્તિ અનોખું સ્થાન લે તે અયોગ્ય નથી, આ ઉપરથી એ પણ સમજીજ શકાશે કે ભગવાને દીક્ષા ગ્રહણ કર્યા પછી ચાર હજાર સહચારિયોના શ્રમણભાવને ટકાવવા માટે પણ સુપાત્રદાનનો ઉપદેશ કેમ નહિ આપ્યો હોય ? અર્થાત્ કેટલીક બાબતમાં ત્રિલોકનાથની ઔચિત્યવૃત્તિ અલૌકિક જ હોય છે. એ વાત બરોબર ધ્યાનમાં લેવા જેવી એટલા માટે છે કે ભગવાન્ ધર્મઘોષસૂરિજીએ આ જ ભગવાન્ શ્રીઋષભદેવજી આગળ સાધુઓની કેવી ભિક્ષા કલ્પે વગેરે જણાવ્યું છે છતાં તે જ ભગવાન્ આ વખતે ચાર હજાર સહચરોના સાધુપણાના રક્ષણ માટે તેટલો રીતિનો પણ ઉપદેશ કે ઈસારો કરતા નથી. આ ઘટનાના મૂલમાં એમ વિચારવું અસ્થાને નહિ જ ગણાય કે આદ્ય પ્રવૃત્તિ જણાવનારને પ્રવૃત્તિની કર્ત્તવ્યતા જણાવતાં તેનું અનંતર અને પરંપર ફળ જણાવવું તે આવશ્યક થાય, તેમ જ દાનના પાત્રનું પણ સરસ રીતે વિવેચન કરવું જ પડે એટલે કહો કે શાસનની સ્થાપના જ સર્વજ્ઞપણું પ્રકટ થયા સિવાય કરવાનો પ્રસંગ આવી પડે, માટે મૌન રહેવું અને સર્વ સહન કરવું એ જ પ્રભુએ લીધેલ માર્ગ યોગ્ય હતો એમ બુદ્ધિશાળિયોને માનવું જ પડશે.

(જુઓ ટા. પા. ૩ જું)

ચતુર્થ વર્ષ અંક ૧૯-૨૦

Registered No. B.3047




તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

આષાઢ
સંવત ૧૯૯૨

જુલાઈ ૧૯૩૬

**પ્રવચન સંપાદકને :-**

(૧) પક્ષ પ્રતિપક્ષ જે આચાર્યદેવ જણાવેલા તે સત્ય જ હતા અને છે. (૨) એક કોલમ કે એક પેઈજની ચર્ચા ન હોતી કે પેઈજના આંક લખાય, છતાં પ્રવચનકારની અસલથી શી દાનત હશે તે જાહેર થયું છે. (૩) આચાર્યદેવે આહ્વાનનો સ્વીકાર કર્યો ત્યારથી જ તમારા પ્રવચનકારે તે લખવાનું બંધ કર્યું, ને તમને સોંપ્યું. (૪) પક્ષ પ્રતિપક્ષનો મુદ્દો પણ મધ્યસ્થો નક્કી કરી શકશે એમ જણાવ્યા છતાં જ્યારે તમો કે પ્રવચનકાર ન સમજ્યા ત્યારે જ વાસ્તવિક રીતે પ્રશ્નોત્તર ગોઠવાઈ છપાવ્યું છે. (૫) વીરશાસન કે જૈનપ્રવચનના તંત્રી કે સંપાદક કે લેખક તો મફત કાર્ય કરતા હશે અને તેમાં પગારદારને જુદા અને લબાડ તેઓ ગણતા હશે. મી. લલ્લુભાઈ તેવા નથી એ ચોક્કસ છે. તેમની સાચી હકીકત આગલ બહાર આવવા જણાવ્યા છતાં તમારા નવા આચાર્ય કે તેમના ધર્મપ્રેમીઓ બહાર આવતા જ નથી એ જ એની સત્યતાનો પુરાવો છે. તમે આદ્યંત અનુભવ વિનાના થઈને લખો છો પણ લલ્લુભાઈ સાદ્યંત અનુભવવાળા હોઈને લખે છે. (૬) તમારા આચાર્ય જો પ્રશ્ન પૂછવાની ઈચ્છા ચોકખી સહી સાથે સ્પષ્ટ શબ્દોથી જાહેર કરશે, તો આચાર્યદેવ પણ ઉત્તરો આપવાની સ્પષ્ટ સહી અને શબ્દોથી જાહેરાત કરશે. (૭) અનુકરણ પ્રકૃતિવત્ હોય છે એ સમજનારો તો નિઉં ૦ની ભૂલ અમારી છે એમ નહિ જ ગણે, છતાં તે છાપાંની હોય એમ પહેલેથી જ જણાવેલ છતાં સુધારામાં કુધારો થાય એ જ દશાની દિશા જણાવે છે. (૮) આચાર્યદેવે આહ્વાનનો સહી સાથે પેપરમાં સ્વીકાર કર્યો પછી તમારા નવા આચાર્યે પોતાની તરફથી એક શબ્દ તે બાબતમાં જાહેર કર્યો નથી, માટે ઉત્તરોના ઉત્તરોની વાત સર્વથા જુઠી જ છે. (૯) આર્હતદર્શન કે અર્હદ્દર્શનની જગો પર વારંવાર આર્હદ્દર્શન લખનાર ભાષાની ભૂલ ગણે તો ને નિઉં ૦ ને તેવી ગણે તો મનની વાત છે.

૧ લાંબો લેખ છતાં ભૂલ રહેલી હોય તે બતાવવાની ચતુરાઈ તો ચરણદાસની ચાલાકીમાં ન જ આવી. (જૈન)

**વાચકોને :-**

૧ ચાલુ મતભેદોના લેખો બીજા પેપરમાં છેડવા નહિ. વિષયના સર્વથા અજાણો ઘણા હોય અને તેથી ન સમજતાં કોઈ પણ વક્તાને ખોટી રીતે નિંદે તે યોગ્ય નહિ. આ પેપરમાં પણ ટુંકાવવાની રીતિ અને એકથી વધારે વખત લીધી છે.




# (પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૧૯-૨૦ | મુંબઈ જુલાઈ ૧૯૩૬<br>આષાઢ | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**જાતિભેદનો શાસ્ત્રીયક્રમઃ-**

આપણા વાચકો ઉપર વાંચી ગયા છે કે પ્હેલાં મનુષ્યની એક જ જાતિ હતી, એટલે જાતિભેદ વિનાના જ મનુષ્યો હતા, અને પાછલથીજ મનુષ્યોમાં જાતિભેદ થયો છે, અને એ જાતિભેદની બાબતમાં હેતુ અને ક્રમ તપાસતાં અન્યલોકોએ જે બ્રહ્માના મુખઆદિથી બ્રાહ્મણાદિના અનુક્રમે જે વર્ણોત્પત્તિ માની છે તે કેટલી બધી અયોગ્ય અને અસંભાવનીય છે તે જોઈ ગયા, પણ જાતિભેદ જ્યારે જગતમાં જેમ પશુપક્ષીઓમાં છે, અને મનુષ્યોમાં પણ જ્યારે જાતિભેદ અધ્યક્ષસિદ્ધ અને પ્રચલિત છે, તો પછી તે મનુષ્યની જાતિયોમાં થયેલો ભેદ ક્યા ક્રમથી હોવો જોઈએ અને તે હેતુપૂર્વકનો કેમ ઘટી શકે ? તે વિચારવું અનાવશ્યક નથી. ધ્યાન રાખવાની જરૂર છે કે પશુપંખીઓમાં દેખાતો મનુષ્યની માફક જે જાતિભેદ છે તે સ્વાભાવિક એટલે કોઈકારણસર ઉત્પન્ન થયેલો નથી, પણ પશુપંખીઓમાં જાતિભેદ જરૂર છે, અને તેથી તો મનુષ્ય, કુતરા અને કાગડાઆદિ જાતિની ઉપમાથી ક્રોધાયમાન થાય છે, તેમ જ હંસ કે હાથી અથવા વૃષભઆદિની ઉપમાથી વર્ણવાતાં સ્તુતિ થઈ માને છે અને વર્ણનકરનાર ઉપર તુષ્ટમાન થઈ જાય છે. જગતમાં સમજુ ગણાતો કે સમજણ ધરાવનારો કોઈપણ મનુષ્ય એવો નહિ નીકળે કે જે કાગડાઆદિની ઉપમાથી રોષાયમાન અથવા હંસઆદિની ઉપમાથી તુષ્ટમાન ન થતો હોય, કહેવું જોઈએ કે જાનવર અને પંખીમાં તો જાતિભેદ દરેકના હૃદયથી કબુલ જ થયેલો છે, તો પછી તે જ પ્રમાણે મનુષ્યજાતિમાં પણ ઉત્તમ અને અધમ મનુષ્યો હોય અને તેની ઉપમાથી મનુષ્યો તુષ્ટમાન અને ક્રોધાયમાન થાય તેમાં કાંઈપણ નવાઈ જેવું નથી. ધ્યાન રાખવાની જરૂર છે કે હાથીયોમાં પણ જાતિએ ઉત્તમતા છતાં અધમગુણવાળા હાથીયો નથી હોતા એમ નથી, તેમ જ કુતરાની જાતિ અધમ ગણાતાં છતાં તે કુતરાઓમાં પણ નીમકહલાલ અને વફાદાર કુતરાઓ નથી હોતા એમ નથી. છતાં હાથીઆદિની ઉપમાને ઉત્તમ ગણીએ છીએ અને કુતરાઆદિની ઉપમાને અધમ ગણીયે છીયે તે ગુણોની દરકાર ક્યાં વિના કેવલ તે તે જાતિની ઉત્તમતા અને અધમતાને જ આભારી છે. એવી રીતે મનુષ્યોમાં કોઈ અધમજાતિવાળો પણ સારાગુણવાળો હોય અને ઉત્તમજાતિવાળો છતાં પણ ગુણોથી હીન કે અધમગુણવાળો હોય તેની કોઈથી ના પાડી શકાય જ નહિ, છતાં તે ગુણ કે અવગુણની વિવક્ષા ન કરીયે ત્યાં પણ સામાન્યથી પશુ અને પંખીની માફક માત્ર જાતિથી જ ઉત્તમ અને અધમજાતિનો વ્યવહાર કરાય છે, અને તે વ્યવહારને આધારે જ ઉત્તમ જાતિ જે ક્ષત્રિયાદિ તેની ઉપમા અપાય તે ખુશ કરનારી થાય છે અને વહવાઈયાની જાતિની ઉપમા અપાય તે નાખુશી ઉત્પન્ન કરનારી થાય છે, માટે મનુષ્યોમાં જાતિભેદ ગુણ અને ક્રિયાથી નિરપેક્ષપણે ચાલુ છે અને સર્વને તે માન્ય છે, એમાં બે મત થઈ શકેજ તેમ નથી, માટે તે જાતિભેદનો યુક્તિસર અને પ્રામાણિક ક્રમ રજુ કરવાની જરૂર છે.

આચારાંગનિર્યુક્તિકાર ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી પણ સ્પષ્ટપણે જણાવે છે કે एक्का मणुस्सजाई અર્થાત્ ભગવાન્ શ્રીઋષભદેવજીના જન્મ પ્હેલાં કે તેમના રાજ્યકાલ પ્હેલાં એક જ મનુષ્યજાતિ હતી. જો કે સર્વપણ જાતિભેદને માનવાવાળાં દર્શનો આ વાતમાં એક જ મત છે કે પ્હેલાં એક જ મનુષ્યજાતિ હતી. બ્રહ્માઆદિથી ચારે પ્રકારના વર્ણોની ઉત્પત્તિ માનનારા મતે તો પ્હેલાં જગત્ પરમેશ્વર મનાયલા બ્રહ્માજ હતા અને બ્રહ્માને તેવી રીતે વર્ણોત્પત્તિ માનનારા મનુષ્યરૂપે માનતા નથી, માટે તેવી વર્ણોત્પત્તિ માનનારાઓના મતે વર્ણોત્પત્તિની પ્હેલાં મનુષ્યો જ હતા નહિ તો પછી ચારવર્ણોની ઉત્પત્તિ થવા પ્હેલાં એક જ મનુષ્યજાતિ હતી એમ માનવું પોતાના સિદ્ધાંતથી વિરૂદ્ધ હોવા સાથે ગામ વિના સીમાડાની હયાતી જેવું છે. ચ્હાય તેમ હોય, પણ પ્રથમ મનુષ્યની એક જ જાતિ હતી એમ તો કબુલ બધાને છે, પણ મનુષ્યજાત એક જ હતી તેવું તેઓ જ માની શકે કે જેઓ બ્રહ્માના મુખઆદિથી બ્રાહ્મણાદિની ઉત્પત્તિ ન માનતાં જુદા જુદા વર્ણોની ઉત્પત્તિથી પ્રથમ ઘણા મનુષ્યો વિદ્યમાન હતા અને તેઓમાં જાતિભેદ ન્હોતો એમ માનતા હોય. વળી બ્રહ્માના મુખઆદિથી ચારે વર્ણની અસંભવિત એવી પણ ઉત્પત્તિ માનનારાઓને एकवर्णमिदं सर्वम् એવું કહેવાનો હક્ક રહેતો જ નથી. જેમ એક જ હોય તો જ્યેષ્ઠ, મધ્યમ કે કનિષ્ટપણાનો વ્યપદેશ મુશ્કેલ પડે તેમ એક જ પરમેશ્વર હોય પછી આ સર્વે એક વર્ણનું પ્રથમ હતું એમ કહી શકાય જ નહિ. વાચકોને ઉપરના લખાણથી સાફ જણાયું હશે કે જૈનશાસ્ત્રના નિયમ પ્રમાણે ભગવાન્ શ્રીઋષભદેવજીનો રાજ્યાભિષેક ન્હોતો થયો ત્યાં સુધી સર્વ મનુષ્યની એક જ જાતિ હતી, પણ ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્યારોહણ પછી જ મનુષ્યોમાં બે જાતિ થઈ. એક શિક્ષણીયવર્ગ અને બીજો શિક્ષકવર્ગ. જો કે આગળ જણાવ્યા પ્રમાણે શ્રીવિમલવાહન જે પ્રથમ કુલકર હતા તેઓના કાલથી જ શિક્ષણીય અને શિક્ષક એવા બે વિભાગ તો થયેલા જ હતા, પણ તે શિક્ષા માત્ર વાચિક હોવાને લીધે શિક્ષકને પોતાના સમુદાયની જરૂર ન્હોતી, અને એકી વખતે એક જ કુલકર થતા હતા તેથી જાતિભેદને અવકાશ ન્હોતો, પણ ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્યાભિષેકના કાલથી કાયિકશિક્ષા અમલમાં મ્હેલવાનો વખત આવ્યો તેથી બીજી જાતિની ઉત્પત્તિ થઈ એમ માનવું પડ્યું અને નિર્યુક્તિકાર મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે रज्जुपत्तीइ दो कया उ सभे અર્થાત્ ભગવાન્ શ્રીઋષભદેવજીની રાજ્યની ઉત્પત્તિથી ભગવાન્ શ્રીઋષભદેવજીના હાથે બે જાતિ થઈ. ટુંકા શબ્દોમાં એમ કહી શકીયે કે એક રાજ્ય કરનારો વર્ગ અને બીજો તે સિવાયનો વર્ગ એમ મનુષ્યજાતના બે વર્ગો થયા. આ શ્રીનિર્યુક્તિકારના વચનથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે ભગવાન્ શ્રીઋષભદેવજીને એકલાને જ રાજ્યાભિષેક થયો એ ખરૂં, પણ એ એકલાને જ અંગે જાતિભેદ મનાયો ન હતો, કેમકે એમના એકલાને અંગે જાતિ જુદી પડી, એમ કહી શકાય જ નહિ. અર્થાત્ એક રાજા અને શેષ પ્રજાવર્ગ એમ બે ભાગ થઈને જ જાતિભેદ થયો હતો એમ નહિ, પણ રાજ્ય કરનારો આખો વર્ગ અને બાકીનો બીજો વર્ગ, એ બે પ્રકારના ભેદથી બે જાતિઓ થઈ હતી અને આ જ કારણથી શ્રીચૂર્ણિકાર મહારાજ જાતિભેદના અધિકારમાં જે રાજા એમ શબ્દ ન વાપરતાં जे रायणिस्सिया એમ સ્પષ્ટ શબ્દ વાપરી રાજાને એક તરીકે નહિ ગણતાં રાજા અને તેને આશ્રિત રહેલાનો જ વર્ગ થઈ જાતિભેદ થયો એમ સ્પષ્ટપણે જણાવે છે.

## જાતિભેદ કરવાની ફરજ પડી છતાં પ્હેલી કઈ જાતિ થઈ.

ઉપર જોઈ ગયા તે પ્રમાણે જાતિભેદ થવાની આવશ્યકતા થઈ અને તેથી જાતિભેદ કરવો પડ્યો.

પણ તે પ્રથમ કઈ જાતિ જુદી થઈ, તેનો વિચાર કરવાની જરૂર છે. અન્યમતોના જણાવવા પ્રમાણે જાતિભેદની શરૂઆત થતાં જે જાતિ પ્રથમ ઉત્પન્ન કરવામાં આવી તે એક બ્રાહ્મણજાતિ જ હતી. અર્થાત્ તેઓના કહેવા પ્રમાણે પ્હેલવ્હેલા જ્યારે બ્રાહ્મણોને બ્રહ્માએ મ્હોડાથી ઉત્પન્ન કર્યા ત્યારે તેઓના જ કહેવા પ્રમાણે કોઈ બીજા મનુષ્યો જ નહોતા, અને જ્યારે તે પ્રમાણે પ્હેલા બ્રાહ્મણો જ ઉત્પન્ન થયા તો તે પ્રમાણે તે વખતે પણ એક વર્ણનું જ જગત્ કહેવાય, અર્થાત્ વાસ્તવિક રીતિએ જાતિભેદ જ બ્રાહ્મણોની ઉત્પત્તિથી જ થયો છે એમ જ કહી શકાય નહિ, પણ સનાતનધર્મીયો તરફથી કહેવાય છે તે પ્રમાણે અને ઉપર જણાવેલ રીતિએ શિક્ષકવર્ગની સ્થાપના કરવાની જરૂર પડી અને સ્થાપના કરી એમ માનીયે તો પણ વર્ગ અથવા જાતિ કઈ હતી અથવા હોવી જોઈયે એ વિચારીયે. યાદ રાખવાવાની જરૂર છે કે જેમ હાલ પણ એકાદ મનુષ્યના અપરાધથી અથવા એકાદ વખતના અપરાધથી કાયદો કરવાનું હોતું નથી અને થતું પણ નથી, તેવી જ રીતે તે વખત પણ ન બને, પણ વર્તમાનમાં પણ જેમ ઘણા મનુષ્યો અને ઘણી વખત અપરાધો થાય છે ત્યારે જ કાયદો કરવાની જરૂર પડે છે, તેમ ભગવાન્ ઋષભદેવજીની વખત પણ ઘણા મનુષ્યો અને ઘણે સ્થાને અપરાધો કરવા લાગ્યા અને તે એટલે સુધી કે પ્રજાના સમુદાયે પણ તે વચન કે કોઈપણ નીતિરીતિથી તે અપરાધો રોકી શકાયા નહિં, ત્યારે જ પ્રજાજનને શાસન કરનારની માગણી ભગવાન્ શ્રીઋષભદેવજી પાસે કરવી પડી, અને તેને પ્રસંગે જ ભગવાન્ શ્રીઋષભદેવજીને રાજ્યાભિષેક થવાનો પ્રસંગ આવ્યો. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ભગવાન્ શ્રીઋષભદેવજીનો રાજ્યાભિષેક થયો એટલે તેઓને જ સમગ્રપ્રજાના રક્ષણની જવાબદારી ઉઠાવવી જ પડે. અને ભગવાને તે જવાબદારીને અદા કરી, પણ મ્હાય તેવી સમર્થ વ્યક્તિ જ્ઞાનવાળી કે બળવાળી હોય પણ તે એકલી વ્યક્તિ અનેક સ્થાને અનેક અપરાધ કરનારી અનેક વ્યક્તિઓને પ્હોંચી શકે જ નહિ. વળી ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્ય પ્હેલાં યુગલીયાઓની અવગાહના ઘણી મ્હોટી હોવાથી વસતિ ઘણી ઓછી હતી. વળી જ્યાં સુધી સુનન્દાનામની યુગલિનીનો ભાઈ અકાલે તાડવૃક્ષના ફલના પડવાથી મરી ગયો ત્હેના પ્હેલાં કોઈપણ યુગળીયાનું અકાલ મૃત્યુ થયું જ ન્હોતું. તે પ્હેલાં તો એવું નિયમિત રીતે કોડાકોડો સાગરોપમ સુધી ચાલ્યું હતું કે કોઈપણ યુગળીયું નિર્વંશ જાય જ નહિ. પોતાની જિંદગીના છેલ્લા ભાગમાં એક યુગળીયાને જન્મ આપે જ. તથા કોઈપણ યુગળીયાને સાંસારિકસુખો અસંખ્ય કાલ સુધી પણ ભોગવવાનું થાય. જો કે તેઓ પાતળા રાગવાળા હોવાથી તેમ બને નહિ છતાં યુગળીયાના પ્રસવના કાલનો આખીર જિંદગીનો છેલ્લો ભાગ નિયમિત છે તેવી રીતે વિષયસુખનો કાલ એવો અલ્પ નિયમનવાળો ન હોવાથી અસંખ્ય કાલ માની લઈએ તોપણ એક યુગળીયાથી એક જ યુગળીયાનો જન્મ થાય. આ પ્રમાણે વિચારતાં શ્રીવિમલવાહન આદિ કુલકરોની વખતે મનુષ્ય એટલે યુગળીયાઓની સંખ્યા ઘણી જ ઓછી હતી પણ ભગવાન્ શ્રીઋષભદેવજીના વખતે તો ખુદ્ ભગવાન્ ઋષભદેવજીને જ સો પુત્ર અને બે પુત્રીયો થવાથી પ્હેલે પગથીયે છપ્પણગણો વધારો થવાથી અનુક્રમે અનેક જનોને અનેક ગુણાં સંતાનો થવાથી વસતિની ઘણી જ વૃદ્ધિ થઈ ગઈ હતી.

**હવે વર્ગ અને કાયિકદમન કેમ ?**

ઉપરની હકીકત સમજનાર સ્હેજે સમજી શકશે કે વિમલવાહન આદિકુલકરોના વખતે મનુષ્યની જ સંખ્યા અલ્પ હતી. ત્યાં વિરલ વિરલ વસ્તી હોવાના કારણે અપરાધોને રોકવા ખોળવા

અને સજા કરવાના પ્રસંગો ઘણા ઓછા અને ઘણે વખતે હોવાથી માત્ર વાચિકદમન જે હાકારઆદિના ઉચ્ચારણરૂપે હતું તે ચાલી શકતું હતું અને કાયિકદમન ન હોવાથી એક જ વ્યક્તિ અપરાધની શિક્ષા કરવાને સમર્થ થતી હતી, પણ હવે એ વાચિકદમનની અને એક વ્યક્તિની અસર ન થાય એ સ્વાભાવિક હતું અને તેથી ભગવાન્ શ્રીઋષભદેવજીના વખતે અનેક સ્થાને અનેક જાતના અપરાધો કરનારી મનુષ્યોની ટોળીયો પણ હોય એટલે કાયિકદમનની જરૂરીયાત જેટલી ગણાય તેટલી જ જરૂરી તે દમન કરનારા વર્ગની ગણાય અને એવી રીતે આખા શિક્ષકવર્ગની ઉત્પત્તિ થાય અથવા કરવી પડે તે અસ્વાભાવિક નથી.

## ક્ષત્રિય વર્ણ આદિમાં કેમ ?

આ વાંચતાં વાચકવૃન્દને સ્હેજે સમજાશે કે ભગવાન્ શ્રીઋષભદેવજીના વખતમાં લોકોને અપરાધોનો સામનો કરવો અશક્ય થઈ ગયો હતો અને તે લોકોને અપરાધોના ઘા રૂઝવવાનો કોઈ રસ્તો ન્હોતો, તેથી જ તેઓ પોતાના ઘા રૂઝવવા માટે શ્રીઋષભદેવજી પાસે આવ્યા હતા. આ ઉપરથી ખુલ્લું સમજી શકાય તેમ છે કે તે જુગળીયાઓ અનીતિકારકોના જુલમથી એવા ત્રાસી ગયા હતા કે તે અનીતિકારોનાં કરેલાં સ્ત્રી અને સાધનના અપહાર સંબંધી તેઓને ઘા સમાન જ લાગતાં હતાં. સ્ત્રીનો અપહાર થાય કે ઓછાં સાધનોમાંથી પણ સાધનોની કોઈ ચોરી કરી જાય તો ઘા જેવું લાગે એ હકીકત સમજવા મજુરણના બે ચાર પૈસા રાખેલા કોઈ લઈ જાય તે વખતે તે મજુરણને કેવો કારમો ઘા લાગે છે તે તેના તે વખતના રોકકલાટને જોનારાથી અજાણ્યા નહિ રહે એવી રીતે યુગલીયાઓને પણ થતું હતું, અને તે યુગલીયાઓની તેવી દશાને ખ્યાલમાં લઈને શાસ્ત્રકારોએ તે વખતની તેવી સામાન્ય સ્થિતિમાં થનારી અનીતિને ઘા એટલે ક્ષત તરીકે ગણી છે અને તેથી જ સર્વ શાસ્ત્રકારોએ ક્ષતથી રક્ષણ કરનારી મનુષ્યજાતિને ક્ષત્રિય તરીકે ઓળખાવવાનું રાખ્યું છે. આ સ્થાને જરૂર આટલું યાદ રાખવાનું છે કે તે વખતે જો વૈશ્યની ઉત્પત્તિ થઈ હોત તો તે યુગલીયાઓને હરાઈ ગયેલાં પણ જીવનનિર્વાહનાં સાધનો ફરી મ્હેનત કરીને પણ મેળવવાનું રહેત અને તેથી વેપારીને થતા નુકશાનની માફક તે સાધનના અપહારથી તેઓને તેવો ઘા લાગત નહિ.

વળી તેના કરતાં પણ જો જ્ઞાનદેવાવાળો કે બ્રાહ્મણધર્મની ઉત્પત્તિથી જ્ઞાનનો પ્રચાર કરનાર પણ જો વર્ગ તે વખતે ઉત્પન્ન થયેલો હોત તો જ્ઞાનવાન્ અને વૈરાગ્યનિષ્ઠને પોતાના સર્વસ્વનો નાશ થાય અથવા થવા આવે તો પણ અંશે અફશોષ ન થાય નેતેથી જો તે બ્રાહ્મણજાતિ પણ ઉત્પન્ન થઈ હોત તો પણ યુગલીયાઓને તેટલો કારમો ઘા ન થતા અર્થાત્ કહેવું જોઈએ કે સકલ સમુદાયની દશા તે વખતે એવી હતી કે અનીતિનાં કૃત્યો સર્વને ઘા જેવાં જ લાગતાં હતાં અને તેથી પોતે બચી શકતા ન હોવાથી ભગવાન્ ઋષભદેવજીને તે ઘાથી બચાવવા માટે અરજ કરી અને ભગવાન્ શ્રીઋષભદેવજીએ જે વર્ગની વ્યવસ્થા સમુદાયને આવી પડતા આર્થિક કૌટુંબિક કે શારીરિક ઘાનો બચાવ કરવા કરી તે વર્ગ ક્ષત્રિય કહેવાયો. આ વસ્તુ સ્પષ્ટ કરે છે કે જગત્‌માં વર્ણવ્યવસ્થા થતાં પ્હેલવ્હેલી વર્ણવ્યવસ્થા કે જાતિભેદ ક્ષત એટલે ઘાથી ત્ર એટલે રક્ષણ કરનાર એવા યથાયોગ્ય નામવાળી ક્ષત્રિયજાતિની ઉત્પતિ થઈ. આ સ્થલે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જેમ કોઈ પણ રાજ્ય દેશ, ગ્રામ જ્ઞાતિ કે કુટુંબમાં સર્વ મનુષ્યો સ્વાવલંબી કે સ્વરક્ષણના સામર્થ્યવાળા હોય નહિ. હવે જ્યારે અસ્ત્રશસ્ત્ર આદિ વિદ્યાનો ઉંચી ટોચે પ્હોચેલો પ્રચાર જે વખતમાં થયેલો છે ત્યારે પણ સર્વ દેશ આદિના સર્વ મનુષ્યો સ્વરક્ષણનું સામર્થ્ય અને સાધન ન ધરાવે તો પછી રક્ષણની નીતિની જે વખતે માત્ર શરૂઆત જ હતી તે વખતે

સર્વ મનુષ્યો સ્વરક્ષણમાં સમર્થ હોય એમ ન બને એ સ્વાભાવિક છે તો પછી પરરક્ષણમાં સર્વ મનુષ્યો સમર્થ બને એ તો કલ્પી પણ શકાય તેમ નથી. આ વસ્તુ વિચારવાથી સ્પષ્ટ થઈ જશે કે ભગવાન્ શ્રીઋષભદેવજીએ જે જુગળીયાઓનો રક્ષાનોભાર ઉપાડ્યો તેમાં પ્રજાજનમાંથી એવો કેટલોક વર્ગ તેઓને રાખવો જ પડ્યો હશે કે જે વર્ગ પ્રજારક્ષણમાં આદ્યોપાન્ત્ય ઉપયોગી થઈ શકે. તેવા વર્ગને ક્ષત્રિય કહેવાય તેમાં આશ્ચર્ય નથી અને તેવો ક્ષત્રિયનો વર્ગ રાજાને આશ્રિત થાય તેમાં કંઈપણ આશ્ચર્ય નથી, અને આ જ કરાણથી ચૂર્ણિકાર ભગવાન્ જણાવે છે કે तंत्थ जे ते रायअस्सिआ ते खत्तिया जाया અર્થાત્ પ્હેલો જાતિભેદ અનીતિથી બચાવવા માટે થયો હતો અને તે બચાવનારો વર્ગ ક્ષત્રિય કહેવાયો હતો તેમ જ તે ક્ષત્રિયનો વર્ગ રાજાને આશ્રિત થયો.

### રાજા આશ્રય કે રાજ્ય આશ્રય

સામાન્ય રીતે જે પુરુષો રાજ્યગાદીને લાયક છતાં રાજ્યગાદીને ન મેળવી શક્યા હોય છતાં તેવા ભાગ્યશાળીયોને રાજ્ય પ્રાપ્ત થવા પ્હેલાં પણ ભાગ્યથી આકર્ષાયેલ અનેક જન સેવા કરનાર અને રાજ્યગાદીની પ્રાપ્તિમાં મદદ કરનાર મળી રહે છે. અને તેવા રાજ્યગાદી પ્રાપ્ત થયા પ્હેલાં સામાન્ય રીતે તે પૂર્વ અવસ્થામાં રહેલ રાજાને આશ્રિત વર્ગ કે રાજ્યગાદી મેળવવામાં આશ્રિત થયેલો વર્ગ મુખ્યતાએ રાજાને જ વફાદારીથી વળગવાવાળો હોય છે અને તેવો રાજાને આશ્રિત થઈને રહેવાવાળો વર્ગ કોઈક દૈવપ્રસંગે તે ભાગ્યશાળી રાજાને ભાગ્યના યોગે રાજ્ય મળ્યા છતાં કોઈ અશુભ અંતરાયનો ઉદય હોય અને કદાચ રાજ્યગાદી છોડી દેવાનો કે છુટી જવાનો પ્રસંગ આવે છે અને કદાચ તે રાજા તરીકે ગણાયેલા સત્પુરૂષને રાજ્યની બ્હાર અન્ય દેશમાં કે યાવત્ જંગલમાં પણ ભટકવું પડે છે તો પણ તે રાજાને અંગે આશ્રિત થયેલ વર્ગ રાજાની સેવાને છોડતો નથી. આવો વર્ગ સામાન્ય રીતે નિજકુટુંબનો કે શ્વશુરપક્ષનો હોય છે, પણ આ સિવાય પણ રાજ્યકાલમાં રાજ્યની કારકીર્દી પ્રમાણે અનેક પુરુષો તે ગાદીપતિરાજાની સેવામાં હાજર થઈ રાજાને આશ્રિત થાય છે, પણ આવા રાજ્યારોહણ પછી આશ્રિત થયેલ વર્ગમાં ઘણો મ્હોટો ભાગ તો માત્ર નિર્વાહની પ્રાપ્તિ અને વૃદ્ધિના લક્ષ્યવાળો હોઈ તે કેવલ રાજ્યઆશ્રિત થયેલ વર્ગમાં ઘણો મ્હોટો ભાગ તો માત્ર નિર્વાહની પ્રાપ્તિ અને વૃદ્ધિના લક્ષ્યવાળો હોઈ તે કેવલ રાજ્યઆશ્રિત જ ઘણી વખત થાય છે. હવે આ ક્ષત્રિયોના વિચારમાં ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્યકાલ પ્હેલાં અથવા કુટુંબ કે શ્વશુરપક્ષ જેવું તો હતું જ નહિ એમ કહીયે તો ચાલે તેમ છે અને રાજ્યકાલ પ્હેલાં યુગળીયાપણાને લીધે તેમ જ રાજ્યાભિષેકથી આવી પડેલી જવાબદારી તે વખતે નહિ હોવાને લીધે રાજાને આશ્રિત થનારા વર્ગનો અભાવ જ હતો એમ કહી શકાય અને રાજ્યાભિષેકથી રાજ્યગાદી મળી અને રાજ્યવ્યવસ્થામાં જેઓ સામેલ થયા તેઓ ઘણા ભાગે રાજાને આશ્રિત ન હોય પણ રાજ્યને જ ઘણે ભાગે આશ્રિત થતા હોય તો તે અસંભવિત તો નથી જ પણ ઘણું જ સંભવિત છે, પણ ધ્યાન રાખવાની જરૂર છે કે અચિન્ત્ય પુણ્ય પ્રભાવે ગર્ભ અને જન્મથી જ્યાં ઇંદ્રો અને દેવદેવીઓ પણ સતત સેવાની ચાહના કરે તો પછી સામાન્ય રીતે ગણાતો મનુષ્યવર્ગ એવા મહાપુરુષની સેવા મળી હોય તેનો લાભ લેવા કેમ ચૂકે ? અને જ્યારે એવા અચિન્ત્ય પુણ્યશાળી મહારાજની સેવામાં કોઈ પણ કારણસર મનુષ્યને હાજર થવાનું થાયતો પછી તે વર્ગ તે વખતે પોતે આલંબન તરીકે ગણેલ સાધનપ્રાપ્તિના મુદ્દાને મુખ્યતાની સ્થિતિમાંથી ખસેડી નાંખી કેવલ મહાપુરુષની સેવાના જ મુખ્ય મુદ્દાથી તે મહાપુરુષની સેવા કરે તેમાં આશ્ચર્ય જ નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૭૪)

# સ્વસ્તિકાદિમાં આકારની અપેક્ષાએ જ મંગલતા કે બીજી અપેક્ષાએ ?

## અષ્ટમંગલની આવશ્યકતા-

જૈનજનતામાં એટલું તો જાહેર છે કે ભગવાન્ તીર્થંકરોના જન્માભિષેકની ક્રિયાઓ જ્યારે ઇંદ્રમહારાજ મેરૂપર્વત ઉપર કરે છે ત્યારે ઇંદ્રમહારાજા અભિષેકની ક્રિયાને અંતે અષ્ટમંગલનો આલેખ કરે છે. તેમ જ ભગવાન્ શ્રીજિનેશ્વર ભગવાનના દીક્ષામહોત્સવાદિઅનેક પ્રસંગોમાં અષ્ટમંગલ જે સ્વસ્તિકાદિ ગણાય છે તેનો જ આલેખ આગલ કરવામાં આવે છે. વળી શ્રીસૌધર્માદિ દેવલોકોમાં શ્રીજિનેશ્વર ભગવાનની પૂજા વગેરેના પ્રસંગોમાં સ્વસ્તિકઆદિ અષ્ટમંગલો આલેખવામાં આવે છે. વળી શ્રેણિકમહારાજા સોનાના નવા નવા બનાવાતા યવોથી હંમેશાં સ્વસ્તિકાદિકનું આલાખન કરતા હતા, એ વાત પણ સ્થાને સ્થાને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. વળી ભગવાન્ શ્રી જિનેશ્વરમહારાજના પૂજનને અંગે તેમજ સત્તરભેદી પૂજાદિને પ્રસંગે સ્વસ્તિકાદિક અષ્ટમંગલ આલેખવામાં આવે છે.

## અષ્ટમંગલમાં આકારની મહત્તા-

આ ઉપર જણાવેલ અષ્ટમંગલમાં આઠ ચીજોના આકારો જે આલેખવામાં આવે છે તે જ મંગલરૂપ છે. અર્થાત્ એ આકારોવાળી વસ્તુરૂપ દ્રવ્ય અથવા તેના તે રૂપે પરિણમનરૂપ ભાવનો આ અષ્ટમંગલમાં કોઈપણ જાતનો સંબંધ જ નથી અને આ જ કારણથી વૃત્તિકાર શ્રીકોટ્યાચાર્ય મહારાજ લક્ષણના બાર નિક્ષેપાઓની વ્યાખ્યા કરતાં સ્થાપના લક્ષણમાં ચોકખા શબ્દોમાં જ જણાવે છે કે **स्थापनालक्षणं लक्षणाकार विशेषो नामद्रव्यभाव-विनिर्लुठितो विवक्षया, आकार श्चेह स्थापनाक्षो** કે જગત્ભરમાં કોઈપણ વસ્તુ ચતુર્લક્ષણ વિનાની એટલે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવએ ચાર લક્ષણ વિનાની છે જ નહિ, પણ જેમાં નામ, દ્રવ્ય અને ભાવ એ ત્રણ નિક્ષેપાની હયાતી છતાં તે નામાદિને વિવક્ષામાત્રની અપેક્ષાએ છોડી દેવામાં આવે અને આકારમાત્રની જ વિવક્ષા કરવામાં આવે તે સ્થાપનાલક્ષણ કહેવાય અને તેટલા માટે જ **स्थापनालक्षणं** એ શબ્દની વ્યાખ્યામાં સ્થાપનાનું લક્ષણ કહેવું કે થાપવું વગેરે અર્થ ન જણાવતાં સ્થાપનારૂપ જે લક્ષણ એમ કહીને તથા સ્પષ્ટ શબ્દોથી પણ **लक्षणाकार विशेषः** એમ કહી ચિહ્નરૂપ આકારવિશેષ હોય તે જ **સ્થાપના** લક્ષણ કહેવાય એમ સ્પષ્ટ કરે છે અને તેથી જ તે સ્થાપનાલક્ષણમાં નામાદિ કશાની દરકાર કે વિવક્ષા ન હોય એમ સ્પષ્ટ પણે જણાવે છે.

## મત્સ્યયુગલના આકારનો ખુલાસો-

આ પૂર્વે જણાવેલી સ્થાપનાલક્ષણની હકીકત સમજવાથી ચોકખું થઈ જાય છે કે સ્વસ્તિકાદિકના આકારો જ માત્ર મંગલ છે, તો પછી મત્સ્યયુગલના આકારને મંગલાષ્ટકમાં લીધો તેથી મત્સ્યો ઉત્તમ હશે એ કહેવાનો અવકાશ જ અક્કલવાળાને નથી. ઉપર ટીકાકાર મહારાજે સ્પષ્ટપણે જણાવેલું છે કે સ્થાપના લક્ષણમાં નામ, દ્રવ્ય અને ભાવને સર્વથા

દૂર રાખીને જ આ સ્વસ્તિકાદિક અષ્ટમંગલનો આકાર ગણાય છે અને આઠ આકારો જ નામાદિની અપેક્ષા શિવાય પણ મંગલરૂપ છે, તેથી સ્વસ્તિક નંદાવર્ત વગેરે મંગલ ગણાતા આકાર શાના પ્રતિબિંબ છે અને શાથી મંગલ છે એ પ્રશ્નને અવકાશ જ નથી.

**મત્સ્યનો આકાર ભાંગવાનું કેમ ?**

આ જ કારણથી તંદુલ કે યંત્ર આદિથી અષ્ટમંગલ આલેખતાં મત્સ્યયુગ્મનો આકાર કરેલો હોય છતાં તે અષ્ટમંગલનો ભંગ થતાં મત્સ્યની જાતિના નાશને અંગે કોઈ જાતનો સંબંધ નથી, કારણ કે નામની સાથે પણ સંબંધ રાખવાની શાસ્ત્રકારો મનાઈ કરે છે. અક્કલમંદ આદમી સ્હેજે સમજી શકશે કે અષ્ટમંગલમાં આવતા આકારો માત્ર સ્થાપનાલક્ષણ એટલે લક્ષણભૂત આકારવિશેષો છે અને તે આકારવિશેષો નામ, દ્રવ્ય કે ભાવ સાથે સંબંધ રાખવાવાળા જ નથી અને વાસ્તવિક રીતે કોઈપણ ચીજ નામ, દ્રવ્ય અને ભાવ વિનાની હોય જ નહિ, છતાં તે નામઆદિની વિવક્ષા ક્યા વિના એકલા આકારને જ અહિં મંગલ તરીકે ગણવો છે અને તેથી જ શાસ્ત્રકારોને ચોકખા શબ્દમાં જણાવવું અને સૂચવવું પડે છે કે અન્યત્ર તો સદ્‌ભૂત કે અસદ્‌ભૂતપણે મૂલપદાર્થની કલ્પનાએ જે આકાર થપાય તે સ્થાપના કહેવાય, પણ અહિં સ્થાપનાલક્ષણમાં તો કોઈ તેવો સ્થાપ્યપદાર્થ જ નથી, કે જેની સદ્‌ભૂત કે અસદ્‌ભૂત આકારની સ્થાપના કરાય, માટે આ સ્થાપનાલક્ષણમાં યાને લક્ષણભૂત એવા આ આકારોમાં જે આ આકારો સ્વસ્તિકાદિકના છે તે સ્થાપના ગણવી અર્થાત્ અહિં કોઈ સ્વસ્તિકાદિ નામનો પદાર્થ હોય અને તે સ્વસ્તિકાદિ પદાર્થોની સદ્ભાવ કે અસદ્ભાવ એ બેમાંથી કોઈપણ પ્રકારની આકૃતિની સ્થાપના કે તે સ્વસ્તિકાદિક પદાર્થનો અભિપ્રાય રાખીને સ્વસ્તિકાદિક આકારની સ્થાપના કરાઈ નથી.

**સ્વસ્તિકાદિના અર્થની બેદરકારી-**

મત્સ્યાદિપદાર્થોના દ્રવ્ય અને ભાવના પણ અપેક્ષા અહીં સ્થાપનાલક્ષણમાં રાખવામાં આવી નથી, તો પછી તે તે પદાર્થોની કે તેના તેના આકારની વિવક્ષા હોય જ ક્યાંથી ?, વળી સ્વસ્તિકાદિમાં ઘણા તો કોઈ પદાર્થરૂપ જ નથી કે જેથી તેના દ્રવ્ય કે ભાવની દરકાર આ અષ્ટમંગલમાં રાખી હોય એમ માની શકીએ અને જ્યારે સ્વસ્તિકાદિરૂપી સ્થાપના એટલે તે તે આકારમાં જ્યારે દ્રવ્ય કે ભાવની અપેક્ષા જ નથી તો પછી મત્સ્યયુગલનો આકાર તે મત્સ્યયુગલનો આકાર નથી, પણ જે આકાર છે તે માત્ર મત્સ્યયુગલ છે, એટલે મત્સ્યના દ્રવ્ય કે ભાવની સાથે આ આકારનો કોઈ સંબંધ નથી. વળી સ્વસ્તિક વગેરે કોઈ પદાર્થોનાં નામો પણ નથી, પરંતુ માત્ર તે તે આકારોનાં સ્વસ્તિકઆદિ માત્ર નામો જ છે. જેમ ચોરસ, ત્રિકોણ, વર્તુલ આયતઆદિ સ્વતંત્ર આકારનાં જ નામો છે અને તે તે આકારરૂપે દેખાતા પદાર્થો તે તે આકારે ઓળખાય છે, તેવી રીતે સ્વસ્તિકાદિક નામો જ તે તે આકારોનાં છે, અને તે તે આકારોવાળાને તે તે નામો લાગુ થતાં જે પદાર્થ પાટલીપુત્રના કિલ્લા વગેરે સ્વસ્તિકઆદિના આકારે હોય તે તે પદાર્થો તે તે આકારે ગણાય, એટલે મત્સ્યયુગલના આકારવાળું મત્સ્યયુગલ કહેવાય એ એક જુદી જ હકીકત છે.

**કલ્પનાથી લેવાતો અર્થ અને તેની નિરૂપયોગિતા**

આ ઉપરથી જેઓ બીજા સાત મંગલોમાં નહિં પણ સ્વસ્તિકનામના મંગલને અંગે સુ+અસ્તિ+ક એમ ત્રણ વિભાગ સ્વસ્તિકશબ્દમાં કરી સારી હયાતીને કરનાર તે સ્વસ્તિક, આવો અર્થ કરવા જાય છે તે સ્વસ્તિકના પદાર્થને સમજતો નથી એ ચોક્કસ જ છે. વળી એવી રીતે જેઓ એક ઘટના તરીકે આરોપિતપણાની અપેક્ષાએ નહિ, પણ વાસ્તવિકરૂપ

ગણીને સ્વસ્તિકના ચાર પાંખીયાને નરકાદિક ગતિ તરીકે જણાવે છે તેઓ ઉપર જણાવેલા નામ, દ્રવ્ય અને ભાવથી નિરપેક્ષપણા રૂપ ટીકાકાર મહારાજે કહેલી સ્થિતિ ધ્યાનમાં લેતા હોય તેમ જણાતું નથી. વળી એ નરકાદિક ગતિની જો અસદ્‌ભાવપણે જો સ્થાપના હોય તો તે નરક અને તિર્યંચની ગતિની અસદ્‌ભાવસ્થાપનાને મંગલ તરીકે ગણવા કોણ તૈયાર થાય એ સમજવું મુશ્કેલ નથી.

## સ્વસ્તિકાદિની સ્થાપના એ સ્થાપનાલક્ષણ કેમ ?

કદાચ એમ કહેવામાં આવે કે સ્થાપનાલક્ષણ કે લક્ષણાકારવિશેષમાં માત્ર દ્રવ્ય ભાવ કે નામની વિવક્ષા રહિત આકારમાત્ર સ્થાપનાલક્ષણ તરીકે જણાવ્યો છે, પણ એમાં સ્વસ્તિકાદિકની વાત ન્હોતી તો પછી તે સ્થાને સ્વસ્તિકાદિને સ્થાપનાલક્ષણ તરીકે શી રીતે લીધું ? અને મત્સ્યયુગલના આકારને શી રીતે પદાર્થથી નિરપેક્ષ બતાવ્યો ? આવું કહેવું વ્યાજબી નથી, કારણ કે જે કોઈ આકારવિશેષ લક્ષણવાળો ને તે જો નામ દ્રવ્ય અને ભાવથી નિરપેક્ષ હોય તો તે સ્થાપનાલક્ષણ કહેવાય એ ટીકાકાર ભગવાને જણાવેલા ભાવાર્થને અંગે સ્વસ્તિકાદિની ઘટના કરી છે, છતાં સ્થાપનાલક્ષણથી સ્પષ્ટ શબ્દોમાં પણ ટીકાકાર ભગવાન્ સ્વસ્તિકાદિને લેવાનું જણાવે છે. ટીકાકાર ભગવાન્ તે સ્થાપનાલક્ષણની પ્રકારાંતરપણે વ્યાખ્યા કરતાં જણાવે છે કે અથવા વિન્યાસઃ સ્વસ્તિકાદીનાં અર્થાત્ સ્વસ્તિકાદિકની સ્થાપના જે એક રચના તેનું નામ સ્થાપનાલક્ષણ કહેવાય. આ વ્યાખ્યાંતરને જોનારો અને સમજનારો મનુષ્ય કોઈ દિવસ પણ એમ નહિ કહી શકે કે સ્થાપનાલક્ષણમાં સ્વસ્તિકાદિક આકારો કેમ લીધા ? વાચકે એક વાત જરૂર અહિં લક્ષ્યમાં રાખવાની છે કે ભગવાન્ ટીકાકાર મહારાજે સ્થાપનાલક્ષણ નામના લક્ષણભેદની વ્યાખ્યા કરતાં વ્યાખ્યાંતર જણાવેલ છે, પણ એ વ્યાખ્યાંતરથી વ્યાખ્યેયભેદ તો અંશે પણ નથી, માટે પ્રથમ વ્યાખ્યામાં જણાવેલ આકારરૂપ સ્થાપના અને બીજી વ્યાખ્યામાં જણાવેલ સ્વસ્તિકાદિકની સ્થાપના એ બંનેમાં કોઈપણ જાતનો ફરક નથી, અને તેથી જ બન્ને વ્યાખ્યામાં સ્વસ્તિકાદિકની સ્થાપનાની વ્યાખ્યા અવસ્થિત ગણી છે.

## સ્વસ્તિકાદિકની સ્થાપના ક્યા ક્યા દ્રવ્યથી થાય ?

ઉપર જણાવ્યા પ્રમાણે સ્વસ્તિકાદિકના આકારો મંગલ છે, એમ માની લઈયે છતાં પણ હસ્તમાં આવતી પર્વત યવ મીનાદિ રેખાઓની માફક માત્ર કોઈ સ્વાભાવિક વસ્તુમાં તેવા સ્વસ્તિક આદિ આકારો હોય તો જેમ પર્વત આદિ આકારવાળો મનુષ્ય ઉત્તમ ગણાય છે, તેમ તે સ્વસ્તિક આદિ આકારવાળો પદાર્થ ઉત્તમ ગણાય છે, તેમ તે સ્વસ્તિક આદિ આકારવાળો પદાર્થ ઉત્તમ ગણાય એમ તો માનવું થાય, પણ તેવા આકારોની જ માત્ર ઉત્તમતા હોય અને તેવા આકારો અન્ય તંદુલ આદિ પદાર્થોથી કરવા અને તેને સ્થાપનાલક્ષણ કે મંગલરૂપ ગણવું એ શાને આધારે ? આ શંકાના સમાધાનમાં પ્રથમ તો શ્રીરાયપસેણી અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ જેવાં મૂલ આગમો અને શ્રીઆવશ્યકચૂર્ણિ જેવા વિવરણ ગ્રંથોને વાંચનાર અને વિચારનારને સ્પષ્ટ માલમ હશે કે ઈન્દ્રમહારાજાએ ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજજીના જન્માભિષેક વખતે સ્વચ્છ તંદુલથી જ સ્વસ્તિકાદિ અષ્ટમંગલનું આલેખન કરેલું છે. વળી ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજના દીક્ષા સમયે તો આગલ આગલ અષ્ટમંગલો ચાલવાનું જણાવેલ હોવાથી સ્વસ્તિકઆદિના આકારો કોઈ પણ વસ્તુથી થયેલા કે કરાયેલાને મંગલ તરીકે ગણવામાં આવેલ છે. એ જાણ્યા જોયા છતાં કદાચ એમ કલ્પના કરવામાં આવે કે જેમ દેવતાઓની અપેક્ષાએ દ્વાર

શાખા અને પ્રહરણ આદિની પૂજા પણ યોગ્ય ગણાઈ છે તેમ આ સ્વસ્તિકઆદિ અષ્ટમંગલના આકારને માટે પણ હોય અને તેથી તે સ્વસ્તિકાદિના આકારની રચના કરવી મનુષ્યો માટે યોગ્ય ન હોય કે મંગલરૂપ ન હોય. આ કલ્પના અયોગ્ય છે, કારણ કે ઉવવાઈજીસૂત્રમાં ભગવાન્ મહાવીર મહારાજનો વંદનમહોત્સવ મહારાજા કોણિકે કરેલ છે તેમાં અષ્ટમંગલની આગલ પ્રસ્થિતતા જણાવેલી છે. કદાચ એમ ધારવામાં આવે કે શ્રી ઔપપાતિકમાં સ્વસ્તિકાદિકની સ્થાપના કરનાર ભલે શ્રીકોણિક રાજા મનુષ્ય તરીકે છે પણ તે રચના ભગવાન્ તીર્થંકરોને ઉદ્દેશીને છે અને તેથી મંગલરૂપ ગણાય એમ બને, પણ મનુષ્યને ઉદ્દેશીને અષ્ટ મંગલની સ્થાપના આકાર માત્રથી મંગલરૂપ કેમ ગણી શકાય? અર્થાત્ ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજની આગલ સ્વસ્તિકાદિક આકારોનું સ્થાપનામંગલપણું હોવા છતાં મુનિમહારાજ આદિ આગલ કરાતી સ્વસ્તિકાદિક રચના મંગલરૂપ કેમ ગણાય ? પણ આ ધારણા વાસ્તવિક નથી, કારણ કે જમાલિ અને મહાબલ રૂપ રાજકુમારોની આગલ પણ સ્વસ્તિકાદિકની સ્થાપના મંગલરૂપ ગણીને તેનું આગલ પ્રસ્થાન યોગ્ય ગણવામાં આવેલ છે. વળી ટીકાકાર મહારાજ પણ સ્વસ્તિકાદિના આકારની સ્થાપના કરવાનું જણાવતાં **व्रीह्यादिभिस्तत् स्थापनालक्षणं** અર્થાત્ ડાંગર આદિ શબ્દથી યવ આદિ પણ લેવા, તે ડાંગર કે યવ આદિથી જે સ્વસ્તિકાદિ આકારની સ્થાપના તે સ્થાપનાલક્ષણ ગણાય એમ જણાવે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ સ્થાને કોઈ પણ ડાંગર આદિ પદાર્થથી સ્વસ્તિક આદિક આકારો કરવા તે સ્થાપનામંગલ અને સ્થાપનાલક્ષણ છે.




## જૈનપિતા વારસો શાનો આપે ?

### સાધક કોણ થાય ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાયજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથ રચી ગયા છે, તેમાં તેઓશ્રી એ પ્રથમ તો એ વાત જણાવી છે કે જે ધર્મનિષ્ઠ છે, જે આત્મકલ્યાણની ઈચ્છાવાળો છે, જે મોક્ષ માનનારો છે, જે મોક્ષ મેળવવા માગે છે, જે આત્મકલ્યાણ સાધવાવાળો છે અને જે આત્માના ગુણોને સ્થિર કરવાની ઈચ્છાવાળો છે તેણે એ વાતનો વિચાર કરવાની જરૂર છે કે હું કોણ છું ? મારી સ્થિતિ શી છે ? મારૂં સ્વરૂપ શું છે ? મારી દશા કેવી છે ? મારા સંયોગો ક્યા છે ? ને મારૂં સાધ્ય શું છે ? સાધક પુરુષ પોતાની દશા, સ્થિતિ, સંયોગો, સાધ્ય એને સમજતો નથી ત્યાં સુધી તે સાધક બની શકતો નથી. જેને માત્ર સંસારમાં જ રહેવું છે, બીજી ત્રીજી વાતનો વિચાર જ નથી કરવો અને માત્ર દુન્યવી વસ્તુઓ મેળવીને તે પર જ રાચવું છે તેને પણ પોતાની દશા, સ્થિતિ, સંયોગો અને સાધ્ય તો વિચારવાં જ પડે છે.

### ચાર બાબતો વિચારો

સંસારમાં જ રહેવાવાળાને પણ જેમ આ ચાર બાબતો વિચારવી પડે છે તે જ પ્રમાણે મોક્ષ મેળવવાની ઈચ્છાવાળાએ પણ આ ચાર બાબતો ધ્યાનપૂર્વક જોવી જ પડે છે અને એ ચાર બાબતો જે ધ્યાનપૂર્વક જુએ છે તે જ મોક્ષ મેળવવાની પોતાની ધારણામાં ફાવી શકે છે. જે આત્મા આ ચાર બાબતો વિચારતો નથી તે કદાપિ પણ પોતાની મોક્ષ મેળવવાની ધારણામાં પણ ફાવતો જ નથી ! વૈશેષિકદર્શનનો અનુયાયી હોય તે પણ જીવ તો માને જ છે, નૈયાયિક હોય તે પણ જીવ માને છે, સાંખ્યવાદી હોય તે પણ જીવ માને છે અને મીમાંસાવાદીઓ હોય તે પણ જીવ તો માને છે, અરે વૈશેષિકો, નૈયાયિકો, સાંખ્યો અને મીમાંસકો જ જીવ માને છે. એટલું જ નહિ પરંતુ નાસ્તિકો

પણ જીવ માને છે આ બધા જીવને માને છે અને પ્રભુ પ્રવચનનો ચુસ્ત અનુયાયી હોય તે પણ જીવ માને છે તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવ માને છે તેમાં અધિકતા શું છે ? તે વિચારવાની જરૂર છે.

## હીરોશબ્દ તો બધા બોલે.

તમે જાણો છો કે ઝવેરી હોય તે પણ પોતે હીરોશબ્દ બોલે છે, તેનો અજ્ઞાન બાળક છે તે પણ હીરોશબ્દ બોલે છે અને કોળીનાળીના છોકરાઓ હોય તે પણ હીરોશબ્દ બોલે છે ! બધાના હીરોશબ્દને બોલવામાં કાંઈ ફરક નથી, બધાહીરો શબ્દ એક સરખો જ બોલે છે. હીરોશબ્દ ગમે તે વ્યક્તિ બોલે, પરંતુ તેથી હવામાં એક સરખાં જ આંદોલનો ઉઠે છે, અને કાન ને એક સરખું જ જ્ઞાન થાય છે, પરંતુ તે છતાં ત્રણે જણા જે વસ્તુ પરત્વે એ શબ્દો બોલે છે તેમાં આસમાનજમીનનું અંતર છે. કોળીનાળીનો છોકરો કાચનો પહેલ પાડેલો ટુકડો હોય તેને જ હીરો કહી દેશે. એ બિચારાને હીરો કેવો હોય છે ? તે ક્યાંથી આવે છે ? તેને કેવી રીતે પારખી શકાય છે ? તેનું તેજ કેવું છે ? તેનું મૂલ્ય શું છે ? વગેરે બાબતોનું જરા પણ જ્ઞાન હોતું જ નથી ! તે જ પ્રમાણેની સ્થિતિ ઝવેરીના બાળકની પણ સમજી લેવાની છે. ઝવેરીનો બાળક કાચને હીરો નથી કહેતો, પરંતુ સાચા હીરાને જ હીરો કહે છે એનું શું કારણ તે વિચારો.

## હીરાને ઝવેરી જ ઓળખી શકે.

ઝવેરીનો બાળક પોતાના ભાગ્યના યોગથી સારા ઉંચા ખાનદાનકુળમાં જન્મેલો છે, તેથી જ તે દેખાદેખીના યોગે કાચના કટકાને હીરો ન કહી દેતાં ખરી વસ્તુને-ખરા હીરાને હીરો કહે છે, પરંતુ હીરાનું તોલ, માપ ઈત્યાદિ તો તે પણ કાંઈ જાણતો જ નથી ! માત્ર એક ઝવેરી જ એવો છે કે જે હીરાને જોઈને તેને પારખીને તેના સ્વરૂપ, તોલ, માપ, જાત આદિને જાણીને હીરાને હીરો કહે છે. કોળીનાળીનું, ઝવેરીના બાળકનું અને ઝવેરીનું ઉદાહરણ બરાબર અહીં લાગુ પાડવાનું છે, કોળીનાળી જેમ કાચ એ હીરો ન હોવા છતાં કાચને જ હીરો કહી દે છે તે જ પ્રમાણે નાસ્તિકો પંચમહાભૂતથી નવી થતી ચેતના માનીને તેને જીવ કહી દે છે. ખરી રીતે જોઈએ તો પાંચમહાભૂતથી થતી ચેતના એ જીવ નથી. પાંચમહાભૂતથી જીવનામક ચેતનાવાળી ચીજ ઉપજતી નથી, છતાં કોળીકાછીયાઓ અજ્ઞાનતાથી કાચને હીરો કહી દે છે, તે જ પ્રમાણે નાસ્તિકો પણ એમ કહી દે છે કે પંચભૂતના સંયોગથી ચેતના ઉત્પન્ન થાય છે અને એ ચેતના તે જ જીવ છે.

## બધા શું કહે છે ?

એથી આગળ વધીએ અને નાસ્તિકોને છોડી દઈને પછી સાંખ્યો, મીમાંસકો, વૈશેષિકો, શૈવો, વૈષ્ણવો, સ્માર્તો, બૌદ્ધો અને બીજા સંપ્રદાયવાદીઓ તરફ જોઈએ તો તેઓ પેલા ઝવેરીના છોકરાની માફક વર્તતા માલમ પડે છે. ઝવેરીનો છોકરો હીરાના તોલમાપ જાણતો નથી, હીરાની મહત્તા સમજતો નથી, પરંતુ તે ભાગ્યયોગથી સારા કુટુંબમાં જન્મેલો હોવાથી કાચના કટકાને હીરો ન કહેતાં સાચા હીરાને જ હીરો કહે છે, તે જ પ્રમાણે શૈવો, વૈષ્ણવો વગેરે પણ ભાગ્યયોગે આર્યદેશમાં જન્મેલા હોવાથી જીવનું મહત્વ, તેનું સ્વરૂપ, તેના લક્ષણો વગેરે કાંઈપણ જાણ્યા વિના સાચા જીવને જીવ કહી દે છે. એથી આગળ આ લોકોનું પગલું પડી શકતું નથી. નાસ્તિકો જડ પદાર્થોથી જીવની ઉત્પત્તિ માને છે. ભૂતતત્વો એ બધા જડ પદાર્થો છે, પરંતુ એ જડ પદાર્થદ્વારા-જડ પદાર્થોનો પરસ્પર સંયોગ થાયછે તે દ્વારા તેઓ ચેતનરૂપ જીવ પદાર્થ થયો હોવાનું માને છે.

## જીવના સ્વરૂપને જાણ્યું નથી.

જડ પદાર્થમાંથી ચેતન પદાર્થની ઉત્પત્તિ જ થઈ શકતી નથી છતાં નાસ્તિકો જડપદાર્થોમાંથી જીવ

થયેલો માને છે. શૈવો, વૈષ્ણવો આવી રીતે જડપદાર્થોને જીવનો પિતા માનતા નથી, પરંતુ તેઓ પેલા ઝવેરીના બાળકની માફક જીવના સ્વરૂપ, જીવના ગુણ પર્યાય દ્રવ્યત્વ વગેરેને જાણતા નથી અને તેઓ જીવને જીવ કહી દે છે. જીવના ગુણ વગેરે ઓળખવાની કોઈએ તસ્દી લીધી જ નથી કારણ કે ત્યાં સુધી તેમની બુદ્ધિ જ ચાલી શકી નથી. હવે સમકિત દૃષ્ટિવાળા જીવને જીવ કેવી રીતે માને છે તે વિચારો. સમકિત દૃષ્ટિવાળાઓ આખી દુનિયા કરતાં જુદા જ સ્વરૂપે, જુદી જ રીતે જીવને જીવ માને છે આ વસ્તુ આટલા વિવેચન પછી તમારા ખ્યાલમાં જરાક વિચારશો તો પણ સહેજે આવી જવા પામશે. ઝવેરીનો બાળક હીરાને હીરો કહે છે તેના કરતાં સમજુ ઝવેરી હીરાને હીરો કહે છે, તે જુદા જ રૂપે કહે છે તે જ પ્રમાણે શૈવ વૈષ્ણવાદિ જીવ તત્વને માને છે સમ્યગ્દૃષ્ટિ જીવતત્ત્વ માને છે તેના સંબંધમાં પણ સમજવાનું છે.

## સમકિતદૃષ્ટિ શું વિચારે છે ?

શૈવો અને વૈષ્ણવો જીવતત્વ માને છે અને જીવને જ જીવ કહે છે તે ઝવેરીનો બાળક હીરાને તેના ગુણ, રૂપ, લક્ષણ જાણ્યા વિના હીરો કહી દે તેના જેવું છે. અને સમકિતદૃષ્ટિ જીવને જીવ કહે છે તે મોટો અને સમજુ ઝવેરી જેમ હીરાને જાણી પીછાણીને તેના મૂલ્યાંકન દ્વારા હીરાને હીરો કહે છે તે પ્રમાણે જીવતત્વને તેના ગુણ, સ્વરૂપાદિ જાણીને જીવ કહે છે. ટુંકામાં જોઈએ તો નાસ્તિકોને જીવ શું છે તેની ખબર જ નથી. તેઓ ખોટી વસ્તુને જ જીવ કહે છે. સાંખ્યો, મીમાંસકો, વૈશેષિકો, નૈયાયિકો, બૌદ્ધો, શૈવો, વૈષ્ણવો, સ્માર્તો અને બીજાઓ જીવતત્વને સંપૂર્ણ રીતે સમજ્યા વિના જ અને તેના ગુણ, સ્વરૂપાદિને પીછાણ્યા વિના જ જીવને જીવ કહે છે, જ્યારે સમકિતદૃષ્ટિ જીવતત્વને પીછાણી, તેના ગુણધર્મોને જાણી, તેના સ્વરૂપને ઓળખીને જીવને જીવ કહે છે. નાસ્તિકો, અસમકિતદૃષ્ટિ, આસ્તિકો અને સમકિતદૃષ્ટિઓ એના જીવતત્વવાદમાં આટલો મોટો ફરક રહેલો છે.

## જીવનું અવ્યાબાધરૂપ ઓળખો.

જીવનું સ્વરૂપ જાણવું જીવનો ગુણ જાણવો પર્યાયો જાણવા તેને અવ્યાબાધ સ્વરૂપવાળો ઓળખવો અને એ રીતે તેને ઓળખીને જીવતત્વને જીવ કહેવો એ સમકિતદૃષ્ટિનું જ કાર્ય છે અને તેથી જ નાસ્તિકો અસમકિતદૃષ્ટિ આસ્તિકો, અને સમકિતદૃષ્ટિઓ એ ત્રણેમાં સમકિતદૃષ્ટિનું સ્થાન સર્વોત્તમ છે. નાસ્તિક અને આસ્તિક એ બંનેમાં નાસ્તિક તો સહેજ પાછળ રહી જાય છે. એક ભીલ કાચના કટકાને હીરો માનીને સંઘરી રાખે, તેને પેટીમાં મૂકી દે, તેને માટે ગમે તેટલો બંદોબસ્ત રાખે, પરંતુ જ્યાં ભીડ પડે અને એ હીરો તે જ્યારે વેચવા જાય છે. ત્યારે તે રડી ઉઠે છે અને ત્યાં તેની ખાતરી થાય છે કે પોતે જેને હીરો કહ્યો છે અને હીરો કહીને જેની પાછલ તેણે મહેનત ઉઠાવી છે તે તો સઘળું નકામું જ ગયું છે, એ જ દશા અહીં નાસ્તિકની થાય છે. હવે બીજા આસ્તિક અને સમકીતદૃષ્ટિ બે બાકી રહે છે. તે બંનેની વચ્ચે શો તફાવત છે તે જોઈએ. સમકીતદૃષ્ટિવાળા પણ જીવ માને છે ને સમકીતદૃષ્ટિ વિનાના પણ જીવ માને છે તો પછી એકનું સ્થાન આગળ અને બીજાનું પાછળ શા માટે ?

## હીરાની કિંમત કોને હોય ?

ઝવેરીનો છોકરો કાચને હીરો નથી કહેતો તે સાચા હીરાને જ હીરો કહે છે, પરંતુ પ્રસંગ આવે કોઈ બરફીનો ચોસલો લઈ આવે અથવા તો એકાદ સારૂં રમકડું લઈ આવે તો પેલો ઝવેરીનો બાળક પણ ઝટ દઈને પેલો હીરો બરફીના ચોસલાના બદલામાં આપી દઈને બરફીનો ચોસલો લઈ લેશે! હવે વિચાર કરજો, આપણે એક સાધારણ ઉદાહરણ પરથી પણ ઘણું જાણી શકીએ છીએ પરંતુ આપણી

આંખોની સામેની પ્રત્યક્ષ વસ્તુઓ પણ આપણે જોવાની દરકાર જ રાખતા નથી, એક હીરામાંથી તો લાખો બરફીના ચોસલા આવી શકે એમ છે, પરંતુ તેટલું છતાં પેલો ઝવેરીનો બાળક એક જ બરફીના ચોસલા પેટે પેલો હીરો આપી દે છે. જ્યારે મોટા ઝવેરીનું વર્તન એથી જુદુ જ હોય છે ! પૈસાને અભાવે કદાચ તે ભૂખ્યો મરે, ટાઢ, તડકો વેઠે લોકોના મેણાં ટોણાં ખાય, પરંતુ જ્યાં સુધી એ હીરાની પુરેપુરી કિંમત ન આવે ત્યાં સુધી ઝવેરી એ હીરાને વેચવા કદી તૈયાર થવાનો નથી જ !

## હીરો ઝવેરી જ જાળવે, બીજો નહિ

હીરો પાસે હોવા છતાં ઝવેરી ભૂખનું દુઃખ વેઠે છે તો વિચાર કરો કે શું એને ભૂખે મરવાનું ગમે છે કે ? શું કુટુંબીઓનો ભૂખમરો ટાળવો એને ગમતો નથી ? ટાઢ તડકો વેઠવો એને ગમે છે ? શું છેલબટાઉ થઈને ફરવાનું ગમતું નથી ? તેને ય સઘળું ગમે છે, પરંતુ તેની પાસે જે હીરો છે તે કેટલો મૂલ્યવાન છે એ વાત તે સારી પેઠે જાણે છે, અને તેથી જ તે જ્યાં સુધી પોતાના માલની વ્યાજબી કીંમત નથી મળતી ત્યાં સુધી પોતાનો માલ વેચતો નથી. એક જણ બરફીના ચોસલાના બદલામાં સાચો હીરો આપી દે છે, બીજો મરી જાય તો પણ સોના સાઠ કરીને હીરો વેચવા તૈયાર નથી. બંનેની પાસે હીરા છે, બંનેના હીરા સાચા છે, પરંતુ બંને જણા તેનો જુદી જુદી રીતે ઉપયોગ કરે છે, આથી સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન ઉઠે છે કે આ પ્રમાણે બંનેનો વ્યવહાર એક એકથી સર્વથા ઉલટો જ હોવાનું કારણ શું ? જવાબ એ છે કે એક જણ હીરાનું સ્વરૂપ ઓળખે છે ત્યારે બીજો હીરાનું સ્વરૂપ ઓળખતો નથી ?

## જૈનો જીવને કેવી રીતે માને.

ઝવેરીનો બાળક હીરાના તોલમાપાદિને જાણતો નથી, તેથી તે બરફીના ચોસલા પેટે હીરો આપી દે છે, જ્યારે ઝવેરી એના તોલમાપ કિમ્મતને જાણે છે તેથી તે તેની વાસ્તવિક કીંમત મૂકાવે છે એ જ પ્રમાણે જૈનધર્મમાં આવેલો, જૈનધર્મને જાણનારો, જૈનશાસ્ત્રોની શ્રદ્ધાવાળો, મનુષ્ય જે જીવને માને છે તે જીવના સ્વરૂપ, જીવના ગુણ, જીવના પર્યાયો, તેનું અવ્યાબાધપણું વગેરે જાણીને જીવને જીવ માને છે, ત્યારે વૈષ્ણવો, શૈવો, સ્માર્તો, વેદાંતીઓ, બૌદ્ધો, વૈશેષિકો, નૈયાયિકો, સાંખ્યવાદીઓ એ અને એમના જેવા બીજાઓ જીવના સ્વરૂપ તેના ગુણ, તેના પર્યાયો અને તેની સ્થિતિ આદિને જાણ્યા વિના જ જીવને જીવ કહી દે છે. અસમકિતદૃષ્ટિ આસ્તિકો જડને જ જીવ માનતા નથી અથવા તો જડમાંથી જ જીવની ઉત્પત્તિ થયેલી માનતા નથી પરંતુ તેઓ ભગવાન સર્વજ્ઞો જીવને જીવ કહે છે તે સાંભળીને એ નામ માત્ર પોતે જોડી દે છે ! આથી સ્પષ્ટ થાય છે કે જીવ શબ્દના પહેલા પ્રવર્તકો જીનેશ્વર વીતરાગ સર્વજ્ઞ ભગવાન જ છે.

## આ ભાટાઈ નથી !

હવે અહીં કોઈ એવી પણ શંકા કરશે કે ભાઈ આ તો સર્વજ્ઞ ભગવાનના આગ્રહી હોવાથી જ સર્વજ્ઞ ભગવાનના ગુણગાવાનું હાંકે રાખે છે, બાકી એવું કાંઈ નથી, બધું ઠીકાઠીક છે ! તો આ ઠીકાઠીકવાળાને તમે શો જવાબ આપશો ! "અરે એને તો બોલવાની ટેવ પડી છે બોલવા દોને એને, એનું કોણ સાંભળે છે !" એવું કહીને આગળ ચાલશો કે જવાબ આપવાને ઉભા રહેશો ? જવાબ આપવાને ન ઉભા રહો તો તમે જ્ઞાનને છુપાવો છો એ તમારા ઉપર આક્ષેપ છે જ. તમારી ફરજ છે કે જ્યાં આવી રીતનું અજ્ઞાન છે ત્યાં એ અજ્ઞાન તમારે અવશ્ય ટાળવું જ જોઈએ. જીવનામનો આરંભ કર્યો હોય તો તે સર્વજ્ઞ ભગવાને જ કર્યો છે, જ્યારે બીજા બધાએ તો તેનું માત્ર અનુકરણ કર્યું છે, એ વસ્તુ આપણે શા માટે કહીએ છીએ ? તેના આપણી પાસે પૂરતાં

કારણો છે. ભગવાનના આપણે આગ્રહી હોવાથી જ આપણે એ વાત કહેતા નથી પરંતુ એ વાત સત્ય હોવાથી જ આપણે સત્ય તરીકે કહીએ છીએ.

## આકાશવાણી થઈ ન હતી

હવે એ વાતનો વિચાર કરો કે હીરો નામ આ જગતમાં શરૂ કર્યું કોણે ? પહેલાં "હીરો હીરો" એવી આકાશવાણી થઈ અને પછી ઝવેરીઓ નીકળી પડ્યા કે "ચાલો રે ભાઈલા ! હીરો શોધી કાઢીએ." એવું કદી બન્યું નથી. હીરો પદાર્થ હતો. આ હીરો પદાર્થ સૌથી પહેલો જોયો, તેણે પારખ્યો, એના ગુણદોષ જાણ્યા, તેનું તોલમાપ જાણ્યું, તેને બરાબર પીછાણ્યો, અને પછી તેમણે કહ્યું કે ભાઈ આનું નામ 'હીરો' છે ! કોળી દુબળાને હીરો નામ શરૂ કરવાનું હોતું નથી, ઝવેરી વિના હીરા નામની પ્રવૃત્તિ કરવાનું હોતું નથી. જે વ્યકિત હીરાનું તોલ માપ તેજ કિંમત સ્વરૂપ જાણે છે તેને જ હીરા નામની પ્રવૃત્તિ કરવાનો અધિકાર છે. ઝવેરી હીરાને હીરો કહે છે તે સાંભળીને કહે છે ઝવેરીના બાળ બચ્ચાં પણ હીરાને હીરો કહે છે અને તેમને હીરો નામ બોલતાં સાંભળી કાળીકાછીયા પણ હીરાને બદલે કાચના કટકાને હીરો કહેતા થઈ જાય છે.

## માન તો ઝવેરીને જ ઘટે.

આ રીતે બધા હીરા હીરા કહેતા થઈ જાય છે, પરંતુ હીરા નામની પ્રથમ પ્રવૃત્તિ કરવાનું માન તો ઝવેરીને જ ઘટે છે, તે જ પ્રમાણે જીવશબ્દની પણ નાસ્તિકો, મિથ્યાદષ્ટિઓ, અસમકીતી આસ્તિકો, સમકીતદષ્ટિવાળાઓ આસ્તિકો બધાય પ્રવૃત્તિ કરે છે, પરંતુ એ શબ્દની સમજપૂર્વક પ્રવૃત્તિ કરવાનું માન જૈનોને-સર્વજ્ઞભગવાનોને જ ફાળે જાય છે, એ ચોકખી અને સ્પષ્ટ વાત છે, ઝવેરીનો છોકરો હીરાનું તોલ માપ જાણતો નથી. ભીલ દુબળા વગેરે તો તેનું સ્વરૂપ પણ સમજતા નથી, એટલે તેમને હીરા શબ્દની પ્રવૃત્તિનો જ અધિકાર નથી. તે જ પ્રમાણે જૈનોએ જીવને જાણ્યા નથી, જીવના ગુણપર્યાયો જાણ્યા નથી જીવનું સ્વરૂપ જાણ્યું નથી, તેનું અનાદિપણું જાણ્યું નથી, તેનું અનંતપણું જાણ્યું નથી. તેવાઓને જીવશબ્દ પ્રવર્તાવવાનો પણ અધિકાર જ નથી ! પહેલવહેલી જીવશબ્દની પ્રવૃત્તિ તે જ કરી શકે છે કે જીવના ગુણ, સ્વરૂપ, તેનું અનાદિપણું તેનું અનંતપણું તેની સ્થિતિ વગેરેને જે પોતે જાણે છે.

## અલ્પજ્ઞ વિરુદ્ધ સર્વજ્ઞ

બીજા મતો પ્રમાણે તેમણે અનાદિ જેવી ચીજ માની જ નથી, અનંત જેવી કોઈ વસ્તુ તેમના ખ્યાલમાં આવી જ નથી, તેથી જ તેઓ જૈનદર્શનના સર્વજ્ઞ ઉપર શંકા કરે છે, તેઓ એ પ્રકારનો વાદ રજુ કરે છે કેઃ જૈનોના સર્વજ્ઞોને સંપૂર્ણજ્ઞાન છે કે નહિ ? જો જૈનોના સર્વજ્ઞોને સંપૂર્ણ અને સર્વપ્રકારનું તથા સર્વકાળનું જ્ઞાન હોય તો તેમણે જીવનું આદિપણું અર્થાત્ જીવ ક્યારે ઉત્પન્ન થયો-પહેલવહેલો જીવ ક્યારે ઉત્પન્ન થયો તે જાણેલું હોવું જ જોઈએ અને જો તેમણે જીવનું આદિત્વ જાણ્યું હોય તો જૈનોનો સિદ્ધાંત છે કે 'જીવ અનાદિ છે' એ સિદ્ધાંત તેમના જ ચારિત્રનાયકના જ્ઞાનદ્વારા ખોટો ઠરે છે. જો સર્વજ્ઞોએ જીવનું આદિત્વ ન જાણ્યું હોય તો પછી તેઓ સર્વજ્ઞ છે અને સર્વપ્રકારના તથા સર્વકાળના જ્ઞાનવાળા છે એ વાત ખોટી ઠરે છે, અને જૈનતીર્થંકરો અલ્પક્ષણ છે એમ સાબીત થાય છે ! અલ્પજ્ઞાનુયાયીઓના આ વાદ સામે સર્વજ્ઞાનુયાયીઓનો નીચે પ્રમાણેનો મક્કમ જવાબ છે.

## આવી દલીલ ન હોઈ શકે ?

"જીવનો આરંભ સર્વજ્ઞોએ જાણ્યો હોય, તો જીવ અનાદિનો નહિ, જીવનો આરંભ સર્વજ્ઞોએ ન જાણ્યો હોય તો સર્વજ્ઞો તે સર્વજ્ઞો જ નહિ" શંકાવાદીઓને આ શંકા શા કારણથી કરવી પડી

છે તેનો સૌથી પહેલાં વિચાર કરો. શંકાવાદીઓને પોતાને જીવ અનાદિનો માનવો જ નથી. તેમને અનાદિનો જીવ માનવો નથી એટલે જ તેમણે પોતાની વાત સાચી સાબીત કરવા માટે આવી શંકાનું તૂત ઉભું કર્યું છે. જો તેઓ પણ જીવને અનાદિ માનવાને તૈયાર હોત તો તેમણે એવી શંકા જ ન કરવી પડી હોત ! એક વસ્તુને **अ** જે પ્રમાણે માનતો હોય તે જ પ્રમાણે જો તેને **ब** પણ માનતો હોય તો પછી **ब** ને આ આમ કેમ એવો પ્રશ્ન કરવાનો અધિકાર જ નથી. અને કરતો પણ નથી. **अ** અને **ब** બંનેની માન્યતા સમાન હોય તો પછી **अ**, **ब** ને એમ ન પૂછી શકે કે આમ કેમ થયું ? તે જ પ્રમાણે **ब** **अ** ને પણ ન પૂછી શકે કે આમ કેમ થયું ? બંનેની માન્યતા એક સરખી જ હોય તો "**केम?**" એ પ્રશ્નને અવકાશ જ રહેતો નથી.

## જીવ આદી કે અનાદિ ?

શંકાવાદીઓ પોતે પણ જો જીવને અનાદિનો જ માની લેતા હોય તો તો તેમને પણ પ્રશ્નો કરીને આ બાબતને ચર્ચવાનો અવકાશ જ નથી, પછી તો એ જ વાત બાકી રહે છે કે આ એક વસ્તુ સિદ્ધ થઈ છે. હવે બીજી વસ્તુઓની જ વિચારણાને અવકાશ રહે છે ! પરંતુ એવી સીધી વાત ન કરતા તેઓ જ્યારે વિતંડાવાદ ઉપર જ ઉતારી પુછે ત્યારે તેમનું માનસ કેવું છે તે સ્પષ્ટ થાય છે. વિતંડાવાદીઓ કહે છે કે તમે જીવને અનાદિ કહો છો તે તમારી મેળે કહો છો કે તમારા સર્વજ્ઞના કહેવાથી કહો છો ? જો તમે એવો જવાબ આપશો કે, ભાઈ, અમે તો અમારા સર્વજ્ઞ ભગવાનના કહેવાથી જ આ પ્રમાણે કહીએ છીએ, તો તરત તેઓ જવાબ આપી દેશે કે તો પછી તમારા ભગવાને જીવની આદિ જાણી હતી કે નહોતી જાણી ? જો આપણે એવો જવાબ આપીશું કે ભગવાને તો જીવની આદિ પણ જાણી હતી તો વળી તેઓ નવી શંકા કરવાને માટે તૈયાર થઈને ઉભા જ રહેશે ?

## આ વાદવિવાદ કે વિતંડાવાદ ?

ભગવાને જીવની આદિ જાણી હતી એમ કહીશું તો તેઓ કહેશે કે જીવ તો અનાદિ છે, પછી તેની આદિ તમારા ભગવાને જાણી એમ તેમણે કહ્યું હોય તો તેમણે ખોટું કહ્યું છે, અને તેમણે જો ખોટું કહ્યું હોય તો તેઓ પણ ખોટા જ છે ! એમ કહીશું કે ભગવાને જ જીવને અનાદિ કહ્યો છે તો તેઓ તરત જ જવાબ આપશે કે, ઓહો, ત્યારે તો તમારા ભગવાન એટલા જ્ઞાનમાં ઓછા તેઓ જ્ઞાનમાં અપૂર્ણ હતા, તો જ જીવની આદિ જાણી ન શક્યાને ? તેમની કહેવાની મતલબ એ તરી આવે છે કે કાંતો તમારા ભગવાન ખોટાં છે કાંતો તમારા ભગવાન અજ્ઞાની છે ! તેમની પાસે આ બે સિવાય ત્રીજી વાત નથી ! આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિતંડાવાદીઓને પોતાને જીવ અનાદિ માનવો જ નથી, તેથી જ તેઓ આવો વિતંડાવાદ રજુ કરે છે. પરંતુ જ્યારે આ વિતંડાવાદનો મર્મ તપાસીએ છીએ ત્યારે તેમની આ વિષયપરત્વે રહેલી બાળકબુદ્ધિ અથવા દ્વેષવૃત્તિ તરી આવે છે.

## આરંભ અને અંત શોધો

લોખંડનું એક અખંડ ચક્ર છે. એક માણસ એ ચક્ર ધરીને તેને ફેરવે છે, તમે લોખંડનું એ ચક્ર હાથ વડે ફેરવવા માંડ્યું તે જોયું. હવે તમોને કોઈ એવો પ્રશ્ન કરશે કે આ લોખંડનું ચક્ર તમે ફરતું જોયું છે. તો હવે બોલો કે એ ચક્રનો આરંભ ક્યાં છે અને એ ચક્ર ફરવા માંડ્યું તે સમયે એ ચક્રનું પહેલ વહેલું કયું બિંદુ ફરવા માંડ્યું હતું ? તમે કહો કે આ પ્રશ્નનો તમે શો જવાબ વાળશો ? તમે આખી વસ્તુ દેખી છે, એ આખી વસ્તુને તમે ફરતી પણ દેખી છે, પરંતુ જે વસ્તુને તમે દેખો તે છતાં આરંભ અને અંત જ ન હોય તેનો તમે આરંભ અને અંત

કેવી રીતે કહી શકવાના હતા ? આ ઉદાહરણ આપણા પ્રશ્નપરત્વે એક હિસ્સે લાગુ પાડવાનું છે; અમુકતત્વને જાણ્યું હોય તેટલા માત્રથી તેને આદિવાળું કહી શકાતું નથી. એવું આથી સ્પષ્ટ થાય છે, આ વસ્તુને સમજવાને માટે જ અહીં આ ગોળનું ઉદાહરણ આપણે લીધું છે.

### જ્ઞાન સર્વજ્ઞો જ જોઈ શકે

જેમ જીવ અનાદિ છે તે જ પ્રમાણે કેવળીને કેવળજ્ઞાન છે, તે પણ અનાદિ અને અનંત-જ્ઞેયને દેખનારૂં છે, છતી વસ્તુ દેખવાનું કાર્ય સર્વજ્ઞમહારાજોનું જ છે. એટલે જીવનું આદિપણું નથી તે છતાં જો સર્વજ્ઞ જીવનું આદિપણું જુએ-જોઈ શકે તો જ તે સર્વજ્ઞ છે અને જીવનું આદિપણું ન દેખે તો તે અલ્પજ્ઞ છે એમ કહી શકવાને અવકાશ જ સંભવતો નથી. જેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે તેઓ પોતાના એ કેવળજ્ઞાનને પ્રતાપે સર્વકાળને પણ જાણે છે અને એ કાળને પણ આદિત્વ નથી, તેથી જ તેને અનાદિ કહી શકાય છે, તે જ પ્રાણે જીવનું આદિત્વ ન હોવાથી જીવને સંપૂર્ણ જાણ્યા છતાં તેનું અનાદિપણું જ જાણવાનું છે. અને તે જીવનું અનાદિપણું જાણી લઈને જ જીવને અનાદિ અને અનંત કહેવામાં આવ્યો છે, એટલે એ કથનથી કથનમાં અથવા તો એ કથનકારમાં અજ્ઞાન છે કે જ્ઞાનની ન્યૂનતા છે, એવું કોઈ પણ પ્રકારે સિદ્ધ થતું નથી !

### જીવને અનાદિ, કોણ ન માને

આ વાત રહેવા દઈને હવે આગળ વધો. કહેવાનું તત્ત્વ એ છે કે જીવનુ અનાદિપણું માનવાથી જેમને ભડકામણ થાય છે તેઓ જ જીવને અનાદિ માનવાને માટે તૈયાર થતા નથી ? હવે તમે કહેશો કે એમને જીવને અનાદિ માનવાને વાંધો શો આવે છે ? વાંધો એ છે કે એમને બીજા સંસ્કારો બેસી જ ગયા છે, અને એ સંસ્કારો એવા જબરા છે અને એટલા બધા એમના લોહીમાં રચી પચી ગયા છે કે હવે બીજી વાત માનવાને જ તેઓ તૈયાર થતા નથી. કોઈ માણસને તમે જનમ્યો ત્યારથી એકાદ ભયંકર અંધારા ઓરડામાં પુરી રાખશો એને એક ક્ષણ પણ બહાર લાવશો નહિ, ખાવાપીવાનું પણ તેને તમે અંધારા ઓરડામાં જ આપ્યા કરશો, પછી વીશ વર્ષની ઉમરે તમે તેને આંખો બાંધીને એકાદ ખુલ્લા મેદાનમાં બપોરે લઈ આવશો અને પછી તમે તેની આંખોના પાટા છોડી નાંખશો તો પેલો મૂઢ એકદમ તમે ખુલ્લી કરેલી આંખો પણ બંધ જ કરી દેશે અને અંધકારને જ વધારે પસંદગી આપશે ? આ માણસને તમે પ્રકાશ આપો છો છતાં તે અંધકાર જ શા માટે પસંદ કરે છે ? તેનો હવે વિચાર કરો,

### ઇશ્વરદાસ વચ્ચે ઘુસ્યા ?

એ માણસમાં સંસ્કારો જ અંધકાર જોવાના પડી ગયા હોવાથી તમે એને પ્રકાશ આપશો તો પણ તે જ પળે તે ગભરાટથી એકદમ પોતાની આંખો બંધ કરી દેશે. અને અંધકારને જ પકડી રાખશે, તે જ પ્રમાણે જેમને આ સૃષ્ટિ ઈશ્વરે રચી છે, આત્મા પણ ઈશ્વરે રચ્યો છે, અને ઈશ્વરથી જ આ સઘળું સંચાલાય છે, એવા પ્રકારના સંસ્કારોરૂપી અંધકાર જ જેમની આંખો ઉપર હૈયા ઉપર છવાઈ વળ્યો છે તેમને તમે આત્મા અનાદિનો છે એવો પ્રકાશ આપશો તો પણ તેઓ અંધકારને જ અનુભવવા ટેવાએલા હોવાથી સત્યથી પોતાની આંખો બંધ કરી દેશે, અને અંધકારને જ જોવાનું પસંદ કરશે, સંસ્કારનું એટલું બધું પ્રાબલ્ય છે કે તેથી માણસો ઘણીવાર દેખીતી રીતે સાચી વાત પણ ખોટી માની લે છે અને ખોટી વાતને પણ સાચી માનીને તે વાતની પાછળ જ પોતાની જીંદગી બરબાદ થતાં સુધી મચ્યા રહે છે,

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૫૭)

# સમાલોચના

૧ જન્મસૂતક આખા કુટુંબને દશ દિવસ લાગે એ વ્યવહારકથન છે. બ્રાહ્મણાદિકની પ્રવૃત્તિ ઉપર ધ્યાન આપવા પણ પૂર્વાચાર્યો જણાવે છે, પણ તે સૂતક હોય ત્યાં સુધી એટલે વગર વિશેષે દશ દિવસ પૂજા કરવામાં શુચિતા ન ગણવી.

૨ તે મનુષ્ય તે મુદતમાં બ્હારથી દર્શન કરી શકે.

૩ પ્રતિક્રમણક્રિયા તે દરમ્યાન મનથી કરી શકે.

૪ તે મુદત સુધી સાધુ તેને ત્યાં વ્હોરવા ન જાય.

૫ જાતિઆદિ આર્યો છે અને તે સર્વમાં તે જાતિઆદિવાળા તે આર્ય અને બીજા અનાર્ય, ક્ષેત્ર આર્યમાં મગધાદિ ૨૫ા દેશમાં જન્મેલો આર્ય અને શેષમાં જન્મેલો અનાર્ય ગણાય.

૬ તત્વાર્થભાષ્યકાર વગેરે ત્રીશ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપના લોકોને પણ અનાર્ય ગણે છે. અકર્મભૂમિવાળો સમ્યક્ત્વ ન જ પામે એમ નહિ. દેવાદિકથી થયેલ સંહરણ સિવાય કોઈ મુનિ ત્યાં હોય જ નહિ. સંહરણ થયેલામાં સ્વર્ગ કે મોક્ષની ના કહી શકાય નહિ.

૭ ચંદ્ર અને સૂર્ય અસંખ્યાત હોવાથી અસંખ્ય ઈંદ્ર કહેવાય ખરા.

૮ છ ખંડમાં બત્રીશ હજાર જેટલી દેશની સંખ્યા હોવા ૨૫ા આર્ય સિવાયના બીજા અનાર્ય છે.

૯ શ્રાવકને કર્મનિર્જરા ન હોય એમ કહેવાય જ નહિ.

૧૦ અપ્રત્યાખાનીની ચોકડીના ઉદયવાળાને પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનનો પણ ઉદય હોય છે, પાછલ પાછલની ચોકડીએ આગલ આગલની ચોકડી હોય જ.

૧૧ સામાયિકપૌષધાદિ વ્રત નવકારશી આદિ પચ્ચક્‌ખાણ દાનશીલાદિ અને મૈત્રી કે અનિત્યત્વ આદિ ભાવનાથી શ્રાવક નિર્જરા કરી શકે.

૧૨ નાતબહારવાળાને પણ અવિરૂદ્ધપણે પારણું કરાવતાં લોકવિરૂદ્ધ કાર્ય ગણાય નહિ. તેમાં નોતરાં હોતાં નથી અને નાતની રીતિભાતિ તેમાં હોતી નથી.

૧૩ સવારના પ્રતિક્રમણ પ્હેલાં પૌષધ લેવો એ મુખ્યવિધિ છે.

૧૪ મુટ્ઠસી વગેરે પચ્ચક્‌ખાણો દૈવસિક છે માટે તે દિવસે જ કરવાં ઉચિત છે.

૧૫ અનુકંપાદાનથી મેઘકુમારના જીવે પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું છે. दया भूतेषु એમ શાસ્ત્રો પણ કહે છે.

૧૬ મુનિદાનમાં પણ શાસ્ત્રકારો સ્વજાતિથી અવિરૂદ્ધ પણે ઉપાર્જન કરેલ દ્રવ્યની જરૂર જણાવે છે, માટે પંચેન્દ્રિયહત્યાદિ કરનારને ત્યાં સાધર્મિકને જમવું જ ઠીક નથી.

૧૭ વ્યાવહારિક કેળવણી કે તેવું કાર્ય પુણ્યબંધનો અને કરવા લાયક રસ્તો છે એમ સાધુ તો નહિ કહી શકે.

૧૮ વ્યવહાર, ઠાણાંગ અને સામાચારી વગેરેમાં આચાર્ય ને ગોચરી જવાનો નિષેધ છે, અને જાય તો ઉપાધ્યાય વગેરે બધાને દંડ લાગે એમ જણાવે છે.

૧૯ જાતિભવ્ય જીવો ત્રસપણું પણ પામે નહિ.

૨૦ નારકી સમ્યગ્દૃષ્ટિ હોય તો પૂર્વકૃત પાપોની નિંદા કરીને પાપ હલકાં પણ કરે, મુખ્યતાએ તે જ્ઞાન કર્મફલવેદન વખતે નવાં બંધાતાં બચાવવામાં ઉપયોગી થાય.

૨૧ નિગોદના બધા જીવો જાતિભવ્ય નહિ પણ બધા જાતિભવ્યો નિગોદમાં ખરા.

૨૨ માતાપિતાની સાથે આઠથી ઓછી ઉમ્મરવાળાને પૌષધ ઉચ્ચરાવાય તેમ સાથે હોય તો દીક્ષા પણ અપાય.

૨૩ બાલ, ગ્લાન અને વૃદ્ધ સાધુઓને અનુકંપાબુદ્ધિથી દેવાનું પણ વિધાન છે. બાકી અપાત્રને પાત્ર માનતાં જે દાન દેવાય તેમાં એકાંત પાપ છે એ સૂત્રસિદ્ધ છે.

૨૪ સાધુમહાત્મા સાંસારિક સર્વસંબંધથી નીકળેલ હોવાથી તેમનું સૂતક નહિં. લોકમર્યાદાએ માત્ર લોક શૌચ કરે એમ વિધાન છે.

૨૫ શ્રાવકની ઉત્કૃષ્ટ ગતિ બારમા દેવલોક સુધી અને દ્રવ્યલિંગી સાધુની નવગ્રૈવેયક સુધી ગતિ થાય, એ વાત સંગ્રહણી, ભગવતીજી આદિમાં પ્રસિદ્ધ જ છે.

૨૬ આચારપ્રકલ્પને ધારણ કરવાથી દેશના માટે અને વ્યવહારબૃહત્કલ્પને ધારણ કરવાથી આચાર આદિ માટે ગીતાર્થ ગણાય.

૨૭ સમ્યગ્દૃષ્ટિ જીવ આવેલી આપત્તિને અંગે પ્હેલાં મુખ્યતાએ કર્મફલ સમજી સહન કરે અને શાસનાદિ પ્રસંગે તે નિવારવા સમ્યગ્દૃષ્ટિ દેવ કે ભગવાન્ જિનેશ્વરની આરાધના કરે તેમાં અતિચાર કે દોષ કહી શકાય નહિ.

૨૮ ભગવાનનું ન્હવણ પીવું એ ઉચિત જ નથી.

૨૯ દાક્ષિણ્યાદિ પ્રસંગે ગયેલો માલ ખોળવા દીવાસળી વગેરે આપવામાં અનર્થદંડ નથી.

૩૦ વીતરાગના આલંબને કરાતી વીતરાગસ્તુતિથી ભાવોલ્લાસ થવાથી ભવોભવનાં કર્મો નાશ પામે છે.

૩૧ અનુકંપા સમ્યક્ત્વનું ચિહ્ન છે અને અહિંસા એ મહાવ્રતોનું અંગ છે.

૩૨ અન્યદર્શનની પ્રશંસા સમ્યક્ત્વનો અતિચાર છે એ વાત વંદિત્તામાં સ્પષ્ટ છે.

૩૩ ઇન્દ્ર દીક્ષામહોત્સવમાં આવે તેના વજ્રના તેવા સંસર્ગથી નખકેશ ભગવાનના વધે નહિ, માટે એ અતિશય દેવકૃત ગણ્યો છે એમ વીતરાગસ્તોત્રની ટીકાથી જણાય છે.

૩૪ સામાયિક વગર પણ સ્વાધ્યાય કરતાં ઉઘાડે મ્હોડે ન ગણવું માટે વસ્ત્રાંચલથી મ્હોડું ઢાંકવું એમ કહ્યું, પણ તેથી અનુયોગદ્વારઆદિ સૂત્રોથી સામાયિક આદિમાં મુખવસ્ત્રિકા રાખવાનું જે કહ્યું છે તે ખસતું નથી.

૩૫ ખાદિમ સ્વાદિમ સાધુએ મુખ્યતાએ ન વાપરવાં, પણ એથી તે દેનાર શ્રાવકને દોષ લાગે છે એમ નથી.

૩૬ શરીર ઉપર ચંદ્રમાનું અજવાળું ન હોય તો ઉજેઈ ટાળવી જ.

૩૭ કૃષ્ણમહારાજે સમુદાય સમુદાયને વંદન કર્યું એમ પણ કેટલાક કહે છે.

૩૮ મરનાર મહાત્માને મરણઉત્સવ હોય, પણ ભક્તોને નહિ.

૩૯ સાધુએ પાંચ દિવસે કલ્પસૂત્ર વાંચવું એવી શાસ્ત્રાજ્ઞા છે.

(ખેડા-શ્રાવક)

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો

(ગતાંકથી ચાલુ)

**ક્લેશશમનના હિસાબ ઉપરથી સંવચ્છરીનું નિયત દિવસપણું**

અર્થાત્ અધિકરણ કરનારો સાધુ અધિકરણ ઉત્પન્ન થયું ત્યારથી જો પંદર દિવસમાં ન સુધરે તો આખો સાધુસમુદાય તેને વંદન કરવું બંધ કરે, બીજે પખવાડીએ ન સુધરે તો સાધુસમુદાય તેની સાથે ભોજનવ્યવહાર બંધ કરે, ત્રીજે પખવાડીએ સૂત્રાર્થ માંડલી બંધ કરે, અને ચોથે પખવાડીએ શાંત ન થાય તો સાધુ સમુદાય તેની સાથે બોલવું પણ બંધ કરે. આવી રીતે બે મહિના સુધી ગચ્છે સમજાવવાનું અને વ્યવહાર બંધ કરવાનું કર્યા છતાં જો બે મહિના સરખી મુદતે પણ અધિકરણને વોસરાવી શાંત થાય નહિ તો પછી ઉપાધ્યાય આચાર્ય મહારાજે પણ ચારચાર મહિનાના હિસાબે ભોજન, સૂત્રાર્થ અને આલાપ અનુક્રમે સમજાવતાં પણ ન સમજે અને અધિકરણ ન વોસીરાવે તથા શાંત ન થાય તો અનુક્રમે બંધ કરવાના થાય છે. અર્થાત્ સંવચ્છરીની રાત્રે થએલા અધિકરણના હિસાબે બીજી સંવચ્છરીના પડિક્રમણા પહેલાં, તે ગચ્છ અને ઉપાધ્યાય આચાર્ય, એ બધાથી વંદનાદિક બધા વ્યવહારની અપેક્ષાએ દૂર કરવા લાયક થાય, અગર શાંત થાય તો મૂળ પ્રાયશ્ચિત્તને લાયક થાય. આ ઉપર જણાવેલો હિસાબ પહેલી સંવચ્છરીના દિવસે થયેલા અપરાધમાં અને ચાંદ્રસંવત્સરને ઉદેશીને છે, પણ તે સંવત્સરીના દિવસ પછી કેટલાક દિવસ કે કેટલાક મહિના ગયા પછી પણ જો અધિકરણ ઉત્પન્ન થાય અને તે અધિકરણને ખમાવીને શાંત થવાનું ન કરે તો અધિકરણની ઉત્પત્તિની મુદતથી આવવાવાળી સંવચ્છરીનો આંતરો ધ્યાનમાં લઈ તેના હિસાબે ગચ્છ અને ઉપાધ્યાય આચાર્યોએ વંદનાદિકનો પરિહાર કરવાનો છે, અને તેવી જ રીતે અભિવર્ધિત વર્ષમાં પાછળથી થયેલા અધિકરણને અંગે પક્ષ અને બે માસની મુદતના ઘટાડાની માફક વધારો પણ સંવચ્છરીના આંતરાના હિસાબે જ કરવાનો હોય છે. છેલ્લે સંવત્સરીના દિવસે સૂત્રપોરસી, અર્થપોરસી અને ચૈત્યપરિપાટી અને સાંવત્સરિક પ્રતિક્રમણના હિસાબે માત્ર એક જ દિવસમાં પણ મૂળ પ્રાયશ્ચિત્ત આવે એવું અનુપશાંતને માટે શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે. આ બધી હકીકત ધ્યાનમા લેનારો મનુષ્ય આ અધિકરણની શાંતિના અધિકારની સંવત્સરી પર્યુષણામાં અવસ્થાનલક્ષણ પર્યુષણાનો સંબંધ પણ ન હોવાથી અને તેને અંગે શાંતિના અધિકરણનો હિસાબ નહિ લીધેલો હોવાથી કોઈપણ પ્રકારે સાંવત્સરિક પ્રતિક્રમણનું ચલાયમાનપણું કરી શકે જ નહિ, એટલે નિશ્ચિત થયું કે સાંવત્સરિકપ્રતિક્રમણરૂપી પર્યુષણવાળી જે પ્રસિદ્ધિમાં પર્યુષણા છે તે ભાદરવા સૂદિની સંવચ્છરીને ઉદેશીને જ કરવાની છે.

**અવસ્થાન અને સંવચ્છરીના કર્ત્તવ્યની ભિન્નતા**

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે નિયમિતઅવસ્થાનલક્ષણ પર્યુષણાને અંગે જ્યારે પાંચ દિવસનો જ કર્તવ્યક્રમ અને પ્રભાવ છે. અર્થાત્ પૂર્ણતિથિથી પૂર્ણતિથિની વચ્ચે જ પર્યુષણાનો સંબંધ શાસ્ત્રકારોએ જણાવ્યો છે. એટલે તેનો ક્રમ અને તેનું કાર્ય પાંચ દિવસનું છે અને તેને શાસ્ત્રકારો પણ જગો જગો પર अनागयं पंचरत्तिं कड्ढि ज्जइ એમ કહી નિયમિત અવસ્થાનરૂપ પર્યુષણાના પાંચ દિવસ પહેલાંથી પર્યુષણા કલ્પના કથનનો નિયમ દેખાડવા દ્વારાએ પાંચ દિવસનો જ મહિમા અને કાર્ય જણાવે છે.

**પાંચ દિવસથી વધારે દિવસ સુધી કલ્પનું વાંચન ચલાવવું તે શાસ્ત્રાજ્ઞા બ્હાર છે.**

આ પ્રસંગે એ પણ જણાવવું જરૂરી છે કે પાંચદિવસમાં જેઓ કલ્પસૂત્રનું વાંચન કરે છે તેઓ જ શાસ્ત્રકારની આજ્ઞાને અનુસરતા છે. મૂળવિધાને કે ઉત્તરવિધાને કોઈ પણ શાસ્ત્રમાં કોઈ પણ જગોપર પાંચદિવસથી અધિક દિવસ કલ્પસૂત્રવાંચનને માટે જણાવેલા નથી, માટે પાંચ દિવસથી વધારે દિવસ સુધી કલ્પસૂત્રનું વાંચન ચલાવવા વાળાઓ શાસ્ત્રકારની મુખ્ય આજ્ઞા તથા આચરણાને અનુસરતા નથી, પણ માત્ર સ્વચ્છંદપણે આચરણ કરે છે, આવી રીતે નિયત અવસ્થાનલક્ષણ પર્યુષણાનું માહાત્મ્ય અને કાર્યક્રમ પાંચ દિવસના છે.

**સંવચ્છરીને અંગે પર્યુષણાક્રમ આઠ દિવસનો હોય**

ત્યારે સાંવત્સરિકપ્રતિક્રમણવાળી પર્યુષણાનો મહિમા તથા કાર્યક્રમ આઠ દિવસનો છે. કેમકે ખુદ્ જીવાભિગમસૂત્રમાં નંદીશ્વરદ્વીપના અધિકારમાં દેવતાઓ નંદીશ્વરદ્વીપે નિયમિત પર્યુષણાનો અટ્ઠાઈ મહોચ્છવ કરે છે, તે અષ્ટાહ્નિકામહોચ્છવ સાંવત્સરિક પ્રતિક્રમણ નિયમિત હોવાથી જ નિયમિત રીતે થઈ શકે. અને અવસ્થાનલક્ષણ પર્યુષણાને ત્યાં લેવામાં આવે તો તે અવસ્થાન અનિયમિત હોવાને લીધે તે અવસ્થાનપર્યુષણા અનિયમિત થાય અને દેવતાઓને પર્યુષણાને અંગે અટ્ઠાઈમહોત્સવ કરવાનું નિયમિત રહે નહિ. અર્થાત્ તે દેવતાઓએ નંદીશ્વરદ્વીપમાં કરાતો અને વિદ્યાધરોએ નંદીશ્વરમાં કે પોતાના સ્થાનમાં અને મનુષ્યોએ પોતપોતાના સ્થાનમાં પર્યુષણામાં કરાતો અષ્ટાહ્નિકા મહોત્સવ તે સંવત્સરી રૂપી પર્યુષણા નિયમિત હોવાથી તેને ઉદ્દેશીને અને આઠ દિવસનો જ થાય છે.

**સાંવત્સરિકપર્યુષણાનાં ચૈત્યપરિપાટી આદિ કર્ત્તવ્યોની ભિન્નતા**

આ ઉપરથી પાંચ દિવસના માહાત્મ્યવાળી અવસ્થાન લક્ષણ પર્યુષણા અને આઠ દિવસના માહાત્મ્યવાળી સાંવત્સરિકલક્ષણ પર્યુષણા બંને પૃથક્ પૃથક્ ઉપદેશવાળી અને કાર્યવાળી છે. માટે નિયમિતઅવસ્થાનલક્ષણ પર્યુષણાના અનિયમિતપણાને અંગે સાંવત્સરિક પર્યુષણા અનિયમિત ન થાય તે સહેજે સમજાશે. ચાલુ સાંવત્સરિકપર્યુષણા પર્વને અંગે જેમ અટ્ઠમ અને અધિકરણનો સર્વથા ત્યાગ કરવા માટે સાંવત્સરિક પર્યુષણનું જરુરી કર્તવ્ય પણું છે, તેવી જ રીતે એ સાંવત્સરિકપર્વને દિવસે ચૈત્યપરિપાટીનું એટલે જે જે સ્થાનમાં જે જે સાધુઓ રહ્યા હોય. તે તે સ્થાનમાં ગચ્છઅપ્રતિબદ્ધ કે ગચ્છપ્રતિબદ્ધ એવા સર્વ ચૈત્યોનાં દર્શન કરવાં, એ પણ સાંવત્સરિકનું જરૂરી કર્તવ્ય સર્વશ્રમણસંઘને અંગે છે, આજ કારણથી અધિકરણની શાંતિના અધિકારમાં સર્વ ચૈત્યોના દર્શન કરવાના અધિકારને પણ એક સ્થાન તરીકે ગણ્યો છે, તેમજ કાલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજ

વિગેરે મહાપુરુષોએ શ્રીયક કે જે સ્થૂલભદ્રના નાનાભાઈ છે તેના અધિકારમાં સાંવત્સરિકને અંગે સર્વચૈત્યોના દર્શનનો અધિકાર સ્પષ્ટ અક્ષરોમાં આલેખેલો છે. વસ્તુતઃ શ્રમણોપાસકસંઘનું દેવતાઓએ નંદીશ્વરદ્વીપે કરાતા પર્યુષણ (સાંવત્સરી)ના અઠ્ઠાઈ મહોત્સવનું અનુકરણ કરીને યથાયોગ્ય સર્વચૈત્યોમાં અઠ્ઠાઈમહોચ્છવ કર્યા હોય, તેનો છેલ્લો દિવસ સંવચ્છરીને દિવસે આવ્યો હોય અને તેથી તે દિવસે ઘણી જ ઉદારતાપૂર્વક જીનેશ્વરમહારાજનો ભક્તિભાવ તેઓએ કર્યો હોય, જેના દર્શનથી તે શ્રમણોપાસક વર્ગને ભક્તિભાવમાં ઉલ્લાસની વૃદ્ધિ અને શ્રમણવર્ગને તેની અનુમોદનાનો લાભ વિશેષ મળે તેમ હોઈને સાંવત્સરિકને દિવસે ચૈત્યપરિપાટિ નિયમિત રાખવામાં આવે તે વ્યવસ્થા ઘણી સુંદર કહેવાય તેમાં નવાઈ નથી, પણ આ સાંવત્સરિક પર્યુષણાને અંગે અઠ્ઠાઈ મહોચ્છવનું નિયમિતપણું અથવા અઠ્ઠાઈપર્વનું નિયમિતપણું હોવાથી જ આઠ દિવસના પર્યુષણ કહેવાય છે.

**સાંવત્સરિકપર્યુષણાની અઠ્ઠાઈની શરૂઆત**

અને તે આઠે દિવસ સાંવત્સરિક પર્વને ઉદ્દેશીને હોવાથી સાંવત્સરિકનો દિવસ છેલ્લો આવે તેવી જ રીતે પર્યુષણાની શરૂઆત કરાય છે, એટલે સંવચ્છરીની પહેલાના આઠ દિવસોમાં જે જે કોઈ તિથિની વૃદ્ધિ કે હાનિ હોય તેને લક્ષમાં લઈને તે પ્રમાણે પહેલા કે મોડા પર્યુષણ શરૂ કરાય છે. માનો કે ચોથથી માંડીને તે પાછલી તેરસ સુધીમાં કોઈપણ તિથિની વૃદ્ધિ હોય તો તેરસથી પર્યુષણની શરૂઆત કરવી પડે છે અને કોઈપણ તિથિની હાનિ હોય તો અગીઆરસથી જ પર્યુષણની શરૂઆત કરવી પડે છે.

**કલ્પધરના છઠ્ઠની તિથિઓની અનિયતતા**

અને એવી રીતે અનિયમિત શરૂઆત કરવી પડતી હોવાથી જ કલ્પધરના છઠ્ઠને અંગે નિયમિતપણું રહેતું નથી, કેમકે ચૌદશની તિથિ પણ આરાધ્ય અને નિયમિત ઉપવાસ કરવાનું ધામ છે, માટે કોઈક વખતે પહેલો છઠ કરી, કલ્પને દિવસે માત્ર એક ઉપવાસ કરી છેલ્લા ત્રણ દિવસનો અઠ્ઠમ કરવામાં આવે અને કોઈક વખત ચૌદશ અને અમાવાસ્યાનો કોઈક વખતે અમાસ્યા અને પડવાનો એમ અનિયમિત પણે છઠ્ઠ કરવો પડે છે, અને આ જ કારણથી નગર્ષિ મહારાજના પ્રશ્નોત્તરમાં શ્રીહીરસૂરિજી મહારાજ પર્યુષણામાં કરાતા કલ્પના છઠ્ઠને અંગે તિથિનો કોઈપણ પ્રકારે આગ્રહ ન કરવો એમ જણાવે છે. પર્યુષણ બેસવાની તિથિ પલટે કલ્પવાચનની તિથિ પલટે, તેલાધરની તિથિ પલટે, પણ પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ જે ચૌદશ અને ચોથ છે તે પલટે જ નહિ, અર્થાત્ પાક્ષિક અને સાંવત્સરિક તો તે તે દિવસોએ નિયમિત કરવું જ જોઈએ. એટલે સાંવત્સરિક પર્યુષણાને અંગે અઠ્ઠાઈનું અને ચૈત્યપરિપાટીનું નિયમિતપણું જ છે.

**લોચઆદિના નિયમિતતા પણ સંવચ્છરીની પર્યુષણાને અંગે જ**

જેવી રીતે અઠ્ઠમ, ક્ષમાપના સાંવત્સરિક પ્રતિક્રમણની ક્રિયાચૈત્યપરિપાટી અને અઠ્ઠાઈપર્વનું નિયમિતપણું છે તેવી જ રીતે સાંવત્સરિકની રાત્રીએ ગાયના રૂંવાડા જેટલા પણ વાળ ન હોવા જોઈએ એમ નક્કીપણે જણાવે છે. એટલે જેમ બીજાં કર્તવ્યો સાંવત્સરિકને દિવસે કે તેના આઠ દિવસમાં કરાય છે. તેવી રીતે લોચને માટે સંવત્સરીને અંગે ક્યા દિવસે કરવો કે કેટલા દિવસે પહેલાં કરવો તેનો નિયમ નહિ, પણ વધારેમાં વધારે તેટલી મુદત પહેલાં જ કરવો કે જેથી સંવચ્છરીને દિવસે ગાયના રોમથી ઓછા પ્રમાણવાળા વાળ રહે, આ લોચનું કર્તવ્ય પણ સાંવત્સરીકપર્યુષણાને અંગે જ નિયમિત છે, પણ નિયતઅવસ્થાન લક્ષણ પર્યુષણાને અંગે નિયત થએલું નથી, આ ઉપર જણાવેલાં અઠ્ઠમ વિગેરે કાર્યો સાંવત્સરિકપર્યુષણને અંગે કરાતી પર્યુષણામાં નિયમિત છે. તેવી રીતે વર્તમાનકાળમાં કલ્પસૂત્રનું વાચન પણ

સાંવત્સરિકપ્રતિક્રમણવાળી પર્યુષણાને અંગે નિયમિત છે જો, કે પૂર્વકાળમાં કલ્પનું કર્ષણ (વાચન) સંવત્સરી પર્વવાળી પર્યુષણાને અંગે નિયમિત નહોતું. કિન્તુ અવસ્થાન લક્ષણ પર્યુષણાને જ અંગે જ નિયમિત હતું, અને તેથી આષાઢચોમાસીના દિવસના પર્વથી જે જે પર્વ પર્યુષણ કરવાના હોય તે તે પર્વના દિવસે છેલ્લો દહાડો આવે તેવી રીતે પાંચ દિવસ પહેલેથી દૈવસિક પ્રતિક્રમણ કર્યા પછી રાત્રિની વખતે પહેલા પહોરે સાધુઓ પોતાના મકાનમાં અને સાધ્વીઓ પણ પોતાના મકાનમાં કલ્પસૂત્રનું કર્ષણ (વાચન) કરતા હતા.

## સાધ્વીઓને કલ્પનું કર્ષણ કરવાનો અધિકાર છે ?

જો સાધ્વીઓને પોતના સમુદાયમાં કોઈ વાચન કરનાર ન હોય તો અન્ય સાધ્વીના સમુદાય જે વાચન કરે તે જ સાંભળવાનું હતું. અને તે અન્યસમુદાયની સાધ્વી પણ વાંચનારી ન હોય તો તે સાધ્વીઓને સંભળાવવા માટે ગૃહસ્થોની આવડજાવડ હોય એવાં ખુલ્લાં સ્થાન જ્યાં હોય તેવી જગોપર પડદો કરીને દિવસે સાધુઓ સંભળાવતા હતા. ટુંકમાં કલ્પસૂત્રના વાચનને માટે સાધુ સાધ્વી બંને અધિકારી હતાં. વર્તમાનમાં મુખ્યતાએ કલ્પસૂત્રના યોગ જેણે વહ્યા હોય તેવા સાધુ જ ચતુર્વિધ સંઘમાં તે સૂત્ર વાંચવાને અધિકારી ગણાય છે.

## સાધ્વીઓને છેદસૂત્રનો અનધિકાર છતાં કલ્પવાચનનો અધિકાર હોય કે ?

સાધ્વીઓને જે છેદસૂત્રો ધારણ કરવાની આવશ્યકચૂર્ણિ અને ધર્મરત્ન વગેરેમાં મનાઈ કરવામાં આવી છે તે નિશીથચૂર્ણિમાં સાધ્વીનો કલ્પસૂત્ર વાંચવાનો અધિકાર સ્પષ્ટ શબ્દોમાં કહેલો હોવાથી પર્યુષણા કલ્પ સિવાયના છેદ સૂત્રને જ માટે છે એમ સુજ્ઞપુરુષો સ્હેજે સમજી શકશે. પર્યુષણાકલ્પમાં જેણે સામાચારીનું નવમું વ્યાખ્યાન ધ્યાનમાં લીધું હશે તેને સ્પષ્ટ માલમ પડ્યું હશે કે છેલ્લા નવમા વ્યાખ્યાનનો ઘણો મોટો ભાગ ચોમાસાની એટલે વર્ષાવાસની સામાચારીને જણાવવાવાળો છે, અને તેથી સાધુ અને સાધ્વીઓને ચોમાસાની સ્થિરતા કરવા પહેલાં ચોમાસાની સામાચારી જણાવવા માટે વંચાય અને સંભળાય એ ઘણું જ બંધબેસતું છે.

## સંવચ્છરી સામે કલ્પકર્ષણ નિયત થવામાં ચૂર્ણિકાર

પણ નિશીથ ચૂર્ણિકાર ભગવાનના પહેલાંના વખતથી ચોમાસાની નિયમિત સ્થિરતા કરવાને અંગે તે પર્યુષણાકલ્પનું વાચન પલટાવીને સાંવત્સરિકને અંગે કરાતી પર્યુષણામાં નિયમિત કરેલું જણાય છે, કેમકે તે જ નિશીથચૂર્ણિમાં આનંદપુરમાં મૂલધરચૈત્યમાં કલ્પસૂત્રનું વાચન નિયમિત સંવત્સરીની પર્યુષણાને અંગે થએલું હતું એમ સ્પષ્ટ સમજાય છે. વળી ભગવાન્ હરિભદ્રસુરિજી આવશ્યકવૃત્તિમાં તથા જિનદાસગણિ મહત્તર શ્રી આવશ્યકચૂર્ણિમાં સ્પષ્ટશબ્દોથી જે જણાવે છે તેથી સાંવત્સરિકને દિવસે જ કલ્પસૂત્રનું છેલ્લું કર્ષણ (વ્યાખ્યાન) સંવત્સરિને અંગે નિયમિત થએલું હશે. અર્થાત્ વિહિત નહિ, પણ માત્ર આચરણાવિહિત જ ગણાય.

## કલ્પવાચનની આચરણા માનવી તેને ચોથની આચરણા માનવી જ જોઈએ

છતાં આચરણા પણ સિદ્ધાંતના વચનોની માફક જ માનવા લાયક હોવાથી ભાદરવા સુદિ ચોથની સંવત્સરી અને આષાઢ, કાર્તિક અને ફાલ્ગુન માસની શુકલ ચતુર્દશીની ચોમાસીનિ માફક આદરવા લાયક જ છે. ને તેથી અટ્ઠમ, ક્ષમાપના સાંવત્સરિકપ્રતિક્રમણ, ચૈત્યપરિપાટિ અને લોચની માફક કલ્પસૂત્રનું કર્ષણ (વ્યાખ્યાન) તે પણ આવશ્યક જ ગણાય તે સ્વભાવિક જ છે. આવી રીતે વર્ષના અનેક પર્વોમાં નિયમિત કર્તવ્યવાળું અને

આત્માની મૂળશુદ્ધિના કેન્દ્રભૂત એવું કોઈપણ જો પર્વ હોય તો તે આ પર્યુષણા પર્વ જ છે. માટે તેની આરાધના કરાવવા માટે શાસ્ત્રકારોએ જે પર્યુષણાનો મહિમા ગાયો છે. તે લેશ પણ અત્યુક્તિવાળો નથી.

**શ્રમણોપાસકવર્ગને અમારિ પડહાની આવશ્યકતા**

આ શ્રમણવર્ગને લાયકના જણાવેલાં પર્યુષણા કૃત્યો શ્રાવકોએ પણ યથાયોગ્ય કરવાનો જ છે પણ તેમાં વિશેષે કરીને શ્રમણઉપાસક વર્ગે અમારિ પડહાને માટે તીવ્ર પ્રયત્ન કરવાની જરૂર છે. યાદ રાખવું કે મહારાજશ્રેણિકના વખતમાં તેમના સમગ્રરાજ્યમાં અવાર નવાર વખતે અમારીપડહો બજાવાતો હતો, અને એ વાત શ્રી ઉપાસક દશાંગમાં મહાશતક અધ્યયનમાં અમાઘાઓ પદને જોવાથી સ્પષ્ટ માલમ પડે તેમ છે, વળી આવશ્યકચૂર્ણિ વિગેરમાં જિહવાઇંદ્રિયના ઉદાહરણમાં સોદાસ સરખા રાજાને ત્યાં પણ અમારિપડહાની અસર હતી એમ સ્પષ્ટપણે જણાય છે. વળી ભગવાન્ હરિભદ્રસૂરિજીતો દરેક કલ્યાણક અને દરેક મહોત્સવની વખતે અમારિપડહો વજડાવવા પ્રયત્ન કરવો એવો ચોકખો ઉપદેશ પ્રભાવિકઆચાર્યના અભાવે પણ શ્રમણોપાસકવર્ગને આપે છે, એટલે આપર્યુષણા સરખા મોટા તહેવારમાં સમસ્ત શ્રમણોપાસકવર્ગે અમારિપડહાને માટે તન, મન, ધનથી તીવ્રપ્રયત્ન કરવાની ઘણી જ જરૂર છે. જેવી રીતે શહેર, કે ગામમાં અમારિપડહો વજડાવવા દ્વારાએ અભયદાન પ્રવર્તાવવાની જરૂર છે તેવી જ રીતે શ્રાવકોએ પોતે પણ ખાંડવું, પીસવું, દલવું, ધોવું વિગેરે આરંભો પર્યુષણાના દિવસોમાં જરૂર વર્જવા જોઈએ, અને આઠ દિવસ બને તો ચારે પ્રકારના પૌષધનું બરાબર આરાધન કરવું જોઈએ.

આ સમગ્ર પર્યુષણાનો લેખ વાંચીને વાચકો પર્યુષણાની આરાધનામાં તત્પર થાય એમ ઇચ્છી કંઈક પણ વિરૂદ્ધ લખાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં દઈ આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

સંપૂર્ણ

(અનુસંધાન પા. ૪૪૯ થી ચાલુ)

અરે, તમારા પોતાના જીવનમાં સંસ્કાર કેવો ઉંડો ભાગ ભજવે છે તે જુઓ.

૧૦x૧૦=૧૫૦

તમારો પોતાનો છોકરો ૧૦x૧૦=૧૦૦, ને બદલે ૧૦x૧૦=૧૫૦ એ પ્રમાણે બોલે છે તે વખતે તમોને કેવી અસર થાય છે તેનો તમે જરા વિચાર કરી જુઓ તમારો છોકરો ૧૦x૧૦=૧૫૦ બોલે છે તે વખતે દોઢસો રૂપીયા તે કોઈને આપી દેતો નથી પંરતુ તે છતાં તેના મોઢામાંથી એ ઉચ્ચાર નીકળતાં જ તમોને જબ્બર ધ્રાસ્કો પડે છે કે, અરેરે, છોકરો કાંઈ ન શીખ્યો ! મોટો થઈને એ શું કરશે? એ જ છોકરો જો એમ બોલે છે કેઃ ઓ ઈશ્વર ! તું એક છે સરજ્યો તેં સંસાર ! પૃથ્વી પાણી પર્વતો તે કીધાં તૈયાર ! ! તો તેના આ શબ્દોથી તમારા પેટમાં ધ્રાસ્કો પડતો નથી, અથવા અરે, આ છોકરો મિથ્યાદષ્ટિપણાના સંસ્કારો, અત્યારથી જ પાડે છે તો તેનું આગળ જતાં શું થશે ! એવો કદી તમોને વિચાર સરખો પણ આવતો નથી ! પહેલી વખતે તમારા બાળકના મુખમાંથી નીકળતી અસત્યતા ભયંકર છે કે બીજી વખતે તેના મોઢામાંથી નીકળતા અસત્યોદગાર ભયંકર છે વારૂ ?

### ક્યો દોષ ભયંકર છે ?

તમે જાણો છો કે બીજી વખતની અસત્યતા ભયંકર છે. એ ભયંકરતા તમારા માનસનો, તમારી સંસ્કૃતિનો, તમારા ધર્મનો છેડો લાવી નાંખે છે, છતાં તે પરત્વે તમારો બાળક ભૂલ કરે છે કે જ્યાં સુધરવાનો ચાન્સ છે ત્યાં તમે એકદમ ઉંચાનીચા થઈ જાઓ છો, એ વખતનો તમારો ઉદ્યમ કેટલો હતો તેનું માપ લો અને પછી "ઓ ઈશ્વર તું એક છે" એ લીટી બોલાય છે ત્યારે તમારા હૃદયમાં જે ઉદ્વેગ થાય છે તેનું માપ લો, પછી એ માપ લઈને સરખાવો કે તમારો ક્યો ઉદ્વેગ વધી જાય છે ? ૧૦x૧૦=૧૫૦ બોલાય છે તેમાં જો કે હજી તો કાંઈ તમારૂં જતું નથી, તમારો એક પૈસો પણ ખોવાતો નથી, તમારા ઘરમાંથી કાંઈ જતું નથી, છતાં તેવા શબ્દો તમે સહન કરી શકતા નથી, ત્યારે સૌથી ગંભીરમાં ગંભીર ભૂલ તમારો બાળક કરે છે, તેની તમોને જરાય દરકાર નથી ?

### તમને દરકાર ક્યાં છે ?

તમારા બાળકને કેવા સંસ્કાર પડે છે, તે જોવાની તમોને દરકાર નથી. તમારો બાળક આ જગતના કર્તા તરીકે ઈશ્વરને માની લે અને જૈનત્વનો પહેલા સિદ્ધાંતનો જ ખુરદો થઈ જાય તે તમોને લાગતું નથી. પહાડ પાણી પર્વતો ઈશ્વરે કર્યા છે. આંધળા લુલા ઈશ્વરે કર્યા છે, એકને ગરીબડો ઈશ્વરે કર્યો છે અને બીજાને પૈસાવાળો ઈશ્વરે કર્યો છે, એવું સઘળું તમારા બાળક માને છે, અરે એ વસ્તુ ગોખી ગોખીને પોતાના લોહીમા ઉતારી દેવાનો પ્રયત્ન કરે છે, છતાં એ વસ્તુ તમોને સાલતી નથી ! તમારા છોકરાને પદ્ધતિસરનું આવું ખોટું અને હડહડતું જુઠું શિક્ષણ લેતા જોઈને તમોને એમ થતું નથી કે હાય ! મારા ધર્મનું અને મારી ધાર્મિકમાન્યતાનું સત્યાનાશ વળી ચાલ્યું હવે, દેવ ડુંગરે પહોંચશે, રાને ધર્મ અને ગુરૂઓ ધક્કે ચઢશે ? ઓ ઈશ્વર તું એક છે એવું બોલતાં સાંભળી તમોને જરાય અડચણ નથી લાગતી. હવે એ જ સંસ્કાર આગળ વધે છે એટલે શું પરિણામ નીપજાવે છે તે જુઓ.

### બાઈ હજી જુવાન છે !

તમારા બાળકોને નાનપણથી જ ઇશ્વરે ફલાણું કર્યું છે, ઈશ્વરે આ બનાવ્યું છે, ઈશ્વરે ઢીકણું કર્યું છે એવા સંસ્કારો પડે છે એટલે તે બાળક મોટો

થાય ત્યારે ઈશ્વરને ઉકરડે ઉભો રાખનારો બને છે. કોઈ બાઈને છોકરાનો પ્રસવ થાય તો એ જ તમારો બાળક લખે છે કે "અખંડ સૌભાગ્યવંતા ધનકોર માસીએ આ જ રોજ ઈશ્વરકૃપાથી પુત્રરત્નને જન્મ આપ્યો છે !" લગ્નની કંકોતરી લખવાની હોય તો ખુશખુશાલ લખી નાખે છે કે અમારા ફલાણા બાઈના લગ્ન ફલાણે દહાડે કરવાનો નિર્ધાર કર્યો છે ! ! નસીબસંયોગે એવામાં ખરાબ બનાવ બન્યો, છોકરો મરણ પામે અને બાઈ વિધવા થાય તો પણ પેલા આગલા સંસ્કાર તેનામાં તરી આવે છે અને તે લખે છે કેઃ બહુ ખોટું થયું, બિચારી બાઈ હજી જુવાન છે, બાપ વૃદ્ધ છે, આ વિગત લખતાં કાળજું ચીરાય છે, આંખમાં આંસુ સમાતા નથી, પણ શું કરીએ ઈશ્વરને જે ગમ્યું તે ખરૂં !"

## તમે બગડ્યા, તમારો ઇશ્વર બગડ્યો.

તમે બગડ્યા અને તમે સાથે ઈશ્વરને પણ બગાડ્યો. ઈશ્વરને પણ તમે એવો ધાતકી ઠરાવી દીધો કે તેણે તરતની પરણેલી બાઈના ધણીને જ મારી નાખ્યો અને તેને બિચારીને વિધવા બનાવી ! નાના હતા ત્યારે તમે ગોખતા હતા 'કે ઓ ઈશ્વર તું એક છે સરજ્યો તેં સંસાર' અને મોટા થયા ત્યારે પણ તમારી એ હજામત કાયમની કાયમ રહી. હવે વિચાર કરો કે તમે આવી દશામાં આવી પડવાનું કારણ શું ? આ ઈશ્વરનું ભૂત તમોને ક્યાંથી વળગ્યું અને તે તમોને કોણે વળગાડ્યું ? જવાબ એક જ છે કે તમારામાં નાનપણથી જ એવા ખોટા સંસ્કારો પડી ગયા છે ! અને એ ખોટા સંસ્કારોએ જ તમોને પણ વટલાવી નાખીને ખોટા બનાવ્યા છે ! એક બાજુએ તમે ભગવાનને કેવળજ્ઞાનમય જ્યોતિસ્વરૂપ માનો છો અને બીજી તરફ એ જ ભગવાનને તમે દુષ્ટમાં દુષ્ટ અને ખરાબમાં ખરાબ કાર્ય કરનાર તરીકે વર્ણવો છો આ કેવી અંધાધુંધી ! કેવી અરાજકતા ! !

## અમારી પૂજા તો જુઓ !

તમે કહેશો કે અમારા શબ્દોમાં આવા દોષ છે એમ શા માટે શોધી કાઢો છો. અમારી પૂજા, માનતા, દરરોજ દહેરે જવાની ઉત્કટ ભાવના એ સઘળું શા માટે જોતા નથી ? પણ જ્યારે સત્ય જોવું છે ત્યાં તમારી માનતા પૂજા હિસાબમાં લેવી કે તમારા વચનો હિસાબમાં લેવા ? દરેક જીવ કર્મને આધીન છે, કોઈના કર્મ કોઈ ભોગવતું નથી, કોઈનું આયુષ્ય કોઈ વધારી શકતું નથી, પોતે જેટલું આયુષ્ય લઈને આવે છે તેટલું તે ભોગવે છે એટલે આ જગતમાંથી ચાલતો થાય છે. શ્રીતીર્થંકર દેવોનું આયુષ્ય ખુદ્ દેવો પણ વધારી શક્યા નથી. આમ હોવાથી કર્મ કરતાં જ સાવચેત રહેવાની જરૂર છે. એમ તમો કદી કોઈના ઉપર લખો છો કે અથવા તમોને એવો વિચાર પણ આવે છે ખરો કે ? તમે કહેશો કે અમે તો સઘળા એ જ પ્રમાણે તત્વજ્ઞાનને માનીએ છીએ પરંતુ શું કરીએ ઉપાય જ નથી એટલે પેલા સામા ધણીના સંતોષને માટે આવા શબ્દો લખીએ છીએ ! !

## ભગવાન્ કચરાના ઢગલામાં ?

સામા ધણીના દીલના દીલાસા માટે જ તમે આવા શબ્દો લખો છો એ તમારી દલીલ કોઈ પણ રીતે વાસ્તવિક નથી. તમે કહેશો કે સામા ધણીના સંતોષને ખાતર જ અમે તો માત્ર દેવને દુષ્કૃત્યોમાં દાટીએ છીએ, બાકી અમે અંતરથી તો ભગવાન્ શ્રી જિનેશ્વર દેવોના સિદ્ધાંતને જ અનુસરીએ છીએ, તો તમારૂં એ કહેવું પણ ઈષ્ટ નથી અથવા તમારા જૈનત્વને શોભાવે એવું નથી ! જે લોકો ઈશ્વરને જ કર્તા માને છે છોકરો જન્માવ્યો તો કહે કે "એ પણ મારા ઈશ્વરનું કામ", અને મોંકાણ મંડાવી તો "કહે; એ પણ મારા ઈશ્વરની લીલા !" તે જ માણસો પોતે મહેલમાં મહાલતા રહી હાયરે હાય ભગવાને આમ કર્યું ! એવું કહી ભગવાનને કચરાના ઢગલામાં

ઉભો રાખી શકે છે તમારાથી એવું કાર્ય કદાપિ પણ બની જ શકવાનું નથી અને તમે પણ જો એવા જ થાઓ તો વ્યસનરહિત અને દારૂડીયો એ બેની વચ્ચે પછી તફાવત પણ શો રહ્યો ?

**પછી ફેર શો ?**

દારૂડીયો પણ દારૂનો ગ્લાસ ચઢાવીને નાગો થઈને નાચે અને તમે પણ તેનું જોઈને વગર દારૂ પીધે નાચવા મંડી જાઓ તો પછી એનો અર્થ એ જ છે કે આવરે મારા હરખા, આપણે બંને સરખા ! તમોને જો તમારા સિદ્ધાંતનું અભિમાન હોય, તમારા લોહીના બિંદુએ બિંદુમાં જો તમારો સિદ્ધાંત વ્યાપી ગયો હોય અને તમોને સત્યને માટે ગૌરવ હોય તો તમે હરખાભાઈની હરોલમાં કદાપિ પણ બેસી શકો જ નહિ. તમે કહો છો કે અમે તો સામા ધણીને ઠીક લાગે એટલા માટે એવું લખીએ છીએ તો એ કહેવું પણ યથાર્થ નથી જ. ધારો કે તમારે ત્યાં કોઈ મેમાન આવે, તે મેમાન ગોળને ઝેર માનતો હોય અને અફીણને જ ગોળ માનતો હોય તો શું તમારે તેને ગોળની રસોઈ, પકવાન્નો વગેરે બનાવીને ન મૂકવાં અને અફીણના લાડવા બનાવીને તેની આગલ તમારે મૂકવા એમ તમે કહેવા માગો છો?

**જયજિનેન્દ્ર ક્યાં લખાય ?**

જૈનો, જૈનો ઉપર કાગળ લખે છે ત્યારે પરસ્પરમાં લખે છે કે 'જયજિનેન્દ્ર" આ જયજિનેન્દ્ર લખનારો પણ ધર્મી નથી એ વાત તમારે વિચારવા જેવી છે કારણ એ જ છે કે શ્રાવક શ્રાવકને હંમેશા નમસ્કાર જ કરે છે અને તેથી નમસ્કાર અથવા પ્રણામ જ લખાય. શ્રાવક શ્રાવકને માંહોમાંહે લખે તો તેણે પરસ્પર એક બીજાને નમસ્કાર અથવા પ્રણામ જ લખવા જોઈએ. ત્યારે હવે જયજિનેન્દ્ર ક્યાં લખવું તેનો વિચાર કરો. શ્રાવક જો અજૈનને કાગળ લખે તો જૈન, અજૈનને પ્રણામ કે નમસ્કાર લખી શકતો નથી, કારણ કે જો જૈન, અજૈનને **નમસ્કાર લખે તો તે જૈનના સમ્યક્ત્વમાં ભયંકર દૂષણ છે, આથી જ શ્રાવક જ્યારે અજૈનને કાગળ** લખે ત્યારે ત્યાં પ્રણામ કે નમસ્કાર ન લખાય, પણ **જયજિનેન્દ્ર જ લખવા પડે છે, કે જેથી અજૈનને માથુ નમાવ્યાનો દોષ જૈનને લાગે નહિ. અજૈનને જૈન** કાગળ લખે તો તે પ્રસંગે આ કારણથી તેણે **જયજિનેન્દ્ર જ લખવા ઘટે છે.**

**શાસ્ત્રીય માર્ગ શો ?**

પરંતુ એ જ શ્રાવક જ્યાં પરસ્પર કાગળ લખે છે ત્યાં એક બીજાને તેઓ સમાન પરિપાટી ઉપર ઉભેલા હોવાથી પરસ્પર એકબીજાને પ્રણામ લખવા એ જ વાસ્તવિક છે. તમે જાણો કે ફલાણો સમ્યગ્દષ્ટિ છે એટલે ત્યાંથી તમારે સમજી લેવાનું છે કે એ તમારે પ્રણામને લાયક જ છે. તેને પ્રણામ કરવા એ તમારી ફરજ છે. તે ફરજ ન બજાવો અને તમે તેને જયનેજિન્દ્ર કહો તો તેનો અર્થ એ છે કે તમે શાસ્ત્રથી વંચિત થવા પામ્યા છો, અર્થાત્ સમ્યગ્દષ્ટિને તમે ઓળખો કે એ સમ્યગ્દષ્ટિ છે તે પછી તેને પ્રણામ ન કરો એ મિથ્યાદષ્ટિપણું છે અને જે સમ્યગ્દષ્ટિ નથી તેવાને જયજિનેન્દ્ર ન લખતાં પ્રણામ લખો, તો એ મિથ્યાદ્રષ્ટિપણું છે, જે મિથ્યાદષ્ટિ છે તેને પ્રણામ લખો, તેને વંદન કરો તો એ સમ્યક્ત્વની મલિનતા છે. આ સઘળા ઉપરથી તમારે જે સમજવાનું છે તે એ છે કે ધાર્મિક સંસ્કારો જે મળવા જોઈએ તે પણ ધાર્મિક-શાસ્ત્રીય રીતિએ મળ્યા જ નથી.

**સંસ્કારો નથી પડ્યા.**

ધાર્મિક સંસ્કારો જે રીતે પડવા જોઈએ તે રીતે પડ્યા જ નથી તેનું જ પરિણામ એ આવ્યું છે કે બાળક આમ બોલે કે તેમ બોલે તેની આપણા ઉપર કશી અસર જ થતી નથી. બાળકના બોલોનું ખોટાપણું પણ આપણને સાલતું નથી ! બાળક જે રીતે અજ્ઞાનતાથી અમુક વસ્તુને માને છે તે જ રીતે

મોટેરાંઓ પણ થોડીક વાત એ રીતે જ માને છે, આ જ બધી ખાનાખરાબીનું મૂળ છે. જો તમોને થોડા પૈસા મળ્યા, છોકરા થયા, સારા ઘરની બાયડી મલી તો કહેશો કે વાહ ભગવાને સારૂં આપ્યું, ઘી દૂધ બધું આપ્યું ! ! મહાનુભાવો ! પરમેશ્વરે સારૂં કર્યું, એણે બધું આપ્યું એ શબ્દો જૈનના મોઢાના નથી એટલું જ નહિ પરંતુ તે જૈનના મોઢામાં શોભતા પણ નથી ! જૈન તે છે કે જેણે પોતાના કર્મના ઉપર મદાર બાંધેલ છે જે કર્મના સિવાય બીજી કોઈ જગ્યાએ જોતો નથી સુખ મલે તો પોતાના શુભ કર્મોનું એ ફળ માને છે અને દુઃખ પડ્યું તો એ પણ અશુભ કર્મોનું જ ફળ માની લે છે !

**ઇશ્વર કર્તા છે એવી છાપ ન પાડવા દો.**

હવે તમારી દશા એ વિચારો સાથે સરખાવો. જ્યાં કર્મ પર મદાર બાંધવાની છે ત્યાં એ વાત આઘે ઉડી જાય છે અને તેના બદલામાં ઈશ્વર ઉપર મદાર બંધાય છે. આમ થવાનું કારણ એ છે કે જે ધાર્મિક સંસ્કારો જે રીતે પડવા જોઈએ તે ધાર્મિક સંસ્કારો તે રીતે આપણને પડ્યા જ નથી. એ સંસ્કારો નથી પડ્યા તેને જ યોગે તમારા બાળકો 'ઓ ઈશ્વર તું એક છે સરજ્યો તેં સંસાર' એમ બોલે છે, તે આપણે સાંભળી લઈએ છીએ અને તેની કાંઈપણ અસર આપણા ઉપર થવા પામતી નથી અથવા તો એ શબ્દો સાંભળીને આપણું હૃદય ઉશ્કેરાતું નથી. શાળામાં જગત તરફથી-નાટક સીનેમાઓ દ્વારા ઈશ્વર કર્તા છે એવી જે છાપ પડે છે તે છાપ આપણે ભુંસી નાખી શકીએ છીએ. આપણે બાળકોને સમજાવી શકીએ છીએ કે ભાઈ વૈષ્ણવોનો કર્તા એક ઈશ્વર છે પરંતુ તેમની એ માન્યતા તો ખોટી છે, અને ખરી વાત આ પ્રમાણેની છે !

**તમારી મનોવૃત્તિ જુઓ.**

હવે કહો કે ક્યા માબાપ એ પોતાની ફરજ બજાવે છે ? શાળામાં તમારો છોકરો દસે દસે દોઢસો ભણીને ઘેર આવે તો તમે એવો વિચાર કરો છો ખરા કે ભાઈ નિશાળમાં એક વસ્તુ શીખવાઈ છે અને આપણે બીજી વાત શીખવીશું તો એનું મગજ બગડી જશે. તેના મગજમાં ગુંચવાડો પેદા થશે માટે જેમ શાળામાં શીખવાય છે તેમ જ ઘેરે પણ શીખવો અને એ જ પ્રમાણે શીખવા દો એવો વિચાર કરી તમે તેને દસે દસે દોઢસો કદી શીખવતા નથી, અથવા શીખવા દેતા નથી, પરંતુ તરત જ ધપ્પો મારીને છોકરાની ભૂલ સુધારો છો પરંતુ જ્યાં દુનિયા તરફથી તેને મિથ્યાત્વના સંસ્કારો પડે છે ત્યારે તમે એવા વિચાર કરો છો કે નિશાળમાં આ પ્રમાણે શીખવાય છે અને ઘેરે આ પ્રમાણે શીખવીશું તો ઉલટો એના મગજમાં ગુંચવાડો ઉભો થશે. એના કરતાં શીખવા દો જે શીખે તે મોટો થયા પછી એ તો સૌ સુધરી જશે ! !

દુન્યવી બાબતોમાં તમારે જેમ ચાલતું આવે છે તેમ ચાલવા દેવું નથી તેમાં તો જરાક ભૂલ પડે તો તમારે બરાબર લેવી છે અને દુન્યવી દૃષ્ટિની ભૂલો તમારે દુન્યવી દૃષ્ટિએ જ સુધારવી છે પરંતુ ધાર્મિક બાબતોમાં જે કાંઈ ભૂલ થાય છે તે તમારે ચાલતું આવ્યું છે તેમ ચાલવા દો એમ કરીને ચાલવા દેવું છે. એનું એ જ કારણ છે કે આપણામાં જે સંસ્કારો પડવા જોઈએ તે પડ્યા જ નથી ! આથી જ શાસ્ત્રકાર મહારાજાઓ કહે છે કે તમારે તમારા બાળકોને ધન, માલમિલ્કતનો વારસો આપવો હોય તે પહેલાં આ ત્રણ વસ્તુ વારસામાં આપવાની જરૂર છે કે (૧) આત્મા અનાદિનો છે (૨) ભવ અનાદિનો છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિનો જ છે. તમારે જે વારસો આપવાનો છે-ધાર્મિક સંસ્કારોનો જે વારસો આપવાનો છે તે વારસો અન્યત્ર કોઈ સ્થળે મલે એવું નથી. એ વારસો ફક્ત જૈનકુળમાં જ મળે એમ છે અને તેથી જ જૈનકુળની મહત્તા છે.

### શ્રાવકકુળની જરૂર શું ?

ધન, માલમિલ્કત એ સઘળાનો વારસો મેળવવાને માટે શ્રાવકકુળની જરૂર જ નથી. એ વારસો તો અનાર્ય દેશમાં પણ મળી શક્યો હોત. યુરોપ કે અમેરિકામાં કોઈ નાસ્તિક માંસાહારી હોય તેણે પણ પોતાના બાળકોને આ વારસો તો આપ્યો હોત. તે જ વારસો જો તમે પણ આપવાના હો તો પછી તમારામાં અને બીજાઓમાં ફેર શો ? અને આત્મા તમારે ત્યાં જન્મ્યો એમાં તેને લાભ પણ શો ? તમારે ત્યાં આત્મા જન્મ્યો તેમાં તેને વધારે વારસો શાનો મળ્યો છે તે વિચારો. આત્મા તમારે ત્યાં શ્રાવકકુળમાં જન્મ્યો તે સફળ ક્યારે ગણાય? તમારે ત્યાં શ્રાવકપરિવારમાં આત્મા જન્મેલો સફળ તો ત્યારે જ ગણાય કે જ્યારે તમારે ત્યાં તેને ધર્મના સંસ્કારો પડે. શ્રાવક માબાપ તરીકે તમારી એ ફરજ છે કે તમારે તમારા બાળકોને વિશિષ્ટ વારસો આપવાની જરૂર છે. એ વિશિષ્ટ વારસો તમે શાનો આપી શકો છો તેનો વિચાર કરો.

### શો વારસો આપશો ?

જૈન માબાપ તરીકે તમારે તમારા બાળકને વિશેષ વારસો આપવાનો જ છે અને તમે એ વારસો આપો તો જ તમારી જૈન માતાપિતા તરીકેની સફળતા છે અને તમારે ત્યાં જન્મ લેનારની પણ જૈનકુળમાં જન્મ લીધાની સફળતા છે. મિથ્યાદષ્ટિઓ પણ પોતાનો પૈસોટકો કાંઈ ફેંકી દેતા નથી જ. તેઓ પણ પોતાના પૈસાટકાનો તો પોતાના સંતાનોને વારસો આપે જ છે. હવે તેઓ પણ એ પૈસાટકાનો જ વારસો આપે અને તમે પણ એ પૈસાટકાનો જ વારસો તમારા બાળકોને આપો તો પછી એમાં તમારી પોતાની પણ મહત્તા શું ? અને મિથ્યા દષ્ટિવાળાઓ અને તમે સમ્યગ્દષ્ટિવાળાઓ પણ જો એક સરખો જ વારસો તમારા બાળકોને આપે જાઓ તો તમારામાં અને મિથ્યાદષ્ટિમાં પછી ફરક પણ શો રહ્યો ? તમારે યાદ રાખવાનું છે કે તમે જે ત્રણવસ્તુઓ તમારા બાળકોને આપી શકો છો તે ત્રણ વસ્તુઓ તેને અન્યત્ર કોઈ પણ સ્થળે મલી શકે તેમ નથી.

### તમારી ફરજ ક્યારે પૂરી થાય ?

તમે તમારા બાળકોમાં એ વાત બરાબર ઠસાવી શકો કે આ ભવ, આ આત્મા અને આ કર્મસંયોગ અનાદિના છે તો ખાત્રી રાખજો કે તમે તમારી માતાપિતા તરીકેની સાચી ફરજ બજાવેલી જ ગણી શકાય, અને તમે તમારા બાળકોને સાચો વારસો આપ્યો છે એ વાત પણ સિદ્ધ થાય ! આત્મા પહેલા ભવથી એ વસ્તુને ઝંખી રહે છે કે મને જૈનધર્મનું દાસપણું મળે તો સારૂં છે પરંતુ ધર્મરહિતનું ચક્રવર્તિપણું ન મલવું જોઈએ. આત્મા પહેલા ભવથી જૈનકુળને ઝંખે છે. તે એટલા માટે નથી ઝંખતો કે તમારે ત્યાં પૈસા, ધન, માલ, મિલ્કત વગેરે વધારે છે. આત્માએ માલમિલ્કતને માટે કાંઈ શ્રાવક પરિવારની ઝંખના કરી નથી પરંતુ એણે શ્રાવક પરિવારની ઝંખના કરી છે તે માત્ર ધર્મને ખાતર કરી છે. આત્મા એમ ઝંખે છે કે ધર્મરહિત દિશામાં ચક્રવર્તિપણું મળે તો તે પણ મને ન જોઈએ તેનો મર્મ તમારે સમજવાની જરૂર છે. જો આત્મા ધનના લોભથી જ શ્રાવકકુળને ઝંખતો હોત તો પછી તેણે ચક્રવર્તિપણાનો શા માટે ત્યાગ કર્યો હોત ?

### શ્રાવકકુળ શા માટે ?

ચક્રવર્તિપણામાં આત્માને ભારે રિદ્ધિ મળે એમ હતું પરંતુ તે છતાં તેણે એ રિદ્ધિને પણ તુચ્છ ગણી અને તેણે તમારૂં શ્રાવકકુળ માગ્યું. શ્રાવકકુળને માટે આત્માએ ચક્રવર્તિપણાને પણ લાત મારી છે. એ ચક્રવર્તિપણાને લાત મારનારો આત્મા કાંઈ તમારા પૈસાનો કે તમારી હવેલીનો ભૂખ્યો નથી કે જે તમારા કુળને ઝંખે છે. આત્મા તમારા કુળમાં કાંઈ માલમિલ્કત લેવા આવ્યો નથી પરંતુ તે ધર્મને

પામવાને માટે જ તમારા કુળમાં આવ્યો છે. ધર્મની ભાવનાએ જ આત્મા તમારા કુળમાં જન્મ્યો છે. ધર્મની આવી પરમભાવના લઈને આવેલા આત્માથી જગતના વ્યવહારને આધારે, મિથ્યાત્વાદિ કાર્યો, પ્રપંચો, જુઠાણાઓ એ સઘળું તેનાથી થઈ શકતું જ નથી. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ જે, એ આત્મા રાખે છે તે તમારે ત્યાં જન્મવાથી જ રાખે છે. જો એ આત્મા તમારે ત્યાં જન્મ્યો ન હોત તો એણે બીજાને ત્યાં જન્મેલાઓ "જે આવે તે ખાઈ જાઉ" ની નીતિ પ્રમાણે જ કામ લીધું હોત.

## તમારે ત્યાં જન્મ્યા તેથી ?

ભક્ષ્યાભક્ષ્યનો વિવેક તમારા બાળક પાળે છે તે એટલા જ કારણથી પાળે છે કે તેઓ તમારે ત્યાં જન્મેલા છે. આત્મા દુનિયાદારીના સુખોથી ઠગાય છે, ત્યારે તે તમારે ત્યાં આવવાનું યોગ્ય વિચારે છે. હવે તમે પણ તેની આશા પુરી ન કરતાં તમે તેને દુનિયાદારીના જ સુખો આપો તો તે એમ જ સાબીત થાય છે કે તેણે તમારા ત્યાં આવવામાં ભયંકર ભૂલ જ કરી છે. તમારા કરતાં બીજા કુળમાં તેને રિદ્ધિસિદ્ધિ વધારે મળત, તેને સાંસારિક વૈભવ વધારે મળત અને જગતની દૃષ્ટિએ કદાચ તે વધારે સુખી થાત પરંતુ એ સમૃદ્ધિની દરકાર તેણે રાખી નથી. એ પૈસાને તેણે તુચ્છ માન્યો છે અને તેણે તમારૂં કુળ ઈષ્ટ ગણ્યું છે. જો તેને ધર્મની દરકાર ન હોત અને પૈસાટકાની જ દરકાર હોત તો તો એ આત્મા પહેલા ભવમાં એવી ઈચ્છા જ ન કરત કે જૈનધર્મ રહિતનું સારાય જગતનું ચક્રવર્તિપણું હોય તો તે પણ મને નકામું છે પરંતુ જૈનધર્મ સહિતની સેવાવૃત્તિ મળે તો તે પણ મારે માટે આદરણીય છે.

## તમારો વિશ્વાસઘાત

શ્રાવકકુળમાં આવવામાં જીવે જો કોઈપણ બાબતની દરકાર રાખી હોય તો તે ફક્ત ધર્મની જ રાખી છે. ધર્મ સિવાય બીજા કશાની તેણે દરકાર રાખી જ નથી અને તે તમારા કુળમાં ધર્મ લેવાને માટે જ આવ્યો છે. તમે શ્રાવક છો અને તમારે ત્યાં જન્મ લેવાથી પોતાને ધર્મ મળશે એવો વિશ્વાસ આત્માએ તમારા ઉપર મૂક્યો હતો એ વિશ્વાસ મૂકીને તે તમારે ત્યાં આવ્યો હતો. જો તમે તેને હાથતાળી આપો અને ધર્મને બદલે ધતીંગરૂપ માલમિલ્કતનો જ તેને વારસો આપો તો તમે વિચાર કરો કે તમારા ઉપર એણે મૂકેલા વિશ્વાસને તમે કેટલા ટકા શોભાવ્યો છે ? જો તમે ઉંડા ઉતરીને જોશો તો તો તમારે એ વાત કબુલ રાખવી જ પડશે કે તમારા ઉપર જીવે જે વિશ્વાસ મૂક્યો હતો તે વિશ્વાસને તમે પાત્ર નિવડ્યા નથી અને તમે એ વિશ્વાસનો ભંગ કરીને તમે તમારા બાળકો પ્રત્યે તો ભયંકર વિશ્વાસઘાતી જ નીવડ્યા છો. તમોને આ વિશ્વાસઘાતીનું બિરુદ ખુંચતું હશે પરંતુ તમારે યાદ રાખવાનું છે કે એ બિરુદ બરાબર જ છે.

## આક્ષેપ સાલે તો ફરજ બચાવો.

હવે જો તમોને વિશ્વાસઘાતીનું એ બિરુદ સાલતું હોય તો તો તમારી ફરજ છે કે તમારે એ બિરુદમાંથી મુક્તિ મળે એવો માર્ગ લેવો જ જોઈએ. એ માર્ગ એ જ રીતે તમે લઈ શકો છો કે તમે તમારા બાળકમાં ધાર્મિક સંસ્કાર પણ નાખવા માગો અને તેને તમારા પૈસાટકાનો વારસો ન આપતાં સાચા ધાર્મિક સંસ્કારોનો જ વારસો આપો. તમે તમારા બાળકોને જો આ ધર્મનો વારસો આપવા માગતા હો તો તમારે તમારા બાળકોને ગળથુથીમાંથી જ એ સંસ્કારો નાંખવાની જરૂર છે કે જીવ અનાદિનો છે અને તે જીવ કેવળજ્ઞાનદર્શન સ્વરૂપ, અનંતવીર્ય અનંત સુખવાળો, અને વીતરાગ સ્વરૂપ છે. તમારા બાળકમાં તમારે આ સંસ્કાર

નાખવા જોઈએ પરંતુ પહેલી વાત તો એ છે કે કુવામાં હોય તો જ હવાડામાં પાણી આવી શકે છે. જો કુવામાં પાણી ન હોય તો હવાડામાં પણ પાણી ન જ આવી શકે તે જ પ્રમાણે તમારા બાળકોમાં તમો એ સંસ્કાર ત્યારે જ નાખી શકો છો કે જ્યારે તમારા પોતાનામાં જ એ સંસ્કારો પડ્યા હોય !

### પહેલાં તમે સુધરો.

આવી વસ્તુસ્થિતિમાં પહેલું કાર્ય તો એ છે કે તમારે પોતે જ આત્મા અનાદિનો છે અને તે અનંતવીર્ય, અનંત સુખવાળો, વીતરાગ સ્વરૂપ, કેવલજ્ઞાન દર્શનમય છે એ વસ્તુ ઓળખી લેવી ઘટે છે. જ્યાં સુધી તમે પોતે જ આ બાબતને ઓળખી શક્યા નથી, તમે પોતે જ આ જ્ઞાનને પચાવી શક્યા નથી ત્યાં સુધી તમે તમારા બાળકોને એ જ્ઞાન આપી શકો અથવા તો એ સંસ્કાર તમારા બાળકોમાં નાખી શકો એ બનવાજોગ જ નથી. તમારી સ્થિતિ તો એ છે કે તમે પોતે જ હજી જીવને કેવળજ્ઞાનદર્શન સ્વરૂપ અનંતવીર્ય, અનંતસુખવાળો, વીતરાગમય માનવાને તૈયાર નથી. તમે આ વસ્તુને માની શક્યા નથી. અને કદાચ તમે આ વસ્તુને માની હોય તો પણ તમે તમારા આત્મામાં આ વાત પચાવી શક્યા નથી, હવે વિચાર કરો કે જો તમારા હૃદયમાં જ તમે આ વાત નથી પચાવી શક્યા તો પછી તે વસ્તુ તમે તમારા બાળકોમાં તો કેવી રીતે ઠસાવી શકવાના હતા વારૂ ?

### તમારો નિશ્ચય પાકો કરો.

''जगति विदितमेतद् दीयते विद्यमानं'' એ ન્યાયે તમારી પાસે જે વસ્તુ હોય તે જ તમે બીજાને આપી શકો છો. તમારી પાસે જે વસ્તુ નથી તે વસ્તુ તમે બીજાને આપી શકવાના જ નથી. ભલે તમે બીજાને અપશબ્દ કહો અપશબ્દ આપો પરંતુ અપશબ્દ પણ તમે ત્યારે જ આપી શકો છો કે જ્યારે તમારા ખીસામાં અપશબ્દો જ ભરેલા હોય ! કોઈ માણસ કરોડાધિપતિ હોય અને તેની પાસે કોઈ દાનમાં શીંગડું માગવા આવે તો એ કરોડાધિપતિ પણ એ શીંગડું ક્યાંથી આપી શકવાનો હતો ? શીંગડું આપવાની તેને ના જ પાડવી પડે છે, કારણ કે તે કરોડાધિપતિ છે પરંતુ શીંગડું તેની પાસે નથી ! ! એ જ પ્રમાણે આપણે પણ સમજવાનું છે. આપણામાં જ સંસ્કાર ન હોય તો પછી આપણે આપણા છોકરાને ધર્મના સંસ્કાર ક્યાંથી આપી શકવાના હતા ? તમે પોતે જ આત્માનું અનાદિપણું, અનંતપણું વગેરે સમજ્યા નથી, અને તમે એ વસ્તુઓનો તમે પોતે જ પૂરો નિશ્ચય કરી લીધો નથી તો પછી તમે બીજાને તો એ વસ્તુ કેવી રીતે પઢાવી સમજાવી શકવાના હતા ?

### ફરી ફરી એ ત્રણ વાત ?

જે વસ્તુ તમે માન્ય રાખી નથી, જે વસ્તુ તમારા આત્મામાં પચી ગઈ નથી તે વસ્તુ તમે તમારા બાળકોને તો ક્યાંથી જ આપી શકવાના હતા ? એટલા જ માટે તમારી સૌથી પહેલી ફરજ એ છે કે તમારે પોતે પહેલાં એ ત્રણ વસ્તુઓનો નિશ્ચય કરી લેવાનો છે કે (૧) આત્મા અનાદિનો છે (૨) કર્મસંયોગ અનાદિનો છે અને (૩) ભવ પણ અનાદિનો છે. તમારા મગજમાં જ જો આ વાત ઠસી ગઈ હોય તો તો સમજી લેજો કે તમારો અને તમારા બચ્ચાંનો બંનેનો બેડો પાર છે ! તમે હીરાની પરીક્ષા તમારા બાળકને બરાબર શીખવો છે. કાપડીઆ હો તો તેની કળા બરાબર તમારા છોકારામાં ઠસાવો છે અથવા તો બીજો ધંધો કરતા હો તો એ કળા પણ આબેહુબ તમારી સંતતિને આપો છો કારણ કે એ કળા તમારા લોહીમાં પચી ગઈ છે, એ જ પ્રમાણે જો ધર્મના સંસ્કારો પણ તમારા પોતાના જ અંતરમાં દૃઢતાથી પડેલા હશે તો તો જરૂર જરૂર કોઈના ઉપદેશ વિના પણ તમે એ સંસ્કારો તમારા બાળકને આપવાના જ છો અને એ સંસ્કારો દૃઢ થવાના જ છે.

**સંસ્કારની મહત્તા**

તમે તમારા બાળકોને જો આ ત્રણ સંસ્કારો બરાબર ઠસાવી શકો તો તેનું પરિણામ એ જ આવે કે કાળાંતરે અરે કલ્પાંતરે પણ તે ધર્મથી હીન થાય નહિ એટલું જ નહિ પરંતુ ધર્મથી ભ્રષ્ટ થવાનો તેને વિચાર સરખો પણ થાય નહિ પહેલાં તમારી પોતાની વાત કરો. ધારો કે તમે એક દિવસ ચોપડા લઈને ફેરવતા બેઠા છો. એટલામાં અચાનક તમારી નજર લાખ રૂપીઆની રકમ પર પડે છે અને એ રકમ ચોપડામાં છે પણ રોકડમાં રાખવાની રહી ગઈ છે તો એ વસ્તુ જાણાંત જ તમારા આત્મામાં કેવો ધ્રાસકો પડે છે ? તમારી એ જ સ્થિતિ ધર્મના સંબંધમાં પણ થવાની જરૂર છે. તમે જ્યાં સુધી મિથ્યાત્વી હતાં ત્યાં સુધી કેવળજ્ઞાનની આખી રકમ જ ગૂમ થઈ જવા પામી હતી. હવે તમે સમ્યક્ત્વનો ચોપડો ખોલ્યો છે જ્યાં તમે એ ચોપડો ખોલ્યો છે અને તમોને કેવળજ્ઞાનરૂપી અસલ રકમ માલમ પડે છે કે ભાઈ ! મારી તો આવી મોટી રકમ હજી વગર વપરાયે પડેલી જ છે ત્યાં તમોને કેટલો આનંદ થાય છે ? !

**જોવાથી જ આનંદ**

તમે કોઈને લાખ રૂપીઆની રકમ ધીરેલી હતી. તે રકમ તમે રોકડમાં નાખવાની જ ભૂલી ગયા હતા. ચોપડો ઉઘાડતાં તમોને અચનાક એ રકમ માલમ પડી આવી કે ઓહોઃ ફલાણાભાઈ પાસે આપણા તો લાખરૂપીઆ બાકી છે ! ! અહાહા ! આ બાકી સાંભળતાને વાર તમોને કેટલો બધો આનંદ થાય છે ! હજી તો આ રૂપીઆ તમોને મળ્યા નથી, માત્ર તમારા રૂપીયા છે એ જ વાત તમે જાણી છે. હજી તમે દાવો માંડશો, કોર્ટે જશો, ચોપડા રજુ કરશો, સાક્ષી પુરાવા આપશો ત્યારે તમારી લેણી રકમ સાબીત થશે અને તમારૂં હુકમનામું તમે મેળવી શકશો. હુકમનામું મેળવ્યા પછી પણ તમારી એ રકમ વસુલ કરવી એ કાંઈ સહેલી વાત નથી. તમારે તે માટે જપ્તી બજાવવી પડશે જપ્તીની સઘળી ખટપટોને પહોંચી વળવું પડશે ત્યારે જ તમારી એ રમક તમારા હાથમાં આવશે પરંતુ આ સઘળું થાય તે પહેલાં તમારી રકમ લેણી છે એટલું સાંભળતાં વારમાં જ તમોને કેટલો બધો આનંદ થાય છે !!

**પહેલાં નિશ્ચય કરો.**

લાખ રૂપીઆની રકમ તમોને આજે મળી નથી, તમારા હાથમાં પૈસા પડ્યા નથી, છતાં તમોને અપરંપાર આનંદ થાય છે. તે જ પ્રમાણેનો આનંદ સમ્યક્ત્વ પામનારને થાય છે. સમ્યક્ત્વ પામે છે એટલે તેને ચોપડામાં લખાએલી પોતાની માલિકીની લાખની રકમ રૂપ પોતાના આત્માનો કેવળજ્ઞાન ગુણ છે એ વસ્તુ જડે છે. એ વસ્તુ સિદ્ધ કરવાની હજી બાકી છે, આત્માનો એ ગુણ પ્રકટાવવાને અલબત્ત હજી ગમે એટલી વાર છે પરંતુ જ્યાં સમ્યક્ત્વનો ચોપડો ખોલતાં કેવળજ્ઞાન એ પોતાની માલિકીની વસ્તુ છે એ જાણવામાં આવે છે, ત્યાં એ વસ્તુ પામવા જેટલો જ આનંદ થાય છે. અર્થાત્ જે સમ્યક્ત્વ પામે છે તેને કેવળજ્ઞાન પામવા જેટલો આનંદ થાય છે. કેવળજ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે એટલું માલમ પડ્યું એટલે એ જાણનારને અવશ્ય અત્યાનંદ થાય છે જ, પછી ભલે એ સ્વરૂપ પ્રાપ્ત કરવું એ ગમે એટલું દૂરનું-ગમે એટલું પરિશ્રમનું કાર્ય હોય.

**સમ્યક્ત્વની પ્રાપ્તિ વેળાએ**

કેવળજ્ઞાનની પ્રાપ્તિ હજી દૂર છે છતાં સમ્યક્ત્વની પામતી વખતે આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ જેટલો આનંદ થાય છે. વિચાર કરો કે આ આત્માને સમ્યકત્વની પ્રાપ્તિ વખતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ જેવો અપૂર્વ હર્ષ શા માટે થાય છે ? ખરેખર સમ્યકત્વની પ્રાપ્તિ વખતે આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ જેટલો આનંદ થાય છે એ આનંદ એવો ભવ્ય,

એવો મહાન અને એવો અપૂર્વ છે કે જેનું આ વાણી વર્ણન પણ કરી શકવા અસમર્થ છે. સમ્યકત્વ પામતી વખતે જે આનંદ થાય છે તે આનંદ સમ્યક્ત્વ પામનારો પણ જાણી શકવા છતાં તેને વ્યકત કરી શકતો નથી એ આનંદ માત્ર કેવળીભગવાનો જ જાણી શકે છે. જે વખતે તમે મિથ્યાત્વી હતા તે સમયે તમે આત્માને કેવળસ્વરૂપવાળો જાણતા ન હતા, પણ જ્યારે તમોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ત્યારે તમે આત્માને પહેલ વહેલો કેવળસ્વરૂપવાળો જાણી માની લીધો. તમે આત્માને કેવળસ્વરૂપવાળો માન્ય રાખ્યો એટલે તમોને વિશ્વાસ બેસી ગયો કે આજે નહિ તો ગમે ત્યારે પણ મારા આત્માનું આ સ્વરૂપ છે અને તે હું મેળવી શકવાનો છું.

**આનંદ ક્યારે થાય ?**

ચોપડામાં તમારી લાખોની રકમ જોઈને તમોને જેટલો આનંદ થાય તેનાથી દશ વીસ ગણો અરે અનંતગણો આનંદ તમોને સમ્યકત્વની પ્રાપ્તિ વખતે થાય છે, પરંતુ આ અપરિમિતઆનંદની પ્રાપ્તિ ક્યારે થાય છે તે તમારે વિચારવાનું છે. આ અપરિમિતઆનંદની પ્રાપ્તિ તમોને ત્યારે જ થાય છે કે જ્યારે તમો સમ્યક્ત્વસાથે જ કેવળજ્ઞાન એ આત્માનો સ્વભાવ છે એમ માની લ્યો ત્યારે ! આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ જ થઈ શકી નથી તેને કેવળજ્ઞાનનો અત્યાનંદ પ્રાપ્તવ્ય છે એમ પણ થઈ શકતું જ નથી ? નાનો છોકરો ચોપડો ઉઘાડીને જુએ અને પોતાને નામે લાખ રૂપીયાની રકમ વાંચે તો પણ તેથી તેને આનંદની પ્રાપ્તિ થએલી જણાતી નથી ! એ જ પ્રમાણે આપણને પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ જેટલો આનંદ હજી જણાતો નથી, કારણ કે જીવ સંપૂર્ણજ્ઞાનવાન, કેવલ્યસ્વરૂપ ઈત્યાદિ લક્ષણોથી યુક્ત, અનંત વીર્ય અને અનંત સુખવાળો છે એવું ભાન હજી આપણને થયું નથી.

**ધન જાણ્યા પછી વિલંબ થાય કે ?**

ધારો કે કોઈ શેઠીયાએ પોતાના વાડામાં લાખ રૂપીયા દાટ્યા છે, એ રૂપીયા ઉપર ધૂળના ઢગલે ઢગલા થઈ ગયા હતા, અને ધન અંદર દટાઈ ગયું હતું, જ્યાં ચોપડો લઈને એ શેઠીયાનો છોકરો વાંચવા બેઠો અને તેને ચોપડામાંથી એ રકમનું નિશાન મળી આવ્યું, તો તે જ ક્ષણે પેલો છોકરો પોતે સામાન્યદશામાં હોય તો પણ ધનના ઢગલા પરથી કચરો ખસેડવાનો ઉદ્યમ કરવા માંડે છે. પોતે સામાન્યદશામાં હોય તેથી પ્રયત્નોમાં ક્ષતિ રહેવા દેતો નથી, પરંતુ ઉલટો વધારે દૃઢતાથી પ્રયત્નો કરે છે. તો પણ એટલું તો સમજી લે છે કે ધન વિદ્યમાન છે. માત્ર આ કચરો કે જેના એ ધનની ઉપર થરના થર ચઢી ગયા છે તે ખસેડી લઉં તો પૈસા તો હવે તૈયાર છે. આ કચરો ખસેડવાના કામમાં પેલો સામાન્યસ્થિતિનો માણસ પણ જરા સરખોય પ્રમાદ કરતો નથી. અને ધનની આ સ્પષ્ટવિગતો જાણ્યા પછી પણ જો એ ધન મેળવવામાં પ્રમાદ કરે છે તો આપણે તેને મૂર્ખો જ કહીએ છીએ.

**પછી પ્રમાદ ન થાય ?**

આ ઉદાહરણ અહીં ધર્મના ક્ષેત્ર વિષે લાગુ પાડો. જ્યારે આત્મામાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ત્યારે આત્માના કેવળજ્ઞાન, દર્શન, વીતરાગપણું, અનંતવીર્ય, અનંતસુખ વગેરે દેખાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાની સાથે જ આ સઘળા નિધાનો દેખાય છે, અને તેથી સમ્યક્ત્વ પામનારને અપૂર્વ આનંદ થાય છે. જેમ ઉપરના ઉદાહરણમાં ધનની ઉપર કચરાના થરના પર ચઢેલા જાણ્યા છે તેમ અહીં કેવળજ્ઞાન, દર્શન, વીતરાગપણું, અનંતવીર્ય, અનંતસુખ એ બધા ઉપર કર્મરૂપી કચરાના થરો વળગેલા જાણ્યા છે. હવે સાધારણબુદ્ધિથી વિચાર કરો કે જેને એ વાતની માહિતી થાય કે મારા વાડામાં લાખ રૂપીયાનું સોનું દાટેલું છે અને તેના ઉપર

ગજગજ જેટલા માટીના થર ચઢેલા છે, તો એ આત્મા કદાપિ પણ કચરાના થરને ખસેડી નાંખીને એ ધન મેળવવાના કાર્યમાં પાછી પાની કરે ખરો? ખાતરીથી માનજો કે કચરો ખસેડવાના કાર્યમાં એ કદાપિ પણ પ્રમાદ ન જ કરે.

## કર્મ બંધ તોડવા માંડો ?

જો કચરો ઉલેચાવવાના કાર્યમાં એ પ્રમાદ કરે અથવા તો કચરો ન ઉલેચાવે તો સમજી જ લેવું કે પોતાના વાડામાં ધન દાટેલું છે એ બાબતની હજી તેને ખાતરી જ થવા પામી નથી ? કેવળજ્ઞાન આદિ નિધાનો છે અને તેની ઉપર કર્મરૂપી કચરાના થર ચઢેલા છે એ વાતની જાણ થાય એ કચરાનાં થરો અમુક રીતે ઉલેચી નાંખી શકાય એ જણાઈ આવે અને તે પછી પણ જો આપણે એ કચરો ઉલેચી નાંખવાના કાર્યમાં પ્રમાદ કરીએ તો એનો પણ એ જ અર્થ હોઈ શકે કે જે નિધાન છે એને આપણે નિધાન તરીકે માન્યા જ નથી. સમકીતની જેને પ્રાપ્તિ થઈ છે તે જીવને માને છે જીવને અનાદિના માને છે તેને કેવળજ્ઞાનવાળો, અનંતવીર્ય અને અનંતસુખવાળો માને છે અને જીવનું એ સ્વરૂપ કર્મોથી ઢંકાએલું છે એમ તે સારી રીતે સમજે છે. જે સમકીતદૃષ્ટિ એકવાર આ વસ્તુને સમજે છે તે જરૂર એ કચરાના ઢગલા ઉલેચવા રૂપ કર્મબંધનો તોડવાની પણ પ્રવૃત્તિ આરંભી દે છે.

## કાદવ કચરો ઉલેચો.

તમે પોતે તમારી ધૂળમાં દટાએલી મિલ્કત કાઢવા પ્રયત્ન કરો છો તે વખતે જો કોઈ બીજો માણસ તમારી મિલ્કત ઉપર ધૂળના ઢગલા કરવા માંડે તો એ વસ્તુ તમોને રૂચી કરનાર થઈ પડતી જ નથી, તે જ પ્રમાણે તમારે જાણવું જોઈએ કે બીજાઓ પોતાની મિલ્કત કાઢતા હોય અને તેના ઉપર તમે ધૂળનો ઢગલો કરો તે તેને પણ રૂચીકર થઈ પડતું નથી. બીજાની અમુક દોલત છે અને તે કચરાના ઢગલામાં દટાએલી છે એટલું જાણ્યા પછી સજ્જન પુરૂષો તો તેના ઉપર કાદવ કચરાનો ઢગલો કરી કદી બીજાને અડચણરૂપ થતા જ નથી, જે માણસ બીજાના નિધાનો જાણ્યા પછી પણ તેના ઉપર કચરો ફેંકતા જ રહે અને એ કચરો કાઢવાના તેના માલિકના પ્રયાસને નિષ્ફળ બનાવે તેવા માણસોને સજ્જનો તો ન જ કહીયે દુર્જનો પણ આ જગતમાં છે; નથી એવું તો નથી જ ?

## તે સમ્યક્‌ત્વ ન પામી શકે.

આત્માના આવા મહાન ગુણો જે સમજયો છે અને તેને રોકનારૂં કર્મ છે. એમ જેણે જાણ્યું છે, એ કર્મબંધનો અમુક રીતે દૂર કરી શકાય છે. એ વસ્તુ જેણે સમજી લીધી છે. તે આત્મા તો ભલે કચરો ઉલેચવાના કાર્યમાં અશક્તિવાળો હોય છતાં બીજો કોઈ એ ઉલેચવા પ્રવૃત્ત થાય તેને રોકવાનો અથવા તો તેના માર્ગમાં અડચણો ઉભી કરવાનો કદીપણ પ્રયત્ન ન જ કરે, છતાં જો બીજો માણસ એ કર્મકચરાને ઉલેચી નાંખવાના યત્નો કરતો હોય અને કોઈ વિઘ્નસંતોષી તેમાં અડચણો ઉભી કરે તો અવશ્ય એ અડચણો ઉભી કરનારો પણ કશીયે શંકા વિનાનો દુર્જન જ છે. એટલા જ માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે કે બીજાને કર્મબંધનો તોડતાં જે રોકે છે તે ભવાંતરે પણ સમ્યકત્વ પામી શકતો નથી. એટલું જ નહિ, પરંતુ શાસ્ત્ર નાયક ગણધર ભગવાનોની હત્યા કરવાથી જેટલા કર્મો લાગે છે. તેવાં જ કર્મો ચારિત્રધારીને તેના માર્ગમાંથી નીચે પાડનારાને પણ લાગે છે.

## જૈનત્વની સાર્થકતા ક્યારે ?

જે આત્મા પોતાની મિલ્કતને સમજયો છે અર્થાત્ કે જે આત્મા પોતાના આત્માના નિધાનોને સમજયો છે. તે આત્મા બીજાના નિધાનોને પણ

સહેલાઈથી સમજી શકે છે. અને એવો મનુષ્ય બીજાના નિધાનો ઉપર કચરો નાંખવા કદીપણ તૈયાર થતો જ નથી. બીજાને ચારિત્ર લીધેલા જોઈને જે ઝળકી ઉઠે છે. અને તેને તેના માર્ગમાંથી કેમ પાડવો, ગટરમાંથી બહાર નીકળેલાને પાછો ગટરમાં કેમ નાંખી દેવો એવા જ જે વિચારો કર્યા કરે છે તેવા દુર્ભાગીઓ આત્માના-પોતાના નિધાનોને જ સમજી શક્યા નથી. તમારા બાળકો પણ આવા દુર્જન ન થાય, તે માટે તમારે પહેલાંથી જ સવેળા ચેતી જઈને જીવ અનાદિનો છે ભવ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ વસ્તુઓ તેમને ગળથુથીમાં જ આપી દેવી જોઈએ. અને તમે તમારા બાળકોને એ વસ્તુ સારી રીતે આપી શકો તે માટે તમારે તમારા આત્મામાં પણ આ ગળથુથી બરાબર રીતે પચાવી જવાની જરૂર છે. તમે જૈન છો. જૈન માબાપ છે, તો તમારે અને તમારા બાળકોને સફેદ અને પીળી માટીના (ચાંદી, સોનું) ઢેફાંનો વારસો જ ન આપતા તેની સાથે ધર્મનો વારસો આપવા રૂપ આ ગળથુથી તેમને આપીને તેમનામાં ધર્મના સંસ્કાર બાળપણથી જ તમારે પાડવાની જરૂર છે અને એવા સંસ્કારો પાડી શકો તો જ તમારી જૈનતરીકેની મહત્તા અને સાર્થકતા છે. (સંપૂર્ણ)

(અનુસંધાન પા. ૪૭૨ થી ચાલુ)

પ્રત્યાખ્યાનથી જ્ઞાન દર્શન ચારિત્ર યાવત્ કેવલજ્ઞાન સુધીના બધા પદાર્થો ઉત્પન્ન થવાનું જે જણાવે છે તે પણ ઘણું જ સહેતુક અને મનનીય છે એમ બરાબર સમજાશે.

**શાસ્ત્રોમાં સંયમની મહત્તા કેમ ?**

નિશ્ચયનયની અપેક્ષાએ મોક્ષને સાધનાર સંયમ જ છે, સંયમને લેવા માટે તૈયાર થયેલો જ બુઝાયો કે પ્રતિબોધ પામ્યો એમ ગણાય છે, ભગવાન્ જિનેશ્વરમહારાજને અંગે જે **सयंसंबुद्धाणं** કહેવાયું છે તે સ્વયંસંબુદ્ધપણું પણ શ્રમણધર્મ, કે જે સંયમ રૂપ છે તેની અપેક્ષાએ જ છે. પ્રથમતીર્થંકર ભગવાન્ મહાવીરમહારાજાની આદ્ય દેશનાને જે નિષ્ફલ ગણી તે પણ સંયમનો આદર એ જ દેશનાનું ફળ છે અને બધી પર્ષદામાંથી કોઈએ પણ શ્રમણધર્મ જે સંયમધર્મ તે આદર્યો નહિ તેથી તે દેશના નિષ્ફલ ગઈ એમ ગણાયું. વળી સંયમની પ્રવૃત્તિને આધારે જ તીર્થની ઉત્પત્તિ જેમ હોય છે, તેમ न विणा तित्थं नियंठे हिंઅર્થાત્ નિર્ગંથ ભગવાનો સિવાય તીર્થ હોય જ નહિ. આ વગેરે હકીકતથી જે સંયમની અસાધારણતા જણાવવામાં આવી છે તેનો પણ આ અસંયમની સંસાર કે કર્મબંધનના કારણમાં મહત્તા કે મ્હોટું સ્થાન છે એ સમજવાથી ખુલાસો થઈ જશે.

**સંયમની શ્રદ્ધેયતા જ્ઞેયતા અને આદરણીયતા**

વળી શ્રોતાવર્ગમાંથી જે વર્ગ શ્રમણધર્મ અંગીકાર ન્હોતો કરી શકતો અને શ્રાવકધર્મ અંગીકાર કરતો હતો તે માત્ર સંયમમાં જ શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિની હયાતી જણાવતો થકો સંયમધર્મને જ નિર્ગ્રંથ પ્રવચન તરીકે ગણવાનું કબુલ કરી સભાસમક્ષ કે ઉપદેશકસમક્ષ એવો એકરાર કરતો હતો કે सद्दहामिणं भंते। निग्गंथं पावयणं पत्तियामि। णं भंते निग्गंथं पावयणं रोएमि णं भंते। निग्गंथं पावयणं અર્થાત્ સંયમરૂપ નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિને જણાવતા હતા, અને જેઓએ તે શ્રમણધર્મનો અંગીકાર કર્યો તેઓને धण्णा णं ईईसर વગેરે વાક્ય કહી ધન્યવાદ આપી अहं णं વગેરે વાક્યથી પોતાની સંયમરૂપ નિર્ગ્રંથ પ્રવચનને આદરવાની અશક્તિનો એ કરાર જાહેર રીતે કરતા હતા, અને પછી તે ગૃહિધર્મ જે દ્વાદશવ્રત રૂપ છે તે અંગીકાર કરતા હતા. આ બધા બનાવની ઉપર નજર નાંખનારો મનુષ્ય સ્હેલથી સમજી શકશે કે શાસ્ત્રોમાં શ્રદ્ધેય જ્ઞેય અને આચરણીય ત્રણે પ્રકારે સંયમને જ અગ્રપદ અપાયું છે, અને ભગવાન્ની દેશનામાં પણ जह जीवा बुज्झंति વગેરેથી સંયમને જ બોધ તરીકે ગણી તેને જ મુખ્ય ધ્યેય તરીકે જણાવેલ છે. આ બધાનો સરવાળો કરતાં અસંયમને મુખ્ય રાખવો જરૂરી ગણાય.

## મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિમાં મુખ્ય અને ગૌણની વ્યવસ્થા

### કર્મબંધનનું કારણ યોગ કહેવાય

જૈનશાસ્ત્રને સાંભળનાર જાણનાર અને માનનારો વર્ગ એટલું તો સ્હેજે સમજી શકે તેમ છે કે સર્વ અન્યદર્શનકારો માત્ર કાયિક, વાચિક કે માનસિક કોઈપણ જાતની પ્રવૃત્તિ થાય તેમાં જ પાપનો બંધ માને છે, પણ ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર મહારાજના ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રીજૈનશાસનની શૈલી તો પ્રવૃત્તિ કરનારો વર્ગ તો ગુન્હેગાર કથંચિત જ બને છે. અર્થાત્ યોગ જે મન, વચન અને કાય એમ ત્રણ ભેદે છે, તેનાથી થતી પ્રવૃત્તિ સર્વથા કર્મબંધન કરાવે એવો નિયમ નથી. અર્થાત્ કરનારો કર્મથી બંધાય જ એવો નિયમ નથી. એટલે કષાયયુકત જો કરનારો હોય તો કર્મ જંજીરથી જરૂર જકડાય. પણ કરનારો હોય છતાં પણ જો કષાય રહિત હોય તો કર્તા હોય છતાં પણ અંશે પણ કર્મથી જકડાતો નથી. એટલે શ્રીજૈનશાસનના મન્તવ્ય પ્રમાણે યોગની પ્રવૃત્તિ હોય કે ન હોય તો પણ કષાયની પ્રવૃત્તિ તો શું ? પણ કષાયની હયાતી માત્ર પણ કર્મની જંજીરથી જકડાવનાર છે એમ નિશ્ચિત છે.

### છદ્મસ્થનું ચિહ્ન-

આ સ્થાને કેટલાકનું એમ કહેવું થાય કે જો કષાયનીજ પ્રવૃત્તિ કે હયાતી જ જો જવાબદારી અને જોખમદારીની જડ છે તો પછી શાસ્ત્રકારોએ છદ્મસ્થપણાના ચિહ્ન તરીકે જીવની હિંસા અને જુઠ બોલવાપણું જે જણાવ્યું છે તે કેમ ઘટે ? પણ આ શંકાનું કથન યુકિતસંગત નથી. કારણ કે જેઓ અન્યમતના પ્રવર્ત્તક દેવો અસુરો કંસનો વંશ અને રાક્ષસવંશના નાશથી પોતાનું ઐશ્વર્ય મનાવીને દેવપણું માને છે. તથા મહાભારતના યુદ્ધમાં અનેકવિધ અમાનુષિક પ્રપંચો રચનાર બનીને તેવાં જુઠાં બોલવામાં જ પોતાનું દેવત્વ દર્શાવે છે કે તેવાઓના દેવત્વને દૂર કરવા માટે જ આ બે ચિન્હો કહેવામાં આવ્યાં છે અને આ અપેક્ષા ધ્યાનમાં રાખીશું તો જ સાત ચિન્હોની વાસ્તવિકતા માલમ પડવા સાથે તેવાઓનું છદ્મસ્થદશાને સૂચવવાપણું વાસ્તવિક રીતે માલમ પડશે, નહિતર **યથાવાદી તથાકારી** ન હોય તો છદ્મસ્થ જાણવો. વગેરે ચિન્હોની વાસ્તવિકતા જ ન રહે, તથા અશરીરી જીવને પ્રદેશ અને સમયને કે ગંધને ન જાણનારાઓને છદ્મસ્થ તરીકે જણાવવા કરતાં અવીતરાગ અસર્વજ્ઞોનું સ્વરૂપ જ જણાવી દેત. અર્થાત્ પરીક્ષક વિશેષની અપેક્ષાએ જ આ સાત ચિહ્ન અવીતરાગ અસર્વજ્ઞના છે. એમ સ્હેલાઈથી જણાશે એમ ધારીને જ અહિંસા વગેરેને ચિહ્નો તરીકે જણાવેલ છે. અર્થાત્ લેશ્યા ઈન્દ્રિય વગેરે વસ્તુઓ જીવત્વની સાથે સમનિયત નથી, તો પણ જીવત્વને વ્યાપિને રહેલી છે એ તો ચોક્કસ છે, એવી રીતે હિંસાનો અભાવ કે હિંસા એકકે વીતરાગ કે છદ્મસ્થપણાને અંગે સમવ્યાપક તો નથી. પણ ઉપર જણાવ્યા પ્રમાણેનું વિશિષ્ટઘાતન અને વિશિષ્ટમૃષાવાદને જે અન્ય અજ્ઞાનિજીવોએ એક દેવત્વના કારણ તરીકે માન્યું છે તેને અંગે જણાવ્યું છે કે હિંસા કરનારો કે જુઠાં બોલનારો હોય તે કેવલી કહેવાય જ નહિ. આ વાતને આ રૂપે ન લેતાં બીજા રૂપે લેતાં શીલાર્થમાં તૃન્ પ્રત્યય લાવીને પ્રાણને અતિપાતન કરવા એટલે નાશ કરવાના સ્વભાવવાળો હોય તેને છદ્મસ્થ અકેવલી સમજવો. એમ કહેવાય, આમ કહેવાનું કારણ એ છે કે અયોગિકેવલિ મહારાજના શરીરથી પણ વાયુકાયાદિની હિંસા થાય છે એમ શ્રીઆચારાંગસૂત્રની વૃત્તિમાં સ્પષ્ટ અક્ષરે જણાવાયેલું છે, તથા નદીસમુદ્રઆદિ જલાશયોમાં જે સિદ્ધ થાય છે તે જલ એટલે અપકાયના જરૂર હિંસક બને છે, માટે જીવોની હિંસામાત્રથી અસર્વજ્ઞ

છદ્મસ્થ અવીતરાગ કે બીન સમજ ગણવો ઊચિત રહે નહીં, માટે પ્રાણોના ઘાત કરવાની ટેવવાળો હોય તેને જ અસર્વજ્ઞ જાણવો. આવી રીતે શીલાર્થનો પ્રત્યય લાવી વ્યાખ્યા કરતાં શું મૃષાવાદમાં શીલાર્થપ્રત્યય લાવી જુઠું બોલવાની ટેવવાળો જ છદ્મસ્થ અને અવીતરાગ કહેવાય, યથાવાદી તથા અકારિતાની ટેવવાળો હોય તો જ અસર્વજ્ઞ અને વીતરાગ સમજવો એમ લેઈશું ? એટલે મૃષાવાદને વર્જનપણાની ટેવ ન હોય તો જ છદ્મસ્થ ગણવો. સામાન્યમૃષાવાદમાં જ્ઞાની પુરૂષને અડચણ નથી અને સામાન્ય યથાવાદિતા તથા અકારિતા છદ્મસ્થ અથવા અસર્વજ્ઞપણાને જણાવી શકતાં નથી એમ માની શકીશું ? કોઈ દિવસ નહિં. અર્થાત્ જેમ મૃષાવાદિપણું અને યથાવાદિ તથા અકારિપણું શીલાર્થ જેવા પ્રત્યયવાળા છતાં સામાન્યથી જ અસર્વજ્ઞ અવીતરાગપણાના ચિન્હો છે તેવી રીતે પ્રાણોનો અતિપાત એ પણ શીલાર્થ પ્રત્યયવાળો છતાં સામાન્યપણે જ અસર્વજ્ઞ અવીતરાગપણાનું ચિન્હ ગણી શકાય, પણ તે હિંસકપણું પૂર્વ જણાવ્યા પ્રમાણે પરીક્ષકવિશેષકની અપેક્ષાએ અને હિંસકવિશેષપણાની અપેક્ષાએ ગણી લેવું એ જ ઉચિત છે.

### હિંસકપણું છતાં કર્મબંધનો અનિયમ

સામાન્યપણે સર્વજ્ઞશાસનને માનનાર વર્ગ એમ તો માને જ છે કે છદ્મસ્થસાધુ ઈર્યાસમિતિથી જીવ ન હોવાની શુદ્ધિ કરીને જ્ઞાનાદિકાર્યને અંગે જવાની ધારણાથી પગ ઉપાડે અને પછી કદાચ કોઈ જીવ તે સાધુના પગ ને મ્હેલવાની જગો પર આવી પડે. સમિતિગુપ્તિવાળો તે પોતાના કાયયોગને નિવર્ત્તાવી ન શકે અને પગ મ્હેલે. હવે જો તેવી રીત પગ મ્હેલવાથી તે પ્રાણિ કે જે પગની નીચે આવ્યો તેને પીડા થાય યા તે પ્રાણી મરી પણ જાય, તો પણ તે ઉપયોગવાળા સાધુને સૂક્ષ્મપણે હિંસા લાગતી નથી. કેમકે શાસ્ત્રકારમહારાજ જણાવે છે કે પ્રમત્તયોગ એ જ હિંસા છે, અને આ સમિતિગુપ્તિવાળો સાધુ અપ્રમાદી છે, માટે તે અપ્રમાદી સાધુ આવી રીતે થયેલી હિંસાને અંગે કોઈ પણ અંશે કર્મ બંધક નથી. સામાન્ય સકષાય પ્રમત્ત સાધુ માટે જ્યારે આવી રીતે હિંસકપણું છતાં અબંધકપણું અને નિર્લેપપણું હોય તો પછી નિષ્કષાય એવા જીવવિશેષને તો હિંસા એ નિયમિત પણે કર્મનો બંધ કરાવે જ અને તે હિંસાવાળો અસર્વજ્ઞ અવીતરાગ જ હોય એમ કેમ કહી શકાય?

### સર્વજ્ઞને હિંસા કેમ ?

જો કે એ વાત તો સાફ છે કે સકષાયસાધુને છદ્મસ્થપણાને લીધે અજ્ઞાનતા હોય, અને તેથી પ્હેલાં ન દેખેલા અને નહિં જાણેલા જીવની હિંસા થાય, પણ નિષ્કષાય એવા સર્વજ્ઞના જ્ઞાનનો તો વિષય યાવત્જ્ઞેયનો હોવાથી અજ્ઞાનપણાનો સંભવ જ ન હોય, પણ પોતાના પ્રવર્ત્તનાયોગે અવશ્યભાવિ એવી હિંસા અથવા હિંસા જેની થવાની છે તેના યોગની પ્રવૃત્તિથી થતી હિંસા જેમ નદીના જળ વગેરે, શરીરે લાગેલો મહાવાયુ, વાયુકાયના જોરે શરીર સાથે અથડાતા મચ્છર વગેરેની હિંસા અવશ્યભાવી હોઈને પોતાના યોગની પ્રવૃત્તિથી થયેલી નથી, માટે તે હિંસા થવા છતાં તે નિષ્કષાયજીવને તેનો કર્મ બંધ નથી.

### કર્મનો બંધક કોણ ?

ઉપર જણાવેલી હકીકત વિચારનાર મનુષ્ય એટલું તો સ્હેલથી સમજી શકશે કે મન વચન કે કાયાની પ્રવૃત્તિ કર્મનો બંધ કરાવવામાં અવ્યભિચારી કારણ નથી, પણ કર્મનો બંધ કરાવવામાં ઈર્યાસમિતિ આદિથી જીવને બચાવવાની પ્રવૃત્તિરૂપ યતના કે સંયમ જેઓ ન રાખે તેઓને જીવોની હિંસા ન થાય તોપણ પ્રયોગથી નિરવદ્ય નથી પણ સાવદ્ય છે એથી જરૂર કર્મ બંધ થાય છે,

### અહિંસા અને સંયમનો ભેદ

આ વાત સમજવાથી હિંસાની નિવૃત્તિરૂપ અહિંસા જણાવ્યા છતાં શાસ્ત્રકાર શ્રીશર્ય્યંભવ સૂરિજીએ સંયમ કેમ જણાવ્યો એનો ખુલાસો થશે.

## જયણા અજયણાની વિચારણા

તથા जयं चरे जयं चिट्ठे વગેરેથી જયણા એટલે જીવની રક્ષાની બુદ્ધિપૂર્વક ચાલવા આદિ પ્રવૃત્તિ કરતાં પાપકર્મ નથી બંધાતું, એમ ચોક્કસ કહે છે, વાચકવૃન્દે આ ગાથાની ખુબીમાં એક વાતમાં ધ્યાન આપવાની જરૂર છે અને તે એકે જયણાપૂર્વક વર્ત્તાવ કરનારાથી હિંસાનો સર્વથા અસંભવ ન હોવા છતાં પ્રાણભૂતોની હિંસાના અસંભવ કે સંભવની વાત જણાવતા જ નથી. અને ચોક્ખા શબ્દોમાં જણાવે છે કે જયણાથી પ્રવર્તનારથી હિંસા થાઓ કે ન થાઓ પણ તે જયણાવાળા એટલે તે જયણાપૂર્વક ચાલવા બેસવા ઉભા રહેવા સુવા બોલવા કે ખાવાવાળાને પાપકર્મનો બંધ થતો જ નથી. એવી રીતે જ અયતનાની બાબતમાં પણ વિચાર કરવા જેવી હકીકત એ છે કે અયતનાએ પ્રવર્ત્તવાવાળો હોય છતાં પણ પ્રાણ અને ભૂતોની હિંસા નક્કી થાય જ એમ જણાવતાં સ્પષ્ટપણે કહે છે કે पाणभूयाइं हिंसइ અર્થાત્ વગરયતનાએ પ્રવૃતિવાળાથી જીવહિંસા થાઓ કે ન થાઓ, તો પણ તે અયતનાથી એટલે જીવને બચાવવાની બુદ્ધિ વિના પ્રવર્ત્તનારો સાધુ જીવહિંસા કરનારો જ ગણાય. એટલું જ નહિં, પણ તત્ત્વથી વિચારીયે તો એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે જયણાથી પ્રવર્ત્તનારથી કદાચ હિંસા થઈ પણ જાય, તો પણ તે જયણા પૂર્વકની પ્રવૃત્તિથી કોઈ દિવસ પણ કટુક ફળ મેળવવાનું હોય જ નહિં. પણ અજયણાથી પ્રવર્ત્તનારા જીવથી તેના ચાલવા ઉભા રહેવા બેસવા બોલવા અને ખાવાની ચેષ્ટામાં જરૂર કટુક ફળવાળાં પાપો જ બંધાય છે. આ બધી વાતની અપેક્ષાએ સ્પષ્ટ થશે કે કષાય અને છદ્મસ્થતા રહિતને તો કર્મબંધની વાત શી કરવી? પણ સકષાયસાધુની પણ જયણાવાળી પ્રવૃત્તિ હિંસાવાળી હોય તો પણ કર્મબંધને કરાવનાર નથી.

## કષાયરહિતને છતી પ્રવૃત્તિએ કર્મ બંધ ન થાય તેવો સિદ્ધાંત

ઉપરની હકીકત સમજનારા મનુષ્યોને હવે સમજાવવાની જરૂર નહિ રહે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ના સિદ્ધાંતે એ વાત નિશ્ચિત છે કે કર્મબંધનનું કારણ યોગની પ્રવૃત્તિ નથી, પણ કષાયો યાવત્ પ્રમત્તદશાની હયાતી જ કર્મબંધનું કારણ છે, અને જ્યારે આ હકીકત બરોબર સમજાશે ત્યારે જ અન્યદર્શનકારોએ માનેલો-કરે તે ભરે, કરશે તે ભોગવશે, વગેરે સિદ્ધાન્ત વ્યર્થ અને અણસમજ ભરેલો છે. એમ સ્પષ્ટ સમજવા સાથે પાપથી પાછા નહિં હઠવું એ રૂપ અવિરતિ એ જ કર્મબંધનું કારણ છે, એમ સમજાશે.

## મિથ્યાત્વ ને કષાય તે પાપના કારણો નહિ?

જો કે સામાન્ય રીતે કર્મબંધનાં કારણો તરીકે મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગો એ ચારેને ગણાવવાનાં વચનો સ્થાને સ્થાને શાસ્ત્રકારોએ જણાવેલાં છે, પણ અહિં સંસારમાં ભટકાવનાર એવા સાંપરાયિકકર્મોના બંધનો વિચાર કરી અથવા કટુકફલ દેવાવાળા કર્મબંધનનો વિચાર કરી આપણે આગલના લેખમાં કષાયને કર્મબંધનના કારણ તરીકે જણાવ્યા. પણ તેનું કારણ તપાસીએ તો સ્પષ્ટપણે માલમ પડશે કે મિથ્યાત્વ અને અવિરતિ એ બન્ને કષાયના જ પ્રભાવરૂપ છે. કારણ કે કોઈપણ મિથ્યાત્વવાળો અનન્તાનુબંધીના ઉદય વિનાનો હોતો જ નથી. અને અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયે જ વિરતિથી રહિતપણું અર્થાત્ અવિરતપણું હોય છે, એટલે સામાન્યરીતે તો સાંપરાયિકના બંધને કરાવનાર મિથ્યાત્વ કે અવિરતિના આધાર રૂપ કષાયો કે સંજ્વલનના પણ કષાયો જ છે, તો પછી કર્મબંધનનું જેમ અન્યત્ર રાગ અને દ્વેષ કારણ કહેવામાં આવે છે, તેવી રીતે આનું કારણ એકલા કષાયો જ કેમ ગણવા ? આવી

શંકાના સમાધાનમાં સમજવાનું કે ભવ્યજીવોને તારવા માટે કરાયેલો ઉપદેશ વિભાગથી કરવા સાથે જેમ જેમ એકેક વસ્તુનો ત્યાગ કરી શકે એવા અનુક્રમે કહેવો સારો અને હિતકર છે એમ ધારીને મિથ્યાત્વ અને અવિરતિ એ બન્ને કષાયવિશેષના જ કાર્યરૂપ છતાં ભિન્નપણે કહેવાની શાસ્ત્રકારોએ જરૂર જોઈ છે. તે સર્વથા વ્યાજબી જ છે. જગત્‌માં શત્રુઓનો સમુદાય આખો નાશ કરવા લાયક હોય છતાં જેમ જેમ નાશ કરી શકાય તેમ તેમ શત્રુઓનો નિર્દેશ કરવો યોગ્ય છે. એમ જરૂરી ગણાય.

**સંસારના કારણ તરીકે એકલી અવિરતિ કેમ ?**

ઉપર જણાવ્યા પ્રમાણે સંસારના હેતુરૂપ કર્મબંધનના કારણ તરીકે કષાય, મિથ્યાત્વ અવિરતિ અને કષાયને ગણાવી શકાય, એમ છતાં શાસ્ત્રકારોએ સંસારના કારણને જણાવતાં કેવલ અવિરતિ કેમ જણાવી છે ! તથા સાધુપ્રતિક્રમણસૂત્રમાં પણ કર્મબંધનના કારણોનું પ્રતિક્રમણ કરવાનું હતું, ત્યાં માત્ર એક અસંયમનું જ પ્રતિક્રમણ કેમ જણાવ્યું?, એનો વિચાર ચાલુ પ્રકરણને અનુસરીને કરીયે

**અસંજમનુ પ્રતિક્રમણ એકદેશીય નહિ કેમ?**

આવશ્યકનિર્યુક્તિકાર ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી નિર્ગમઆદિ ઉપોદ્‌ઘાતનાં દ્વારો જણાવતાં કારણનામના દ્વારમાં ભાવથી અપ્રશસ્તકારણ જણાવતાં अस्संजमो य एक्को એમ કહી સંસારનું કારણ એક અસંયમ છે એમ સ્પષ્ટ જણાવે છે, અર્થાત્ કદાચ **पडिक्कमामि एगविहे असंजमे** એ સાધુપ્રતિક્રમણસૂત્રના અર્થમાં તો એમ પણ લઈ શકત કે મિથ્યાત્વ અને અજ્ઞાનથી પડિક્કમીને પાછા હઠવાની માફક એકપ્રકારના અસંયમથી પણ પાછો હઠું છું, એવો અર્થ કરી એકદેશીયતા અસંયમની માની લેત. પણ અહિં નિર્યુક્તિકારના વચનથી તો સંસારના કારણમાત્રનો નિર્દેશ હોવાથી એકદેશીય કારણ તરીકે અસંયમ કહેલો છે એમ કહી શકાય તેવું નથી, જો કે વસ્તુતાએ તો સાધુપ્રતિક્રમણના તે एगविहे વાળા સૂત્રમાં પણ એકદેશીય પ્રતિક્રમણ છે એમ કહી શકાય તેમ નથી, અને વૃત્તિકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી વગેરે તેમ એકદેશીય પ્રતિક્રમણ છે એમ ગણવાની સ્પષ્ટ મનાઈ જ કરે છે.

**મિથ્યાત્વ અને અજ્ઞાન ગૌણ કેમ ?**

એટલે યતિપ્રતિક્રમણ અને આ નિર્યુક્તિના વાક્યથી એટલું નક્કી થઈ શક્યું કે મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ એ ત્રણે સંસારના કારણો છતાં મિથ્યાત્વ અને અજ્ઞાનને ગૌણ કારણ તરીકે ગણવાં ને અસંજમને મુખ્ય કારણ તરીકે ગણાવું અને તેથી જ ભગવાન નિર્યુક્તિકાર મહારાજે અને સાધુપ્રતિક્રમણસૂત્રકારે અસંજમનું પ્રતિક્રમણીયપણું સ્વતંત્રપણે લીધું અને સંસારકારણપણું પણ સ્વતંત્રપણે લીધું, અને તેવી રીતે કોઈપણ શાસ્ત્રકારે કોઈપણ સ્થાને એકલા મિથ્યાત્વનું કે એકલા અજ્ઞાનનું પ્રતિક્રમણીયપણું કેસંસારકારણપણું સ્વતંત્રપણે લીધું નથી, એટલે ચોક્ખું થઈ ગયું કે મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ એ ત્રણેનું સ્વતંત્રપણે બંધકારણપણું કે સંસારના કારણપણું કહેવાય છે. અને તે યોગ્ય છે, પણ તે ત્રણે કારણોમાં જ્યારે સંકોચ કરાય કે કરવાની જરૂર હોય અને એક જ પ્રકાર લેવો હોય તો અવિરતિને એકલીને પ્રતિક્રમણીય તરીકે અને સંસારના કારણ તરીકે ગણી શકીયે અને શાસ્ત્રકારોએ ગણી પણ છે, પણ એકલા મિથ્યાત્વને કે એકલા અજ્ઞાનને સંસારના કારણ તરીકે કે બંધના કારણ તરીકે ગણી પ્રતિક્રમણીય તરીકે ગણી શકીયે જ નહિ, અર્થાત્ બંધના કારણોમાં મિથ્યાત્વ કે અજ્ઞાનની ગૌણતા કરી શકાય, પણ અવિરતિની ગૌણતા કરી શકાતી નથી અને શાસ્ત્રકારોએ ગૌણતા કરી પણ નથી. આ ત્રણે બંધના કારણોમાં મિથ્યાત્વ અને અજ્ઞાનની જ ગૌણતા કરાય પણ અસંયમની ગૌણતા કેમ નથી કરાતી તેનું કારણ તપાસવું જરૂરી છે.

**અવિરતિથી મિથ્યાત્વ અને અજ્ઞાન કેમ લેવાય ?**

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સામાન્યરીતે સુગુરૂ સુધર્મ અને સુદેવને સુગુરૂઆદિપણે ન માનવા એ મિથ્યાત્વ છે, પણ બારીકદૃષ્ટિએ જોઈએ તો આશ્રવાદિ તત્ત્વોની અશ્રદ્ધા થાય તે જ મિથ્યાત્વ છે. અર્થાત્ આશ્રવાદિના સ્વરૂપને પ્રકાશનાર તથા તેમાં હેયને છોડી દઈ ઉપાદેયને સર્વથા આદરનાર જે વ્યક્તિ તે જ દેવ અને સર્વથા હેયને છોડવા અને ઉપાદેયને સર્વથા આદરવાની દૃષ્ટિએ હિંસાદિ અવ્રતોને છોડનાર તે જ સુગુરૂ અને આશ્રવાદિનું છોડવું અને સંવરાદિનું આદરવું તે જ સુધર્મરૂપ છે, અને તે ત્રણે તત્ત્વોની તે ત્રણેના સ્વરૂપે શ્રદ્ધા થાય નહિ તે મિથ્યાત્વ. એટલે સ્પષ્ટ થયું કે અવિરતિની અવિરતિપણે શ્રદ્ધા થાય નહિં તે જ મિથ્યાત્વ ગણાય. એટલે મિથ્યાત્વ જે તત્વોની અશ્રદ્ધારૂપ છે તેની જડ અવિરતિની અશ્રદ્ધામાં જાય છે, વળી જે અજ્ઞાનનામનું બંધ કારણ ગણાય છે તે પણ મિથ્યાત્વને લીધે જ છે, અને મિથ્યાત્વ ઉપર પ્રમાણે અવિરતિને પ્રતાપે છે એટલે સ્પષ્ટ થયું કે મિથ્યાત્વ અને અજ્ઞાન બન્ને અવિરતિને અંગે છે.

**અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ કે ખરાબ જ્ઞાન-**

લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે મિથ્યાત્વ એ આશ્રવાદિતત્ત્વોની હેયોપાદેયાદિપણે શ્રદ્ધા થાય નહિં તે રૂપ છે, અને અવિરતિ એ હિંસાદિઆશ્રવદ્વારોથી નહિ વિરમવા રૂપ છે, એટલે મિથ્યાત્વ અને અવિરતિ એટલે અસંયમતત્ત્વનીઅશ્રદ્ધા અને વિરમણાના અભાવરૂપ છે, પણ તે મિથ્યાત્વ અને અવિરતિની સાથે ત્રીજા બંધના કારણ તરીકે મનાયેલું જે અજ્ઞાન તે મિથ્યાત્વ અને અવિરતિની માફક અભાવરૂપ નથી. અર્થાત્ આ બંધના કારણોમાં જણાવેલ અજ્ઞાન તે જ્ઞાનાભાવરૂપ નથી, પણ વિપરીતજ્ઞાનરૂપ છે. આ અજ્ઞાન તે વિપરીત જ્ઞાનરૂપ હોવાને લીધે જ મિથ્યાત્વને આભારી છે. જ્ઞાનનો અભાવ તો બારમાગુણસ્થાનક સુધી હોય છે, પણ ત્યાં પ્રતિક્રમણીય કે સંસારના કારણ તરીકેનું અજ્ઞાન કહેવાતું નથી, કારણ કે ત્યાં બારમે ગુણઠાણે મિથ્યાત્વનો સત્તાએ પણ અંશ હોતો નથી. આ બધી હકીકત ધ્યાનમાં લેવાથી ટીકાકાર મહારાજ જે એક અસંયમજ સંસારનું કારણ છે એમ જણાવે છે તે સમજાશે, એ વાક્યની વ્યાખ્યા કરતાં જણાવે છે કે :

असंयम एक एवास्य संसारस्य कारणं,
अज्ञानादेरुपष्टंभकत्वात् तदुपसर्जनीभूतत्वात्

અર્થાત્ એક અસંયમ એટલે અવિરતિ એ જ આ સંસારનું કારણ છે. અજ્ઞાન અને મિથ્યાત્વ એ બે પણ સંસારનાં કારણો છે તો એને માટે કહે છે કે અજ્ઞાન અને આદિશબ્દથી જણાવવામાં આવેલું મિથ્યાત્વ એ બંનેનું ઉપષ્ટંભક એટલે એ બેને ખડાં રાખનાર જો કોઈ સંસારમાં હોય તો આ અસંયમ જ છે. અને તેથી સ્પષ્ટશબ્દોમાં ભગવાન્ ટીકાકાર જણાવે છે ક આ અસંયમની આગલ તે મિથ્યાત્વ અને અજ્ઞાન એ બન્ને ગૌણરૂપ થઈ ગેયલાં છે. જેવી રીતે આ ટીકાકાર મહારાજે સ્પષ્ટશબ્દોમાં અને નિર્યુક્તિકાર તથા સૂત્રકારમહારાજે ધ્વનિતપણે અજ્ઞાન અને મિથ્યાત્વને અસંયમને ટેકે રહેવાવાળા અને અસંયમની આગળ ગૌણ થયેલાં જાહેર કર્યા છે તેવી રીતે કોઈ પણ અન્યટીકાકારે અન્યસ્થાને પણ મિથ્યાત્વ અને અજ્ઞાનને ઉપષ્ટંભક ગણી ગૌણરૂપ પણે જણાવ્યા નથી.

**સંયમનો મહિમા**

આ ઉપર જણાવેલી બધી હકીકત વિચારનારો મનુષ્ય શ્રીજિનશાસનમાં અને મોક્ષમાર્ગમાં અસંયમથી દૂર રહેવારૂપ જે સંયમ છે તેની કેટલી બધી ઉચ્ચસ્થિતિ છે તે સમજી શકશે. અને સંયમની શુદ્ધિ અને શ્રેયસ્કરતા માનવા ઉપર જ રત્નત્રયીની જડ છે એમ ચોક્કસપણે માનવાની ફરજ સમજશે. આ કારણને બારીક દૃષ્ટિએ વિચારવાથી જ શ્રી સ્થાનાંગસૂત્રના બીજા સ્થાનમાં મહાત્મા ભગવાન્ ગણધરમહારાજા આરંભ અને પરિગ્રહના

(જુઓ અનુસંધાન પા. ૪૬૭)

**પ્રવચનના સંપાદકને.**

૧ ઈચ્છાયોગનું સ્વરૂપ અને क्रिं मक्करणिज्जं न समायरामि तम क्रिं करणिज्जं तवं च न करेमि એ શાસ્ત્રપાઠને માનનારથી પ્રમત્તસાધુ પણ સર્વશક્યને કરવાવાળો હોય એમ મનાય નહિ.

૨ શ્રીકૃષ્ણમહારાજે લૌકિક અર્થે અઠ્ઠમ અને પૌષધ કર્યા છતાં આત્માર્થે ન કર્યા એનો ખુલાસો કેમ નથી ? શકિતનો અભાવ છે કે પરિણામની ખામી છે ?

૩ જો કે ગુજરાતીમાં આ લોક એમ લખ્યા છતાં શાસ્ત્રીય મૂલની અણગતરાથી પ્રેસની ભૂલ ને પણ માત્ર જુદા પાડવાની લેવી તે પ્રવ. સં. ને જ મુબારક. ત્યાં પણ એકલું આલોક એકલા અજવાળાને જ કહે એમ કહેનારો ગુજરાતીમાં સમાસ નહિ માને અને આજીવન કે આભવ શબ્દપણ મર્યાદાવાળા નહિ માને ?

૪ જૈન પ્રવચનની શરૂની માત્ર બે લીટી લખીને શુદ્ધતા બતાવી તેના કરતાં શક્ય ન થાય તોપણ અણગતરા તો થાય જ એ સુધારો જે કરેલો છે તે શોભાસ્પદ છે. સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ કે પ્રમત્ત જીવો શક્ય છતાં ન થાય તેના દુઃખવાળા થાય એ નિર્વિવાદ છે. વિવાદ માત્ર દરેક સમ્યગ્દૃષ્ટિ શક્યને કરે જ અને ન કરે તો तमेव. ની માન્યતા અપ્રામાણિક ગણાય એમ કહ્યાનો જ છે અને હતો.

૫ આજ્ઞા-આગમને ઉદ્દેશીને જ પ્રવૃત્તિધર્મ કહેવાય એ વાક્ય કહે તેને માટે એ પ્રયોજક અને સહકારનો સવાલ રહે છે. સ્થવિરકલ્પીને અધિકૃત કરી કહે તે તો વ્યાજબી જ છે.

૬ નવસારના પરોપકારની પ્રશંસામાં વિરોધ કરતાં જે સર્વકાલ લખ્યું છે તે જોવાથી શ્રીસિદ્ધચક્રનો પણ વ્યાજબી છે એમ જણાશે.

૭ જેનું લખાણ જ ભૂલ જણાયાવાળું હોય છતાં ભૂલ સુધારે નહિ તેવાને શું કહેવું?

૮ વિષગરાદિ ઉપાધિ છોડવા લાયક જ છે એમાં બે મત નથી, પણ અનુષ્ઠાન છોડવાલાયક કહેનારને શું કહેવું ? વિષઆદિની વ્યુત્પન્નને માટે ત્યાજ્યતા છતાં મુગ્ધને માટે કેમ હોય તે સમજવાની ઈચ્છાવાળાએ તપપંચાશકના દેવોદ્દેશીને કહેલાં તપો ને અધિકાર જોવાય તો ઠીક થાય. સંવર અને કષાયને નહિ છોડવાનો ઉપદેશ હોય જ નહિ.

૯ ઉત્સૂત્રભાષક અને નિહ્નવ શિરોમણીને પણ અનન્તભવ માનવામાં આંચકો ખાવાની જગો પર તે વિષાદિઅનુષ્ઠાનોને લીધે અનન્તભવોનું ગ્રન્થવાક્ય સિવાય મનથી નિયમન કરે તેનું શું થાય ? જો કે અન્યસ્થાને તેણે પણ શબ્દ વાપર્યો છે, છતાં પણ શબ્દ વિનાના લખાણને માટે વિચારવું યોગ્ય છે.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## સ્પષ્ટીકરણ

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજને માનવાનો ઠરાવ કરનાર વર્ગ શાસ્ત્ર અને શાસન વિરૂદ્ધ બોલે કે ઠરાવે તે સિદ્ધાંતની સત્યદૃષ્ટિવાળાને અક્ષમ્ય હોય એમ જે જાહેર થયું છે તે યોગ્ય જ છે.

૨ એકાકિમનુષ્યે લખેલા કે કહેલા શબ્દો કરતાં સિદ્ધાંતાનુસારિપણે જાહેર થઈ જે વર્ગ સિદ્ધાંત કે શાસનઆદિને ઘાત કરનાર બોલે કે લખે અથવા ઠરાવે તે કુવે ભાંગ પડ્યા જેવું થયું ગણાય ને તેથી તેની સ્હામે અણગમો જાહેર કરનારને ટેકાવાળી સંસ્થાઓને અંગે આશ્ચર્ય લાગે તેમાં નવાઈ નથી.

૩ લાલન અને શિવજીવાળા ઠરાવો ને બહેચરદાસવાળો ઠરાવ ભાવનગરવાળાઓએ કેવો પાળ્યો છે ? એ સમજનાર હોય તો નાનો અને નાના શહેરનો સંઘ પણ ભાવનગરની કિંમત સમજે તેમ છે.

૪ ભાવનગરવાળાએ દીક્ષાનો ઠરાવ કરતાં ક્યા મુનિરાજ શાસ્ત્ર કે અમદાવાદના સંઘનો વિચાર કર્યો હતો ? શું સાધુસમુદાયઆદિને અગર દીક્ષાને એકલું ભાવનગર જ માનતું હતું કે માને છે ?

૫ સંઘબહારનું હથિયાર બુઠું થયું છે વગેરે બોલીને વિક્ષેપ ન વધારાય તો જ ઠીક છે. યુવકોને જો સ્વતંત્રતા વ્યક્તિથી પ્રિય છે તો શાસનાનુસારી શ્રીસંઘને પોતાની ધર્મઆદિને અંગે સ્વતંત્રતા પ્રિય નથી ? કે જેથી પોતાને અને ધર્મને હણનાર તથા વગોવનારની સાથે તેઓ અસહકાર ન કરી શકે ? સમુદાયનું બંધારણ પસંદ ન હોય તો અપ્રસન્ને રાજીનામું આપવું જ જોઈએ અને તે જો સત્યપ્રેમી હોય તો બહિષ્કારથી પણ ડરે નહિ.

૬ યુવકોને વિક્ષેપરહિત કાર્ય કરવાનો એ જ રસ્તો છે કે ધર્મને અનુલક્ષીને રહે અને સુધરેલી ભાષાની ગાળોથી અન્યને નવાજે નહિ. તમારા વર્ગને માટે જેમ તમને લાગે તેમ શાસન માટે શાસનપ્રેમીઓને લાગે તે યોગ્ય જ છે. એકમેકની ચલવલની નિંદા ન કરતાં કંઈક સીધી કાર્યદશા લેવાય તો જ સર્વને શોભાસ્પદ છે.

૭ મી. પરમાનંદનું ભાષણ બહાર આવી ગયેલ હોવાથી ભાવનગરનો સંઘ જરૂર તેનો રસ્તો કરશે. અમદાવાદમાં જો ગણાતો ગુન્હો બન્યો છે, તો અમદાવાદના સંઘને અસહકાર કરવાની સત્તા રહે છે. નાના સંઘવાળાએ મોટા સંઘ પાસે પોતે તેને માટે હજી સુધી પ્રયત્ન ન ક્યોં તેનો કે કશો પણ બચાવ કરવો હોય તો જરૂર અમદાવાદવાળાએ તેને સાંભળવો જોઈએ. ચાંચીઆના સરદારની નીતિ તો રાજ્યો હવે ચલાવી લેતાં નથી.

ચતુર્થ વર્ષ અંક ૨૧

Registered No. B.3047




શ્રાવણ સૂદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૩-૮-૧૯૩૬

## વર્તમાનમાં જૈનશાસનની શ્રેષ્ઠતા

સર્વકાલે શ્રીજૈનશાસન પોતાના સ્વરૂપે શ્રેષ્ઠ છે છતાં બાહ્યવર્ત્તનમાં પણ ખરેખર શ્રીજૈનશાસન જ સર્વ કાલે શ્રેષ્ઠતા ધરાવે છે. જો કે એ ધર્મને અનુસરનારાઓ વધારે ભાગે વ્યાપારિવર્ગ હોવાથી દુનિયાદારીના ફેલાવાવાળા સાહિત્યમાં તેઓ તરફથી અસત્ય અને અસભ્ય લખાણોનો પ્રચાર નથી થતો એટલું જ નહિં પણ તેવા પ્રચારના વિરોધ કે નિરોધ કરવાની પણ તેવી દરકાર નથી. છતાં વર્ત્તમાનમાં અદ્વિતીયતા ધારણ કરનારો તે શ્રીજૈનધર્મને માનનારો જ વર્ગ છે. ૧ જો કે આ શાસનને માનનારો વર્ગ રાજામહારાજા નથી છતાં પોતાના તીર્થોનું રક્ષણ અદ્વિતીયરીતિએ તે જ કરી રહેલો છે. ધ્યાન રાખવું કે જગત્‌માં ઉંચા ઉંચા પ્હાડો પર તીર્થસ્થાનો જૈનશાસનની માન્યતાવાળાના જ છે. અન્યધર્મને માનનારા રાજામહારાજા છે છતાં પોતાના ધર્મના તીર્થોને કરરહિત પોતે નથી રાખી શક્યા તેમ જ નથી તો યાત્રિકોને કર વગર ભર્યે યાત્રા કરવાની સગવડ કરી. જ્યારે આ જૈનશાસનને માનનારો વ્યાપારિવર્ગ છે અને તીર્થસ્થાનોના રાજાઓ અન્યધર્મિપણા આદિને લીધે અનેક પ્રકારે દ્વેષબુદ્ધિ ધરીને પણ કરનો ભાર નાંખે છે, છતાં યાત્રિકોને વગર કર ભર્યે યાત્રા કરવાની સવડ કરી શક્યો છે. ૩ તીર્થયાત્રાને માટે યાત્રિકોના સાથને ભક્તિ કરવા પૂર્વક તીર્થયાત્રા કરાવવાનું માન કોઈ પણ ધરી શકે તો આ જૈનશાસનને માનનારો જ વર્ગ છે. ૪ યાત્રિકોને ભક્તિભાવથી ભોજન કરાવવારૂપ જે શ્રીસંઘભોજન જેવું વિધાન કરનારને આ શાસનને શણગાર તરીકે માનનારો જ વર્ગ કરે છે જૈનધર્મને માનનાર તરીકે સાધર્મિકપણાના સંબંધથી આરાધ્ય ગણી દરેક સ્થાને દરેક વર્ષે વાર તહેવાર સાધર્મિકોનું વાત્સલ્ય કરવાનો ઉપદેશ કરનારાને તે સત્ય માનનારને ધર્મ ગણનાર આ જૈનકોમનો વર્ગ છે. ૬ ધર્મ ધર્મિતરીકે આરાધનાનો દાવો આ વર્ગમાં જ સતત અને સારી રીતે જ પ્રવર્તેલો છે ૭ આ ધર્મ માનનારો વર્ગ જાતિવાદને અંગે નહિં પૂજનારો અને ગુણવાદને અંગે જ પૂજામાનનારો છે ૮ આ ધર્મ માનનારાઓમાં જ પરસ્પર સરખા ધર્મવાળા ગણીને આરાધ્યઆરાધક ભાવના પ્રવર્તે છે. ૯ ત્યાગનું ધ્યેય ઉત્તમ માની સર્વત્યાગીને જ દેવ તરીકે બાહ્યસંયોગના ત્યાગીને જ ગુરૂ તરીકે અને હિંસાદિકના ત્યાગને ધર્મ તરીકે માનનારો આ જૈનશાસનને અનુસરનારાઓનો જ વર્ગ છે.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.





(પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૨૧ | મુંબઈ તા. ૩-૮-૧૯૩૬ સોમવાર<br>શ્રાવણ સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચકમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

આપણે આગળ જોઈ ગયા કે પ્હેલાં મનુષ્યની એક જ જાતિ હતી અને પછી કાલની વિષમતાને લીધે શિક્ષણીય વર્ગ ઉત્પન્ન થયો ને તેથી શિક્ષકવર્ગની ઉત્પત્તિ થવાની જરૂર ઉભી થઈ જો કે. એ તો ચોકખું જ છે કે શિક્ષક અને શિક્ષણીય એ વર્ગ બન્ને પરસ્પરની અપેક્ષાવાળા છે, પણ શિક્ષણીયવર્ગે કાંઈ શિક્ષકવર્ગને ઉભો કર્યો નથી તેમ શિક્ષકવર્ગે કાંઈ શિક્ષણીયવર્ગને ઉભો કર્યો નથી. જેમ શિક્ષણીયે શિક્ષકને અને શિક્ષકે શિક્ષણીયવર્ગને ઉભો કર્યો નથી, તેમ કોઈ ત્રીજા મનુષ્યે કે કોઈ ત્રીજાવર્ગે પણ તે બે વર્ગોમાંથી કોઈપણ વર્ગને ઉભો કરેલો નથી. વસ્તુતાએ જો કે શિક્ષણીયવર્ગે જ શિક્ષકવર્ગને ઉભો કર્યો છે અથવા શિક્ષણીયવર્ગે જ શિક્ષકને શિક્ષક તરીકે માગી લીધો છે અને સ્વીકાર્યો છે, પણ એની અસંગતિ લાગે તો તે નિવારવાનું એ જ સ્થાન છે કે દરેક મનુષ્ય પોતાને નુકશાન કરનારને શિક્ષા કરાવવા માગે છે. અર્થાત્ એક વખતનો જે પોતાના ગુન્હેગારોને સજા કરાવનાર થાય તે જ અન્ય વખતે પોતે બીજાના ગુન્હા કરે અને તેથી તે શિક્ષણીય થાય. એટલે શિક્ષણીય પોતે પોતાની મેળે આત્માર્થી અનગારની પેઠે અપરાધોને જાણી અપરાધના અવગુણો જે ભવિષ્યમાં થનારા છે તેને સમજી તે ભવિષ્યના અવગુણોથી પોતાના આત્માના બચાવને માટે શિક્ષા લેવા માટે જ જેમ શિક્ષકને મુરબ્બી ગણી લે છે તેમ આ વ્યાવહારિક શિક્ષણીય લોકો પોતાને શિક્ષા કરાવવા શિક્ષક અને શિક્ષાની માગણી કરતા નથી, પણ કાલક્રમે શિક્ષણીય થનારો મનુષ્ય જ પોતાના ગુન્હેગારોને શિક્ષા કરાવવા માગે છે અને જે અત્યારે શિક્ષા કરાવવા માગે છે તે જ કાલક્રમે શિક્ષણીય થાય છે. એટલે એમ જ કહેવું પડે કે શિક્ષણીયવર્ગે જ શિક્ષકવર્ગને માગી લીધો છે અને ઉત્પન્ન કર્યો છે.

### શિક્ષણીયને પ્રાયશ્ચિત્ત સુધારે કે શિક્ષા સુધારે ?

લોકોત્તર અને લૌકિક બન્ને માર્ગમાં શિક્ષણીયને શિક્ષા કરવાનો કે લઈને ખમવાનો તો પ્રસંગ હોય છે જ, પણ તે શિક્ષણીય સત્તાદ્વારા શિક્ષા પામે કે ખમે તેમાં અને શાણપણદ્વારાએ શિક્ષા ખમે કે પામે તેમાં ઘણો ફરક છે, કેમકે સત્તાદ્વારાએ કરાતી કે ખમાતી શિક્ષામાં મ્હોટો અવગુણ એ હોય છે કે સાચો ડર તેમાં શિક્ષાનો હોય છે અને તે શિક્ષાના ડરથી ગુન્હાનો ડર થાય છે અને તેથી સત્તાદ્વારાએ થતા ન્યાયમાં કદાચ ગુન્હો ન્હાનો હોય અને સજા મોટી હોય તો તે ન્હાના ગુન્હાથી જેવું શિક્ષણીય વર્ગને ડરવાનું થાય છે તેવું ન્હાની સજા જે ગુન્હાને અંગે થતી હોય તે ભયંકર ગુન્હો હોય તો પણ તે ભયંકરગુન્હાથી તેટલો ડર સજાના અલ્પપણાને લીધે થતો નથી. અથવા તો જે બાબત અધમાધમ છતાં સજાના વિષયમાં જ ન લેવાઈ હોય તો કોઈપણ જાતનો ડર થતો નથી. એ બધાનું કારણ એ જ છે કે ગુન્હાની અધમતાને લીધે ગુન્હો કરતાં ડરવાનું થતું નથી, પણ સજાને લીધે જ ગુન્હાથી ડરવાનું થાય છે, અને આ જ કારણથી જગતમાં ગુન્હેગારોના ગુન્હાના

એકરારો જવલ્લે જ હોય છે એટલું જ નહિં, પણ તે ગુન્હાઓને છુપાવવા માટે અનેક પ્રકારની મ્હેનતો કરે છે અને તેથી જ કોર્ટોના ધંધાનો જન્મ થયો છે, પણ ગુન્હેગારો સજાની મહત્તા ન સમજે પણ અવશ્ય કર્ત્તવ્યતા સમજે અને ખરી મહત્તા ગુન્હાહિતદશાની સમજે તો જેમ ધાર્મિકવૃત્તિના મનુષ્યો પોતાના લાગેલા દોષોને જ દુષ્ટ ગણે છે અને તે મનુષ્ય તે દોષોની દુષ્ટતા સમજતો હોવાથી દોષોનું નિવારણ કરનારાં પ્રાયશ્ચિત્તોને અંગીકાર કરે છે, એટલું જ નહિ પણ દોષોના પ્રાયશ્ચિત્ત આપનારાઓને તારક માને છે, અને અનેક જાતની તેઓની ભક્તિ કરે છે. વળી જ્યારે સજાથી ગુન્હાનો ડર થાય છે ત્યારે સજા ન થઈ હોય ત્યાં સુધી સજાથી અને ગુન્હાથી ડર રહે છે, પણ એકાદ બે વખત સજાના સંયોગો થઈ જાય છે. પછી સજાનો ડર ગુન્હેગારના હૃદયમાં રહેતો નથી અને તેથી જ કેદની તરફ દૃષ્ટિ કરતાં જે ઘણી મ્હોટી સંખ્યામાં સજા ખમનારા પ્રાયે જુના સજા પામેલા જ જણાય છે તેનો ખુલાશો થશે. કેટલીક વખત તો સજા ખમનાર એવી સ્થિતિમાં આવી જાય છે કે તે ગુન્હાને બદલે કરાતી સજા તેને ગુન્હેગારીનો બદલો છે એવા રૂપે અસર ન કરતાં તે સજાનું સ્થાન જે છે તે તરફ ખેંચનાર થાય છે. આ બધી સ્થિતિ સજાના ભયથી ગુન્હાની દુષ્ટતા ગણવાને લીધે થાય છે, પણ ગુન્હાની સ્વયં દુષ્ટતા સમજાવવામાં આવે તો આ સ્થિતિ થતી નથી. આ ઉપર જણાવેલી અપેક્ષાએ કાયદમનવાળી શિક્ષકવર્ગની થએલી ઉત્પત્તિ અયોગ્ય કેમ ન ગણાય? એમ કહેનારને કહી શકીયે કે ગુન્હાની દુષ્ટતા સમજી ગુન્હો ન કરે એ સર્વથા ઈષ્ટ જ છે અને સજાની દુષ્ટતાથી ગુન્હાઓ ટાળવાની રીતિ એટલે બધી સારી નથી, પણ જગત્‌માં જ્યારે હાકારઆદિનીતિથી પણ ગુન્હાઓનું નિવારણ કરતાં ગુન્હાઓની દુષ્ટતા સમજ્યા છતાં પણ કષાય ઇંદ્રિય સંયોગ સ્વાર્થપ્રાધાન્ય અને દ્વેષની લાગણીઓથી દોરવાઈ જાય અને તે એટલે સુધી કે વાચિકદમનના માર્ગને પણ ગણકારે નહિં, તેવી વખતે તે ગુન્હાઓની પ્રવૃત્તિને રોકવા માટે કાયિકદંડના માર્ગની પ્રવૃત્તિ શિવાય બીજો કોઈ રસ્તો જ રહેતો નથી, માટે તેવે વખતે શિક્ષકવર્ગની ઉત્પત્તિ કર્યા શિવાય પ્રજાના હિતૈષિને ચાલતું જ નથી. એવે વખતે જો કે ગુન્હાના ડરથી ગુન્હાની અટકાયત તેવી ઉત્તમ પ્રકારની છે છતાં ગુન્હાઓની ઉત્પત્તિ અટકાવવા માટે સજાનું સર્જન કરવું જ પડે છે, અને એ જ કારણથી ભગવાન્ શ્રીઋષભદેવજીને સજાની ભીતિદ્વારોએ ગુન્હાઓની અટકાયત કરવાની જરૂર જણાઈ, જેમ ન્હાના બાલકો સમજણને યોગ્ય હોતાં નથી અને તેથી તેઓને હલકા એવા પણ કાયિકશિક્ષણદ્વારાએ જ ગુન્હાથી રોકી શકાય છે, તેવી રીતે જ્યાં સુધી જીવો તેવી જ્ઞાનદશા મેળવે નહિ, કે મેળવવાને લાયક થાય નહિં ત્યાં સુધી ગુન્હાના દુષ્ટપણાને સ્વભાવથી સમજી શકે જ નહિ, વળી સમજણના સંયોગે પણ ગુન્હાથી થતી સજા ભયંકર છે એમ જાણ્યા છતાં લાગણીવશ થયેલા મનુષ્યો જ્યારે ગુન્હાથી દૂર રહેવાને માટે શક્તિમાન્ થતા નથી ત્યારે તેવે વખતે સજાનો ભય જ તેવાઓને ગુન્હાની ઉત્પત્તિથી બચાવી શકે છે, સર્વ મનુષ્યો પણ સમજણવાળા અને તેવી લાગણીને દબાવવાવાળા હોય જ નહિં અને તેથી સમજણવાળા કે અણસમજણવાળા બધાને માટે કાયિકદમનવાળી સજા ગુન્હાને રોકવા માટે નિયત કરવી જરૂરી જ છે. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જગતનો ઘણો ન્હાનો ભાગ જ્ઞાનવાળો હોય છે અને ઘણો મ્હોટો ભાગ તો માત્ર અજ્ઞાની કે સામાન્ય સમજણવાળો જ હોય છે, માટે મ્હોટા ભાગના બચાવને માટે કાયિકદમનવાળી શિક્ષા જ ગુન્હાઓની ઉત્પત્તિને રોકવા માટે જરૂરી છે. વળી જેઓ સારી સમજણવાળા છે અને ગુન્હાની દુષ્ટતા સમજી શિક્ષાના ભય વિના પણ ગુન્હાથી દૂર રહેવાવાળા

છે તેઓને અંગે ગુન્હાઓને અંગે કાયિકદમનવાળી સજા શરૂ થાય તેમાં કોઈ જાતનું નુકશાન નથી. અર્થાત્ અણસમજવાળાઓ ગુન્હાઓ કરતાં અટકે અને સમજણવાળાને કોઈ જાતનું નુકશાન ન હોય તો પછી તે ગુન્હાની ઉત્પત્તિ રોકવા માટે કાયિકદમન શરૂ થાય તેમાં કોઈપણ પ્રકારે અહિતકાર્ય થયું કહેવાય નહિં. ધ્યાન રાખવાની જરૂર છે કે જેઓ દોષોની દુષ્ટતા સમજ્યા છે અને તે દોષોનો પ્રતિકાર ન કરવાની આ ભવ અને ભવાંતમાં અનર્થની પરંપરા થાય છે એમ જાણે અને માને છે તેવી સમજણવાળા મનુષ્યોને પણ દોષોની દુષ્ટતા નિવારવા તથા દોષોની ઉત્પત્તિને રોકવા માટે કાયિકદમનની જરૂર પડે છે અને તેથી આત્મીય દોષોના નિવારણ માટે તથા થએલા દોષોના અપરાધને નિવારવા માટે વાચિક એવું આલોચન પ્રતિક્રમણ એ બે પૃથક્ પૃથક્ પ્રાયશ્ચિત્ત કર્યા છતાં શુદ્ધિ ન થાય તેવામાં તે બન્ને શિક્ષાઓ એટલે પ્રાયશ્ચિત્તો અર્થાત્ આલોચન અને પ્રતિક્રમણ એનો એકી સાથે અમલ કર્યા છતાં જ્યારે શુદ્ધિ નથી થતી ત્યારે તે દોષોના કારણભૂત વસ્તુઓનો ત્યાગ કરવો કે તે દોષોમાં પ્રવર્ત્તવાવાળી કાયાનો વ્યાપાર અટકાવી દેવો એમ કરીને પણ સામાન્ય રીતે કાયિકદમનની જ શરૂઆત કરાય છે. આત્મીયકાર્યમાં પ્રવર્ત્તેલાને પણ માત્ર એટલું વિવેક અને વ્યુત્સર્ગ જેવું જ કાયિકદમન કરવાથી સર્વ દોષોની નિવૃત્તિ થતી માની નથી, પણ તેઓને જવું જ પડે છે. અર્થાત્ આત્માર્થિયો પણ કાયિકદમનથી આત્માના દોષોને દૂર કરવાનું ધારે છે, અને તેથી અશનાદિ આહારોના ત્યાગરૂપ તપશ્ચર્યાને પાપને રોકનાર કે પાપને નાશ કરનાર તરીકે ગણે છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે રાજકીયદમનના નિયમોમાં જ્યારે કાયાના સાંસારિકવ્યાપારો રોકવાની કે કાયિક મ્હેનત કરવાની ફરજ પાડવામાં આવેલી હોય છે, પણ આહાર ઉપર તો ત્યાં પણ કાબુ મ્હેલવામાં આવતો નથી, પણ આત્મીયદોષોના દમનના માર્ગમાં પ્રવર્ત્તવાવાળા મહાત્માઓ તો ખુદ હાજત તરીકે ગણાતા અને જીવનરૂપ એવા આહારાદિના રોધની શિક્ષાને પણ પ્રવર્ત્તાવે છે, અને આચરે છે અને તે પણ એટલે સુધી કે જે જે કાલે જે જે તપસ્યા જ્યાં સુધી ઉત્કૃષ્ટ ગણાતી હોય ત્યાં સુધી તે તે કાલના ગુન્હાઓની સજામાં પરમકાષ્ઠા રાખે છે. ભગવાન્ શ્રીઋષભદેવજીના કાલે બાર માસની સ્થિતિ ભુખ સહન કરવામાં મનાઈ હતી. અને અજિતાદિ બાવીસ જિનેશ્વરોના શાસનમાં આઠ માસની અને ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં છ માસ સુધીની તપસ્યા જે રાખી છે તે વિચારવાથી સ્પષ્ટ થશે કે આત્માર્થિયો પણ આત્માના દોષોને પણ રોકવા કાયિકદમનની જરૂરીઆત ગણે છે. તો પછી જગત્નો પ્રવાહ કે જેમાં ઘણો મ્હોટો ભાગ અણસમજવાળો છે, તેને કાયિકદમન સિવાય દમી શકાય જ નહિં. આ વાત ન સમજી શકાય તેમ નથી. એમ નથી કે કાયિકદમનના ભયંકર કોરડા ફરવા છતાં જે જગત્પ્રવાહ અનીતિને રસ્તેથી વાળી નીતિને રસ્તે લઈ જઈ શકાયો નથી કે લઈ જઈ શકાતો નથી તે જગતના પ્રવાહને કાયિકદમન વિના નીતિને રસ્તે ચલાવવું એ અશક્ય જ છે ?, વળી આપણે પ્રત્યક્ષ અનુભવથી જોઈ શકીયે છીયે કે ક્રોડો નિશાળો કરોડો માસ્તરો અને કરોડો પુસ્તકો શાંતિથી અનીતિનો બચાવ કરવા માટે યોજાયેલાં છે, છતાં તે નિશાળો વગેરેની હયાતીમાં કરોડો મનુષ્યો તે શિક્ષા શિક્ષક અને શિક્ષણીયની શાંત રીતિને નહિં ગણકારતાં અનીતિને રસ્તે જાય છે, તો આવા શાન્તપ્રચારથી જેઓ અનીતિને છોડે નહિ અને અનીતિને આદરે ત્યારે તેઓને કાયિકદમનની શિક્ષા કરી તે દ્વારાએ દમન કરવા પડે તે સ્વાભાવિક જ છે, પણ અહીં આ જગોપર ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન્ શ્રીઋષભદેવજી જેમ પ્રજાપાલક રાજા માત્ર અનીતિને દૂર કરવા ઉપર જ મુખ્ય ધ્યેય રાખે છે

તેમ અનીતિના નિવારણ ઉપર જ ધ્યેયવાળા છે. કેટલાક લોકો જેમ અનીતિને નિવારવામાં દંડની જ મુખ્યતા ગણી માત્ર દંડને જ રાજનું તેજ ગણાવે છે. તેમ ભગવાનનું ધ્યેય દંડ ઉપર જ હતું નહિં તેમ જ દંડને એક રાજ્યતેજ તરીકે ગણાવનાર કે ગણનાર ન્હોતા, અને તેથી જ આગલ જણાવ્યા પ્રમાણે શિક્ષકવર્ગમાં પણ તેઓએ વિભાગો કરેલા છે.

## શિક્ષકવર્ગના વિભાગોનો ક્રમ અને વિભાગોની સંખ્યા

આપણે ઉપર જોઈ ગયા છીએ કે ભગવાન્ શ્રીઋષભદેવજીને રાજ્યાભિષેકથી રાજ્યગાદી ઈન્દ્રમહારાજ અને તે વખતના સર્વયુગલિક મનુષ્યો તરફથી મળવાથી તેઓને અનીતિના નિવારણ માટે તથા નીતિની પ્રવૃત્તિ કરવા માટે શિક્ષકવર્ગ કહો કે શિક્ષકજાતિ કહો, પણ એને ઉત્પન્ન કરવાની જરૂર જણાઈ, ભગવાન્ શ્રીઋષભદેવજીએ પોતે શિક્ષકવર્ગ જે ઉત્પન્ન કર્યો તે માત્ર તેમની જ નિશ્રાવાળો હતો, અને તેથી તે શિક્ષકવર્ગ જે પ્રજાના હૃદયમાં આવી પડતા અનીતિકારોના ક્ષતોને રૂઝવનારો હોવાથી ક્ષત્રિય કહેવાયો અને પ્હેલવ્હેલો જુદી જાતિરૂપે ઓળખાયો. શાસ્ત્રકાર એટલા માટે બે વાત સ્પષ્ટ પણે કહે છે. એક તો પ્હેલો જાતિભેદ ક્ષત્રિયોનો થયો, અને તેથી રાજ્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિના કાલથી બે જાતિઓ થઈ. બીજી વાત એકે એ આખી શિક્ષકવર્ગની ક્ષત્રિયજાતિ તે સ્વતંત્ર ન્હોતી પણ ભગવાન્ શ્રીઋષભદેવજીને આશ્રિત હતી. એટલે પાંચસેં સુભટના ટોળાની માફક નાયક વિનાની કે પરસ્પર સંબંધ વિનાની તે ક્ષત્રિય જાતિ નહોતી. આવી રીતે ઉત્પન્ન થયેલ ક્ષત્રિયજાતિ રૂપ શિક્ષકવર્ગમાં પણ સર્વ ક્ષત્રિયો એક જ પ્રકારના હતા એમ ન્હોતું અને હોયપણ નહિ, તે ક્ષત્રિયવર્ગની જાતિમાં પણ પેટા જાતિયો તે જ વખતે ઉત્પન્ન થયેલી હતી. અર્થાત્ જેમ કેટલાક મનુષ્યોનું ધારવું છે કે પ્રથમ સનાતનસત્યવાદિયોની અપેક્ષાએ તે ક્ષત્રિયજાતિ અને કૃત્રિમસૃષ્ટિવાદિયોના મંતવ્ય પ્રમાણે આદ્યમાં બ્રાહ્મણજાતિ ઉત્પન થઈ હોય, પણ તે એક ક્ષત્રિય કે બ્રાહ્મણજાતિનો મુખ્ય જાતિભેદ થયા પછી ઘણે કાલે તે ક્ષત્રિય કે બ્રાહ્મણ જાતિના પેટા ભેદરૂપ અવાંતર જાતિઓ થઈ એમ સનાતન સત્યવાદિયોના હિસાબે નથી. સનાતનસત્યવાદિઓના હિસાબે તો ક્ષત્રિય જાતિનો મુખ્ય ભેદ સ્થાપન કે ઉત્પન્ન કરાયો તે જ વખતે તે ક્ષત્રિયજાતિની પેટા જાતિયોના ભેદો ઉત્પન્ન થયા કે કરાયા. તે ક્ષત્રિયજાતિના પેટા ભેદો ચાર કરાયા હતા. તે ચાર ભેદો આ પ્રમાણેઃ-૧ ઉગ્ર ૨ ભોગ ૩ રાજન્ય અને ૪ ક્ષત્રિય, આવી રીતે ક્ષત્રિયજાતિના ચાર પેટા ભેદો ઉત્પન્ન થયા.

## ક્ષત્રિયોનું આધિપત્ય કે બ્રાહ્મણોનું

ઉપરની હકીકત વાંચનાર અને વિચારનાર સ્હેજે સમજી શકશે કે જગતનું કહો કે સમગ્રદેશનું કહો, વ્હાય તેનું કહો, પણ પ્રથમ આધિપત્ય જો કોઈને પણ સોંપાયું હોય કે કોઈને પણ મળ્યું હોય તો તે માત્ર ક્ષત્રિયજાતિને જ આધિપત્ય મળેલું છે, એમ માનવું જ પડશે, જો કે કેટલાકો આદિમાં બ્રાહ્મણજાતિનો ભેદ ઉત્પન્ન થયો માને છે, પણ તેઓ તેઓના મતે જ માત્ર જ્ઞાનદેવાવાળા હોવાથી આચાર્યના કે શિક્ષકનાં સ્થાનમાં આવે, પણ શિક્ષા કરનાર એવો શિક્ષક વર્ગ બ્રાહ્મણનો હતો એમ કહી શકાય જ નહિ. એટલે બ્રાહ્મણની જાતિ પ્રથમ ઉત્પન્ન થયેલી માનીયે તો પણ જગતનું આધિપત્ય તો તે જાતિને મળી શકે જ નહિં, વળી એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે બ્રાહ્મણજાતિની આદિમાં ઉત્પત્તિ માનનારે પ્રથમ ક્ષત્રિય વૈશ્ય કે શૂદ્રની હયાતી જ માની નથી, ત્યારે ભગવાન્ શ્રીઋષભદેવજીના રાજ્યકાલથી થયેલી વર્ણવ્યવસ્થામાં સર્વ વર્ણોના મનુષ્યોની હાજરી તો ક્ષત્રિયોની ઉત્પત્તિની વખતે

માનવામાં જ આવી છે. એકલા તે તે વર્ણના મનુષ્યોની જ હયાતી હતી એમ નહિ, પણ તે બધા લોકો તે બધા કાર્યો કરવાવાળા જ હતા પણ માત્ર તેનો જાતિભેદ ન્હોતો. જેમકે ભગવાને અન્નના અજીર્ણને લીધે ખોરાકની વ્યવસ્થા માટે કુંભકારશિલ્પ બતાવ્યું તે વખતે કુમ્ભકારની કારીગીરી ઉત્પન્ન થઈ, પણ તે કુંભારની ક્રિયા સર્વને કરવી પડતી હતી. સર્વ મનુષ્યો પોતાને માટે જોઈતાં ભાજનો ઉત્પન્ન કરી લેતા, અર્થાત્ વૈશ્ય બ્રાહ્મણ કે શૂદ્ર જેવી કોઈ જાતના વર્ણભેદો આ ક્ષત્રિયોની જાતિની ઉત્પત્તિ થવા પ્હેલા થયેલા ન્હોતા. આ ઉપરથી જેઓ કહે છે કે બ્રહ્માએ આખું જગત્ અથવા જગતની સર્વ વસ્તુઓ ઉત્પન્ન કરી બ્રાહ્મણોને આપી હતી. આ તેઓનું કથન ફક્ત પારકાનું લઈને બ્રાહ્મણ ખાઈ જાય પારકાનું પ્હેરી લે તથા અન્યનું લઈને અન્યને આપી પણ દે તો બ્રાહ્મણને દોષ નથી એમ જણાવી બ્રાહ્મણોના અધમતમ અન્યાયોને ઢાંકવા માટે છે. આથી બ્રાહ્મણની ઉત્પત્તિ બ્રહ્માના મુખથી માનેલી હોવાથી બ્રાહ્મણ કોઈપણ ગુન્હામાં આવે તો એ મારવા લાયક નહિ વગેરે જેમ એક સ્વવર્ણની અયોગ્ય રીતિએ ઉત્તમત્તા ઠસાવવા તેઓ તરફથી કહેવામાં આવે છે તેવી રીતે વર્ણની ઉત્પત્તિમાં પણ તેમનો કહેલો તે મુદ્દાનો હોવાથી કોઈપણ પ્રકારે શ્રધ્ધેય નથી. વળી આ પણ સમજાય તેવી હકીકત છે કે આધિપત્ય તેઓ જ કરી શકે કે જેઓમાં રક્ષણનું સામર્થ્ય અપ્રતિમ હોય. વળી ઉત્પત્તિ કરનાર કોઈપણ હોય પણ તે ઉત્પન્ન થયેલી ચીજનો ઉત્પન્ન કરનાર પણ માલિકત્યારે જ રહીશ કે કે જ્યારે સામર્થ્યવાળાને સંતોષ હોય. વળી એ પણ સાથે જ સમજવા જેવું છે કે રક્ષણના પ્રયત્નમાં સામાન્ય કાયિક પ્રયત્નો કદાચ કાર્ય કરે પણ અન્ય તરફથી ઉત્પન્ન કરાયેલી કે રખાયેલી ચીજને લઈ લેવા ઉડાવી જવા અથવા ઉઠાવી લેવા જ્યારે પ્રયત્નો થાય ત્યારે તો રક્ષણ કરનારના પ્રયત્નની તીવ્રતાની હદ ઘણી જ વધી જાય છે. આ દૃષ્ટિએ વિચાર કરતાં જો આગલ જવામાં આવશે તો સ્પષ્ટ થશે કે શારીરિકબળને ખીલવવાવાળાઓ જ મુખ્યતાએ રક્ષણના કાર્યમાં ઉપયોગી નીવડે છે, અને જે લોકો જ્ઞાન તરફ અને વિચારપરંપરા તરફ આગલ વધે છે તેઓ તે શારીરિક તીવ્ર પ્રયત્નોવાળા કાર્યોને કરવા માટે ઘણા ઓછા જ લાયક નીવડે છે. એટલે કહેવું જોઈએ કે શારીરિક બલની ઉચ્ચકોટીએ પ્હોંચેલ વર્ગ જ આધિપત્ય ધરાવી શકે, અને આધિપત્ય ધરાવતા થઈને રક્ષણ પણ કરી શકે. વર્તમાનકાલમાં કે શાસ્ત્રોમાં પણ આધિપત્ય ધરાવનાર રાજા મહારાજાઓને પ્રજાપાલ ભૂપાલ નરપતિ અને નૃપ જેવાં જે નામો છે તે રક્ષણ દ્વારાએ જ અધિપતિપણું મળ્યાને સૂચવનાર છે એટલે સ્પષ્ટ થશે કે આ જગતની આદિકાલથી માલિકી ક્ષત્રિયોની જ હતી અને ક્ષત્રિયો જ જગતના રક્ષણના કાર્યમાં મશગુલ થઈ અધિપતિ થઈ શકે છે અને થઈ શક્યા છે.

**ઉગ્રજાતના ક્ષત્રિયોની સ્થાપના-**

પ્રજાના અન્યાયના પોકારને લીધે ભગવાનને રાજ્ય ગાદી કરવી પડી એ વાત લક્ષ્યમાં લેવાથી માલુમ પડ્યું જ હશે કે તે વખતે પ્રજામાં અન્યાય કરનારાઓ તરફથી ત્રાસ વર્ત્તી રહ્યો હતો. સામાન્ય અક્કલથી પણ વિચારી શકીશું કે ન્યાય કરવાવાળાને પોતાનું મગજ ચ્હાય તેવું હોય તોપણ શિક્ષા નિયત કરતી વખત મગજને સમતોલ રાખ્યા સિવાય ચાલે નહિ. મગજનું સમતોલપણું ગુમાવનારો મનુષ્ય સજાની સ્થિતિને સમજી શકે નહિં. છતાં કદાચિત્ હંમેશાના અભ્યાસને લીધે સમજી શકે તો પણ મગજનું સમતોલપણું ગુમાવવાથી યથાઅપરાધ દંડની સજા ન કરતાં પોતાના મગજની પ્રવૃત્તિ પ્રમાણે દંડની સજા કરી નાંખે, અને તેથી ગુન્હાની તુલના ન થતાં માત્ર મગજની જ તુલનાએ દંડ થાય, અને

એમ થાય તો તે દંડ અપરાધની માત્રા કરતાં ન્યાયાધીશના મગજની માત્રાને જ આભારી ગણાય, માટે ન્યાયની ખાતર તેમ જ ત્રિલોકનાથ ભગવાન્ ઋષભદેવજી ત્રણ જ્ઞાનવાળા હોવાથી મ્હાય તેવા અપરાધમાં પણ તેઓ મગજને સમતોલ રાખી શકે એ અસ્વાભાવિક ન્હોતું. આ સમજવાથી એ પણ હવે સમજાઈ જશે કે ન્યાયની શરૂઆત કરનાર જો આ ત્રણજ્ઞાનવાળા ભગવાન્ ન હોત તો ન્યાયની સ્થિતિ અપરાધ પ્રમાણે જ દંડ થવાની રહેત નહિ. આવી રીતે ભગવાને અપરાધ પ્રમાણે દંડની પ્રવૃત્તિ કરેલી હોવાથી ભગવાનને પોતાને તો ઉગ્ર થવું પડે નહિં. પણ વાચકો સમજી શકે તેમ છે કે મનુષ્યો પોતાની ગુન્હેગારપણાની દશાને વિચારવા કરતાં પોતાને થયેલા દંડની યથાર્થતા હોય તો પણ મહત્તા માની લેવામાં તૈયાર થાય છે અને મહત્તા માની લેવાથી અથવા સામાન્ય રીતે દંડની અપ્રિયતા હોય તે સ્વાભાવિક છે તેથી તે શિક્ષાને ગુન્હેગારો અનિષ્ટતમ ગણે તેમાં નવાઈ નથી. હવે જ્યારે ગુન્હેગાર થઈને ન્યાયના રસ્તાથી ખસી ગયેલો મનુષ્ય યથાર્થરીતે થયેલ શિક્ષાને પણ અનિષ્ટતમ ગણે ત્યારે તે તેવી અનિષ્ટશિક્ષાથી બચવા માટે હરેક જાતના પ્રયત્ન કરે. વળી અનિષ્ટશિક્ષા થયેલી સાંભલવામાં આવે તે વખત અન્યાયકારકને પણ જે અનિષ્ટતા લાગે તેના કરતાં પણ તે અનિષ્ટશિક્ષાનો અનુભવ જ્યારે લાંબી કે ટુંકી મુદત સુધી કરવો પડે ત્યારે તો ન્યાયથી ચુકી ગયેલા મનુષ્યની શી સ્થિતિ થાય તે ન કલ્પી શકાય તેમ નથી અને એ હકીકત ધ્યાનમાં લઈશું તો ન્યાયથી ચુકેલા અને શિક્ષાને અનિષ્ટ ગણનારા મનુષ્યો અનિષ્ટતમ એવી શિક્ષાનો અનુભવ કરતાં તે અનુભવ કરાવનારથી છુટવા માટે તે ગુન્હેગાર મનુષ્ય ક્યા ક્યા પ્રયત્નો કરે એ સમજી શકાય તેમ છે, અને તેથી જ સમજી શકીયે કે એવો પણ એક વર્ગ ઉભો કરવો પડ્યો કે ઉભો થઈ ગયો કે જે પોતાનામાં અત્યંત એવી ઉગ્રતા ધારણ કરનારો હોય કે જે ઉગ્રતાથી તે ગુન્હેગારો સજા ભોગવીને બ્હાર ગયા છતાં તે વર્ગથી ડરતો રહે. અને સજા ભોગવતી વખત પણ ગુન્હેગારોએ કરેલા અથવા કરવા માટે કરાતા અન્ય અન્યાય પૂર્ણ પ્રયત્નોને પણ જે વર્ગ બરોબર દબાવી શકે. આવી રીતે શિક્ષાનો અમલ કરાવે નવા ઉત્પાતો ન થવા દે અને અન્યાય કરનારાઓને પણ કબજામાં રાખે ઈત્યાદિ કાર્યોને માટે એક વર્ગ એવો નિયત કરવો જ પડે કે જેથી ન્યાયનો રસ્તો ચલાવવો સુગમ થઈ પડે. એવો જે વર્ગ ભગવાને સ્થાપ્યો તે જ વસ્તુતાએ આરક્ષક છતાં જગતમાં ઉગ્ર તરીકે ગણાયો, અને તે ઉગ્રનામનો વર્ગ રાજ્યગાદીની ચાલનાને અંગે ભગવાનને નિયત કરવો પડ્યો. અર્થાત્ ક્ષત્રિયોમાં પેટા ભેદ તરીકે પ્રથમ ઉગ્રનામનો વર્ગ ઉત્પન્ન થયો. હવે બીજા ભોગ રાજન્ય અને સામાન્ય ક્ષત્રિયો કેમ થાપ્યા અથવા કેમ ઉત્પન્ન થયા તેનો વિચાર કરીયે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૯૮)

# સમાલોચના

**જ્યોતિવાચકને-**

દેવદ્રવ્યના ભક્ષણથી અનન્ત સંસારની વૃદ્ધિ થાય એમ શાસ્ત્ર અને મુનિરાજોની પ્રરૂપણા છતાં મહાઅનર્થકારિ દેવદ્રવ્ય ભક્ષણનો અભાવ થયો નથી અને ભક્ષણ કરનારા છે એ વાત સત્ય છે, પણ દેવદ્રવ્યતફડાવવાનાં ભાષણો કરનાર અને તેને ટેકો આપનાર વર્ગ તે અનર્થને રોકે કેવી રીતે ? ભક્ષકને કે બીજાને મ્હેણા તરીકે પણ તેવી માન્યતાવાળાને તો બોલવાનો હક જ ક્યાં રહે. આશા છે કે તે મ્હેણાં લખનાર અને તેનો વર્ગ તે ભક્ષણથી યાવજ્જીવ સાવચેત રહે તો શ્રેય છે.

**મી. કુંવરજીને-**

પત્રમાં પ્રશ્નોત્તરો અપાય છે, પણ ઘણું શાસ્ત્ર વિરૂદ્ધ અને ખોટું લખાય છે, તો તેવી રીતે ન થાય તો ઠીક. બીજું મેટર મેળવી લેવું તે સારૂં છે.

**કલકત્તાવાળા સુ. અગરચંદ નાહટા**

૧ શાસ્ત્રીય અને સત્યહકીકતમાં કલેશને સ્થાન ન હોવું જોઈએ એમાં બે મત હોય જ નહિ.

૨ મહોપાધ્યાયશ્રીધર્મસાગરજીએ ચર્ચાની શરૂઆત કરી એ સત્ય નથી. તેના કરતાં પ્હેલાના શ્રીજિનપ્રભસૂરિએ તપોકટ મત૦ કરીને શરૂઆત કરી હતી.

૩ વળી વર્ત્તમાનમાં પણ તપાગચ્છ અને તેના મહાપુરૂષોની નિન્દા તમારાગચ્છવાળાએ શરૂ કરી છે અને એ સિદ્ધાંતસામાચારી બૃહત્પર્યુષણા નિર્ણય વસ્તુ જોવાથી સ્પષ્ટપણે જણાશે.

૪ તપાગચ્છવાળાઓ ખરતરગચ્છની ઉત્પત્તિ તમારા શ્રીજિનદત્તસૂરિથી થયેલી માને છે. માટે તમોને શ્રીજિનેશ્વરસૂરિમહારાજ શ્રીજિનચંદ્રસૂરિજી અભયદેવસૂરિજી મહારાજ શ્રીજિનવલ્લભજી કે શ્રીજિનદત્તજીના પાઠો કે તેની પ્હેલાના કહેવાય તે દેવા વ્યાજબી છે.

૫ શ્રીમહાવીરચરિત્ર અને પાર્શ્વનાથચરિત્રના પાઠોની વાત જ તમારા માટે અહિતકર છે. ચોરી જાહેર થશે.

૬ શ્રી અભયદેવસૂરિમહારાજને અંગે શ્રીસોમધર્મ મહારાજની હકીકત તપાગચ્છવાળાઓએ શ્રીઅભયદેવસૂરિજીથી પ્રતિષ્ઠા મેળવી છે એમ જણાવે છે.

૭ શ્રીપ્રવચનપરીક્ષા માટે શ્રીવિજયસેનસૂરિજીએ શ્રીજિનચંદ્રસૂરિજી સાથે વાદ કરી જય મેળવ્યો છે એ સત્ય છે, પણ જળશરણ કરવું એ એક નિરૂત્તરપણાની જાહેરાત છે, એમ કેમ નહિ ?, કોઈપણ ભેળા થઈને પોતાની પાસેનાં પુસ્તકો જળમાં બોળી દે તેમાં કર્ત્તાનું નિરૂત્તરપણું કે અન્ય કહેવાય જ નહિ.

૮ ૧૧૩૭ સુધી શ્રીજિનવલ્લભજી કૂર્ચપુરીય શ્રીજિનેશ્વરસૂરિના શિષ્ય તરીકે હતા એ વાત પુણાની તે વખતની પ્રતમાં છે તે સમજીને સ્વતંત્ર લેખ લખાય તો ઠીક. આચાર્ય મહારાજ અભયદેવસૂરિજીની પરંપરાવાળા શ્રીવર્ધમાનસૂરિજી વગેરે તથા શ્રીજિનેશ્વરસૂરિજીની પરંપરાવાળા અલ્લદેવોપાધ્યાય વગેરે ખરતરગચ્છની કે તે આદિ ગચ્છમાં પોતાની હયાતી નથી જણાવતા, એ જરૂર ધ્યાનમાં રાખવું. શ્રી મહાવીરચરિત્ર આદિ જેવો પાલ્હે કવિની

(અનુસંધાન માટે જુઓ પેજ-૪૮૯)

# રત્નત્રયીની આરાધનાના ભેદો અને તેઓનો પરસ્પર સંબંધ

## મોક્ષની સાધ્યતાનો નિશ્ચય

જૈનદર્શનને જાણનારો અને માનનારો વર્ગ સાફ રીતે સમજે છે કે સમ્યગ્દર્શનની જ્યારથી જીવને પ્રાપ્તિ થાય ત્યારથી તેની દૃષ્ટિમાં પારમાર્થિકફલ તરીકે શાશ્વતસુખમય અને જન્મજરાઆદિ આબાધાએ રહિત એવા અવ્યાબાધપદરૂપ મોહની જ સાધ્યતા હોય છે. જો કે અનન્તપરપણે દેવલોકની ઉત્પત્તિ અને તે દેવભવની પૂર્ણતા પછી કુટુંબઆદિ દશ પ્રકારનાં સુખસાધનોએ સહિત એવા મનુષ્યભવમાં અવતરવા રૂપ પ્રત્યાયાતિ આનુષંગિક એવા અભ્યુદયરૂપ હોવાથી એકાંત પરિહાર્ય નથી. પણ તે અભ્યુદયધર્મના પ્રભાવે જ પ્રાપ્ત થવાવાળો છતાં કૃષિક્રિયાના પ્રયત્નોમાં થતા ઘાસ અને પરાળની માફક છે. પણ પારમાર્થિક અને એકાન્તિક તથા આત્યન્તિકફલરૂપે કોઈ પણ સાધ્ય હોય તો તે કેવલ મોક્ષ જ છે.

## દેવલોકાદિની આનુષંગિકતા

અને આ જ કારણથી જેમ કૃષિક્રિયામાં પ્રવર્ત્તવાવાળો ખેડુત જો કૃષિક્રિયાનું ફલ પરાળજ છે, એમ ધારે તો પરાળનું અપરિહાર્યપણું છતાં પણ પરાળને માટે કૃષિપ્રયત્ન કરનાર ખેડુત અજાણ ગણાય. તેમ અહિં પણ દેવલોક અને સુકુલમાં પ્રત્યાયાતિ એ બન્ને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ધર્મને પ્રભાવે જરૂર થવાવાળાં જ છે. છતાં તે દેવલોક અને સુકુલની પ્રત્યાયાતિને ઉદ્દેશીને જ અર્થાત્ અવ્યાબાધ મોક્ષના ધ્યેયને ચુકી તે દેવલોકાદિનું ધ્યેય રાખીને જ જેઓ ધર્મનું આચરણ કરે છે, તેઓને તત્વથી જૈનશાસનમાં સમ્યગ્દષ્ટિપણે પણ સ્થાન નથી. એથી એ નક્કી થયું કે અવ્યાબાધ પદરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે જ સમ્યગ્દષ્ટિનો ધર્મ હોય.

## સમ્યગ્દૃષ્ટિને જ ધર્મ કે સમ્યગ્દૃષ્ટિને ધર્મજ

સમ્યગ્દષ્ટિને જ આ ધર્મ હોય અને સમ્યગ્દષ્ટિને આ ધર્મ જ હોય એવા વાક્યોનો જેઓ સૂક્ષ્મબુદ્ધિવાળા હોઈને ફરક સમજશે તેઓ જ ભાવધર્મ અને દ્રવ્ય ધર્મના અધિકારી કોણ કોણ ? એ વગેરે હકીકત સમજી શકશે અને તે હકીકતને સમજનારા જ મનુષ્યો પૂર્વભવના મિત્રઆદિરૂપ દેવતા કે જેઓ સામાન્ય છે. પણ અન્યમતના પ્રવર્ત્તકે માનેલા નથી. માત્ર સામાન્ય દેવ કુદેવ તરીકે જ છે, તેમનું આ લોકના ભાઈની પ્રાપ્તિ કે દોહલાની પૂર્તિરૂપ અર્થને માટે અટ્ઠમ અને પૌષધ કરનાર મહારાજા કૃષ્ણ અને અભયકુમાર આદિને મિથ્યાત્વી ઠરાવવા નહિં જાય. કેમકે અહિં મોક્ષપદ માટેનો ભાવધર્મ સમ્યગ્દૃષ્ટિને જ હોય એવો નિર્ણય કરાયો છે અને સમ્યગ્દષ્ટિને ભાવધર્મ જ હોય એવો નિર્ણય કરવામાં આવ્યો નથી. ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે સમ્યગ્દૃષ્ટિનું અવ્યાબાધસ્વરૂપ એવું મોક્ષ પદ જ સાધ્ય છે તો.

## સમ્યગ્દર્શનાદિ ભાવલિંગ

હવે એ વાત તો જણાવવાની રહીજ નહિં કે મોક્ષના સાધનોમાં સમ્યગ્દષ્ટિની જ સુંદર પ્રવૃત્તિ હોય, અને મોક્ષના સાધનોનો વિચાર કરીયે તો જરૂર માલમ પડશે કે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર સિવાય મોક્ષની સાધના થઈ શકતી જ નથી અને

તેથી જ ભાષ્યકાર મહારાજ મોક્ષ પ્રાપ્તિને અંગે તે સમ્યગ્દર્શનઆદિ ત્રણને ભાવલિંગ માને છે અને તે ભાવલિંગને અવ્યભિચારી એટલે તે સમ્યગ્દર્શનાદિ ત્રણ સિવાય મોક્ષ થાય જ નહિ, એમ માને છે. પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ જે ત્યાગ તે દ્રવ્યલિંગ છે અને તે દ્રવ્યલિંગ મોક્ષની સિદ્ધિ માટે વિકલ્પવાળું છે, એમ ભાષ્યકાર મહારાજ વગેરે જણાવે છે. પણ તે દ્રવ્યલિંગની ભજના માત્ર આકસ્મિક સંયોગે ઉત્પન્ન થતી ભાવનાએ પ્રાણાતિપાતઆદિને છોડવારૂપ દ્રવ્યત્યાગની પરિણતિ થતાંની સાથે લઘુકર્મીપણાથી થતા ઘાતિ કે ઘાતિ અઘાતિ બંને પ્રકારના કર્મના ક્ષયને આભારી છે અને અન્ય લિંગે કે ગૃહિલિંગે કહેવાતો અને થતો મોક્ષ પણ તેવા સંયોગને જ આભારી છે. અર્થાત્ પ્રાણાતિપાત આદિનાત્યાગ કરવાના પરિણામરૂપ અને તે દ્રવ્યત્યાગને ઉપાદેય માનવાના શુદ્ધપરિણામ સિવાય ભાવલિંગ આવતું નથી અને તે આવ્યા વિના મોક્ષ થતો જ નથી અને જો દ્રવ્ય ત્યાગની જરૂરીયાત ન માનીયે તો નરક દેવ અને તિર્યંચની ગતિમાં પણ મોક્ષની પ્રાપ્તિ થાય એમ માનવું પડે. કારણ કે તે નરકાદિત્રણે ગતિઓમાં સમ્યગ્દર્શનાદિની તો યોગ્યતા માનેલી જ છે. મનુષ્યગતિમાં જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ શાસ્ત્રકારોએ જે જણાવેલ છે તેને માનનાર મનુષ્ય તો દ્રવ્યત્યાગ થયો હોય કે ન પણ થયો હોય છતાં તે દ્રવ્યત્યાગના પ્રભાવથી જ મોક્ષ છે એમ માન્યા સિવાય રહી શકેજ નહિ. અર્થાત્ દ્રવ્યત્યાગની જે વૈકલ્પિકતા ભાષ્યકારાદિકોએ બતાવી છે તે આકસ્મિક સંયોગે દ્રવ્યત્યાગની ભાવનાવાળાને તે ત્યાગના થયેલા વિકલ્પને આભારી છે. જો એમ ન માનીએ તો સર્વ શાસ્ત્રકારોએ પ્રવ્રજ્યારૂપ ચારિત્ર કે જે આરંભ પરિગ્રહના ત્યાગરૂપ છે અને જે પ્રવ્રજ્યા તે મોક્ષ પ્રતિ લઈ જનાર જ છે. એમ જણાવી દ્રવ્યત્યાગરૂપ પ્રવ્રજ્યાને મોક્ષના કારણ તરીકે જણાવી છે તે સત્ય કરી શકેજ નહિં. જેમ કોઈ જગો પર દંડ સિવાય હાથથી ચક્રને ફેરવીને કોઈ કુંભાર ઘડો કરી પણ લે, છતાં તેવા કોઈક બનાવથી ઘડાના કાર્યને અંગે દંડને અસિદ્ધ ગણાતો નથી. તેમ કોઈક તેવા જીવને દ્રવ્યત્યાગનો પરિણામ છતાં આકસ્મિક સંયોગે તેને તેવા ઉત્કૃષ્ટપરિણામ આવી જવાથી કદાચ દ્રવ્યત્યાગ થવા પહેલાં જ કેવલજ્ઞાન કે સિદ્ધિ થઈ જાય, પણ તેથી દ્રવ્યત્યાગનું મોક્ષકારણપણું ઉડી જતું નથી અને આજ કારણથી શાસ્ત્રકાર મહારાજાઓ તે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ રૂપ દ્રવ્યત્યાગને સ્વલિંગ એટલે મોક્ષનું લિંગ કહે છે. અર્થાત્ દ્રવ્યત્યાગ જો મોક્ષનું કારણ જ ન હોય તો તે દ્રવ્ય ત્યાગને સ્વલિંગ તરીકે કહેવાનું રહેત જ નહિં, આ સ્વલિંગના અર્થને સમજનાર અને વિચારનાર મનુષ્ય કોઈ દિવસ પણ દ્રવ્યત્યાગને જરૂરી માન્યા સિવાય અને મોક્ષના કારણ તરીકે માન્યા સિવાય રહી શકશે જ નહિં. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જ્યારે શાસ્ત્રકારોએ દ્રવ્યત્યાગને સ્વલિંગ માન્યું છે ત્યારે તે પ્રાણાતિપાદિની નિવૃત્તિ કરવા રૂપ દ્રવ્યત્યાગમાં નહિ રહેલાને ગૃહિલિંગ અને અન્યલિંગવાળા માનેલા છે. રજોહરણ અને ત્યાગના લિંગને સ્વ એવું વિશેષણ લગાડ્યું છે. ત્યારે ગૃહસ્થ અને અન્યમતોની પ્રવૃત્તિને ગૃહિ અને અન્ય એવા વિશેષણો લગાડ્યાં છે. આ હકીકત સમજનારો સુજ્ઞ સ્હેજે કબુલ કરશે કે અપવાદ સિવાય તો મોક્ષનો રસ્તો સાધુપણું જે રજોહરણાદિના અંગીકાર અને પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ રૂપ છે તેજ છે. આ સ્થળે એમ કહી શકીયે કે અન્યલિંગ અને ગૃહિલિંગથી સિદ્ધ થવાની વાત અપવાદરૂપ અથવા અન્યઅપેક્ષાવાળી છે અને અપવાદ તથા અન્યાપેક્ષની પ્રરૂપણા મુખ્યકાયદારૂપે ગણાય જ નહિં. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવી કે પ્રાણાતિપાતઆદિની નિવૃત્તિ કે રજોહરણઆદિના

અંગીકારરૂપ દ્રવ્યચારિત્ર સિવાય મોક્ષની પ્રાપ્તિ કથંચિત્ થઈ શકે. પણ પ્રાણાતિપાતઆદિની નિવૃતિરૂપ કે રજોહરણઆદિ અંગીકારરૂપ દ્રવ્યચારિત્રની અનાવશ્યકતા ગણનારો તો કોઈપણ ભવેકે કોઈપણ કાલે મોક્ષે ગયો નથી જતો નથી અને જાય પણ નહિં. માટે પણ દ્રવ્યત્યાગ ગ્રહણદ્વારાએ નહિ તો ઉપાદેયતાની બુદ્ધિદ્વારાએ દ્રવ્યત્યાગની એટલે સ્વલિંગની ઉપેક્ષા બુદ્ધિવાળો ગૃહિલિંગ કે અન્યલિંગે કેવલ કે મોક્ષ મેળવી શકતોજ નથી. તો પછી રજોહરણાદિના સ્વીકાર રૂપ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ દ્રવ્યલિંગને જેઓ અનાવશ્યક ગણાતા હોય અથવા હેય ગણાતા હોય તેવાઓને કેવલ કે મોક્ષ થવા તો દૂર રહ્યા, પણ સમ્યક્ત્વ પણ હોવાનો સંભવ નથી. તેવા દ્રવ્યલિંગનો અનાદર કરનાર અને અનાવશ્યકતા જણાવનાર ભાવસમ્યક્ત્વ વગરના ગણાય એટલુંજ નહિપણ દ્રવ્યસમ્યક્ત્વ તેઓને હોયજ નહિ, અને નકકી સમજાય તેમ છે, વળી એ વાત પણ બરોબર ધ્યાનમાં રાખવા જેવી છે કે કેવલિપણું છતાં જો ભવસ્થદશામાં અંતર્મુહુર્તથી વધારે વખત રહેવાનું હોય છે તો કેવલિમહારાજ પણ દ્રવ્યલિંગ એટલે હિંસાદિના ત્યાગને જરૂર અંગીકાર કરે છે. અર્થાત્ આકસ્મિક સંયોગે દ્રવ્યલિંગ વિના મોક્ષ કે કેવલજ્ઞાનની ઉત્પત્તિ દેખીને દ્રવ્યલિંગની જરૂરી ઓછી કરવામાં આવે છે તેના કરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગયાં છતાં પણ જેઓએ હિંસાદિનો પરિહાર નથી કર્યો હોતો તેઓ હિંસાદિના પરિહારરૂપ નથી દ્રવ્યલિંગને ગ્રહણ કરે છે, એ હકીકત સમજીને કેવલિમહારાજને પણ ગ્રહણ કરવા લાયક લાગતું દ્રવ્યચારિત્ર સર્વજીવોને મોક્ષની ઈચ્છા હોય તો આવશ્યક છે, એમ કેમ લાગતું નથી ? કેવલીમહારાજ સરખાને જે વસ્તુ ગ્રહણ કરવાની જરૂર પડે છે. તે વસ્તુને અનાવશ્યક ઉપેક્ષણીય કે હેય તરીકે ગણાવનારો મનુષ્ય કેવલિમહારાજની પણ ઘોરતમ આશાતના કરે છે એમ કેમ ન કહેવું? છતાં જણાવ્યા મુજબ કદાચ કોઈ અપેક્ષાએ બાહ્યલિંગ જે ત્યાગની પ્રતિજ્ઞાવડે રજોહરણઆદિના સ્વીકારરૂપ કહેવાય તેની મોક્ષની પ્રાપ્તિ માટે અનિયમિતતા કહી શકાય. વાચકવૃંદે ધ્યાન રાખવું જરૂરી છે કે ઉપર્યુક્ત દ્રવ્યલિંગની અનિયમિતતા મોક્ષપ્રાપ્તિ માટે છે, છતાં મોક્ષસાધક માટે તો તે દ્રવ્યલિંગની અનિયમિતતા છે નહિ અને અને હોઈ શકે પણ નહિ, અને તેટલા માટેજ ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્ વગેરે મોક્ષને મેળવવા તૈયાર થાય છે ત્યારે જરૂર બાહ્યલિંગ અંગીકાર કરે છે તેમ જો અનિયમિતતા હોત તો તે મોક્ષની પ્રાપ્તિ માટે તૈયાર થયેલા મહાનુભાવોએ દ્રવ્યલિંગ બાહ્યત્યાગરૂપે કે રજોહરણાદિપે અંગીકાર કર્યુ તે અણવિચાર્યું અથવા વ્યર્થ કર્યું એમજ કહેવું પડે, અને સાથે સાથે એમ પણ કહેવું પડે કે તે ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્ વગેરે પ્રેક્ષાપૂર્વક કરનારા ન્હોતા અને મહાપુરૂષો ન્હોતા, અને શાસ્ત્રકારોએ પણ શાસ્ત્રોમાં જે તેઓનું ઈર્યાસિમિતિઆદિ સહિતપણાને લીધે જે અનગારદશાનું વર્ણન કર્યું છે તે વ્યર્થજ છે, ભગવાન્ જિનેશ્વરમહારાજની દીક્ષા જે દ્રવ્યત્યાગરૂપ છે તે કુદરતે કલ્યાણક તરીકે જગત્માં જાહેર કર્યું, તે બધું વ્યર્થ અને અનુમોદનાલાયક નહિ એમજ કહેવું પડે. અર્થાત્ ધ્યાન રાખવાની જરૂર છે કે અન્યલિંગે અને ગૃહિલિંગે જે સિદ્ધ થવાનું જણાવેલ છે તે સ્વલિંગરૂપ કારણની અનિયમિતતા કે અન્યથાસિદ્ધતાને માટે નથી. પણ જૈનશાસન અને તેના શુદ્ધનયોની ભાવઅપેક્ષાની પ્રબલતા દ્રવ્યની જણાવી દ્રવ્યની અનેકાન્તિકતા અને અનાત્યંતિકતા માત્ર જણાવવા માટેજ છે. અર્થાત્ દ્રવ્યશબ્દજ કારણવાચી હોવાથી દ્રવ્યલિંગજ ભાવલિંગની મોક્ષસાધક માટે તેમજ મોક્ષની પ્રાપ્તિ માટે એકાન્તિકતાના હિસાબેજ માત્ર દ્રવ્યલિંગ જે સ્વલિંગની વાત ટુંકી કરી ભાવલિંગના વિચાર ઉપર આવીયે. આ વાત તો સર્વ સજ્જન

જૈનગણને માન્યજ છે કે કથંચિત્ કવચિત્ પણે દ્રવ્યલિંગની અનેકાન્તિકતા મનાય તો પણ ભાવલિંગને માટે તો એકાંતિકતાજ છે. અર્થાત કોઈપણ કાલે કોઈપણ જીવ ભાવલિંગને મેળવ્યા સિવાય તો મોક્ષ પામી શકતોજ નથી. કદાચ એમ કહેવામા આવે કે અનેકાન્તવાદની જડ ઉપર રચાયેલ જૈનમતમાં દ્રવ્યલિંગનું કોઈક અપેક્ષાએ પણ જે અનેકાન્તિક અને અનાત્યંતિકપણું બતાવાય છે તે પણ ઈષ્ટ તો ગણાયજ નહિં. છતાં કદાચ તેને તેમ કહી શકાય કે ગણી શકાય પણ આ ભાવલિંગને એકાન્તિક ગણવું તે તો ઈષ્ટ ગણાય જ નહિ. કહી શકાય કે જો ભાવલિંગને અનેકાન્તિક ગણે તો જ સ્યાદ્વાદ ટકેલો ગણાય, પણ જો ભાવલિંગને એકાન્તિક ગણવામાં આવે તો સ્પષ્ટ કહેવું જોઈએ કે તે કથન સ્યાદ્વાદસિદ્ધાંતની સર્વથા વિરૂદ્ધ છે. અર્થાત્ સ્યાદ્વાદ માનવો હોય તો ભાવલિંગને એકાન્તિક ન માનવું અને ભાવલિંગને જો એકાન્તિક માનવું હોય તો પછી સ્યાદ્વાદનો સિદ્ધાન્ત સર્વવ્યાપક છે એમ નહિં કહેવું. એમ નહિ કહેવાનું કારણ એ છે કે પ્રથમ ભાવલિંગથી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવો અર્થ લેવાનો છે અને શ્રીજૈનદર્શનની અપેક્ષાએ સર્વ વસ્તુ ચતુષ્ટયસ્વરૂપ હોવાથી નામ સ્થાપના અને દ્રવ્યરૂપે જે સમ્યગ્દર્શનાદિ હોય તે મોક્ષનાં એકાંતિક સાધનો બનતાં નથી. પણ જે ભાવથી સમ્યગ્દર્શનાદિ છે તે જ મોક્ષનું સાધન બને છે, એ અપેક્ષાએ ભાવલિંગને પણ મોક્ષના અનેકાંતિક સાધન તરીકે ગણી શકાય. વળી તે સમ્યગ્દર્શનાદિ ત્રણે પદાર્થો સ્વપણે કહીયે તો સત્ છે. અને પરપણે અસત્ છે અને તેવી રીતે ભાવસમ્યગ્દર્શનાદિ ત્રણે સાત ભાંગે છે, તેમાં મોક્ષના સાધન તરીકેના અધિકારમાં એ સ્વભાવ સમ્યગ્દર્શનાદિકનું સત્પણે મોક્ષસાધનપણું છે, પણ તે જ ભાવસમ્યગ્દર્શનાદિનું અસદાદિકપણે મોક્ષના સાધનપણું નથી, આટલા માટે તો ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી શ્રીષોડશકપ્રકરણમાં આગમતત્ત્વને જણાવતાં કહે છે કે આત્માનું અસ્તિત્વ પરિણામિપણું બદ્ધપણું વિદ્યમાન અનેક વિચિત્ર કર્મથી બદ્ધપણું તે કર્મના વિયોગોથી આત્માનું મુક્તપણું તે આત્માને કર્મ બંધાવવામાં હિંસાદિકનું કારણપણું અને કર્મના વિયોગમાં અહિંસાદિનું સાધનપણું એ આગમતત્વ છે, અને એ આગમના ઐદંપર્યની શુદ્ધિ છે, અર્થાત્ આત્મ વગેરે પદાર્થો સદાદિ સાતભાંગે નિરૂપણ કરતાં પણ પર્યવસાન આત્માના નાસ્તિત્વઆદિ એકમાં કે નાસ્તિત્વાદિના સમુદાયમાં લાવી વિપરીત કે સંદિગ્ધપણામાં આત્માદિની સંદિગ્ધતા ઉભી ન કરવી. યાવત્ જે આશ્રવના કારણો છે તે નિર્જરાના કારણો અને જે નિર્જરાનાં કારણો છે તે આશ્રવનાં કારણો છે એમ કહી આશ્રવાદિના હેયપણામાં અને નિર્જરાદિના ઉપાદેયપણામાં અપ્રતીતિ કરી દઈ તેને હેયઉપાદેયપણાંએ ઉડાવી દેવાં નહિં.

આ જ કારણથી કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી પણ શ્રીવીતરાગસ્તોત્રમાં સ્પષ્ટપણે જણાવે છે કે **आश्रव : सर्वथा हेयः, उपादेयश्च संवरः। इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रवंचनं॥१॥** અર્થાત્ આશ્રવ સર્વથા છાંડવા લાયક છે અને સંવર આદરવા લાયક છે એ જ વસ્તુ શ્રીઅરિહંતમહારાજના શાસનનું તત્ત્વજ્ઞાન છે. બાકી જે જે વચનો છે તે બધા આ તત્વજ્ઞાનનો વિસ્તાર છે અને આ વાત ખ્યાલમાં રાખીને આ પ્રમાણે સાધ્યની મુખ્યતાવાળી પ્રરૂપણા તથા સાતભાંગાની પ્રરૂપણા સાંભળી આદરવા અને છાંડવામાં ક્યો આદરવો ને ક્યો

છાંડવો વગેરેની મુઝવણીમાં પડતો હોય તોપણ તેને મુંઝવણ ન પડે અને ભાવનિક્ષેપાની તાત્વિકતા સમજવા સાથે આત્માના અસ્તિત્વ આદિમાં જ તેનુ પર્યવસાન આવે, તેથી આશ્રવના ત્યાગ અને સંવરના ગ્રહણ તરફ જ તેનો છેડો આવે, જેમ એક છોકરો પોતાની માતાને પોતાની અપેક્ષાએ માતા સમજે છે. તેવી જ રીતે પોતાના પિતાની અપેક્ષા વધૂપણું પિતૃવ્યાની અપેક્ષાએ ભોજાઈપણું માતુલની અપેક્ષાએ બ્હેનપણું માતામહની અપેક્ષાએ પુત્રીપણું વગેરે અનેક સંબંધ જાણે છે, સમજે છે, અને માને છે. છતાં પર્યવસાનતો પોતાની અપેક્ષાએ જે માતાપણાનો સંબંધ છે, તેનેજ વચન અને વર્તનમાં લે છે. તેવી રીતે અહિં પણ આત્મા અસ્તિત્વ અને આશ્રવ સંવરના હેય ઉપાદેયપણામાં જ પર્યવસાન લાવવાનું હોય છે. નિક્ષેપા અને સત્વઆદિ ભાંગાની પ્રરૂપણાથી શ્રોતાઓ ગુંચવાય અને હેયોપાદેયનો વિભાગ ન કરી શકે એવું ન થાય માટે આટલો ખુલાસો ભાવનિક્ષેપા અને સ્યાદસ્તિનામના પ્હેલાં ભાંગાને અંગે કર્યો છે. અને આવીજ રીતે જો કે વર્તમાનમાં મુખ્યતાએ નયવિભાગે પ્રરૂપણા કરવાની નથી, છતાં જ્યારે પણ નયથી અનેક પ્રકારની પ્રરૂપણા થતી હતી. ત્યારે પણ પર્યવસાનમાં ફલિતાર્થ જણાવવામાં આવતો જ હતો. અને તેથી જ શાસ્ત્રકારોને **सव्वेसिंपि नयाणं बहु विह वत्तव्वयं निसामित्ता। तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥१॥** અર્થાત્ નૈગમાદિ બધા નયપક્ષોની અશુદ્ધ આદિ ભેદોથી અનેક પ્રકારની વક્તવ્યતા સાંભળીને એટલામાં જ પર્યવસાન સમજવું કે ચારિત્રગુણમાં સ્થિત હોય તેને સાધુ ગણવો અને કહેવો, એ સર્વનયના વિચારોથી શોધેલું વાક્ય છે.

પણ બધી પ્રરૂપણાનું પર્યવસાન આત્માદિના અસ્તિપણામાં યાવત્ હિંસાદિના પરિહાર તથા અહિંસાદિના ઉપાદેયપણામાં લાવવું. આ જ કારણથી નિર્યુક્તિકાર મહારાજ આદિ અનુયોગરૂપે વ્યાખ્યા કરનાર મહાપુરૂષો નયની વ્યાખ્યાના પર્યવસાનમાં **चरणगुणट्ठिओ साहू** એમ જણાવી સાધુતાના સ્વરૂપને જણાવતાં સમ્યગ્દર્શનાદિમાં સ્થિતપણું નિશ્ચિત કરે છે. આવી રીતે નિક્ષેપા અને ભાંગાની અપેક્ષાએ અનેકાન્તિકતા સમજાય તેમ છે એટલું જ નહિં પણ ખુદ ભાવ સમ્યગ્દર્શનાદિકના સત્ત્વની અપેક્ષાએ પણ પ્રાપ્તિમાત્રથી તે સમ્યગ્દર્શનાદિ મોક્ષને દઈ દેતાં નથી. જો એમ હોય તો પાંચમાગુણઠાણાની શરૂઆતમાં જ જીવોને મોક્ષની પ્રાપ્તિ થઈ જાય, કેમકે ત્યાં સમ્યગ્દર્શનાદિ ત્રણે પ્રાપ્ત થઈ ગયેલાં છે, પણ ઉચ્ચા દરજ્જાનાં થયાં નથી. વળી ઉચ્ચા દરજ્જાના પણ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્તિ થાય તે પણ તેની સતત આરાધના કરવામાં ઉપયોગી હોવાં જોઈએ. અને સમ્યગ્દર્શનાદિ આરાધના જઘન્યાદિ વિભાગો એક સરખા હોતા નથી. જો કે સામાન્યરીતે સમ્યગ્દર્શનાદિ ત્રણેની સર્વપ્રયત્ને મોક્ષમાર્ગ તરીકે આરાધના કરવાની સમસ્ત મોક્ષાર્થિયોને હોય છે. પણ તેમાં એક બીજાની આરાધનામાં તારતમ્યતા રહે છે. શાસ્ત્રકારો સમ્યગ્દર્શનાદિની આરાધનામાં ત્રણેની આરાધના જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણે પ્રકારે જણાવે છે, અને તે ત્રણેનાં આઠ ભવે ત્રણ ભવે અને તે જ ભવે મુક્તિ થવારૂપ ફલ સ્પષ્ટપણે જણાવે છે. પણ તે આરાધનાના ભાંગાઓ અને તેમાં આરાધનીયપદાર્થની મુખ્યતા સમજવા માટે તે ભાંગાઓનો બારીકીથી અભ્યાસ કરવાની જરૂર છે. આ જ્ઞાનાદિની આરાધનાનો વિચાર કરવા પ્હેલાં એ ત્રણની સ્થિતિ વિચારતાં ચિંતામણિરત્ન ચિંતિત કરતાં અધિક તત્વ દેતું નથી. તેમ જ અપૌદ્ગલિક એટલે આત્મીય ફલની અપેક્ષાએ તો તે ચિંતામણિરત્ન સર્વથા નિષ્ફલ જ છે, પણ સમ્યગ્દર્શનઆદિ ત્રણે વસ્તુઓ યાવજ્ જન્મ સુધી કલ્પનામાં પણ નહિં આવેલ એવા અને

સર્વકાલસ્થાયી આત્માના સુખોને અર્પણ કરનાર હોવાથી તે સમ્યગ્દર્શનાદિને રત્નત્રયી કહેવાય છે. આ રત્નત્રયીની પ્રાપ્તિ જેમ જેમ મિથ્યાત્વાદિક કર્મોનો ક્ષયોપશમાદિ થાય તેમ તેમ થાય છે. પણ તે ક્ષયોપશમાદિ આત્માના વીર્ય સિવાય તો થતાં નથી. યથાપ્રવૃત્તિકરણ જો કે અનાભોગથી થાય છે એમ કહેવાય છે, પરંતુ તે પણ કર્મના ક્ષયોપશમાદિના ઉપયોગ વિના હોય એ વાતની અપેક્ષાએ સમજવાનું છે, પણ આત્માના વર્ગની સ્ફુર્તિ સિવાય યથાપ્રવૃત્ત કરણ થઈ જાય છે એમ માનવાનું નથી. રત્નત્રયીની આદ્યપ્રાપ્તિ જેમ કર્મના ક્ષયોપશમાદિથી થાય છે તેવી રીતે તે રત્નત્રયીની આરાધનામાં વધવાનું પણ કર્મના ક્ષયોપશમાદિથી જ થાય છે. પણ તે વધવામાં તો ઉપયોગ અને ઉદ્યમ બન્નેની જરૂર રહે છે. અર્થાત્ ગ્રન્થિને તોડવા પ્હેલાં પણ ભવિતવ્યતા એકલી ઉપર આધાર રહ્યો ન્હોતો, પરંતુ તે વખતે પણ ઉદ્યમની જરૂર જ હતી. પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી તો ઉપયોગ અને ઉદ્યમ બન્નેની ઘણી જ જરૂર રહે છે, આ વાત જે મનુષ્ય બરોબર સમજી શકશે તેને મોક્ષને માટે તૈયાર થયેલા મનુષ્યોએ અવશ્ય સમ્યગ્દર્શનાદિની આરાધનાનો ઉદ્યમ ઉપયોગ રાખવા સાથે કરવાની જરૂર છે એ બરોબર સમજાશે, ધ્યાન રાખવાની જરૂર છે કે નામાદિનિક્ષેપામાં ભાવનિક્ષેપ જે ઉપયોગી ગણાય છે તેમાં પણ જે આગમથકી ભાવનિક્ષેપા છે તે તેવો કાર્ય કરનાર નથી કે જેવો નોઆગમથકી ભાવનિક્ષેપો કે જે ઉપયોગ અને અત્યંત ઉદ્યમની સાથે હોય છે, તે કાર્ય કરનાર છે. અને ઉદ્યોગ સહિત ઉપયોગની કિમ્મત જ્યારે મનુષ્યને માલમ પડશે ત્યારે જ સમજી શકાશે કે શાસ્ત્રકારોએ અનંત વખત મલેલું જ્ઞાન સમ્યગ્રૂપ નહોતું એમ કહી શકીયે, પણ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના પ્રદેશ જેટલી અસંખ્યાતી વખત તો સમ્યક્ત્વ મળેલું હોવાથી તેની સાથે તો સમ્યગ્જ્ઞાનની નિયમિતતા છે જ, માટે અસંખ્યાત વખત સમ્યક્ત્વ સાથેનું સમ્યગ્જ્ઞાન જીવને મળી ગયું. પણ સૂક્ષ્મદૃષ્ટિએ એ વિચાર કરનારા મનુષ્યો સ્હેજે સમજી શકશે કે અસંખ્યાતભવ સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાનવાળા થયા છે, તેમાં તે સમ્યગ્દર્શનાદિ આરાધના ગણી નથી. અર્થાત્ સમ્યગ્ર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થયા છતાં તેને આરાધનામાર્ગ તરીકે ઉપયોગી ગણ્યા નથી. આ વાતને સમજવા સાથે એ પણ સમજવાનું જરૂરી છે કે જે મનુષ્ય સાધન મેળવે ત્યારે પછી ક્રિયાનો કાલ ગણવા સાથે સાધક કાલ ગણાય. ધાન્ય વાવવાનો કાલ ભોજનકાળ ગણાતો નથી, રસોઈનો કાલ એ ભોજન કાલ તરીકે ગણાય નહિં. તેવી રીતે સમ્યગ્દર્શન અને જ્ઞાન એ બન્ને મોક્ષની સાધનસામગ્રીના નિશ્ચાયક અને બોધક છે, પણ મોક્ષ પ્રાપ્તિનો સાધનકાલ નથી. અને આ જ માટે ભાષ્યકારશ્રી ઉમાસ્વાતિ વાચકજી મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **सम्यग्दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्गः** જો કે આ સૂત્રના અર્થમાં સામાન્ય ત્રણ પ્રકારે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ છે એમ કહેવાય, પણ એનો અર્થ એ નથી કે સમ્યગ્જ્ઞાન વિનાનું સમ્યગ્દર્શન કે સમ્યક્ચારિત્ર હોય અને તે મોક્ષમાર્ગ બને, જેમ એ માનવા લાયક નથી, તેવી જ રીતે એપણ સ્પષ્ટ જ છે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયા છતાં સમ્યક્ચારિત્ર પ્રાપ્ત ન થાય તો તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પણ મોક્ષમાર્ગ તરિકે તો ન જ ગણાય અને તેથી જ ત્રણેમય મોક્ષમાર્ગ જણાવે છે. કહો કે ખરી રીતે જ્યાં સુધી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી આ જીવ મોક્ષના માર્ગમાં પેઠો જ નથી એમ કહેવાય, અને તેથી જ સમ્યક્ચારિત્ર વિનાના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ ઉત્તમ છતાં પણ સાધકપણાવાળો તો નથી જ, એટલે એ સમ્યગ્દર્શનાદિ ત્રણે એકઠાં થાય અર્થાત્ જ્યારે સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થાય ત્યારે જ તે સમ્યગ્દર્શનાદિ ત્રણેને સાધક તરીકે ગણીયે, તો

વ્યાજબી ગણાય, અને આ જ કારણથી ભાષ્યકાર મહારાજ સ્પષ્ટપણે જણાવે છે કે એ સમ્યગ્દર્શનાદિ ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો તે બાકીના બંને મોક્ષનાં સાધન નથી, પણ અસાધન જ છે. આ ઉપરથી નક્કી થયું કે આરાધકારણાની સ્થિતિ પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વાળા છતાં પણ જ્યારે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય ત્યારે જ ગણી શકાય. એ વાત સમજવાથી હવે જે ભગવતીજી સૂત્રકારે દર્શનની જઘન્ય આરાધનામાં જે આઠભવે મોક્ષની પ્રાપ્તિ જણાવી છે અને ટીકાકારોએ ચારિત્રસહિતની જ સમ્યગ્દર્શનની જઘન્ય આરાધના લાધી છે, તેનો ખુલાસો સ્હેજે સમજાશે. વળી સામાન્ય રીતે વિચારનારા અને માત્ર સૂત્રથી જ અર્થ સમજનારા મનુષ્યો કદાચ એમ ધારે કે જઘન્ય પણ સમ્યગ્દર્શનની આરાધનાથી આઠ ભવે મોક્ષ જરૂર થાય છે, અને સમ્યગ્દર્શનની માફક જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધનાથી પણ આઠભવે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, એટલે એમ સમજાય કે એકલા સમ્યગ્દર્શનની જઘન્ય આરાધના જઘન્યપણે ચારિત્ર અને જ્ઞાન આરાધનાના જેવી ફલ દેનારી છે, અર્થાત્ ચારિત્રની તેટલી આવશ્યકતા નથી. વળી ઉત્કૃષ્ટઆરાધનામાં પણ જેવું ફલ સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટઆરાધનામાં જે તેવું જ ફલ ચારિત્રની પણ ઉત્કૃષ્ટ આરાધનામાં છે તેવું જ ફલ ચારિત્રની પણ ઉત્કૃષ્ટ આરાધનામાં છે તો એથી પણ ચારિત્રની નિરર્થકતા નહિં તો અનાવશ્યકતા તો જરૂર છે. એમ માને પણ તેઓનું આ માનવું યોગ્ય નથી. કારણ કે સમ્યક્ચારિત્રનું વિશેષ ફલ નથી એમ નથી, પણ સમ્યગ્દર્શન આદિની જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ જે આરાધના લીધી છે તે બધી ચારિત્રની પ્રાપ્તિ સાથેની જ લીધી છે. એટલું જ નહિં, પણ એ ઉપરથી તો એ નક્કી થાય છે કે સમ્યક્ચારિત્ર વિનાની સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનની આરાધના જ ગણી નથી. એટલે એક અંશે પણ એ સૂત્રથી ચરિત્રની અનાવશ્યકતા થવાની નથી ને થતી નથી. આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે જ વાચકોને એ શંકા પણ નહિ રહેવા પામે કે જેમ તત્વાર્થસૂત્રકારે સમ્યગ્દર્શનઆદિ ત્રણમાં પૂર્વ પૂર્વની પ્રાપ્તિએ ઉત્તર ઉત્તરની ભજના જણાવી તેવી રીતે અહિ શ્રીભગવતીજીસૂત્રમાં આરાધનાના પ્રકરણમાં ભજના વ્યાખ્યાન કેમ નથી કર્યું ?, અર્થાત્ સમ્યગ્યદર્શનની આરાધના હોય અને સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રની આરાધના ન પણ હોય, તેમ જ સમ્યગ્જ્ઞાનની આરાધના હોવા છતાં પણ સમ્યક્ચારિત્રની આરાધના હોય પણ ખરી અને ન પણ હોય, એવી રીતે ભજના વાળું વ્યાખ્યાન કેમ ન કર્યું ?, આ શંકા નહિં રહેવાનું કારણ એ જ કે સમ્યક્ચારિત્રની આરાધના સિવાય સમ્યગ્દર્શનની કે સમ્યગ્જ્ઞાનની આરાધનાને શાસ્ત્રકારો માનતા જ નથી. આ જ કારણથી ટીકાકારો પણ સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે આ સમ્યગ્દર્શનઆદિની કહેલી આરાધના અને તેનાં ફલો જે કહેલાં છે તે ચારિત્રની આરાધનાની સાથેની હોય તો જ થાય, આ સર્વ હકીકત સમજવા માટે ભગવતી સૂત્રકારે જે આરાધનાનો સંવેધ જણાવ્યો છે તે જરૂર સમજવા જેવો છે, શ્રીભગવતીજી સૂત્રકાર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે કોઈપણ આરાધના કોઈપણ આરાધના વિનાની હોય નહિ, વળી ઉત્કૃષ્ટઆરાધનાનો વિચાર કરતાં તો સાફ સાફ બીજી બીજી આરાધનાનો નિયમિત ભાવ જણાવે છે. વળી કેટલીક ઉત્કૃષ્ટ આરાધનાઓમાં તો અન્યની જઘન્યઆરાધના તો ન જ હોય, પણ મધ્યમ અથવા ઉત્કૃષ્ટ આરાધના જ

હોય. કઈ ઉત્કૃષ્ટ આરાધનામાં કઈ આરાધના કઈ જાતની હોય જ છે, તે સમજવા માટે શ્રી ભગવતીજીને અનુસારે અપાતો આ કોઠો વિચારવો.

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનની ઉત્કૃષ્ટ | દર્શનની મધ્યમ | ઉત્કૃષ્ટ | |
| ચારિત્રની ઉત્કૃષ્ટ | જ્ઞાનની જઘન્ય | મધ્યમ | ઉત્કૃષ્ટ |
| જ્ઞાનની ઉત્કૃષ્ટ | ચારિત્રની મધ્યમ | ઉત્કૃષ્ટ | |
| ચારિત્રની ઉત્કૃષ્ટ | દર્શન મધ્યમ | ઉત્કૃષ્ટ | |
| દર્શનની ઉત્કૃષ્ટ | જ્ઞાનની જઘન્ય | મધ્યમ | ઉત્કૃષ્ટ |
| દર્શનની ઉત્કૃષ્ટ | ચારિત્ર જઘન્ય | મધ્યમ | ઉત્કૃષ્ટ |

આ કોઠા ઉપર ધ્યાન દેવાથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના કરનારો મનુષ્ય હોય તે ચારિત્રની જઘન્ય આરાધનાવાળો ન જ હોય, અર્થાત્ ઉત્કૃષ્ટ જ્ઞાનારાધનાવાળાને ચારિત્રની મધ્યમ કે ઉત્કૃષ્ટ આરાધના તો હોવી જ જોઈએ, તેવી રીતે દર્શનની ઉત્કૃષ્ટ આરાધનાવાળાને ચારિત્રની આરાધના ન હોય તે ન ચાલે, પણ જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ એ ત્રણમાંથી કોઈ પણ આરાધના તો હોવીજ જોઈએ. આ ઉપરથી એકલા ક્ષાયિકસમ્યક્ત્ત્વવાળા ભલે ઉત્કૃષ્ટ ગણાય, પણ તે દર્શનની આરાધનાવાલા તો ન જ ગણાય, તેવી જ રીતે ધ્યાન રાખવું જ જોઈએ કે ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનાવાળાને જ્ઞાનની અનારાધકતા તો ન જ હોય. આરાધના તો જરૂર હોય, પછી તે જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ કોઈ પણ પ્રકારની હોય. અર્થાત્ અષ્ટપ્રવચનમાતા જેટલું પણ જ્ઞાન હોવું જોઈએ. અને ચારિત્રઆરાધનાની ઉત્કૃષ્ટતાવાળાને દર્શનની તો મધ્યમ અને ઉત્કૃષ્ટ જ આરાધના જ હોય, અર્થાત્ દર્શનમાં જઘન્ય આરાધનાવાળા ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનાવાળા ન હોય.

આ સર્વ હકીકત સમજીને ભવ્યજીવોએ સતત મોક્ષમાર્ગની અભિલાષાએ ત્રણેની આરાધનામાં જરૂર તત્પર રહેવું જોઈએ.

(અનુસંધાન પા. ૪૮૦થી ચાલુ)

કૃતિમાં ગોટાળો નીકળે નહિ. ૧૦૮૦માં શ્રી જિનેશ્વરસૂરિજી જાવાલમાં હતા એમ અષ્ટકજી કહે છે. બાલુચરના કૃત્રિમ લેખને બાદ કરતાં કોઈ પ્રતિમાજી આદિના લેખમાં ૧૨૦૪ પ્હેલાં તો શું? પણ ૧૪મી સદીમાં ખરતર બિરૂદની વાત હોય તો લખવી.

૯ આચાર્ય શ્રીમાન્ દેવેન્દ્રસૂરિજી મહારાજ શ્રીકર્મગ્રન્થની ટીકા વગેરેમાં તપાગચ્છનું નામ સ્પષ્ટપણે જણાવે છે, અને તેઓશ્રી તપાગચ્છના બિરૂદ વખતે દીક્ષિતદશામાંજ ગુરુસેવામાં હાજર હતા, માટે તમારી પેઠે તેને કલ્પિત નહિ ઠરાવો.

૧૦ ઉપાધ્યાય શ્રીશાન્તિચંદ્રજીએ કૃપારસકોશ બનાવ્યો છે, તે અમારિપડહાની જડ હાજર છે, અને તમારા આચાર્ય શ્રી જિનચંદ્રજીએ તેના અનુકરણે ખંભાતની અમારિ કરાવી તે કાર્યને કોણ સારૂં નહિ ગણે ?

૧૧ જગદ્ગુરુબિરૂદ જે શ્રીહીરસૂરિજી મહારાજને મળ્યું તે જગતને સાધારણ હોવાથી બાદશાહને મુખેથી હોય, પણ યુગપ્રધાન જેવો જૈનનો પારિભાષિક શબ્દ તો નજ હોય તે સ્હેજે સમજાય તેમ છે. તમારામાં પ્હેલેથી વર્તમાનકાલ સુધી યુગપ્રધાન લખવાના અભરખા ચાલે છે તે અજાણ્યું નથી.

૧૨ તમારા હિસાબે શ્રીતપાગચ્છના આચાર્યો કેવા કલેશથી ડરવાવાળા કે ભદ્રિક હતા કે જેથી કુમતિકુદાલને જલશરણ કર્યો. તમારામાં ઈર્યાપથિકીષટ્ત્રિંશિકા પૌષધપ્રકરણ કે સામાચારીશતકને કોઈએ જલશરણ કર્યા. તપાગચ્છવાળા અત્યારે પણ એવા ભોળાજ ઘણા છે. જો સિદ્ધાંતસામાચારી કે બૃહત્પર્યુષણાને તમોએ વર્તમાનમાં પણ જલશરણ કર્યા હોય તો તો અશાન્તિનો ઉલ્લેખજ ન કરવો પડત.

૧૩ આવા સાહિત્યો બહાર પડવા કરતાં ભલે એક પક્ષીય કે એકગચ્છીય હોય તેવું પણ સાહિત્ય બ્હાર આવશે તો સાહિત્યપ્રચારના ક્ષેત્રમાં તેવો ભાગ સારો ગણાશે પણ બીજાને વિકૃત સાહિત્ય લખવા ઉશ્કેરે એવા વિકૃત સાહિત્યને બહાર પાડવા કરતાં અસલ સાહિત્યનું પ્રકાશન સારૂં છે.

૧૪ મહોપાધ્યાય ધર્મસાગરજીની તરફ સકલ અન્યગચ્છવાળા જેમ અનુકૂલ ન્હોતા, તેમ સકલ તપાગચ્છવાળા પણ અનુકૂલ ન્હોતા એ વાતમાં બે મત નથીજ, પણ સૈદ્ધાન્તિકરીતે અને યુક્તિ પુરસ્સર જો તપાગચ્છનો ખરેખર સ્તંભ ગોઠવ્યો હોય તો તે મહાપુરુષેજ ગોઠવ્યો છે. લેલિન જેવા દેશવટો ભોગવે છે તોપણ તેની કિંમત તો જગત સારી રીતે સમજી શકે છે. (શ્રીજિનચંદ્રયુગપ્રધાન)

તા.ક. :-મહોપાધ્યાય ધર્મસાગરજી પરંપરામાં કોઈ પણ સંવેગીસાધુ હાલ છે નહિ એ સત્યને સમજવું. તપાગચ્છવાળાઓના ભોળપણનો લાભ લેવાયો કે લેવાય તે કોઈપણ પ્રકારે ઉચિત તો નથીજ.

૧ મી. હીરાલાલ રસિકદાસ કાપડીયાએ શ્રીભગવતીજી સૂત્રની ટીકાના "णमो गोयमाईणं गणहराणमित्यादयः पुस्तकलेखककृता नमस्काराः प्रकटार्थाश्चेति न व्याख्याताः" આવી રીતના પાઠને જોયો હોત તો सुयदेवया य जक्खो વાળી ગાથા સોલમી સદીના પુસ્તકમાં ન હોવાથી અનિયમિત છે એમ ન ગણત. તેમજ પ્હેલી બે ગાથાઓ શ્રીગણધરકૃતપણાની શંકાવાલી દર્શાવત નહિ. (જૈનસત્યપ્રકાશ)

૧ સ્થાનાંગસૂત્રની ટીકા પંચાશકની ટીકા પ્હેલાં અભયદેવસૂરિ મહારાજે કરી છે, ૧૧૨૦માં સ્થાનાંગજીની ટીકાને સં. ૧૧૨૪માં પંચાશકની ટીકાનો ઉલ્લેખ પ્રશસ્તિમાં મળે છે. (જૈન. સત્ય)

૧ ૧૭મી સદીમાં માફી માગવાની વાતમાં વર્તમાનના ધર્મ અને શાસનવિરોધીઓને જોડવા સુજ્ઞોને માટે વિચારણીય છે, તે વખતે અસત્યમાત્રને સુધરાવી શકાયું નથી, અને અસત્યને અંગેજ માફી થયેલી છે એમ સાબીત થાય તેમ નથી. (વીરશાસન)




-: ક્રિયાએ કર્મ પરિણામે બંધ એ વાક્યનો મર્મ :-

**જીવતત્ત્વ પહેલાં કેમ ?**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથ રચી ગયા છે, એ ગ્રંથમાં તેઓશ્રી આગળ સૂચવી ગયા છે કે દરેક ધર્માર્થી જીવોએ, આત્માના ઉત્પન્ન થએલા ગુણો અવ્યાબાધ અનંતકાળ સ્થિર રાખવાની ઈચ્છાવાળાઓએ પોતાની સ્થિતિ સંયોગો વગેરેનો ચોક્કસ વિચાર કરવો જોઈએ, જેને કાર્ય કરવાની ઈચ્છા છે તે કાર્ય કરવાની ઇચ્છાવાળો જો વસ્તુસ્થિતિ અને પોતાના સ્વભાવનો વિચાર ન કરે તો તે કોઈપણ પ્રકારે સાધક બની શકે નહિ. મૂળ વસ્તુને તેના સ્વરૂપ સ્થિતિ સંયોગોને આધારે થતા ફેરફારોને વિચારતો નથી તે કોઈપણ કાળે કાર્યની સિદ્ધિ કરી શકતો જ નથી. અહીં સાત તત્ત્વ અથવા નવ તત્ત્વમાં જીવ પહેલામાં પહેલા મુખ્ય તત્ત્વ તરીકે લઈએ છીએ. બધા તત્ત્વોમાં જીવ એ તત્ત્વ મુખ્ય છે તેના કરતાં કોઈ વધારે મોટું કે વધારે શ્રેષ્ઠ બીજું તત્ત્વજ નથી.

**એકલો જીવ પાંગળો છે.**

સાત તત્ત્વોમાં કાર્યસાધક તત્ત્વો હોય તો તે આ જીવતત્ત્વ છે. જેઓ દુનિયાદારી તરફજ ધ્યાન રાખે છે તેવા ઈન્દ્રિયારંભી અને પુદગલાનંદીઓની વિચારણા પ્રમાણે તો આ જીવ એકલો પાંગળોજ છે, તેમની માન્યતા પ્રમાણે આ એકલા જીવમાં કોઈપણ પ્રકારની સત્તા નથી. એકલા જીવમાં આહાર લેવાની, શરીર બાંધવાની, ઈન્દ્રિયો ઉભી કરવાની કે વિષયો મેળવવાની કશીજ તાકાત નથી. એટલુંજ નહિ પણ આહાર, શરીર, ઈન્દ્રિયો, વિષયો તેના સાધનો એ પણ પુદગલો છે પણ આહારમાં અમુકજ પ્રકારનો આહાર હોય છે એમ બનતું નથી. આહારમાં સચિત્ત આહાર હોય છે અચિત્ત આહાર પણ હોય છે પણ બંને પ્રકારોથી મિશ્ર એવો પણ આહાર હોય છે. એકંદરે સચિત્ત, અચિત્ત અને મિશ્ર એવા ત્રણ પ્રકારનો આહાર હોય છે.

### અચિત્ત અને સચિત્ત

શરીર અને શરીરની બધી ઈન્દ્રિયો એ જીવની નિશ્રાએજ રહેલી હોય છે, તેજ પ્રમાણે એ વસ્તુ પણ યાદ રાખવાની છે કે વિષયો અચેતન નહોય એવો પણ કાંઈ નિયમજ નથી, જેમ વિષયો અચેતનજ હોય તેવો નિયમ નથી તેજ પ્રમાણે વિષયના સાધનો પણ અચેતનજ હોય એવો નિમય નથી. વિષય અને વિષયના સાધનો જો અચેતનજ હોય છે એવો નિયમ નથી તો પછી એવું ઠરતુંજ નથી કે એકલું પુદ્દગલજ આહાર બને છે. આહાર લેનારો પણ જીવ છે અને શરીર બનાવનારો પણ જીવ છે તો પછી આહાર એકલા પુદ્દગલ રૂપેજ છે એમ કોઈપણ રીતે કહી શકાતું જ નથી. અચિત્ત સચિત્ત અને મિશ્ર એવા ત્રણ પ્રકારોના આહાર છે. ફળફૂલ ઈત્યાદિ વનસ્પતિના ભાગો છે. વનસ્પતિનો એ ભાગો જો અચિત્ત થયા વગરજ આપણે આહારમાં લઈએ તો તે આહાર એ સચિત્ત આહાર કહેવાય છે. આવો આહાર લેવો એ કોઈપણ પ્રકારે ઈચ્છવા યોગ્ય નથી.

### જીવભક્ષક પાપીજ છે.

જેની જીવતત્ત્વમાં શ્રદ્ધા બંધાઈ છે, જે જેવી છે એમ જાણે છે તેઓ તો સચિત્ત આહાર લેવાનું કોઈપણ પ્રકારે ઈષ્ટ માનતા નથી. જીવતત્ત્વમાં સાચી શ્રદ્ધા રાખવાવાળો તો સારી પેઠે સમજે છે કે કોઈપણ જીવને કરડી ખાવાનો મને કાંઈપણ હક નથી. કોઈપણ જીવને ગળી જવાનો મને હક નથી અથવા તો કોઈપણ જીવનો નાશ કરવાનો મને હક નથી. જો એક માણસ બીજા જીવને કરડીને ખાઈ જાય, તેને ગળીને ખાઈ જાય અથવા તો જીવનો નાશ કરીને તેને સ્વાહા કરી જાય અને તેને આપણે પાપી, નીચ કે અધર્મી ન માનીએ તો પછી અન્યાયથી, પાપથી કે બુરાકામથી જેઓ પોતાનું ધન વધારવાની જ પ્રવૃત્તિ લઈ બેઠા છે તેને પણ આપણે તેમના પાપે કયે મોઢે બતાવી શકવાના હતા ? એક માણસ જેમ ભુંડા કાર્યોથી ધન મેળવે છે, દુરાચારોથી પૈસો પેદા કરે છે અને અપકૃત્યોથી પોતાના વૈભવ વધારે છે એ આત્મા જેવો પાપી છે, તેજ પ્રમાણે પારકા જીવોને સ્વાહા કરીને તે દ્વારા પોતાના શરીરનું પોષણ કરનારો, પોતાના શરીરને પુષ્ટ કરનારો પોતાના દેહને ટકાવી રાખનારો પણ પાપી છે.

### સમ્યક્ત્વનો મર્મ

અયોગ્યરીતે ધન મેળવવું એ જેમ ગેરવ્યાજબી માર્ગ છે, તેજ પ્રમાણે બીજા જીવો પછી ભલે તે એક ઈન્દ્રિયવાળા હોય કે તેથી વધારે ઈન્દ્રિયવાળા હોય તેમને ખાઈ જઈને શરીર પુષ્ટ કરવું એ પણ ગેરવ્યાજબી છે. આવી ધારણાથી જીવની સાચી શ્રદ્ધાવાળો આત્મા તો ફક્ત જે અચિત્ત આહાર છે તેજ આહાર લઈ શકે છે તે સિવાય બીજા કોઈપણ પ્રકારનો આહાર તે લઈ શકતો નથી. સાધુ માટે તેણે અચેતન ફાસુક આહારજ લેવો જોઈએ એવો નિયમ છે, પરંતુ શ્રાવકો માટે તેમણે અચેતન ફાસુક આહારજ લેવો જોઈએ એવો નિયમ નથી. આ વસ્તુનો કોઈએ એવો અર્થ કરવાનો નથી કે શ્રાવકો સચેતન આહાર લે કે અફાસુક આહાર લે તે સઘલાનો તેમને કાંઈ દોષ લાગતો નથી. જેને સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ થઈ છે, સમ્યક્ત્વનો મર્મ જે સમજ્યો છે તેવો આત્મા આવા શબ્દો કોઈપણ કાળે નજ ઉચ્ચારી શકે કે સચેતન આહાર લેવાથી અથવા તો અફાસુક આહાર લેવાથી એ આહાર લેવા માટે શ્રાવકોને કાંઈપણ દોષ લાગતોજ નથી.

### ઉત્કૃષ્ટ શ્રાવક

અલબત્ત તમે સમ્યક્ત્વવાળા એવું કહી શકો છો ખરા કે સચેતન આહાર તથા અફાસુક આહાર વર્જવાની અમારી ઈચ્છા થાય છે, અમોને તેવું મન

થાય છે. પરંતુ તે છતાં એ આહાર અમે વર્જી શકતા નથી ! સમ્યગ્દષ્ટિ આ પ્રમાણે કહી શકે છે, પરંતુ તે એવું કહી શકતો નથી કે સચેતન અને ફાસુક આહાર લેવામાં સાધુને દોષ લાગે છે, પરંતુ તેથી અમોને શ્રાવકોને દોષ લાગતો નથી. જો શ્રાવક આવા શબ્દો ઉચ્ચારે તો કહેવું પડે કે તેના એ શબ્દો મિથ્યાત્વના માર્ગ તરફજ ઝુકનારા છે, અને તેથી તેના તે વિચારોનો ત્યાગ આવશ્યક છે. શાસ્ત્રકારો ઉત્કૃષ્ટ શ્રાવક કોને કહે છે, એ વાત તમારે આ તબક્કે વિચારવાની છે. જે શ્રાવક ફાસુક એષણીયે કરી પોતાનો નિભાવ કરે છે તેવાજ શ્રાવકને શાસ્ત્રકારોએ ઉત્કૃષ્ટ શ્રાવક કહ્યો છે. ઘણી વાર ઘણા શ્રાવકો પોતાને ઉત્કૃષ્ટ મનાવવા તૈયાર થાય છે, પરંતુ ઉત્કૃષ્ટપદ ક્યારે પ્રાપ્ત થાય એ આપણે વિચારવું ઘટે.

**ઉત્કૃષ્ટપણું માંગ્યું ન મળે.**

સારાપણું સર્વને ગમે છે. સારાપણું જણાવવાની સઘળાની તૈયારી હોય છે. સારાપણાનો કોઈને પણ તિરસ્કાર નથી આવતો પરંતુ સારાપણું કેવી રીતે મેળવી શકાય છે, તે જોવાની કોઈ તસ્દી લેતું નથી. આપણે સારાપણાની ખેંચતાણ કરીશું તેથી કાંઈ સારાપણાની આપણને પ્રાપ્તિ થઈ જવાની નથી. સારાપણાની ખેંચતાણ કરવાથીજ અથવા તો આપણી મેળેજ સારા તરીકે આપણને ઓળખવાથી જ જો સારાપણું આવી જતું હોત તો તો આ દુનિયામાં બધાજ સારા થઈ જાત અને નરસાપણાને કોઈ સંગ્રહી પણ ન જ રાખત ! પરંતુ ઉત્કૃષ્ટપણું એ કાંઈ સરળ ચીજ નથી. શાસ્ત્રકાર મહારાજાઓ ફરમાવે છે, કે સારા વિચાર, સારા ઉચ્ચાર અને સારા આચારથીજ સારાપણું મેળવી શકાય છે. જો આ ત્રણ વસ્તુ ન હોય ત્યાં કોઈના કહેવાથી ઉત્કૃષ્ટપણાની પ્રાપ્તિ થતી નથી અને જ્યાં આ ત્રણ વસ્તુ છે, ત્યાંથી કોઈના લાખો પ્રયત્નથી પણ ઉત્કૃષ્ટપણું ટાળી શકાતું નથી.

**બધો ભાર કર્મ ઉપરજ છે.**

જ્યાં આ ત્રણ વસ્તુઓ ન હોય, સારા વિચાર સારા ઉચ્ચાર અને સારા આચાર એ ત્રણ વસ્તુ ન હોય અને કોઈ મનમાં એમ ધારી લે કે હું ઉત્કૃષ્ટ છું તો એથી ઉત્કૃષ્ટપણાની પ્રાપ્તિ થઈ જતી નથી, અને એવું મનમાં માની લીધેલું ઉત્કૃષ્ટપણું એ કાંઈ કામે પણ લાગતું નથી. જો પોતે ધારી લેવાથીજ ઉત્કૃષ્ટપણાની પ્રાપ્તિ થઈ જતી હોય તો તો સઘલાજ પોતે પોતાની મેળે ઉત્કૃષ્ટ શ્રાવક બનીજ જાય ! દરેક માણસ પોતે પોતાના મનથી પોતાને મૂર્ખો ધારતો નથી. તે તો પોતાને અક્કલવાળો અને હોશિયારજ માને છે, પરંતુ તે પોતે પોતાને હોશિયાર માને તેથી કાંઈ તેનામાં હોશિયારીનો આવિર્ભાવ થવાનો નથી. પોતે પોતાનું સારૂ ધાર્યું હોય તેનાથી તેનું કાંઈ સારૂં થઈ જતું નથી અને પોતે પોતાનું ખરાબ થવાનું ન ધાર્યું હોય તેથી કાંઈ ખરાબ થવાનું મટી જતું નથી. સારૂં અથવા નરસું જે કાંઈ થવાનું છે તે તો એક માત્ર કર્મ ઉપરજ અવલંબે છે.

**વિચાર માત્રથી અંધાપો ટળતો નથી.**

જો આપણે ખરાબ આચારવિચાર અને ઉચ્ચાર જાળવી રાખીએ તો તેને પરિણામે કોઈપણ કાળે ખરાબી થયા વિના રહેતી જ નથી. એક માણસ આંખે આંધળો હોય છતાં તે મનમાં એવીજ કલ્પના કર્યા કરે કે અહો હું તો દેખતો છું, મારી આંખો ખુલે છે અને મને આ ઝાડપાન કેવા લીલાંછમ દેખાય છે. આ પક્ષીઓ ઉડતાં હું જોઈ શકું છું અને તેમની પાંખો ફફડતી મને દેખાયાજ કરે છે. આવા વિચારો કોઈ આંધળો સેવ્યા કરે તેથી તે કાંઈ આંધળો મટીને દેખતો થઈ જતો નથી અને છતાં જો તે પોતાને દેખતો માનીને ચાલવાજ જાય તો તે જરૂર કુવામાં જ પડે છે ! જો પોતે માત્ર ધારી લેવાથીજ આંધળાઓ દેખતા થઈ જાત તો તો બધાજ આંધળાઓ એમ ધારી લેત કે અમે દેખતા જ છીએ

અને પછી કોઈ આંધળાજ ન રહેત ! તેજ પ્રમાણે બધાજ બહેરાઓ પણ એમ માનતા થઈ જાત કે અમે સાંભળતાજ છીએ અને પછી કોઈ બહેરા પણ ન રહેત !

આંધળો માણસ પોતે ધારી લે કે હું દેખતો છું તેથી કાંઈ તેનું આંધળાપણું ચાલી જતું નથી, તેજ પ્રમાણે આપણે સારા આચાર, સારા વિચાર અને સારા ઉચ્ચાર ન આદરીયે અને આપણે ધારીએ કે હું સારા આચારવાળો છું - હું ઉત્કૃષ્ટ છું અને હું મહાન્ છું તો આપણે એ વિચાર માત્રથી મહાન્ બની જઈ શકતા નથી ! જે આંખોવાળો છે, જેનામાં દેખતાપણું છે તે પોતે પોતાનું દેખતાપણું ધારી લે કે ન ધારી લે તો પણ તેનું દેખતાપણું કાયમજ છે. તેના દેખતાપણાનો કોઈપણ રીતે નાશ થવાનો નથી, તેજ પ્રમાણે આપણા આત્મામાં પણ સદ્વિચાર હોય અને સારો આચાર હોય અને સારા ઉચ્ચારનું સેવન હોય તો આપણે ન ધારીએ તે છતાં આપણામાંથી ઉત્કૃષ્ટતાનો નાશ થતો નથી, માત્ર મારામાં ઉત્કૃષ્ટતા છે, મારામાં શ્રેષ્ઠતા છે એવું માની લઈએ તેટલા માત્રથીજ આપણામાં સદાચાર સારાપણું આવે છે અને એવી માન્યતાથીજ ખરાબ આચાર, ખરાબ વિચાર અને ખરાબ ઉચ્ચાર નીકળી જાય છે એમ કોઈ પણ રીતે કહી શકાતું જ નથી.

અહીં કોઈ એવી દલીલ કરશે કે જગત્ અર્થાત્ કે જગતનો વ્યવહાર એ પરિણામને જોવાવાળો નથી. એ તો માત્ર વસ્તુનેજ જોવાવાળો છે. કોઈ માણસને લાખ રૂપિયાની મિલ્કત મળે અને તે લાખ રૂપિયાના પરિણામ રૂપ સદ્ગુણોનો ધારક બને છે તેજ સદ્ગુણો તો બીજી વ્યક્તિમાં લાખ રૂપિયા મળ્યા વિના આવિર્ભાવ થાય તેથી કાંઈ પેલા બીજા માણસને લોકો લખપતિ કહેવા તૈયાર થઈ જતા નથી ! ત્યારે લાખ રૂપિયા મળ્યા છતાં લાખ રૂપિયાની પ્રાપ્તિથી આવવી જોઈતી ખાનદાની અને સભ્યતા ન આવ્યા હોય પરંતુ તે છતાં જો લાખ રૂપિયા મળી જાય તો એ લાખ રૂપિયા મેળવનારને આ જગત લખપતિ કહી દે છે ! આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ જગત તો વસ્તુનેજ દેખવાવાળું છે, પરંતુ તે વસ્તુના પરિણામને દેખવાવાળુ નથી અર્થાત્ જગત્ માત્ર બાહ્યતાજ જુએ છે તે આત્માને જોતુંજ નથી.

## લૌકિક દૃષ્ટિનો આધાર શું ?

એ વાત સાચી છે કે લૌકિક દૃષ્ટિ આત્માને જોવાવાળી તો નથીજ તે તો માત્ર બાહ્ય પુદ્ગલોનેજ જુએ છે અને બાહ્ય પુદ્ગલો મળી ગયા એટલે તેને વ્યવહારમાં પૂર્ણ ગણી લે છે, પરંતુ આ સાથે અહીં એ વાતની પણ યાદ રાખવાની છે કે લૌકિકદૃષ્ટિ ખોટું જુએ છે તો પણ તે ખોટુંજ પ્રમાણ છે એવું માનવું તે પણ અયોગ્ય જ છે. લોકોત્તર દૃષ્ટિ લૌકિક દૃષ્ટિ કરતાં હંમેશાં જુદી જ છે. લૌકિક દૃષ્ટિ પુદ્ગલસંયોગો પર આધાર રાખે છે, ત્યારે લોકોત્તર દૃષ્ટિ એ પુદ્ગલસંયોગો ઉપર આધાર રાખનારી નથી. લોકોત્તર દૃષ્ટિ તો આત્માના પરિણામ ઉપરજ આધાર રાખનારી છે અર્થાત્ જેને લાખના પરિણામ છે તેને તો લોકોત્તર દૃષ્ટિવાળા દારિદ્રવાળો ન ગણતા લખપતિજ ગણે છે. તો આ હિસાબે લોકોત્તર દૃષ્ટિવાળાઓ લાખ ન મળ્યા હોય તેને પણ લખપતિ માની લે છે અને લૌકિક દૃષ્ટિવાળાઓ લાખ હોય તેનેજ લખપતિ કહે છે આ બે વસ્તુનો મેળ શી રીતે મળી શકે ?

## લાખ મળે તે લખપતિ ખરો કે ?

અહીં તમે લાંબો વિચાર કરશો તો સમજી શકશો કે લૌકિક દૃષ્ટિએ જેને લાખ મળે છે તેને તમે લખપતિ કહો છો એ વાત વાસ્તવિક છે, પરંતુ તેમાંએ અમુક પ્રકારનો ભેદ તો અવશ્ય રહેલો જ છે. ધારો કે એક તિજોરીમાં કરોડ રૂપીયા મૂક્યા છે, તેમાં લાખોનું ઝવેરાત છે અને હજારો હીરા ભરેલા છે, પરંતુ આ સઘળી સમૃદ્ધિને લીધે તમે

એ તિજોરીનેજ એટલે કે લોખંડની એ પેટીને જ કરોડાધિપતિ કે ઝવેરી કહી દેતા નથી ! હવે વિચાર કરો કે જેની પાસે લાખ છે તેનેજ તમે લખપતિ કહો છો તો પછી એ તિજોરીમાં તો કરોડો છે તે છતાં એ તિજોરીતેજ તમે શા માટે કરોડપતિ કહેતા નથી અથવા તો તેમાં હજારોનું ઝવેરાત પણ વિદ્યમાન છે તો પછી તમે એજ તિજોરીને કેમ નાણાવટી કે ઝવેરી કહીને નથી સંબોધતા વારૂ ? તમે ઊંડો વિચાર કરશો તો માલમ પડી આવશે કે એમ ન કરવાનું તમારી પાસે લૌકિક દૃષ્ટિએજ વ્યાજબી અને વાસ્તવિક કારણ છે.

### દરજ્જો સાચવવાનું કારણ શું ?

તિજોરીમાં લાખો છે, કરોડો રૂપિયા છે, હીરા છે, મોતી છે, ઝવેરાત છે આટલુ બધું હોવા છતાં પણ એ સઘળા પૈસાની માલિકી તિજોરી પાસે નથી. એ સઘળા ધનનો સ્વામિત્વાધિકાર તિજોરી પાસે નથી. ટુંકમાં કહીએ તો તિજોરીની ચાર બાજુ વચ્ચે લાખો ભરેલા છે. પરંતુ એ લાખોનું ધણિપણું એ લાખોની માલિકી તિજોરીની નથી અને તેથીજ કોઈ એ તિજોરીને લક્ષાધિપતિ અથવા કરોડાધિપતિ કહીને તેના ઓવારણા લેવા માંડતુંજ નથી ! કરોડાધિપતિ ફરવા જાય, બજારે જાય, પોતાના ઈષ્ટમિત્રોને ત્યાં જાય ત્યાં બધે કાંઈ તે પોતાની સાથે કરોડની કોથળી બાંધીને લઈ જતો નથી છતાં તેનું માનસન્માન બજારમાં રહે છે તેની આબરૂ વેપારીઓ રાખે છે, તેના એક બોલ ઉપર લાખોનો માલ મળે, છે લાખોની ધીરધાર થાય છે અને તેને લોકો અપૂર્વ માન આપે છે તથા કરોડાધિપતિ તરીકેનો તેનો પુરો દરજ્જો સચવાય છે.

### તિજોરી લક્ષાધિપતિ નથી.

બીજી બાજુએ તમે કરોડો રૂપિઆના દાગીના કે રોકડ રકમો તમો તિજોરીમાંથી કાઢી લેશો અને પછી તે ખાલી તિજોરીને તમે વેચવા જશો તો તમોને એ તિજોરીની કિંમત ઉપરાંત તિજોરીની અંદર કરોડો રૂપિયા હતા તે આબરૂ પેટે કોઈ પૈસોએ આપવાનું નથી ! તિજોરી પાસે લાખો હતા, કરોડો હતા, છતાં તે લાખો અને કરોડોની પ્રતિષ્ઠાના પ્રતિમૂલ્ય તરીકે કોઈ પૈસો પણ નથી ધીરતું, કારણ કે જે પૈસો હતો તેની માલીકી તિજોરીની ન હતી. તિજોરી પાસે એ પૈસાની માલિકી ન હતી, અથવા તો એ પૈસાની વ્યવસ્થા કરવાનો પણ તેને હક ન હતો, એટલે જ તેની કિંમત તેના મૂલ્ય કરતાં વધારે ન હતી. હવે તમે એમ કહેશો કે લાખના પરિણામો થવાથી વ્યવહાર કોઈને લખપતિ કે લખેશ્રી કહેવાને તૈયાર જ નથી. તે તો લાખનો સંયોગ થાય અને લાખ પ્રત્યક્ષ રીતે મળે તોજ લખપતિ કહેવા તૈયાર છે, તો પછી તિજોરીને પ્રત્યક્ષ લાખ મળવા છતાં અને તેને લાખોનો સંયોગ થયો હોવા છતાં શા માટે વ્યવહારથી તમે એ તિજોરીને લક્ષાધીશ કહેતા નથી ? અને શા માટે લક્ષાધીશપણાના પ્રતિમૂલ્ય તરીકે તિજોરીની સ્થૂલ કિંમત ઉપરાંત તેની વધારે કિંમત આપતા નથી ?

### માલીકી હક કેવી રીતે મળ્યો ?

પ્રત્યક્ષ લાખના સંયોગથી જ લાખના પરિણામ થયા વિના વ્યવહાર લખપતિ કહેવા તૈયાર હોય તો તો તદ્દન સીધી વાત છે કે તમારે એ તિજોરીના પણ લાખોના મૂલ્ય આંકવાજ રહ્યા ! પરંતુ તેવું નથી બનતું કારણ કે એ લાખો અને કરોડો તિજોરીને મળ્યા છતાં એ લાખો અને કરોડોનો સ્વામિત્વાધિકાર તિજોરીની પાસે નથી ! જો તિજોરી જડ હોવાથી તે માલિકીવાળી નથી તો પછી આ જીવ માલિકીવાળો કેમ અને કેવી રીતે બન્યો છે તે વિચારજો ! લક્ષાધિપતિપણું એ માલીકીને અંગે છે, અને જીવ માલિક હોવાથી એ લક્ષાધિપતિ કહેવાય છે, તો વિચાર કરો કે એ માલિકીહક જીવને કોણે મેળવી આપ્યો છે ? કરોડો

અને લાખોનો એ માલિકીહક જીવને તેના પૂર્વના શુભ પરિણામોએ મેળવી આપ્યો છે. પહેલા ભવના શુભ પરિણામોજ પાછળના ભવોમાં લાખો અને કરોડોનો માલિકીહક અથવા તો સુખો મેળવી આપે છે. તે સિવાય બીજી કોઈપણ રીતે એ વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકતી જ નથી.

### ફલનું કારણ કોણ ?

જે આત્મા પહેલા ભવનો લાભાંતરાયવાળો છે તે આત્મા બીજા ભવમાં કરોડો કે લાખો પામી શકતો નથી. તમે એમ કહેશો કે એ શા ઉપરથી માનવામાં આવે કે આ ભવમાં જે કાંઈ મેળવ્યું છે તે પહેલાં ભવના શુભ પરિણામોને લીધે છે ? તમારી શંકાનો જવાબ તમે જ બહુ સહેલાઈથી મેળવી શકો એમ છો. ધારો કે રસ્તે જતા તમારી દૃષ્ટિ એક આંબા ઉપર જાય, તમે એ આંબાને જુઓ છો, તેના થડને જુઓ છો, તેની સુંદર ડાળીઓને જુઓ છો, ચારે બાજુએ લચી પડતા ઘેરાવાને જુઓ છો, તેના મઘમઘ મહેંકી રહેલી મોરની મંજરીઓને જુઓ છો અને છેવટે આંબાની મધુર કરીઓ તમોને દેખાય છે. આ સઘલું તમે જોઈ શકો છો ખરા પરંતુ આંબાનું મુળ તમે જોઈ શકતા નથી ? તો શું વૃક્ષોના સ્વરૂપને જાણનારા તમે એમ કહી દેશો કે આ આંબો મૂળીયાં વગરજ ઉગેલો છે અને તેણે વગર મૂળીયે ઉગીને પણ ફળફલાદિને ધારણ કરેલાં છે ?

### પુણ્યપ્રકૃત્તિની જડ શું ?

આંબાના મૂળને ન દેખતાં છતાં આંબાની ફળફલાદિરૂપ સમૃદ્ધિને દેખનારા તમે કદાપિ પણ એમ ન કહી શકો કે આ સઘળી સમૃદ્ધિ મૂળિયા વિનાજ ઉત્પન્ન થએલી છે. એજ પ્રમાણે જગત્ બાહ્યસમૃદ્ધિને દેખે અને મૂળને ન દેખે તેટલા માત્રથી વસ્તુ સ્વરૂપને સમજનારો માણસ તો કદાપિ પણ કારણરૂપ વસ્તુ અથવા તો મૂળનો ઈન્કાર નહિજ કરી શકે, દુનિયાએ આંબાનું થડ, છાલ, ડાળીયો, પાંદડા બધું જોયું છે તેટલાં માત્રથી પણ તેને આંબાનું મૂળ છેજ એ વાત સ્વીકારવી પડે છે. તેજ પ્રમાણે જગત્ આહાર, ઈન્દ્રિયો, શરીર, તેના વિષયો ઈત્યાદિ દેખે છે. એટલાથીએ તેને એ બધાના કારણરૂપ મૂળને સ્વીકારવું જ પડે છે. આ ભવમાં મળેલા સુખ અને વૈભવોની જડ જોઈએ તો તે પુણ્ય પ્રકૃતિજ છે પરંતુ એ પુણ્યપ્રકૃતિની પણ જડ જોવા જઈએ તો માલમ પડે છે કે તે ગતકાળમાં થયેલાં શુભ પરિણામોજ છે.

### લખેશ્રીપણાની જડ શું ?

હવે તમે બારીકીથી વિચાર કરશો તો તમોને માલમ પડશે કે તમે લાખ મેળવ્યા હતા તેથીજ લખેશ્રી હતા, અને લાખ રૂપિયા એજ તમારા લાખેશ્રીપણાની જડ હતી, કે તમને ગયા જન્મોમાં ભવાંતરોમાં થયેલા શુભ પરિણામો એ તમારા લખેશ્રીપણાની જડ હતી ? તમે તિજોરીને લક્ષાધિપતિ નથી કહેતા પરંતુ એ લાખો જેના ભાગ્યયોગે મળ્યા હોય છે તેનેજ લક્ષાધિપતિ કહો છો, તેજ પ્રમાણે પૈસો અને વૈભવ એનું માલિકીપણું પણ આત્માને ભાગે નહિ પરંતુ પેલા શુભ પરિણામોને ભાગેજ જાય છે ! લૌકિક દૃષ્ટિને તત્ત્વમાં ઉતાર્યા વિના છુટકોજ નથી અને તત્ત્વમાં ઉતરવું હોય તો પરિણામમાં આવ્યેજ છૂટકો છે. તેજ દૃષ્ટિએ તમારે આ ભવના સુખ વૈભવનું મૂળ શોધવા માટે પણ પરિણામ તરફ નજર નાખવીજ પડે છે. આ વિચારસરણીને સ્વીકારી લઈએ છીએ એટલે જીવ અને કર્મના સંબંધમાં જૈનફિલોસોફી માટે નાસ્તિકો જે શંકા કરે છે તે શંકા પણ દૂર થશે.

### આ તફાવત કેમ ?

નાસ્તિકની સાથે આપણે વાત કરીએ તેને પહેલાં જીવ છે એ મનાવીએ છીએ તેણે જીવ માની

લીધો એટલે પછી આપણે તેને કર્મ મનાવવા જઈએ છીએ. કર્મ મનાવવા માટે આપણી દલીલ એ છે કે, આ જગતમાં દરેક જીવો સરખી સ્થિતિમાં નથી, એક મનુષ્ય ગરીબ છે, તો બીજો લખપતિ છે, એક રોગી છે, તો બીજો નીરોગી છે. એક બુદ્ધિશાળી છે તો બીજો મૂર્ખ છે. એક રાજા છે તો બીજો રંક છે પશુઓમાં જોશો તો આર્યજાતિમાં પાળવામાં આવેલા ગાય, બળદ, ઘોડા, ઘાસ પાણી ખાઈ પી મજા કરે છે અને એકાદ મિયાંને બારણે બંધાએલી ગાયને ગળે ચકચકતી છરી મૂકાય છે ? પક્ષીઓમાં પણ એવુંજ જોશો. એક પક્ષી કુદરતી રીતે એને મોત મરે છે ત્યારે બીજું પક્ષી શિકારનો ભોગ થઈને તરફડીને નીચે પડે છે. કીડી મંકોડીના પણ એજ હાલ ! એક કીડી મારવાડીને ત્યાં સાકરની ગુણમાં ભરાઈને આનંદ કરે છે ત્યારે બીજી કીડી ચુલાની પાળ પરથી ચુલામાં ગબડીપડી સેકાઈ જાય છે. એક માછલું દરિયામાં સ્વચ્છંદે વિહરે છે અને બીજું કાંસામાં આવી કપાઈ જઈને ચુલે ચઢે છે. અરે જીવતા જીવોની વાતો જવાદો અને વનસ્પતિ તરફ જુએ તો ત્યાં પણ એના એજ હાલ છે, કડવા લિંબડાને કોઈ છેડતુંય નથી પણ વૈદો એનાજ પાંદડાં જીવતાં લીલાં પાંડદા લઈને તે ચુલે ચઢાવી બાફીને તેનો ક્વાથ કરે છે. આમ આખી દુનિયામાં ચેતનાવાળી દરેક ચીજો છે પરંતુ તેમાં એક બીજાની વચ્ચે મહદંતર માલમ પડે છે એથી નિશ્ચય થાય છે કે એ સ્થિતિની આવી અસમાનતા આપનારૂં કાંઈ પણ કારણ હોવું જ જોઈએ અને એ કારણ તેજ કર્મ છે. જો કર્મ ન હોય તો આ અસમાનતા પણ ન હોઈ શકે પરંતુ અસમાનતા છે તેથી કર્મ છે એવું માનવાને કારણ મળે છે.

**અજબ અસમાનતા**

ચેતનવંતા પદાર્થોની આ દશા આપણે જોઈએ છીએ, તેની અસમાનતાને અનુભવીએ છીએ, પરંતુ એ અસમાનતા માત્ર ચેતનવંતા પદાર્થોમાંજ નથી પરંતુ જગતના જડ પદાર્થોમાં પણ એવીજ અસમાનતા છે ! પત્થર તો જડ છે, એકજ આરસના પત્થરના બે કકડા કરો તો તેમાંનાજ એક કડકાનું પગથીયું બને છે, કે જેના ઉપર સેંકડો માણસો પગ મૂકીને ચઢે ઉતરે છે, અને બીજા કટકાની પ્રતિમા બને છે કે જેના ઉપર સેંકડો અને હજારો ફૂલો ચઢે છે અને જેને કરોડો માથે નમે છે ! હવે વિચારવાની વાત એ છે કે એક પત્થર ઉપર છત્ર ચામર ધરાય છે, તેના ઉપર સુગંધીવાળી વસ્તુઓ ચઢે છે અને બીજા પથરા પર પગ ધોવાય છે અને તેની દુર્દશા થાય છે. આ સઘલું શાથી બને છે ? પત્થરે એવો શું ગુન્હો કર્યો હતો કે જેથી એકના ઉપર પગ ધોવાય છે અને બીજાએ શું કર્યું હતું કે તેના ઉપર પુષ્પો ચઢે છે અને છત્ર તથા ચામર ઢળે છે !

**એ તો થઈ ગયું તે થઈ ગયું.**

નાસ્તિકો એવી દલીલ કરશે કે પત્થરના ટુકડાઓમાંથી એક પર ફૂલો ચઢે છે અને બીજા પર પગ ધોવાય છે. એમાં પાપપુણ્યને કાંઈ અવકાશજ નથી. એ તો કારીગરની મરજીથીજ એમ બની ગયું છે. અર્થાત્ અનુકૂળ સંયોગો મળી ગયા એ પુણ્ય છે અને પ્રતિકૂળ સંયોગો મળી ગયા એ પાપ છે. એજ રીતે પત્થરના એક ટુકડાને અનુકૂળ સંયોગો મલ્યા તેથી તેની પ્રતિમા બની અને બીજાને પ્રતિકૂળ સંયોગો મળ્યા તેથી તેનું પગથીયું બન્યું. એમાં પાપ પુણ્ય અને સુકૃત્યદુષ્કૃત્યને સંબંધજ નથી. નાસ્તિકો કર્મવાદને અમાન્ય કરવા માટે આવી દલીલ કરે છે એ દલીલનો આપણી પાસે શું જવાબ છે તે હવે આપણે તપાસવાનું છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૦૫)

## પૂજ્ય પાંચ આચાર્ય મહારાજાઓને વિજ્ઞપ્તિ

ગયા અંકમાં સૂચના આપી હતી તે પ્રમાણે ઓફીસથી બીજા ત્રીજા વર્ષની શ્રી સિદ્ધચક્રની ફાઈલો તથા પાંચ લેખવાળા અંકો આપને મોકલ્યા છે, તો હવે આપ તેની આદ્યંત તપાસ કરી અને હકીકતથી વાકેફ થઈ મ્હારૂં થયેલું લખાણ જુઠા પક્ષને અંગે હોય તો જણાવવા મ્હેરબાની કરશો. આપ જાહેર પેપરથી કે ખાનગી બેમાંથી કોઈપણ રીતે જણાવશો. તો પણ હરકત નથી. આપને નીચેના મુદ્દા ઉપર વિચારવાની જરૂર છે.

૧ ત્રિલોકનાથ તીર્થંકરો સમ્યક્ત્વ અથવા તો વિશિષ્ટ સમ્યક્ત્વ પામ્યા પછીજ નિયમિત પરોપકારી હોય કે સર્વકાલ એટલે અનાદિથી પરોપકારી હોય.

૨ ભગવાન્ તીર્થંકરોને જે આદ્ય સમ્યક્ત્વ થાય તે વરબોધિ કહેવાય કે કંઈક વિશિષ્ટતા થયા પછી વરબોધિ કહેવાય.

૩ મહાત્મા વાલીજીએ અષ્ટાપદજીના બચાવ માટે રાવણને કરેલી શિક્ષા સર્વથા ક્રોધ રહિત દશા એટલે વીતરાગદશામાં હતી, કે માત્ર વ્યક્તિગત દ્વેષ ન્હોતો, અને તે લબ્ધિની ફોરવણી હતી, કે નહિં? અને હતી તો તે પડિક્કમવા લાયક ખરી કે નહિં ?

૪ ગુરૂતત્વવિનિશ્ચયના પાઠની બાબત પ્રવચનકારે કૌંસમાં લખેલો પાઠ પ્રકરણથી વિરૂદ્ધ છે, કે કેમ ? અને તેમાં શ્રી ગૌતમસ્વામીજીનું નામ તથા નિશ્ચયથી પતિત થવાના જાણ્યા છતાં એવું સ્પષ્ટાર્થમાં લખેલું જુઠું છે કે કેમ ?

૫ શ્રી આવશ્યકહરિભદ્રીય વૃત્તિના **इत्यादिप्रश्नादेराक्षेपः** આના અર્થમાં એક આદિશબ્દોનો અર્થ પ્રવચનકારે બરોબર કર્યો નથી એમ ખરૂં ? અને પરીક્ષાની વાત બે આદિશબ્દ હોવાથી આવી શકે નહિં એમ ખરૂં ?

૬ ભગવાન મહાવીર મહારાજ વખતે સોરઠ (જ્યાં સિદ્ધાચલજી છે તે) અનાર્ય હતો કે ત્યાં સાધુનો વિહાર ન્હોતો એ મહારાજ આત્મારામજીનું કથન સાચું હતું ?

આ વગેરે મુખ્ય વાતોનો આપ બરોબર વિચાર કરી ઉત્તર આપશો કે જેથી મને કે વાચકોને સંશય ન રહે, એવી આશા અસ્થાને નથી.

તા. ક - આપમાંથી ત્રણ આચાર્યો પત્રદ્વારાએ પણ નિર્ણય કરી જણાવશો તો પણ અમોને સ્વીકાર્ય છે. એકઠા થવાની અશક્યતાનો સવાલ ન રહે માટે આ લખ્યું છે. ત્રણ અમદાવાદમાંજ છે. એકાદ આચાર્ય અશક્ત હોય તો ચારે મળીને નવા નીમી શકશો.

**પ્રવચનસંપાદકને -**

૧ શ્રીસિદ્ધચક્રોના અંકો અનિયમિત નીકળે છે તે સાચું છે.

૨ પૂજ્ય પાંચ આચાર્યોને સત્યાસત્યને નિર્ણય તો આગલ સોંપ્યોજ હતો. હમણાં તો આ આચાર્યમહારાજાઓને મ્હારૂં અસત્ય પક્ષને અંગે લખવું થતું હોય તો જણાવવા વિનંતિ કરી છે.

૩ જેમ તમારે ત્યાંથી આજીજીની જરૂરીયાત અસત્ય સમજાવવામાં જણાવાય છે તેમ જો પૂજ્ય આચાર્યો તરફથી જણાવાશે તો તેમ કરવામાં પણ મને અસત્યથી બચી જવા માટે હરકત જેવું નથી.

૪ પૂજ્ય પાંચ આચાર્ય મહારાજાઓ તમારા કબુલાતના અને ચર્ચા ઉપાડવાના લેખને મ્હારી અસત્ય જણાવવાની વિનંતીના સ્વીકારવામાં આડો નહિંજ લાવે એવી મ્હારી ખાતરી છે.

૫ જેઓને તટસ્થ તરીકે જણાવવાને માટે જાહેર વિનંતી કરવી હોય તેઓને પ્હેલેથી ખાનગી પત્ર વ્યવહારને પાત્ર બનાવવા એ રીત અન્યનેજ મુબારક રહો.

૬ જે પક્ષને અંગે મે લખ્યું છે, તેમાં સત્ય સિવાય બીજું છેજ નહિં એવી ખાતરીથી મેં વિનંતી લખી છે. છતાં કદાચ કોઈ હઠ પકડે એમ સંપાદકને જણાયું હોય તો મુરબ્બી આચાર્યો આ સેવકને જણાવી શકે છે, પણ મુરબ્બી આચાર્યો તેનો રસ્તો કહાડી શકશે એમ હું માનું છું.

---

**આવશ્યક ખુલાસો -**

જોધપુરી ચંડાંશુચંડુપંચાગમાં બીજા ભાદરવાના શુકલ પક્ષમાં બે પાંચમો છે અર્થાત્ રવિ અને સોમવારે પાંચમ છે, તેથી સાંવત્સરિક દિન કયો રાખવો એ બાબત પૂછાવવા આવે છે, તેના ખુલાસામાં જણાવવાનું કે જેમ આષાઢશુકલ પૂર્ણિમા બે હોય તો બે તેરસ ગણી ચૌદશ અને પૂર્ણિમા એક એક રખાય છે, તેમ અહિં બે ત્રીજો ગણી ચોથ અને પાંચમ એક એક રાખવી ઉચિત જણાય છે અને તે અપેક્ષાએ રવિવારે સંવચ્છરી કરવી ઠીક જણાય છે, અને પ્હેલા ભાદરવાની વદ ૧૩ રવિએ પર્યુષણારંભ તથા ૧૩ તથા ૧૪ના છઠ કરી સુદ ૧ બુધે કલ્પ પ્રારંભ કરવો ઠીક લાગે છે. (શ્રી હીરપ્રશ્નમાં કલ્પના છઠને માટે ચતુર્દશ્યાદિની વૃદ્ધિને લીધે અનિયમિતતા સ્પષ્ટપણે લખેલ છે.)

ચતુર્થ વર્ષ અંક ૨૨

Registered No. B.3047




શ્રાવણ વદિ અમાવાસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૧૭-૮-૧૯૩૬

## શ્રીસિદ્ધાચલજીના યાત્રિકો અને રખોપું

શ્રી સિદ્ધાચલજીતીર્થમાં યાત્રા કરવા આવતા યાત્રિકોને એ વાત તો બરોબર માલમ છે કે પાલીતાણાના ઠાકોર સાહેબને યાત્રિકોની ચોકી રાખવા માટે જે સાલીયાણું આપવામાં આવે છે તે બધુ યાત્રિકોને આભારી છે.

એ ચોકી ચુકવવાની જો દરેક યાત્રિકોને પંચાત પડે તો કેટલી મુશીબત થાય? એ મુશીબત નિવારવા શેઠ આણંદજી કલ્યાણજીએ એકત્ર પ્રયત્ન રાખ્યો છે, પણ દરેક યાત્રિકે એ ખ્યાલમાં રાખવું કે પહેલા એકત્ર પ્રયત્નમાં યોગ્ય ઉદારતા ન થઈ હોય અથવા મુદલ ન થઈ હોય તો પણ પોતે યાત્રા કરવા આવ્યો તે પ્રસંગે તો તે એકત્ર પ્રયત્નવાળા કાર્યમાં ઉત્સાહવાળો થઈ યોગ્ય ઉદારતા જરૂર દાખવે.

અન્ય અન્ય સ્થાને અન્ય મતવાળાઓને કે જૈનોને પણ કોઈક સ્થાને ચોકીઓ ભરવી પડે છે તે વખતની રોકાણ, ગણતરીની ખટપટ, હલકા મનુષ્યોથી બોલાચાલી, તકરારનો પ્રસંગ વગેરે હકીકત ધ્યાનમાં લેનારો યાત્રિક શ્રીસિદ્ધાચલજીનો રક્ષાનો એકત્ર પ્રયત્ન જે શેઠ આણંદજી કલ્યાણજીએ કર્યો છે, તેની કિમ્મત ન આંકે અને પોતાનો યોગ્ય ફાળો તેમાં ન આપે એવો નિર્ગુણી તો યાત્રિક વર્ગ હોતો જ, નથી અને હોય પણ નહિં.

એટલું ચોક્કસ છે કે કંટ્રાકટરો એકી સાથે રકમ આપે પછી પોતે પરચુરણ વસુલ કરે છે એમ શેઠ આણંદજી કલ્યાણજી વસુલ કરતા નથી, કરે નહિ, સ્વપ્નને પણ તેમ કરવાનું હોય પણ નહિ. કારણ કે જે એકત્ર પ્રયત્ન થયો છે તે યાત્રિકોની સવડને માટે છે અને કંટ્રાકટર જેવી સ્થિતિમાં તે ચોરી લેનારને કડાકુટ માટે પણ અહીં તેવું નથી. યાત્રિકો અને વિશેષ કરીને જૈનશ્રીમંતો ધર્મની ધગશવાળા હોવાથી કોઈપણ તીર્થના વહીવટદારોને કંટ્રાકટરની સ્થિતિ કરવી પડી નથી અને કરાતી પણ નથી.

દીર્ઘ દ્રષ્ટિવાળો મનુષ્ય તેજ કહેવાય કે જે વર્ત્તમાનની સુખદૃષ્ટિ કરતાં અનેકગુણ દૃષ્ટિ ભવિષ્ય સુખ માટે રાખે, તેવીજ રીતે સમજદાર તેજ યાત્રાળુ ગણાય કે જે પોતાની સવડ કરતાં તીર્થની સવડને ધ્યાનમાં લે: ભક્તિનો માર્ગ લેતા કરતાં ઘણાજ તીવ્ર પરિણામથી તીર્થની આશાતના ટાળવાની કાલજી કરે.

યાત્રિકોએ આ વાત સીધીસટ સમજી લેવા જેવી છે કે તીર્થની રક્ષા કરનારાઓના કહેવાથી જ તીર્થયાત્રાની સફલતા કહેવાતી હતી આ બાબતે સીધી સમજીને ધ્યાનમાં ઉતારશો કે એવું પણ ઝટ સમજશો કે તીર્થનું રક્ષા કરનાર પેઢી ઉપર ગયાથીજ તમારી યાત્રા સફળ ગણાય. જો કે રક્ષા કરનારે તેવો દાવો કરવો ન જોઈએ, પણ રક્ષાનો લાભ મેળવનારે તો જરૂર એ બિના અંતરમાં કોતરી રાખવાની જરૂરી છે.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૨૨ | મુંબઇ તા. ૧૭-૮-૧૯૩૬ સોમવાર<br>શ્રાવણ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

*વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦* ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**પ્રથમ ઉ૯પન્ન થયેલ ક્ષત્રિયજાતિની જરૂર**

લોકોના સમુદાયને અનીતિથી નિવર્ત્તાવીને નીતિને રસ્તે લઈ જવા અથવા નીતિવાળા વર્ત્તાવને રાખવાવાળા લોકોને અનીતિ કરનારાઓ તરફથી ઉપદ્રવો થાય તેનો બચાવ કરવા માટે ભગવાન્ શ્રી ઋષભદેવજીને રાજ્યગાદી અંગીકાર કરવાને લીધે બંદોબસ્ત કરવાની ફરજ આવી પડી હતી. જગતમાં નીતિપ્રવર્ત્તનવાળા મનુષ્યો સાહસિક ન હોય અને સાહસિક નીતિને રસ્તે ચાલી શકે નહિં, કેમકે સદસદના વિચારો કરવાવાળો મનુષ્યો નિશંકપણે કોઈ પણ અસદવર્ત્તન કરી શકે નહિં અને અસદ્વર્ત્તનમાં પ્રવર્તેલા તથા ટેવાઈ ગયેલાને સદસદ્‌ને વિચાર કરવાનો વખત આવતોજ નથી. આ કારણથી ચોક્કસ સમજી શકાશે કે નીતિએ પ્રવર્ત્તન કરવાવાળાઓનો બચાવ સ્વતઃ હોયજ નહિં અને હોતો પણ નથી, પરંતુ તે નીતિવાળાનો અનીતિ કરવાવાળા જુલમગારોથી બચાવ નીતિની ઉત્તમતાને પ્રભાવેજ કોઈ નીતિપ્રધાનતાને ધારણ કરવાવાળી સત્તા ધરાવવવાવાળા તરફથીજ થાય છે અને આપણે ઉપર જોઈ પણ ગયા છીએ કે જ્યારે નીતિથી વર્ત્તવાવાલાઓ પોતે પોતાના બલે અનીતિવાલાથી બચાવ નથી કરી શક્યા તેને લીધે અનીતિવાળાઓને શિક્ષા કરાવવા માટેજ રાજા થવાની પ્રાર્થના કરી હતી એટલે સામાન્ય રીતે અનીતિવાળાઓથી બચવા માટે સત્તાની સ્થાપના વ્યાજબી ગણાઈ છે. વળી નીતિથી વર્ત્તવાવાળાઓને અન્ય પણ કાર્યો લોકોત્તર માર્ગની અપેક્ષાએ સ્વાધ્યાય, તપજપ દેવગુરુસેવા આદિ કરવાનાં હોય અને તેમાંથી અનીતિ કરનારાઓની ખોળ કરવાનો વખત દરેક નીતિમાં પ્રવૃત્તિ કરનારો કરી શકે નહિં તેમજ લૌકિક માર્ગની અપેક્ષાએ પણ ખેતી ઢોર પાળવાં, વ્યાપાર આદિ કાર્યો નીતિથી પ્રવર્ત્તવાવાલાને હોયજ અને તેથી તે પણ અનીતિ કરવાવાળાને ખોળવામાં વધારે વખત કહાડી શકેજ નહિ અને જો તે લોકોત્તર માર્ગવાળા કે લૌકિક માર્ગવાળા પોતાનાં સ્વાધ્યાય અને ખેતી આદિ કાર્યોને છોડીને અનીતિ કરનારાઓની ખોળમાંજ કહાડે તો તે પ્રથમ નીતિથી પ્રવર્ત્તવાવાળાઓનેજ પોતાના માર્ગનો લોપ થવાથી અનીતિના રસ્તેજ પ્રવર્ત્તીનેજ જીવનનિર્વાહ કરવાનો કે જીવનનિર્ગમન કરવાનો વખત આવે, તે માટે પણ નીતિવાળાઓને પોતાના નિતિમય માર્ગના રક્ષણને માટે પણ અનીતિ કરનારાઓને ખોળવા અને શિક્ષિત કરવા માટે એક એવા વર્ગની નિયમિતતા કરવાની જરૂર છે કે જે વર્ગને સ્વાધ્યાયાદિ કે કૃષિ આદિમાં મુખ્યતાએ પ્રવર્ત્તવાનું ન હોય પણ અનીતિ કરનારાઓને ખોળવાનું તથા તે અનીતિ કરનારાઓને શિક્ષિત કરવાનું જ મુખ્ય કાર્ય હોય, એટલે એમ કહીએ તો ખોટું નથી કે જો આવી રીતે અનીતિને ખોળનારો અને અનીતિ કરનારને શિક્ષિત કરનારો વર્ગ ન હોય તો કોઈપણ લોકોત્તર કે લૌકિક માર્ગ એ બેમાંથી એકકે માર્ગની પ્રવૃત્તિ થઈ શકેજ નહિં.

## વૈરાગ્યવાન પુરુષોને પણ રાજ્યવ્યવસ્થાની જરૂર

આ વસ્તુ વિચારવાથી સ્પષ્ટ માલમ પડશે કે જેઓ સંસાર અને તેના કારણભૂત આરંભ, પરિગ્રહથી વિરમવા તૈયાર થયેલા હોય છે અને માત્ર આત્માના કલ્યાણને માટેજ કટીબદ્ધ થયેલા હોય છે. તેવા મહાપુરુષોને પોતાના કુટુંબની વ્યવસ્થા કરવાની દરકાર ન હોય અને નથી રહેતી તો પણ તેઓ પોતાના પુત્રને અથવા તો ભાણેજ આદિને પણ રાજ્યગાદી સોંપવાની વ્યવસ્થા કરે જ છે અને તેથીજ ભગવાન્ શ્રીભદ્રસૂરિજી પણ સ્પષ્ટપણે જણાવે છે કે :-

मिथो वै कालदोषण नायकाभावतो जनाः।

विनश्यन्त्यधिकं यस्मात् तत्पदानं गुणावहम्॥१॥

અર્થાત્ કેટલાક તર્ક કરનારાઓએ જણાવ્યું હતું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ શ્રી ઋષભદેવજી (ઉપલક્ષણથી બીજા પણ તીર્થંકર ભગવાનો અને સંસારનો ત્યાગ કરવા તૈયાર થયેલા મહાનુભાવો રાજાઓ) આરંભપરિગ્રહમય અને વિષયકષાયની ખાણ એવો સંસાર જાણ્યો અને તેવુંજ રાજ્ય પણ છે એમ ગણી અનિષ્ટ તરીકે સંસાર અને રાજ્ય બન્નેને છોડે છે તો પછી તેવા અનર્થમય અને નરકઆદિ દુર્ગતિને આપનાર એવા રાજ્યને અન્ય પુત્ર કે ભાગિનેયને આપી શા માટે તેઓને નરકગતિનો અભિષેક કરે છે. આવા કુતર્કના સમાધાનમાં ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ સ્પષ્ટપણે જણાવ્યું કે પુત્ર કે ભાણેજ વગેરેને રાજ્યનો ત્યાગ કરતી વખત પણ રાજ્ય આપવું એ ફાયદાકારકજ છે. આ ઉપરથી એ નક્કી કર્યું કે અવસ્થાના વિશેષથી રાજ્ય જો કે ત્યજવાલાયક છે પણ તે રાજ્યનાયકથી શૂન્ય કરવાનું તો તેવી વિશિષ્ટ અવસ્થામાં પણ પાલવતું નથી, કારણકે કાલની દુષ્ટતાને લીધે લોકો અનીતિના કાર્યોથી પોતાની મેળે બચી શકે નહિ એટલુંજ નહિ પણ જો નાયક ન હોય તો નાયક દ્વારાએ અનીતિથી બચવાનું ન થાય અને તેથી તે લોકો જે રાજ્યકાલમાં નિયમિત લૌકિક અને લોકોત્તરમાર્ગની આરાધના કરતા હતા તે બધી બંધ થઈ જાય માટે લોકોના ફાયદા માટે વૈરાગ્યવાન્ મહાત્માએ પણ રાજ્યની વ્યવસ્થા કરવીજ જોઈએ.

## ક્ષત્રિયનો ઉગ્રનામનો પ્હેલો પેટાભેદ કેમ ?

ઉપર જોઈ ગયા છીએ કે અનીતિ કરનારાઓથી નીતિને માર્ગે ચાલનારાઓને બચાવવા માટેજ ક્ષત્રિયકોમની સ્થાપના અથવા ગોઠવણ કરવામાં આવી છે, અને અનીતિ કરનારાઓને શિક્ષિત કરવા માટેજ તે વર્ગ ઉભો કરવામાં આવેલો છે. આ હકીકત મગજમાં રાખવાથી હવે ક્ષત્રિયોમાં પણ મુખ્ય ઉગ્ર જાતનો પ્રથમ કેમ ઉદ્ભવ થયો કે પ્રથમ કેમ થપાયો તેનો વિચાર સ્હેજે ઉકલી જશે, કારણકે અનીતિ કરનારાઓ જે માત્ર કોઈક જ વખત કોઈ સંયોગે અનીતિના માર્ગે ચઢી ગયા હોય છે તેઓ તે અનીતિના ધંધામાં ન વળગી જાય પણ નીતિના માર્ગે પાછા આવી જાય એની વધારે જરૂર હોય છે, અને કોઈ વખત માત્ર સંજોગને અંગે અનીતિમાં પ્રવર્ત્તેલો મનુષ્ય જ્યારે પ્રચંડ ભય કે નુકશાન દેખે ત્યારે તે બીજી વખતે અનીતિને રસ્તે જવાનું પસંદ કરે નહિં. તે અનીતિ કરનાર મનુષ્ય કેટલીક વખત તો એવો અજ્ઞાની અને મૂઢ હોય છે કે તેને દુર્ગતિ કે આવતા ભવ સંબંધીનો વિચારજ હોતો નથી, એટલુંજ નહિ પણ તે આવતી જિંદગીને ઘણે ભાગે ગણતો કે માનતો નથી હોતો. હવે જ્યારે આવતી જિંદગી અને દુર્ગતિને માનનારા વર્ગને પણ તે ભવિષ્યના ભય કરતાં વર્તમાન જન્મના અનર્થને મ્હોટું રૂપ આપવાનું થાય છે અને આવતી જિંદગીમાં હેરાનગતિ કરનારાં કાર્યોથી બચવામાં જેટલી તત્પરતા નથી હોતી તેટલી તત્પરતા આ જિંદગીમાં નુકશાનકારક લાગતા કાર્યોથી બચવાની તત્પરતા રહે છે તો પછી જેઓ આવતી જિંદગી કે ભવિષ્યની

દુર્ગતિને નહિં માનનારા અથવા નહિં જાણનારા હોય તેવાઓને તો અનીતિના કાર્યોથી દૂર રાખવા માટે આ લોક સંબંધી નુકશાનભય હોવો અનિવાર્યજ છે. અર્થાત્ લોકોત્તર અને લૌકિક બન્ને માર્ગની અપેક્ષાએ અનીતિના શિક્ષણની જરૂર છે. એવા ભય અને શિક્ષાની કાર્યો ઉગ્રસ્વભાવવાળા સિવાય બીજાઓથી થઈ શકેજ નહિં.

## ગુન્હાની ઉત્પત્તિનો આધાર

આ સ્થાને એ વાત ધ્યાનમાં રાખવાની છે કે ઘણે ભાગે ગુન્હાઓની ઉત્પતિનો આધાર તે ગુન્હા કરનારને જાતીય કે ધાર્મિક માન્યતા ઉપરજ રહે છે. આપણે જગતમાં પ્રત્યક્ષ અનુભવીયે છીયે કે ઉંચી જાતિમાં રહેનારા મનુષ્યો વધારેમાં વધારે ક્રોધમાં આવે ત્યારે છેવટમાં છેવટ ખાસડું મારવાની વાત કરે અને તેઓ મ્હોટામાં મ્હોટી તકરાર કરે ત્યારે માત્ર ખાસડાથી લડાઈ કરે છે. કોઈપણ ઉંચી જ્ઞાતિમાં છરા ઉડવાના પ્રસંગો જોવામાં, અનુભવવામાં કે સાંભળવામાં આવતા નથી, ત્યારે અધમ જાતિ કે જેઓમાં માંસ અને દારૂનો ઉપયોગ કરવામાં આવે છે, પણ બાધ ગણાતો નથી, એટલુંજ નહિ પણ તે દારૂ અને માંસનો ઉપયોગ ફરજયાત કે ઉત્તમ મનાયેલો છે તેવી અધમ જ્ઞાતિઓમાં સ્હેજની પરસ્પર સગા અને સંબંધીઓની તકરારોમાં છરા ઉડેલાળીયે છીયે. વાત વાતમાં પણ તેઓ મારી નાખીશ, કાપી નાંખીશ, ખાઈ જઈશ, કકડા કરીશ એવા ક્રુર શબ્દોનોજ વ્યવહાર કરે છે. એમ કહીયે તો ચાલે કે તેવી જાતો મગજના કાબુને ખોઈ બેઠેલીજ હોય છે. આ પ્રાસંગિક જણાવેલી હકીકત વિચારવાવાલો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે આવી અધમ જાતિઓથી દૂર રહેવામાં પૂર્વ પુરુષોએ પોતાના આખા વંશનું રક્ષણજ કરેલું છે. એવી રીતે ગુન્હામાં ટેવાઈ ગયેલી અને આમુષ્મિક ગતિના વિચારો સ્વપ્ને પણ નહિ ધરાવનારી જાતિયો સાથે ભેળસેળ ઉત્તમ જાતિયોને નુકશાનજ કરે છે અને વર્તમાનમાં પણ ઉંચી જાતિના સદ્‌ગૃહસ્થો કેવા કેવા અધમ વિચાર અને આચારવાળા થઈ દિવસાનુદિવસ ઉત્તમ જ્ઞાતિના ધારાધોરણથી અને ઉચ્ચ ધર્મના આચારોથી પતિત થાય છે, તે આ દશકાની સર્વ ઉત્તમ અને અધમ જાતિની પ્રવૃત્તિ સેળભેળ થઈને કરેલા દેખાતા પરિણામથી સિદ્ધ થઈ જાય તેમ છે. તે સેળભેળ પ્રવૃત્તિ કરાવનાર મનુષ્ય ચ્હાય તેવા સંસ્કારથી કે કારણથી તેવી પ્રવૃત્તિ કરવા અને કરાવવા પ્રેરે છે, પણ જેઓ ભવિષ્યના વિચારને નથી જોઈ શકતા તેવાઓ તેના તે અધમ વિચારોને ઝડપથી વળગી જાય છે, અને તેના પરિણામ તરીકે આજ કાલ મનુષ્યો ઉંચી જ્ઞાતિમાંથી રાજીનામાં આપવામાં બ્હાદુરી ગણવા લાગ્યા છે. શ્રીસંઘથી જુદા પડવામાં કે વ્યવહારથી દૂર થવામાં શોભા ગણવા લાગ્યા છે. સગાસગામાં સગાઈ કરેલી અને મામામાસીની કન્યાઓને ચોરી છુપીથી ઉપાડી જવામાં સારા સારા કુલવાળા શોભા ગણવા કે તેને સારી ગણવા લાગ્યા છે. સ્કુલ અને કોલેજના માસ્તરો અને ખાનગી શિક્ષકો ટપોટપ પોતાની વિદ્યાર્થીનીઓની સાથે વરવા લાગ્યા છે. આજથી દશકા પ્હેલાનો ઈતિહાસ જોનારો સ્પષ્ટ જોઈ શકે છે કે આ દશ વર્ષના શંભુમેળાએ આ ઉત્તમ જ્ઞાતિવ્યવહારની અને ધર્મની શી સ્થિતિ કરી છે. આવી રીતે શંભુમેળાના અનિષ્ટતમ પરિણામને પ્રત્યક્ષ નિહાલનારો કોઈપણ મનુષ્ય અધમજાતિથી દૂર રહેવાની પૂર્વજોએ આદરેલી પ્રવૃત્તિને ઉત્તમોત્તમ માનવા અને તેનેજ અનુસરવા માટે તૈયાર થયા સિવાય રહેશેજ નહિ. જો કે ભેલસેલીયાઓને જમાનાનું ઝેર ચઢેલું હોવાથી અથવા જુવાનીના મદમાં મસ્ત થયેલ હોવાથી પોતાની પ્રવૃત્તિઓ કેટલી બધી દેશની અપેક્ષાએ પણ નુકશાન કરનારી થઈ છે તે તેમને સૂઝયું નથી અને સૂઝવાનો સંભવ પણ નથી. જો તેઓને સાજી આંખે દેખવું હોય તો તેઓ દેખી શકે એમ છે કે તેઓએ દૂરંદેશી વાપર્યા સિવાય

સ્કુલ અને કોલેજોનો બહિષ્કાર કર્યો, પણ તેના પરિણામમાં મીડું આવ્યું, કોર્ટોનો બહિષ્કાર કર્યો, પણ અંતે મ્હોટા મ્હોટા બેરીસ્ટર અને વકીલોને પોતાની પ્રેસ્ટીજ ખોઈને નીચે નાકે પાછો કોર્ટોનો આશરો લેવોજ પડ્યો. તેઓએ વાનરસેના ઉભી કરીને તો બીજા પોતાને વાંદરા કહે તેની પ્હેલાં વાંદરા બન્યા અને તેમાં વળી શોભા માની. પ્રભાતફેરીના નામે તો જે અનાચાર પ્રવર્ત્યો અને પ્રવર્ત્તાવ્યો તેની તો સીમાજ રહી નહોતી. તેઓના આશ્રમોમાં પણ શી શી હીલચાલો થઈ તે તેઓના નેતાઓના એકરાર જણાવવાવાળા જાહેર છે. આ ઉપરથી યુવકોએ પારકાં છિદ્રો જોવાં કે જેઓને માટે પોતાની માન્યતા છે નહિ, રાખવી નથી અને તેના સુધારા પરત્વે પણ બોલવાનો હક નથી તે કરતાં જેમાં તેઓ પોતાનું કર્ત્તવ્ય તથા સર્વસ્વ સમજે છે, તેના જાહેર થયેલા અને જાહેર નહિં થયેલા સડા સમજે અને તે કારણને નાબુદ કરે તો તેમાં તેઓ શોભા પામી શકશે. યુવકોએ યાદ રાખવું જોઈએ કે ત્રિકાલાબાધિકતસિદ્ધાંન્તદેશક સર્વજ્ઞ ભગવાને બતાવેલી અને દરેક મોક્ષાર્થીને આચારવા લાયક સમજાવેલી મર્યાદામાં રહેવાવાળા મહાપુરુષોમાં જ્યારે સડાનો સર્વથા અભાવ ન હોય તો પછી જેઓ અનાચારના દરવાજે જ બેસી રહે અને ઉચ્છૃંખલતાના ખાળમાં મ્હોડું નાખ્યા કરે તેઓની શી દશા થાય ? એ સમજવું મુશ્કેલ નથી. સમજુઓ સમજી શકે છે કે જુવાનીઆયોએ કરેલી હોલીમાં દેશનું કરોડોનું ધન હોમાઈ ગયું. હોળીના ધેરાઈયાની માફક લાકડાની જગો પર કાપડનીજ નહિં પણ પાઘડીયોની પણ હોળી કરનારાઓ કેવા ઈતિહાસની અપેક્ષાએ ચીતરાય તે સમજવું ઘણું સ્હેલું જ છે. જુવાનીયાઓ યાદ કરો કે તમોએ એક ધારાસભાનો બહિષ્કાર પોકાર્યો અને પાછા હવે ધારાસભામાં દાખલ થવા પડાપડી કરવા લાગ્યા છો. વળી યુવકો ભૂલી જાય છે, કે તેઓએ મીઠાને મફતીયું બનાવવા હીલચાલ ઉપાડી લાખોનો ભોગ અને સેંકડોનાં બલિદાનો આપ્યાં છતાં મીઠું મફતીયું ન બન્યું પણ પરિણામે મોઘું બન્યું. વળી આ જુવાનીયાઓના પીકેટીંગે તો હિંદુઓના હાથમાંથી હિંદુસ્તાનના વ્યાપારની લગામજ સરકાવી નાખી, કેમકે આ જુવાનીયા નબળો માટી રાંડ પર શૂરોની કહેવત માફક માત્ર હિંદુઓની દુકાનો ઉપરજ ગુંડાશાહી ચલાવી પીકેટીંગ કરી શક્યા હતા પણ તેમના બીજા ભાઈઓના વિલાયતી ધંધા ઉપર નજર પણ નાંખી શક્યા ન્હોતા, એટલું ચોકખું જ હતું કે પીકેટીંગની ચક્કીમાં હિંદુકોમ પીસાઈ પિષ્ટ થઈ ગઈ વળી આ જુવાનીઆઓએ હિંદુઓને મળેલા મતોની સંખ્યા ઉપર પાણી ફેરવી ઈતરવર્ગનેજ રાજી કર્યો છે. આ યુવકો તરીકે જાહેર થયેલા વર્ગમાંજ દેશના ઉદ્ધાર માટે લોકમાન્ય તિલકને નામે ક્રોડ કરતાં અધિક રૂપિયાની હદમાં બહારની રકમ ચવાઈ ગઈ અને તેનો બળાપો તેઓની જાહેર મીટીંગોમાં થઈ ગયો હોવાથી અજાણ્યો રહ્યો નથી. ગમે તેટલી વાતો થયા છતાં લેખો લખાયા અને પંચાતો થઈ છતાં તે રકમની ઉડાઉગીરી તો થઈજ ગઈ. આ વગેરે પોતાના પક્ષની જ યુવકો જો વિચારણા કરી શકે તો તેઓને પોતાની પ્રવૃત્તિઓ કેવી દુરંદેશી વગરની છે. તે સ્હેજે સમજાશે. પણ વાનરસેનાના ઉપરી બનેલા હોવાથી માત્ર કુદાકુદજ કરવી હોય અને ગામે ગામ વગર સમજ્યે હુકાહુકજ કરવી હોય તો તેની આડા તો મનુષ્યોથી નહિં અવાય એ જુદી વાત છે, પણ મનુષ્યોની જે સંખ્યા માણસાઈથી રહેવા માગતી હશે તે આવી વાનરસેનાની આગેવાની ધરાવવાવાળાને પોતાનાથી દૂર રાખવા માટે તો જરૂર કટીબદ્ધ થશે. જો કે વાનરોને હાકવામાં આવે છે ત્યારે તેઓ દાંતીયાં કરે છે, અને ચીચીયારીયો કરેજ છે, પણ તેવા દાંતીયા અને ચીચીયારીઓથી મનુષ્યોને ડર્યું તો પાળવતુંજ નથી. આશ્ચર્યની વાત તો એ છે કે આ

વાનર સેનાના આગેવાનોને વાણી અને વિચારસ્વાતંત્ર્યને નામે બીજાના અને પોતાના દેવ ગુરુ અને ધર્મિષ્ઠો તેવા ધર્મના અનુષ્ઠાનોને ભાંડવા છે. તેની તરફ તિરસ્કાર ઉપજાવનારી દરેક પ્રવૃત્તિ કરવી છે, અને તેજ વિચાર અને વાણીના સ્વાતંત્ર્યના અધિકાર અન્વયે બીજા ધર્મિવર્ગના કોઈ મનુષ્યો પોતાના વિચાર જાહેર કરતાં જ્યારે આ વાનરસેના સાથીઓ માટે કંઈ કહે ત્યારે ભગવાન્ મહાવીરના નામથી પવિત્ર ગણાતી સંસ્થાને અપવિત્ર કરવા અને વિદ્યાર્થી જેવી પવિત્ર દશાને પણ પતિત બનાવવા સ્થાને સ્થાને ઠરાવો કરવા તૈયાર થવાય છે. આજ વાનર સેનાના સાથીઓ એક વખત જાહેર કરે છે કે કોઈપણ વ્યક્તિના બહિષ્કારમાં હમારી માન્યતા નથી અને બીજી વખત તેજ યૂથ પોતાના બલનું સ્થાન જ્યારે મળી જાય તો પરમપૂજ્ય અને શાસ્ત્રને અનુસરનારીજ વ્યક્તિઓને બહિષ્કૃત કરવામાં આંચકા ખાતી નથી કે શરમાતી નથી. એ વાનરસેનાના ઉપરી પણ તેવું કરી રહ્યા છે. આપણે જોઈ ગયા છીએ કે તે ઉપરીએ અહિંસાના નામે આખો જંગ જમાવ્યો અને ઝાડના રક્ષણને નામે વાનરાઓને મારવાનો, કુતરાઓને ગોળીથી મરાવવાનો, વાછરડાને ઝેરથી મારવાનો માર્ગ તેને સારો ગણાવીને લીધો. આ બધું લખાણ પણ જાણું છું કે તે વાનરસેનાને કુદાકુદ કરાવનાર, દાંતીયા કરાવનાર અને ચીચીયારો કરાવનાર થશે પણ માત્ર ભગવાન્ શ્રીઋષભદેવજી મહારાજની વખત ક્ષત્રિયોની ઉત્પત્તિ કરતાં તેમાં ઉગ્રજાતિના ઉગ્રસ્વભાવવાળાની કેમ સ્થાપના કરી તેનો ખુલાસો થાય. ધ્યાનમાં રાખવું જરૂરી છે કે અનીતિના રસ્તે ચાલનારા ઉચ્છૃંખલ અને અન્યાયી હોઈ ક્રૂર સ્વભાવવાળાજ હોય છે અને તેવાઓને પકડવાવાળા તથા તેવાઓને પકડીને ન્યાય કરનારા પાસે પકડી લાવનારા અને ન્યાયે રાજ્યગાદી શોભાવનારે પણ લોકરક્ષણને માટે કરેલી સજા એ અન્યાયીને ભોગવવાવાળા શાંતિથી કાર્ય કરી શકે નહિ અને તેઓ શાન્ત રહી શકે પણ નહિં, માટે ભગવાને ઉગ્ર જાતિ અને ઉગ્રસ્વભાવવાળાને આરક્ષકપણે નીમી ક્ષત્રિયની જાતિ ઉત્પન્ન કરતાં પ્હેલો ઉગ્ર નામને પેટાભેદ ઉત્પન્ન કરવો પડ્યો. આવી રીતે ઉગ્ર જાતિને ઉત્પન્ન કર્યા પછી ભગવાન્ શ્રીઋષભદેવજીને ક્ષત્રિય જાતિમાંજ ભોગ રાજન્ય અને સામાન્ય ક્ષત્રિયજાતિ કેમ ઉત્પન્ન કરવી પડી તે જોઈએ.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૨૨)

# સમાલોચના

૧ કેવલજ્ઞાન આદિ પ્રકૃતિઓ ૩૫ સર્વપર્યાયોનો ઉપઘાત નથી કરતી, તે થી સર્વ જીવો કર્મ આવરાય છે તો પણ તેના સર્વથા સર્વગુણો આવરાતા નથી. જેમ સૂર્ય અને ચંદ્ર આખા ઢંકાઈ જાય તોપણ તેનું તેજ સર્વથા ઢંકાઈ જતું નથી. દ્રવ્યથી પર્યાયો જુદા નથી તેમ સૂર્યાદિ પ્રકાશ પણ ભિન્ન નથી. કથંચિત્ ભિન્નતા અહિં પણ છેજ.

૨ અપર્યાપ્તપણું છ પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી પણ રહે તે અપેક્ષાએ શ્વાસ અને અપર્યાપ્તપણું બન્ને હોઈ શકે.

૩ અલોકાકાશ એ પણ અરૂપી દ્રવ્ય છે તેથી તેમાં અગુરૂલઘુ પર્યાયો હોય અને તેની ષટ્સ્થાન વૃદ્ધિહાનિ સ્વભાવથી હોય.

૪ તૈજસ અને કાર્મણના લીધે અને પછી આહારપર્યાપ્તિને લીધે આહાર લેવાય છે. આહાર ન લેવાથી વેદના થાય તે ક્ષુધાવેદના અને શમાવવા માટે પણ આહાર લેવાનું વિધાન છે.

૫ ભાવશબ્દના અર્થોમાં કોશકારો અભિપ્રાય દ્રવ્ય પદાર્થ પ્રયોજન અને નિવૃત્તિ જણાવે છે અને તેથી સમુચ્ચય અવસ્થા એ અર્થ કરવામાં અડચણ નહિં આવે.

૬ શ્રીમલ્લીનાથ ભગવાન્ વીશસ્થાનક આરાધવાથી તીર્થંકર થયા અને માયા એટલે પરની અસહિષ્ણુતાથી સ્ત્રીવેદે થયા.

૭ પરમાણુ એ દ્રવ્યની અપેક્ષાએ નિર્વિભાજ્ય છે, સ્પર્શાદિની અપેક્ષાએ સાંશ અને નિરંશ છે. જુઓ પરમાણુછત્રીશી (ઊંઝા)

**સ્પષ્ટીકરણ**

આખા હિન્દુસ્થાનમાંથી કોઈપણ ગામનો કોઈ પણ જૈન કોઈપણ ગામમાં સંઘ નોકારશી અને સાધર્મિક વાત્સલ્યોમાં જમવા જાય અને જવાનો હક્ક ધરાવે. તો તેમાંથી સંઘનો વ્યવહાર કરવો ન યોગ્ય ગણાય તેવા સાથે દરેક ગામનો સંઘ અસહકાર કરે તે અયોગ્ય નથી. આ વાત શિવજીલાલનની ચર્ચા વખત સ્પષ્ટ થયેલીજ છે. સહકારનો હક અને અસહકારનો હક નહિં એ તો જમાનાના જુવાનીયાની જોહુકમીજ ગણાય.

સત્યપ્રકાશકના મુનિયોએ દિગંબર, સ્થાનકવાસી, આર્યસમાજ અને બૌદ્ધ આક્ષેપોના ઉત્તરનીજ ગોઠવણ કરી છે, છતાં પણ શ્વેતાંબરના અને વળી સમાધાન નહિં પણ સજાને લાયકના ગુન્હાનો નિર્ણય પણ તે મુનિઓએ આપવો એમ કોન્ફરન્સ અને તેના યુવકો કબુલ કરે છે અને મુનિશ્રી વિદ્યાવિજયજી તેને ટેકો આપે છે તે ઘણુંજ સારૂં છે, પણ સંમેલનને તે સ્પષ્ટ ન કર્યું તો હવે સ્પષ્ટ થાય તે સારૂં છે. જો ભાઈ પરમાનન્દે કે યુવકપરિષદે ચર્ચા ઉપાડતાં કમીટીના બંધારણને માની તે કમીટી પાસે તેનો નિર્ણય માંગ્યો હોત તો કમીટીને શ્વેતાંબરના પરસ્પર ભેદના નિર્ણયમાં પડવું કે કેમ તેનો વિચાર કરવો પડત.

સુ. લાલને મુંબઈ ભાયખલે અને કન્વેન્શનમાં માફી માગેલી હોવાથી તેનું પ્રતિનિધિપણું હોય તો પણ સ્હામે કોઈ આવે નહિં. સંઘબહારની કિંમત ન ગણનારે કન્વેન્શન આદિના કિસ્સા કેમ ભુલી જવાય છે ?

યુવકોએ પરિષદમાં અમદાવાદના શ્રીસંઘને રૂઢિચુસ્તો આદિને નામે વારંવાર કહીનેજ બોલાવ્યો છે તે શું વાણીનો વિવેક હતો ?

ન્યાયાધીશ પોતાની સમક્ષ ગુન્હો બનવાથી અથવા ફરીયાદીના પુરાવાથી આરોપીને ગુન્હેગાર માને અથવા તેમ કહે તો ન્યાય કરવા લાયક ન રહે એમ યુવકો કહે તે નવાઈ નહિ ?

શાસનસુભટોએ સંતોષ લેવા જેવું એ છે કે સંઘબહાર કરવાનું શસ્ત્ર બુઠું છે એમ કહેનારા આજે સંઘબ્હારની સજાને ભયંકર ગણી સ્થાને સ્થાનેથી વિરોધી સૂરો કહાડે છે.

શાસનસેવકોએ ભાઈ પરમાનન્દના ભાષણમાં જેટલું અધાર્મિક તત્ત્વ હતું તેની જાહેરાત યુવકોની વારંવાર માગણી છતાં નથી આપી, તેથી ઘણીજ અધિક જાહેરાત યુવકોએ ભાઈ પરમાનન્દને અમદાવાદના શ્રીસંઘે શ્રીસંઘને સંબંધ ન રાખવા કરેલા ઠરાવની જાહેરાત આપી છે તે ન ભૂલવું જોઈએ.

યુવકો દશ દશ વર્ષથી જહેમત ઉઠાવ્યા છતાં કોઈપણ ધાર્મિકક્રિયાને રોકી શક્યા નથી, તો હવે આટલાથી સમજી ઘાતકશૈલી છોડી બાલવૃદ્ધલગ્ન અટકાવવા, બેકારી ટાળવાં કન્યાવિક્રયો રોકવા, સટ્ટા, જુગાર, નાટક, સીનેમા, હોટલો આદિ બંધ કરાવવા જેવા ધાર્મિકોની સહાનુભૂતિવાળા પોતાને લાયકના ક્ષેત્રોમાં પ્રવૃત્તિ આદરવાની જરૂર છે.

ધ્યાન રાખવા જેવું છે કે ધર્મના પાયા હચમચાવવા જેઓ તૈયાર થાય છે તેઓ પોતાની અધમદાનત તો સફલ નથી કરી શકતા પણ અધમધારણાથી પોતાનેજ નુકશાન કરે છે. શાસનરસિકોને તો શાસનરક્ષાની ધારણા હોવાથી જે પરિશ્રમ, અર્થવ્યય અને કાલક્ષેપ થાય છે તે સત્કાર્યની માફક સફલજ બને છે.

૧ મસ્તક, ભુજા, ચરણ જેવાં અંગો ખંડિત હોય તો તે સર્વથા પ્રતિષ્ઠા કરવીજ નહિ. મુખ્યતાએ પ્રહલાદનીય મૂર્તિ પ્રતિષ્ઠિત કરવી યોગ્ય છે. (કલકત્તા)

૧ જૈને જૈનને મળતાં કે પત્ર લખતાં પ્રણામજ લખવા જોઈએ. જયજિનેન્દ્ર તો સ્હામો સમ્યગ્દર્શન વિનાનો હોય અને તેથી પ્રણામ ન લખાય માટે હોય. સમ્યક્ત્વવાન્ પિતા તેવા પુત્રને લખે તેમાં એકલા પ્રણામ લખે અને તેવો પુત્ર તેવા પિતાને કાગલ લખે કે પ્રણામ લખવા સાથે મહોપકારાદિ જણાવી શકે. ચતુર્વિધસંઘમાં પરસ્પર પ્રણામનો વ્યવહાર હોવોજ જોઈએ.

૨ રાજા, અમાત્યઆદિ અધિકારીયોને હાથ જોડવા કે શિર નમાવવું તે લૌકિકક્રિયા છે. તેને લૌકિકબુદ્ધિથી કરવામાં સમ્યક્ત્વમાં દૂષણ નથી. લૌકિક અને પ્રાવચનિક ભેદને સમજી લેવા જેવા છે. (મહેસાણા)

૧ શ્રીહીરપ્રશ્નમાં ચતુર્દશીએ કલ્પ વંચાય અને અમાવાસ્યાદિની વૃદ્ધિએ અમાવાસ્યા કે પડવે કલ્પ વંચાય એમ જણાવેલું છે. બીજી ચઉદશ કે બીજી અમાવાસ્યા એમ જણાવેલું છે. બીજી ચઉદશ કે બીજી અમાવાસ્યા એમ જણાવ્યું નથી. એ ઉપરથી જણાય છે કે ચઉદશ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ હોય તોપણ તેરસજ બે કરવી અને એ પ્રમાણે પાંચમ ભાદરવા સૂદની વધે ત્યારે ત્રીજ બે કરવી ઉચિત જણાય છે. ઉદયવાળી તિથિ આરાધવાનો લેખ બેસતી કે આથમતી તિથિની આરાધનાના વ્યવચ્છેદ માટે છે, ક્ષય કે વૃદ્ધિના પ્રસંગમાં તેનો ઉપયોગ નથી, કારણ કે ક્ષયમાં ઉદયવાળી હોયજ નહિ અને વૃદ્ધિમાં બન્ને ઉદયવાળીજ હોય. વળી તિથિને અંગે પચ્ચક્ખાણો સવારથી થાય માટે હંમેશા ઉદયવાળી તિથિ લેવાય. પૂર્ણિમાની વૃદ્ધિએ તેરસ બે કરાય છે તેમાં ચૌદશનો ઉદય હોતોજ નથી, તેમ અહીં પાંચમની વૃદ્ધિમાં ત્રીજ બે કરતાં સમજવું યોગ્ય છે. બીજો કોઈ પાઠ બીજી રીતનો હોય તો માનવામાં અડચણ નથી.

(વાસા)




## -: ક્રિયાએ કર્મ પરિણામે બંધ એ વાક્યનો મર્મ :-

(ગતાંકથી ચાલુ)

### અનુકૂળ સંયોગોજ કારણભૂત છે.

પહેલી વાત તો એ છે કે જો અનુકૂળ સાધનો એજ સુખનું કારણ હોય અને સુખને માટે બીજું કાંઈ કારણજ ન હોય તો પત્થરને જે અનુકૂળ સાધનો મળે છે તેમાં કાંઈ ફેરફાર યા તફાવત છે કે નહિ ? પત્થરનું અને માણસનું સન્માન થાય ત્યાં માત્ર અનુકૂળ સંયોગોજ કારણભૂત છે એ વાત તમે કબુલ રાખો છો ? નહિજ ! પત્થરના એક ટુકડાની મૂર્તિ અને બીજા ટૂકડાના પગથીયાં બને છે એમાં માત્ર અનુકૂળ સંયોગો કારણભૂત છે એમ તમે કહો છો, પરંતુ પત્થરને અને માણસને બંનેને જે સન્માન મળે છે તે બંનેમાં અનુકૂળ સંયોગોજ કારણભૂત છે એ વાત તમે સ્વીકારતા નથી ! ધારો કે એક કસાઈ પોતાની સામે એક માણસને, એક બકરાને અને એક પત્થરાને ગોઠવે છે અને પછી તેની સામે તલવાર ઉગામે તો એ વખતે પેલા ત્રણેની શી દશા થાય તે તપાસો.

### છરીનો ભય કેમ લાગે છે ?

પેલો કસાઈ બધાને કાપી નાખવાની વાત કરે છે, તેથી પેલો પત્થર ચમકતો કે આઘે ખસતો નથી, પરંતુ માણસ અને બકરો બંને ચમકે છે અને તે ચમકીને આઘા ખસે છે ! કસાઈએ હજી તો છરો હાથમાંજ લીધો છે, માર્યો નથી, પરંતુ માત્ર ઉગામવાની જ વાત કરી છે. પરંતુ એટલામાંએ પેલો પત્થરો તથા બકરો ચમકતા નથી પણ માણસ ચમકે છે અને કસાઈ જ્યારે ખરેખર છરી ઉગામે છે ત્યારે મનુષ્ય અને બકરો બંને ચમકે છે, આથી સ્પષ્ટ થાય છે કે અનિષ્ટનો સંયોગ થવાની વાત સાંભળ્યા માત્રથી મનુષ્યશરીર કંપે છે ! અનિષ્ટ શબ્દ, રૂપ, રસ, ગંધ કોઈનો પણ સંયોગ થવાની વાત સાંભળ્યા માત્રથી માણસને અત્યંત ચમકારો આવે છે. તેનું કારણ એ છે કે માણસમાં લાગણી રહેલી છે, એજ રીતે અનિષ્ટ સંયોગોનો સ્પર્શ થવાનો છે એવાં લક્ષણો જ્યારે પશુઓ દેખે છે ત્યારે પશુઓ પણ

કંપવા લાગે છે, પત્થર નથી કંપતો !

## પુણ્યનો ઉદય હોવોજ જોઈએ.

પત્થરને અનિષ્ટસંયોગો મળવાની વાતો યા દેખાવ સાંભળવા કે જોવાથી કંપ થવા પામતો નથી. એનું કારણ એ છે કે પત્થરમાં લાગણી રહેલી નથી. પત્થર એ લાગણી વગરની ચીજ છે. અને મનુષ્ય એ લાગણીવાળી ચીજ છે. લાગણીવાળી ચીજમાં પુણ્યપાપનો વિચાર કરાય, પરંતુ લાગણી વગરની ચીજમાં પુણ્યપાપનો વિચાર શી રીતે કરી શકાય? પત્થરને સુખ, દુઃખ થવા પામતું નથી. એજ પ્રમાણે મનુષ્યને પણ સુખ, દુઃખ ન થાય તો મનુષ્યની સમાનતામાં પત્થરનું દૃષ્ટાંત દઈ શકાય. પત્થર ઉપર આઘાત કરીએ તોપણ તેથી પત્થર ડરતો નથી અથવા તેને ભય લાગતો નથી, પરંતુ મનુષ્યને કહીએ કે તને કાપી નાખવો છે. તો તેને જરૂર કંપ થાય છે. મનુષ્ય લાગણીવાળી ચીજ છે. તેને અનુકૂળ સાધન મળે ત્યાં પુણ્યનો ઉદય હોવો જ જોઈએ અને જો તેને પ્રતિકૂળ સંયોગો મળે તો એમ પણ સ્પષ્ટથાય છે કે ત્યાં પાપનો ઉદય હોવો જોઈએ. પાપ કે પુણ્યના ઉદય સિવાય તો શુભ કે અશુભ સંયોગો મળી શકતા જ નથી.

## ''ક્રિયાએ કર્મ પરિણામે બંધ''

તિજોરીમાં લાખ કે કરોડો હોય તેથી કાંઈ તિજોરીને લાગણી થવા પામતી નથી. જ્યારે મનુષ્યને લાખ કે કરોડ મળે તો તેથી તેને લાગણી થવા પામે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે લાખને આધારેજ લક્ષાધિપતિની ગણના થવા પામતી નથી, પરંતુ લાગણીને આધારેજ લક્ષાધિપતિપણાની કિંમત છે. આ ઉપરથી તમે કબુલ કરશો કે લૌકિક દૃષ્ટિ એ તત્ત્વ વિનાનીજ ચીજ છે. જ્યારે લોકોત્તર દૃષ્ટિ એ મૂળતત્ત્વને પકડનારી ચીજ છે. આથી તમે એ વાત સ્વીકારી શકશો કે, ''પરિણામ બંધ આપનારૂં છે.'' ક્રિયાએ કર્મ અને પરિણામ બંધ આપનારૂં છે''. આ વાક્યમાં કેટલાક ભવ્ય જીવો પણ અજ્ઞાનતાને લીધે માર્ગ ચૂકીજ જાય છે. આ વાક્યના સંબંધમાં માર્ગ ચૂકનારાઓ એવો અર્થ લે છે કે ક્રિયા ગમે તેવી થાય તેની ફીકર નથી. પરિણામ સુંદર જોઈએ, કારણ કે બંધ એ તો પરિણામ ઉપર આધાર રાખનારી ચીજ છે. આ રીતે કહીને જેઓ માર્ગભ્રષ્ટ થાય છે, તેમણે શાસ્ત્રાજ્ઞાનો મર્મ સમજવાની જરૂર છે. શાસ્ત્રકારને ઉપલું વાક્ય શા માટે કહેવું પડ્યું છે તે વિચારો ન્યાયાધીશની પાસે કોઈ નવો મુકર્દમો આવે છે અને તે જ્યારે તેનો ન્યાય આપે છે, ત્યારે વાદિપ્રતિવાદી બંને ન્યાયાધીશની પાસે ન્યાય લેવા બેઠેલા હોય છે. વાદિપ્રતિવાદી જો ન્યાયાધીશના કબજામાં ન હોય, તે ન્યાયાધીશની સત્તાથી બહાર હોય, તો ન્યાયાધીશ પોતે ચૂકાદો આપતો નથી. એજ ન્યાયે ન્યાયાધીશરૂપી બંધની આગળ અથવા શાસ્ત્રકારની આગળ પરિણામ અને ક્રિયા એ બંને ચુકાદો લેવાને માટે ગયા છે, ત્યારે શાસ્ત્રકારે તેમનો ચુકાદો આપતાં ઉપરનું વાક્ય કહેવું પડ્યું છે. ક્રિયા અને પરિણામ એ બંનેને શાસ્ત્રકાર પાસે ચૂકાદો લેવા આવવું પડે છે, તો એવું અનુમાન કરવું સહજ છે કે એ બેને કાંઈ સંબંધ હોવોજ જોઈએ. વાદી કોર્ટે જાય છે, તે પણ પ્રતિવાદીના સંબંધને અંગેજ કોર્ટે જાય છે. પ્રતિવાદી સાથે સંબંધજ ન હોય તો વાદીને કોર્ટે જવાપણાનો આવકાશજ નથી.

## વાદિ પ્રતિવાદીનો સંબંધ

વાદી અને પ્રતિવાદીને સંબંધ હોવોજ જોઈએ એ પહેલી વાત. બીજી વાત એ કે તેમના સંબંધમાં કાંઈ બગાડો થએલો હોવો જોઈએ આ બન્ને વસ્તુ હોય તોજ પ્રતિવાદીની સામે વાદીને ન્યાયાલયમાં જવાપણું રહે છે. અર્થાત્ અહીં ક્રિયા અને પરિણામ

એ બેને સંબંધ છે એમ આપણે માનવું પડે છે. જો ક્રિયા અને પરિણામ એ બેનો સંબંધજ ન જોડશો તો તો એ બન્નેના સંબંધમાં ન્યાય માગવાનો અધિકારજ ઉભો થવા પામતો નથી. ક્રિયા અને પરિણામનો જો તમે સંબંધજ ન જોડો, તો તમે આગળ વધી શકતાજ નથી. જે માણસ અમેરિકામાં રહે છે અને તે હિંદુસ્થાનમાં કદી આવ્યોજ નથી એવા માણસ ઉપર હિંદુસ્થાનનો કોઈ વેપારી એવું જણાવીને દાવો માંડે કે આ ગૃહસ્થે મારા હાથમાંથી હજાર રૂપીઆનો હીરાનો હાર ઝુંટવી લીધો છે, તો તેની ફરિયાદમાં તેનો કાંઈ દહાડોજ વળતો નથી, પણ જો પેલો ધણી સામો ફરિયાદ માંડે તો એ જવાબ આપતાં ઉંધો થઈ જાય છે ! એજ રીતે તમે પણ ક્રિયા અને પરિણામ સંબંધ વિનાના લો તો તો પછી એ વિચારસરણીને આધારે કોઈ અધર્મી યા પાપી ડરતુંજ નથી ! જાતનો મિયાં હોય અને ગાય કાપે, તોપણ તે એમજ સમજે કે આ મારો ધર્મ! બકરી કાપુ બકરો કાપી નાખે તેમાં પણ તે એમજ સમજે કે આ મારો ધર્મ ! બોકડામારૂ હજારો બોકડા હોમી દે તે છતાં તે સમજે છે કે આ મારોજ ધર્મ! પૂર્વે વૈદિકોની એક શાખાના તાંત્રિકો કાશીમાં જઈને કરવત મૂકાવતા હતા, છતાં એમજ ધારતા હતા કે આ પણ ધર્મ છે. કસાઈ ગળાં કાપવામાં પણ ધર્મ માને છે અને ખેડુત હળ ચલાવવામાં પણ ધર્મ રહેલો છે એમજ ધારી લે છે. આ સઘલાના કાર્યો તદ્દન ખોટાં, દયા અને સદાચારની દૃષ્ટિએ નિંદાપાત્ર છે છતાં તેઓ બધા એમાં ધર્મ માનેજ છે !

## એકજ માર્ગ નકામો છે.

પરિણામે બધાજ ધર્મવાળા છે અને જેઓ પાપો કરે છે તે પણ ધર્મ કરૂં છું એવા ઈરાદાથી પાપ કરે છે. હવે જો ક્રિયા માત્ર ખોટી છે અને પરિણામ શુભ જોઈએ એવો એકલોજ માર્ગ પકડીએ તો તેનું પરિણામ એ આવે છે કે ધર્મી વર્ગ ઘણાજ મોટા પ્રમાણમાં વધી જાય છે અને માત્ર નાસ્તિકોજ અધર્મની કક્ષામાં બાકી રહેવા પામે છે ! પરિણામે બધાજ ધર્મ માનનારા છે અને પરિણામ ધર્મના છે તો એવાઓએ જે ક્રિયા આદરેલી હોય તે બધી ધર્મ ગણી શકાયજ નહિ! શાસ્ત્રકારની કોર્ટમાં બંનેની અરજી દાખલ થઈ છે. એ બેની અરજી દાખલ થઈ છે તે ઉપરથી સ્પષ્ટ માની લેવાનું છે કે બંનેને સંબંધ છે. જ્યાં હવે જેને જેને સંબંધ છે ત્યાં ત્યાં દાવાઓ થવા જોઈએ એમ માની શકાયજ નહિ ! સંબંધ તો ધણી-ધણીઆણી, મા-દીકરી, બાપ-દીકરો એ બધાની વચ્ચે હોય છે, પરંતુ તેમની વચ્ચે સંબંધ હોય છે તેટલાજ માત્રથી તેમને કોર્ટે જવાપણું નથી રહેતું.

## છેલ્લો નિર્ણય

સંબંધ થયા પછી તેમને કોર્ટે જવાપણું થાય છે તેનો અર્થ એ છે કે એ બંનેમાં વાંધો પડ્યો છે. ક્રિયા અને પરિણામ એ બંનેમાં સંબંધ હતો. તેમનો એ સંબંધ બગડ્યો એટલે તેઓ ન્યાય લેવાને માટે ગયા ! એટલે શાસ્ત્રકાર મહારાજાઓએ ન્યાય આપી દીધો કે **ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ !** ક્રિયા અને પરિણામ બંને મળીને કાર્ય શરૂ કરે છે. તેમાં આકસ્મિક સંયોગો આવીને ઉભા રહે એટલે ક્રિયા પલટી જાય છે, પરંતુ પરિણામ પલટતા નથી! હવે વિચારવાની વાત છે કે એ સંયોગોમાં બંધનો આધાર કોની ઉપર રહે છે ? ક્રિયા અને પરિણામનો સંબંધ જોડીએ. પછી તે આધારે શુભ ક્રિયા અંતે પરિણામનો આરંભ શરૂ થાય છે. તેમાં આકસ્મિક સંયોગે પરિણામ અશુભ પલટી શુભ થયા અને આકસ્મિક સંયોગેજ ક્રિયા શુભ હતી તે પલટીને અશુભ થઈ ગઈ. અશુભ ક્રિયા તે શુભ થઈ જાય છે એ સંયોગોમાં આત્માને કર્મનું બંધન કોને આધારે થવા પામશે તે વિચારજો !

વધુ સમજવાને માટે એક સ્પષ્ટ ઉદાહરણ લઈએ. ધારો કે એક વ્યક્તિ ઉપાશ્રયે જવા માટે અને ત્યાં જઈ સામાયિક કરવા માટે ઘરેથી નીકળે છે. આ માણસના પરિણામ અને ક્રિયાએ બંને સામાયિકના છે એમાં તો સંશયજ નથી, પરંતુ માર્ગમાં જતાં પ્રમાદથી તેના પગ નીચે કોઈ જીવ આવે છે અને તે મરી જાય છે ! અહીં આરંભમાં ક્રિયા અને પરિણામ (ભાવ) એ બંને સામાયિકનાજ હતા, પરંતુ એવામાં પગ નીચે આકસ્મિક એક જીવ આવે છે અને તે માર્યો જાય છે. જીવ પગ નીચે મરી જાય છે. એ ક્રિયા સામાયિકથી ઉલટીજ થાય છે ! ક્રિયા જોકે ઉલટી થાય છે, પરંતુ પેલી વ્યક્તિના પરિણામ- તેનો ભાવ તો સામાયિકનોજ છે ! તો આ પ્રસંગે સામાયિકની ભાવનાનો લાભ થાય તે વધારે છે કે પેલો જીવ અકસ્માત પગ નીચે આવીને મરી ગયો, તેની વિરાધના થઈ અને તેથી જે ગેરલાભ થાય તે વધારે છે ?

જો તમે એમ કહેશો કે ક્રિયાએ પરિણામ કરતાં વધારે છે અને તે દૃષ્ટિએ સામાયિકના પુણ્ય કરતાં કીડી મરી ગયાનું પાપજ વધારે છે તો એનો અર્થ તો એજ થવાનો કે તમારે સામાયિક માટે ઉપાશ્રયે પણ જવુંજ નહિ, અને તેજ ન્યાયે સાધુ મહારાજાઓની પધરામણી થાય તો તેઓના સામૈયામાં, સંઘ પધારતો હોય તો તેના સત્કારાર્થે ધાર્મિક વરઘોડામાં અને જિનબિંબપૂજા માટે દહેરે પણુ જવું જ નહિ, કારણકે એ પ્રત્યેક સમયે પગ નીચે કાચું પાણી, જીવતી વનસ્પતિ, જીવો વિગેરે આવે છે અને તેમની વિરાધનાજ થાય છે !! ક્રિયાનું કથંચિત્ પલટવું થાય છે તેટલામાં જો બંધ માનીએ તો ઉપર પ્રમાણેની સ્થિતિ થવા પામે છે. ક્રિયા એની એ શુભ પ્રકારની રહે અને પરિણામો શુભ રહે તો તો લાભજ મળે અને ક્રિયા પલટે પણ પરિણામ ન પલટે તો તેથી પણ લાભનીજ પ્રાપ્તિ થાય, છે. હવે ક્રિયા બરાબર રહે, ક્રિયામાં પલટો ન થાય પરંતુ પરિણામ પલટી જાય તો શું સ્થિતિ આવે તે વિચારીએ.

### શુભ ક્રિયા અને અશુભ પરિણામ

બીજું એક ઉદાહરણ લો. એક માણસ સામાયિક કરવા આવે છે, પરંતુ તેને એવો વિચાર થાય કે સામાયિક કરવા આવ્યો છું, પરંતુ શાકભાજીને મોડું થશે તો ? અહીં ક્રિયા સામાયિકની છે પરંતુ પરિણામ શાકભાજીના છે. આ સ્થાન ઉપર વિચાર કરજો કે ક્રિયા કર્મને અંગે જરૂરી થશે કે પરિણામ કર્મને અંગે જરૂરી થશે ? અહીં તમારે એજ ઉત્તર આપવો પડશે કે પરિણામ થાય છે તેજ ક્રિયાને અંગે જરૂરી છે. જ્યાં ક્રિયા અને પરિણામ સાથે શરૂ થાય છે અને પછી સંયોગવશાત્ ક્રિયા પલટી જાય છે તોપણ કર્મને અંગે તો પરિણામો જ જરૂરી ગણાય છે. આ વસ્તુ વધારે સ્પષ્ટ રીતે સમજવા માટે શ્રીપાર્શ્વનાથજી અને કમઠનો પ્રસંગ જોવો જરૂરી છે.

### શ્રીપાર્શ્વનાથ ભગવાન્ અને કમઠ

કમઠ એક મોટો મિથ્યાદૃષ્ટિ તપસ્વી હતો, તેના મિથ્યાતપની જગતમાં ભારે નામના થઈ હતી અને તપની સત્યાસત્યતા નહિ જાણનારા પામર માણસો કમઠ ઉગ્રતપ તપી રહ્યો હતો તે જોઈને તેને એક મોટો તાપસ માનવા લાગ્યા હતા. એ કમઠ એક સમયે કાશીએ ગયો અને ત્યાં જઈને પણ તેણે પોતાની ચારે બાજુએ પ્રચંડ પંચાગ્નિ ધૂણી ધખાવી. જબરી તપસ્યા આરંભી કમઠની આ ઉગ્રતપસ્યા સાંભળીને સઘળા લોકો તેના તપથી મુગ્ધ બની ગયા અને તેને જોવા માટે આવવા લાગ્યા. પાર્શ્વકુમાર

પણ આ તાપસને જોવા માટે આવ્યા હતા. તેણે પેલા તાપસને કહ્યું, " અરે તાપસ ! તારૂં આ તપ મિથ્યા છે અને તેમાં કેટલાય જીવોની હાનિ થાય છે. જે લાકડાં તું સળગાવી રહ્યા છે તેમાં એક પ્રચંડ નાગ માર્યો જાય છે. પાર્શ્વકુમારે એ બાળવાનાં લાકડાં ચીરાવી નાંખ્યાં તો તેની બખોલમાંથી ભયંકર સર્પ નીકળ્યો અને કમઠની પોલ ખુલી ગઈ. ભગવાન્ પાર્શ્વનાથ ઉપર કમઠને આ રીતે વેર બંધાયું હતું.

### ભવોભવે કમઠ નડ્યો

કમઠે ભગવાનનો એકજ ભવે ઉપસર્ગ નહોતો કર્યો, પરંતુ આગલા ભવના કમઠના જીવે ભગવાનને મરણાંત ઉપસર્ગો આપ્યા હતા. આ પ્રસંગમાં ભગવાન્ પાર્શ્વનાથજી અને કમઠ એમને ઉભયપક્ષી વૈર નહોતાં ભગવાન્ સામે વેર વાળવા માંગતા નહોતા માત્ર વેર વાળવાની વૃત્તિ જોઈએ તો તે કમઠમાંજ વિદ્યમાન હતી. કમઠ ગુન્હેગાર હતો. તેણે ભગવાનને ઉપસર્ગો આપ્યા હતા અને તેનેજ ભગવાન ઉપર વેર હતું. પાર્શ્વનાથ ભગવાનના ચરિત્રમાં પહેલા ભવથીજ કમઠે કાળાં કૃત્યો કર્યાં હતાં. કાળાં કૃત્યો કરનાર પાર્શ્વનાથજીનો આત્મા ન હતો. ભગવાન્ પાર્શ્વનાથજીના જીવે તો સહનશીલતાની પરાકાષ્ઠાજ દર્શાવી હતી. પાર્શ્વનાથજીનો આત્મા અને કમઠનો આત્મા એક ભવમાં સગાભાઈ તરીકે હતા. આ સગાભાઈએ પાર્શ્વનાથજીના પૂર્વભવની સ્ત્રી સાથે એક ઘાલમેલ કરી હતી. એક તિર્યંચની વાત લો તો તેનાથી પણ પોતાની સ્ત્રીનો પરાભવ નથી સહન થતો, પરંતુ ભગવાન્ પાર્શ્વનાથજીના જીવે પોતાની પત્નીનું અપમાન પણ સહન કરી લીધું હતું. વિચાર કરજો કે ભગવાનની આ કેટલી બધી સહનશીલતા હતી ? ભગવાનની સહનશીલતાની અહીં અવધિ હતી. હવે કમઠના જીવને માલમ પડ્યું કે મારા ભાઈએ પોતાની પત્નીના અપમાનની ઘટના મહારાજાને કહી હશે અને તેથી રાજા પોતાને સજા કરશે, એમ ધારીને કમઠનો જીવ તાપસ બન્યો હતો.

### અપ્રતિમ સહનશીલતા

રાજ્યની દૃષ્ટિએ શાસ્ત્રની દૃષ્ટિએ, રાજકુટુંબની દૃષ્ટિએ રાજકુમારની પત્નીનું અપમાન એ ગુનો મહાભયંકર છે, છતાં ભગવાન્ પાર્શ્વનાથજીનો જીવ ક્રોધ નથી કરતો. તેઓ વિચાર કરે છે કે પેલો કમઠ ઉગ્ર તપ તપે છે. તેને જઈને ખમાવી લઉં, હવે અહીં ભગવાનના જીવની સહનશીલતા કેટલી છે તે ધ્યાનમાં લેજો. ગુનો કરનાર ભગવાન નથી, દુઃખો આપનાર તેઓ નથી. તેઓ દુઃખો ખમનાર છે. અને છતાં દુઃખો આપનારને તેઓ ખમાવવા જાય છે. હવે બીજી તરફ પેલો કમઠ હાથમાં શીલા ધરીને ઉગ્ર તપ તપે છે. જેવો પાર્શ્વનાથનો જીવ સામે આવે છે તેવોજ પેલો શીલા ધરીને તપ તપતો કમઠ એ શીલા પાર્શ્વનાથજી ઉપર ફેંકે છે. અહીં ભગવાનના જીવને ક્રોધ આવતો નથી. જો તેને પણ ક્રોધ આવ્યો હોત તો અહીં બે પક્ષે વૈર શરૂ થાત, પરંતુ તેમ થતું નથી એકજ ભવમાં કમઠ પાર્શ્વનાથજીના જીવને સંકટ આપતો નથી પરંતુ તેને ભવે ભવે સંકટ આપે છે. મરણાંત ઉપસર્ગો આપે છે, છતાં ભગવાન્ અપ્રતિમ સહનશીલતા દાખવી તે સઘળું ગળી જાય છે.

### પ્રચંડ વરસાદ વરસ્યો !

આ ભવોભવના સઘળાં સંકટો ઓછાં હોય તેમ છેવટે દેવલોકે ગએલો એ તાપસ આકાશમાંથી ભગવાનનો નાશ કરવા પ્રચંડ જળ વરસાવે છે. કમઠ શ્રીપાર્શ્વનાથ પાસે આવે છે, ત્યારે તેના ક્રિયા કે પરિણામ એકે શુભ નથી. જેનું ભવોભવનું વેર છે, જેણે ભગવાનના આત્માને ભવોભવે મરણાંત ઉપસર્ગો આપ્યા છે. ભગવાનનો જીવ સામો ખમાવવા આવે તો તે સમયે જેણે તેમના ઉપર શીલા

ફેંકી છે, એવો અધમ આત્મા, તેના પરિણામો કેવાં હશે ? ભગવાનને ડુબાવી દેવાના આશયથી તે પ્રચંડ વરસાદ વરસાવે છે, પરંતુ આટલાં સંકટો છતાં દયામૂર્તિ પાર્શ્વનાથજીના હૃદયમાંથી દયા હઠતી નથી એ જોઈને કમઠની સાન ઠેકાણે આવે છે. તેને પોતાના દુરાચારો સમજાય છે. ભગવાનના આત્માની મહત્તા તે સમજે છે અને છેવટે એ આવે છે કે આવા પ્રચંડ પાપાત્મા બ્રાહ્મણ કમઠ તે પણ ભગવાનના આત્માની દિવ્યતા નિહાળીને સમ્યક્ત્વ પામે છે.

## આ ક્ષમા લોકોત્તર દૃષ્ટિએ નથી.

આ ઉદાહરણમાં ભગવાન્ શ્રી પાર્શ્વનાથજીએ જે ક્ષમા દર્શાવી છે એ ક્ષમા લોકોત્તર દૃષ્ટિએ આવી નથી. આત્માને કર્મ લાગે છે એ દૃષ્ટિ પણ ત્યાં નથી. વળી બીજી બાજુએ કમઠનું લૌકિકદૃષ્ટિએ પ્રવર્તન હોવાથી તે ધર્મ માર્ગમાં પણ આવ્યો નથી. કમઠની બુદ્ધિ કેવી છે તે વિચારજો. કમઠની બુદ્ધિ તો ભગવાન્ શ્રી પાર્શ્વનાથજીને કષ્ટ આપવાનીજ છે અને પોતાના તેજ આશયને પાર પાડવાને માટે તે કમઠ ભગવાનના નાક સુધી પાણી આવી જાય તેટલો વરસાદ વરસાવે છે. આવી સ્તિતિમાં કમઠના પરિણામ અને ક્રિયા જોઈએ તો તે બંન્ને ખરાબ છે, તેમાંથી એક પણ સારૂં નથી. ચોરમાં ચતુરાઈ હોય છે, જુલ્મીઓ અને દગાબાજોને મોહની જાળ પાથરતાં આવડે છે, તેઓ વિવિધ પ્રકારના પ્રપંચો રચી શકે છે એ સઘળાનું કારણ તેમના અજ્ઞાનાંતરાય કર્મ તુટ્યા છે, તેથી આઠ કર્મ જુદાં માન્યાં છે.

## ક્રિયા અને કર્મ બંને અયોગ્ય છતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ

કમઠની ક્રિયા અને ભાવ (પરિણામ) બંને અયોગ્ય છે. અરે ! મહાપાપકારક છે. એનાં જેવાં બીજાં મહાભયાનક પાપો નથી, તે છતાં તે ભગવાન્ શ્રીપાર્શ્વનાથના વિનાશને ઈચ્છતો અને વિનાશની ક્રિયા કરતો જ્યાં તેમની પાસે આવે છે. ત્યાં તેમની શાંતિ દેખી તે શાંત થાય છે અને સમ્યક્ત્વ પામે છે. હવે અહીં ખૂબ ખ્યાન રાખીને આ પ્રશ્ન વિચારજો. કમઠની જે ક્રિયા થાય છે, તે પણ ભગવાન્ શ્રીપાર્શ્વનાથજીને મારી નાખવાની છે. તેની ભાવના છે - પરિણામ છે તે પણ ભગવાન પરિતાપ પમાડવાના છે, છતાં તે સમ્યક્ત્વ પામે છે ! હવે અહીં તમોને એવી શંકા થશે કે જેના ક્રિયા અને પરિણામ બંને ખરાબ છે અને તે પણ સાધારણ વાત માટે નથી, પરંતુ જેની સતત પ્રવૃત્તિ તીર્થંકર ભગવાનના નાશની છે, તે પણ સમ્યક્ત્વ શી રીતે મેળવી શકે ?

## ધર્મીને હાથે અધર્મી કામ થાય તો ?

આપણે કહીએ છીએ કે :-

भक्खणे देवदव्वस्स परइत्थीणं तु संगमे

सत्तमं नरयं जंति सत्तवारा उ गोयमा।।

ઠીક. જે આત્માઓ ધર્મના રાહ પર આવેલા છે. ધર્મને માર્ગે વિચરતા થયા છે, તેવાઓને હાથે જો ધર્મવિરોધી કામ થાય અથવા તેઓ તેવું કાર્ય કરવા બેસે તો આપણે માનવુંજ પડે કે તેમના અંતરમાં અજબ કાળાશ ઉત્પન્ન થએલી હોવીજ જોઈએ. ધારો કે બે ભાઈઓ હોય. નાનપણમાં કોઈ કર્મસંયોગે જુદા પડ્યા હોય. એક બીજાને ભૂલી ગયા હોય! એમાંનો એક ભાઈ ઝવેરાતનો વેપારી થાય અને બીજો ચોર થાય ! ચોરનો ધંધો ચોરીનો છે, ધાડનો છે, લૂંટફાટનો છે. આ ચોર પોતાનો ભાઈ કે જે ઝવેરી છે તેને ત્યાંજ ચોરી માટે પ્રવેશ કરે છે. તેના ઘરની સમૃદ્ધિ જુએ છે, અને લૂંટવાનો તથા પેલા ઝવેરીનું ખુન કરવાનો વિચાર કરે છે. હવે એની મનોવૃત્તિ કેવી નીચ અને પાપી છે, તેનો ખ્યાલ કરજો, પરંતુ એજ સમયે તેને તેનો બાપ ત્યાં આવીને એના ભાઈને ઓળખાવે - એના ભાઈનો સંબંધ

ખુલ્લો પાડે- તમે બે એક લોહીના છો એ વસ્તુ યાદ દેવાડે અને તે છતાં પણ પેલો ધાડપાડુ તલવાર ઉંચી કરીને ભાઈને કાપવાજ જાય તો એની મનોદશા કેટલી નીચ હશે તે વિચારજો.

## ધર્મી પાપ કરે તો ?

પોતાના ભાઈને ઓળખ્યા વિના મારવા જનારાના કરતાં તેને ઓળખ્યા પછી પણ મારવા જનારાની મનોદશા વધારે નીચ અને ભયંકર છે એમાં જરાય શંકા નથી એજ પ્રમાણે જે આત્માઓ ધર્મ સમજેલાજ નથી તેઓને હાથે પાપનાં કામો થતાં તેમના હૃદયમાં જેટલી કાળાશ હોય, તેના કરતાં વધારે કાળાશ પેલાના હૃદયમાં હોવીજ જોઈએ કે જેઓ ધર્મ શું છે એ સમજ્યા પછી એ સમજ્યા છતાં પણ અધર્મને આદરે છે ! જે ધર્મનેજ નથી સમજ્યો તે બિચારો અધર્મને ટાળી શકતો નથી. જે દેવદ્રવ્યનું કોડી જેટલું પણ ભક્ષણ કરે છે તેની ઉપેક્ષા કરે છે તેવા આત્માઓ સમ્યક્ત્વથી રહિત થાય છે. જે ધર્મમાં જોડાયેલા ન હોય તેવા આત્માઓ પાપાચાર સેવે, અધર્મ કરે, તો ધર્મ જાણનારાઓ પણ તેને ધર્મ કહીને ધર્મનો ઉપદેશ આપી શકે, પરંતુ ધર્મને જાણનારાજ પાપ કરવા મંડી પડે તો પછી ધર્મનો ઉપદેશ કોણ આપવા નીકળવાનું હતું? એવે પ્રસંગે તો ધર્મનો અંતજ આવે કે બીજું કાંઈ?

## બેમાં વધારે મૂર્ખો કોણ ?

ધર્મના કરતાં જે દ્રવ્યની કિંમત વધારે ગણતા હોય તેવાજ પાપાત્માઓ ધર્મને ભૂલી દેવદ્રવ્યભક્ષણરૂપ અધર્મમાં જઈ શકે. ધર્મને ન જાણનારો અધર્મ આચરે તે જેટલો બુરો છે તેના કરતાં ધર્મને જાણનારો અધર્મ આચરે તે વધારે બુરો છે. ઝવેરી ચળકતો પત્થર લેવાને માટે પત્થરા પેટે રત્ન આપી દે, તો તમે તેને વધારે મૂર્ખ કહેશો કે રબારી પત્થરા પેટે રત્ન આપે તો તેને ખરેખરો મૂર્ખ કહેશો ? પેલો રબારી ભલે મૂર્ખો ગણાય, પરંતુ ખરેખરો મૂર્ખો તો પેલો ઝવેરીજ છે. રબારી રત્નની કિંમત સમજતો નથી, જ્યારે ઝવેરી તો રત્નની કિંમત સમજે છે અને હવે જ્યારે ઝવેરી પેલું રત્ન તેનું મૂલ્ય જાણ્યા છતાં તેને પત્થર પેટે આપે છે, ત્યારે તેને મહામૂર્ખોજ કહેશો કે બીજું કાંઈ ? એજ દૃષ્ટિએ ધર્મનું મૂલ્ય સમજેલા પણ ધર્મ ચૂકી જાય તો સમજીજ લેવાનું છે કે તેમના અંતઃકરણમાં ધર્મના કરતાં સંસારની કિંમત વધારે મનાએલી જ છે તે સિવાય ધર્મને જાણનારો અધર્મમાં પ્રવૃત્તિ ન કરે.

## કમઠનું ઉદાહરણ વિચારો.

કમઠનું ઉદાહરણ તમારે આજ વિચારસરણીયે આજ કસોટી પર તોળી જોવાનું છે. તે ધર્મ જાણતો નથી તીર્થંકરનું મૂલ્ય કે તેમનું મહત્વ તેના ખ્યાલમાં પણ નથી, તે તો ભગવાન્ શ્રીપાર્શ્વનાથજીનો નાશ કરવાના વિચારોનેજ સેવે છે અને સત્યાસત્ય જાણતો નથી. અર્થાત્ તેનાં બધાં કામો અજ્ઞાનતાથી ભરેલાંજ છે અને તેથીજ તે જ્યારે ભગવાનની મહત્તા અને પવિત્રતાને ઓળખે છે ત્યારે તેને શરણે આવી સમ્યક્ત્વને પામી જાય છે, પરંતુ જે સમ્યક્ત્વ પામેલા છે, સત્યના જાણનારા છે, દેવગુરુને ઓળખનારા છે, તેઓ પણ જો દેવદ્રવ્યને ચાટી ખાવાની વાત કરે તો પામેલા સમ્યક્ત્વને પણ તેઓ વમી નાખે છે અર્થાત્ તેમનું સમ્યક્ત્વ 'શૂન્ય' માંજ મળી જાય છે. આ સઘળા ઉપરથી તમારે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ધર્મને ન જાણનારા ભલે અધર્મ કે પાપ કરી શકે, પરંતુ ધર્મને જાણનારા આપણે તો અધર્મને પંથે એક પગલું પણ નજ ધરી શકીયે.

## તમે રાજી થાઓ.

તમારો છોકરો તદ્દન અજ્ઞાન હોય તેને, કાંઈ પણ આવડતું ન હોય અને તેવો છોકરો ધોળા કાગળ પર એકડાને નામે લીટાં ખેંચે તો તે લીટાં જોઈને પણ તમે ખુશ થઈ જાઓ છો ! પણ મેટ્રીક થએલો

ચોપડા લખવા બેસે અને ચોપડો છેકી નાખે છે તો તમે તેને એમ નથી કહેતા કે મૂર્ખા ! ભણેલું પાણીમાં ગયું. તમે ભણેલાનું ખોટું કામ જોઈ તેને ઠપકો આપો છો અને વગર ભણેલાનું ખોટું કામ જોઈ તેને ઠપકો નથી આપતા, તેજ પ્રમાણે ધર્માધર્મનું પણ સમજવાનું છે. ધર્મ કરનારો ધર્મ જાણનારો પાપાચાર આદરે તો તેને ડુબી મરવાનુંજ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કમઠે ભગવાન્ શ્રીપાર્શ્વનાથજીને મરણાંત ઉપસર્ગો કર્યા હતા, પરંતુ તે સઘળા અજ્ઞાન વશ થઈને કરેલા હોવાથી અને તેને સત્ય જણાયું ત્યારે તે ભગવાને શરણે આવેલો હોવાથી તે સમ્યક્ત્વ પામી ગયો તે યોગ્યજ હોય તેમાં શંકા કરવાનું યા શંકા લાવવાનું કાંઈ કારણજ નથી.

## એ ભયજનક ઉપસર્ગો

કમઠે ભગવાન શ્રીપાર્શ્વનાથજીને ભારે ઉપસર્ગો કર્યા હતા. વળી ભગવાનનો નાશ કરવાની ઈચ્છાએ તેણે જે વરસાદ વરસાવ્યો હતો તે તેણે અટકાવ્યો નહતો. પૂરના પાણી તેણે ઓસરાવ્યા નહતા અથવા ભગવાનને તેણે પાણીમાંથી ઉંચે પણ લીધા નહતા. પોતે જે સંકટો ઉભાં કર્યા હતાં તે તેણે ટાળ્યાં નથી. તેણે બચાવનો કોઈ રસ્તો શોધ્યો જ નથી અને એની, એનીજ એજ ક્રિયા ચાલુ છે. છતાં ત્યાં કમઠ સમ્યક્ત્વ પામે છે. કમઠના ક્રૂર કર્મ પ્રવાહના પૂર ચઢ્યા છે, નાક સુધી પાણી આવ્યું છે, છતાં ભગવાન્ પાર્શ્વનાથના શરીરનું એક રૂવાડું પણ હાલતું નથી. આ ભવ્ય દૃશ્ય જોઈને કમઠની ખાતરી થાય છે કે આજ મહાપુરુષ તરી શકે અને તારી શકે એવા છે. બીજા નહિ આ મહાપુરુષો આત્માનીજ કિંમત સમજેલા છે. તેમણે આત્માનેજ પ્રમાણ ગણ્યો છે. શરીરની કિંમતજ તેઓ સમજેલા નથી. જો તેઓ આત્માની કિંમત ન સમજ્યા હોત અને શરીરનીજ કિંમત સમજ્યા હોત તો તો આ ઉપસર્ગોમાંથી બચવા નાસભાગ કરીજ મૂકત.

## તેજ ધર્મતત્ત્વને સમજેલા છે.

કમઠ વિચારે છે કે મરણને એક તસુ દૂર જોવા છતાં પણ જેઓ દૃઢ છે તેઓજ સાચા ધર્મતત્ત્વને સમજેલા છે, અને એવા ધર્મવીરને ધન્યવાદ આપવો એજ માનવતા છે. મારે એ મહાપુરુષને ધન્યવાદ આપવોજ રહ્યો, પહેલાં કમઠનો એવો વિચાર હતો કે ક્યારે હું પરાક્રમ કરૂં અને એને ચગદી મારૂં ? હવે તેજ વિચાર ફરી જાય છે અને ધન્યવાદ આપવાને તૈયાર થાય છે. હીરો ખોવાઈ જવાથી જેટલી ખોટ આવે છે તેટલોજ હીરો જડવાથી લાભ પણ થાય છે. એજ દૃષ્ટિએ પહેલાં શ્રીજિનેશ્વર ભગવાનને ઉપદ્રવ કરવાથી જેટલી અને જેવી દુર્ગતિ બંધાતી હતી તેજ રીતે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોના જ્ઞાન શ્રદ્ધા આત્માનું ખમીપણું એ સઘળાની અનુમોદના થવા આવી તે સમયે તેટલો લાભ પણ થયો એ વાત સ્પષ્ટજ છે.

## દાવાનળમાં કમળ ઉગ્યું.

દાવાનળમાં કમળ ઉગવું એ ખરેખરૂં મુશ્કેલ છે. પણ તે અહીં બને છે. જે ભક્તિ કરનારા છે તેવાઓને પણ શ્રીજિનેશ્વર ભગવાનની આત્મદશા સમતાબુદ્ધિ પવિત્ર ધારણાઓએ બધું લક્ષમાં આવવું મુશ્કેલ થઈ પડે છે. પૂજા ધ્યાન એ બધું કરવા છતાં ભગવાની આત્મદશા લક્ષમાં આવવી મુશ્કેલ પડે છે. પૂજા ધ્યાન ભક્તિ એ ધર્મનો બગીચો છે અને સમ્યક્ત્વ એ એ પવિત્ર બગીચામાં ઉગતું કમળ છે. બીજી બાજુએ ભગવાનનો દ્વેષ તેમના નાશની ઈચ્છા તેમના વિનાશની પ્રવૃત્તિ એ દ્વેષનો દાવાનળ છે. ભગવાનની જે નિત્ય પૂજા કરે છે, આરાધના આદરે છે તેમને પણ ભગવાનના સમતા જ્ઞાન શ્રદ્ધા રૂંવાડે રૂંવાડે રમવી મુશ્કેલ છે તો બીજી બાજુએ કમઠમાં તો દ્વેષનો દાવાનળ પ્રકટેલો છે. વેર સિવાય ત્યાં બીજું કાંઈજ નથી, શ્રીતીર્થંકરના નાશના વિચાર સિવાય ત્યાં બીજો વિચારજ નથી, ત્યાંથી પણ પ્રશંસા

થાય તો તે પ્રસંગ કેટલો દુષ્કર હોવો જોઈએ તે તમેજ વિચારી લો.

### ક્રિયા એ કર્મ પરિણામે બંધ

દ્વેષના દાવાનળમાંથી દયાનો ઝરો છૂટ્યો છે. દ્વેષની ધીખતી ધુણી જેવા કમઠના હૈયામાંથી ભગવાનની પ્રસંશા પ્રકટ થાય છે અને તે પ્રભુની મહત્તા કબુલે છે એ વસ્તુ કેટલી મુશ્કેલી છે ! અહીં જો ભગવાન શ્રીતીર્થંકરદેવની સમતા ન હોત તો કાંઈપણ કાર્ય નજ થાત ! કોઈ કહેશે કે ભવિતવ્યતાજ અહીં પણ કારણભૂત છે, તો તેને જવાબ એ છે કે ભવિતવ્યતાની જરૂર છે એ વાત તો ખરી, પરંતુ એકલી ભવિતવ્યતાથી દહાડો વળતો નથી, તે સાથે અહીં બીજા કારણોની પણ જરૂર છે. કમઠની ક્રિયા અને પરિણામ બંને અધમમાં અધમ હતા. આગળ જતાં એમ થાય છે કે પરિણામ પલટી જાય છે અને ક્રિયા ચાલુ રહે છે. ક્રિયા ચાલુ રહે છે, પરંતુ ત્યાં એ ક્રિયા કરનારે પોતાનું કામ કાઢી લીધું છે. આથી સ્પષ્ટ થાય છે કે ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ એ વાક્ય તદ્દન સાચું છે. હવે એ વાક્યમાં અંતરંગે રહેલો તેનો અર્થ અને તે અર્થનું શું મહત્વ છે તે વિચારવાનું બાકી છે.

### ક્રિયા અને પરિણામ

ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ એનો અર્થ એ છે કે આકસ્મિક રીતે શુભ પરિણામનો પલટો થાય તો ક્રિયાનું શુભપણું રહેતું નથી તેમ અશુભ પરિણામે અશુભ ક્રિયા શરૂ થઈ તેમાં પણ પરિણામને આધારે બંધ થાય છે. ક્રિયા અને પરિણામ બન્નેએ મળીને કરેલા કાર્યમાં આકસ્મિક સંયોગે પલટો થાય તેથી ત્યાં ફેરફાર થાય છે. પરંતુ તેથી એમ નથી સમજવાનું કે અજ્ઞાનીઓ ખરાબ ક્રિયાઓ કરે છે, તેઓ પણ કમઠના ઉદાહરણને માર્ગે લાભ મેળવી શકે છે. ઉપલું વાક્ય માત્ર શાસ્ત્રાનુસારી ક્રિયા શરૂ થાયને તેમાં ફેરફાર થાય તે વખતના વિવાદને માટે તે પુરતુંજ સમજવાનું છે, અન્યથા નહી, આ સઘળી ચર્ચા ઉપરથી એક વસ્તુ એ સ્પષ્ટ થઈ ગઈ કે લોકોત્તર દૃષ્ટિ પરિણામ ઉપર આધાર રાખે છે, ત્યારે લૌકિક દૃષ્ટિ બાહ્યસંયોગો ઉપર આધાર રાખે છે, પરંતુ એનેય છેવટે પરીણામ ઉપર આધાર રાખવોજ પડે છે. હવે આ મુખ્ય સિદ્ધાંત સાબીત કરી લીધા પછી આપણે આપણી મૂળવાત ઉપર આવીએ.

### ફાસુક અને અચિત્ત

શ્રાવકે એવો વિચાર કરવો જોઈએ કે "અચિત્ત એષણીય" એટલે હું નિર્જીવ અને શુદ્ધ ખાવાવાળો થાઉં, જે આ રીતે વર્તે છે તે ઉત્કૃષ્ટ શ્રાવક છે, ફાસુ એષણીય આહારવાળા થવું એ તો ઉત્તમજ છે, પરંતુ ફાસુ એષણીય એ બધાજ ન લઈ શકે. બધાજ એ આહાર લે એવું બનવું જ અશક્ય છે માટેજ ફાસુ એષણીયની અશકયતાએ તે ન હોય તોપણ અચિત્ત હોય એ ગ્રાહ્ય છે, એવો શાસ્ત્રકારોનો દૃઢ મત છે. અચિત સર્વોત્તમ છે એની તો કોઈ ના પાડી શકે એવું છેજ નહિ પરંતુ અચિત્ત સ્વાભાવિક શુદ્ધ ન બને તો એકલું ફાસુ કરેલું પણ અચિત્તજ લેવાનો શાસ્ત્રાધાર છે, હવે તમે કોઈ એવો પ્રશ્ન કરશો કે ગૃહસ્થ અચેતન આહાર પોતાને હાથે બનાવીને તે ખાય છે, તો પછી તેજ ગૃહસ્થ સચેતન વસ્તુઓનો આહાર લે તો તેમાં ખોટું શું ? પાણી સચેતન પીએ તો માત્ર અપ કાયની વિરાધના થાય છે, અને એજ પાણી અચિત્ત કરવા જઈએ તો તેથી છએ કાયની વિરાધના થાય છે, તો છએ કાયની વિરાધના કરીને અચિત્ત પાણી પીવું તેના કરતા માત્ર એકલા અપ કાયનીજ વિરાધના થવા દઈને જ સચિત્ત પાણી પીવું તેમાં ખોટું શું ? જે શંકાવાદીઓ આવી શંકા ઉઠાવે છે તે નિઃસંશય શાસ્ત્રશ્રદ્ધા વિનાનાજ છે.

### અપોલ દુપોલ ઔષધી

જેઓ શાસ્ત્રની શ્રદ્ધાવાળા છે તેઓ ઉપર

પ્રમાણેની શંકા કદીપણ કરી શકવાનાજ નથી. વંદિતાસૂત્રમાં સાતમું વ્રત ભોગપભોગ પરિણામ છે તેના પ્રકરણમાં અતિચારનો વિષય જણાવતા કહ્યું છે કે અપોલ એટલે નહિ રાંધેલી વસ્તુ અને દુપોલ એટલે અધકચરી રાંધેલી વસ્તુ એ અપોલ અને દુપોલ એટલે અધકચરી રાંધેલી વસ્તુ એ અપોલ અને દુપોલ એ અતિચાર છે. પકાવતાં બાહ્ય આરંભ છએ કાયનો થાય તેના પાપ કરતાં સચિત્તના ભક્ષણનું પાપ બહુ વધારે છે અને સચિત્તનું ભક્ષણ અધમમાં અધમ છે. સચિત્તના ભક્ષણને જો અધમમાં અધમ ન ગણી શકો તો પછી અપોલદુપોલને પણ અતિચાર ગણી શકશો નહિ. આથી શાસ્ત્રનો એ નિર્ણય સ્પષ્ટ થાય છે કે છએ કાયના બાહ્યારંભ કરતાં સચિત્ત આહાર અત્યંત અધમ છે. અચિત્ત આહાર પરત્વે અત્યંત અધમ છે. અચિત્ત આહાર પરત્વે આ શાસ્ત્રનો નિયમ થયો, હવે આપણે શાસ્ત્રદૃષ્ટિને દૂર રાખીને હેતુ યુક્તિપૂર્વક એ વાત તપાસી જોવાનો પ્રયત્ન કરીશું, કે છએ કાયના બાહ્યારંભ કરતા સચેતન આહાર અધિક પ્રમાણમાં અધમ છે કિંવા નથી ?

## સચિત્ત કોણ ખાઈ શકે ?

પ્રથમ એ વાતનો વિચાર કરો કે જેઓ એવી ધારણા રાખે છે કે અચેતન હોય છે તેજ ખાવું તેવાઓ શી ધારણાવાળા હોય છે ? મારા શરીરે ભક્ષણદ્વારાએ કોઈપણ જીવની વિરાધના નજ થવી જોઈએ, એવા વિચારવાળાઓ ઉપરનો વિચાર સેવનારા હોય છે, ત્યારે સચિત્તનો આહાર તેઓજ કરી શકે છે કે જેઓ સચિત્ત ખાવામાં ફીકર નથી એવા પરિણામવાળો હોય છે, અચિત્ત ખાવાવાળાને છકાયની હિંસાના પરિણામ હોતા નથી માત્ર મારૂં પિંડ સચિત્ત જીવોનો વધ કરી વધારવું નહિ, આ બુદ્ધિથીજ તેઓ અચિત્ત આહાર વાપરે છે, સચિત્ત કે અચિત્ત આહાર લેવાય છે તેમાં એક ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે એમાં સઘળું પુદગલની દ્રષ્ટિએ જોવાય છે, પરંતુ જીવની અપેક્ષાએ કોઈ ઈન્દ્રિયો તેના વિષયો તેના સાધનો ઈત્યાદિને દેખતુંજ નથી. માત્ર પુદગલની અપેક્ષાએ આહાર આદિ બધું જોવાય છે.

આહાર આદિ જે સુખના કારણ તરીકે મનાય છે તે સઘલાં પુદગલની દૃષ્ટિએજ મનાય છે, આથી સિદ્ધ થાય છે કે આહાર, શરીરાદિ એ બધાં પુદગલની દૃષ્ટિએજ છે. જો આહાર અને શરીરાદિ બધા પુદગલની દૃષ્ટિએજ છે તો પછી શરીર અને પુદ્ગલમાંજ રમનારો તે આત્મા તે આત્મા નહિં પણ સ્પષ્ટ રીતે ભવાભિનંદીજ છે. આ સઘળામાં આપણે જીવનું સ્વરૂપ કઈ જગો પર તપાસ્યું છે તેનો વિચાર કરજો. વિચાર કરતાં માલમ પડી જશે કે આપણે જીવનું સ્વરૂપ તો તપાસ્યું જ નથી, માત્ર પુદગલની દૃષ્ટિએજ સઘલું જોયું છે, અને આત્માની ખરી ફરજ તો જીવનું સ્વરૂપ તપાસવાની જ છે, માટેજ શાસ્ત્રકાર મહારાજાઓ કહે છે કે પહેલા જીવનું સ્વરૂપ સમજો, પરંતુ એ જીવનું સ્વરૂપ સમજવું શી રીતે ? એ જીવનું સ્વરૂપ સમજાય તેજ માટે શાસ્ત્રકારોએ ત્રણ વસ્તુ ગળથુંથીમાંજ આપવા કહ્યું છે. આ જીવ અનાદિનો છે, ભવ અનાદિનો છે, અને કર્મસંયોગ પણ અનાદિનો છે, એ ત્રણ વસ્તુ જો તમે તમારા બાળકોમાં તેમજ તમારા પોતાનામાં પણ ઠસાવી શકશો તો તમે તમારો માનવજન્મ સફળ બનાવી શકશો.

(સંપૂર્ણ)

# આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાનજ કેમ ?

**ઉપદેશપ્રવર્તક પરમાત્મા પરમેશ્વર**

ત્રિકાલજ્ઞાની ભગવાન્ જિનેશ્વર મહારાજાઓએજ સ્વયંસંબુદ્ધપણાના પ્રતાપે આ સંસારને સમુદ્ર જેવો દાવાનલ જેવો અને ભયંકરજંગલ જેવો જાણ્યો, માન્યો અને તેને લીધેજ તેનાથી પોતાના આત્માનો બચાવ કરવા જગત્ના કોઈપણ અન્ય જીવોથી વર્ત્તનમાં નહિં મહેલાતા એવા ત્યાગમાંજ નિરૂપાધિતા અને પરમ સુખ છે એવી માન્યતા સાથેનો અને કંચન આદિ વ્યવહારિક પદાર્થો સ્ત્રી પુત્ર આદિ કૌટુંબિક પદાર્થો શરીર આદિ આત્માની સાથે લાગેલા પદાર્થો યાવત્ તે સર્વના સંયોગે અવનવા ભવ પરાવર્ત્તન રૂપ વેષ પરાવર્તન કરાવનારા કર્મના સૂક્ષ્મપુદ્‌ગલો સર્વથા ત્યાજ્ય છે એવી માન્યતાને આગલ કરી સંયમમાર્ગને આદરેલો હોય છે. જગત્ના જીવો અનેક પ્રકારના પોતાના વ્યવહારમાં લીન હોવાને લીધે તેમને સંયમમાર્ગના આદરની ચીંતા ક્યાંથી લાગે ? પણ સંયમમાર્ગનો અંગીકાર કરવા એ આ સંસારનો ત્યાગ કરવાથી અથવા પોતે દુઃખરૂપ દુઃખહેતુ અને દુઃખફલક તરીકે માની લીધેલા આરંભ પરિગ્રહ અને વિષય કષાયનો ત્યાગ ક્યાંથી જાણે વિપક્ષી થઈ વિરોધી થયા ન હોય એમ ગણીને અનેક પ્રકારના પરીષહો અને ઉપસર્ગોનો વરસાદ વરસાવે છે. છતાં ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકરો તો અનેક જન્મોથી જગત્ના ઉદ્ધારની ભાવનાવાળા હોવાથી તે જગત્ના અજ્ઞાનપ્રાણિઓએ કરાતા ઉપસર્ગો અને જાણે કાલપુરૂષ પણ પોતાનો પંજો જે ભાવસ્થિતિ અને કાયસ્થિતિ રૂપ છે અને જેને આધીન નિગોદથી માંડીને સર્વ પ્રકારના જીવો રહેલા છે તેના પંજામાંથી આ નિકળી જવા તૈયાર થયેલા મહાપુરૂષને જાણે પાછા પાડી પોતાના કબજામાં લેવા મથતો હોય તેમ શીત ઉષ્ણ વગેરે દ્વારાએ અનેક પ્રકારની પીડા ઉપજાવે તો પણ મોક્ષના માર્ગથી આત્માને જવાનો પણ પ્રસંગ નહિં ઉભો થવા દેતાં તેજ ઉપસર્ગો અને પરીષહોના જોરેજ તેની સાથે વધવાની હોડ કરી ન હોય તેવી રીતે મોક્ષમાર્ગની સીડી ઉપર સપાટે ચઢવાનો વેગ મેળવનાર અને વર્ષો સુધી અખંડધારાએ આત્માના ઉદયના માર્ગમાંજ વધતા પરિણામને આધારે પરોપકારી જગત્ પરમેશ્વર અનાદિકાલથી પ્રવાહેકરીને લાગેલાં જ્ઞાનાવરણીય આદિઘાતિકર્મોનો બંધ ઉદય ઉદીરણા અને સત્તાથી નાશ કરી નાંખે છે. અને વાદલની ઘટા જેમ પવનના પ્રબલપ્રયાણથી નાશ પામે ત્યારે સહસ્ર કિરણ સૂર્યનારાયણ પ્રકાશી સર્વ જગતનો ઉદ્યોત કરી દે છે તેવી રીતે વાદલ ઘટા જેવાં ઘાતિકર્મોનો ક્ષય થવાથી આત્માના સ્વભાવ રૂપ એવા કેવલજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે અને તે કેવલજ્ઞાનદર્શન પોતાની પ્રગટતાના સમયથી સકલ રૂપી અરૂપી સૂક્ષ્મ બાદર દૂર નજીક આંતરવાળા કે આંતરા વગરના સર્વ પદાર્થોનો સાક્ષાત્કાર કરે છે.

**પરમ પુરૂષ પરમાત્માની ભાવના**

ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર પરમાત્માને જ્યારે આત્માના ગુણોને આવરનાર સમગ્ર કર્મનો પહેલાં તો નાશ થઈ આત્માના ગુણો સર્વ પ્રકારે સર્વે પ્રકાશિત થાય છે ત્યારેજ તે પરમાત્માને જગત્ના સર્વ જીવોનું જન્મ જરામરણ રોગ શોક આધિ અને ઉપાધિથી વ્યાપ્તપણું અને તે સર્વનું કારણ જે અજ્ઞાન તે ટાળવાની દયા જાગૃત થાય છે. સામાન્ય રીતે જગત્માં પણ પરદુઃખને સમજનારો મનુષ્ય તે દુઃખીમનુષ્યના દુઃખને ટાળવા માટે શકિત પ્રમાણે પ્રયત્ન કર્યા સિવાય રહેતો નથી. તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ જ્યારે જન્મજરાઆદિના કારણભૂત કર્મોના બંધનથી રહિત થઈ ગયા હોય અને શેષ જગત્ના સર્વજીવોને જન્મજરામરણાદિથી વ્યાપ્ત થએલા દેખે તો તેમના ઉદ્ધાર માટે ભગવાન્ પરમાત્મા પ્રયત્ન કરે તેમાં આશ્ચર્ય નથી.

**પરમાત્મા કેવલી થાય ત્યારેજ ઉપદેશક કેમ?**

જો કે તીર્થંકર પરમાત્માઓ પોતાના અંત ભવમાં આવે ત્યારે ગર્ભદશાથી પણ મતિ શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાનો ધારણ કરનારા હોય છે, કોઈપણ કાલે એવું થયું નથી થતું નથી કે થશે પણ નહિ કે ભગવાન્ જિનેશ્વર દેવો ચ્હાય તે ભવથી આવેલા હોય તો પણ મતિ શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન ધારણ કરનારા ન હોય. અર્થાત્ સર્વકાલ સર્વ ક્ષેત્રના સર્વ તીર્થંકર મહારાજા ગર્ભદશાથી ત્રણે જ્ઞાન ધારણ કરનારાજ હોય છે. આ ઉપરથી એ પણ નક્કી થયું કે સર્વકાલ અને સર્વક્ષેત્રના સર્વ તીર્થંકરો પ્હેલા ભવથીજ સમ્યગદર્શનને સાથે જ લાવે છે. કેમકે સમ્યગ્દર્શનના સહચાર વિના સમ્યગ્જ્ઞાનની હયાતી હોયજ નહિં અથવા મિથ્યાદર્શન એટલે તત્ત્વની શ્રદ્ધા રહિત દશામાં સમ્યગ્જ્ઞાન હોયજ નહિં. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને સહચારીપણુંજ છે. એ બન્ને એવા સહચારી છે કે એક વિના એક હોયજ નહિં જેમ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યગ્ જ્ઞાન વિના સમ્યગ્દર્શન ન હોય તેમ સમ્યગ્દર્શન ન હોય ત્યાં મિથ્યા જ્ઞાન કે મિથ્યાદર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન પણ ન જ હોય એટલું જરૂર છે કે સમ્યગ્દર્શન ક્ષાયોપશમિક ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારે છે. તેમાં તીર્થંકર પરમાત્માનો જીવ પહેલા ભવમા તીર્થંકર નામકર્મની નિકાચના કરે ત્યાર પછી ઔપશમિક સમ્યક્ત્વ કે જે માત્ર બે ઘડીનીજ સ્થિતિવાળું અને મિથ્યાત્વને લાવવાવાળું છે તેવા તે ઔપશમિક સમ્યકત્વને નિકાચના પછીના પ્હેલા ભવમાં કે તીર્થંકર પરમાત્માના ભવમાં ધારણ કરતા નથી. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તીર્થંકર નામકર્મની નિકાચના કર્યા પછી મુખ્યતાએ ક્ષાયિકસમ્યકત્વવાળા હોય અને કદાચ ક્ષાયોપશમિક સમ્યકત્વ કે જેમાંથી ક્ષાયિક સમ્યક્ત્વની ઉત્પત્તિ થયા વિના રહે નહિં તેવા ક્ષાયોપશમિકસમ્યક્ત્વ ને ધારણ કરનારાજ હોય છે, જો કે શાસ્ત્રોમાં ઉપશમશ્રેણિ અને ઉપશાન્ત ગુણઠાણે પણ તીર્થંકર નામકર્મની સત્તા માની છે. પણ તે સત્તા સામાન્યતીર્થંકર નામની સમજવી, પણ નિકાચિત તીર્થંકર નામકર્મની સત્તા ઉપશમશ્રેણિ કે ઉપશાન્ત મોહે માનવાની નથી. અને સામાન્ય તીર્થંકર નામ કર્મની સત્તા તો મિથ્યાત્વ ગુણઠાણે પણ હોય છે. અને હોય તેમાં આશ્ચર્ય નથી. કારણ કે તીર્થંકર નામકર્મની સ્થિતિ અંતઃકોટાકોટી સાગરોપમની છે. અને અંતઃસાગરોપમ કોટાકોટીનો કાલ કોઈ જીવની અપેક્ષાએ પણ સમ્યક્ત્વને રહેવાનો હોય જ નહિં અને ક્ષાયિકસમ્યક્ત્વ તો ત્રણ ચાર ભવથી વધારે ભવ કરાવનારાજ થાય નહિ. જો કે તિર્યંચની ગતિમાં પણ તીર્થંકર નામકર્મની સત્તા માની છે પણ તે તીર્થંકર નામ કર્મ અનિકાચિત હોય તોજ તિર્યંચ ગતિમાં તે જીવ જાય. પણ તીર્થંકર નામકર્મની નિકાચના કર્યા

પછી કોઈપણ જીવ તિર્યંચની ગતિમાં જાયજ નહિં. જેમ ક્ષાયિકસમ્યક્ત્વને પામેલો જીવ હોય તે જો કે પ્હેલાં આયુષ્ય બાંધ્યું હોય છતાં એટલે તે ભવમાં મોક્ષ ન જાય એવો છતાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામે, પણ એટલું તો નક્કી જ કે જે જીવે ક્ષાયિકસમ્યક્ત્વને પામવા પ્હેલાં પણ તિર્યંચનું આયુષ્ય ન બાંધ્યું હોય તેજ જીવ ક્ષાયિકસમ્યક્ત્વને પામી શકે તેવી રીતે શ્રીતીર્થંકર નામકર્મની નિકાચનાને અંગે પણ એટલું તો ચોક્કસ સમજવું કે શ્રીજિનનામ નિકાચના મનુષ્ય ભવમાંજ થઈ શકે છે અને બીજા તિર્યંચઆદિભવોમાં દેશવિરતિ સાથેનાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છતાં પણ શ્રીજિનનામકર્મની નિકાચના થતી નથી. વળી જેમ ક્ષાયિકસમ્યક્ત્વ પામેલો જીવ તિર્યંચગતિમાં જતો નથી, તેવી રીતે જિનનામને નિકાચિત કરનાર જીવ પણ તિર્યંચની ગતિમાં જતોજ નથી. પણ ક્ષાયિક સમ્યક્ત્વવાળો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલીયામા જાય છે, પણ જિનનામકર્મને નિકાચિત કરનારો તો ત્યાં પણ જતો નથી. આ બધાની મતલબ એજ કે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ પ્હેલા ભવથી મુખ્યતાએ ક્ષાયિક કે ક્ષાયોપશમિક, સમ્યક્ત્વને સાથેજ લાવે છે. અને જ્ઞાન તો ઔપશમિકભાવનું હોતું જ નથી, અને ક્ષાયિકભાવના જ્ઞાનવાલાને જન્મ લેવાનો હોતો નથી, માટે ક્ષાયોપશમિકજ જ્ઞાન સાથે લાવે છે. એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ ગર્ભદશામાંથી ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન અને ત્રણ સમ્યગ્જ્ઞાનવાળાજ હોય છે. અને જ્યારે તે ભગવાન્ સંયમને ગ્રહણ કરે છે ત્યારે તો તેઓને મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય છે. આટલી બધી ઉંચી સ્થિતિમાં આવ્યા છતાં પણ તેઓ બીજા અજ્ઞાની કે સામાન્યગુણવાળાઓને ધર્મોપદેશ આપી સન્માર્ગ દેવા દ્વારાએ કેમ તારતા નથી ? એ શંકા જરૂર થશે. તેના સમાધાનમાં સમજવાનું કે જેમ દેવતાની સિદ્ધિદ્વારા મહામારિને નિવારવાની શક્તિવાળો ઉપકારિ પુરૂષ સામાન્ય રીતે તે મહામારિ નિવારવાનો બાહ્ય ઉપચાર જાણતો હોય અને દેવતાની સાધનામાં થોડો વખત તે સામાન્ય ઉપાય ન થાય અથવા ન કરે તેમ ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર ભગવાનો કેવલજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થને સ્થાપીને તે તીર્થ પ્રવર્ત્તાવવા દ્વારાએ જે અમોઘ ઉપાય ભવ્યજીવોને સંસાર સમુદ્રથી ઉદ્ધરવા માટે કરવાનો છે તેને અંગે કેવલજ્ઞાન ઉત્પન્ન થવા દ્વારા પ્રયત્ન કરી તીર્થની સ્થાપના કરવામાં તેઓ કટીબદ્ધ રહે છે.

## શ્રી લલિત વિસ્તરાના 'આકાલ'નો ખુલાસો.

ભગવાન શ્રીજિનેશ્વરમહારાજાઓ જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્યથી સમ્યક્ત્વ થયા પછી અને નિયમિતપણે વરબોધિ પ્રાપ્ત થયા પછી પરોપકાર કરનારા કે પરોપગામી નિયમિત પ્રવૃત્તિવાળા હોય છે તો પછી ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પ્રણિપાત દંડકની વ્યાખ્યા કરતાં **आकालमेते परार्थव्यसनिनः** એમકે શ્રીતીર્થંકરમહારાજાઓનું સ્વરૂપ જણાવતાં ભગવાન્ શ્રી જિનેશ્વરમહારાજાઓને સર્વકાલમાંજ પરોપકાર કરવાના વ્યસનવાળા કેમ જણાવે છે ? અર્થાત્ શ્રીજિનેશ્વર ભગવાન સર્વકાલ એટલે સમ્યક્ત્વ પામ્યા હોય કે ન પામ્યા હોય તોપણ સર્વકાલમાં પરોપકારને કરવાવાળાજ હોય છે એમ માનવું કે સામાન્યથી સમ્યક્ત્વની અનુકંપાને લીધે અને વિશેષે વરબોધિ થયા પછી પરોપકારમાં રમણતાવાલા હોય છે એમ માનવું ? આ શંકાના સમાધાનમાં પ્રથમ તો સર્વશબ્દથી વિવક્ષિત સર્વ લેવાથી સમ્યક્ત્વ કે વરબોધિથીજ પરોપકારી કહી શકાય, ભગવાન જિનેશ્વરના જીવોથી કોઈ જીવને પણ કોઈ કાળે અપકાર થયા નથી, પણ પરોપકાર નિયમિત થયા છે, એમ તો કોઈપણ ભગવાન મહાવીર મહારાજાના ભવોના વર્ણનને જાણનારો તો કહી શકેજ નહિં. ખરી રીતે તો આ आकालं એ બધુ

વર્ણન ભગવાન તીર્થંકરના ભવને અંગેજ સર્વકાલને માટે લાગુ કરવાનું છે, અર્થાત્ જ્યારે જ્યારે જે જે તીર્થંકરો થાય તે તે જીવો તીર્થંકરપણાના જન્મમાં આવા સ્વરૂપવાલાજ હોય છે, અને તેથી સમ્યક્ત્વ કે વરબોધિની પ્રાપ્તિથી થતી પરોપકારિતાની નિયતતામાં ત્યાંજ જણાવેલું પહેલાનું અશુદ્ધપણું તથા ભવ્યત્ત્વને અંગે લેઈ શકાય છે તેવી રીતે તીર્થંકરભવને અંગે ઘાતિકર્મના ક્ષયની પહેલાની અવસ્થાને અશુદ્ધભવ્યતાની સાથે સરખાવી શકાય તેમ છે, અર્થાત્ એક તીર્થંકરની સર્વ અવસ્થાને અંગે 'આકાલ'' પદ લગાડવું હોય તો વિવક્ષિત સર્વકાલ લેવો, વ્યાખ્યાથી વિશેષ સમજવો પણ મૂલશબ્દ માત્રથી વિરૂદ્ધ ન બોલવું અને સર્વતીર્થંકરોના અન્ત્યભવની અવસ્થાની અપેક્ષાએ લઈએ તો आकालं એ પદ નિરૂપચરિતપણે નિરવશેષ સર્વને કહેનાર થાય છે, અર્થાત્ બન્ને અપેક્ષાએ સમ્યક્ત્વ વરબોધિથી કે અંત્યભવમાં પરોપકારિપણું કે પરોપકારિપણુંજ હોય એમ લેવામાં કોઈ વિરોધ નથી.

## ભગવાન્ જિનેશ્વરો જન્મથી ઇંદ્રાદિકોથી આરાદ્ય કેમ ?

જૈન જનતામાં એ વાત તો જાણીતી છે કે કોઈ પણ જીવ અનાદિથી કર્મરહિત નથી, અથવા કર્મરહિત થવાનાં સાધનો જે જ્ઞાનાદિ છે તે વાળો પણ અનાદિથી નથી. જો કોઈપણ એકકે અનેક જીવને અનાદિથી શુદ્ધ કે શુદ્ધપણાનાં સાધનોને ધરાવનાર માનીયે તો પછી સર્વજીવોને તેવા કેમ ન માનવા ? અથવા જીવતત્ત્વ એક રૂપે કેમ માની શકીયે ? તેમજ કેટલાક આત્મા અનાદિથી મલિનજ હોય અને કેટલાક આત્મા અનાદિથી શુદ્ધજ હોય એમ જીવપણાની સર્વમાં સરખાવટ છતાં ક્યા કારણથી માનવું ? આત્માનો સ્વભાવ જો કર્મ કરવાનો અને કરેલા કર્મના ફલોને ભોગવવાનોજ છે તો પછી જે જીવો અનાદિથી શુદ્ધ હોય, તેનો તે સ્વભાવ તો કોઈ પણ કાલે હતોજ નહિ એમ માનવું પડે. અને તેનું કારણ પણ કાંઈક જુદું માનવું પડે. શુદ્ધશબ્દજ તેઓને લાગુ પડી શકે કે જેઓ પહેલાં અશુદ્ધ હોય, કેમકે ભૂતકાલનો ક્ત પ્રત્યય લાવીને શુદ્ધશબ્દ બનાવતાં શુદ્ધ થવાની ક્રિયાનો વર્ત્તમાન કાલ થયેલો હતો એમ માનવું પડે.

## અનાદિ શુદ્ધ આત્માઓ કેમ ન માનવા

કદાચ એમ કહેવામાં આવે કે જૈનોના હિસાબે જેમ આત્માના આઠરૂચક પ્રદેશો અનાદિકાલથી મિથ્યાત્વાદિ વિનાના માનવામાં આવે છે, અને તેજ કારણથી તે આત્માના આઠરૂચક પ્રદેશોને કોઈપણ ઘાતિ કે અઘાતિ કર્મ લાગતાં નથી, અને તેથીજ તે આઠરૂચક પ્રદેશોને કોઈપણ જાતના ઘાતિ કે અઘાતિ કર્મને ભોગવવાનું હોતું નથી. એવી રીતે કોઈ આત્મા તેવો અનાદિથી મિથ્યાત્વાદિ વિકારો વગરનો હોય અને તેને ઘાતિ કે અઘાતિ કર્મ ન વળગ્યાં હોય અને તેથી તે આખો આત્મા અનાદિથી શુદ્ધ હોય તેમાં આશ્ચર્ય શું ? આ કહેવું વ્યાજબી નથી. કારણ કે આઠરૂચક પ્રદેશ સિવાયનો આખો આત્મા ખલખલતા ઉના પાણીની પેઠે ચલાયમાન હોવાથી કર્મને બાંધે ભોગવે અને મિથ્યાત્વાદિવાલો હોય છે, અને તે આઠ પ્રદેશનો ઉપયોગ જુદો નથી, તેમજ તેની શુદ્ધિનો પણ કંઈ ઉપયોગ નથી, તો તે પ્રદેશોને સ્વતંત્ર ઉપયોગ અથવા તો ચારિત્રાદિગુણો નથી અને તેથીજ નથી તો કેવલજ્ઞાનનો અનાદિભાવ માન્યો કે નથી તો સમ્યક્ત્વના ભેદોમાં પારિણામિક ભાવ દાખલ કર્યો. કદાચ શાસ્ત્રકારોએ જણાવેલા ભાવો અશુદ્ધ આત્માની અપેક્ષાએજ માનીયે અને જેમ અનન્ત વખત દરેક જીવને નવગ્રૈવેયકમાં ઉત્પત્તિ માની છતાં તે પક્ષ વ્યવહારરાશિમાં અનંતકાલથી આવેલા જીવને અંગે તે ઉત્પતિ ગણી અને અવ્યવહારરાશિવાળા જીવોને બાદ કરવામાં

બાધ આવતો નથી. તેમ ક્ષાયિકઔપશમિક આદિ ભાવોના નિરૂપણમાં તેવા અનાદિ શુદ્ધજીવો બાદ કરાય તો અડચણ શી ? પણ શાસ્ત્રની શ્રદ્ધાવાળા અને સમજદાર મનુષ્યથી આમ કહી શકાયજ નહિં. કારણ કે પ્રથમ તો મતિઅજ્ઞાનાદિની અનાદિ સ્થિતિ વગેરે અવ્યવહારરાશિની જેમ જણાવનાર એ ચોક્ખું છે તથા ચારિત્રથીજ નવગ્રૈવેયકે જઈ શકાય, અને તે ચારિત્ર મનુષ્ય ગતિમાંજ હોય, અને તેવો ચારિત્રવાળો પણ મનુષ્યભવ પણ અનન્ત કાલ વ્યવહારરાશિમાં પર્યટન કરનારનેજ મળે, તે અપેક્ષાએ વ્યવહારરાશિમાં અનન્તકાલથી આવેલા માટેજ તે ગ્રૈવેયકપ્રાપ્તિને જણાવનાર સૂત્ર હોય તેમાં આશ્ચર્ય નથી. પણ અનાદિથી શુદ્ધ આત્મા કેટલાક હોય એવું સૂચન કરનારૂં કોઈ પણ સૂત્રનું એક પણ પદ છે નહિં. માટે શાસ્ત્રાનુસારે શ્રદ્ધા રાખનારો મનુષ્ય કોઈપણ પ્રકારે અનાદિ શુદ્ધ આત્મા હોય એમ માની શકેજ નહિં. વળી અવ્યવહારરાશિનું કે અનન્ત વખત ગ્રૈવેયકની પ્રાપ્તિ અનન્તકાલથી વ્યવહારવાળાનેજ હોય તે વાતનું શાસ્ત્રકારોએ કોઈ પણ જગોપર ખંડન કર્યું નથી, પણ અનાદિકાલથી શુદ્ધ આત્મા હોઈ શકે એનું તો સ્થાને સ્થાને ખંડન કરવામાં આવેલ છે. અર્થાત્ આ અનાદિ શુદ્ધ આત્મા ન હોઈ શકે એ હકીકત આજ્ઞાગ્રાહ્ય તરીકે લઈયે તોયે ખોટું નથી.

## આજ્ઞાગ્રાહ્ય અને હેતુગ્રાહ્યનું સ્થાન -

જૈનજનતામાં આજ્ઞાગ્રાહ્ય અને હેતુગ્રાહ્ય એવી રીતે બે પ્રકારના પદાર્થો છે એમ જાહેર થાય છે, પણ તેમાં કેટલાકની માન્યતા એવી છે કે જે જે પદાર્થો જાણવામાં હેતુયુક્તિ ન લાગી શકતા તે પદાર્થોનેજ આજ્ઞાગ્રાહ્ય તરીકે માનવા. પણ જે પદાર્થોને જાણવામાં હેતુ યુકિત પ્રવેશ થઈ શકે તે પદાર્થોને આજ્ઞાગ્રાહ્ય ન માનવા, પણ હેતુગ્રાહ્યજ માનવા, આવી જે કેટલાકની માન્યતા છે તે શાસ્ત્રનું તત્ત્વ સમજ્યા પૂર્વકની નથી, કેમકે પ્રથમ તો તેઓના હિસાબે આજ્ઞા એટલે આગમ અર્થાત્ આપ્ત વચન તેનું જે લક્ષણ છે કે પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ થયેલા અને આગમથી કબુલ થયેલા પદાર્થને બાધ કરનાર ન હોય તે આગમ કહેવાય, તે લક્ષણ માનવુંજ મુશ્કેલ પડશે. વળી સુત્રની વ્યાખ્યા કરનારાઓએ ધર્માસ્તિકાય આદિ પદાર્થોને આગમવચનથી સાબીત કરીને પણ તેની સિદ્ધિ માટે સ્થાને સ્થાને પ્રયોગો કરી એટલે અનુમાનો કરીને તે પદાર્થો સાબીત કર્યા છે તે અયોગ્ય ઠરે. કેમકે એ ઉપરથી ધર્માસ્તિકાયાદિ પદાર્થોને વ્યાખ્યાકારોએ આગમગ્રાહ્ય પણ માન્ય અને મનાવ્યા તથા અનુમાનોથી સાબીત કરી યુક્તિ અને હેતુગ્રાહ્ય પણ મનાવ્યા, આ બાબતમાં ચૂર્ણિકાર વગેરે વ્યાખ્યાકાર મહારાજાઓ જેમ જણાવે છે. તેમજ શાસ્ત્રાનુસારિઓએ માનવું ઉચિત છે. તેઓશ્રી સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે સર્વ પદાર્થો આગમ એટલે આજ્ઞાથી ગ્રાહ્ય એટલે માનવાના તો છેજ પણ તેમાં કેટલાક પદાર્થો એવા છે કે જેની સાબીતી યુકિત કે હેતુ દ્વારા પણ કરી શકાય. તેથી વ્યાખ્યા કરનાર દરેકે આજ્ઞાગ્રાહ્ય એવા પદાર્થોમાંથી જે પદાર્થોમાં હેતુ યુકિત લાગી શકે તેમ હોય તેમાં આજ્ઞાથી સિદ્ધપણું સમજાવવા સાથે હેતુ અને યુક્તિથી પણ સિદ્ધપણું સમજાવવું. અને એવી રીતે જે પદાર્થોમાં હેતુ યુક્તિથી સિદ્ધ ન થઈ શકે તેવાજ પદાર્થોને આજ્ઞાગ્રાહ્ય જણાવતાં આજ્ઞા એટલે આગમ માત્રથી ગ્રાહ્ય એટલે માનવા લાયક છે એમ જણાવવું, પણ જે પદાર્થ શાસ્ત્રમાં નિરૂપણ કરેલા હોય અને તે આજ્ઞાથી સિદ્ધ થયેલા પદાર્થની જો હેતુ યુક્તિથી સિદ્ધ થતી હોય તો તે પદાર્થોને આજ્ઞાગ્રાહ્ય છે એમ જણાવવા સાથે હેતુ અને યુક્તિથી પણ તે સિદ્ધ કરી દઈ તે પદાર્થોને યુક્તિ ગ્રાહ્ય તરીકે જરૂર જણાવવા જોઈએ. અર્થાત્

આજ્ઞાગ્રાહ્ય પદાર્થો જો યુક્તિથી સાબીત થતા હોય તો જરૂર વ્યાખ્યા કરનારે તે પદાર્થોને યુક્તિથી સાબીત કરવા જોઈએ. એ વિધિ છતાં જેઓ તેમ ન કરે અર્થાત્ આજ્ઞાથી જાણેલા અને માનેલા પદાર્થોમાં યુક્તિથી સિદ્ધ થાય તેમ છતાં હેતુયુક્તિ ન લગાડે તો તે શાસ્ત્રના વ્યાખ્યાની જે વિધિ શાસ્ત્રોક્ત છે તેના વિરાધક થાય છે, એ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે આજ્ઞાગ્રાહ્યા એ વ્યાપક છે અને યુક્તિગ્રાહ્યતા વ્યાપ્ય છે. અને આજ્ઞાગ્રાહ્યતા એ વ્યાપક છે અને યુક્તિગ્રાહ્યતા વ્યાપ્ય છે. અને આજ્ઞાગ્રાહ્યતા અને યુક્તિ ગ્રાહ્યતાનો પરસ્પર વિરોધ રહેતો નથી. અને છે પણ નહિં, અને તેથીજ વ્યાખ્યાકારો શ્રી હરિભદ્રસૂરિજી વગેરે મહાપૂરૂષો આવશ્યકાદિની વ્યાખ્યા કરતાં તે તે પદાર્થોનાં સ્વરૂપો આવશ્યકાદિની વ્યાખ્યા કરતાં તે તે પદાર્થોનાં સ્વરૂપો શાસ્ત્રોદ્વારા જણાવી યુક્તિદ્વારા સાબીત કરવા માટે અનુમાનથી પ્રયોગો કરી સાબીતીઓ કરે છે. આ અપેક્ષાએ પ્રાચીનકાલમાં વનસ્પત્યાદિની સચેતનતા કેવલ આગમગ્રાહ્ય અને યુક્તિગ્રાહ્ય હોય છતાં વર્ત્તમાનમાં તેની સચેતનતા આગમ અને અનુમાનથી સાબીત કરવાની સાથે લૌકિકપ્રત્યક્ષથી સાબીત કરીને કે તેનો દાખલો કુપ્રાવચનિકનો નહિં, પણ લૌકિકશાસ્ત્રોનો આપી સમજાવે તો તે શાસ્ત્રની વ્યાખ્યાશૈલની વિરાધના કરે છે એમ નથી. ઉલટું જેઓ આવાં સાધનો ધ્યાનમાં રાખ્યા વિના વ્યાખ્યા કરે તેઓ વ્યાખ્યાશૈલીમાં પોચા છે કે પશ્ચાત્ છે એમ કહેવું પડે, વનસ્પતિની સચેતનતા માફકજ શબ્દની પૌદગલિકતા ટેલીગ્રામ કે ફોનોગ્રાફથી પરમાણુંની બારીકતા માઈક્રોસ્કોપથી સમયની બારીકતા વાયરલેસથી સમજાવી શકાય અને તેમ સમજનારો વ્યાખ્યાશૈલીની સાચવે છે એમજ કહી શકાય. આ વાતની સાથે એતો ખ્યાલ જરૂર રહેવો જોઈએ કે જૈનસૂત્રો જ્ઞાનને સાધન માની ચારિત્રને સાધ્ય માને છે માટે કોઈપણ પ્રકારે તે જ્ઞાનના નામે ચારિત્રના આચારોને ઓલંઘવા એ જૈનશાસનની શૈલી કહેવાય જ નહિ.

## અનાદિ શુદ્ધ આત્મા માનવામાં બાધ

ઉપર જોઈ ગયા તે પ્રમાણે આગમદ્વારાએ અનાદિ શુદ્ધ કોઈ આત્મા હોઈ શકે નહી આ વાત છે, પણ આજ્ઞાગ્રાહ્યમાં પણ યુક્તિ પ્રવેશનું સ્થાન છે એમ માનવું જ, તેથી અનાદિ શુદ્ધ કોઈ આત્મા યુક્તિથી માનવો કેમ મુશ્કેલ પડે છે તે જોઈએ, એટલું તો ચોકખું છે અને સર્વને માન્ય છે કે શુદ્ધઆત્માને સારા કે નરશા અર્થાત્ પુણ્ય કે પાપ એકે જાતના કર્મો લાગેલા હોય નહિં. કેમકે જો પુણ્ય કે પાપ એ બેમાંથી એક્કે પણ પ્રકારનાં કર્મો લાગેલાં હોય તો તે આત્મા શુદ્ધ છે એમજ ન કહેવાય, તો પછી તેવા પુણ્ય કે પાપવાળા આત્માને અનાદિથી શુદ્ધતાવાળો તો માની શકાયજ કેમ ? અને જ્યારે શુદ્ધ આત્માને પુણ્ય કે પાપ એ બેમાંથી કોઈપણ જાતનું કર્મજ લાગેલું ન હોય તો પછી તેવા આત્માઓને કાયાના પાંજરામાં કેદ થવાનું હોયજ કેમ ? અર્થાત્ અનાદિથી શુદ્ધ એવા આત્માને કે કોઈપણ તેવા શુદ્ધ આત્માને પુણ્ય કે પાપનું કર્મ ન હોવાથી શરીર હોય નહિં. અને જો શુદ્ધ આત્માને શરીરજ નથી, તો પછી શરીર વિના મુખ હોય નહિ અને મ્હોડા વિના બોલવાનું હોય નહિં. તો પછી તેવો અનાદિ શુદ્ધ આત્મા પોતાની હયાતી જણાવનાર એવાં પણ શાસ્ત્રોને કહી શકેજ નહિં. અને જ્યારે અનાદિ શુદ્ધ આત્માની હયાતી અનાદિ શુદ્ધ એવા આત્માએ પોતે જણાવી નથી. તો પછી તેવા આત્માની તેવી સ્થિતિ અન્ય કોઈએ જણાવી એમ માન્યા સિવાય સુજ્ઞોનો છુટકો જ નથી.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૨૬)

## પરમેશ્વરનો પ્હાડ

આત્મા જેવી ચીજ ઓળખાવનાર જો કોઈ જગતમાં હોય તો ફક્ત **પરમેશ્વર.**

આત્મા એ સ્પર્શ રસ, ગંધ અને રૂપ અને શબ્દ વિનાનો હોઈ તેનું જ્ઞાન ધરાવનાર પ્હેલો **પરમેશ્વર.**

આત્મા જ્ઞાન દર્શન અને ચારિત્ર સ્વરૂપ છે એમ જોનાર અને સમજાવનાર **પરમેશ્વર.**

આત્મામાં સ્વાભાવિક અનાબાધ સુખ છે એવું આદ્ય જાણનાર અને જણાવનાર **પરમેશ્વર.**

આત્માને આવરીને તેના ગુણોનો પ્રકાશ રોકનાર એવી ચીજને ચોકખી જોનાર **પરમેશ્વર.**

તે આત્માના ગુણનાં આવરણો જેનાથી ઉત્પન્ન થાય, જેનાથી વધે, જેનાથી અનુબંધવાળાં થયા, તે બધું જોનાર **પરમેશ્વર.**

આત્માનાં આવરણોનું રોકાણ કેમ થાય તે રોકાણ ટકે છે કેમ ? અને પરંપર ફલને આપે છે કેમ ? એ જાણનાર **પરમેશ્વર.**

આત્માના આવરણોને ટાળવા માટે ક્યા સાધનોની જરૂર છે ? તે જાણનાર પરમેશ્વર.

આવરણોને ટાળનાર અને રોકનાર એવો આખો વર્ગ ઉભો કરી ટાળવાને રોકવાનો પ્રવાહ કરનાર **પરમેશ્વર.**

આવરણોને રોકનાર અને ટાળનાર વર્ગના સાધનોની સામગ્રી ગોઠવનાર અને ખીલવનાર **પરમેશ્વર.**

જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ સંવર નિર્જરા બંધ અને મોક્ષ એ તત્ત્વોને જણાવનાર શાસન સ્થાપનાર **પરમેશ્વર.**

અજીવ અજીવના ભેદો પૃથ્વી પહાડ પાણી વાયુ વનસ્પતિ ઢોર મનુષ્ય નારક અને દેવ એ બધા કેમ કેમ કયા કયા કર્મોથી ઉત્પન્ન થાય છે ? એ જણાવનાર **પરમેશ્વર.**

અજ્ઞાનઅંધકારથી વ્યાપ્ત જગતમાં જ્ઞાનઉદ્યોત કરનાર **પરમેશ્વર.**

મોહમદિરાથી મત્ત થયેલ જગતમાં મદિરાના છાકને મટાડનાર આદ્યપુરુષ તે **પરમેશ્વર.**

કર્મની કઠિન કારમી જુલમગારીને જાણીને જીવાત્માને શિવાત્મા બનાવનાર પરમપુરુષ **પરમેશ્વર.**

આત્માના જ્ઞાનાદિ ગુણરૂપ રત્નના અખુટ ખજાનાને નહિં પમાવા દેનાર કર્મકંટકોને બાળીને ભસ્મ કરવા તપ કરનાર **પરમેશ્વર.**

દીવાથી અનેક દીવા પ્રગટે તેમ ઉદ્ધત એવા પોતાના આત્માથી અનેક આત્માઓનો ઉદ્ધાર કરનાર **પરમેશ્વર.**

જેના ત્રણજ પદથી ભાગ્યશાળી પુરુષો સકલ શાસ્ત્રોનો રચવાની શકિત મેળવે છે તે **પરમેશ્વર.**

જેના ગર્ભ જન્મદીક્ષા કૈવલ્ય અને નિર્વાણના વખત સચરાચર જગત નારકી સુધ્ધા પણ આનંદ પામે છે તે **પરમેશ્વર.**

જેના જન્મ આદિ વખતે ત્રણે ભુવનમાં ઉદ્યોત થાય છે તે **પરમેશ્વર.**

જેના મરણ વખતે આખા જગતમાં અંધારૂં થાય છે તે **પરમેશ્વર.**

જેની માતા ચઉદ ગજવૃષભાદિ સ્વપ્નો ગર્ભ વખતે દેખે છે તે **પરમેશ્વર.**

## શ્રીસિદ્ધાચલજીના યાત્રાળુઓ અને શેઠ આણંદજી કલ્યાણજી

જૈનસમુદાયની લાગણી પોતાના તીર્થો તરફ ઘણીજ અસાધારણ છે એ વાત સમગ્ર જનતા જાણે છે. તેમાં પણ શ્રી સિદ્ધાચલજીના જેવું તીર્થ તો શાસ્ત્રકારોના કથન પ્રમાણે ત્રણે જગતમાં કે પંદરે કર્મભૂમિમાં પણ અન્ય કોઈ નથીજ, અને જૈનસમુદાયની માન્યતા પણ એ પ્રમાણેજ છે. આ કારણને લીધે તો જૈનસમુદાયનો મ્હોટો ભાગ આ સિદ્ધાચલજી ગિરિરાજની યાત્રા કરનારો હોય છે, એટલુંજ નહિં, પણ જેઓએ એ ગિરિરાજની યાત્રા ન કરી હોય તેવાઓને, હજી ગર્ભમાં રહ્યા જેવો અર્થાત્ જન્મ પણ પામ્યા નથી એમ ગણવામાં જૈનગ્રંથકારો અને જૈનો નિશ્ચિત હોય છે. આવી સ્થિતિને લીધે શ્રીસિદ્ધાચલજીના વહીવટની સુગમતા માટે અનેક સ્થાનકના સમુદાયે મલી એક પેઢી સ્થાપી અને તેનું નામ આણંદજી કલ્યાણજી એવું રાખ્યું. આટલી આ હકીકત જણાવવાનું કારણ એ છે કે કેટલાકો ગચ્છની મમતામાં કદાગ્રહવાળા કે શ્રીસિદ્ધાચલજીમાં ધર્મશાલાના બ્હાને પોતાની પેઢી ચલાવવાવાળાઓ શેઠ આણંદજી કલ્યાણજી તરફ યાત્રિકોનો થવો જોઈતો ભાવ થવા દેતા નથી અથવા કદાચ તેવો ભાવ થયો પણ હોય છતાં પોતાના સ્વાર્થ ખાતર કે નિષ્પ્રયોજનપણે તે ભાવિકના ભાવનો સર્વથા નાશ કરે છે માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની ઉત્પત્તિ સંબંધી ઈસારો કર્યો છે. આ ઉપરથી દરેક યાત્રિક એટલું તો ચોક્કસ સમજશે કે શ્રીસિદ્ધાચલજીની યાત્રા કરવા પોતે આવે કે તેવા સંયોગને લીધે ન પણ આવે તો પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની બાબતમાં નિરપેક્ષ થાય કે ઉલટો થાય અથવા અપોષક બને તે તેના પૂર્વજોના વચન કે પોતાના વચનથી બેઈમાની કરવા બરોબર કોઈ ગણે કે કહે તેમાં બચાવ નથી વળી જે ગિરિરાજની યાત્રા માટે દૂરદેશમાં રહેલ છતાં ભાવિક યાત્રિક વર્ગ આવ્યો છે તે ગિરિરાજની દરેક જવાબદારી અને તેની વ્યવસ્થા શેઠ આણંદજી કલ્યાણજી જ કરે છે, તે જાણે છે છતાં જો તે કારખાના તરફ સંકોચિત દૃષ્ટિથી કે અનુદારપણાથી જોનાર ગિરિરાજના સાધનોને તોડનારો બચવા માટે યાત્રિકો જાગૃત રહે, શીહોરના સ્ટેશન વગેરે સ્થાને યાત્રિકોની સવડ શેઠ આણંદજી કલ્યાણજી તરફથી બની જાહેર છતાં ગિરિરાજની છાયામાં આવતાં તે ભૂલી જવું તે ઉપકારને સમજનાર વર્ગને કોઈપણ પ્રકારે શોભે નહિં.

મહાનુભાવો ! તળેટી ખાતેનું ખરચ, વિસામે મનુષ્યે રાખવાનું ખરચ, તળેટીની ભક્તિનું ખર્ચ, ગિરિરાજ ઉપર ચોકીનું ખર્ચ, ગિરિરાજના મ્હોટા મ્હોટા લાખો પ્રતિમાઓની પખાલ અને પૂજા કરનાર પૂજારીયોનું ખર્ચ, પૂજાની વસ્તુનું ખર્ચ, જીર્ણોદ્ધારનું ખર્ચ વગેરે શેઠ આણંદજી કલ્યાણજીના અનેક પ્રકારનાં હંમેશાનાં ચાલુ ખર્ચો જાણ્યા છતાં જેઓ પોતાનો હાથ તે કારખાનાના તે તે ખાતાં તરફ ન લંબાવે તે યાત્રિક દેવદ્રવ્યના ભોગમાંથી કે અન્યદ્રવ્યના લીધે તાગડધીન્નાની દશાથી બચવા તૈયાર થાય એજ ઈચ્છવા યોગ્ય છે.

તા.ક. - શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદારોએ દિવસાનુદિવસ યાત્રિકોની સેવા અને સમાગમમાં વધારે વધારે આવવાની અને સુધારો કરવા લાયક વસ્તુઓનો સુધારો કરવાની પણ આવશ્યકતા ઘણી છે.

ચતુર્થ વર્ષ અંક ૨૩

Registered No. B.3047




દ્વિતીય ભાદરવા
સૂદિ પૂર્ણિમા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૩૦-૯-૧૯૩૬

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

........યાને.......

## જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) **શ્રી આચારાંગસૂત્ર**
ભગવત્ શીલાંકાચાર્ય વિરચિત વૃત્તિ સમલંકૃત — સટીક ભા.૧ રૂા. ૫-૦-૦ ; સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) **ભગવતીજી સૂત્ર** સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વર વિરચિત વિષમપદ વ્યાખ્યા — કિંમત રૂા. ૫-૦-૦

(૩) **વિશેષાવશ્યક ભાષ્ય** સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત — કિંમત રૂા. ૫-૦-૦

(૪) **પુષ્પમાલા** સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત — કિંમત રૂા. ૬-૦-૦

(૫) **તત્ત્વાર્થસૂત્ર** ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, — કિંમત રૂા. ૬-૦-૦
ભગવાન હરિભદ્રસૂરીશ્વર વિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત
(ભાષ્ય જુદું પણ મળી શકશે) — કિંમત રૂા. ૧-૦-૦

(૬) **બુદ્ધિસાગર** — કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) **કલ્પકૌમુદી**
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત — કિંમત. રૂા. ૨-૦-૦

(૮) **ભવભાવના** (સટીક) મલધારી ભગવાન હેમચંદ્રસૂરિવિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. — કિંમત રૂા. ૩-૮-૦

(૯) **ષોડશક પ્રકરણ** (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય
યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત — કિંમત રૂા. ૧-૦-૦

(૧૦) **ષડાવશ્યક સૂત્રાણિ** નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય
સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ
વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. — કિંમત રૂા. ૦-૮-૦

---

### .......નવા છપાતા ગ્રંથો........

૧ **અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ** (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)

૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)

૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)

૪ **પ્રવ્રજ્યાવિધાનકુલક** સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્યુમ્નસૂરિ વિરચિત વૃત્તિ સહિત

૫ **ભગવતીસૂત્ર** (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત

૬ **પ્રવચન પરીક્ષા** મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી

૭ **ભવભાવનાવૃત્તિ** ભાગ ૨ જો.

### -: પ્રાપ્તિસ્થાન :-

**૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત**

**૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા**




(પાક્ષિક)

ચતુર્થ વર્ષ } મુંબઈ તા. ૩૦-૯-૧૯૩૬ બુધવાર { વીર સંવત્ ૨૪૬૨
અંક ૨૩ } દ્વિતીય ભાદરવા સૂદિ પૂર્ણિમા { વિક્રમ ,, ૧૯૯૨

વાર્ષિક લવાજમ રૂ. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂ. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

श्री सिद्धचक्रस्तुतिः ।

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमाप्ताः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

**અન્યાયને રોકવાની જરૂર કેમ ?**

ભગવાન્ શ્રીઋષભદેવજીએ રાજ્યાભિષેક દ્વારા રાજયગાદી અંગીકાર કરી તેથી તેઓને શિર પ્રજાના ન્યાયમાર્ગની પ્રવૃત્તિ સંબંધી અને અન્યાયિલોકો તરફથી અન્યાયના ક્ષતોથી બચાવ કરનારી પ્રવૃત્તિ સંબંધમાં ફરજ બજાવવાની જરૂર ઉભી થઈ. તેમાં હજી કલિકાલની માફક અવસર્પિણીના પ્રભાવની શરૂઆત જેવું હોવાથી લોકોને ન્યાયમાર્ગ સ્વયંસિદ્ધ હતો એમ માનવું ખોટું નથી. અથવા અન્યાયની પ્રવૃત્તિનો જો નાશ કરવામાં આવે તો ન્યાયપ્રવૃત્તિ આપોઆપ સિદ્ધ રહે છે. અર્થાત્ તે વખતની અપેક્ષાએ અન્યાયનો રોધ એજ ન્યાયનો માર્ગ એમ કહીયે તો ખોટું નથી. જોકે અન્યાય અને ન્યાય બન્ને માર્ગ એક બીજાથી જુદાજ છે. જગતમાં સુખ અને દુઃખ બન્ને જુદાં છે તેમ અન્યાય અને ન્યાય બન્ને સ્વતંત્ર રીતે જુદાજ છે. જેમ સુખ એ દુઃખના અભાવરૂપ નથી અને દુઃખએ પણ સુખના અભાવરૂપ નથી. જડ પદાર્થોમાં દુઃખ નથી તેથી સુખ છે એમ નથી તેમ સુખ નથી એટલે દુઃખ છે એમ પણ નથી તેનું કારણ એજ કે તે સુખ અને દુઃખ બન્ને સ્વતંત્ર પદાર્થો છે. તેવી રીતે ન્યાયનો અભાવ તે અન્યાય નથી તેમ અન્યાયનો અભાવ તે ન્યાય પણ નથી, કારણ કે અન્યાયમાં દયા દાન પ્રમાણિક આદિ ગુણોનો કેવલ અભાવ હોય છે તેમ નહિં પણ હિંસકતા, લોભ, આવેશ આદિ વિકૃતિ કારણ બને છે. એમ છતાં પણ જેમ રોગી મનુષ્ય રોગના દુઃખો ન થાય અર્થાત્ શમી જાય ત્યારે સુખ માને છે અને આરોગ્યવાળો મનુષ્ય આરોગ્યનો અંશે અભાવ થવાથી દુઃખ માને છે તેવી રીતે પૂર્વકાલથી સ્વાભાવિક રીતે જીવોની ઉત્તમતાને લીધે ન્યાયની પ્રવૃત્તિ ચાલતી હતી તેમાં અન્યાયિલોકોના અધમ વર્ત્તનથી અન્યાયનો હાહાકાર થઈ ગયો અને તેથી જેમાં જગતમાં આરોગ્યતા સાચવવાનાં સાદનો સરકાર કે રાજા તરફથી પૂરાં પાડવામાં ન આવે તો પણ રોગની જડ નાબુદ કરવાને કટીબદ્ધ થવામાં આવે છે, તેવી રીતે ભગવાન્ શ્રીઋષભદેવજીને ન્યાયનાં સાધનો અથવા ન્યાયની સ્થિરતા કરાવવાવાલા આજીવિકાના સાધનો પૂરાં પાડવાની જેટલી જરૂર ગણીયે કે ગણાય તેનાં કરતાં અન્યાયને રોકવાનાં સાધનોની વધારે જરૂર રહે તે સ્વાભાવિક છે અને એટલા માટે રાજાઓને ભૂપાલ, મહીપાલ, નૃપ, નૃપતિ વગેરે ઉપનામો અપાય છે. અર્થાત્ પ્રજાનું અન્યાય કરનારાઓથી બચાવવું એજ રાજાની મુખ્ય જવાબદારી છે, અને તેથી તેમજ તે વખતની પ્રજા પણ પોતાના નિર્વાહની સાધનસામગ્રી માગવાવાળા ન્હોતા પરંતુ કેવલ તેઓ અન્યાય કરનારાઓથી ત્રાસ પામી ગયેલા હતા અને અન્યાય કરનારાઓ તરફથી થતી પ્રવૃત્તિ તે પ્રવૃત્તિ પ્રજાજનોને કારમા ઘા જેવી લાગતી હતી અર્થાત્ તેને તેઓ ઘા(ક્ષત) જેવી ગણતા હતા અને તેથી તેવી ઘા એટલે ક્ષત જેવી લાગતી અન્યાયીઓની પ્રવૃત્તિઓથી બચાવનાર વર્ગને પ્રજાજનોએજ ક્ષત્રિયનું ઉપનામ આપ્યું.

## ક્ષત્રિય એ નામ લોકોએ આપેલું કે સ્વયં લીધેલું ?

જગતમાં નામની પ્રસિદ્ધ જો કે સ્વયં અને પરથી થતી હોવાથી બે પ્રકારે થાય છે, પણ મુખ્યતાએ જગતમાં વધારે પ્રવૃત્તિ લોકોએ આપેલા નામથી થાય છે. જો નામ ગુણસંપન્ન હોય તો પોતે તે નામનું ઉચ્ચારણ પોતાના માટે સજ્જનતાના હિસાબે ઉચ્ચારણ કરી શકે નહિ. ભગવાન્ તીર્થંકર મહારાજની તીર્થંકરપણે પ્રસિદ્ધિ પણ સ્વપ્નપાઠકોના તરફથીજ થાય છે, અને નાભિમહારાજના વખતની માફક જ્યારે સ્વપ્નપાઠકો નથી હોતા ત્યારે ઈંદ્રમહારાજા સ્વપ્નોના ફળો કહે છે અને તેથી ભગવાનની જિનેશ્વર તરીકે પ્રસિદ્ધિ થાય છે, ચક્રવર્તી વાસુદેવ અને બલદેવની વખત તો સ્વપ્નપાઠકો હોય છે અને ચક્રવર્તિપણા આદિના અભિષેક આદિ વખતે અથવા પ્રતિવાસુદેવને જીતવા આદિની વખતે દેવતા આદિ તરફથી તે ચક્રવર્તી આદિ નામો રજુ થાય છે અર્થાત્ ભગવાન્ શ્રીઋષભદેવજીએ કંઈ ક્ષત્રિય સિવાયના લોકોને ક્ષતવાલા અને અસમર્થ જણાવ્યા અને ક્ષત્રિયોને રક્ષક તરીકે જણાવ્યા હોય એમ નથી, તેથીજ ચૂર્ણિકાર ભગવાને જે રાજાને આશ્રિત હતા તે ક્ષત્રિયો થયા એમ જણાવ્યું અર્થાત્ રક્ષક એવી ક્ષત્રિય પ્રજાને ક્ષત્રિય તરીકે લોકોએજ સ્વીકારેલી છે.

## ક્ષત્રિયના ઉગ્ર નામની પેટા જાતનું નામ પણ લોકોથીજ

ઉપર જણાવ્યું તે પ્રમાણે ક્ષત્રિય એવું નામ જેમ લોકોથી થયું તેવી જ રીતે તે ક્ષત્રિયજાતિનો આદ્ય પેટા ભેદ જે ઉગ્ર નામનો થયો તેનું ઉગ્ર એવું નામ પણ ભગવાન્ શ્રીઋષભદેવજીએ સ્થાપન કર્યું નથી, પણ લોકોએ તે જાતિનાં પ્રજાના રક્ષણનું ઉગ્ર કાર્ય દેખીને તથા અન્યાય કરનારાઓની કરાતી સજાના તીવ્રપણાને લીધે ઉગ્ર નામ આપ્યું. ભગવાન્ શ્રીઋષભદેવજીએ તેઓને આરક્ષકપણે સ્થાપ્યા હતા. અર્થાત્ ભગવાન્ શ્રી ઋષભદેવજીએ આરક્ષકપણે થાપેલા લોકોને પ્રજા લોકોએ ઉગ્ર કાર્ય કરનાર હોવાથી કે ઉગ્ર દંડ કરવાથી ઉગ્રનામે બોલાવ્યા તેથી તે રક્ષાના કાર્યને કરનારા લોકોની ખ્યાતિ ઉગ્રપણે થઈ તેથીજ શાસ્ત્રકારો વ્યાખ્યા કરતાં સ્પષ્ટપણે લખે છે કે જેઓને ભગવાન્ યુગાદિદેવે આરક્ષકપણે સ્થાપન કરેલા તેઓ ઉગ્ર કહેવાય.

## ભગવાને સોંપેલા આરક્ષકપણાને અંગે

ભગવાન્ આદિદેવે જે પ્રજાજનોના રક્ષણને માટે વર્ગ નિયત કર્યો હતો તે ઉગ્ર કહેવાયો. એ ઉપરથી સ્હેજે સમજાય તેમ છે કે ભગવાન્ અદિદેવે તે આરક્ષકોને ઉગ્રદંડ કરવા કે ઉગ્ર શિક્ષા કરવા પ્રેર્યા ન્હોતા, પણ તે કાર્યના પ્રસંગે તે રક્ષકોને ઉગ્ર થવાની જરૂર પડી. જગતમાં પણ અનુભવીયે છીએ કે મનુષ્ય સામાન્ય પ્રકૃતિનો પ્રથમ હોય છે અને પછી જે જે મનુષ્ય કાર્ય કરવા તરફ દોરાય છે તે તે મનુષ્યની તે તે કાર્યની અનુકૂલતાવાલી પ્રકૃતિના હોતા નથી છતાં જ્યારે તે જાનવરવધ આદિના કાર્યમાં દોરાયા રહે છે ત્યારે તેની ઘાતક પ્રકૃતિ એટલી બધી વધી જાય છે કે જાનવરના ઘાતની ટેવને લીધે મનુષ્ય ઉપર પણ ઘાતકી પ્રહાર કરી નાંખે છે. જગતનો ઈતિહાસ સ્પષ્ટપણે સાક્ષી પૂરશે કે જે જનસમવાયમાં જાનવરને પણ મારવાનો પ્રચાર છે તે જનસમવાયમાં મનુષ્યોનાં ખુન પણ સ્હેજે થાય છે. એવીજ રીતે તેજ સમાજમાં માંસ જેવા અભક્ષ્ય પદાર્થને ખાવાનો રિવાજ હોય છે તે જનસમાજમાં પણ મનુષ્યના ખુનના કેસો ઘણે ભાગે થાય છે, અને જે જનસમાજમાં નથી તો જનાવરની ઉપર ઘાતકપણું અને નથી તો માંસનો આહાર, જે જનસમવાયમાં તેવો જનસમવાય જાનવર કે મનુષ્ય એકકના ઘાતકી કાર્ય તરફ દોરાતોજ નથી, અને કદાચ કોઈ તેમાંનો તેવા કાર્ય તરફ દોરવાય તોપણ

તે પાછો જલદી સુધારા ઉપર આવી શકે છે. આ ઉપર જણાવેલી વસ્તુનો જોનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે આરક્ષકના કાર્યમાં જોડાયલો વર્ગ અનુક્રમે કાર્યના પરિચયને લીધે ઉગ્રસ્વભાવને ધારણ કરે અને ઉગ્રકાર્યો કરનારા થાય એ અસંભવિત નથી. આવી રીતેજ જેઓને ન્હાના ન્હાના પ્રાંતો રક્ષણ કરવાને સોંપાયા તેઓ ત્યાં ત્યાં રહેનારા કે નિયતથએલા ઉગ્રનામથી પ્રસિદ્ધ થયેલા આરક્ષકોના ઉપરિપણે રહે અને તે આખા પ્રાન્તોની રક્ષામાં નિયત થયેલા હોય તેને ભોગજાતના ક્ષત્રિયો તરીકે લોકો ઓળખવા લાગ્યા. આજકાલ પ્રસિદ્ધ થયેલા અને પ્રચારમાં ચાલતા શાસ્ત્રોમાં પણ કેટલાક ગામોના માલિકોને ભોગિકી શબ્દથી સમજાવાય છે અને સ્ત્રીને પણ ભોગિકી શબ્દથી જણાવવામાં આવે છે. કેટલીક જગ્યાએ ભોગિકની જગો પર ભોજિક અને ભોગિકીની જગો પર ભોજિકી શબ્દ પણ શાસ્ત્રોમાં પ્રચલિત છે. અર્થાત્ દેશના ન્હાના ન્હાના ભાગો પાડી તેની રક્ષા માટે નિયત થયેલો ભોગ ક્ષત્રિય તરીકે ગણાયો. તે ભોજિક કે ભોગિકલોકોને મિત્ર તરીકે રાખવામાં આવતા હતા. અર્થાત્ જેમ ભગવાન્ આદિદેવે સમગ્ર પ્રજાની રક્ષાનો ભાર ઉપાડ્યો તેમ આ ભોગિકોને શિર પણ તે તે પ્રાંત કે દેશના ભાગની રક્ષાનો ભાર હોવાથી તેમને મિત્રની કોટીમાં ગણ્યા અને તેથીજ ટીકાકારો લખે છે કે તે લોકો ભોગકુલના ગણાય કે જેઓને ભગવાન્ યુગાદિદેવે મિત્રપણે સ્થાપન કરેલા હતા. જોકે કેટલાક ટીકાકારો એમ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ક્ષત્રિયો તે તે કહેવાય કે જેઓને ભગવાન્ આદિદેવે પ્રજાપણે સ્થાપેલા હતા, પણ માત્ર રાજ્યાભિષેકની નજીકના વખત માટે હોવાની અપેક્ષાએજ હોઈ શકે. બાકી કર્મ અને શિલ્પોની ઉત્પત્તિથી લોકોને તે તે શિલ્પ અને કર્મો કરવાનું ભગવાનના રાજ્યકાલમાંજ નિયત થયેલું છે અને તેનું અધિપતિપણું ભગવાન્ શ્રી ઋષભદેવજીનું હતું એટલે વૈશ્ય વિગેરે લોકો ભગવાનની પ્રજા તરીકે ન્હોતા એમ નથી. વળી એમ પણ છે કે સામાન્ય રીતે લોકોમાં મનુષ્યોના રાજા અને પ્રજા એવા બે ભાગો બોલાય છે તેથી ભગવાન્ ઋષભદેવજી રાજ્યાભિષેકથી રાજા થયા એટલે શેષ રહેલો બધો વર્ગ પ્રજાવર્ગ તરીકેજ કહેવાય અને તેથી પ્રજા તરીકે રહેલા વર્ગને ક્ષત્રિય તરીકે ગણાવ્યો તેમાં આશ્ચર્ય નહિ. આનેજ અંગે નિર્યુક્તિકાર મહારાજ ભગવાનના રાજ્યાભિષેકથી બે વર્ગ થયા એમ જણાવે છે. અર્થાત્ ભગવાનને રાજ્યાભિષેક થયો રાજા અને પ્રજાવર્ગ થયો, અને તેથી પ્રજાપણે સ્થાપેલા લોકોને ક્ષત્રિય એમ કહેવા એવું ટીકાકારોએ જણાવ્યું. આ હિસાબે સામાન્યપણે સામાન્ય વર્ગને ક્ષત્રિય તરીકે ગણવો પડે અને વૈશ્યવિભાગ પછી થયો. અર્થાત્ આ હિસાબે અગ્નિની ઉત્પત્તિ અને વૈશ્યજાતિની સ્થાપના ભગવાનના રાજ્યાભિષેક પછી થઈ. આ કલ્પનામાં એ અડચણ મુખ્ય છે કે રાજ્યાભિષેકની સાથે શ્રીવિનીતાનો નિવેશ થયો છે અને બજાર વગેરેની રચના થવાથી વ્યાપાર વગેરેની વ્યવસ્થા થઈ છે તે અગ્નિની ઉત્પત્તિ સિવાય બની શકે નહિ. વળી આવશ્યક ભાષ્યકાર આદિ મહાપુરુષોએ આહારવ્યવસ્થા અને અગ્નિની ઉત્પત્તિ પછી રાજ્યાભિષેક આદિ લીધા છે તથા રાજ્યને નહિ પણ રાજા શ્રીઋષભદેવજીને આશ્રિત રહેનારાઓનેજ ક્ષત્રિય જણાવ્યા છે. અર્થાત્ સામાન્ય પ્રજા માત્ર ક્ષત્રિય હતો એમ માનવા જઈ શકીયે નહિ. વળી સામાન્ય પ્રજાવર્ગ જો ક્ષત્રિય મનાય તો પછી અન્યાયના ઘા એટલે ક્ષતથી બચાવનાર તે ક્ષત્રિય કહેવાય એ વ્યુત્પત્તિ કોઈ પણ પ્રકારે સામાન્ય પ્રજાવર્ગને ક્ષત્રિય માનીયે તો ઘટી શકે નહિ. વૈશ્યોની સ્થિતિવાળા લોકો હોય પણ તે તે વર્ણ તરીકે અથવા વિભાગ તરીકે રાજ્યાભિષેક પછી જુદા થયા હોય તો વૈશ્યોની હયાતી પણ મનાય અને રાજ્યાભિષેકથી

રાજા અને પ્રજા એટલે ક્ષત્રિય એવો મુખ્યતાની અપેક્ષાએ ભાગ મનાય. વાસ્તવિક રીતે તો રક્ષ્ય પછી રક્ષકની ઉત્પત્તિ માનવી વ્યાજબી ગણાય તો ક્ષત્રિયની ઉત્પત્તિ થવા પ્હેલાંજ રક્ષણીય એવા વૈશ્યોની ઉત્પત્તિ માનવી એ યોગ્ય લાગશે. ટુંકાણમાં ક્ષત્રિયોની ઉત્પત્તિ થતાં તેમાં વ્યવસ્થા સુગમતાને માટે ભગવાન્ શ્રીઋષભદેવજીને ઉગ્ર અને તે પ્રમાણે ભગવાને વ્યવસ્થા કરી પણ છે.

## ક્ષત્રિયમાં રાજન્યો કોણ અને શાથી ?

ક્ષત્રિજાતિમાં પણ ઉગ્ર અને ભોગ નામની જાતિની કેમ વ્યવસ્થા કરી શકાઈ અથવા કેમ કરી એ આપણે જોઈ ગયા, પણ તે ક્ષત્રિયોમાં રાજન્ય નામના ત્રીજા ભેદની વ્યવસ્થા શા માટે કરવી પડી અગર કેમ કરી એ વિચારવાનું હવે અસ્થાને નથી માટે તેનો વિચાર કરીયે. વાચકોએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે રાજન્ય શબ્દ રાજશબ્દથી અપત્ય એટલે પુત્રના અર્થમાં તદ્ધિતનો ય પ્રત્યય લાવીને બનાવવામાં આવ્યો છે. અહિં પણ એ વિચારવાલાયક છે કે જેમ રાજાને પુત્રને જન્મ આપવાનો હોતો નથી. અર્થાત્ રાજાના શરીરથી કોઈ પુત્રઆદિની ઉત્પત્તિ થતીજ નથી, પણ રાજાના વંશમાં જન્મે તેટલા માત્રથી રાજન્ય કહેવાય છે. આ ઉપરથી મનુષ્યશબ્દને દેખીને જેઓ મનુથી ઉત્પન્ન થયેલા એટલે મનુ માતાથી વગર બાપે થયેલા એવા મનુષ્યો માને છે તેઓએ સમજવાની જરૂર છે કે કોઈપણ મનુ નામની વ્યક્તિ પુરુષરૂપે કે સ્ત્રીરૂપે હોય અને તેનાથી આ બધા મનુષ્યોની ઉત્પત્તિ થઈ નથી પણ મનવાળા એવા મનુની જાતિ એજ મનુષ્યો છે, અને એવીજ રીતે રાજાની વંશપરંપરાવાળા તેજ રાજન્ય ગણાય. અર્થાત્ ઉગ્ર અને ભોગ કુલવાળાઓ જેઓ ઉગ્ર દંડ કરનાર અને પ્રાંતોને સંભાળનાર થયા તેમની વ્યવસ્થા કરનાર અને સમગ્રના અધિપતિ તરીકે જે રાજ્યાભિષેકવાળા અને રાજ્યગાદી ઉપર આરૂઢ થયેલ ભગવાન્ શ્રીઋષભદેવજી રાજા તરીકે થાય તેમની પરંપરામાં જે થયા અથવા જેઓ તે ભગવાનના કુટુંબ તરીકે હતા તેઓના વંશજો અને પરંપરાવાળા રાજન્ય ગણાયા અને ગણાય તેમાં નવાઈ નથી. એટલે ભગવાન્ શ્રીઋષભદેવજીનો પરિવાર અને તે પરિવારની તથા પોતાની પરંપરા રાજન્ય તરીકે ઓળખાય એમાં નવાઈજ નહિ. આ ઉપરથી હવે એ સવાલ નહિં રહે કે ભગવાન્ શ્રી ઋષભદેવજીની વખત જે ઉગ્રાદિ ત્રણ જાતિયો વિશેષપણે સ્થાપન કરી તેમાં પોતે તો જેમ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તીર્થને કરનારા હોય છે પણ પોતે તીર્થ જે દ્વાદશાંગીના આધારરૂપ ચતુર્વિધ સંઘ છે તેમાં નથી ગણાતા, એવી રીતે ઉગ્રાદિ જાતિમાં કદાચ સ્થાપન કરનાર હોવાથી ન ગણાય પણ તે ભગવાનની પરંપરા ઉગ્રાદિ ત્રણ જાતિમાંથી કઈ જાતમાં ગણવી એમ શંકા થાય તો આ ઉપરના વિવેચનથી સ્પષ્ટ થશે, ભગવાન શ્રી ઋષભદેવજી રાજા તરીકે અને તેમના વંશજો રાજન્ય તરીકે ગણાય, કાશ્યપ, ઈક્ષ્વાકુ, જ્ઞાત વગેરે ભેદો આ ક્ષત્રિયના પેટાભેદરૂપ રાજન્ય નામની જાતિના છે એમ આ ઉપરથી જાણી શકાય.

આવી રીતે ઉગ્રાદિ પેટાભેદ સહિત ક્ષત્રિય જાતની ઉત્પત્તિનો વિચાર કર્યા પછી હવે વૈશ્ય, બ્રાહ્મણ અને શુદ્રોની ઉત્પત્તિ કેમ અને ક્યારે થઈ તેનો વિચાર કરીયે. ધ્યાન રાખવાનું જરૂરી છે કે ભગવાન્ ઋષભદેવજીએ આ ઉગ્રાદિ કે ક્ષત્રિયાદિ જાતિની વ્યવસ્થા જે કરી છે, તે માત્ર પરહિતમાં રક્તપણાને લીધેજ કહેલી છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૪૬)

# આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાનજ કેમ ?

**(ગતાંકથી ચાલુ)**

અર્થાત્ એમ માનવુંજ જોઈએ, તે માની લે એટલે એમ કહેવું અને માનવુંજ જોઈએ, અનાદિકાલથી શુદ્ધ એવા આત્માની દશાનું જ્ઞાન કોઈ શરીરવાળાને થયું છે અને જ્યારે શરીરવાળો જીવ કર્મવાળો હોઈ અશુદ્ધજ હોય અને અનાદિશુદ્ધ એવા આત્માને જુવે અર્થાત્ શરીર ધારણ કરનાર આત્માને અનાદિકાલનું તે અનાદિઆત્માનું અને તેના અનાદિના શુદ્ધ સ્વરૂપનું જ્યારે જ્ઞાન થાય ત્યારેજ તે શરીરને ધારણ કરનારો આત્મા તે અનાદિ શુદ્ધ આત્માની સ્થિતિને જણાવે અર્થાત્ કોઈપણ શાસ્ત્ર કોઈપણ નિરાકારનું કહેલું તો સંભવેજ નહિ અને જ્યારે તે અનાદિશુદ્ધ આત્માને નિરૂપણ કરનાર અને જોનાર જો શરીરવાળાજ હોય તો પછી તે કહેનાર આત્માને ક્ષાયિકભાવનું સંપૂર્ણ એવું જ્ઞાન હોય છે એમ માનવું પડે તો પછી જરૂર માનવુંજ જોઈએ કે શરીરવાળાઓજ ક્ષાયિકજ્ઞાનને પ્રાપ્ત કરે છે. અર્થાત્ અનાદિનો શુદ્ધ કોઈ આત્મા છે એમ માનવાની જરૂરજ રહેતી નથી અને છે પણ નહિ, માટે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓ પણ અનાદિથી શુદ્ધ નહોતા અને તેથી તેઓને અશુદ્ધ દશામાંથી શુદ્ધ દશામાં આવવાની જરૂર જ છે.

**આદ્યસમ્યકત્ત્વમાં પણ સ્વયંસંબુદ્ધ હોય કે?**

ઉપર જણાવ્યા પ્રમાણે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો પણ અનાદિકાલથી મિથ્યાદર્શનાદિવાલા હોય છે. આ જગો પર ધ્યાન રાખવાની જરૂર છે કે સામાન્ય રીતે સુદેવ સુગુરુ કે સુધર્મને કુદેવ કુગુરુ કે કુધર્મરૂપે માને અથવા કુદેવ કુગુરુ કે કુધર્મને સુદેવ સુગુરુ કે સુધર્મરૂપે માને તો મિથ્યાત્વ ગણાય છે પણ તે લક્ષણ આભિગ્રહિક નામના મિથ્યાત્વને અંગે છે અને એવું મિથ્યાત્વ તો સંજ્ઞિપંચેન્દ્રિય સિવાયના પ્રાણીને કે મોક્ષની ઈચ્છા પણ નથી થઈ તેવા પ્રાણીને આભિગ્રાહિક ભાવમિથ્યાત્ત્વવાળા પ્રાણી સિવાયને હોયજ નહિ, પણ સર્વ મિથ્યાત્વના ભેદોમાં લાગુ પડે એવું મિથ્યાત્વનું લક્ષણ શ્રીહરિભદ્રસૂરિજી શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં જીવાજીવાશ્રવાદિ તત્વોની અશ્રદ્ધા એટલે શ્રદ્ધા ન થવી તેજ સમજવાનું છે અને એ તત્વની અશ્રદ્ધારૂપ મિથ્યાત્વજ જીવને અનાદિનું હોય છે અને આવું તત્ત્વઅશ્રદ્ધારૂપ મિથ્યાત્વ ભગવાન્ તીર્થંકર મહારાજના જીવોને પણ હોય છે, એટલે તે ભાગ્યશાલિ જીવોને પણ મોક્ષની સિદ્ધિ માટે સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તવ્યતા છે. જો કે ભગવાન્ તીર્થંકર મહારાજાઓમાં ઘણા તીર્થંકર મહારાજાઓ આદ્યસમ્યકત્વ પામ્યા પછી ત્રીજેજ ભવે તીર્થંકરપદ ભોગવી મોક્ષને સાધી શકાય છે અને તે અપેક્ષાએ તે ત્રણ ભવવાળા ભગવાન્ તીર્થંકરોનું આદ્યસ્મયક્ત્વ પતિત ન પણ થયેલું હોય છતાં વર્તમાન ચોવીશીના બીજા બધા તીર્થંકર મહારાજાઓ વધારે ભવ કરવાવાળા થયા છે, તેથી તેઓ અપ્રતિપાતિ સમ્યક્ત્વવાળા હોય એમ કહી

શકાયજ નહિ. તેમાં ભગવાન્ મહાવીર મહારાજ તો અનેક વખત નરકમાં ગયેલા હોવાથી તથા સ્થાવરપણામાં ઘણી વખત ગયેલા હોવાથી આદ્યસમ્યક્ત્વવાળાજ રહીને મોક્ષે ગયા છે એમ કોઈ પ્રકારે કહી શકાયજ નહિં.

## આદ્ય સમ્યકવ્વ; અને વરબોધિમાં ભેદ ખરો કે નહિ ?

કેટલાકોની એવી માન્યતા છે કે ભગવાન્ તીર્થંકરોને જે સમ્યક્ત્વ પ્રથમ થાય તેજ વરબોધિ તરીકે ગણવું, કારણ કે ઈતર જીવોમાં તેવી સ્વાભાવિક વિશિષ્ટતાવાળી ભવ્યતા એટલે તથા ભવ્યતા નથી પણ ભગવાન્ જિનેશ્વરોના આત્મામાં તથાભવ્યતા વિશિષ્ટ છે માટે તેઓશ્રીનું આદ્યસમ્યક્ત્વ તેજ વરબોધિ કહેવાય. આમ કહેવાવાળાઓએ વિચાર પણ કર્યો નથી જણાતો. પ્રથમ તો કર્મગ્રંથની વ્યાખ્યા પ્રમાણે તો અનાદિમિથ્યાદષ્ટિ જે જીવ હોય તે સર્વ પ્રથમ ઔપશમિકજ સમ્યક્ત્વ પામે અને જરૂર પતિત થઈ અન્ય સમ્યક્ત્વ પામે. પ્રથમ પ્રાપ્ત થતું સમ્યક્ત્વ ક્ષાયોપશમિક પણ હોય અને તે ટકી શકે એવી માન્યતા માત્ર સૈદ્ધાંતિક શૈલીની છે, છતાં સૈદ્ધાંતિક શૈલી મુજબ પ્રથમ પ્રાપ્ત થયેલ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ પતિત નજ થાય એમ તો નથી. અથવા તીર્થંકર મહારાજા મોક્ષ પ્રાપ્ત થતાં સુધી તે આદ્ય સમ્યક્ત્વને ધારણ કરનારા હોય જ એવો નિયમ પણ નથી. મુખ્ય વાત તો એ છે કે ભવવિરહ નામથી પ્રસિદ્ધ એવી શ્રીહરિભદ્રસૂરિજી શ્રી લલિતવિસ્તરામાં સ્વયંબુદ્ધપદની વ્યાખ્યામાં આદ્ય સમ્યકત્વને સમ્યક્ સંબોધ કહી વરબોધિને સ્પષ્ટ શબ્દથી વિશિષ્ટબોધિ કહીને આદ્યસમ્યક્ત્વ અને વરબોધિની ભિન્નતા જણાવે છે. વળી ભગવાન્ તીર્થંકર મહારાજના જીવો જો કે સ્વભાવે ઉત્તમ હોય છે. પણ સામાન્યથી તેઓ સમ્યક્ત્વ થતાં પરોપકારવૃત્તિની પ્રાધાન્યતાવાલા થાય પણ વરબોધિ પ્રાપ્ત થયા પછી તો પરનો અપકાર કરેજ નહિ અને પર ઉપકારમાંજ તલ્લીન રહે અને તેથીજ તે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી સ્પષ્ટપણે અષ્ટકજીમાં જણાવે છે કે **वरबोधितः आरभ्य परार्थोद्यत एवहि** અર્થાત્ વરબોધિની પ્રાપ્તિ થયા પછી ભગવાન્ અન્ય જીવોના ઉપકારમાંજ તત્પર રહે છે. આ સ્થાને ભગવાન્ જિનેશ્વરોનું આદ્યસમ્યક્ત્વ કે કોઈપણ સમ્યક્ત્વ જો વરબોધિ ગણાતો હોત તો વર એવું વિશેષણ આપવાની ભગવાન્ જિનેશ્વરનો અધિકાર હોવાથી જરૂર નથી. વળી તત્વાર્થભાષ્યની यः **शुभकर्मा सेवनभावितभावो भवेष्वनेकेषु** એ કારિકાની વ્યાખ્યામાં ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી વરબોધિ થયા પછી શ્રીતીર્થંકર મહારાજના ભવ સુધી લાગટ ભૂત દયા આદિ લક્ષણ શુભ કર્મ આસેવનનો જે નિયમ ભગવાન્ મહાવીર મહારાજ માટે જણાવે છે તે જો આદ્યસમ્યક્ત્વને વરબોધિ કહીયે અને ભગવાન્ તીર્થંકરના વિશિષ્ટ સમ્યક્ત્વને વરબોધિ ન કહીયે તો ઘટી શકેજ નહિ. આ કારણો વિચારતાં ભગવાન્ જિનેશ્વરોનું આદ્યસમ્યક્ત્વ હોય તે વરબોધિજ કહેવાય એમ શાસ્ત્રાનુસારિયો તો માની શકેજ નહિ.

## આદ્યસમ્યક્ત્વ ગુરૂઆદિથી થાય કે સ્વયં થાય?

જો કે જીવમાત્રને અંગે સમ્યક્ત્વ પછી તે આદ્યસમ્યક્ત્વ હોય અથવા અન્ય વખતનું સમ્યક્ત્વ હોય પણ તે બે પ્રકારે થઈ શકે છે. તેમાં પ્હેલો જે નિસર્ગ સમ્યક્ત્વનો જે ભેદ કે જેમાં સ્વભાવિકપણે એટલે ગુરુમહારાજના ઉપદેશાદિ વિનાજ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. તે નિસર્ગ નામનું સમ્યક્ત્વ દરેક જીવને થઈ શકે છે, પણ તીર્થંકર ભગવાનોનાં ચરિત્રો જોતાં બીજા જીવોને પ્રથમ સમ્યક્ત્વ કદાચ નિસર્ગથી થઈ જાય તો પણ શ્રી જિનેશ્વર ભગવાનોનું આદ્યસમ્યક્ત્વની નિસર્ગ હોય એમ જણાતું નથી

અર્થાત્ ભગવાન્ જિનેશ્વરોની જો આદ્યસમ્યક્ત્વ નિસર્ગ ભેદનું થતું હોત અને એવો નિયમ હોત તો ભગવાન્ જિનેશ્વરોને આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિમાં પણ સ્વયંબુદ્ધ કહેવામાં અડચણ ન આવત, પણ તીર્થંકર મહારાજાઓના ચરિત્રને આધારે દરેક તીર્થંકર ભગવાનના જીવોને ગુરુ મહારાજના ઉપદેશથી જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે અર્થાત્ અધિગમ સમ્યક્ત્વ કે ગુરુ મહરાજના ઉપદેશથી થાય છે તેવા અધિગમ સમ્યક્ત્વનીજ પ્રથમથી પ્રાપ્તિ થઈ છે, માટે અન્ય જીવોને સ્વયંબુદ્ધ કદાચ કહી શકાય, પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવોને સ્વયંબુદ્ધ કહી શકાય નહી અને શ્રીહરિભદ્રસૂરિજી શ્રીલલિતવિસ્તરામાં આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિમાં ભગવાનને ગુર્વાદિના યોગે સમ્યક્ત્વ થવાનું સ્પષ્ટપણે કહે છે તો પછી ભગવાન્ જિનેશ્વરોને અંત્ય ભવના ચારિત્રની અપેક્ષાએ સ્વયંબુદ્ધ માનવા એજ વ્યાજબી હોય અને આદ્યસમ્યક્ત્વની અપેક્ષાએ સ્વયંબુદ્ધ ન હોય એમ કેમ ન માનવું ? આવી શંકાના સમાધાનમાં સમજવાનું કે ભગવાન્ તીર્થંકરના ભવમાં ચારિત્રની અપેક્ષાએ જે સ્વયંસંબુદ્ધપણું તે નિરૂપચરિત છે એમાં કોઈ શંકા નહિ, પણ ભગવાન્ જિનેશ્વરોનું આદ્યસમ્યક્ત્વ જે ગુરુઆદિના યોગે છે અને તેથી આધિગમિક નામનું છે પણ નિસર્ગ નથી એ ચોક્કસ છે, છતાં તે આદ્યમ્યસક્ત્વ આધિગમિક છતાં ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે આદ્યસમ્યક્ત્વ વખતે પણ ભગવાન્ જિનેશ્વરો સ્વયંસંબુદ્ધ હોય છે, તો તેમાં વિરોધ કેમ ન આવે ? આવી રીતે વિરોધ જણાવનારે ધ્યાન રાખવું જોઈએ કે ભગવાન્ હરિભદ્રસૂરિજી ભગવાનના આદ્યસમ્યક્ત્વ સમયે સ્વયંસંબુદ્ધપણું જણાવતાં ગુરૂ આદિનો યોગ તો સમ્યક્ત્વના ઉત્પાદનમાં કારણ તરીકે જણાવેજ છે એટલે ભગવાન્ તીર્થંકરના ભવ જેવું તે વખત નિરૂપચરિત સ્વયંસંબુદ્ધપણું નથી, પણ ઉપચારે સ્વયંસંબુદ્ધપણું છે અને નિરૂપચરિત તથા ઉપચરિતપણામાં વિરોધ માનવો એ અક્કલવાલાને શોભતું નથી. અર્થાત્ આદ્યસમ્યક્ત્વની વખતે જો કે ગુરૂ સંયોગાદિ કારણો છે અને તેથી તે આદ્યસમ્યક્ત્વ આધિગમિકજ છે છતાં તે ત્રિલોકનાથ તીર્થંકરોના જીવોની એટલી બધી ભવિતવ્યતા ભવ્યતા અને ભવસ્થિતિ પરિપક્વ થઈ છે કે જાણે તેઓને બોધ કરવામાં ગુરૂનો પ્રયત્ન છતાં પણ તેની ગૌણતા ગણાઈ અને જીવ સ્વભાવનીજ મુખ્યતા ગણાઈ જેમ કર્મકર્ત્તરિ કે કરણકર્ત્તરિ આદિ પ્રયોગોમાં કર્મ કે કરણની સુકરતાને લીધે કર્તૃપણે વિવક્ષા કરાય છે તેવી રીતે અહિં પણ જિનેશ્વર મહારાજના જીવોની ઉત્તમતાની વિવક્ષા કરી છે અને એ વાત ધ્યાનમાં લેવાથી ભગવાન્ શ્રીઋષભદેવજીને ધનાસાર્થવાહના ભવમાં માત્ર દાનના અપૂર્વરંગમાં આદ્યસમ્યક્ત્વ પ્રાપ્તિ થઈ તે અને ભગવાન્ મહાવીર મહારાજને નયસારના ભવમાં માર્ગમાં ચાલતાં ચાલતાં માત્ર દીધેલા ધર્મોપદેશથી કે માર્ગ દેખાડવાના પ્રસંગમાં જરાવાર ઝાડ નીચે બેસીને દીધેલ દેશનાના પ્રસ્તાવ માત્રથી જે આદ્યસમ્યકત્વની પ્રાપ્તિ થઈ તેનો સ્ફોટ થઈ જશે. અર્થાત્ એવા મહાનુભાવોને માત્ર અલ્પ પ્રયાસથી જે સમ્યકત્વ પ્રાપ્ત થયું તેથી સમ્યકત્વની દુર્લભતા ઓછી થતી નથી કોઈ ભાગ્યશાલિને ભાગ્યના યોગે નાળ દાટવા જતાં નિધાન મળી જાય તો તેટલા માત્રથી નિધાનથી કિંમત કે દુર્લભતા ઓછાં થતાં નથી તેમ અહીં તીર્થંકર ભગવાનને સ્હેલાઈથી પ્રાપ્ત થતા આદ્યસમ્યકત્વને અંગે પણ સમજવું.

## ભગવાનની પરોપકારિતા ક્યારની ?

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પરોપકારના વ્યસનવાળા એટલે હાથમાં આવેલો પરોપકાર કરવાનો વખતજ ન જવા દેવા અથવા પરોપકાર

વિના ચેનજ ન પડે એવી સ્થિતિવાળા સમ્યક્ત્વ પછી અનુકંપાને લીધે હોય પણ વરબોધિ પછી તો પરોપકારવાળાજ હોય છે અને તેથી ભગવાન્ હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે वरबोधितः आरभ्य परार्थोद्यत एव हि અર્થાત્ ભગવાન્ તીર્થંકરના જીવો વરબોધિ એટલે વિશિષ્ટ સમ્યક્ત્વ પામ્યા પછી પરાર્થમાં ઉદ્યમવાળાજ હોય છે. આ સ્થાને બે વાત ધ્યાનમાં રાખવાની છે કે સામાન્ય સમ્યક્ત્વને કે આદ્યસમ્યક્ત્વને અવધિ તરીકે ન લેતાં વરબોધિ એટલે વિશિષ્ટ બોધિનેજ પરોપકારિપણાના નિયમની શરૂઆત તરીકે જણાવે છે. વળી પરોપકારની શરૂઆત વરબોધિથીજ થાય છે એમ નહિં જણાવતાં વરબોધિ પ્રાપ્ત થયા પછી પરોપકારવાળાજ ભગવાન્ તીર્થંકરો હોય છે એમ જણાવી વરબોધિ પછી પરોપકારવ્યસનિપણું જણાવે છે અને વરબોધિ પ્રાપ્ત થવા પ્હેલાં પણ પરોપકારપણું સામાન્યથી હોવાનો સંભવ જણાવે છે. જેમ અશુદ્ધ દશામાં રહેલ બ્હાર આવેલ રત્ન બીજા બહાર આવેલ શુદ્ધ ગણાતા હલકા રત્નોથી ઉત્તમ હોય તેવીજ રીતે ખાણમાં જ્યારે તે બે ઉત્તમ અને હલકાં રત્નો હોય ત્યારે પણ તે ઉત્તમ રત્નની લાયકાત કોઈ વિચિત્ર છે એમ માનવુંજ જોઈએ. ભીખારી અવસ્થામાં ફરતા ભાવિરાજા અને સદા રંકની સ્થિતિ જુદા પ્રકારની યોગ્યતાવાળી હોય છે. એવી રીતે યાવત્ નિગોદમાં રહેલા પણ ભગવાન્ તીર્થંકરોના જીવોની અને ઈતરજીવોની તથા ભવ્યતા જુદા જુદા પ્રકારની હોય છે. જેમ શુદ્ધ કોટીના હીરાને અનુકૂલ સંયોગો મળે અને તેની ઉપર ચઢેલો મેલ જો નાશ પામે તો તેની જે મનોહરતા ઝલકે છે તેવી મનોહરતા હલકા રત્નનો મેલ સર્વથા નાશ પામે તો પણ ઝલકતી નથી. એવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવોને જે કાલે મિથ્યાત્વમોહનીયનો મેલ નાશ પામી સમ્યક્ત્વની ઝલક પ્રાપ્ત થાય છે તે કોઈ એવી વિચિત્ર થાય છે કે તેવી અન્યમોક્ષગામી એવા ભવ્ય જીવોમાં ન હોય. જો કે મિથ્યાત્વના ક્ષયની તત્વશ્રદ્ધારૂપ સમ્યક્ત્વમાં કોઈ જાતનો અતીર્થંકર અને તીર્થંકરના જીવોને અંગે હોતો નથી. છતાં કોઈ એવો વિચિત્ર ફરક રહેલોજ છે કે જેને લીધે એક જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત કરીનેજ મોક્ષપદ મેળવશે જ્યારે બીજા જીવો સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધિપદ મેળવશે પણ તીર્થંકરપણાને પ્રાપ્ત કર્યા સિવાય મેળવશે.

## તીર્થંકરનામ નિકાચિત કરવું.

જો કે કેટલાક જીવો કુવલયપ્રભ આચાર્ય જેવા પણ હોય છે કે જેઓ અત્યન્ત શુભતર અધ્યવસાયથી શ્રીજિનનામકર્મને બાંધે છે, અને પછી કુવલયપ્રભ આચાર્યની માફકજ ઉત્સુત્રભાષણઆદિથી તે બાંધેલા તીર્થંકર નામનો નાશ કરે છે અને તીર્થંકરપદ મેળવતા નથી અને સામાન્ય કેવલી થઈ મોક્ષે જાય છે, પણ તેવા આત્મામાં તેવીજ તથાભવ્યતા સમજવી, પણ એવી રીતે બાંધેલું તીર્થંકરનામ નાશ પામી જાય છે અને કેટલાક જીવોને ફળ દેતું નથી માટે શાસ્ત્રકારોએ તે તીર્થંકરનામકર્મને નિકાચિત કરવાનું શ્રી તીર્થંકર મહારાજના ભવથી પાછલા ત્રીજે ભવે જણાવ્યું છે. અર્થાત્ બાંધેલું તીર્થંકરનામકર્મ તો તીર્થંકરપણું આવ્યા સિવાય વિખરાઈ જાય પણ નિકાચિત કરેલું એવું તીર્થંકરનામકર્મ તીર્થંકરપણારૂપફળ આવ્યા સિવાય વિખરાયજ નહિં.

## ભગવાન્ જિનેશ્વરોની આદ્યસમ્યક્ત્વ પ્રાપ્તિ

જે જે જીવોને મોક્ષ પ્રાપ્ત થયો છે કે જે જે જીવોને મોક્ષ પ્રાપ્ત થવાનો છે તે બધા જીવો ચ્હાય તો પછી તે જીવ તીર્થંકરપણે મોક્ષ પામવાનો હોય કે સામાન્ય કેવલિપણે મોક્ષે જવાનો હોય પણ તે સર્વ જીવોનું અનાદિથી મિથ્યાદૃષ્ટિપણુંજ હોય છે. સ્વાભાવિક રીતે કોઈપણ જીવ પછી તે ચ્હાય તો તે તીર્થંકર ભગવાન્ થઈને મોક્ષે જવાનો હોય કે સામાન્ય કેવલિપણે મોક્ષે જવાનો હોય છતાં સર્વજીવો અનાદિથી મિથ્યાત્વવાળાજ હોય છે.

**કર્મનો કર્તાએ આત્માનું લક્ષણ**

અને તે સર્વ જીવો મિથ્યાત્વાદિવાળા અનાદિથી હોય છે તેથી તો પારમાર્થિક દૃષ્ટિએ આત્મા કર્મરૂપી જડપુદ્ગલોનો કર્ત્તા નથી, છતાં આત્માનું લક્ષણ એ જણાવાય છે કે જે જ્ઞાનાવરણીયાદિ કર્મની પ્રકૃત્તિઓને કરનાર છે, તેજ આત્મા જો કે સિદ્ધમહારાજઆદિ જ્ઞાનાવરણીયાદિ કર્મોના કરનારા નથી પણ લક્ષણશબ્દથી અહિં અવ્યાપ્તિ અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષોથી રહિત એવો વસ્તુધર્મ ન લેવો પણ બીજા પદાર્થોથી જુદો પડાય અને જે વસ્તુ તેમાંજ હોય એવી વસ્તુ લક્ષણ તરીકે લેવાય છે. જેમ બધા અગ્નિઓની સાથે ધૂમાડો હોતો નથી, પણ ધૂમાડો અગ્નિ સિવાય હોતોજ નથી, તેથી અગ્નિનું લક્ષણ ધૂમાડો કહી શકાય, એવી રીતે અહિંયાં, જ્ઞાનાવરણીયઆદિ કર્મને સિદ્ધમહારાજ આદિ જીવો કરતા નથી તો પણ જ્ઞાનાવરણયાદિકર્મો જે કોઈ પણ અજીવ કરતો નથી, તે જ્ઞાનાવરણીયઆદિ કર્મોને જીવોજ કહે છે, માટે જીવોનું લક્ષણ એટલે ઉપલક્ષક અર્થાત્ ઓળખાવનાર તરીકે જ્ઞાનાવરણીયાદિક કર્મનું કર્ત્તાપણું લીધું છે.

**અનાદિથી કર્મનો કર્ત્તા કેમ ?**

જો જીવને અનાદિકાલથી કર્મનો કર્ત્તા ન માનીયે તો કર્યા વિના કર્મનાં ફળ ભોગવવાં પડે છે એમ માનવું પડે અને વર્ત્તમાનમાં જે કર્મનું કર્ત્તાપણું અને ભોકતાપણું છે તે કર્મના વિનાના જીવને થયેલું છે એમ માનવું પડે અને જો શુદ્ધ એટલે કર્મ રહિત એવા જીવને કર્મોનો બંધ થાય છે એમ માનીયે તો પછી કર્મક્ષય કરીને મોક્ષે જવાની વાત કેવલ વ્યર્થજ થઈ જાય, કેમકે કર્મક્ષય કરીને શુદ્ધ થવાથી મોક્ષે જવાની વખતજ અને મોક્ષે ગયા પછી પણ શુદ્ધ અવસ્થાવાળાને પણ કર્મનો લેપ લાગે છે એમ માનવાથી સિદ્ધ થવાનો કે સિદ્ધપણે રહેવાનો વખતજ નહિ આવે. અને મોક્ષનું થવું કે મુક્તદશામાં રહેવું એ બન્ને ન હોય તો સર્વ દીક્ષાઆદિ ધર્મકાર્યો વ્યર્થજ ગણાય. વળી અનાદિથી જો કર્મનો બંધ ન હોય અને વર્ત્તમાનમાં તો જીવને શરીર આદિ હોવાથી કર્મનો બંધ અને કર્મનો ઉદય છે એમ માનવું જ પડશે અને વર્ત્તમાન કાલનો કર્મોદય પૂર્વકાલમાં કર્મોને કર્યા વિના થયો નથી, તેમ પૂર્વકાલમાં તે કર્મનું કર્ત્તાપણું મન વચન કે કાયાના યોગ સિવાય થયું નથી અને મન વચન કે કાયાના યોગો કે જે કર્મોના ઉદયથીજ થવાવાળા છે તે તેની પ્હેલાંના કર્મોના ઉદય સિવાય થાય નહિ. અર્થાત્ જેમ બીજ વિના અંકુરો હોય નહિ અને અંકુરા વિના બીજ ન હોય અને તેથીજ બીજઅંકુરની પરંપરા અનાદિની માનવી પડે છે, તેમ અહિં કર્મના ઉદય વિના કર્મનો બંધ હોય નહિ અને કર્મના બંધ વિના કર્મનો ઉદય ન હોય એથી કર્મબંધ અને કર્મઉદયની પરંપરા અનાદિથી માનવીજ જોઈએ, અને કર્મની પરંપરાજ અનાદિની હોય તો પછી તે કર્મથી આત્માનું થતું મલિનપણું અનાદિથી કેમ ન હોય ? એમ નહિં કહેવું કે કર્મનો બંધ કર્મના ઉદયથી અને કર્મનો ઉદય કર્મના બંધથી માનીયે તો અનવસ્થા આવશે કારણકે આદિવાળા જ્ઞાન ઉત્પત્તિ કાર્યોમાં અનવસ્થા આવે એ બાધા કરે, પણ અનાદિથીજ જે કાર્યકારણની પરંપરા હોય તેમાં અનવસ્થા એ દોષ નથી એટલુંજ નહિં પણ એક અપેક્ષાએ અનાદિતા સિદ્ધ કરવાનું સાધન છે. જેમ બીજ અને અંકુરની પરંપરાને અનાદિ છે એમ સાબીત કરવામાં બીજ વિના અંકુરો ન હોય અને અંકુરા વિના બીજ ન હોય એમ જણાવી બીજ આદિમાં કે અંકુરોજ હતો એમ કહેનારને સત્યસ્વરૂપ સમજાવતાં અનવસ્થા અપાય અને તેથી બીજ અને અંકુરની પરંપરા અનાદિ છે અર્થાત્ બીજ એકલું પણ આદિમાં ન હોય અને અંકુરો એકલો પણ આદિમાં ન હોય એમ જણાવી અનવસ્થાથી બીજઅંકુરાની પરંપરા અનાદિ છે એમ સાબીત

કરાય છે તેવી રીતે અહીં પણ કર્મોદય વિના કર્મબંધ ન હોય અને કર્મબંધ વિના કર્મોદય ન હોય એમ સામાન્ય રીતે અનવસ્થાદ્વારાએ કર્મની અનાદિતા સાબીત કરવાની થઈ શકે છે માટે અહિં અનવસ્થા દૂષણ નથી પણ ભૂષણ છે. વળી જ્યાં એક વસ્તુ એકરૂપે હોય ત્યાં અનવસ્થા દૂષણરૂપે રહે પણ જ્યાં ઉભય વસ્તુ ઉભયરૂપે હોય ત્યાં અનવસ્થા દૂષણરૂપે દાખલ થઈ શકે નહિ. જેમ બીજ અને અંકુરાની પરંપરામાં બીજ કે અંકુરો એકકે એકલા કારણરૂપે નથી તેમ કાર્યરૂપે પણ નથી. એજ બીજ પ્હેલાના અંકુરાના કાર્યરૂપ છે. અને ભવિષ્યના અંકુરાના કારણરૂપ છે. એવી રીતે અંકુરો પણ પ્હેલાના બીજના કાર્યરૂપ છે અને ભવિષ્યના બીજના કારણરૂપ છે. આવી રીતે દરેક ચીજ ઉભયરૂપ હોવાથી જેમ બીજઅંકુરાની પરંપરામાં અનવસ્થા નડતી નથી તેવી રીતે અહિં કર્મોદય છે તે ભૂતકાલના કર્મબંધનું કાર્ય છે અને ભવિષ્યના કર્મબંધનું કારણ છે તેમજ કર્મબંધ પણ વર્તમાનના કર્મોદયનું કાર્ય છે તેવી ભવિષ્યના કર્મોદયનું કારણ છે માટે કર્મોદય અને કર્મબંધ બન્ને કારણ અને કાર્ય એ ઉભયરૂપ હોવાથી અહિં જે અનવસ્થા છે તે દૂષણરૂપ નથી પણ ભૂષણરૂપ છે અને એ અનવસ્થાથી તો અનાદિતા સાબીત થાય છે અને બંધનો કે કર્મનો ઉદય કર્મને કરનારા સિવાય ન હોય તેમજ અન્ય કર્મને કરનારો હોય અને કર્મ ભોગવનારો અન્ય હોય એમ બનેજ નહિ તેથી દરેક આત્મા અનાદિકાલથી કર્મને બાંધનારો અને ભોગવનારો, જ છે. જેમ રાજ્યઅવસ્થા પામવાવાળો અને રંક અવસ્થામાં જિંદગી ગાળનારો મનુષ્ય અનુક્રમે ભાગ્યશાળી અને નિર્ભાગ્ય હોય છે અને મનાય પણ છે.

### ભગવાન્ તીર્થંકરો પણ અનાદિથી કર્મોના કર્ત્તા

છતાં તે તેઓની ભાગ્યવત્તા અને નિર્ભાગ્યવતા ગર્ભાવાસ કે જન્મદશા ઉપર અસર કરતી નથી. અર્થાત્ સર્વથા નવ મહિના સુધી અંધારવાળા અને અશુચિથી ભરેલા સ્થાનમાં ઉંધે માથે રહેવુંજ પડે છે. રાજા થવાવાળા માટે થોડો કાલ કે અનેરૂં સ્થાન હોય તેમ નથી, તેમ નિર્ભાગ્યને માટેજ વધારે મુદત સુધી વધારે ખરાબ સ્થાનમાં રહેવાનું હોતું નથી. ગર્ભાવાસ રાજા અને રંક માટે સરખો હોય છે અને ગર્ભાવાસમાં રહેવાનું પણ બન્ને માટે સરખું જ હોય છે. જેવી રીતે ભવિષ્યના રાજા અને રંકને ગર્ભાવાસ સરખો હોય છે તેવી રીતે જન્મસ્થાન અને જન્મ પામવાની રીતિ પણ રાજા અને રંકને એક સરખીજ હોય છે. અર્થાત્ જેમ રાજા અને રંકને ગર્ભાવાસ અને જન્મ બન્ને સરખાં હોય છે તેવીજ રીતે અહિં પણ ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષ પામનારો અથવા સામાન્ય કેવલિપણામાં મોક્ષે જનારો જીવ હોય. નજીકમાં મોક્ષ પામનારો હોય કે અનન્તકાળ પછી મોક્ષ પામનારો હોય, થોડા કાલમાં સમ્યગ્દર્શનને પામનારો હોય અથવા અનન્તે કાલે સમ્યગ્દર્શન પામનાર જીવ હોય યાવત્ કોઈ મોક્ષ પામી શકે એવો ભવ્ય હોય અગર કોઈ મોક્ષ નહિં પામનારો છતાં માત્ર મોક્ષ પામવાની લાયકાત ધરાવનારો જાતિભવ્ય હોય, અંત્યમાં ચ્હાય ભવ્ય હોય કે અભવ્ય હોય પણ સર્વજીવોને અનાદિથી કર્મનું કર્ત્તાપણું અને કર્મને ભોગવનારપણું તો અનાદિથી સર્વને માટે હોય છેજ. અર્થાત્ અનાદિથી કર્મના કર્ત્તા અને કર્મના ઉદયવાળાપણામાં કોઈ જાતનો ભેદ નથી. અર્થાત્ સર્વ જીવો અનાદિથી કર્મને કરવાવાળા અને ભોગવવાવાળાજ છે. અને તીર્થંકર મહારાજ પણ અનાદિથી કર્મને કરનારા અને ભોગવનારાજ હોય છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૪૯)

# સમાલોચના

૧ પત્રથી આવેલ સૂચનાથી સમાલોચનામાં લખાય.

૨ શ્રી જયાનન્દસૂરિજી માટે અન્યો ઈતિહાસ લખે તે સારૂંજ છે. અજ્ઞાન માનવામાં નાન્મ નથી.

૩ શ્રી મહાવીર મહારાજ વગેરેની ચર્ચામાં સત્યના નિર્ણય માટે નીમણૂંક માટે ન થઈ તો અસત્યને જણાવવા પણ સૂચના થઈ છેજ.

૪ બૃહત્કલ્પની પ્રસ્તાવનામાંજ અધિકાર છે એમ તો કબુલાત કરીજ છે, રાજાદિની વાત તો ઉદાહરણ તરીકે છે તે વાત આ પેપરમાં આવી ગઈ છે.

૫ ક્રાંતિકારીની જુઠી સુધારણાનો કે બીજો પણ બચાવ આમ ન થાય.

૬ ખોટું સમજાવવા નકારની ભૂલ જણાવી, છતાં પણ તેમાંજ ધમપછાડા થાય તે શુદ્ધબુદ્ધિએ સુધારનારાને ન શોભે તે અસ્વાભાવિક નથી. (અવજ્ઞાનો એ લેખ છે.)

૭ તત્વતરંગિણીમાં પર્યુષણાની ચોથના ક્ષયે તારે પંચમીએ સંવચ્છરી કરવી પડશે એમ ખરતરોને ચઉદશના ક્ષયે પુનમે પકખી કરવાથી પ્રસંગ આપ્યો છે, તે ઉપરથી પંચમીનું પર્વપણું અને ત્રીજનો ક્ષય કરવાનું સ્પષ્ટ છે, ત્યાં અમાન્યતાને આગળ કરનારને ધન્યવાદ. (ચરણદાસ)

૧ ૯૭૮ મેં પાને શતક બધાં પૂરાં થવાને અંગે સમાપ્તિ છે, ૯૭૯ મેં લહીયોએ લખેલા નમસ્કાર સાથે પૂર્ણતા જણાવાઈ છે. ત્રીજી તો ટીકા માટે છે.

૨ ૯૭૯માં શતકની ટીકા સમાપ્તિ પછીનો પણ ટીકા ભાગ ભગવાન્ અભયદેવસૂરિજીનો જ છે.

૩.૪.૫ **ચુલસીઇ** વગેરે ગાથા લહીયાની કરેલી છે એમ ટીકાકાર માનતા નથી,

૬ પુસ્તક લેખક શબ્દથી શ્રીસુધર્મસ્વામી કે શ્રીદેવર્દ્ધિક્ષમાશ્રમણને તો લેનારની અક્કલજ નમુનેદાર ગણાય. **ણમો ગોયમાઈણં** થી શેષ બધું લેખક નમસ્કારથી લે છે.

૭ **ણમો** આદિવાળો બધો ભાગ લખનાર કોઈ એ જણાવ્યું નથી. કોઈપણ લેખક હોય.

૮ શ્રુતદેવતા સ્તુતિ આપી ગદ્ય આપી પાછી શ્રુતદેવતા સ્તુતિ આપવામાં લેખક ઈચ્છાજ કારણ.

૯ બાકીના ભાગના કર્તા લેખકો છે એમ ટીકાકાર સ્પષ્ટ કહે છે. અંતહુંડી એ વિદ્યાનું વિશેષણ છે.

૧૦ શ્રી દાનશેખરજીવાળી ટીકા સંક્ષિપ્ત છે, તો પછી તેમાં તેનો લેખ ન હોય એથી તે ભાગ પ્હેલો ન્હોતો, એમ કહેનાર તો અણસમજું ગણાય.

તા.ક. આવા પ્રશ્નોથી તમે ગણધરમહારાજ કૃત ગાથાઓ અમુક છે વગેરે જે લખી નાંખ્યું હતું તેનું સમાધાન ન ગણાય, અને સત્યગ્રહણનો આ રસ્તો પણ નથી. તમને સંતોષ થવા ઉત્તરો આપ્યા છે. (હીરાલાલ કા.)

૧ સાધ્વીયો પાસે કપડાં ધોવરાવવાં અથવા ગૃહસ્થ પાસે કપડાં ધોવરાવવાં એ સાધુઓને માટે અકલ્પ્ય છે.

૨ વ્યાખ્યાન વખત સિવાય સાધ્વી કે શ્રાવિકા સાધુઓને ઉપાશ્રયે આવે તે અયોગ્ય ગણાય. (ચાણસ્મા)

૧ પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસ બે પ્હેલેથી કરાય છે, એ જેને કબુલ છે તેને તો ભાદરવા સુદ ૫ની વૃદ્ધિ થવાથી બે ત્રીજ કબુલ કરવી પડે.

૨ શ્રીહીરપ્રશ્નમાં પૂર્ણિમા અમાવાસ્યાની વૃદ્ધિમાં ઔદયિકી શબ્દ બીજી તિથિને અંગે ગુણ નિષ્પન્ન છે. બાકી સૂર્યોદય તો બન્નેમાંજ હોય છે.

૩ તત્ત્વતરંગિણીનો પાઠ ક્ષયતિથિને અંગે છે તેને વૃદ્ધિમાં કેમ લગાડાય છે ? અને ક્ષયમાં ષષ્ઠતપને સ્થાને શીલપાલન આરંભત્યાગને માટે શું ? અર્થાત્ બે દિવસ થવાં જોઈએ ત્યાં કેમ ?

૪ શનિવારવાલાને ભાદરવા સુદ ૫ થી એક દિવસ પાછલ આણેલી સંવચ્છરી બે દિવસ પાછલ જશે.

૫ શ્રીહીરપ્રશ્ન વગેરેમાં છઠ્ઠ અટ્ઠમ માટે ભાદરવા સુદિ ૫ લીધી છે. વર્ષની ગણતરીમાં સંવચ્છરીપણું પલટાયું છે. તિથિપણું નહિ, તે સ્હેજે સમજાય તેમ છે.

૬ ક્ષયમાં ઉદય હોય નહિં અને વૃદ્ધિમાં બે ઉદય હોય એ જાણનારો ઉદયતાનું કથન વિચારવું જરૂરી છે.

૭ આમ કર્યું હતું એમ કહેશે એ કથન કોને શોભે ? (સાંજ વર્તમાન)

૧ ભગવાન્ તીર્થંકર દેશના દે તે વખતેજ ભગવાનનાં ત્રણ રૂપ સમવસરણમાં ત્રણ દિશાએ દેવતા કરે. ભગવાન્ દેવછંદે જાય અને ગણધરમહારાજ દેશના દે ત્યારે નહિં.

૨ શ્રીભગવતીજીમાં છત્રીશ હજાર પ્રશ્નો અને છત્રીશ હજાર વખત શ્રી ગૌતમસ્વામીજીનું નામ હોવાથી ચાર માસના ૧૨૦ દિવસે રોજ ત્રણસે સાથીયા આદિ કરવાથી છત્રીસ હજારનો મેળ થાય. ઓળીઆદિને અંગે વધારે

૩ આચાર્યાદિપદસ્થોને દ્વાદશાવર્ત્ત વંદન કરાય છે. સાધ્વીયોમાં પ્રવર્ત્તિનીને પણ હોવું સંભવિત નથી.

(તાપસ)

૧ સૂત્રથી વિરૂદ્ધ શ્રદ્ધા અને પ્રરૂપણાવાળા છે એમ નક્કી હોય તેવા સાથે ક્રિયા કરવી અથવા એના સ્થાપનાચાર્ય માનવા એ સૂત્રાનુસારિને શોભે નહિ.

૨ મધ્યાહ્નાદિનો કાલ વખત તો કલ્પવાચનમાં પણ ટાળવોજ જોઈએ.

૩ શનિવારે લાજને લીધે પણ સંવચ્છરી કર્યા પછી રવિવારે કરવું એ શોભતું નથી. શંકાવાળો સ્વયંખામણાં કરી શકે.

૪ તેરસ અને ત્રીજ આદિ દિવસોએ સંતિકરં અને ધમ્મો માંગલનાં સ્તવન અને સજ્ઝાય બોલવાનો રિવાજ જુનો છે.

૫ પ્રભૂપ્રજાનો મુખ્યકાલ ત્રણ સંધ્યા છે, પણ આ જીવિકાના બાધને પ્રસંગે હરેક કાલે દિવસમાં કરી શકે.

૬ જેની ઉપર કાગળ લખતા હોઈએ તે કઈ જાતનો છે એ ન જાણીયે તો સામાન્ય જયજિનેંન્દ્ર લખવામાં અડચણ નથી.

૭ સાધુઓની અપેક્ષાએ તો માંડળીમાં પડિક્રમણું ન કરે તો દોષ છે. (મ્હેસાણા)

૧ મેવાડઆદિ દેશોમાં સ્થાનકવાસી સાધુઓ જૈનના દહેરામાં ઉતરે છે અને મહા આશાતના કરે છે, તેને અંગે તેઓ અટકાવ નહિં પાળવાની માન્યતા અને પ્રવૃત્તિવાળા હોવાથી દુધ અને પાણીથી દહેરૂં ધોવાની વાત અનુવાદથી હતી તે સ્વાભાવિક છે. (ઉપાશ્રયમાં એ સામાન્ય ગૃહસ્થની વાત તો પરવારેલાના મગજની જ ગણાય)

૨ દિગંબરો પ્રથમ શ્વેતાંબરોના શ્રીશિખરજી જેવા તીર્થોમાં દર્શનાદિકના બ્હાને આવે છે અને પછી હમારો હક છે એમ કહી તીર્થને પચાવવા જાય છે તે વખતે શ્વેતાંબરોના લોહી ખાખ થતાં પણ તીર્થનો બચાવ થતો નથી આ વાત દીવા જેવી છે. (લોહીથી ધોવાથી પવિત્ર કરાય કે ચોક્ખું થાય એ હકીકત તો મગજનો ગુમાવનારજ લખે કે માને)

(સુરત-ઘાટકોપર-કપડવંજ)




પ્રશ્ન ૮૩૦ - પોતે પહેલા વાસુદેવ થવાના હતા, ચક્રવર્તી થવાના હતા અને છેલ્લા તીર્થંકર થવાના હતા, એ વાત ભગવાન શ્રીઋષભદેવજી દ્વારા જાણીને હર્ષ આવ્યો, તેમાં અભિમાન કેમ ગણ્યું ? અને નીચ ગોત્રનો બંધ કેમ ગણ્યો ?

સમાધાન - પ્રશ્નકારે પ્રથમ તો એ સમજવું જરૂરી છે કે પોતાને ઉત્તમ જાતિ કુલ કે બલ આદિ પ્રાપ્ત થયા સિવાય તો અભિમાન થતો નથી, અને નીચ ગોત્ર બંધાવાનું બનતું નથી, પણ પોતાને પ્રાપ્ત થયેલ ઉત્તમજાતિ આદિને અંગે બીજાઓને તેવી જાતિ આદિ ન હોવાને લીધે અધમ જાહેર કરવા કે એ ઉત્તમ જાતિ આદિવાળા નથી એમ જાહેર કરવા તે જ અભિમાન કહેવાય, અને એવું અભિમાન મરીચિએ કર્યું છે, માટે તેને નીચગોત્રનો બંધ થાય તેમાં નવાઈ શી ?

પ્રશ્ન ૮૩૧- ત્રેસઠશલાકાપણાને અંગે કુલની ઉત્તમતા જણાવવી એ શું અભિમાન કહેવાય ? અને તેનાથી નીચગોત્ર બંધાય ?

સમાધાન - ભગવાન અરિહંતાદિકની પોતાના કુલમાં ઉત્પત્તિ થઈ હોય તેથી પણ જેઓ પોતાના કુલને ઉત્તમ ગણાવી બીજાને હલકા ગણાવવા માગે તો તેમ કરવા માંગનાર પણ જરૂરી અભિમાનવાળો ગણાય અને તેને નીચગોત્રનો બંધ થાય.

પ્રશ્ન ૮૩૨- મરીચિએ જ્યારે શ્રીતીર્થંકરાદિને અંગે પોતાના કુલની ઉત્તમતા જણાવી ત્યારે અભિમાન કર્યું ગણાયું અને નીચગોત્ર બંધાયું તો પછી ત્રિશલાજીએ ભગવાન ગર્ભમાં સ્થિર રહીને ચાલ્યા ત્યારે પોતાને ત્રિભુવનમાન્યપણું અને ભાગ્યશાળીપણું જણાવ્યું છે તે અભિમાન કેમ ન ગણાય ?

સમાધાન - ત્રિશલાજીએ જે ત્રિભુવનમાન્યપણું આદિ કહ્યું છે તે પોતાના કુલની ઉત્તમતા કે બીજાના કુલની અધમતા માટે નથી, પણ ગર્ભના સ્થિરપણાની વખતે થયેલ શોકના બદલા તરીકે છે. અર્થાત્ તે માત્ર પોતાને ઈષ્ટનો વિયોગ થયો નથી, પણ ઈષ્ટસંબંધ ચાલુ જ છે એમ જણાવવા પુરતું જ છે.

પ્રશ્ન ૮૩૩ - મરીચિને પણ શ્રીત્રિશલાજી માફક ઈષ્ટ સંબંધ જણાવવાનું જ થયુ છે પણ અભિમાન નથી થયો એમ કેમ ન ગણવું ?

સમાધાન - પ્રથમ તો અધ્યવસાયને જાણનાર એવા સર્વજ્ઞ ભગવાનોએ મરીચિના પરિણામ અભિમાનના અને શ્રીત્રિશલાજીના પરિણામ અભિમાન વગરના દેખ્યા છે. વળી મરીચિ શ્રી ભરતમહારાજના મુખે પોતાનું ચક્રવર્તિપણું આદિ સાંભળીને ખુણામાં હતા ત્યાંથી સભા વચ્ચે આવીને ત્રિપદી સ્ફોટ કરી અભિમાન કર્યું છે એ વાત સમજાય તો અભિમાન અને હર્ષ એ બન્ને જુદાં સ્પષ્ટપણે સમજાશે.

પ્રશ્ન ૮૩૪ - પહેલા અને છેલ્લા જિનેશ્વરોના શાસનમાં જ છેદોપસ્થાપનીય ચારિત્ર હોય કે બીજા તીર્થંકરોના શાસનમાં પણ છેદોપસ્થાપનીય ચારિત્ર હોય ?

સમાધાન - પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓમાં તો છેદોપસ્થાપનીય ચારિત્ર હોય જ અને દીક્ષાપર્યાયની ગણત્રી પણ છેદોપસ્થાપનીય ચારિત્રથીજ થાય. ભગવાન અજિત આદિ બાવીસ જિનેશ્વરોના શાસનોમાં સાધુઓને સામાયિકારોપણથી દીક્ષાપર્યાય ગણાતો હતો. મતલબ એ છે કે નિરતિચાર એવા ચારિત્રના પર્યાયનો છેદ આદિ અને અંત્ય જિનેશ્વરોના શાસનમાં હોય, પણ સાતિચારપણાને અંગે ચારિત્રનો છેદ તો સર્વ તીર્થંકરના શાસનમાં હોવામાં શાસ્ત્રબાધ નથી.

પ્રશ્ન ૮૩૫ - કેશિગૌતમી સંવાદમાં શ્રીકેશિકુમારને સામાન્યશ્રુતજ્ઞાની કહ્યા છે અને ભગવાન શ્રી ગૌતમસ્વામીજીને બારસંગવિઉ, એમ કહી બારઅંગના જાણકાર જણાવ્યા છે તો ભગવાન પાર્શ્વનાથના શાસનમાં અંગવિભાગ નહોતો ?

સમાધાન - શ્રીકેશિકુમાર બાર અંગધારી નહોતા તેથી સામાન્યથી શ્રુતજ્ઞાની કહ્યા છે. બાકી અંગપ્રવિષ્ટ તરીકે વિભાગ શ્રીપાર્શ્વનાથજીના શાસનમાં પણ હતો તેથી શ્રીકલ્પસૂત્રમાં શ્રીપાર્શ્વનાથજીના આઠસેં ચૌદ પૂર્વી કહ્યા છે.

પ્રશ્ન ૮૩૬ - શ્રી કેશિકુમારે જે જે શંકાઓ પૂછી તે બધી મતભેદોની હતી તે કેટલીક જિજ્ઞાસાની હતી ?

સમાધાન - પાંચ અને ચાર શિક્ષા યાને વ્રત અને યામને અંગે તથા સચેલક તેમજ અચેલકપણાને અંગે મતભેદો હતા તેથી પરસ્પરના શિષ્યોના એ બે શંકાઓજ થઈ છે. બાકીની શંકાઓ માત્ર શ્રી ગૌતમસ્વામીજીની જ્ઞાનશક્તિ અને સંયમશક્તિ જાણવા માટે હતી એ સ્પષ્ટ છે અને તેથી તે શંકાઓ સાંકેતિક શબ્દોથી જણાવી તેના ખુલ્લાં વાધ્યો પૂછયાં છે. અર્થાત્ શ્રી પાર્શ્વશાસનમાં તે પદાર્થો હતા જ.

પ્રશ્ન ૮૩૭- શ્રી કેશિકુમારે પંચવ્રતનો ધર્મ ભગવાન્ મહાવીર પાસે લીધો કે શ્રીગૌતમસ્વામી પાસે ?

સમાધાન - શ્રાવસ્તી નગરમાં જ્યારે શ્રી કેશિકુમારે પાંચ મહાવ્રતનો ધર્મ લીધો ત્યારે ભગવાન્ મહાવીર શ્રાવસ્તીમાં નહોતા અને શ્રીકેશિકુમારે પાંચ મહાવ્રતનો ધર્મ શ્રી ગૌતમસ્વામી પાસે લીધો છે. પાર્શ્વનાથના સંતાન થનારે વિચારવા જેવું છે.

પ્રશ્ન ૮૩૮ - ભગવાન શ્રી જિનેશ્વરોની મૂર્તિયો માટે નગ્ન એટલે કચ્છ વિનાની કે ચિહ્નવાળી મૂર્તિયો દિગંબરોનીજ મનાય એમ ખરૂં ?

સમાધાન - કચ્છ કે કંદોરાવાળી મૂર્તિયો દિગંબરોને માન્ય નથી બાકી શ્વેતાંબરોનો તો કચ્છ કે કંદોરાવાળી અને તે સિવાયની મૂર્તિયો શ્રી બપ્પભટ્ટ આચાર્ય પછીની મૂર્તિયોમાંજ માન્ય છે. શ્વેતાંબરો તરફથી કચ્છ કે કંદોરો કરવાનું નિયમિત થયું છે, અને તેથીજ મથુરાના કંકાલી ટીલામાંથી શ્વેતાંબરોની શાખાવાળી અને ગણના લેખવાળી મૂર્તિયો નગ્ન રૂપમાં છે. વસ્તુતાએ દિગંબરોનો આગ્રહ છે કે નગ્નજ મોક્ષે જાય કે સાધુ કહેવાય. શ્વેતાંબરોની માન્યતા મુજબ તો મોક્ષને માટે તો સચેલક કે અચેલકપણું એકકે નિયમિત નથી માટે શ્વેતાંબરો બન્ને પ્રકારની મૂર્તિયો માને છે અને માની શકે.




## ગૌતમસ્વામીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ કરતા થકા પ્રથમ સૂચવી ગયા કે દરેક ધર્મિષ્ઠે દરેક આત્માએ દરેક આત્માના ગુણને મેળવવાની ઈચ્છાવાળાએ અને મેળવેલા ગુણોને સર્વકાળ સ્થિર રાખવાની ભાવના રાખવાવાળાઓએ પહેલાં પોતાની સ્થિતિ સ્વરૂપ સંયોગો વિગેરે તપાસવાની જરૂર છે. દુનિયાદારીમાં જે પોતાનું સ્વરૂપ, સ્થિતિ, સંયોગો તપાસતો નથી તે મુખ્યતાએ સાધક બની શકતો જ નથી અને જો તે કદાચ સાધક બને તો પણ તેથી તે સિદ્ધિ કરી શકતો જ નથી, એ જ પ્રમાણે જે પોતાના સ્વરૂપને જાણતા નથી તે પણ મુખ્યતાએ આત્મસિદ્ધિના સાધક બની શકતા નથી અને કદાચ તે સાધક બને તો પણ કાર્યની સિદ્ધિ કરી શકતા નથી. તમે જ્યારે આ વાત ધ્યાનમાં લેશો ત્યારે એક વસ્તુનો તમે નિર્ણય કરી શકશો. એ નિર્ણય કરતાં પહેલાં તમારે નીચેની ગાથા વિચારવાની જરૂર છે.

दंसणभट्ठो भट्ठो दंसणा भट्ठस्स नत्थि निव्वाणं
सिज्झंति चरण रहिया दंसण रहिया न सिज्झंति ॥१॥

આ ગાથા સિદ્ધાંતપક્ષના સ્થાપકો તરફથી રજુ કરવામાં આવી નથી, તેનું નિરૂપણ પૂર્વ પક્ષકારોએ કર્યું છે. એ ગાથા આપણા સિદ્ધાંતના સંબંધમાં પ્રશ્ન કરનારાએ જ કહેલી છે, પરંતુ આપણે પ્રતિવાદી તરીકે વાદીની દલીલથી જ વાદીને આપણો સિદ્ધાંત સાબીત કરી આપવા માગીએ છીએ. જૈનશાસનને હિસાબે તો પ્રશ્નકારો પણ સિદ્ધાંતનો ત્યાગ કરીને જાય એ કદી બની શકતું નથી. ફરિયાદી અથવા વાદીનો વકીલ ભલે પોતાનો પક્ષ મજબુત કરવા દલીલો કરે, પરંતુ તે દલીલો પણ કાયદાની અંદર રહીને કાયદાને માન આપીનેજ કરવાની હોય છે વાદી કે પ્રતિવાદીના વકીલની દલીલો કાયદો છોડીને હોઈ શકતી નથી.

વાદી કે પ્રતિવાદીઓના વકીલો પોતાની દલીલો જો કાયદા છોડીને કરવા માંડે છે તો કોર્ટ તેમનો દલીલો કરવાનો હક્ક રદ કરે છે. આજ કારણથી વાદી તથા પ્રતિવાદી બંનેના વકીલોને કાયદો જાણીને તેને લગતી પરીક્ષા પાસ કરવી પડે છે.

વાદી અને પ્રતિવાદી બંનેના વકીલો કાયદો જાણીને તેની પરીક્ષા પાસ કરે અને સનંદ મેળવે તો જ તેઓ કોર્ટમાં ઉભા રહી શકે છે. વાદીનો વકીલ થયો માટે તે ગમે તેમ કાયદો ભૂલીને પણ દલીલો કરે એ કદી બની શકતું નથી. બંને પક્ષના વકીલો કાયદો પાળવા બંધાયેલા જ છે, તે જ પ્રમાણે જૈનશાસ્ત્રમાં જે પૂર્વપક્ષ કરનારા છે તેઓ પણ જૈનશાસન સાથે બંધાયેલા જ છે. જૈનશાસ્ત્રમાં જે વસ્તુ કહી છે તે બાજુએ રહેવા દઈને જે વાત કરવા માંડે છે તેઓને તર્કાનુસારી જ કહી શકાય. વાદીઓના મુખ્યતાએ બે પ્રકાર પાડી શકાય. એક તર્કાનુસારી અને બીજા શ્રદ્ધાનુસારી. જેઓ શ્રદ્ધાનુસારી છે તેઓને તો શાસ્ત્રધારે સમજાવી શકાય, પરંતુ જેઓ તર્કાનુસારી છે તેમને તર્કથી જ સમજાવવા પડે છે. તર્કાનુસારી કદાચ એકવાર સિદ્ધાંતથી વિરૂદ્ધ બોલે તો પણ તેને તર્કથી જ સમજાવવો પડે. તેને સમજાવવા માટે શાસ્ત્ર ઉપયોગી થઈ શકતું જ નથી. તેને તો તેની કબુલાતો દ્વારાએ જ સમજાવવાની જરૂર પડે છે.

ભગવાન શ્રીમહાવીરદેવ અને ગણધર શ્રીમાન્ ગૌતમમહારાજા વચ્ચે બનેલો વાદવિવાદનો પ્રસંગ તમારા ધ્યાનમાં લાવો. ગણધર ભગવાને મહાવીર ભગવાન પાસે શંકા કરી હતી તે વખતે ભગવાન શ્રી મહાવીરદેવે તેમને જૈનશાસ્ત્રોના પ્રમાણો આપીને જ સમજાવ્યા ન હતા પરંતુ તેમને ભગવાને વેદદ્વારાએ સમજાવ્યા હતા. ભગવાને ગૌતમસ્વામીની શંકા ટાળતાં કહ્યું હતું કે હું સર્વજ્ઞ છું અને હું આ તરીકે દેખું છું પરંતુ વેદનો અર્થ આ પ્રમાણે કરવો જોઈએ અને આવો અર્થ કરીએ તોજ શ્રુતિ અર્થયુક્ત લાગી શકે છે. હવે વિચારી જુઓ કે ભગવાનને આ પ્રમાણે સમજાવવાની શી જરૂર હતી ? શું ભગવાન મહાવીરદેવ વેદાનુસારી જ હતા અથવા તો શું તેઓ વેદ ઉપર જ આધાર રાખનારા હતા ? ના, તો પછી વિચારવાની વાત છે કે એમને વેદ આગળ કરવાની શી જરૂર પડી? વેદનો જે વિધાતા છે તે જૈનાજૈન અને આર્યાનાર્ય શાસ્ત્રો અને મતોનો પાર પામેલો છે તેવો મહાપુરુષ વેદને શા માટે આગળ ધરે છે ? એ ઉપરથી શું તમે એમ માની લેશો કે ભગવાન શ્રીમહાવીર વેદને આધારે ચાલતા હતા ?

ખૂબ વિચારજો કે સર્વજ્ઞવીતરાગ તીર્થંકર ભગવાન શ્રીમહાવીરદેવ એમને વેદને આધારે શા માટે જવું પડ્યું હતું ? વેદને પ્રમાણ માની શકાય નહિ તો પછી ભગવાનને તેને અનુસરવાની શી જરૂર હતી ? વેદની એક ઋચાનો અર્થ અનુકૂળ આવ્યો તે ઉપરથી વેદ ઉપર ઉતરી પડવાની શી જરૂર હતી અને ભગવાનને વેદનો આશ્રય લેવાની પણ શી જરૂર હતી ? આ સઘળાનું કારણ ભગવાન શ્રીગૌતમસ્વામીનું તર્કાનુસારિપણું જ હતું. જે શ્રદ્ધાનુસારી નથી, જે માત્ર તર્કાનુસારી જ છે તેને સમજાવવાને માટે સૌથી પહેલાં તર્કનો રસ્તો લેવો જ પડે છે. તર્કથી તેને સમજાવીને પછી જ તેને શ્રદ્ધાનુસારિપણામાં લાવી શકાય છે. ભગવાન શ્રીમહાવીરદેવના વર્તમાનમાં પણ આ જ વસ્તુ રહેલી છે. તેમણે ભલે વેદાનુસારે અર્થ કર્યો પરંતુ વર્તનમાં વેદાનુસાર અર્થ કરીને પણ જીવ સાબીત કર્યો, સત્ય શું છે તે સાબીત કર્યું અને મિથ્યાપણાને સ્પષ્ટ રીતે દર્શાવી આપ્યું. વેદાનુસાર અર્થ કરીને પણ ભગવાન પોતે કાંઈ સત્ય માર્ગેથી ડગ્યા ન હતાં.

હવે તમે એમ પૂછી શકો કે ગૌતમસ્વામીએ શંકા કરી તેને ભગવાન શ્રીમહાવીરદેવે જવાબ

આપ્યો અને વેદની શ્રુતિદ્વારાએ જ તેને સત્ય સમજાવ્યું. ત્યારે તો ભગવાન શ્રીગૌતમસ્વામી સહેલાઈથી એવો પ્રશ્ન કરી શકે કે જો મારા મતમાં પણ આજ સત્ય છે અને તમારા મનમાં પણ આજ વસ્તુને સત્ય તરીકે સ્વીકારવામાં આવી છે તો પછી મારે તમારા મતમાં આવવાનું શું પ્રયોજન છે ? ભગવાને વેદના આધારે સત્ય સમજાવ્યું તો એ રીતે વેદની શ્રુતિમાં ગૌતમસ્વામી ભૂલ કરતા હતા તેમને ભગવાને વેદાનુસારિપણામાં દૃઢ કર્યા કે તેમાંથી ખસવાને માર્ગે પ્રેર્યા ? ભગવાને વેદનો આધાર લઈને જ મહાત્મા ગૌતમસ્વામીને સમજાવ્યા એનો અર્થ સાધારણ દૃષ્ટિએ તો એ જ થાય કે વેદ વસ્તુ ખોટી નથી પરંતુ વેદ તો હંમેશાં સાચી જ હકીકત કહેવાવાળા છે અને જો વેદ સાચી જ હકીકત કહેવાવાળા છે તો પછી વેદમાંથી નિવૃત્ત ન થતાં તેમાં દૃઢ રહેવાનો જ ઉપદેશ ભગવાનના વાક્યોમાંથી આડકતરી રીતે ફલિત થાય છે.

સાધારણ દૃષ્ટિએ તમે એવો અર્થ ભલે ખેંચી શકો પરંતુ આગળ વિચારશો તો માલમ પડશે કે ભગવાનના ઉપદેશમાંથી આવો અર્થ નીકળતો નથી. ખરી રીતે ભગવાન શ્રીમહાવીરદેવના ઉપદેશનો મહાત્મા ગૌતમસ્વામી એ જ અર્થ સમજ્યા હતા "કે અત્યાર સુધી હું પોતે એમ ધારતો હતો કે વેદમાં જીવાત્માના અસ્તિત્વનો અસ્વીકાર છે. મારી એ ધારણામાં ભૂલ હતી અને હું જીવાત્માના સંબંધમાં ભૂલ જ કરતો હતો, પરંતુ ભગવાન શ્રીમહાવીરદેવે એ સંબંધીની સાચી સ્થિતિ વેદદ્વારા જ સમજાવવા માંડી હતી અને તે સઘળું હું વેદદ્વારા સમજ્યો હતો, તેથી વેદમાં જીવાત્મા સંબંધમાં ભગવાન શ્રીમહાવીરદેવના વિચારોનો વિરોધ છે એમ હું ધારતો હતો પરંતુ હવે મારી ખાત્રી થઈ છે કે ભગવાન શ્રીમહાવીરદેવ જીવાત્માના સંબંધમાં જે વિચારો ધરાવે છે તેનો વેદમાં વિરોધ નથી પણ એ જ વિચારો વેદે પણ સ્વીકારેલા છે." ગણધર ભગવાન ગૌતમસ્વામીજીને વેદોની કેટલીક ઋચાઓદ્વારા એમ લાગતું હતું કે "જીવ નથી" પરમ તીર્થાધિપતિ ભગવાન શ્રીમહાવીરદેવે વેદ દ્વારાએ જ ગણધર ભગવાનને સમજ પાડી અને તેથી તેમની ખાત્રી થઈ કે વેદમાં પણ જીવાત્મા સંબંધીના ભગવાન શ્રીમહાવીર મહારાજના વિચારોનો વિરોધ નથી.

હવે તમે આ ઉપરથી સહેજે એવી શંકા કરી બેસશો કે વેદમાં પણ વિરોધ નથી એમ કહીને ભગવાન શ્રીમહાવીરદેવે ગૌતમસ્વામીની શંકા ટાળી છે તો એનો અર્થ તો એ જ થઈ શકે છે કે ભગવાને ગૌતમસ્વામીને વેદમાં દૃઢ કર્યા છે ! તો પછી ચરમ તીર્થાધિપતિ મહાવીર મહારાજને વેદના પ્રતિપાદક કહેવા કે જૈનશાસનના પ્રતિપાદક તરીકે સ્વીકારવા? તમે એમ પણ કહી શકો કે ભગવાન શ્રીમહાવીરદેવે તે એક વિરોધ ટાળવો હતો કે બીજા એક્યાસી વિરોધો બતાવી તેમની વેદમાંની સ્થિરતાને ક્ષીણ કરવી હતી ? તમારી આ શંકાનો જવાબ સહેલો છે. ભગવાન શ્રીમહાવીરદેવનો અહીં વેદના આધાર દ્વારાજ ગૌતમસ્વામીની શંકા ટાળવાનો આશય એ હતો કે જેઓ વેદોની કેટલીક ઋચાઓની જીવ વિરોધી વ્યાખ્યા કરતા હતા તે વ્યાખ્યાકારોની અપ્રમાણિકતા પ્રકટ કરવી અને ગણધર ભગવાન શ્રીગૌતમમહારાજને પણ એ વસ્તુ દર્શાવી આપવી કે જેઓ વેદને માનવાવાળા છે તેઓ પણ વેદની વ્યવસ્થાને જાણવાવાળા અથવા તેની વ્યાખ્યાનો સાચો અર્થ સમજવાવાળા નથી.

ભગવાન શ્રીમહાવીરદેવે ગૌતમસ્વામીને વેદોધાર દ્વારાએ જ સમજાવ્યા એ ઉપદેશથી એક કાંકરે બે પક્ષી કેવી રીતે મરે છે તે વિચારો. એક બાજુએ ભગવાન પોતાના ઉપદેશદ્વારાએ વેદના વ્યાખ્યાકારોની પ્રમાણિકતા તોડી નાંખે છે, બીજી

બાજુએ જૈનતીર્થંકરોની સર્વજ્ઞતાનો તે ગૌતમસ્વામીને દૃઢ નિશ્ચય કરાવે છે. વિચાર કરજો કે ગૌતમસ્વામીએ ચરમ તીર્થાધિપતિ ભગવાન શ્રીમહાવીર મહારાજાનું સર્વજ્ઞપણું ક્યારથી માન્ય રાખ્યું હતું ? ગૌતમ મહારાજાએ કાંઈ ભગવાન શ્રીમહાવીરદેવનું મોઢું જોઈને તેમને સર્વજ્ઞ માની લીધા ન હતા. ગૌતમસ્વામીએ કહ્યું હતું કે મારા મનની વાત જો ભગવાન મહાવીરદેવ કહી આપે તો હું તેઓશ્રીને સર્વજ્ઞ માનવાને તૈયાર છું. જો તેઓ મારા મનની વાતો ન જાણી શકે તો હું તેઓશ્રીને સર્વજ્ઞ માની લેવાને તૈયાર નથી.

ભગવાન શ્રીમહાવીરદેવે ગૌતમસ્વામીજીનો સંશય પ્રકટ કર્યા એટલે ભગવાન ગૌતમસ્વામીએ ભગવાન શ્રીમહાવીરદેવને સર્વજ્ઞ માની લીધા હતા અને તેઓ ભગવાનના સર્વજ્ઞપણાને શરણે આવ્યા હતા. હવે જ્યારે ગણધર ભગવાન ગૌતમસ્વામી ભગવાન મહાવીરદેવને સર્વજ્ઞ માની ચૂક્યા છે તો એ માની ચૂક્યા પછી વેદના વ્યાખ્યાકારો ખોટા ઠરે એટલે સહજ એનું પરિણામ એ જ આવશે કે વેદના વ્યાખ્યાકારો તરફ ગૌતમ ભગવાનને જે લાગણી હશે તે સઘળી નિર્મૂળ થશે. ભગવાન શ્રી મહાવીરદેવ જૈનોની દૃષ્ટિએ સર્વજ્ઞ ભગવાન હતા પરંતુ અજૈનોની દૃષ્ટિએ તો મહાવીર મહારાજાને તેઓ જાણે એક ભમતા ભૂત જેવા જ લેખતા હતા ! ભગવાન મહાવીરદેવ રાજવંશમાં જન્મ્યા હતા રાજવંશમાં જન્મ્યા છતાં તેઓ વેદવેદાંગ પંડિતો પાસે ભણ્યા ન હતા. વેદના જ્ઞાતાઓ પાસે અથવા પંડિતો પાસે તેઓ એક એકડો પણ ભણ્યા ન હતા.

મોટા થયા એટલે તેઓશ્રી રાજ્યસ્થિતિમાં પડ્યા હતા અને તે પછી ભગવાન ત્યાગી થયા હતા. ત્યાગી થયા એટલે અજૈનોની દૃષ્ટિએ તો તેઓ ભમતા ભૂત જેવા જ બન્યા હતા. ત્યાગી થયા પછી ભગવાન ગામમાં એક રાત્રિ રહેતા હતા તો નગરમાં પાંચ રાત્રિ રહેતા હતા આમ તેઓશ્રી બધે ફરતા હતા. આ સ્થિતિમાં તેમને ગુરુની પાસે બેસીને ગુરુકુળમાં રહીને ગુરુ પાસે વેદ ભણવાનો, વેદની વ્યાખ્યા જાણવાનો, મતો જાણવાનો. તે સંબંધી ચર્ચા કરવાનો અધિકાર જ રહ્યો ન હતો. આવી સ્થિતિમાં ભગવાન ગૌતમસ્વામીની સહજ ખાત્રી થાય કે જે વેદોનો ખરેખરો અધિકારી નથી, જે કોઈની પાસે, વેદો ભણ્યા નથી તેવો આત્મા વેદની સાચી વ્યાખ્યા કરે, બીજા સામાન્ય વ્યાખ્યાકારો કરતાં પોતાનું જબરદસ્ત વ્યાખ્યાકાર તરીકેનું જ્ઞાન બતાવે તો અવશ્ય એ સઘળું કાર્ય સર્વજ્ઞતા વિના ન જ બની શકે અને જ્યારે ભગવાન શ્રીમહાવીરદેવને હાથે આ કામ પાર પડે છે ત્યારે જરૂર તેઓ સર્વજ્ઞ હોવા જ જોઈએ.

ભગવાન શ્રીગૌતમસ્વામીનો સંશય ભગવાન મહાવીરદેવે જાણી લીધો તેટલા ઉપરથી જ ભગવાન ગૌતમસ્વામી તીર્થંકર મહારાજા મહાવીરદેવને સર્વજ્ઞ માની લેતા જ નથી. કાકતાલીય ન્યાયે એ તો કદાચિત એમ પણ બની જાય કે ગણધર ભગવાનના મનમાં જે સંશય હોય તે જ સંશય મહાવીર મહારાજા કહી શકે, તો એટલા જ ઉપરથી ભગવાનને ગણધર મહારાજા ગૌતમસ્વામી સર્વજ્ઞ ન જ માની જ લે. અહીં એ વાત થાય છે કે એક તો ભગવાન શ્રીમહાવીરદેવ ગણધર ભગવાનનો સંશય પ્રગટ કરે છે, વળી બીજી બાજુએ પોતે સાચા વેદાધિકારી હોવા વિના, વેદ વાંચ્યા વિચાર્યા વિના અથવા કોઈ ગુરુકુળમાં રહી વેદ ભણ્યા વિના વેદની વ્યાખ્યા કરે છે તે ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રીમહાવીરદેવ એ ખરેખર જ સર્વ જ્ઞાનના સાચા ધણી છે અને સર્વજ્ઞ છે.

ભગવાન શ્રીમહાવીરદેવને ગૌતમમહારાજાએ સર્વજ્ઞ કહ્યા છે તે ભગવાનનું આખું જ સર્વજ્ઞપણું જોઈ જાણી તેમને સર્વજ્ઞ કહ્યા અથવા સર્વજ્ઞ માની

લીધા નથી પરંતુ તેમણે એ વાત જાણી હતી કે સર્વજ્ઞનું જ્ઞાન અરૂપી પદાર્થમાં હોય છે અને હું કઈ શ્રુતિનું કેવું જ્ઞાન ધરાવું છું અને એ શ્રુતિથી મને કેવો સંશય થયો છે તે તો તે જ જાણી શકે કે જે મારા એ અરૂપી સંશયને જાણતા હોય ! હવે મારા એ અરૂપી સંશયને ભગવાન શ્રીમહાવીરદેવ જાણી શક્યા છે માટે એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રીમહાવીરદેવ સર્વજ્ઞ છે. સામાન્ય વ્યવહારમાં પણ આપણે એ જ રીતે પરીક્ષા કરીએ છીએ. ભાત રાંધવાને માટે તમે તપેલામાં ચોખા ભરો છો, તેમાં પાણી રેડો છો અને ચુલે ચઢાવો છો, પછી જ્યારે એ ભાત તૈયાર થાય છે ત્યારે તમે તે આખી તપેલી ઉતારીને તેને તપાસતા નથી કે ભાઈ ભાત થયો કે નહિ પણ માત્ર ઉપરના બે દાણા તપાસીને તમે આખી તપેલીના ભાતને માટે અનુમાન બાંધો છો.

જો તમે એમ કહેશો કે તપેલીના ચાર દાણા ચડેલા છે તે જોઈને આખી તપેલી ચડેલી છે એવું અનુમાન કરવું મિથ્યા છે. તપેલી આખી તપાસે, તેનો એકેએક દાણો તપાસીને જુએ અને તે ચડ્યો છે એવી ખાતરી થાય ત્યારે જ આખી તપેલી ચડેલી છે એવું સ્વીકારવું જોઈએ. આ રીતે તો એવો જ અર્થ થાય કે જે સર્વજ્ઞ હોય તે જ બીજાને સર્વજ્ઞ માની શકે ! તમારા મારાથી તો ભગવાનને સર્વજ્ઞ માની શકાય નહિ ! અને આપણે તીર્થંકર ભગવાનોને અસર્વજ્ઞ જ માનવા પડે. તપેલીની ઉપરના ચાર દાણા ચડેલા હોય તે ઉપરથી આખી તપેલી ચડેલી છે એમ માનીએ છીએ, તે જ પ્રમાણે ગૌતમસ્વામી પણ એમ માને કે "જે ભગવાન મારા આત્માના અમૂર્ત એવા જ્ઞાન, સંશય, અમૂર્ત અર્થજ્ઞાન વગેરેને જે જાણે છે તે ભગવાન જગતના અમૂર્ત જ્ઞાન પદાર્થને પણ જાણે છે અને તેથી જ તેઓશ્રી સાચા અર્થના જ્ઞાતા, ત્રણલોકના ધણી અને સર્વજ્ઞ છે" તો ગૌતમસ્વામીની એ માન્યતામાં શું આશ્ચર્ય હોઈ શકે?

ગણધર ભગવાન શ્રીગૌતમસ્વામીનું શ્રુતિજ્ઞાન, સંશયજ્ઞાન, એ સઘળી અમૂર્ત ચીજ હતી જે ભગવાન એ એક અમૂર્ત ચીજને જાણી શકે તે ભગવાન સકળ જગતના સઘળા અમૂર્ત પદાર્થ અને જ્ઞાનને જાણી શકે અને તે જાણવામાં પોતાનું સામર્થ્ય બતાવે એમાં શી નવાઈ ? હવે જે ભગવાન જ્ઞાન જેવા અમૂર્ત પદાર્થને જાણે છે તે ભગવાન એ જ્ઞાનના આધારભૂત આત્માને પણ જાણે એ સહજ છે. એકલો ગુણ જ કોઈએ જાણ્યો હોય અને તેણે ગુણીને ન જાણ્યો હોય એવું કદી બનતું નથી. ગુણ જાણે છે તે ગુણીને પણ જાણે જ છે. હવે ભગવાને આત્માના ગુણોરૂપ જ્ઞાનને જાણ્યું અને એ જ્ઞાનના આધારભૂત ગુણીને જાણ્યો એટલે તેમને સર્વજ્ઞ માનવામાં પછી વાંધો જ ક્યાં રહ્યો ? ગણધર ભગવાન ગૌતમસ્વામીજીને વેદવ્યાખ્યાકાર તરીકે પણ ભગવાન સર્વજ્ઞ છે એવી ખાતરી થઈ એટલે તેમને સ્પષ્ટ જણાઈ આવ્યું કે જગતના સઘળા મનુષ્યો જ સર્વજ્ઞ નથી બધા મનુષ્યો તો અલ્પજ્ઞ છે પરંતુ આ જ એક તીર્થાધિપતિ મહારાજ સર્વજ્ઞ છે.

હવે ગૌતમસ્વામીની ખાત્રી થઈ કે જગતના તમામ મનુષ્યો સર્વજ્ઞ નથી પરંતુ આ જ મનુષ્ય સર્વજ્ઞ છે તો પછી તેમને સહજ એવો નિશ્ચય થયો કે એ સર્વજ્ઞ જે માર્ગ આચરે છે તે જ મોક્ષમાર્ગ છે. ગૌતમસ્વામીની જ્યાં ખાતરી થઈ કે ભગવાન જે માર્ગ લે છે તે જ સાચો માર્ગ છે એટલે તે જ ક્ષણે તેમણે ઉપવિતસંપ્રદાય-બ્રાહ્મણ-સંપ્રદાયનો પરિત્યાગ કર્યો અને તેઓ ભગવાન શ્રીમહાવીરદેવના ત્યાગપંથના અનુયાયી બની ગયા ! ભગવાન મહાવીરદેવે વેદોની જે વ્યાખ્યા કરી બતાવી તેથી ગૌતમસ્વામીની ખાતરી થઈ કે વેદોની ઉપવિતધારી બ્રાહ્મણો જે વ્યાખ્યા કરે છે તે વ્યાખ્યા સર્વથા ખોટી છે અને ભગવાન શ્રીમહાવીરદેવ વેદોની જે વ્યાખ્યા

કરે છે તે જ સાચી છે. વેદના ગ્રંથદ્વારા જે પ્રવૃત્તિ કરવાની હતી તે આંધળાએ હાથ ફેરવી ફેરવીને ચાલવા જેવું હતું કારણ કે ત્યાં કોઈ જ્ઞાની કે સિદ્ધોને પ્રત્યક્ષ જોનારો ન હતો. હવે અહીં સર્વજ્ઞને આશ્રયે પ્રત્યક્ષ જોઈને ચાલવાનું હતું તો પછી એવો કયો માણસ હોય કે જે દેખતાની મદદ મળતી હોય તે છતાં પોતાની ખુલ્લી આંખ પણ બંધ કરીને આંધળાનો જ છેડો પકડીને તેને આશ્રયે ચાલવામાં મજા માણે ?

શાસ્ત્રદ્વારાએ જે પ્રવૃત્તિ થાય છે તે સઘળી આંધળા સરખી પ્રવૃત્તિ છે, ત્યારે સર્વજ્ઞથી થતી પ્રવૃત્તિ તે દેખતાને જોઈને ચાલવા સમાન છે. દેખવાની વસ્તુ આંખો પોતાની પાસે હોય તો કોઈપણ આત્મા તે બંધ કરીને ચાલવાનું ઈચ્છતો જ નથી, તે જ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન્ એ પ્રત્યક્ષ સઘળા જ્ઞાનને સર્વ કાળને દેખનારા હોવા છતાં તેમને છોડીને વેદાશ્રય યા ગ્રંથાશ્રયે ચાલવાનું કયો અધન્ય માણસ માની લ્યે ? સૌથી પહેલાં ભગવાનનું સર્વજ્ઞપણું નિશ્ચિત થવાની જરૂર છે. જો ભગવાનનું સર્વજ્ઞપણું સાબીત થાય, તે વસ્તુ માન્ય રહે તો પર્યાયે એ વસ્તુ પણ સાબીત થાય છે કે જો ભગવાન દેખીને ચાલનારા હતા તો આપણે જ આંધળા હતા. એક વાર આપણે આંધળા પ્રમાણે ચાલનારા હતા અને ભગવાન દેખતા હતા-સર્વજ્ઞ હતા એ વાત જ્યાં મનમાં ઠસી ગઈ કે પછી કોણ એવો મૂર્ખો હોય કે જે આટલું જાણ્યા છતાં એ દેખતાપણાનો ત્યાગ કરીને આંધળાપણાને જ પકડી રાખે ? અને પછી પણ જે છતી આંખેય કુવો શોધે તેને તો બચાવી કોણ શકે ?

જે આત્મકલ્યાણની ઈચ્છાવાળા છે, જેને પોતાના આત્માનું હિત કરવાની ભાવના છે, જે પોતાના આત્માનો ઉદય ચાહે છે તેવાઓ તો એક વાર એમ જાણી લ્યે કે શ્રીમહાવીરદેવ પોતે જ સત્યને માર્ગે ચાલનારા છે અને આપણે તો આજ સુધીમાં આંધળીયા જ કરનારા હતા એટલે એક ક્ષણ પણ તે બીજે રસ્તે ચાલી ન જ શકે અને તરત જ તેઓ સર્વજ્ઞ ભગવાનને અનુસરવા માટે જ તૈયાર થઈ જાય. હવે આગળ ચાલો ગણધર ભગવાન શ્રીગૌતમસ્વામી જ્યાં મહાવીર મહારાજને સર્વજ્ઞ તરીકે જાણે છે કે તે જ પળે તેઓ ત્યાગ ધારણ કરે છે. હવે ખ્યાલ કરજો કે ભગવાન ગૌતમ સ્વામીની પ્રતિજ્ઞાને અને તેમણે અહીં ગ્રહણ કરેલા ત્યાગને શો સંબંધ હતો ? ભગવાન ગૌતમસ્વામીની પ્રતિજ્ઞા તો એટલી જ હતી કે મારે તીર્થાધિપતિ મહાવીર મહારાજાનું સર્વજ્ઞપણું જાણવું છે અને સર્વજ્ઞપણું પાછું એ રીતે જાણવું છે કે મારા મનના સંશય જો તેઓ પ્રકટ કરે-કહી શકે તો જ મારે તેમને સર્વજ્ઞ ભગવાન જાણવા છે, નહિ તો નહિ.

ગણધર ભગવાન ગૌતમસ્વામીજીની પ્રતિજ્ઞા અન્યથા ન હતી. તેઓની પ્રતિજ્ઞા તો માત્ર ભગવાનને સર્વજ્ઞ જાણવા પુરતી જ હતી. સર્વજ્ઞ જાણ્યા પછી મારે ઉપવિતનો ત્યાગ કરવો, કપાળનો તિલક ભુંસી નાંખવો, ઘરબાર છોડી દેવું અને ત્યાગ લેવો એવી તેમની પ્રતિજ્ઞા હતી જ નહિ. તેમણે અલબત્ત એટલી પ્રતિજ્ઞા તો કરી જ હતી કે મારા હૃદયમાં રહેલો ગુપ્તસંદેહ કે જે મેં કોઈની પણ આગળ પ્રકટ નથી કર્યો તે મારો સંદેહ જો ભગવાન મહાવીરદેવ કહી શકે તો મારે ભગવાનને સર્વજ્ઞ માનવા ! બસ, એ પ્રતિજ્ઞા પ્રમાણે ભગવાન શ્રીમહાવીરદેવે ગણધર મહારાજ ગૌતમસ્વામીનો સંશય કહ્યો. શ્રુતિની વ્યાખ્યા દર્શાવી અને પરિણામ એ થયું કે ગૌતમસ્વામીનો સંદેહ પણ ગયો, તો હવે તેમની પ્રતિજ્ઞા પ્રમાણે સીધો રસ્તો એટલો જ હતો કે તેમણે ભગવાનને 'સર્વજ્ઞ' માની લેવા હતા, પરંતુ તેથી આગળ વધીને ગૌતમસ્વામીને ઉપવિત ત્યાગવાની-તિલક ભુંસવાની અને સંસાર છોડી

દેવાની શી આવશ્યકતા હતી વારૂ ?

જેઓ ચોથા અને પાચમા ગુણસ્થાનકને વિષે આરૂઢ છે તે શ્રાવકો અને શ્રાવિકાઓ ભગવાન શ્રીમહાવીરદેવને અથવા તો તીર્થંકર ભગવાનોને સર્વજ્ઞ માનતા નથી ? તેઓ પણ સઘળા તીર્થંકર ભગવાનોને સર્વજ્ઞ માને છે પરંતુ તે છતાં તેમને ફરજીયાત ઘરબાર ત્યાગવાં પડતાં નથી, તેમને જગતને લાત મારી સાધુપણાનો સ્વીકાર કરવો પડતો નથી તો પછી ગણધર મહારાજને તેઓ ભગવાન મહાવીરદેવને સર્વજ્ઞ માની લે તેની જ સાથે ત્યાગની શી જરૂર હતી ? ગણધર ભગવાનને જે ભગવાન મહાવીરની સર્વજ્ઞતા માન્ય કરવા પુરતો જ શાસ્ત્રાર્થને માટે અવકાશ હતો. તે શાસ્ત્રાર્થ થયો એટલે તેમણે ભગવાનને સર્વજ્ઞ તરીકે માન્ય કરવા જોઈતા હતા અને ચાલતી પકડવી જોઈતી હતી, પરંતુ તેમ ન કરતા તેમણે પણ ત્યાગ સ્વીકારી લીધો એનું કારણ શું ? ચોથા અને પાંચમાં ગુણસ્થાનકવાળા સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે માને છે, પરિવારમાં રહે છે, આરંભસમારંભના કામો કરે છે અને ઘેરે જ રહે છે તો ગણધરે પણ પરિવાર રાખ્યો હોત, આરંભસમારંભ રાખ્યો હોત અને સંસાર ન તજ્યો હોત તો શી આપત્તિ હતી ?

ગણધર ભગવાન ગૌતમસ્વામીજી પરિવારમાં રહ્યા હોત તો તેથી કાંઈ તેમની પ્રતિજ્ઞા ભાંગવાની ન હતી કારણ કે પ્રતિજ્ઞા તો એટલી જ હતી કે જો ભગવાન શ્રી મહાવીરદેવ મારા હૃદયનું ગુહ્ય કહી આપે તો મારે તેઓશ્રીને સર્વજ્ઞ માનવા, આ પ્રમાણે ભગવાનશ્રી મહાવીરદેવે ગણધર મહારાજના હૃદયનું ગુહ્ય કહી આપ્યું હતું અને ગણધર મહારાજે ભગવાનને "સર્વજ્ઞ" માની પણ લીધા હતા અર્થાત્ અહીં પ્રતિજ્ઞા પૂરી થઈ હતી, તો પછી હવે આગળ વધીને ગણધર ભગવાનને જ્યાં તેમણે ભગવાનને સર્વજ્ઞ માન્યા કે ત્યાં જ તેજ પળે ત્યાગ લઈ લેવાની શી આવશ્યકતા હતી ? જેને આધારે અત્યાર સુધી પોતાની પ્રવૃત્તિ હોય તેમનું વૃંદ એ

**"આંધળાની ટોળી"**

માલમ પડે, એ ટોળીનું અંધપણું સાબીત થાય તો પછી એવો કોણ હોય કે તે એ આંધળાની ટોળીનો ત્યાગ કરી દેખતાની આજ્ઞા પ્રમાણે ચાલવામાં વિલંબ કરે ?

તમે એમ કહેશો કે ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળા પણ ભગવાનને તો સર્વજ્ઞ માને છે પરંતુ તેમણે દીક્ષા અંગીકાર કરી નથી તો પછી ગણધર ભગવાનને શા માટે એમ કરવું પડ્યું હતું? તમારી શંકા હવે તપાસો. બે માણસો એક સાથે બજારમાં જાય છે. એક માણસની પાસે પાંચસો સાતસો રૂપિયા છે, પરંતુ બીજાની પાસે એક કાણી કોડી પણ નથી. આ બંને જણા બજારનો માલ તપાસે, ભાવતાલ કરે, માલ પસંદ કરે, પરંતુ છતાં પેલો પૈસાવાળો છે તે જ માલ ખરીદશે અને વગર પૈસાનો વેપાર કરવાની ઈચ્છા છતાં ખીસામાં પૈસા ન હોવાથી પોતાની અશક્તિએ હાથ હલાવતો પાછો આવશે ! શું આ મુફલિસ વેપાર કર્યા વિના હાથ હલાવતો પાછો ફરે તે જોઈને પેલા પૈસાવાળાએ પણ હાથ હલાવતા વગર વેપાર કર્યે જ પાછા ફરવું કે વારૂ ? મુફલિસ બજારમાંથી વ્યાપાર કર્યા વિના પાછો ફરે છે એનું કારણ વેપારની અનાવશ્યકતા નથી, પરંતુ તે મુફલિસની પૈસાની નબળાઈ એ જ તેનું કારણ છે.

ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળા ભગવાન શ્રી મહાવીરદેવને સર્વજ્ઞ તો માને જ છે પરંતુ તે છતાં સ્થિતિ એ છે કે તેમનાથી જગતનો મોહ છૂટતો નથી અને તેઓ જગતનો મોહ છોડી શકતા નથી એટલે તેઓ ત્યાગ પણ લઈ શકતા નથી. ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળાને ગણધર ભગવાનની

સાથે સરખાવીએ તો તેઓ ખાલી ખીસાવાળા જેવા છે. શું આ ખાલી ખીસાવાળા વેપાર ન કરી શકે, જગતનો મોહ ન છોડી શકે અને ત્યાગ ન લઈ શકે માટે શક્તિશાળી એવા ગણધર ભગવાને પણ પોતાની શક્તિનો સદુપયોગ ન કરવો વારૂં ? ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળા ત્યાગ ન લઈ શકે માટે ભાગ્યશાળી એવા ગણધર દેવોએ પણ ત્યાગ ન લેવો એ કદી બની શકે નહિ. ગણધર મહારાજ ગૌતમસ્વામી જ્યાં ભગવાનને સર્વજ્ઞ માને છે ત્યાં સર્વજ્ઞનો માર્ગ લેવો એ તેમની ફરજ થઈ પડે છે અને ફરજ જ્યાં ખ્યાલમાં આવે છે ત્યાં પુણ્યશાળી જીવો કોઈના કહેવાની પણ રાહ જોવા થોભ્યા સિવાય એ ફરજ પોતે બજાવે છે.

ભગવાને કંઈ ગણધર મહારાજ ગૌતમસ્વામીને એમ નથી કહ્યું કે "હે ગૌતમ ! તું મને સર્વજ્ઞ માને છે તો હવે હું જેમ કરૂં છું તે જ પ્રમાણે તું પણ કરવા મંડી જા અને વળી હું જેમ કહું તેમ પણ કરવાને માટે તૈયાર થા ! પરંતુ એ કહેવાની જરૂર જ નથી પડતી તમે તમારા પાડોશીને ઝવેરાતનો વેપાર કરીને લાખોની કમાણી કરતો દેખો તો પછી તમને એવું કહેવાની જરૂર જ નથી પડતી કે તમે પણ ઝવેરી થાઓ અને લાખો કમાવો ! તમારો પાડોશી ઝવેરાતના વેપારમાં પડીને લાખો રૂપિયા કમાયો હોય અને તમારામાં ઝવેરાતનો વેપાર કરવાની શક્તિ હોય તો તમોને ઝવેરાતનો વેપાર કરો એવી સૂચના નથી આપવી પડતી. તમારી મેળે જ તમે એ ધંધો કરવા મંડી જાઓ છો. ભગવાન શ્રી ગણધર મહારાજની એક વાર ખાત્રી થઈ કે આ સઘળા ઉપવિતધારીઓ આ જ સુધી જે વાતો કરતા હતા તે સર્વથા ખોટી જ હતી અને સાચી વાત તો ભગવાનની જ છે. જ્યાં તેમના સર્વજ્ઞપણાની ખાતરી થાય છે, જ્યાં તેમનો ત્યાગમાર્ગ સાચો છે એની ખાતરી થાય છે અને એ માર્ગને ગ્રહણ કરવાની જ્યાં પોતાનામાં સંપૂર્ણ શક્તિ પણ છે તો પછી તેઓ શા માટે પાછી પાની કરે ?

ભગવાન ગૌતમસ્વામી પોતે પણ સર્વજ્ઞપણાના રસિયા હતા અરે સર્વજ્ઞપણાનો આભાસ પણ તેમને પ્રિય હતો અને જ્યાં સુધી તેઓ પ્રતિબોધ પામ્યા ન હતા ત્યાં સુધી "હું જ સર્વજ્ઞ છું, હું જ સર્વજ્ઞ છું" એમ કહીને આનંદ પામતા હતા. હવે જ્યારે તેમને સાચું સર્વજ્ઞપણું માલમ પડે છે અને એ સર્વજ્ઞપણું અમુક રસ્તે મેળવાય છે એવી પણ જ્યાં તેઓશ્રીને ખબર પડે છે ત્યાં એ સર્વજ્ઞપણાના પરમ રસિયા શા માટે વિલંબ કરે ? જુઠો હીરો કાચનો હીરો જોઈને જે રાજી થાય તેવાને સાચો હીરો મળે તો તેનો હરખ કેટલો વધે છે તે વિચારજો. ગણધર ભગવાન શ્રીગૌતમસ્વામી મહારાજા ખોટા સર્વજ્ઞપણાના પણ રસિક હતા. ખોટા સર્વજ્ઞપણા ઉપર પણ તેમને અપાર પ્યાર હતો. હવે જ્યારે ખરૂં સર્વજ્ઞપણું શું છે તેમની તેઓને માહિતી થઈ, વળી એ પરમ પ્રતાપી સર્વજ્ઞપણું શી રીતે મેળવાય છે એ વાત પણ તેઓ જાણી ચૂક્યા, તો હવે સર્વજ્ઞપણાના રસિયા એવા ગણધર ભગવાન એ માર્ગ ગ્રહણ કરવામાં શા માટે વિલંબ કરે ?

ભગવાન શ્રી ગૌતમસ્વામીને સર્વજ્ઞની પ્રતિજ્ઞા હતી તે છતાં સર્વજ્ઞપણાની ખાતરી થતાં જ તેમણે ત્યાગમાર્ગ શા માટે ગ્રહણ કર્યો હતો તે હવે સમજી શકશો. ભગવાન શ્રીમહાવીરદેવમાં સર્વજ્ઞપણું હોવા છતાં તેમણે ગણધર મહારાજ ગૌતમસ્વામીને વેદદ્વારાએ સમજાવવા પડ્યા હતા તેનું કારણ પણ તેમનું તર્કાનુસારિપણુજ હતું. ગણધર મહારાજ હજી તર્કાનુસારિપણામાં જ હતા એ જૈનસિદ્ધાંત પ્રમાણે બોલનારા વર્તનારા ન હતા તે તેમના પરંપરાગત સિદ્ધાંત માનવામાં બંધાયેલા હતા એટલું તેમનું સમાધાન તેમને તર્કને અનુસાર જ આપવાનું હતું.

જે શ્રદ્ધાનુસારી હોય જે શાસ્ત્રમાં શ્રદ્ધા રાખનારા હોય તેમને સમજાવવા હોય તો શાસ્ત્રને અનુસરીને જ બોલવાનું હોય પરંતુ જે તર્કશાસ્ત્રી હોય તેને તો તર્કદ્વારા જ સમજાવવા ઘટે.

હવે મૂળ વસ્તુ પર આવીએ. ઉપરની ગાથા સિદ્ધાંતકારે કહી અથવા પ્રતિપાદી નથી. શાસ્ત્રકારની એ પોતાની ગાથા નથી, પરંતુ એ ગાથા પ્રશ્નકારની પોતાની જ છે, પરંતુ અહીં ખુબ યાદ રાખવાનું છે કે પ્રશ્નકાર જે સાબીત કરે છે તે પણ પ્રશ્નકાર શાસ્ત્રાનુસારી હોવાથી શાસ્ત્રોના વાક્યો પ્રમાણે જ સાબીત કરે છે. હવે તમે એવી શંકા ઉઠાવશો કે જો શંકાકાર પણ શાસ્ત્રાનુસારી જ છે, શ્રધ્ધાનુસારી જ છે તો પછી અહીં પ્રશ્નોત્તરની વ્યવસ્થા કેવી રીતે રહે છે ? યાદ રાખો કે માણસો કેટલીક વાર આકસ્મિક બનાવને પણ ઉઠાવીને કાર્યકારણભાવમાં ગોઠવી દે છે. સમજો એક ડાહ્યો માણસ ઘરની બહાર ગયો. રસ્તામાં તેને એક ઇંટની ઠેંસ વાગી. આથી બીજા કોઈને પુનઃ ઠેંસ ન વાગે એમ ધારીને તે ડાહ્યા માણસે લાત મારી તે ઇંટને ખસેડી દીધી, પરંતુ ઇંટ જેવી ખસી ગઈ તેવી અંદરથી નીચેથી એક મહોર જડી આવી. ડાહ્યામાણસે આ રીતે મહોર મળેલી જોઈને ગાંડા ભાઈએ તો સિદ્ધાંત જ બાંધી દીધો કે

"ઇંટને લાત મારો એટલે મહોર મળશે."

ગાંડાભાઈએ એમ કહ્યું કે ઇંટને લાત મારવી એટલે ઇંટ ખસી જાય અને નીચેથી મહોર મળે. આ વાત તમે જોશો તો કાંઈ ખોટી નથી. પેલા ડાહ્યાભાઈએ ઇંટને લાત જ મારેલી કે બીજું કાંઈ? તેણે લાત મારેલી અને તે ઉપરથી તેને મહોર પણ મળેલી પરંતુ એ ઉપરથી હંમેશને માટે કાંઈ એવો નિયમ ઠરતો નથી કે લાત મારીને ઇંટ ખસેડો એટલે ઇંટને તળીયેથી જ મહોર નીકળશે. પ્રશ્નકાર વસ્તુ એવી પકડે છે કે તે વસ્તુ કદાચિત્ બને એવી છે પરંતુ કદાચિત્ બને એવી વસ્તુને આગળ કરીને તે શંકા ઉઠાવે છે. એક વૈદ્યરાજ હતા. બડા વિચક્ષણ, અનુભવી પણ તેટલા જ ઉપચારો કરવામાં પણ તેવા જ કુશળ. એક વાર એવું બન્યું કે માણસને ઝેર ચઢ્યું હતું. આ ઝેરના મારણ તરીકે તેમણે પેલા માણસને એક છોકરાનું મૂત્ર પાઈ દીધું ! એક મૂર્ખાએ એ જોયું એટલે તેણે નિયમ ઠરાવી દીધો કેઃ "છોકરાનું જે મૂત્ર પીએ છે તે માણસ છે." આ રીતે જો તમો નિયમો બાંધવા તૈયાર થતા હો તો એમાં અમારે વાંધો છે.

(અનુસંધાન માટે જુઓ પેજ-૫૫૩)

---

૧ દિગંબરો બાર દુકાળીમાં ગુરૂને માર્યાની વાત જણાવે છે તે કોઈ દિગંબર ગુરૂ ચેલાની હશે.

૨ ૧૪૪૪ બૌદ્ધોએ કોઈ શ્વેતાંબર આચાર્યે મારી નાંખ્યા એમ કહેનાર દિગંબરો માના પેટમાંથી નીકળ્યા ત્યારથી જુઠા છે.

૩ આચારાંગ સૂત્રને નામે વાત કરનાર દિગંબર ભગવાનના વચનોને નહિ માનનાર હોવાથી ટીકાને ન માને અને બાહ્ય પરિભોગને ન માને તેમાં દિગંબરોના ભાગ્યનોજ દોષ છે.

# શનિવારની સંવચ્છરીવાળાઓ સમજશે

શનિવારે સંવચ્છરી કરનારાઓ પોતાના આગ્રહમાં સરલ રસ્તો ન ગ્રહણ કરી શકે એ જુદી વાત છે, પણ તેઓ રવિવારે સંવચ્છરી કરનારા કે જેઓ પાંચમને સાંવત્સરિક તિથિ નહિ પણ પર્વતિથિ તરીકે અષાઢ આદિ પુનમોની માફક માને છે અને તેથી બે પુનમના પ્રસંગે બે ચૌદશનો પ્રસંગ આવવાથી બે તેરસ કરી જે ચૌદશ સ્વીકારાઈ તે જ ચૌદશે ચોમાસી આદિ થાય છે તેમ બે પાંચમથી બે ચોથના પ્રસંગે બે ત્રીજ કરી સ્વીકારેલી ચોથે જ સંવચ્છરી કરી છે, એ સત્યને ન સમજતાં પાંચમના ક્ષયે ત્રીજ કરી એમ કહે અને પાંચમની વૃદ્ધિએ પાંચમે સંવચ્છરી કરી એમ કહે એ ખરેખર જાણી જોઈને જાહેર રીતિએ માયામૃષાવાદ કરે છે. ઉભયત્ર સંવચ્છરી ચોથે થાય છે.

શનિવારવાળાઓએ ધ્યાનમાં રાખવું કે અન્ય વર્ષોમાં જ્યારે પાંચમનો ક્ષય જોધપુરીમાં હતો ત્યારે બીજા ટીપ્પનામાં છઠ ક્ષય પણ હતો તેથી કદાચ તેઓ ટીપણું માનીને ચોથ અને પાંચમ બે બરોબર ક્ષય વિના રાખી શકયા, પણ આ વર્ષે તો જોધપુરીમાં રવિવાર અને સોમવારે પાંચમ છે અને બીજા ટીપનામાં શનિવારે અને રવિવારે બે ચોથ છે, માટે બે ચોથ માને અગર બે પાંચમ માને તો પણ શનિવારની સંવચ્છરી થઈ શકે જ નહિં. બે પાંચમ કે ચોથ ન મનાય માટે રવિવારે જ સંવચ્છરી થાય, ભાદરવા સુદ પાંચમને પણ બીજ અગીયારસ જેવી તિથિમાં ન ગણવી એમ તો ભવથી ભય રાખવાવાળા બોલી શકે જ નહિં.

શનિવારવાળાઓ પંચાસી પ્રશ્નો જે વધારાદ્વારાએ બહાર પાડ્યા છે તેનો ક્રમસર જાહેર સહી સાથે ખુલાસો કર્યો હોત તે વ્યાજબી ગણાત.

તા.કઃ- આવતે વર્ષે બે પાંચમ છે. પણ ૧૩ ક્ષય હોવાથી પર્યુષણ ૧૨ ગુરૂવારે શરૂ થઈ ગુરૂવારે સંવત્સરી થશે.

તંત્રી

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# સંવચ્છરી અને જૈનો

ભગવાન શ્રીજિનેશ્વરમહારાજના શાસનમાં આ એક જ દિન એવો છે કે જે દિવસે શ્રીચતુર્વિધસંઘ પૈકીની કોઈપણ વ્યક્તિ પોતાનો વૈરવિરોધ વોસરાવે નહિ અથવા વૈરવિરોધની વૃત્તિવાળાં વચનો આ દિવસે ખમાવ્યા છતાં બોલે તો તેને હે આર્ય ! તું અયોગ્ય બોલે છે એમ કહી શકાય. અર્થાત્ દૈવસિક રાત્રિક પાક્ષિક આદિ પ્રતિક્રમણોમાં વૈરવિરોધ ખમાવવાના જ છે અને ખમાવ્યા પછી તે વૈરવિરોધવાળી વૃત્તિથી વચનો બોલવાનાં નથી. છતાં તે દૈવસિક આદિથી ખમાવેલા દોષનાં વચનો બોલે તો તેને હે આર્ય ! તું અકલ્પ્ય બોલે છે એમ કહેવાનો શાસ્ત્રીય સ્પષ્ટ અધિકાર નથી. જ્યારે સંવચ્છરીપર્વને માટે તો શાસ્ત્રીય સ્પષ્ટ લેખ છે કે સંવચ્છરી પ્રતિક્રમણ કરીને કે સંવચ્છરી પછી જો કોઈ શ્રીસંઘની વ્યક્તિ પુરાણા વૈરવિરોધની વૃત્તિવાળાં વાક્યો બોલે તો તેને સર્વ સમુદાયે સ્પષ્ટ શબ્દોમાં જણાવવું કે હે આર્ય ! તું અકલ્પ્ય એવું બોલે છે, આટલું જણાવવું એટલું જ તેમાં બસ થાય છે એમ નહિ, પણ તેમ કહ્યા છતાં એટલે તું અકલ્પ્ય બોલે છે એમ કહી સાવચેતી આપ્યા છતાં જો તે વૈરવિરોધની વૃત્તિવાળો તેવું ને તેવું વૈરવિરોધની વૃત્તિવાળું બોલે તો તે અયોગ્ય બોલનારને તંબોળી સળેલા પાનને કંડીયામાંથી કહાડી નાંખે છે તેવી રીતે શ્રી સકલશ્રમણસંઘથી દૂર કરી દેવો એવું સ્પષ્ટ વિધાન સૂત્રકારો આ દિવસને માટે જ કરે છે.

ઉપરની હકીકત વિચારનારને સ્પષ્ટપણે સમજાશે કે આ સાંવત્સરિકનો દિવસ એ શ્રી સંઘની આખરી કોર્ટ છે, અને આ વાતને સમજનારો વર્ગ આ દિવસની મહત્તા સમજે તે સ્વાભાવિક છે, માટે આ સાંવત્સરિકની મહત્તા સમજી તેના ધ્યેયને પુગી વળવા માટે શ્રી ચતુર્વિધસંઘની દરેક વ્યક્તિએ વાર્ષિક ખામણાં કરવાં અને પુરાણા વૈરવિરોધો વોસરાવી મૈત્રી આદિ ભાવનાથી ભાવિત થઈ મનુષ્યજન્મ સફલ કરવા કટીબદ્ધ થવું જોઈએ.

તા. ક:-આશા છે કે જૈનશાસનના સુકાનીયો આવતે વર્ષે સાંવત્સરિક બાબતમાં ભિન્નતા ન રહે માટે બનતું કરશે. આવતે વર્ષે પણ બે પાંચમ છે, તો પાંચમને પર્વ તિથિ પણ નહિં માનનારો વર્ગ તેના પુરાવા બહાર પાડશે તો બીજાઓને રસ્તો સૂઝશે. પુરાવા આપતાં ધ્યાનમાં રાખવું કે ક્ષય અને વૃદ્ધિના પ્રસંગે ઉદયનો નિયમ નથી. પર્યુષણમાં પહેલાં કે વચમાં પણ છટ્ઠ થાય છે ચોથ સુધીને માટે લખેલ વાત પાંચમને લાગુ ન કરવી. પુનમના ક્ષયે તેરસ ને ચૌદશે ચૌદશ પુનમ ભોગવટામાં હોય છે. પુનમની વૃદ્ધિ એ કે ક્ષયે તેરસની વૃદ્ધિ ક્ષય થાય છે. પુનમના ક્ષયે મુખ્યવૃત્તિએ ત્રયોદશી અને ચતુર્દશીમાં તેનો તપ કહ્યો છે, એકલી તેરસે નહિ. વળી તેરસે વિસ્મરણે જ પડવો કહ્યો છે.

ચતુર્થ વર્ષ અંક ૨૪

Registered No. B.3047




દ્વિતીય ભાદરવા
વદિ અમાવસ્યા
સંવત ૧૯૯૨

તરફથી
ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

૧૫-૧૦-૧૯૩૬

પૂર્વ મહર્ષિઓએ શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી કાઢેલાં રત્નોમાંના કેટલાંક રત્નો

........યાને.......

## જૈન-તત્ત્વજ્ઞોને અમૂલ્ય અવસર

(૧) **શ્રી આચારાંગસૂત્ર** — સટીક ભા.૧ રૂા. ૫-૦-૦
ભગવત્ શીલાંકાચાર્યે વિરચિત વૃત્તિ સમલંકૃત — સટીક ભા. ૨ રૂા. ૨-૦-૦

(૨) **ભગવતીજી સૂત્ર** સટીક
શ્રી દાનશેખર સૂરીશ્વર વિરચિત વિષમપદ વ્યાખ્યા — કિંમત રૂા. ૫-૦-૦

(૩) **વિશેષાવશ્યક ભાષ્ય** સટીક ભા.૧
શ્રીકોટ્યાચાર્યવિરચિત વૃત્તિ સંયુત — કિંમત રૂા. ૫-૦-૦

(૪) **પુષ્પમાલા** સટીક,
મલધારીય ભગવદ્ હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞવૃત્તિ સહિત — કિંમત રૂા. ૬-૦-૦

(૫) **તત્ત્વાર્થસૂત્ર** ભાષ્ય સહિત-અને ભાષ્યાનુસારિ ટીકા સહિત, — કિંમત રૂા. ૬-૦-૦
ભગવાન હરિભદ્રસૂરીશ્વર વિરચિત તત્ત્વાવબોધિની ટીકા સહિત
(ભાષ્ય જુદું પણ મળી શકશે) — કિંમત રૂા. ૧-૦-૦

(૬) **બુદ્ધિસાગર** — કિંમત રૂા. ૦-૩-૦
(સોની સંગ્રામસિંહ વિરચિત, ધર્મ અને નીતિમય ઉપયોગી લઘુગ્રંથ)

(૭) **કલ્પકૌમુદી**
(ઉપાધ્યાય શ્રીમત્ શાંતિસાગરજી વિરચિત કલ્પસૂત્રની વૃત્તિ સહિત — કિંમત. રૂા. ૨-૦-૦

(૮) **ભવભાવના** (સટીક) મલધારી ભગવાન હેમચંદ્રસૂરિવિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત. ભાગ ૧. — કિંમત રૂા. ૩-૮-૦

(૯) **ષોડશક પ્રકરણ** (ભગવાન હરિભદ્રસૂરિ વિરચિત, આચાર્ય
યશોભદ્રસૂરિ પ્રણીત-વૃત્તિ સહિત — કિંમત રૂા. ૧-૦-૦

(૧૦) **ષડાવશ્યક સૂત્રાણિ** નૂતન કે બાલ વિગેરે સાધુ સાધ્વી યોગ્ય
સર્વ આવશ્યક-ક્રિયાનાં સૂત્રો વિધિ સહિત જેની અંદર સર્વ
વિધિઓ પણ ગોઠવવામાં આવી છે. — કિંમત રૂા. ૦-૮-૦

### .......નવા છપાતા ગ્રંથો........

૧ **અંગના અકારાદિ તથા બૃહલ્લઘુ-વિષયાનુક્રમ** (૧૧ અંગના અનુક્રમ અકારાદિક્રમ)
૨ વિશેષાવશ્યક ભાષ્ય સટીક ભા.૨ (શ્રી કોટ્યાચાર્યા ટીકા)
૩ ઉત્પાદાદિ સિદ્ધિ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત)
૪ **પ્રવ્રજ્યાવિધાનકુલક** સમરાદિત્ય સંક્ષેપકાર શ્રીપદ્યુમ્નસૂરિ વિરચિત વૃત્તિ સહિત
૫ **ભગવતીસૂત્ર** (સટીક) ભગવાન્ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ પ્રણીત-વૃત્તિયુક્ત
૬ **પ્રવચન પરીક્ષા** મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી ગણી
૭ **ભવભાવનાવૃત્તિ** ભાગ ૨ જો.

### -: પ્રાપ્તિસ્થાન :-

**૧ શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત**

**૨ માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી, પાલીતાણા**




(પાક્ષિક)


| | | |
|---|---|---|
| ચતુર્થ વર્ષ<br>અંક ૨૪ | મુંબઇ તા. ૧૫-૧૦-૧૯૩૬ ગુરૂવાર<br>દ્વિતીય ભાદરવા વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૨<br>વિક્રમ ,, ૧૯૯૨ |

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ ☞ ઉદ્દેશ ☜ છુટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્દ્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

**श्री सिद्धचक्रस्तुतिः ।**

अर्हन्तः कर्णिकायाममलिनरमयाऽऽढ्याः सदास्थानमासाः,
सिद्धा आचार्यवर्या जिनमतगगनोद्योतकाः सूत्रपाठे ।
उद्युक्ता वाचकाः सन्मुनय इह हरित्पत्रवृन्दे पवित्रा-
ण्यर्च्यन्ते सद्दृगाद्यान्यनुदिशमुदितं सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

---

કોશ મધ્યે જિનપતી છે વિમલ જ્ઞાન રમાધિકા,
સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત ભાનુ વાચક પાઠકા;
મુનિરાજ શિવપદ સહાયકારી ચાર એ દિશિ પત્રમાં,
દર્શનાદિક ચાર વિદિશે સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક."

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

### બ્રાહ્મણ અને શૂદ્રની ઉત્પત્તિ

ભગવાન શ્રીઋષભદેવજી મહારાજને ઇંદ્ર મહારાજ અને તે વખતની સમસ્ત પ્રજા જે યુગળીયારૂપે હતી તે બધાએ રાજ્યાભિષેક કરી રાજ્યગાદી ઉપર આરૂઢ કર્યા અને તેથી ભગવાન શ્રીઋષભદેવજીને ક્ષત્રિયોની જાતિ અને તેમાં પણ ઉગ્ર ભોગ અને રાજન્ય એ નામની જાતિઓના વિભાગ કેમ કર્યા અને તે કરવાની કેટલી બધી જરૂર હતી, તેમજ તેવી રીતે વિભાગ કરવામાં ભગવાનનું પરહિતપણું કેટલું બધું હતું તે ઉપર જણાવાઈ ગયું.

આ ઉપર જણાવેલો વિભાગ ભગવાન શ્રીઋષભદેવજીની દીક્ષા પહેલાં થઈ ગયેલો હોવાથી જ ભગવાને દીક્ષા ગ્રહણ કરી તે વખતે જે ચાર હજાર મનુષ્યોએ ભગવાનની સાથે દીક્ષા લીધી છે તે વખતે એમ જ જણાવવામાં આવ્યું છે કે ઉગ્ર ભોગ રાજન્ય અને ક્ષત્રિય જાતિના ચાર હજાર મનુષ્યો સાથે ભગવાન શ્રીઋષભદેવજીએ દીક્ષા ગ્રહણ કરેલી છે. જેવી રીતે ભગવાન શ્રી ઋષભદેવજીની દીક્ષાને અંગે ઉગ્ર આદિ જાતિનો ઉલ્લેખ છે તેવી જ શ્રીભગવતીજી રાયપસેણીજી અને ઉવવાઈજી સૂત્ર સરખા ભગવાન મહાવીર મહારાજ આદિના સમવસરણના ઉલ્લેખવાળાં શાસ્ત્રોમાં પણ **उग्गा उग्गपुत्ता भोगा भोगपुत्ता** આદિ ઉલ્લેખો સ્પષ્ટપણે છે, તેમજ શ્રીપર્યુષણાકલ્પ સરખા પવિત્ર દિવસના પવિત્ર વાચનવાળા શાસ્ત્રોમાં પણ ઉગ્ર આદિ કુલોને ઉત્તમ કુલો તરીકે સ્પષ્ટપણે જણાવેલ છે, તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે ઉગ્રાદિ કુલો અને તેની ઉત્તમતા ભગવાન મહાવીર મહારાજના વખત સુધી ચાલેલી જ છે. ભગવાન શ્રીઋષભદેવજીએ જેમ રાજ્યકાલમાં નીતિના રક્ષણ અને અનીતિના બચાવને માટે જેમ ઉગ્ર ભોગ આદિ જાતિયોની સ્થાપના કરી તેવી જ રીતે તેઓએ જ પોતાના રાજ્યકાલમાં જ પ્રજાના હિતને માટે સો શિલ્પોનો અને કર્મોનો ઉપદેશ કરેલો છે એમ શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ પર્યુષણાકલ્પ અને શ્રીસમવાયાંગજી વગેરે સૂત્રો સ્પષ્ટપણે જણાવે છે. અર્થાત્ ભગવાન શ્રીઋષભદેવજીએ જેમ ઉગ્રાદિક્ષત્રિયજાતિની સ્થાપના કરી તેમજ શિલ્પ અને કર્મથી આજીવિકા કરનારાઓની જાતિ પણ સ્થાપન કરેલી છે. આ કારીગરીથી ઉદરનિર્વાહ કરનારાઓની સ્થાપના પણ પ્રજાના હિતને માટે જ કરેલી છે એમ સૂત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

વિચારવાન મનુષ્યો સહેજે સમજી શકે તેમ છે કે જેને માથે પ્રજાને નીતિને માર્ગે વર્તાવવાની જવાબદારી આવી પડે તેને મનુષ્ય નીતિમાં જ કેમ વર્તે તેનાં કારણો તપાસી તેના રસ્તાઓ જોડવા જ પડે. આર્થિક અને સંયોગિક મહત્તાની ઇચ્છાઓ જો કે મનુષ્યોને નીતિનાં કારણોથી દૂર કરે છે, પણ

તે મહત્તાની ઈચ્છાવાળો વર્ગ સામાન્ય પ્રજાની સંખ્યાની અપેક્ષાએ હિસાબમાં ઘણો જ ઓછો હોય છે અને તેમાં પણ નીતિનો માર્ગ ઉલ્લંઘીને પણ મહત્તાની ઈચ્છાઓ પૂરી કરવી જ જોઈએ એવી ધારણાવાળો શ્રીમંતવર્ગ ઘણો જ ઓછો હોય એ ન સમજી શકાય તેમ નથી અને તેથી જ ભગવાન ઋષભદેવજીએ ઋદ્ધિમત્તાની અપેક્ષાએ ઈભ્ય, શ્રેષ્ઠી, કે નગરશેઠ જેવી કોઈ જાતિ નિર્માણ કરી નથી અને વિચારવાળા મનુષ્યોને તેની જરૂર પણ નથી એમ સ્પષ્ટપણે માલમ પડશે, પણ પ્રજાનો મધ્યમ વર્ગ જે લગભગ ચૌદ આની જેટલો હોય છે તે બધો વર્ગ મહત્તાની ઈચ્છાવાળો તેટલો બધો નથી હોતો, પણ તે વર્ગ મુખ્યતાએ જીવનનિર્વાહ અને કૌટુંબિક નિર્વાહની સાથે આબરૂને જાળવવા માટે જ મથનારો હોય છે. આ મધ્યમવર્ગ જે ચૌદ આની જેટલો હોય તે જો કોઈપણ પ્રકારે મહેનત કરવાથી જીવનનિર્વાહ, કૌટુંબિકનિર્વાહ અને યશનો લાભ થતો હોય તો તે વર્ગ મહેનત કરીને જ તે લાભ મેળવવા માગે છે, અને તેથી તે વર્ગને મહેનતદ્વારાએ તેવો લાભ મળતો હોય તો નીતિમાં જ વર્ત્તવાનું પસંદ કરી અનીતિને ધિક્કારવાવાળો રહે છે, પણ નીતિમાં રહીને અનીતિને ધિક્કારવાવાળો તે જ વર્ગ જ્યારે જીવનનિર્વાહ, કૌટુંબિક નિર્વાહ કે કીર્તિલાભની પ્રાપ્તિ નીતિને માર્ગે નથી દેખતો કે નથી પામતો ત્યારે તેને કમને પણ નીતિનો માર્ગ છોડવો પડે છે, એટલે નીતિનો માર્ગ પ્રવર્ત્તાવવાવાળા અગ્રેસરોએ તેવા મધ્યમ વર્ગને જીવનનિર્વાહનાં સાધન વિગેરેનો બંદોબસ્ત કરવો તે પહેલે નંબરે જરૂરી છે એમાં કોઈથી પણ ના પાડી શકાય જ નહિ. વર્તમાનમાં પણ દેખીએ છીએ કે દરેક દેશના આગેવાનો પોતાના દેશમાં રહેલા મધ્યમ વર્ગને ધંધારોજગારમાં પોષણ આપવા દ્વારાએ જ દેશની ઉન્નતિ અને નીતિના પાયાની મજબુતી કરે છે. એ ઉપરથી એ પણ સમજી શકાય તેમ છે કે પ્રજાને જીવન અને કુટુંબનિર્વાહનાં સાધનો પુરાં પાડવા દ્વારાએ નીતિમાં પ્રોત્સાહન કરવામાં ન આવે, અને કેવળ અનીતિમાં વર્તનારાઓને શિક્ષા જ કરવામાં આવે, તો તે શિક્ષણ ન તો લાંબી મુદત ચાલી શકે અને તેવી અનીતિની શિક્ષા હોય તો પણ તે અંધાધુંધીને નોતરૂં દેવાવાળી જ થાય. શ્રીમંત અને મધ્યમવર્ગને છોડી દઈએ, તો જઘન્યવર્ગ એવી સ્થિતિમાં હોય છે કે તેઓને પ્રતિદિન મહેનત કરીને પણ એટલે વૈતરૂ કરીને પણ પોષણ કરવાનું મળે તો તે સ્વાભાવિક રીતે કે આબરૂની હાનિના ભયથી નહિ, પણ શિક્ષાના ડરથી અનીતિને માર્ગે ન જતાં પ્રતિદિન મહેનત મજુરી કરીને પોતાનો નિર્વાહ નીતિસર કરે, પણ તે જઘન્ય વર્ગને પ્રતિદિન મહેનત કરતાં છતાં પણ પ્રતિદિન જેટલું ન મળે તો તે જઘન્ય વર્ગ ઉન્મત્ત થયેલો હાથી જેમ અંકુશ કે ભાલાના ઘાને ગણકારે નહિ. તેમ તે અનીતિને બદલે કરાતી સખતમાં સખત સજાને પણ ગણકારતો નથી. વર્તમાનમાં પણ એ વાત સ્પષ્ટ છે કે જેઓ ધંધારોજગાર વગર કે આજીવિકાના સાધન વિનાના હોય છે તેઓ કેદની શિક્ષાથી ડરતા નથી એટલું જ નહિ પણ કેદમાં જવાથી જીવન નિર્વાહ તો જરૂર થશે એમ ધારી અનેક પ્રકારના ગુન્હાઓ ઈરાદાપૂર્વક જ કરે છે, અને તેવા ગુન્હેગારોને એક દોકડા જેટલી પણ શિક્ષાની ભીતિ હોતી નથી.

આ બધી હકીકત સમજવાવાળો મનુષ્ય સહેજે સમજી શકશે કે ભગવાન શ્રીઋષભદેવજીને

નીતિનું પાલન કરાવી અનીતિને વારીને જો રાજ્ય ચલાવવું હોય તો તેઓને ઋધ્ધિની વૃધ્ધિ તરફ લક્ષ્ય ન દેવાય તો પણ પ્રજાના નિર્વાહ તરફ તો પહેલે નંબરે ધ્યાન આપવું જ પડે અને તે જ મુદ્દાથી ભગવાન ઋષભદેવજીએ રાજ્યગાદીનો અખત્યાર લેવાની સાથે પ્રજાને સેંકડો કારીગરીઓ અને કામો બતાવી દીધાં. જો કે આ કારીગરીઓ અને કામો નિર્વદ્ય એટલે નિષ્પાપ જ છે એમ કહી શકીએ નહિ પણ જેમ વિવાહ ધર્માદિકમાં પોતે અનુમતિ આપી અને પોતે ચલાવેલા રાજ્યના સો ભાગો કરી સો પુત્રોને રાજ્યગાદી પર બેસાડ્યા એ બધું જેમ કથંચિત પાપવાળું છતાં પણ પ્રજાના હિતને માટે કરવું જરૂરી હોઈને કરવું પડ્યું અને તે દ્વારાએ જ અચિંત્ય પુણ્યનું ફળ ભોગવી લીધું, તેવી રીતે આ કારીગરીઓ અને હુન્નરો પણ પ્રજાને બતાવીને પ્રજાનું હિત કરેલું હતું, અને તેથી જ શાસ્ત્રકારો સો પુત્રને સો રાજ્ય ઉપર અભિષેક કરવાની વાત જેમ પ્રજાના હિતને માટે જણાવે છે તેવી જ રીતે કારીગરી અને હુન્નરનું દેખાડવું અને પ્રવર્તાવવું એ પણ પ્રજાના હિતને માટે જ હતું એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે અનીતિમાં પ્રવર્તવાવાળાને સજા કરવા માટે ઉગ્ર, ભોગ વિગેરે ક્ષત્રિયની પેટાજાતિની સ્થાપના સાથે જેમ જુદી ક્ષત્રિય જાતિ સ્થાપન કરવી પડી, તેવી જ રીતે નીતિની પ્રવૃત્તિ થવા માટે અને તેની મજબુતી માટે અનેક પેટાભેદવાળી વૈશ્યજાતિને સ્થાપન કરવી પડી હોય અને તેની વ્યવસ્થા પરોપકારને માટે જ કરવી પડી હોય તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી. અર્થાત્ સનાતનવાદીઓના કથન પ્રમાણે અનીતિથી બચવા માટે ક્ષત્રિયજાતિની અને નીતિના પાલન માટે અથવા અનીતિ થતી રોકવા માટે વૈશ્યજાતિની સ્થાપના ભગવાનને કરવી જ પડી, એટલે પહેલો જાતિભેદ ક્ષત્રિયથી થયો અને બીજો જાતિભેદ વૈશ્યથી થયો.

હવે ત્રીજો જાતિભેદ શૂદ્રનો કેમ થયો અને બ્રાહ્મણજાતિની ક્યા રૂપે અને કેમ ઉત્પત્તિ થઈ, તે સનાતનવાદીઓની અપેક્ષાએ વિચારીએ:

# આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાન જ કેમ ?

(ગતાંકથી ચાલુ)

**ભગવાન તીર્થંકરોના સમ્યક્ત્વ પ્રાપ્તિમાં વિચિત્રતા**

પોતાની પાસે અખુટ ખજાનો હોય અને તે ખજાનો સાથે ન હોય પણ ઘર આદિ સ્થાન કે હોય તે સ્વાભાવિક છે. હવે તેવા ધનિકની પાસે અન્યસ્થાને કોઈ તેનો લેણદાર કે યાચક કોઈ વસ્તુ માગે તે વખત જો કે ધનિકની પાસે બીજો ધનિક જે દુકાનનો કે ઘરનો માલિક છે તેની પાસે તે લેણદારને કે યાચકને અપાય એવી વસ્તુ છે છતાં તે મૂલ ધનિક પેલા ધનિક પાસેથી ઉછીની લઈને આપવાનું ન કરે પણ તે લેણદાર તથા યાચકને પોતાને ઘેર આવવાનું જ જણાવે તેવી રીતે ભગવાન જિનેશ્વર મહારાજા કેવલજ્ઞાન પામી શાસનને અર્થ થકી નિરૂપણ કરવાને શક્તિમાન હોવાથી અન્યશાસનના આલંબને ધર્મોપદેશ પ્રવર્તાવે નહિ તે અસ્વાભાવિક નથી. આજ કારણથી શાસ્ત્રકાર મહારાજાઓ ભગવાન જિનેશ્વરદેવોને અર્થની પ્રરૂપણા કરનાર માને છે તથા અર્થના આત્માગમવાળા માને છે. જિનેશ્વરદેવો સૂત્રના આત્માગમ અનન્તરાગમ કે પરંપરાગમવાળાએ ન હોય અને અર્થની અપેક્ષાએ પણ અનન્તરાગમ કે પરંપરાગમવાળાએ ન હોય. ભગવાન જિનેશ્વરો તો કેવલ અર્થની અપેક્ષાએ કેવલ આત્માગમવાળા જ હોય, અને આવી અર્થાગમની અપેક્ષાએ કેવલ આત્માગમપણાની સ્થિતિ તો સ્વયંસંબુદ્ધપણું થઈ શાસનપ્રવર્તકપણાની દશા કેવલજ્ઞાન મેળવ્યા પછી થાય ત્યારે જ થાય, માટે શ્રીજિનેશ્વર ભગવાનો છદ્મસ્થપણામાં ઉપદેશ આપતા નથી. આ ઉપદેશ શાસન સ્થાપવાની અપેક્ષાએ સમજવો. જેથી સામાન્ય રીતે ઉત્પલ અને ઈંદ્રશર્માને અગાર ધર્મ અને અણગાર ધર્મ કહ્યો ચંડકોશિયાને બુજઝ બુજઝ ચંડકોશિયા કહી બુઝવ્યો સ્વાતિદત્તને જીવસિદ્ધિને અંગે જે પ્રશ્નના ઉત્તરો જણાવ્યા એ સર્વ હકીકતનો અવિરોધ રહેશે. ભગવાન મહાવીર મહારાજે કેવલજ્ઞાન ઉત્પન્ન થવા સુધી કરેલો મૌનનો અભિગ્રહ પણ આચાર્ય મહારાજ અભયદેવસૂરિજી જે આપેક્ષિક હતો તે પણ આના અનુસારે સમજી લેવાય તેવો છે, અને તેથી જ તેમાં ગોશાલા વગેરેની હકીકત ભગવાનનું બોલવું એ અભિગ્રહને બાધક નથી. અર્થાત્ ભગવાન મહાવીર મહારાજાનું મૌન જેમ કુલપતિ અને એમના તાપસોના વ્યવહારથી તેવા વ્યવહારિક પ્રસંગને અંગે હતું તેમ ભગવાનનો શાસનસ્થાપનાપૂર્વકનો ઉપદેશ કેવલજ્ઞાન પહેલો ન જ હોય અથવા ઉપદેશનો પ્રબંધ કેવલજ્ઞાન પછી હોય અને અર્થાગમની અપેક્ષા એ જ આત્માગમવાળા

જ ભગવાન જિનેશ્વરો હોય એમ કહેવામાં કોઈપણ પ્રકારે અડચણ નથી. આવી રીતે ભગવાન જિનેશ્વરો છદ્મસ્થપણામાં ઉપદેશક કેમ ન હોય તેને અંગે વિચાર ક્યો.

## અન્ય સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનવાળા ઉપદેશકો કેમ નહિં ?

આ સ્થાને બીજી શંકા એ જરૂર થશે કે ભગવાન જિનેશ્વર મહારાજા તો સ્વયંસંબુદ્ધ છતાં અને મનઃપર્યવજ્ઞાનને પામેલા છતાં ભવિષ્યમાં કેવલજ્ઞાન થશે અને શાસનની સ્થાપના કરતાં અર્થાગમની અપેક્ષાએ આત્માગમવાળો હું થઈશ જ એમ જાણે છે, અને તેથી કેવલજ્ઞાન ઉત્પન્ન થવા પહેલાં પ્રવર્ત્તનની મુખ્યતાથી ઉપદેશપ્રબંધવાળા ન થાય એ ઠીક છે, પણ જગતમાં જેમ ભગવાન તીર્થંકરોજ એકલા ભવાંતરથી જ્ઞાન લાવનારા અને સમ્યક્ત્વને લઈને આવનારા હોય એવો નિયમ નથી. અર્થાત્ અન્ય પણ જીવો એવા ઉચ્ચ કોટીના હોય છે કે જેઓ ભવાન્તરથી મતિ આદિ જ્ઞાનોવાળા અને સમ્યગ્દર્શનવાળા હોય છે. આટલી વાત શાસ્ત્રકારો ફરમાવે છે અને તે કબુલ પણ કરવી જ પડે તેમ છે કે ભગવાન તીર્થંકર સિવાયના જીવો પણ ભવાંતરથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન લાવનારા હોય જ છે, એટલું જ નહિં પણ ભગવાન જિનેશ્વર મહારાજાઓ નિયમિત અવધિજ્ઞાન વિનાના ન હોય અને અવધિથી જણાતા ક્ષેત્રના છેડા ઉપર તેઓ ન હોય પણ અવધિજ્ઞાનથી જણાતા ક્ષેત્રની મધ્યમાં જ તેઓ હોય, તેવી રીતે બીજા કોઈ જીવોને અંગે નિયમિત અવધિજ્ઞાન કે અભ્યન્તરાવધિનો નિયમ ભલે ન હોય પણ ભગવાન તીર્થંકર મહારાજાઓ સિવાય બીજા જીવોને ભવાંતરથી આવેલું અવધિજ્ઞાન કે અભ્યંતરાવધિ ન જ હોય એમ તો છે જ નહિં, અને જયારે આવી રીતે ભગવાન તીર્થંકર મહારાજ સિવાયના અન્યજીવોને પણ ગર્ભથી જ સમ્યક્ત્વદર્શન અને મતિ શ્રુત તથા અવધિ એ ત્રણે જ્ઞાનો હોય છે તો પછી તેવા જીવો કેવલજ્ઞાનના નિયમવાળા હોતા નથી, કેમકે અવધિજ્ઞાનનો છાસઠ સાગરોપમ સ્થિતિનો કાલ છે તે બહુધાએ તો અનિકાચિત નામકર્મવાળા જ નહિં એટલે અનિકાચિત નામકર્મવાળો ભગવાનનો જીવ અગર અન્ય તીર્થંકર નામકર્મ વગરનો ભગવાન તીર્થંકરો સિવાયના જીવોને માટે જ છે કેમકે નિકાચિત થયેલ જિન નામકર્મવાળાને છાસઠ સાગરોપમ સંસારમાં રહેવાનું હોય.

જીવજ છાસઠ સાગરોપમવાળા અવધિજ્ઞાનનો સ્વામી હોય. એવી રીતે સમ્યક્ત્વની છાસઠ સાગરોપમની સ્થિતિ પણ બીજા જીવોને આશ્રયે જ સંભવે, માટે ભગવાન જિનેશ્વર મહારાજના જીવો સિવાયના જીવો પણ ગર્ભથી માંડીને મતિ શ્રુત અને અવધિજ્ઞાનવાળા તથા સમ્યક્ત્વદર્શન વાળા હોય જ છે, તો પછી તે જીવો ઉપદેશના આદ્યપ્રવર્ત્તક કેમ ન બને ? એમ પણ નહિં કહેવું કે મતિ આદિ ત્રણ જ્ઞાનવાળા અને સમ્યગ્દર્શનવાળા અન્ય જીવો છતાં ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી થતું સ્વયંસંબુદ્ધ-પણું ભગવાન જિનેશ્વર મહારાજ સિવાયના બીજા જીવને હોય નહિં અને તેથી તે મત્યાદિવાળા છતાં અન્ય ગુરુ આદિથી ઉપદેશ પામે અને તેના પ્રભાવે જ તેઓને ચારિત્ર પ્રાપ્ત થાય માટે તે અન્ય જીવો ઉપદેશના આદ્ય પ્રવર્ત્તક બને જ નહિં. એમ નહિં કહેવાનું કારણ એટલું જ કે શ્રીનન્દીસૂત્ર આદિ શાસ્ત્રોમાં પંદર ભેદે જે સિદ્ધો બતાવ્યા છે તે જો ભગવાન તીર્થંકર મહારાજ સિવાયના જીવો સ્વયંસંબુદ્ધ ન થતા હોય તો જિનસિદ્ધ અને સ્વયંસંબુધ્ધ સિદ્ધ એવા બે ભેદો ઘટે જ નહિં,કેમકે

તમારા હિસાબે સ્વયંસંબુધ્ધ સિધ્ધો જિનેશ્વર સિવાય હોય જ નહિ, માટે માનવું જ પડશે કે સ્વયંસંબુદ્ધ સિધ્ધો જિનસિદ્ધ સિવાય પણ હોવા જ જોઈએ અને નન્દીસૂત્રની ચૂર્ણિમાં પણ સ્વયંબુદ્ધ બે પ્રકારના જણાવી જિન અને અજિનને પણ સ્વયંસંબુદ્ધ તરીકે જણાવે છે, એટલે જિનેશ્વર ભગવાનના સિવાય પણ મત્યાદિ જ્ઞાનવાળા સ્વયંસંબુદ્ધ થતા હોવાથી તેઓ પણ ઉપદેશના આદ્યપ્રવર્ત્તક કેમ ન બને ? આ બધી શંકાના સમાધાનમાં સમજવાનું કે ભગવાન જિનેશ્વર દેવો સિવાય કોઈ અન્ય જીવ સામાન્ય રીતે જીવોના ઉદ્ધારની ભાવનાવાળો હોતો જ નથી અને તેથી બીજા જીવો મતિ આદિ જ્ઞાનવાળા અને સ્વયંસંબુદ્ધ હોય તો ઉપદેશના આદ્યપ્રવર્ત્તક બની શકે જ નહિ. એક વાત આ જગ્યા પર ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શ્રીભગવતીજી સૂત્રમાં અશ્રુત્વા કેવલીને એક પ્રશ્નોત્તર કહેવાનો કલ્પ હોય છે અને ધર્મોપદેશ દેવાનો કે પ્રવ્રજ્યા આપવાનો પણ કલ્પ નથી એમ સ્પષ્ટ જણાવે છે તો સામાન્ય જીવોને ઉપદેશકના આદ્ય પુરુષ કે ઉપદેશના આદ્યપ્રવર્ત્તક બની શકે નહિ. વળી તીર્થની સ્થાપના કરવાનું ભાગ્ય ભગવાન તીર્થંકરોનું જ હોય છે તેથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જે આદ્યઉપદેશક કે આદ્યઉપદેશપ્રવર્ત્તક બની શકે. આ વાત એટલા ઉપરથી પણ સમજાશે કે શાસ્ત્રકાર ભગવાનોએ સ્વયંબુદ્ધ સિદ્ધ અને પ્રત્યેકબુધ્ધ સિધ્ધ એવા ભેદો રાખ્યા પણ સ્વયંબુદ્ધ બોધિત સિદ્ધ અને પ્રત્યેકબુદ્ધ બોધિતસિદ્ધ એવો સોલમો અને સત્તરમો ભેદ શ્રીસિદ્ધ મહારાજના ભેદો જણાવ્યા નહિં. જો પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધ જો ઉપદેશકના આદિભૂત કે ઉપદેશના આદ્યપ્રવર્ત્તક હોત તો સિદ્ધના પંદર ભેદો કહેત નહિં અને શાસ્ત્રકારો પંદર ભેદ જ સિધ્ધોના જણાવે છે તેથી ઉપર કહેલી હકીકત શંકાનું સ્થાન થાય તેમ નથી.

## શ્રીજિનેશ્વર મહારાજા આદ્યઉપદેશકો જ કેમ?

જે જીવો અનાદિકાલથી આત્માની ઉત્તમતાવાળા તથા ભવ્યત્વથી હોય છે અને જે જીવોના સમ્યક્ત્વલાભ પછી ભવોની ગણતરી થાય છે. જો કે અન્યજીવોને સમ્યક્ત્વ મળે છે ત્યારથી સંસારના શેષપણાનો તો હિસાબ થાય જ છે. ત્રિલોકનાથ તીર્થંકર મહારાજ પણે થવાવાળા જીવો શ્રીજિનેન્દ્ર પ્રભુની અશાતના વગેરેનું કાર્ય કે જે જીવને અનંત ભવ રખડાવનાર થાય તે મુખ્યતાએ કરવાવાળા ન હોય. કહેવાની મતલબ એ કે ભગવાન તીર્થંકર મહારાજાના જીવો સમ્યક્ત્વ પામ્યા પછી સંખ્યાત કે અસંખ્યાત કાલજ પ્રતિપાતવાળા હોય પણ અનન્તકાલ પ્રતિપાતવાળા ન હોય. તેઓ સ્વાભાવિક જ એવી સ્થિતિ ધારણ કરનારા હોય કે જેથી તેઓને આદ્યસમ્યક્ત્વ પામ્યા પછી અનન્તકાલ પ્રતિપાત ન હોય અને તેથી જ આદ્યસમ્યક્ત્વથી ભગવાન જિનેશ્વરોના ભવોની ગણતરી થાય છે, નિર્યુકતકાર ભગવાન ભદ્રબાહુ સ્વામીજી પણ **सम्मत्त पढमणमो** એમ સમ્યકત્વનો જે આદિ લાભ થયો ત્યાંથી જ ભવની ગણતરી સ્પષ્ટ જણાવે છે. તેવા જીવો સર્વકાલ ઉત્તમતાવાળા હોય છે અર્થાત્ અન્યજીવો, ચરમશરીરી હોય અને તે ભવમાં જ મોક્ષ પ્રાપ્તિ કરનારા હોય છતાં તેઓ આખા ભવમાં ઉત્તમતાવાળા હોય એવો નિયમ બંધાય નહિં પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો સાવદ્યનો ત્યાગ ન કર્યો હોય તેવી સામાન્ય ગૃહસ્થાવસ્થામાં પણ જન્મથી જ ઉત્તમતાવાળા જ હોય. આથી જ અશુદ્ધ પણ ઉત્તમરત્નની સરખાવટ શુદ્ધ એવું અધમ રત્ન કરી શકે નહિં એમ કહેવાય છે. (સંપૂર્ણ)

# સમાલોચના

૧ અક્ષયતૃતીયા આદિ બાર તિથિના પર્વોમાં જો ઉત્તરતિથિએ જ પર્વ થાય એ નિયમ वृद्धौ कार्या तथोत्तरा એ વાક્યથી થાય અને તે અક્ષયતૃતીયાદિના પૂર્વના ક્ષયનો નિયમ મનાય તો પછી બારતિથિમાં જ 'ક્ષયે પૂર્વા'વાળો નિયમ લાગુ થાય છે, એ કથન वदतो व्याघातः જ છે.

૨ શક્તિના અભાવે જ્ઞાનપંચમીના તપ કરનારને પણ ભાદરવા સુદિ ચોથના તપથી ચાલે એ પૂર્વપુરુષના વાક્યને માનનાર મનુષ્ય બાર પર્વમાં ગણાતી પાંચમ કરતાં ચોથને ઉતરતી માની તેની વૃદ્ધિ માની શકે જ કેમ ?

૩ સંવત ૧૮૬૯નો નિયમ તો અશાસ્ત્રીય હોવા સાથે અસંબધ્ધ અને અનિયત છે ને તેથી ન મનાયો હોય.

૪ જોધપુરી સિવાયને માનવાનું સકલ ભારતીય મુનિઓના સંમેલનમાં ઠરાવ્યું હોત તો ચાલત-એક સદી કરતાં વધારે વખતથી જોધપુરી નીકળે છે ને મનાય છે એમ વિશ્વાસપાત્ર મનાવવું જોઈએ.

(સમયધર્મ)

૧ દિગંબરો શ્વેતાંબરોના તીર્થોમાં દર્શન પૂજા કરવા માંડી પછી હક જમાવી શ્વેતાંબરોનાં લોહી ચૂસી લે છે એ સાચી વાતને ન સમજતાં લોહીએ ધોવાની વાત કરનારા કે માનનારાઓની તો અક્કલ ઉપર જ આફ્રીન થવાય.

(જૈન)

૧ તત્વતરંગિણીમાં સંવચ્છરીની ચોથના ક્ષયે ખરતરને ચૌદશના ક્ષયે પુનમે પક્ખી માનવાને અંગે પાંચમે સંવચ્છરી માનવા માટે આપેલો અનિષ્ટ પ્રસંગ જ જેઓએ પહેલાં કે હમણાં પણ વિચાર્યો હશે તે યોગ્ય માર્ગને આપો આપ સમજશે.

૨ ચોથની પહેલાના આઠ દિવસને લખાયેલને પાંચમના પ્રસંગે લગાડે તે તો અક્કલબાજ કહેવાય.

૩ પુનમ અમાવાસ્યાના ક્ષય વૃદ્ધિ ન મનાય તો પાંચમની કેમ મનાય ? પૂનમની પહેલાં ચૌમાસી ચઉદશો ત્રણ જ હોય તથા દીવાળીની અમાવાસ્યા એક જ હોય એમ નહિં ?

૪ પંચાસી પ્રશ્નોની જોખમદારી તંત્રી ના કબુલ કરતા નથી, છતાં શનિવારવાળાને ક્રમસર ઉત્તર દેવો કે પૂનમ કે અમાવાસ્યાના વૃદ્ધિ કે ક્ષયે તેરસની વૃદ્ધિ કે ક્ષયનો રિવાજ કબુલ કરવો છે ને માનવો નથી.

૫ આજ્ઞા સંદેશા આદિ તો સ્ફુટ છે એટલે બચાવ શાનો થાય છે ?

૬ પૂનમ અને અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ માફક પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ માનવાવાળા તો પરંપરા અને त्रयोदशीचतुर्दश्योः ના પાઠથી બરોબર ગણાય પણ પાંચમની તિથિ બે માનનારનું શું થાય ? ચતુર્દશી સ્થિરની તેના તપની અને તે તપ ન હોવાની વાત કલ્પિત છે.

૭ પંચાંગમાં બે બીજ પાંચમાદિ પર્વતિથિઓ હોય છે ત્યારે ભીંતીયાં પંચાંગમાં પહેલાની બે તિથિઓ લખાય છે એ સાદી વાતને ન સમજે તેને શું કહેવું ?

(વીરશાસન)




# ગૌતમસ્વામીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ?

(ગતાંકથી ચાલુ)

અકસ્માતથી અથવા કાકતાલીય ન્યાયે જે કાંઈ બની જાય છે તે બનાવને જ જે સિદ્ધાંતરૂપે રજુ કરે છે તે ગંભીર ભૂલ કરે છે એમ કહેવું જ જોઈએ. આકસ્મિક પ્રસંગે બનેલા બનાવને કાર્યકારણમાં જોડવો અને તે ઉપર સિદ્ધાંતની ભૂમિકા ઉભી કરવી એ સ્પષ્ટપણે દોષ છે અને પૂર્વપક્ષકાર એ રીતે પોતાની વાત રજુ કરે એ તેની ભૂલ છે, મનુષ્યે બાળકનો પીસાબ પીધો તે વાત જુઠી નથી એ સત્ય છે પરંતુ તે ઉપરથી એવો સિદ્ધાંત ઘટાવવો કે મૂત્ર પીએ તે મનુષ્ય છે એ ખોટું છે. મૂત્ર પીએ તે માણસ છે એમ કહેનારો લક્ષણને વ્યાપ્તિમાં ખોસી ઘાલે છે અને તેથી જ તે ખતા ખાય છે, તે જ પ્રમાણે અહીં પણ પૂર્વપક્ષકાર 'सिज्झंति चरणरहिया' એટલે કે ચારિત્ર વિના પણ આત્મા મોક્ષે જાય છે, એવું પ્રતિપાદન કરે છે તે ખોટું છે. મૂત્ર પીએ તે જ મનુષ્ય નથી પરંતુ રોગ થયો હોય, વિષ ચઢ્યું હોય તો તેના પ્રતિકાર તરીકે કોઈકે ભલે મૂત્ર પીધું હોય, તે જ પ્રમાણે કોઈક આત્મા ભલે બાહ્ય ચારિત્ર વિના મોક્ષે ગયો હોય પરંતુ તેથી કાંઈ ચારિત્ર વિના મોક્ષ મળે છે એવો સિદ્ધાંત થઈ શકતો નથી.

ચારિત્ર વગર પણ મોક્ષે ગયાના ઉદાહરણો છે, પરંતુ તે કોઈક જ ! એટલે બાહ્ય ચારિત્ર વગર મોક્ષે જવું એ સિદ્ધાંત ન થયો પરંતુ "ચારિત્ર વગર મોક્ષ નથી" એ સત્ય સિદ્ધાંતનો તે અપવાદ જ થયો. ધારો કે તમારે સ્ટેશને જવું છે, સ્ટેશને જવા માટે તમે ઘેરથી તમારી ઘડીયાળનો ટાઈમ જોઈને નીકળ્યા પરંતુ તમારી ઘડીયાળ ખોટી હતી તેથી તમે મોડા થયા ! તમને ખબર પડી કે તમે મોડા થયા છો એટલે તમે દોડ્યા અને સ્ટેશને પહોંચ્યા ! આથી તમે એવું નથી કહી શકતા કે અમારા ગામમાં તો દોડતા જ સ્ટેશને જવાનો રિવાજ છે ! તમે મોડા થયા માટે તમે દોડ્યા, પરંતુ સાધારણ વ્યવહાર તો

એ જ છે કે ગૃહસ્થો તમારા ગામમાં પણ ચાલતા જ સ્ટેશને પહોંચે છે. ગૃહસ્થોએ સભ્યતાથી ચાલતા યા વાહનમાં સ્ટેશને જવું એ તમારા ગામનો-અરે, આખા જગતનો રિવાજ છે પરંતુ તમારે માટે ખાસ પ્રસંગ હતો તેથી તમે દોડ્યા એટલે દોડતા સ્ટેશને જવું એ રિવાજનો અપવાદ જ થયો.

એ જ પ્રમાણે જ્યાં ચારિત્ર છે ત્યાં જ મોક્ષ છે અને જ્યાં ચારિત્ર નથી ત્યાં મોક્ષ પણ નથી એ જ સિદ્ધાંત તો થયો પરંતુ કોઈ સંયોગોમાં કોઈ બાહ્ય ચારિત્ર વિના પણ સ્વર્ગે ગયા છે એ ધોરી માર્ગનો અપવાદ જ થયો. હવે ચારિત્ર વિના કોણ સ્વર્ગે ગયું છે તે વિચારજો. જે ભવ્યાત્માઓને આકસ્મિક સંયોગે ત્યાગની ભાવના થઈ પરંતુ સંયોગો એવા આંવીને ઉભા રહ્યા કે તેનાથી ત્યાગ ન લઈ શકાયો એવાઓનું આયુષ્ય જ પુરૂં થયું પરંતુ ચારિત્રની તીવ્રભાવના થઈ, તેને અંગે તેઓ મોક્ષવાસી બન્યા. આથી તમે એવો સિદ્ધાંત તો ન જ કરી શકો કે ચારિત્ર વિના પણ મોક્ષ પ્રાપ્તિ શક્ય છે. ચારિત્ર વિના મોક્ષ મળ્યો હતો એ વાત સાચી, પરંતુ મોક્ષને માટે ચારિત્રનું કામ જ નથી એ તો સોળેસોળ આના જુઠી વાત છે. તમોને એક વાર ઠેસ વાગી, ઠેસ વાગવાથી ઈંટ ખસી ગઈ અને ઈંટ ખસી જવાથી તમોને મહોર મળી, માટે તમે એમ ન કહી શકો કે મહોર જોઈએ તો ઈંટ ખસેડો લાત મારો ને મહોર મેળવો !!!

એક વાર તમોને ઈંટ ખસેડતાં મહોર મળી ગઈ તે ઉપરથી તમે એવો નિયમ ન બાંધી લ્યો કે જ્યારે મહોર જોઈએ ત્યારે તે આ રીતે મેળવી શકાય છે, તે જ રીતે કોઈ ભવ્યાત્મા ચારિત્ર વિના મોક્ષે ગયો હોય તો તે વાત સાચી છે, પરંતુ તેથી એવો નિયમ તો ન જ ઠરાવી શકાય કે ચારિત્ર વિના મોક્ષ છે, હવે શંકાકાર કહે છે, दंसण भट्ठो... જે જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો છે, ખસેલો છે તે જીવ મોક્ષના માર્ગથી જ ખસેલો છે. હવે વિચાર કરો કે સમ્યક્ત્વથી ખસેલો જીવ તે સમ્યક્ત્વભ્રષ્ટ કહી શકાય, પરંતુ તે મોક્ષથી પણ ખસેલો છે એ વાત તમે ક્યાંથી લીધી ? સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલાનો મોક્ષ થતો નથી એમ કહ્યું છે એટલે એનો અર્થ એ છે કે જે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો છે તે આત્મા મોક્ષથી પણ ભ્રષ્ટ થયેલો છે. આ વસ્તુ તમે મૂળ બાબતમાં ઉતારી જોશો તો તમોને માલમ પડશે કે જે આત્માએ જીવનું સ્વરૂપ જાણ્યું નથી, તેવો આત્મા કદાપિ પણ જીવનો સાધક અર્થાત્ જીવના સ્વયંગુણોનો સાધક પણ બની શકતો જ નથી.

જેણે જીવનું સ્વરૂપ જાણ્યું નથી તે આત્મા કદાપિ પણ સાધક બની શકવાનો જ નથી, અને તે આત્મા જો કદાચ સાધક બની જાય તો તે સાધ્યની સિદ્ધિ પણ કરી શકે નહિ. આત્મા કેવળજ્ઞાન દર્શન ચારિત્રવાળો છે એવી પ્રથમ એક વાર જાણ થયેલી હોવી જોઈએ. જો તમોને એવી જાણ થયેલી હોય તો જ તમો તત્પશ્ચાત્ એ ગુણોને મેળવવાનો પણ યત્ન કરી શકોને ? જેણે આત્માના એ ગુણો જ ન જાણ્યા હોય તેવો માણસ એ ગુણોને મેળવવાને માટે પ્રયત્ન પણ કેવી રીતે કરી શકે ? તે જ પ્રમાણે આત્મા એ સંપૂર્ણ જ્ઞાન અને દર્શનમય છે, એવો જો વિચાર પણ દૃઢ ન થયેલો હોય તો તેવો આત્મા આત્માના એ ગુણો પ્રકટ કરવાનો વિચાર પણ ક્યાંથી જ લાવી શકે ? આત્મા આવા આવા ભવ્ય ગુણોવાળો છે અને તેને કર્મરૂપી મેલ લાગેલો છે એ વાતની સૌથી પહેલી તો તમારી ખાતરી થવી જોઈએ. જો તમોને એ વાતની ખાતરી ન થાય, જો તમે કર્મરૂપી મેલ આત્મા ઉપર ચઢેલો છે એ વાત જ ન જાણો તો પછી તમે એ મેલને ટાળવાનો પ્રયત્ન પણ કેવી રીતે કરી શકવાના હતા ?

આત્માના ગુણો એ નિધાન છે અને એ ગુણો ઉપર એ નિધાન ઉપર કચરો પડ્યો, છે એ વાત તમોને માલમ પડવી જ જોઈએ. જો એ વાત તમોને માલમ પડે તો જ તમો એ કચરો ખસેડવાનો અને નિધાન શોધવાનો પ્રયત્ન કરોને ? જો એ વાત જ તમોને માલમ ન હોય તો તમે એવો પ્રયત્ન પણ કેવી રીતે કરી શકવાના હતા ? કચરો છે તો કચરો ખસેડો એ વસ્તુ સહજ છે, પરંતુ કચરો ખસેડવાને માટે તો તે જ તૈયાર થાય છે કે જેને કચરો છે એ વાતની માહિતી થાય છે અને કચરા નીચે રત્ન છુપાયેલું છે એ વાત જાણવામાં આવે છે. તમારા બારણામાં તમારી વીંટી પડી હોય અને તેની ઉપર ધૂળના થરના થર ચઢી ગયા હોય, તો પણ તમે એ ઢગલા ઉલેચવા મંડી જતા નથી ! પરંતુ તમોને માલમ પડે કે એ ઢગલામાં જ વીંટી છે તો પછી તમે વગર કહે પણ વીંટી શોધવા મંડી જ જવાના! એ જ રીતે તમે આત્માના ગુણો ત્યારે જ ધારણ કરી શકો અથવા ધારણ કર્યા હોય તેને સ્થિર કરી શકો કે જ્યારે તમારી એવી ખાત્રી થાય કે આત્મા જ્ઞાનાદિ ગુણોવાળો છે અને કર્મમલ અથવા કર્મરૂપી કચરો તેના ઉપર ચઢી ગયેલો છે.

### તામલિતાપસની ઘોર તપશ્ચર્યા

જો તમે આત્માનું સર્વજ્ઞપણું, તેનું સર્વદર્શિપણું, તેની જ્ઞાનસ્વરૂપતા વગેરેનો નિશ્ચયજ ન કર્યો હોય, તો તમારી કેવળજ્ઞાનને લાયકની કરેલી મહેનત પણ નકામી જ જવાની ! તમે કહેશો કે શું કેવળજ્ઞાનને લાયકની તપસ્યા કરી તેટલો પ્રયત્ન સેવ્યો હોય તો પણ તે નષ્ટ થાય અથવા નકામો જાય ? જવાબ એક જ મળવાનો કે "હા !" તામલિતાપસના દૃષ્ટાંતનો અહીં વિચારો કરો. તામલિ તાપસે જે તપસ્યા કરી હતી તે કાંઈ નાની સુની ન હતી, એ પ્રયત્ન-એ મહેનત તો એટલી ભવ્ય હતી કે એ તપસ્યા જો આઠ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં વહેંચી દીધી હોય તો તે આઠે જીવો મોક્ષે જાય ! આઠ જીવો જે તપસ્યાથી-જે પ્રયત્નથી મોક્ષે જાય એવું હતું તે તપસ્યા તામલિએ એકલાએ જ કરી હતી. એ તપસ્યા તે કાંઈ નાની સુની ન હતી. તેની તપસ્યા જ એવી હતી કે હંમેશા છઠની જ તપસ્યા જ કરવી. આપણે વરસીતપની તપસ્યા કરીએ છીએ તેટલામાં કેટલા અકળાઈ ઉઠીએ છીએ ! આટલું તપ પણ આજે આપણને આકરૂં પડે છે તો તામલિથી એ તપ કેવી રીતે થયું હશે તેનો ખ્યાલ કરજો.

વળી એ તપ વરસ દિવસનું કે મહિના બે મહિનાનું પણ ન હતું, પરંતુ સાઠ હજાર વરસ સુધી તેની એવીને એવી ઉગ્ર તપસ્યા ચાલુ રહી હતી. પર્યુષણા મહાપર્વ આવે છે ત્યારે આપણે ઉલ્લાસથી એ તપ આચરીએ છીએ પરંતુ તે તપની કઠિનતા જોઈને બીજાને તે તપ રોવડાવનારૂં થાય છે ! તો હવે વિચાર કરો કે તાપસતામલિએ સાઠ હજાર વર્ષ સુધીનું તપ કેવી રીતે કર્યું હશે ? તપસ્યા કરેલો જીવ તપેલા લોખંડના ગોળા જેવો હોય છે. લોખંડનો ગોળો જે વખતે અગ્નિથી તપે છે ત્યારે તે જાણે પ્રત્યક્ષ કાળસ્વરૂપ બની જાય છે અને પાણીને માટે તલપી રહે છે. પાણીનું ટીપું મળે તો તેને ચુસી લે છે. હવા મળે તો તેને ચુસી લે છે. ઉપર કાંઈ જીવડું પડે તો તેને પણ સ્વાહા કરી જાય છે ! એ જ પ્રમાણે તપસ્વી જીવો તપસ્યા કરે છે પરંતુ પારણાને દિવસે એ તપસ્વી જીવોની સ્થિતિ અગ્નિથી તપેલા લોખંડના ભયંકર ગોળાના જેવી જ હોય છે.

હવે તામલિતાપસનો વિચાર કરો. તામલિતાપસની તપસ્યા આટલી જબરદસ્ત અને ભવ્ય હતી પરંતુ તે છતાં તામલિ મોક્ષને પામી શક્યો નથી. આવી ઉગ્ર તપસ્યા છતાં મોક્ષ ન મળ્યો એનું

કારણ વિચારજો. તામલિની તપસ્યા એવી ઉગ્ર હતી કે જો તે આઠ ભાગે વહેંચાઈ ગઈ હોત તો આઠ સમ્યગ્‌દૃષ્ટિ આત્માઓ મોક્ષ પામી ગયા હોત ! પરંતુ એ તપસ્યા તામલિને એકલાને નામે જમા થયેલી હોવા છતાં તામલિ મોક્ષે જતો નથી પરંતુ માત્ર તે બીજે દેવલોકે જ જાય છે ! તામલિ મેહનત કરે છે ત્યારે આઠગણું-દામ આપે છે આઠગણું પણ કામ નથી થતું આઠમા ભાગ જેટલું એ ! તામલિનું તપ આઠ ભાગે વહેચાયું હોત તો પણ દરેક જીવને મોક્ષ મળી ગયો હોત ! તો એ રીતે ફકત તામલિને પોતાના કુલ તપનો આઠમો ભાગ મળ્યો હોત તો પણ તેનો બેડો પાર થઈ જાત ! પરંતુ તે બિચારાએ આઠગણું દામ આપ્યું છતાં આઠમા ભાગનું પણ ફલ ન મળ્યુ! શું કારણ ?

આઠગણું દામ આપ્યા છતાં આઠમા ભાગનું પણ ફલ નથી મળતું તેનું કારણ વિચારશો તો તમોને જણાઈ આવશે કે તામલિની આ બધી તપસ્યા તે

**''વર વિનાનો વરઘોડો''**

એના જેવી જ હતી, તમે આખો કુવો ખોદી વળો પરંતુ પાણીની શેર ઉપર ધ્યાન ન આપો તો તમે પાણીની શેર ચુકી જ જવાના અને તમારી મહેનત પણ બરબાદ જ જવાની ! માટે જો તમારે કુવો ખોદવામાં તમે જે શ્રમ લો છો એ શ્રમ સફળ કરવો હોય તો તેને માટે પાણીની શેર પર ધ્યાન રાખીને જ કુવો ખોદવો જોઈએ અને એવી રીતે ધ્યાન રાખીને કુવો ખોદો તો જ તમારી મહેનત સફળ થાય છે નહિ તો તમારી એ સઘળી મહેનત બરબાદ જ જવાની ! જેમ પાણીની શેર પર ધ્યાન રાખ્યા વિના જે હૈયાફુટ્યો કુવો ખોદે છે તેની એ મહેનત બરબાદ જાય છે. તે જ પ્રમાણે જેને જીવના સ્વરૂપનો નિશ્ચય થયો નથી, જેને જીવના કેવળ આદિ ગુણોની ખાતરી થઈ નથી, તેવો આત્મા દેખાદેખીથી જૈનધર્મની ક્રિયાઓ કરે તો તે સર્વથા નિષ્ફળ જ જાય છે અર્થાત્ મોક્ષમાં તો પરિણમતી નથી જ.

જેને જીવના સ્વરૂપનો નિશ્ચય થયો નથી, જેને જીવના કેવળ આદિ ગુણોની ખાતરી થઈ નથી, તેવો જૈનધર્મની ક્રિયા કરનારો એ પાણીની શેર ચુકીને કુવો ખોદનારો છે. એ માણસ તત્વથી કુવો ખોદનારો છે એવું કહી શકાતું નથી. શેરને ચુકીને કુવો ખોદનારો હોય તે પાણી નથી મેળવી શકતો અને તેને પરિણામે પશ્ચાત્તાપ કરવાનો જ સમય આવી પહોંચે છે ! અરે ! પસ્તાવોજ તેને ભાગ્યે બાકી રહે છે, એટલું જ નહિ પરંતુ લોકો તેવાને મૂર્ખો જ કહે છે. અલબત્ત શેર ચુકીને કુવો ખોદનારાની મેહનત વૃથા જતી જોઈને તેનો ભાઈબંધ તો તેની દયા ખાય છે અને તેને બિચારો કહીને તેનો પરિશ્રમ નકામો જવા માટે તેને દિલાસો આપે છે, પરંતુ પ્રજા તો એવાને જોઈને તેને મૂર્ખો કહીને હસે જ છે, અને એવું જ કહે છે કે મૂર્ખદાસ છે, ભાઈએ શેરનું ધ્યાન તો રાખ્યું નહિ અને નકામો કુવો ખોદવાની મહેનત કરી ?? એ જ પ્રમાણે આત્માના ગુણો ન જાણીએ તે ગુણો આત્મામાં હોવાનો નિશ્ચય ન કરીયે અને તેવો નિશ્ચય કર્યા વિના જ ''હું મોક્ષ મેળવવા પ્રયત્ન કરું છું, આત્માનું કલ્યાણ કરું છું, ગુણસ્થાનકે ચઢું છું એવી ભાવના રાખીને કામ કર્યા જ જઈએ.'' તો આપણું તે સઘળું કામ પણ પાણીની શેર પર ધ્યાન રાખ્યા વિના જ કુવો ખોદવા જેવું છે.

આંજનવાળો (ભૂગર્ભ પરીક્ષક) એમ કહે કે આ સ્થળની નીચે પચાસ હાથને છેટે ભરપટ્ટે પાણી છે એમ ધારીને આપણે ત્યાં ખોદીએ પચાસ હાથને બદલે બાવન હાથ ખોદીએ અને બાવનમેં હાથે પણ પાણી ન નીકળે તો આપણે કહીએ છે કે આપણી મહેનત બરબાદ ગઈ, નકામી માથાફોડ કરી. તે

જ પ્રમાણે મોક્ષને માટે ઉદ્યમ કરીએ છતાં જિંદગીને છેડે આત્મા આત્મપરિણતિવાળો થયો ન હોય તો એ મહેનત નકામી ગયેલી જ માનવી. આત્મા પરિણતિવાળો થયો છે કે નહિ તે તો આપણે અત્યારે પણ જાણી શકીએ છીએ. છેલ્લી અવસ્થા ચાલતી હોય, શ્વાસ ઘુંટાતો હોય, આંચકીઓ આવતી હોય, તો પણ તે વખતે મનમાં એમ નથી થતું કે હવે આ કેદ ક્યારે પુરી થાય છે ? તે વખતે પણ મોઢામાંથી એવા જ શબ્દો નીકળે છે કે "દવા લાવો. દવા લાવો." મરણની સવડ કરવાનો વિચાર સરખો કરતો નથી, પરંતુ દવા લાવો એ વાત થાય છે અને તેની સગવડ થાય છે. આ સઘળી વસ્તુ બતાવી આપે છે કે આપણા મોક્ષના પ્રયત્નો એ શેર ચુકાઈને કુવો ખોદવા જેવા હતા.

દવા લાવો, દવા લાવોના પોકાર કરનારો જાણતો નથી કે કર્મદ્વારાએ અસંખ્ય જન્મ અને અસંખ્ય મરણ નિર્માયેલાં હતાં અને તેથી લાખો પ્રયત્ન કરો તો પણ તમે ભાવી મરણને ટાળી શકવાના નથી. દેહધારી મનુષ્યો પ્રયત્નો કરે અને શુભોદય હોય તો ભાવી જન્મ ટાળી શકે છે, પરંતુ તે ભાવી મરણ તો ટાળી શકવાનો જ નથી. દેહ ધારણ ર્ક્યો છે તો તેને માથે મોતની નોબત તો ગાજવાની જ છે પરંતુ કર્મને ચક્કરે ચઢેલો આ માનવ પ્રાણી એ વાત ભૂલી જાય છે. ખરી રીતે જુઓ તો કેદીની કેદની મુદત પૂરી થાય ત્યારે તેને આનંદ થાય કે શોક થાય ? જેલની મુદત પૂરી થાય ત્યારે જેલને જેલ માનનારો તો ખુશી થાય, લુહાર બેડી તોડવા આવે તો તેને ફૂલે વધાવી લે, પરંતુ લુહાર બેડી તોડવા આવે તેને ફૂલે વધાવી ન લેતાં, "ચાલ હરામ-ખોર ક્યા તારા બાપની બેડી તોડવા આવે છે ?" એમ કહીને તેને મારવા દોડે એવા કેદીને શું કહેવું ? એનો એક જ અર્થ છે કે એ કેદીને જેલ એ જેલ લાગતી નથી તેને જેલ એ મહેલ લાગે છે.

જ્યારે અંત આવે છે, મોત સામે આંખો કાઢીને ઉભું રહે છે,ત્યારે પણ એવો વિચાર નથી આવતો કે હાશ એક જેલ પૂરી થઈ અને હવે છૂટ્યા! આનો અર્થ એટલો જ છે કે આપણે ભવને કેદ નથી જ માની પરંતુ ભવને ગમ્મત કરવાનું સ્થળ માન્યું છે, અને તેથી જ ડચકાં આવતી વખતે પણ દુનિયાને દવા યાદ આવે છે ! ભવ એ કેદ છે અને તે પૂરી થાય છે એ ખુશીની વાત છે એવી શું કલ્પના પણ રૂંવાડામાં આવે છે ખરી ? કદી નહિ તમારું કાળજું એમ કહે છે ખરું કે મેં ભયંકર જેલ મેળવવાના ગુન્હા પર ગુન્હા કરીને તૈયાર રાખ્યા છે ? નહિ ! જેને કેદમાંથી નીકળીને સ્વતંત્ર થવાનું હોય, તેને કેદમાંથી છૂટવામાં અફસોસ થાય છે ખરો કે ? ડી. વેલેરા જેવા વિપ્લવવાદીને કારાવાસમાંથી મુક્ત થઈને પ્રમુખની ખુરસી મળવાની હોય તો તે આનંદ પામે કે છાતી કુટવા બેસે ? પણ આજે તો તમે જુવો છો કે ભવરૂપી જેલ પૂરી થાય છે, ત્યારે આજના જીવો તો આનંદ પામવાને બદલે "હાય રે હાય" કહીને છાજીયા લેવા મંડે છે અને રોક્કળ કરવા લાગી જાય છે.

જે ધર્મી છે તે એક અંશે પણ દુર્ગતિની સંભાવનાવાળો હોઈ શકતો નથી. આ વાત તમે જ્યારે વિચારશો ત્યારે તમારી ખાતરી થશે કે આપણે કુવો ખોદવાને માટે સજ્જડ મહેનત કરીએ છીએ, પણ આપણે શેરને ભૂલેલા છીએ અને તેથી જ આપણી હાલની મહેનત ઉગતી જ નથી ! પરંતુ આપણી જ મહેનત આપણું જ કાળજું બાળે છે. આપણે પચાસ હાથને બદલે બાવન હાથ ખોદ્યું તો પણ આપણને પાણી ન મળ્યું, કારણ કે આપણે શેરને ભૂલી ગયેલા છીએ. આપણને શાસ્ત્રોની સાચી શ્રદ્ધા

હજી થવા પામી જ નથી. મોઢે બધા કહે છે કે ભાઈ! મારા અંતરમાં તો પુરેપુરી શ્રદ્ધા છે. દરેક જણ પોતે પણ એમ માને છે કે અહા ! મારા હૈયામાં તો અવશ્ય દૃઢ શ્રદ્ધા છે. હું તો જરાય શ્રદ્ધામાં કાચો નથી. બધાના જ મગજમાં સવાશેર ડહાપણ ભરાઈ ગયેલું છે, પરંતુ આત્માને અંગે વિચારશો તો તમોને માલમ પડશે કે તમે શેર ચુકી જઈને કુવો ખોદનારા છો અને તેથી જ આપણી ગમે તેટલી મહેનત થાય છે યા આપણે ગમે તેટલો પરિશ્રમ લઈએ છીએ તો પણ તેથી ધારેલો આશય પાર પડતો નથી.

જેઓ આત્માનું સ્વરૂપ સમજ્યા નથી, પુદ્‌ગલ એ આત્માની ચીજ નથી, પરંતુ પારકી ચીજ છે એ વાત જેમના મગજમાં આવી નથી અથવા આવી હોય તો પણ જેઓ એ સમજેલુંય ભૂલી ગયા છે તેઓ પરીક્ષા વખતે રડી ઉઠવાના છે ! તમે મેટ્રિક્યુલેશનની પરીક્ષા માટે આર્ટના બેચેલર (B.A.) થવા જેટલું શીખી લો અથવા તો તમે આર્ટના માસ્ટર (M.A.) થવા જેટલું શીખી લો અને પછી મેટ્રિકના માંડવામાં પરીક્ષા આપવા જાઓ, પરંતુ તેથી તમે એ જ્ઞાન પરીક્ષા વખતે સ્મૃતિમાં ન લાવી શકો તો તમે પાસ નથી જ થવાના! તમે (B.A.) સુધીનો અભ્યાસ કર્યો છે કિંવા તમે (M.A.) સુધીનો અભ્યાસ કર્યો છે તેથી તમોને પાસ કરવા જ જોઈએ એમ ધારીને તમારો પરીક્ષક તમોને પાસ કરવાનો નથી. તમે શીખેલું પરીક્ષાને વખતે યાદ કરીને તેને સુઘટિત રીતે ગોઠવીને તે જવાબ રૂપે કહી શકો તો જ તમે પાસ થઈ શકો, નહિ તો નહિ ! તમારું જ્ઞાન એક વખતે આટલું હતું તે વાત કામ નથી આવતી. પરીક્ષક તો તમે એ જ્ઞાન જાળવી રાખ્યું છે કે નહિ તે જ જુએ છે.

## હોકાયંત્ર

પરીક્ષાના ઉમેદવાર પ્રમાણે જ તમારે પણ આત્મતત્વને જાણીને તે હંમેશાં સ્મૃતિપટલ ઉપર કાયમ રાખવાનું છે. જડ અને ચેતનના વિભાગ વખતે તમે આત્મસ્વરૂપને ન ઓળખો અને જડમાં લીન થાઓ તો તમારી જિંદગી ધૂળ થયેલી જ સમજવી. સૌથી પહેલા તમે જીવના સ્વરૂપનો નિશ્ચય કરો. ચાહે જેટલા ચકાવા આવે તો પણ જરાય ફેર ન પડે એ સ્થિતિ મેળવો. દરિયામાં જ્યારે પ્રવાસીઓ પ્રવાસ કરે છે ત્યારે તેઓ ઉત્તર ધ્રુવની નિશાની રાખીને જ પ્રવાસ કરે છે. સમુદ્રમાં કાંઈ ઝાડની નિશાની નથી હોતી. અહીં મદદ મળે તો તે હોકાયંત્રની જ મળે છે ! હોકાયંત્રની સોય નાની સરખી હોય છે પરંતુ તે બધી ગરજ સારે છે. વહાણને આડું જતું અટકાવે છે અને તે સીધા રસ્તા ઉપર રાખે છે. એ જ પ્રમાણે આત્મસ્વરૂપરૂપી સોય આત્માને સીધે માર્ગે દોરે છે અને તે આત્માને આડે માર્ગે જતો રોકે છે ! વહાણમાં રહેલું હોકાયંત્ર નાનું છે છતાં તેની સોય વહાણને તારે છે, તેમ આત્મતત્વની સોય પણ આત્માને તારે છે.

હોકાયંત્રની સોય વહાણને તારે છે પરંતુ એ સોય જો 'સાચી' અને 'સાજી' ન હોય તો એ જ સોય વહાણને ગરદન મારે છે. ગમે તે રસ્તો સાચા તરીકે બતાવીને એ સોય વહાણને આડે રસ્તે ચઢાવી દે છે અને પરિણામે વહાણનું સત્યાનાશ નીકળી જાય છે ! જેમ ત્યાં હોકાયંત્ર છે તેમ અહીં આ મહા ભયંકર ભવસાગરમાં જોશો તો માલમ પડશે કેઃ- જૈનશાસન એ હોકાયંત્ર છે અને શાસ્ત્રો તે એ જૈનશાસનરૂપી હોકાયંત્રની સોય છે. શાસ્ત્રરૂપી સોય આત્માને ઓળખાવનારી છે. તે જો ભૂલ્યા તો ગમે એટલી પ્રવૃત્તિઓ કરો, તપસ્યાઓ કરો કે ક્રિયાઓ કરો, પરંતુ તે કાંઈ પણ કામ દેતી જ નથી, માટે આ શાસ્ત્રો એ સોય સમાન હોઈ તે આત્માના આત્મતત્વને ઓળખાવે છે ત્યાં આપણી દૃઢ શ્રધ્ધા હોવી જ જોઈએ. આત્મના અને પુદ્‌ગલના સ્વરૂપનો

નિશ્ચય એ વાત તો અહીં હોવી જ જોઈએ. જો એનો દૃઢ નિશ્ચય હોય તો જ તે આધારે થતી ક્રિયાઓ ફળ આપનારી નીવડે છે. ઉત્તર ધ્રુવમાં વિષમપણાનો અવકાશ નથી, તેથી જ હોકાયંત્રની સોય ત્યાં કામ આપી શકે છે, તે જ પ્રમાણે આત્મામાં પણ વિષમપણું ન હોય તો જ ત્યાં શાસ્ત્રરૂપી સોય ભરદરીયે કામ આપી શકે છે. હવે આ આત્મા વિષમપણાથી રહિત ક્યારે અને કેવી રીતે બને છે તે વિચારવાનું છે. જે આત્માને આત્મા અનાદિનો છે, ભવ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ ગળથુથી પાવામાં આવી હોય તે જ આત્મા વિષમપણાથી રહિત બને છે અને એવો વિષમપણાથી રહિત બનેલો આત્મા ભવસાગરમાં હોકાયંત્રરૂપી જૈનશાસનનો આશ્રય લે છે. તે આત્મા હોકાયંત્રની સોયરૂપી જૈનશાસનના શાસ્ત્રોના મંતવ્યને આત્મામાં પચાવી શકે છે અને છેવટે મહાદુષ્કર એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. જે આત્મા આ ત્રણ વસ્તુનો નિશ્ચય કરી શકે છે તે જ આત્મા આત્માનું જે સાધ્ય છે તેને મનમાં દૃઢ કરી શકે છે. એ સાધ્યને દૃઢ કરીને તેને પ્રબળતાથી પકડી રાખી શકે છે અને છેવટે શાસ્ત્રરત રહી શાસ્ત્રાશ્રયદ્વારા ઈષ્ટસિદ્ધિને પણ પ્રાપ્ત કરીને પોતાનો આ માનવભવ સફળ કરી જાય છે.

તપસ્વી જીવો તપ કરે છે પરંતુ પારણાને દિવસે તપેલા અગ્નિના ગોળા જેવા હોય છે, ત્યારે તામલિની અવસ્થા અહીં જુદી જ હતી. તામલિ તો તપસ્યા કરતો પછી જ્યારે પારણાનો દિવસ આવે ત્યારે તે દિવસે ભિક્ષાવૃત્તિ કરી લે. જંગલમાં જ રહે, જંગલમાં રહી ભિક્ષાવૃત્તિ કરે અને જે અન્ન આવે તે સઘળાને એકઠું કરી નાખે. હવે એ એકઠું કરેલું અન્ન પણ ખાઈ જવાની વાત ન હતી, એ અન્ન એકવીસ વખત પાણીએ ધોઈ નાંખે. એકવીસ વાર પાણી વડે જે અન્ન ધોવાઈ જાય તે અન્નમાં તે પાછળથી શું સત્ત્વ બાકી રહ્યું હોય ! સત્ત્વ વિનાનું એકવીસવાર પાણીએ ધોવાયેલું અન્ન તે પારણાને દહાડે ગ્રહણ કરે. આવા પારણાએ તામલિએ સાઠહજાર વરસ સુધી એ છઠને પારણે છઠનું ભવ્ય તપ કર્યું હતું. એ જગાએ વિરાધના વગરનું, રસ વગરનું અન્ન ભોજનમાં વાપરવું એવો નિયમ-પચ્ચક્ખાણ કર્યાં હતે તો જૈનશાસન તે તપસ્યામાં સમ્મત થતે.

તાપસ તામલિની છઠની તપસ્યા કાંઈ પાંચ પંદર વર્ષ માટે ન હતી પરંતુ સાઠહજાર વર્ષને માટે હતી. વળી એ તપસ્યાનું પારણું એકવીસવાર ધોયેલાં, ભિક્ષાથી મેલવેલાં અને ભેળીને એકત્ર કરેલા અન્નથી કરવાનું હતું. અર્થાત્ આ તપસ્યા કેટલી જબરદસ્ત હતી તેનો ખ્યાલ કરો. કલ્પનાથી જો એ તપસ્યા આઠ સમ્યક્ત્વધારી જીવોમાં વહેંચી દીધી હોત તો એ આઠે જીવો મોક્ષે જાત એવી એ તપસ્યા ગંભીર હતી, છતાં યાદ રાખજો કે એ તપસ્યા પણ અજ્ઞાનીઓની દૃષ્ટિ એ જ તપસ્યા હતી ! કોઈ સ્થળે શાસ્ત્રમાં યા વ્યવહારમાં જ્ઞાનદર્શન સમ્યક્ત્વ ચારિત્ર વગેરે વહેંચવાની કે વેચવાની વાત આવી નથી. જ્ઞાન વહેંચી કે વેચી શકાતું નથી અથવા તેમાંથી પાશેર નવટાંક જ્ઞાન બીજાને આપી પણ શકાતું નથી, પરંતુ અહીં સમજવાનું એ છે કે તપનો આઠમો ભાગ તે પણ મોક્ષને લાયક ગણ્યો છે, એટલે જો કલ્પનાથી આઠ જણામાં આ તપસ્યા વહેંચી દેવાય તો તે પણ આઠે જણા મોક્ષે જાય, એવડી એ તપસ્યા વિશાળ અને જબરદસ્ત હતી.

**મોક્ષ મળવામાં માત્ર છઠ્ઠ તપની ન્યૂનતા**

આથી સમજવાની વાત તો એ છે કે તપસ્યા એ મોક્ષને અંગે કેટલી જરૂરી છે. શાતાવેદનીની પૂજામાં અનુત્તરની વાત ચાલે છે, ત્યાં છઠનો તપ

બાકી હતો, એટલે મોક્ષે ન ગયો એમ જ કહ્યું છે. ત્યાં આગળ પણ 'આટલું જ્ઞાન બાકી છે, આટલું દર્શન બાકી છે, આટલો વિનય બાકી છે, આટલો વૈયાવચ્ચ બાકી છે.'' એમ નથી કહ્યું. આથી કોઈએ એમ નથી સમજવાનું કે હું જ્ઞાનાદિકનું મૂલ્ય ઘટાડું છું. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, વૈયાવચ્ચ એ વિના તો આગળ વધી શકાવાનું જ નથી. અહીં તપસ્યા ઉપર ભાર મૂકવામાં આવે છે તેનું કારણ એ છે કે કેટલાક મૂર્ખાઓ તપસ્યાને નકામી અને દુઃખરૂપ માને છે અને મહા પાપના ઉદયથી તેને થવાવાળી ગણે છે, એટલા જ માટે તપનું મહત્વ બતાવવા અહીં તપસ્યાની આટલી મહત્તા જણાવવામાં આવે છે ! છઠની તપસ્યાની ખામીને લીધે ન્યૂનતા રહેવાથી અનુત્તર અને તે પછી મનુષ્યભવ એવા બે ભવો કરવા પડે છે. એવું શાસ્ત્રકારોએ કહ્યું છે. બે ભવો કરવા પડે છે. તેના કારણ તરીકે છઠના તપના અભાવને જોડ્યો છે એ ઉપરથી મોક્ષને અર્થે જૈનશાસને (તપને) કેટલો મહત્વનો ગણ્યો છે તેની ખાતરી થાય છે.

મોક્ષને માટે જૈનશાસને તપની અપૂર્વ આવશ્યકતા કહી છે અને તે અહીં પુનરપિ સિદ્ધ કરવાને માટે જ અમારે આ બધું કહેવું પડે છે. કોઈ એમ કહેશે કે હજી મોક્ષે જવામાં આયુષ્ય ઓછું હતું તે કારણ કારણ હતું અને તેથી જ બીજા ભવો કરવાના કહ્યા હતા ! પરંતુ જો એમ હોત તો શાસ્ત્રકારોએ એકલો ભવ જ કહ્યો હોત પરંતુ તેમ નથી કહ્યું. સ્પષ્ટ રીતે એમ જણાવ્યું છે કે સાતલવ અને છઠતપ એટલું મોક્ષે જવામાં બાકી છે. એનો ચોકખો અર્થ એ જ છે કે મોક્ષે જવામાં બે વસ્તુઓ બાકી હતી. એક વસ્તુ તે સાતલવ અને બીજી વસ્તુ તે છઠનો તપ. છઠનું તપ બાકી રહી ગયું તે જ કારણ માત્રથી મોક્ષ જવામાં અંતરાય ઉભો થયો અને એ તપ કરવા માટે બે ભવ લેવા પડ્યા. આથી સ્પષ્ટ થાય કે જૈનશાસનમાં મોક્ષને માટે તપ અનિવાર્ય છે. દેવતાનો ભવ ૩૩ સાગરોપમનો હતો પણ તેમાં એ જો છઠનો તપ થયો હોત તો બે ભવો ઉડી જાત ! મહાનુભાવો ! આ બધાં સ્પષ્ટ ઉદાહરણો ઉપરથી મોક્ષને માટે તપ એ વસ્તુ કેટલી જરૂરી છે એ વાત તમે જ વિચારી લો. (સંપૂર્ણ)

---

## સમાલોચના

૧. રાધનપુરમાં સ્વપનાનું દ્રવ્ય દેવદ્રવ્ય સિવાયમાં જવાથી વ્યાખ્યાન ન વાંચ્યું અને તે જ સમુદાયે મુંબઈ વાંચ્યું કેમ ? એ બાબત અહિં લખવાની જરૂર નથી.

૨. શ્રીજિનેશ્વરની આજ્ઞા માને છે કે મુરબ્બીની આજ્ઞા માને છે એ ખુલાસો પણ અહીંથી ન લેવાય.

૩. કોઈક મહાનુભાવો ક્ષયેપૂર્વા૦ ના વચન ઉપર મુખ્યતા રાખે અને કોઈક મહાનુભાવ કલ્પસૂત્રમાં જેમ ભગવાને પજુસણ કર્યા તેમ ગણધરે જેમ ગણધરે તેમ તેમના શિષ્યોએ જેમ તેમના શિષ્યોએ તેમ સ્થવિરોએ જેમ સ્થવિરોએ તેમ વર્તમાન સાધુ સમુદાયે જેમ વર્તમાન સાધુ સમુદાયે તેમ અમારા આચાર્યોપાધ્યાયે અને જેમ અમારા આચાર્યોપાધ્યાયે પજુસણ કર્યા તેમ અમે કરીએ છીએ એમ જ કહેવાય છે તેને મુખ્યતા આપી હોય તેમાં આરાધક વીરાધકપણાની છાપ મારવાનું કાર્ય જ્ઞાનીઓનું છે. વર્તમાનમાં લૌકીક ટીપનાં કે જે શાસનને મળતું નથી તેને આધારે ખળભળાટ નકામો છે.

૪. શ્રી સિદ્ધચક્રમાં સુધારતા ભુલો રહે છે એ કબુલ કરવા જેવું છે.

(મુંબઈ-વિજય)

# શ્રીસિદ્ધચક્રનું બાલ્યાવસ્થામાંથી ધીમે ધીમે આગળ વધવું

મારા વાચકો મનુષ્ય અગર કોઈપણ પ્રાણી જેમ જેમ બાલ્યઅવસ્થામાંથી આગળ વધતો જાય છે, તેમ તેમ શક્તિસંપન્નપણું અધિક અધિક પામતો જાય છે, તેવી જ રીતે પરમ પવિત્ર અને જગતને પાવન કરનાર એવા અવ્યાબાધ જ્યોતિસ્વરૂપ અરિહંત મહારાજા આદિ નવપદોથી ભૂષિત એવું સિદ્ધચક્રરૂપ પવિત્ર નામને ધારણ કરનારું આ પત્ર પણ પ્રતિવર્ષ અધિક અધિક સ્થિતિમાં આવતું જાય છે.

## જનસમુદાયની અભિરુચિનું વાચન

જો કે જગતમાં પણ હોય છે અને જૈન આલમમાં પણ તે અસંભવિત નથી કે બહોળા જનસમુદાયની અભિરૂચિ હાસ્ય, શ્રૃંગાર કે વીર આદિ કથાઓના વાચન તરફ જ હોય છે, અને તેથી ઘણા સમુદાયને તે હાસ્યાદિકના લેખોવાળા પેપરો વાંચવાનું મન થાય, પણ જૈનશાસ્ત્રકારો એવા રસમય વાંચનને કે રસમય કથનને આત્મકલ્યાણ કે ધર્મપ્રાપ્તિના કારણ તરીકે ગણાતી પરમ શુશ્રૂષાના સંબંધમાં સ્થાન આપતા નથી, પણ તેવી હાસ્યાદિક રસવાળી કથાઓને ઉંઘ ન આવતી હોય તો તે લાવવા માટે રાજા લોકો જેમ કથકો પાસે કથાઓ સાંભળે, તેમ અપરમ શુશ્રૂષામાં ગણાવે છે, અને તે અપરમ શુશ્રૂષા કર્મનિર્જરા, ધર્મપ્રાપ્તિ કે આત્મકલ્યાણને સાધનારી ન થાય એ હકીકત સહેજે સમજાય તેવી હોવાથી તે સમજાવવા માટે વધારે પ્રયત્ન કરવાની જરૂર નથી.

## ધર્મકથાનુયોગ રસમય કે તત્ત્વમય ?

જો કે જૈનસૂત્રોના કરેલા ચાર વિભાગોમાં ધર્મકથા નામનો એક વિભાગવાળો અનુયોગ છે અને તે ધર્મકથા નામનો અનુયોગ ધર્મમાર્ગમાં પ્રવેશ કરનારા એવા આદિ ધાર્મિકોને કહેવો જ જોઈએ અને તે કહેવાનું શાસ્ત્રકારો ફરમાન પણ કરે છે. વળી તે ધર્મકથાનો અનુયોગ સ્ત્રીના સ્નેહમય વચનથી હુકમ અને યુક્તિની મુખ્યતા અગર દરકાર ન રહેતાં જેમ સ્નેહના સામર્થ્યથી જેમ પ્રવૃત્તિ થાય છે તેમ ધર્મકથાના અનુયોગથી પણ તીર્થંકર મહારાજની આજ્ઞાનું પ્રભુત્વ અગર ત્રિલોકનાથ તીર્થંકરની આજ્ઞાનું ત્રિકાલાબાધિતત્ત્વ હોવાથી યુક્તિયુક્તપણું છતાં પણ તેની તરફ તેટલી લાગણી નહિ રાખવાવાળાને કે નહિ રાખી શકવાવાળાને પણ દૃષ્ટાંતદ્વારાએ આ ધર્મકથાનુયોગ એટલે ચરિતાનુવાદ જેનું મુખ્ય સ્થાન પ્રથમાનુયોગે રોકેલું છે, તેના શ્રવણથી દયા, સત્ય વિગેરેના પવિત્ર માર્ગો તરફ પ્રાણીની પ્રવૃત્તિ થાય, ટકે અને વધે તેમજ હિંસા વિગેરે પાપસ્થાનોથી પાછા હઠવાનું બને અને તેમાં સ્થિર પણ રહેવાનું થાય અને અર્થ, કુટુંબ અને શરીરના ભોગે પણ તે પાપમાર્ગોથી આત્માને બચાવી શકે એ બાબતની કોઈપણ જૈનશાસ્ત્રને જાણનારો અને સમજનારો મનુષ્ય આનાકાની કરી શકે તેમ નથી.

**તત્વજ્ઞાનવાળાને ધર્મકથાની સફળતા**

પણ વાચકોએ એટલું તો સ્પષ્ટ સમજવું જરૂરી છે કે તે દયા આદિની થયેલી પ્રવૃત્તિ અને હિંસા આદિની થયેલી નિવૃત્તિ આત્માનું સ્વરૂપ જાણી, તેના ગુણોને યથાર્થપણે પીછાણી, તે ગુણોને આવરણ કરનારા કર્મોને બરોબર સમજી, તે કર્મોનો નાશ કરવાદ્વારાએ આત્માના ગુણોને પ્રગટ કરી ક્રમે ક્રમે સંપૂર્ણ ગુણવાળા થઈ, સદાકાલને માટે તે ગુણવાળી સ્થિતિ જે સિધ્ધપણું છે તેમાં જ રહેવાનું ધ્યેય રાખીને જો હિંસાદિથી નિવૃત્તિ અને દયા આદિની પ્રવૃત્તિ કરવામાં આવે તો જ શાસ્ત્રકારો તેને ધર્મસ્વરૂપે ઓળખાવી શકે છે અને આવી રીતની થતી હિંસા આદિની નિવૃત્તિ અને દયા આદિની પ્રવૃત્તિ કરવાપૂર્વક કે તેની ધારણાપૂર્વક કરાતી તપસ્યાને શાસ્ત્રકારો વાસ્તવિક નિર્જરાના સ્થાનમાં મૂકે છે.

**નિર્જરાને સંવર પછી કેમ લીધી ? અને મોક્ષમાર્ગમાં તપનું નામ કેમ નહિ ?**

અને તેથી જ શાસ્ત્રોમાં સ્થાન સ્થાન ઉપર સંવરતત્ત્વની પછી જ નિર્જરાને સ્થાન આપે છે. એટલું જ નહિ પણ મિથ્યાદૃષ્ટિપણામાં ઘણો ભાગ એટલે $^{69}/_{70}$ કરતાં પણ અધિક કર્મોનો ક્ષય કરે છે, છતાં તે ભદ્રિકતાને કે અનાગ્રહપણાને નિર્જરામાં સ્થાન આપતા નથી, એટલું જ નહિ પણ ઉણોદરી વિગેરે બાહ્ય પાંચ તપોને અણશણાદિકના અપવાદ અને તેના અપવાદરૂપે ગણાવે છે, એટલે કહેવું જોઈએ કે ભગવાન અભયદેવસૂરિજીના શ્રીઔપપાતિક સૂત્રની વૃત્તિના વચનને અનુસારે અણશણના ધ્યેયવાળાને જ બાકીના ઉણોદરી આદિ તપો યથાસ્થિત નિર્જરાનાં કારણો બની શકે.

**બાહ્ય અને અભ્યંતર ભેદો કેમ ?**

જો કે કેટલેક સ્થાને અન્ય તીર્થિકોએ પણ તે અણશણાદિક છ પ્રકારનાં તપો આદરાય છે, તેથી તેને બાહ્ય તપ કહેવું, પણ તે કથન માત્ર કષ્ટકારિતાની આગેવાની લઈને જ કરવામાં આવેલું છે નહિતર અન્ય મતવાળાઓ પણ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય વિગેરે બાહ્ય તપમાં ગણાવેલા ભેદો પણ આચરતા નથી એમ કહી શકાય કે માની શકાય તેમ છે જ નહિ. કદાચ કહેવામાં આવે કે જૈનશાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે અથવા તે પ્રાયશ્ચિત્ત આદિ શબ્દોના અર્થ પ્રમાણે ફળ આપે તેવી રીતનું આચરણ અન્ય તીર્થિકોનું હોઈ શકે જ નહિ, તો એમ કહેનારે એ પણ સાથે જ સમજવું જોઈએ કે જૈનશાસ્ત્રની રીતિપૂર્વક સંવર સાથેના અણશણાદિક પણ તે અન્ય તીર્થિકો કરે છે એમ કહી શકાય જ નહિ.

**તપ એ મૂલગુણ કે ઉત્તરગુણ ?**

તથા જૈનશાસ્ત્રમાં મૂળગુણ તરીકે સમ્યગ્દર્શનાદિકને જણાવેલા છે અને તેથી જ તત્વાર્થભાષ્યકાર વિગેરે सम्यगदर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। એમ કહી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કે જે મૂળગુણરૂપ છે, તેને જ મોક્ષમાર્ગ તરીકે જણાવે છે અને તપસ્યા એ મોક્ષમાર્ગને અંગે પરમ ઉપકારી છતાં પણ તેને સૂત્રમાં દાખલ કરતા નથી, એટલું જ નહિ પણ જે તપ ચારિત્રમોહનીયના તૂટવાથી મળી શકે છે તેવા તપને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનના ભેદોમાં તો ન નંખાય પણ ચારિત્રના ભેદમાં નાખી શકાય એવું છતાં પણ નાખ્યું નથી, તો તેથી સહેજે સમજી શકાય કે તપને શાસ્ત્રકારોએ ઉત્તરગુણરૂપે રાખ્યું છે.

**સમ્યક્તપ ક્યું અને ક્યારે હોય ?**

અને જેમ સમ્યક્ચારિત્રને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન વગરના ચારિત્રને સમ્યક્ચારિત્ર માન્યું નથી તેવી જ રીતે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વગરના તપને પણ બાલતપ કે અકામનિર્જરા તરીકે માની સમ્યક્ તપ ન માને તેમાં આશ્ચર્ય નથી અને તેથી વાસ્તવિક રીતિએ બારે

પ્રકારનું તપ અન્ય તીર્થિકમાં ન હોય એમ માનીએ તો સહેજે એમ માનવું પડે કે કર્મનિર્જરાને અંગે અસમર્થ સાધન કે અલ્પબળવાળું સાધન એ બાહ્ય તપ ગણાય અને આવી રીતે અલ્પબળને અંગે ગ્રંથકાર મહાત્માઓએ બાહ્ય તપની વ્યાખ્યા કરેલી પણ છે.

**નિર્જરાતત્વ માન્યા પછી કેટલાં કર્મો ખપાવવાં ?**

બાહ્ય અને અભ્યંતર તપના વિવેચનમાં વધારે નહિ ઉતરતાં અત્યારે તો એટલું જ કહેવાનું કે મુખ્યતાએ શાસ્ત્રકારોએ $^1/_{70}$ અંશ કરતાં ઓછા કર્મને ખપાવનાર સાધનને જ નિર્જરામાં મુખ્યતાએ સ્થાન આપેલું છે. એટલે પૂર્વે જણાવેલ ચરિતાનુયોગ, પ્રથમાનુયોગ કે ગણિતાનુયોગને સાંભળવા, વાંચવા કે સમજવાવાળાઓએ તેનું યથાસ્થિત ફળ મેળવવા માટે તત્ત્વજ્ઞાન તરફ અવ્યાહતપણે દૃષ્ટિ રાખવાની જરૂર છે અને તેવી દૃષ્ટિપૂર્વક ધર્મકથાનુયોગનું શ્રવણ વિગેરે અવ્યાબાધપદને આપનારું છે, માટે આ પેપરે પોતાના જન્મથીજ વાચકોને તત્ત્વજ્ઞાન થાય તેવા લેખો આપી પોતાનું ધ્યેય સિધ્ધ કરવાપૂર્વક શાસનની કે શ્રીસિધ્ધચક્રની સેવા બજાવી છે.

**આ પત્રે કરેલી સેવામાં ગ્રાહકો અને સહાયકોનો ફાળો**

જો કે આ પત્રે બજાવેલી સેવામાં સારો ફાળો અમારા કદરદાન ગ્રાહકોએ આપેલોજ છે, અને તેનો આભાર અમારે માનવો તે અસ્થાને નથી, પણ ઉપર જણાવ્યા પ્રમાણે અપરમ શુશ્રૂષાવાળો વર્ગ વધારે હોવાથી તેમજ થોડા પણ પરમ શુશ્રૂષાવાળા વર્ગમાં પક્ષ પ્રતિપક્ષની સ્થિતિની મહત્તાને નહિ સમજતાં તથા તેના સત્યસ્વરૂપને જાણવા તરફ નહિ દોરાતાં પક્ષ કે પ્રતિપક્ષના નામ માત્રથી નારાજ થવાવાળાઓનો અસંભવ નથી, પણ તે મહાનુભાવોએ ધ્યાન રાખવું જોઈએ કે આ પત્ર કોઈપણ વ્યક્તિ ઉપર કે કોઈપણ અન્ય પેપર ઉપર ટીકા કરવાદ્વારાએ પક્ષ પ્રતિપક્ષને જન્મ આપતું જ નથી. પણ આ પત્રમાં પ્રતિપાદન શૈલીથી લખવામાં આવેલા શાસ્ત્રસંમત અને યુક્તિસિદ્ધ વિષયો ઉપર જેઓ ઈર્ષ્યાથી કે પેપર અથવા લેખક ઉપર દ્વેષની લાગણીથી અગર અન્ય કોઈપણ કારણથી ખોટી રીતે ટીકાઓ કરે અને પત્રના સાચા અને યુક્તિયુક્ત લખાણને જૂઠું ઠરાવવા જેહમત ઉઠાવે તેવાઓને માટે ટૂંકથી સમાલોચનામાં ઉત્તર આપવામાં આવે અને તેમાં એક પણ અસભ્ય કે અસત્ય લખાણ કરવામાં ન આવે, છતાં જેઓ પક્ષ પ્રતિપક્ષના નામે જ ભડકતા કે ભડકાવતા રહે તેવા માટે નિરૂપાયપણું જ અમે દાખવી શકીએ.

**પક્ષ પ્રતિપક્ષની સ્થિતિ દૂર રાખવાનો પ્રયત્ન**

જો કે આ પત્રે પક્ષ પ્રતિપક્ષની સ્થિતિને ટૂંકી કરવા માટે અનેક વિષયો સમાલોચનામાંથી પ્રશ્નોત્તરોમાં લીધા,તટસ્થોને નીમી સત્યના નિર્ણયને માટે પ્રયત્ન કરાવ્યો, છતાં પણ સત્યના ખપીપણાની ખામીને અંગે તેમાં પણ નિષ્ફળતા જ અનુભવવામાં આવતાં આ પત્રના લખાણની અસત્યતા હોય તો તે જણાવવા માટે પણ તટસ્થોને વિજ્ઞપ્તિ કરવામાં આવી અને તેમ કરી જેમ બને તેમ પત્રમાં પક્ષ પ્રતિપક્ષનો ભાસ ઓછો થવા માટે જ દરેક પ્રયત્નો કરવામાં આવેલા છે.

**વધારો કહાડવાનું કારણ**

અંતમાં સંવચ્છરી સરખા ચાલુ વિષયમાં પક્ષ પ્રતિપક્ષની સ્થિતિને મારા વાચકો પત્રની સાથે ન ભેળવી દે, માટે જુદા વધારારૂપે જ અર્પણ કરવામાં આવ્યું છે, માટે કદરદાન વાચકો આ વસ્તુને યથાસ્થિતપણે સમજી શકે એ જરૂર ઈચ્છવા યોગ્ય છે.

**સહાયકોનો આભાર**

જેમ મારા કદરદાન ગ્રાહકો આ પત્રને પોષવામાં કટિબધ્ધ રહેલા છે, તે કરતાં પણ અધિકપણે ધર્મરૂપી મહેલમાં સ્તંભ તરીકે મુખ્ય

ભાગ ભજવનારા મારા ઉદાર સહાયકોએ ઘણો જ સારો ભાગ ભજવેલો છે વાચકવૃંદ સહેજે સમજી શકશે કે આ પત્રને આટલું ઉછેરવાનું ખરેખર મહત્ સૌભાગ્ય જો કોઈએ પ્રાપ્ત કર્યું હોય તો તે મારા દિલાવર સહાયક સદ્ગૃહસ્થો જ છે. આ પત્રમાં ગતવર્ષે આવેલા વિષયોનું પૃથકકરણ નીચે પ્રમાણે છે:-

## આગમ રહસ્ય


### ભગવાન મહાવીરની ઉપકારપરંપરા

પ્રભુ મહાવીરના અભિગ્રહની પૂર્ણતા... ... પા. ૨૬
નંદીવર્ધનના ઉપકારને અંગે બે વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહેવું .. ... પા. ૫૦
સંવચ્છરીદાનની ભૂમિકા ... ... પા. ૭૪
સંવચ્છરીદાનથી તીર્થંકરો કેમ પરોપકારનિરત હોય ? ... પા. ૯૮
દેવતા કેમ આવ્યા ... ... પા. ૭૮
ભગવાને શું કર્યું ? ... ... પા. ૧૨૨
જિનેશ્વર મહારાજાઓના રાજ્યકાલ અને રાજ્યાર્પણકાલમાં પણ પરોપકારિતા ... ... પા. ૧૪૬

### ઋષભદેવ ભગવાનનું પરોપકારિપણું પા. ૧૭૦, ૧૯૪, ૨૧૮

અગ્નિની વ્યવસ્થા
વિવાહધર્મ
શિલ્પકર્મ
સ્ત્રીના ૬૪ ગુણ
રાજ્યવ્યવસ્થા
રાજસંગ્રહ
ભગવાન ઋષભદેવજીને રાજા કરવાની યુગલિયાઓને જરૂર શી ? પા. ૨૪૨
રાજા કેવી રીતે થાય છે ? રાજાપણાને અંગે પરોપકાર કઈ રીતે કરે છે? ... ... પા. ૨૬૬
વિનીતાનો નિવેશ ... ... પા. ૩૨૦
કઈ વ્યવસ્થા લોકોપકાર માટે કરી
રાજ્યસંગ્રહમાં હાથી, ઘોડા, બળદ, ગાયની જરૂરીયાત શા માટે ? ... ... પા. ૩૩૮
લોકોપકાર માટે પ્રજાના વિભાગો ક્યા ક્યા કર્યા ...,, ૩૬૪
જાતિભેદનો ક્રમ..બ્રાહ્મણ આદિમાં કેમ નહિ ?...,, ૩૮૬
ક્ષત્રિયવર્ણ આદિમાં કેમ ? ... ... ,, ૪૩૪
ઉગ્રક્ષત્રિયો ... ... ,, ૪૭૪
ભોગ, રાજન્ય અને સામાન્ય ક્ષત્રિયો......,,૪૯૮,૫૨૨
વૈશ્ય, બ્રાહ્મણો અને શૂદ્રની ઉત્પત્તિ કેમ થઈ ...પા.૫૪૬


## આગમોદ્ધારકની અમોઘદેશના


વૈરાગ્યનું સ્વરૂપ ... ... પા. ૧૫
દીવાળીમાહાત્મ્ય અને આઠ સ્વપ્નોનો સ્ફોટ ... ... પા. ૩૯, ૫૫, ૮૦
દર્શનાચાર અને તેના અતિચાર ... ... પા. ૧૦૧, ૧૨૯
ક્રિયાની આવશ્યકતા.. ... પા. ૧૬૦, ૧૭૭, ૨૧૪
વૈરાગ્યની વહેંચણ ... ... પા. ૨૩૩, ૨૪૯
ભવરૂપી મહામેળો ... ... પા. ૩૦૫, ૩૨૯
જૈનદર્શનરૂપી દુર્બીન ... ... પા. ૩૬૬, ૩૯૭
દેશનાનુસારી ભાવપણું કે ભાવાનુસારી દેશનાપણું ... ... પા. ૪૧૭
જૈનપિતા વારસો શાનો આપે ... ... પા. ૪૪૩
ક્રિયા એ કર્મ અને પરિણામે બંધનો મર્મ ... ... પા. ૪૯૦, ૫૦૪
ગૌતમસ્વામીજીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ... ... પા. ૫૩૬, ૫૫૪
કર્મ રાજાનો લશ્કરી પા. ૫૬૬


## પરચુરણ લેખો


શ્રી સિદ્ધચક્ર અને નૂતન વર્ષ પ્રવેશ પા. ૬

શ્રી સિદ્ધચક્ર પા.૧૦
દીવાળી અને જૈનો પા. ૩૦
પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા
અને તેનાં પવિત્ર કાર્યો પા. ૩૬,૩૭,૩૮,૯૬
૧૫૦,૨૭૩,૩૪૫,૩૮૧,
૪૦૭,૪૧૪,૪૫૨
પરોપકાર
ઉપધાનની તપસ્યા પા. ૮૪, ૧૧૫, ૧૩૬,
૧૫૪, ૩૬૬
શાશ્વત સુખના અર્થીને કલ્યાણ
સાધનના ઉપાય
સાધુધર્મ
સદ્ધર્મના સાધન
આવશ્યકના કર્તા કોણ ? પા. ૧૭૪
નયસારની પરોપકારિતા પા. ૧૮૮
વીતરાગપણામાં લબ્ધિનું ફોરવવું
થાય કે નહિ ? પા. ૨૦૭, ૨૨૨
સુખી કોણ ?
આવશ્યકસૂત્ર અને તેની નિર્યુક્તિ પા. ૧૯૯, ૨૮૪,
૩૨૪
ગુરૂતત્વવિનિશ્ચયના અતએવ વાળા
પાઠનો ખુલાસો પા. ૨૪૬
યૌવન અવસ્થાનું અંધેર
આવશ્યકના આદિ શબ્દના અર્થનો
ખુલાસો પા. ૨૭૧
સત્પુરુષોના ચરિત્રને શ્રવણ કરવાનો મહિમા
સ્વાભાવિક આર્યક્ષેત્રો પા. ૨૯૫, ૩૧૯
ગ્રામચિન્તકનો અર્થ ગ્રામનો
રાજાજ થાય ? પા. ૩૨૧
જયન્તી ઉજવનારાઓને
આવશ્યકસૂત્ર અને તેની મહત્તા પા. ૩૫૫
સાધકો માટે વર્તમાન શાસનની
અદ્વિતીયતા.
શાસનમાં દાનનું સ્થાન
પ્રપંચી અને અન્ય ધનના ભક્ષક-
સાધુઓ કેવા ?
અજ્ઞાનનું સ્વરૂપ અને તેની બંધ-
કારણતા પા. ૪૨૫
સ્વસ્તિકાદિમાં આકારની અપેક્ષા-
એજ મંગલતા કે બીજી અપેક્ષાએ પા. ૪૩૯
મિથ્યાત્વ અજ્ઞાન ને અવિરતિમાં
મુખ્ય અને ગૌણની વ્યવસ્થા પા. ૪૬૮
વર્તમાનમાં જૈનશાસનની શ્રેષ્ઠતા
રત્નત્રયીની આરાધનાના ભેદો પા. ૪૮૧
આદ્ય ઉપદેશક તીર્થંકર
ભગવાન જ કેમ ? પા. ૫૧૫, ૫૨૬, ૫૪૯
પરમેશ્વરનો પા'ડ
શ્રી સિધ્ધાચલજીના યાત્રાળુઓ
સંવચ્છરી અને જૈના
જૈન યુવકોને.

## અમોઘ દેશના

# કર્મ રાજાનો લશ્કરી

**શાસ્ત્રકાર** મહારાજા ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજાશ્રીએ ભવ્ય જીવોના કલ્યાણ અર્થે ધર્મોપદેશ આપવાને અર્થે જ્ઞાનસાર પ્રકરણ નામકગ્રંથ રચ્યો છે. એ ગ્રંથ રચતાં તેઓશ્રી જણાવી ગયા છે કે દરેક ભવ્ય જીવોએ, ધર્મના અર્થી આત્માઓએ, મોક્ષની ઈચ્છા રાખવાવાળાઓએ, આત્માના ગુણો પ્રકટ કરવા જેઓ ચાહતા હોય તેવાઓએ તથા એ પ્રકટ થયેલા ગુણોને જે અવ્યાબાધ રાખવા માગતા હોય તેવા આત્માઓએ પોતાનું સ્વરૂપ, સ્થિતિ, સંયોગો વગેરે જાણવાની ઈચ્છા કરવી જોઈએ. જેઓ કાંઈપણ ક્રિયા કરે છે તેઓ વસ્તુના સ્વરૂપ, સ્થિતિ અને સંયોગ એ એ ત્રણવાનાંઓને સૌથી પહેલાં લક્ષમાં લે છે. જો તેઓ સ્વરૂપ, સંયોગો અને સ્થિતિ ધ્યાનમાં લેતા નથી તો તેમને હાથે કોઈપણ જાતની કાર્યસિદ્ધિ થવા પામતી જ નથી. તમે વ્યવહારમાં વિચારી જોશો તો તમોને માલમ પડશે કે અહીં પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે. કોઈ સાધારણ કાર્ય કરવા માંડતા પહેલાં પણ લોકો એ કાર્ય પરત્વેના સ્વરૂપ, સંયોગો અને સ્થિતિ ધ્યાનમાં લે છે.

રંગારો રંગાટ કામ કરે છે તે પણ કાપડના સ્વરૂપને ધ્યાનમાં રાખે છે. તે સફેદ કાપડનો કબજો બનાવવાનો હોય તો તેને રંગે છે, પરંતુ ધોતીયાને રંગતો નથી. રંગારો કબજાના કાપડને રંગે છે પરંતુ ધોતીયાના કાપડને શા માટે નથી રંગતો ? કારણ એ જ છે કે તેણે ધોતીયાના સ્વરૂપને જોયું છે, તેણે કબજાના કાપડનું સ્વરૂપ વિચાર્યું છે અને તેથી જ તે એક ચીજને રંગે છે પરંતુ બીજી ચીજને રંગતો નથી. રંગારા જેવો સામાન્ય બુદ્ધિવાળો યા જઘન્ય બુદ્ધિવાળો માણસ સાધારણ વ્યવહારના કાર્યોમાં પણ સ્વરૂપ, સંયોગોનો વિચાર કરે છે, તો જેણે આત્મા જેવી ચીજ માની છે, તે એના સ્વરૂપ, સંયોગાદિને ધ્યાનમાં લે તો કેવી રીતે ચાલી શકે? અર્થાત્ આત્મા જેવી ચીજ માનનારાઓએ તો આત્માનું સ્વરૂપ ધ્યાનમાં લેવું જ ઘટે.આથી જ સઘળા આસ્તિકોએ આત્માના સ્વરૂપનો વિચાર કરતાં દરેક આસ્તિક સંપ્રદાયોએ મુખ્યમાં મુખ્ય જીવતત્વને માન્ય રાખી જ લીધું છે. જૈનશાસન સામાન્ય જીવતત્વ માનીને જ બેસી રહ્યું નથી પરંતુ તે એથી આગળ વધેલું છે.

જૈનશાસને નવ તત્વો માનેલાં છે. એ નવ તત્વોનું નિરૂપણ કરતાં શંકાકાર એવી શંકા કરે છે કે સૌથી પહેલાં મોક્ષતત્વ જૈનશાસ્ત્રકારોએ શા માટે નથી કહ્યું ? જીવતત્વ પહેલાં કહ્યું છે પરંતુ જીવતત્વનું સાધુમહારાજાઓ નિરૂપણ કરવા બેસે અને એ નિરૂપણ થતાં પહેલાં જ શ્રોતા ચાલ્યો જાય, તો તો મોક્ષતત્વ તેના ધ્યાનમાં ન જ આવી શકે. હવે જો જૈનત્વનું મુખ્ય ધ્યેય, મુખ્ય લક્ષ, છેલ્લી વાત મોક્ષ છે અને તે જ શ્રોતા ન સાંભળી શકે તો પછી તે બીજું બધું સાંભળે એનો કાંઈ અર્થ જ નથી, માટે

જ પહેલાં જીવતત્વ ન કહેતાં પહેલાં મોક્ષતત્વ કહેવાની જ જરૂર હતી. હવે આ શંકા કેટલે દરજ્જે સાચી છે તે વિચારજો. સૌથી પહેલાં તત્વ તરીકે જીવતત્વ કહેવામાં આવ્યું છે અને તેનું નિરૂપણ છે એ આત્માના પરમ લાભને માટે જ યોજાયેલું છે એમ તમે ખાતરીથી માનજો. જીવનું નિરૂપણ કરવાથી લાભ એ થાય છે કે તેથી આત્મા વિશુદ્ધ સ્વરૂપવાળો બને છે અને તેને વિશુદ્ધ સ્વરૂપવાળો બનાવવા માટે જ જીવતત્વનું પહેલાં નિરૂપણ કરવામાં આવેલ છે. અર્થાત્ એ ગોઠવણ યોગ્ય છે એમ સાબીત થાય છે.

જે વસ્તુને અંગે કાંઈ પ્રવૃત્તિ નથી હોતી, જે વસ્તુને અંગે કાંઈ ઉપયોગિપણું નથી હોતું, જેને અંગે કાંઈ છાંડવાલાયકપણું નથી હોતું તેવી વસ્તુઓ જાણીએ અગર ન જાણીએ તેમાં કાંઈ ફરક પડતો જ નથી. ધારો કે તમારા ગામના રાજમાર્ગ ઉપર એક છેડેથી બીજે છેડે સુધી પથરા મૂકેલા છે તો એક છેડેથી બીજે છેડે સુધી મૂકાયેલા પથરામાં કેટલાં નંગ છે એ તમે ગણવા નથી બેસતા, કારણ કે તમે જાણો છો કે એ પથરાને અંગે પ્રવૃત્તિનિવૃત્તિથી તમોને કશો જ લાભ યા અલાભ નથી પરંતુ જો એ પથરા ગણવા માંડો તો ઉલટી તમારા સમયની બરબાદી જ છે ! આથી જેને અંગે પ્રવૃત્તિનિવૃત્તિથી કાંઈ લાભાલાભ જ નથી તે વસ્તુ માટે જગતના જીવો પણ પ્રવૃત્તિનિવૃત્તિનો વિચાર રાખતા નથી. તમે એ પથરાઓના તોલ, માપ, આકાર, સંખ્યા ઈત્યાદિને જાણી લો તેથી એ તોલમાપાદિમાં કાંઈ વધારો થવાનો નથી યા તમે તોલ, માપ, રૂપ, રંગ ઈત્યાદિને ન જાણો તેથી તે પથરાઓના સ્વરૂપમાં કશો જ ઘટાડો થવાનો નથી. અર્થાત્ તમારા જાણવા ન જાણવાથી એ પદાર્થના સ્વરૂપમાં પલટો આવતો નથી.

એ જ પ્રમાણે જીવતત્વ પરત્વે પણ તમારે સમજવાનું છે. તમે જીવતત્વને જાણો અને તેને અંગે તમારી કાંઈ પણ પ્રવૃત્તિનિવૃતિ ન હોય તો પછી તમારું જીવતત્વ જાણેલું નિષ્ફળ છે એટલું જ નહિ પરંતુ તમારામાં અને નાસ્તિકમાં પછી કાંઈ ફેરફાર રહેલો છે એમ પણ કહી શકવાને અવકાશ રહેતો નથી. તમે જીવતત્વ માનીને બેસી રહો અને તેને અંગેની કાંઈ પ્રવૃત્તિનિવૃત્તિ ન કરો અને નાસ્તિક પણ એ અંગેની પ્રવૃત્તિ નથી કરતો તો પછી તમારામાં અને નાસ્તિકમાં ફેર શો ? કાંઈ જ નહિ. ખરું પૂછીએ તો ઉલટો નાસ્તિક વધારે સારો ગણી શકાય, કારણ કે તે બિચારો જીવતત્વને જાણતો જ નથી, તેને માનતોય નથી, એટલે તેને આઘેપાછે કાંઈ જોવાનું જ હોતું નથી, પરંતુ જે જીવ માને છે, જે જીવતત્વને સ્વીકારે છે, તેણે તો સમજવાની જરૂર છે કે તેની ધર્મકાર્યમાં પ્રવૃત્તિ ન હશે તો તેને ચાલવાનું નથી, એથી કર્મ બંધાશે, દુર્ગતિ થશે અને મોક્ષ નહિ મળે, જે જીવતત્વને નથી જાણતો તે તો એ વિષય પરત્વે કાંઈ પણ કામ નહિ જ કરે પંરતુ જે જાણીને પણ નહિ કરે, તેને તમે કેવો કહેશો ? આંધળો આંખો મીંચીને ચાલે તો કુવામાં પડે એ સ્વાભાવિક છે પરંતુ દેખતો પણ કુવામાં ભુસ્કો મારે તેને શું કહેવું વારું?

## સોલ્જર અને સદ્ગૃહસ્થની સ્થિતિનો ફેરફાર

કર્મથી નિવૃત્ત થવું અને મોક્ષ મેળવવો એ સઘળી ઉપાધિ જીવ જાણનારાને છે, બીજાને નથી. જે આત્મા જીવ માનતો જ નથી, તેને તો પાપપુણ્ય-સદ્ગતિ દુર્ગતિ મોક્ષ કે બંધ એમાંથી કશાનો વિચારજ આવતો નથી ! જે જીવ નથી માનતો તે તો લશ્કરના સિપાઈ જેવો છે, જ્યારે જીવને માનનારો તે સભ્ય ગૃહસ્થની કોટીમાં છે. લશ્કરના સોલ્જરને મનુષ્યવધ કરતી વખતે કાંઈ વિચાર જ કરવાનો હોતો નથી, તેને દયા ઉપજતી નથી, તેને

"હાય રે, એ બિચારો મરી જશે અને એની બૈરી વિધવા થશે !" એવો વિચાર કરવાનો પણ હોતો જ નથી, તે તો માત્ર પોતાના અધિકારીની હુકમની જ રાહ જોતો હોય છે અને જ્યાં હુકમ થાય છે કે તે જ પળે તેની ગોળી છૂટે છે. વીજળીનું બટન દાબ્યું કે તે જ પળે દીવો ! તેમ ઓફિસરનો હુકમ થયો કે તે જ પળે ગોળીબાર ! ! બીજાનું હિતાહિત જોવાની કે ખુનને અંગે પાપપુણ્યનો ભય રાખવાની તેને ચિંતા હોતી નથી ! શિક્ષિત ગૃહસ્થની સ્થિતિ એથી જુદી છે તેનો તમે ગમે તેવો ભયંકર અપરાધ કરશો તો પણ તેને આસપાસની સ્થિતિ, સંયોગોએ બધાનો વિચાર કરવાનો હોય છે અને એ સઘળાનો વિચાર કરીને જ તે પોતાનું કાર્ય કરે છે !

સોલ્જરને વિચાર કરવાપણું નથી હોતું, પરંતુ શિક્ષિતને વિચારો કરવાપણું હોય છે, તે જ પ્રમાણે અહીં પણ નાસ્તિકને કાંઈ વિચાર કરવાનો નથી હોતો, જ્યારે જીવ માનવાવાળાને શિક્ષિતની પેઠે હજારો વિચારો કરવાના હોય છે. ઉદાહરણાર્થે એમ માની લો કે કોઈ જીલ્લાનો કલેકટર પોતાના આસીસ્ટંટ કલેકટરને એવો હુકમ કરે કે જાઓ ! ફલાણા માણસને ગોળી છોડી મારી આવો !" તો આસિસ્ટંટ કલેકટર એ હુકમને અમલમાં નથી મૂકતો. ઉપરી અધિકારીના હુકમો અમલમાં મૂકવાને તે બંધાયેલો છે, છતાં આવા હુકમને અંગે તે વિચાર કરે છે. સોલ્જરની એ સ્થિતિ નથી. પોતાની સામે પોતાનો કોઈ મહાન પુરુષ ઉભો હોય અને કમાન્ડર-ઈન-ચીફનો ઓર્ડર થાય તો તે જ પળે સોલ્જર ગોળી છોડીને પોતાના દેશના એ મહા પુરુષને પણ વીંધી જ નાખે છે ! શિક્ષિત આસીસ્ટંટ કલેકટર સમય, સંયોગો વિચારે છે અને પેલો સોલ્જર કાંઈ વિચારતો જ નથી આ બંને જુદી જુદી સ્થિતિને વશ થયેલા છે અને જુદા જુદા સંયોગોમાં મૂકાયેલા છે તેમ તેમને માટે કાયદાઓ પણ જુદા જુદા જ છે.

(અપૂર્ણ)

## માનવંતા ગ્રાહકોને

આવતા અંકથી વી. પી. કરવામાં આવશે અને તેની સાથે 'શ્રી તપ અને ઉદ્યાપન' નામનું ભેટનું પુસ્તક મોકલવામાં આવશે.

સ્થાનિક ગ્રાહકો આ પત્રની ઓફીસમાં લવાજમ ભરી ભેટના પુસ્તક સાથે અંક લઈ જઈ શકશે, જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકોને ભેટના પુસ્તક સાથે અંક વી. પી. કરવામાં આવશે, જે સ્વીકારવા વિનંતિ છે.

જેઓને ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેઓએ લખી જણાવવું કે જેથી વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો સિરનામા સહિત લખી જણાવવાં, કારણ કે ગ્રાહક પૂરતી જ નકલો છપાય છે, જેથી પાછળથી પસ્તાવું ન પડે.

મનિઓર્ડર કરનારે પત્રના લવાજમના રૂા. ૨-૦-૦ અને ભેટના પુસ્તકના ટપાલ ખર્ચના રૂા. ૦-૪-૦ મળી કુલ રૂા. ૨-૪-૦ નો મનિઓર્ડર કરવો.

લિ૦

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭ મુંબઈ નં. ૩

# મહારાજ શ્રીકલ્યાણવિજયજીને વિનંતિ

સાંભળવા પ્રમાણે આપે મારા ૮૫ પ્રશ્નોના ઉત્તરો જે પેપર ઉપર છપાવવા મોકલ્યા હતા ત્યાં છાપવાનો નિષેધ લખ્યો હતો, પણ હવે તે છપાઈ તો ગયા છે માટે મારે આ જાહેર ખુલાસો સામાન્ય રીતે જ લખવો પડ્યો છે.

૧ જિજ્ઞાસા ધરાવનાર શનિવારની સંવચ્છરી કરવાવાળા વિસ્તારથી પ્રશ્ન હોય તો સારી રીતે સમજે માટે જ પ્રશ્નની પરંપરા હતી.

૨ પર્યુષણાના પવિત્ર દિવસોમાં આરાધનામાં ખલેલ ન આવે માટે ઉત્તર આદિનો નિષેધ કરાય છે એમ ચોખ્ખું છતાં અડધા ઉપર ધ્યાન દેવાથી ચતુરાઈનું ચણતર જણાયું તેમાં હું નિરૂપાય છું.

૩ આપના લખાણ ઉપરથી જોધપુરી ચંડાંશુચંડુ પંચાંગ આપણામાં મનાયું છે અને મનાય છે એમ જે નક્કી થાય છે તે અન્ય શનિવારવાળા પણ કબુલ કરશે તો ટીપણાં બાબતમાં તો સવાલ કે વિરોધ નહિ રહે.

૪ પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે કે તેની વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ થાય છે તે વીસમીસદીની શરૂઆતથી થાય છે એમ જો આપ વીસમી સદીથી જૂનો રિવાજ નથી એમ કહી જણાવો છો તો તે રિવાજને માનનાર અને આચરનારે તો ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ કે ક્ષય હોય ત્યારે ભાદરવા સુદ ત્રીજની જ વૃદ્ધિ કે ક્ષય કરવો એ જ વ્યાજબી છે.

૫ પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ કરવાનું જો અશાસ્ત્રીય કે શાસ્ત્રબાધિત લાગતું હોય તો તેનો નિર્ણય થવાની જરૂર હતી. માત્ર પોતાના વિચારથી તે જૂની રૂઢિને અશાસ્ત્રીય કે શાસ્ત્રવિરૂધ્ધ માની લેવી કે કહી અથવા લખી દેવી તે ઠીક નથી.

૬ શ્રીહીરપ્રશ્નમાં જ્યારે પંચમીના ક્ષયે તેનું તપ તેની પહેલી તિથિમાં કરવું એમ જણાવ્યું ત્યારે જો પૂનમનું તપ પણ ચૌદશે પૂનમના ક્ષયે કરવાનું હોત તો તેમાં પણ પૂર્વતિથિમાં પૂનમના ક્ષયે પૂનમનું તપ કરવું એમ જણાવત, પણ તેમ નથી જણાવ્યું તેથી પૂનમના ક્ષયે પૂનમનો તપ કરવામાં કંઈ પંચમીના ક્ષયે તેની પૂર્વતિથિમાં કરાતા તપ કરતાં વિશિષ્ટતા છે, અને તે વિશિષ્ટતા **त्रयोदशीचतुर्दश्योः** એમ દ્વિવચન વાપરીને સ્પષ્ટ કરી છે.

૭ તત્ત્વતરંગિણીમાં **पर्युषणाचतुर्थ्याः क्षये पंचमीस्वीकारप्रसंगेन त्वं व्याकुलो भविष्यसि** આ વાક્યથી ખરતરોને અનિષ્ટ પ્રસંગ આપતાં સંવત્સરીની ચોથ માફક તે પાંચમને મહત્તાવાળી ગણી છે એમ તો ખરું જ.

૮ તત્ત્વતરંગિણીમાં **प्राचीनकल्याणकतिथौ द्वयोरपि विद्यमानत्वात्** એમ જણાવી કલ્યાણકતપને અંગે ઉભય કલ્યાણકની આરાધના જણાવે છે, પણ પ્રતિદિન કર્ત્તવ્ય તરીકે કરાતા પૌષધાદિ અનુષ્ઠાન એકઠાં ન થાય, કેમકે તે અપેક્ષાએ તો ચતુર્દશીના ક્ષયે પૂનમે પાક્ષિક માનનારને પાક્ષિક અનુષ્ઠાન માનશો કે પૂનમનું અનુષ્ઠાન માનશો એમ સવાલ કરેલો છે.

૯ આપના લખાણમાં પૂનમના ક્ષયે તેનું તપ તેરસે કરવું અને તેરસે ભૂલાય તો પડવે કરવું આવો અર્થ જે આપે કર્યો છે તેને માટે **त्रयोदश्यां** એવું પદ નથી, પણ **त्रयोदशीचतुर्दश्योः** એમ દ્વિવચનવાળું પદ છે. વળી આપના હિસાબે તેરસને દિવસે નથી પૂનમનો ઉદય, કે નથી તો પૂનમનો ભોગવટો, તો પછી તેરસે કે પડવે પૂનમનું તપ કયે મુદ્દે કરવું ?

૧૦ તત્ત્વતરંગિણીમાં જ **पंचदश्या एव चतुर्दशीत्वेन व्यपदेशात्** આવા પ્રસિદ્ધિ જણાવનાર કહેલા વાક્યથી શું એમ નથી ઠરતું કે પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિને પર્વના નામે જ ગણવામાં આવતી?

અને જો એમ હોય તો કહેવું પડશે કે પૂર્વની તિથિનો ક્ષય જ મનાતો હતો અને એ પ્રમાણે પર્વના એકવડા અનુષ્ઠાનને અંગે એક જ પર્વતિથિ મનાતી હતી.

૧૧ જે દિવસે જે તિથિનો ભોગવટો હોય તે દિવસે તે તિથિ કરવામાં આરોપ નથી એમ જ્યારે તત્ત્વતરંગિણીકાર કહે છે અને મનાય છે, તો પછી પૂનમના ક્ષયે તેરસે ચૌદશનો અને ચૌદશે પૂનમનો ભોગવટો છે એ ચોખ્ખું છે. છતાં તેની કેમ ના કહેવાય છે.

૧૨ અષાઢાદિની પૂર્ણિમા અઠ્ઠાઈના હિસાબમાં નથી પણ પર્વતિથિના હિસાબમાં છે એમ પ્રશ્નગ્રંથમાં સ્પષ્ટ કહેલું છે, તો શું તે પૂનમના ક્ષયે કે તેની વૃધ્ધિએ અઠ્ઠાઈમાં ફેરફાર નહિ કરાય ? જો તે અઠ્ઠાઈ અખંડ છતાં ફેરફાર પૂનમની વૃદ્ધિએ કે ક્ષયે કરાય છે અને કરવો જોઈએ તો પર્યુષણાની અઠ્ઠાઈ અખંડ છે એમ કહી પાંચમની પર્વતિથિની વૃદ્ધિ કે ક્ષય માનવાનું કેમ બને ?

૧૩ કલ્પધરના ષષ્ઠના પ્રસંગમાં છઠ્ઠની તપસ્યા માટે પ્રશ્ન નથી પણ તેની તિથિયોને અંગે પ્રશ્ન છે એ દૃષ્ટિએ વિચારવાથી ચતુર્દશી અમાવાસ્યા અને પડવાના કલ્પને અંગે પ્રશ્ન છે એમ હું સમજું છું.

૧૪ જિજ્ઞાસાવાળાને તો પડદો જોખમદારવ્યકિત અને આચાર્યો જેવી વાતો ઓછી જરૂરી છે.

૧૫ તમારા સિવાયની વ્યકિત કે સમુદાયને લાગતા પ્રકરણને તેઓએ જ નથી ગણકાર્યું અને આપે કાંઈ નથી લખ્યું એટલે જ કાંઈ લખવાનું રહેતું નથી.

૧૬ તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેરસે પાક્ષિક કરતાં તેરસના વ્યપદેશનો ગંધ પણ હોવાની ના કહે છે, તેથી પૂર્વની અપર્વતિથિમાં પર્વતિથિની ક્રિયા કરવી એમ નહિ, પણ પૂર્વની અપર્વતિથિનો ક્ષય જ કરવો એમ ચોક્કસ સમજાય તેમ છે. વળી ખરતરોને પૂનમને દિવસે પાક્ષિક અને પંચદશીના અનુષ્ઠાનમાં પરસ્પર અભાવ જણાવવાથી પણ એક તિથિએ એક જ પર્વની આરાધના સિદ્ધ કરે છે.

૧૭ વળી જ્યારે પર્વતિથિના ક્ષયે તેની પ્રથમની અપર્વતિથિનો ક્ષય ગણવો તો પછી સહેજે નક્કી થયું કે પર્વતિથિની પહેલાં પણ પર્વતિથિ હોય તો તેનો પણ ક્ષય ન ગણવો માટે તે પહેલાંની પર્વતિથિથી પણ પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરવો જ જોઈએ.

૧૮ જ્યારે પર્વતિથિનો ક્ષય જ ન માનવો તો વૃદ્ધિ પણ ન મનાય જ અને તેથી પર્વતિથિની વૃદ્ધિમાં બીજી તિથિને જ પર્વતિથિ તરીકે મનાય. અર્થાત્ પર્વતિથિઓ બે માનવી એ ન બને તો સ્પષ્ટ થાય છે કે પહેલાંની અપર્વતિથિને જ બેવડી માનવી. શું બીજ આદિ પર્વતિથિ બે માને અને સચિત્તત્યાગાદિ બે દિવસે ન કરે અને બીજ આદિ પર્વના નિયમો પાળે ? માટે અપર્વની તિથિને જ બેવડી મનાય અને તેથી પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસ વધે.

૧૯ ઉદયતિથિ ન મળે અથવા અધિક મળે તો ક્ષયમાં પૂર્વ અને વૃદ્ધિમાં ઉત્તર લેવાનું હોવાથી તે અપવાદ થાય.

૨૦ છઠ્ઠને અંગે તપનો સવાલ નથી પણ દિનનો સવાલ છે એ અધિકાર એ રૂપે જ વિચારવાથી યથાર્થ ગણાશે.

તંત્રી
શ્રી સિદ્ધચક્ર

તા. કઃ-સાંભળ્યું છે કે આપે છપાયેલા પ્રતિપ્રશ્નના ઉત્તરો આપને છાપાના નહિ ચર્ચવાના આપના અભિપ્રાયને અનુસરીને આપને પોષ્ટથી મળ્યા છે, માટે તે મોકલાવવાની મારે જરૂર રહેતી નથી.

તંત્રી

૧૫-૧૦-૩૬ શ્રી સિદ્ધચક્ર

## જૈનયુવકોને :-

જો કે તમો આજ વર્ષોથી તન મન અને ધનથી ઉદય માટે ઉદ્યમ કરો છો, તેને માટે તમન્ના રાખો છો, જીગરમાં જુસ્સો પણ અસાધારણપણે ધરાવો છો, છતાં તમો દેખી શકો છો કે તમારા પરિશ્રમના પ્રમાણમાં કંઈપણ ફળ તમો મેળવી શક્યા નથી. તમો જો ધારતા હો કે અમોએ વાણીસ્વાતંત્ર્ય મેળવ્યું છે તો ધ્યાન રાખવું કે વાણી એ વસ્તુ જ પરના ઉદયને માટે હોય, અન્યથા ઉલૂક કાક આદિ ગગનગામીયો અને શિયાલ આદિ સ્થલગામીયો સ્વતંત્રપણે વાણીને વદે જ છે, એટલું જ નહિં, પણ તમારી વાણી ઉપર અન્ય તરફથી જ્યારે ટીકા આદિથી પ્રહારો થાય તો તે વાણીસ્વાતંત્ર્ય કહેવાય કે વાણીવ્યામોહ કહેવાય. વાણીવ્યામોહથી તમારું અને તમારા શ્રોતાનું ક્યું શ્રેયઃ સાધ્યું કે ક્યું શ્રેયઃ સાધવા માગો છો તેનું મનન કરો. અનાચારોમાંથી જ આશીર્વાદ મેળવવા મનોરથ ન રાખો. જો કોઈક પ્રકારે તમારા વર્ગે ઉદય તરફ જવામાં પગલાં ભરવાં હોય તો તમોને રૂચતાં કાર્યો ઉપાડી તેના વિધાનમાં કટીબદ્ધ થઈ જાઓ. જુઓ આ કાર્યો તમારી રૂચિનાં છે કે નહિં ?

૧ દરેક ગ્રેજ્યુએટે પોતાની આવકનો દશમો ભાગ તમારી ધારેલી વ્યવહારિક કેળવણી સાથેની શુદ્ધ ધાર્મિક કેળવણી પાછળ ખરચવો.

૨ તમારા વર્ગમાં જે કોઈ સ્થાવર મિલ્કત વસાવે ત્યારે તેનો દશમો ભાગ પોતાની જાતના બેકારોની બેકારી ટાળવા માટે ખરચવો.

૩ બાલલગ્ન કે વૃદ્ધલગ્ન ન કરવાનાં પ્રતિજ્ઞાપત્રો કાઢી તે ઉપર સહીઓ કરી જાહેર કરવું અને જેઓ બાલલગ્ન કે વૃદ્ધલગ્નમાં માનતા હોય કે કરતા હોય તેવાઓને તમારા સમુદાયથી દૂર કરવા.

૪ જ્યારે પણ મોટર જેવાં વાહનો કે આભૂષણો ખરીદો ત્યારે તેનો દશમો ભાગ તમારી વિધવા બહેનોના નિર્વાહ માટે કાઢવો.

૫ તમારા મંડલમાં એક વિચાર પ્રવાહ ઉભો કરી સધવા કે વિધવાબાઈઓની મુંડી સુરક્ષિત રહે અને પહેલો હક તેની વસુલાતનો રહે એવો કાયદો કરાવવો.

૬ બેન્કે અને બજાર વગેરેમાં સધવા કે વિધવાની રકમના વ્યાજનો દર એક આનો વધારે રખાવવો.

૭ હોટલ નાટક સીનેમા અને બીજાં ફાલતુ ખરચાનાં સ્થાનો બંધ કરાવવાં.

આવાં કાર્યોમાં જો તમારો પ્રયત્ન થશે તો અત્યાર સુધી તમારી ધર્મવિરોધિ પ્રવૃત્તિથી નિષ્ફળતા ને નિન્દા થઈ છે તે નહિં થાય અને તમો જગતમાં હીરા માફક ચમકતા થશો અને જેઓને તમો રૂઢિચુસ્તો કહીને નિન્દો છો તેઓનો પણ ખરેખરો સહકાર મેળવી શકશો.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# વ્યાખ્યાન એટલે શું ? વ્યાખ્યાન કોણ કરે ?

જૈનજનતામાં વ્યાખ્યાન જેને અપભ્રંશમાં વખાણ કહેવાય છે તે શબ્દ ઘણો જ પ્રસિધ્ધ છે. એ તો જણાવવાની જરૂર જ નથી કે જૈનજનતા ત્યારે જ વ્યાખ્યાનશબ્દ વાપરે છે કે જ્યારે કથન કરનાર ભગવાનની આજ્ઞાને મહત્ત્વ આપનાર અને તે મુજબ વર્તવાવાળો હોય અને કરાતું કથન શ્રીજૈનશાસ્ત્રોનું હોય, પણ જો આવી રીતનું કથન ન હોય તો બીજાના કહેલા કે બીજા રૂપથી કરેલા કથનને તે ભાષણ કે લેકચર શબ્દથી ઓળખે છે અને ઓળખાવે છે.જૈનજનતાની આ રૂઢિને જેઓ યથાર્થ રીતે સમજતા નથી કે સમજે તો પણ પોતાનું રૂઢિઉત્થાપકપણાનું ઉપાડી લીધેલું બિરૂદ સફલ કરવા મથે છે તેઓ ભાષણને વ્યાખ્યાન તરીકે જાહેર કરે છે. આમ કરવાની તેઓની મતલબ વ્યાખ્યાનની રૂઢિથી પરિચિત થયેલા અને તેના સામાન્યપણે અર્થી થયેલા જીવોને ભરમાવવાની છે, પણ તે રૂઢિઉત્થાપકોએ સમજવાની જરૂર છે કે ભગવાન જિનેશ્વરોએ છાંડવા લાયક કહેલ હિંસાદિ જે આશ્રવો તેને છોડનાર તથા સમ્યગ્દર્શનાદિ જે આદરવાલાયક ગણ્યા છે તેને આદરનાર હોવા સાથે ભગવાન જિનેશ્વરોના આગમની મર્યાદાએ સમ્યગ્દર્શનાદિ અને દાનાદિરૂપ ધર્મને નિરૂપણ કરવાનું નામ વિ + આ + ખ્યાન એટલે વ્યાખ્યાન છે અને તેથી જ શાસ્ત્રકાર ભગવાનો શ્રીજિનેશ્વર મહારાજાએ નિરૂપણ કરેલા ધર્મની પણ વ્યાખ્યા કરનારનું સ્વરૂપ જણાવતાં અપવાદ ઉત્સર્ગાદિ પદાર્થોને જણાવનાર શ્રીઆચારપ્રકલ્પના ભણેલા અને દીક્ષિત થયાં જેઓને ત્રણ વર્ષ ઓછામાં ઓછાં થયાં હોય તેઓ જ વ્યાખ્યાન કરનાર હોય એમ જણાવે છે. આ ઉપરથી જેઓ શ્રમણનિર્ગ્રન્થો પાસે આખા વર્ષમાં કરેલી શ્રીસંઘની પ્રતિકૂળતાને લીધે જતાં શરમાય અને જે વકતાઓનો નહિં કોઈ ધર્મ કે નિયમ નહિં કોઈ વ્રત પચ્ચક્ખાણ નહિં કોઈ જૈનશાસ્ત્રનો યથાર્થ, અભ્યાસ, એવા અહિં તહિંની જેવી તેવી વ્યકિતઓને ભેળી કરી ધર્મવિરોધી બખાંળાજ કાઢવાનો ધંધો કરનારા હોય તેવાઓને ભેળા કરી વ્યાખ્યાનથી પજુષણ ઉજવવા માગે તેઓએ વ્યાખ્યાન અને પજુષણ એ બન્ને રૂઢિ છે અને તે સારી છે એમ કબુલ કરવું અને પોતે જે તેનું અનુકરણ કરે છે તેમાં ડુબવાનો જ ધંધો કરે છે એમ સમજી ભગવાન જિનેશ્વર મહારાજના માર્ગમાં આવવા તૈયાર થવું હિતાવહ છે.

તા. ક. પજુષણ નામે વ્યાખ્યાન ગોઠવવાવાળા રૂઢિઉત્થાપકોએ આટલા વર્ષોનાં વ્યાખ્યાનોથી દાન શીલ તપ અને ભાવમાંથી ક્યો ધર્મ વધાર્યો ? અથવા સમ્યગ્દર્શનાદિ કે શ્રીતીર્થોદ્ધારાદિ કાર્યો ક્યાં કર્યા ? અન્તે પોતાના અભિપ્રાયે વ્યવહારિક કેળવણી માટે એક જનરલ ફંડ, બેકારીને નાશ કરવાની રચના અથવા બાલાદિ લગ્ન અને નાટક આદિનો નિષેધ જેવું કંઈ પણ કર્યું છે ? હજી પણ એ રસ્તો આખા વર્ષ અને પજુષણ માટે પણ લેવાય તો સારું છે.

# વર્તમાન સમયે પૂ.આ. શ્રીઅશોકસાગરસૂરિ મ.સા



શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ
ઊન્હેલ (રાજ.)



શ્રી માંડવગઢ તી



શ્રી જંબૂદ્વીપ દેરાસર



શ્રી માણિભદ્રતીર્થ
(ઉજ્જૈન-મધ્યપ્રદેશ)



શ્રી નવકાર મં

# માર્ગદર્શન મુજબ શાસનની સેવાઅર્પી રહેલા તીર્થો.



(ધાર) (મધ્યપ્રદેશ)



(પાલિતાણા)



જંબૂદ્વીપ-પાલિતાણા)

**અજીતશાંતિ તીર્થ બામણવાડા**
(ઉંઝા ઊ.ગુ.)





**શ્રી આર્યરક્ષિતસૂરિ તીર્થધામ**
મંદસૌર (મ.પ્ર.)

# પૂ.આગમોદ્ધારકશ્રીની આગમવાણીને સુરક્ષિત રાખનાર મુખ્ય સ્થાપત્યો



શ્રી વર્ધમાન જૈન
આગમમંદિર સંસ્થા
(પાલિતાણા-સૌરાષ્ટ્ર)



શ્રી વર્ધમાન જૈન
તામ્રપત્ર આગમમંદિર
(સુરત)





જૈનાનંદ પુસ્તકાલય
(સુરત)



શેઠ શ્રી દેવચંદ લાલભાઈ ઝવેરી
જૈન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત)




સંકલન : કાન્તિભાઈ પ્રજાપતિ

ડિઝાઈન - પ્રિન્ટીંગ : જંબુદ્વીપ પ્રિન્ટ વિઝન.